Saurashtra University
Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Patel, Bharati M., 2009, *દક્ષિણ ગુજરાતના ધોડિયા જાતિનાં સંસ્કારગીતોઃ એક અધ્યયન*, thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/142

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખાના ગુજરાતી વિષયમાં
પીએચ.ડી.ની પદવી માટે પ્રસ્તુત

# મહાનિબંધ

# દક્ષિણ ગુજરાતના ધોડિયા જાતિનાં સંસ્કારગીતો : એક અધ્યયન

DAKSHIN GUJARATNA DHODIYA JATINA SANSKAR GEETO : A STUDY


**: શોધછાત્ર :**

**પ્રા. ભારતી એમ. પટેલ**

ગુજરાતી વિભાગ
શ્રીમતી જે. જે. કુંડલિયા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ,
રાજકોટ

**: માર્ગદર્શક :**

**ડૉ. અંબાદાન રોહડિયા**

પ્રોફેસર,
ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
રાજકોટ - ૩૬૦ ૦૦૫



**૨૦૦૯**

**રજિસ્ટ્રેશન નં. ૩૬૪૪** **તારીખ : ૩૧/૭/૨૦૦૭**

# પ્રમાણપત્ર

આથી હું પ્રમાણિત કરું છું કે, પ્રા. ભારતીબેન એમ. પટેલે મારા માર્ગદર્શન અને મારા સલાહસૂચન પ્રમાણે 'દક્ષિણ ગુજરાતના ધોડિયા જાતિનાં સંસ્કાર ગીતો : એક અધ્યયન' મહાનિબંધ વિનયન વિદ્યાશાખાના ગુજરાતી વિષયમાં પીએચ.ડી.ની પદવી માટે તૈયાર કર્યો છે.

આ મહાનિબંધમાં તેમણે ક્ષેત્રીય માહિતી તેમજ અનુભવજન્ય માહિતીના આધારે મૌલિક નિરૂપણ કર્યું છે.

વિશેષમાં આ મહાનિબંધ કે તેનો કોઈ અંશ પ્રકાશિત થયો નથી કે અન્ય કોઈ પદવી માટે અન્ય કોઈ યુનિવર્સિટીમાં રજૂ કરાયો નથી.

સ્થળ : રાજકોટ
તારીખ :

**ડૉ. અંબાદાન રોહડિયા**
પ્રોફેસર,
ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ-૩૬૦૦૦૫

# ઋણસ્વીકાર

લોકસાહિત્યના અધ્યયનમાં મારી પ્રથમથી જ રુચિ રહી છે. તેથી શોધકાર્યની પસંદગી મેં લોકસાહિત્ય તરફ જ કરી છે. મારા શોધકાર્યનો વિષય નિર્ધારિત કરવા માટે હું મારા માર્ગદર્શક ગુરુવર્ય ડૉ. અંબાદાનભાઇને મળી ત્યારે તેમણે ઘણા વિષયો સૂચવ્યાં, જેમાં મારી જાતિ ઉપર અત્યાર  સુધી આવા પ્રકારનાં સંશોધનો થયાં ન હતાં. જેથી મેં 'દક્ષિણ ગુજરાતના ધોડિયા જાતિનાં સંસ્કાર ગીતો : એક અધ્યયન' એવો વિષય નિર્ધારી શોધયાત્રાનો પ્રારંભ કર્યો.

મારા સંશોધનકાર્યમાં સતત પ્રેરણા, માર્ગદર્શન, પ્રોત્સાહન તેમજ વિષય પસંદગીથી માંડીને શોધકાર્ય પૂર્ણ થયું ત્યાં સુધીની ખૂટતી કડી રૂપ તેમજ પ્રેરણામૂર્તિ બનનાર ગુરુવર્ય અને માર્ગદર્શકશ્રી ડૉ. અંબાદાન રોહડિયા સાહેબનો સહૃદય સ્નેહ પ્રગટ કરી તેમનો ઋણસ્વીકાર કરું છું.

પ્રારંભથી જ અભ્યાસમાં રુચિ લેનારા અને સદાને માટે આશીર્વચન વરસાવનારા મારાં માતા-પિતા પ્રત્યે હું સદા નતમસ્તક રહી અને તેમણે વાવેલા બીજને અંકુરિત કરી વટવૃક્ષ તરફ લઇ જવાની આશા વ્યક્ત કરી તેમનો ઋણસ્વીકાર કરું છું.

મારા આ સંશોધનયાત્રા જેના વિના અધૂરી છે એવા મારા પતિશ્રી દિનેશના પ્રેમ અને સહયોગને કારણે મારી આ સાધના સફળ થઈ છે. સંશોધનકાર્ય માટે જયારે પણ કોઈ ગામના વડીલોની રૂબરૂ મુલાકાત માટે જવાનું હોય ત્યારે પોતાનું અંગતકાર્ય પડતું મૂકી હંમેશાં તત્પર રહી શોધકાર્યમાં ડગલે ને પગલે મદદ કરી, પ્રોત્સાહિત કરી, સતત પ્રેરણા આપી. જ્ઞાન દૃષ્ટિ વિસ્તારી છે. તેમના પ્રત્યે આદરભાવ વ્યક્ત કરી સતત પ્રેરણાસ્રોત બની રહે એવા સહભાવ સાથે ઋણસ્વીકાર કરી આભાર માનું છું.

જેમના પ્રેમ અને શુભેચ્છા વિના મારું આ કાર્ય કયારેય પૂર્ણ ન થાય એવા પ્રેરણામૂર્તિ સમા, જીવનના અંતિમ ક્ષણ સુધી જાણે સંશોધનકાર્ય માટે જ નિર્માયા હોય એવા વડીલશ્રી

મંછારામ પટેલ (બારતાડ), શ્રી કલ્યાણજીકાકા (ભીનાર), શ્રી મોતીભાઈ પટેલ (અલગટ), ધારાસભ્ય ઈશ્વરભાઈ વહિયા (બામણિયા), શ્રી છીતુકાકા (વેલણપુર), શ્રી મોહનફુઆ (દેદવાસણ), શ્રી ધીરુભાઈ પટેલ (સરૈયા), રામુભાઈ પટેલ (સુરખાઈ), ગુલાબભાઈ, કેશુરભાઈ, દેવજીભાઈ, છોટુકાકા (કરાયા) તેમજ જ્યાં મારું બાળપણ વીત્યું એવા ગામ પોંકડાંના સ્વ. છીબાભાઈ પટેલ, ભીખુભાઈ પટેલ આદિ વડીલબંધુઓએ મારા સંશોધનકાર્યમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહકાર આપી તેમના પ્રત્યે માન આપીને ઋણ અદા કરું છું.

પ્રસ્તુત મહાનિબંધમાં અંગત રસ દાખવીને પોતાના સ્વખર્ચે અને પોતાનો કિંમતી સમય ફાળવીને નકશા, વસ્તીની માહિતી, ફોટોગ્રાફ આદિ માહિતી મેળવી આપનાર અને સંશોધનકાર્યમાં ખૂટતી સામગ્રી પૂરી પાડી આપનાર એવા સહમિત્રો કુલીન પટેલ, અમીત પટેલ,મહેશ પટેલ, પ્રો. સુરેશભાઈ પટેલ, ધોલાણી જિજ્ઞેશકુમાર, ગૌતમ પટેલ, ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રવીણ પટેલ, ગુલાબ પટેલ આદિનો પણ સહસ્નેહ આભાર માનું છું.

આ ઉપરાંત મહાનિબંધમાં સંપાદિત કરેલી ગીતોની માહિતી આપનાર નિહાલી, પોંકડાં, કરાયા અને દેસાડ ગામની સર્વે બહેનોનો પણ અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

પીએચ.ડી. કક્ષાનું સંશોધનકાર્ય ભારે જહેમત માંગી લે તેવું કઠીન કામ છે. આ સમગ્ર કાર્ય દરમ્યાન માર્ગદર્શન અને પ્રોત્સાહિત કરી સગવડ સાચવીને સામાજિક, આર્થિક, કૌટુંબિક જવાબદારીમાંથી મુક્ત રાખી અનુકૂળતા કરી આપવા બદલ મારાં સાસુ-સસરા, અંગત સ્વજનો, વડીલો, બાળકો તેમજ નામી-અનામી એવી સર્વે વ્યક્તિઓ કે જેમણે આ કાર્યમાં મદદ કરી છે તેમનો પણ અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

મારું આ શોધકાર્ય સંપન્ન થયું ત્યારે હું જયાં અધ્યાપનકાર્ય કરાવું છું તે સંસ્થાનો, મારા સહધ્યાયી અને અધ્યાપકમિત્રો, શૈક્ષણિક, બિનશૈક્ષણિક કર્મચારીઓ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષ અને આંતરરાષ્ટ્રીય સંશોધક આદરણીય ડૉ. બળવંતભાઈ જાની

તરફથી પ્રેરણા અને પ્રોત્સાહન મળતાં રહ્યાં છે. તેમજ ભવનના ડૉ. બિપિન આશર, ડૉ. દીપક પટેલ, અન્ય અધ્યાપકશ્રીઓ તથા બિનશૈક્ષણિક કર્મચારીઓનો પણ હું હૃદયથી આભાર માનું છું.

પ્રસ્તુત શોધનિબંધ મારા પાંચ વર્ષના અથાગ પરિશ્રમના પરિપાકરૂપ છે. જેમાં મારી યથાશક્તિ અને મતિ અનુસાર અધ્યયન સામગ્રી પ્રસ્તુત કરી છે. ઈશ્વર સિવાય કોઈ પરિપૂર્ણ નથી પરંતુ આ ગ્રંથમાં જે કંઈ શ્રેષ્ઠ છે તે મારા માર્ગદર્શક, જ્ઞાતિના વડીલો અને શુભચિંતકોની કૃપાનું ફળ છે. જે કાંઈ ત્રુટીઓ (ખામીઓ) હશે તે મારી પોતાની હશે જેનો સૌ સહૃદયતાપૂર્વક સ્વીકાર કરશો. એવી આશા સાથે.

તારીખ : **- ભારતી એમ. પટેલ**

રાજકોટ.

# અનુક્રમણિકા


| પ્રકરણ ક્રમ | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | દક્ષિણ ગુજરાત અને તેનું લોકપર્યાવરણ | ૧-૪૮ |
| ૨ | લોકવિદ્યા : સંજ્ઞા, સ્વરૂપ અને વિભાવના | ૪૯-૯૧ |
| ૩ | લોકસાહિત્યઃ સંજ્ઞા, સ્વરૂપ અને વિભાવના | ૯૨-૧૪૬ |
| ૪ | લોકસાહિત્યનાં કથ્ય સ્વરૂપો | ૧૪૭-૨૬૧ |
| ૫ | લોકસાહિત્યનાં ગેયસ્વરૂપો | ૨૬૨-૪૦૧ |
| ૬ | દક્ષિણ ગુજરાતની ધોડિયા જાતિનાં લોકગીતોમાં સંસ્કાર ગીતો | ૪૦૨-૫૬૫ |
| ૭ | દક્ષિણ ગુજરાતના ધોડિયા જાતિનાં સંસ્કારગીતો: વિવિધ પરિપ્રેક્ષ્ય | ૫૬૬-૬૧૭ |
| ૮ | દક્ષિણ ગુજરાતની ધોડિયા જાતિની અન્ય લોકવિદ્યા | ૬૧૮-૭૨૦ |
| ૯ | ઉપસંહાર | ૭૨૧-૭૨૭ |
| | **પરિશિષ્ટો** | |
| ૧ | ધોડિયા જાતિની લોકબોલીનું કેટલુંક શબ્દભંડોળ | ૭૨૮-૭૩૮ |
| ૨ | ધોડિયા જાતિનાં મુખ્ય મુખ્ય કુળોની યાદી | ૭૩૯-૭૪૯ |
| ૩ | મહત્ત્વના કૃતિપાઠો-અનુવાદ સાથે | ૭૫૦-૭૬૭ |
| ૪ | માહિતીદાતાની સૂચિ | ૭૬૮-૭૭૦ |
| ૫ | સમગ્ર સંદર્ભગ્રંથ સૂચિ | ૭૭૧-૭૭૭ |
| ૬ | કેટલાંક વિધિ-વિધાનો અને પરિવેશને અનુરૂપ ફોટોગ્રાફ | |

# અર્પણ

જેમના થકી
અમૃતસમ
જીવન પામી
એવાં પૂજનીય
માતા-પિતાને...

# પ્રકરણ-૧
# દક્ષિણ ગુજરાત અને તેનું લોકપર્યાવરણ

૧.૧ દક્ષિણ ગુજરાત ભૌગોલિક દષ્ટિએ

૧.૨ ગુજરાતની આદિવાસી જાતિઓ

૧.૨.૧ આદિવાસીની વિવિધ વ્યાખ્યા

૧.૨.૨ આદિવાસીની વિવિધ શાખાઓ-જાતિઓ

૧.૨.૩ ગુજરાતની મુખ્ય આદિવાસી જાતિઓ

૧.૩ 'ધોડિયા' શબ્દની ઐતિહાસિકતા

૧.૪ ધોડિયા જાતિની ઉત્પત્તિ અંગેનો ઈતિહાસ

૧.૫ દક્ષિણ ગુજરાતની ધોડિયાજાતિ અને તેનું લોકજીવન

૧.૬ દક્ષિણ ગુજરાતની જિલ્લાવાર ધોડિયા જાતિ

# પ્રકરણ-૧
# દક્ષિણ ગુજરાત અને તેનું લોકપર્યાવરણ

## ૧.૧ દક્ષિણ ગુજરાત ભૌગોલિક દષ્ટિએ

ભારત દેશ એક ઐતિહાસિક દેશ છે. આવા વિવિધતાસભર દેશના પશ્ચિમે ગુજરાત વસેલું છે. ગુજરાતની ઉત્તર સીમામાં ખેડબ્રહ્માના આદિવાસીઓ વસેલા છે તો ગુજરાતની દક્ષિણ પટ્ટીમાં પણ વિવિધ આદિજાતિઓ વસેલી છે. ગુજરાતનો દક્ષિણ ભાગ એટલે કે તાપીથી વાપી સુધીનો વિસ્તાર 'દક્ષિણ ગુજરાત' તરીકે ઓળખવામાં આવે છે. વિદ્વાનો આ ક્ષેત્રનો સંબંધ પ્રાગૈતિહાસિક યુગ સાથે પણ જોડે છે. પૌરાણિક યુગમાં આ પ્રદેશ 'અપરાંત ક્ષેત્ર' ના રૂપમાં પ્રસિદ્ધ હતો.

પ્રાકૃતિક રચનાની દષ્ટિએ જોઈએ તો દક્ષિણ ગુજરાતનો વિસ્તાર ઘણો સમૃદ્ધ છે. આ પ્રદેશ ભૌગોલિકતા કે પ્રાકૃતિકતાનો ખજાનો છે. પ્રાકૃતિક રચનાની દષ્ટિએ તેના ત્રણ ભાગો પાડી શકાય છે.

૧. પૂર્વનો ડુંગરાળ પ્રદેશ: સાતપુડા અને સહ્યાદ્રી પર્વતમાળા.

૨. મધ્યનો સમતળ પ્રદેશ: કાળો અને ગોરાટ પ્રદેશ.

૩. પશ્ચિમનો સમુદ્રતટીય પ્રદેશ

દક્ષિણ ગુજરાત ઘણી બધી દંતકથા સાથે તો કેટલીક પુરાનતા સાથે પણ સંકળાયેલો છે. 'નવસારીના આસપાસના વિસ્તારને 'નાગમંડળ' કહેવાય છે. પૌરાણિક સમુદ્રમંથનનો સંબંધ પણ આ પ્રદેશ સાથે છે. આર્ય-અનાર્ય નાગ સંસ્કૃતિનો સમન્વય અને અમરમાય અશ્વત્થામાનો સંબંધ પણ આ ક્ષેત્ર સાથે છે. અહીંના આદિવાસી જનજાતિઓનો સંબંધ પણ અનાદિકાળથી આ ક્ષેત્ર સાથે રહ્યો છે.'[૧]

આમ હરહંમેશ માટે નિત નવીન કે હરિયાળું ભાસતું, આંખને ઠારી દેતું, મનને પ્રફુલ્લિત બનાવી દેતું, મધમીઠા કલરવોથી ગુંજી ઊઠતું આ મુલ્ક હરદમ ચાહનીય રહ્યું છે. સમુદ્રની છોળો વચ્ચે રંગબેરંગી ફોરાને પાથરતી સદૈવ નવપલ્લવિતા અને મહિમામંડિત રહેતો

આ પ્રદેશ ભિન્ન-ભિન્ન જાતિઓ માટે આકર્ષણનો રહ્યો છે. પ્રાકૃતિક ઝાંખી કરાવતા આ પ્રદેશને નજીક નિહાળીએ તો કેવું રહેશે?

## ૦ નદીઓ

દક્ષિણ ગુજરાતનો પ્રદેશ એટલે નદીઓનો પ્રદેશ. અહીં અનેક નાની મોટી નદીઓ આવેલી છે. મોટી નદીઓમાં નર્મદા, તાપી, ઔરંગા, અંબિકા, પૂર્ણાનો સમાવેશ થાય છે. તે સિવાય સુરતમાં ૩૭, વલસાડમાં ૮, ડાંગની ૮ જેવી વિવિધ નદીઓનો સમાવેશ કરી શકાય છે. પ્રાકૃતિક દષ્ટિએ આ પ્રદેશ  સમૃધ્ધ હોવાની સાથે સાથે મંત-તંત્રમાં કુશળ એવા પ્રતાપી ઋષિઓનો નાતો પણ આજ નદીના તટે પાંગર્યો હોવાની માન્યતા છે.

ડુંગરપિતાના ખોળેથી રમતી-રણકતી, કુદકતી, દોડતી અનેક નાનાવિધ ખાડીઓની રમણીયતા આ પ્રદેશને ઘેરી વળે છે. ડુંગરમાળામાંથી નીકળી વાંકા-ચૂકા માર્ગ બનાવતી ખળખળ વહેતી સરિતાઓનું સૌંદર્ય માણવું એ એક લ્હાવો છે. હરિયાળાં જંગલોમાંથી સપાટ મેદાનમાં દોડી જતી અવનવી કોતરો બનાવતી અને સતત વહેતી રહેતી સરિતાઓ અંતે પોતાના પ્રિયતમ સાગરના ખોળે સમાઈ જતી જોવા મળે છે.

આદિવાસી જાતિ હંમેશાં પાણીવાળા વિસ્તાર એટલે કે નદીના કિનારે જ વસેલી જોવા મળી છે. લોકોના પગપખાળતી ચોમાસામાં ગાંડીતૂર બની બે કાંઠે વહેતી નદીઓ જગતનું અનેરું આશ્ચર્ય છે. આવી નદીઓની ટૂંકમાં ચર્ચા કરીએ.

'અંબિકા' સાપુતારાના પર્વતમાળાની તળેટીમાંથી નીકળી જંગલોના રમ્ય વાતાવરણને દીપાવતી ઉબડ-ખાબડ માર્ગે વહી જતી અંતે સાગરને ભેટે છે. આશરે ૪૭ કિલોમીટર લાંબી આ નદીની રમ્યતા આકર્ષણ જન્માવનારી અને આદિવાસીઓની જીવનસંગિની બની, જીવનોપયોગી અનેક પ્રકારની સમૃધ્ધિ અર્પે છે.

'પૂર્ણા' નદી પણ ચીંચલી પાસેના સાલેરાના ડુંગરમાંથી જન્મી ડાંગ જિલ્લાના કાંઠાળ આદિવાસીઓને રીઝાવતી આગળ વધતી નવસારી શહેરના પગની પાનીને અડતી સાગરને સમર્પિત થાય છે. આ નદીની લંબાઈ આશરે ૭૬ કિલોમીટર છે. ભરતી ટાણે

દરિયાના નીરને ઉપર ધકેલતી અને ઓટ ટાણે સર્વસ્વ ભૂલી ફરી સાગરના પગમાં પડી જતી આ નદીનું સૌંદર્ય પણ અલૌકિક છે.

'તાપી' એ આ વિસ્તારની મોટામાં મોટી અને અતિવિશાળ સૌંદર્ય પાથરતી નદી છે. બારેમાસ વહેતી આ નદી આદિજાતિને ઘણી ઉપયોગી બની છે. તો ચોમાસા દરમ્યાન ક્યારેક બિહામણી બની લોકોની પાયમાલી પણ કરે છે.

'ઔરંગા' નદી વલસાડ જિલ્લાના ગામડાંઓ ને પખાળતી અંતે તીથલના દરિયાકિનારે મળી જાય છે. વાપી, દમણ, સેલવાસ આદિ વિસ્તારમાં પણ અનેક નદીઓ આવેલી છે તે પ્રદેશની મહામૂલી ધન સંપત્તિ છે.

કાવેરી, ગીતા, ખાપરી, ખરેડા, મીંઢોળા, નાળિયેરી જેવી અનેક નદીઓ ડુંગરમાંથી નીકળી એક બીજી નદીઓને ભેટી અંતે સાગરમાં સમાઈ જાય છે. આમ ચારેકોર નદીઓજ નદીઓ દેખાય છે. કોઈ એવું ગામ ન હશે કે જે નદીકિનારે ન વસ્યું હોય. દક્ષિણ ગુજરાતના મોટા ભાગનાં ગામડાંઓ નદીકિનારે જ વસેલાં જોવા મળે છે.

નદીઓના કારણે જ દક્ષિણ ગુજરાતની પ્રજામાં થોડી સમૃદ્ધિ દેખાય છે. છતાં આજના સંદર્ભે આધુનિકરણને પાયે ધીમે ધીમે નદીઓની સૌંદર્યતામાં પણ ઘટાડો થતો જાય છે. કેટલીક નદીઓ માત્ર ચોમાસા પુરતી જ જીવિત રહી છે. ઉનાળામાં નામશેષ બનતી જાય છે. જો મનુષ્યનું પ્રકૃતિ તરફનું આવું જ વલણ રહેશે તો એક જમાનો એવો આવશે કે જયારે નદીઓની માત્રા ઘટી જશે.

### ૦ **પર્વતો**

અનાદિકાળથી મૂક મુદ્રામાં અડીખમ યોદ્ધાની જેમ ઊભેલા પર્વતો પણ દક્ષિણ ગુજરાતની એક આગવી સંપત્તિ છે. આમ તો આદિવાસી જાતિ ડુંગરાળ કે મેદાન પ્રદેશમાંજ સ્થાયી બનેલી છે. વન્ય પશુઓથી રક્ષણ અર્થે આ ડુંગરો પણ એમના જીવનના સાથી બન્યા છે. એક સમય એવો હતો જયારે હિંસક પ્રાણીઓથી રક્ષણ મેળવવા ડુંગરમાળા જ એમના માટે મહત્ત્વની બનતી આવી અનેક ડુંગરમાળાઓ આ વિસ્તારને મળેલી છે.

ગુજરાતનું એક માત્ર હિલસ્ટેશન સાપુતારા છે. સાપુતારાની એ ડુંગરમાળા એ આ પ્રદેશની આગવી અભિવૃદ્ધિ કરે છે. પારનેરા અને સોનગઢના પર્વતમાળાઓ ઐતિહાસિકતાની દૃષ્ટિએ અને આદિવાસી સમાજની લોકસંસ્કૃતિનાં દર્શન કરાવે છે. સોનગઢની પર્વતમાળા છત્રપતિ શિવાજીના જીવન સાથે સંકળાયેલ છે. સોનગઢના કિલ્લામાં તેમણે આશ્રય સ્થાન મેળવ્યું હતું.

પહેલાના સમયમાં પશુપાલન માટે આ ડુંગરો મહત્ત્વના ગણાતા. આ ઉપરાંત માતાજીના સ્થાનક તરીકે પણ ડુંગરો મહત્ત્વના બન્યા છે. જેવા કે પદમડુંગરીમાં ગોહમાઈમાનું સ્થાન છે તો એંધલડુંગરી પર મા ચામુંડાનું સ્થાન રહેલું છે. ડુંગરમાળને આલેખતા આદ્યશક્તિના ગરબાઓમાં પણ ડુંગરની વૈવિધ્યતા આલેખાઈ છે. ધરમપુર વિસ્તારમાં પણ નાની મોટી અનેક ડુંગરમાળો આવેલી છે જે કેટલીક ઐતિહાસિક બાબતોને પણ આલેખે છે. તાન અને માન જેવી નદીના ટેકરાવાળા પ્રદેશ આ જાતિની મૂળ સંસ્કૃતિની પરંપરાને જોડે છે. આ જાતિનો ઉદ્‌ભવ પણ તાન-માન નદીના ડુંગરપ્રદેશમાં જ થયો હોવાનું મનાય છે.

આજના સંદર્ભે કહીએ તો હવે પહેલાના જેવી ડુંગરમાળાઓ રહી નથી. ડુંગરનું સૌંદર્ય દિવસે-દિવસે ક્ષીણ થતું જાય છે. મોટા મોટા ઉદ્યોગને કારણે ડુંગરમાંથી પથ્થર કાઢી વેપાર કરાય છે. આજે મોટી-મોટી ડુંગરમાળાઓ નામશેષ બની રહી છે. મનુષ્ય જીવનની સાથે વણાયેલી કુદરતી સંપત્તિઓ નષ્ટ થતી જાય છે.

### ૦ તળાવો: સિંચાઈ-પાણી પુરવઠો

દક્ષિણ ગુજરાત એટલે પાણીનો પ્રદેશ બારેમાસ વહેતા જળભંડારોને કારણે જ આ પ્રદેશમાં વર્ષમાં બેથી વધારે પાક લેવાય છે. ગામના છેવાડે નદી કાં તળાવ અચૂક જોવા મળે છે. જેમાંથી લોકો જીવનોપયોગી વસ્તુઓ મેળવી શકે, સિંચાઈની યોજના ન હતી ત્યારે લોકો તળાવના પાણી ઉપર નિર્ભર રહેતા જો કે આ વિસ્તારની નાની-મોટી નદીઓના કારણે બારેમાસ પાણીની સગવડ મળી રહે છે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં પાણી પુરવઠા માટે કાકરાપાર, ઉકાઈડેમ, કેલિયા, ઝૂઝ તેમજ મધુબનડેમ જેવાં મોટાં જળસંગ્રહાલયો

હોવાને કારણે પીવાના પાણી અને ખેતીલાયક પાણીનો પૂરતો પુરવઠો મળી રહે છે.

ખેતીએ આ પ્રદેશનો મુખ્ય વ્યવસાય હોવાને કારણે આજે પણ ખેડૂતો સિંચાઈ ઉપર નિર્ભર બન્યા છે. અહીં સિંચાઈ દ્વારા ડાંગર, શેરડી, જુવાર, શાકભાજી કે આંબા, ચીકુ, કેળાની વાડીઓ બનાવી જીવનનિર્વાહ ચલાવે છે. આદિવાસી જાતિ માંસાહારી હોવાને કારણે પહેલાના સમયમાં તળાવો આદિમાં માછલાં ઉછેરનો કામચલાઉ વ્યવસાય પણ ચલાવે છે. આ ઉપરાંત ઉનાળા દરમ્યાન તળાવો સુકાઈ જતાં તળાવનો કાંપ ખેતીમાં ઉપયોગી બને છે તથા તળાવમાં થતી નાની-મોટી વનસ્પતિઓના કંદમૂળ પણ ઉપયોગમાં લેતાં. આજના બદલાયેલા સમય પ્રમાણે પણ અનેક વિસ્તારમાં જળસંચય માટે આજે પણ નાનાં-મોટાં અનેક તળાવો જોવા મળે છે.

### ૦ જંગલો

આદિ સમયથી એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થળાંતર થતી અને જંગલો કે મેદાનોમાં વસવાટ કરતી આ જાતિ પણ હંમેશાં જંગલોની નજીક જ સ્થાયી બની છે. દક્ષિણ ગુજરાતનો ઘણો ખરો ભાગ જંગલોનો બનેલો હતો. જયારે આ જાતિના લોકો ખેતીનો ધંધો નહોતા કરતાં ત્યારે મોટેભાગે જીવનનિર્વાહ માટે પુરુષો મોટેભાગે બળદગાડાં લઈને 'રાનમાં'- જંગલમાં કામ અર્થે જતાં. જો કે હવે પહેલા જેવું જંગલ રહ્યું નથી. છતાં હાલમાં ડાંગ જિલ્લામાં, નવસારી જિલ્લામાં અને વલસાડ જિલ્લામાં નાનાં-મોટાં ઘણાં જંગલો આજે પણ જોવા મળે છે. એક સમય એવો હતો કે જયારે વન-જંગલોમાંથી વન્ય પ્રાણીઓ રાતના સમયે શિકાર અર્થે ગામમાં નીકળી પડતાં અને ગાય, ભેંસ, બકરી, કૂતરા, મરઘાં આદિનો શિકાર કરી જતાં. પરંતુ જયારથી માનવજાતે પોતાના રક્ષણ અર્થે આવાસરચનાઓ કરી ત્યારથી પશુઓ પણ માનવજીવનથી દૂર ભાગવા લાગ્યાં, એક જમાનો એવો હતો કે આદિવાસીઓ વન્ય પ્રાણીઓને ઘરઆંગણે નિહાળી શકતા આજે આ ધન્યતા પણ દુર્લભ બની છે. આજે તો વન્ય સંપત્તિ નિહાળવા અભ્યારણો કે ગ્રામઉદ્યોગ સેન્ટરમાં જવું પડે છે.

જંગલોનું પ્રાકૃતિક સૌંદર્ય ધીમે ધીમે ઘટતું જાય છે. મોર કે કોયલના ટહુકાથી ખૂલી જતી એ સવાર હવે આદિવાસીઓ માટે પણ દુર્લભ બનતી જાય છે અને કૃત્રિમ સૌંદર્ય એનું સ્થાન લેતું જાય છે.

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ડાંગનું જંગલ સમૃદ્ધ જંગલ માનવામાં આવતું. આજે ડાંગનું પ્રાકૃતિક સૌંદર્ય પણ ઘટી રહ્યું છે. વિવિધ પ્રકારનાં વૃક્ષોથી મ્હોરી ઊઠતું, નાના-વિધ પક્ષીઓથી ગુંજી ઊઠતું, કે અલગ-અલગ અવાજોથી ચિત્કારી ઊઠતું જંગલ આજના તબકકે શાંત બનતું જાય છે.

આદિવાસી જાતિના જીવનનો બધો ભાર જંગલો ઉપર રહેતો જંગલોમાંથી જીવનનિર્વાહની બધી ખાદ્યસામગ્રી મેળવી શકતા. કંદમૂળ, ફળફળાદિ, પશુપક્ષીઓનો શિકાર, વન-વેલીની બધીજ સામગ્રી મર્યાદિત બની રહેતી તેના બદલે હવે આ સમાજ જંગલ છોડીને મેદાનો તરફ વળી ખેતીના વ્યવસાય તરફ વળ્યો છે. જંગલોની પ્રાકૃતિકતા ઓછી થઈ જતાં લોકો શહેરી વિસ્તાર તરફ ગમન કરતાં પણ થયા છે. આદિવાસી સંસ્કૃતિ સાથે વન્ય સૃષ્ટિનો પણ ખાસ્સો સિંહફાળો રહ્યો છે. આદિવાસી સંસ્કૃતિનું પારણું જ અરણ્યમાંથી બંધાયું છે.

જંગલોની મહત્તા ઓછી થતા લોકજીવન પણ ધીમે-ધીમે શુષ્ક બનતું જાય છે. આજના ભણેલાં-ગણેલાં સંતાનો વન્ય પ્રકૃતિની રસલહાણ તો માણી શકતાં નથી. પરંતુ વન્ય પ્રકૃતિની અલગ-અલગ સજીવ સૃષ્ટિ પણ એમની દષ્ટિમાંથી વિખૂટી પડતી જાય છે. આજે વૃક્ષો કે પશુઓ જીવ જંતુઓ કે વન્ય ઔષધીય ગુણવત્તા પણ નબળી પડતી જાય છે. એમના સંસ્કારો સાથે આજની આધુનિકતા વણાતી જાય છે. વનસંરક્ષણ કાયદા હેઠળ આદિવાસી સંસ્કૃતિની મહામૂલી વન્ય ધરોહર પણ ધીમે ધીમે નામશેષ બની રહી છે.

### ૦ ખેતી-ધંધા ઉદ્યોગ

ખેતી એ આદિવાસીનો મુખ્ય વ્યવસાય રહ્યો છે. જંગલોમાં વૃક્ષો નીચે નાના મોટા કયારા બનાવી જંગલી બીજો વાવીને વરસાદ પડતા બીજ ઊગી નીકળતાં અને તેના જેવો

જ પાક ઉતરી આવતો. આવી નાની-નાની ખેતી કરતો આદિવાસી સમાજ ધીમે ધીમે 'ઢળતી ખેતી' તરફ વળ્યો. મોટેભાગે ડુંગર વિસ્તારમાં વસનારા આદિવાસીઓ પગથિયા આકારના ચાસો પાડી ખેતી કરવાની શરૂઆત કરી. આમ ધીમે ધીમે 'દાઝયાખેતી' તરફ વળી અને આજે મોટાપાયે ખેતીનો વ્યવસાય વિકાસ પામી ચૂક્યો છે.

'દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ પાસે પહેલાના સમયમાં ખૂબ જમીનજાગીરી હતી. પણ દારૂતાડીના લતે ચઢી ગયેલા ધોડિયા આદિવાસીઓની જમીન દેવામાં મૂકાઇ ગઈ હતી. નિરક્ષરતા અને અજ્ઞાનતાને કારણે સવર્ણોએ ચક્રવૃદ્ધિ વ્યાજમાં ઘરબાર-ખેતીવાડી તેમજ પશુઓને પણ પડાવી લીધાં હતાં. અને ધીમે ધીમે મજૂર-ખેતમજૂર અને અંતે 'હાળી' તરીકેનો વ્યવસાય કરતા થઈ ગયા. જો કે સરકારશ્રીના ધારાધોરણ અનુસાર 'ગણોતધારા' અનુસાર ફરી ઘણા ખરા આદિવાસીઓ જમીનમાલિક બન્યા છે. 'ખેડે તેની જમીન' આ ધારો આદિવાસી માટે આશીર્વાદરૂપ હતો.'[૨]

આજના સુધારેલા જીવન પ્રમાણે આ જાતિનો ખેતી ઉદ્યોગ સારો વિકસ્યો છે. વર્ષમાં બે થી ત્રણ પાકો લેવાય છે. પાકમાં મોટે ભાગે ડાંગર, શેરડી, ઘઉં, જુવાર, મકાઈ, નાગલી, કોદરા અને રોકડિયા પાકોમાં વિવિધ શાકભાજી, ફળ-ફળાદિ વગેરેના પાકો પણ કરાય છે. આજના ખેતીપ્રધાન દેશમાં દક્ષિણ ગુજરાતનો પણ સારો એવો ફાળો રહ્યો છે. આધુનિક પદ્ધતિના કારણે આજે ખેતીમાં પણ ઝડપી વિકાસ થયો છે. પહેલાં સમગ્ર ખેતીનો આધાર વરસાદ ઉપર રહેતો એટલે ઘણીવાર દુકાળ, અનાવૃષ્ટિ વગેરેનો ભોગ બનવું પડતું, પરંતુ સિંચાઈ વ્યવસ્થાને કારણે સારી એવી ખેતીની ઉપજ આ વિસ્તારમાંથી થતી રહી છે.

આ ઉપરાંત અન્ય ધંધાઓના વિકાસને કારણે ખેતી સિવાય અન્ય નાનામોટા હુન્નરો પણ આ જાતિમાં જોવા મળ્યાં છે. શિક્ષિત સમાજ ધંધા-રોજગાર માટે ગામડાંમાંથી શહેરી વિસ્તાર તરફ દોરવાતા અનેક રોજગાર તરફ વળ્યાં છે. સુરત શહેર એ ઉદ્યોગો માટેનું આગવું કેન્દ્ર ગણાતું. સાડી તથા હીરા ઉદ્યોગ માટે આ વિસ્તાર સારો એવો વિકાસ પામ્યો છે. આ

ઉપરાંત સાડી-ભરતનું કામ પણ આ વિસ્તારમાં સારું વિકસ્યું છે. સ્ત્રી-પુરુષ તેમજ નાના-મોટા દરેક માટે ઘર-ઘરાઉ ધંધા તરીકે વિકસ્યો છે તો બીજી તરફ પથ્થરની ખાણોમાંથી પથ્થર કાઢી ડામરરોડમાં વપરાતી કપચી કાઢવાનો વ્યવસાય પણ સારો વિકાસ પામ્યો છે. રેતી, માટી, આદિ કાઢવામાં પણ આ જાતિના લોકો જોડાયેલા છે. આ ઉપરાંત વાપી, સેલવાસ, અતુલ, દમણ જેવા વિસ્તારમાં વિકસેલા અનેક ઉદ્યોગોને કારણે પણ આદિવાસી જાતિ ખેતીના વ્યવસાયની સાથે સાથે શહેરી વ્યવસાય તરફ પણ વળી છે. આ ઉપરાંત ઠેર-ઠેર ચાલતી જી.આઈ.ડી.સી.ની ફેક્ટરીને કારણે મોટાભાગનો સમાજ શહેરીજીવન તરફ પણ વળ્યો છે.

### o પશુપાલન

ખેતી વ્યવસાયની સાથે સાથે આદિવાસી સમાજનો બીજો મહત્ત્વનો વ્યવસાય પશુપાલનનો રહ્યો છે. પશુસંપતિ પણ આર્થિક ઉપાર્જન માટે મહત્ત્વની સંપત્તિ છે. ગાય, બળદ, ભેંસ, બકરાં, ઘેટાં કે મરઘાં આદિ પશુઓનું પાલન કરી જીવન નિર્વાહ ચલાવે છે.

દક્ષિણ ગુજરાતમાં સુરતની 'સુમુલડેરી' અને નવસારી જિલ્લાની 'વસુધારા ડેરી' ઉદ્યોગને કારણે પશુપાલનનો ધંધો એકંદરે સારો વિકાસ પામ્યો છે. આ ઉપરાંત બળદ ખેતીકામ માટે ઉપયોગી પશુ હોવાથી ઘરે ઘરે ખેતી ઉપયોગ માટે પણ પશુપાલન કરવામાં આવતું. આજે સરકારની 'શ્વેતક્રાંતિ' ને કારણે સામાન્યમાં સામાન્ય ખેતર વગરનો માણસ પણ પશુપાલન તરફ વળ્યો છે. ઘેટાં-બકરાંના પાલન પોષણ સાથે મરઘાં જેવાં પક્ષીનો પણ વ્યવસાય જોવા મળ્યો છે. ઘરમાં નાના-મોટા ખર્ચાઓ મરઘાના વ્યવસાયથી પૂરા પાડી શકાય છે. આ ઉપરાંત આદિવાસી લોકોનો મુખ્ય ખોરાક માંસાહાર હોવાને કારણે પણ મરઘાં પાલનનો ધંધો સારો ચાલે છે. આજે 'મરઘા ઉછેર કેન્દ્રો પણ ઠેર-ઠેર ખોલવામાં આવ્યાં છે. આ ઉપરાંત 'સીઝનલ' નાના-નાના મોટા વેપાર પણ આદિવાસીઓ કરતાં થયા છે.

### o ખનીજ સંપત્તિ

દક્ષિણ ગુજરાતના પ્રદેશમાં એવી કોઈ મહત્ત્વની કહી શકાય એવી ખનીજ સંપત્તિ

નથી. પરંતુ રેતી, ઈમારતી લાકડું, બ્લેકટોપ, માટી, પથ્થરની ખાણો આદિ છે. એમાંથી મળતી કાચી સામગ્રીનો અન્ય સ્થળે નિકાસ થાય છે. ગુજરાતમાં વલસાડી સાગ વખણાય છે. આ ઉપરાંત ખાણોમાંથી નીકળતું 'કાચું સોનું' સમાન પથ્થરો માટે દક્ષિણ ગુજરાતનો પ્રદેશ ખ્યાતિ ધરાવે છે. આ સિવાય કોઈ અન્ય ખનીજ ઉપલબ્ધ બન્યું નથી.

**૦ આબોહવા અને વરસાદ**

આબોહવાની દૃષ્ટિએ જોઈએ તો વર્ષની ત્રણે ઋતુઓમાં ખુશનુમાભર્યું વાતાવરણ રહે છે. ઠંડી, ગરમી અને વર્ષા ત્રણેયનું સાતત્ય જળવાઈ રહે છે. જંગલોના પ્રભાવને કારણે તેમજ ભેજવાળી આબોહવાને કારણે વરસાદનું પ્રમાણ સારું રહ્યું છે. દક્ષિણ ગુજરાતમાં મોસમનો સારો એવો વરસાદ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં નોંધાય છે. આ ઉપરાંત ડાંગમાં પણ વરસાદનું પ્રમાણ વધારે રહે છે. વન્ય પ્રકૃતિના ખોળે વિહરતા વન્ય જનસૃષ્ટિની સાથે સાથે કુદરતી ખુશનુમા આબોહવાનો પણ અનેરો અનુભવ અહીં થાય છે.

જીવાતા જીવનમાં અનોખી તાજગી લાવનાર અસરકારક આબોહવા અહીં માણવી ગમે છે. ખુલ્લા મેદાનમાં કે હિલસ્ટેશનમાં વિહરવાની જરૂર લાગતી નથી. ઘરઆંગણે લીમડાના છાયે બેઠાં બેઠાં કે ખેતરને શેઢે હરિયાળી નિહાળતા જીવનની ધન્યતા અનુભવી શકાય એવી ખુશનુમાભરી આબોહવા પ્રસરી રહે છે.

**૦ માર્ગ અને વાહન વ્યવહાર**

આજના આધુનિક ટેકનોલોજીના આ યુગમાં મનુષ્યે અનેક હરણફાળો ભરી છે. દરેક વસ્તુમાં નવું કરવાની, કશુંક નવું શોધવાની લાલસાવૃત્તિને કારણે એક પછી એક ડગ આગળ વધતો રહ્યો છે. માર્ગની દૃષ્ટિએ વિચારીએ તો એક સમય એવો હતો કે જયારે ગામડાંના માર્ગો ધૂળિયા માર્ગો હતા. નાની-નાની કેડીઓથી કંડારાયેલી ભૂમિમાં નિતનવા ફેરફારો થયા અને ચીલાચાલુ ધૂળિયામાર્ગો જે 'ગાડાવાટ' તરીકે ઓળખાતા ગામડાંના રસ્તા ધૂળિયા મટીને ડામરના લીસા માર્ગો બની ચૂક્યા છે.

રાજ્ય ધોરીમાર્ગ જેવા કે બીલીમોરાથી મહારાષ્ટ્ર (નાસિક)ને જોડતો માર્ગ ધૂલિયામાર્ગ.

જેને નેશનલ હાઈવે નં.૧૫થી ઓળખી શકાય. સુરતથી મુંબઈને જોડતો નેશનલ હાઈવે નંબર ૮ જેવા વિશાળ માર્ગોને કારણે અનેક વાહન વ્યવહારોની સગવડ પણ વધી છે.

એક સમય એવો હતો કે જયારે એક ગામથી બીજે ગામ જવા માટે પગે ચાલીને અને બહુ બહુ તો ગાડાનો ઉપયોગ થતો. ગામમાં કોઈ નવી સાયકલ લઈ આવે તો લોકો ફળિયે-ફળિયેથી સાયકલ નિહાળવા આવતાં. આજ આદિવાસી લોકોના જીવનમાં વાહનવ્યવહારે પણ નવો ચમત્કાર સર્જ્યો છે. સારા માર્ગોને કારણે તેમજ ઝડપી વિકાસના પગલે અનેક પ્રકારની વાહનની સમૃદ્ધિ થઈ છે. પગે ચાલીને ખેતરે કે સીમમાં જનારો માણસ મોટર સાયકલ લઈને જતો જોવા મળે છે.

માર્ગ સુવિધાને કારણે જ માણસ વધારે ને વધારે મહેનતુ બન્યો. નવી નવી ટેકનોલોજીનો લાભ લેતો થયો છે. ખેતી ઉત્પાદનમાં વધારે આધુનિક સાધનો વસાવી ઝડપી ખેતી કરતો અને વધારે ઉત્પાદન કરતો થયો છે. વાહન વ્યવહારના કારણે જ એકધારી ખેતી કરનારો ખેડૂત નવી નવી ખેતપેદાશો કરી ઝડપથી બજારોમાં મૂકે છે. અને ધાર્યાં પરિણામો મેળવનારો બન્યો છે. વાર્ષિક પાકોને બદલે નવી-નવી હાઈબ્રીડ બીજોનું ઉત્પાદન કરી ઓછા સમયમાં વધારે ઉત્પાદન અને સારું ઉત્પાદન કરીને તાત્કાલિક બજારમાં મૂકી વધારે પ્રોફિટ મેળવતો થયો છે. આ બધામાં માર્ગ વાહન વ્યવહારનો સિંહફાળો રહ્યો છે.

### ૦ પ્રાચીન-ઐતિહાસિક સ્થળો

દક્ષિણ ગુજરાતમાં કેટલાંક ઐતિહાસિક સ્થળોની માહિતી ઉલ્લેખનીય છે. ડાંગનાં જંગલોનો ઈતિહાસ રામાયણ અને મહાભારત સાથે સંબંધ ધરાવે છે. રામાયણમાં આવતા ચૌદ વર્ષના વનવાસની મહત્તા અહીં જોડાયેલી છે. વનવાસ દરમ્યાન રામ-સીતા જે જંગલોમાં ફર્યાં હતાં જેનો ઐતિહાસિક પુરાવો નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના ઉનાઈ ગામે આવેલા ઉનાઈ માતાના 'ગરમ કુંડ' એની સાક્ષી પૂરે છે. દંતકથા એવી છે કે- 'વનમાં ફરતાં-ફરતાં અચાનક એક દેવીનું સ્થાન સીતાજીની નજરે ચડે છે. પરંતુ 'દેવી' પવિત્ર મનાતી હોવાથી પવિત્ર સ્થાનકે જવા માટે પવિત્ર હોવું અનિવાર્ય હોય છે એવા સમયે

માતાજીના દર્શનાર્થે જવા મા સીતાજીએ પણ ન્હાવાની (પવિત્ર થવાની) ઈચ્છા વ્યક્ત કરી. પરંતુ આજુબાજુ કયાંય પાણી ન મળતાં. રામ ભગવાને ધનુષ ચઢાવી પ્રાર્થના કરી અને જે જગ્યામાં ઊભા હતા ત્યાં બાણ માર્યું અને ગરમ પાણીના ઝરા નીપજાવ્યા. જેમાં મા સીતાજી નાહી-ધોઈ સ્વચ્છ થયાં અને બોલ્યાં 'હું નાઈ' જેનો અપભ્રંશ 'ઉનાઈ' એવો થયો છે અને માતાજીના સ્થાનકનું નામ પણ 'ઉનાઈમાતા' એવું પડ્યું. જયાં આજે પણ ગરમ પાણીના કુંડ હયાત છે.'[૩]

'મહાભારત' જેવા પ્રાચીન ગ્રંથોના વર્ણન અનુસાર 'પાંડવગુફા' આજે પણ ડાંગ જિલ્લાના એ જંગલમાં પાંડવા ગામે હયાત છે. 'રામાયણ'માં આવતા 'દંડકારણ્ય'નું વર્ણન એ અપભ્રંશ પામેલ 'ડાંગ' શબ્દ છે એવી પણ દંતકથા પ્રચલિત છે.

એક દંતકથા અનુસાર ઈ.સ.૧૬૬૪માં સુરત પર ચઢાઈ થઈ ત્યારે શિવાજી મહારાજે તેનો પડાવ સોનગઢ જિલ્લાને બનાવ્યો હતો અને લડાઈમાં યુદ્ધથી બચવા પોતાનો જીવ બચાવવા સોનગઢના કિલ્લામાં આશ્રય મેળવ્યો હતો. આજે પણ સોનગઢ જિલ્લામાં શિવાજીનો જિર્ણ-શિર્ણ કિલ્લો હયાત છે. જેનો અહીંના લોકો 'સોનગઢનો કિલ્લો' તરીકે ઓળખાવે છે.

ડાંગનાં જંગલોની ઐતિહાસિકતા વર્ણવતા લેખક શ્રી દત્તાતેય ભાસ્કર ચિત્તળે જાણાવે છે કે-

'દક્ષિણ અમેરિકા, ઓસ્ટ્રેલિયા, આફ્રિકા અને હિન્દની ભૂમિનો જે વિશાળ ભાગ સમુદ્રજળની બહાર હતો તે 'ગાંડવન' નામે ઓળખાતો એ ડાંગનો પ્રદેશ, એ ભૂમિ પર નિગ્રોઈડ, ઓસ્ટ્રેલોઈડ, દ્રાવિડી અને આર્ય પ્રજાની થયેલી અવરજવર વર્ષો જૂની સંસ્કૃતિનાં વિનિમયો અહીં પડયાં છે.'[૪]

ભરૂચ વિસ્તારની ઐતિહાસિકતા જાણાવતા દુર્ગાદાસ કેવળરામ શાસ્ત્રી જાણાવે છે કે-

'લાટ પ્રદેશ પર દક્ષિણમાંથી ઘાણી ચઢાઈઓ થઈ આ દક્ષિણ નિવાસી રાષ્ટ્ર કૂળોનું રાજ્ય વર્ષો સુધી આ પ્રદેશ પર હતું. ગુપ્ત, ક્ષત્રપ, શક વગેરે આ લાટ પ્રદેશ પર પોતાનું

શાસન ભોગવ્યું હતું. આવો આ લાટ પ્રદેશ દક્ષિણ ગુજરાતનો એક મુખ્ય અંગ તરીકે ગણાતો.'[૫]

ઐતિહાસિક સ્થળ તરીકે ચીખલી તાલુકાનું 'મજીગામ'માં 'મલ્લિકાર્જુન' મંદિર છે. જે મંદિર દક્ષિણના રાજા મલ્લિકાર્જુને બંધાવ્યું હતું. કહેવાય છે કે- 'કુમારપાળ અને મલ્લિકાર્જુન રાજા વચ્ચે  ગણદેવી, દેસાડ, સોનવાડી, વલોટી, તો બીજી તરફ ખરેડા અને કાવેરી નદીના વિસ્તારમાં પહાડી મેદાનોમાં બંને વચ્ચે ભયંકર યુદ્ધો થયા હતા અને કુમારપાળે મલ્લિકાર્જુન ને 'મજીગામ' નામના વિસ્તારમાં સમધિવાળાં વૃક્ષોના પરિસરમાં હરાવ્યો હતો તેથી આ વિસ્તારને ઐતિહાસિક પહાડ તરીકે ઓળખાવાતો.'[૬]

આ ઉપરાંત વાંસદા તાલુકાના ડુંગરમાળમાં 'તોરણિયા ડુંગર' ની પણ ઐતિહાસિકતા જોવા મળી છે. આ ઉપરાંત 'અઢારપીર' અને 'બામણિયાભૂત' નામનાં બે સ્થળો પણ ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વનાં છે.

## o સ્વતંત્રતા પછીનું દક્ષિણ ગુજરાત

સ્વતંત્રતા પછી દક્ષિણ ગુજરાતમાં અનેક પરિવર્તન આવ્યાં. સામાજિક, ધાર્મિક, રાજકીય, દરેક ક્ષેત્રમાં ફેરફારો થયા. રાજાશાહી સમયમાં આદિવાસી લોકોની જે પરિસ્થિતિ હતી. લોકો ગુલામીમાં સબડતા-તાડીના જે બંધાણી બન્યા હતા. તેમાં 'દૈવી પવન' ને કારણે (સરલાદેવી)ના આગમનને કારણે પીઠામાંથી મુક્ત બની ધાર્મિક વલણ અપનાવતા થયા. રાજકીય ક્ષેત્રે 'હાળીપ્રથા' માં સુધારો આવ્યો. આઝાદી પછી નવા હોદેદારો નિમાતા ગામ, તાલુકા, જિલ્લામાં નવા આર્થિક સુધારાઓ આવ્યા. ગામના મુખી કે પટેલની વાદ-વિવાદની ભાંજગડમાંથી મુક્તિ મળી અને વિવાદનું સરળ નિરાકરણ થવા લાગ્યું.

આઝાદી પછી બધાં જ ક્ષેત્રોમાં અવનવાં પરિવર્તનો આવ્યાં. બોલી, રહેણીકરણી, ખાણી-પીણી, પહેરવેશ, સગવડતા, પ્રસંગોપાત્ત ચાલતી વિધિ આદિમાં અનેક પરિવર્તનો આવ્યાં અને લોકો ગ્રામ્યજીવનની સાથે સાથે શિક્ષિત અને સુધરેલું જીવન જીવવા તરફ દોરાયા. આવું છે દક્ષિણ ગુજરાતનું ભૌગોલિક લોક પર્યાવરણ.

## ૧.૨ ગુજરાતની આદિવાસી જાતિઓ

આદિવાસી જાતિઓ સમગ્ર ભારતમાં પૂર્વકાલીન જાતિ તરીકે ઓળખવામાં આવી છે. આદિવાસી ભારતના મૂળ નિવાસી છે. આ જાતિઓ અહીં આદિકાળથી વસતી હોવાથી એમને 'આદિમજાતિ' કે 'આદિવાસીઓ' એવા નામથી ઓળખવામાં આવે છે. સામાન્ય જનતામાં તેમના માટે અનેક દંતકથાઓ અને પુરાકલ્પન કથાઓ પ્રચલિત છે.

આદિવાસીઓ માટે કોઈ ચોકકસ-સ્પષ્ટ વ્યાખ્યા નથી. સામાન્યત: આદિવાસી એટલે જંગલો અને પહાડોમાં વસતા સીધા-સાદા, ભલા-ભોળા તેમજ નાચ-ગાનના શોખીન એવા પછાત લોકોનો સમૂહ તરીકે ઓળખાવાય છે. તો કેટલાક એમને અમાનવીય વ્યવહારવાળા લોકો તરીકે પણ ઓળખે છે. કેટલાક વિદ્વાનોમાં પણ આવી ગેરસમજો પ્રવર્તે છે.

'આદિવાસી' શબ્દનો અર્થ છે. 'આદિ' એટલે પ્રારંભનું અને 'વાસી' એટલે વસનારું, રહેનારું, વસવાટ કરનારું એવો થાય છે. આવા આદિવાસીઓને સામાજિક માનવવિજ્ઞાનના અભ્યાસીઓ એક નિશ્ચિત ભૂ-ભાગમાં વસનારા, એકજ ભાષા બોલી બોલનારા, સમૂહમાં રહેનારા, આગવી અર્થવ્યવસ્થા અને સરખી ભાવના ધરાવનારા, સ્વતંત્ર સમાજ અને વિશિષ્ટ પ્રકારની સંસ્કૃતિ ધરાવતા સરલ સમુદાયને આદિવાસીઓ તરીકે ઓળખાવે છે.

આવા આદિવાસીઓને ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ત્રણ વિભાગમાં વહેંચી શકાય.

૧. ઈશાન પ્રદેશના આદિવાસીઓ

૨. મધ્યભાગના આદિવાસીઓ

૩. દક્ષિણ પ્રદેશના આદિવાસીઓ

ગુજરાતના આદિવાસીઓની ગણના ભારતના મધ્યભાગના આદિવાસીઓ સાથે કરવામાં આવે છે. દેશમાં ભિન્ન-ભિન્ન જનજાતિઓના લગભગ ૫૦૦ સમુદાયો વસે છે. ગુજરાતમાં ઉત્તરે અરવલ્લી પહાડની હારમાળાઓમાં, પૂર્વમાં સાતપુડા અને વિંધ્ય પહાડની શિખરાવલીઓમાં અને દક્ષિણમાં સહ્યાદ્રીની પર્વત શ્રેણીઓમાં આદિવાસીઓનું નિવાસ સ્થાન

છે. જે લગભગ ૨૦ હજાર માઈલ ભૂમિ ભાગમાં ફેલાયેલો છે.

### ૧.૨.૧ આદિવાસીની વિવિધ વ્યાખ્યા

કોઈપણ શબ્દને વ્યાખ્યામાં બાંધવો અતિ મુશ્કેલ છે તેમ આદિવાસીઓની પણ કોઈ સ્પષ્ટ વ્યાખ્યા કરવી મુશ્કેલ છે. છતાં સામાન્યત: કેટલાક વિદ્વાનોએ એમના મતો દર્શાવ્યા છે.

ઈમ્પિરિયલ ગેઝેટિયરમાં આપેલ આદિવાસીની વ્યાખ્યા આ પ્રમાણે છે- 'આદિવાસી કેટલાંક કુટુંબોનો સમુદાય છે, જે સમાન નામ અને સમાન બોલી ધરાવતું અંતર્વિવાહી જૂથ છે તથા તેઓ સમાન પ્રદેશમાં વસે છે. સમાન પ્રદેશના વતની છે.'[૭]

અહીં સમુદાય, બોલી, સમાન પ્રદેશ તથા અન્ય જ્ઞાતિમાં લગ્ન ન કરનાર એવી બાબતોને સાંકળી આદિવાસીની વ્યાખ્યા અપાયી છે.

જેકોબ્સ અને સ્ટર્ન પણ આદિવાસીની વ્યાખ્યા આપતા લખે છે- 'આદિવાસી ગ્રામ સમુદાયનો બનેલો સંકુલ છે, જે સમાન પ્રદેશ, ભાષા અને સંસ્કૃતિ ધરાવે છે તેમજ તેઓ આર્થિક રીતે પરસ્પર ઓતપ્રોત થયેલા હોય છે.'[૮]

ડૉ. હસુ યાજ્ઞિક જેમ આદિવાસીઓ માટે 'ગિરીજન' શબ્દ વાપરે છે. તેમ જેકોબ્સ પણ આદિવાસીઓને ગ્રામ્ય સમુદાયમાં વસનારા, ભાષા-પ્રદેશની સામ્યતા દર્શાવી એમની સંસ્કૃતિની અને આર્થિક ભાવનાને વાચા આપે છે, એમની પરસ્પરની આદાન-પ્રદાનની સાહચર્યતાને વધારે વાચા આપે છે.

મુકરજીના મતે 'આદિવાસી પ્રાદેશિક જૂથ છે જે પ્રદેશ, ભાષા, સામાજિક નિયમો અને આર્થિક પ્રવૃત્તિમાં સમાનતા ધરાવે છે.'[૯] મુકરજીની વ્યાખ્યામાં પણ પ્રાદેશિકતા, જૂથ, ભાષા, સંસ્કૃતિ અને આર્થિક વ્યવહારની બાબતને ટાંકી છે. આ બાબતો ઉપરથી એમ કહી શકાય કે આદિવાસીઓ સમૂહમાં, એક બોલી બોલનારા, આગવી સંસ્કૃતિ ધરાવનારા અને પરસ્પર એકબીજાને મદદરૂપ થનારા લોકો છે એવું માની શકાય.

મજમુદાર પણ આદિવાસીની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે. 'આદિવાસી એ પ્રાદેશિક

જોડાણ ધરાવતું અંતર્વિવાહી સામાજિક જૂથ છે. જેમાં કાર્યોના વિશેષીકરણનો અભાવ હોય છે. પોતાની વિકસાવેલી શાસન વ્યવસ્થા હોય છે. ભાષા કે બોલીની સમાનતા હોય છે. અન્ય આદિવાસી કે જ્ઞાતિથી તેઓ સામાજિક અંતર ધરાવે છે. અને તેઓ આદિમ પ્રણાલિકાઓ, માન્યતાઓ તથા રિવાજોને અનુસરે છે.'[૧૦]

ઉપરોક્ત વ્યાખ્યામાં પણ પ્રાદેશિક, અંતર્વિવાહી બોલી, પ્રણાલિકાઓ, માન્યતાઓ તથા રિવાજો આદિની વાત કરી છે. આ ઉપરાંત અન્ય જ્ઞાતિથી તેઓ અમુક બાબતમાં અંતર ધરાવે છે. આ બધી બાબતો લગભગ આદિવાસી સમાજમાં આજે પણ જોવા મળે છે.

'ભારતીય બંધારણની કલમ ૩૪૧ અને ૩૪૨ મુજબ કેટલાક જૂથોને રાષ્ટ્રપતિની સત્તા અનુસાર 'અનુસૂચિત જનજાતિઓ' તરીકે ઓળખવામાં આવે છે.'[૧૧] જે આદિવાસી જાતિને લાગુ પાડવામાં આવી છે.

આ ઉપરાંત આદિ માનવો કે વનવાસીઓ માટે નૃવંશ શાસ્ત્રીઓ 'ખોરાક એકત્ર કરનારા આદિવાસીઓ' તરીકે પણ ઓળખાવે છે. આવા આદિવાસીઓ પ્રારંભમાં શિકાર કરનારા, માછીમારી કરનારા, ફલફૂલ, કંદમૂળ કે મધ આદિનો આહાર તરીકે ઉપયોગ કરનારા, પ્રથમ રખડું અને પછી સ્થાયી જીવન જીવનારા તેમજ દાઝયાખેતી કે ઢળતી ખેતી કરનારા, ટોળીમાં કે સમૂહમાં રહી આંતરસંબંધો બાંધનારા વિવિધ લોકોને આદિવાસીઓ તરીકે ઓળખાવ્યા છે.

આમ ઉપરોકત આદિવાસીની વ્યાખ્યાઓ જોયા પછી ગુજરાતની વિવિધ આદિજાતિઓની ટૂંકમાં માહિતી મેળવીએ.

### ૧.૨.૨ આદિવાસીની વિવિધ શાખાઓ-જાતિઓ

ગુજરાતમાં વસતી વિવિધ આદિવાસી શાખાઓ મૂળ કયાંથી આવ્યા કેવી રીતે આવ્યા તેની કોઈ ચોકકસ માહિતી મળતી નથી. છતાં પ્રત્યેક શાખાને પોતાના જાતિગત નામકરણો છે. તેઓ ઉત્તરમાંથી, પૂર્વમાંથી કે દક્ષિણ તરફથી આવ્યા હશે, તેમ તેમની કેટલીક જાતિગત ભાષા, નામ અને રીત-રિવાજોના અભ્યાસ ઉપરથી જાણી શકાય છે.

દાંતાથી ડાંગ સુધીની પટ્ટી વનવાસી પ્રજાની છે. એમની સંસ્કૃતિમાં આજુબાજુના વિસ્તારની સંસ્કૃતિનો પ્રભાવ અચૂક દેખાય છે. આવી જુદી જુદી આદિવાસી જાતિઓ ગુજરાતમાં વસેલી છે.

ગુજરાતમાં લગભગ આદિજાતિના ૨૯ જેટલા સમુદાયો વસેલા છે. જે સમુદાયો મુખ્યત્વે આ પ્રમાણે છે.

૧. ભીલ (જેમાં ભીલ ગરાસિયા, સોખલા ગરાસિયા, ઢોલીભીલ, ડુંગરીભીલ, મેવાસી ભીલ, તડવીભીલ, રાવળ ભીલ, રાવળ, પાવરા, વસાવા, વસાવે ને ગણાવી શકાય.)

૨. દુબળા (જેમાં દુબળા, હળપતિ, તળાવિયા આદિ)

૩. ધોડિયા (જેમાં ગરાસિયા, કલમી મહેતા, ભુરૂલિયા, કેદારિયા, પ્રધાન, નાયક, મોટાદેસાઈ આદિ ૨૬૪ થી પણ વધારે ગૌત્રવાળા ધોડિયાઓ છે.)

૪. ગામીત (ગાવીત, માવચી, પડવી, ગામટા)

૫. ચૌધરી (સુરત, વલસાડ જિલ્લાઓમાં)

૬. ચૌધરા

૭. ધાનકા (તડવી, તેતરિયા, વલ્વી)

૮. ગોંડ, રાજગોંડ

૯. કાઠોડી (કાત-કરી, ઢોરકાથોડી, ઢોરકાતકરી, સોન કાતકરી)

૧૦. કોંકણા, કોકણી, કુકણા (દક્ષિણ ગુજરાતના જિલ્લામાં)

૧૧. કોળી (કચ્છ જિલ્લામાં)

૧૨. કોળીઢોર, ટોકરેકોળી, કોળચા, કોલધા

૧૩. કુણબી (ડાંગ જિલ્લામાં)

૧૪. નાયકા, નાયકડા, ચોળીવાળા નાયકા, કાપડીઆ નાયકા, નાના-મોટા નાયકા

૧૫. પઢાર

૧૬. પારધી (કચ્છ જિલ્લામાં)

૧૭. પારધી, અડવી, ચીંચરી, ફાસા, પારધી (અમરેલી, ભાવનગર, જામનગર, કચ્છ, રાજકોટ, જૂનાગઢ અને સુરેન્દ્રનગર સિવાયના જિલ્લાઓમાં)

૧૮. પટેલિયા

૧૯. પોમલા

૨૦. રબારી (આલેચ, બરડા, ગીરના નેસ વિસ્તારમાં)

૨૧. રથવા

૨૨. સીદી (અમરેલી, ભાવનગર, જામનગર, જૂનાગઢ, રાજકોટ, સુરેન્દ્રનગર જિલ્લામાં)

૨૩. વાઘરી (કચ્છ-સુરેન્દ્રનગર જિલ્લામાં)

૨૪. વારલી (સુરત, સોનગઢ, આદિ વિસ્તારમાં)

૨૫. વીટોલિયા, કોટવાળિયા, બરોડિયા

૨૬. બરડા

૨૭. બાવચા, બામચા

૨૮. ચારણ (આલેચ, બરડા અને ગીરના નેસ વિસ્તારમાં)

૨૯. ભરવાડ.[૧૨]

આમ ગુજરાતમાં ૨૯ જેટલી વિવિધ જાતિઓ અને પેટાજાતિઓ વસેલી છે. ગુજરાતમાં સૌથી વધારે વસતી ભીલ જાતિની છે. બીજા સ્થાને દુબળા અને ત્રીજા સ્થાને ધોડિયા જાતિ છે. સૌથી ઓછી વસ્તી પારધી, પોમલા, ગોંડ, રાજગોંડ અને બરડા આદિવાસીઓની છે. એવી જ રીતે દક્ષિણ ગુજરાતમાં પણ કેટલીક આદિવાસી જાતિઓ વસેલી છે. આટલી માહિતી જોયા પછી, ગુજરાતમાં વસતી મુખ્ય આદિવાસીઓની ટૂંકમાં માહિતી જોઈએ.

## ૧.૨.૩ગુજરાતની મુખ્ય આદિવાસી જાતિઓ

ડૉ.બી.એસ.ગુહાના મત પ્રમાણે આદિવાસી પ્રજાની મૂળ ત્રણ જાતિઓનો ઉલ્લેખ કરે છે. જેવી કે (૧) મોંગોલોઈડ (૨) ઓસ્ટ્રોલોઈડ અને કોકેશોયડ. કદાચ આવી મુખ્ય જાતિઓની જ પેટાજાતિઓ હશે?

હાલમાં પણ જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચેના સંમિશ્રથી તેમ જ આંતર બાહ્ય સંબંધોથી આદિવાસીઓમાં પણ અનેક પેટા જાતિઓ રચાઈ છે. આવી અનેક જાતિઓનાં કેટલાંક આગવાં લક્ષણો જોવા મળ્યાં છે. આવાં લક્ષણોની સામ્યતાના કારણે તેમને એકબીજાથી અલગ પાડવી મુશ્કેલ બને છે. છતાં કેટલાંક પ્રાચીન-અર્વાચીન લક્ષણોને ધ્યાનમાં રાખી ગુજરાતની મુખ્ય નવ આદિવાસીઓને ટૂંકમાં વર્ણવવાનો પ્રયાસ કર્યો છે.

**○ ભીલ**

પ્રાગૈતિહાસિક યુગથી એક વિશેષ સભ્યતા ધરાવતા અને વેદો, મહાભારત અને પુરાણોમાં નિષાદ કે પુલિંદ તરીકે ઓળણખાતા ભીલોની ઉપજાતિઓ દેશના જુદા જુદા ભૂમિખંડમાં ફેલાયેલી છે. ગુણાઢયના 'કથા સરિત સાગર'માં ભીલ શબ્દનો પ્રથમ ઉલ્લેખ થયો છે. આ પહેલાં આ જાતિ સંસ્કૃત સાહિત્યમાં નિષાદ તરીકે ઓળખાતી હતી.

'ભીલ સંસ્કૃત ભાષાના 'ભિલ્લ' શબ્દનું તદ્દભવ રૂપ છે. જે સંસ્કૃતના 'ભિલ-બિલ ભેદવું' ધાતુ સાથે સંબંધ ધરાવે છે. પ્રજાતિના સંશોધક વિદ્વાનો એ ભીલોનો ઉદ્દભવ-વિકાસની કડીઓ પ્રાગૈતિહાસિકથી આર્યયુગ સુધી જોડવાનો પ્રયત્ન કર્યો છે. મહાભારતના યાદવકુળ સંબંધિત હરિવંશપુરાણમાં પણ ભીલોનાં અનેક વર્ણન આવે છે. 'ભિલ્લ' પ્રજાતિ ઈસુના ૫૦૦ વર્ષ પૂર્વની પ્રજાતિ- તાલિકામાં પણ તેની ગણના કરવામાં આવી છે.

ભીલ શબ્દ દ્રવિડ ભાષાના 'બીલ' શબ્દમાંથી આવ્યો છે. જેનો અર્થ ધનુષ થાય છે. એટલા માટે 'ધનુષ- બાણ' ધારણ કરવાવાળા લોકોના સમૂહને 'ભીલ' કહેવાયા.'[૧૩]

ગુજરાતમાં મુખ્ય આદિજાતિ તરીકે ભીલોનું સ્થાન છે. સમગ્ર આદિવાસી વસ્તીમાં પ્રથમ સ્થાન ભીલોનું છે. પ્રાચીન સાહિત્યમાં ભીલોના ઘણા ઉલ્લેખ છે. રામાયણ-મહાભારત આદિમાં.

ગુજરાતમાં સાબરકાંઠા, બનાસકાંઠા તથા ડાંગ જિલ્લામાં ભીલોની અધિક વસ્તી વસેલી છે. ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં બ્રિટીશ સામ્રાજ્ય પહેલા ડાંગમાં ડાંગીભીલ રાજાઓની સત્તા હતી, આવા ભીલો સામાન્યત: રંગે શ્યામલા, કવચિત, ઘઉંવર્ણા જોવા મળે છે. શરીરે મજબૂત બાંધાના નીચા કદના, સુદ્દઢ અને શરીરે કસાયેલા હોય છે. સ્વભાવે પ્રમાણિક અને સંતોષી છે. ધનુષ વિદ્યામાં નિષ્ણાત હોવાથી શિકારી જીવન એમનું પ્રાથમિક જીવન હતું. પાછળથી ખેત-ખેતમજૂરી તેમજ પશુપાલન આદિનો વ્યવસાય કરે છે. ખેતીમાં કોદરા જુવાર, મકાઈ, નાગલી આદિનો પાક પકવે છે. આ ઉપરાંત જંગલમાંથી મળતી અન્ય ખાદ્ય વસ્તુ એકત્ર કરી પોતાનો જીવન નિર્વાહ ચલાવે છે.

રહેણીકરણીમાં અન્ય જાતિ કરતાં સાદા અને ગરીબ છે. નાની નાની ઝૂંપડીમાં રહેવું, માછલી મારવી તથા પશુનો શિકાર કરવા જવું તથા છૂટી છવાયી ખેતી કરવી એમનો વ્યવસાય છે તથા દારૂ અને તંબાકુના વ્યસની છે. વ્યસનથી જ કદાચ તેમની સત્તા ચાલી ગઈ હશે. ભીલો એક સમયે વહીવટકર્તા રાજયકર્તાની સત્તા ભોગવતા પરંતુ આજે કુનબીના ખેતરમાં ખેતમજૂર તેમજ છૂટી-છવાયી મજૂરી કરે છે તો કેટલાક ભીલો સારા શિક્ષણના પગલે કયાંક કયાંક નોકરીના વ્યવસાયમાં જોડાયેલા જોવા મળે છે.

ભીલો નાચ-ગાનમાં કુશળ હોય છે. ડોબરું, તાડપું, ઢોલ, માદળ, થાળીવાદ્ય આદિ એમનાં મુખ્ય વાદ્યો છે. વાર તહેવાર નિમિત્તે નાચ-ગાન કરી મનોરંજન મેળવે છે. દિવાળી, હોળી, ઉપરાંત દેવ-દેવીના માનતા આદિ તાણે મનોરંજન મેળવે છે. ભીલોની ભાષા 'ભીલીબોલી' છે. જે અન્ય આદિ જાતિ સાથે થોડી મળતી આવે છે.

ધાર્મિક ક્ષેત્રે દેવ-દેવીની ઊંડી શ્રદ્ધા છે. અંબા, ગોહમાઈ, દેવલી, માવલી, ઠાકોર, કોબરિયા ઠાકોર, તંબુરાજ, દેવરો જેવા દેવ-દેવીને માને છે. આમ તો ભીલો પણ હિંદુ ધર્મ જેવા જ સંસ્કારોમાં વ્યાપેલા છે. લગ્ન આદિમાં માતા-પિતા તથા વર-કન્યાની સંમતિથી થાય છે. સમાજમાં માતા-પિતાનું સ્થાન પછી જયેષ્ઠ પુત્રનું સ્થાન મહત્ત્વનું છે. લગ્નમાં પુન:લગ્નની પણ સંમતિ હોય છે. પતિ મૃત્યુ પામતા સ્ત્રી બીજા લગ્ન કરી બાળકના નામ

પાછળ બીજા પતિનું નામ લગાડી શકે છે.

ભીલો પણ ઊંડી ધાર્મિક શ્રદ્ધામાં માનતા હોવાથી, ભૂત-ડાકણ જેવી મેલી વિદ્યાને પણ માને છે. ભગત-ભુવાની માન્યતા પણ જોવા મળે છે. ભીલો હંમેશાં ડુંગરાળ પ્રદેશમાં કે જંગલોમાં વસતા હોવાથી એમના દેવ-દેવતા પણ ડુંગરો ઉપર કે વૃક્ષોના થડમાં બિરાજેલા જોઈ શકાય. જો કે આજના બદલાયેલા સમયમાં અનેક ઘણાં પરિવર્તનો અચૂક દેખાય છે.

**૦ દુબળા**

દુબળા આદિવાસીઓ મુખ્યત્વે સુરત, વલસાડ, નવસારી જિલ્લાઓમાં વસેલા છે. ઉજળિયાતોના ખેતરમાં ખેડુ તરીકે કામ કરતાં હોવાથી તેઓને 'હાળી' કે 'હળપતિ' પણ કહેવામાં આવે છે. દુબળા આદિવાસીઓની કુલ ૨૦ ઉપજાતિઓ ગણાવાયી છે. જેમાં મુખ્યત્વે ત્રણ ઉપજાતિઓ તળાવિયા, બોહરિયા અને ખારચા છે.

'દુબળા' શબ્દની ઉત્પત્તિ અંગે શ્રી પી.જી.શાહ કહે છે કે તે સંસ્કૃત શબ્દ 'દુર્બળ' એટલે કે જેઓ નબળા છે તે. આમ 'દુર્બળ' પરથી આ શબ્દ ઉતરી આવ્યો છે.'[૧૪] પરંતુ શારીરિક રીતે તેઓ નબળા નથી. ભાગ્યવશ તેમને હંમેશાં ઉજળિયાતોના ઘેર ચાકરીએ રહેતા હોવાથી તેમને દુબળા કહેવાયા. શાહુકાર લોકો તેમને 'દુબળા' નામથી બોલાવતા થયા ત્યારથી આ નામ પડયું.

દુબળાઓ દક્ષિણ ગુજરાતના બધાં જ જિલ્લામાં વસેલા છે. આદિવાસી જાતિમાં બીજું સ્થાન દુબળાનું છે. દક્ષિણ ગુજરાતમાં 'કાળીપરજ' તરીકે ઓળખાતી જાતિમાં આ લોકો વધારે સુધરેલા છે. 'તળાવિયા' અને 'હાળિયા' એવા બે પ્રકારે ઓળખાતા દુબળાઓનો પોશાક ઉજળિયાત જેવો જ હોય છે. પુરુષો ધોતી, ખમીસ અને ટોપી પહેરે છે. સ્ત્રીઓ ઘાઘરાનો કછોટો, વાળેલું લૂંગડું, સાડી તથા બ્લાઉઝ (કાંચળી) પહેરે છે. જગતની અન્ય જાતિની માફક તેઓની સ્ત્રી પણ ઘરેણાંની શોખીન છે. ગળામાં કીડિયાની હાર, કાનમાં એરિંગ, કલાઈના લોળિયા પહેરતા હાથમાં બંગડી પગમાં કડલાં પહેરે છે. આજના દુબળા ઉજળિયાત જેવા જ વસ્ત્રોલંકારોવાળા બન્યા છે. આધુનિકતાની અસર અચૂક દેખાય છે.

દુબળા પોતાની આગવી બોલી- ભાષા બોલે છે. તેમનું કેટલુંક કંઠસ્ય સાહિત્ય બોલાતી બોલીમાં જોવા મળ્યું છે. તેઓ ગાયને પવિત્ર માને છે અને ગાયની પૂજા કરે છે. 'વાઘબારશ' ગાયોની પૂજાનો મહત્ત્વનો દિવસ છે. અન્ય જાતિઓની જેમ દુબળા પણ શરાબ અને માંસાહારના શોખીન છે.

લગ્ન જેવી મહત્ત્વની  સંસ્કાર વિધિમાં મા બાપની પસંદગીથી લગ્ન કરે છે. તેઓમાં ઘરજમાઈ, છૂટાછેડા, પુનર્લગ્ન, 'નાંતરા'નો રિવાજ પણ પ્રચલિત છે. કન્યાના લગ્ન સોળ-સત્તર વર્ષે કરી દેતા હોય છે. લગ્ન પહેલાં કન્યાને સાસરે થોડા દિવસ માટે મોકલવામાં આવતી જો કે આજે પરિવર્તન આવ્યું છે. આજે ઉજળિયાતોની જેમ જ લગ્ન કરે છે. પહેલાં વૈદિક વિધિમાં પોતાના જ જાતિનો 'ભગત' વિધિ કરાવતો હવે બ્રાહ્મણો વડે વિધિ કરાય છે. નાના-મોટા વાર-તહેવારનાં આણાં કરાય છે.

તહેવારોમાં દિવાળી, હોળી, દિવાસો, વાઘબારશ, નવરાત્રી જેવા અનેક તહેવારો ખૂબજ ધામધૂમથી ઉજવે છે. દિવાસાની ઢીંગલા-ઢીંગલીની રમત અને વાઘબારશની ગોવાળિયાની વાઘ બનવાની રમત એમની મહત્ત્વની રમતો છે.

દરેક ગામમાં ગામનો મુખી માણસ સામાજિક, ધાર્મિક, પ્રસંગો અનુરૂપ પ્રસંગોને નિભાવે છે. ઝઘડાનું નિરાકરણ પણ ગામમાં જ થાય છે. ધાર્મિક તહેવારોમાં ભગવાનને બલિ ચઢાવે છે. તેમની દેવ-દેવીઓમાં મુખ્યત્વે મેલડી, જોગણી, શિકોતરી, કાકાબળિયા બગલાદેવ, દેવ સામરો, અંબા, કાળિકા વગેરે છે. હોળી તેમજ દિવાળીના તહેવારોમાં 'ઘેરનૃત્ય' કરે છે. નૃત્યના અલગ-અલગ પ્રકારને 'ચાળો' કહે છે.

દુબળા લોકો માન સમ્માનમાં માને છે. સસરા-જેઠની આમાન્યા રાખે છે. વહુ સસરા અને જેઠની લાજ કાઢે છે. સસરો અને જેઠ પણ પુત્રવધૂના ખાટલા ઉપર બેસતા નથી.

મૃત્યુ પછી અગ્નિદાહ અને દાટવાની બંને પરંપરા પ્રચલિત છે. બારમાની ક્રિયા ઉજળિયાતની જેમ કરે છે. મહા કે ચૈત્ર માસમાં શ્રાદ્ધની ક્રિયા ખાસ ભગતો પાસે કરાવે છે.

દિવાળી, હોળી જેવા દિવસોમાં મૃતાત્માઓની પૂજા-વિધિ કરે છે. મૃતાત્માની યાદમાં 'ખતરા' બેસાડવાની વિધિ કરે છે.

શ્રી વિમલ શાહ દુબળાને ભીલની જ પેટા જાતિ દર્શાવે છે. તે તાલાવિયા અને હળપતિ એવા બે પ્રકારના દુબળાનો ઉલ્લેખ કરે છે. દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારના દુબળા આજે પણ ઉજળિયાત વર્ગમાં હાળી કે ખેડુ તરીકે કામ કરે છે. મોટાભાગનાં કુટુંબો દારૂ અને માંસાહારને કારણે ગરીબી રેખા નીચે જીવે છે.

**o નાયક-નાયકડા**

નાયક-નાયકડા અંગે શ્રી પી.જી.શાહ જણાવે છે કે સંસ્કૃત શબ્દ 'નય' કે જે રક્ષાણની સંજ્ઞા છે. આ શબ્દ 'નાયક' ઉપરથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ નય-ટુલીડ-દોરવું એટલે કે યોગ્ય રસ્તે દોરનાર સૈન્યમાં જેમ સેનાપતિ દોરવણી આપે છે. તેમ નાયક પણ અન્ય લોકોને દોરવણી આપનાર રહ્યો છે જેના ઉપરથી 'નાયકા' શબ્દ પ્રચલિત બન્યો છે.

નાયકા જાતિ મુખ્યત્વે પંચમહાલ, વડોદરા અને દક્ષિણ ગુજરાતમાં વસેલી છે. તેઓ ચાંપાનેરના હિન્દુ રાજાઓના લશ્કરમાં હોવાની માન્યતા છે. તેઓની ત્રણ પેટા જાતિઓ છે. ચોળીવાળા નાયકા, કાપડિયા નાયકા અને ઊંચા-નીચા નાયકા.

પુરુષો લંગોટ સાથે ધોતિયું તથા ખાખીના હાફપેન્ટ પહેરતા, ખમીસ અથવા બંડી તો સ્ત્રીઓ ચણિયા-ચોળી અને કાછડાવાળા લૂંગડા પહેરે છે. કાનમાં વાળી, ગળામાં મણકાની માળા અને ચૂડીઓ પહેરે છે. હવે ઘણાં પરિવર્તનો છે. શહેરીજીવનના સંપર્કને કારણે અન્ય જાતિની જેમ ફેશનેબલ બન્યા છે.

તેમનો મુખ્ય વ્યવસાય ખેતી અને ખેતમજૂરી છે. લગ્ન માટે માતા-પિતાની સંમતિ અને 'વહાટાળિયો'ની પ્રથા છે. વરનો પિતા કન્યાના પિતાને દહેજ આપે છે. લગ્ન તેમના જાતિનો માણસ કરાવે છે. પુનર્વિવવાહ, છૂટાછેડા અને ઘરજમાઈ જેવા સામાજિક રિવાજો પ્રચલિત છે. મૃત્યુ પછી શબને બાળવાની અને દાટવાની બંને ક્રિયા પ્રચલિત છે.

બારમાની વિધિ અમુક વારે આવતી હોય તો કોઢમાં વિધિ કરે છે ત્યારબાદ સામૂહિક ક્રિયા 'પરજાણ'નો રિવાજ છે. મરનારની યાદમાં 'ખતરા' બેસાડવાની પરંપરા પણ આ જાતિમાં છે.

નાયકાના દેવ-દેવીમાં ડુંગરદેવ, વેવારિયોદેવ, ઝાંપલિયો દેવ, હિમારીયો દેવ, વેરાઈમાતા, કણાઈમાતા (કંસેરી) ખેડબાઈ માતા, હજુરી માતા, શીપરી માતા તેમજ મેલા દેવ તરીકે 'પીઠોરોબાબો' મુખ્ય દેવો છે. હોળી, દિવાળી, નવરાત્રી, દશેરા નિમિત્તે દેવ-દેવીની કે 'ખતરા'ની પૂજા-અર્ચના કરી ભોગ ચઢાવે છે.

પહેલાંના સમયમાં અન્ય આદિમજૂથોનું રક્ષણ કરવાનું કામ નાયકપદ આપવામાં આવતું પરંતુ ભીલોની સંખ્યા વધતી જતાં જંગલોમાંથી સ્થળાંતર કરી મેદાનો અને અન્ય ઉજળિયાત પ્રદેશમાં સ્થાયી બન્યા અને એમની સંસ્કૃતિની અસરને કારણે તેઓ ખેતી અને ખેતમજૂરી કરતા થયા. આજે પણ સપાટ મેદાનમાં ગામડાઓમાં વસી સારું જીવન જીવે છે. ભીલોથી તેઓ વધુ વિકસિત છે. શિક્ષણના પ્રભાવથી આજે સારી સારી જગ્યાએ વ્યવસાય અર્થે સ્થાયી બન્યા છે.

### ૦ ધોડિયા-ઢોડિયા

આદિવાસીમાં વસતીની દૃષ્ટિએ ત્રીજું સ્થાન ધરાવતી આ જાતિ અન્ય આદિમજાતિથી વધારે સુસંસ્કૃત અને ઊંચી જાતિ છે. મુખ્યત્વે દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ, ડાંગ અને હાલે વ્યવસાય અર્થે ગુજરાતના તમામ સ્થળે સ્થાયી બનેલી આ જાતિ શિક્ષણ ક્ષેત્રે સારી કારકિર્દી ધરાવે છે.

ધોડિયા જાતિની ઉત્પત્તિ વિશે અનેક મંતમતારો પ્રવર્તે છે. કેટલાક એમને મહારાષ્ટ્રના ધૂલિયામાંથી આવ્યા, તો કેટલાક યાદવકુળના તો કેટલાક દ્રવિડ જાતિના તો કેટલાક મહારાષ્ટ્રના રાજપૂત વંશજ માને છે એમનું કોઈ લિખિત સાહિત્ય નથી. એમની કંઠસ્ય સાહિત્ય પરંપરા પ્રમાણે આવા મતમતાંતરો પ્રસરેલા છે.

પહેરવેશની દૃષ્ટિએ પુરુષો ધોતિયું, ખમીસ બંડી અને માથે પાઘડી કે ટોપી પહેરે છે.

સ્ત્રીઓ વાળેલું લૂંગડું તથા ચોળી-કાંચળી પહેરે છે. પહેલાંના સમયમાં સ્ત્રી ચોળી સાથે ચણાચોકડીનું અડધું કાછડા વાળું લૂંગડું પહેરી તેજ કલરનો બીજો કટકો માથે ઓઢતી આજે સ્ત્રીઓ ખુલ્લી ગુજરાતી સાડી પહેરે છે. પગમાં સાંકળા, કડલાં કે પહેલા વાળા પહેરતી કાનમાં એરિંગ, કાપ, ચાપકી ગળામાં માળા કે પહેલા રૂપિયાની રેણ કરેલી માળા પહેરતી.

ધોડિયા લોકો પોતાની આગવી બોલી બોલે છે જેને 'ધોડિયાબોલી' તરીકે ઓળખાવે છે. આ બોલીમાં મરાઠી, ગુજરાતી, હિન્દી, કોકણી, અંગ્રેજી અનેક ભાષાનો પ્રભાવ પડેલો છે. તેમનો મુખ્ય વ્યવસાય ખેતી અને ખેતમજૂરી છે પોતે જમીનમાલિક છે.

લગ્ન માતા-પિતા અને પોતાની પસંદગીથી થાય છે. લગ્નમાં 'વહટાળિયો' મહત્ત્વનું કામ કરે છે. પુનર્વિવાહ, નાતરું, છૂટાછેડા, ઘરજમાઈ જેવી પરંપરા પ્રચલિત છે. વરના પિતા કન્યાના પિતાને નજીવું દહેજ આપે છે. સામાજિક, ધાર્મિક પ્રસંગો ભેગા મળીને ઉજવે છે. દિવાળી, હોળી, દિવાસો, નવરાત્રી, રક્ષાબંધન, જેવા ઉત્સવો ઉજવે છે. લગ્ન જેવા પ્રસંગોમાં 'તૂસ્થાળી' ના તાલે નૃત્ય કરે છે.

ધર્મક્ષેત્રે જુદા જુદા ધર્મો પાળે છે. ધર્મમાં શ્રદ્ધા રાખી બાધા- માનતા પણ ઉજવે છે. તેઓનાં મુખ્ય દેવ-દેવીઓમાં ભરમદેવ, નારાયણદેવ, કાળોકાકર, હિમારીદેવ, બગલાદેવ, દેવશામળો, ભવાની, દેવલી, ગોહમાઈ, જોગણી, શીતળા, અગાસી જેવી માતાઓને પણ માને છે. પૂજા-દર્શન પછી ભોગ અપાય છે. પશુ કે માણસની બીમારી દૂર કરવા દેવ-દેવીની માનતા માનવાની માન્યતા છે. માનતા પૂર્ણ થતા દેવ-દેવીનાં ગીતો ગાય છે.

મૃત્યુ સમયે શબને ઢોલ-ત્રાંસાથી સન્માનપૂર્વક સ્મશાનમાં લઈ જાય છે. શબને બાળવાની અને નાનું બાળક કે પ્રસૂતા સ્ત્રીને દાટવાની પ્રથા છે. દર ત્રીજા વર્ષે સામૂહિક શ્રાદ્ધ 'પરજણ'ની વિધિ કરાય છે. પૂર્વજોની યાદમાં 'ખતરા' બેસાડવાનો રિવાજ પ્રચલિત છે.

આજે શિક્ષણના પ્રભાવથી અને અન્ય ઉજળિયાત વર્ગના સંપર્કને કારણે આ જાતિમાં ઘણાં બધાં પરિવર્તનો આવ્યાં છે. આજે ધોડિયા જાતિનો પુરુષ કે સ્ત્રી ઉજળિયાત વર્ગની

જેમજ પહેરવેશ, ખાણીપીણી, અને ધાર્મિક ઉત્સવો ઉજવે છે. આજે ઉજળિયાત વર્ગમાં બેસનારો આ વર્ગને અલગ પાડવો અતિ મુશ્કેલ છે.

### ૦ ચૌધરી

ચૌધરી જાતિ પાવાગઢથી આવીને દક્ષિણ ગુજરાતમાં વસ્યા હોવાની માન્યતા છે. ચૌધરી લોકો પોતાને રાજપૂત વંશના માને છે. તેઓ પણ ત્રણ પેટા જાતિ છે. પાવાગઢિયા, ટાકરિયા અને વલવાઈ ચૌધરી પણ ભીલ જાતિની જ પેટા જાતિ તરીકે ઓળખાવેલ છે. પરંતુ ભીલ કરતાં વધારે વિકાસશીલ અને રંગે ગોરા છે. અન્ય આદિવાસી સ્ત્રીઓ કરતાં ચૌધરી સ્ત્રીઓ વધારે રૂપવતી હોય છે.

દક્ષિણ ગુજરાતના પ્રદેશમાં વસતા ચૌધરીઓ પહેલાંના સમયમાં અન્ય આદિવાસીઓના શિકાર, ખેતી, વસવાટ, લગ્ન, ધર્મ વગેરે બાબતે થતા ઝઘડાઓનું નિવારણ કરનાર પંચ તરીકે કામગીરી બજાવતા એવું મનાતું. પરંતુ આદિજૂથો વધતા જતા આવી રૂઢિગત પરંપરા બની ગઈ અને હવે તેમનો એક અલગ સમુદાય ઊભો થયો અને તેઓ દક્ષિણ ગુજરાતના 'ચૌધરા' તરીકે ઓળખાયા.

સ્ત્રીઓ સાડલા, કાંચળી અને ચણિયો પહેરે છે. કાનમાં એરિંગ, ગળામાં માળા, આંગળીઓમાં વીંટી, વીંટલા અને નાકમાં વાળી પહેરે છે. પુરુષો ખમીસ અને ધોતિયું તથા માથે સાફો બાંધે છે. પુરુષ પણ કાનમાં કડી પહેરે છે. હાથમાં કડું પણ પહેરાય છે. ચૌધરીની ભાષા 'ચૌધરીભાષા' તરીકે ઓળખાય છે. આ જાતિમાં શિક્ષિતોનું પ્રમાણ વધારે છે.

'લગ્નમાં વર-કન્યા ઉંમરલાયક થતાં લગ્ન ગોઠવવામાં આવે છે. વરનો પિતા કન્યાના પિતાને દહેજ આપે છે. લગ્ન વિધિ મોટેભાગે વરની પરણિત બહેન જ કરે છે. અન્ય આદિવાસીની જેમ ચૌધરીઓમાં પણ ઘરજમાઈ, પુનર્વિવાહ, છૂટાછેડા વગેરે સામાજિક રિવાજો પ્રચલિત છે.'[૧૫]

ધાર્મિક ક્ષેત્રે દેવ-દેવીમાં માને છે. સામાજિક ધાર્મિક પ્રસંગ-પર્વે ભોગ ચઢાવે છે.

તેઓના મુખ્ય દેવ-દેવીમાં કાકાબળિયા, સૂરજદેવ, પાળિયાદેવ, ધરતીમાતા, ભવાની, શિમળિયા આદિ છે. હોળી, દિવાળી, દિવાસો મુખ્ય ઉત્સવો છે. ચૌધરી જાતિનાં નૃત્યો અને ગીતોમાં એમનો અમૂલ્ય સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક વારસો સચવાયેલો છે. આજના ચૌધરીઓ શિક્ષણક્ષેત્રે ઊંચું સ્થાન ધરાવે છે. અને બદલાયેલા સમય સાથે કદમ મિલાવી રહ્યા છે.

### ૦ કુંકણા-કોંકણા (કુનબી)

કુંકણા નામ કોંકણ પ્રદેશમાંથી આવીને વસ્યા હોવાથી પડયું છે. આ આદિવાસી જાતિ અંગે વિદ્વાનોમાં વિવિધ મતમતાંતરો પ્રવર્તે છે. કુંકણાની મૂળ જાતિ દક્ષિણ ભારતમાંથી ઊતરી આવી હોવાનું મનાય છે. તેઓનાં ગીતો, બોલી અને પહેરવેશમાં કોંકણની સંસ્કૃતિની અસર વર્તાય છે. કહેવાય છે કે ‘આ જાતિ કોંકણ પ્રદેશના રત્નાગિરી જિલ્લામાં સ્થાયી થયેલ હતી. રત્નાગીરિથી થાણે થઈ ઈ.સ.૧૪૦૦ની સાલમાં દક્ષિણ ગુજરાતના વન પ્રદેશમાં આવી વસી હતી. કોંકણી પ્રજાનું મુખ્ય ધન પશુઓ હતા. વધારે પશુવાળાં કુટુંબો મોભાનું સ્થાન મેળવતાં ઈ.સ.૧૩૯૬-૧૪૦૮ના સમયમાં રત્નાગિરિ જિલ્લામાં પડેલા દુષ્કાળના કારણે સ્થાળાંતર કરી પશુપાલનના વ્યવસાયને અનુકૂળ એવા પહાડી વિસ્તારમાં આવી વસ્યા હતા.’[૧૬]

કુંકણાનાં ગીતો-બોલીમાં એમની સંસ્કૃતિની છાપ છે. કેટલાક કોંકણા પોતાને ‘કુનબી’ પણ કહેવડાવે છે. તેઓ મહારાષ્ટ્રના થાણા અને નાસિક જિલ્લામાંથી આવીને વસ્યા હોવાનું મનાય છે. કુનબી કે કણબીનો અર્થ ખેડૂત થાય છે.

રંગે શામળાં એવી આ જાતિના પુરુષોનો પહેરવેશ ઘરમાં લંગોટ પહેરતા અને સ્ત્રીઓ લાંબો સાડલો પહેરે છે. જો કે બહારગામ જતી વખતે પૂરાં વસ્ત્રો પહેરતાં સ્ત્રીઓ કંઠમાં શંખ-છીપોની માળા પહેરતી ઉપરાંત ચાંદીનાં ઘરેણાં પણ પહેરતી. માથામાં ફૂલોની વેણી અચૂક નાંખે છે. તેમનો મુખ્ય વ્યવસાય ખેતી છે. આ ઉપરાંત શિકાર માછલાં પકડવાનો ધંધો/ પણ કરે છે.

પહેલાના સમયમાં કન્યાને વરના ઘરે લઈ જઈ પરણાવવામાં આવતી લગ્ન પુખ્ત ઉંમરે માતા પિતાની સંમતિથી કરાતાં. લગ્નમાં ઘરજમાઈ, છૂટાછેડા, પુનર્વિવાહ જેવી સામાજિક રિવાજરીતિ પ્રચલિત છે. તેમનાં મુખ્ય દેવી-દેવતામાં હનવત અને વાઘદેવ છે. 'હનવત' એટલે હનુમાનદેવ. આ ઉપરાંત માવલીદેવની પૂજા વિધિ કરાય છે. શમીવૃક્ષની નીચે પથ્થરની સ્થાપના કરી ભરમદેવની પૂજા પણ કરે છે. માનતા આદિ વખતે દેવને માટીના ઘોડા ચઢાવવાનો રિવાજ છે.

કુંકણા જાતિ પણ ઉત્સવ પ્રિય રહી છે. દિવાળી-હોળી જેવા તહેવારોમાં કુંકણા જાતિ 'ભવાડા' ના વેશ ભજવે છે. ધાર્મિક પર્વોમાં દારૂ-માંસની મિજબાની કરી તારફાનૃત્ય, માદળનૃત્ય અને થાળીકુંડી નૃત્ય એમના મુખ્ય મનોરંજનનાં સાધનો છે. ખેતીકામ પૂર્ણ થતાં નવરાશના સમયે નૃત્ય કરીને આનંદ માણે છે. સ્ત્રી-પુરુષ બંને નૃત્યોમાં જોડાતાં અને કયારેક આખી રાત્રિ પણ નૃત્યનો આનંદ લેતાં જો કે ઝડપી જમાનાને અનુરૂપ હવે ઘણું પરિવર્તન આવ્યું છે. છતાં અન્નની દેવી કનસેરીની કથા આજે પણ કયાંક થતી જોવા મળે છે.

કુનબી ગણાતી આ જાતિના અનેક પેટા પ્રકારો છે. જેમકે ગાયકવાડ, વાઢુ, માહલા, ગવળી, ભોયા, રાઠોડ, પવાર, દળવી, દેશમુખ, વાઘ, ગાવડા, રાઉત વગેરે તેઓની એક વિશિષ્ટતા એ છે કે પેઢીના બધાં ભાઈ-બહેન ગણાતાં હોવાથી પેઢીમાં લગ્ન મનાઈ છે. તેમની દેવીમાં ડુંગરદેવી, કનસેરી (અન્નની દેવી) હિરવા, હિમાઈ અને બ્રહ્માની ખાસ પૂજા કરે છે.

### ૦ વારલી

'વારલ'નો અર્થ થાય છે. જમીનનો નાનો ટુકડો જેના ઉપરથી 'વાવલું' શબ્દ પણ ઊતરી આવ્યો છે જે અન્ય આદિવાસી જાતિમાં વૃદ્ધ મા-બાપની સેવાચાકરી માટે અલગથી રાખવામાં આવેલી જમીન-જમીનનો ટુકડો કે જેનાથી જે માતા-પિતાને મૃત્યુ સુધી સાચવે તે પુત્ર આ જમીન ખેડી શકે.

વારલી જાતિનો પણ મુખ્ય વ્યવસાય ખેતી છે. દક્ષિણના વારાલાટ પ્રદેશમાંથી આવીને સુરત જિલ્લાની આસપાસ વસ્યા હોવાથી તેઓ 'વારલી' કહેવાયા. એવી પણ માન્યતા રહેલી છે. જો કે હાલમાં નવસારી અને ડાંગ જિલ્લામાં આ જાતિ વસેલી છે.

પહેલા આ જાતિ પ્રમાણમાં ઓછાં વસ્ત્રો ધારણ કરતી જો કે અત્યારે પૂરાં વસ્ત્રો પહેરે છે. સ્ત્રીઓ ખાસ કરીને વાળેલા, કચ્છાવાળું લૂગડું પહેરે છે. સ્ત્રીઓ ઘરેણાની શોખીન છે. કોણી સુધીની ચૂડીઓ પહેરે છે. ગળામાં કાચના મણકાની માળા પહેરે છે તેમની બોલી કોંકણી બોલીને મળતી આવે છે. ખેતી ઉપરાંત મધ, ગુંદર, મહુડા, કોલસા આદિ પેદાશો એકઠી કરી બજારમાં વેચે છે. તેમનો મુખ્ય ખોરાક નાગલી છે.

લગ્નમાં બહુપત્ની પ્રથા છે. આ ઉપરાંત 'ખંધાડિયા' (ઘરજમાઈ)નો રિવાજ છે. વર-કન્યાની સગાઈ સાથે ગૃહસંસ્કાર માંડે છે. લગ્ન આર્થિક પરિસ્થિતિ અનુસાર અનુકૂળતા એ કરાય છે.

હોળી-દિવાળી અને દશેરા જેવા પર્વોમાં ગીત ગાઈ નૃત્ય કરે છે. ધર્મની બાબતમાં આ જાતિ નિસર્ગ શક્તિની પૂજા કરે છે. નદી, ડુંગર, વાદળ તથા પાણદેવ (ઈન્દ્રદેવ) એમનો ખાસ દેવ છે. નાગપૂજાનું પણ મહત્ત્વ છે. આ પૂજા ડાંગના વારલીઓમાં જોવા મળે છે. આ ઉપરાંત નારણદેવ, ભરમદેવ, ચૈડાંદેવમાં પણ માને છે. કુનબીઓની જેમ શરીર સૌષ્ઠવ અને સૌંદર્ય આ જાતિમાં પણ છે.

### ૦ ગામીત

ગામ વસાવીને એક સ્થાને સ્થિર થયા એટલે તેઓને ગામીત વસાવા કહેવામાં આવે છે. ભરૂચ જિલ્લાના રાજપીપળા વિસ્તારમાં ખાસ કરીને સાગબારા નાંદોદ, ઝઘડિયા તરફ વસાવા અને ગામીત જાતિ વસેલી છે તો સુરત જિલ્લાના સોનગઢ તાલુકામાં પણ આ જાતિ વસેલી છે. માંડવી, ધરમપુર અને ડાંગ જિલ્લામાં પણ ગામીત, માવચી કે વસાવા જેવી જાતિઓ વસેલી છે.

તેઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે. આ ઉપરાંત ખેતમજૂરી કરીને પોતાનો જીવન

નિર્વાહ ચલાવે છે તેઓ 'ગામીતી બોલી' બોલે છે. રહેઠાણ મોટેભાગે પહાડી ડુંગરની તળેટીમાં કે જંગલોની આસપાસ હોય છે. જો કે હવે શિક્ષિત સમાજની હરોળમાં બેસી શકે તેવી સ્થિતિમાં છે.

લગ્ન માતા-પિતા અને વર-કન્યાની પસંદગીથી થાય છે. વરનો પિતા કન્યાના પિતાને દહેજ આપે છે. પહેલાના સમયમાં દહેજ ન આપી શકનાર વર સસરાના ઘરે 'ખંધાડિયો' રહી પૈસા પૂરા થાય ત્યાં સુધી રહે પછી જ લગ્ન કરવામાં આવતા. વરના હાથમાં તલવાર અને કન્યાના હાથમાં મ્યાન રાખી લગ્ન કરાતાં વરકન્યાને તેનો બનેવી ખભે બેસાડી નચાવતો લગ્નમાં સામૂહિક ભોજનની પરંપરા છે.

મૃત્યુ પછી શબને બાળવામાં આવે છે. ગાવલી, વાઘદેવ, અને આષ્ટંબા તેઓના દેવતા છે. વાર તહેવારે ગીતો  સાથે નૃત્યો કરાય છે. સામાજિક ધાર્મિક રીતિ-રિવાજોનું નિયમન કરે છે. આજે વધુ પડતી શિક્ષિત પ્રણાલી આ જાતિમાં પણ જોવા મળી છે.

**૦ ધાનકા**

ધાનકા શબ્દની ઉત્પત્તિ અંગે એક એવી માન્યતા છે કે- 'તડવી નામની જાતિ કે જે પાવાગઢમાં રહેતી હતી દંતકથા પ્રમાણે તેઓ પાવાગઢના રાજપૂત ચૌહાણ હતા. પતઈ રાજા એ અંબાજીને પ્રસન્ન કરીને પોતાની પત્ની બનાવવાનું વચન માગ્યું ત્યારે અંબાજી ગુસ્સે થયા અને તેઓને ધાન પણ ખાવા નહીં મળે તેવો શ્રાપ આપ્યો. થોડા સમય બાદ જ્યારે મહમદ બેગડાએ ત્યાં ચડાઈ કરીને પાવાગઢ જીત્યું ત્યારે ત્યાં રહેતી તડવી જાતિની એવી દશા થઈ કે તેઓ ઘરબાર વગરનાં થઈ જંગલમાં ભટકતા થયાં અને કાચું ધાન ખાવાનો વખત આવ્યો ત્યારે તેના પરથી તેઓ ધાનકા તરીકે ઓળખાયા.'[૧૭]

પતઈ રાજાના પતન પછી આ જાતિ મુખ્યત્વે છોટાઉદેપુર, રાજપીપળા, આદિ વિસ્તારમાં વસેલી છે. આ જાતિ પણ ભીલોની ઉપજાતિ તરીકે ઓળખાયી છે. એમની મુખ્ય ત્રણ પેટાજાતિ છે. તડવી, વળવી અને તેતરીયા.

સ્ત્રીઓનો પહેરવેશ ચણિયો અને ચોળી છે. પુરુષો ખમીસ, લંગોટ અને પાઘડી પહેરે

છે. પરણેલી સ્ત્રીઓ ગળામાં રૂપાની હાંસળી પહેરે છે. તેમનો મુખ્ય વ્યવસાય ખેતી અને ખેતમજૂરી છે. જુવાર તેમનો મુખ્ય આહાર છે.

લગ્ન માતા-પિતા અને વર-કન્યાની પસંદગીથી થાય છે. કન્યાના પિતાને દહેજ અપાય છે. લગ્ન એક જ ગોત્રમાં થતું નથી. ગણપતિ, હનુમાન, ઈંદ, મેલડી, વાઘદેવ, ડુંગરદેવ વગેરે તેમનાં દેવીદેવતા છે. હોળી, દિવાળી, દિવાસો જેવા પર્વોમાં દેવ-દેવીને બલી ચઢાવાઈ છે. લગ્ન જેવા પવિત્ર ઉત્સવમાં આ જાતિ ગીતો ગાઈ નૃત્ય કરે છે.

મૃત્યુ પછી શબને બાળવામાં અને દાટવામાં આવે છે. મૃત્યુની અંતિમ ક્રિયા ઢોલ વગાડી કરે છે. મૃતાત્માની શ્રાદ્ધક્રિયા પણ કરે છે.

તડવી દંપતીએ તડવી જાતિ ઉપર સારું એવું સંશોધન કર્યું છે. જન્મથી મૃત્યુ સુધીના બધાજ સંસ્કારો તડવી દંપતીના સંશોધનમાં આવી જાય છે.

**૦ રાઠવા**

મધ્યપ્રદેશના માળવા નજીક આલિરાજપુર પાસેનાં 'રાઠ' વિસ્તારમાં રહેતા આદિવાસીઓને રાઠવા તરીકે ઓળખાવે છે. આ અંગે શ્રી અરવિંદ ભટ્ટ એમના એક લેખમાં લખે છે કે- 'આ રાજયનો મૂળ સ્થાપક રાજા આનંદદેવ રાઠોડ વંશનો હતો. તેણે ઈ.સ.૧૪૩૭માં 'રાઠોડ રાજ્ય' સ્થાપ્યું હતું તેમાંથી 'રાઠવા વિસ્તાર' કે 'રાઠ વિસ્તાર' તરીકે ઓળખાયો. ત્યારબાદ આ રાઠવાઓ એ સ્થળને સ્થળાંતર કરીને વડોદરા જિલ્લાના છોટા ઉદેપુર તરફ આવ્યા. જયાં આજે પણ 'પાલના રાઠવા' તરીકે ઓળખાય છે.'[૧૮]

પાલ વિસ્તારના અન્ય ભીલી આદિવાસીઓના સંપર્કને કારણે તેઓ આજે ભીલનું જ એક પેટા જૂથ તરીકે ઓળખાય છે. આ અંગે ગ્રિયસન નોંધે છે કે- 'ભીલાલાઓ અડધા રજપૂત અને અડધી ભીલ જાતિનું મિશ્રણ છે અને રાઠવાઓ તેનું નાનું પેટા જૂથ છે.'[૧૯]

આમ આદિવાસી તરીકે ઓળખાતી આ જાતિ છોટાઉદેપુરના વિસ્તારમાં ખાસ કરીને પાલપ્રદેશમાં ઓછા જંગલ અને ડુંગરાળ પ્રદેશમાં વસવાટ કરતી આવી છે. આ ઉપરાંત જેતપુર પાવી જેવા વિસ્તારોમાં પણ આ જાતિ વસેલી છે. પાલના આદિવાસી ઉપર

તડવીદંપતીએ સારું એવું સંશોધન કરેલ છે.

એમની બોલી ભીલી બોલીને મળતી આવે છે. તેઓનો મુખ્ય વ્યવસાય ખેતી-ખેતમજૂરી આદિ છે. લગ્ન માતા-પિતા અને વર-કન્યાની પસંદગીથી કરાય છે. લગ્નમાં પહેલાં વૈદિકવિધિ કરાતી લગ્નમાં છૂટાછેડા, પુનર્લગ્ન, ઘરજમાઈ, નાતરાની પ્રથા પ્રચલિત છે. ધાર્મિક, સામાજિક કે તહેવારમાં બધાં ભેગા મળીને ઊજવે છે. હોળી, દિવાળી, નવરાત્રિ જેવા ઉત્સવોમાં નાચગાન કરી ઉજવે છે. દેવ-દેવીની માનતા રાણી બલી ચઢાવે છે.

મૃત્યુ પછી શબને બાળવાની અને દાટવાની બંને ક્રિયા કરાય છે. મૃતાત્માની શ્રાદ્ધ ક્રિયા પણ કરાય છે. આજે બદલાયેલા રિવાજો પ્રમાણે બધી વિધિઓ કરાય છે. એમનાં પહેરવેશ, ખાણી-પીણી બોલી, શિક્ષણ આદિમાં ઘણાં પરિવર્તનો આવતાં જાય છે.

**o કોટવાળિયા-વિટોળિયા-બરોડિયા**

કોટવાળિયાને વિટોળિયા, બરોડિયા કે વાંસફોડા પણ કહે છે. આ જાતિ મુખ્યત્વે સુરત, વલસાડ અને ડાંગ જિલ્લાના જંગલ વિસ્તારમાં પોતાનો વસવાટ કરતા જો કે આજે મોટેભાગે માલની હેરફેર થઈ શકે એ માટે નગરના છેવાડે વસતા જોવા મળે છે. તેમનો મુખ્ય વ્યવસાય વાંસ ફોડીને તેમાંથી જુદી જુદી વસ્તુઓ ગૂંથવાનો છે. ટોપલા બનાવું એ મુખ્ય વ્યવસાય છે. આ જાતિ અન્ય જાતિના પ્રમાણમાં અત્યંત ગરીબ છે. એમની પાસે ખેડવા કે રહેવા પૂરતી જમીન હોતી નથી.

એમની સ્વતંત્ર બોલી નથી. દરેક જાતિમાં રહીને એમનું અનુકરણ કરે છે. એમનું તમામ કુટુંબ આજ વ્યવસાય કરે છે. બીજા આદિવાસીઓ તેમને નીચી જાતિના ગણાવે છે. સ્ત્રીઓ મોટેભાગે કાછડાવાળું લગડું પહેરી માથે અડધું લુગડું ઓઢે છે. પુરુષો ખમીસ, પેન્ટ અને માથે કપડું બાંધે છે. પુરુષો પણ કાનમાં કડા પહેરે છે. સ્ત્રીઓ ચાંદી અને પિત્તળની કડી કાનમાં પહેરે છે. ગળામાં કાળા મોતીની માળા પહેરે છે.

લગ્ન માતા-પિતાની પસંદગીથી થાય છે. લગ્ન મોટેભાગે સાદગીપૂર્ણ હોય છે. લગ્ન માટે સ્ત્રીને વરના ઘરે લઈ જવાય છે. ઘરજમાઈ, પુનર્વિવાહ, છૂટાછેડા આદિ સામાજિક

પ્રથા પ્રચલિત છે.

મૃત્યુ પછી શબને દાટવામાં આવે છે. તેમને જાતિનું અલગ પંચ હોય છે. જે સામાજિક ધાર્મિક નિયમનને પાળે છે. ગોવાળદેવ, હીમારિયોદેવ, આહિર દેવ, બળિયાકાકા અને દેવળી તેમનાં દેવ-દેવી છે. તેઓ પણ મંત્ર-તંત્રમાં માને છે. તહેવારોમાં હોળી, દિવાળી અને નરક ચતુર્દશી તેઓના મુખ્ય છે. સામાન્ય લઘુતાગ્રંથિથી પીડાતી આ જાતિ હંમેશાં ઉજળિયાત સમાજથી દૂર રહેતી આવી છે. જેથી કરીને આજે પણ સાક્ષરતાનું પ્રમાણ બહુ ઓછું છે. આજે પણ વેપાર અર્થે આવતા બરોડિયા અન્ય ઉજળિયાતને ત્યાં પાણી પણ ખોબામાં ઊંચેથી પીવે છે. આ જાતિ બધી રીતે વધારે પછાત રહી છે.

**૦ કાથોડી**

કાથોડી નામ તેમના વ્યવસાય ઉપરથી પડ્યું હશે એમ કહી શકાય. આ જાતિને કાતકરી પણ કહેવામાં આવે છે. એમનો મુખ્ય વ્યવસાય કાથો પાડવાનું છે. તેઓની બે પેટાજાતિ છે. ઢોરકાથોડી અને સોન કાથોડી. મુખ્યત્વે આ જાતિ સુરત, ડાંગ જિલ્લા અને સાબરકાંઠા જિલ્લામાં જંગલ વિસ્તારની આસપાસ વસેલી છે.

આ જાતિ પણ અન્ય આદિવાસી કરતાં ગરીબ છે. તેમના મુખી (નાયક) હોય છે. સામાજિક અને ધાર્મિક વ્યવહારોનું નિયમન કરે છે. કાથો પાડવાના વ્યવસાય સાથે તેઓ કોલાસા પાડવાનો પણ ધંધો કરે છે. આ જાતિમાં પુરુષો ખમીસ અને ધોતી વિટાળે છે. સ્ત્રીઓ સાડીનો કાછોટો મારી માથે ઓઢે છે. ગળામાં મણકાની માળા તથા કાનમાં વાળી પહેરે છે. હાથમાં ધાતુની અને કાચની ચૂડી પહેરે છે.

આ આદિવાસી જાતિ શાકાહારી અને માંસાહારી તથા દારૂના વ્યસની પણ છે. તેઓનો મુખ્યદેવ હીંદિયાદેવ, ભીલદેવ, વાઘદેવ, બળિયાકાકા વગેરે છે. હોળી અને વાઘબારસ ખૂબ ધામ ધૂમથી ઊજવે છે. આ જાતિ પોતાને હરમાન (હનુમાન) ના વંશજ માને છે. લગ્ન માતા-પિતાના અને સ્વપસંદગીથી કરાય છે. વિવાહવિધિ કરાવનારને 'ગોતરણી' તરીકે ઓળખાવે છે.

મૃત્યુ પછી શબને બાળવામાં આવે છે. મૃત્યુ પ્રસંગે 'થાળીકથા' કરે છે. 'થાળીકથા' પાછળનો મુખ્ય ધ્યેય મૃતાત્માના મોક્ષ માટેની ભાવના છે. 'હોળી'ના ઉત્સવમાં આ જાતિ 'કાથોડીનો વેહ' કાઢે છે. હાથમાં તીરકામઠું શરીરે રાખ કે સફેદ રંગે રંગાઈને માથે પક્ષીનાં પીછાં બાંધી કછોટો મારી કમરમાં તુંમડાની માળા (ઘૂઘરા) બનાવી આ વેહ કાઢે છે અને નાચીને દાપુ માંગે છે.

આ ઉપરાંત વિવાહ નિમિત્તે ઢોલ-ગાનના તાલે નૃત્ય કરે છે. બીજી આદિવાસીની જેમ. આજે આ જાતિ પણ પરિવર્તનના માર્ગે આગળ આવે છે. છતાં બીજી જાતિ કરતાં ઘણી પછાત છે.

આ ઉપરાંત આદિવાસીઓની અન્ય જાતિ પણ ગુજરાતમાં વસેલી છે. જેમકે સુરત જિલ્લમાં વસતી ઢોરકોળી, કોલચા કે કોલધા જાતિ. આ જાતિ મુખ્યત્વે વાંસના ટોપલા બનાવવાનું અને ઢોરકોળી ઢોરના ચામડાનો વ્યવસાય કરે છે. આ સાથે કેટલીક કોલધા જાતિ ખેતમજૂરીનો પણ ધંધો કરે છે. ઢોરકોળી નૃત્યના સારા શોખીન છે.

બામચા અને બાવચા જાતિ મુખ્યત્વે વડોદરા અને અમદાવાદ જિલ્લામાં શહેરી વિસ્તારમાં વસેલી છે. આ જાતિ મોટેભાગે સફાઈ કામ અને મજૂરી કરે છે. તેઓ પણ નૃત્યના શોખીન છે. લગ્નમાં છૂટાછેડા, પુનર્વિવાહ, ઘરજમાઈની વિધિ પ્રચલિત છે. બહુપત્નીત્વનો રિવાજ પણ છે. બામચા રામકૃષ્ણ ઉપરાંત વાઘદેવ, કાલિકા, ચામુંડાના પૂજારી છે.

પોમલા મોટેભાગે શહેરીજીવન જીવનારા છે. આ જાતિ દક્ષિણ ભારતમાં વસેલી છે. તેઓ 'તેલુગી' બોલી બોલે છે. તેમનો મુખ્ય વ્યવસાય પણ ટોપલા ગૂંથવાનો છે. તેઓ લક્ષ્મીના પૂજારી છે. બાકીની પરંપરા અન્ય આદિવાસી જેવી જ જોવા મળે છે.

પારધીઓની વસ્તી કચ્છ જિલ્લામાં છે એમની જુદી જુદી છ ઉપજાતિ છે. એમનો મુખ્ય વ્યવસાય શિકાર છે. આજે છૂટક મજૂરી કે ધંધો પણ કરે છે. સગોત્ર લગ્નનો નિષેધ છે. વૃક્ષની પૂજા કરે છે. પુનર્લગ્ન, વિધવાવિવાહ, છૂટાછેડા, દિયરવટું જેવી પ્રથા પ્રચલિત

છે. પાવાગઢની કાલિકા મુખ્ય દેવી છે. હોળી, દશેરા જેવા મુખ્ય તહેવારો છે.

સીદી મૂળ આફ્રિકાના વતની છે- તેઓને રાજપીપળાની પાસે આવેલી રતનપુરની અકીકની ખાણોમાં કામ કરવા માટે લાવવામાં આવ્યા હતા. અત્યારે તેઓની વધુ વસતી સૌરાષ્ટ્રમાં છે તેની બે ઉપજાતિઓ છે. વિલાયતી અને મુવાલદ.'[૨૦]

એમની બોલી 'સોમાલી' છે. સીદી મુસલમાન ધર્મના સુન્ની પંથને માનતા હોવા છતાં લગ્નવિધિ હિન્દુધર્મને મળતી આવે છે. સીદી ગાવા-નાચવાના શોખીન છે. સીદીનું 'ધમાલ નૃત્ય' પ્રખ્યાત છે. આ નૃત્યમાં હબસી સંસ્કૃતિનાં દર્શન થાય છે.

આ ઉપરાંત સુરેન્દ્રનગર, અમરેલી, જૂનાગઢ, જામનગર, ભાવનગર, રાજકોટ, બરડા અને ગીર નેસના વિસ્તારમાં પણ અન્ય આદિવાસી જાતિઓ વસેલી છે.

## ૧.૩ 'ધોડિયા' શબ્દની ઐતિહાસિકતા

'ધોડિયા' કોણ છે? આ જાતિ કયાંથી ઉદ્‌ભવી અથવા કયાંથી આવી? એમનો પ્રાચીન ઈતિહાસ શું? આદિ અનેક બાબતો પાછળ કોઈ ચોકકસ ઈતિહાસ મળતો નથી. છતાં કેટલાક અનુમાનોને આધારે 'ધોડિયા' શબ્દને તપાસવાનો પ્રયત્ન કર્યો છે.

'ધોડિયા' શબ્દનો કોઈ ચોકકસ અર્થ જાણવા મળ્યો નથી. પરંતુ મગજીભાઈ કાદીઆભાઈ પટેલે એમના એક પુસ્તકમાં લખ્યું છે કે- 'ઢોરિયા' એટલે 'ઢોરવાળા'. આ જાતિનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલનનો રહ્યો હોવાથી દરેક ઘરમાં 'ઢોર' પાળવામાં આવતાં ઢોર પાળનારા એટલે 'ઢોરવાળા' અને એના ઉપરથી 'ઢોરિયા' અને 'ઢોરિયા' ઉપરથી 'ધોડિયા' એવો અર્થ કર્યો છે.[૨૧]

આજે પણ આ જાતિના લોકો પાસે ઢોરોની સંખ્યા જોવા મળે છે. ઢોરો ચારવા કે પાળવા ઉપરથી પણ કદાચ આ શબ્દ ઉતરી આવ્યો હશે? આ શબ્દ પાછળ ઘણાં મતતાંતરો જોવા મળ્યા છે. 'ધોડિયા સમાજનો ઈતિહાસ ભાગ-૧' માં ખુશાલભાઈ પટેલના મતાનુસાર- 'રાજસ્થાનના મેવાડ વગેરે વિસ્તારમાં શિશોદિયા અને દોડિયા વગેરે અટકના રજપૂતો હતા એમાં ખાસ કરીને દોડિયા કુટુંબ સ્વમાની હોવાથી બીકના માર્યા આવ્યા હોય; એ ઉપરથી

પણ 'દોડિયા' ને બદલે પાછળથી 'ધોડિયા' થયું હોય એવું પણ માનવામાં આવે છે.'[22]

આ માત્ર કલ્પના છે. એના માટે કોઈ ચોકકસ માહિતી ઉપલબ્ધ નથી. પરંતુ કેટલાક મતો અનુસાર ઢોડિયા (ધોડિયા) રજપૂતવંશના ધના રૂપાના વંશજ તરીકે ઓળખાવે છે. તેથી કદાચ ઉપરોક્ત કલ્પનાને સ્થાન હોઈ શકે?

શ્રી મંછારામ પટેલ ધોડિયા જાતિ વિશે લખતા કહે છે કે- 'ભીલી બોલીમાં 'ધુન્ડીનો' અર્થ છાપરું થાય છે. અને બીજો અર્થ 'નીંદવાની ખૂરપી' થાય છે. 'ધુન્ડી' શબ્દ ધોડિયા વાપરતા નથી. પરંતુ કદાચ ખેતી સાથે નાતો ધરાવનાર આ જાતિને 'ખૂરપી'ની ખાસ જરૂરિયાત રહેતી હોય ધીમે ધીમે આજ ધુન્ડિ ઉપરથી ધોડિયા એવું નામકરણ કર્યું હોય.'[23]

આ બાબતને ઈ.સ.૧૯૦૧નું બોમ્બે પ્રેસીડેન્સીનું ગેઝેટિયર પણ સમર્થન કરે છે.

એક મત એવો પણ છે કે આદિજાતિ વિકાસમાં ધોડિયા જાતિની ઉલ્લેખ કરતી વખતે એક દંતકથા એવી છે કે- 'લગભગ દોઢ હજાર વર્ષ પૂર્વે ધનસિંહ અને રૂપસિંહ નામના બે રજપૂતો સૌરાષ્ટ્ર, મેવાડ કે માળવાથી ધુળિયા તરફ આવ્યા છે. ત્યાં ધનસિંહે ઝીણી નામની નાયક જાતિની સુંદર યુવતી સાથે લગ્ન કર્યા અને રૂપસિંહે તેની બહેનપણી છની સાથે કર્યાં. આજીવિકા માટે કે સમાજની અડચણો દૂર કરવા તેઓ સુરત જિલ્લામાં આવીને વસ્યા. ધુળિયાથી આવેલા એટલે 'ધોડિયા' કહેવાયા.'[24]

ગુજરાતના આજીવન આદિવાસી સેવક શ્રી જુગતરામ દવેની રૂબરૂ મુલાકાતમાં શ્રી મંછારામ પટેલને જાણવા મળેલ વાતો અનુસાર કેટલાક લોકો એમ માને છે કે- 'ધૂર' શબ્દ ઉપરથી ધોડિયા પડયું હશે. કારણ કે આ જાતિનો મુખ્ય વ્યવસાય ખેતીનો રહ્યો છે. 'ધૂર' નો અર્થ 'ધૂંસરી' થાય છે. ધૂંસરી સાથે કાયમનો નાતો રહ્યો હોવાથી 'ધૂસરી' ઉપરથી 'ધોડિયા' થયું હશે તો આજ બાબતને સમર્થન આપતો બીજો પણ એક મત એવો છે કે આ લોકો હંમેશાં ધૂળ સાથે કામ પાર પાડે છે. એમના કપડાનો રંગ પણ ધૂળ જેવો છે અને શરીરનો રંગ તથા ભીંતનો રંગ પણ ધૂળ જેવો અને ઘરનું આગાણું પણ ધૂળ જેવું જ હોય... કદાચ આ ઉપરથી ધૂળિયા-ધોળિયા અને 'ધોડિયા' પડયું હોય.

ડો. ભગવાનદાસ પટેલે 'આદિવાસી ઓળખ' ગ્રંથમાં જુદી જુદી જાતિઓનો ઉલ્લેખ કર્યો એમાં ધોડિયા જાતિના ઉલ્લેખમાં જણાવે છે કે- 'મહારાષ્ટ્રના ધૂલિયા જિલ્લામાંથી આવીને ગુજરાતમાં વસ્યા હોવાથી તેઓનું નામ 'ધોડિયા' પડ્યું છે.'[૨૫] એમના મતના સમર્થનમાં એટલું કહી શકાય કે આ જાતિની બોલીમાં મહારાષ્ટ્રની મરાઠી બોલીનું મિશ્રણ છે અને કેટલીક બાબતો એમની સંસ્કૃતિ સાથે મળતી આવે છે. તેથી પણ આ મતને સ્વીકારવો જરૂરી લાગે છે.

ગ્રિયસનના મતે ભીલી જાતિ ગુજરાતની મુખ્ય આદિવાસી જાતિ તરીકે ગણાવી છે. આ જાતિ પદ્મપુરાણમાંના એક ઉલ્લેખ ઉપરથી એવું મનાય છે કે તે વખતે પણ હિન્દુસ્તાનમાં મૂળ રહેવાસીઓની જુદી જુદી જાતિઓ વસતી હતી. તે ઉપરથી અનુમાન કરી શકાય કે દક્ષિણ ગુજરાતના મૂળ રહેવાસીઓ દ્રાવિડયન હતા. દ્રવિડ પ્રજા ધોડિયાને પ્રાચીન કાળના રહેવાસી માનીને 'ડોડ્ડા' કહેતા હોય અને વખત જતાં ડોડ્ડા માંથી ડોહ્ડા અને બદલાઈને ડોડિયા અને ધોડિયા થયું હોય?

આમ ઉપરોકત કેટલાક મતોને જણાવ્યાનુસાર એક બાબત ચોકકસ તારવી શકાય કે 'ધોડિયા' શબ્દ ઘણો પ્રાચીન છે. જેના મૂળ દ્રાવિડ પ્રજાતિ સાથે ગણાવવામાં આવ્યા છે. જો કે આ બધા મતો જોયા પછી 'ધોડિયા' શબ્દનો અર્થ આ પ્રમાણે કરી શકાય. 'ધોડિયા' એટલે ધૂર, ધૂળ, ધૂંસરી, ધૂન્ડી, ધાન, આદિ. જો કે એમાં પણ કોઈ ચોકકસ દાવો નથી. છતાં ઉપરોક્ત મતોને ધ્યાનમાં રાખી મારા સંશોધનને આગળ લઈ જવાનો પ્રયત્ન કર્યો છે. કદાચ પ્રાચીન સમયમાં આ જાતિમાં શિક્ષણનું જ્ઞાન નહિવત્ હોવાના કારણે એમના વિશેની કોઈ સાચી વિગત મળતી ન હોય છતાં કેટલાક લેખો વાંચતા કે વડીલો પાસેથી સાંભળ્યા પછી આ શબ્દને સમજવાનો પ્રયત્ન કર્યો છે. મારા વડીલો પાસેથી એક બાબત જાણવા મળી છે કે- 'પહેલાના જમાનામાં વડવાઓ એમ કહેતા કે આપણે કોણ છીએ કયાંથી આવ્યા છીએ એની તો કોઈ જાણ નથી. પણ સાંભળેલી વાતો મુજબ પહેલા આપણા લોકો ખૂબ ગરીબ હતા, ભૂખે મરતાં તેવે વખતે ઉજળિયાત જાતિ (લોકો)ને ત્યાં અનાજ ખૂબ

પાકતું, પણ એ લોકો આપણી પાસે ખૂબ મજૂરી કરાવતા અને કૂસકોને એવું આપતાં એટલે કૂસકાથી વાજ આવીને રાત્રિના સમયે કેટલાક લોકો એમના ખેતરોમાં ધાડ પાડવા જતાં અને કયારેક પકડાઈ જતાં તો સજા પણ થતી માર પણ પડતો ત્યારે આ લોકો આપણને ધાડ પાડનાર 'ધાડિયા' તરીકે ઓળખાવ્યા.'[૨૭] કદાચ આ 'ધાડિયા' શબ્દ ઉપરથી 'ધોડિયા' થયું હોય અને ધીમે-ધીમે આ શબ્દથી આપણી કોમ ઓળખાવા લાગી હોય એમ પણ બની શકે. જો કે આ બાબતે મારો કોઈ અંગત દાવો નથી. પરંતુ સાંભળવા મળેલી વિગતો પ્રમાણે કાચી-પાકી માહિતીને આલેખવાનો મારો પ્રયત્ન રહ્યો છે.

## ૧.૪ ધોડિયા જાતિની ઉત્પત્તિ અંગેનો ઈતિહાસ

ધોડિયા જાતિ જ એક એવી જાતિ છે કે જેમની પાસે પોતાનું કહી શકાય એવું લિખિત સાહિત્ય નથી. કે જેનાથી આ જાતિની ઉત્પત્તિ, સ્થાન, તવારીખ જાણી શકાય. પરંતુ દરેક વ્યક્તિ કે પદાર્થની એક આગવી ઓળખ હોય છે. એના મૂળમાં કશુંક પડેલું હોય છે. એમ આ જાતિને પણ કેટલીક દંતકથા કે વાયકાઓ આધારિત એમના ઈતિહાસને તપાસવાનો પ્રયાસ કર્યો છે.

ધોડિયા જાતિની ઉત્પત્તિ અંગેના વિવિધ મતો આ પ્રમાણે છે. ધોડિયા જાતિ મુખ્યત્વે લોકવાયકાઓ આધારિત જ પોતાની ઉત્પત્તિ થઈ હશે એમ માને છે. અહીં જુદા જુદા સંશોધકોએ આપેલી દંતકથાઓ આધારિત મતો છે. એમાં સાચું શું એ એક સંશોધનનો વિષય બની રહે છે.

૧. 'ધ ધોડિયાઝ ઓફ સાઉથ ગુજરાત બોમ્બે યુનિવર્સિટી જર્નલ'માં ધોડિયાજાતિ પ્રાચીન કાળથી અસ્તિત્ત્વ ધરાવતી હતી. એવો ઉલ્લેખ મળે છે.[૨૭]

૨. આ જાતિ વિશેનો પ્રાચીન ઈતિહાસ વિશે કોઈ ચોકકસ માહિતી નથી. છતાં મગજીભાઈ પટેલના મતે 'તેઓ હજારો વર્ષ પૂર્વે આ વંશની ઉત્પત્તિ થઈ હશે એવું મનાય છે.' કારણ કે તેમના એક પુસ્તકમાં તેમણે યાદવવંશની યાદવાસ્થળીનું વર્ણન કરીને યાદવોની જુદી જુદી ટોળીઓ જુદા જુદા

પ્રદેશમાં સ્થળાંતર થઈ હતી તેમાંથી એક ટોળી તાન-માન નદીના કિનારે સ્થિર બની ત્યાં વસતી અન્ય આદિવાસી જાતિ સાથે સંપર્કમાં આવી અને તેમાંથી ઉત્પન્ન થયેલી જાતિ તરીકે ગણાવે છે એટલે આ જાતિને યાદવવંશના વંશજો તરીકે પણ ઓળખાવે છે.[૨૮]

૩. વડીલો પાસેથી જાણવા મળેલા કેટલાંક સમર્થનો પ્રમાણે કહેવાય છે કે- 'આજે પણ સારા-નરસા (શુભ-અશુભ) પ્રસંગોમાં 'ધન-રૂપા'ના પાત્રને વડીલપાત્ર માનીને પ્રથમ એમનું સ્મરણ કરી ને જ વિધિ-વિધાનો કરાય છે જેથી એમ કહી શકાય કે આ જાતિ ઉજળિયાત જાતિમાંથી જ આવી છે.'[૨૯]

૪. 'આદિવાસી ઓળખ'માં ડો. ભગવાનદાસ પટેલ નોંધે છે કે- 'ધોડિયા આદિવાસીઓ દુબળાની જેમ મેદાનમાં વસે છે. ધોડિયાઓ પોતાને મહારાષ્ટ્રના ધૂલિયા જિલ્લામાં થી ગુજરાતમાં આવીને વસેલા હોવાથી ધોડિયા કહેવાયા એમ માને છે તો મહારાષ્ટ્રથી આવેલા રાજપૂતોના વંશ તરીકે પણ ઓળખાવે છે. તેથી જ તો ગુજરાતના બીજા આદિવાસીઓથી પોતાને ઉચ્ચ માને છે.'[૩૦]

ઉપરોક્ત મતના સમર્થનમાં કહી શકાય કે આજે પણ અન્ય આદિવાસીઓ જેવા કે ભીલ, દુબળા, નાયકા, ગામીત, કુંકણા જેવી જાતિઓથી પોતાની જાતિ ઊંચી છે. એમની સાથે આજે પણ રોટી-બેટીનો વ્યવહાર ઓછો છે.

૫. 'ઐતિહાસિક પુરાવા વિનાની એક દંતકથામાં ધોડિયા વંશ કે ધોડિયા જાતિની ઉત્પત્તિ શિવાજીના ઘણા સરદારો પૈકી ધનસિંહ અને રૂપસિંહ નામના બે રાજપૂત સરદારોમાંથી આ જાતિ-વંશ ઉતરી આવ્યાનો મનાય છે.'[૩૧]

૬. ધોડિયા જાતિ સમાજ. દંતકથા અને લોકવાયકા આધારિત શ્રી જમસુભાઈ બી. દાંડુળિયાના એક અનુમાન અનુસાર એમના પુસ્તકમાં એમાણે આ જાતિની ઉત્પત્તિ વિશેની એક કથા આલેખી છે. શ્રી બૃ. મુંબઈ ધોડિયા

સમાજ મંડળ તરફથી ઈ.સ.૧૯૬૮ની રેલ રાહત વખતે સરૈયા અને જોગવાડ ગામની મુલાકાત વખતે જાણવા મળી તે અનુસાર ભીમદેવ સોલંકીના શાસન વખતે મહમદગઝનવી એ અણિહીલપુર પાટણ ઉપર કરેલી ચઢાઈ, સોમનાથનો ધ્વંસ કર્યો. ત્યારબાદ એક માન્યતા પ્રમાણે ભીમદેવ સોલંકી ગોધરા, પંચમહાલ, ડાંગના માર્ગે મુંબઈના ટાપુ પર આશરો લીધો અને માહિમનો પ્રદેશ જીતી નાની રાજધાની સ્થાપી હતી. આ બાબતને સાંકળી ધના-રૂપા નામના બે રાજપૂતો માર્ગમાં વેશ પલટો કરી ગઝનવીના હાલના જોગવાડ-અનાવલના ગામડામાં છુપાયા હશે? એમાથી આ જાતિની ઉત્પત્તિ થઈ હશે? જોગવાડ ગામના સીમાડે એ સમયમાં પીપળાના થડમાં ધના-રૂપાની પ્રતિમા (ખતરાં) બેસાડવામાં આવ્યા હતા. જો કે આજે એનું અસ્તિત્ત્વ નથી. પરંતુ એ વખતે ભીમદેવ રાજા એમના માટે ચાહનીય હતો. મહમદ ગઝનવી સિંધ ચાલી જતાં ભીમદેવ રાજાએ ફરી ગુજરાત વસાવ્યું. તેથી દક્ષિણ ગુજરાતના આદિવાસીઓમાં ભીમદેવ ખૂબ લોકપ્રિય બન્યો. જે આજે પણ આ જાતિમાં ભરમદેવ તરીકે પૂજાય છે.[૩૨]

જો કે આ માટે કોઈ ચોકકસ પુરાવા નથી. પણ લોકવાયકા આધારિત કેટલીક બાબતોને ધ્યાનમાં રાખી કરાઈ છે.

૭. ઈ.સ.પૂર્વે ૧૫૦૦ના વૈદિકયુગમાં-વેદમાં દસ્યુ અને રામાયણમાં નૈષધ જાતિઓનો ઉલ્લેખ આવે છે. તેમાંથી કદાચ આ જાતિનો ઉદ્ભવ થયો હશે? એમ પણ માનવામાં આવે છે.[૩૩]

એક માન્યતા એવી પણ છે કે આ સમાજને અનાદિકાળથી ધાન એટલે ધન અને રૂપા એટલે લક્ષ્મી સાથે સંબંધ હતો. આ શબ્દો સમય જતા 'ધના-રૂપા' થયા. કોઈપણ ધાર્મિક કાર્યમાં કુળદેવતા કે ખતરાની પૂજા સ્મરણે પ્રથમ ધના-રૂપાનો ઉલ્લેખ હજી પણ થાય છે. મૃત્યુ પછી મૃતાત્માની વિધિમાં તેમજ મૃતકના 'વાસ' નાંખતી વખતે ધના-રૂપાનું

સ્મરણ અચૂક કરાય છે. એટલે ધનાના 'ધ' ઉપરથી આ જાતિ ઢોડિયા જાતિ તરીકે ઓળખાઇ હશે?

આ ઉપરોક્ત ઉત્પત્તિ અંગેની માહિતી જોતા આજની પરિસ્થિતિમાં ડોકિયું કરીએ તો પરિસ્થિતિ આજે વિપરીત દેખાય છે. આજના ધોડિયાના દેખાવ અને રીતરિવાજોને કે પરંપરાઓને ધ્યાનમાં લેતા તેઓ શુદ્ધ જાતિના લાગતા નથી. કારણ કે તેમની આસપાસ વસતી અન્ય આદિવાસીઓના કેટલાંક તત્ત્વો પ્રવેશેલા દેખાય છે. અન્ય આદિવાસી સાથેના પરસ્પરના કેટલાક વિચારભાવોને કારણે પણ આ જાતિની સંસ્કૃતિ વિકસી હશે? જો કે તેમાના કેટલાક જાતે જ કહે છે કે 'તેઓ અર્ધા આદિવાસી અને અર્ધા ગરાસિયા છે.' જેનું સમર્થન 'સુરત જિલ્લાના ધોડિયાઓ' એ નિબંધમાં ઉલ્લેખનીય છે.

ઉપરના બધાં જ મતો જોતા આટલું તો ચોકકસ કહી શકાય કે આ જાતિનાં કુળો તપાસતાં તેઓ પ્રથમ ઉજળિયાત વર્ગના સંપર્કમાં આવ્યા હશે ત્યારબાદ ધીમે-ધીમે રાજકીય, ધાર્મિક, સામાજિક, આર્થિક જેવી કેટલીક પરિસ્થિતિની કારણે આજની આ સ્થિતિમાં મુકાયા હશે. અને આદિવાસી તરીકે ઓળખાયા હશે.

## ૧.૫ દક્ષિણ ગુજરાતની ધોડિયાજાતિ અને તેનું લોકજીવન

દક્ષિણ ગુજરાતનો પ્રદેશ એટલે વિવિધ આદિવાસીઓનો પ્રદેશ. શહેરની પ્રજાતિને બાદ કરતાં દક્ષિણ ગુજરાતના પાંચેય જિલ્લામાં આદિવાસીઓ વસેલાં છે. ધોડિયા જાતિ પણ બધાંજ જિલ્લામાં વત્તા ઓછા પ્રમાણમાં પથરાયેલી છે. સુરતથી માંડીને છેક વાપી, દમણ અને થાણા જિલ્લામાં દહાણું અને બોઈસર સુધી આ જાતિએ વસવાટ કર્યો છે. આજના વર્તમાન સમયમાં ગુજરાતના તમામ જિલ્લામાં પણ વ્યવસાય અર્થે વસેલી છે. સ્વભાવે પ્રેમાળ, સ્નેહાળ, ભીરું અને ગભરું જાતિ છે. મોટેભાગે મેદાન અને ઢોળાવપ્રદેશમાં વસ્તી આ જાતિ શાંત અને શરમાળ છે.

ધોડિયા જાતિના લોકો જમીન માલિક પણ છે. તેમનો મુખ્ય વ્યવસાય ખેતી હોવાથી હંમેશાં તડકામાં કે ખેતરમાં કામ કરતા હોવાને કારણે તેમનો વર્ણ શ્યામ તથા ઘઉંવર્ણનો

જોવા મળે છે. શરીરે સશક્ત અને વધારે સહનશીલ હોય છે. સખત મહેનતને વરેલી મહેનતું જાતિ છે. એટલે જ કદાચ અન્ય આદિવાસીઓ કરતા ચઢિયાતું જીવન જીવી રહ્યા છે. સંયુક્ત કુટુંબમાં રહેનારી આ જાતિ શિક્ષણના પ્રભાવથી ધીમે ધીમે વિભકત કુટુંબ તરફ વળી રહી છે. શાંતિપ્રિય ગણાતી આ જાતિમાં ધીમે ધીમે આધુનિક પરિવર્તનશીલતા આવતી જાય છે. છતાં અન્ય જાતિઓ કરતાં આ જાતિમાં સભ્યતાની દષ્ટિએ કે આદર્શતાની દષ્ટિએ હજુ પણ પ્રાચીન સંસ્કૃતિની અસર વર્તાય રહી છે. આ સાથે પ્રાશ્ચાત્યની અસર પણ વર્તાય છે.

ધોડિયા જાતિ પણ પોતાનો અલગ સમુદાય રચે છે અને સમાજની રચના રીતિ પ્રમાણે જીવનસરાણી ગોઠવે છે. એટલે જ તો સુરતના ધોડિયા કરતા વલસાડના અને વાપીના ધોડિયા કરતા ધરમપુર કે ડાંગ વિસ્તારની ધોડિયા જાતિ દેખાવ રંગ, સંસ્કૃતિ, પહેરવેશ, રહેણી-કરણીમાં આંશિક તફાવતો માલૂમ પડે છે. જન્મ, લગ્ન, મૃત્યુ જેવા મુખ્ય સંસ્કારોમાં પણ વિવિધતા વર્તાયી છે. એમની સંસ્કૃતિમાં એમની પ્રકૃતિ પ્રત્યેની આદરભાવના પણ અચૂક જોડાતી જોવા મળી છે.

જીવાતી જીવનરીતિ અને કંઠસ્ય સાહિત્ય વડે આ જાતિનું એક આગવું અસ્તિત્ત્વ રહેલું છે. એમના લોકજીવનમાંથી એમની એક આગવી સંસ્કૃતિનાં દર્શન થાય છે. આદિવાસીઓનું લોકજીવન મોટેભાગે વિવિધરંગી જોવા મળે છે. એમનું લોકજીવન, વ્યવસાય ઉપરાંત સામાજિક, ધાર્મિક પ્રસંગો, ઉત્સવો અનુષ્ઠાનો કે ક્રિયાકાંડો સાથે જોડાયેલું છે.

ધોડિયા જાતિનું લોકજીવન પણ મોરપિચ્છની જેમ રંગબેરંગી મેઘધનુષના સાત રંગોની જેમ એક પછી એક સંસ્કારિતા એમના લોકજીવનમાંથી ઉદ્‌ભવતી જોવા મળે છે. એમની લોકસંસ્કૃતિ પ્રાચીન સંસ્કૃતિની જેમ નદી કિનારાની નહીં પણ પર્વત/ડુંગરાળ અને જંગલોની છે. નાનાં-નાનાં ગામોમાં સ્થિર થયેલી લોક-સંસ્કૃતિ છે. ખેતી એમનો મુખ્ય વ્યવસાય હોવાને કારણે એમનું લોકજીવન પણ ખેતી/પ્રકૃતિ સાથે જ વિકસતું રહ્યું છે. ખેતીનો વ્યવસાય પહેલાના સમયમાં મોટેભાગે વરસાદ ઉપર જ નભતો હોવાથી વરસાદ માટેની કેટલીક માન્યતાઓ પણ તેમના લોકજીવન સાથે આજે પણ જોડાયેલી છે. તેઓ ભૂત-

ડાકણમાં માનનારા હોવાથી શ્રદ્ધા-અંધશ્રદ્ધાની મહત્તા વિકસી 'ભય વિના પ્રીતિ નહીં' એ ઉક્તિ અનુસાર દરેક આદિવાસી સમાજમાં ભયને દૂર કરવાની એક આગવી પરંપરા દેવ-દેવીઓની શ્રદ્ધામાં દેખાય છે. એમનું લોકજીવન ડગલેને પગલે શુકન-અપશુકન ભર્યું રહ્યું હતું. આજે પણ યંત્રજીવનના ચળકાટને કારણે પરિવર્તનની સાથે જૂની જીવનસરણીની કેટલીક ભાવના સચવાયેલી દેખાય છે. દરેક આદિવાસી જાતિ પોતાની આગવી સંસ્કૃતિ ગુમાવતી જાય છે. પરંતુ હજુ પણ ઊંડાણના ગામડાઓમાં યંત્રયુગનો પ્રકાશ/ચળકાટ જોઈએ એવો ફેલાયો નથી. આજે પણ કેટલીક ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક પરંપરાઓ પોતાનું સ્થાન સાચવી રહી છે.

રાજકીય પરિસ્થિતિને દષ્ટિએ એમનું લોકજીવન અશાંતિવાળું હતું. ઘણી વિટંબણાઓ સહેવી પડી છે. પહેલા સવર્ણોના ઘરમાં, ખેતરમાં 'હાળી' તરીકે રહી જીવનનિર્વાહ કર્યો હતો. સમાજમાં એમનું સ્થાન નીચું ગણાતું. મુખી તરીકે ગામનો આગેવાન ઉચ્ચ વર્ગમાંથી આવતો સરપંચ માટે પણ ઉચ્ચવર્ગ જ હક્કદાર ગણાતો. એ સમયમાં પારસી, દેસાઈ કે કણબી જ રાજકીયક્ષેત્રે ઠરીઠામ થઈ શકતા. ગભરું અને શાંતિપ્રિય તેમજ વ્યસની હોવાને કારણે એનો મોટો ગેરલાભ ઉચ્ચ વર્ગના લોકોએ ઉઠાવ્યો હતો. જો કે ગાંધીજીના આગમન પછી તેમજ 'ગણોતધારા' સરકારની નીતિને કારણે આજે ઘણું બધું પરિવર્તન આવ્યું છે. શિક્ષણના પ્રભાવે તથા અન્ય ઉચ્ચવર્ગના સંપર્કને કારણે એમનું લોકજીવન પરિવર્તનની કેડીએ આગળ વધ્યું છે. 'અનામતપ્રથા'ને કારણે વ્યવસાયક્ષેત્રે નાનામાં નાના અધિકારીથી માંડીને કેબીનેટમંત્રી સુધીની કારકિર્દી મેળવી શકયા છે.

આર્યોના આગમન પૂર્વે 'આદિવાસી' ગણાતી આ જાતિ સામાજિક ક્ષેત્રે પણ એટલીજ પછાત અને ગરીબ હતી. અન્ય સંસ્કૃતિના સંપર્કમાં આવતા સમાજમાં રીત-રિવાજ, સંસ્કાર, વસ્ત્રાભૂષણ, વસવાટ કે ખાણી પીણીની દષ્ટિએ સારું પરિવર્તન આવ્યું છે. જન્મ, લગ્ન અને મૃત્યુ આદિમાં જે પ્રકારની પરંપરાગત માન્યતાઓ હતી તે નવું જ રૂપ પામતી જાય છે. જન્મ પછી 'પાંચુરો પૂજવાની' (છઠ્ઠી) 'ડામ' મૂકવાની કે વાર પ્રમાણે નામો પાડવાની

પરંપરા આદિમાં પણ ઘણું પરિવર્તન આવ્યું છે. 'સીમંતપ્રસંગે' વધારે ખર્ચ કરતા થયા.

લગ્નમાં સગોત્રની પરંપરા જળવાયી છે. છતાં ક્યાંક આ પરંપરા તૂટતી પણ જાય છે. લગ્ન વખતે વહટાળિયો (વચેટિયો), નોતર નાંખવાની પરંપરા, દહેજપ્રથા, ઘરજમાઈ (ખંધાડિયો) નાતરાની પ્રથા, કન્યાની જાન આદિ ઘણાં પારંપરિક અનુષ્ઠાનોમાં પરિવર્તનો આવ્યાં છે. છતાં લગ્નની જૂની પરંપરાને કેટલાંક ગામડામાં આજે પણ જેવીને તેવી સાચવી રખાઈ છે.

મૃત્યુ જેવી વિધિમાં પણ કેટલીક પરંપરાથી ચાલી આવતી રૂઢિઓ આજે પણ સચવાઈ છે. જેવી કે ઉઘાડા માથે હનાન કરવું, શબને દાટવું અને બાળવું સ્રી-પુરુષનું લાલ-સફેદ વસ્ત્ર, ખાંધિયાની પરંપરા સૂતક, બારમા-તેરમાની વિધિ, સારણવિધિ તેમજ શ્રાદ્ધવિધિ અને અંતે કરાતી 'પરજાણવિધિ' તેમજ દાન-પુણ્યની પરંપરા આજે પણ વત્તા ઓછા પરિવર્તન વડે સચવાઈ છે.

સાંસ્કૃતિક દષ્ટિએ આ જાતિ બહુ રસપ્રદ રહી છે. ધાર્મિક ઉત્સવો કે લગ્ન જેવા મહત્ત્વના ઉત્સવોનું સ્થાન એમના લોકજીવનમાં આગવું રહ્યું છે. ઉત્સવ એ દરેક મનુષ્યનો મનગમતો તહેવાર છે. મનુષ્ય જ એક એવું પ્રાણી છે કે જે ફુરસદના સમયમાં મનોરંજનની અનેક પળોને શોધી જીવનને વધારે રંગીન બનાવે છે. આ જાતિમાં હોળી, દિવાળી, દિવાસો, ગણેશચતુર્થી કે ઉજજોણી જેવાં ધાર્મિક અનુષ્ઠાનો ખૂબજ ધામધૂમથી નાચગાન કરીને ઉજવે છે. આ જાતિની એક માન્યતા છે કે 'હોળી દેવું કરે અને દિવાળી દેવું વાળે' આ માન્યતા અનુસાર દિવાળી એમના મને મોટામાં મોટો ઉત્સવ છે. 'દિવાસો' માં લોકો ખેતીકામથી પરવારી ગયા હોવાથી થાકને દૂર કરવા ઢીંગલા-ઢીંગલીની રમતથી આનંદ મેળવે છે. 'ઉજજોણી' દ્વારા પશુ-પંખીઓની અને માનવીના જીવનમાં કોઈ પ્રકારનો રોગચાળો ઘર ન કરી જાય. લોકજીવન સુખશાંતિમાં વીતે એ માટે દેવ-દેવીને રીઝવવાની ધાર્મિક વિધિ કરાય છે.

તહેવારોની સાથે સાથે ખાન-પાનના પણ ઘણા શોખીન રહ્યા છે. વાર-તહેવાર

અવનવી વાનગીઓ જેવી કે પનેલા, ઢેખળા, મૂંઠિયા, પૂડલાં કાંઠારોટલી, ઊંડા, દૂધપાક, પૂરી-ભજિયા, અને દારૂ તથા માંસાહારના પણ ખાસ્સા શોખીન રહ્યા છે. જો કે આજના સંદર્ભે નોંધી શકાય કે આજે ધાર્મિક ક્ષેત્રે અવનવા ધર્મોની પ્રણાલિને જોયા પછી એમના પણ ઘણાં પરિવર્તનો આવ્યાં છે. જુદા-જુદા સંપ્રદાયની  આગવી અસર એમના ધર્મમાં પણ ભળી છે. પહેલાં પથ્થર, લાકડાં કે માટીના દેવ-દેવીની જગ્યાએ અવનવી ધાતુઓની મૂર્તિઓને કારણે કે મોક્ષમાર્ગી જે સંપ્રદાયને કારણે આ જાતિનું લોકજીવન નર્યું પછાત ન રહેતાં ધીમે ધીમે ઉચ્ચવર્ગનાં ધાર્મિક અનુષ્ઠાનો તરફ વળ્યું છે. ધોડિયા જાતિના લોકજીવનમાંથી એમની એક આગવી સંસ્કૃતિનાં દર્શન જોવા મળે છે. પોતાની પરંપરાની સાથે સાથે આગવી સંસ્કૃતિ પણ સાચવી રાખવાની એમની આ અથાક પરંપરા અમૂલ્ય છે. આજે યંત્રયુગની ઝાકઝમાળની વચ્ચે ફરી આ જાતિ પોતાની આગવી લોકપરંપરા (જૂની પ્રણાલી) તરફ વળી રહી છે. લોકો જાગૃત બન્યા છે.

## ૧.૬ દક્ષિણ ગુજરાતની જિલ્લાવાર ધોડિયા જાતિ

○ ધોડિયા જાતિની વસ્તી ૨૦૦૧[૧] :-

ભારતમાં ઈ.સ. ૧૯૯૧ પ્રમાણે ૬,૭૭,૫૮,૦૦૦ આદિવાસીઓ છે, જે કુલ વસ્તીના ૮.૦૮ ટકા છે.[૩૪] ગુજરાતમાં ઈ.સ. ૧૯૯૧ પ્રમાણે ૬૧,૬૧,૭૭૫ આદિવાસીઓ છે. જે ગુજરાતની કુલ વસ્તીના ૧૪.૯૨ ટકા છે.[૩૫] દક્ષિણ ગુજરાતના સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ એમ પાંચ જિલ્લામાં ઈ.સ. ૨૦૦૧ ની વસ્તી ગણતરી પ્રમાણે ધોડિયા જાતિની વસ્તી આ પ્રમાણે છે.

---

[૧] આંકડાઓ : ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **કુલ વસ્તી** |
|---|---|---|
| ૧ | સુરત-તાપી | ૧૭,૬૮૪ |
| ૨ | નવસારી | ૨,૧૪,૧૭૫ |
| ૩ | વલસાડ | ૨,૫૭,૯૫૯ |
| ૪ | ડાંગ | ૨,૧૩૪ |
| | **કુલ વસ્તી** | **૪૯૧,૯૫૨** |

ઉપરોક્ત વસ્તીની સંખ્યા સુરત-તાપી, નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લા પૂરતી જ છે. જયારે ગુજરાતના અન્ય જિલ્લામાં વ્યવસાય અર્થે વસેલી ધોડિયા જાતિની કુલ સંખ્યા ૫૧૪૯ છે. ગુજરાતના તમામ જિલ્લામાં ધોડિયા જાતિની વસ્તી ૬.૬૪% છે.

ઉપરોક્ત વસ્તીના આંકડા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ દ્વારા તૈયાર કરવામાં આવેલ ગુજરાતના આદિવાસીઓની જિલ્લાવાર અને જાતિવાર વસ્તી ઈ.સ. ૨૦૦૧ પ્રમાણે લીધી છે.

ગુજરાતમાં ધોડિયા જાતિની સૌથી વધુ વસ્તી વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં જોવા મળી છે, જયારે અન્ય જિલ્લા પ્રમાણે સુરતમાં મહુવા અને નવસારીમાં ચીખલી તાલુકામાં વધારે જોવા મળી છે.

આમ, દક્ષિણ ગુજરાતમાં વસેલી ધોડિયા જાતિએ આજે સારી એવી પ્રગતિ કરી છે. આજે આ વિસ્તારમાં 'જ્ઞાનકિરણ ધોડિયા સમાજભવન, સુરખાઈ. શ્રી સમસ્ત ધોડીઆ સમાજ કચરેલીયા, નવચેતન ધોડિયા સમાજ અટકપારડી, બૃહત મુંબઈ ધોડિયા જ્ઞાતિ મંડળ મલાડ જેવા વિવિધ સમાજ ભવનો દ્વારા શૈક્ષણિક, આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, આરોગ્ય આદિ વિકાસની પ્રવૃત્તિઓ પ્રયોજીને આજની પાંગરતી ધોડિયા જાતિને ઉત્તરોત્તર વિકાસના પંથે પ્રોત્સાહન પૂરું પાડતી રહી છે. આજે અનેક પરિવર્તનો સાથે આ જાતિએ પોતાની આગવી છાપ ઊભી કરેલી જોવા મળી છે.

## સંદર્ભ સૂચિ


૧. 'આદિવાસી વિકાસ પૃ.૮

૨. માહિતીદાતા- ખુશાલભાઈ લીમજી પટેલ, વર્ષ ૭૫, ગામ- બામણવેલ, તા.ચીખલી, જિ.નવસારી

૪. માહિતીદાતા- સ્વ. છીબાભાઈ દેવાભાઈ પટેલ, વર્ષ ૬૫, તા.૨-૬-૦૭ના રૂબરૂ મુલાકાતમાંથી, ગામ- પોંકડાં, તા.ચીખલી, જી.નવસારી

૪. ચિ-તળે દત્તાતેય, ભાસ્કર- 'ડાંગ એક સમ્યક્દર્શન' પૃ.૮

૫. શાસ્ત્રી દુર્ગાદાસ કેવળરામ, 'ઐતિહાસિક સંશોધન' પૃ.૫૨

૬. ઠક્કર ચંદ્રિકા, 'અતીતના ઓવારેથી'- લેખમાંથી

૭. શાહ એ.જી. અને દવે જે.કે., 'ભારતીય આદિવાસી સંસ્થાઓ'

૮. એજન, પૃ.૨૩

૯. એજન, પૃ.

૧૦. એજન, પૃ.

૧૧. શાહ ઘનશ્યામ, 'આદિવાસી- ગઈકાલ અને આજે' પૃ.૬

૧૨. મહેતા પ્રકાશચંદ્ર, 'ભારત કે આદિવાસી' પૃ.૫૬, શિવા પબ્લીશર્સ, ઉદયપુર, પ્ર.સં. ૧૯૯૩

૧૩. ડૉ. પટેલ ભગવાનદાસ, 'આદિવાસી ઓળખ', પૃ.૧૪

૧૪. Shah P. G., 'Tribal life in Gujarat'

૧૫. ડૉ. પટેલ ભગવાનદાસ, 'આદિવાસી ઓળખ', પૃ.૨૧

૧૬. 'ગુજરાતની આદિવાસી સંસ્કૃતિ', પૃ.૬

૧૭. Shah P.G., 'Tribal life in Gujarat, P.11

૧૮. એજન, પૃ.૧૩

૧૯. એજન, પૃ.૧૩

૨૦. ડૉ. પટેલ ભગવાનદાસ, 'આદિવાસી ઓળખ', પૃ.૨૫-૨૬.

૨૧. પટેલ મગજીભાઈ, 'ઢોરિયા સમાજનો ઈતિહાસ- ધનારૂપા', પ્ર.આ. ૧૯૪૦, પૃ.૩૪.

૨૨. પટેલ ખુશાલભાઈ ધનાભાઈ, 'ધોડિયા સમાજનો ઈતિહાસ', ભાગ-૧, બીજી આવૃત્તિ, ૧૯૯૩, પૃ.૩.

૨૩. પટેલ મંછારામ, 'ધોડિયા જાતિ, બોલી સાહિત્ય અને સંસ્કૃતિ', પ્ર.આ. ૨૦૦૦, પૃ.૩.

૨૪. દળવી મોહનભાઈ ભગવાનભાઈ, 'ધોડિયા સમાજનો ઈતિહાસ', પ્ર.આ. ૧૯૭૬.

૨૫. પટેલ ભગવાનદાસ, 'આદિવાસી ઓળખ', પ્ર.આ., પૃ.૨૦.

૨૬. માહિતીદાતા સ્વ. છીબાભાઈ દેવાભાઈ પટેલ, ઉંમર ૬૫ વર્ષ, ગામ : પોંકડાં, તા.ચીખલી, જિ.નવસારી.

૨૭. 'ધ ધોડિયાઝ ઓફ સાઉથ ગુજરાત', ૧૯૬૨, પૃ.૨૪.

૨૮. પટેલ મગજીભાઈ મદીઆભાઈ, 'ઢોરિયા સમાજનો ઈતિહાસ ધના-રૂપા', પ્ર.આ.

૨૯. માહિતીદાતા સ્વ. છીબાભાઈ દેવાભાઈ પટેલ, ગામ : પોંકડાં, તા. ચીખલી, જિ.નવસારી.

૩૦. ડો. પટેલ ભગવાનદાસ, 'આદિવાસી ઓળખ', પ્ર.આ., પૃ.૨૦.

૩૧. પટેલ મંછારામ, 'ધોડિયા જાતિ: બોલી, સાહિત્ય અને સંસ્કૃતિ', પ્ર.આ. ૨૦૦૦, પૃ.૧૪૯.

૩૨. દાંડુળિયા જમસુભાઈ બી., 'ધોડિયા જાતિ સમાજ: દંતકથા અને લોકવાયકા આધારિત', પ્ર.આ. ૨૦૦૭, પૃ.૫-૬.

૩૩. 'સુરત જિલ્લાના ધોડિયાઓ', ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદનો મહાનિબંધ, પૃ.૧૮.

૩૪. ગુજરાત આદિવાસી સંશોધન તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

૩૫. એજન.

# પ્રકરણ-૨
# લોકવિદ્યા : સંજ્ઞા, સ્વરૂપ અને વિભાવના

૨.૧ લોકવિદ્યાની સમજ

૨.૨ 'લોક' શબ્દના વિવિધ અર્થો

૨.૩ લોકવિદ્યાના પર્યાયો

૨.૪ લોકવિદ્યાની વ્યાખ્યા

૨.૫ લોકવિદ્યાનું વર્ગીકરણ

# પ્રકરણ-૨
# લોકવિદ્યા : સંજ્ઞા, સ્વરૂપ અને વિભાવના

## ૦ પ્રસ્તાવના

લોકવિદ્યા એ એક મોટું વર્તુળ છે અને એ વર્તુળમાં લોકવાઙ્મય ઉપરાંત લોકકળા, લોકપરંપરા, લોકશ્રદ્ધા, લોકમાન્યતાઓ (શુકન-અપશુકનાદિ), લોકવાદ્યો, લોકાલંકારો, લોકવસ્ત્રો, લોકજીવન, કામણ-ટૂમણ, રીતરિવાજો આદિ બાબતોનો સમાવેશ થાય છે. આ લોકવિદ્યાનું મૂળ તથા કુળ વિશે વિશ્વવ્યાપી અભ્યાસ થયો છે. આ અભ્યાસનો ઉદય પશ્ચિમમાં થયો ને ધીમે-ધીમે પૂર્વના દેશોમાં પણ એનો પ્રચાર-પ્રસાર થયો. સમય જતાં લોકવિદ્યાને એક વિદ્યાશાખાની પ્રતિષ્ઠા પણ અપાયી.

કોઈ મનુષ્યને કંઈક સૂઝે, કશુંક નવું કરે, કશુંક જુદું પ્રાપ્ત થાય અને એ જીવન ઉપયોગી જેવું લાગે, એક મનુષ્ય થકી અન્ય મનુષ્ય સુધી એ અનુભવજન્ય રીતે ચાલે છે. એમાંથી જૂથમાં, જૂથમાંથી કુટુંબમાં અને કુટુંબમાંથી માનવ સમુદાયમાં- સામાજિક સમુદાયમાં વિસ્તરે આવા અવનવા અનુભવના કૌશલ્યના સરવાળે જ એ સિદ્ધ થાય છે અને એમાંથી અવનવાં શાસ્ત્રો જન્મે છે. અને અધ્યનની પરંપરાથી આગળને આગળ ચાલે છે. તેથી જ તો આપણી પાસે જ્ઞાન અને વિદ્યાશાખારૂપે જુદાં-જુદાં શાસ્ત્રો અને જુદી જુદી કલાઓ ઉદ્‌ભવી એના મૂળમાં પણ આ 'લોકવિદ્યા'માં રહેલી 'વિદ્યા' (જ્ઞાન) જ આધારસ્તંભ છે. અને આવી 'વિદ્યા'ને આગળ વધારનાર મનુષ્ય એટલે જ 'લોક' આ બંનેના મિલનથી ઉદ્‌ભવે છે આપણી અનોખી લોકવિદ્યા.

મનુષ્યના વિવિધ અનુભવના કલા-કૌશલના કારણે જ રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, આયુર્વેદ, તબીબશાસ્ત્ર, ભાષાશાસ્ત્ર, નાટ્યશાસ્ત્ર, સંગીતશાસ્ત્ર, પાકશાસ્ત્ર આદિના મૂળમાં પણ 'લોર' જ રહેલું છે. બોલીમાંથી બોલી અધ્યયનનું વ્યાકરણ, તેમાંથી શિષ્ટભાષાનું માળખું અને એ શિષ્ટ ભાષામાંથી વિવિધ વિષયની જે જુદી જુદી 'વિદ્યા' છે તેનું અધ્યયન દ્વારા જ શાસ્ત્રો રચાય અને એવાં શાસ્ત્રોનું જ અધ્યયન થાય છે અને તે જુદી જુદી વિદ્યાશાખાઓમાં વિસ્તરે છે.

'લોર' શબ્દના માધ્યમથી જુદી-જુદી કલાઓ અસ્તિત્ત્વમાં આવી છે. સંગીતકલામાં પણ વિવિધ લોકઢાળને આધારે જ અનેક રાગો જન્મ્યા એના કારણે સંગીતશાસ્ત્ર રચાયું એનો શ્રેય પણ 'લોર' ને જ જાય છે. શિલ્પ, સ્થાપત્ય કે ચિત્ર જેવી કલાઓમાં પણ 'લોર' છે. તો વ્યાવસાયિક સ્વરૂપની કલાઓમાં પણ 'લોર'નો ફાળો મોટો છે. કયારેક પોતાને ખાતર નહીં પણ અન્યોના અર્થોપાર્જન કે પ્રશંસા ખાતર પણ 'લોર' મહત્ત્વનું બન્યું છે.

## ૨.૧ લોકવિદ્યાની સમજ

'સામાન્ય રીતે અંગ્રેજી ભાષામાં- 'લોકવિદ્યા' માટે 'Folk Lore' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ શબ્દ સૌપ્રથમ ઈંગ્લેન્ડના એક વિદ્વાન વિલિયમ જહોન થોમસે ઈ.સ.૧૮૪૬માં બાવીસમી ઓગસ્ટના દિને 'Folk Lore' તરીકે પ્રસિદ્ધ કર્યો હતો. આ શબ્દ યુરોપ, જર્મન, ફ્રાન્સ વગેરે ભાષાઓમાં પણ કંઠસ્થ સાહિત્ય માટે યોજાવા લાગ્યો.'[૧]

'લોકવિદ્યા' શબ્દ પાછળથી એટલો બધો લોકપ્રિય બન્યો કે યુરોપની સઘળી ભાષાઓમાં તો પ્રચલિત થયો જ પરંતુ દુનિયાની અન્ય ભાષાઓમાં પણ આ શબ્દ એટલોજ પ્રચલિત બન્યો. 'લોકવિદ્યા' નો અર્થ 'અસંસ્કૃતલોક' એવો પણ કરવામાં આવ્યો છે.

'લોકવિદ્યા' શબ્દનો સામાન્ય અર્થ આ પ્રમાણે કરવામાં આવ્યો છે. 'લોક' એટલે જન. માનવ, મનુષ્ય જયારે 'વિદ્યા' એટલે 'જ્ઞાન'. 'લોકવિદ્યા' શબ્દની ઉત્પત્તિ વિષયક ડો. કૃષ્ણદેવ ઉપાધ્યાય લખે છે કે

'સર્વ સાધારણ જનતાના રીત-રિવાજ, રહેણીકરણી, પરંપરા, ધર્મ વગેરે વિષયો તરફ યુરોપીય વિદ્વાનોનું ધ્યાન દોરાયું જેમાં સૌથી પહેલાં 'જાને આબ્રે'નું નામ આગળ આવે છે. તેમણે આજથી ત્રણસો વર્ષ પૂર્વે સને ૧૬૮૭માં ''रिमेन्स ओफ जेटिलिज्म डोडजुडाइज्मा'' નામનું પુસ્તક લખ્યું હતું એના બસો વર્ષ પછી જે બ્રેડને એના સુપ્રસિદ્ધ પુસ્તક ओब्जर्वेशन ओन पोप्युलर एन्टिकविटीज સને ૧૮૭૭માં પ્રકાશિત કર્યું. ૧૯મી શતાબ્દીના પૂર્વાર્ધ સુધી જીવનના અનુશીલન કરનારા શાસ્ત્રને 'પોપ્યુલર એન્ટિકવિટીઝ'ના

નામથી ઓળખાવીને વિલિયમ જોન્સ થોમસે આ 'Folk Lore' શબ્દનું નિર્માણ કર્યું.[૨]

ડૉ.શંકરલાલ યાદવના કથન પ્રમાણે 'ફોક' શબ્દમાં સભ્યતાથી દૂર રહેનાર પૂરી જાતિનો નિર્દેશ થાય છે. પણ 'ફોકલોર' ના સંદર્ભમાં 'ફોક' નો અર્થ 'અસંસ્કૃત લોક' એવો થાય છે. વળી આ 'ફોક' શબ્દની ઉત્પત્તિ અંગ્રેજી શબ્દ Folk માંથી થયેલ મનાય છે. જર્મન ભાષામાં તેને Volk કહે છે. અંગ્રેજીમાં એકબાજુ તેને અસંસ્કૃત જાતિ અને સમાજ માટે વાપર્યો છે તો બીજી બાજુ સર્વ સાધારણ લોકો માટે પણ પ્રચલિત છે. પ્રો. ચાઈલ્ડ, કિટરેજ, સેજવિક જેવાના મતે પણ આ શબ્દ અસંસ્કૃત લોકોના અર્થમાં વાપર્યો છે તો જર્મન ગ્રીમ બંધુઓ પણ 'ફોક' સંબંધી તેનો અર્થ આદિમ સભ્યતાના ભાવને પ્રગટ કરે છે. બીજો શબ્દ 'લોર' જે અંગ્રેજી 'Lur' પરથી આવ્યો છે તેનો અર્થ જે શીખવવામાં આવે છે એવો થાય છે એ દૃષ્ટિએ તો 'ફોકલોર'નો શાબ્દિક અર્થ અસંસ્કૃત લોકોનું જ્ઞાન એવો જ થાય છે.'[૩]

'ફોકલોર'નો અર્થ વધારે વ્યાપક છે. 'લોકવિદ્યા' એટલે લોકોમાં પરંપરાગત રીતે ઊતરી આવેલી તમામ વિદ્યાઓ- બાબતો. તેમાં લોકોની કલા-કારીગરી, વસ્ત્રાભૂષણ, ભોજનની વિવિધ વાનગીઓ, ઘર અને આંગણાની સજાવટ, વનસ્પતિઓમાંથી પ્રાપ્ત થતી દવાઓ, લોકોની ધાર્મિક માન્યતાઓ, અને વિધિ-વિધાન, શુકન-અપશુકન અંગેના ખ્યાલો, દેવ-દેવી, ભૂત-પ્રેત, વગેરે વિશેની માન્યતાઓ, દંતકથાઓ, ટુચકા, કહેવતો, લોકગીતો આ બધું જ આવી જાય છે.'[૪]

'લોકવિદ્યા'ની ઉત્પત્તિ ભલે બારમી સદીથી થયેલી હોય, ભલે ઈ.સ.૧૮૮૮માં અમેરિકામાં લોકવિદ્યા મંડળની સ્થાપના થઈ હોય પરંતુ ગુજરાતમાં એનું મૂળ તો હેમચંદ્ર જેવા સંશોધક અને વિચારક ઉપર આધારિત છે. આમ તો ફોકલોરનું ઉત્પત્તિ વર્ષ તો જયારથી માનવ સમાજ બોલતો, વિચારતો થયો એ દિવસથી જ ગણાવી શકાય.

વિશાળ જગતમાં, વિશાળ જન સમુદાયના લોકહૃદયમાં પડેલી અસંસ્કૃત જ્ઞાન ધારા એટલે જ લોકવિદ્યા.

## ૨.૨ 'લોક' શબ્દના વિવિધ અર્થો

જગત આખામાં જન સૃષ્ટિ વ્યાપેલી છે. આ સૃષ્ટિના રચયિતા ભગવાનની લીલા અકળ છે. ભગવાને સૃષ્ટિ ઉપર અનેક જીવસૃષ્ટિ સર્જી છે, એમાંના માનવ પ્રાણીને એક આગવી પિશાન આપી છે. મનુષ્ય બધા પ્રાણીઓ કરતાં અલગ પ્રકૃતિનું પ્રાણી છે. આવા માનવને 'લોક' તરીકે આદિકાળથી ઓળખતા આવ્યા છે. આ 'લોક' એટલે કોણ? એવો પ્રશ્ન દરેકને ઉદ્ભવે છે. એના જવાબમાં 'લોક' શબ્દના વિવિધ અર્થો મળે છે.

'ભારત દેશ એ ગામડાનો બનેલો દેશ છે. શહેરો કરતાં ગામડાંઓની સંખ્યા વધારે છે. શહેરો પણ આવાં ગામડાંઓ ઉપર જ આધારિત છે. 'લોક' ને એમની આગવી પરંપરા હોય છે. અને આવી પરંપરાને કારણે જ લોકજીવન ક્રિયાશીલ રહે છે. લોકસંસ્કૃતિ, લોકસાહિત્ય, લોકકથા વગેરે વિશેષણ તરીકે વપરાયેલ 'લોક' શબ્દની વ્યુત્પત્તિ અનુસાર 'લોક' શબ્દ સંસ્કૃતના 'લોકદર્શન' ધાતુનો 'ધા.-૧' પ્રત્યય કરવાથી થયો છે તેનો અર્થ 'જોવું' એવો થાય છે. આથી 'લોક' શબ્દનો અર્થ જોવાવાળો એવો થાય છે. આ રીતે એવો સમસ્ત સમુદાય જે આ કાર્ય કરે છે તે 'લોક' કહેવાય.'[૫]

## o 'લોક' શબ્દ માટે કેટલાંક પૌરાણિક અવતરણો

પ્રાચીન કાળથી માનવીય દષ્ટિ અતીતને ભેદતી, ઈતિહાસને ઓળંગતી અને પુરાણ સાથે મંડાતી રહી છે. એજ માનવવણઝાર અચાનક ફૂટી નીકળતાં ઝરણાંની જેમ દોડતી જ રહી અને એમાંથી જ તો જન્મે લોક. કાળો, શ્યામલ, ઘઉંવર્ણો, ગોરો અને લાલ, પીળો એવા અનેકવિધ માનવ સમુદાયનાં રંગરૂપ અને આકૃતિ, ઊંચાઈના અનેક ભેદ છતાં અભેદ ભાવે જે નાનકડો શબ્દ ઉદ્ભવે છે તે લોક. આ લોક એક બનીને હસે છે, ને રડે છે, આનંદે છે, ને મસ્ત બનીને નાચે છે. એજ તો છે લોક.

૫૦ કરોડ યોજન પૃથ્વી કે જેના ૨૫ કરોડ યોજનના ભૂભાગને સૂર્ય પ્રકાશિત કરી રહ્યો છે. તેવી પૃથ્વીના અંદરની બાજુ જે પ્રકાશિત છે ને બહારની બાજુએ અંધકાર છે તેને લોકાલોક કહે છે. 'લોક એટલે પ્રકાશ, અલોક એટલે અંધકાર.'[૬]

આવા પ્રકાશ અને અંધકારથી છાપેલા ભાગને લોકાલોક કહેવામાં આવે છે. એવા લોકાલોકમાં જ આ માનવી ધરતીનાં ફૂલ જેવો મ્હોરી રહ્યો છે. આમ લોકને સ્થળ અને પ્રકાશ સાથે સંબંધ છે. તેથી જ તો સ્વર્ગલોક, મૃત્યુલોક, અને પાતાળલોક જેવા ત્રણ ભુવનોમાં નામ પડયાં છે. માત્ર ત્રણ જ નહીં. દેવલોક, પિતૃલોક, નાગલોક, ભૂલોક, ઈહલોક, પરલોક, દિવ્યલોક, ગાંધર્વલોક, દસ્યુલોક સૂર્યલોક, અસૂરલોક, પરલોક વગેરેનાં નામ સાથે પણ આ જ 'લોક' શબ્દ જોડાયેલો છે.

એથીયે વિશેષ ચરાચર લોકોના અર્થમાં શ્રીમદ્ ભગવદ્ગીતામાં અર્જુનના મુખે કહ્યું છે કે 'તું આ ચરાચર લોકનો પિતા છે- તું પૂજ્ય અને ગુરુનો પણ ગુરુ છે. સર્વ ત્રિલોકમાં તારા જેવો બીજો કોઈ નથી. તારો પ્રભાવ અપ્રતિમ છે. એવો જે તું તેના કરતાં અધિક કોણ હોય? કયાંથી હોય?'[૭] આમ ત્રિલોકના અર્થમાં 'લોક'નો ઉપયોગ થતો રહ્યો છે. એ જ રીતે લોકોના અર્થમાં પણ એનો ઉપયોગ થતો રહ્યો છે.

મહાભારતમાં પણ 'લોક'નો ઉલ્લેખ આ પ્રમાણે કરાયો છે. 'ત્રેતાયુગના આરંભમાં વિવસ્વાને મનુને આ ઉપદેશ આપ્યો, મનુએ લોકોના પોષણને માટે પોતાનતા પુત્ર ઈક્ષ્વાકુને આપ્યો, ઈક્ષ્વાકુએ કહેલા તે ઉપદેશ સર્વલોકમાં વ્યાપ્ત થઈ ગયેલો છે.'[૮]

મોટે ભાગે સ્થળના અર્થમાં વપરાતો 'લોક' શબ્દ સર્વલોક સાથે મનુષ્યલોકના માનવીઓ માટે પણ વપરાતો ગયો છે. એટલે કે તમામ માનવીઓ માટે 'લોક' શબ્દ શાસ્ત્રોમાં વપરાતો રહ્યો છે. 'મહાભારત' આદિ શાસ્ત્રોમાં એનાં ઢગલાબંધ પ્રમાણો મળી રહે છે. શ્રીમંતોમાં અને શિષ્ટ વર્ગમાં વપરાતો થયેલો આ 'લોક' શબ્દની સામે ગરીબોને માટે વપરાતો 'લોક' હીન ગણવામાં આવ્યો છે ત્યારે મહાભારત જેવા શાસ્ત્રોમાં આ 'લોક' શબ્દ ગરીબ અને શ્રીમંત બન્નેને એકજ સ્વરૂપે સંબોધે છે. બંને માટે બરાબરીનો અર્થ ધરાવે છે. અહીં આપણે સ્પષ્ટપણે શ્રીમંતોને ગરીબો એવા શિષ્ટ અને અશિષ્ટ ગણાતા બન્ને પ્રકારના માણસો માટે 'લોક' શબ્દ પ્રયોજેલો જોઈએ છીએ. દરિદ્ર શબ્દ સાથે 'લોક' અધ્યાહાર રહેલો છે. એટલે કે પૃથ્વી ઉપર વનવાસ-મનુષ્યલોકમાં વસનારા તે સર્વને લોકો કહ્યા છે.

'ઉપનિષદોમાં પણ 'લોક' શબ્દનો ઉપયોગ થયો છે. ઉપનિષદમાં યોગ્ય જ કહ્યું છે કે આ 'લોક' અનેક પ્રકારે ફેલાયેલ છે. દરેક વસ્તુમાં વ્યાપ્ત છે. મહાન વૈયાકરણી પાણિનિ એ એમના અષ્ટાધ્યાયીમાં 'લોક' અને 'સર્વલોક' શબ્દોનો ઉલ્લેખ કર્યો છે. તેમાં પાણિનિ એ વેદથી અલગ 'લોક'ની સત્તાનો સ્વીકાર કર્યો છે.'[૯]

'ઋગ્વેદમાં 'લોક' શબ્દનો પ્રયોગ 'ભુવન' અને 'સ્થાન'ના અર્થમાં મળે છે. 'લોક'નો અર્થ સંસાર પણ થાય છે. કાળક્રમે આ શબ્દ સાહિત્યમાં વિશેષના રૂપે વપરાવા લાગ્યો 'ફોક'ના પર્યાય તરીકે વાપરેલ સંસ્કૃત 'લોક'ના ઘણા અર્થો કરવામાં આવ્યા છે. જેમકે ઈહલોક, પરલોક, ત્રિલોક વગેરે પણ ખરા અર્થમાં 'લોક' શબ્દ જ વિસ્તૃત છે. 'લોક' શબ્દને આપણે ગ્રામ્ય કે 'જાનપદ' કહીએ છીએ તે બરાબર નથી. 'લોક' એટલે નગરો અને ગામડાંઓમાં ફેલાયેલી સમગ્ર જનતા કે જેની પાસે વ્યાવહારિક જ્ઞાનના પાયાનાં પુસ્તકો નથી, જેમની પાસે શિષ્ટ સંસ્કારો, શાસ્ત્રીયતા, પાંડિત્યની ચેતના નથી, અને જેઓ એક પરંપરાગત પ્રવાહમાં જ જીવતા હોય છે તે 'લોક'.[૧૦]

આજે 'લોક' શબ્દની ઉપયોગિતા એટલી બધી વ્યાપી છે કે ઉચ્ચ કુળો હલકાં બની નીચકુળમાં ખપતાં રહ્યાં છે. ને નીચ ઉચ્ચ બની વિશિષ્ટતામાં ખપતાં રહ્યાં છે. ઈરાન તરફથી આવેલા શકોના સગડ રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતના આદિવાસીઓમાંથી મળે છે. આજે સ્થાળાંતરો અને વર્ણાંતરો થતાં જ રહ્યાં છે. સંસ્કૃત અસંસ્કૃત બનતો આવ્યો છે અને અસંસ્કૃત સંસ્કૃત બનતા રહ્યો છે. આમ સ્થળાંતરો અને વર્ણાંતરોને સભ્ય અને અસભ્ય, સંસ્કૃત અને અસંસ્કૃત કહેવાતા બે ભેદો વચ્ચે પણ 'લોક' શબ્દ તો વપરાતો જ રહ્યો છે. પ્રકાશના અર્થમાં સ્થળ કે ત્રિલોકના અર્થમાં, ચોકકસ માનવ સમૂહોના અર્થમાં અને સાધારણ અથવા સમસ્ત જનતાના અર્થમાં વપરાતો 'લોક' વેદથી જુદો પડીને ગંગાની જેમ પાતાળે ચંપાઈ તેમ વર્ગવિશેષના અહંકારના પાતાળે ચંપાતો રહ્યો છે અને છતાં જનતા સ્વરૂપી શિવની જટા સાથે પણ બિરાજમાન રહેતો આવ્યો છે. આજ 'લોક'ની કળાઓમાંથી રચનાઓમાંથી કે ધર્મોમાંથી સંસ્કૃતિને ઘણું ઘણું પ્રાપ્ત થયું છે તેજ 'લોક' વિશ્વ વિખ્યાત છે.

'દરબારી ગામોમાં આજેય સાંભળીએ છીએ કે 'ગામમાં ગરાસિયાના ગણીને દસ ઘર છે બાકી 'લોક'ના છે.' ગામડાનો ગરાસિયો પોતાના સિવાયના ગામડાની બધી જાતિઓને હલકી અને ઓશિયાળી ગણતો હોય એ જ ગરાસિયાને શહેરના ઉચ્ચ વર્ગના લોકો ગમારમાં ગણી કાઢે છે, અથવા માથાભારે જંગલીવરણમાં ગણી કાઢે છે. પરંતુ 'લોક' શબ્દનો અર્થ જુદો છે. અભણ, અબૂધ ઓછા સંસ્કાર પામેલા, નિમ્ન સ્તરના પછાત લોકો માટેના આ પર્યાય હોવાનું જણાય છે. પણ અભણ પણ આગવી કોઠાસૂઝ ધરાવતી આ ગ્રામપ્રજા- 'લોક' પાસે નીજી કંઠસ્ય લોકસાહિત્યનો વિપુલ વારસો છે. એક કાળે આપણે જેને ગામડિયાનાં ગાણાં કે ગામડિયું સાહિત્ય ગણીને નાકનું ટીચકું ચડાવતા હતા તેને 'The Study of folk Songs' માં ઈવલિન માર્ટીનિંગોએ શિષ્ટ સાહિત્યની ગંગોત્રી કહીને આ શબ્દોમાં ગૌરવ બક્ષ્યું છે.'[૧૧]

## ○ શબ્દકોશ આધારિત 'લોક'નો અર્થ

'વિશાલ શબ્દકોશ' (ગાલા)માં 'લોક' શબ્દનો (૧) પ્રજા, જનતા (૨) વર્ગ, (૩) જ્ઞાતિ, જાતિ, (૪) કોઈ રાષ્ટ્રની પ્રજા, (૫) વિવિધ સૃષ્ટિમાંની કોઈ એક (૬) માણસ, વ્યક્તિ એવો કરવામાં આવ્યો છે.

'સંસ્કૃત શબ્દાર્થ કોસ્તુભ' માં લોક શબ્દના અર્થ આ પ્રમાણે બતાવ્યા છે. સંસાર, ભુવન, ચૌદલોક, માનવગણ, સમૂહ, સમુદાય, પ્રદેશ, પ્રાણી, પ્રાન્ત, સમાજ, પ્રથા અને લૌકિક વ્યવહાર.'[૧૩] જેવા અર્થો આપે છે.

'સુપ્રસિદ્ધ અમરકોશ'માં પણ 'લોક' શબ્દની ચર્ચા બે સ્થળે કરવામાં આવી છે. દ્વિતીયકાંડ ભૂમિવર્ગમાં શબ્દ 'જગત' માટે વપરાયેલ છે. જ્યારે તૃતીયકાંડમાં નાનાર્થવર્ગમાં 'જગત' અને 'લોકો' બંને માટે આ શબ્દનો ઉપયોગ થાય છે.'[૧૪]

'ભગવદ્ ગોમંડલ'માં 'લોક'નો અર્થ સ્થાનના અર્થમાં જગત, સાત લોક, ચૌદલોક, કોમ, જાતિ, દુનિયા, પ્રજા, રૈયત, સમાજ, જનતા, વગેરેના અર્થ બતાવે છે.'[૧૫]

'આદર્શ હિન્દી-સંસ્કૃત કોશ'માં પણ લોકના માણસો, સમાજ, પ્રાણી વગેરે અર્થો જોવા મળે છે.'[૧૬]

'સંસ્કૃત-ગુજરાતી કોશમાં પણ લોકનો એક અર્થ લોકો એવો મળે છે.'[૧૭]

હિન્દીમાં 'લોક' શબ્દ 'ફોક'નો પર્યાયવાચી છે છતાં 'જન' અથવા 'ગ્રામ' શબ્દો 'ફોક'ના અર્થમાં પ્રયોજ્યા છે.

અંગ્રેજી ભાષામાં 'લોક' શબ્દોના સામાનાર્થી શબ્દ 'ફોક' (Folk) કહે છે.

આ ઉપરાંત અશોકના શિલાલેખમાં પણ 'લોક' શબ્દનો પ્રયોગ થયેલો જોવા મળે છે. જેનો અર્થ સમસ્ત પ્રજાના ભાવને પ્રગટ કરે છે.

'અનુભવ રાસવ લોક હિતાય, ગિરિનાર,

કતાર્વયત હિ મે સર્વલોગ હિતં.[૧૮]

## ○ ભારતીય લોકસાહિત્યના વિદ્વાનોના મતે 'લોક'

લોકસાહિત્યમાં બે શબ્દો છે. 'લોક' અને 'સાહિત્ય' 'લોક' અને 'લૌકિક' એ ઉપેક્ષાના અર્થમાં પ્રયોજાય છે. વેદથી ઈતર બધી વાતો લૌકિક ગણાય, પણ 'લોક'નો માનવજીવનનો સમૂહ, જે ખેતી અને તેના આનુષંગિક ધંધા સાથે સંકળાયેલો છે. અને જે પુરાણી પરંપરાના પ્રવાહમાં જીવે છે.[૧૯]

'લોક' વિશે શ્રી ઝવેરચંદ મેઘાણી ભાવવાહી વાત કરે છે. 'કલ્પના કરો કે નાનીશી એક લોકમંડળી દૂર-દૂરના કોઈ ભૂતકાળમાં અથવા જીવનની અત્યંત સરળ અવસ્થા વચ્ચે કોઈ સામુદાયિક રસનો અવસર ઉજવવા એકઠી મળી છે. અવસર કોઈ ધાન્યની લહાણીની સમૃદ્ધિનો હોય, અથવા તો કોઈ ખૂની લુંટારાઓ સાથેના વિજયશાળી યુદ્ધનો હોય, એ રીતે એકત્ર મળવાનો આશય સહુને માલૂમ હોય, જે શૌર્યઘટના ગાવાની છે તે અને જે નૃત્ય તેની સાથે ચાલવાનું છે તે પણ આખા વૃંદને સુપરિચિત હોય, સાથે સાથે લાગણીની, મનોભાવની ભિન્નતા રહે છે. તેવી લગીરે ભિન્નતા આ લોકોવૃંદમાં ન હોય, એવા લોકવૃંદનું નામ જ 'The Folk' અર્થાત્ એક ગાતું, નાચતું અને કવિતા સર્જવાને માટે અનિવાર્ય એવી માનસિક

તેમજ હાર્દિક ઉત્તેજના વડે રોમાંચિત થયેલું, અનેકમાંથી એક જ પ્રાણરૂપે ધબકતું માનવમંડળ'[૨૦]

કાઠિયાવાડી ભોમિયાની છબી ધરાવનાર મેઘાણીની લોક માટેની ભાવના અલગ છે. આખું જગત જેના ઉપર ટકેલો છે એવા માનવ મંડળને જ લોકસાહિત્યના પાયાની ઈંટ ગણાવી છે.

શ્રી જયમલ્લ પરમાર 'લોક' શબ્દને વર્ણવતા કહે છે કે 'લોક એ હજારો વર્ષથી ચાલી આવતી ગૌરવપૂર્ણ માનવીય હસ્તી છે. લોક અસ્તિત્ત્વમાં હતો અને છે. સંભવ છે કે આવતીકાલે એ 'લોક' નહિ રહ્યો હોય. કારણ કે એનું ઝડપથી આધુનિકતામાં રૂપાંતર થઈ રહ્યું છે. હવે પછી 'લોક' સ્વરૂપે એનું અસ્તિત્ત્વ કદાચ ન પણ રહે, પણ આજે છે. સાંસ્કૃતિક સ્વરૂપે અને માનવીય અસ્તિત્ત્વ રૂપે પણ.'[૨૧]

પ્રો.શ્રી પુષ્કર ચંદરવાકરે 'લોક'નો પ્રયોગ વિરાટ માનવ સમૂહના અર્થમાં માન્યો છે. આ લોકડુંગરોમાં અને ખેતરોમાં કામ કરે છે. આ લોક જે પશુઓ ચારે છે અને શિકાર કરે છે. નદીઓમાં વહેળાઓમાં તરે છે. આ ગામોના દરેક કુટુંબના સભ્યો આ લોક જ છે. કુટુંબના ઘરડા ડોસાથી માંડીને છેક નાના બાળક સુધીના તમામ આ લોક છે. ધોડિયા માનવ સમુદાયમાં પણ આ સર્વત્ર છે. આવાં જ જીવન સંવેદનો સુધરેલા લોકોના પ્રભાવથી પર રહીને પોતાની અસલ સ્થિતિ જાળવી રહ્યા છે. તે 'લોક' છે એમ ચોક્કસ કહી શકાય.

જાણીતા લોકસાહિત્યજ્ઞ શ્રી જોરાવરસિંહ જાદવ આ શબ્દની સ્પષ્ટતા કરતા લખે છે કે, 'ૠગ્વેદ'માં 'લોક' શબ્દ જોવા મળે છે. 'ભગવત્ ગીતા'માં પણ આ શબ્દ મળે છે. બૌદ્ધ ગ્રંથોમાં લોક માટેના શબ્દો મળે છે. પરંતુ યજુર્વેદમાં 'લોક' શબ્દ સમાજના અર્થમાં સાંપડે છે. જયાં લોક શબ્દમાં સામાન્ય જનસમાજ સમાઈ જાય છે.'[૨૨]

'લોક' શબ્દનું તારણ આપતાં શ્રી કનુભાઈ જાની લખે છે કે- 'લોક એટલે વ્યાવર્તક એવું પ્રજાજૂથ- એમની ઓળખ તેમની જાતિમાં, જ્ઞાતિમાં, પ્રદેશમાં, ધર્મમાં, ધંધામાં, સામાજિક-આર્થિક એવા તેમના વર્ગમાં અથવા તો એવા જે કાંઈ સામાજિક એવાં ઘટકો

જેવા કે જાતિ, વય, વંશપરંપરા અને કોઈ નિશ્ચિત એવા ધ્યેયની સિદ્ધિ માટે સંકળાયેલ એકમોમાં જોઈ શકાય છે. આથી પ્રત્યેક એવો કોઈ એક સમાન હેતુ અને રસથી સંકળાયેલું જૂથ એટલે કે એકમ. તે પછી ગ્રામીણ હોય કે નાગરિક, શિક્ષિત હોય કે અશિક્ષિત પણ 'લોક'ની વ્યાખ્યામાં તે સમાવિષ્ટ થાય છે.'[૨૩]

''LORE' શબ્દ સેકશન LAR ઉપરથી ઉતરી આવ્યો છે. LAR એટલે શિખવામાં આવતી વિદ્યા.'[૨૪]

હજારો વર્ષોથી ચાલ્યો આવતો આ 'લોક' શબ્દની સમાજમાં વિશાળ ભાવના અને વ્યાપકતા છે. તેથી જ તો અરણ્યથી માંડીને નગર સુધી, અભણથી માંડીને ભણેલા સુધી, ગરીબથી માંડીને અમીર સુધી, ઉપરથી એટલે સ્વર્ગલોકથી માંડીને ભૂલોક સુધી. આ 'લોક' શબ્દનો જ સતત પ્રભાવ પથરાતો રહ્યો છે. આવા પ્રભાવશાળી 'લોક' શબ્દજ જગતના તમામ જનસૃષ્ટિ માટે જ વપરાતો રહ્યો છે.

- ડો. હજારીપ્રસાદ દ્વિવેદીના મતે 'લોકે શબ્દનો અર્થ 'જનપદ' યા ગામ નથી પરંતુ નગરો અને ગામડામાં ફેલાયેલી જનતા છે.'[૨૫]
- ડો.કૃષ્ણદેવ ઉપાધ્યાય જાણાવે છે કે 'જે લોકો સુસંસ્કૃત અને સાધન સંપન્ન લોકોના પ્રભાવથી બહાર રહીને પોતાની પ્રાચીન સ્થિતિમાં જીવે છે તેજ ખરા અર્થમાં 'લોક' છે.'[૨૬]
- ડો.નલિન દેસાઈના કથનમાં 'લોકસાહિત્ય શબ્દ 'લોક' અને 'સાહિત્ય' એવા બે શબ્દોના સંયોજનમાંથી બનેલી સંજ્ઞા છે. 'લોક' શબ્દના બે અર્થ મળે છે. (૧) જગત જેમકે ઈહલોક, પરલોક, ત્રિલોક આદિ (૨) 'લોક' એટલે જનસામાન્ય-વાસ્તવમાં 'લોક' એ 'સાહિત્ય' શબ્દને લાગેલું એક નવું વિશેષણ છે. 'ફોક' શબ્દની બાબતમાં 'એન્સાઈકલો પીડિયા બ્રિટાનિકા' માં બતાવ્યું છે કે આદિ સમાજમાં તો તેના બધાજ સભ્યો 'લોક' (folk) હોય છે, અને વિસ્તૃત અર્થમાં તો આ શબ્દથી સભ્ય રાષ્ટ્રના લોકોનો નિર્દેશ પણ કરી શકાય છે.'[૨૭]

- ડો.શ્યામ પરમાર 'લોક' માટે લખે છે કે 'લોક' સાધારણ જન સમાજ છે. જેમાં ભૂભાગ પર વિસ્તરેલ માનવનો સમાવેશ થાય છે. આ શબ્દ વર્ગભેદ રહિત છે અને તે સમાજનું ગતિશીલ અંગ છે.'[૨૮]
- ડો.સત્યેન્દ્રએ 'લોક'ની વ્યાખ્યા આપતા નોંધ્યું છે કે 'લોક' મનુષ્ય સમાજનો એવો વર્ગ છે કે તે આભિજાત્ય સંસ્કાર, શાસ્ત્રીયતા અને પાંડિત્યની ચેતના અથવા અહંકારશૂન્ય છે, અને તે પરંપરાના પ્રવાહમાં જીવંત છે તે 'લોક' છે.'[૨૯]
- ડો.એલન ડૂંડે 'લોક' અંગે જણાવે છે કે 'જે લોકસમૂહ પરંપરાગત જીવન જીવી રહ્યો તે સમાજ 'લોક' છે.'[૩૦]
- નાનુરામ સંસ્કર્તા 'લોક' શબ્દનો અર્થ આપતા કહે છે, 'આમ તો 'લોક' શબ્દના ઘણા અર્થ મળે છે. જેવા કે વિશ્વ, ભુવન, સ્વર્ગ, પૃથ્વી, પાતાળ, વિશ્વનો એક ભાગ, સંસાર, ભૂભાગ, લોક, સમાજ, પ્રજા, જનતા, સમૂહ, માનવજાતિ, પશુ, દિશા, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને પ્રાણી વગેરે પરંતુ ખાસ કરીને બે અર્થ વધારે પ્રચલિત છે. એક જેને લોક, પરલોક, ત્રણે લોકનું જ્ઞાન હોય છે, પરંતુ મારા ખ્યાલ મુજબ આ અર્થ બરાબર નથી. બીજો અર્થ છે પ્રજા, જનતા, જનસમુદાય આ બીજા શબ્દનો અર્થ 'લોક' શબ્દ સાહિત્ય અલંકાર છે.'[૩૧]
- ડો. વાસુદેવ-શરણ અગ્રવાલે 'લોક' શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે. 'લોક અમારા જીવનનો સમુદ્ર છે. એમાં ભૂત, ભવિષ્ય, વર્તમાન બધું સંચિત રહે છે. એ રાષ્ટ્રનું અમર સ્વરૂપ છે, લોક અને લોકની ધાત્રી સર્વભૂતના પૃથ્વી અને લોકના વ્યક્ત માનવ એ અમારા નવા જીવનનું આધ્યાત્મિક શાસ્ત્ર છે. એનું કલ્યાણ અમારી મુક્તિનું દ્વાર અને નિર્માણનું નવીનરૂપ છે. લોક, પૃથ્વી અને માનવ આ ત્રિપુટીમાં જીવનનું કલ્યાણાત્મક રૂપ છે.'[૩૨]

- ગુજરાતી સાહિત્યકોશ-૩ 'લોક'નો ખ્યાલ આ શબ્દોમાં સ્પષ્ટ કરે છે. 'એકબીજાનું જોઈ જોઈને અને મૌખિક રીતે જ વ્યવહાર ચલાવે, રહેઠાણ-કપડાં-લત્તા ખાવા-પીવાથી માંડીને, વાણી-વિચાર, આચાર, માન્યતા રીતિરિવાજ, ધર્મ, શ્રદ્ધા, વિધિવિધાનો સુધી બધામાં પોતાના સમૂહ કે સમાજના એક અવિચ્છિત ભાગરૂપ બનવામાં જે ગૌરવ લે તે 'લોક'. લેબ સ્ટ્રોસે કહ્યું છે કે લોક (folk) એટલે ભોળું, ગ્રામીણ, કૃષિપ્રધાન, નિરક્ષર, મૌખિક વ્યવહાર ચલાવતું, હાથકારીગરીવાળું, નવીન જીવનરીતિઓ અને ખ્યાલોની દષ્ટિએ પછાત લાગતું, વહેમી, મંત્ર-તંત્ર જાદુ વગેરેમાં આસ્થાવાળું, ધર્મશ્રદ્ધાનું પરંપરાગત વિધિ વિધાનો પાળનારું, એક પરાણે રહેતું એવું લોક એટલે આવો વિસ્તૃત માનવ-સમૂહ અને આ સમૂહ કોઈ એક જ ભૌગોલિક સીમામાં કે સાંપ્રદાયિક વાડામાં બંધાયેલો નથી, એમાંના અનેક અલગ-અલગ સ્થાને રહેતા હોય છતાં એ સહુ એક પારંપરિક તાંતણે સંધાયા હોય. એમાં કોઈ એક સ્થળ, કુળ, ધર્મ કે કોમનું વર્ચસ્વ હોતું નથી, હોવું જરૂરી પણ નથી. તેને જ 'લોક' કહેવાય.'[૩૩]
- ડૉ. કુંજવિહારીદાસ લોકગીતોની પરિભાષાના સંદર્ભે 'લોક' શબ્દની વ્યાખ્યા આપતા કહે છે કે 'લોકગીતો એ લોકોની અનાયાસ અને પ્રવાહાત્મક અભિવ્યક્તિ છે. જે સુસંસ્કૃત તથા સુસભ્ય પ્રભાવોથી બહાર રહીને ઓછા યા વધતાં રૂપમાં આદિ સ્થિતિમાં રહે છે.'[૩૪]
- ડૉ. શ્રી રામનરેશ ત્રિપાઠીનો આગ્રહ 'લોક' શબ્દને બદલે 'ગ્રામ' શબ્દનો રહ્યો છે. તેથી જ તે લોકગીત ને ગ્રામગીત કહે છે. ત્યારે 'જન' શબ્દમાં બધાં પ્રાણીઓનો સમાવેશ કરી શકાય. સામાન્ય જનતાના અર્થમાં શાસ્ત્રોમાં 'જન' શબ્દનો ઉપયોગ થતો આવ્યો છે.[૩૫]

- ડો. વેરીઅર એલ્વીનના શબ્દોમાં કહીએ તો 'એકાએક ઊપસી આવેલો એક નાનો એવો શબ્દ તે 'લોક' અને આ લોક જ સંસ્કૃતિ અને સમાજનું બીજ છે.'[૩૬]
- ડો.હરદ્વારીલાલ શર્મા 'લોક' શબ્દની વ્યાખ્યા આપતા કહે છે કે 'તમે જેને જુઓ છો અને જે તમને જુએ છે તે જ લોક.'[૩૭]
- શ્રી ગોસ્વામી તુલસીદાસે 'લોક' અને 'વેદ'ની અલગ સ્થિતિનો ઉલ્લેખ કરતાં કહ્યું છે કે 'लोक ह वेद सुसाहिन हीनी ।

  विनय सुनत पहिचानत प्रीति ।।'[३८]
- પ્રિયકાન્ત પરીખની 'લોક'ની વ્યાખ્યા આ પ્રમાણે છે.' એક એવું નાનું એવું સૂક્ષ્મ બિંદુ કે જેમાંથી સ્ફૂર્યો શબ્દ તે લોક. તે સમગ્ર સમાજ માટે એક આધારસ્તંભ નીવડયો.'[૩૯]
- 'દર્શક' પણ 'લોક' વિશે કહે છે કે 'લોક એટલે હિંદુ પણ નહિ, ને લોક એટલે મુસલમાન પણ નહિ, લોક એટલે ન તો વાણિયો-બ્રાહ્મણ કે ન તો કણબી, કે પછી હળ પકડનારો કે બરછી પકડવાવાળો. અરે, લોક એટલે પુરુષ પણ નહિ અને લોક એટલે સ્ત્રી પણ નહિ.'[૪૦]

ઉપરોક્ત તમામ અવતરણો નિહાળતાં 'લોક' શબ્દના વિવિધ મતો, અર્થો જોતાં સર્વ સામાન્ય તારણ કાઢવું હોય તો એમ કહી શકાય કે 'લોક' એટલે અભણ, અશિક્ષિત, ગામડામાં રહેનારી અસંસ્કારી, વન્ય પ્રકૃતિમાં વિહરનારી સાધારણ જનસમાજ જેવી અને વનમાં પશુ-પક્ષીઓનો શિકાર કરી જીવન ગુજરાન ચલાવનારી પ્રકૃતિના ખાળે સામૂહિક રીતે વસનારી, સામૂહિક ધર્મ પાળનારી, શ્રદ્ધા-અંશ્રદ્ધામાં માનનારી, મંત્ર-તંત્ર, જાદુમાં રાચનારી જન સમૃદ્ધિ એટલે 'લોક' તો બીજી તરફ ભણેલી, સુશિક્ષિત, સંસ્કારી નગરમાં વસનારી, એવી અમીર વર્ગની જનસમૃદ્ધિને પણ 'લોક'માં જ ગણાવી શકાય છે.

ટૂંકમાં 'લોક' શબ્દમાં ગ્રામીણ અને નગર બંને સંસ્કૃતિઓ સંપૂર્ણપણે આવી જાય

છે. આજે પાશ્ચાત્ય જગતમાં પણ 'લોક' વિશેના વિચારો પલટાતા દેખાય છે. દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં વસનારી આ જાતિ સુરત, વલસાડ, નવસારી, ડાંગ જેવા વિસ્તારની ઘરડાથી માંડીને નાનાં બાળકો સુધીના તમામ લોકોએ પણ 'લોક' જ છે. આજની આધુનિક પરિસ્થિતિમાં પણ આ 'લોક' હજુ પણ પોતાની અસલ સ્થિતિ જાળવી રહ્યા છે. છેક છેવટના ગામડામાં આટ-આટલા ભણેલા-સુધરેલા લોકોના પ્રભાવ હેઠળ પણ આવા લોકો 'લોક' જેવું જ જીવન જીવી રહ્યા છે.

આમ સમગ્ર દૃષ્ટિ જોતાં જણાશે કે પોતાની સ્વાભાવિક સાહજિકતા, અને પરંપરા એ 'લોક' (folk) નાં આગવાં લક્ષણો ગણાવી શકાય. આવા મતો ધ્યાનમાં લેતા 'લોક' અમુક વર્ગ, જાતિ કે સ્થળ સુધી સીમિત ન રહેતા 'લોક'માં જગતના તમામ માણસો આવી જાય છે. તેને જ 'લોક' (folk) કહી શકાય.

## ૨.૩ લોકવિદ્યાના પર્યાયો

'ફોકલોર' પર્યાયરૂપે 'લોકવિદ્યા' એવો પર્યાય નકકી કરવાને કારણે જ, જાણ્યે-અજાણ્યે, લોર એટલે શું, તે વિશે ગેરસમજ પ્રવર્તે છે. હકીકતે આપણે જે અર્થમાં 'વિદ્યા' વાપરીએ છીએ તેમાં આપોઆપ શાસ્ત્ર અને એનું અધ્યયન સમાવિષ્ટ થઈ જાય છે. આરંભમાં ફોકનો વ્યવહારમાં અર્થ તો 'ટોળુ' એવો થતો. આ શબ્દની અર્થછાયામાં તિરસ્કાર પણ છે. તેથી જ તો 'ફોક' આદિવાસી Trible માટે વપરાતો હતો. આરંભે વિશેષત: વિવિધ જાતિઓની પરંપરા, રીતરિવાજ, વસ્ત્રાભૂષણ અને કંઠ-પરંપરાની એમની રચના, તેનાં ગાન, નૃત્ય, બોલી વગેરેને તથા તે જાતિના મૂળ અને ભ્રમણના ઈતિહાસને જાણવા સંગ્રહવામાં આવ્યાં અને તેનો અભ્યાસ થયો. પરંતુ પાછળથી લાગ્યું કે આવી પરંપરાઓ માત્ર આદિવાસીઓમાં જ પ્રચલિત છે એવું નથી. ગ્રામસમાજમાં પણ છે. આથી folk ગામડામાં વસતા અર્ધ કે અલ્પ શિક્ષિત એવો 'લોક' વર્ગ એવો કરવામાં આવ્યો.'[૪૧]

'ફોકલોર' શબ્દના અનેક પર્યાયવાચી શબ્દો જોવા મળ્યા છે. શ્રી ઝવેરચંદ મેઘાણી 'ફોકલોર' માટે 'લોકવિદ્યા' શબ્દ પ્રયોજયો છે, તે માત્ર 'ફોકલોર'નું શાબ્દિક ભાષાંતર જ

છે. 'વિદ્યા' શબ્દનો અર્થ જ્ઞાન મેળવવું એવો થાય. અંગ્રેજીમાં તેને માટે KNOWLEDGE, LEARNING અને SCIENCE શબ્દો મળે છે. પરંતુ વિદ્યા મૂળ વ્યાપક છે. પ્રા. શ્રી પુષ્કર ચંદરવાકરે આ માટે 'લોકશાસ્ત્ર' શબ્દ સૂચવતાં કહ્યું છે કે 'લોકશાસ્ત્રમાં લોકસમુદાયનાં સાહિત્ય, સંસ્કૃતિ, કલા અને અન્ય વિદ્યાઓનો સમાવેશ થઈ જાય છે. આમ 'ફોકલોર' માટે 'લોકશાસ્ત્ર' શબ્દ વિશેષ યોગ્ય અર્થઘટન અને ધારદાર લેખી શકાય. આનો આધાર કેપ આદિ પાશ્ચાત્ય વિદ્વાનો છે. જેમણે 'ફોકલોર' ને સમાજશાસ્ત્રના રૂપમાં સ્વીકારી શકાય તો 'લોકશાસ્ત્ર' શબ્દ બંધબેસતો આવી શકે છે. શ્રીમતી દુર્ગા ભાગવતે લોકસાહિત્યને 'ફોકલોર' ના પર્યાય તરીકે પ્રયોજેલ છે. પણ તે અવ્યાપી છે. લોકસાહિત્ય 'ફોકલોર'નું એક અંગ જ છે.'[૪૨]

ડૉ.ભોલાનાથ તિવારીએ 'ફોકલોર' માટે 'લોકશાસ્ત્ર, લોકવિજ્ઞાન, લોકપરંપરા, લોકપ્રતિભા, લોકપ્રવાહ, લોકપથ, લોકવિધાન, લોકસંગ્રહ વગેરે શબ્દો સૂચવ્યા છે.'[૪૩] અહીં 'લોકવિદ્યા' શબ્દના પર્યાયોમાં આપેલા બધા જ શબ્દોના અર્થમાં 'લોક' ની વ્યાપકતા સમાયેલી છે. ક્ષણે ક્ષણે શબ્દની સાર્થકતા દેખાય છે.

ડૉ. સત્યેન્દ્ર અને શ્રી શ્યામ પરમાર[૪૪] જેવા વિદ્વાનો ફોકલોરનો હિન્દી પર્યાય લોકવાર્તા કરે છે. લોકવાર્તા શબ્દમાં વધુ લોકકથા કે લોકવાર્તાનો ભાવ વહન કરવાની ક્ષમતા છે. વળી, લોકવાર્તા શબ્દ સંસ્કૃત સાહિત્યમાં બીજા અર્થમાં પણ વપરાયો છે. સંસ્કૃતમાં તેનો અર્થ અફવા કે કિંવદંતી એમ કહેવાય છે. શ્રી આપ્ટેએ પોતાના કોશમાં લોકવાર્તાનો અર્થ 'પોપ્યુલર રિપોર્ટ' અથવા 'પબ્લીકહયુમર' એવો આપ્યો છે. આ સંસ્કૃત શબ્દકોશમાં કયાંય પણ વાર્તા શબ્દનો અર્થ 'જ્ઞાન' અથવા 'લોર' કર્યો નથી. આથી અવ્યાપ્તિ દોષને લીધે તે પર્યાય સ્વીકારી ન શકાય.

ડૉ.કૃષ્ણદેવ ઉપાધ્યાયના મતે 'ફોકલોર' માટે 'લોકસંસ્કૃતિ' શબ્દના પ્રયોગ ઉપર્યુક્ત અને સમુચિત લોકસંસ્કૃતિના અંતર્ગત જનજીવનથી સંબંધિત આચાર-વિચાર, વિધિ-નિષેધ, વિશ્વાસ, પ્રથા, પરંપરા, ધર્મ, મૂઢગ્રહ, અનુષ્ઠાન આદિ જે બધા આવે છે.'[૪૫] આમાં લોકના જ્ઞાનની બધીજ ભાવનાઓ સંસ્કૃતિની સાથે સંબંધિત છે.

ડૉ. હજારી પ્રસાદ દ્વિવેદીના મતે પણ 'ફોકલોર' નો અર્થ 'લોકસંસ્કૃતિ' આપે છે.'[૪૬] સામાન્ય રીતે 'ફોકલોર' અંતર્ગત લગભગ બધા વિષયોનો સમાવેશ લોકસંસ્કૃતિમાં થાય છે. વળી આ શબ્દ ખૂબજ પરિચિત અને પ્રચલિત છે. છતાં આ પ્રયોગમાં એક મુશ્કેલીએ છે કે લોકસંસ્કૃતિ શબ્દ 'FOLK CULTURE' નો પર્યાય બને છે. પરંતુ LORE અને CULTURE શબ્દ વચ્ચે અંતર છે.

ઉપરોક્ત આપેલા 'ફોકલોર' ના પર્યાયોમાં મોટાભાગના વિદ્વાનોએ 'ફોક' માટે લોક શબ્દનો સ્વીકાર કર્યો છે. મતભેદ માત્ર 'લોર' શબ્દના પર્યાય માટે છે. કેટલાક વિદ્વાનોના મતે 'લોક' નો અર્થ 'જન' અથવા 'ગ્રામ'નો હતો. પંડિત રામનરેશ ત્રિપાઠીએ 'ફોક'નો પર્યાય 'ગ્રામ' લીધો છે. તો ડૉ.મોતીચંદજી એ 'જન' નો આગ્રહ રાખેલ. તેથી તો શ્રી ત્રિપાઠી 'લોક' વિશે નોધતાં કહે છે કે 'મેં ગીતોને 'ગ્રામગીત' નામ આપ્યું છે, કેમકે ગીત તો ગામડાની સંપત્તિ છે. નગરોમાં ગયાં છે, જન્મ્યાં નથી. આથી ગામોની આ સંસ્કૃતિ ગ્રામગીત શબ્દ દ્વારા બને તે હું ઉચિત માનું છું.'[૪૭]

ટૂંકમાં 'લોકવિદ્યા'ના પર્યાયો જોતાં એવું તારણ કાઢી શકાય છે. 'લોકવિદ્યા'ના પર્યાયોમાં મોટાભાગના વિદ્વાનોએ 'લોકસંસ્કૃતિ' શબ્દ સ્વીકાર્યો છે. ડૉ. ઉપાધ્યાય કહે છે તેમ 'ફોકલોર' અને સંસ્કૃતિ વચ્ચે જે અંતર છે તે જ અંતર લોકસંસ્કૃતિ અને લોકસાહિત્ય વચ્ચે છે. આ ભેદ સ્પષ્ટ કરતાં લોકસંસ્કૃતિ અને લોકસાહિત્યને અનુક્રમે વટવૃક્ષ અને શાખા, સમુદ્ર અને નદી કે પછી અંગ અને ઉપાંગની ઉપમાઓ આપવામાં આવી છે.'[૪૮]

ઋગ્વેદમાં પણ શિષ્ટ તથા સંસ્કૃત માનવના વિચારોનો પરિચય આપતાં શિષ્ટ સંસ્કૃતિનું દર્શન થાય છે. જયારે અંધવિશ્વાસ, જાદુ, કામણ, ટૂમણ, મંત્ર-તંત્ર વગેરેનું ચિત્ર આપતા અર્થવવેદમાં પણ લોકસંસ્કૃતિનું ચિત્ર ઊપસે છે. ઉપનિષદોમાં પણ આત્મા-પરમાત્મા, જીવ-જગત વગેરેનું વર્ણન છે તે અભિજાત સંસ્કૃતિ ગ્રંથ છે. પણ જેમાં લોકજીવનનું વિવરણ છે. લોકવિશ્વાસ અને લોકપરંપરાનો ઉલ્લેખ છે તેમનો સંબંધ લોકસંસ્કૃતિ સાથે છે. આમ 'લોકસંસ્કૃતિ' એ 'ફોકલોર'નો પર્યાય ગણાવી શકાય.

આમ વિવિધ વિદ્વાનો એ આપેલા મતો ઉપરથી એટલું તો ચોકકસ કહી શકાય કે 'ફોકલોર' એટલે 'લોકવિદ્યા', લોકવિદ્યા એટલે જનવિદ્યા, લોકવાર્તા, લોકયાન, લોકસંસ્કૃતિ, લોકકથા, લોકશાસ્ત્ર વગેરે પર્યાયો છે. જેમાં એકંદરે બધા જ શબ્દોના મૂળમાં 'ફોકલોર' રહેલું છે. તેથીજ તો લોકસાહિત્જ્ઞ હસુભાઈ યાજ્ઞિક કહે છે કે લોકવિદ્યા કોઈપણ સમાજના કોઈપણ પેટા એકમના જીવનને ઘડનારું એક બળ છે. જેના વડે કૌટુંબિક અને સામાજિક જીવનને નવો આકાર આપી શકાય છે. લોકજીવનનું આગવું અંગ છે. લોકજીવનમાં રહેલી કલા-કસબ, માન્યતા-રૂઢિ, ઉત્સવો-મેળાઓ, રમત-ગમત, વિધિ-વિધાન, વ્યવસાય-ઓળખ, ધર્મ-શ્રધ્ધા આદિઓને લોકવિદ્યા જ તાણાવાણાની જેમ વણી લે છે. તેથી જ કદાચ, લોકજીવનની વાર્તા, સંસ્કૃતિ, કથા, શાસ્ત્ર, આદિને લોકવિદ્યાના પર્યાય તરીકે ગણાવાયા હશે. આ બધાના મૂળમાં લોકવિદ્યા (FOLK LORE) રહેલું છે.

## ૨.૪ 'લોકવિદ્યા'ની વ્યાખ્યા

લોકસાહિત્ય, લોકસંગીત, લોકનાટ્ય, લોકનૃત્ય, લોકચિત્રકલા, લોકસ્થાપત્ય કે ગૃહનિર્માણ, લોકરંજક કલાઓ અને લોકકસબો વગેરે જે કંઈ લોકજીવન સાથે પરંપરાગત રીતે સંકળાયેલું છે તેને લોકવિદ્યા (FOLKLORE) કહેવામાં આવે છે. એમાં કહેવતો, બોલીનાં ઉદ્ગારો, લઢાણો, મંત્રતંત્ર, ડોશીવૈદુ, ભરતગૂંથણ, લીંપણગૂંપણ, નટ-બજાણિયા, મદારી તથા કઠપૂતળીવાળાના ખેલ, ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલી પરંપરાઓ, લોકમાનસને વ્યક્ત કરતી માન્યતાઓ અને કારણ-વારણની અનેક વિધિઓ એમ અનેક બાબતોનો સમાવેશ લોકવિદ્યામાં થાય છે.

'ફોકલોર' નો અર્થ લોકસંપદા છે, લોક જીવનની સામગ્રી છે, તેનો અભ્યાસ કરવાનું શાસ્ત્ર નહીં, આથી તો અંગ્રેજીમાં સર્વત્ર 'Study of folklore' અથવા 'folklore study' એવો જ પ્રયોગ થાય છે. જેમાં સુસ્પષ્ટ જ છે કે તે લોકસંપદા છે તેનો 'ફોકલોર' નો અભ્યાસ 'લોર'ના પર્યાય તરીકે ગુજરાતીમાં 'વિદ્યા' તરીકે જ પ્રયોજાયો છે. પુરાકથાશાસ્ત્ર સાથે એનો સંબંધ જોડાયો. આ બધા જ અભ્યાસોના અંતે સમજાયું કે ધાર્મિક-નૈતિક ધોરણો

અને ગૃહીતોથી મુક્ત એવું લોકહૈયું એમની પરંપરાગત વિદ્યાઓમાં ધબકે છે. એમાંજ લોકજીવનની ખરી વાસ્તવિક સંસ્કૃતિ આવિષ્કૃત પામેલી છે.

'લોકવિદ્યા' માનવજીવન સાથે એટલી તો વ્યાપક છે કે તેનો સીધો સંબંધ નૃવંશશાસ્ત્ર, પુરાકથાશાસ્ત્ર, જાતિગત મનોવિજ્ઞાન, ભાષાશાસ્ત્ર અને સમાજવિદ્યા સાથે છે. એમાંથી લોકજીવનની સંસ્કૃતિ પ્રગટે છે. લાંબા સમય સુધી એવો ભય સેવાતો રહ્યો કે આદિવાસી અને ગ્રામીણ સમાજનું પણ નાગરિકીકરણ થઈ રહ્યું છે અને એવા નાગરિકીકરણનો પણ અંતે વૈશ્વિકીકરણ થઈ રહ્યું છે ત્યારે વર્તમાન સમાજમાં એક નવીજ છબી પ્રગટી રહી છે. નવી ઓળખ ઊભી થતી જાય છે. જીવનશૈલી બદલાતી જાય છે. કેટલીક પરંપરાઓ લોપ પામતી જાય છે. કેટલીક પરંપરા નવી સ્થપાતી જાય છે. છતાં 'લોકવિદ્યા' દ્વારા પરંપરાને ટકાવી રાખવાના પ્રયાસો થતાં જ આવ્યા છે. આવી 'લોકવિદ્યા'ની કેટલીક વ્યાખ્યાઓ નીચે પ્રમાણે છે.

'લોકવિદ્યા'ના મૂળમાં 'લોક' છે. એ પછી આદિવાસી, ગ્રામીણ કે નાગરિક કોઈપણ ક્ષેત્ર હોય એના મૂળમાં પણ 'લોક' છે. 'લોક' એટલે વ્યાવર્તક એવું પ્રજાજૂથ એમની ઓળખ. અને 'વિદ્યા' એટલે 'જ્ઞાન' જે જ્ઞાન જાતિમાં, જ્ઞાતિમાં, પ્રદેશમાં, ધર્મમાં, ધંધામાં, સામાજિક-આર્થિક વર્ગમાં આ સર્વમાં 'લોક' અને 'જ્ઞાન' વણાયેલા છે. એલન મેકફેલે 'ફન્ડામેન્ટલ્સ ફોકલોર' માં વ્યાખ્યા આપતા કહ્યું છે કે- 'ફોક' અને 'લોર' એ સમકાલીન રંગ વિદ્યા છે. સમયની સાથો-સાથ તેમાં અવનવી સર્જનપ્રક્રિયા ચાલતી જ રહી અને આ લોકવિદ્યાનું પાર્ણ વધારે લીલું બન્યું.'[૪૯]

જેમ-જેમ લોકવિદ્યા શાસ્ત્રના અભ્યાસ નિમિત્તે સર્વેક્ષણ થતાં ગયાં, અભ્યાસ હાથ ધરાતા ગયા, એનું દસ્તાવેજીકરણ થતું ગયું તેમ-તેમ સ્પષ્ટ થતું ગયું કે 'લોક' કેટલીક સમાનતાથી સંકળાયેલો અને કેટલીક મહત્ત્વની સમાન એવી વિભાવના, જીવનદૃષ્ટિ તથા જીવનશૈલી ધરાવતો એકમ બન્યો. કોઈપણ બાબત કે વ્યક્તિસમષ્ટિને જોડતી એક પ્રક્રિયા એ પ્રક્રિયાનાં અંગો એટલે 'ફોકલોર'.

બ્રુનવાન્દ 'ફોકલોર' વિષે જણાવે છે કે 'ફોકલોર' ને બદલે 'હોમીનોલોજી' પ્રયોજયું પરંતુ એમ કરતાં તે પણ Anthropology નો જ સમાનાર્થી પર્યાય બને.'[૫૦] 'ફોકલોર'થી એન્થ્રોફોલોજી જેમ માનવની વંશીય ઉત્ક્રાંતિને એના ઈતિહાસને ઉકેલવાનો હેતુ નથી. એમના આ વિધાનને ઉચિત ન ગણાતા લોર એટલે પરંપરાગત વિદ્યા જ રહ્યું. આથી લોર એટલે વિદ્યા. જ્ઞાન અને કૌશલ્ય એ પર્યાય પણ સંદિગ્ધ છે. આથી ફોક-કલ્ચર એવો પર્યાય પ્રયોજવાનું વિચારાયું તો તેમાં પણ કેટલીક વિસંગતા રહે.

લોકવિદ્યા શાખાના ઘણાખરા અભ્યાસીઓએ ફોકલોર ને જ સ્વીકૃત પર્યાયો માન્યા. અને તે સાર્વત્રિક રીતે સ્વીકારાયા પણ ખરા. આરંભે 'ફોક'નો અર્થ 'Tribal' જ હતો. તે વિસ્તરીને 'રૂરલ' બન્યો તે રીતે હવે તેને 'અરબન' માટે પણ પ્રયોગ થઈ શકે. અને તેને સ્પષ્ટ કરતાં The Study of American Folklore માં જે.એચ.બ્રુન્વાન્દ કહે છે કે 'લોક એટલે કંઈ ગ્રામીણ એવી પરંપરાને અનુસરતા લોકોનો વર્ગ નથી. જે કોઈ જૂથને સ્પષ્ટ એવી મૌખિક પરંપરા છે. એવા દરેક જૂથનો પર્યાય 'લોક'માં છે.'[૫૧]

લોકવિદ્યા નો જે પરંપરાગત અર્થ છે. તેમાં શબ્દમાં માધ્યમે મુખ દ્વારા પરંપરિત રહેતા જ્ઞાન અને કોઈ પ્રદેશનું અનુકરણ કરીને તેના જેવો બીજો પદાર્થ બનાવવાના કલા-કસબના કૌશલ્યોના સમાવેશ થાય છે. તેથી જ લોકવિદ્યામાં લોકકથા, પુરાકથા, દંતકથા, લોકગીત, લોકમહાકાવ્ય, વીરગાથા, કહેવત, ઉખાણા જેવી વાણીરૂપ અભિવ્યક્તિઓનો અને કલા-કસબના કૌશલ્યમાં લોકનાટ્ય, લોકસંગીત, લોકનૃત્ય, લોકરીત-રિવાજ, લોકકસબ, લોકશિલ્પ, સ્થાપત્ય વગેરેનો સમાવેશ થાય છે. આમાં જ સામાજિક, ધાર્મિકવિધિ, ઉત્સવ, મેળાઓ, ધારણાઓ, વહેમો, માન્યતાઓ, વિધિનિષેધો લોકવૈદું ઈત્યાદિ બાબતો પણ એમાં આવે છે. આ માટેની કઈ-કઈ લોકવિદ્યાઓ આપણે ત્યાં છે. કઈ-કઈ જાતિઓમાં કેવી-કેવી ગતિવિધિ છે. કયાં એના મૂળ છે. કયાં કેટલું પરિવર્તન આ બધું જ દષ્ટિમાં રાખવું જરૂરી છે અને આવું બને તો જ 'લોકવિદ્યા' ને સમજી શકીશું.

આ દષ્ટિએ વિચારતાં પ્રથમ નોંધપાત્ર બાબત એ છે કે કલા-કસબને પહેલા જે

સ્થાન હતું જેનો સંબંધ ગતકાલીન શૈલી સાથે હતો તે સાંપ્રત સમયમાં લુપ્ત થયો છે. પરંતુ એમાં વર્તમાન કાળની જીવનશૈલી કેટલીક પ્રેરણાસ્રોત બાબતો ઉપકારક બની છે. આનું મૂળ લોકપરંપરા છે. (લોકવિદ્યા)

લોકવિદ્યાના અભ્યાસીઓનું એક એવું તારણ હતું કે મોટી પરંપરામાં છોટી લુપ્ત થાય છે. અને તેમાંથી અંતે વૈશ્વિકનો જન્મ થાય છે. આજે વૈશ્વિકના ધોરણે તપાસીએ તો પણ 'લોકવિદ્યા'માં સંમિશ્ર ભાવના વ્યાપેલી દેખાય છે. આવા લોકવિદ્યાનાં ઘણાખરાં અવતરણો નીચે મુજબ છે.

- 'ફોકલોર' એટલે લોકજીવનની વિદ્યા અથવા લોકવિદ્યા. શ્રી ઝવેરચંદ મેઘાણી 'ફોકલોર માટે લોકવિદ્યા શબ્દ આપે છે. તે માત્ર 'ફોકલોર' નું શાબ્દિક ભાષાંતર છે. 'વિદ્યા' શબ્દનો અર્થ જ્ઞાન મેળવવું એવો થાય છે. અંગ્રેજીમાં તેને Knowledge, Learning Lore અને Science શબ્દો મળે છે. પરંતુ 'વિદ્યા' શબ્દ એ સૌથી વધુ વ્યાપક અર્થમાં પ્રયોજાયો છે.'[૫૨]
- પ્રો. શ્રી પુષ્કર ચંદરવાકર લોકવિદ્યા વિશે પોતાનો મત દર્શાવતા કહે છે કે, 'લોકવિદ્યા માટે લોકશાસ્ત્ર શબ્દ સૂચવવા જતાં લોકશાસ્ત્રમાં લોકસમુદાયના સાહિત્ય, સંસ્કૃતિ, કલા અને અન્ય વિદ્યાઓનો સમાવેશ થઈ જાય છે. આ 'ફોકલોર' માટે લોકશાસ્ત્ર શબ્દ વિશેષ યોગ્ય, અર્થદાન અને ધારદાર કહી શકાય.'[૫૩]
- પ્રિયકાન્ત પરીખના શબ્દોમાં જોઈએ તો 'કોઈપણ વૈશ્વિક સ્વરૂપ જેટલી જ લોકવિદ્યા વિશ્વવ્યાપી છે. કોઈ દેશ એવો નથી, કોઈ લોક એવો નથી, કોઈ સંસ્કૃતિ એવી નથી, કોઈ ભાષા કે બોલી એવી નથી જ્યાં 'વિદ્યા' શબ્દ ન હોય.'[૫૪]
- શ્રી શ્યામ પરમાર, ડો. સત્યેન્દ્ર, શ્રી વાસુદેવ અગ્રવાલ વગેરે 'ફોકલોર'નો હિન્દી પર્યાય 'લોકવાર્તા' અર્થ કરે છે. અગ્રવાલના આ પર્યાય યોજવા

પાછળ વૈષ્ણવ સંપ્રદાયના ગ્રંથોની અસર છે.

- ડો.કૃષ્ણદેવ ઉપાધ્યાય 'લોકવિદ્યા' વિશે લખે છે કે- 'ફોકલોર' હીનયાન, મહાયાન વગેરે શબ્દોનું અનુકરણ કરી આવ્યો છે. તેનાથી જનસમાજના ધર્મને બોધ થાય છે. પરંતુ એની રહેણી-કહેણી, રીતરિવાજ, અંધવિશ્વાસ, પરંપરા અને પ્રયાસોનો નિર્લેપ થતો નથી.'[૫૫]
- ડો. શંકરલાલ યાદવના કથન પ્રમાણે 'ફોક' શબ્દમાં સભ્યતાથી દૂર રહેનાર પૂરી જાતિનો નિર્દેશ થાય છે. પણ 'ફોકલોર'ના સંદર્ભમાં 'ફોક'નો અર્થ અસંસ્કૃત એવો થાય છે. ફોક શબ્દની ઉત્પત્તિ અંગ્રેજી શબ્દ 'ફોક' માંથી થયેલ મનાય છે. જર્મનભાષામાં તેને 'વોક' કહે છે. અંગ્રેજીમાં તેને એક બાજુ અસંસ્કૃત જાતિ અને સમાજ માટે વર્ણવિ છે તો બીજી બાજુ સર્વસામાન્ય લોકો માટે પ્રચલિત છે.'[૫૬]

ડો. ભોલાનાથ તિવારીએ 'ફોકલોર' માટે લોકશાસ્ત્ર, લોકવિધાન, લોકપરંપરા, લોકપ્રતિભા, લોકપ્રવાહ, લોકપદ્ય, લોકસંગ્રહ, લોકકથન વગેરે શબ્દો સૂચવ્યા છે.'[૫૭]

- ડો.સત્યેન્દ્ર 'લોકવિદ્યા' વિશે જણાવે છે કે 'લોક ભૂતકાળમાં હતો, વર્તમાન છે, અને ભવિષ્યમાં હશે જ. આમ લોકશાસ્ત્ર એટલે આપણા સૌનું લોકશાસ્ત્ર આપણા સૌની આખાય વિશ્વની લોકવિદ્યા ટૂંકમાં જગત અને જીવનની વિદ્યા એટલે જ લોકવિદ્યા.'[૫૮]

ભારતીય વિદ્વાનોના મતે લોકવિદ્યાની વિધ-વિધ વ્યાખ્યાઓ જોયા પછી કેટલાક પશ્ચિમના વિદ્વાનોના મતો તપાસીએ.

- ડબલ્યુ.જે.થોમસના શબ્દોને જોઈએ તો, તેમણે 'એથેનિયમ' નામના સાપ્તાહિકના તંત્રીને પત્ર લખ્યો હતો. પત્રનો મૂળ ઉદ્દેશ તો સૂચવવામાં આવેલા વિષયની ચર્ચા માટે આપવામાં આવે અને તેને માટે 'એથેનિયમ'માં થોડી જગ્યા રાખવામાં આવે એવી વિનંતી પણ કરી હતી. પણ એ વાત

લખતાં લખતાં પ્રસ્તુત વિષય માટે પોપ્યુલર એન્ટીકિવટીજ કે 'વોકલ્સ કુન્દે' જેવા શબ્દો વાપરવામાં આવે છે. તેની શરૂઆતમાં ફોકલોર (વોકલોર) શબ્દ વાપરવામાં આવે તો તે વધુ સાર્થક ગણાશે. એમ તેમણે સ્પષ્ટ કર્યું અને તંત્રીને લખ્યું કે- 'તમારા પત્રનાં પાનાં જોતાં તમને, આજે ઈંગ્લેન્ડમાં જેને આપણે 'પોપ્યુલર એન્ટિકિવટીજ' કે 'પોપ્યુલર લિટરેચર' કહીએ છીએ તેમાં ઘણો રસ છે. એની સાબિતી મળે છે. હકીકતે આ સાહિત્ય ન હોતાં વિદ્યા છે ને યોગ્ય નામાભિધાન તો સેકશન ભાષાનો સામાજિક શબ્દ 'ફોકલોર' લોકોનું વાઙ્મય એ ગણાય. આમ લખ્યા પછી કૌસમાં 'બાય ધ બાય' લખેલું જે જગપ્રસિદ્ધ નામ બની ગયું.'[૫૯]

આમ આડકતરી રીતે લખાયેલું તંત્રીને આપેલું સૂચન સૌને ગમ્યું અને એક નવો શબ્દ મળ્યો. આ પહેલા યુરોપમાં 'એન્ટિકિવટીજ' ના નામે 'લોકવિદ્યા'માં સંશોધનો થતા હતા. જર્મનીમાં ગ્રિમ બંધુઓએ લોકકથાઓના સંપાદનો કરીને એક નવી કેડી ચીતરી હતી. તેથી જ તો ગ્રિમ બંધુઓને લોકવિદ્યાના આરંભિકો ગણાવાય છે.

ત્યારબાદ આવા અનેક સંશોધનો થવા લાગ્યાં ગ્રિમ બંધુઓ આ વિષયને 'વોક કુન્દે' તરીકે અને કેટલાક વિદ્વાનો 'પોપ્યુલર એન્ટિકિવટીજ' તરીકે ઓળખાવતા પણ વિલિયમ જહોન થોમસે ૧૮૪૬માં 'ફોકલોર' શબ્દ પ્રયોજયો ત્યારથી જગત આખામાં આજ શબ્દ પ્રયોજાતો આવ્યો. એ જ શબ્દનો પ્રયોગ સભ્ય દેશોની સાધારણ જનતામાં પણ પ્રચલિત પ્રથાઓ, રીતરિવાજો અને અંધવિશ્વાસનો અભ્યાસ દર્શાવવા માટે થવા લાગ્યો.

એગ્લોસેકશન ફોકલોરની વ્યાખ્યા આપતાં જણાવે છે કે, 'ફોક' પરથી અંગ્રેજી 'ફોક' અને જર્મન 'વોક' શબ્દો ઉતરી આવ્યા છે. વળી તેમણે 'ફોક'ને સમજાવતાં જણાવ્યું છે કે 'ફોક'ના બે છેડાના બે અર્થો છે. એક આદિમ સમાજ કે સામાન્ય સંસ્કૃત સમાજ, બે સભ્ય રાષ્ટ્રોની સમગ્ર જનતા આમ જોતા એક બાજુથી અસભ્ય કે અવિકસિત માટે આ શબ્દ પ્રયોજાય તો બીજી બાજુ સમગ્ર કે વિકાસમાન રાષ્ટ્ર માટે.'[૬૦]

પ્રો.ચાઈલ્ડ એ 'ફોકલોર' શબ્દ અસંસ્કૃત લોકના અર્થમાં વાપર્યો છે તો જર્મન વિદ્વાન વિલ્હેમગ્રીમ તથા ફેડલગ્રીમ 'ફોક' સર્વથી તેનો અર્થ 'આદિમ સભ્યતાના ભાવ'ને પ્રગટ કરે છે. વળી બીજો અંગ્રેજી 'લોર' જે 'લાર' પરથી આવ્યો છે. તેનો અર્થ શીખવવું વિદ્યા કે જ્ઞાન જેવો થાય છે.'[૬૧]

ઉપરોક્ત નાનાવિધ વ્યાખ્યાઓને ધ્યાનકેન્દ્રિત કરતા એટલું તો ચોકકસ કહી શકાય કે 'લોકવિદ્યા' એ અંગ્રેજી 'ફોકલોર' નો પર્યાય છે. 'લોકવિદ્યા' આજે પણ પ્રત્યેક આધુનિક સમાજમાં સ્થાન કે અસ્તિત્ત્વ ધરાવે છે. આજે પણ કાર્યરત રહેલું છે. સમાજ પોતે જ લોકવિદ્યારૂપી મહાલય છે. જેની ઈંટ તે આવા 'લોક' એકમો છે.'[૬૨] આ ઈંટથી જ નાના મોટા ગવાક્ષો અને ખંડો રચાય છે. એ દ્વારા જ સમાજરૂપી મહાલય રચી શકાય છે. એ અર્થમાં પણ સમાજ એ એવો મહાલય છે જેને સંપૂર્ણ જમીનદોસ્ત કરીને નવેસરથી કયારેય ચણી ન શકાય, એનું સમારકામ ને ઉમેરણ કરી શકાય અને આજના સંદર્ભે આ બાબતને સ્પષ્ટ કરવી હોય તો સાંપ્રતમાં ચાલતી 'લોકવિદ્યા' ને કેન્દ્રમાં રાખવી પડે. આજે લોકવિદ્યાની બધીજ કલાઓમાં સંમિશ્રણની પ્રક્રિયાનો આરંભ થઈ ચૂકયો છે. પરિવર્તન અને સ્વીકારની પ્રક્રિયા હવે ટી.વી. અને કોમ્પ્યુટર જેવી ઈલેકટ્રીક મીડિયાને કારણે વિશેષ સંમિશ્રણો થયાં છે. વિવિધ પ્રદેશ કે વિસ્તારોમાં વિવિધ બોલીઓને કારણે સામાજિક, ધાર્મિક, રાજકીય, આર્થિક, બધી જ પરંપરાઓ પરિવર્તનશીલ બની છે. આજે ભારતમાં સોમનાથથી માંડીને કલકત્તા અને કાશમીરથી કન્યાકુમારી સુધી પારસ્પરિક સંબંધો પરિવર્તન પામ્યા છે. લોકગીત, લોકસંગીત, લોકનૃત્યો, વિવિધ પ્રકારનાં ધાર્મિક અને સામાજિક વિધિ-વિધાનો ઉત્સવો આદિ સર્વ જાણીતાં બન્યાં. અને સહુ કોઈને અનુકૂળ અને આકર્ષક હોય એવાં પરિવર્તનો સ્વીકાર્યાં છે. આવી પરિવર્તનશીલ પામતી લોકવિદ્યાઓ જ સાંપ્રત સમયમાં આધિપત્ય ધરાવે છે. જે નીચેની કેટલીક વ્યાખ્યાઓમાંથી સાબિત કરી શકાય છે.

- લોકવિદ્યાએ પરંપરાનું વિજ્ઞાન છે.

- લોકવિદ્યા એ સંસ્કાર પરંપરા છે અને તેની સામગ્રીઓ એ અતીતના સ્મૃતિ સંસ્કારો છે.
- લોકવિદ્યા એટલે મૂળ પરંપરાથી કે રીત-રિવાજોથી પરંપરાગત ઊતરી આવેલી સામગ્રી અને તે અંગેની બધી જાણકારી વિદ્યા. ***-આર્ચર ટેલર***
- કેટલાંક સભ્યોનું બનેલું જૂથ અમુક સમય સુધી સાથે રહે અને પરસ્પર સીધેસીધી વાતચીત કરી શકતાં હોય તેમજ કોઈ શેરીના નાકે કે કોઈ ફેક્ટરીમાં એકત્રિત થતાં જૂથને લોકવિદ્યા કહે છે. ***-મારીયા લીચ***
- લોકવિદ્યાનો શાબ્દિક અર્થ અસંસ્કૃત લોકોનું જ્ઞાન ***-પ્રહલાદ પટેલ***
- લોકવિદ્યા એ આદિમાનવની અભિવ્યક્તિ છે. પછી એ દર્શન, ધર્મ, વિજ્ઞાન કે વેદકીય ક્ષેત્રમાં થઈ હોય અથવા કોઈ બૌદ્ધિક પ્રદેશમાં વિકસી હોય આ લોકવિદ્યાને ત્રણ વિભાગમાં વિભાજિત કરી શકાય. (૧) લોકવિશ્વાસ અને પરંપરાઓ (૨) રીત-રિવાજ અને પ્રથા (૩) લોક સાહિત્ય.***-સોફિયા બર્ન***

## ૨.૫ લોકવિદ્યાનું વર્ગીકરણ

લોકવિદ્યાની સમજ, ‘લોક’ શબ્દોના વિવિધ અર્થો, લોકવિદ્યાના પર્યાયો અને ‘લોકવિદ્યા’ની કેટલીક વ્યાખ્યા જોયા પછી ‘લોકવિદ્યા’નું વર્ગીકરણ તરફ જવું વધારે જરૂરી બને છે. ‘લોકવિદ્યા’ એ એક એવું તત્ત્વ છે જે ડગલે ને પગલે પોતાનું સ્થાન ધરાવે છે. લોકવિદ્યા પોતે જ લોકજીવન જેટલી જ વ્યાપક છે, વિશદ છે, બહુપરિમાણી છે. એટલે તો પુરાતત્ત્વ, નૃંવશવિજ્ઞાન, મનોવિજ્ઞાન, દર્શનશાસ્ત્ર, સમાજવિદ્યા એમ વિવિધ દષ્ટિબિંદુએ જ જોઈ- તપાસી શકાય. આ ભિન્ન-ભિન્ન શાખાઓના અભ્યાસીઓએ પોતાના અભ્યાસ વિષયના ક્ષેત્રમાં રહીને એનો અભ્યાસ કર્યો એ પછી જ લોકવિદ્યાના વિવિધ પ્રકારો અને તે પાછળના જનમાનસનો યત્કિંચિત પરિચય મળ્યો.

હજારો વર્ષોથી અરણ્યમાં વસતા આદિમાનવથી આરંભીને આજપર્યંતના માનવ સમાજની એક આગવી વિશેષતા એ છે કે એક તરફથી તે વૈજ્ઞાનિક સંશોધન (આધુનિક

ટેકનોલોજી) ની શોધ કરી છે તો બીજી તરફથી અતીતના અધ્યયન દ્વારા માનવ સભ્યતા અને સંસ્કૃતિના મૂળ સુધી પહોંચવા ભગીરથ પ્રયત્ન કરે છે. સંસ્કૃતિના મૂળ સુધી પહોંચવાની તેની અદમ્ય ઈચ્છાને કારણેજ ભિન્ન ભિન્ન શાખાઓ અસ્તિત્ત્વમાં આવી તેમાંની એક મહત્ત્વની વિદ્યાશાખા તે લોકવિદ્યા છે. આવા લોકવિદ્યા પ્રકારને જુદાં-જુદાં વર્ગીકિરણોમાં આલેખ્યા છે.

લોકવિદ્યા લોકશાસ્ત્ર માટે ફોકલોર' અંગ્રેજી શબ્દ વધારે પ્રચલિત બન્યો. 'લોર' શબ્દના પર્યાય તરીકે ઓગણીસમી સદીના ઉત્તરાર્ધથી પશ્ચિમના વિદ્વાનોની ઠીક-ઠીક ચર્ચાઓ થયેલી છે. આપણે ત્યાં પણ વીસમી સદીથી લોકવિદ્યાની ચર્ચાઓ થઈ. ઈ.સ.૧૯૪૬માં ઈંગ્લેન્ડનાં પુરાતત્ત્વવિદ વિલિયમ જોન થોમસે. ફોકલોર શબ્દને પ્રચલિત કર્યો ત્યારે આવા 'ફોકલોર' આપણા ભારતીય વિદ્વાનોએ પણ તેનો સ્વીકાર કર્યો[૬૭] 'ફોકલોર'ના પર્યાય તરીકે ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ, કૃષ્ણદેવ ઉપાધ્યાય, ડૉ. સુનીતિકુમાર ચેટરજી, ઝવેરચંદ મેઘાણીએ ચર્ચાઓ કરેલી છે.[૬૪] જેમાં લોકવાર્તા, લોકયાન, લોકસંસ્કૃતિ અને મેઘાણી જેવા એ જનવિદ્યા કે જનવાર્તા એવા શબ્દો સૂચવ્યા છે. પરંતુ એ 'ફોકલોર' માટે 'લોકવિદ્યા' શબ્દ જ વધારે યોગ્ય લાગે છે. આવી લોકવિદ્યા એટલે લોકોની વિદ્યા, લોકોનું શાસ્ત્ર, લોકનો અર્થ જેટલો વિશાળ અને વ્યાપક છે. એટલું જ લોકવિદ્યાનો ક્ષેત્રફલક પણ વિશાળ અને વ્યાપક છે. સામૂહિક અર્થમાં વપરાતા 'લોક'માં તો આખું જગત અભિપ્રેત થયેલું છે. પણ લોકવિદ્યાનો અર્થ મર્યાદિત બની જાય છે. માનવજીવન પ્રાચીન સમયથી અનેક પરિવર્તનો સાથે જ આજ સુધી પહોંચ્યું છે. એની સાથે જોડાયેલો માનવસમાજ, એ માનવજીવનમાંથી જ ઘણું-ઘણું સર્જન પામ્યું અને આગળ વધ્યું છે. કેટલુંક ભૂંસાઈ પણ ગયું છે કેટલુંક નવીન ઉમેરણ પણ થતું રહ્યું છે. લોકસમાજના આ સહિયારા સર્જનયાત્રાની સાથે જે લોકજીવનમાં ઉમેરાયું તે જ લોકવિદ્યાનું કાર્યક્ષેત્ર છે. આદિમકાળથી આજ સુધીના સમયમાં જે કાંઈ આપ્યું અને ગયું કે ટક્યું તે પણ લોકવિદ્યાનો જ એક અંશ માનવામાં આવે છે. આવી લોકવિદ્યાને વર્ગીકૃતની દૃષ્ટિએ નિહાળ્યે.

લોકવિદ્યાના ઉપાસકોએ અભ્યાસની સરળતા ખાતર લોકવિદ્યાને નીચે મુજબ વર્ગીકૃત કરી છે.

Folc-Lore

↓

ફોક-લોર

↓ ↓

વોક કુન્દે ફોકલાઈફ[૬૫]

ડૉ. અમૃત પટેલ 'લોકવિદ્યા' શબ્દનો ઉપયોગ બે રીતે દર્શાવે છે.

૧. લોકોની વણલખાયેલી પરંપરાની લોકવ્યાપી સામગ્રી, જેનો સાહિત્યમાં સમાવેશ થતો નથી તે.

દા.ત. લોકકથા, રિવાજ, જાદુમંતર, પૂજા-અર્ચના આદિ.

૨. આ સામગ્રી કે ઉપાદાનોનો વૈજ્ઞાનિક અભ્યાસ. એટલે કે સામગ્રી અને અભ્યાસ આ બંને માટે 'લોકવિદ્યા' શબ્દ પ્રયોજાય છે.

ડૉ. હસુભાઈ યાજ્ઞિક લોકવિદ્યાના વિભાગોમાં 'લોકવિદ્યા'ના મુખ્ય પ્રકારોમાં નીચે મુજબ ને ગણાવે છે.

૧. લોકસાહિત્ય : Folk Literature

૨. લોકસંગીત : Folk Music

૩. લોકનાટ્ય : Folk Drama

૪. લોકનૃત્ય : Folk Dance

૫. લોકસ્થાપત્ય : Folk Architecture

૬. લોકવસ્ત્રાભૂષણ : Folk Costume

૭. લોકકલા : Folk Art, ચિત્રકલાદિ

૮. લોકકસબ : Folk Crapt

૯. લોકમનોરંજન : Folk Recreation

૧૦. લોકમાન્યતા : Folk Belief[69]

ઉપરોક્ત લોકવિદ્યામાં કલા અને કસબના પ્રકારો છે. તેમાં વાણી, શરીર અને પદાર્થોનો પ્રયોગ થાય છે અને તેને આધારે સૂક્ષ્મ કે ભૌતિક એવી બંધાયેલી આકૃતિનું રૂપ, કૃતિ કે પદાર્થરૂપે પ્રાપ્ત થાય છે. લોકસાહિત્યની લોકવિદ્યામાં માધ્યમ વાણી છે, જે સાહિત્યનું પણ છે. એ જે પદાર્થ આપે છે. તે અભૌતિક છે, શ્રવ્ય છે. લોકસંગીતનું માધ્યામ સૂર છે. અને તેમાં વિવિધ સાધનોનો ઉપયોગ સ્વર અને તાલ મેળવવા થાય છે. લોકવિદ્યા અંતર્ગત લોકસંગીતનો હિસ્સો મોટો છે. લિખિત કે શિષ્ટ એવા સાહિત્યમાં ઋતુગીત, મુકતકો, બારમાસી, પદ, ધૂન, આખ્યાન, મહાકાવ્ય જેવાં સ્વરૂપો આવ્યાં છે અને સંગીતમાં હોરી, કજરી જેવા ગાન પ્રકારો આવ્યા તેના મૂળમાં પણ લોકસાહિત્ય અને લોકસંગીત છે.

પ્રશિષ્ટ પ્રવાહમાં નાટક, નૃત્ય આદિનો વિકાસ થયો એના મૂળમાં પણ લોકવિદ્યાની સામગ્રી જ છે. સર્વસામાન્ય વ્યાપક એવો ભ્રમ છે કે રામાયણ, મહાભારત અને કૃષ્ણકથાની કંઠ-પરંપરા લિખિતની અનુગામી અને ઉપજીવી છે. લિખિતમાં જે હતું તે સાંભળીને નિરક્ષર અને ગ્રામીણ લોકોમાં આ કથાઓ કહેવાતી થઈ હકીકત એવી જુદી છે. કંઠ-પરંપરાનું જ પ્રશિષ્ટીકરણ થાય છે અને લિખિતરૂપ બંધાય છે, આજ તો લોકવિદ્યાની ખૂબી છે.

લોકસ્થાપત્ય અને લોકકસબની લોકવિદ્યાઓનો સંબંધ લોકજીવનની ભૌતિક જરૂરત સાથે છે. દરેક સમાજે એના આરંભકાળથી જ ગુફાવાસ અને ગૃહવાસના પ્રારંભિક તબકકે જ આ લોકવિદ્યાનો વિકાસ કર્યો છે. એમાંથી જ કુંભાર, લુહાર, સુથાર, કડિયા, સલાટ, વણકર, છીપા, માછીમાર જેવા અનેક વ્યાવસાયિકોએ કુળધર્મરૂપે જ લોકવિદ્યાનો વિકાસ કર્યો. એમાં કોઈ શાસ્ત્ર નથી કે કોઈ અભ્યાસ નથી. એમાં કોઈ શૈક્ષણિક તાલીમ નથી. પરંપરાગત લોકવિદ્યાઓ વ્યાવસાયિક વંશજોને તેની આનુવંશિક સૂઝમાંથી અને અનુકરણમાંથી મળે છે.

લોકભરતગૂંથણ અને લોકવસ્ત્રાભૂષણ જેવી લોકવિદ્યાઓમાં પણ કોઈ ભૌતિક પદાર્થમાં થયેલા કૌશલ્યનું ઉમેરણ છે. વસ્ત્રાભૂષણ, લીંપણ-ગૂંપણ- ઓળિપો, ભરતગૂંથણ આદિ કલાઓ વિશેષત: સ્ત્રીઓના સામૂહિક સમુદાયની આ લોકવિદ્યા છે. આવી લોકવિદ્યાઓમાંથી દરેક જાતિ, કોમ જ્ઞાતિની પોતાની વિશિષ્ટ ઓળખ મળે છે.

લોકમાન્યતા સાથે સંકળાયેલી સંસ્કાર વિધિઓ મંત્રતંત્ર, કામણ-ટૂમણ, ટુચકા, ઓસડિયા કે શ્રદ્ધા અને વહેમો જેવા પણ લોકમાનસને ઘડનારા લોકવિદ્યાના જ પેટા પ્રકારો છે.

આમ ઉપરોક્ત લોકવિદ્યાના પ્રકારોને બે વિભાગમાં વહેંચી આપ્યા છે. (૧) સર્વસામાન્ય એવી લોકવિદ્યા (૨) વ્યાવસાયિક પ્રકારની લોકવિદ્યા.[૬૭]

લોકવિદ્યા વિશાળ ફલક પર પથરાયેલી બાબત છે. લોકવિદ્યાનું કાર્યક્ષેત્ર ખૂબ વિશાળ છે. એટલે લોકવિદ્યાશાસ્ત્રીઓએ તેનું વર્ગીકરણ કે વિભાગીકરણ કરવાનો પ્રયત્ન કર્યો છે.

શ્રી કનુભાઈ જાની લોકવિદ્યાના નીચે પ્રમાણેના વિભાગોમાં વહેંચે છે.

૧. લોકોનું ભૌતિકજીવન

૨. લોકોનું સમાજજીવન

૩. વિવિધ લોકકળાઓ

૪. લોકસાહિત્ય[૬૮]

- લોકોના ભૌતિક જીવનને લગતા વિભાગમાં વિવિધ આવાસની રચના, વિવિધ પહેરવેશો, ખાનપાન, અન્નાદિની ટેવો, વિવિધ વ્યવસાયો, રાચરચીલું આદિને લગતો અભ્યાસ અહીં કરવામાં આવે છે.
- લોકોના સામાજિક જીવનને લગતા વિભાગમાં- સમાજ જીવનને લગતા જુદા-જુદા રીતરિવાજો, પ્રણાલિકાઓ, લોકોના જીવનમાં વ્યાપક રીતે વણાયેલા શુકન-અપશુકનના ખ્યાલો, ધાર્મિક વિધિ-વિધાનો, ઉત્સવો, લગ્ન-મરણાદિ ક્રિયાનો અભ્યાસ, ઓસડિયા-મંત્રોનું વૈદુ, સ્વપ્નાઓ, માન્યતાઓ આદિનો સમાવેશ કરી અભ્યાસ કરવામાં આવે છે.
- લોકકલાના વિભાગમાં: ભરત-ગૂંથણ, લોકસંગીત, લોકનૃત્ય, લોકનાટ્ય, લોકચિત્રો, વિવિધ લોકરમતો, લીંપણકલા, ભવાઈ રામલીલા, ગાયન-

વાદનની કલા લોકવસ્ત્રો, લોકાલંકારો, લોકવાદ્યો અને વિવિધ અને વિશેષ શક્તિઓ પ્રગટ કરતી કલા વગેરે ઘણી બાબતોનો સમાવેશ કરી તેનો અભ્યાસ થાય છે.

○ લોકસાહિત્યના વિભાગમાં: શાબ્દિક અને અશાબ્દિક એવા બે પ્રકારો પાડવામાં આવ્યા છે. કથ્ય અને ગેય રૂપો. આ વિવિધ લોક-વિદ્યાને જીવંત બનાવે છે. લોકવાઙ્મય એ લોકવિદ્યાનો મહત્ત્વનો વિભાગ છે. કારણ કે લોકવિદ્યાના આ સિવાયના વિભાગો એટલે કે સમગ્રતયા લોકજીવનનું પ્રતિબિંબ કંઠ અને કહેણીની કળામાં વ્યક્ત થતું હોય છે. અંગ્રેજીમાં આ કળાને ‘ઓરલ આર્ટ’ કહે છે તો ગુજરાતીમાં ‘મૌખિક વિદ્યા કે કળા’ કહે છે. એના મુખ્ય બે વિભાગો પાડી શકાય.

૧. અશાબ્દિક ઉચ્ચારણનો વિભાગ: હર્ષ, શોક વિસ્મય આદિ ધ્વનિઓ, ઢોરને હાંકવાના, ટપારવાના આદિ ધ્વનિઓ, હાલરડામાંનો ‘હા-લો-હા-લો’ને સીદીઓની ધમાલમાંના 'Yopels' જેવા વિશિષ્ટ લલકારો, રબારીની સરજૂ, ભૂવાના ધૂણતી વખતના અવાજો, ઠૂઠવોને અનેક પ્રકારના હોંકારા- ડચકારા- પડકારા આદિ વિધવિધ પ્રકારના ધ્વનિઓના આ વિભાગમાં સમાવેશ કરાયો છે.

૨. શાબ્દિક ઉચ્ચારણનો વિભાગ: શાબ્દિ ને પણ બે પ્રકારમાં વહેંચી દેવાયો છે. (૧) કહેવા માટેની કળા-કથ્ય (૨) ગાવા માટેની કળા-ગેય. આ બંને વિભાગોનું કાર્યક્ષેત્ર બહુ વિશાળ છે.

કથ્યમાં અનેક પ્રકારનાં ટુચકા, કહેવતો, ઉખાણાં અને રૂઢિપ્રયોગોથી માંડીને અનેક પ્રકારની લોકકથાઓનો સમાવેશ કરાયો છે.

ગેયમાં લોકગીત, કથાગીત, જોડકણાં સમસ્યા, દુહો વગેરેથી માંડીને ગરબો-ગરબી, રાસ, ભજન-કીર્તન, ગાથા કે લોકાખ્યાન સુધીના અનેક લોકપ્રકારોનો સમાવેશ કરાયો છે.

આ ઉપરાંત નિયત શાબ્દિ અને અનિયત શાબ્દિ જેવા વિભાગો પણ પાડવામાં આવ્યા છે.

આમ લોકવિદ્યાના વિશાળ વટવૃક્ષની આ વિવિધ શાખાઓ છે. આ ઉપરાંત બીજી કેટલીક શાખાઓ પાડી શકાય. લોકવિદ્યાના વર્ગીકરણ માટે વિદ્વાનોમાં અનેક મતમતાંતરો છે. આ શાખાની અનેક પ્રશાખાઓ પાડી શકાય, અને પાડી છે. આમ લોકવિદ્યામાં સમગ્ર લોકજીવન અને લોકાભિવ્યક્તિનો સમાવેશ થઈ જાય છે. જેમાં લોકમાનસ પોતાના મૌલિક પ્રયોગ અને રીત પરંપરાને પણ અનુસરે છે. આમ ઉપરોક્ત વિભાગો અનુસાર લોકવિદ્યાને વહેંચી શકાય છે.[૬૯] આવી લોકવિદ્યાના વર્ગીકરણને વિગતે ચર્ચા કરવી જરૂરી બને છે.

## ૦ લોકોનું ભૌતિક જીવન

આ વિભાગમાં મનુષ્યનાં જીવન જરૂરિયાતની બધી જ સામગ્રીઓનો સમાવેશ થઈ જાય છે. મકાન, પોશાક, અન્નાદિ, વ્યવસાય, રાચરચીલું આદિ આવે છે. મકાનમાં ગરીબ અને શ્રીમંત બંનેના અથવા તો ગ્રામ્ય અને નગરજીવનનાં મકાનોની બાંધણીમાં કૂબા, ઝૂંપડી, નેસડો, ખોરડા, કાચું મકાન, પાકાં મકાન, બંગલા, ફ્લેટ આદિને સમાવી શકીએ છે. લોકોનું જીવન કેટલું વૈવિધ્યસભર છે. તેની આંકણી એમનાં રહેઠાણો મકાનોમાંથી મેળવી શકાય છે.

લોકવિદ્યાઓનો પ્રત્યક્ષ સંબંધ લોકજીવનની ભૌતિક જરૂરત સાથે છે. દરેક સમાજ એના આરંભ કાળથી જ ગુફાવાસ તરીકે વિકાસ સાધ્યો હતો. આ વિકાસની સાથોસાથ લોકવિદ્યાનો વિકાસ કર્યો. સૌ પ્રથમ શરીરના રક્ષણ અર્થે બનાવેલા ગૃહવાસમાં ધીમે ધીમે ભૌતિક પદાર્થોનો ઉપયોગ કર્યો અને પોતાનાં કૌશલ્યો ઉમેરીને જે પદાર્થોને જીવન ઉપયોગી બનાવ્યા. કુદરતની આપત્તિઓથી મુક્ત થવા વસ્ત્રો આદિ બનાવ્યાં અને અખતરાઓ કરતાં કરતાં ગુફાઓ શોધી અને તેમાંથી ગૃહનિવાસ કર્યો અને તેમાંથી જ આજના આધુનિક પરંપરા અનુસાર અને મકાનો નિર્માણ પામતા ગયાં આમાંથી જ લોકવિદ્યાઓ વિકસી ખાન-પાન અન્નાદિ ટેવોમાં પણ ગરીબ અને શ્રીમંતોની વચ્ચે ભિન્નતા જોવા મળે છે. ગરીબોના રાંધણ

અને અમીરોનાં પકવાનો પણ અભ્યાસનો વિષય બને છે. પ્રદેશ અને જાતિ અનુસારે પણ ખાન-પાન અન્નાદિમાં મોટો તફાવત પડે છે. આ સાથે ભૌગોલિક અને પર્યાવરણનો પણ મોટોભાગ રહેલો છે. પ્રતિકૂળ સંજોગો સામેના સંરક્ષણની દષ્ટિએ પણ લોકવિદ્યા આદિમાં તફાવત જણાય છે. શરીરને અનુકૂળ વાતાવરણ, પરિસ્થિતિને માફક ખાન-પાનની પરંપરા ચાલી આવે છે.

લોકવસ્ત્રાભૂષણ જેવી લોકવિદ્યામાં પણ ભૌતિક પદાર્થોનું ઉમેરણ થાય છે. આદિ કાળથી વસ્ત્રાભૂષણ પરત્વે અવનવા ફેરફારો થતા આવે છે. પહેરવેશ-વેશભૂષા પણ અભ્યાસનો વિષય બને છે. દરેક જાતિ, જ્ઞાતિ અને કોમને પોતાની એક આગવી ઓળખ છે. તેમાં આ લોકવિદ્યાનો હિસ્સો છે. ગુજરાતમાં વિવિધ જાતિઓ અને જ્ઞાતિઓ છે. જેમનાં અલગ અલગ પહેરવેશો છે. આપણે ત્યાં ત્રણ પ્રકારના પહેરવેશો છે. પુરુષો, સ્ત્રીઓ અને બાળકો આ ત્રાણેની પહેરવેશની પ્રકૃતિ અલગ-અલગ છે. વસ્ત્રની જાત, રંગ, કપડાનો પ્રકાર એના પરના ભરત વગેરેથી કણબી, રબારી, ભરવાડ, મેર, મુમના, ખોજા વહોરા, મછીયારા, કોળી, વાઘેર, મિયાણા, ભીલો, જુદા પડે છે. આ તો થઈ ગુજરાતની વાત વિશ્વમાં પણ અનેક જાતિઓ પહેરવેશથી અલગ પડે છે. આ બધાં જ પોતાની વસ્ત્રાભૂષણની આગવી મુદ્રાને કારણે અલગ તરી આવે છે. સહુની જાતિગત લોકવિદ્યા છે. આનો પણ વિગતે અભ્યાસ કરી શકાય.

લોકોના ભૌતિક જીવનમાં વ્યવસાયલક્ષિતા પણ અગત્યની લાક્ષણિકતા છે. ભારતદેશ મુખ્યત્વે ખેતીપ્રધાન દેશ છે. કૃષિપ્રધાન લોકજીવનમાં તો સહુકોઈને પોતાની તાત્કાલિક જરૂરત પૂરતું જ્ઞાન મેળવવું પડે છે. કોઈ ખેડૂત ગાડા કે હળ માટે મોટાભાગનું કામ પોતે કરી લે છે. કોઈ લુહાર કે સુથાર પર આધાર રાખતો નથી. આમ આ નાનું-મોટું લોકજીવનનું કામ ગ્રામજીવનમાં સામાન્ય હતું એમાંથી જ મોટાભાગના લોક વ્યવસાયો ઉદ્‌ભવ્યા હશે? વેપારી, રંગારા, દરજી, લુહાર-સુથાર, સોની, મોચી, કુંભાર જેવાના વ્યવસાયો વધ્યા. પાકશાસ્ત્ર જેવી જ્ઞાનની ભાવના ધરાવતી લોકવિદ્યા આવી. અનાજ, કઠોળ, શાકભાજી કે

ફળની  ચૂકવણી, જુદી જુદી વાનગીઓ કેવી રીતે બનાવવી-જાળવવી જેવી અનેક જ્ઞાન પરંપરા, આવડત પણ લોકવિદ્યાના જ પ્રકાર છે. પહેલાં મૌખિક હતું આજે લિખિત પેમ્ફલેટ જેવામાં સચવાયેલા જોવા મળે છે. વિવિધ ઓસાણાં, અથાણાં આદિ પણ આપણા દેશમાં જોવા મળે છે. આવી વ્યવસાયલક્ષી લોકવિદ્યાને કારણે જ અવનવી ભાતીગળ સંસ્કૃતિ ઉદ્‌ભવી અને અવનવા વ્યવસાયના રંગબેરંગી રૂપો જોવા મળ્યા. આ પણ અભ્યાસનો એક વિષય બને છે.

ભૌતિક લોકજીવનને લગતા વિભાગમાં રાચરચીલું પણ વિશિષ્ટ સ્થાન ધરાવે છે. લાકડાંથી માંડીને માટીના અવનવા સાધનો રચીને એક આગવું કલા સૌંદર્ય ઘરમાં ઊભું કરે છે. ઘર વપરાશ ના સાધનો અને ઘર શોભાની અનેકવિધ વસ્તુઓ ભૌતિક લોકજીવનમાં આવતી ગઈ. સાગ શીશમનાં ઢોલિયા, ડિઝાઈનોથી ભરપૂર મંજૂસ, ભાતીગળ, પટારા, ઘંટલા, ઘંટીઓ, નકશીકામવાળા હાંડા કે દેગ, અવનવા ડિઝાઈનોમાં સજ્જ એવા શસ્ત્રો, રંગબેરંગી ટોડલાં, ભાતીગળ ચાકડાઓ, ખાટ, બાજઠો, પાટલાઓ, મીનાકારી ડિઝાઈનો, ભરત-ગૂંથણની ઘરવપરાશનું અવનવી વસ્તુઓ આદિ લોકજીવનના રાચરચીલામાં જોવા મળે છે. લોકવિદ્યાના ઉપાસકોએ આવી વિવિધ ડિઝાઈનોનો પણ અભ્યાસ કર્યો છે. દા.ત. 'કચ્છની લોક કસબો'.

## ○ લોકોનું સમાજજીવન

લોકવિદ્યાના વિવિધ પ્રકારોની પાછળ જનમાનસનો યત્કિંચિત પરિચય રહેલો છે. દરેક સમાજનું લોકજીવન વૈવિધ્યસભર છે. પ્રત્યેક પ્રદેશના રીત-રીવાજો પરંપરા, ધર્મ, લોકમાન્યતા, અંધશ્રદ્ધા, શુકન-અપશુકન ઉત્સવો, કામણ-ટૂમણ, મંત્રતંત્ર, મરણ આદિની ભાવનાઓ જુદી જુદી છે. દરેક પ્રદેશનું કે જાતિનું સમાજજીવન નોખું-નોખું છે. ગામડાની, શહેરની, પરપ્રાંતની કે પરરાષ્ટ્રની સમાજજીવનની પદ્ધતિઓ અલગ-અલગ છે.

રીત-રિવાજો જન્મથી માંડીને મૃત્યુ સુધી કે ઉત્સવો, ધાર્મિક પૂજા-પાઠો આદિમાં અનેક પરંપરાઓ જોડાયેલી છે. જાતિએ, જ્ઞાતિએ, પ્રદેશે, પ્રાંતે અલગ-અલગ પ્રણાલિકાઓ

હોય છે. પછી એ લગ્ન, મૃત્યુ, ધર્મ, ઉત્સવ, તહેવાર હોય દરેકમાં ભિન્નતા જોવા મળે છે. આવી વિવિધ પરંપરાઓની તુલના દ્વારા વિવિધ અભ્યાસો કરી શકાય છે.

ધાર્મિક બાબતોમાં દરેક સમાજ જુદા-જુદા ધર્મ સાથે સંકળાયેલો છે. હિન્દુ, મુસ્લિમ, પારસી, શીખ, ખ્રિસ્તી, ઈસાઈ આદિ. ધર્મ પોતે જ એક મહાનદી જેવો છે. એમાં અનેક ધારાઓ સમાઈ શકે છે. આમ વિશ્વના સર્વ ધર્મોમાં મૂળ આર્યધર્મ એવો છે કે જે વ્યક્તિકૃત નથી. કોઈ એકજ દર્શન કે અંતિમ જ્ઞાન નથી. આથી જ ભારતીય મૂળ વિવિધ જાતિઓનાં વિવિધ ધર્મો, વિવિધ દેવીઓ અને વિધિઓનું અંતિમ સંગમસ્થાન આર્યધર્મ બન્યું છે. ધર્મના વિવિધ રીત-રિવાજો એ માનવીની સંસ્કારયાત્રાનું પ્રતીક છે. દરેક ધર્મની જુદી-જુદી વિધિઓ હોય છે. લોકો સમૂહમાં રહીને જે જૂથમાં રહીને આવી ધાર્મિક વિધિઓ કરતાં હોય છે. ખાસ કરીને જાતિએ જાતિએ સામૂહિક ધાર્મિક વિધિઓનો મહિમા વધારે છે.

લગ્ન, મરણાદિ ક્રિયાઓની વિધિઓમાં પણ વિવિધતા છે. લગ્નની પરંપરામાં પ્રથમ વૈદિકવિધિની પ્રણાલી જોવા મળતી જેમાં આજે જાતિ અનુસાર કે પ્રદેશ અનુસાર વિધિ પરિવર્તન પામી છે. મરણવિધિમાં પણ જાતિએ જાતિએ અલગ પરંપરા જોવા મળે છે. પરંપરાગત રીતે ઊતરી આવેલી બધી જ ક્રિયાઓમાં સમય-સ્થળની સાથે પરિવર્તન થતું રહ્યું છે. છતાં લોકવિદ્યાની અસર હેઠળ કેટલીક બાબતો મૂળ સ્થિતિમાં સચવાયેલી જોવા મળે છે. મૃત્યુની અંતિમ સંસ્કારની વિધિમાં મરનાર વ્યક્તિની આમાન્યા રખાતી આવી છે. ધાર્મિક બાબતો સાથે ધારણાઓ કે કલ્પનાઓ જોડાયેલી છે. તેથી જ તો મૃત્યુ પછી પણ એનું અસ્તિત્ત્વ કોઈને કોઈ રૂપે સાતત્ય ધરાવે છે. એના મૂળમાં પણ ધર્મ છે. મૃત્યુ પછીનું જીવન, ભૂતપ્રેત, વૃક્ષપૂજા, પશુપૂજા, યોનિપૂજા, ચમત્કારવાદ આદિ અસ્તિત્ત્વમાં આવ્યા. આ બધાની પાછળ પણ ધાર્મિક પરંપરા જ છે.

લોકમાન્યતા, શ્રદ્ધા-અંધશ્રદ્ધા, વહેમ-રૂઢિ, ભૂતપ્રેત, શુકન-અપશુકન, ઓસડિયા, મૂળિયાં, મંત્રો-તંત્રોનું વૈદુ કામણ-ટૂમાણ, મારણ વશીકરણ જેવી કેટલીક બાબતો લોકજીવનમાં ડગલે ને પગલે સંકળાયેલી છે. આ બધી બાબતો નો અંશ લોકવિદ્યા સાથે સંકળાયેલો જોવા મળે છે.

લોકમાન્યતામાં જે અતાર્કિક, અંધશ્રદ્ધા અને વહેમ જેવું લાગે છે તે પણ છે તો માનવીય જીવનની ધારણાઓ અને આધારસ્તંભો. માણસ પોતે પ્રકૃતિગત અને પ્રકૃતિકૃત એવા જીવનથી દૂર જઈને સંસ્કૃત બન્યો છે. આમ છતાં એને કોઈકને કોઈ ગૃહીતે સ્વીકારવું પડે છે. અને તેથી જ તો સંસ્કૃત બનેલો માણસ પણ કયાંકને કયાંક માન્યતા કે અંધશ્રદ્ધા વહેમ સાથે જોડાયેલો જ છે. આ બધાની પાછળ પણ સામાજિક એવી વ્યવસ્થા હોય છે. જેમ કૃષિસમાજ દષ્ટિપૂર્વકનો આયોજન કરે છે. જીવન ચક્રની સાથે સમાજજીવનની ચક્રવ્યવસ્થા પણ બદલાતી રહે છે. કૃષિકાર્ય, લગ્નાદિ માટે મુહૂર્ત જોવાની માન્યતા સમાજ જીવનમાં વ્યાપેલી છે. દેવપોઢી અગિયારશ કે દેવ ઉઠી અગિયારશ આદિ માંગલિક પ્રસંગોને અનુકુળ મુહૂર્ત બનાવાય છે. સમાજજીવન સાથે સંકળાયેલા પર્વો, ઉત્સવો આદિ પણ. આવી પરંપરાને જ વળગી રહેતા જોવા મળે છે.

'આજે પણ સમાજ જીવનમાં જયોતિષ, આયુર્વેદ, ઓસડિયા, મૂળિયા, મંત્રતંત્રો વૈદુ આદિ પણ લોકવિદ્યાના ભાગરૂપે ભારતીય જનસમાજની જેમ વિશ્વની પ્રત્યેક પ્રજાના જીવનચક્ર અને ઋતુચક્રને સમાયોજિત સ્વરૂપે વ્યાપેલા છે. કામણ-ટૂમણ, મંત્રતંત્ર, મારણ, વશીકરણ વગેરે ગુપ્ત લોકવિદ્યા સાથે સંકળાયેલા આજે પણ જોવા મળે છે. 'ફેટિશિઝમ'માં કોઈ વિશિષ્ટ એવા પદાર્થમાં વિશિષ્ટ શક્તિ હોવાનું માનવામાં આવે છે. કેટલાક પ્રાણીઓના પક્ષીઓના અવશેષો, ખાસ પ્રકારના પથ્થરો, મણી, ઘોડાની નાળ, લોઢાની ચૂક, મોરના પીછાં, બિલાડીની નાળ, આદિ પણ મંત્રતંત્ર કે કામણ ટૂમણ સાથે સંબંધ ધરાવે છે. 'તિબેટના લોકોની માન્યતા પ્રમાણે અમુક વૃક્ષનું લાકડું ધારણ કરનાર અદશ્ય રહી શકે છે. કાગડાના માળામાં આવું ચમત્કારી લાકડું હોય છે. આ માન્યતાને કારણે આજે પણ તાંત્રિકો કાગડાનો માળો ફીંદતા રહે છે.'[૭૦]

આ બધા જ ભાવોને લોકવિદ્યાના અભ્યાસીઓ પોતાનાં સંશોધનોના વિષયો બનાવે છે. આજનો આધુનિક લોકસમાજ પણ આપણી દેશી ઔષધીઓ તરફ કે પ્રાચીન ઔષધશાસ્ત્રો તરફ વળ્યા છે. પશ્ચિમના દેશોના લોકો ખાસ કરીને યોગસાધના તરફ વળતા દેખાય છે.

## ○ વિવિધ લોકકલાઓ

લોકકલાનું ક્ષેત્ર ખૂબ વિશાળ છે. માનવીની જરૂરિયાતો પૂરી થયા પછી સુખ અને નિજાનંદ પ્રાપ્ત કરવાના પ્રયાસોમાંથી આપણી વિવિધ લોકકલાઓ જન્મી છે. જેમકે લોકચિત્ર, લોકશિલ્પ, લોકસ્થાપત્ય, લોકભરત, લોકશિલ્પો, લોકરમતો, લીંપણ કલા, ભવાઈ, રામલીલા નટબજાણિયા, લોકવાદન હસ્તઉદ્યોગના હુન્નરો વગેરેનો સમાવેશ થાય છે. લોકજીવનનાં ખાદ્યપેય, તેના વિવિધ પ્રકારો, બનાવવાની રીત, અનાજની જાળવણી, લોકપાક શાસ્ત્ર, ગૃહપશુપાલન તથા વ્યવસાય સાથે સંકળાયેલી વિવિધ જાણકારી, જ્ઞાન અને એમાંથી જન્મેલી પરંપરા ઈત્યાદિનો સમાવેશ પણ આવી વિવિધ લોકકલાઓમાં થાય છે. ઉપરોકત વિવિધ કલાઓ દેશના કે પરપ્રાંતના ખૂણે-ખૂણે પ્રસરેલી જોવા મળે છે. આવી લોકકલાઓને અભ્યાસની સરળતા ખાતર બે વિભાગમાં વહેંચી છે. (૧) લલિતકલાઓ જેમાં દશ્ય અને શ્રાવ્ય બંને કલાઓ છે. (૨) લલિતેતરકલાઓ આ બધીજ કલાઓ ઉપયોગી કલાઓ છે.

લોકકલાઓ દ્વારા મનુષ્ય આરંભના ગુફાવાસથી જ ઘરને શરણગારતો ચિત્રને વિવિધ પરિમાણમાં ઢાળી એને શણગારતો, શિલ્પ દ્વારા ઈશ્વર, પ્રાણી વન્ય પ્રકૃતિને અર્મૂત વિચાર દ્વારા મૂર્ત વિચારમાં ઢાળતો મનુષ્યની અમાપ, અખૂટ અને અકળ શક્તિને પ્રતીકાત્મક રૂપે મૂર્તિમાં મૂર્ત કરી છે. લોકસ્થાપત્યમાં પણ પ્રાકૃતિક પરિવેશ કે પર્યાવરણને આધારે નિવાસસ્થાનની સ્થાપના કરી. સૌ પ્રથમ મકાનોને ઝાડ-પાનથી ગૂંથી મારી છાણના લીંપણથી ઉત્તમ કારીગરી કરી છે. પછી પાકાં મકાનોમાં ઈંટ, ચુનો પથ્થરનો વપરાશ કરીને સ્થાપત્યકલાને વિકસાવી-વસ્ત્ર આદિ ઉપર લોકભરત ભરીને લોકભરતને વિકસાવ્યું પ્રદેશ કે જાતિ અનુસાર જુદું-જુદું લોકભરત પ્રખ્યાત બન્યું છે.

લોકરમતોમાં પણ સમાજજીવનની કેટલીક બાબતો વણી લેવાયેલી જોવા મળે છે. સ્થળ, પ્રદેશ અનુસાર દરેક જાતિમાં જુદી જુદી લોકરમતો રમાતી જોવા મળે છે. એમાં પણ લોકવિદ્યાનો ભાવ સંકળાયો છે.

નટ બજાણિયા, ભવાઈ, રામલીલા, લોકવાદન જેવી કેટલીક કલાઓમાં પણ લોકવિદ્યાની સાતત્યતા જળવાયેલી છે. અમુક પ્રદેશ જાતિમાં આવી કલાઓ આજે પણ પોતાનું આગવું સ્થાન ધરાવે છે. પોતાની લોકસંસ્કૃતિની ઓળખ એની છબી આવી લોકવિદ્યામાં વણાયેલી દેખાય છે. અમુક પ્રદેશનાં લોકવાદ્યો પણ અલગ છે. ગ્રામ્ય અને શહેરમાં પણ વાદ્યો અલગ પડે છે.

લોકનૃત્ય પણ પ્રદેશભેદે અલગ છે. જાતિભેદે પણ અલગતા દેખાય છે. ગુજરાતના લોકનૃત્યોમાં રાસ-ગરબા મહત્ત્વનાં છે. ટિપ્પણી, રાંદલમાંનો ઘોડો, ટીટોડો, આદિવાસીઓમાં ડાંગીનૃત્ય, સીદીઓનું ધમાલનૃત્ય, દક્ષિણ ગુજરાતના ધૈરૈયા નૃત્ય વગેરે પ્રચલિત છે.

આ ઉપરાંત હસ્તઉદ્યોગો, હુન્નરો, પશુપાલન, આદિ તથા પાકશાસ્ત્રની કલા, અનાજની જાળવણી, આદિમાં પણ લોકજ્ઞાનની ભવ્યતા દેખાય છે. આજે પણ ગામડાંઓની ગલીકૂચીઓમાં આવી આશ્ચર્ય પમાડે એવી અનેક કલાઓ જોવા મળે છે. ઘરવપરાશથી માંડીને પહેરવેશ, રહેઠાણ, આભૂષણો આદિના શણગારોમાં પણ લોકોની આગવી લોકકલાઓ દૃષ્ટિગોચર થાય છે. આમ આવા લોકવિદ્યાના આવા લોકજ્ઞાનને અલગ વિષય તરીકે અભ્યાસમાં લઈ શકાય છે.

## ο લોકસાહિત્ય

લોકવિદ્યાઓના વિવિધ પ્રકારો, પ્રવાહો અને સ્વરૂપોમાં લોકસાહિત્યનું ક્ષેત્ર સવિશેષ વ્યાપક અને વિશદ છે. એનું માધ્યમ વાણી હોવાને કારણે સંગીત, નાટ્ય, નૃત્ય, સ્થાપત્ય, વસ્ત્રાભૂષણ, કલા, કસબ, મનોરંજન માન્યતારૂપે વિવિધ પ્રકારોમાં જે કંઈ હતું, જેવું કંઈ હતું તેનું સીધું પ્રતિબિંબ એમાં ઝિલાયું છે.'[૭૧]

લોકસાહિત્ય એ બધી કલાઓમાં એક આગવી કલા છે. સમાજમાં વસતાં તમામ જાતિના લોકો પાસે કંઠસ્થ અને અલિખિત પ્રકારની અનેકવિધ લોકસાહિત્યની કલા સચવાયેલી પડી છે. ગદ્ય અને પદ્યનાં વાહનો દ્વારા આવી કલાઓ વ્યક્ત થતી હોય છે. લોકસાહિત્યમાં શાબ્દિક અને અશાબ્દિક એવા બે પ્રકારનું લોકસાહિત્ય જોવા મળે છે. શાબ્દિકના બે પેટા

પ્રકારો છે. કથ્યમાં કહેવત, રૂઢિપ્રયોગ, લોકકથા, લોકનાટ્ય, ટુચકા, લોકોક્તિઓ આદિનો સમાવેશ થાય છે. ગેયમાં- લોકગીત, દુહા, સુભાષિતો, ઉખાણાં, લોકાખ્યાનો, ગીતકથા, રાસડાઓ આદિને સમાવી શકાય છે.

અશાબ્દિમાં આનંદ-હર્ષના, શોકના અચરજના, પશુઓ હાંકવાના, ખડનીરવાના કે પાણી પીવડાવવાનાં સૂચનો માટે ખાસ પ્રકારના ધ્વનિઓ કે સાદ કરવામાં આવે છે. એ બધાં જ મૌખિક કલામાં કે અશાબ્દિમાં મૂકી શકાય છે. આફ્રિકાનું ધમાલ નૃત્ય એનું ઉમદા ઉદાહરણ છે, તો ભરવાડની સરજૂ બોલીમાં પણ આ અશાબ્દિક કલાના જ દર્શન થાય છે.

આમ દરેક પ્રદેશની કે સમાજના લોકોને પોતાનું એક આગવું લોકસાહિત્ય હોય છે. કેટલાક વિવેચકોના મતે આજનું આપણું શિષ્ટસાહિત્યનો ઉદ્ભવ જ આવા લોકસાહિત્યમાંથી થયો છે. એવું માનવું છે. લોકસાહિત્ય એ શિષ્ટ સાહિત્યની જન્મદાત્રી છે. ગંગોત્રી છે. તેથી જ તો કાકાસાહેબ કાલેલકર લોકસાહિત્યને ‘ચૈતન્યરૂપી સ્ફૂર્તિપ્રેરક’ ગણે છે તો વળી શ્રી ઝવેરચંદ મેઘાણી શિષ્ટ સાહિત્યને ધોરી રાજમાર્ગનું રૂપક આપે છે અને તેની સરખામણીમાં લોકસાહિત્યને પગદંડીનો પંથ ગણે છે.

લોકસાહિત્યની વિગતે ચર્ચા લોકસાહિત્ય વિભાવનામાં કરવામાં આવશે. લોકવિદ્યાનું આવું વર્ગીકરણ જોયા પછી ‘દક્ષિણ ગુજરાતના ધોડિયા જાતિની પણ કેટલીક અન્ય પ્રકારની લોકવિદ્યાઓ સચવાયેલી જોવા મળે છે. ધોડિયાજાતિના લોકજીવનમાં પણ લોકસંસ્કૃતિ વ્યાપક રીતે વિસ્તરેલી છે. એમના દરેક કાર્યમાં લોકસંસ્કૃતિનો વ્યાપ રહેલો છે એમ ચોકકસ કહી શકાય. આ દષ્ટિએ જોતાં એમની લોકવિદ્યાનું વર્ગીકરણ આ પ્રમાણે કરી શકાય.

લોકવિદ્યાનું વર્ગીકરણ

| શાબ્દિક | અર્ધશાબ્દિક | અપશાબ્દિક |
|---|---|---|
| લોકગીત (તમામ પ્રકારનાં) | લોકનૃત્ય | લોકસ્થાપત્યો |
| લોકકથા (તમામ પ્રકારની) | લોકરીતરિવાજો | શિલ્પ, |
| કહેવત, ઉખાણાં, મંત્રો | લોકઉત્સવો | ચિત્ર, |
| રૂઢિપ્રયોગ | | લીંપાણ |
| પ્રકીર્ણ | | |

ઉપરોક્ત વર્ગીકરણ રૂબરૂ મુલાકાત તેમજ લેખિત સામગ્રી મેળવ્યા પછી વિચાર-વિમર્શ કરીને આ પ્રકારની મળતી લોકવિદ્યા પ્રમાણે વર્ગીકરણ કર્યું છે. આ વર્ગીકરણ સંપૂર્ણ તો નથી પણ લોકવિદ્યાને સમજવામાં સરળતા રહે તે માટે કર્યું છે.

# સંદર્ભ નોંધ


૧. પરીખ પ્રિયકાંત, 'ગુજરાતી લોકસાહિત્ય', પ્રથમ આવૃત્તિ ૧૯૯૧, (લોકકથા સ્વરૂપ વિકાસ) પૃષ્ઠ-૧, ફકરો નં.૧.

૨. ઉપાધ્યાય કૃષ્ણદેવ, 'લોકસાહિત્યની ભૂમિકા', પ્રથમ આવૃત્તિ- ૧૯૫૦, પૃ.૧૭, પ્રકાશક: સાહિત્ય ભવન પ્રા.લિ. અલ્હાબાદ

૩. ડો. યાદવ શંકરલાલ, 'હરિયાણા પ્રદેશનું લોકસાહિત્ય', પ્રથમ આવૃત્તિ, ૧૯૬૦, પૃ.૨૦, પ્રકાશક: હિન્દુસ્તાન પ્રેસ, અલ્હાબાદ

૪. જાની કનુભાઈ, 'લોક વાઙ્મય', (વિભાવના અને વર્ગીકરણ), પૃષ્ઠ-૨, ફ.નં.૩.

૫. શ્રી ઉપાધ્યાય કૃષ્ણદેવ,'લોકસાહિત્યની ભૂમિકા', પ્રથમ આવૃત્તિ, પૃષ્ઠ ૩-૪, પ્રકાશક: સાહિત્ય ભવન પ્રા.લી. અલ્હાબાદ.

૬. પંચોળી મનુભાઈ,'ભેદની ભીંત્યુને આજ મારે ભાંગવી',૧૯૮૧, પૃષ્ઠ ૧૬.

૭. બ્રહ્મક્ષત્રી 'શ્રીમદ્ભગવદ્ગીતા' ૧૯૯૧, આવૃત્તિઃ૨, પૃ.૩૨.

૮. વર્ષાસુરાવલા, 'મહાભારત', ૧૯૯૦, આવૃત્તિ ૧, ભાગ ૫, પૃ.૧૬૮.

૯. ઉપાધ્યાય કૃષ્ણદેવ, 'લોકસાહિત્યની ભૂમિકા', પ્રથમ આવૃત્તિ ૧૯૫૭, પૃષ્ઠ ૧૦, પ્રકાશક: સાહિત્યભવન પ્રા.લિ. અલ્હાબાદ

૧૦. ડો. પટેલ અમૃત,'ચંપાની કળીઓમાં કસ્તુરી', પ્રથમ આવૃત્તિ- ૧૯૯૨, પૃષ્ઠ ૩,૪, પ્રકાશક: અમૃત પટેલ.

૧૧. જાદવ જોરાવરસિંહ, ગુજરાત દીપોત્સવીવિ.સં. ૨૦૬૨ (ગુજરાતી લોકકથાઓ), પૃ.૬૨

૧૨. સંપા. ઝાલા એલ. આર., સોઠા પી. એલ., ગાલા 'વિશાલ શબ્દકોશ', પ્ર.આ., પૃ. ૬૩૯

૧૩. સં. શર્મા દ્વારકા પ્રસાદ, પં.તારિણીશ ઝા 'સંસ્કૃત શબ્દાર્થ કૌસ્તુભ', પૃ.૧૬૭-૧૬૮

૧૪. અમરસિંહ, 'અમરકોશ', પૃ.૧૦૫

૧૫. 'ભગવત ગોમંડલ'

૧૬. સં.રામસ્વરૂપ શાસ્ત્રી, 'આદર્શ હિન્દી સંસ્કૃત કોશ', પૃ.૪૬૮

૧૭. સં. તલવલકર ગણેશ સદાશિવ,'સંસ્કૃત ગુજરાતી લઘુકોશ', પૃ.૨૬૬

૧૮. 'અશોક કે. શિલાલેખ' પૃ.૨૧૭૭- ગિરનાર

૧૯. શ્રી ઉપાધ્યાય કૃષ્ણદેવ, 'લોકસાહિત્યની ભૂમિકા', પ્રથમ આવૃત્તિ ૧૯૫૭, પૃ.૧૧, પ્રકાશક: સાહિત્ય ભવન, પ્રા.લિ. અલ્હાબાદ

૨૦. શ્રી મેઘાણી ઝવેરચંદ, 'રઢિયાળી રાત', 'પ્રવેશક' પૃષ્ઠ ૧૬-૧૭

૨૧. પરમાર જયમલ્લ, 'લોકસાહિત્ય તત્ત્વદર્શન અને મૂલ્યાંકન', પ્રથમ આવૃત્તિ ૧૯૯૧, પૃ.૮૨.

૨૨. શ્રી જાદવ જોરાવરસિંહ, 'ઋગ્વેદ મંડળ-૮' સંવત-૧૦૦ મંત્ર-૧૨ (મરદાઈ માથા સાટેની પ્રસ્તાવના), પૃ.૧૨

૨૩. શ્રી જાની કનુભાઈ, 'લોકવાઙ્મય', પ્ર.આવૃત્તિ. ૧૯૯૨, પૃ.૭૧.

૨૪. ડો. પટેલ પ્રહલાદ, 'વાઘેરોનું લોકસાહિત્ય', અપ્રગટ પૃ.૧૨૫.

૨૫. ડો. દ્વિવેદી હજારી પ્રસાદ, 'જનપદ' લેખ, ઓકટોબર ૧૯૫૨, પૃ.૬૫.

૨૬. ઉપાધ્યાય કૃષ્ણદેવ, 'હિન્દી સાહિત્ય કા બૃહત ઈતિહાસ' (લોકસભા)

૨૭. ડો. દેસાઈ નલિન, 'મેઘાણી અને લોકસાહિત્ય', પ્ર.આવૃત્તિ ૧૯૮૫, પૃ.૩૦, પ્રકાશક: ડો.નલિન દેસાઈ

૨૮. ડો. પરમાર શ્યામ, 'ભારતીય લોક સાહિત્ય', પૃ.૧૦

૨૯. ડો. સત્યેન્દ્ર, 'લોકસાહિત્ય વિજ્ઞાન', પ્ર.આ. ૧૯૭૧, પૃષ્ઠ ૩, પ્રકાશક: શિવલાલ અગ્રવાલ એન્ડ કંપની પ્રા.લિ. દિલ્હી.

૩૦. ચંદરવાકર પુષ્કર, 'લોકામૃત', પૃ.૧૪.

૩૧. સંસ્કર્તા નાનુરામ, 'રાજસ્થાની લોકસાહિત્ય', બીજી આવૃત્તિ- ૨૦૦૦, પૃ.૧, પ્રકાશક રાજસ્થાની ગ્રંથાલય- જોધપુર

૩૨. લોકસંસ્કૃતિ, વિશેષાંક સંમેલન- પત્રિકા હિન્દીજનપદીય, પરિષદ કા ત્રિમાસિક મુખપત્ર- કાશી, પૃ.૬૫

૩૩. ડો. સેદાણી હસુતાબેન, 'ગુજરાતની લોકસંસ્કૃતિ', પ્રથમ આવૃત્તિ-૨૦૦૧, પૃ.૧ પ્રકાશક: ડો. કેશુભાઈ દેસાઈ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

૩૪. પરમાર જયમલ્લ, 'લોકસાહિત્ય તત્ત્વદર્શન અને મૂલ્યાંકન', પ્ર.આ. ૧૯૯૧, પૃ.૮૩.

૩૫. શ્રી ત્રિપાઠી રામનરેશ, 'સિદ્ધાંત કૌમુદી', ભાગ-૫, પૃ.૭૧.

૩૬. પરમાર જયમલ્લ,'લોકસાહિત્ય તત્ત્વદર્શન અને મૂલ્યાંકન', પ્ર.આ. ૧૯૯૧, પૃ.૨૨૪.

૩૭. શર્મા, હરદ્વારીલાલ, 'લોકવાર્તા વિજ્ઞાન', ૧૯૯૦, ખંડ-૧, પૃ.૧૧૮.

૩૮. યાજ્ઞિક હસુ, 'લોકસાહિત્યઃ વિભાવના અને પ્રકાર', પ્ર.આવૃત્તિ, પૃ.૧૬.

૩૯. પરીખ પ્રિયકાન્ત, 'ગુજરાતી લોકકથા સાહિત્ય', પ્ર.આવૃત્તિ, ૧૯૮૧, પૃ.૩,૪.

૪૦. પંચોળી મનુભાઈ, 'ભેદની ભીંત્યુને આજ મારે ભાંગવી', પૃ.૧૮.

૪૧. ડો. યાજ્ઞિક હસુભાઈ,'લોકવિદ્યા વિજ્ઞાન', પ્રથમ આવૃત્તિ ૨૦૦૧, પૃ.૮.

૪૨. શ્રી ચંદરવાકર પુષ્કર, 'લોકરંગ', પ્ર.આ. ૧૯૮૪, પૃ.૨, પ્રકાશક: ડો. હસુ યાજ્ઞિક- મહામાત્ર ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર.

૪૩. શ્રી પરમાર શ્યામ, 'ભારતીય લોકસાહિત્ય', પ્ર.આવૃત્તિ ૧૯૫૯, પૃ.૧૫, પ્રકાશક: રાજકમલ

૪૪. એજન પૃ.૧૩

૪૫. શ્રી ઉપાધ્યાય કૃષ્ણદેવ,'લોકસાહિત્ય કી ભૂમિકા', પ્ર.આ. ૧૯૫૯, પૃ.૧૭.

૪૬. ડો. દ્વિવેદી હજારીપ્રસાદ, 'વિચાર અને વિમર્શ', પ્ર.આવૃત્તિ ૧૯૬૧, પૃ.૨૦૬,૨૦૭ ,પ્રકાશક: સાહિત્ય ભવન પ્રા.લિ. અલ્હાબાદ.

૪૭. ડો. દ્વિવેદી હજારીપ્રસાદ, 'જનપદ' અંક-૧, પૃ.૧

૪૮. ડો. ઉપાધ્યાય કૃષ્ણદેવ, 'લોકસાહિત્ય કી ભૂમિકા', દ્વિતીય આવૃત્તિ, ૧૯૫૭, પૃ.૨૩,૨૪.

૪૯. ડો. યાજ્ઞિક હસુભાઈ, 'ગુજરાતી લોકવિદ્યા', પ્ર.આવૃત્તિ ૨૦૦૨, પૃ.૧૦.

૫૦. ડો. વેદ નરેશ, 'લોકગુર્જરી' અંક ૧૪, પૃ.૧૨.

૫૧. Branvand J. H., 'The Study of American Folklore', P.78.

૫૨. શ્રી ચંદરવાકર પુષ્કર, 'લોકશાસ્ત્ર', પૃ.૫૦૯.

૫૩. ચંદરવાકર પુષ્કર,'લોકશાસ્ત્ર ફોકલોરનો પર્યાય', પૃ.૫૧૦.

૫૪. પરીખ પ્રિયકાન્ત,'ગુજરાતી લોકકથા સાહિત્ય', પ્ર.આવૃત્તિ, પૃ.૩.

૫૫. શ્રી પરમાર શ્યામ, 'ભારતીય લોકસંસ્કૃતિ', પૃ.૧૨.

૫૬. ડૉ. યાદવ શંકરલાલ, 'હરિયાણા પ્રદેશનું લોકસાહિત્ય', પૃ.૨૭.

૫૭. પરમાર જયમલ્લ, 'લોકસાહિત્ય વિમર્શ', પૃ.૧૮.

૫૮. યાજ્ઞિક હસુ, 'ગુજરાતની લોકવિદ્યા', પ્ર.આ. ૨૦૦૨, પૃ.૭.

૫૯. Peasant Customs and Sarage myth's, Vol-1, Chrcago- 1968, P.37.

૬૦. 'એન સાઈકલોપીડીયા બ્રિટાનીકા'- વોલ્યુમ-૯ ૧૭૬૮ પૃ.૫.

૬૧. પરમાર જયમલ્લ, 'લોકસાહિત્ય તત્ત્વદર્શન અને મૂલ્યાંકન', પ્ર.આ. ૧૯૯૧, પૃ.૮૧.

૬૨. યાજ્ઞિક હસુ, 'ગુજરાતની લોકવિદ્યા', પ્ર.આ. ૨૦૦૨, પૃ.૧થી૧૪૨

૬૩. શ્રી જાની કનુભાઈ, 'લોકવાઙ્મય', પ્ર.આવૃત્તિ ૧૯૯૨, પૃ.૭૮.

૬૪. યાજ્ઞિક હસુ,'ગુજરાતની લોકવિદ્યા', પ્ર.૨૦૦૨, પૃ.૧૧૯.

૬૫. 'ફોકલોર નોર્થ ઓન ગુજરાત'- એન્થોવેન, બીજી આવૃત્તિ, ૧૯૧૪, પૃ.૫૮.

૬૬/૬૭ ડૉ. યાજ્ઞિક હસુભાઈ, 'લોકવિદ્યાવિજ્ઞાન', પ્રથમ આવૃત્તિ ૨૦૦૧, પૃ.૨૨,૨૩.

૬૮. શ્રી જાની કનુભાઈ, 'લોકવાઙ્મય', પ્ર.આવૃત્તિ ૧૯૯૨.

૬૯. ડો. પટેલ અમૃત, 'ચંપાની કળીઓમાં કસ્તુરી', પ્રથમ આવૃત્તિ- ૧૯૯૨, પૃષ્ઠ ૭,૮, પ્રકાશક: અમૃતભાઈ પટેલ.

૭૦. ડો. યાજ્ઞિક હસુભાઈ, 'લોકવિદ્યાવિજ્ઞાન', પ્રથમ આવૃત્તિ ૨૦૦૧, પૃ.૩૫.

૭૧. એજન પૃ.૩૭

# પ્રકરણ-૩
# લોકસાહિત્યઃ સંજ્ઞા, સ્વરૂપ અને વિભાવના


○ પ્રાસ્તાવિક

૩.૧ લોકસાહિત્ય સંજ્ઞા

૩.૨ લોકસાહિત્યનું સ્વરૂપ

૩.૩ લોકસાહિત્યની વ્યાખ્યા

૩.૪ લોકસાહિત્યનાં લક્ષણો

૩.૫ લોકસાહિત્યનું કર્તૃત્વ

# પ્રકરણ-૩
# લોકસાહિત્યઃ સંજ્ઞા, સ્વરૂપ અને વિભાવના

## ૦ પ્રાસ્તાવિક

લોકસાહિત્ય એ સાહિત્યનો વિશિષ્ટ પ્રકાર છે. વર્ષોથી લોકમુખે રજૂ થતી આવેલી કથાઓ, ગીતો કે અન્ય સાહિત્ય, જે મૌખિક પરંપરાથી જ જનતામાં પ્રચલિત છે, તેને લોકસાહિત્ય કહી શકાય. આ પ્રકારનું સાહિત્ય વિશાળ જનસમુદાયમાં પ્રચલિત અને લોકપ્રિય છે.

પ્રસ્તુત પ્રકરણમાં લોકસાહિત્યની વિભાવના ને વિગતે દર્શાવવાનો આશય રહેલો છે. 'લોકસાહિત્ય' જેવું વિશ્વ વ્યાપી સાહિત્ય ચોમેર પ્રસિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. અન્ય સાહિત્યના મુકાબલે 'લોકસાહિત્ય'નું સ્થાન વધુ પ્રાચીન છે. જ્યારથી માનવ સમૂહમાં અને સમાજમાં રહેતો થયો, અને એનો સઘળો વ્યવહાર ભાષામાં કરતો થયો ત્યારથી જ કદાચ લોકસાહિત્ય અસ્તિત્ત્વમાં આવ્યું હશે?

લોકવ્યવહારના મૂળમાં એક અર્થપૂર્ણ સ્વભાવ હોય છે. જે સ્વભાવ પ્રત્યક્ષ રૂપમાં નથી હોતો પણ ગૂઢ અને ગોપનીય અવસ્થામાં હોય છે. અને આ અવસ્થામાં રહેલા લોકસ્વભાવના ચેતન-અચેતન તત્ત્વો જયારે શબ્દ દ્વારા સર્જાય ત્યારે લોકસાહિત્યનું ઉત્થાન થાય છે.

ઈતિહાસ પુરાણો, માનવસમૂહોનાં વિધિ-વિધાનો તથા ધર્મના ગ્રંથો નહોતા રચાયા ત્યારે પણ લોક હતો અને હજી આજે પણ છે. શરીર, મન, ઈન્દ્રિયો, બુદ્ધિ અને સાધન સંપત્તિના ઓછા વધતા વિકાસને કારણે અહંના અને સંસ્કારોના ભેદ ઊભા થતા ગયા ને એમાંથી લોક અને શિષ્ટ એવી પરિપાટી સર્જાય યાને કે લોકસાહિત્યનો ઉદય થયો.

સાહિત્યમાં જગત અને જીવનનું મિલન થાય છે. વળી આજના આ પરિવર્તન સાથે સાહિત્યમાં પણ પેઢી દર પેઢી અવનવા ફેરફારો આવે છે. લોકોની બોલચાલની અને સમગ્ર વ્યવહારની ભાષા, જીવનના વિવિધ અનુભવોથી, જુદા જુદા તર્કવિચારોથી, રસભાવથી,

મર્મથી, ચિંતનથી, લાઘવ અને કલાત્મકતાથી અને આરોહ-અવરોહથી વાચા સ્ફૂરવા લાગી તેજ તો છે લોકસાહિત્ય.

## ૩.૧ લોકસાહિત્ય સંજ્ઞા

'ફોકલોર'ના પર્યાયરૂપે 'લોકવિદ્યા' એવો પર્યાય નકકી થતાં લોકવિદ્યાનાં જુદાં-જુદાં વર્ગીકરણો બહાર આવ્યાં. આ વર્ગીકરણોમાં 'લોકવિદ્યા'ના પ્રકાર તરીકે લોકસાહિત્ય અસ્તિત્ત્વમાં આવ્યું. કેટલુંક પ્રાચીન લોક સાહિત્ય નષ્ટ થઈ ગયું છે. તેમ છતાં કેટલુંક લોકસાહિત્ય લોકોના કંઠમાં આજ સુધી જળવાઈ રહ્યું છે. જગતની તમામ ભાષાઓમાં વત્તાઓછા પ્રમાણમાં લોકસાહિત્ય પ્રાપ્ત થાય છે. વનડુંગરમાં ઊંડે ઊંડે પ્રકૃતિના ખોળે વસનારી અભણ આદિવાસી લોકોનું પણ પોતાનું આગવું કંઠસ્થ સાહિત્ય હોય છે. ગુજરાતના સીમા પ્રદેશમાં વસતા અનેક આદિવાસી જાતિઓમાં પોતાની અલગ બોલાતી બોલીમાં રચાયેલું લોકસાહિત્ય છે. ગુજરાતના સાગર કિનારે વસતા ખારવા, માછીમારો અને સાગરખેડુનું પણ પોતાનું એક આગવું લોકસાહિત્ય છે. કચ્છીબોલીમાં, ભીલીબોલીમાં, સોરઠી બોલી કે અન્ય બોલીમાં લખાયેલું કે બોલાતું કે ગવાતું લોકસાહિત્ય મળે છે. આ તમામ લોકસાહિત્ય સંખ્યા, સત્ત્વ અને વૈવિધ્યની દષ્ટિએ ઘણું ઘણું સમૃધ્ધ છે.

લોકસાહિત્ય એ સાહિત્યનો એક વિશિષ્ટ પ્રકાર છે. આજે દરેક જગ્યાએ વપરાતો-પ્રયોજાતો સાહિત્ય શબ્દ અંગ્રેજી 'લિટરેચર' નો અર્થ વ્યક્ત કરે છે. લોકસાહિત્ય સમાજમાં વસતા વિવિધ લોકો પાસે કંઠય અને અલિખિત સ્વરૂપે સચવાયેલું જોવા મળે છે. વર્ષોથી લોકમુખે રજૂ થતી આવેલી કથાઓ, ગીતો, કહેવતો, હાલરડાં, ઉખાણાંઓ કે અન્ય સાહિત્ય જે મૌખિક પરંપરાથી લોકસમુદાયમાં પ્રચલિત છે. આવા સાહિત્યને જ લોકસાહિત્ય કહી શકાય.

'લોકવાઙ્મય' તરીકે ઓળખાતા લોકસાહિત્યમાં બહુધા લોકજીવનની જ ઝલક જોવા મળે છે. શ્રી કનુભાઇ જાની 'લોકવાઙ્મય'માં લોકસાહિત્યને લોકવિદ્યા અંતર્ગત સ્થાન ગણાવે છે. 'લોકવાઙ્મય' એ લોકવિદ્યારૂપી 'વૃક્ષ'ની એક શાખા છે અને એની અનેક પ્રશાખાઓ

પણ લોકજીવનને આધારે અસ્તિત્ત્વમાં આવી છે. લોકવાઙ્મયમાં લોકજીવનના અનુભવોનું લોકકવિ દ્વારા થતું આલેખન એ 'કણ્વમુનિના આશ્રમમાં રમણીય પ્રકૃતિના ખોળામાં ઉછરેલી 'શકુંતલા' જેવું છે એમ કહી શકાય. એની નિર્વ્યાજ સરળતા 'રામના બાણ' જેવી વેધક પણ છે. લોકવાઙ્મય એ રાષ્ટ્રની સંસ્કૃતિનું સાચું પ્રતિબિંબ છે. જન્મથી મરણ સુધીના અનેક ભાવાનુભાવોનું આલેખન કરતો લોકકવિ અજ્ઞાતવાસમાં રહીને પણ લોકજીવનની નાડ પારખનાર સાચો 'વૈદ્યરાજ' છે. આવા લોકવાઙ્મયની સરળતા, સચોટતા, વેધકતા, વાસ્તવિકતા (રિયાલીટી) ને કારણે જ તો એ સર્વથા-સર્વદા હૃદયગ્રાહી બન્યું છે અને લોકની જીભે એ જીવતું રહીને કર્ણોપકર્ણ પ્રસરતું રહ્યું છે.[૧]

'લોકવાઙ્મયની શાબ્દિક વિભાવના જોઈએ તો એમાં 'લોક' અને 'વાઙ્મય' એ બે શબ્દો સંયોજાયા છે. 'લોક' શબ્દ લોકવિદ્યામાં જોયું તેમ સામાજિક કે અસંસ્કૃત જનસમુદાય અભિપ્રેત છે અને 'વાઙ્મય' એટલે એમનું સાહિત્ય. આ 'લોકવાઙ્મય'ની ચર્ચા કરતાં શ્રી કનુભાઈ 'લોકવાઙ્મય' ગ્રંથમાં લખે છે કે 'લોકવાઙ્મય ના પર્યાય તરીકે વપરાતો 'લોકસાહિત્ય' શબ્દ તાત્ત્વિક દૃષ્ટિએ બરાબર નથી.' પરંતુ પછી આગળ લખે છે કે 'લોકવાઙ્મય' વધારે સારું નામ છે. પરંતુ 'લોકસાહિત્ય' પ્રચલિત થયું તેમાંથી 'પ્રચલિત' કેમ થવાય? તેથીજ તો આપણા સમાજમાં 'લોકસાહિત્ય' શબ્દ વધારે પ્રયોજાતો જોવા મળે છે. તદોપરાંત જોઈએ તો શ્રી રણજિતરામે 'લોકવાઙ્મય' માટે 'દેશજસાહિત્ય' એવો પર્યાય પ્રયોજ્યો છે, તો નરસિંહ રાવે એને 'અસંસ્કારી બિનકેળવાયેલી જાતિનું કંઠસ્થ સાહિત્ય' ગણાવ્યું છે. આ સિવાય 'લોકવાઙ્મય' માટે 'ઓરલ ટ્રેડિશનલ લિટરેચર' ફોક લિટરેચર, 'કંઠસ્ય પરંપરાનું સાહિત્ય' તથા ફ્લોટિંગ લિટરેચર જેવી સંજ્ઞાઓ આપે છે.[૨]

આમ 'લોકસાહિત્ય' એ 'લોકવાઙ્મય' નો પર્યાય તરીકે પણ ઓળખાયો છે જેનો અર્થ લોકોનું સાહિત્ય એવો કરાય છે.

'લોકસાહિત્ય' એ સવિશેષ પ્રાચીન સાહિત્ય સ્વરૂપ છે. કોઈપણ પ્રજાનું આદિમ સાહિત્ય છે. ગુજરાતીમાં પરંપરાગત કંઠસ્ય સાહિત્ય માટે યોજાતો 'લોકસાહિત્ય' શબ્દ

અંગ્રેજી શબ્દ 'ફોક લિટરેચર'ના પર્યાય રૂપે ઘડાયો છે તેનો ઉપયોગ છેલ્લા સાતેક દાયકાથી ગુજરાતીમાં પ્રયોગ થઈ રહ્યો છે. પરંતુ મધ્યકાળમાં કયારેય આવા કંઠસ્ય સાહિત્ય માટે 'લોકસાહિત્ય' શબ્દ પ્રયોજાયેલ જોવા મળતો નથી. આ શબ્દ અર્વાચીન છે અને તે બે પ્રાચીન શબ્દો 'લોક' અને 'સાહિત્ય' આ બંને શબ્દો સંસ્કૃત ભાષાના તત્સમ્ શબ્દો છે. આ બંને શબ્દો સ્વતંત્ર રીતે પ્રાચીનકાળથી સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને જૂની ગુજરાતીમાં પ્રયોજાતા રહ્યા છે. પરંતુ તેમના યોગથી બનેલો 'લોકસાહિત્ય' શબ્દ પ્રમાણમાં અર્વાચીન છે. તેનો સામાન્ય અર્થ છે લોકોનું સાહિત્ય.

અન્ય રીતે કહીએ તો 'પ્રાચીનકાળથી આ શબ્દ વિવિધ અર્થમાં પ્રયોજાતો રહ્યો છે. દા.ત. 'લોક' એટલે (૧) તમામ લોકો અથવા સમગ્ર જનતા (૨) જગત અથવા દુનિયા (આ લોક, પરલોક, સ્વર્ગલોક વગેરે) (૩) સમાજના નીચલા થરના લોકો, ગ્રામજનો, અશિક્ષિત, અબુદ્ધ સાધારણજનો. 'લોકસાહિત્ય' માંનો 'લોક' શબ્દ આ બીજા અર્થનો દ્યોતક છે. 'સાહિત્ય' શબ્દનો અર્થ છે. ભાષામાં નિરૂપતિ સામગ્રી યા ભાષા કે બોલીના માધ્યમ દ્વારા અભિવ્યક્તિ પામેલી ગદ્ય, પદ્યકૃતિઓ. તેથી 'લોકસાહિત્ય' શબ્દનો અર્થ થાય 'લોકો દ્વારા લોકો માટે, લોકબોલીમાં સર્જાયેલું અને મૌખિક પરંપરાથી ઊતરી આવેલું તેમજ ચોતરફ પ્રસાર પામેલું લોકોનું સાહિત્ય.[૩]

'લોકસાહિત્ય' સંજ્ઞા ગુજરાતમાં પ્રચલિત બની તે પૂર્વે 'લોકકથા', 'લોકગીત' વગેરે જેવી સંજ્ઞાઓ પ્રચલિત થઈ હતી. રુસ્તમજી ખુરસેદજી ઈરાની નામના પારસી લેખકે ઈ.સ.૧૮૮૫માં પ્રથમવાર 'લોકકથા' શબ્દ પ્રયોજ્યો હતો જ્યારે રણજિતરામે ઈ.સ.૧૯૦૫માં અમદાવાદ મુકામે મળેલી ગુજરાતી સાહિત્ય પરિષદમાં 'લોકગીત' વિશે વિસ્તૃત નિબંધ વાંચ્યો હતો. આ નિબંધના સુધારા વધારા સાથે પુસ્તકરૂપમાં 'લોકગીત' ને નામે ઈ.સ.૧૯૨૨માં પ્રકાશિત થયેલો. તેની 'રસાસ્વાદ' નામની પ્રસ્તાવના કાકાસાહેબ કાલેલકરે લખી હતી. તેમાં તેમણે કંઠસ્ય સાહિત્યનો આસ્વાદ કરાવતા 'લોકસાહિત્ય' શબ્દ પ્રથમવાર પ્રયોજ્યો હતો. અર્થાત્ 'લોકસાહિત્ય' શબ્દ ઈ.સ.૧૯૨૨થી છેલ્લાં ત્યાંસી વર્ષથી ગુજરાતીમાં

પ્રયોજાવા લાગ્યો. તેને શ્રી ઝવેરચંદ મેઘાણીએ વ્યાપક રૂપમાં પ્રચલિત કર્યો. આજે હિન્દી, મરાઠી, પંજાબી, નેપાળી વગેરે ભાષાઓમાં પણ 'લોકસાહિત્ય' સંજ્ઞા પરંપરાગત કંઠસ્થ સાહિત્યના પર્યાય તરીકે પ્રચલિત થઈ છે.

આમ ઉપરોક્ત 'લોકસાહિત્ય' શબ્દની સંજ્ઞાઓમાં ફોક લિટરેચર, લોકવાઙ્મય, કંઠસ્ય પરંપરાનું સાહિત્ય, ફ્લોટિંગ લિટરેચર, 'દેશજ સાહિત્ય' જેવા પર્યાયો આપવામાં આવ્યા છે. ટૂંકમાં સમગ્ર ભારત વર્ષમાં આ 'લોકસાહિત્ય'નું મહત્ત્વ આમ તો પુરાપર્વથી એટલે કે વેદકાળથી ચાલ્યું આવે છે. આ અબાધિત પરંપરા પહેલાં તો સમગ્ર લોકસમાજનું 'સહિયારુંધન' હતું. પરંતુ અંગ્રેજી કેળવણીના પ્રસાર પ્રચારને લીધે ભારતીય સમાજમાં ગ્રામ્ય અને શિષ્ટ જેવા વિભાગો પેદા થયા અને આપણું લોકસાહિત્ય ગ્રામ્ય સંસ્કૃતિનું ઘરેણું ગણાવા લાગ્યું. શિષ્ટ અને શહેરી લોકો એનાથી દૂર થતા ગયા પણ લોકસાહિત્યની 'ગરિમા' માં કોઈ ઝાઝો ફરક ના પડયો. આજ તો લોકસાહિત્યની વિશેષતા છે.

## ૩.૨ લોકસાહિત્યનું સ્વરૂપ

આદિમાનવ રખડતા જીવનમાંથી સ્થિર અને સ્થાયી જીવન જીવતો થયો. સાથોસાથ સાધન સંપન્ન બનતો ગયો. એણે અલગ-અલગ સાધનોની શોધ કરી અને દરેક કાર્યમાં એને વાપરતો ગયો તેમ દરેક કાર્યને સરળતાથી ઉકેલવાની એને જરૂર દેખાણી, આવા સાધન સામગ્રીની વિપુલતાને કારણે એ સાધનોમાં વર્ગ પાડવાનું જરૂરી લાગ્યું. આવા સિદ્ધાંતને ઉકેલવા માટે એણે વ્યવહારું જીવન સ્વીકાર્યું. એમાંથી જ કદાચ આપણી સંસ્કૃતિ ઉદ્‌ભવી હશે? આમાં પણ ગ્રામ સંસ્કૃતિને કૃષિ સંસ્કૃતિના સિદ્ધાંતો સ્વીકારાયા હશે?

જેમ ખેડૂત અનાજની લહાણી કર્યા પછી બાજરાનાં ડૂંડા અને જુવારનાં કણસલાને ખળામાં મસળતા પહેલાં બંને અલગ-અલગ ઢગમાં ફેરવે છે. આ અલગ પાડવાની કે વર્ગીકરણની પ્રક્રિયાને કારણે જુવાર-બાજરીના દાણા એકબીજામાં ભળી જતાં અટકે છે અને ખેડૂતને પાક ભરવામાં સરળતા રહે છે. એવી જ અલગતા કે વર્ગીકરણની બાબત આપણાં રોજિંદા જીવનમાં પણ તેમજ ગૃહજીવનમાં પણ અનાયાશે જોડાયેલી જ છે. તેવીજ

રીતે વર્ગીકરણની પ્રક્રિયા પણ સાહિત્યની સરળતા ખાતર કરવામાં આવેલી હોય છે.

લોકસાહિત્ય પરંપરાગત કંઠસ્થ સાહિત્ય છે. તે પરાપૂર્વથી મૌખિકરૂપે ઊતરી આવ્યું છે. તેની રચના કોણે કરી હશે? કયારે કરી હશે? તે જાણવા મળતું નથી. પણ બનવા જોગ કદાચ લોકગીત, લોકકથા વગેરે કોઈ લાગણીશીલ વ્યક્તિ દ્વારા કે લોકમત હૃદયને બરાબર જાણનાર કોઈ ચારણો કે બારોટો દ્વારા પણ સજાર્યા હોય? અનેકના કંઠે પહોંચતા તેમાં અનેક પરિવર્તનો થયાં હોય, કેટલાક નવા ભાવો ઉમેરાયા હોય, આવા પરંપરાગત રીતે ઊતરી આવેલા લોકસાહિત્યનાં સ્વરૂપોનું વર્ગીકરણ કરવું જરૂરી લાગે છે.

લોકસાહિત્યના વિભાગીકરણ કે વર્ગીકરણના પરિચય થકી જ આપણને તેની વિશાળતાનો સુપેરે પરિચય મળી શકે એમ છે. આપણું લોકસાહિત્ય ઈયત્તા અને ગુણવત્તાની દૃષ્ટિએ ઉત્તમ અને સર્વદા-સર્વથા સ્વીકૃતિ પામ્યું છે. તેમાં હરખભેર ગાવાં ગમે તેવાં લોક ગીતો છે. મનને સાંભળવી ગમે તેવી આશ્ચર્યચકિત કરનારી કથાઓ છે, સંસ્કૃતિને ઉજાગર કરતાં લોકનાટ્યો (ભવાઈ) છે, લોકજીવનની ઓરિજનાલીટી જાળવી રાખનારાં નૃત્યો છે, તો માનવમૂલ્યો ઉપરાંત જીવનનાં સનાતન સત્યોને અજવાળતાં તત્ત્વો પણ જોવા મળે છે. આવા 'Oral Art' ને મુખ્યત્વે બે વિભાગોમાં વહેંચે છે. (૧) કંઠસ્થ સાહિત્ય (૨) શિષ્ટ સાહિત્ય.

સાહિત્ય વર્ગીકરણમાં સંસ્કારોનો અભેદ પ્રવાહ દર્શાવતા શ્રી ઝવેરચંદ મેઘાણી કહે છે કે, ‘આ ગામડાંને આ શહેર, એવા ભેદો આજે તીવ્રતમ બન્યા છે, એકતા અને અખંડિતતા તૂટી ગઈ છે, તેને કારણે ભૂલી જવાય છે કે થોડા જ સૈકા પૂર્વનો સમાજ ગામડા અને શહેરો એવા તીવ્ર, કટર ભેદોને કિંવા વિરોધોને ઓળખતો ન હતો. લોકસાહિત્યની એની એ જ સામગ્રી એ બેઉ સ્થળે અભેદપણે પ્રવર્તમાન હતી. જે બ્રાહ્મણ ઘરમાં સુસંસ્કૃત સુભાષિતો ગવાતાં ને સ્ત્રી બાળકોને કંઠે ચડતાં તે ઘરોમાં ગરબા, ગાથાઓ, હાલરડાં, જોડકણાં, અને કહાણીઓ પણ કહેવાતી તેમજ કંઠે ચડતી !’[૩૫]

ઝવેરચંદ મેઘાણી એ નગર અને શહેર જેવા ભેદો બતાવી કંઠસ્થ સાહિત્યને વધારે મહત્ત્વ આપ્યું છે. એમાં પણ ખાસ કરીને પદ્ય સ્વરૂપને લોકસાહિત્ય દ્વારા ગરબા ગાથા, હાલરડા, જોડકણાં, આદિને મહત્ત્વ આપે છે.

લોકસાહિત્ય પદ્યમાં પણ વહ્યું છે, ગદ્ય પણ વહ્યું છે ને ગદ્યપદ્ય મિશ્રિત પણ રચાતું રહ્યું છે પણ લોકસાહિત્યની વિવિધ રચનાઓમાં કોઈ એક કે થોડી વ્યક્તિઓ મળી ચોકકસ પ્રકારે રજૂ કરવા જે કાંઈ ફેરફારો કરે, અને પોતાની ધારણા પ્રમાણેના ગીત, સંગીત, વાત કે વિગતનાં વર્તન કે તાલના ચોકકસ મરોડ આપે કે એનાં રૂપકો બાંધે તેવી મૂળ કૃતિનું રૂપ લોકસાહિત્ય આધારે જ લખાય છે. આમ, લોકસાહિત્યમાં પદ્ય-ગદ્ય અને મિશ્રિત પ્રકારો ઉદ્‌ભવે છે.

શ્રી અનંતરાય રાવળનો 'ગુજરાતી સાહિત્ય'ના ગ્રંથમાં 'શિષ્ટ સાહિત્ય અને લોકસાહિત્ય એ બે જુદાં સ્વરૂપો બતાવાય છે. પણ લોકસાહિત્યનું એમનું સારભૂત ને સૂક્ષ્મદર્શન અભ્યાસીઓનું ઉત્તમ ભાથું એમાંથી જ બને તેવું છે.'[૩૬]

ડો. નિરંજન રાજ્યગુરુ 'સૌરાષ્ટ્રનું લોકસાહિત્ય અને લોકસંગીત' હેઠળ 'લોકગુર્જરી'માં લખે છે: 'કોઈપણ પ્રકારનાં વિશિષ્ટ માનવસમૂહો દ્વારા ભાષાનું જે ઉચ્ચારિત રૂપ પ્રગટ થાય છે તે છે 'ફોકસ્પીચ' અથવા 'લોકવાણી' એનો સંબંધ શાસ્ત્રીય ગ્રંથો સાથે નહીવત્ છે. એનો સંબંધ છે જીવાતા જીવન સાથે અને માનવ વ્યવહારો સાથે, તેનું વિભાગીકરણ-વર્ગીકરણ કરીએ છતાંયે પર્યાપ્ત વર્ગીકરણ ન થઈ શકે એટલું વૈવિધ્ય આ કંઠસ્થ પરંપરાથી લોકમુખે જળવાયેલું સાહિત્ય ધરાવે છે. છતાં અભ્યાસની સગવડતા ખાતર આપણા સંશોધકોએ જુદા વિભાગો કર્યાં છે. (૧) જાતિ ભેદની દષ્ટિએ (સ્ત્રી-પુરુષ સાહિત્ય) (૨) અવસ્થાભેદની દષ્ટિએ (બાલ્યાવસ્થા, કિશોરાવસ્થા, યુવાવસ્થા, પ્રૌઢાવસ્થા, વૃદ્ધાવસ્થા)નું લોકસાહિત્ય (૩) જ્ઞાતિભેદની દષ્ટિએ (૪) પ્રદેશભેદની દષ્ટિએ (૫) વસ્તુ કે વિષયભેદની દષ્ટિએ (૬) પ્રકારભેદની દષ્ટિએ (૭) નામકરણની કે સંબોધનની દષ્ટિએ (૮) સમયભેદની દષ્ટિએ (૯) સ્વરૂભેદની દષ્ટિએ (૧૦) રસભેદની દષ્ટિએ (૧૧) ઉપયોગિતાની દષ્ટિએ

(૧૨) પ્રકૃતિ ભેદની દષ્ટિએ એમ જુદા-જુદા ભેદો-પ્રભેદો પાડે છે અને વર્ગીકૃત કરે છે. એજ રીતે દશ્ય-શ્રાવ્ય, ગદ્ય-પદ્ય, પદ્યમય એમ વિભાગો પણ પાડે છે.'[૩૭]

શ્રી પુષ્કર ચંદરવાકર જેવા લોકવાઙ્મય વિશેના વિદ્વાન અભ્યાસી એના ગેય અને અગેય એમ બે વિભાગો પાડીને પછી એમાં જુદા જુદા લોકવાઙ્મયનાં સ્વરૂપોની ગણતરી કરાવે છે.

શ્રી જશવંત શેખડીવાળા લોકવાઙ્મયના સ્વરૂપગત વર્ગીકરણ આ પ્રમાણે આપે છે. 'લોકસાહિત્ય લોકોકિત, લોકકવિતા, લોકવાર્તા અને લોકનાટ્ય એમ ચાર મુખ્ય પ્રકારોમાં વહેંચાયેલું છે તેનાં વિવિધ સ્વરૂપો પદ્ય, ગદ્ય અને ગદ્ય-પદ્ય મિશ્ર ત્રાણેય માધ્યમમાં આકારિત થયાં છે.'

હજારો વરસથી માનવમન સુખના આનંદના અદીઠ એવા શિખરની શોધમાં પડ્યું છે. એનો તલસાટ, એના કોડ, એના પુરુષાર્થનાં પગલાં આ લોકસાહિત્યમાં પણ પડયાં છે. એમાં જ્ઞાન છે ને અજ્ઞાન છે, અંધશ્રદ્ધા છે ને સમર્પણની શક્તિ પછી એમાં વહેમો છે ને રૂઢ મનોદશા છે. આ લોકસાહિત્યની આધુનિક સમયમાં જે પ્રકારનો ઉપયોગ કે દુરુપયોગ ડાયરાઓ અને ફિલ્મો દ્વારા થઈ રહ્યા છે ત્યારે આવા લોકસાહિત્યને સાચા સ્વરૂપે રજૂ કરી શકાય અને સાચી પરંપરા જળવાઈ રહે તથા એમાં ઉત્તમ અંશોનો વારસો પ્રજાને મળતો રહે અને આવો આપણો સાંસ્કૃતિક મહામૂલો વારસો ધૂળધાણી ન થઈ જાય તે માટે પણ લોકસાહિત્યનું વર્ગીકરણ થતું રહે એ સ્વીકાર્ય છે.

'લોકસાહિત્ય નાટ્યમાં, નૃત્યમાં, વાર્તાક્ષેત્ર, ચિત્રકળાને કંડારવામાં, શિલ્પ અને ભરતમાં, સભાઓ અને સમારંભોમાં વસ્ત્રાભૂષણ અને અલંકારોમાં લોકકળાઓનું આક્રમણ થતાં લોકસાહિત્ય સમાજજીવનમાં ઊંડે-ઊંડે પ્રવેશતું જાય છે. ગુજરાતી ફિલ્મો, વાર્તા ને કવિતા લખનારા, વાર્તા કહેનારા, રજૂ કરનારા તેમજ લોકસાહિત્યના રસિકો આ વર્ગીકરણને ટાંપી રહયા છે.'[૩૮]

આવા લોકસાહિત્યને આપણા લોકસાહિત્યકારોએ નીચેનાં પાંચ સ્વરૂપોમાં દર્શન કરાવ્યાં છે.

૧. લોકગીત - Folk Song

૨. લોકવાર્તા - Folk Story-tale

૩. લોક સંગીત - Folk Music

૪. લોકનૃત્ય - Folk Drama

૫. લોક કહેવતો અને ઉખાણાં - (Proverb and Proverbial)[39]

આવા લોકસાહિત્યને મૌખિક પરંપરા મુજબ કથ્ય અને ગેય એવા બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે.

○ કથ્ય સ્વરૂપો : જે સ્વરૂપો કહેણી દ્વારા વ્યક્ત થતા હોય તેને કથ્ય સ્વરૂપો કહે છે. જેમકે લોકકથા, લોકનાટ્ય, કહેવતો, ટુચકા, ઓઠા, સમસ્યા, રૂઢિપ્રયોગ આદિ.

○ ગેય સ્વરૂપો : જે સ્વરૂપો ગાવાથી વ્યક્ત થાય છે તેને ગેય સ્વરૂપો કહે છે. જેમકે- લોકગીત, કથાગીત, દુહા, જોડકણાં, સુભાષિત, ઉખાણાં.

આ ઉપરાંત એના અન્ય પેટા પ્રકારો પણ ગણાવી શકાય. જે હવે પછીના આવતા લોકસાહિત્યના કથ્ય સ્વરૂપો અને ગેય સ્વરૂપોવાળાં પ્રકરણોમાં વિગતે ચર્ચા કરાશે. અહીં ફક્ત શ્રી જશવંત શેખડીવાળાએ દર્શાવિલા ચાર વર્ગીકરણો મુજબ અહીં ટૂંકમાં ચર્ચા કરવામાં આવી છે.

### (અ) લોકગીત કે લોકકવિતા (Folk Song)

ડો. નિરંજન રાજ્યગુરુ 'સૌરાષ્ટ્રનું લોકસાહિત્ય અને લોકસંગીત' એ શીર્ષક હેઠળ 'લોકગુર્જરી'માં લોકગીત સંદર્ભે લખે છે: 'સૌરાષ્ટ્રના લોકસાહિત્યમાં ભાવવૈવિધ્યની દષ્ટિએ પ્રકારોની દષ્ટિએ, સંખ્યાની દષ્ટિએ અને લોકપ્રિયતાની દષ્ટિએ સૌથી મહત્ત્વનું સ્થાન ધરાવે છે. લોકગીતો. માનવ સ્વભાવની નાની-મોટી તમામ ખાસિયતો લોકગીતોમાં પ્રતિબિંબિત થઈ શકે છે.'[૪૦]

ડૉ. નિરંજન રાજ્યગુરુએ આલેખેલા આ લોકગીતની મીમાંસામાં 'સૌરાષ્ટ્ર' શબ્દ કાઢી નાંખતા આજે સમગ્ર ગુજરાતમાં પણ 'લોકગીત'ની સ્થિતિ આવી જ છે. લોકસાહિત્યના અન્ય સ્વરૂપની તુલનાએ લોકગીતમાં જ લોકસમાજનું, લોકજીવનનું અને લૌકિક પરંપરાઓનું-આચાર-વિચારોનું કે રીત-રિવાજોનું સાચું પ્રતિબિંબ પડે છે. એથી જ તો કોઈકે લોકગીતો માટે 'યુગદર્પણ' એવો શબ્દ પ્રયોગ કર્યો છે.

લોકગીતોમાં માનવીનાં સુખ-દુઃખ, યુદ્ધ-શાંતિ, વિરહ-મિલન, પ્રેમ-દ્વેષ જેવી લોકાનુભૂતિઓનું સાક્ષાત્ દર્શન થતાં હોય છે. લોકજીવનનું જ પ્રતિબિંબ લોકગીતમાં છે. જન્મથી માંડીને મૃત્યુ સુધીના બધાં જ ભાવસંવેદનો લોકગીતોમાં સમાઈ જતા હોય છે. તેથીજ તો લોકસાહિત્યમાં 'લોકગીત'ને ઉતમ સાહિત્ય તરીકે ગણાવ્યું છે. લોકકથાની જેમ લોકગીતના પણ અનેક પેટા પ્રકારો પાડવામાં આવ્યા છે.

લગ્નગીતો, બાલગીતો, ગોરમાનાં ગીતો, રાસ-ગરબાનાં ગીતો, પ્રણયગીતો, વિરહ ગીતો, દેવ-દેવીનાં ગીતો, મરશિયા, રાજિયા, છેલિયા જેવા અનેક પેટા પ્રકારો લોકગીતોમાં સમાઈ જાય છે લોકગીતોને સ્વરૂપની દૃષ્ટિએ તો અસંખ્ય પેટા પ્રકારોમાં વહેંચી શકાય છે. ટૂંકમાં 'લોકગીત' એ ઊર્મિકાવ્ય છે. છતાં પરંપરાગત પાઠય, ધ્રુવપદ આવર્તન, સરળલય, મધુર બંધારણને કર્ણપ્રિયતા જેવાં અનેક લક્ષણો લોકગીતમાં ધ્યાન ખેંચે છે. લયહિલ્લોળ એ લોકગીતનું આગવું લક્ષણ છે.

'લોકગીતો' માટે તો આમ કહી શકાય કે ભણેલો કે અભણ, ગરીબ કે અમીર, ઉચ્ચ કે નીચ, બાળક કે વૃદ્ધ, ગ્રામ્ય કે શહેરી, કાળો કે ધોળો. દરેક મનુષ્યને લોકગીત આકર્ષ્યા વગર રહેતું નથી, પછી ભલે ને તે ગમે તે બોલીમાં ગવાયેલું હોય કે ગવાતું હોય 'લોકગીત' મનુષ્યના અંતર આત્માને પોતાના તરફ ખેંચ્યા વગર રહેતું નથી.

લોકગીતોમાં હાલરડાં, જોડકણાં, લગ્નગીતો, ફટાણાં, મરશિયા-રાજિયા, વિનોદીગીતો, કોશગીતો, દામ્પત્યનાં ગીતો, રસગીતો, આદિ શાખાઓનો ઠીક ઠીક પ્રમાણમાં પરિચય મળી રહે છે. આવાં લોકગીતો સાથે જે તે જાતિ કે સમાજની વિધિવત્ પરંપરા જોડાયેલી છે. લોકસંસ્કૃતિની સીધી ઝલક લોકગીતોમાં પડેલી છે.

## બ. લોકકથા કે લોકવાર્તા (Folk Tale)

'લોકગીત' પછીનું બહુ જ પ્રાચીન કહી શકાય એવું સ્વરૂપ તે લોકકથા કે લોકવાર્તા. માનવજીવન એટલે નાનાવિધ ઘટનાઓનો મેળો. આ ઘટના સમાજમાં બનતી હોય કે મનુષ્યના અંગત જીવનમાં બનતી હોય. લોકજીવનના કે સમાજના વાસ્તવિક નક્કર જીવનમાં બનતી ઘટનાઓમાંથી લોકકથાનું કાઠું બંધાઈ છે. માનવ સમાજમાં બનતી ઘટનાઓ ઉપર જે તે ભાવકને રુચે તેવાં અલંકારો, ભાષા, ભાવ-રસ કે નિરૂપણનો રંગ ચડે છે અને એમાંથી ઉત્પન્ન થાય છે. બહુરંગી લોકકથા.

પ્રાચીન, ઐતિહાસિક, અર્ધ ઐતિહાસિક કે કલ્પિત કથાવસ્તુની આસપાસ કથાની ગૂંથણી થતી હોય છે. માણસનો વાર્તારસ જૂનો અને જાણીતો છે. મનુષ્યે જ્યારથી ભાષાનો ઉપયોગ માનવ વ્યવહારમાં કર્યો હશે ત્યારથી કથાના બીજ મંડાયા હશે? ગુજરાતી ભાષામાં 'લોકકથા' શબ્દનો પ્રથમ પ્રયોગ પારસી કવિ રૂસ્તમ ખુરશેદ ઈરાનીએ ઈ.સ.૧૮૮૫માં કર્યો હોવાનું નોંધાયું છે. આ લોકકથા માટે વેદ કરતાં પણ પુરાણો શબ્દ 'ગાથા' છે.

આપણે ત્યાં પંચતંત્ર જાતકકથાઓ, 'કથાસરિત્સાગર' આદિ વિશ્વની પ્રાચીનતમ લોકકથાઓ છે. ગુણાઢયની 'બૃહત્કથા'માં લોકકથાનું પ્રાચીનતમ સ્વરૂપ મળે છે. એક અભિપ્રાય મુજબ આ લોકકથા આદિમાનવ જેટલીજ પ્રાચીન હશે? છએક હજાર વર્ષની દીર્ઘકાલીન પ્રક્રિયામાંથી પસાર થતાં, આપણી માનવ સંસ્કૃતિના ઉત્તરોત્તર થતા વિકાસ સાથે પ્રગતિ કરતાં આજની લોકકથા તેની આકૃતિ પામી શકી છે. પ્રાદેશિક લોકકથા પોતાના વાઘા બદલી નાંખે છતાં પણ મૂળ ઘટના કે પ્રસંગ બદલાતો નથી. જેને 'મોટીફ' કહેવામાં આવે છે. કથકે-કથકે લોકકથા કહેવાની રીતિ કે શૈલી બદલાય છે. લોકકથાના અનેક પ્રકારો ગણવામાં આવ્યા છે. તેથીજ તો શ્રી ઝવેરચંદ મેઘાણી આ સંદર્ભે નોંધે છે કે: 'વાર્તાએ-વાર્તાએ પચીસ-પચાસ દુહા ટંકાય છે. વાર્તારૂપી ઈમારતના એ સ્તંભો અને કમાનો છે, રવેશો અને ઝરૂખા છે.' આમ લોકકથાએ કથ્યસ્વરૂપમાં સૌથી લોકપ્રિય પ્રકાર છે. આજે પણ બાળકોથી માંડીને વૃદ્ધો સુધીના તમામ લોકોમાં કથાનો રસ પડેલો દેખાય છે. એક

સમય એવો હતો કે જયારે વડીલ ગોવાળ ગાયો ચારતા અન્ય નાના ગોવાળોને કુંડાળે બેસી વાર્તા કહેતા.

**ક. લોકનાટ્ય કે ભવાઈ (Folk Drama)**

લોકકથા પછી લોકનાટ્ય પણ લોક સાહિત્યનું અગત્યનું સ્વરૂપ છે. 'લોકનાટ્ય' ભારતમાં દરેક પ્રાતમાં ભજવાય છે. બંગાળની યાત્રા 'મીરા સોના તમાસા' દક્ષિણ ભારતમાં 'પક્ષીજ્ઞાન કે કથકલી' નૃત્યો પણ આપણી 'લોકનાટ્યકળા'નું ગૌરવ છે. ભારતના ઉત્તર પ્રદેશના વિસ્તારોમાં 'નવટંકી' લોકનાટ્ય ભજવાય છે અને ભારતીય 'લોકનાટ્ય' માં સ્થાન પામે છે.

'લોકનાટ્ય' 'ભવાઈ' ગુજરાતનું લગભગ ૭૦૦ વર્ષ જૂનું 'લોકનાટ્ય' છે. તેના મૂળ 'અસાઈત'ના ભવાઈ વેશોમાં જોવા મળે છે. ગુજરાતમાં લોકનાટ્યના કલાકારો 'તરગાળા' કહેવાય. આ 'તરગાળા' તે અસાઈત ઠાકરના 'ત્રાણ ઘર'ના વંશજો. શ્રી અસાઈતે જનમનોરંજનના હેતુથી 'વેશ' લખીને ભજવ્યા તેમાંથી જ ગુજરાતી 'લોકનાટ્ય' 'ભવાઈ'નો ઉદ્‌ભવ થયો.

'રાત થોડી ને વેશ ઝાઝા' એ કહેવત અનુસાર આપણે ત્યાં સામાજિક, ઐતિહાસિક, પૌરાણિક અને ધાર્મિક કથાઓ 'વેશ' રૂપે ભજવાતી થઈ. પહેલાના સમયમાં ગામના ચોકમાં કે મંદિરના ચોકમાં (ચાચર ચોકમાં) આવાં લોકનાટ્યો ભજવવામાં આવતાં. ભવાઈયાઓની ભુંગળ વાગતાની સાથે ગામડાના લોકો ભવાઈનો આનંદ લૂંટવા દોડી આવતા. મશાલ કે ફાનસના અજવાળે ભજવાતી આ ભવાઈમાં સાહિત્ય, અભિનય, ગાયન અને વાદન જેવી વિવિધ કલાઓનું સંયોજન થતાં 'લોકનાટ્ય' કે 'ભવાઈ' લોકો માટે મનોરંજનનું જ્ઞાન પૂરું પાડનારું સ્વરૂપ બની ગયું.'[૪૧]

'લોકનાટ્ય' કે 'ભવાઈ'માં પુરુષપાત્રો જ 'સ્ત્રી'ની ભૂમિકા ભજવતા. નૃત્ય કરતાં હોય ને આહ્‌લાદક દશ્યો રચાય. વચ્ચે-વચ્ચે 'હાસ્યફુવારો' બની રંગલો લોકોની નીંદ ઉડાડતો, ઘેલું લગાડતો જતો. આવા ભવાઈ વેશોમાં શેઠ-શેઠાણીનો વેશ, ઝંડા-ઝૂલણનો

વેશ, રાવણનો વેશ, પતાઈ રાજાનો વેશ, લાલજી મણિયારનો વેશ, કજોડાનો વેશ, ગણપતિનો વેશ, આ ઉપરાંત રામ-સીતાનો, હનુમાનનો, શિવપાર્વતી, કાન-ગોપી, રામદેપીર જેવા ધાર્મિક વેશો પણ ભજવાતા. વળી એમાં કહેવતો, રૂઢિપ્રયોગો, ટુચકા આદિ તેના સંવાદો પ્રમાણે આવતાં જાય.

આમ 'ભવાઈઓ' કે 'વેશ' થકી સમાજ સુધારણાનું કાર્ય થતું રહેતું આપણી લોકસંસ્કૃતિનું પરિવહન કરતાં ગામડે-ગામડે પહોંચવા માટેનું આ ઉત્તમ સ્વરૂપ ગણાતું આજે પણ લોકનાટ્ય કે ભવાઈ કયાંક-કયાંક સમયનાં બદલાતાં સંદર્ભ પ્રમાણે ટકી રહેલું કે ભજવાતું જોવા મળે છે.

### ૩. લોકોક્તિ (સ્વતંત્ર દુહા, સોરઠા, ભડળી વાકયો, રૂઢિપ્રયોગો, લૌકિકવ્યુત્પત્તિ, મહેણાં-ટોણાં તથા કહેવતો

લોકોક્તિ એ લોકસાહિત્યનો મહત્ત્વનો વિભાગ છે. અહીં 'લોકાક્તિ' શબ્દની વ્યુત્પત્તિ જોતાં 'લોકોની ઉક્તિ' એવો અર્થ સરે છે. 'લોકોની ઉક્તિ' એટલે 'સમાજનું કથન' આ લોકોક્તિ એ સમાજનું અમૂલ્ય અને અલિખિત સાહિત્ય છે અને એના રચનાકાર-રચનાકાળ બંને ગોપનીય હોય છે. લોકોકિતનાં જુદાં-જુદાં સ્વરૂપો નીચે પ્રમાણે છે.

#### ૦ સ્વતંત્ર દુહા-સોરઠા

દુહા-સોરઠા એ બબ્બે પંક્તિઓનું મુકતક સ્વરૂપનું ગેયકાવ્ય છે. માત્ર બે લીટીમાં માર્મિક રીતે દુહા કથ્ય વિષયને કહી જાય છે અને એથી જ તો દુહાને 'દશમો વેદ' કહ્યો છે. લગભગ તમામ રસોનું વહન કરનાર આ સ્વરૂપમાં સચોટતા, માર્મિકતા, લાઘવતા અને અર્થવૈભવ હોય છે.

દુહા-સોરઠા પ્રેમકથાની અંદર ચર્ચાયા છે. તો સ્વતંત્ર કવિતારૂપે પણ રચાયા છે. દુહા-સોરઠામાં જીવનના અનુભવોનો નીચોડ આલેખાયો હોય છે. તેથીજ તો 'દુહો' 'ખોડેલી ખાંભીને ખળભળાવી મુકે એવી કમાલનો કામણગારો ગણાવાયો છે.

### ૦ ભડલી વાકયો

લોકવાણીરૂપે કંઠસ્થ એવા ભડલી વાકયોમાં ઋતુઓની આગમવાણી, કુદરતના થનારા ફેરફારો સહિત હવામાનનું અવલોકન રજૂ થયેલું હોય છે.

દા.ત. 'દિવસે વાદળ ને રાતે તારા, એ દુષ્કાળના ચાળા' (ઉ.ગુ.) 'વરસે પુરવાતો ખેડૂત બેસે ઝૂરવા' (ઉ.ગુ.)

### ૦ રૂઢિપ્રયોગ

કહેવત અને રૂઢિપ્રયોગમાં ભેદ છે. કહેવતમાં જે વાત કહેવાની હોય તે બોધના હેતુથી કહેવાય છે. જયારે રૂઢિપ્રયોગમાં બોધ વિના સ્પષ્ટપણે કથન થાય છે. રૂઢિપ્રયોગો બહુધા એકજ લીટીમાં હોય છે. રૂઢિપ્રયોગો લોકોમાં પરંપરાથી ઉતરી આવે છે તેમાં લાઘવતા, સચોટતા, વેધકતા, વ્યંજકતા, સરળતા જેવા ગુણો હોય છે. એમાં કટાક્ષ, વિનોદ કે વ્યવહાર જ્ઞાન હોય છે.

દા.ત. 'પેટે પાટા બાંધવા'

'કાગડા ઉડવા'

'બકરું કાઢતાં ઊંટ પેઠું'

'બાર સાંધે ત્યાં તેર ટૂટે'

રૂઢિપ્રયોગોનો ઉપયોગ લોકબોલીમાં નવું જોમ, જુસ્સો, તાજગી અને ભાષાની ભરતી લાવે છે. થોડામાં ઘણું કહેવાની પરંપરા આજે પણ જળવાયેલી છે. રૂઢિપ્રયોગોનો ઉપયોગ આપણા શિષ્ટ સાહિત્યમાં પણ થતો જોવા મળે છે. લોકસાહિત્યમાં રૂઢિપ્રયોગો પણ કહેવત જેટલો જ સબળ ભાષા વ્યવહારનું માધ્યમ છે.

### ૦ લૌકિક વ્યુત્પત્તિ

લોકોકિતના આ વિભાગમાં લોકોએ કેટલાક વિશિષ્ટ શબ્દોની સહજ જોડી કાઢેલી એવી વ્યુત્પત્તિઓનો સમાવેશ થાય છે. દા.ત. 'માશી'- 'માના જેવી તે માશી', 'જાજરૂ- 'જાવ જરૂર તે 'જાજરૂ'

**૦ મહેણાં-ટોણાં**

પ્રસંગોચિત બોલાતા શબ્દોની ઉક્તિઓ આમાં સમાવી શકાય છે. દા.ત. 'ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મર' 'જાત પરભાત ને કાગળ પર બીલું'

(ઉપરનાં ઉદાહરણો શ્રી વિનાયક રાવલ કૃત 'ગુજરાતી સાહિત્ય મધ્યકાલીન અને સુધારકયુગ' માંથી લીધાં છે.)[૪૨]

**૦ કહેવતો**

જ્ઞાન ઉપર કેવળ ભણેલાનો ઈજારો નથી એની સાક્ષી કહેવત છે. અભણ કે સામાન્ય લોકોમાં ભલે શિક્ષણનો અભાવ હોય, ભણ્યાં ભલે ઓછું હોય પણ ગણ્યા વધારે હોય એવું લોકની ટૂંકી, મર્મભેદી અને ભારોભાર સ્પષ્ટપણે કહેવાતી કહેવત પરથી જણાય છે.

કહેવતો લોકોમાં પરંપરાથી ઉતરી આવે છે. બિલકુલ રૂઢિપ્રયોગોની માફક, કહેવતોના રચનાકાર-રચનાકાળ ગોપનીય છે. કહેવતોમાં પણ લાઘવતા, વેધકતા, સરળતા, સચોટતા અને વ્યંજકતાં જેવાં ગુણલક્ષણો જોવા મળે છે. કહેવતો જીવંત બોલીમાં જોવા મળે છે. કહેવતો એક, બે કે ચાર લીટીમાં કહેવાતી જોવા મળે છે. કહેવતો વિશેષ તો લોકજીવનની વાસ્તવિકતા પર પ્રકાશ ફેંકે છે. આદર્શો કે નીતિ-રીતિ અંગેનાં સારાં-નરસાં બંને પાસા રજૂ કરતી આપણી લોકકહેવતો લોકોના રોજબરોજના જીવન વ્યવહારમાં ભરપેટ ઉપયોગમાં લેવાય છે. દા.ત.

'આવ્યાં મળવાને બેસાડયાં દળવા'

'ઝાઝી કીડી સાપને તાણે'

'કડવા હોયે' લીમડા, શીતળ એની છાંય'

'શિયાળ તાણે સીમ ભાણી, કૂતરું તાણે ઘર ભાણી'

'કાગડા બધે જ કાળા'

'પારકી મા જ કાન વીંધે.'

આવું લોકસાહિત્ય સંખ્યા, સત્ત્વ અને વૈવિધ્યમાં સમૃદ્ધ છે. તેમાં ગદ્યમાં, પદ્યમાં

અને ગદ્યપદ્ય મિશ્રરૂપમાં રચાયેલું લોકસાહિત્ય પ્રાપ્ત થાય છે. આવું વૈવિધ્યસભર લોકસાહિત્ય બધીજ બોલીઓમાં કે ભાષામાં કહેવાતું કે ગવાતું જોવા મળે છે. જાતિએ-જાતિએ અવનવી વિશેષતાઓ લોકસાહિત્યમાં દેખા દે છે. આમ લોકસાહિત્ય એ બહુરંગી સાહિત્યપ્રકાર છે. લોકસાહિત્યના ગદ્ય પ્રકારમાં એક કે બે પંક્તિઓની કહેવતથી માંડી કલાકો સુધી ચાલ્યા કરે તેવી લાંબી લોકકથાઓ સુધીનાં સાહિત્ય સ્વરૂપો જોવા મળે છે.

## ૩.૩ લોકસાહિત્યની વ્યાખ્યા

લોકસાહિત્ય એ સમાજનો આયનો છે એમાં લોકોનું જીવાતા જીવનનું પ્રતિબિંબ પડે છે. સમગ્ર લોકજીવનનાં વિવિધ ભાવો અને સંવેદનાઓ એમાં ઝીલાતી હોય છે. લોકસાહિત્યમાં લોકોના જીવન વ્યવહારમાંથી લોકોની જુદી જુદી સંવેદનાઓ ઊર્મિઓ, સ્વયંભૂ અભિવ્યક્ત થાય છે અને તેને લોકસાહિત્ય કહીં શકાય એમાં ભૂતકાળની સારી-નરસી બધીજ બાબતો, પ્રસંગો તેમજ ગીત, વાર્તા, માન્યતા જેવી વિવિધ ભાવનાઓ શબ્દદેહ ધારણ કરતી હોય છે. લોકસાહિત્ય લોકજીવન સાથે ગાઢ રીતે સંકળાયેલું છે. તેથી જ તો જીવનની બધીજ પ્રક્રિયાઓ શબ્દદેહ સ્વરૂપે ડોકાતી આવે છે.

લોકસાહિત્યમાં ગામડાનાં અભણ-અબૂધ ગણાતા લોકોના સંસ્કારો, એમની રહેણી-કરણી, એમની રીત-ભાત, રૂઢિઓ, પહેરવા-ઓઢવાની પદ્ધતિ, એમાં વિવિધ અલંકારો એમની કેટલી વસ્તુઓ પ્રત્યેની જ્ઞાનતા અને અજ્ઞાનતા આદિભાવોની સાચવણી લોકસાહિત્યમાં થતી આવી છે. ગામડાંના ભોળા લાગતા લોકોની ભોળપણ, નિખાલસતા, સ્વછંદતા આદિને લોકસાહિત્યમાં અનોખી વાચા અપાયેલી જોવા મળે છે.

વ્યાપક અર્થમાં લોકવિદ્યાના ભાગરૂપે લોકસાહિત્યની વાત કરવી ઘટે. લોકસાહિત્યને બે મોટા વિભાગોમાં વહેંચી શકાય. ગાવા માટેની કૃતિ અને કહેવા માટેની કૃતિ. લોકસાહિત્ય સંખ્યા, સત્વ અને વૈવિધ્યની દૃષ્ટિએ ઘણું જ સમૃદ્ધ છે. ‘સેંકડો વર્ષોથી આ સાહિત્ય લોકકંઠે ખાસ કરીને ગ્રામજનોને કંઠે જળવાઈ રહ્યું છે. ગ્રામવાસી કૃષકો, પશુપાલકો અને શ્રમિકોમાં લોકસાહિત્યનો બહોળો પ્રચાર થયેલો છે. તેમના જીવનની પ્રત્યેક અવસ્થા સાથે

લોકસાહિત્ય એક યા બીજા રૂપમાં સંકળાયેલું જોવા મળે છે. લોકજીવન સાથે જાણે કે તે વણાઈ ગયું છે.'[૪]

લોકસાહિત્ય સ્વયંભૂ પ્રકારનું સાહિત્ય છે લોકોમાંથી ઊભું થયેલું અને લોક જીભે ગવાતું આવેલું કે કહેવાતું આવેલું સાહિત્ય છે. તે લખતી વેળાએ તેના લખનારે પોતાની નજરસમક્ષ જે પ્રસંગો કે દૃશ્યો હતાં તેને સજીવન કરવાનો અગાઢ પ્રયત્ન કર્યો છે. સમાજજીવન સાથે સંકળાયેલી જુદી જુદી સ્તરની લોક પ્રણાલીને તેમના સ્વભાવ, લક્ષણ અને પદ્ધતિઓનું અવલોકન કરીને પોતાના નીજી શબ્દોમાં પોતાની આગવી ભાષામાં, શબ્દભંડોળ કે વૈભવ વગરની ભાષા શૈલીમાં આલેખ્યું છે. લોકસાહિત્ય એ તો લોકસમાજનું આભલું છે. લોકહૃદયરૂપી ખુલ્લા આભલાંમાં લોકસાહિત્ય રૂપી અનેક તારામંડળો રચાયાં કર્યાં છે. લોકોનું બળાબળ, ભાવ-અભાવ, આશા, અભિલાષા, હેત-પ્રીત, જ્ઞાન-અજ્ઞાન, સારા-નરસાની ભાવ સમૃદ્ધિ સાહિત્યમાં અનાદિકાળથી ચિરંજીવ પ્રવાહ રૂપે વહી રહી છે. આ પ્રવાહમાં અનાદિકાળથી વહ્યા આવતાં અનેક વન્ય ઝરણાંઓ ભળતાં સાહિત્યમાં વિપુલતા અને વૈવિધ્યતા સતત વધ્યે જ જાય છે. અનાદિકાળથી લોકકવિઓના હૃદયમાં લોકસાહિત્યના નાદો/શબ્દો વાંસના ફણગાની જેમ ફૂટી રહ્યાં છે, અને આંબાના મ્હોરની જેમ મોહરી રહ્યાં છે, અને મહુડાના ફૂલની જેમ ખરીને પથરાય રહ્યા છે. આવા સાહિત્યનું સંપાદન સાક્ષરો કરતાં સામાન્ય ગણાતા સાક્ષરોના હાથે વધુ પ્રમાણમાં થતું આવે છે. એટલે જ લોકસાહિત્ય એ નૈસર્ગિક સાહિત્ય બની રહે છે.

લોકસાહિત્યમાં લોકજીવનનું પ્રતિબિંબ પડે છે. પુરો ગ્રામસમાજ તેમાં આલેખાયો છે. વન્ય પ્રકૃતિના ખોળે, કુદરતી સંપત્તિથી જ પોતાનો આખો સંસાર પૂર્ણ કરનાર ગ્રામલોક જ આવા સાહિત્યનો અંશ બને છે. લોકસાહિત્યમાં ગામડાંનો ઘર સંસાર, લોકોનો એકબીજા સાથેનો ગામડિયો વ્યવહાર, એમની રીત-રિવાજોની પરંપરા, આસ્થા, દેવો પ્રત્યેની શ્રદ્ધા, ભક્તિ, રૂઢિઓ, કેટલીક લોક પ્રકૃતિ પ્રત્યેની માન્યતાઓ, અંધશ્રદ્ધાઓ, શુકન-અપશુકનની ભાવનાઓ, પ્રાકૃતિક વ્યવસાય, ઋતુ પ્રમાણેની વિવિધતા, નૈસર્ગિક તત્ત્વો જેવાં કે પશુ,

પંખી, ઝાડ, ખેતર, સીમ, ઝરણાં, નદી, કોતર, તળાવો, ડુંગરાઓ આદિ વન્યસંપતિનો સાથ કેળવીને લોકસાહિત્યમાં નિરૂપિત થતો જોવા મળે છે.

આવા લોકસાહિત્યને વ્યાખ્યાઓમાં બાંધવાના પ્રયાસો અનેક વિદ્વાનોએ મથામણ કરી છે. જો કે આ બાબતે એટલું કહેવું ઘટે કે કોઈપણ સાહિત્યને સંપૂર્ણ વ્યાખ્યામાં બાંધી શકાતી નથી. છતાં લોકસાહિત્યને વ્યાખ્યાના માળખામાં બાંધવાના ઘણા પ્રયાસો થયા છે. દરેક સાહિત્ય સમયની સાથે બદલાતું રહે છે. એટલે આવા પરિવર્તનશીલ સાહિત્યને વ્યાખ્યામાં ચુસ્તપણે બાંધીને ગૂંગળાવી મારવાનો આશય સાહિત્યકારનો નથી. તેથી જ તો સમયના પરિવર્તન સાથે-સાથે સાહિત્યની વ્યાખ્યાઓ પણ બદલાતી રહે છે. આવા સાહિત્યને વ્યાખ્યાબદ્ધ કરવા પાછળનો આશય ફક્ત વાચકવર્ગ કે સંશોધકો સાહિત્યને સહેલાઈથી સમજી એનો રસ માણી શકે એ માટે એક માળખાકીય વ્યાખ્યાઓ બાંધવાનો પ્રયાસ જરૂર રહ્યો છે.

## ૦ ભારતીય વિદ્વાનોના મતે લોકસાહિત્યની વ્યાખ્યા

લોકસાહિત્ય માટે યોગ્ય જ કહેવાયું છે કે ‘જ્યારે ઘરેઘર ઘંટીના નાદમાં લોકસાહિત્યના ગીતો સંભળાતાં, પ્રભાતિયાં, દાદા-દાદાની વાર્તા સાંભળી પૌત્રી-પૌત્રાદિની આંખો ઘેરાતી એ યુગ લોકસાહિત્યનો સુવર્ણ યુગ ગણાતો.’ આવી અનાદિકાળથી ચાલી આવતી ભાતીગળ સંસ્કૃતિની પિછાન કરાવનાર એવા લોકસાહિત્યને વ્યાખ્યામાં બાંધવાના અનેક પ્રયત્નો થયા છે.

લોકસાહિત્ય એટલે લોકજીભે રમતું લોકકંઠે જીવતું સાહિત્ય. લોકસાહિત્ય એ નિરક્ષર આદિમ, પછાત લોકોનું જ સાહિત્ય છે એવું નથી. ભણેલા કે સભ્ય લેખાતા વર્ગના સંસ્કાર જીવનમાં પણ લોકસાહિત્ય સારો એવો ભાગ ભજવતું હોય છે અને ગીતો, કથાઓ, કહેવતો, હાલરડાં, ઉખાણાં આદિ રૂપે જીવતું પણ હોય છે. લોકસાહિત્ય એ આખી પ્રજાની ચેતનાને તળિયે શું પડેલું છે તેનો કાંઈક તાગ આપતું હોય છે પણ તેને ‘સામૂહિક અચેતના’ કહે છે તે લોકસાહિત્યમાં પ્રગટ થતી હોય છે. લોકસાહિત્યના રચનારાઓ અનામી છે.

કેટલીક જાતિઓનું લોકસાહિત્ય લિપિબદ્ધ થયું હોતું નથી એટલું જ નહીં પણ કોઈ કોઈ જાતિને કોઈ જાતની લિપિનો પરિચય પણ હોતો નથી.[૫]

લોકસાહિત્યને સીધો લોકસમાજ કે તેની સંસ્કૃતિ સાથે સંબંધ છે. લોકજીવનમાં આલેખાતી કે અનુભવાતી કડીરૂપ ચેતનાઓ લોકસાહિત્યમાં માળારૂપે ગૂંથાતી આવે છે. વિશ્વના બધાં જ લોકસમાજમાં આવી લોકચેતના પ્રવર્તતી હોય છે તેથી જ તો લોકસાહિત્ય સર્વ જાતિઓમાં પડેલું છે.

'પ્રકૃતિના ખોળે જ્યાં લોકજીવન છે ત્યાં લોકસંસ્કૃતિ છે. જ્યાં લોકસંસ્કૃતિ છે ત્યાં લોકસાહિત્યનો વિશાળ સાગર લહેરાતો જોવા મળે છે. લોકસાહિત્ય એટલે લોકજીવનનો સ્મૃતિગ્રંથ એ સ્મૃતિગ્રંથના સીમાડા નિર્બંધ રીતે વિસ્તર્યા છે. લોકો જે શબ્દમાં ગાય છે, હસે છે, રડે છે અને રમે છે એ બધાને સાહિત્યમાં સમાવી શકાય છે. આમ લોકસાહિત્યની વ્યાપકતા માનવના જન્મથી માંડીને મૃત્યુ સુધીની, બાળક, યુવાન અને ઘરડાં નરનારીઓની એ મહામૂલી સંપત્તિ છે.[૬]

એક સમયે એવા સમાજો હતા જે સંસારના તમામ દેશોમાં મનુષ્યો પ્રકૃતિદેવીના ઉપાસકો હતા અને પ્રાકૃતિક જીવન જીવતા. તેથી એ માનવીના આચાર-વિચારો રહેણી-કરણી તથા જીવનની તમામ ક્રિયાઓ સાહજિક અને સ્વાભાવિક હતી. એ માનવ સમુદાયો આડંબર અને કૃત્રિમતાથી જોજનો દૂર વસતા હતા. એ સ્વાભાવિકતાની ગોદમાં પાળેલા 'જીવો' હતા. એમની જીવન પ્રક્રિયામાં તમામ ક્રિયાઓ સહજતાથી બનતી જેમકે ઊંઘવું, ચાલવું, ખાવું, હસવું, ઊઠવું, બેસવું, બોલવું, વગેરેમાં સ્વાભાવિકતા અને સહજતા જોવા મળતી. ચિત્તના મનોરંજન માટે એ સમયના માનવજીવનમાં અનેક લોકસાહિત્યની છાંટો ઉદ્ભવતી એમાં જ લોકસાહિત્યની રચનાઓ થઈ.

આથી જ તો શ્રી ઝવેરચંદ મેઘાણીએ આવા લોકસાહિત્યને 'બોલાતી જનવાણીનો નિચોડ કહ્યો છે.[૭] લોકસાહિત્યમાં જાતિઓનાં વિચાર, ભાવ અને કલ્પનાઓ વણાયેલાં હોય છે. આવું અનેકરંગી સાહિત્ય લોકો વચ્ચે સર્જાયું, ઘડાયું, સમજાયું અને સ્થાપિત થયેલું છે.

આવા લોકસાહિત્યમાં મોટેભાગે ‘સામાજિક રીત-રિવાજો તેમાં કેન્દ્રસ્થાને પ્રણય, મિલન, વિરહ, ઉત્કંઠા, શૌર્ય, ઉલ્લાસ, કારુણ્ય, આશા-નિરાશા, કટાક્ષ, પ્રકૃતિ, ઉત્સવ વગેરેનું નિરૂપણ લોકસાહિત્યના મુખ થયું છે.

લોકસાહિત્ય એટલે લોકજીવનનો સ્મૃતિગ્રંથ. એ લોકસ્મૃતિના વિવિધ અધ્યાયોમાં લગ્નગીત, રાસડા, હાલરડાં, ઉખાણાં, વિનોદકથાઓ, કુટુંબકથાઓ, પ્રેમકથાઓ, શૌર્યકથાઓ તથા ધાર્મિક જીવન દાખવતી વ્રત ઉત્સવની લોકકથાઓનો પણ સમાવેશ થાય છે. આમ લોકસાહિત્ય એટલે સમાજના સમગ્ર જીવનને ઝીલી બતાવતું વિવિધ રંગ અને ભાતવાળું સાહિત્ય. પ્રાકૃત જનતાના સંસારના, આશા અભિલાષા તેમનાં સુખ-દુખ, તેમનાં આનંદ ઉત્સવ, તેમનાં ખેલન અને રમતો, તેમનાં ગીતો અને નૃત્યો, તેમનાં કુટુંબ જીવન, તેમનાં સગાઈ-સંબંધો વગેરેમાં રહેલી વિચિત્રતાને ગીતો દ્વારા વાચા મળી છે. જીવનનો રસ માણવો અને ટકાવી રાખવો એ પ્રજાની એક જાતની તંદુરસ્ત પ્રવૃત્તિ છે. લોકસાહિત્ય આવી એક પ્રવૃત્તિ છે.[૯]

લોકસાહિત્ય એ લોકોની મૂડી છે. વહેતા જીવનમાંથી સાહજિક રીતે પ્રગટતું, જન સમાજના વેદના-ઉલ્લાસને ગાતું, લોકકંઠેથી આપોઆપ સરી જતું અને સચવાઈ રહેતું સાહિત્ય તે લોકસાહિત્ય છે. તેમાં કૃત્રિમતા ને સ્થાન નથી. આ સાહિત્યના પ્રધાન ગુણોમાં સ્વાભાવિકતા, સ્વછંદતા, સહજતા, અને સરળતા એ સમયનું સાહિત્ય જંગલમાં ખીલતા વૃક્ષો જેટલું સ્વચ્છંદ અને પાણીમાં તરતાં માછલાં જેવું સરળ છે. આવું કલામય, લોકસાહિત્ય દ.ગુજરાતના ધોડિયાજાતિમાં પણ પરંપરાગત રીતે ઊતરી આવ્યું છે. આ વિષયક તાત્વિક વિચારણા કરીએ તો આ જાતિને જીવતું અને ધબકતું રાખવાનું કાર્ય કરે છે. એમનું સાહજિક જીવન લોકસાહિત્યરૂપી આયનામાં પ્રગટે છે. એની રીત-ભાત, રહેવા-ઓઢવાની પરંપરા, એમની કેટલીક સમૂહ જીવનની સંસ્કારિતા, આદિ આવા સાહિત્યમાં ડોકાતું જોવા મળે છે. ધોડિયા સમાજના હૈયે અને હોઠે આવે એવી તળપદી વાણીમાં રજૂ થતું અકૃત્રિમ લોકસાહિત્ય આ જાતિની જીવનયાત્રાની મૂડી છે.

લોકસાહિત્યની અકૃત્રિમતાને બિરદાવતાં શ્રી ઝવેરચંદ મેઘાણી દર્શાવે છે- 'લોક સાહિત્યને હું ગ્રામકન્યા સાથે સરખાવું છે. એને એનું પોતાનું જંગલી સૌદર્ય છે. સંઘરેલું સંસ્કારી સૌંદર્ય સારું કે આ વીખરાયેલા વાળ અને લાલ લાલ લોચનવાળું, વગડાઉ, પીલુડાં વીણતું સૌદર્ય વધુ સારું એ સરખામણી સાથે આજે આપણને નિસ્બત નથી. પણ ગ્રામકન્યા જેવા છે તેવા રૂપમાં એક આખી લોકસૃષ્ટિનો રૂપ આવિષ્કાર છે. એને જેવી છે તેવીજ જોવી પડશે એના દર્શનમાં આપણી તર્કપ્રધાન વિવેકબુદ્ધિ ઝાઝી ખપતી નથી.'[૯] ઉપરોક્ત વિગતો જોયા પછી લોકસાહિત્યની વ્યાખ્યાઓ તપાસીએ.

લોકસાહિત્યવિદ્ જયમલ્લ પરમાર લોકસાહિત્યની વ્યાખ્યા આ પ્રમાણે કરે છે- 'કોઈનું કૃતિત્ત્વ હોય જેમાં લોકમાનસનું સામાન્ય તત્ત્વ રહેલું હોય અને કોઈના વ્યક્તિત્ત્વ સાથે જોડાયેલું હોય તો પણ લોકો જેનો પોતાના વ્યક્તિત્ત્વ તરીકે સ્વીકાર કરે અને જેમાંથી અભિવ્યક્તિના વ્યક્તિત્ત્વનો વિકાસ થાય તે.'[૧૦]

લોકસાહિત્યમાં આમ જોઈએ તો એનું ક્ષેત્ર વધારે વિશાળ છે. શિષ્ટ સાહિત્ય તો આજ સુધી ઘણું ખરું લિપિબદ્ધ થઈ ગયેલ છે. પણ વિશાળ વિશ્વ અને તેના 'લોક'ની પરંપરાઓ જોતા તે અલિખિત સાહિત્યની સરખામણીમાં ઘણું ઓછું છે. જયારે કંઠસ્થ સાહિત્ય ગ્રંથસ્થ નથી થયું માટે અલ્પ લાગે છે. શિષ્ટ સાહિત્યનું ફલક ઘણું નાનું છે ત્યારે લોકસાહિત્યનું ક્ષેત્ર વિશાળ અને અસીમ છે. જે વધારે સંશોધન માંગી લે એવું છે.

લોકસાહિત્યનો ઊંડો અભ્યાસ કર્યા પછી શ્રી જયમલ્લ પરમારે લોકસાહિત્યની આવી વ્યાખ્યા આપી છે. 'લોકો થકી, લોકો માટે, લોકો વચ્ચે રહીને જે રચાયું તે લોકસાહિત્ય.'[૧૧]

લોકસાહિત્યની વ્યાખ્યા આપતા શ્રી કનુભાઈ જાની કહે છે કે- 'તળપદી ભાષામાં તળપદા સંસ્કારોને ધારણ કરતી, અજ્ઞાત કર્તવ્યવાળી પેઢી દર પેઢી મૂળ પરંપરાથી ઉતરી આવેલી સર્જકની સભાન અભિવ્યક્તિનાં લક્ષણો વિનાની, લોક સમાજ મુગ્ધ નિર્વ્યાજતા અને નૈસર્ગિકતા વાળી ગીત હોય તો કયારેક ટેક, મૃત્યુને સાથે લાવતી સહજમાં યાદ રહી જાય તેવા શબ્દ પ્રયોગની રચના કે શબ્દ લયવાળી ઉદ્દેશ્ય વૃત્તિના અભાવવાળી જે તે

સમાજના પ્રાણ ધબકારવાળી નિર્દય, સરળ અને ભાવ સુંદર મોટેભાગે સંઘોર્મિ વહેતી નિરભૂકત છતાં જો હોય તો લોકકલ્પનાને સૂઝે એવા અલંકારોથી ઓપતી જે રચનામાં લોકસમૂહને ઘટાડવા-વધારવાની અનુકૂળતા કે છૂટ હોય છે ને એથી જેમાં પાઠાંતરો અનેક કે અગ્રગણ્ય હોય તેવા ભાવવાળી એક નિશ્ચિત અફર પાઠ ન હોય તેવી શબ્દના ભાવ વિચાર લાગણીના પ્રભુત્વ માત્રથી ધ્યાન ખેંચે તેવી નહીં બલ્કે જેમાં ઉપરથી પ્રભુત્વ લદાતું હોય તેવી, સૂક્ષ્મ અંગત સંવેદનો કે વિચાર, મંથન, આત્મ નિરીક્ષણ, પરીક્ષણ, પૃથ્થકરણ આ બધું ન પરખાય જાય તેવી ઘેરી લાગણી હોય પણ પરંપરાગત કથ્થકે ગેય વારસારૂપે સાંપડેલી શબ્દવિદ્યા કે લોકવાઙ્મય.'[૧૨]

ઉપરોકત વ્યાખ્યામાં અજ્ઞાનતા, તળપદા સંસ્કારો, નૈસર્ગિકતા, સહજતા, લયાત્મકતા, સંઘોર્મિ લોકકલ્પના, પાઠાંતરો, સૂક્ષ્મ સંવેદનોથી કંઠ્ય કે ગદ્ય સ્વરૂપે પરંપરાગત રીતે પેઢી દર પેઢી ચાલી આવતી ભાવ સંવેદનાઓને વ્યક્ત કરાય છે.

શ્રી કનુભાઈ જાનીએ લોકસાહિત્યમાં લોકભાવને અગ્રીમતા આપતા લખે છે- of the people by the people for the people. 'ખરેખર લોકોનું, લોકો વડે, લોકો માટે જે સાહિત્ય સર્જાય એમાં લોકભાવનું જ પ્રતિબિંબ પડે. કોઈ એક વ્યક્તિ દ્વારા મૂળ સર્જન થયું હોય તો પણ લોકો તેને પોતાના વ્યક્તિત્ત્વ તરીકે સ્વીકારી ત્યારે તે રચનામાંથી વ્યક્તિનું વ્યક્તિત્ત્વ ગળતું જાય ને સમૂહ સર્જનનું સ્વરૂપ પકડે ત્યારે જ તે લોકોનું બને છે. એનો અર્થ તે લોકભાવ.'[૧૩]

લોકસાહિત્ય એ સમાજનો આયનો છે. એમાં લોકોનું જીવાતા જીવનનું પ્રતિબિંબ પડે છે. સમગ્ર જીવનની વિવિધ ભાવસંવેદનાઓ એમાં ઝીલાતી હોય છે. તેથી જ તો કાકા સાહેબ કાલેલકર 'લોકસાહિત્યને સમાજની બાલ્યાવસ્થા કહે છે.'[૧૪]

જીવનના સંઘર્ષમાંથી આપોઆપ રોમાંચકારી ઘટનાઓ ઉદ્‌ભવે છે. એના ભાવ અને જીવનપ્રવાહ ધસમસતા પૂર જેવા હોય છે. એની ઊર્મિઓ પણ સામૂહિક સંવેદન અનુભવે છે. એથી એને કૃત્રિમને કલ્પિત મનોરંજનની જરૂર નથી પડતી. એની ઊર્મિઓની અભિવ્યક્તિઓમાં સીધું ખેચાણને સીધો સાક્ષાત્કાર રહેલો હોય છે.

જીવનના વ્યવહાર અને ઘટનાઓના પ્રબળ ભાવમાંથી એનું સહજ સર્જન થાય છે. એમાંથી સામૂહિક સાર્વજનિક આનંદ મેળવાય છે. 'સાહિત્ય નિજાનંદનું એટલે લોકો જ નાચે, કુદે, ગાય, વાતુના હિલોળા કરે. પોતે જ ભજવે ને પોતે જ માણે બીજાને રાજી કરવા કે રીજવવા માટે એ ન પ્રયોજાય નાચવા, ગાવા, વાર્તા કરવા કે ભજવવાના પરાનંદ માટેના વ્યવસાયો આ લોકસાહિત્યમાંથી જ સ્ફૂરે છે.'[૧૫]

આવું લોકસાહિત્ય સેંકડો વર્ષોથી લોકોના કંઠમાં જળવાઈ રહ્યું છે અને મૌખિક પરંપરા દ્વારા ગામડાના ખૂણે ખૂણામાં પ્રસરેલું થયું છે. તે હંમેશાં બોલાતી જીવંત લોકબોલીમાં જ કહેવાતું કે ગવાતું આવ્યું છે. પછી એ લોકગીત હોય કે લોકવાર્તા હોય તે હંમેશાં ગામડાંની પોતાની આગવી લોકબોલીમાંજ ગવાય કે કહેવાય છે તેથી તો એક જ લોકગીત કે લોકવાર્તાના એકથી વધારે અથવા ભિન્ન-ભિન્ન પ્રકારનાં પાઠાંતરો જોવા મળે છે. સામાન્ય રીતે ગામડાના ખૂણે ખૂણે વસેલા ખેડૂતો અનેક શ્રમિકવર્ગ તેમજ નાનાવિધ પશુઓ પાળનારા સામાન્યમાં સામાન્ય જનોની આંતરબાહ્ય, સુખ-દુ:ખની મનોદશાનું કે અવસ્થાઓનું ખૂબજ ઝીણવટભર્યું આગવું નિરૂપણ આવા લોકસાહિત્યમાં જ થયેલું જોવા મળે છે. જન્મથી મૃત્યુ સુધીના અવનવા પ્રતિભાવો આનંદો બોધ- શિખામણો કે જ્ઞાન વગેરે આપનારું એવું આ લોકસાહિત્ય જ માનવજીવનમાં મહત્ત્વ ધરાવે છે. લોકજીવનમાં એનું જ વધારે મહત્ત્વ અંકાયું છે. લોકજીવનમાંથી આવા લોકસાહિત્યને બાદ કરી નાંખતાં જંગલોમાંથી પશુ બાદ કરી નાંખવા જેવી પરિસ્થિતિ સર્જાય છે.

લોકસાહિત્યની શરૂઆતમાં જ સમાજનાં રહેતા માનવ એટલે કે સમાજના લોકોનાં ઉદ્‌ભવ સાથે જ વિવિધ ક્રિયાઓ અને આનંદ-પ્રમોદના ઉપયોગમાંથી થયેલી જોવા મળે છે. આદિકાળમાં માનવ આનંદ મેળવવા માટે કે કંઠસ્થ સાહિત્ય પરંપરાની હારમાળા રચવા પ્રયત્ન કરતો તે જ તો છે લોકસાહિત્ય.

લોકસાહિત્યના અભ્યાસી પ્રા.પુષ્કર ચંદરવાકરે પણ લોકસહિત્યની વ્યાખ્યામાં કહ્યું છે કે 'પરંપરાગત, કંઠસ્થ, લોકસમૂહે, લોકચેતનાને પ્રગટાવવા ગાયેલા કે કથેલ લોકબોલીમાં

મઢેલા સરળ, સ્પષ્ટ, સીધું અને ઓછા અલંકારનું લોકમાં પ્રસરેલ સાહિત્ય તે જ લોકસાહિત્ય.'[૧૬]

લોકસાહિત્યમાં પ્રવાહિતા, સરળતા, નિખાલસતા, સાદાઈ, વેધકતા, સર્વગ્રાહિતા સાર્વજનિકતાનાં સતત દર્શન થાય છે. લોકસાહિત્ય દ્વારા માનવજીવનના ભાવોને મોકળાશથી વહાવી શકાય છે. સ્વ. ઝવેરચંદ મેઘાણીએ જેને 'ધરતીનું ધાવણ' કહ્યું છે તે સાચા અર્થમાં ધરતીનું જ સાહિત્ય છે. સૃષ્ટિના અંધારા ખૂણામાં વસનાર જાતિનું પણ પોતાનું એક આગવું લોકસાહિત્ય છે. એનો ભવ્ય વારસો સંસ્કૃતિમાં ખેડાયેલો કે વણખેડાયેલો પડયો જ હોય છે. આવું લોકો દ્વારા સર્જાતું સાહિત્ય જ લોકસાહિત્ય છે.

પ્રકૃતિની ગોદમાં પોષાતા આદિ માનવમાં પ્રકૃતિના ધ્વનિ સંસ્કારો સિવાય જ વાદળના ગડગડાટ, વીજળીના ચમકારા ને મેઘતાંડવ, વાવાઝાડાને પ્રચંડપણે ફુંકાતા વાયુના સિસકારા, પ્રાણીઓના ચિત્કાર, મંદમંદ હવાની લહેરોથી થતા પર્ણોના મધુરધ્વનિ, ઝરણાંના કલકલ ધ્વનિ કે વાંસના વનમાંથી નીપજતા મધુર સ્વરો કે પછી પક્ષીઓના નિત નવા કલરવોમાંથી ધીમે ધીમે અવનવા શબ્દો સર્જાયા હશે ત્યારે જ આવું સાહિત્ય પ્રારંભ્યું હશે? તેથીજ તો પ્રો. શ્રી રજનીકાંત જોષી લોકસાહિત્ય પરંપરાને નીચે મુજબ વ્યાખ્યાંકિત કરે છે.

'લોકસાહિત્યની પરંપરા સાંપ્રતની નવીનતા કે છેલ્લાં થોડાંક વર્ષોથી ચાલી આવે છે, એવું નથી પણ આવી પરંપરા તો છેક વેદકાળના દ્વાર સુધી આપણું ધ્યાન ખેંચે છે.'[૧૭] અહીં શ્રી રજનીકાંત લોકસાહિત્યનાં મૂળ કેટલાં ઊંડાં હતા તેનો ઉલ્લેખ કરે છે.

વેદોમાં પણ લોકસાહિત્યના મૂળ દેખાય છે. 'વેદ' એ લોકજીભે તરતાં આવતાં સૂકતો અને કથાઓનો માત્ર સંગ્રહ છે. સૂચક રીતે એમાં પુરુરવા અને ઉર્વશીની સંવાદ ગાથાઓ તો દશરાજ્ઞ યુદ્ધ અને એવા બીજા પ્રસંગોની ગાથાઓ જોઈ શકીએ છીએ. વેદોમાં તેમજ બ્રાહ્મણો-અરણ્યકો, ઉપનિષદોમાં એવું પુષ્કળ સાહિત્ય આપણે મેળવી શકીએ છીએ જે સ્વરૂપ દષ્ટિએ લોકસાહિત્ય જ છે.[૧૮]

વ્યક્તિ સર્જિત લોકસાહિત્યને પ્રતિપાદિત કરતાં શ્રી કે.કા.શાસ્ત્રી જણાવે છે કે ‘વૈદિક સંહિતાઓથી લઈ છેક પુરાણો, ઉપપુરાણો, જ્ઞાતિ પુરાણો એ સંસ્કૃત સાહિત્યને પણ લોકસાહિત્યમાં ગણવાનો મેં અનુરોધ કર્યો છે. પણ લોકસાહિત્યની ઉપરની વ્યાખ્યા અધૂરી લાગે છે. એવું પણ લોકસાહિત્ય મળે છે કે જેનો એક નિશ્ચિત કર્તા હોય અને છતાં એ માત્ર લોકોની જીભે જ વ્યાપકતા ધારણ કરી રહ્યું હોય. હું આમાં અવનવી રચના ગ્રંથસ્થ કરું તો પણ અંતે તે છે લોકસાહિત્ય.’[૧૯]

પ્રા.જશવંત શેખડીવાલા લોકસાહિત્ય સ્વરૂપને સ્પષ્ટ કરતા લખે છે કે- ‘લોકસાહિત્ય એટલે લોકો દ્વારા, લોકો માટે, લોકબોલીમાં, લોકોનું કંઠસ્થ સાહિત્ય મૌખિક પરંપરાથી તે પ્રાચીન કાળથી આજ સુધી ઊતરી આવ્યું છે. જીવંત રહ્યું છે અને ચારે તરફ પ્રસર્યું છે. તેનું કોણે, કયારે અને કયાં સર્જન કર્યું તેનું કશું નિશ્ચિત તારણ જાણવા મળતું નથી. પણ તે ઘણું પ્રાચીન છે તે એક હકીકત છે.’[૨૦]

આમ લોકસાહિત્ય કંઠસ્ય સાહિત્ય છે તેથી ઘણું લોકસાહિત્ય સમય જતાં ભુલાય જાય છે. લોકચેતનાનાં ઊંડાં થરો સુધી ઊતરી ગયેલું થોડું સાહિત્ય જ લોકોનાં હૃદય અને કંઠમાં જળવાય રહે છે. તે રીતે ઘણું પ્રાચીન લોકસાહિત્ય આજે ભુલાય ગયું છે. પરંતુ ઘણું મધ્યકાલીન લોકસાહિત્ય અનેક પરિવર્તનો પામતું કંઠોપકંઠ હજીય જળવાઈ રહ્યું છે. અર્વાચીન યુગમાં તેમાંનું ઘણું કંઠસ્થ પણ થયું છે. અને એમાં સંખ્યા જ નહિ, સત્ય અને વૈવિધ્યથી ચાલતી દોરી રૂપ રેખા, શિષ્ટ સાહિત્યની જેમ તેમાં વસ્તુ, ભાવ, વિચાર, શૈલી, સ્વરૂપ વગેરેનું ઘણું વૈવિધ્ય સાચવનારી સાંકળ તેજ લોકસાહિત્ય.’[૨૧]

લોકસાહિત્ય સાથે લોકસંસ્કૃતિ પણ એટલો જ સંબંધ ધરાવે છે. આમ લોકસંસ્કૃતિ એ લોકજીવનરૂપી વલોણાનું નવનીત છે અને લોકસાહિત્ય તે લોકસંસ્કૃતિના વિશાળ વૃક્ષની એક શાખા છે. આ વૃક્ષનાં મૂળ અતીતમાં છે પણ એનાં ડાળાં પાંદડાના વર્તમાન સદા નવપલ્લવિત રહેતો આવ્યો છે. લોકોનાં ધાર્મિક, સામાજિક, પ્રાકૃતિક અને રાજકીય જીવનને વેગવંતુ બનાવનાર આ લોકસાહિત્યનો જ પ્રવાહ સાર્થક છે.[૨૨]

અનંતરાય રાવળ લોકસાહિત્યની વ્યાખ્યા આપતા જણાવે છે. 'શ્રમ કરતી વેળા હાથ-પગની ગતિની પ્રોત્સાહક તાલ આપવા અને શ્રમનું કાઠિન્ય એકતાનતા હળવા કરવા સાહજિક પ્રેરણાથી જ માણસ ગીત લલકારતો આશ્રય લે, આનંદોત્સવો વેળાએ સંઘગાન યોજે એવે પ્રસંગે થતા નૃત્યને સંવાદી ગીત પણ એને જોઈએ એની વીરપૂજકતા કોઈ વીરના ટેક, શૌર્ય અને સ્વાઅર્પણની હેલી ઊઠે ત્યારે એ એને બિરદાવે પણ ખરો, પ્રેમ અને વિરહના અનુભવ તેમજ હસામણી કે કોઈ સામાજિક ઘટના ગાવાનું પણ એને મન થાય એની ભલી ભોળી પ્રજાને ધર્મભાવના પણ કોઈક રીતે વાઙ્મયી અભિવ્યક્તિ માગે આમાંથી સર્જકના ભક્તિનિષ્ઠ ભાવ- વૈશિષ્ઠના દેખાડાને બદલે સમસ્ત લોકસમાજના હૈયાનો એને હોઠે આવે તેવી તળપદી વાણીમાં મૂર્ત થતો કાલો-ઘેલો અને નિવ્યાર્જ પણ ભાવસુંદર લલકાર બનતું જે સાહિત્ય જન્મે તે લોકસાહિત્ય.'[૨૩]

લોકસાહિત્યમાં 'વ્યક્તિના જન્મથી માંડીને મૃત્યુ સુધીના જીવનચક્રના સીમંત, જન્મ, છઠ્ઠી, વાળવડા કરવા ઉપવિત કે અન્ય જાતિજ્ઞાતિગત સંસ્કારો કરવા, લગ્ન, આણાં પારિયાણા, મામેરા-પહેરામણી, મૃત્યુ, દશમું, બારમું, શ્રાદ્ધ વગેરેના જે રીતરિવાજો છે, લૌકિક, ધાર્મિક, સામાજિક વિધિઓ છે તે બધાની સાથે જ કેટલાક લોકસાહિત્યનો અંશ જળવાયેલો છે.'[૨૪]

ખરેખર લોકસાહિત્યને ભલે નિરક્ષરો અને અભણોનું સાહિત્ય કહેવાયું છે પરંતુ તેનું સત્વ પ્રાચીન સમયથી આજ સુધી પ્રબળ અને અમર તથા અવિનાશી રહ્યું છે. કારણ કે તેમાં લોકજીવનની તીવ્રતમ ભાવનાઓ અને કલ્પનાઓ સૂક્ષ્મ રીતે જોડાયેલી છે. આવા સાહિત્યને જ લોકસાહિત્ય કહી શકાય. ડો. હસુ યાજ્ઞિકના મતે લોકસાહિત્ય એટલે 'ઊંડી તીવ્ર ભાવનાઓ, સુંદર વાસ્તવિક કલ્પનાઓ, કોમળ મધુર વિચારો, સાદી સુસંગત ભાષાશૈલી અને ઉત્તમ રમણીય પ્રકૃતિનું અને આ બધાને રજૂ કરતું સાહિત્ય.'[૨૫]

આવા લોકસાહિત્યની આલોચના કરતા સાક્ષરવર્ય શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી પોતાનું એક ચિંતન આપણી સમક્ષ મૂકે છે.

'સંગ્રહાલયમાં જ મૂકવા જેવું આપણું લોકસાહિત્ય રાંક કે નિર્જીવ નથી. આજની યાંત્રિક જીવન ગતિ-અગતિમાં પણ તેનો પ્રભાવ પડે. આપણા હૃદયને ઉછાળે કે આર્દ્ર કરે, વાસ્તવનો પણ પરિચય કરાવે એવી એની શક્તિ છે. ઈતિહાસકાર કે સમાજશાસ્ત્રી ને જ ખપ લાગે એવું આ જીવનની ભાગોળે દટાયેલું ધન નથી, નથી એ મંદિર-મહેલના પાત્ર, ભગ્નાવવેષ, આમોદ, આનંદ અને ભાવસમાધિનાં પ્રેમ, ભક્તિ અને શૌર્યનાં તે પોષક વૃંદાવન અને મેવાડ છે. રંગ-રાગ, સુખ-ઉત્સાહ, કલેશ-દુ:ખ, યાતના દરિદ્રતાનો એ શબ્દગત સંસાર પર છે.'[૨૬] ત્રિવેદીએ ડગલેને પગલે ઉપયોગી બનનારું તત્ત્વ તે જ લોકસાહિત્ય એવો ભાવ ઉપરોક્ત વ્યાખ્યામાં કર્યો છે.

શ્રી નરોતમ પલાણ લોકસાહિત્ય વિશે લખે છે: 'લોકસાહિત્ય એ વાઙ્મયનો એક એવો વર્ગ છે, જેના છેડા બધાજ વિષયો સાથે ગાઢપણે જોડાયેલા છે.'[૨૭] આ વ્યાખ્યામાં લોકજીવનના બધા જ અંશો જોડાય જતા હોય એવું લાગે છે. લોકજીવનની જન્મથી માંડીને મૃત્યુ સુધીની દરેક પ્રક્રિયા લોકસાહિત્યના વિષય બનીને આવે છે. તેથી જ તો કચ્છના બુઝુર્ગ લોકસાહિત્યજ્ઞ શ્રી દુલેરાય કારાણી લોકસાહિત્યની પ્રાકૃતિકતા અને સાહજિકતા દર્શાવતા કહે છે કે: 'લોકસાહિત્ય અનાયાસે જ રચાઈ જતું હોય છે. વાંસનો અંકુર ધરતીના પડને ફોડીને ફૂટી નીકળે છે તે જ રીતે આ લોકસાહિત્ય કશા પ્રયત્ન વિના સાહજિક રીતે પોતાની મેળે જ બળ કરીને અંતરની ધરતીમાંથી આપોઆપ ફૂટી નીકળે છે. આ લોકકવિની કવિતા કદી નષ્ટ થતી નથી. ક્યારેક જનતાની ઉદાસીનતાથી તે લુપ્ત થતી દેખાય છે. પરંતુ લોકહૃદયના કોઈને કોઈ ખૂણામાં એના અવશેષ જળવાઈ રહે છે અને તે ફરીફરીને સજીવન બને છે.'[૨૮]

ડૉ.સત્યેન્દ્ર લોકસાહિત્યની વ્યાખ્યા આપતાં લખે છે: 'લોકસાહિત્ય અંતર્ગત એવી સમગ્ર બોલી અને ભાષાગત અભિવ્યક્તિ આવે છે જેમાં, (૧) આદિમ માનસના અવશેષ ઉપલબ્ધ હોય. (૨) પરંપરાગત મૌખિક સ્વરૂપે જળવાયેલી બોલી કે ભાષાગત અભિવ્યક્તિ હોય જેથી તે કોઈની કૃતિ ન ગણી શકાય પણ, શ્રુતિ જ માનવામાં આવે અને જે લોકમાનસની પ્રવૃત્તિમાં સમાયેલ છે. (૩) કૃતિત્ત્વ હોય પરંતુ એ લોકમાનસમાં સામાન્ય

તત્ત્વોથી યુક્ત હોય જેથી તેનો કોઈ વ્યક્તિ સાથે સંબંધ હોવા છતાં પણ લોકો તેને પોતાના જ વ્યક્તિત્ત્વની કૃતિ તરીકે સ્વીકારે. આમ ડો. સત્યેન્દ્ર લોકસાહિત્યમાં લોકજીવનના મહત્ત્વનાં પાસાંઓને સ્પર્શે છે.

કેટલાક વિદ્વાનોના મતે લોકસાહિત્ય એ અસંસ્કૃત અને આદિમ અવસ્થાની અભિવ્યક્તિ માને છે. પરંતુ લોકસાહિત્ય એ અભિજાત સાહિત્ય કરતાં જરાયે ઊતરતું નથી. પશ્ચિમના વિદ્વાનો ભલે પશ્ચિમના કરતાં ઓછું આંકતા હોય તો પણ વાસ્તવમાં આપણું લોકસાહિત્ય પણ અભિજાત સાહિત્ય જ છે. આપણે ત્યાં ગ્રામજીવનનું મહત્ત્વ શહેરીજીવન જેટલું જ રહ્યું છે. ભારતીય સંસ્કૃતિ નગરોમાંથી ગામડામાં નથી ગઈ, પરંતુ ગામડામાંથી નગરોમાં આવી છે. ભારતીય આધ્યાત્મિક સાહિત્યનું સર્જન પણ જંગલો અને નદીઓના કિનારે કે પછી ઊંચા પહાડોના ગિરિશૃંગો ઉપરથી ઊતરી આવ્યું છે. આમ, આપણું લોકસાહિત્ય અસંસ્કૃત કે આદિમ ગ્રામજનોની અવસ્થાનું સાહિત્ય નથી. પણ એ સંસ્કૃતિની ઉચ્ચતમ, ભાવસભર લાગણીઓને એમની લોકબોલીમાં સંગ્રહાયને બેઠેલું સાહિત્ય છે.

ડો.ઉમાશંકર- 'લોકસાહિત્યને પ્રજાજીવનની આત્મકથા ગણે છે, જયારે મંજુલાલ મજમુદાર લોકસાહિત્યને લોકજીવનનો સ્મૃતિગ્રંથ કહે છે.'[૨૯]

ટૂંકમાં લોકવિચાર મૂળ લોકસંવેદનાનું સ્વરૂપ પામે છે. આથીજ તો લોકસાહિત્યમાં લોકજીવનનું પ્રતિબિંબ પડે છે અને વ્યક્તિ પ્રતિભાનો સતત અભાવ વર્તાય એમાં માનવસંવેદના ખરી પણ સમગ્ર સમાજને આલેખતી હોય છે. આવા લોકસાહિત્યની વ્યાખ્યા 'હિન્દી શબ્દકોશ'માં પણ આ પ્રમાણે આપવામાં આવી છે.

૧. એક એવું સાહિત્ય જે અસભ્ય અને અભણ લોકોના વિષયમાં લખવામાં આવ્યું હોય.
૨. જંગલી જાતિઓના જીવન સંબંધી સાહિત્ય.
૩. ગામડિયા કે ગામડાના લોકોનું સાહિત્ય.
૪. લોકસાહિત્ય કોઈ કાળ વિશેનું નથી પરંતુ યુગાન્તરથી ચાલ્યું આવતું સાહિત્ય છે જે આપણને લોકજીવનમાંથી મૌખિકરૂપે પ્રાપ્ત થાય છે.

૫. લોકસાહિત્ય તેને કહેવાય જે આપણા અભણ સમાજના મનોરંજન માટે વ્યાપક સામગ્રી પ્રાપ્ત કરાવે છે. માણસ સખત પરિશ્રમ કર્યા બાદ થોડા સમય માટે મનોરંજન ઈચ્છે છે અને તે મનુષ્ય ગીત ગાઈને કે કથા સાંભળીને મનોરંજન મેળવે છે.[૩૦]

ઉપરોકત અર્થને સમર્થન આપતી વ્યાખ્યા સરોજની રોહતગીની પણ જોવા જેવી છે- 'લોકસાહિત્ય એ છે કે જેમાં આપણા અભણ સમાજ માટે મનોરંજનની પૂરતી સામગ્ર મળે છે. માણસ કઠોર મહેનત પછી થોડો સમય પોતાના મનોરંજન માટે પણ ગાળે છે. એ મનોરંજન માનવ ગીત ગાઈને અને કથા સાંભળીને મેળવે છે.'[૩૧]

શ્રી રામચંદ્ર બોડા પણ લોકસાહિત્યની વ્યાખ્યા નોંધે છે- 'સાંસ્કૃતિકવાળા, સામાજિક પ્રસંગો અને સામાજિક ઉપકરણોના માધ્યમથી જીવંત રહેનાર સાહિત્ય છે. એવા સાહિત્યને લોકસાહિત્ય કહી શકાય.'[૩૨]

ભારતીય વિદ્વાનોના મતે કેટલીક વ્યાખ્યાઓ જોયા પછી પાશ્ચાત્ય સાહિત્યની કેટલીક વ્યાખ્યાઓ જોઈએ.

ડૉ. બાર્કર લોકસાહિત્યની વ્યાખ્યા આપતા કહે છે: 'લોકસાહિત્ય એટલે અસંસ્કૃત લોકોનું જ્ઞાન સંસ્કૃતિથી દૂર રહેવાવાળી જાતિ-સમૂહોનું જ્ઞાન.'[૩૩]

એલેકઝાન્ડર એચ.કેપ કહે છે: 'ફોકલોર એટલે લોકોની અલિખિત પરંપરાની સામગ્રી નાગરિક સંસ્કૃતિ અને શૈક્ષણિક-સંસ્કૃતિથી જુદું એવું નિરક્ષરોનું સાહિત્ય.'[૩૭]

પાશ્ચાત્ય વિદ્વાનોના મત પ્રમાણે 'પ્રાથમિક અવસ્થામાં જીવતી જાતિઓનું જ્ઞાન તે લોકસાહિત્ય. પરંતુ ભારતીય લોકસાહિત્યમાં પ્રાથમિક અવસ્થામાં જીવતા અસંસ્કૃત કે આદિવાસીઓ પૂરતી મર્યાદિત નથી. ભારતીય લોક આદિવાસીથી શરૂ કરીને શિષ્ટ સમાજની સંસ્કૃતિની સીમા સુધી વિસ્તરેલું એવું સાહિત્ય છે.

ઉપરોક્ત વિવિધ વ્યાખ્યાઓ જોયા પછી ભારતીય સાહિત્યકારોની કેટલીક વ્યાખ્યાઓ નોંધવી ઘટે જે નીચે પ્રમાણે છે.

૧. લોકસાહિત્ય કંઠસ્થ થાય છે. એ તો ઊર્મિબદ્ધ સૌંદર્યકણોનો ફુવારો કે સૌંદર્ય બિંદુઓનું અનિશ્ચિત પ્રવાહી મનસ્વી આકૃતિમય વાદળ છે. ***-બ.ક.ઠાકોર***

૨. લોકવાર્તા એ બધાં જ ગદ્ય સાહિત્યનો પિતા છે અને લોકગીત એ બધીજ કવિતાની જનની છે. ***-જેઠાલાલ ત્રિવેદી***

૩. લોકસાહિત્યનો પહેલો અર્થ અસંસ્કારી, બિનકેળવાયેલી જાતિઓનું કંઠસ્થ સાહિત્ય એમાં એ જાતિઓના ભાવ, વિચાર અને કલ્પનાઓ વણાયેલી હોય છે. ***-ક.મા.મુનશી***

૪. લોકસાહિત્ય હંમેશા બોલીઓમાં જ રચાયેલું હોય છે. એમાં મનુષ્યના આદિમ ભાવ સંવેદન તથા વાણી વર્તન ઝીલાયેલી હોય અથવા વહી ગયેલા સમાજનું હાલ હૈયાત લોકજાતિનું લોકમાનસ પ્રતિબિંબિત થતું હોય અને એના સર્જનનું કારણ સમગ્ર 'લોક' હોય. ***-શ્રી નરોત્તમ પલાણ***

૫. લોકસાહિત્ય પ્રજાજીવનનો દસ્તાવેજ છે. એ વાઙ્મય છે જેનો કોઈ મૂળ લેખક કે સર્જક હોતો નથી. અથવા હોય તો તે જાણવા મળતો નથી. લોકમાંથી સ્વયંભૂ રીતે ઉદ્ભવેલ ને લોકમાં જ પ્રસાર પામેલ, તે એક ઊર્મિલહર છે, એનો નિવાસ છે. લોકના કંઠમાં કે લોકની જીભના ટેરવે સમાજજીવનનું તે એક અવિભાજ્ય અંગ છે. ***-ડૉ. કિરીટ શુકલ***

૬. 'જીવતરનાં વિષ અને અમૃત ઘોળી-ઘોળીને સંસાર-સાગરનું મંથન કરતો લોકસમુદાય જ્યારે પોતાના વિભિન્ન મનોભાવોને વાચા આપે છે ત્યારે સર્જાય છે લોકવાઙ્મય... એમાં દરેક માનવીને પોતાના જ જીવનધબકાર સંભળાતા લાગે છે.' ***-ડો.નિરંજન રાજ્યગુરૂ***

'લોકસાહિત્ય ને 'સાહિત્ય' નથી પણ સાહિત્યની સામગ્રી છે. તેમ લોકસાહિત્ય 'શુદ્ધ ઈતિહાસ' નથી પણ 'ઈતિહાસની સામગ્રી' છે. ***-રા.વિ.પાઠક***

૮. શ્રી અનંતરાય રાવળ લોકસાહિત્ય સંદર્ભે કંઈક નવીન લઈને આવે છે: ‘એના સત્ત્વ, સુગંધને રસતત્ત્વ પહેલા વૃષ્ટિ-છંટકાવે ફોરી ઊઠતી ધરતીની સુગંધનો આનંદાનુભવ કરાવે એવાં હોય છે... એનાં ભાષા, ભાવપ્રતીકો, કલાવિધાન અને સમગ્ર આત્મા શિષ્ટ ગણાતા સાહિત્ય કરતાં અનોખાં હોય છે.’

***-શ્રી અનંતરાય રાવળ***

૯ ‘લોકસાહિત્ય એટલે લોકજીભે રમતું, લોકકંઠે જીવતું સાહિત્ય. કોણ જાણે તે કૃતિ  ક્યારે રચાઈ હશે! જમાને જમાને બદલાતી ભાષામાં લોકજીભે એનું રૂપાંતર થતું આવતું હોઈ ત્યારે બોલાતી ભાષામાં એ સાંભળવા મળે છે... લોકસાહિત્ય એ લોકકંઠની હલક દ્વારા જીવતું હોઈ, સ્થળ-સ્થળની જુદી-જુદી બોલીઓમાં એ મળવાનું લોકસાહિત્ય એ આખી પ્રજાની ચેતનાને તળિયે શું પડેલું છે તેનો કાંઈક તાગ આપતું હોય છે. યુગ જેને ‘સામૂહિક ચેતના’ કહે છે તે લોકસાહિત્યમાં પ્રગટ થતી હોય છે.

***-શ્રી ઉમાશંકર જોશી***

લોકસાહિત્યની અનેકવિધ વ્યાખ્યાઓ જોયા પછી એટલું કહી શકાય કે પાશ્ચાત્ય અને ભારતીય લોકસાહિત્યના વિદ્વાનોનાં મંતવ્યો પરથી એવું તારણ કાઢી શકાય કે લોકસાહિત્યના ‘પ્રાથમિક સાહિત્ય’ અને ‘પારંપરિક પ્રાચીન લોકસાહિત્ય’ એવા બન્ને વિભાગોમાં સંશોધનોએ પોત-પોતાનો વિચાર બતાવ્યા છે. પાશ્ચાત્ય વિદ્વાનો ‘લોકસાહિત્ય’ની પરંપરાને પ્રાથમિક ઢબની સમજાવે છે. જયારે પૂર્વના અને ભારતીય લોક સાહિત્યકારો પ્રથમ પારંપરિક રીત રિવાજોને આધારે સાહિત્યની ઊંડી ગહન અને સંશોધનાત્મક વ્યાખ્યા આપે છે. જેમાં લોકસાહિત્યની સુવાસ, પરાક્રમ, શૌર્યગીત ગાથા, પવિત્ર રીતરિવાજોના ખૂટયાં ન ખૂટે તેવાં સમૂહો, કલાત્મક દેશી વસ્તુઓ, સાધનો, પદાર્થો, પહેરવેશો, રહન-સહન, ધાર્મિક સંસ્કારો, વીરગાથાઓ વગેરેનો પરિચય ભારતીય લોકસાહિત્યકારો અને પાશ્ચાત્ય વિદ્વાનોની તુલનામાં વધુ છે.

લોકસાહિત્યમાં ભારતની પવિત્ર માહિતી છોળ અને સુવાસ ધબકતી, જીવતી અને દરિયાઈ મોજાની જેમ ઉછાળા મારતી જોવા મળે છે. તેમાં કસબે-કસબેની પ્રાકૃતિક પ્રણાલી આપણી સામે લોકસાહિત્યની ઊર્મીઓની અનુભૂતિ કરાવે છે, નવડાવે છે, ઝુલાવે છે, અને પોતાની આગવી સંસ્કૃતિનો પરિચય કરાવે છે.

ઉપરોક્ત વિવેચનને આધારે એટલું કહી શકાય કે લોકસાહિત્ય સ્વયંભૂ પ્રકારનું સાહિત્ય છે. લોકોમાંથી ઊભું થયેલું અને લોકજીભે ગવાતું રહેલું- કહેવાતું રહેલું સાહિત્ય છે. આવું સાહિત્ય લખતી વેળા તેના રચયિતા સામે જે અવનવી ઘટનાઓને કે વાસ્તવિકતાઓ હતી. તેની જીવંત રૂપ આપવાનો પ્રયાસ કરેલો છે. સમાજના વિવિધ લોકોના જીવનને, સ્વભાવને લાક્ષણિકતાને નિહાળી સઘન અવલોકન બાદ તેને કોઈપણ પ્રકારની વૈભવશાળી, શબ્દ રચના કે અવનવા શબ્દો પ્રયોજન વગર જ રજૂ થયેલું જોવા મળે છે. આવા લોકસાહિત્યમાં શબ્દની માયાપાશને બદલે સાદી-સરળ શબ્દબાનીમાં લખાયેલું સાહિત્ય છે. લોકસાહિત્ય એ લોકજીવનનું આભલું છે. આવા લોકજીવનરૂપી આભલામાં નાનાવિધ તારલાઓ ચમકી રહ્યા છે. જે લોક સાહિત્યરૂપે ઝળહળી રહ્યા છે. લોકસાહિત્યમાં લોકહૃદયના અવનવાં ભાવસંવેદનો વ્યક્ત થયાં છે. લોકસાહિત્ય એ સાહિત્યના આદિ શ્રોત છે, જે સતત ચિરંજીવ ઝરણાંની જેમ વહેતો હતો, વહેતો રહે છે, અને વહેતો રહેશે. આવા નિતનવીન ઝરણાંઓ સાહિત્યમાં ભળતા સાહિત્યમાં વિપુલતા અને સુંદરતા વ્યાપી છે. અનાદિકાળથી લોકકવિઓના હૃદયમાં લોકસાહિત્યના શબ્દો કેળ અને વાંસનાં કૂંપળોની જેમ ફૂટતા જ રહ્યા છે.

લોકસાહિત્ય એ કંઠસ્થ સાહિત્ય છે તે કંઠોપકંઠ આજ સુધી પેઢી દર પેઢી એક યા બીજી રીતે સચવાતું રહ્યું છે. ખાસ કરીને ગામડામાં કૃષકો, પશુપાલકો, કે શ્રમિકોમાં આનો વ્યાપક પ્રસાર જોવા મળે છે. ગામડાની અભણ સ્ત્રીઓના કંઠમાં ઘણું લોકસાહિત્ય આજે પણ સચવાયેલું પડયું છે, હાલરડાં, લગ્નગીતો, રાસ-ગરબા, ગરબી, રાજીયા-છાજીયા, મરશિયા, ભજનો, દોહા સોરઠા કે ઓઠાં જેવા રૂપે જળવાયેલું છે. આવું લોકસાહિત્ય આપણા દેશનું સૌથી વધુ લોકપ્રિય સાહિત્ય પૂરવાર થયું છે.

લોકસાહિત્ય એ અમર વહેતી ગંગાની ધારાની જેમ આધુનિક સમયમાં પણ અજરા-અમર વહી રહ્યું છે.

## ૩.૪ લોકસાહિત્યનાં લક્ષણો

લોકવિદ્યાના વ્યાપક ભાગરૂપે લોકસાહિત્ય (ફોક લિટરેચર)ની વાત કરવી ઘટે. લોકસાહિત્યને બે મોટા વિભાગોમાં વહેંચી શકાય છે. ગાવા માટેની કૃતિ અને કહેવા માટેની કૃતિ. આ ઉપરાંત એના બીજા અનેક પેટા પ્રકારો છે અને એની પણ વિવિધ શાખાઓ અસ્તિત્ત્વ ધરાવે છે. લોકસાહિત્ય પોતે જ વિવિધરંગી હોવાથી એની લાક્ષણિકતાઓ પણ આવી જ રંગબેરંગી જોવા  મળે છે.

દરેક સાહિત્ય સ્વરૂપને તેનાં ભિન્ન-ભિન્ન લક્ષણો હોય છે. જેમ દરેક વસ્તુની કે તત્ત્વની ઓળખ એમાં રહેલી કેટલીક લાક્ષણિકતાઓ ઉપરથી થાય છે તેમ સાહિત્યની ઓળખ માટે પણ ભિન્ન-ભિન્ન લક્ષણો છુપાયેલા જોવા મળે છે. જેમકે નિબંધની વ્યાખ્યા અનુસાર નિબંધનાં લક્ષણો, નવલકથાની વ્યાખ્યા અનુસાર નવલકથાનાં લક્ષણો તેવી જ રીતે લોકસાહિત્ય જેવા વિશાળ અને બહોળા ક્ષેત્રનાં અત્યંત સંવેદનશીલ અને ગહન લક્ષણો છે. સંવેદનશીલ એટલા માટે કે લોકસાહિત્યમાં ભાવનાશીલતા, લાગણીશીલતા અને વિધવિધ કલ્પનાઓથી હર્યુંભર્યુ સાહિત્ય છે. તેમાં નિર્દોષ, સુંદર, સરળ, સાદી લોકજીવનની ભાષા છે. તેમાં કોમળ અને મૃદુ ભાવ સંવેદનો છે, તો ગાઢ સામાજિક સંબંધોની વિસ્તૃત છણાવટ છે. સમાજ જીવનની ઝીણી-ઝીણી ભાવ પ્રણાલિને ખૂબજ ઝીણવટ અને ચોકસાઈ રીતે વણાયેલી જોવા મળે છે. કુદરતના ખોળે ઉદ્‌ભવેલું, કૃત્રિમતાથી નહીં પણ કુદરતી રીતે વિકસેલું અને કુદરતી પરંપરા સાથે એકરસ પામેલું એવું લોકસાહિત્ય લોકજીવનમાં ભળીને તેની મધુર રસધારામાં નવડાવે છે અને તેમાં એકલીન બનાવી તરબોળ કરે છે. આવા લોક સાહિત્યનાં લક્ષણો મહદ્‌અંશે લોકવિદ્યાનાં લક્ષણોથી બહુ અલગ પડતાં નથી. લોકસાહિત્યનાં લક્ષણો નીચે પ્રમાણે ગણાવી શકાય.

## ૧. પુરાતનતા/પ્રાચીનતા

લોકસાહિત્ય પ્રાચીન કે જૂના જમાનાના લોકજીવન સાથે જ એની સ્મૃતિમાં પડેલું છે. લોકો દ્વારા કંઠોપકંઠથી પેઢી દર પેઢી એ વારસામાં જ ઉતરી આવેલું છે. તેથી જ તો લોકસાહિત્યને લોકજીવનનો 'અમર વારસો' ગણવામાં આવ્યો છે. સાંસ્કૃતિક વારસા તરીકે લોકસાહિત્યનું અતિ મૂલ્યવાન માનવામાં આવે છે. લોકસાહિત્ય એ લોકજીવનનો અમૂલ્ય દાગીનો છે, અમૂલું ધન છે. લોકસાહિત્ય દ્વારા જ પ્રાચીન સંસ્કૃતિને કે પ્રાચીન લોકજીવનને સમજવાની ચાવીરૂપ છે. લોકસાહિત્યમાં લોકજીવનની અનેક સંસ્કૃતિના મૂલ્યવાન અંશો જોડાયેલાં પડયાં છે.

## ૨. અજ્ઞાત કર્તૃત્વ/કર્તૃત્વની અનામિકતા

લોકસાહિત્ય એ લોકોનું છે. આ વ્યાખ્યા અનુસાર લોકસાહિત્ય એ લોકજીવનનું સહિયારું ધન છે. એનો કોઈ જ્ઞાત સર્જક નથી. અને કદાચ ધારો કે એનો કોઈ સર્જક છે તો તે કોણ છે તે જાણી શકાયું નથી. સર્જક એનો અજ્ઞાત છે. જો એનો કોઈ ચોકકસ સર્જક હોય તો તે શિષ્ટ સાહિત્ય બની જાય છે. એક કથા કે એક જ ગીત કદાચ કોઈકે લખ્યું હોય તો તેમાં ધીમે ધીમે પરિવર્તનો થતાં થતાં સમાજજીવનમાં ફેલાતાં જાય તેમ તેનો સાચો સર્જક કયો તે શોધવો મુશ્કેલ બને છે.

અજ્ઞાત કર્તૃત્વ એ લોકસાહિત્યનો પ્રાણ છે. શિષ્ટ સાહિત્યમાં ભારે કલા અને સુંદર ઓપ હોય તો પણ નૈસર્ગિક સાહિત્ય જેટલો પ્રાણ નથી. જ્યારે લોકસાહિત્ય એ કુદરતી ઓપ વાળી સુંદર કર્તૃત્વવાળી કલા છે. ધારો કે તેનું કર્તૃત્વ લોકસમાજનાં કોઈ સ્ત્રી-પુરુષનું હોય છે પણ તે અજ્ઞાત હોય છે. કોઈ વ્યક્તિના હૈયામાંથી ઉઠેલો ઉદ્‌ગાર એને હોઠે આવી જે કાંઈ અભિવ્યક્તિ કરે છે ત્યારે એમાં તેના વ્યક્તિલક્ષી કે આત્મને પદી ભાવસંવેદનો કરતાં પરલક્ષી પરમૈપદી ભાવસંવેદનો વધુ હોય છે. એ વ્યક્તિ પોતાના સ્વનાં ભાવસંવેદનો વ્યક્ત કરે તો પણ એમાં લોકસમૂહ પોતાની રીતે કાંઈકને કાંઈક ઉમેરતો જ રહે કે એમાંથી બાદ કરતો રહે છે. એટલે એ કોઈ ચોકકસ વ્યક્તિનું ન રહેતા સમૂહનું જ સર્જન બની રહે છે.

લોકોનું સહિયારું ધન હોવાથી લોકો એમાં સૂર પુરાવતા રહે છે. એમને ફેરફાર કરવાનો અધિકાર હોવાથી પેઢીદર પેઢી લોકસાહિત્યમાં આવાં અનેક પરિવર્તનોવાળી લોકકૃતિઓ આવતી જ રહે છે.

લોકસાહિત્યના પ્રાણ તરીકે અજ્ઞાત કર્તૃત્વને ગણવામાં આવ્યો છે. આ પ્રાણ વિસ્તારને વિગતવાર લઈએ તો અનેક વ્યંજનાઓ, અનુભવો, શાબ્દિક અને સાહિત્યિક રીતે મળે છે અને સાથે સુંદર લયાત્મક શબ્દો જોડાતા તેમાંથી કળાનો ઓપ પણ આવે છે. પરંતુ અજ્ઞાત કર્તૃત્વરુપ પ્રાણ પણ આપણને અજ્ઞાત રીતે જ અનુભવાય છે. જેમકે આ 'લોકગીત'માં એકલી કલ્પના, ભાવ અને પ્રાણ અજ્ઞાત કર્તૃત્વ જોવા મળે છે.

'મોર બોલે મધુરી રાતે રે
નીંદરા નાવે રે
હું તો સૂતી'તી સેજ પલંગ રે
ઝબકીને જાગી રે... મોર
હું તો ચાલી'તી વનરાવન રે
ફૂલડાં લેવા રે... મોર
હું તો હરખે પરોવતી હાર રે
અધવચ તૂટયો રે... મોર.'[૪૩]

આમ કેટલી સુંદર કલ્પના જે 'ગેયતત્ત્વ'માં અનુભવતાની સાથે જ હૃદયના તાર ઝણઝણાવી મૂકે છે. અને સંપૂર્ણ 'લોકગીત' નો પ્રાણ આ પ્રકારના લોકગીતમાંથી અનુભવવા મળે છે. રોટલા ઘડતાં, નદીએ કપડાં ધોતાં, વાસણ ઘસતાં, વાસીદું નાંખતા, છાશ વલોવતાં, માખણ બનાવતાં, વાવણી કરતાં, લલણી કરતાં કે ખળામાં ધાન્ય કાઢતાં આવાં 'લોકગીતો' એક પ્રકારનું અજ્ઞાત કર્તૃત્વ ઊભું કરે છે એ કર્તૃત્વ આપણા આત્માને સંભળાય જીવને સંતોષે અને મનને મુક્તભાવે લહેરાવે છે. 'દુહા' આદિમાં પણ ગ્રામ્ય માટીની મહેંક વર્તાતી દેખાય છે. શૌર્યતાના દુહામાં ગેય, સંગીત, લય, તાલ, સ્વર, ગતિ કે લહેકાઓ

જેવાં અંગો પ્રવેશતાની સાથે જ તેનું આગવું કર્તૃત્વ આપણા રુંવાડા ખડા કરી દે છે. આજ તો લોકસાહિત્યનું પ્રાણત્વ છે.

### ૩. કંઠસ્થપણું

લોકસાહિત્ય કંઠોપકંઠ મુખપરંપરાથી ઊતરી આવેલું છે. અપવાદરૂપ ક્યારેક હસ્તપ્રત મળી આવે છે. લોકસાહિત્ય એ અનિયત શાબ્દિ છે. લોકસાહિત્ય કંઠસ્થ હોય તો જ તેના બાકીનાં લક્ષણો જળવાઈ રહે છે. તેને નિયત કરવામાં આવે તો તે લોકસાહિત્ય રહેતું નથી. સંસ્કૃતિનું આદાન-પ્રદાન વર્તુળ રીતે થયા જ કરે છે. જોકે આજના સંદર્ભે કહેવું ઘટે કે આજે આવી બદલાતી પરિસ્થિતિમાં સંસ્કૃતિની પરંપરાને ટકાવી રાખવાના અનેક પ્રયાસો થાય છે. આજકાલ લોકસાહિત્યનાં સંપાદનો કરીને લોકસાહિત્યને બચાવી લેવાનું કાર્ય મંદગતિએ ચાલે છે. પરંતુ પૂર્ણ સંપાદન અસંભવ બની રહેતું હોય એવું લાગે છે. આવું લોકસાહિત્ય સંપાદનના માધ્યમથી બંધનોમાં આવી જતું લાગે છે. લોકસાહિત્ય તો કંઠોપકંઠ જ અસ્ખલિત રીતે વહેતું આવે છે, જેમકે-

'એક ઝાડ માથે ઝમખડું,
ઝુમખડે રાતા ફુલ રે....
ભમ્મર રે રંગ ડોલરિયો.' તો વળી
'મારે તે આંગણે તલાવડી રે, તલાવડી રે.
છબછબીયાં પાણી,
આવતાં બાબર લપટયો રે રે, લપટયો રે,
એની કેડ લચકાણી... મારે આંગણે....'

આવી અનેક રચનાઓ કંઠોપકંઠ રીતે અને સરળતાની રીતે યાદ રહી જાય એવી છે. મુખ પરંપરાથી ચાલતાં લોકસાહિત્યમાં પાઠફેર કે અર્થફેર વગેરે ઓછામાં ઓછા થાય એ રીતનું માળખું હોય છે. ત્યારબાદ 'લોકગીતો' જેવામાં આવતી સંબંધોની સાંકળને લીધે કે વસ્તુઓની પરંપરાગત યાદીને કારણે પણ એકધારાપણું ચાલે છે. અને લોકોને રસપૂર્વક

સહેલાઈથી આવી પરંપરાગત ચાલતી રચનાઓ ઓછા પરિશ્રમે સ્પષ્ટપણે યાદ રહી જાય છે. આજ તો લોકસાહિત્યની આગવી વિશેષતા છે.

### ૪. તળપદી ભાષામાં તળપદા સંસ્કાર

લોકસાહિત્ય મોટેભાગે તળપદી ભાષામાં જ ગવાતું કે બોલાતું/કહેવાતું જોવા મળ્યું છે. તળપદા ભાષાના સંસ્કારો લોકસાહિત્યમાં મૂર્ત થતા આવ્યા છે. લોકસાહિત્યની મૂળ અવસ્થાથી માંડીને આજદિન સુધી તળપદી ભાષાઓ વિવિધ ગ્રામ્ય, પ્રદેશો કે વિવિધ બોલીઓમાં સચવાતી આવી છે.

કુદરતને ખોળે જન્મી, કુદરતના ખોળે જ જેઓ મોટાં થયાં કે ફૂલ્યાં-ફાલ્યાં છે, એવા લોકમાનસમાંથી આવતાં લોકસાહિત્યોમાં કુદરતી ભાવસંવેદનો યોજે છે. એના વિષયવસ્તુના ઘટનાક્રમો, લયાત્મક સંવાદો, સાદી અને દેશી ભાષામાં રજૂઆત, વૈવિધ્યસભર પાત્રસૃષ્ટિ જેમકે જ્ઞાતિ, જાતિ, રહેઠાણ, ખેતર-પાદર, બાગ-મંદિર, નદી-તળાવ, પાળિયા જેવા તળપદા પાત્રો તો વળી જુદી-જુદી અવસ્થાના વાતાવરણથી તળપદી ભાષા શૈલીથી તળપદા ભાવસંસ્કારોથી પાંગરેલું લોકસાહિત્ય જોવા મળે છે.

જેમ પ્રથમ વરસાદે ખેતરની માટીની મહેક આખા વાતાવરણને મહેકાવી મૂકે છે. તેમ લોકસાહિત્યની તળપદી ભાષા, તળપદા સંસ્કારો પણ માનવસમાજને નવપલ્લવિત બનાવી દે છે. લોકકથા કહેનારા કથાકારોના બોલમાં બોલ કે હોકારો પુરાવનારા ભાવકો હોય જ છે. તેમ દુહા કે લોકગીતોના સૂરોમાં પણ સૂર પૂરનારા, લોકગીતોના લયે ઝૂમી ઊઠનારા કે મુખમાં ગણગણી રહેનારા ગીતરસીકો હોય જ છે. આની પાછળ પણ તળપદી બોલી, તળપદા ઉચ્ચારો અને તળપદા સંસ્કારો જ મહત્ત્વનો ભાગ ભજવે છે.

લોકસાહિત્યના ગીતકથા કે લોકગીતો કે લોકકથા, લોકનાટ્ય, લોકસંગીત આદિ સ્વરૂપોના માધ્યમથી તળપદો શૃંગાર, તળપદીકરુણતા, તળપદી શૌર્યતા કે તળપદા હાસ્યકટાક્ષો વેરાયેલા પડયા છે. પ્રકૃતિનાં તમામ સાધનો, ઘરવપરાશના તમામ પદાર્થો કે માનવીનાં વિવિધ ભાવસંવેદનો તળપદી ભાષાના માધ્યમથી વિવિધ સંસ્કારમૂલ્યો મૂર્ત કરે છે.

દેશજ પ્રમાણેની તળપદી ભાષા, તળપદા સંસ્કારો કેવી રીતે મૂર્ત કરે છે તે શ્રી મેઘાણીના શબ્દોમાં જોઈએ તો- 'અત્યારે તો 'લોકસાહિત્ય'ની કથ્યવાણીએ આપણા સમૂહજીવનમાં ખંડ-ખંડ પાડી નાંખનાર ભીંતોને ભાંગવા માંડી છે. ગિરિમાળાના શિખરે-શિખરે બેઠેલા મોરલાની માફક આપણા પ્રાંત-પ્રાંતનાં 'લોકગીતો' સામ-સામા સમરૂપતાના સામ્યતા, સહાનુભૂતિના, ટહુકા આપી રહ્યા છે. આમ 'લોકગીત' આજે આપણી શ્રવણેન્દ્રિમાં નવીન ભાવનો દીવો પેટાવી રહ્યું છે.'[૪૪]

શ્રી મેઘાણીની દષ્ટિએ લોકભાષામાં એ સંસ્કારોના પરિણામે આ 'લોકસાહિત્ય'ની મીઠાશ પ્રગટ કરે છે. 'લોકગીત' દ્વારા એ ભાષા, એમાં વણાયેલા સંસ્કારો, સંબંધો, વ્યવહારો અને ભાવનાઓ પાત્ર-પાત્રની વચ્ચે કેવી રીતે મૂર્ત થાય છે તે બતાવે છે.

### ૫. સરળ અને મૌલિક અભિવ્યક્તિ

સરળતા એ લોકસાહિત્યનું શ્રેષ્ઠ લક્ષણ છે. લોકસાહિત્યના સર્જનનો ઉદ્દેશ અનુભૂતિ-ઊર્મિને અભિવ્યક્ત અર્પવાનો છે. માનવજીવનના વિવિધ પ્રસંગો કે ઘટનાઓ સંદર્ભે ઉદ્ભવતી ઊર્મિનું સહજ રીતે એમાં નિરૂપણ થતું હોય છે. ઉત્તમ કલાકૃતિનું નિરૂપણ કરી ભાવકને વાહ-વાહ બોલાવવા માટે આયાસ કરેલી કે કૃત્રિમ રીતે ઊભી કરેલી અનુભૂતિ ને એમાં અભિવ્યક્તિ થતી નથી. એમાં તો સહજ આપોઆપ મુખમાંથી નીકળેલા ચમક-દમક વગરના શબ્દો વડે જ, મૌલિક રીતેજ નિરૂપિત થઈ જતું જોવા મળે છે.

'લોકસાહિત્ય'માં નિજાનંદ અર્થે કહેવાયેલું કે ગવાયેલું સહજ, સરળ બાનીમાં નિર્વ્યાજ રીતે જ આપોઆપ ભાવસંવેદનો શબ્દ બનીને ગોઠવાઈ જતાં હોય છે. એમાં સંસ્કૃતિએ લાદેલાં બધાંજ બંધનોથી મુક્ત બનીને રૂઢિગત તરાહથી સ્વેચ્છાએ અંતરની અનુભૂતિ વ્યક્ત થઈ જાય છે. આવું 'સાહિત્ય' અનાયાસે જ બની જતું હોય છે. મૌલિક રીતે ચાલી આવતી અનુભૂતિ, સમય સાથે પાઠાંતર થતી આગળ ચાલે છે. બાળકના હાલરડાંથી માંડીને મરશિયા સુધીનાં સર્જનો આવી રીતે સરળતાથી અને મૌલિક રીતેજ ચાલી આવે છે.

'લોકસાહિત્ય'નું અધિષ્ઠાન જ લોકકંઠ છે ત્યાં જ ઊગે છે અને ત્યાં જ આથમે છે. કોઈ અજાણ્યા લોકકંઠમાંથી ઉદ્ભવી લોકસમૂહનાં કંઠમાં ઝિલાય છે અને એનું સંક્રમણ/પ્રસરણ કઠોપકંઠ થતું રહે છે. લોકસાહિત્યમાં રહેલાં તાલબદ્ધ રૂપો, પુનરુક્તિવાળા શબ્દો ને કારણે દ્ઢીકરણમાં મદદરૂપ થાય છે. અને સમયે સમયે થોડાં ઘણા ફેરફારો સાથે માનવ હૃદયની ખરલમાં ઘૂંટાય-ઘૂંટાયને એક રસ બની લોકસમુદાયના અંતરના ઊંડાણ સુધી પહોંચે છે અને લોકભોગ્ય બને છે.

શિષ્ટસાહિત્ય ભાષાની ત્રિવિધ શક્તિથી ભરપૂર હોય છે. જયારે લોકસાહિત્યમાં ભાષાની પહેલી શક્તિથી જ લોકહૃદયને વેધી નાંખે છે. જે કાંઈ કેવું છે તે પોતાની સાદી બોલીમાં જ કહેવાય છે. લોકસાહિત્યની ભાષા વિવિધ અલંકારોથી લદાયેલી મારવાડી કન્યા જેવી નથી. એ તો વનકન્યાની જેમ આછાં વલ્કલોમાં પણ શોભી ઊઠે છે.

### ૬. પેઢી દર પેઢી મુખ પરંપરાથી ઊતરી આવતું સાહિત્ય

લોકસાહિત્યમાં મૌખિક રજૂઆત કરનાર કથક કે ગાયક પોતાની જે કથા, વાર્તા કે ગીત રજૂ કરે છે. એની પરંપરા પેઢી-દર પેઢી અન્ય કથકો, ગાયકો કે ગીતકો પાસેથી વારંવાર સાંભળી હોય તેથી પ્રચલિત, પરિચિત પરંપરાથી એ બહુ દૂર જઈ ન શકે. હાં કદાચ સમય સાથે થોડી છૂટ-છાંટ કરી શકે પરંતુ જયાં સુધી લોકસમુદાયનાં સ્ત્રી-પુરુષો એનો અનુરોધ કરતા રહે ત્યાં સુધી એટલે પેઢી દર પેઢી પરંપરાગત રીતે પુનરાવર્તન કરવું પડે છે.

લોકસાહિત્યની કૃતિઓમાં આપણી પૌરાણિક પરંપરાનાં દર્શન થાય છે. આપણી લોકસંસ્કૃતિમાં વૈદિક પરંપરાથી મૌખિક પરંપરા ચાલી આવે છે. કદાચ વેદની ઋચાઓ પણ આ રીતે જ જીવંત રહી હશે? આપણે ત્યાં નિયત શાબ્દિક રચના અને અનિયત શાબ્દિક રચના એમ બે વિભાગોમાં મૌખિક પરંપરા જોવા મળે છે. કહેવતો, ઉખાણાં, મંત્રો ઈત્યાદી નિયત શાબ્દિક તો લોકગીત, લોકકથા ઈત્યાદિ અનિયત શાબ્દિકમાં છે. લોકગીત કે લોકકથા આદિમાં શબ્દ કે ઢાળમાં ફેરફારો થતાં રહે પણ મૂળ કૃતિનું માળખું જળવાતું જોવા મળે છે. એનું 'મોટિફ' જળવાતું હોય છે.

લોકસાહિત્યનાં સ્વરૂપો પેઢી દર પેઢી પ્રમાણે વિધિ-અનુષ્ઠાનો પ્રમાણે કહેવાતાં કે ગવાતાં આવે છે. જેમકે ભજનો, ગીતો, આખ્યાનો, દુહા, છંદો, ભવાઈ ગીતો, મૃત્યુ ગીતો જેવા પદ્ય-ગદ્યવાળાં સાહિત્યો પેઢી દર પેઢી મુખ પરંપરાથી જ કહેવાતાં કે ગવાતાં રહ્યાં છે. એ પણ એક પ્રકારની રૂઢિ પરંપરા કે ખાનદાની છે. તે જ તે દેશ જ કે કોમનાં લોકો 'ગાય' ને માતા તરીકે 'નદી'ને 'નદી માતા' કે 'વડ' ને 'વડદાદા' ના નામે ઓળખે છે એ પણ એક પરંપરા જ છે.

ઈતિહાસના મર્દાનગી ભર્યા ભાવ અનુભૂતિ આજે પણ મૌખિક પરંપરાથી જ પેઢી-દર પેઢી કહેવાતા કે ગવાતા આવે છે. ઈતિહાસની વીરતા, પરાક્રમ, ચારિત્ર્યતા, કરુણતા, શૃંગારતા, શૌર્યતા આદિ. માનવીય કર્મોનું વર્ણન પણ આવા કુળ પરંપરામાંથી આજે પણ વહ્યા આવે છે.

શ્રી કનુભાઈ જાનીએ 'લોકવાઙ્મય'માં બાળકોનાં ભાવસંવેદનોને વ્યક્ત કરતાં કહે છે કે- 'કોના માથે અગલું બેઠું, બગલું બેઠું, ગામનું ગધેડું બેઠું.'[૪૫]

આવા ઘણાં જોડકણાં ટાઈપનાં સંગીતત્ત્વ વાળી કડીઓ કયારેક કહેવતના રૂપમાં, કયારેક સમસ્યાના રૂપમાં તો કયારેક ગીતકથાના રૂપમાં આજે પણ મૌખિક પરંપરાના રૂપમાં કહેવાતી કે ગવાતી જોવા મળે છે.

### ૭. સાદગીપૂર્ણ અને અકૃત્રિમ અભિવ્યક્તિ

નગર કે શહેરનાં ભપકાદાર ચળકાટવાળા કે બાહ્ય આડંબરભર્યા સભ્યતાથી દૂર વસતાં નાનકડા કસબા, કૂબા, ઝૂંપડા કે ડુંગરાળ પ્રદેશોમાં, કે અવાવરું જંગલ પ્રદેશમાં વસતા નિરક્ષર, ભોળા અને સીધા-સાદા લોકો દ્વારા સધાયેલી પ્રાકૃત અને નિખાલસ અભિવ્યક્તિ એમાં હોય છે. ખોટી ઝાકઝમાળ કે કાચા રંગથી રંગેલી છાપવાળી નથી. લોકરંગરૂપી પાકા રંગથી રંગાયેલી રંગરૂપી સમાન છે. જે રંગ-છાપ એવા તો છપાયા છે કે પેઢી દર પેઢી એ રંગોમાં નવી ઝાંય ઉમેરાતી જ જાય છે. લોકસાહિત્યની અભિવ્યક્તિમાં મોટેભાગે પોતાની આગવી ભાષા કે લોકબોલીમાં જ કોઈપણ પ્રકારના સેહ કે સંકોચ વગર બોલાતી જોવા મળે છે.

સાદગીભરી પોતાની આગવી સ્વભાષામાં નિખાલસ રીતે પોતીકું કલ્પન કે મૌલિક કલ્પનને સુંદર રીતે અલંકૃત બનાવી અભિવ્યક્ત કરે છે. એટલે જ તો એમાં ઊર્મિલતા, સરળતા, સચોટતા અને અનેરી તાજગીનો પૂરેપૂરો ભાવ અનુભવાતો હોય છે. જેમકે-

'નળિયું હતું નકોર, (તેદી) બોલાવતો બરડાના ધણી,

(હવે) જોગ ભાંગ્યા જોર, જાતાં કીધાં જેઠવા.'[૪૬]

## ૮. કૃતિપાઠની પરિવર્તનશીલતા

સતત પ્રવાહિતાના કારણે લોકસાહિત્યમાં અનેક પાઠાંતરો જોવા મળે છે. લોકસાહિત્યનો મુખ્ય આધાર ગાયક અને કથકની સ્મૃતિ પર જ હોય જેથી એક વ્યક્તિ ઉપરથી બીજી વ્યક્તિના મુખમાં જતાં કૃતિમાં અનેક ફેરફારો થતાં જોવા મળે છે. કયાંક સ્મૃતિદોષના કારણે મૂળ શબ્દ બદલાતો બદલાતો અન્ય રૂપ ધારણ કરી લે છે.

શૈલી પ્રમાણે, શ્રોતા પ્રમાણે, જીવન પ્રમાણે, ભાષા, સ્થળ, ભૌગોલિકતા આદિ પ્રમાણે લોકસાહિત્યની કૃતિ બદલાતી રહે છે. જેથી અનેક પાઠાંતરો થતા રહ્યા છે. કારણ કે કૃતિની મૂળ હસ્તપ્રત કે લખાણ ન હોવાથી એકકંઠમાંથી બીજા કંઠમાં સચવાતું હોવાને કારણે પેઢી દર પેઢી નવાં-નવાં ઉમેરણો થતાં કયારેક તો કૃતિનું મૂળરૂપ જ બદલાય જાય છે. કૃતિમાં કયારેક કાપકૂપ, નવીકડીનું ઉમેરણ, નવા શબ્દના ઝૂમખા કે લયના ફેરફારને કારણે તેમજ પ્રદેશ, બોલી, જ્ઞાતિ અને રીત-રિવાજની ભિન્નતાને કારણે પણ લોકસાહિત્યની કૃતિઓમાં અનેક પાઠાન્તર થતાં રહે છે.

લોકસાહિત્ય બહુરૂપી સાહિત્ય છે. એનું બહુરૂપીપણું જ એની લોકપ્રિયતા સાબિત કરે છે. કયાંક અભાન પણે તો કયારેક સભાન પણે થતાં પરિવર્તનો કયાંક લાભ અને કયાંક હાનિ પહોંચાડે છે. લોકસાહિત્ય લોકબાનીમાં જ રચાય છે. તેથી 'બાર ગાઉએ બોલી બદલે' તેમ પ્રદેશે, વિવિધ કોમો કે શ્રેણીઓ મુજબ તફાવત પડે જેમકે 'પાબુજીની કથા' મારવાડમાં અને કચ્છમાં અલગ રીતે કહેવાય છે. મધ્યગુજરાતમાં લગભગ દરેક આદિજાતિમાં 'પતઈ રાજા' રાજા સાથે લડાઈની વાત છે, પરંતુ તેની કહેવાની રીત અને વિગતોમાં તફાવત

પડે છે. તેવી જ રીતે એકનું એક લોકગીત દક્ષિણ ગુજરાતના ભીલ, કોંકણા, ચૌધરી, ગામીત આદિજાતિમાં જુદી જુદી રીતે ગવાય છે. દરિયાકાંઠાના લોકોનાં ગીતોમાં માછલીની વાત આવે તો જંગલ વિસ્તારનાં લોકગીતોમાં હરણ, તેતરની વાત આવે છે.

આમ જુદાજુદા વિસ્તાર, જ્ઞાતિ, જાતિ, પ્રદેશ ભેદ અનેક પાઠાંતરો જોવા મળે છે. દરેક કૃતિપાઠમાં પોતાની રીત-રિવાજની ભિન્નતાને કારણે અનેક પાઠફેર થતાં રહે છે.

### ૯. સાંધિકતા

લોકસાહિત્યમાં કર્તૃત્વ અને ભાવ સંવેદનની સાંધિકતા જોવા મળે છે. કર્તૃત્વ એટલે સર્જન. લોકસાહિત્યની કૃતિ કોઈ એક વ્યક્તિ એ સર્જન કર્યું હોય એવું નથી. એ સંઘ કે સમૂહનું સર્જન છે. અહીં એક સંઘ કે સમૂહ સર્જન કરે એવો અર્થ અભિપ્રેત નથી. પરંતુ કોઈ એક સર્જકે રચેલું સમયાન્તરે અનેક વ્યક્તિઓનું તે સર્જન બની જાય છે આને કર્તૃત્વની સાંધિકતા કહે છે.

ભાવસંવેદનની સાંધિકતામાં કોઈ એક વ્યક્તિની અનુભૂતિ કે ભાવની અભિવ્યક્તિ નથી હોતી. પરંતુ તેમાં સમાજના એક આખા સમૂહની કે વર્ગની અનુભૂતિને સ્થાન મળે છે. કેટલીક કૃતિમાં હાસ્યભાવ, કરુણભાવ, શૃંગારભાવ, શૌર્યભાવ આદિ અનેક ભાવો અનાયાસે જ પ્રગટ થતા હોય છે. પરંતુ કૃતિમાં રહેલા ભાવ વાંચનાર-સાંભળનાર વ્યક્તિ પોતેજ અનુભવે છે તેને ભાવની સાંધિકતા કહે છે. દા.ત. લગ્નગીતોમાં દીકરીની વિદાયનાં ગીતોનાં ભાવસંવેદનો સર્વની આંખ ભીની કરે છે. દીકરી વળાવતી વખતે પિતા જાય ત્યારે એમ કહેવાયું છે કે- 'કાળજા કેરો કટકો મારો ગાંઠેથી છૂટી ગયો.' આ કરુણભાવ દીકરીના પિતા એકલાને અનુભવાતો નથી. પણ ત્યાં હાજર રહેલ દરેક વ્યક્તિને દરેક પિતાને આ ભાવ અનુભવાતો હોય છે. આને સામૂહિક ભાવસાંધિકતા કહેવામાં આવે છે.

મરશિયા આદિ ગીતોમાં પણ મરનાર વ્યક્તિના અંગત સ્વજન સિવાય અન્ય હાજર રહેલ સંઘોને પણ એજ કરુણભાવ ભીંજવી જાય છે. અહીં એક વ્યક્તિ સંવેદનને બદલે સમષ્ટિગત સંવેદનને પ્રાધાન્ય મળે છે.

## ૧૦. મૌલિકતાનો આગ્રહ નથી

લોકસાહિત્યમાં મૌલિકતા અભિપ્રેત નથી. તેમાં વ્યક્તિ, સર્જક, પોતાનું નામ જોડતો નથી. તે સહજ રીતે આલેખન કરે છે. એ તો સ્વયંભૂ પ્રક્રિયા છે. સર્જક સભાનતાથી નિરૂપણ કરતો હોતો નથી. નિર્વ્યાજ રીતે, અહેતુકતાથી અને સ્વાભાવિક રીતે જ હૈયેથી હોઠે વહી આવતી કૃતિ એટલે લોકસાહિત્ય એમાં નવીનતા તાજગી તો અવશ્ય હોય છે. પરંતુ પોતાની કૃતિને, આનાથી અલગ કે વિશિષ્ટ રૂપ આપવા માટે તેમાં કૃત્રિમતા કે સાયાસ કે મૌલિકતાનો આગ્રહ હોતો નથી.

લોકસાહિત્યમાં કોઈ ઉત્તમ કલાકૃતિ નિર્માણ કરવાનો ઉદ્દેશ નથી હોતો પરંતુ પરંપરા, રીત-રિવાજ-વિધિવિધાનોને સાચવી રાખવાની જ દષ્ટિ હોય છે. આમ તો લોકસાહિત્ય દોહરાવવાનાં કે પુનરાવર્તન કરવાની જ ક્રિયા હોવાથી એ આગલાં જેવું જ સર્જાતું હોય છે. એટલે તો કલાકૃતિમાં પ્રતીકો, કલ્પનો, ઉપમાઓ, રૂપકો પરંપરાગત જ જોવા મળે છે. એકને એક શબ્દ કે પંક્તિ વારંવાર આવ્યા કરે છે. દા.ત.

'વહુ કરે છે આપણા ઘરની વાત જો,
વહુએ વગોવ્યા મોટા ખોરડા રે.'

'આજરે સપનામાં મે તો ડોલતો ડુંગર દીઠે જો.'

'રંગ તાળી રંગ તાળી રંગ તાળી રે, રંગમાં રંગ તાળી'

અહીં જે કાંઈ છે તે સ્વાભાવિક સંવેદન છે. એમાં કંઈ નવું કહેવાની અપેક્ષા કે તત્પરતા ન દાખવતા પરંપરિત ભાવસંવેદનો જ ચાલી આવતા જોવા મળે છે. લોકસાહિત્યમાં 'બારવર્ષ'નો સંદર્ભ વારંવાર વપરાય છે. જુદા-જુદા વરસને લંબાવવાની અપેક્ષા નથી. 'બાર' ની જગ્યાએ 'તેર-તેર' કે 'વીસ-વીસ' જેવો પ્રયોગ નથી. પરંપરાગત રીતે ચાલી આવતું 'બાર વર્ષ' જ અભિપ્રેત છે જેમકે-

'બાર તો બેડનો મારો માંડવડો રે...'

'બાર-બાર વરસે નવાણ ગળાયા,

નાવાણે નીર નવ આવ્યા જી રે.'

'માડી હું તો બાર-બાર વરસે આવ્યો.'

આમ લોકસાહિત્યમાં મૌલિકતાનો આગ્રહ નહીં રખાતા તે આપોઆપ સહજભાવથી આલેખાતું કે ગવાતું આવ્યું છે.

**૧૧. સ્વાયતત્તા નહીં**

સ્વાયતત્તા એટલે સ્વતંત્રતા. લોકસાહિત્યની કૃતિ સ્વનિર્ભર કે સ્વતંત્ર કૃતિ નથી. જયારે અભિજાત કૃતિ સ્વનિર્ભર હોય છે. તે સ્વબળે ટકી રહે છે. જયારે લોકસાહિત્યની કૃતિને નિશ્ચિત પ્રયોગ હોય છે, જયારે યોગ્ય પરિસ્થિતિ કે યોગ્ય પરિવેશ સર્જાય ત્યારે જ તેને અનુરૂપ પ્રયોગ થાય છે. દા.ત. લગ્ન ગીતો કે મરશિયા ગમે તે પરિસ્થિતિમાં ગવાતાં નથી તેમ કરવાથી વિપરીત પરિસ્થિતિ ઊભી થાય છે.

મરશિયાનાં ગીતો મૃત્યુ વખતે જે ભાવ સર્જી શકે તે કસમયે એટલી કરુણતા ન જ સર્જી શકે. ગાનાર અને સાંભળનારની પરિસ્થિતિ મૃત્યુ સમયે જ એટલી દ્રવિત બને છે. દા.ત.

'જમવા બેઠા જીવણ સાંભરિયો,

કોળિયો કંઠે ન ઉતરિયો.'

લગ્નગીતોમાં પણ માહોલ પ્રમાણેનાં જ ગીતો ચોકકસ ભાવસંવેદનો પ્રગટાવે છે. જેમકે સ્પર્ધામાં ગવાતાં લગ્નગીતો કે ફટાણાં અસલ રંગ આણી શકતાં નથી. એ તો લગ્ન સમયે જ અસલ રંગ જમાવી આપે છે. વિદાય સમયે એ પ્રકારનાં જ ગીતો ગવાતાં જોવા મળે છે. જેમાંથી વિદાયની કરુણતા જ ઉત્પન્ન થતી હોય. આમ લોકસાહિત્ય તેના અસલ પરિવેશમાં જ વધુ રસપ્રદ બની રહે છે. લોકસાહિત્યની કૃતિ 'પરફર્મિંગ આર્ટ' રજૂઆતની કૃતિ હોવાથી યોગ્ય શ્રોતાવર્ગ અને ઉચિત વાતાવરણ હોય ત્યારે જ તેની રજૂઆત સફળ અને રંગ જમાવનારી નીવડે છે.

## ૧૨. સામાજિક સંદર્ભ અનિવાર્ય છે

લોકસાહિત્ય એ લોકસમાજની સંપદા છે. એમાં સમાજનું જ પ્રતિબિંબ પડતું જોવા મળે છે. લોકસાહિત્યમાં લોકસમાજનો જ ધબકાર હોય છે. સમાજજીવન એ લોકસાહિત્યનો પ્રાણ છે.

લોકસાહિત્યની કૃતિમાં શિક્ષિત-અશિક્ષિત નર-નારી કે અબાલ-વૃદ્ધ સૌ કોઈને આનંદ આપવાનું સામાર્થ્ય છે. લોકજીવનમાં વર્તાતા દરેક ભાવ સંવેદનો લોકકૃતિનો ભાવ કે પાત્ર બનીને આવતો હોય છે. લોકસાહિત્યને સમાજજીવનની પરંપરા સાથે અનોખો સંબંધ રહ્યો હોવાથી સામાજિક રીત-રિવાજ ભાવ પરંપરા સતત વર્તાતી જોવા મળે છે.

ઉગતા પ્રભાતના પ્રભાતિયાથી માંડીને ઢળતી સાંજની આરતીથી તો ભાંગતી માઝમ રાતનાં ભજનો સુધીનાં કે સીમંત કે હાલરડાંથી માંડીની મૃત્યુના મરશિયા સુધીના વિવિધ પ્રસંગોનાં ગીતોમાં સ્થાન પામે છે. તો બીજી તરફ અઢારે વર્ણના લોકોના કૌટુંબિક વ્યાવહારિક, સામાજિક અને ધાર્મિક પ્રસંગો અને સમસ્યાઓને પણ અહીં સમાવી લેવાયા છે. લોકજીવનનાં રહસ્યો અને સમાજની ઝીણામાં ઝીણી વિગત આપણને લોકસાહિત્યમાં મળે છે. દા.ત.

'છેલાજી રે મારે સારું પાટણથી પટોળા મોકલાવજો...'

## ૧૩. સહજ રીતે યાદ રહી જાય તેવું તરતું વહેતું કળાસ્વરૂપ

લોકસાહિત્યનાં બધાં જ સ્વરૂપોના કેટલાક સહજ ઢાળમાં લયાત્મક સૂર કુદરતી રીતે યાદ રહી જાય તેવા હોય છે. લોક સાહિત્ય એ 'ફ્લોટીંગ આર્ટ' છે તે તરતું-વહેતું કળાસ્વરૂપ છે. લોકસાહિત્યને રિહર્સલ, ધોરણો કરવાં કે કહેવાં પડતાં નથી. એ આપમેળે જ અમુક તાલ-ઠેકા સાથે તરતું કે વહેતું રહે છે. જેમ નદીના વહેણને રોકી શકાતું નથી તેમજ લોકસાહિત્યના વહેણને પણ રોકી શકાયું નથી. એ આપ મેળેજ સહજ રીતેજ લોકકંઠમાં ગોઠવાઈ જતું હોય છે. એને ગોખવાની, યાદ રાખવાની કે મોઢે કરવાની કળાકૂટમાં પડવું પડતું નથી.

લોકસાહિત્યની બાબતમાં એમ કહેવાય છે કે ગમે ત્યાં તેવી કઠણ જમીનમાં પણ ઉગી નીકળતું, ફૂલીફાલી જતું અને સમય આવ્યે મ્હોરી ઊઠતું આ સાહિત્ય છે. તમે ગામડામાં કયાંય લોકસાહિત્યના રિહર્સલ કે ગોખવાના કે વારંવાર યાદ રાખવાના કડાકૂટમાં રત રહેતાં લોકો ન જોયા હોય, એ તો સ્વાભાવિક રીતે સાહજિક રીતે જ આપોઆપ એજ લોકઢાળમાં ઢળી જતું જોવા મળે છે એ સતત એક કંઠમાંથી બીજા કંઠમાં તરતું કે વહેતું રહ્યું છે.

ડોર્સન જેવા ‘ફોકલોર’ને બદલે ‘ફોકલાઈફ’ સંજ્ઞા પ્રયોજવાના વલણવાળા બન્યા છે. તે સાચેજ સાચું લાગે છે. જીવનનાં એક ભાગરૂપ બનતું આ લોકસાહિત્ય લોકકંઠમાંજ તરતું કે વહેતું રહ્યું છે. એને કાગળમાં છાપીને બંધનમાં રાખી મૂકવાની જરૂર લાગતી નથી. એને બંધનમુક્ત રાખીને જ લોકકંઠે તરતું રાખવાની જરૂર જણાય છે.

### ૧૪. પરિવર્તનશીલતા

લોકસાહિત્યનું આવશ્યક લક્ષણ પરિવર્તન છે. જેમ પ્રકૃતિનો નિયમ પળે-પળે પરિવર્તનનો છે તેમ લોકસાહિત્ય સમાજે-સમાજે, ભાષાએ-ભાષાએ અને સમયે-સમયે બદલાતું રહે છે. તત્કાલીન સમાજજીવન સાથે ઓત-પ્રોત થઈને અવનવાં રૂપો ધારણ કરે છે. એક ભાષામાં અનેક કૃતિઓ અનેક સ્વરૂપો મળે છે. લોકસાહિત્ય એ ‘લોકજાણસ’ હોવાને કારણે લોકોનો અધિકાર હોવાથી અનેક કૃતિઓમાં વધારો કે ઘટાડો કરે છે. લોકસાહિત્ય એ લોકરુચિનો વિષય હોવાને કારણે જેમાં લોકોને રસ પડે એવી બાબતોમાં પોતાની નીજી સ્વભાવ પ્રમાણે થોડાં-ઘણાં અંશે પરિવર્તન કરતાં રહે છે.

જેમ જમીનમાં નાંખેલો દાણો, પાણી-હવા મળતાંની સાથે નવી કૂંપળો રીતે ફૂટી નીકળે છે અને સમયની સાથે તેમાં વૃદ્ધિ, ફેરફારો થતાં રહે છે. તેમ લોકસાહિત્યમાં પણ સમયે-સમયે પેઢી-દર પેઢી પરિવર્તનો થતાં રહે છે. આવું પરિવર્તન લોકસાહિત્યમાં સ્વીકાર્ય બન્યું છે અને પરિવર્તનશીલતાને કારણે જ તે વધુને વધુ લોકભોગ્ય બન્યું છે.

### ૧૫. જીવંત અસ્મિભૂત અવશેષો

લોકસાહિત્ય સતત બદલાતું રહે છે તેની કૃતિઓ બદલાતી રહે છે છતાં તેમાંથી ભૂતકાળનું લોકજીવન, રહેણી-કરણી, વેશ-પરિવેશ આવા લોકસાહિત્ય દ્વારા છતી થાય છે જેમકે-

'દાદા હો દીકરી વાગડમાં ન દેજો રે સઈ

દિએ દળાવે મુને રાતડીએ કંતાવે રે સઈ'

આમ અગાઉના જીવનમાં ઈલેકટ્રીક ઘંટી ન હતી ત્યારે એવા સમયે વહુવારુએ વહેલી સવારે ઊઠીને હાથે ઘંટીમાં અનાજ દળીને લોટ તૈયાર કરતી અને એવા સમયે થાકને વીસરવા, કંઈક વેદનાને ઓછી કરવા દેરાણી-જેઠાણી સામસામે બેસી કામ કરતાં આવાં ગીતો ગાતાં એ જ જીવંત અસ્મિભૂત અવશેષો ગણાય.

આદિમાનવના સમયથી ચાલી આવતી સામાજિક પરંપરાના અવશેષો આજે પણ લોકસાહિત્યમાં જોવા મળે છે. ગીતકથા કે લોકકથાઓ ભૂતકાળની ઘટનાઓના અવશેષો માત્ર જ હોય છે. લોકસાહિત્યની કૃતિઓમાં તેનો પરિવેશ પરિવર્તન પામે સમાજ જીવનની શૈલીમાં પરિવર્તન આવે ત્યારે અમુક પરંપરાથી પરિચિત થવા માટે એના મૂળ વાતાવરણથી વાકેફ થવું જરૂરી છે. દા.ત. ઘંટી ચલાવવી, પનિહારીનાં દશ્યો, કોસ હાંકવાની ક્રિયા, ભલે આજે લુપ્ત થઈ ગઈ હોય છતાં આપણાં લોકગીતોમાં તેની માહિતી આજે પણ મળે છે. લોકસાહિત્યમાં વ્યક્તિગત સુખ કરતાં સમષ્ટિનું સુખ જ કેન્દ્રસ્થાને રહેલું છે-

'સાવ રે સોનાનું મારું દાતરડું રે લોલ...'

જેવા અનેક લોકગીતમાં જીવન અસ્મિભૂત અવશેષો પ્રગટ થાય છે.

### ૧૬. ઉદ્દેશવૃત્તિનો અભાવ

લોકસાહિત્યનું સર્જન માનવ સમાજને ઉપદેશ આપવા માટે થયું નથી. લોકસાહિત્ય તો ફુરસદની પળોમાં આનંદ ઉલ્લાસ સાથે લોકસંસ્કૃતિને સાચવી રાખવાની પરંપરામાંથી ઉદ્‌ભવ્યું છે. જેથી ઉદ્દેશવૃત્તિનો સતત અભાવ વર્તાય છે. કયાંક ઉદ્દેશ જેવું વર્તાતું હોય તો પણ તે ઢંકાયેલી અવસ્થામાં હોય છે. દા.ત.

'વહુ એ વગોવ્યા મોટા ખોરડા' એ લોકગીતની છેલ્લી પંક્તિ મુજબ 'ભવનો ઓશિયાળો હવે હું રહ્યો રે લોલ' એ ભાવ સહજ રીતે ઉપદેશ તત્ત્વની પરવા કર્યા વિના જ સિદ્ધ થઈ જાય છે કે પત્નીના મૃત્યુ પછી પતિનું જીવન નિરર્થક બની જતું હોય છે. એમાં દેખીતો ઉદ્દેશ નથી.

આમ ઉપરોક્ત લક્ષણો લોકસાહિત્યનાં છે. આ ઉપરાંત પણ ઘણાં લક્ષણો તારવી શકાય એમ છે. શ્રી ઝવેરચંદ મેઘાણીની વ્યાખ્યામાં લોકસાહિત્યનાં ઘણાં ખરાં લક્ષણો આવી જાય છે. જેમકે-

'લોકસાહિત્યનો પ્રધાનસૂર મને આ લાગ્યો છે. વૈવિધ્ય વચ્ચેથી એકતાનું તારણ, જટિલતા, વચ્ચેથી સરળતાનું તારણ અને સૌંદર્ય દ્વારા જીવનમાં અમરત્વની ઉપાસના.'[૪૭]

લોકસાહિત્યમાં જગત અને જીવનનું મિલન થાય છે. પ્રાચીન સમયથી અનેક પરિવર્તનો સાથે આજે પણ આપણી સામે આપણાં જેવું જ બનીને ઊભું છે. લોકસાહિત્યની ઓળખ આપતા શ્રી કનુભાઈ જાની કહે છે- 'તળપદીભાષામાં તળપદા સંસ્કારોને ધારણ કરતી, અજ્ઞાત કર્તૃત્વવાળી, પેઢી દર પેઢી મૂળ પરંપરાથી ઉતરી આવેલી સર્જકની સભાન અભિવ્યક્તિનાં લક્ષણો વિનાની લોકસમાજ મુગ્ધ નિર્વ્યાજન અને નૈસર્ગિકવાળા ગીત હોય તો કયારેક ટેક, નૃત્ય, રુચિને સાથે લાવતી, સહેજમાં યાદ રહી જાય તેવા શબ્દ પ્રયોગની રચના કે શબ્દ લયવાળી ઉદેશ્ય વૃત્તિના અભાવવાળી જે તે સમાજના પ્રાણ ધબકારવાળી નિર્મળ, સરળ અને ભાવસુંદર મોટેભાગે સંઘોર્મિઓ વહેતી, મોટેભાગે નિરલંકૃત છતાં જો હોય તો લોકકલ્પનાને સૂઝે એવા અલંકારોથી ઓપતી, જે રચનામાં લોકસમૂહને ઘટાડવા-વધારવાની અનુકુળતા કે છૂટ હોય છે. ને એથી જેમાં પાઠાંતરો અનેક કે અગ્રગણ્ય હોય તેવા અથવા જેનો એક નિશ્ચિત અફર પાઠ ન હોય તેવી, શબ્દના કે ભાવ-વિચાર, લાગણીના પ્રભુત્વને કોઈ દેખાડો ન હોય, સૂક્ષ્મ અંગત સંવેદનો કે વિચારમંથન, આત્મ નિરીક્ષણ, પરીક્ષણ, પૃથ્થકરણ આ બધું ન હોય ને તરત પરખાઈ જાય તેવી ઘેરી લાગણીઓ હોય તેવી આંટીઘૂંટી વિનાની અત્યંત સરળ રચનાવાળી મૂળમાં લેખિત કે લિપિબદ્ધ નહીં પણ મૂળ પરંપરાગત કથ્ય કે ગદ્ય વારસારૂપે સાંભળેલી શબ્દ કલા તે સાહિત્ય.'[૪૮]

ઉપરોક્ત દર્શાવેલ વ્યાખ્યામાં શ્રી કનુભાઈ જાનીએ લોકસાહિત્યની સાથે-સાથે એનાં તમામ લક્ષણોને પણ સમાવિષ્ટ કરી લીધાં છે. આ વ્યાખ્યામાંથી નીચે મુજબનાં લક્ષણો તારવી શકાય છે. અથવા તો લોકસાહિત્યની કેટલીક વિશેષતાઓ-લાક્ષણિકતા છે. જે નીચે પ્રમાણે જોઈ શકાય છે.

૧. તળપદી ભાષામાં તળપદા સંસ્કાર.

૨. અજ્ઞાત કર્તૃત્વવાળી કૃતિ

૩. પેઢી દર પેઢી પરંપરાથી ઊતરી આવેલી છે

૪. સર્જનની કે સર્જકની સભાન અભિવ્યક્તિનાં લક્ષણો વિનાની.

૫. નિર્વ્યાજ અને નૈસર્ગિક, ટેક, નૃત્ય, લોકરુચિવાળી ગીત રચના.

૬. સહજ યાદ રહી જાય તેવા શબ્દ પ્રયોગવાળી-લયબદ્ધ રચના.

૭. ઉદ્દેશ્યવૃત્તિના અભાવવાળી.

૮. સરળ, અને ભાવસુંદર પ્રાણ ધબકારવાળી કૃતિ.

૯. અલંકાર વિનાની લોકકલ્પનાથી ભરપૂર લોકોને સાજે તેવા અલંકારોથી ઓપતી

૧૦. લોકો રુચિના આધીન પરિવર્તનો પામતી રચના.

૧૧. અનેક પાઠાંતરો વાળી.

૧૨. સાદી, સરળ અને આંટીઘૂંટી વિનાની.

૧૩. લિખિત નહીં એવી ગદ્ય કે પદ્યવાળી શબ્દકલા.

૧૪. સંઘોર્મિવાળી કૃતિ.

૧૫. લોકસાહિત્યનું વાહન લખાતો શબ્દ નહી બોલાતો શબ્દ છે.

૧૬. લોકસાહિત્ય હંમેશાં લોકજીવન સાથે જ સંકળાયેલું છે.

૧૭. માનવ મનના બધા જ ભાવો, જીવનની બધી જ અવસ્થાઓનું નિરૂપણ એમાં થાય છે.

૧૮. શિષ્ટ સાહિત્યની જેમ વિવિધ રસોનું નિરૂપણ અહીં થાય છે.

૧૯. લોકકલ્પના અને પ્રાકૃતિક પ્રતીકોથી ભરપૂર સાર છે.

૨૦. લોકબોલી દ્વારા સામૂહિક રૂપમાં ગવાતું કે કહેવાતું સાહિત્ય છે.

૨૧. લોકજીવનનો જ એક ભાગ હોય, લોકસાહિત્યની ઉપેક્ષા લગભગ અશકય છે.

૨૨. ગાળણ-ચારણને અવકાશ હોવાથી ઉમદા-ગુણવત્તાયુક્ત સાહિત્ય. 'છાશ પર તરતા માખણની પેઠે' પ્રાપ્ત થાય છે.

૨૩. ઊંચ-નીચના ભેદભાવનો સદંતર અભાવ.

૨૪. સ્વરૂપગત વિશિષ્ટ છતાં લોકસંસ્કૃતિગત ઐકયની પ્રતીતિ કરાવે છે.

૨૫. કેન્દ્ર સ્થાને વાસ્તવિકતા (Reality) નો ગુણ રહેલો છે.

૨૬. અનાયાસ જ લોકસંસ્કૃતિનું વહન કરે છે.

૨૭. સામૂહિક ઊર્મિનું પ્રાગટ્ય હોવાથી દરેક વ્યક્તિ પારકાં સંવેદનોમાં સ્વાનુભૂતિ કરે છે.

૨૮. ભણેલા-અભણને, ઊંચ-નીચને તમામને ડોલાવી રહેતું સાહિત્ય.

૨૯. સભાન વ્યક્તિમત્તા કે મૌલિકતાનો અભાવ હોય છે

આમ ઉપરોકત લાક્ષણિકતાઓ તારવ્યા બાદ પણ કેટલાંક લક્ષણો તારવી શકાય એવાં છે. લોકસાહિત્ય એ એવું સાહિત્ય છે કે જેમાં દરેક પળે દરેક અનુભવે નીતનવીન લક્ષણો આણશોધ્યા જ રહે છે. જેમ-જેમ 'વીરડા' ને ખોતરીયે તેમ તેમ એનાં ઝરાં તીવ્રતમ બને છે તેમ લોકસાહિત્યને પણ જેમ જેમ સાંભળીએ કે ગાઈએ તેમ-તેમ નવાં નવાં ઝરણાંઓ વહ્યા જ કરે છે.

લોકસાહિત્ય એ માનવજીવનનું આગવું અંગ છે. તેમાં માનવજીવનનું સતત પ્રતિબિંબ દષ્ટિગોચર થાય છે. આવી પરંપરા સ્વાભાવિક રીતે જળવાય રહે એજ લોકસાહિત્યનું અતિ મહત્ત્વનું લક્ષણ છે.

લોકસાહિત્યનાં લક્ષણોનો પરિચય મેળવ્યા પછી હવે લોકસાહિત્યના કર્તૃત્વ વિશે માહિતી મેળવીએ.

## ૩.૫ લોકસાહિત્યનું કર્તૃત્વ

લોકસાહિત્યમાં લોકગીતો અને લોકકથાઓ તથા લોકવારતાઓ જેવાં સ્વરૂપો ઘણાં લોકપ્રિય બન્યાં છે. તેનું કારણ તેમાં યોજાતી લોકબોલીઓ છે. લોકસાહિત્ય સૌ કોઈને આનંદ આપે છે. પછી એ નાનું હોય કે મોટું, શિક્ષિત હોય કે અશિક્ષિત, અમીર હોય કે ગરીબ સૌ કોઈ ને આકર્ષે છે. આવા લોકસાહિત્યના રચયિતા કોણ? આવું લોકસાહિત્ય કયારે રચાયું? કેવી રીતે રચાયું? અને શા માટે રચાયું? તો આ બધાના જવાબમાં પણ અધ્યાહાર મૂકવું પડે છે. છતાં લોકસાહિત્ય સર્વને સ્પર્શે છે.

આવા લોકસાહિત્યના રચયિતાએ પોતાની જાતને હંમેશ છૂપાવી છે. અને પોતાનું સત્ત્વ સમાજને ચરણે ધરી દીધું છે. લોકસાહિત્યનો સર્જક પોતાની જાતને આંચળો ઓઢાડીને ફરતો હોય છે. પોતાના કર્તૃત્વની ગંધ અન્ય કોઈના સુધી ન પહોંચે તેની ખાસ કાળજી રાખતો હોય છે અને કદાચ તેથી જ આપણું લોકસાહિત્ય એટલું સ્ફૂર્તિલું, રસમયી, અને જીવંત બન્યું હશે? અડાબીડ જંગલમાં ખીલેલા ચંપા કે કેવડાના ઝાડને ભલે ભાળી ન શકીએ પરંતુ તેની ફોરમ અચૂક પામી શકીએ છીએ તેમ લોકસાહિત્યના રચયિતાને ભલે શોધી ન શકાય પણ લોકસાહિત્યરૂપી ફોરમને અચૂક માણી શકીએ છીએ. કયારેક લોકસાહિત્યનું કર્તૃત્વ સામૂહિક પણ હોય છે. કંઠોપકંઠ અનેક મુખેથી સરતી આ સરવાણીમાં કેટલાંક પરિવર્તનો આવ્યાં હોય છતાં એના મૂળ ભાવ સુધી પહોંચ્યા વગર રહેવાતું નથી. આવું લોકસાહિત્ય કદાચ કોઈ વિશિષ્ટ પરિસ્થિતિ કે પ્રસંગના અનુસંધાનને કોઈ ભાઈ-બહેનના મુખેથી અખૂટ, નિર્મળ ઝરણાની જેમ આજે પણ વહેતા જ રહ્યા છે અને માનવજીવન ચાલશે ત્યાં સુધી વણથંભ્યા વહ્યા જ કરશે?

પ્રકૃતિના ખોળે જયાં લોકજીવન છે ત્યાં લોકસંસ્કૃતિ છે. જયાં લોકસંસ્કૃતિ છે ત્યાં લોકસાહિત્યનો વિશાળ સાગર અનંત સુધી લહેરાતો જોવા મળે છે.

# સંદર્ભસૂચિ


૧. દવે ભરત ક., 'ઉત્તર ગુજરાતની કહેવતો'- પ્રથમ આવૃત્તિ, ડિસેમ્બર ૨૦૦૫, પૃ.૪.

૨. એજન, પૃ.૫.

૩. શ્રી પલાણ નરોત્તમ, 'વીરડો' જૂન ૧૯૮૧, પૃ.૨૩ ,(મોટો ખરડો એક દૃષ્ટિ)

૪. જાદવ જોરાવરસિંહ, 'લોકગુર્જરી', અંક-૭, (લોકસાહિત્ય અને તેનું સંશોધન) પૃ.૪૦. ફ.નં.૧

૫. 'ગુજરાતી લોક સાહિત્યમાળા' મણકો-૧, પ્ર.આવૃત્તિ, ૧૯૫૭, પૃ.૩, પ્રકાશક: ગુજરાત લોકસાહિત્ય અકાદમી અમદાવાદ.

૬. જાદવ જોરાવરસિંહ, 'લોકગુર્જરી', અંક-૭, સંપાદક: મનુભાઈ જોધાણી, પ્ર.આવૃત્તિ, ૧૯૭૪, પૃ.૪.

૭. શ્રી મેઘાણી ઝવેરચંદ, 'લોકસાહિત્યનું સમાલોચન', પ્ર.આવૃત્તિ ૧૯૪૬, પૃ.૪૬,૫૦ પ્રકાશક: મુંબઈ યુનિવર્સિટી.

૮. સંપાદક: ડો. મજમુદાર મંજુલાલ ર.,'લોકસાહિત્યમાળા', મણકો-૫, પ્ર. આવૃત્તિ ૧૯૬૬, પ્રસ્તાવના ૩,૪ પ્રકાશક: ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

૯. શ્રી મેઘાણી ઝવેરચંદ, 'લોકસાહિત્ય' ખંડ-૨, (પ્રકરણ-૩) પૃ.૫૧.

૧૦/૧૧. શ્રી પરમાર જયમલ્લ, 'લોકસાહિત્ય તત્ત્વદર્શન અને મૂલ્યાંકન', પ્ર.આવૃત્તિ ૧૯૯૧, સંપાદક ડૉ. બળવંત જાની, પૃ.૬૧.

૧૨. શ્રી જાની કનુભાઈ, 'લોકવાઙ્મય', પ્ર.આવૃત્તિ ૧૯૯૨, પૃ.૧૭.

૧૩. એજન, પૃ.૨૮.

૧૪. 'જીવન ભારતી' પૃ.૧૪૦.

૧૫. શ્રી પરમાર જયમલ્લ, 'લોકસાહિત્ય તત્ત્વદર્શન અને મૂલ્યાંકન', પ્ર.આ.૧૯૯૧, પૃ.૧૨૪, સંપા. ડો.બળવંત જાની

૧૬. પ્રા. ચંદરવાકર પુષ્કર, 'લોકવાર્તા', પૃ.૧.

૧૭. ડૉ. ભાયાણી હરિવલ્લભ, 'લોકસાહિત્ય સંશોધન અને સંપાદન', પ્ર.આવૃત્તિ, પૃ.૩૬.

૧૮. 'યજુર્વેદ'- અધ્યાય-૧૨ મંત્ર-૧૨'

૧૯. ત્રિવેદી જેઠાલાલ, 'લોકગુર્જરી' અંક નવમો, પ્ર.આવૃત્તિ, ૧૯૭૯, પૃ.૪.

૨૦. શ્રી પરમાર જયમલ્લ, 'લોકસાહિત્ય તત્ત્વદર્શન અને મૂલ્યાંકન', પ્ર.આવૃત્તિ, ૧૯૯૧, પૃ.૯૨૦,

૨૧. શ્રી મેઘાણી ઝવેરચંદ, 'રંગ છે બારોટ', આવૃત્તિ : ૧૯૯૩, પૃ.૨૩.

૨૨. શ્રી પરમાર જયમલ્લ, 'લોકસાહિત્ય વિર્મશ'- ૧૯૮૫, પૃ.૧૮.

૨૩. શ્રી રાવળ અનંતરાય,'મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય', પૃ.૨૧૫.

૨૪. ત્રિવેદી જેઠાલાલ, 'લોકગુર્જરી', અંક નવમો, પૃ.૩૪.

૨૫. ડૉ. યાજ્ઞિક હસુ, 'મધ્યકાલીન ગુજરાતી કથા સાહિત્ય', ૧૯૮૮, પૃ.૧૪૦.

૨૬. શ્રી ત્રિવેદી જેઠાલાલ, 'લોકસાહિત્યનો શબ્દકોશ', (પ્રવેશક), પૃ.૫.

૨૭. શ્રી પલાણ નરોત્તમ, 'વીરડો' જૂન ૧૯૮૧, (મોટો ખરડો એક દષ્ટિ), પૃ.૨૪.

૨૮. શ્રી કારાણી દુલેરાય, 'કચ્છ પ્રદેશનું લોકસાહિત્ય' (આમુખ), પૃ.૫.

૨૯. 'ગુજરાતી લોકસાહિત્યમાળા'- મણકો-૫, પ્રસ્તાવનામાંથી.

૩૦. 'હિન્દી સાહિત્ય કોશ', પૃ.૫૮૫.

૩૧. રોહતગી સરોજની, 'અવધિકા લોકસાહિત્ય', પૃ.૪

૩૨. શ્રી બોડા રામચંદ્ર, 'લોકસાહિત્ય', પૃ.૩૨

૩૩/૩૪. પરમાર જયમલ્લ, 'લોકસાહિત્ય વિમર્શ', પ્ર.આ. ૧૯૮૫, પૃ.૭,૮.

૩૫. શ્રી પરમાર જયમલ્લ, 'લોકસાહિત્ય તત્ત્વદર્શન અને મૂલ્યાંકન', પ્ર.આ. ૧૯૯૧, પૃ.૧૦૪.

૩૬. ડૉ. યાદવ શંકરલાલ, 'હરિયાણા પ્રદેશનું લોકસાહિત્ય', પૃ.૧૭.

૩૭. દવે ભરત ક., ઉત્તર ગુજરાતની કહેવતો, પ્ર.આવૃત્તિ ૨૦૦૫, પૃ.૧૩.

૩૮. ડો. યાજ્ઞિક હસુભાઇ, 'ગુજરાતની લોકવિદ્યા'.

૩૯. ડો. યાજ્ઞિક હસુભાઇ, 'લોકવિદ્યા વિજ્ઞાન', ૧૯૯૯, પૃ.૧૪૨.

૪૦. ડો. રાજ્યગુરુ નિરંજન, 'લોકગુર્જરી' અંક-૧૫ ૨૦૦૧, 'ગુજરાતી સાહિત્ય અકાદમી'- ગાંધીનગર, પૃ.૩૦-૩૧.

૪૧. દવે ભરત ક., 'ઉત્તર ગુજરાતની કહેવતો, પ્ર.આવૃત્તિ, ૨૦૦૫, પૃ.૧૯.

૪૨. શ્રી રાવલ વિનાયક, 'ગુજરાતી સાહિત્ય: મધ્યકાલીન અને સુધારક યુગ', પ્ર.આવૃત્તિ ૧૯૯૩,૯૪ પૃ.૧૬૨, પ્રકાશક: પટેલ-રાવલ, અમદાવાદ.

૪૩. મેઘાણી ઝવેરચંદ, 'લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય', સંપાદક: આવૃત્તિ ૧૯૯૩, પૃ.૧૪.

૪૪. એજન, પૃ.૧૪.

૪૫. શ્રી જાની કનુભાઈ 'લોકવાઙ્મય' પ્ર.આ. ૧૯૯૨, પૃ.૧૨૪.

૪૬. એજન, પૃ.૧૧.

૪૭. શ્રી મેઘાણી ઝવેરચંદ, 'લોકસાહિત્ય અને ચારણીસાહિત્ય' સં. આવૃત્તિ ૧૯૯૩, પૃ.૮૩.

૪૮. શ્રી પરમાર જયમલ્લ, 'લોકસાહિત્ય વિમર્શ', પ્ર.આ. ૧૯૯૧, પૃ.૭૧.

# પ્રકરણ-૪
# લોકસાહિત્યનાં કથ્ય સ્વરૂપો

૪.૧ લોકસાહિત્યનાં કથ્ય સ્વરૂપો

૪.૨ લોકકથાની વિભાવના

- લોકકથા શબ્દનો અર્થ અને પર્યાય
- લોકકથા-મૂળ અને કુળ
- લોકકથાના વાહકો
- લોકકથાનાં લક્ષણો
- લોકકથાનું વર્ગીકરણ
- લોકકથાનો ઉદ્દેશ

૪.૩ ધોડિયા જાતિમાં કહેવાતી લોકકથાઓ

૪.૩.૧ ધોડિયા જાતિની લોકકથાનું વર્ગીકરણ

૪.૩.૨ કહેવાતી વાર્તાઓ

૪.૪ લોકોકિતની વિભાવના

૪.૪.૧ ધોડિયા જાતિમાં મળતી લોકોકિત

૪.૪.૨ કહેવતો સ્વરૂપગત વિભાવના

૪.૪.૩ કહેવતોની વિવિધ વ્યાખ્યા

૪.૪.૪ કહેવતોનાં સ્વરૂપગત લક્ષણો

૪.૪.૫ કહેવતોનું વર્ગીકરણ

૪.૪.૬ દક્ષિણ ગુજરાતની ધોડિયા જાતિની કહેવતો

૪.૫ રૂઢિપ્રયોગો વિશે થોડી વાત

૪.૫.૧ ધોડિયા બોલીના રૂઢિપ્રયોગો

૪.૬ લોકનાટ્ય

૪.૬.૧ ધોડિયા જાતિની બાળરમતોમાં લોકનાટ્યનો અંશ

# પ્રકરણ-૪
# લોકસાહિત્યનાં કથ્ય સ્વરૂપો

## ૪.૧ લોકસાહિત્યનાં કથ્ય સ્વરૂપો

લોકસાહિત્ય આમ તો મૌખિક કળા દ્વારા વ્યક્ત થાય છે. મૌખિક પરંપરા પ્રમાણે એના મુખ્ય બે વિભાગો પડે છે. જે સ્વરૂપો કહેણી દ્વારા વ્યક્ત થાય છે તેને કથ્ય સ્વરૂપો કહે છે. લોકસાહિત્ય પરાપૂર્વેથી મૌખિકરૂપે ઊતરી આવ્યું છે. કથ્ય સ્વરૂપો કયારે અને કોણે કહ્યાં હશે એની કોઈ નિશ્ચિતતા નથી. પરંતુ મનુષ્ય જયારથી બૌદ્ધિક્ષેત્રે પ્રદાન કરતો ગયો હશે તેમ-તેમ આપણું લોકસાહિત્ય-સર્જાતું ગયું હશે? અને તેથી જ તો આપણે લોકસાહિત્યમાં અનેક અવનવાં પરિવર્તનો થતાં જોઈએ છીએ. મનુષ્યે-મનુષ્યે પેઢી દર પેઢી આપણે ત્યાં અનેક પ્રકારનું કથ્ય સાહિત્ય સર્જાતું આવ્યું છે. માનવજીવનની બદલાતી પ્રણાલી સંસ્કૃતિ રૂપે કથ્ય સાહિત્યમાં નતનવીન સ્વરૂપે પ્રાચીનકાળથી સચવાતી આવી છે. લોકકથા, કહેવતો, લોકનાટ્ય, સમસ્યા, લોકોકિત રૂઢિપ્રયોગો વગેરે કથ્યસ્વરૂપોમાં મહત્ત્વનાં સ્થાન ધરાવે છે.

## ૪.૨ લોકકથાની વિભાવના

લોકસાહિત્યનું મુખ્ય અને વ્યાપક એવું અંગ તે કથા છે. લોકસાહિત્યક્ષેત્રે લોકકથા અત્યંત લોકપ્રિય અને મનોરંજન આપનારું તથા પ્રચલિત કથ્ય સ્વરૂપ છે. ગુજરાતી ભાષામાં 'લોકકથા' અને 'લોકવાર્તા' રૂઢ થયેલા સમાસયુક્ત શબ્દો છે. લોકકથા માટે કહેવું હોય તો આમ કહી શકાય- 'લોકના કંઠ પર રમતી પરંપરાગત રીતે કહેવાતી કંઠસ્ય કથા કે લોકવાર્તા, આવી કથા કે વાર્તામાં ક્રમબદ્ધ ઘટનાઓ કે પ્રસંગો હોય છે.'[૧] લોકકથા કે લોકવાર્તાના મૂળમાં 'કથ' એટલે 'કહેવું' અને 'વાર્તા'ના મૂળમાં 'વૃત' એટલે બનેલું છે. આમ જે બન્યું છે તેનું કથન કરવું તે કથા કે વારતા.

લોકકથા કોઈ એક જ વ્યક્તિની કલ્પનામાંથી જન્મી નથી પરંતુ લોકજીવનની વિવિધ પરંપરામાંથી લોકો દ્વારા વિવિધ તબકકે અને વિવિધ રૂપે કહેવાઈને સંસિદ્ધ થઈ છે. તેને જ

લોકકથા કે લોકવારતા કહી શકાય. લોકકથા મૌખિક પરંપરામાં એક પેઢીમાંથી બીજી પેઢીને વારસા રૂપે મળતી રહે છે. લોકકથાનું સ્વરૂપ અતિ પ્રાચીન રહ્યું છે.

### ૦ લોકકથા શબ્દનો અર્થ અને પર્યાય

અનાદિકાળથી ચાલી આવતી કથાઓ માનવચેતનાને ઘડે છે. માનવસમાજ તદ્‌ન સાહજિક રીતે પોતાની આશાઓ, ઈચ્છાઓ, મનોરથો કે આકાંક્ષાઓને કથાના ઘાટમાં વિના સંકોચે રજૂ કરી માનવજીવનને મનોરંજન આપે છે. આવી લોકકથાઓ ગુજરાત અને સમગ્ર ભારત વર્ષમાં હજારો વર્ષથી કહેવાતી આવી છે. છતાં એની ગંગોત્રી કે ઉદ્‌ગમ સ્થાનને કોઈ શોધી શક્યું નથી.

ભારતમાં લોકકથા શબ્દપ્રયોગ અંગ્રેજી 'ફોકટેલ'ના પર્યાય તરીકે થાય છે. અંગ્રેજીમાં 'ફોફટેલ' બહુ વ્યાપક અર્થમાં લેવામાં આવ્યો છે. તેમાં દંતકથા, ધર્મકથા, પશુ-પંખીઓની કથા, નીતિકથા અને લોકોમાં પ્રચલિત મનોરંજન કથાઓનો સમાવેશ કર્યો છે. આપણે ત્યાં ઈ.સ.૧૮૮૫માં ગુજરાતી ભાષામાં 'લોકકથા' એવો શબ્દનો સૌ પ્રથમ પ્રયોગ પારસી કવિ રૂસ્તમ ઈરાનીએ કર્યો હોવાનું નોંધાયું છે. આ લોકકથા માટે વેદ કરતાંય પુરાણો એવો 'ગાથા' શબ્દ છે.

લોકકથાઓએ કદી કૃત્રિમતાના સાજ સજયા નથી. કુદરતને ખોળે ખેલતા માનવ હૃદય સમી સાદગી જ એણે સ્વીકારી છે. એ સાદગીમાં તેણે કલ્પના અને મનોરંજનના રંગ પૂરી, કહેણી અને વાણીનું લાલિત્ય ઉમેરી, ઉત્સુકતાનો સાથ લઈ કહેનાર અને સાંભળનાર વચ્ચે સદીઓથી સાચવી રાખી છે તે દુનિયાના કોઈપણ ખૂણે વસતા માનવસમાજના બાળકથી માંડી અબાલવૃદ્ધ સુધી બધાના દિલમાં પોતાનું આગવું સ્થાન જમાવી શકી છે. આજે પણ લોકકથાઓ માનવ સમાજને જકડી રહી છે.

કથા-વારતા એ જૂનો પર્યાય દ્વંદ્વ છે. સંસ્કૃત 'કથ' ધાતુનો અર્થ કથા કહી શકાય. કથ, કથવા, કહેવામાંથી કથન અને કથડ શબ્દો પ્રયોજાયા છે. આજે જેમ 'કથા-વારતા'

શબ્દ બોલાય છે એમ જૂના કાળે કથા-આખ્યાન શબ્દ બોલાતો. 'વૃત્ત' ઉપરથી વારતા આવ્યો. સંસ્કૃતમાં એનો અર્થ સમાચાર થાય છે. સમાચાર એટલે બનેલી હકીકત કોઈને કહેવી. આજે તો કથા અને વારતા વચ્ચે કોઈ અંતર રહ્યું નથી. બંને શબ્દો એકબીજાના પર્યાય તરીકે વપરાય છે.

ભારત તથા વિદેશમાં, તેમજ અન્ય ભાષાઓમાં 'લોકકથા' શબ્દના ભિન્ન-ભિન્ન પર્યાયો મળે છે.

૧. સંસ્કૃત-કથા

૨. હિન્દી-કથા

૩. ગુજરાતી-લોકકથા, લોકવાર્તા

૪. અંગ્રેજી-ફોકટેલ

૫. જર્મન-માર્કહેન

૬. ફ્રાંસ-Conte Populaire

૭. મરાઠી-ગોષ્ઠી

૮. રશિયન-SkaaÉka

૯. ધોડિયાબોલીમાં-વાત્તા વગેરે.

આપણે ત્યાં પણ લોકસાહિત્યના વિવિધ વિદ્વાનોએ 'ફોકલોર' માટે જુદા જુદા શબ્દો પ્રયોજયા છે. ડો.વાસુદેવશરણ અગ્રવાલ 'લોકકથા' શબ્દ યોજે છે. ડો. સત્યેન્દ્ર 'લોકવાર્તા' શબ્દ સ્વીકારે છે. શ્રી કૃષ્ણકાંત ઉપાધ્યાય 'લોકસંસ્કૃત' શબ્દ માન્ય રાખે છે. ડો.સુનીતિકુમાર ચેટરજીએ 'લોકયાન' શબ્દ સૂચવ્યો છે. શ્રી મેઘાણીએ 'જનવાર્તા' પર્યાય પ્રયોજયો છે. જયારે શ્રી ચંદરવાકરે 'લોકશાસ્ત્ર' શબ્દનો નિર્દેશ કર્યો છે.[૨]

આમ લોકકથા-લોકવાર્તા શબ્દ માટે ઠીક-ઠીક ચર્ચા-વિચારણાઓ થઈ છે. કેટલાક વિદ્વાનો લોકસાહિત્યના વિશાળ સ્વરૂપને લક્ષમાં રાખી પર્યાય પ્રયોજે છે તો કેટલાક વિદ્વાનો માત્ર લોકકથાને જ નજર સમક્ષ રાખી પર્યાય યોજે છે. આમ છતાં જગવિખ્યાત લોકકથાના સ્વરૂપને નિર્દેશી-સમાવી શકે એવી અર્થ વ્યાપ્તિવાળો શબ્દ 'ટેલ' છે. જેમાં આદિ માનવનિર્મિત પુરાકલ્પન કથાથી માંડીને 'એરેબિયન નાઈટસ' જેવી અથવા બહારવટિયા કે શૂરવીરોની અર્ધઐતિહાસિક, અર્ધકલ્પિત કથાઓ સુધીની કથાઓ માટે એક જ શબ્દ વાપરી શકાય એવો શબ્દ તે 'ટેલ' શબ્દ છે.

વિશ્વની પ્રત્યેક પ્રજા પાસે પરંપરાગત કથા વાર્તાનો ખજાનો પડયો છે. આ કથા-વારતા આજની આધુનિક ટૂંકીવાર્તા, નવલકથા, નાટક કે એકાંકીના સ્વરૂપે ઢળીને આવતી મૌલિક કલ્પિત કથાઓ નથી, પરંતુ એ તો પરંપરાગત પ્રવાહમાં ચલણી બની વિવિધ કાળને વીંધી અસ્ખલિત પ્રવાહે પરંપરિત રીતે લોકપરંપરામાં વહેતી રહી છે.

## ૦ લોકકથા-મૂળ અને કુળ

લોકકથાનાં મૂળ શોધવાની મથામણ, અભ્યાસ અને મહેનત માગી લે એવી છે! એનો રચયિતા કોણ છે, એ કોઈ જાણતું નથી, અને જે સ્વરૂપે આવી કથા-વાર્તા અસ્તિત્ત્વ ધરાવતી થઈ તે કહેવું અતિ કઠિન છે. જગતની સૌથી પ્રાચીન કથા થળ પ્રલયની હોવાનું વિદ્વાનો માને છે. લોકકથાના અભ્યાસીઓ એનું પગેરું ઋગ્વેદમાં નિહાળે છે. કેટલાક વળી લોકકથાના મૂળ બ્રાહ્મણ ગ્રંથોમાં, વિશેષ કરીને શતપથ બ્રાહ્મણમાં મળતી પુરુરવા-ઉર્વશીની કથા, વૃત્રાસૂરવધની કથા, રામાયણ-મહાભારતનાં આખ્યાનો પંચતંત્ર અને હિતોપદેશ જેવી સંસ્કૃત કથાઓમાં શોધવા મથે છે તો કોઈ 'કથાસરિત સાગર' બૃહત્કથા મંજરી જેવા પ્રાકૃતગ્રંથો કે જાતકકથાઓમાં લોકકથાના કણો વિલસતા જુએ છે.

કેટલાક વિદ્વાનો આર્યો પોતાના નિવાસ સ્થાનમાં ઠરીઠામ થયા તે પૂર્વે ભારતમાં તળપદ પરંપરાની જાનપદી વારતાઓ પ્રચલિત હોવાનું કહે છે. છતાં એમ કહી શકાય કે

લોકકથાના મૂળ મનુષ્યના જન્મ જેટલાં જ ઊંડા છે. મનુષ્યે જયારે સમૂહ જીવન જીવવાનું શરૂ કર્યું હશે ત્યારથી લોકકથા અસ્તિત્ત્વમાં આવી હશે? લોકકથાઓ કહેવાની પરંપરા ભારતમાં અને ગુજરાતમાં પ્રાચીનકાળથી ચાલી આવી છે. જૂનાકાળે વેપારીઓ અને પરિવ્રાજકો આખી દુનિયામાં ફરતા દેશવિદેશની અજબ ગજબની વસ્તુઓ સાથે અવનવા વિચારો અને વારતાઓનો વિનિમય પણ કરતા. તેથી જ કદાચ અમીર-ગરીબ, ઊંચ-નીચ, કાળા-ધોળા પશુ-પંખી, ફૂલ-ઝાડ, રાજા-રંક, પ્રધાન-કુંવર, દેવ-દેવી, ભૂત-પ્રેત, ઢેડ-ભંગી, રાજા-રાણી કે નદી-તળાવ જેવા વિષયો આધારિત માનવજીવન અને તેમના વ્યવહાર આદર્શોનું પ્રતિબિંબ ઝીલતી અનેક વાર્તાઓ આજે પણ અસ્તિત્ત્વ  ધરાવે છે. ગ્રામ્યપ્રદેશ કે વન્ય પ્રકૃતિના પરિવેશને વાચા આપતી કથાઓ, તો સ્થળકાળ, વસ્તુપાત્ર નિરૂપતી કે સંત-સતીનાં પાત્રો આલેખતી સમકાલીન જીવનનું પ્રતિબિંબ પાડતી આપણી લોકકથાઓના મૂળ અને કુળ ઘણાં ઊંડા છે. તેના મૂળ સુધી પહોંચવું મુશ્કેલ તો ખરું પણ અતિ કઠિન પણ લેખાયું છે. ‘આપણી કંઠસ્ય ધારાની લોકકથાના મૂળ તો આશરે ૪૦૦૦થી૪૫૦૦ વર્ષ જેટલા જૂના લેખાયા છે. હડપ્પન સંસ્કૃતિના કેન્દ્ર ગણાતા, લોથલના ટીંબાના ઉત્ખનનમાંથી એક મૃતપાત્ર એવું મળ્યું છે, જેના ઉપર ‘ચતુર કાગડો અને હરણ’ની તળપદી લોકવારતા ચીતરેલી છે. અરધા ભરેલા કૂંજામાંથી હરણ પાણી પી શકતું નથી ત્યારે ચતુર કાગડો કૂંજામાં નાના કાંકરા નાખી પાણી ઊંચુ લાવીને પીવે છે. આ સાડા ચાર હજાર વર્ષ પછી પણ આ ચાતુરીની વાર્તા તળપદ લોકવાણીમાં જીવે છે.’[૩]

લોકકથાનું મૂળ જેટલું જૂનું છે તેટલું જ વિશાળ પણ છે. માનવજીવન સાથે જોડાયેલું આ કલાતત્ત્વનો વ્યાપ અને વિસ્તાર પણ એટલો જ બહોળો છે. કોઈ નાનકડા વર્તુળ કે વાડામાં સીમિત ન બનતા ગદ્ય-પદ્ય, સુખ-દુ:ખ, પ્રેમ-વિરહ કે આનંદના અવસર સુધી વિસ્તરી ધરતીની ઝીણામાં ઝીણી વસ્તુથી માંડી મોટામાં મોટી વસ્તુના ફલક સુધી વિસ્તરી છે. ઝૂંપડાથી માંડી મહેલો સુધી, ગામડાથી માંડી શહેરો સુધી અને જંગલોથી માંડી સાગરો સુધી વિસ્તરી છે. જન્મથી લઈને મૃત્યુ સુધી તેમજ લોકસમાજની સઘળી ઘટનાઓથી

સંકળાયેલી લોકકથામાં અવનવા પ્રાણો પુરાયા છે. આવી લોકકથાઓ સૃષ્ટિની એકે એક જીવસૃષ્ટિને આકર્ષે છે.

### ০ લોકકથાના વાહકો

લોકકથાની કહેણી પરંપરાગત રીતે ભારત તેમજ ગુજરાતના ખૂણે-ખૂણે પ્રાચીનકાળથી પ્રસરેલી છે. દેશ-વિદેશમાં ચતુરાઈની, શુકમાશુકની, મંત્રતંત્રની, ચમત્કારોની, મુરખની, રાજકુમારોની, પંખીઓની, પ્રાણીઓની, ભૂત-પ્રેતોની, પરીઓની કે ઝાડ-પાનની અનેક લોકકથાઓ કહેવાતી હોય છે. ગુજરાતનું કોઈ એવું ગામડું ન હોય જયાં ઘરડાં દાદા-દાદીઓ રાતના વાળું પાણીમાંથી પવારીને ખુલ્લા આભની ઝાંય નીચે ખાટલા ઢાળી પૌત્ર-પૌત્રીને કલ્પનાશીલ બનાવે એવી વારતાઓ ન સંભળાવતા હોય! આજે પણ ગ્રામવિસ્તારની બહેનો બ્રાહ્મણો કે જૂની પેઢીના વડીલો પાસે વ્રતકથાઓ શ્રદ્ધાપૂર્વક સાંભળતી જોવા મળે છે. આજે આપણી પાસે વારતા કહેનારો મોટો વર્ગ ઊભો થયો છે. જેમાં બારોટ, ભાટ, તુરી, મીર, લંઘા, ઢાઢી, રાવળ ને ભવાઈ જેવા કલાકારોનો વર્ગ છે. જેમણે લોકકથાની આ કંઠસ્થ પરંપરાને જાળવવામાં અને પ્રસાર કરવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે.

લોકકથાના વાહકોમાં લોકસમાજનું સ્થાન પણ ઘણું વિશાળ છે. લોકસમાજની રહેણી-કરણી, પૂજા-અર્ચના, ધાર્મિક રિવાજો, માન્યતાઓ વહેમો-શ્રદ્ધા અને અંધશ્રદ્ધાઓ વગેરેમાંથી જ આપણી લોકકથાની પરંપરા પણ આવી છે. તેથી જ તો સમાજે-સમાજે, સમયે-સમયે દેશ-વિદેશે કે જાતિ-જ્ઞાતિ એ અનેક પરિવર્તનો કે વળાંકોવાળી લોકકથાઓ મળે છે. લોકકથાઓ માનવસમાજ, સંસ્કૃતિ અને ભાષા સાથે કદમ મિલાવતી આપણી વચ્ચે ટકી રહી છે. લોકકથાઓ જે તે વાહકો દ્વારા કહેવાતાં તેનાં કેટલાંક ભાવસંવેદનો અચૂક જોડાતાં હોય છે. ગ્રામ્ય સમુદાયમાં કહેવાતી કથાઓમાં ગ્રામ્ય સંસ્કૃતિની છાંટ અવશ્ય જોવા મળી છે. વનવાસી સમુદાયમાં કહેવાતી કથાઓમાં વન્યપ્રકૃતિની ખાસ છાંટ જોવા મળી છે. તળપદી સંસ્કૃતિની છબી એમની લોકવારતામાં પ્રતિબિંબિત થતી જોવા મળે છે.

## ૦ લોકકથાનાં લક્ષણો

ગુજરાતી લોકકથાઓનો અભ્યાસ કરીએ છીએ ત્યારે એની કેટલીક લાક્ષણિકતાઓ ઊડીને આંખે વળગે એવી છે. માનવજીવન એટલે ઘટનાઓનો મેળો. માનવજીવનમાં બનતી વાસ્તવિક કે અવાસ્તવિક ભૂમિકામાંથી લોકકથાનું પ્રોત પ્રકાશે છે. જેમ ધરતીમાંથી ધન-ધાન્ય મળે, ગોળમાંથી ગણપણ મળે, દૂધમાંથી માખણ મળે એમ લોકહૈયાની કુંવારી કલ્પનાઓમાંથી લોકકથાનો ફાલ મળે છે. લોકકથા સાથે લોકજીવન ચુંબકીય તત્ત્વ પ્રમાણે જોડાયેલું છે.

લોકકથા એ બહુરૂપી-બહુરંગી કથા છે. લોકકથાને આપણે કોઈ નિશ્ચિત તત્ત્વો કે નિર્માણ તંતુઓથી બાંધી શકતા નથી. કારણ કે એનો આકાર, રજૂઆત, ભાષા, અલંકાર, સ્થાનિક રંગ, સ્થળકાળ સાથે બધું જ પરિવર્તન પામતું હોવાથી ચોકકસકથા તત્ત્વોમાં બાંધી ન શકીએ છતાં અભ્યાસની સરળતા ખાતર એમનાં કેટલાંક નિર્માણ તત્ત્વોને અહીં મુકવાનો પ્રયાસ જરૂર કર્યો છે. લોકકથા સ્વરૂપની લાક્ષણિકતા માટે ભારતનાં ઘણાં લોકશાસ્ત્રીઓએ વિચારો રજૂ કર્યા છે.

ડો.સત્યેન્દ્ર લોકકથાના સ્વરૂપને સમજાવતાં દશ લક્ષણો જણાવે છે. 'લોકમાનસ, કથારૂપ, પાત્રો, કથાતંતુ, સામાન્ય ઘટના, સંઘટના, કથાનક, ઉપયોગિતા, અલંકાર વાતાવરણ.'[૪]

લોકકથાનાં લક્ષણોમાં ડો. સત્યેન્દ્ર લોકકથાને ટૂંકીવાર્તાના ધોરણે તથા શિષ્ટસાહિત્યના ધોરણ અનુસાર તત્ત્વોને તારવે છે. પરંતુ લોકકથા એ લોકો દ્વારા લોકમુખે, લોકો માટે અને બાળકથી માંડીને આબાલવૃદ્ધ સુધીના માણસને મનોરંજન આપનારી કલા હોવાથી આ બધાં તત્ત્વો એમના માટે પર્યાપ્ત નથી.

જ્યારે દરબારી ઠાઠથી કહેવાતી લોકવારતાઓનાં લક્ષણોને તારવી આપનાર શ્રી પુષ્કર ચંદરવાકર નીચે પ્રમાણેનાં લક્ષણો આપે છે.

'(૧) મોઢિયું (૨) માંડણી (૩) વળોટ (૪) ઠાબંધ (૫) નાદવૈભવ (૬) શબ્દચિત્રો (૭) કહેણી રીતિ-સંવાદતત્ત્વ (૮) હોકારો (૯) અંત'[૫]

શ્રી પુષ્કર ચંદરવારકર દરબાર-ડાયરામાં કહેવાતી લોકકથાને કેન્દ્રમાં રાખીને ઉપરોક્ત લક્ષણો તારવે છે. લોકકથાની માંડણી કોઈ દરબારી ઠાઠથી ઉઘડતી હોય અને જે મનોરંજન મળે એવાંજ એમનાં લક્ષણો પણ દરબારીઠાઠ બક્ષે છે. લોકકથામાં લોકસંસ્કૃતિનું સ્પષ્ટ પ્રતિબિંબ જોવા મળે છે. લોકકથામાં લોકોના તળપદા રીત-રિવાજો, લોકબોલી, લોકવરણો, પશુપંખી, હથિયારો, યુદ્ધો, ઉત્સવો, અલંકારો, વહેમો, ભૂત-પ્રેતની માન્યતાઓ અને સ્થાનિક ભૂગોળ જોવા મળે છે એટલે લોકકથાને કોઈ ચોકઠામાં ન બાંધતા સ્વતંત્રરૂપે વિહરતી જ રાખવી જોઈએ.

સ્ટિથ થોમ્સન લોકકથાનાં લક્ષણો નીચે પ્રમાણે આલેખે છે.

૧. એ કહેવા-સાંભળવા માટેની છે. કથન પ્રધાનતા એનું પહેલું લક્ષણ.

૨. એ કોઈ ઘટના કે પ્રસંગ, એને અનુરૂપ પાત્રાદિની બનેલી છે.

૩. એ ઘટના-પ્રસંગ-પાત્રાદિ કલ્પિત હોય કે ઐતિહાસિક કે અર્ધ-ઐતિહાસિક હોય, પણ 'લોકકથા' થવા માટે એ 'પરંપરાગત' હોય તે જરૂરી છે. પરંપરાગતા એનું એક આગવું લક્ષણ છે.

૪. લોકકથા કહેવાની રીતિ વાર્તાકારે ભિન્ન હોય છે. સ્મૃતિપટમાં સહેલાઈથી ટકી રહેવાનાં તત્ત્વોવાળી હોય છે.

૫. સમયે-સમયે, વાર્તાકારે એક જ વાર્તા સુધારાવધારા સાથે પાઠભેદવાળી હોય પણ મૂળ ઘટના કે મોટીફ જળવાય રહે છે.[૬]

આમ લોકકથામાં કંઠસ્થ મુખપાટીની પરંપરા, એ લોકકથાનું મહત્ત્વનું લક્ષણ ગણાય છે. આપણે ત્યાં લેખિત પરંપરા તો પાછળથી આવી. કંઠસ્થ પરંપરાનો વારસો પેઢી દર પેઢી

સચવાતો આવે છે. એમાં કહેનારે કહેનારે કંઈક નવું ઉમેરણ થયા કરે છે. એને કુંભારના ચાકડા ઉપર મૂકેલા પીંડા સાથે સરખાવી શકાય. કારણ કે જ્યાં સુધી ચાકડા ઉપરથી નીચે ઉતરી ન જાય ત્યાં સુધી એનો આકાર નકકી થતો નથી. તેમ લોકકથાનો આકાર પણ વારંવાર બદલાતો જાય છે. પણ એનો ઢાંચો બદલાતો નથી.

લોકકથાની બીજી વિશેષતા એનું ઉદ્‌ગમસ્થાન મળતું નથી. એના રચયિતા અજ્ઞાત અને કથકનું નામાભિધાન આવતું નથી. આમ એનો રચયિતા તો અંધારપછેડો ઓઢીને લોકસમાજમાં બેઠો હોય છે. હૈયામાં ઉમળકો જાગે એટલે સમાજમાં વાર્તા વહેતી થાય. કોઈપણ પ્રકારની ઉપાર્જનની મોહમાયા કે કીર્તિનો નામશેષ રાખી સમાજના મનોરંજન અર્થે કથાવારતા અર્પણ કરી દે અને એ સમાજની સહિયારી મૂડી તરીકે લેખાય.

લોકકથા લોકસમાજનું પ્રતિબિંબ ઝીલતી હોવાથી સામાન્ય રીતે લોકસમાજની વિશેષતા જ લોકકથાની વિશેષતા બની રહે છે. લોકકથા માનવમનના ગૂઢ પાસાંઓ પર પ્રકાશ પાડે છે. એમાં માણસના ચીલાચાલુ દૈનિક જીવનનું વિશિષ્ટ શૈલીમાં વર્ણન કરવામાં આવે છે. માનવજીવનની મૂળભૂત વૃત્તિઓ કામ, ક્રોધ, લોભ, મોહ, પ્રેમ, મદ, વગેરે અનેક ભાવો લોકજીવન સાથે વણાઈને લોકકથામાં આવે છે તો સાથોસાથ જીવન માંગલ્યના ચાહક લોકસમાજે ઘણીવાર માત્ર લોકહૃદયના સંતોષ ખાતર જ લોકજીવનની કરુણાંત ઘટનાઓને લોકકથામાં સુખાંત બનાવીને મૂકે છે. લોકકથાનો કથક વાર્તાને એવી ઢબથી રજૂ કરે છે કે શ્રોતાજનની ઉત્સુકતા તેમજ રસવૃત્તિ વધુને વધુ સતેજ બનતી જાય છે.

ડૉ.કૃષ્ણદેવ ઉપાધ્યાયે લોકકથાની આઠ લાક્ષણિકતાઓ બતાવી છે.

૧. પ્રેમનો અભિન્ન પુટ

૨. અશ્લીલ શૃંગારનો અભાવ

૩. માનવીની મૂળ વૃત્તિઓનું નિરંતર સાહચર્ય

૪. મંગલ કામનાની ભાવના

૫. સુખાન્ત અંત

૬. રહસ્ય, રોમાંચ તથા અલૌકિકતાનું પ્રાધાન્ય

૭. ઉત્સુકતાની ભાવના

૮. વર્ણનની સ્વાભાવિકતા[૭]

આમ ઉપરોક્ત વિદ્વાનો વિવિધ લક્ષણો વિશેની માન્યતાઓ જોયા બાદ એટલું ચોકકસ કહી શકાય કે લોકકથા એ મનોરંજન પૂરું પાડનારી અને લોકસમાજની સહિયારી મૂડી તરીકે જગવ્યાખ્યાત બની છે. આવી લોકકથાની લાક્ષણિકતા સર્વસ્વ રીતે ગુજરાતી લોકસાહિત્યના વિદ્યાવારિધ શ્રી પુષ્કર ચંદરવાકરની આદર્શ લોકવાર્તાના વૈજ્ઞાનિક અભિગમોવાળાં લક્ષણો લોકકથાને પૂરેપૂરા સ્પર્શે એવાં છે. શ્રી પુષ્કર ચંદરવાકરે મોઢિયું, માંડણી, વળાંટ જેવાં આવશ્યક અંગો ઉપરાંત નાદવૈભવ, તાદ્દશ્યતા, હોકારો અને અંત જેવાં ઉપાંગો દ્વારા લોકકથા વધારે ચમત્કૃતિ સર્જી છે. કથામાં હોકારો પણ અતિ મહત્ત્વનો છે. હોકારો કથાકારને ઉત્સાહ પ્રેરનાર બને છે. હોકારો લોકકથામાં વણાઈ ગયેલો હોય છે. આવા વિવિધ લક્ષણોથી લોકકથા વધારે પોરસાતી હોય છે.

## ૦ લોકકથાનું વર્ગીકરણ

વિશ્વની તમામ ભાષાઓમાં લોકકથાઓ ભરપેટે માણવા મળી છે. લોકકથાની ક્ષિતિજો ખૂબ જ વિસ્તરેલી છે. દરેક બોલીઓની આગવી લોકકથાઓ છે. જેના કારણે મેઘાણી કહે છે તેમ ‘પ્રાંત પ્રાંતની કથાઓને પોત-પોતાનું નિરાળું વ્યક્તિત્ત્વ છે.’ લોકોમાં રહેલાં વિશ્વાસ, રીતરિવાજો, લોકકથા, લોકવ્યવહાર, ભૂત-પ્રેતોની દુનિયા, જાદુમંત્ર, સંમોહન, વશીકરણ, માદળિયાં, ભાગ્ય, શુકન, રોગ, મૃત્યુ, વિશ્વાસ, બાલ્યકાળ, વિવાહ, ઉત્સવો, યુદ્ધો વગેરે બાબતો લોકકથા સુધી વિસ્તરેલી જોવા મળે છે. તેથી જ તો લોકકથાનું વર્ગીકરણ કરવું

મુશ્કેલ બને છે. થોડાં વરસોથી આ લોકકથાઓનો વૈજ્ઞાનિક પદ્ધતિએ અભ્યાસ આરંભાતા એનું પશ્ચિમી ધોરણે વર્ગીકરણ પણ થવા લાગ્યું છે. આપણે ત્યાં પ્રાચીનકાળમાં કથાને બે વિભાગમાં વર્ગીકૃત કરવામાં આવી છે. (૧) કથા (૨) આખ્યાયિકા તો આનંદવર્ધન કથાના ત્રણ પ્રકારોનો ઉલ્લેખ કર્યો છે. પરીકથા, સકલકથા, ખંડકથા, તો બંગાળી વિદ્વાન ડૉ. દિનેશચંદ્રસેને લોકકથાના ચાર પ્રકારો બતાવ્યા છે.

૧. રૂપકથા

૨. હાસ્યકથા

૩. વ્રતકથા

૪. ગીતકથા[૯]

લોકકથાના વર્ગીકરણ બાબતે લગભગ લોકસાહિત્યના પ્રત્યેક વિદ્વાને ચર્ચા કરી છે. આપણે ત્યાં ઝવેરચંદ મેઘાણી, શ્રી પુષ્કર ચંદરવાકર, શ્યામ પરમાર, જયમલ્લ પરમાર અને જોરાવરસિંહ જાદવ સુધીના લોકશાસ્ત્રીઓએ દેશ-વિદેશની કે ગુજરાતની લોકકથાનાં વર્ગીકરણો આપ્યા છે તો કેટલાક ભારતીય લોકસાહિત્યકારો તેમજ પશ્ચિમના વિદ્વાનોએ પણ લોકકથાના વર્ગીકરણોનો ખ્યાલ આપ્યો છે.

માનવનું જીવન એટલું વિવિધતા ભરેલું છે કે એવા માનવીય જીવન સાથે સંકળાયેલી લોકકથાનો પટ અત્યંત પ્રલંબ છે. આ બે મહાભૂતોમાંથી જાગેલા લોકકથાના વિશ્વને નિશ્ચિત કે સ્પષ્ટ વર્ગીકરણોમાં બાંધવું અતિ મુશ્કેલ બને છે. છતાં સાહિત્યની સગવડતા ખાતર સમય, સ્થળ, જ્ઞાતિ, પ્રસંગ, ધર્મ, ઈત્યાદિ તત્ત્વોને નજરમાં રાખી અનેક વિદ્વાનોએ પોત-પોતાના મતો આપ્યા છે. આવાં વર્ગીકરણો કરવાના વિદ્વાનોના પ્રયાસને ધ્યાનમાં રાખી લોકકથાને આપણે નીચેના કેટલાક વિભાગોમાં વહેંચી શકીશું.

૧. દંતકથા

૨. પૌરાણિકકથા

૩. ઐતિહાસિકથા

૪. શૌર્યકથા

૫. સામાજિક લોકકથા

૬. ઉત્સવકથા

૭. કુટુંબકથા

૮. વ્રતકથા

૯. ધાર્મિકકથા

૧૦. બાળકથા

૧૧. ભક્તિચરિત્રકથા

૧૨. વિનોદકથા

૧૩. સમસ્યાકથા

૧૪. બોધકથા

૧૫. ચતુરાઈકથા

૧૬. પરીકથા

૧૭. ગીતકથા

૧૮. સાગરકથા

૧૯. ચમત્કારકથા

૨૦. ઓઠા-કથા

૨૧. વેપારવણજની કથા

૨૨. વનસ્પતિકથા

૨૩. ડુંગરકથા

૨૪. દૃષ્ટાંતકથા

૨૫. કામણટૂમણનીકથા

૨૬. દીર્ઘકથા

૨૭. અશ્વકથા

૨૮. પશુ-પંખીની કથા

૨૯. પ્રાકૃતિક કથા

૩૦. જ્ઞાતિની ઉત્પત્તિની કથા

૩૧. સંત-સૂરાની કથા

૩૨. કોપ-પ્રકોપ કથા

૩૩. ગર્ભિત કથાઓ વગેરે.

જેમ ધસમસતી નદીઓના નીરનો પ્રવાહ અસ્ખલિતપણે વહેવા માંડે અને એમાંથી ન ધારેલા કે ન કલ્પેલા વિવિધ ફણગાઓ ફૂટતા થાય અને હવે આગળ કેવો વળાંક લેશે? શું થશે? એવી કુતૂહલવશરૂપી પાંખો ફફડવા લાગે અને છેવટે ગમે તેવો કપરો માર્ગ કે ચઢાણ કરીને અંતે સાગરમાં કે અન્ય સરિતાઓની બાહોમાં સમાઈ જઈ નિરાંતનો દમ લે છે તેમ લોકકથાઓ પણ વિવિધ પ્રવાહમાંથી આગળ વધી વિવિધ પ્રકારોમાં પથરાય જાય છે. આવાં વૈવિધ્યસભર વર્ગીકરણોમાં બંધાય જાય છે. પરંતુ લોકકથા તો કહેવાતી, વહેતી સારી એને કોઈપણ પ્રકારના બંધનમાં બાંધી જાળમાં ફસાયેલી માછલીની જેમ રૂંધી ન નાંખવી જોઈએ.

આમછતાં લોકકથા માટે આપણા ઘણા વિદ્વાનોએ વર્ગીકરણો આપ્યાં છે જેમાં 'બ્રહ્મજાલસૂત્તમાં' એક જગ્યાએ રાજકથા, અન્નકથા, પાનકથા, વસ્ત્રકથા એવા ૨૭ પ્રકારભેદો

આપ્યા છે. ડો.સત્યેન્દ્ર લોકકથાને નવપ્રકારમાં વિભાજિત કરે છે. ડો.કૃષ્ણલાલ હંસે 'નિમાડીકથાઓ'ના ૮ વિભાગો, ડો.કૃષ્ણ મોહન દરે 'કાશ્મીરી કથાઓના' ૬ પ્રકાર, તો 'ખડીબોલીલોકથાઓ'ના ડો.સત્યપ્રકાશ ગુપ્ત સાતેક જેટલા પ્રકારો ગણાવે છે, 'ભોજપુરી લોકકથા'ના શ્રી ગણેશ ચૌબેએ ૧૩ જેટલાં વર્ગીકરણો કર્યાં છે, ડો. કે.ડી.ઉપાધ્યાય ૬ પ્રકારનાં વર્ગીકરણો કર્યાં છે, તો આપણા ગુજરાતી લોકસાહિત્યકારોએ પણ વર્ગીકરણો આપ્યાં છે. પ્રિયકાંત પરીખ લોકકથાના ૧૩ જેટલા પ્રકારોનો નિર્દેશ કરે છે.

શ્રી પુષ્કર ચંદરવાકર કથાના નીચે મુજબના સાત પ્રકારો આપે છે.

૧. દંતકથા વા કથાવાર્તા વા ધર્મકથા

૨. જીવનકથા વા વૃત્તાંતો

૩. વ્રતકથા

૪. ગીતકથા

૫. પ્રેમશૌર્યની કથાઓ

૬. પરીકથા

૭. રાસડા વગેરે.

આવા ઉપરોક્ત વિદ્વાનોએ આપેલા વિભાગના ધોરણોને આધારે ઘણાબધા પ્રશ્નો ઊભા થાય છે. આ વર્ગીકરણો સર્વસ્વીકૃત તો નથી છતાં પણ લોકકથાને સમજવા કે અભ્યાસ અર્થે ઉપયોગી બની શકે એવાં છે. આપણી લોકકથાના વર્ગીકરણને ધ્યાનમાં રાખી ડો. હસુ યાજ્ઞિકે નીચે પ્રમાણેનાં વર્ગીકરણો આપ્યાં.

૧. પુરાકથા

૨. પરીકથા

૩. રૂપકથા

૪. પ્રાણીકથા

૫. પ્રાણીઓની નીતિકથા

૬. દૃષ્ટાંતકથા

૭. લોકમહાકાવ્ય

૮. નીતિકથા

૯. સાહસકથા

૧૦. પ્રેમકથા

૧૧. હાસ્યકથા

૧૨. મૂર્ખકથા

૧૩. ધૂર્તકથા

૧૪. કામકથા

૧૫. સંતચરિત્રકથા

૧૬. વ્યુત્પત્તિકથા

૧૭. સમસ્યાગર્ભકથા

૧૮. પ્રેતકથા

૧૯. આગમકથા

૨૦. અદ્‌ભુતકથા

૨૧. જાદુઈ તિલસ્માતી કથા

૨૨. ડીંગકથા

૨૩. કહેવતકથા[૯]

લોકકથા અન્ય સાહિત્યનાં સ્વરૂપોની માફક જે તે ભૂમિ સાથે કે જનસમાજ જૂથ સાથે સંકળાયેલી હોય જેથી જેવી ભૂમિ કે જેવા જનસમૂહો તેવા એનાં જૂજવાં રૂપો દષ્ટિગોચર થાય છે. તે દેશે-દેશે, પ્રાંતે-પ્રાંતે ભિન્ન ભિન્ન હોવાનાં. અલબત્ત થોડું મળતાપણું ચોકકસ હોય. લોકકથાના અનેક અભ્યાસીઓના કરેલા અભ્યાસના અનુભવ ઉપરોકત વર્ગીકરણો કરેલ હોય. લોકસાહિત્યની સરળતા ખાતર સમજવા જરૂરી છે.

## ૦ લોકકથાનો ઉદ્દેશ

હજારો વર્ષથી કંઠ પરંપરાઓથી જીવતી આવેલી લોકકથાનો ઉદ્દેશ નવરાશની વેળાનું મનોરંજન હતું કે લોકસમાજને શિક્ષિત કરવાનો? આવું બુદ્ધિપૂર્વકનું વિચારતા એક બાબત દષ્ટિમાં આવે છે કે લોકકથા એ એક કાંકરે બે પક્ષી માર્યાં છે. અભણ લોકોને આવી વાર્તાઓ દ્વારા બોધ, જ્ઞાન, ચતુરાઈ, ડહાપણ અને નીતિવિષયકનું સફળતાપૂર્વક જ્ઞાન અપાયું છે. લોકકથાઓ આ સિવાય જે તે સમાજની સંસ્કૃતિના પણ અચૂક દર્શન કરાવે છે. લોકકથાઓએ મનોરંજનના બહાને લોકસમાજના માનવીનો આખો દિ નો થાક દૂર કરી, તાજગીસભર બનાવી સંસ્કારના સિંચને સંસ્કાર્યો છે.

લોકકથામાં આવતા જુદા જુદા વિષયોની સાથે, તેનાં વૈવિધ્યસભર વર્ણનો, કે પદ્ય-ગદ્ય જેવાં સ્વરૂપો ઉપરાંત સ્થાનિક રંગો ઉમેરે કે કથોપકથન વડે લોકકથાની રંગત જમાવે છે. એ જ તો લોકકથાનું ઉદ્દેશ કે વિશેષતા છે. લોકકથાકાર છેવાડાના શ્રોતાને આંગળી ઝાલી લોકકથામાં આવતો કરી કથાના રસસ્થાનક સુધી લઈ જાય છે અને મનોરંજન ખોબલે ખોબલે પીરસે છે તો વળી લોકસમાજ રૂપી માણીગરવર્ગ લોકકથામાં હોંકારો આપીને લોકકથકને વધારે રંગતે ચઢાવે છે. પહેલાના જમાનામાં આજની માફક શાળા, કોલેજો કે યુનિવર્સિટીઓ નહોતી ત્યારે લોકસમાજના યુવાનવર્ગને લોકશિક્ષણનું સાચુ મૂલ્ય આવી લોકવાર્તાઓજ અપાવી હતી.

સંસ્કૃત સાહિત્યમાં આવતી પ્રાણીકથાઓ કે કથાચરિત્ર સાગર જેવી કથાઓ તેમજ પંચતંત્રની કથાઓ દ્વારા મહેલોમાં ભવ્ય ઠાઠમાઠોમાં મહાલતા રાજાઓના રાજકુમારો કે રાજકુંવરીઓને પણ રસલ્હાણ શિક્ષણ પીરસવાનું કામ આપણી આવી વારતાઓ એજ કર્યું છે. રાજાના ઠોઠ રાજકુમારોને અવળે માર્ગેથી સવળે માર્ગે લાવી હોંશિયાર બનાવવાનું કામ પણ પંડિત વિષ્ણુશર્મા જેવા વિદ્વાને જ કર્યું હતું. એમાંથી જ 'પંચતંત્ર'ની વિશ્વવ્યાપી વાર્તાનું ભાથું સાંપડયું તો 'અરેબિયન નાઈટસ' કથાઓ પણ પ્રકાશી આવી.

લોકકથા આમ તો ફુરસદની પળોમાં સમય પસાર કરવાની આગવી પદ્ધતિ છે. પરંતુ એ મોટેરાઓ માટે. જયારે બાળકો કે યુવાનવર્ગ માટે એ કલ્પનાશક્તિ કે તર્કશક્તિ ખીલવે છે. લોકવારતાઓની એક વિશેષતા એ પણ રહી છે કે વાર્તાના માધ્યમ વડે કેટલાક આદિવાસી કે પછી વિશ્વની કેટલીક અન્ય જાતિઓ માટે એ અનુષ્ઠાનોનો ભાગ પણ બની છે. આજે પહેલાના જમાનામાં કહેવાતી લિજ્જતદાર વાતો રહી નથી. પરંતુ લોકકથાની શૈલીથી કેટલીક પરંપરા સચવાય રહી છે. જે ફકત ગ્રામ્ય વનપ્રકૃતિ ને ખૂણે વસતી દુનિયાથી પર એવી માનવસંસ્કૃતિમાંજ તો બાકી આજની વાર્તાઓ તો પશ્ચિમ વાઘા પહેરીને આવે છે. કથા કહેનાર કથક કથાની માંડણી કરે ત્યારે તે જે તે લોકજીવનમાં ગળાબૂડ બને તો જ લોકજીવનનું આંતરિક ભાવ સંવેદન કથામાં ખેંચી શકે. આજે આવા મૂલ્યો કે ઉદ્દેશોની બાદબાકી થતી જાય છે અને ખાલી ખોખાની જેમ લોકકથાના ખાલી બીબાઓ ઢળાતા જાય છે. છતાં એટલું કહી શકાય કે આજે પણ જુદી જુદી જ્ઞાતિઓમાં વાર્તાના શેર તણાતા જાય છે. આજે પણ કેટલાક આદિવાસી લોકો સાંજના સમયે ખાય-પરવારી ઘરના આંગણામાં સાદડી નાંખી કે ખાટલા ઢાળી વાર્તાઓની લિજ્જત માણતા જોવા મળે છે. એમાં પણ આજની કેટલીક ચમકતી-ચુટકલી બાબતો પ્રવેશી જતી માલુમ પડી છે. આ બાબતો પુરેપુરી પ્રવેશી ન જાય તે પહેલા એને વિવિધ દષ્ટિકોણથી અભ્યાસ કરી લેવો જરૂરી બને છે.

લોકકથાની આટલી શાસ્ત્રીય ચર્ચા કર્યા પછી આપણે દક્ષિણ ગુજરાતના ધોડિયા જાતિમાં કહેવાતી કેટલીક લોકકથાઓનો અભ્યાસ કરીશું એ અભ્યાસ વડે તે પ્રદેશની પ્રાદેશિકતા, સાંસ્કૃતિક ભૂમિકા વગેરેને તારવીશું.

## ૪.૩ ધોડિયા જાતિમાં કહેવાતી લોકકથાઓ

લોકસાહિત્યનું મુખ્ય અને વ્યાપક એવું અંગ તે કથા છે. એને 'લોકકથા' કહીએ છીએ જે કથા કોઈ એક વ્યક્તિની કલ્પનામાંથી જન્મી છે. પરંતુ વિવિધ લોકો દ્વારા વિવિધ તબકકે અને વિવિધ રીતે કહેવાઈને સંસિધ્ધ થઈ છે તે લોકકથા પ્રાચીનકાળથી ચાલી આવતી આવી કથાઓ કોઈ નિશ્ચિત એવા હેતુ અર્થે કહેવાતી આવી છે એ રીતે બ્રાહ્મણ ગ્રંથો, આરણ્યકો, આગમો, જાતકકથાઓ, પંચતંત્ર, હિતોપદેશ, કથાસરિતસાગર, વસુદેવ, વિવિધ પુરાણો-ભાગવત અને મહાભારત સાથે સંકળાયેલાં અનેક આખ્યાનો, ઉપાખ્યાનો, રાસાઓ પ્રબંધો, કથાકોશો વગેરેમાં જે કથાઓ છે તે પણ આદિસ્રોતની દષ્ટિએ તો લોકકથાઓ જ છે.

આ રીતે કથાની પરંપરા ચાલે છે ત્યારે એમ કહી શકાય કે પ્રારંભિક તબકકે તો તે એનેકડોટ (Anecdot) એટલે કે ટુચકા જેવી જ છે. પરંતુ જેમ-જેમ કથનની પરંપરા આગળ ચાલે છે તેમ તેમ કથકે કથકે એમાં અવનવું ઉમેરણ થતું જાય છે તો કયાંક બાદ થતું જાય છે. આમ પોરસાતી-પોરસાતી લોકકથાઓ પૂર્ણરૂપની લોકકથા બને છે.

લોકકથા એ લોકજાતિઓના સાંસ્કૃતિક ઈતિહાસનું એક અગત્યનું અંગ છે. માનવ, સંસ્થાઓના તમામ અભ્યાસીઓને પોતાની શોધોને સ્પષ્ટ કરવા માટે જુદી જુદી લોકકથાઓમાં વિકસતા સમૂહજીવનના ઈતિહાસનો ઉપયોગ કરવો પડે છે. આથી જો તે લોકજીવનના પ્રત્યેક ક્ષેત્રને સ્પર્શતી મોટાભાગની લોકકથાઓને સારી રીતે સમજી શકે તો માનવીના બૌદ્ધિક અને ધાર્મિક જીવન વિશે તેમનો અભિપ્રાય તદ્દન સ્પષ્ટ અને ચોકકસ બને આમ, લોકકથાએ લોકજીવનની મર્મસ્પર્શી અભિવ્યક્તિ છે. લોકકથામાં લોકજીવનની સાધારણ-અસાધારણ ઘટનાઓનું આબેહૂબ વર્ણન મળતું હોવાથી આપણે તે દ્વારા માનવજાતિના આચાર-વિચાર, રીત-રિવાજ, ધાર્મિક વિશ્વાસ, રહેણી-કરણી, આશા-નિરાશા, તેમજ સુખ-દુ:ખની અનુભૂતિ કરી શકીએ છીએ. અને આ તમામ પાસાંઓથી જ તો લોકકથાનું સ્વરૂપ ઘડાય છે અને

સમય-સમય પર બદલાતું પણ રહે છે. લોકકથાનો ઉદ્દેશ કલ્પના મિશ્રિત આદર્શોન્મુખ યથાર્થ ચિત્રણનો હોય છે. તેમાં વિશુદ્ધ જનજીવનના દૈનિકસુખ, હર્ષ, વિષાદ, રાગ, દ્વેષ વગેરે પણ સાથે હોય છે તે લોકજીવનનું સાચું પ્રતિનિધિત્વ કરે છે.

ધોડિયા જાતિની લોકકથાઓ પણ પ્રારંભથી લોકજીવનના વિવિધ હેતુ અર્થે જ આવેલી હશે એવો ભાવ એમની વાર્તામાંથી પ્રગટતો જોવા મળે છે. લોકોને જે જાત અનુભવ થયો હશે તે વાર્તામાં તાણા-વાણાની જેમ વણાઈને આવે છે. આખા દિવસના પરિશ્રમ પછી કામકાજથી કંટાળેલા, થાકેલા લોકો-બાળકો સાંજના સમયે વાળુ-પાણી કરીને વડીલ દાદા કે દાદીને એમની જ ભાષામાં કહે છે કે- ‘ડોહાબાપા કે ડોહીમાંય, (ગઢબાહ-ગઢીઆય) વાત્તા આખને.’ અને એના જવાબ રૂપે દાદા-દાદી, નાના-નાની પોતાની લાક્ષણિક અદામાં અને પોતાની આગવી બોલીની તળપદી શૈલીમાં વાત માંડે અને બાળકો હોંશભેર ગોળાકારે કે માતા-પિતાના ખોળે બેસી એકીટશે વાર્તાની મોજ માણે એ જોવું પણ દુર્લભ બને છે તો તેની સાથે આજુબાજુના આડોશ-પાડોશના વડીલો પણ વાર્તામાં હોકારો કે સૂર પુરાવતા વાર્તાને વધારે રસપ્રદ બનાવે છે અને કયારેક એવા વડીલો પાસેથી પણ બાળકોને અવનવી દેશ-પરદેશની, ગામગામની, નાની-મોટી વાર્તાઓની રસલ્હાણ થતી જાય છે અને કયારેક બાળકો વાર્તાની કેફમાં પોઢી પણ જાય છે અને બાકી રહેલી વાર્તાની માંડણી બીજા દિવસે કે ફુરસદના સમયે ફરી મંડાતી પણ જોવા મળી છે. જો કે આજના ઝડપી યુગમાં પુસ્તકના પાને કેદ થયેલી વાર્તાઓ વાંચીને બાળકો સંતોષ મેળવે છે. આજે નથી વાર્તા કહેનાર કથન પાસે સમય કે વાર્તા સાંભળનાર શ્રોતા પાસે સમય. આવા સમયના અભાવે નવી પેઢીમાં લોકજીવન ઉપયોગી હેતુલક્ષી વાર્તાઓ નષ્ટ થતી જાય છે. આજે વાર્તાઓનો સંગ્રહ કરાવવા માટેના પ્રયત્ન થાય છે. પણ એમાં જોઈએ તેટલો સહકાર મળતો નથી. આવા ધોડિયા જાતિના લોકોમાં પણ હવે એમની લોકબોલીમાં કહેવાતી વાર્તાઓના સ્થાને શિષ્ટ ગુજરાતી કે બોલીમાં આજે પ્રચલિત બનેલી વાર્તા જ મોટેભાગે કહેવાતી જોવા

મળી છે. છતાં ઘણા પ્રયત્નો પછી જુદા જુદા વિસ્તારમાંથી મળેલી કેટલીક વાર્તાઓને અહીં મૂકવાનો પ્રયત્ન કર્યો છે. જે વર્ગીકરણની દષ્ટિએ આ પ્રકારે મૂકી શકાય છે.

### ૪.૩.૧ ધોડિયા જાતિની લોકકથાનું વર્ગીકરણ

લોકકથાઓ કોઈપણ પ્રજાનો અમૂલ્ય વારસો છે. લોકકથાઓ એ કદી કૃત્રિમતાના સાજ નથી સજયા. એમાં તો કુદરતને ખોળે રમતા-વિહરતા માનવ હૃદય સમી સાદગી જ એણે સ્વીકારી છે. એ સાદગીમાં નયનરમ્ય કલ્પના અને મનોરંજનના ભરપૂર રંગ પૂર્યા છે. વન્યપ્રકૃતિમાં ઉડાઉડ કરતાં પતંગિયાંની જેમ અનેક રંગો વાર્તામાં નવું સૌંદર્ય લઈને આવે છે. વનવગડામાં પરિશ્રમ કરી જિંદગીનું ભાથું બાંધતા-બાંધતા, કુદરતની બહુરમ્ય પ્રકૃતિમાં સરી જતા સૂપો કે અન્ય કુદરતી સજીવ સૃષ્ટિની જેમ વનવાસી લોકકથાની સૃષ્ટિ પણ સર્જાયી છે. વિશ્વની દરેક પ્રજા પાસે પડેલો ખજાનો પરંપરાગત રીતે કુદરતની મધુરજન્ય ભાવવાહીની સંગત સાથે જોડાય ને જ આવે છે. વનવાસી પણ વન્ય પ્રકૃતિના ખોળે ખેલતા-વિહરતા જયાં દષ્ટિ ઠેરવે છે તેમાંથી એક નવું જ પોત સર્જાય છે.

ધોડિયા જાતિની ભાષા એક વિશિષ્ટ પ્રકારની છે એની મૌખિક પરંપરા પણ વિશિષ્ટ ભાવ સંવેદનાવાળી છે. જીવનના દરેક ઉત્સવ, પ્રસંગો, શ્રમકાર્યો કે આનંદ અર્થે નીજી સૌંદર્યમાં વિહરનારા એવા આ લોકોમાં પણ પ્રસંગને અનુરૂપ કે જીવનના એક પાસા રૂપ સૃષ્ટિ સાથે આવી લોકવાર્તાઓ કહેવાતી આવી છે. એમની પોતાની આગવી લોકબોલીમાં એમને આવડે એવી નિરૂપણ રીતિમાં વાર્તાઓ કહેવાય છે. અભણ સમાજની ભોળપણ તેમજ સાદી અને સરળ એવી ભાવશૈલીમાં કથા ચાલે છે. કયારેક વાર્તા કહેનારો કથક અટકી જઈ શ્રોતા બની જતો અને શ્રોતામાંથી કોઈ કથક બની જનારો પણ જોવા મળે છે. વાર્તાના મૂળ ને બંધ-બેસતી કરવાની નવા-નવા કથકે નવી-નવી બાબતો ઉમેરવાની કે બાદ કરી નાંખવાની પ્રણાલી પણ આ વનવાસીના લોકકથાઓમાં જણાય છે. સ્થળ, કાળ પાત્રની પણ અદલા બદલી આપોઆપ થઈ જતી પણ જોવા મળે છે. આવી લોકકથાઓનું વર્ગીકરણ

કરવું સહેલું તો નથી. પણ અતિ મુશ્કેલીભર્યું પણ છે. છતાં એમની અદાથી એમની વાર્તાને સમજી શકાય. એવા હેતુસર અહીં શિષ્ટ કે સાહિત્યિક પ્રકારનું વર્ગીકરણ ન કરતાં એમની લોકકથાને છાજે એવું વર્ગીકરણ કરવાનો પ્રયાસ કર્યો છે જે નીચે મુજબ છે.

૧. સામાજિક વાર્તાઓ

૨. ઐતિહાસિક તત્ત્વવાળી લોકકથા

૩. ધાર્મિક દંતકથાઓ

૪. પશુ-પંખીવિષયક વાર્તાઓ

૫. ઉપદેશક વાર્તાઓ

૬. બાળવાર્તાઓ

૭. કોયડાપ્રધાન વાર્તા

૮. ઉત્પત્તિ અંગેની કથા

૯. ભૂતપ્રેત-કામણ ટૂંમાણની વાર્તા

### ૪.૩.૨ કહેવાતી વાર્તાઓ

લોકસાહિત્યમાં વાર્તા સાહિત્યનો પણ મોટો ફાલ જોવા મળ્યો છે. વૈવિધ્યસભર ગણાતી આપણી વાર્તાઓ દરેક જાતિમાં કહેવાતી જોવા મળે છે. એક જમાનો હતો કે જયારે આવી વાર્તાઓ લોકમનોરંજન પૂરું પાડતી રાત્રિના વાળુ-પાણી કર્યા પછી ગામના લોકો ટોળે મળીને મનોરંજન અર્થે તો કયારેક શ્રમના થાકને ઓછો કરવા ગામના ચોકમાં કે પ્રકૃતિના શાંત વાતાવરણમાં આવી ટોળ-ટપ્પાની કે રમુજીસભર કથાઓ વાગોળતા. આવું જ એક ભાવવિશ્વ આ જાતિની લોકવાર્તાઓમાં પણ જોવા મળ્યું છે. એમની પાસેથી પણ સમાજને કેન્દ્રસ્થાને રાખી સામાજિક કથાઓ કહેવાતી જોવા મળી છે તો કયારેક ધર્મ, ઈતિહાસ, ઉપદેશ, કોયડા, ઉકેલ, પશુ-પંખી કે ભૂત-પ્રેત કે કામણટૂંમાણની અને બાળરસને

પ્રોત્સાહિત કરતી પણ વાર્તાઓ કહેવાતી જોવા મળી છે. લોકકથાનાં ઉમદા લક્ષણો કદાચ એમની વાર્તામાં ફૂલ્યાફાલ્યા ન હોય છતાં પણ એમના જીવનનાં કેટલાંક મૂલ્યોની સ્વીકૃતિ જરૂર જોવા મળી છે. જે નીચેની વાર્તાઓમાંથી જોઈ શકાશે.

## ૧. સામાજિક વાર્તાઓ

વાર્તાઓ મોટેભાગે સાંજના સમયે જમીકરી નવરાશની પળોમાં કહેવાતી દાદા-દાદી કે ગામ/ફળિયાના વૃદ્ધ વડીલો ઘરઆંગણામાં ખુલ્લા આકાશ નીચે ખાટલા ઢાળી આવી અનેકવિધ વાર્તાઓ દ્વારા નાના મોટા સૌનું મનોરંજનનું કેન્દ્ર બનતા એવે વખતે સમાજમાંથી જ કેટલીક બનેલી ઘટનાઓ કે જોડી કાઢેલી બાબતો વડે વાર્તારસ પોષતા અને આનંદ માણતા આવી સામાજિક વાર્તાઓ જુદીજુદી જાતિઓમાં થોડાઘણા ફેરફારો સાથે કહેવાતી જોવા મળી છે. જેમાં મુખ્યત્વે 'ડોહીને ગોવાળિયો'ની વાર્તા વધુ કહેવાતી જોવા મળી છે. જેનો પાઠ નીચે મુજબ છે.

### ૦ 'ડોહીને ગોવાળિયો'

એક ગાવ અતા ગાવામાને પોહે ડોબે ચારુ જાય, ડોબે પહાડામાં ચરે ને પોહે ઉમરાપાર ચઢીને રમે ઉમરા ઉપર પીકનેલે ઉમરે ખાતે જાય ને રમે, તહામા એક ડોહી છેણ વીશું આવતી. ડોહી આખે પોહા પોહા માંભી એક બે ઉમરે પાડી દે, પોહો આખે પાગે ઓફે કા આથે ઓફે. ડોહી આખે પાગે જ ઓફની. પોહો તે જહો પાગે ઉમરા ઓફું લાગનો તહાજ ડોહીએ પાગ ધરીને ખેંચી પાઈડો પાંઠી કોથળામાં ભરીને ઘર લે જાવ મંડની. વાટમાં ડોહીએ તીહ લાગની, કોથળો ભૂયે પાંહે થવીને કૂવે પાણી પીવ ગોઈ. પોહો ચાલક અતો એટલે કોથળામાંથી નીંધીગોને અંદર ઢેંભા, કોટિયાને ડગડે ભરી દેધા ને નાહી છૂટનો ડોહી તે પાણી પીઈને આવની પઠીં કોથળો ઊંચકીને ચાલુ લાગતી, થોડેક ગોઈ તાંતે કાંટે બહુ લાગને તે ડોહી આખે ચીમટે કા ચીમટે ઘર જાય ને તુણી વાત. ડોહીતે ઘર જાય ને કોથળો ઉતાઈરો અંદાર એઈયરા તે ઢેફા, કાંટિયે ને ડગળે ભરેલે. ડોહી તે મનમાંજ બબાડની હાત, તુણી! પોહો તે ઠગી ગો, કાલ તુણી વાત.

દૂહરે દિ પાછી ઉમરા પાહે ગોઈ. પેલો પોહો તે આજ હો ઉમરે ખાય કરે ડોહી આખે પોહા-પોહા ઉમરે દેઈ કાં? પોહો આખે, પાગે દેઈકાં આથે દેઈ? ડોહી આખે પાગે જ દેની અહા આખી ને પાગધરીને ખેંચી પાઈડો, પાઠીં કોથળામાં ભરી ઘર લેઈગોઈ. ઘર જાય ને કોથડો છોયડો પાઠીં પોહા કાયઢોને ખોલડીમાં ભરી દેધો પાઠીં પોહીએ આયકા બાઈ, બાઈ આજ તે આણાં જ હાળના કરુના આઈ અહાં આખી ડોહી પાણી ભરુ ગોઈ. એધે પોહી તે ખોલડીમાં ગોઈ, પુણ પોહો બો ચાલાક એટલે જહી પોહી આમની કા તરાત જ પોહીએ ધરી લેધી ને મારી લાયખી, પાંઠી પોહીએ દગડે પોવી લેધે. પાઠીં પોહીયાયા હાળના છીંદીને બનાવી નાયખા પાઠીં પોહાય હારું કુકળીયા હાળના બનાવી દેધા.

ડોહી તે પાણી ભરીને આવની, પોંહીએ પૂછે બાઈ હાળના કધા કાં? પોહો તે કાંઈ બોલનો નાય ને વાટામાં ડોહીએ હાળના વેંચી ઓયફા પાઠીં પોહો કુકડીયાયા હાળના ટાહરામાં કાઢીને ખાવ લાગનો અહામાં ઘરમાંથી એક બિલાડા આવના, બિલાડા આખે-

'ડોહી-ડોહી પોહી જ ખાય

(ગોવાળિયો) પોહો-પોહો કુકડાજ ખાય'

ડોહી આખે બાઈ, બાઈ ઈ બિલાડા કાં આખે? પોહો ઝીણીઘાટીએ આખે ઈ તે આખ્યા જ કરે તું ખાયા કરને પાઠી ડોહી ખાવ મનની પાંછા પેલા બિલાડા આખે-

'ડોહી, ડોહી પોહી જ ખાય

(ગોવાળિયો) પોહો, પોહો કુકડાજ ખાય.'

પાંઠીતે ડોહીએ શંકા ગોઈ, પોહા ધુણ એકી નજારે એઈયરા જ કયરા તહામા પોહો જાણી ગો ઉલે પોવેલે દગડે જ નાંહી છૂટનો. એધે ઘર ગુઓ એટલે બધે ફળિયાયે ને ઘરને માણહે પૂછું લાગને કે કજેરા! અહે દગડે પોધે, તાર પોહે તે આખી બિના આઈખી પાંઠી તે ઘરને ને ફળીયાએ બધે ડોહીએ ઘર ગુએ ને ડોહીએ ખૂબ વીંઢને. તું ડાકણ અતી દહું આમણા પોહા ખાઈ જાત તે. પાંઠી ડોહી તે ખાંહવાઈ ગોઈ ને ઘર નાંહી ગોઈ.

## ૦ અનૂદિત મુદ્દા

એક ગામ હતું- ગોવાળ ગાયો ચારતો-ઉમરાનાં ફળો પાળતો- એક ડોશી આવી- ગોવાળ પાસે ઉમરાનાં ફળો માગવા- પગે ફળ પાડી આપવા ગોવાળ તૈયાર થયો- ડોશીએ ગોવાળના પગ પકડી ખેંચી લેવો- ગોવાળને કોથળામાં ભરી લઈ જવો- રસ્તામાં તરસ લાગવી- કોથળો નીચે મૂકવો- ચબરાક ગોવાળનું નાશી જવું- બીજે દિવસે ફરી ડોશીનું આવવુ- ફળની માંગણી કરવી- ફરી ગોવાળને પકડી લઈ જવો- ઘરે જઈ કોટડીમાં ગોવાળને પૂરવો- દીકરીને ગોવાળનું શાક બનાવવા કહેવું- ડોશીનું પાણી ભરવા જવું- ચબરાક ગોવાળે ડોશીની દીકરીને મારી તેનું શાક કરવું- પોતા માટે કૂકડા (મરઘી)નું શાક કરવું- પાણી ભરી ડોશીનું આવવું- દીકરીને પૂછવું- દીકરી વેશે રહેલા ગોવાળનું ન બોલવું- થાળી પીરસી ડોશી સાથે જમવા બેસવું- બિલાડીનું આવવું- બિલાડીનું બોલવું ડોશીનું દીકરીને પૂછવું- શંકા જવી- ગોવાળને પકડી પાડવો- ગોવાળનું નાશી જવું- ગોવાળે બધી ઘટના ગામ લોકોને કહેવી- સૌ ડોશીના ઘરે જઈ ડોશીને ઠપકો આપવો અને અંતે ડોશી ડાકણ છે તેથી દીકરાને (ગોવાળને) ખાય જાત તો તેનો અફસોસ વ્યક્ત કરવો.

ઉપરોક્ત વાર્તામાંથી એવો બોધ મળે છે કે ડાકણ આદિના ભોગે છેતરપીંડી કરવામાં આવતી તે સામાજિક ભાવ સાંકળવામાં આવ્યો છે. અહીં સમાજમાં ચાલતી ડાકણ-ભૂતની માન્યતા પૂરવાર કરવામાં આવી છે.

## ૨. 'આંધળી ડોહીને પોહો'

એક ગાવ આય, તાં એક આંધળી ડોહીને પોહો રહે તાય. ડોહીયો પોહો બો લાડકો, પોહો તે ડોહીએ લાવીને ખાવાડે તાય. પોહો ધીરે ધીરે મોટો ઉઈગો. ડોહીએ એક દિ પોહા પન્નાવી દેધો. વોવ આવની પુણ ડોહીએ કામની નાંય પોહો તે માયની બો ચાકરી કરે પુણ વોવે તી ગમે નાંય. પાંઠી તે પોહો ડુંગરીપાર કામે જાઉ લાગનો, પોહો કામે જાય તાર વોવે આખતો જાય કા માણી માયે જી જોયે તી ઓફી પુણ વોવ બો બળેલી ઉલે હાંજા, હાંજા

રાંધીને ખાય લે પાઠીં પેજવા, ગાઠાં ને અહાં ડોહીએ બનાવી ઓફે. પોહો હાંજી આવીને પૂછે ત્યાર ડોહી આખે માં તે દેખાય નાંય ઉલે જી દેઇ તી ખાયને બહી રઈ દૂહરા કાં કરે, અહા કરતા ઘણાં દિહ ઉઈ ગુઆ એક દિ ડોહીએ વોવે આયખા વોવ, વોવ આજતે મા વિંસ્સાત (માછલી) ખામની ઈચ્છા ઉની આય વોવ આખે આજ નાય, આજતે મે રાંધી કાયઢા એટલે કાલ બનાવી દીહ. દૂહરે દિ વોવે તે ભાદરવો મઈનો અતો ઉલે માછલી તે બો જળે પુણ બળનેલી બો એટલે માછલીયાયે બદલે ભાદરવે (ભરવાડ) થાળી ભરી લાવની પાઠીં તાવીએ માં ભુંજી ઓયફે. ડોહી ખાતા-ખાતા આખે વોવ કા રાંધી દેધા બો હાજા લાગતા. પાઠીં તે વોવના વખાણ કધા ઉલે રોજ રોજ વોવતે ઈજ રાંધી ઓફે ડોહીએ તે ખાય-ખાયને હોઠ પુણ છોલાય ગુવે એક દિ પોહે માંયના હોઠામાંથી લોય નીકળેલા દેયખા તે પૂઈછા માંય તુણા હોઠામાં કા ઊના, ડોહી આખે તુણી વોવ જાણે કા રાંધીઓફે તે અહા ઉઈગુઆ. પોહો તે વોવે પાહે ગોને પૂઈછા માયે કા ખાવાડે તાય તે વોવ આખે માછલીને તૂતડા ને અહાં ડોહાડી જૂઠી બોલની ઉલે એક દિ પોહો તે કામપાર જામનો અહા કરીને નીધીગો પાઠીં ઘરની બાર હંતાય રનો વોવતે રોજની જહાં ખાપના બનાવીને ખાય લેધા પાંઠી ડોહીએ હારું ભાદરવે લેઉં વાળા માં ગોઈ ઉલે પોહો ઘરમાં કોઠી પાછાળ આવીને હંતાઈ ગો. પાઠીં ડોહાડીએ તો તાવીએમાં ભાદરવે ભૂંજીને ડોહીએ ઓફી દેધા. ડોહી ખાવ ગોઈ પુણ પોહે ડોહીએ તાહરામા એઈયરા તે તૂતડાયે બદલે ભાદરવે ભૂંજેલે ઉલે પોહો તે ખીજવાયલો હો ડોહાડી પાહે ધહી ગો પાઠીં ડોહાડીએ બો બડવી. ડોહાડી તે ફિસાનાયેલી રડું લાગની પુણ પોહો એકનો બે નાય ઉનો પેલી ડોહાડીએ કાઢી મૂયકી પાઠી ફારગાતી પુણ ઓફી દેધી. જહાં કયરા તહા ભોગાયવા. ડોહીને પોહો સુખેથી રઉ લાગને.

ઉપરોક્ત વાર્તામાં આંધળી સાસુનો ગેરલાભ ઉઠાવતી અને કંજૂસ વહુ વડે સમાજમાં ચાલતી ખોટી ભાવનાને આલેખી છે. આ વાર્તાનો બોધ પણ એવો જ આપવામાં આવ્યો છે કે જેવું કરે તેવું ફળ પામે. વહુનાં આવાં પરાક્રમોથી સમાજમાં છૂટાછેડા પણ થઈ જતા તેથી સમાજમાં આવી ફરીવાર કોઈ ભૂલ ના કરે એવા ઉપદેશો પણ આવી વાર્તાઓ વડે પરોક્ષ રીતે આપવામાં આવતા.

આ ઉપરાંત 'સાત ભાઈની એક સોનબાઈ' 'સાત ભાયાયી એકબાણી' શીર્ષકથી કહેવાતી વાર્તા પણ ખૂબ પ્રચલિત છે. જુદી જુદા વિસ્તારોમાં થોડા પાઠફેર કહેવાતી જોવા મળી છે. અહીં એ વાર્તા બતાવી નથી. કારણ કે 'ગીતકથા' ના ટોપિકમાં એ બધી જ વાર્તાઓ દર્શાવવામાં આવી છે. 'પાતળી પરમાર'ને મળતી સોનબાઈની વાર્તા પણ પ્રચલિત છે. જે ગીત પ્રકારે છે. આ સાથે આ જાતિમાં 'ખંધાડિયાની' પણ વાર્તા કહેવાતી જોવા મળી છે. 'ડોહોને કુરવીલો'- 'ડોશો અને કરચલાની' વાર્તા પણ કહેવાતી જોવા મળી છે. શ્રી મંછારામ પટેલે એમના પુસ્તકમાં સામાજિક વાર્તાઓમાં 'ડોહો, પોહી ને ચીડા' 'ડોસો, છોકરી ને ચકલી' ની વાત કરી છે. ડોશીનું ભરણ પોષણ કરનાર 'કુકડા ને ડોહી'ની વાર્તા પણ ખૂબજ રસપ્રદ રીતે આલેખી છે. આવી સામાજિક વાર્તાઓ આલેખીને મનોરંજનની સાથેસાથે સામાજિક પરંપરાને પણ વાચા અપાયી છે. આવી વાર્તાઓ કરીને પરોક્ષ રીતે બોધ-ઉપદેશ પણ અપાયો છે.

## ૨. ઐતિહાસિક તત્ત્વવાળી કથા

લોકકથાઓ વડે પ્રજાના જીવંત જીવનનું પ્રતિબિંબ પાડવાની લોકપરંપરા આજે ધીમે ધીમે લુપ્ત બની આજે શિષ્ટ પ્રકારની અતિઆધુનિક વાર્તાઓ સ્થાન પામતી જાય છે. લોકકથાનો ભૂતકાળનો સાંસ્કૃતિક વારસો વર્તમાન સમયમાં જળવાય રહે તે માટે પેઢી દર પેઢી આવી સંસ્કારિતાને ઓપતી વાર્તાઓ સચવાવી જોઈએ. માનવસહજ મનોર્મિઓ વડે લોકકલા સૃષ્ટિ ને હરિયાળી બનાવવાના પ્રયાસો ધીમે ધીમે થઈ રહ્યા છે ત્યારે આ જાતિમાં પણ શ્રી મંછારામ પટેલ જેવા ખંતીલા સાધકે દૂર-દૂર સુધી પગે ચાલીને આવી અનેક વાર્તાઓને સંગ્રહિત કરવાનો પ્રયાસ કર્યો છે. તેમની પાસેથી 'વાંઝો રાજા' (વાંઝીયો રાજા)ની ઐતિહાસિક અંશવાળી વાર્તા પ્રાપ્ત થઈ છે.

આ વાર્તા સંખેડા-મેવાસમાં સહેજ જુદી રીતે પણ કથાની મૂળ વાર્તાને કેન્દ્રમાં રાખીને થોડા મૂળ પાત્ર સાથે આલેખાયી છે. એજ રીતે આ જાતિમાં પણ 'કરાયા વિસ્તાર'માં

એમની લોકબોલીમાં આ વાર્તા થોડા ફેરફાર સાથે કહેવાતી જોવા મળી છે. આ વાર્તા સૌરાષ્ટ્રના ચુડાસમા વંશના રા'ડીયાસના પુત્ર નવઘનની કથા સાથે મળતી આવે છે. આ વાર્તામાં ઐતિહાસિક તત્ત્વ ઓછું અને લોકકથાનું તત્ત્વ વધુ જોવા મળે છે. આ જાતિમાં જે તે સમાજનું પ્રતિબિંબ પડેલું જોવા મળે છે. વાંઝીયાપણું કેવું છે. તે હરિજન બાઈના પાત્રને મૂકી રાજાનું મુખ ન જોતા પાછા ફરી જવાની વાત મૂકીને સમાજમાં વાંઝિયા સ્ત્રીની પણ આવી જ કપરી દશા થતી તે પ્રતિબિંબ અહીં પાડવામાં આવ્યું છે. આમ તો આ વાર્તા ઘણી લાંબી છે. પરંતુ આ જાતિમાં આ વાર્તાના ઘણા અંશો નષ્ટ થઈ ગયેલા કે અદ્દશ્ય થયેલા દેખાય છે. આ વાર્તા નામાભિધાન વગર જ કહેવાતી જોવા મળી છે.

### ૩. ધાર્મિક દંતકથાઓ

મનુષ્ય જીવનમાં જેમ જેમ જિજ્ઞાસાઓ વધતી ગઈ તેમ-તેમ અનેક સમસ્યાઓના ખુલાસાઓ શોધાતા ગયા. પોતાની શક્તિથી રહસ્યમય જીવનનું નિરાકરણ કરવાની ઈચ્છાઓમાંથી જ કદાચ આપણી કેટલીક ધાર્મિક દંતકથાઓ પણ આવી હશે? કુદરતી બનાવો, ચમત્કારો આદિ રહસ્યો સાથે માનવજીવનને જોડીને જીવનને રસપ્રદ બનાવે છે.

ધોડિયા જાતિમાં ધર્મને કેન્દ્રમાં રાખીને નાની મોટી ઘણી દંતકથાઓ કહેવાતી જોવા મળી છે. જેમાં 'રુમાલી' ની દંતકથા, 'રવાલિયાની દંતકથા' આદિ મોખરે છે. આ બંને દંતકથા પાછળ ઊંડી ધાર્મિક શ્રદ્ધા દેખાય છે. ચીખલી તાલુકાના બાણવાવડ ગામમાં 'રુમાલી' રમાડવામાં આવે છે. જે રૂબરૂ મુલાકાત દરમ્યાન જાણવા મળ્યું છે કે આ કથા પાછળ ધાર્મિક શ્રદ્ધા રહેલી છે. 'રવાલિયા'માં પણ ધાર્મિક શ્રદ્ધાની કથા સમાયેલી છે. જે નૃત્યકથાના ટોપિકમાં વિગતે દર્શાવવામાં આવી છે.

આ ઉપરાંત ધાર્મિક દંતકથાઓમાં 'દેવલી માડી, 'દેવશામરો', 'ગોહમાઈમાડી', 'કાકાબળિયા', જેવી કથાઓ પણ આદિવાસી જાતિઓમાં કહેવાતી જોવા મળી છે. આજે આવાં દેવી-દેવતાનાં સ્થાનકો બનાવી ત્યાં આજે પણ ધાર્મિક શ્રદ્ધાથી પૂજાપાઠ કરાય છે. આવી કેટલીક વાર્તાઓ આજે પણ કહેવાતી મળી છે જે નીચે મુજબ છે.

## ૦ 'ઉનાઈ માતાની દંતકથા'

મનુષ્ય જાતિ જયારથી અસ્તિત્ત્વમાં આવી હશે ત્યારથી પાપ-પુણ્યની માયાજાળમાં પણ ફસાયેલી હશે. જેમ-જેમ જીવનમાં ભય વર્તાતો ગયો તેમ તેમ મનુષ્યની ધાર્મિક અંધશ્રદ્ધાઓ કે ધાર્મિક ભાવો ઉદ્‌ભવતા ગયા અને એમાંથી આપણી લોકકથાઓ વિકસતી ગઈ. આવી લોકકથાઓમાં કેટલીક ધાર્મિક દંતકથાઓ પણ આગવું સ્થાન ધરાવે છે. એવી રામાયણની કથાને ધ્યાનમાં રાખી નાનકડા પ્રસંગને કથાનો વિષય બનાવીને 'ઉનાઈ માતાની દંતકથા' આ જાતિમાં પ્રચલિત બની છે.

કથા આ પ્રમાણે છે. રામ, લક્ષ્મણ અને સીતા વનવાસ જવા માટે નીકળ્યાં છે ત્યારે અધ્યોધ્યાથી નીકળી ચૌદ વર્ષ સુધી જુદાં જુદાં જંગલોમાં વિહરતાં હતાં. એ સમયે 'દંડકારણ્ય' કે જે આજે 'ડાંગનાં જંગલો' તરીકે ઓળખાય છે. એ જંગલોમાં ફરતાં ફરતાં ઉનાઈનાં જંગલોમાં આવી પહોંચે છે. અને ત્યાં રામ, સીતા, લક્ષ્મણ વિશ્રાંતિ માટે રોકાયાં ઘણા સમયના રઝળપાટથી થાકેલી સીતાને ગરમ પાણીથી નાહવાની ઈચ્છા થઈ એટલે સીતાના કહેવાથી રામે બાણ મારીને ગરમ પાણીના ઝરા વિકસાવ્યા અને સીતાજીએ એ પાણીથી સ્નાન કરી 'હું નાઈ' એવું બોલ્યા તેના ઉપરથી તે સ્થળ 'ઉનાઈ' તરીકે ઓળખાયું આ સાથે રામે એ જ જંગલમાં તે જ સ્થળે યજ્ઞ કરવાની ઈચ્છા વ્યક્ત કરી પણ ત્યાં બ્રાહ્મણો ન હતા. પરંતુ ત્યાં વસ્તી આદિવાસીને વિધિપૂર્વક જનોઈ પહેરાવી બ્રાહ્મણો તરીકે સ્થાપીને યજ્ઞ કાર્ય પૂરું કર્યું અને તે બ્રાહ્મણો તે 'અનાવિલ' બ્રાહ્મણો તરીકે ઓળખાયા આવી ધાર્મિક કથા આજે પણ સાંભળવા મળે છે. આજે પણ ધાર્મિક સ્થળ તરીકે અને ગરમ પાણીના કુંડ તરીકે આ વિસ્તાર જાણીતો છે. ત્યાં 'ઉનાઈમાતા'નું સ્થાપન કરી આજે પણ ભકતજનો શ્રદ્ધાથી પૂજાપાઠ કરે છે અને વાર-તહેવારે મેળાઓનું આયોજન કરાય છે. આ ઉપરાંત 'બામણીયો ભૂત અને અઢારપીર' ની દંતકથા પણ આ જાતિમાં પ્રચલિત આ બંને વાર્તાના અંશો. શ્રી મંછારામે પોતાના પુસ્તક 'ધોડિયા જાતિ: બોલી, સાહિત્ય અને સંસ્કૃતિ' માં દર્શાવિલ છે. જેમાં આદિવાસી પ્રજાતિની ધાર્મિક શ્રદ્ધાના ભાવો વણાયેલા જોવા મળે છે.

આજે પણ આ બંને સ્થળે હિંદુ-મુસ્લિમ જાતિઓ શ્રધ્ધાભાવથી માનતા, આદિ માની શ્રધ્ધાભાવથી પૂજાપાઠ કરે છે.

## ૪. પશુ-પંખી વિષયક વાર્તાઓ

સંસ્કૃત સાહિત્યમાં જેમ પંચતંત્ર, હિતોપદેશ, સિંહાસન બત્રીસી, વેતાળ પચીસી જેવી અનેક વાર્તાઓ પ્રચલિત થઈ છે તેમ આદિવાસી જાતિમાં પણ પશુ-પંખી વિષયક અનેક વાર્તાઓ કહેવાતી આવી છે. આવી વાર્તાઓ મોટેભાગે પ્રસંગોચિત બનેલી વાર્તાઓ છે. જો કે એમાં કેટલું સત્ય છે તે કહેવું અતિ મુશ્કેલ છે. છતાં આજે પણ આવી કથાઓ બાળવાર્તાઓ તરીકે કહેવાતી જોવા મળી છે. જેમાં સસલાની, શિયાળની, મગરની, વાઘની, વાંદરાની, હરણની, ઊંટની, પોપટની, ચકલી, તેતર, કાગડો, હોલી, કાબર, કાચબા, બગલો, માછલી, કરચલા આદિને કેન્દ્રમાં રાખીને અનેક પ્રાણી કથાઓ આજે પણ કહેવાતી જોવા મળે છે જેમકે-

### ૦ 'હુહવર અને કોલો' (મગર અને શિયાળ)

એક વખાતા યી બિના આય. એક નય આય તા એક હુહવર રઈ તાય. એક દિ એક કોલા પાણી પીવલાગ નય આવના. હુહવારા ભૂખ લાગનેલી ઉલે કોલા દેખીને હુહવારે તે કોલાયો પાગ ધરી લેધો. કોલા તે હપડાઈ ગુઆ પુણ કાં કરે! ઉલે કોલા આખે કાંરે! હુહવરભાઈ તુંવે તે પાગ ધરું ના બદલે ઉમરાયા મૂળિયા ધરી લેંધા. હુહવારા તે શંકા ઉની એટલે કોલાઓ મૂકી દેધો. કોલો તે જીવ લેને નાઠો પણ કા કરે ઈ તે રોજના ઉના. દૂહરે દિ કોલા તે પાછા ઉમરા ખાવ અને પાણી પીવ આમના. પુણ હુહવારાઓ વારો નાંઈ આમનો દૂહરે દિ હુહવારે તે ઉમરાયો ઢીગ કરી રાયખો ઉલે જહાં કોલા ઉમરા ખાવ જાય કાં હુહવર તરાપ માંડીને ધરી લે પુણ તે દિ પણ અહાં ઉના કી ઢીગ એહરીને કોલા વિચાર આવનો કે ઈ કામ હુહવારાયા જ લાગે એટલે મશ્કરી કધી કાંરે! હુહવરભાઈ ઈંતે સરકારી ઢીગ આખાય અહા આખીને ભૂખ છીપાવી દેધી. પાઠી કોલાતે નાહી ગુવા.

એધે હુહવારા વિચાર આમનો કાં અહા કરતા તે. ઈ કોલા બદે અહા લાગે નાંય એટલે માંજ એણી ભાળ કાઢું દે ને અહાં કરીને જંગાલામાં હુરવાર તે ગુવા પાઠીં કોલાયી જગ્યા હોધી કાયઢી પાઠીં હુહવાર તે તાં લપાઈ ગુવા. કોલાએ આવીને એઈયરા તે કોઈ આમનેલા આહે અહાં લાગે તાંય એટલે રોજની જહાં બૂમ પાયડી તે અંદારથી હુહવાર બોલના એટલે કોલા નાહી ગુવા અને હુહવાર એરતા જ રઈ ગુવા.

પાઠીં તે હુહવારે યુક્તિ કધી કા ગમે તે ભોગે માંણે કોલા તે ખાવાજ આય એટલે એક દિ પાણીની બાર આવીને પડી રનો. કોલા તે પાણી પીવલાગ આવતા પુણ રસ્તામાં અહાં હુહવારા મરેલા જહા પડી રનેલા એરીને નવાઈ લાગની પુણ પાછો વિચાર આમનો કા હુહવાર તે પાણી વગારતે ઉલાબધા નાંઈ જીવે એટલે હુહવારા ગમેતહા કરીને બોલાયવો અને હુહવરના બોલવાથી કોલો તે નાહી છૂટતો. આખરે હુહવારા કોલાએ હરાયવો.

ઉપરોકત વાર્તાના પાઠમાં ‘મગર અને શિયાળ’ની કથા કહેવાયી છે. મગર કરતાં પણ શિયાળ વધારે ચાલાક અને હોશિયાર છે. તેની સાબિતી અંતે પણ શિયાળ મગરના મુખ નથી આવતું તેના ઉપરથી જોઈ શકાય છે. શિયાળની ચાલાકી પોતાનું જીવતદાન બક્ષે છે તે બતાવાયું છે.

આ ઉપરાંત ‘કાબર અને કાગડો’, ‘તેતરની વાર્તા’ ‘લુચ્ચા બગલાની વાર્તા’ શિયાળ અને વાંદરાની વાર્તા આદિ અનેક વાર્તાઓ કહેવાતી જોવા મળી છે. ઉપરોક્ત બધી વાર્તાઓ બોધપ્રધાન વાર્તાઓ છે.

### o ‘કાબર અને કાગડો’

એક હતી કાબર અને એક હતો કાગડો. બંનેએ સહિયારી ખેતી કરવાનું નકકી કર્યુ અને એક દિવસ વરસાદ પડતા કાબરે જુવાર વાવી. ધીમે ધીમે જુવાર મોટી થવા લાગી અને જુવારના કણસલા પણ આવવા લાગ્યા. એટલે કાબરે કાગડાને કહ્યું કાગડાભાઈ, કાગડાભાઈ ખેતરમાં અત્યાર સુધી વાવણી, નીંદણી આદિ તો મેં કર્યું પણ હવે તમે જુવાર

રાખવાને માટે જાવ તો, કાગડો કહે કાબરબેન, કાબરબેન મારી તો તબિયત જ સારી રહેતી નથી. એમ કરોને તમે જ રખેવાળી અને કાપણી પણ કરી લેજો અને જે પાક થાય તેમાંથી તમારી મજૂરીનું કાઢી લેજો. કાબરે તો આ શરત સ્વીકારી લીધી. પછી તો ખેતરમાં જુવારનાં ડૂંડાં લહેરાવા લાગ્યાં. કાબર બાઈ તો ચકલા ઉડાડી જુવારની સાચવણી કરવા લાગી અને જુવાર કાપણી સમય આવતા પાક કાપીને ખળી ભેગો કરી દીધો. ખળીમાં જુવારના મોટા મોટા કોથળા ભરાવા લાગ્યા. કાબર બાઈએ તો બે પ્રકારના કોથળા ભર્યા એકમાં જુવારના દાણા-દાણા ભર્યા અને બીજા કોથળામાં જુવારના 'બરાં' (કણાં) ભર્યા. પછી વહેચણી માટે કાગડા પાસે ગઈ. કાગડો તે ખુશ થતો થતો ખળીમાં આવ્યો અને વહેંચણી કરતા કા...કા... કરતો 'બરાં'ના કોથળા ઉપર જઈને બેસી ગયો કાબરે તો દાણાવાળા કોથળા લઈ લીધાં અને અંતે કાગડાભાઈને ઉદ્દેશીને બોલી 'રળનેલો તહો ખે'.

ઉપરોક્ત વાર્તામાં વગર મહેનતે કેવો ભાગ મળે છે અને મહેનતનું ફળ કેવું મીઠું હોય એ દર્શાવવા કાબર-કાગડાના પાત્રને કેન્દ્રમાં રાખી મહેનત કર્યા વગર કશું મળતું નથી. તે ભાવ સમજાવ્યો છે. આ સાથે આ જાતિનો મુખ્ય વ્યવસાય ખેતી અને વન્ય પ્રકૃતિ સાથે રહ્યો હોવાથી એમની વાર્તાઓમાં પણ એજ સંસ્કાર મૂલ્યતા દેખાય છે. સમાજમાં ચાલતી વિવિધ ભાવ પરંપરાઓને વાર્તારૂપે તાકીને નવા નવા ઉદ્દેશો પાર પાડયા છે. આવી વાર્તાઓ મોટેભાગે એમની લોકબોલીમાં જ કહેવાતી જોવા મળી છે.

## ૫. ઉપદેશક વાર્તાઓ

વાર્તા માત્ર મનોરંજન કે ફુરસદનો સમય પસાર કરવાનું સાધન ન બનતા કયારેક વાર્તાઓ વડે સમાજમાં ઉપદેશ આપવાનું કામ પણ કરે છે. રાજા-રાણી કે પ્રાણી આદિની વાર્તાઓ થકી કેટલાએ ઉપદેશો અપાતા રહ્યા છે જેમકે

### ૦ 'તેતરની વાર્તા

એક ખેતરમાં તેતર અને તેતરની બહેન રહેતાં હતાં. બંનેએ ખેતરમાં તલની ખેતી

કરી, તેતરની બહેન રોજ તલની ખેતી સાચવે પરંતુ તેતર આળસુ એટલે તલ સાચવવા ન જાય. ઘણા દિવસો પછી એક દિવસ તેતર ખેતરે ગયો એણે ખેતરમાં તલ પાકેલાં જોયાં, પણ તલ ઓછા જણાતાં ઘરે આવી બહેન ઉપર ખૂબ ગુસ્સો કર્યો અને બહેનને ખૂબ મારી, અને પાછો ગુસ્સામાંને ગુસ્સામાં ખેતરે જતો રહ્યો. આ વખતે પહેલાં કરતાં વધારે તલ પાકેલા દેખાયા. ભાઈને પોતાની ભૂલ સમજાય અને પાછો ઘરે આવ્યો. ઘરે આવીને જોયું તો બહેન સૂતી હતી. તેતરને લાગ્યું કે બહેન સૂતી છે તેથી બોલવા લાગ્યો ઊઠ...બેન...તલ... તેટલાંજ.' એકવાર બેવાર આમ ઘણીવાર બોલ્યો પણ બહેન જાગી નહીં કારણ કે બહેન મૃત્યુ પામી હતી. તે દિવસથી આજને ઘડી તેતર એવું જ રટણ રટ્યા કરે છે. ઊઠ... બેન...

આ વાર્તા વડે પંખીઓમાં પણ માનવીય ગુણો મૂકીને જાણ્યા વગર નિર્દોષ ઉપર ખોટો આળ લગાવવાથી કેવું પરિણામ આવે, વગર વિચાર્યે ખોટું પરિણામ આવે તે ઉપદેશ આપવામાં આવ્યો છે. આજ પ્રકારની 'ઊંટ અને શિયાળ', ડોશી અને ગોવાળિયાની વાર્તા, 'ઘરડા વીણ ગાંડાં નાંઈ વળે' જેવી વાર્તાઓમાં લોકોને આડકતરી રીતે ઉપદેશ આપવામાં આવ્યો છે જે નીચેની વાર્તા ઉપરથી જોઈએ.

''આપણી જાતિમાં જયારે લગ્ન કરે ત્યારે બધા વડીલો અને જુવાનો જાય. પરંતુ એકવાર જુવાનીયાઓને મગરૂબી થઈ અને વડીલોને ન લઈ જવાનું નકકી કર્યું અને કહ્યું કે આપણે ત્યાં ડોસા-ડોસી કોઈ ન જોઈએ. લગ્નનો દિવસ આવી ગયો. વડીલ તૈયાર થઈ લગ્નમાં જવા નીકળ્યો તો દીકરો પૂછે- 'બાહા (પિતાજી) કાં જામનો'? તો પિતાજી કહે બાઈને ત્યાં અને ડોસો લગ્નમાં ગયો.

બીજી તરફ લગ્નની બધી તૈયારી કરી જુવાનીયાઓ પણ પહોંચી ગયા. વેવાઈ પક્ષ તરફથી શરત મૂકવામાં આવી કે- 'આ કૂવામાં ખૂબ પાણી છે. પરંતુ તમે કૂવો ઘીથી ભરી દો તો છોકરો પરણાવું.' જુવાનીયા તો આ સાંભળીને ગણતરી કરવા લાગ્યા. કૂવાનું માપ, ઘનફળ, ક્ષેત્રફળ આદિ કાઢી પછી વિચાર્યું કે આટલું બધું ઘી લાવવું કયાંથી? આપણી પાસે

તો ગાય-ભેંસ પણ નથી એક ચમચી ઘી ઘરમાં નથી તો શું કરવું? એટલામાં ઘરના ખૂણે બેઠેલો પેલો ડોસો આગળ આવી બોલ્યો- 'શું વેવાઈ કેટલીવાર લગન કયારે થાય, શું વાંધો છે? વેવાઈ બોલ્યો વાર તે કાંઈ નથી પણ શરત પૂરી કરતા 'તડને ફડ' વેવા કરી દઉં. ત્યાં યુવાન છોકરો પેલા ડોસાને કહે 'બાહા' (પિતાજી) તમે તો બેનના ઘરે જવાના હતા ને અહીં કયાંથી? ડોસો કહે તમને મુશ્કેલી ન પડે એટલા માટે આવ્યો છું અને તરત જ વેવાઈની વાત માન્ય રાખી ઘીથી કૂવો ભરવાની શરત સ્વીકારી અને કહ્યું કે એક નહીં કેટલા કૂવા ભરવાના છે. પરંતુ મારી પણ એક શરત કે પાણીવાળો કૂવો ખાલી કરી આપવાનો અને એકપણ ટીપું પાણી ન રહેવું જોઈએ. આવું સાંભળીને સામે પક્ષવાળો વેવાઈ બોલ્યો- 'ચાલો કૂવો ઘીથી ભરાઈ ગયો' અને લગ્ન કરવા તૈયાર થઈ ગયો. આમ 'ઘરડા વીણ ગાડાં ન વળે' એ કહેવત સાચી ઠેરવી.''

ઉપરોક્ત વાર્તાઓ વડે સમાજના લોકો સામે ઘણા બધા ઉદ્દેશો મૂકયા છે. લોકોમાં રહેલી વિવિધ શક્તિઓ જેવી કે હાજર જવાબીપણું, નીડરતા, બહાદુરી, શક્તિ કે પૈસાથી નહીં પણ બુદ્ધિપૂર્વકનું બળ વાપરીને ગમે તેવા પ્રસંગો પાર પાડી શકાય એ ઉપદેશ આ વાર્તામાંથી મળી રહે છે. આવી તે કઈ કેટલી વાર્તાઓ આલેખીને સમાજને મૂંગા ઉપદેશો આપવાની કલા આદિવાસીઓમાં પણ રહેલી છે. જેના ઉત્તમ નમૂનાઓ આવી જુદી જુદી વાર્તાઓમાંથી મળી રહે છે.

## ૬. બાળવાર્તાઓ

બાળવાર્તાઓમાં મોટેભાગે પ્રાણી કથાઓ વધારે પ્રચલિત બનેલી જોવા મળી. આ ઉપરાંત કથામાં ચમત્કાર બતાવતી કથા પણ બાળકોને વધુ મોહક બનાવે છે. જેમાં 'ઊંટ અને શિયાળ', બિકાણ હહલી, ખાટી દરાખ, મગર અને વાંદરા, ફુલાણજી કાગડો, સિંહ અને હહલો' જેવી શિષ્ટ વાર્તાઓ એમની લોકબોલીમાં કહેવાતી જોવા મળી છે. આ સિવાય વડીલો પાસેથી એમના સમયમાં કહેવાતી કેટલીક વાર્તાઓ મળી છે. જેમાં 'કોલો ને

તીતાર', 'રાણીયો ડોહો', તથા 'ટચૂકભાઈની વારતા' તેમજ 'ડોહોને કુરવીલો' જેવી અનેક બાળવાર્તાઓ પ્રચલિત બની છે જેમકે- 'ડોહોને કુરવીલો'

એક હતો ડોસો. ડોસાને સાત છોકરી હતી. પહેલાના જમાનામાં જેને બધી છોકરી હોય તેની સૌથી નાની છોકરી માટે ઘરજમાઈ (ખંધાડિયો) લાવવાનો રિવાજ હતો. એટલે ડોસાએ પણ સૌથી નાની છોકરી માટે ઘરજમાઈ લાવવાની વાત કરી ત્યારે ડોસાની દીકરીએ કુરવીલા (કરચલા) સાથે લગ્ન કરવાની હિંમત બતાવી પછી તો ડોસાએ કરચલા સાથે છોકરીના લગ્ન કરી કરચલાને ઘરજમાઈ તરીકે રાખ્યો. કરચલો પણ ખૂબ ખુશ એટલે ઘરજમાઈ તરીકે સારી રીતે ડોસાના કુટુંબમાં રહેવા લાગ્યો.

ધીમેધીમે કુટુંબમાં કરચલાનું સ્થાન શ્રેષ્ઠ થઈ ગયું. કરચલો તો બધાં જ ઘરકામ કરી અને પત્નીને ખુશ રાખે. એકવાર એવું બન્યું કે કરચલો જંગલમાં લાકડા લેવા માટે ગયો હતો તે પાછો ફર્યો એટલે થાકેલા કરચલાનો થાક ઉતારવા માટે પત્નીએ (છોકરીએ) સ્નાન કરવા માટે પાણી કાઢ્યું અને થાકેલા 'કુરવીલા' પર પાણી રેડતાં કરચલાનું ઉપલું પડ નીકળી ગયું અને કરચલામાંથી એક સુંદર ગોરો છોકરો થઈ ગયો. પછી તો દીકરી અને યુવાન છોકરો સુખેથી ડોસા સાથે રહેવા લાગ્યા.

ઉપરોક્ત વાર્તા શ્રી મંછારામ પટેલે એમના પુસ્તકમાં ટાંકી છે. જેનો વિશદ ઉલ્લેખ કર્યો છે. આ વાર્તામાં ચમત્કાર બતાવીને બાળકોમાં વાર્તા રસ રેડવાની કોશિષ દાદ માંગી લે તેવી છે.

તો 'સસલા કે કાચબા' ની હરીફાઈને મળતી આવતી નાનકડી વાર્તા પણ બાળકમાં વાર્તા રસ પ્રગટાવે છે. 'દેવ અને શિયાળ' (પવાન અને કોલો)

'એકવાર પવનદેવ અને શિયાળની વચ્ચે કોણ વધારે શક્તિશાળી તેની હરીફાઈ થઈ. શિયાળ દેવને કહે હું તને પાછો પાડી દઉ તો પવનદેવ શિયાળને કહે કે હું તારા કરતાં વધારે શક્તિશાળી હું તને હંફાવી દઉં. બંને વચ્ચે કોનો અવાજ પહેલો ડુંગર ઉપર પહોંચે તેની શરત લાગી.

પછી તો પવન જેટલી શક્તિ હતી એટલી શક્તિથી દોડવા લાગ્યો જ્યારે શિયાળે તો હુકી.. હુકી ની લાળી કરી અને આ લાળી સાંભળીને દૂર ડુંગર ઉપર રહેતા શિયાળોએ હુકી..હુકી ની લાળી કરી શિયાળનો અવાજ પવનદેવ કરતા પહેલો ડુંગર પર પહોંચી ગયો અને શિયાળે પવનદેવને હરાવ્યો. આવી ચમત્કારિક વાર્તાના અંશો સાંભળી બાળકો હર્ષભેર નાચી ઊઠતા જોવા મળ્યાં છે.

આમ, નાની મોટી અનેક બાળવાર્તા વડે બાળકોના મનોરંજન સાથે સાથે આ જાતિની કેટલીક સામાજિક સંસ્કારિતા પણ જળવાયેલી જોવા મળે છે. એમની વાર્તાઓમાંથી જે તે સમાજનું પ્રતિબિંબ પ્રગટ થતું જોવા મળે છે. આજ તો લોકવાર્તાનું આગવું લક્ષણ છે.

આ ઉપરાંત આજના શિક્ષણપ્રધાન સમયમાં અવનવાં માધ્યમોને કારણે શિષ્ટવાર્તાઓનો પણ વિકાસ થયો છે. ગિજુભાઇ બધેકાની બાળવાર્તાઓ પણ સમાજમાં આજનાં બાળકો પાસેથી સાંભળવા મળી છે. તો સાથે સાથે હાસ્યપ્રધાન વાર્તાઓ પણ કહેવાતી જોવા મળી છે. જેમાં ખૂબ પ્રખ્યાત એવી 'રાજા અને પાળેલો વાંદરો'માં વાંદરાની રાજાપ્રત્યેની સેવકશાહી વધારી પ્રખ્યાત બની છે. ત્યારબાદ ચકલા-ચકલીની અને 'સાતભાઈની એકબેન' વાળી વાર્તાઓ બાળકો માટે વધારે રસપ્રદ રહી છે. 'સોનબાઈ'ની ભાભીઓ વગર સાધને કામ કરવા મોકલે અને સોનબાઈને કોઈ ચમત્કાર વડે કાર્ય પૂરું કરી આપે જે ચમત્કારનો ભાવ બાળકને વધુ આકર્ષે છે. વગરદોરડે પાણી ભરવું, વગર ખાંડણીયે ભાત ખાંડવું' વગર કુહાડીએ લાકડા કરવાં આવા ચમત્કારો બાળકને વધારે પ્રલોભન આપે છે. 'સોનપરી' કે 'ખુલજા સીમ સીમ' જેવી બાળરસની વાર્તાઓ પણ ધ્યાનકર્ષક રહી છે.

### ૭. કોયડાપ્રધાન

જીવનમાં ઘણા એવા પ્રસંગો બનતા હોય છે. જે પાર પાડવા મુશ્કેલ બને છે. ત્યારે કોયડા રૂપ ભાવો વડે એ મુશ્કેલી પાર પાડી શકાય છે. દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ ભૂતકાળમાં દારૂ-તાડીના વ્યસને ચઢી જતા ગરીબીમાં સપડાતા એમાંથી નીકળવા ઘણીવાર

પોતાનું સર્વસ્વ શાહુકારની લેણદેણમાં ધીરી દેતા તેવા વખતે શાહુકારો લેણું વસુલ કરવા આવતા આવી મુશ્કેલી વખતે આદિવાસીઓ એમાંથી બચવા માટે કેટલીક યુક્તિઓ ગોઠવી કોયડા ઊભા કરી દેતાં અને એ કોયડો ન સમજાતા તેનો સાચો જવાબ આપવા બદલ દેણું માફ કરવાનું કબૂલવામાં આવતું તેવીજ એક કોયડા પ્રધાનવાર્તા શ્રી મંછારામ પટેલે એમના પુસ્તકમાં નોંધી છે જે નીચે મુજબ છે.

'એક શાહુકાર પોતાના નીકળતા પૈસા લેવા જાય છે ત્યારે છોકરી શાહુકારને કહે છે કે મારાં માતા-પિતા અને ભાઈ-બહેન તો સૌ સૌના કામે ગયા છે તે આવશે ત્યારે આપશે તો શાહુકાર પૂછે છે કે કયાં ગયા છે તો છોકરી કહે- 'પિતાજી આવશે ત્યારે નઈ આવશે ને ન આવે ત્યારે આવશે' એટલે ટૂંકમાં નદીમાં રેલ આવે તો ન આવશે અને રેલ ન આવે તો આવશે. માતા તો 'એકનું બે કરવા ગઈ' છે. એટલે પ્રસુતિ કરાવવા ગઈ છે. ભાઈ તો 'મેઘનું પાણી બંધ કરવા ગયો' એટલે છાપરું છાવવા માટે ગયો છે પછી શાહુકાર છોકરીને પૂછે છે કે તું શું કરે તો કહે છે કે- 'હું એકને ચપટી સો જણાને પારખું છું' એટલે કે હું ચોખા ચડી ગયા કે નહીં તે જોવા જઉં છું જેવા કોયડાપ્રધાન કથા વડે શાહુકારને મુશ્કેલીમાં મૂકી દે છે ત્યારે શાહુકાર છોકરી પાસેથી કોયડો ઉકેલીને પોતાની પાસેથી લીધેલું લેણું માફ કરી દે છે. આ પ્રકારની વાર્તાઓ એમના જ અનુભવના ભાથામાંથી ઉપજે છે અને એમ જીવનના કોયડાને ઉકેલે છે.

તો બીજી એક રૂબરૂ મુલાકાત દરમ્યાન જાણવા મળેલી કથા ઉપરથી એમ પણ કહી શકાય કે જે વકીલ જેવો વકીલ કોયડો ઉકેલી શકતો નથી. તેવા કુટુંબીક કોયડાને આદિવાસીના લોકો બુદ્ધિ ચાલાકીથી ઉકેલી શકે છે. જે નીચેની વાર્તામાં દેખાય છે.

''એક ગામ હતું તેમાં એક પટેલ કુટુંબ રહેતું હતું. કુટંબનો વડીલ ઉંમરલાયક થતા પોતાના દીકરાને સરખે ભાગે પોતાની મિલ્કત વહેંચી આપવાનું નક્કી કર્યું. બધા ગામ લોકો ભેગા મળી આ વાતનો નિવડો કરવા બેઠા ત્યારે ડોસાના દીકરાઓએ નક્કી કરી કહ્યું કે

પિતાનો ભાગ ન પાડવો. પિતાજી કહે કે હું જીવતો છું ત્યાં સુધી મારો પણ તમારા જેટલો જ આ જમીનમાં હક્ક છે. પરંતુ પંચાયત સામે આ વાતનો ફેંસલો થયો નહીં. ત્યારે વાત વકીલ સુધી પહોંચી, વકીલ પણ એનો નીવડો ન લાવી શકયો ત્યારે એક આદિવાસી વડીલે પંચાયત બોલાવી આ વાતનો ફેંસલો કરવાનું નક્કી કર્યું. અને બધાની વચ્ચે જ પેલા દીકરાઓને પૂછયું - પિતાજીનો ભાગ પાડવો કે નહીં તો દીકરાઓએ ના પાડી એટલે વડીલે કહ્યું ચાલો ભાગ ન પાડો તો કાંઈ વાંધો નહીં પણ તમારા નામ પાછળ જે પિતાજીનું નામ લખવામાં આવ્યું છે તે નામનો ઉપયોગ તમારે આજથી જ ન કરવો તો બધા છોકરા બોલી ઉઠ્યા - ''અહાં તે નાંય ચાલે બાહાયા નામ વગર નાંય ચાલે.'' તો વડીલે કોયડો ઉકેલી આપ્યો. આવી તો ઘણીખરી વાર્તાઓમાં અવનવા કોયડા ઉકેલાતા જાણવા મળે છે. કેટલીક તો કહેવતોના ભાવરૂપે પણ વાર્તાઓ કહેવાતી જોવા મળી છે. જેવી કે 'સંઘર્યો સાપ પણ કામ લાગે', 'વેઠિયા વાડ કરી તે તો કરીને પવન આવેને ઊડી જાય તેવી', 'રાજા વાજાને વાંદરા અક્કલના આંધળા' જેવી વાર્તાઓ પણ એમની લોકબોલીમાં કહેવાતી જોવા મળી છે.

## ૮. ઉત્પત્તિ અંગેની કથા :

દક્ષિણ ગુજરાતની ધોડિયા જાતિની ઉત્પત્તિ કેવી રીતે થઇ છે. એ માટેની વિવિધ લોકવાયકાઓ કે કથાઓ કહેવાતી જોવા મળી છે. જેમાં 'ઢોરિયા જાતિનો ઈતિહાસ-ધનારૂપા' એ પુસ્તક આધારે આ જાતિ યાદવાસ્થળીમાંથી સ્થળાંતર થયેલી વિવિધ ટોળીમાંની એક ટોળી જંગલમાં થઈને ગોંડલની ગોંડળી નદી ઉપર થોડા દિવસ રહ્યા પછી આગળ ચાલતા દળવા, ભાડલીના ભારે જંગલોમાં આવી પહોંચ્યા પરંતુ અહીં પણ એમને જંગલી વાઘ, વરૂઓથી હેરાન પરેશાની થતા ભીમદાંદ, બળવળ અને તગડી થઇ ધંધુકામાં આવીને વસ્યા. ત્યાં થોડા દિવસ રહ્યા પછી ખંભાત થઇ વડોદરા, રાજપીપળા, સોનગઢ થઇ ધરમપુરના રાજપુર ગામમાં તાન અને માન એ બે નદીના કિનારે આવીને વસ્યા હોવાનું માનવામાં આવે છે. ત્યાં આવી ત્યાંની નાયકા જાતિ સાથે વસીને એક અન્ય સંસ્કૃતિ ઊભી થઇ એ જ ધોડિયા સંસ્કૃતિ તરીકે માનવામાં આવે છે.

'ધોડિયા જાતિ સમાજ, દંતકથા અને લોકવાયકા આધારિત' નામના પુસ્તકમાં શ્રી જમસુભાઈ દાંડુળિયા એ ઉત્પત્તિ અંગેની એક કથા વર્ણવી છે. જેમકે - ઈ.સ. ૧૯૬૮ ની રેલરાહત વખતે શ્રી બૃ. મુંબઈ ધોડિયા સમાજ મંડળ તરફથી સરૈયા અને જોગવાડ ગામની મુલાકાત લીધી હતી. તે વખતે ત્યાંના વડીલો પાસેથી જાણવા મળેલી દંતકથા મુજબ ભીમદેવ સોલંકીના શાસન વખતે મહમદ ગઝનવીએ અણહિલપુર પાટણ ઉપર કરેલી ચઢાઈ, સોમનાથ મંદિરનો ધ્વંસ કર્યો. ત્યાર પછી ભીમદેવ સોલંકીએ એક માન્યતા મુજબ ગોધરા, પંચમહાલ ડાંગના માર્ગે મુંબઈના ટાપુ પર આશરો લીધો અને માહિમનો પ્રદેશ જીતી નાની રાજધાની સ્થાપી હતી. આ ઘટનાને સાંકળી ધના-રૂપા નામના બે રાજપૂતો માર્ગમાં વેશ પલટો કરી ગઝનવીના લશ્કરથી બચવા માટે દક્ષિણ ગુજરાતના હાલના જોગવાડ, અનાવલના ગામડામાં છુપાયા હશે ? અને એમાંથી આ જાતિ ઉત્પન્ન થઈ હશે ? એ સમયમાં જોગવાડ ગામના સિમાડે પીપળાના થડમાં ધના-રૂપાની પ્રતિમા (ખતરાં) બેસાડવામાં આવતા હતા. જો કે આજે એનું અસ્તિત્વ નથી પરંતુ તે વખતે ભીમદેવ રાજા, એમના માટે ચાહનીય હતો અને તે 'ભરમદેવ' તરીકે પૂજાતો રહ્યો છે. આવી અનેક વાર્તાઓ એમની જાતિ સાથે જોડાયેલી છે. પરંતુ તે કેટલી સાચી છે તે કહેવું મુશ્કેલ છે.

## (૯) ભૂતપ્રેત - કામણ ટૂંમણની વાર્તા :

ભૂતપ્રેત, ડાકણ-છાકણમાં માનનારી આ જાતિ પાસેથી એમની કેટલીક વાર્તાઓમાં આવી ભૂતપ્રેતની કલ્પનાઓ પણ જોડાયેલી જોવા મળી છે. અદ્ભૂત કે ચમત્કારને આલેખી લોકોમાં રમૂજ ઊભી કરવાની એમની આગવી કલાકૌશલતા રહી છે. દાદા-દાદી કે વડીલોના મુખે આવી અનેક વાર્તાઓ કહેવાતી જોવા મળી છે. જે નીચે મુજબ છે.

### ૧. 'સાત ભાયાયી એક બણી'

એક ગામ હતું ત્યાં સાત ભાઈ અને એક બહેન રહેતા હતા. સાતેય ભાઈને બહેન પ્રત્યે ખૂબ પ્રેમ એટલે બહેનને ખૂબ પ્રેમથી સાચવે, એકવાર એવું બન્યું કે સાતેય ભાઈને

રાનામાં જવાનો સમય આવ્યો એટલે સાતેય પત્નીઓને શિખામણ આપી છે કે અમારી ગેરહાજરીમાં બેનને કોઇ પણ દુઃખ ન પડવું જોઇએ અને બહેન માટે રમવા માટે એક સુંદર લાકડાનો ઘોડો બનાવ્યો હતો અને પત્નીઓની દેખરેખ હેઠળ લાડકી બહેનને મૂકી સાતેય ભાઇ રાનામાં ચાલ્યા ગયા. આ તરફ સાતેય ભાભી ભાઇઓના જતાં નણંદને દુઃખ દેવા લાગ્યાં. વહેલી સવારે ઊઠાડી વગર ખાંડણિયે ભાત ખંડાવે, વગર દોરડે પાણી ભરાવે, વગર સાબુએ કપડાં ધોવડાવે અને વગર કુહાડીએ લાકડાં લેવા મોકલે છે. પરંતુ દરેક કામમાં બહેનને કોઇને કોઇ મદદ કરે છે. અને બહેન  પોતાના દિવસો પસાર કરે છે. પરંતુ આવું અસહ્ય દુઃખ સહન ન થતાં બહેન જંગલમાં ચાલી જાય છે અને પોતાનો લાકડાનો ઘોડો જંગલમાં મૂકી આવે છે. થોડાં દિવસ પછી પેલા ભાઇઓએ આ ઘોડો જુએ છે. તેથી સમજી જાય છે કે અમારી બહેન દુઃખી છે. એટલે રાનામાંથી પાછાં આવે છે અને સાતેય પત્નીને કાઢી મૂકે છે. પરંતુ દયાળું બહેન આવું આકરું દુઃખ ભાભીઓનું જોઇ શકતી નથી અને અંતે બધી જ ભાભીઓને પરત બોલાવે છે અને સુખેથી જીવન વિતાવે છે. આ વાર્તામાં ભૂતપ્રેત નથી પરંતુ ચમત્કારને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આ પ્રકારની બીજી એક વાર્તા ભૂતપ્રેતની વાત જાણાય છે. જેવી કે -

સાતભાઇની એક બેન હતી તેને દૂર પરણાવી હતી. એકવાર એવું બન્યું કે ભાઇનો બળદ ખોવાઇ ગયો એટલે એક ભાઇએ માનતા માની કે મારો બળદ પાછો મળી જાય તો બેનનો ભોગ ચઢાવું. થોડા દિવસ પછી બળદ મળી ગયો. એટલે ભાઇએ તો માનતા અનુસાર બેનનો ભોગ આપવા બેનના સાસરે બેનને લેવા ગયો અને બેનને લઇ આવીને રસ્તે આવતા મંદિરમાં માનેલી માનતા અનુસાર બેનનો ભોગ ધરાવી દીધો. (બેનને તલવારથી કાપી લોહીના ટીંપા દેવને ચઢાવી દીધાં) આ તરફ બેનનો આત્મા ભૂત-પ્રેત બનીને મંદિરના ઘુંમટમાં વાંસ તરીકે પ્રગટ્યો. વાંસમાં પ્રવેશેલાં આત્મા એ ત્યાંથી પસાર થતાં સાધુબાવાને વાંસમાંથી એક વાંસળી કાપવાની સલાહ આપી અને સાધુએ તેની વાંસળી બનાવી. આ તરફ સાતભાઇમાં નાના ભાઇની સંમત્તિ ન હતી. બહેનનો ભોગ આપવાની એટલે નાનાભાઇ ખાતર પેલી બહેન પ્રેતરૂપે વાંસમાં પ્રવેશી હતી.

સાધુ તો વાંસળી વગાડતો વગાડતો ભાઈઓના ગામમાં આવે છે અને ભીખ માંગે છે. પેલી વાંસળી અંદરથી બોલે છે. છ ભાઈના ઘરે સાધુને ભીખ લેવા દેતી નથી અને છેલ્લા ધર્મી ભાઈના ઘરેથી ભીખ લેવા દે છે. છેલ્લા ભાઈને વાંસળીમાં રહેલા બહેનના આત્માના દર્શન થયા. આમ ભૂત-પ્રેતમાં માનનારી આ જાતિ બહેનના આત્માને (પ્રેતને) વાંસમાં પ્રવેશ આપે છે. આ પણ ચમત્કારિક જેવી જ વાર્તા છે.

બીજી એક વાર્તામાં ભૂતની વાત કરવામાં આવી છે. એમની જ લોકબોલીમાં આ વાર્તા કહેવાઈ છે.

‘‘આપણી જ ભાયસામાં આખે તે એક ડોહાડીને એક માટીડો આય, ડોહાડી જાણે ‘તીરુ’ ખોડે તાંય ઉલે માટીડો હળ જોતરીને કાદવ પાડે તાંય. કાદવ પાડી માટડીનો ઘર જાય ઉલે ડોહાડી તીરુ ખોદીને પેલા કેંડામાં રોપે તાંય, કેંડામાં ડોહાડી રોપે તિયાર પાળ પાર બઠેલો ભૂત આખે

‘‘આયતી આયતી કુંભડી એ રોપ માણી બાઈ,

પાળ ઉપાર બેઠો ગોપાળભાઈ,’’

અહાં આયકી ને ડોહાડી તે બીધી ઉલે રોપુના લાખીને ઘર નાંહી ગોઈ. ઉલે માટીડો પૂછે કજે ઉલી વેલી આવી રની. તે ડોહાડી આખે કેંડાએ પાળીએ તે ભૂત રઈ તાહે. તે માટીડો આખે માં દેખાડ કહોક ભૂત આય મેં ભી તે એરે, ડોહાડી તે કેરે લેઈ ગોઈ પુણ ભૂત દેખાયનો નાંય ઉલે માટીડો આખે કેધે આંતે નાંય મીલે, તે ડોહાડી આખે તો તે રોપે તિયાર જ બોલે તાંય, ઉલે માટીડો તે હંતાઈ રનો પાઠીં પેલી ડોહાડી રોપુ લાગીની ઉલે ભૂત પાછો બોલનો-

‘‘આયતી આયતી કુંભડીએ રોપ માણી બાઈ,

પાળ ઉપાર બઠો ગોપાળભાઈ.’’

એધે મોટીડો તે ડાંગ લેને બડવું હારું ધહનો તે ભૂત આખે-

'' મેં તે જાયણી કાલવાળી બાઈ,

ઓ તે દેહું ડાંગવાળો ભાઈ.''

અહાં આખીને ભૂત તે બો નાઠો.'' (રૂબરૂ મુલાકાતમાંથી)

ઉપરોક્ત વાર્તામાં ભૂત હોવાનો પુરાવો બનાવવામાં આવ્યો છે. પરંતુ એકંદરે આવી વાર્તાઓ લોકોના મનોરંજન માટે કરવામાં આવે છે. હકીકતમાં ભૂત એવું હોતું નથી.

આમ લોકવાર્તાની દૃષ્ટિએ જોઈએ તો એમની જ લોકબોલીમાં કહેવાતી, વ્યવહારિક, સામાજિક કે ચમત્કારિક ભાવોને આલેખતી વાર્તાઓ મનોરંજનનો અદ્‌ભૂત ખજાનો પૂરો પાડે છે. આ ઉપરાંત શિષ્ટ બોલીના સંપર્કને કારણે તેમજ ઉચ્ચ શિક્ષણ મૂલ્યોને કારણે આજે શ્રી અરવિંદભાઈ પટેલ જેવા વાર્તાકાર પાસેથી આદિજાતિને સાંકળતી વાર્તાશૈલીની ઘણી શ્રેષ્ઠ વાર્તાઓ પણ લખાયેલી જોવા મળી છે. આ જાતિનું લોકવાર્તા સાહિત્ય અન્ય લોકવાર્તા જેટલું માતબર નથી. છતાં આજે પણ મનોરંજન મેળવી શકાય એવું વાર્તાસાહિત્ય સચવાઈને પડેલું જોવા મળે છે.

## ૪.૪ લોકોકિતની વિભાવના

લોકવાઙ્મય કોઈપણ સમાજના કોઈપણ એકમ કે પેટા એકમના જીવનને ઘડનારું એક બળ છે, તે સાથે એના કૌટુંબિક અને સામાજિક જીવનને આકાર આપવાનું અને વ્યવસ્થિત રીતે ગોઠવવાનું જીવન સંલગ્ન સાધન પણ છે. આથી લોકવાઙ્મય સ્વરૂપે, પ્રકારે, વર્ગે અને પ્રવર્તને વૈવિધ્યસભર છે. એના અભ્યાસની સગવડતા ખાતર જ્ઞાન, સાધનસામગ્રી, મનોરંજન અને સુખસગવડ એમ ચતુર્વિધ બનતી લોકવાઙ્મયને સંસ્કમાણના માધ્યમે, કે અલગ અલગ પ્રકારમાં વહેંચી આપવામાં આવ્યું છે. લોકવાઙ્મય લોકજીવનને વણી લેતા તાણાવાણાની માફક ઉપયોગી બને છે. અને આમાંથી જ એક સમૂહની, સામાજિક એકમની પોતાની આગવી ઓળખ સાથે સામૂહિક ઓળખ ઊભી થઈ છે.

લોકવાઙ્મયમાં સમાન જાતિ, જ્ઞાતિ, સામાજિક, આર્થિક પરિસ્થિતિ અને સ્તર, ધર્મ, વય, લિંગ, વ્યવસાય ઈત્યાદિને આધારે જ એક સમાન કહી શકાય તેવા લોકોના સમૂહનો એકમ બન્યો, અને એમાંથી આગવી લોકવિદ્યાઓ ઉદ્ભવી આ વિદ્યાઓને આધારે જ આજનો આપણો આધુનિક સમાજ ટકી રહ્યો છે. એના પાયામાં આ પ્રકારનું લોકવાઙ્મય સચવાયેલું પડ્યું છે. આવા લોકવાઙ્મયનાં વિભાગીકરણો કરીને એની વિશાળતાનો સુપેરે પરિચય મળી રહે છે.

લોકવાઙ્મયનાં વર્ગીકરણો વિવિધ વિદ્વાનોના મતે થયેલાં છે. આ વર્ગીકરણોમાં ‘લોકોકિત’ પણ પોતાનું આગવું સ્થાન ધરાવે છે. શ્રી જશવંત શેખડીવાળા પણ લોકવાઙ્મયના સ્વરૂપગત વર્ગીકરણ અંગે ચાર મુખ્ય પ્રકારોમાં વહેંચે છે. લોકસાહિત્ય લોકોકિત, લોકકવિતા, લોકવાર્તા અને લોકનાટ્ય આ ચાર બાબતોને કેન્દ્રમાં રાખી તેમણે લોકોકિતમાં (સ્વતંત્ર દુહા અને સોરઠા, ભડલીવાકયો, રૂઢિપ્રયોગો, લૌકિકવ્યુત્પત્તિ, મહેણાં ટોણાં તથા કહેવતો) આદિને લોકોકિતમાં ગણાવે છે. આ ઉપરોકત વર્ગીકરણને ધ્યાનમાં રાખી લોકોકિતની સાથે સાથે કહેવત અને રૂઢિપ્રયોગ જેવા પેટાપ્રકારોને અહીં ઉલ્લેખવાનો મારો આશય છે.

### ૪.૪.૧ ધોડિયા જાતિમાં મળતી લોકોકિત

આગળ આપણે જોઈ ગયા તેમ લોકોકિત એ લોકવાઙ્મયનો મહત્ત્વનો વિભાગ છે. અહીં ‘લોકોકિત’ શબ્દની વ્યુત્પત્તિ જોતાં ‘લોકોની ઉક્તિ’ એવો અર્થ કરી શકાય છે. ‘લોકોની ઉક્તિ’ એટલે ‘સમાજનું કથન’ આ લોકોકિત એ સમાજનું અમૂલ્ય અને અલિખિત સાહિત્ય છે. એના રચનાકાર- રચનાસમય બંને ગોપનીય છે. સૌ પ્રથમ લોકોકિત કઈ હશે? કેવી હશે? કોણે ઉચ્ચારી હશે? એવા પ્રશ્નો આજે પણ અધ્યાહાર છે અને રહેશે. કારણ કે લોકસાહિત્ય એટલે લોકોનું લોકો વડે કહેવાતું ઓરલ સાહિત્ય છે. એટલે એના મૂળ સુધી પહોંચવું મુશ્કેલ નહીં પણ અતિકઠીન પણ છે.

લોકોકિતની બાબતમાં પણ કાંઈક અંશે આવું જ કહી શકાય. એના મૂળિયા કયાં

સુધી વિસ્તરેલાં છે એનો વિગતે પરિચય મેળવવો મુશ્કેલ છે. છતાં અભ્યાસની સરળતા ખાતર અભ્યાસીઓ ઊંડા સંશોધનો કરી રહ્યાં છે. આજે લોકવિદ્યારૂપી વિશાળ વૃક્ષની એક શાખા તરીકે લોકવાઙ્મય અને લોકવાઙ્મયની પ્રશાખા તરીકે લોકોકિત-કહેવતોનો અભ્યાસ કરાય છે.

લોકોકિત એટલે શું? એનો સીધો સાદો અર્થ ‘લોકો દ્વારા બોલાતી પંક્તિ’ જેવો કરી શકાય. લોકોકિત હંમેશાં લોકબોલીમાં જ વધારે ખીલી ઊઠે છે. લોકબોલીને વિશેષ ચોટદાર અને ધારદાર બનાવવા માટે આવી ઉક્તિઓ ઉચ્ચારવામાં આવતી. દરેક માનવીને એક એવી ઈચ્છા હોય કે તે જે કશું બોલે છે. તે કોઈ સાંભળે અને તેને સમજે. ખાલી સમજીને કામ પતી જતું નથી. પણ માનવી કોઈની સામે ગણનાપાત્ર બને એવી પણ ઊંડી-ઊંડી મહેચ્છાઓ સેવતો હોય છે. તેથી પોતાની લોકબોલીને આવી લોકોકિતરૂપી ઢાળ ચઢાવે છે અને ઉક્તિને ભારપૂર્વક રજૂ કરી અન્યને પોતાના તરફ આકર્ષતો જોવા મળે છે. લોકબોલીમાં વારંવાર કહેવતો રૂઢિપ્રયોગો અને ઉખાણાંનો ઉપયોગ થાય છે.

### ૪.૪.૨ કહેવતો : સ્વરૂપગત વિભાવના

મનુષ્ય એક એવું પ્રાણી છે કે કુદરતે મઢેલ સૌંદર્યને પણ વધારે સૌંદર્યવાળી બનાવીને ઉપયોગમાં લે છે. હોય એના કરતાં વધારે સારું કેવી રીતે બનાવી શકાય એ જ પ્રયત્નમાં રહે છે. મનુષ્ય પાસે આગવી કલા છે. આવી આગવી કલાના માધ્યમથી આપણી લોકભાષાને પણ નીતનવીન અલંકારો પહેરાવી વધારે સૌંદર્યવાળી બનાવી છે. કહેવતો એ ભાષાનો આગવો શણગાર છે. માનવીએ સીધી-સાદી ભાષામાં રચેલી અનેક કહેવતો વડે લોકવાઙ્મયને જીવંત સ્વરૂપ આપ્યું છે. કહેવતોના પ્રયોજન વડે ભાષાને-લોકબોલીને મધુર અને મર્માળી બનાવી છે. એમ પણ કહી શકાય કે કહેવતો વગરની ભાષા કદાપિ ‘રસનીગળતી’ હોઈ શકે નહી. તેથી જ કદાચ રોજબરોજના જીવનવ્યવહારમાં આપણે પ્રાચીનકાળથી કહેવતોનો સહજ પ્રયોગ કરતા આવ્યા છે.

કહેવતોમાં લોકસમાજનું ડહાપણ રહેલું હોય છે. કહો કે તે 'ભાષાવિભૂષણ' છે. સાદી ભાષામાં કહીએ તો આ કહેવતો આપણી વ્યવહારભાષાનું 'ચલણીનાણું' બની જાય છે. દુનિયાની તમામ ભાષાઓમાં- લોકબોલીઓમાં વત્તાઓછા પ્રમાણમાં કહેવતો જોવા મળે છે. કહેવતો મોટેભાગે અનુભવે ઘડાયેલા એવા મોટી ઉંમરના માણસો સૌથી વધુ ઉપયોગ કરે છે. અરબી ભાષામાં કહેવત માટે કહેવાયું છે કે-

'જેમ ભોજનમાં નીમકની જરૂર છે

તેમ બોલીમાં કહેવતની જરૂર છે.'

કેટલીક વાર કહેવત ભાષામાં અનિવાર્ય અંગ બનીને આવે છે. જગતની તમામ ભાષાએ કહેવત રૂપી અલંકારને સ્વીકારે છે. દુનિયાની તમામ ભાષાઓમાં સ્પેનિશ ભાષામાં સૌથી વધારે કહેવતોનું પ્રમાણ છે. સ્પેનિશ લોકો વાત-વાતમાં કહેવતોનો ઉપયોગ કરે છે તેજ પ્રમાણે અંગ્રેજી, હિન્દી, બંગાળી સંસ્કૃત આદિ ભારતીય ભાષાઓમાં પણ કહેવતોનું પ્રમાણ છે. આપણી ગુજરાતી ભાષામાં પણ કહેવતોનું પ્રમાણ વધુ છે, અખૂટ ભંડાર છે.

કહેવતો પરંપરાથી દ્રષ્ટાંત વાકયો કે બોધવાકયરૂપે કહેવાતી આવી છે. લોકબોલીમાં કહેવતો વિશેષ પ્રયોજાતી જોવા મળી છે. તે બોલીમાં માર્મિકતા, વેધકતા, સરળતા, સાહજિકતા અને લાલિત્યને પ્રગટાવે છે. કહેવતોથી બોલી અલંકૃત બને છે. લોકજીવનના મોટા ભાગના અંગો કહેવતોમાં સમાઈ જાય છે. કયારેક તત્કાલીન લોકજીવન પણ કહેવતોમાં પરિવર્તન પામે છે. વૈવિધ્યપૂર્ણ લોકજીવનને લોકકહેવતોએ પોતામાં સમાવી લીધું છે. તહેવારો, રીત-રિવાજો, દામ્પત્યજીવન, રહેણીકરણી, મહત્ત્વના બનાવો સંસ્કારો અને સંસ્કૃતિને કહેવતે પોતાનામાં સમાવી લીધાં છે. કહેવતો વડે નીતિ-બોધના ઉપદેશો, જ્ઞાન, ગમ્મત અને વ્યવહારુ કુશળતા આદિ આલેખાય છે. કયારેક કહેવતો માનવજીવનમાં માર્ગદર્શક પણ બની રહે છે. તેથી જ તો શ્રી આશારામ દલીચંદ શાહ કહેવત માટે કહે છે-

'કહેવત એ માણસાઈ, સ્વભાવ અને ડહાપણનો સિકકો છે, એ સિકકો પ્રજા એકમતે જમાનાના જમાના સુધી સ્વીકારે છે.'[૧૦]

કહેવતો પણ પરંપરાગત રીતે પેઢી દર પેઢી પ્રયોજાતી આવી છે એમાં ઘટાડો ઉમેરો થતો રહે છે. આવી કહેવતો કયારે ઉદ્‌ભવી હશે એ કહેવું મુશ્કેલ છે. છતાં વાતને વધારે પ્રમાણિત કે હેતુસર કહેવા માટે આજે પણ ઘણીબધી કહેવતો પ્રયોજાતી આવે છે. જેમ છાશને વારંવાર વલોવ્યા પછી 'નવનીત' જુદું તરી આવે છે. તેમજ બોલીને પણ વધારે-વધારે ઉપયોગમાં લીધા પછી કેટલીક મહાન અનુભવી વ્યક્તિઓએ અનુભવના નિચોડરૂપે કહેવતરૂપી નવનીતને તારવ્યું હશે? આવી કહેવતો આપણી ગુજરાતી ભાષામાં પણ આગવું સ્થાન ધરાવે છે. આ કહેવતોનો અભિજાત સાહિત્ય પર પણ એટલો જ પ્રભાવ રહ્યો છે તેથી જ આપણી ગુજરાતી સાહિત્યની ઉમદા અને શિષ્ટ ગણાતી એવી બહુધા સાહિત્ય કૃતિઓમાં અનેકવિધ કહેવતો પ્રયોજાયેલી જોવા મળી છે. આ ઉપરાંત સાહિત્યની ભાષાની સાથે સાથે લોકબોલીની આગવી અને ધ્યાન ખેંચે એવી આ લાક્ષણિકતા-વિશેષતા છે. લોકોકિત માત્ર વાચ્યાર્થી કે શબ્દાર્થી નથી પરંતુ એમાં વ્યંગ્યાર્થ છુપાયેલો હોય છે. લોકોકિતના આવા વ્યંગ્યાર્થને તમામ લોકો પકડી શકતા નથી. જે લોકોકિતની એક વિશેષતા પણ બને છે. લોકોકિતમાં જે હકીકતમાં કહેવાય છે તેના કરતાં એનો અર્થ કે ભાવાર્થ જુદો આવતો હોય છે. કેટલીકવાર લોકો પોતાના કેટલાક ભાવો એવા હોય કે તેને બીજા સામે છુપાવવા માંગે છે. છુપા રાખવા ઈચ્છે છે ત્યારે આવા ભાવોને લોકોકિત વડે રજૂ કરે છે. આવી મનુષ્યની ચેષ્ટાને કારણેજ એમની લોકબોલી વધારે બળવત્તર બની છે. કોઈપણ સમાજ કેટલો અને કેવો બુદ્ધિશાળી છે એનો ખ્યાલ એમની લોકબોલીની કેટલીક ચાતુરીઓ પરથી આવી શકે છે.

લોકોકિત પરંપરાથી લોકબોલીમાં જ પ્રયોજાય છે. જયારે લોકબોલીમાં પ્રયોજાય છે ત્યારે તે કહેવત છે કે રૂઢિપ્રયોગ છે એનો કોઈને ખ્યાલ રહેતો નથી. લોકોકિત સભાન

પ્રયત્નથી કે ખ્યાલગ્ની પ્રયોજાતી નથી. પરંતુ સહજ રીતે લોકબોલીમાં આપોઆપ કોઈપણ પ્રકારની મહેનત કર્યા વગર અનાયાસે જ બોલાય જતી હોય છે અને એના વડે જ લોકબોલીની સૌંદર્યતા કે વ્યંગ્યાર્થતા આલેખાતી હોય છે. આવી લોકક્તિવાળી વાણી માનવીની બુદ્ધિચાતુર્યની કસોટી પણ કરી જાય છે. લોકોકિતમાં થોડામાં ઘણું કરી દેવાની, વિશેષતા રહી છે. જગતમાં લોકજીવનના અનુભવો નવનીત બને છે ત્યારે તે લોકોકિત જેવું પરિણામ લાવે છે. માનવ જીવનનાં સત્યો સૂત્રાત્મક બનીને બોલીમાં જયારે પ્રયોજાય છે ત્યારે એ બોલી વિશેષ બળવાન બને છે. લોકોકિત એ અનુભવનો ખજાનો છે. લોકોકિતઓમાં મનુષ્યનું ડહાપણ અને પરંપરા એકરૂપ બનીને આવે છે. લોકોકિત પરંપરાગત રીતે પેઢી દર પેઢી ઉતરતી અને વધતી જાય છે. કયારેક કેટલીક લોકોકિતઓ પરંપરામાં અટવાઈ પણ જાય અને એની જગ્યાએ બીજી પણ આવતી જાય છે. કયારેક લોકોકિતમાં નાની-નાની દૃષ્ટાંત કથાઓ પણ સમાઈ જાય છે. આવી દૃષ્ટાંત કથાઓ દ્વારા માનવજીવનની મહત્તા વધી જાય છે.

'સાહિત્ય એ સમાજનું દર્પણ છે' એ ઉક્તિ અનુસાર લોકોકિતમાં પણ જનસમાજનું પ્રતિબિંબ આબેહૂબ રીતે પડતું હોય છે. માનવ જીવનને જીવંત બનાવવાનું કામ આપણી લોકોકિતઓ પણ કરે છે. આવી લોકોકિતઓ પ્રાચીનકાળથી પ્રચલિત છે અને કદાચ ત્યારથી જ ડાહ્યા અને અનુભવી લોકો દ્વારા આવી લોકોકિતઓ પ્રયોજાવા લાગી હશે? વેદ, ઉપનિષદ અને સંસ્કૃતસાહિત્યમાં જે સુભાષિત પ્રાપ્ત થાય છે તે લોકોકિત જ છે. પંચતંત્ર તથા હિતોપદેશમાં નીતિવિષયક જે ઉક્તિઓ પ્રાપ્ત થાય છે. જેમાં જનસમુદાય માટે મૂલ્યવાન એવા ઉપદેશો સંગ્રહાયેલા છે. જે ઉપર મુજબ પરંપરાગત પ્રમાણે જનસમુદાયમાં પ્રચલિત બની હશે.

ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી જેવી ભાષામાં કેટલીક લોકોકિતઓ પરાપૂર્વેથી એવીને એવી ઉતરી આવી છે જેનો અર્થ લગભગ એકસરખો જેવો જ થતો જોવા મળ્યો છે. જેમકે 'બળિયાના બે ભાગ', 'જીસકી લાઠી ઉસકી ભેંસ' 'માઈટ ઈસ રાઈટ' એવી જ રીતે

ધોડિયા જાતિની લોકબોલી 'ધોડિયા' બોલીમાં પણ આવી કેટલી લોકોકિતઓ કહેવાતી જોવા મળે છે જેવી કે- 'બડવે તીણાં બે ભાગ', 'કરે તહાં ખાય' 'મારા ખાય જગલોને ભાગ ખાય ભગલો'... 'જાગને તાંથી હવાર', 'ગાજનેલો વરહે નાંઈ' 'પન્નાયલો પસ્તાય'... 'અરામના દરામાં' 'ખાય ઉતારનેલા'

લોકોકિત એ સાર્વભોમ છે. આવી લોકોકિત બોલી ભેદ હોય છે. પરંતુ અર્થભેદ ઝાઝો હોતો નથી. છતાં કયારેક જાતિ વિશેષ કે સ્થળ વિશેષે લોકોકિત મર્યાદિત બને છે. લોકસાહિત્યના અન્ય પ્રકારોમાં જે પ્રકારની સાદગી, સરળતા કે સાહજિક્તા વર્તાય છે. એવી જ વિશેષતા-લાક્ષણિકતા લોકોકિતમાં જોવા મળે છે. હવે લોકોકિતના પેટારૂપ એવી કહેવતોનો અભ્યાસ કરીએ. વ્યવહારની ભાષામાં પણ કહેવતોની એટલી જ આવશ્યકતા રહેલી છે. તેથી જ લોકબોલીમાં વાત-વાતમાં નીતનવીન કહેવતો પ્રયોજાતી જોવા મળી છે. થોડામાં વધુ કહી જવાની કરકસરભરી વૃત્તિ કહેવતોમાં છે અને એના વડે જ ભાષાની સમૃદ્ધિ વધે છે.

### ૪.૪.૩ કહેવતોની વિવિધ વ્યાખ્યા

કહેવતો એટલે શું? એવો પ્રથમ પ્રશ્ન દરેક અભ્યાસીને મૂંઝવનારો રહ્યો છે. આવી મૂંઝવણમાંથી મુક્તિ મેળવવા માટે આપણા અનેક વિદ્વાનોએ કહેવતોને વ્યાખ્યાના માળખામાં બાંધવાનો પ્રયત્ન કર્યો છે. જો કે કોઈપણ સાહિત્યને એના ચોકકસ માળખામાં મૂકી શકાય એમ નથી તેમ કહેવતને પણ વ્યાખ્યાના ચોકઠામાં બાંધી ગૂંગળાવી મારવાની જરૂર નથી. છતાં સાહિત્યને સરળતાથી સમજી શકાય કે અભ્યાસની સરળતા રહે એ માટે અહીં પ્રયત્ન કરવો જરૂરી લાગે છે.

કહેવતો એટલે શું એ જાણવા માટે ભારતીય તથા પાશ્ચાત્ય વિદ્વાનોએ પોતપોતાના મંતવ્યો રજૂ કર્યાં છે. આવા જુદા જુદા અભિપ્રાયો આદિમાંથી પસાર થવું એ કાર્ય જોઈએ એટલું સરળ તો નથી જ છતાં અભ્યાસની સરળતા ખાતર કેટલાક બહુશ્રુત વિદ્વાનોએ આ દિશામાં સંશાધનો આદર્યાં છે. છતાં જોઈએ તેવા સંતોષકારક અભ્યાસો જોવા મળ્યા નથી.

જે થોડું ઘણું હાથમાં આવ્યું છે. તેના થકી કહેવતને મૂલવવાના પ્રયાસો જરૂર થયા છે. અહીં કેટલીક વ્યાખ્યા ટાંકી છે જે નીચે પ્રમાણે છે.

શ્રી દુલેરાય કારાણી 'કચ્છી કહેવતો' નામના પુસ્તકમાં સુભાષિત અને કહેવત બાબતે સ્પષ્ટતા કરતાં નોંધે છે કે- 'સુભાષિત એક અમુક દુકાન પરથી જ વટાવી શકાય એવી હૂંડી કે ચેક છે. જયારે કહેવત રસ્તે ચાલતાં બજારમાં બેધડક વટાવી શકાય એવું રાજ માન્ય ચલણી નાણું છે. લોક સિકકો છે.'[૧૧] અહીં કહેવત માટે એવું કહી શકાય કે જયારે, જયાં આપણે ધારીએ ત્યાં કહેવતનો ઉપયોગ કરી શકાય છે. એના માટે સ્થળ, કાળ કે મુહૂર્તની જરૂર પડતી નથી. એવું હાથવગું હથિયાર છે. સામાન્યમાં સામાન્ય વ્યક્તિ પણ એનો ભરપેટ ઉપયોગ કરી શકે એવું સસ્તું નાણું તરીકે ઓળખાવ્યું તે યથાયોગ્ય છે.

શ્રી પુષ્કર ચંદરવાકરે કવિ નર્મદે આપેલી કહેવતની વ્યાખ્યાને ટાંકતા જણાવે છે કે- 'પરંપરાથી લોકમાં બોધરુપ, દ્દષ્ટાંતરૂપ, વાકયકથન તે કહેવત'[૧૨] પરંપરાથી કહેવત આપણે ત્યાં ચાલી આવી છે. એમ નર્મદનો મત છે. કહેવત મોટેભાગે બોધરૂપ કે દ્દષ્ટાંતરૂપે જ વાકયકથન બની ને આવતી એવું ભારપૂર્વક દર્શાવાયું છે. જે સાચા અર્થમાં યોગ્ય છે. કેમકે આપણી મોટાભાગની કહેવતો પ્રાચીન સમયથી કહેવાતી આવી છે તેમજ કહેવત બોધ અને દ્દષ્ટાંતરૂપે જ કહેવાતી જોવા મળે છે.

શ્રી ઝવેરચંદ મેઘાણી 'લોકસાહિત્યનું સમાલોચન' નામના એમના પુસ્તકમાં કહેવતો માટે નોંધે છે કે- 'એકેક કહેવત એટલે અનુભવોના પુંજેપુંજમાંથી નીચોવેલ એક એક અંકબિંદુ'[૧૩] મેઘાણી કહેવતોને અનુભવનો નિચોડ તરીકે અપનાવે છે. ઢગલે ઢગલા અનુભવોમાંથી અમૃત સમાન આપણી કહેવતો જન્મી હશે એવો નિર્દેશ એમની વ્યાખ્યામાંથી સરે છે.

કહેવતો વિશે કેટલાક વિદ્વાનોએ સાદી અને સરળ વ્યાખ્યાઓ બાંધી છે. કેટલાક 'કહેવતોને બોધરૂપ, દ્દષ્ટાંતરૂપ, વાક્યો કે વચનો રૂપ માને છે તો કેટલાક વિદ્વાનો 'અનુભવના

પરિપાક સમી ચલણી બનેલી સ્વતંત્ર અને સૂત્રાત્મક ઉક્તિઓ' તરીકે સ્વીકારે છે. લોક સમાજમાં પ્રચલિત વિવિધ આચાર-વિચારો, શ્રદ્ધા-અંધશ્રદ્ધાઓ, માન્યતાઓ કે નીતિ નિયમો લોકાનુભૂતિમાંથી ઘડાય-ઘડાય ને એ લાંબેગાળે કહેવતો કે આદિ સ્વરૂપે આવી હશે?

શ્રી હર્ષદ પટેલ નામના લોકવાઙ્મયના નવોદિત અભ્યાસી 'કહેવતકથા' શીર્ષક હેઠળ 'ગુજરાત સમાચાર' માં લખે છે- 'કહેવત વગર વાતમાં રસ ટપકતો નથી ને બોધ પણ આવતો નથી. કહેવતમાં જ્ઞાન અને બોધ છે. પ્રસંગની કે વાતની એટલી જ ગંભીરતા પણ છે. જે જ્ઞાન-વાણી અનુભવથી ચલણી બની જાય. સત્યરૂપ ધારણ કરે છે તે જ 'કહેતી' બની જાય છે ને તેને જ 'કહેવત કહે છે. કહેવત એ અનુભવનું સંતાન છે. ભોજનમાં લવણની જેમ બોલીમાં કહેવત આવશ્યક છે.'[૧૪]

હર્ષદ પટેલ પણ કહેવતને 'લવણ' જેટલું મહત્ત્વ આપે છે. અનુભવરૂપી સંતાન દરેક બોલીમાં આવશ્યક છે. એટલે કે કહેવત એ બોલીનું મુખ્ય ઘરેણું છે. એના વડે જ બોલી સૌંદર્યમયી બને છે અને જ્ઞાન તથા બોધને વાચા આપે છે. કહેવત વિનાની બોલી કે ભાષા મોળી કે સૂકકી લાગે છે.

ડો.ભરત ગરીવાલા 'ગુજરાતી ભાષાની સમૃદ્ધિનાં બે અંગ-રૂઢિપ્રયોગો અને કહેવતો' એ શીર્ષક હેઠળ 'સંદેશ'માં લખે છે કે- 'ગુજરાતી ભાષાને અસરકારક, તેજસ્વી તથા ભાવવાહી બનાવનાર શબ્દસમૂહો જે 'રૂઢિપ્રયોગો' કહેવાય છે તથા દૃષ્ટાંતરૂપે વપરાતાં વાકયો જે 'કહેવત' તરીકે ઓળખાય છે તેમાં અનુભવનો નિચોડ દેખાય આવે છે, સુંદર બોધ દેખાઈ આવે છે, સમાજના વ્યવહારનું પ્રતિબિંબ પાડે છે, પ્રજાના આચાર-વિચારની ઝાંખી આપે છે. સૌથી મોટી વાત તો એ છે કે તે ગુજરાતી ભાષાને સચોટ બનાવે છે, સાહિત્યકારો માટે આ રૂઢિપ્રયોગો તથા કહેવતો, લગ્નમાં પરણવા બેસતી કોડભરી કન્યાના પાનેતર તથા અલંકારો જેવાં આકર્ષક છે, જે તેની જગ્યાએ દીપી ઊઠે છે.'[૧૫]

ડો. ગરીવાલા પણ ગુજરાતી ભાષામાં રૂઢિપ્રયોગની સાથે સાથે કહેવતોને આવશ્યક

ગણે છે. એમણે પણ અનુભવના નિચોડની સાથે સાથે સમાજની વ્યવહારિતાની ઝાંખી કરાવી સુંદર બોધ આપી વાતને વધારે અસરકારક બનાવે છે. એવા ભાવ સાથે રૂઢિપ્રયોગ અને કહેવતોને લગ્નની કોડભરી કન્યાના પાનેતર અને અલંકારો સાથે સરખાવે છે અને ભાષાની વૈવિધ્યતાને દીપાવનારી ગણાવે છે.

સૌરાષ્ટ્રના ભજનના ખરા મરમી એવા ડો. નિરંજન રાજ્યગુરુ પણ 'લોકગુર્જરી અંક ૧૫'માં 'લોકસાહિત્ય અને લોકસંગીત' એ શીર્ષક હેઠળ 'કહેવતો' વિશે ચર્ચા કરતા લખે છે કે- 'લોકવાણીની તાકાત પૂરી ત્રેવડથી આ કહેવતોમાં શબ્દબદ્ધ થયેલી જોવા મળે છે. માનવીના જીવનનો, જીવનના અનુભવનો નિચોડ એમાં સંગ્રહાયો છે. ઘણું કરીને એક કે બે પંક્તિમાં શકય એટલા લાઘવથી કલાત્મક અને લયાત્મક શબ્દોમાં રોજબરોજ અનુભવાતા કડવા-મીઠા તમામ અનુભવોનું ભાથું એમાં સચવાયું હોવાને કારણે આવા લોકસાહિત્યના પ્રકીર્ણ પ્રકારો પણ મહત્ત્વના બની રહે છે.' એમણે પણ કહેવતોમાં લાઘવતા, લયાત્મકતા અને અનુભવોના નિચોડને મહત્ત્વ આપ્યું છે.

ડો. પ્રભાશંકર તરૈયા પણ 'વીક્ષા' નામના ગ્રંથમાં કહેવત સંદર્ભે નોંધે છે. 'કહેવતો એ પ્રજાની વ્યવહારસંપત્તિ અને અસ્મિતા દર્શાવે છે. તેમાં માનવ/જનસમુદાયનું માનસ ઝિલાય છે અને ડહાપણ-વ્યવહારનાં જીવનસૂત્રો પણ વણાઈને આવે છે. તેમાં હાસ્યકટાક્ષ વડે સમાજને સુધારવાની પણ તાકાત રહેલી છે. જેમકે મધ્યકાળમાં અખા એ કહેવતો પાસેથી ઘણું કામ લીધું છે.'[૧૬]

શ્રી કનૈયાલાલ જોષી 'રૂપકે મઢી કહેવતો' એ શીર્ષક હેઠળ 'લોકગુર્જરી' અંક-૧૦માં કહેવત વિશે નોંધે છે- 'કહેવત એ વિધાન છે, તેમાં ધ્વનિને સવિશેષ સ્થાન છે, કયારેક રસશાસ્ત્રના સિદ્ધાંત અનુસાર એ આસ્વાદ્ય છે, તે છતાં કાવ્યના કોઈ પલ્લામાં સ્થાન પામવાને બદલે 'કહેવત' તરીકે એનું અનોખું સ્વરૂપ છે, તેની નોખી વિભાવના છે. તેનું આગવું મૂલ્ય છે. તે માટે તેમાં રહેલ વિચારદ્યુતિ કારણભૂત છે. તેની માંડણી કલ્પનાની

ઉપર ઊભી કરવામાં આવી નથી. તેની રચનામાં લોકઅનુભવ લોકઅવલોકન અને લોકડહાપણનો ફાળો છે. સાચા અર્થમાં તે લોકવાણી છે. એક લોકવારસો છે. ટંકશાળમાં મુદ્રિત થયેલો ચલણી ભૌતિક વ્યવહારનું વિનમિયનું વાહન છે તેમ કહેવત પણ જનસમાજમાં વિચાર વિનિમયનું સંસ્કારવાહન છે.'[૧૭] શ્રી જોષી પણ કહેવતમાં ધ્વનિ, રસ, વિચાર, અનુભવ, અવલોકન અને લોકડહાપણને વ્યક્ત કરનારી લોકવાણી તરીકે અને સમસ્ત ની ઉત્પત્તિ અને સંપત્તિ ગણાવે છે. તો સાથે સાથે વ્યવહાર વિનિમયના વાહન તરીકે જન સમાજમાં દઢ બનેલું સંસ્કાર સાધન ગણાવે છે. ઉપરોક્ત બધી વ્યાખ્યાઓની તુલનામાં શ્રી જોષીની વ્યાખ્યા જુદો ભાવ તારવે છે.

ભારતીય લોકસાહિત્યના વિદ્વાનોની જેમ ડો.શ્યામ પરમાર પણ પોતાના 'ભારતીય લોકસાહિત્ય' નામના ગ્રંથમાં કેટલીક સંગ્રહીત વ્યાખ્યાઓને રજૂ કરે છે જેમકે-

૧. વ્યવહારિક જીવનમાં માર્ગદર્શક વચન. - ***ફ્રિસ્તે***

૨. તત્ત્વજ્ઞાનના ખંડહરોમાંથી પસંદ કરીને કાઢેલા ટૂકડામાંથી બચાવેલા અંશો. - ***એરિસ્ટોટલ***

૩. જનતામાં નિરંતર ઉપયોગમાં આવતા લઘુકથન. - ***એગ્રીફોલા***

૪. જીવન વ્યવહારના પ્રાચીનકાળના નાના નાના લઘુકથન. - ***જોનસન***

૫. અનેકોનું ચાતુર્ય અને એકની બુદ્ધિનો ચમત્કાર, એકની સૂઝ જેમાં અનેકનું ચાતુર્ય સમાયેલા છે. - ***બટાસ્ન્ડરસેલ***

૬ ખાસ કરીને જનતાની પોતાની ભાષામાં કોઈ સર્વમાન્ય સત્યને થોડા શબ્દોમાં પ્રગટ કરનારો લોકપ્રચલિત કથન.[૧૮] - ***બોરકાર્ટ***

અહીં જુદા જુદા વિદ્વાનોએ આપેલી કેટલીક વ્યાખ્યાઓ ટાંકી છે. જેમાં કેટલાક તત્ત્વજ્ઞાનના અંશો, લઘુકથન ચાતુર્ય, બુદ્ધિની ચમત્કારિતા, સત્યતા જેવા શબ્દો ઉપર ભાર મૂકવામાં આવ્યો છે.

આ ઉપરાંત કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનો પણ પોત-પોતાના ભાવો રજૂ કરે છે. ડો. એ.એચ.ક્રાપે કહેવતની વ્યાખ્યા આપતા લખે છે- 'કહેવતોમાં સંક્ષિપ્તા, સચોટતા, રહસ્યાત્મકતા વગેરે કેન્દ્રસ્થાને ગણાવે છે.[૧૯]

તો જહોન રસેલ પણ કહેવતોમાં વ્યક્ત થતું માનવડહાપણને અને માનવની હાજરજવાબીપણાને લક્ષમાં લીધા છે. કહેવતોની લાઘવતાની સાથે સાથે ડહાપણનો ભાવ ઉપરોક્ત બધાજ વિદ્વાનોને સ્પર્શે છે. અને એ અનુભવે જ કહેવતોની વિધ-વિધ વ્યાખ્યાઓ આપી શકયા છે.

આમ ઉપરોક્ત વિદ્વાનોએ આપેલી વિવિધ વ્યાખ્યાઓને અવલોકતા કહેવતનો અભ્યાસ કરવા માટેની યોગ્યતા મળી રહે છે. આપણે કહેવતો શું છે તે સમજી શકીએ છીએ. કહેવતોની વિશાળતા અને વ્યાપને જોતા એટલું ચોકકસ કહી શકાય કે જયાં સુધી આવી સર્વસામાન્ય વ્યાખ્યાઓ છે ત્યાં સુધી કહેવત સમજવી સહેલી લાગે છે. કહેવતો સમગ્ર માનવજીવન સાથે તેમજ કેટલીક પ્રકૃતિ જગત સાથે પણ સંબંધ ધરાવતી હોવાથી આવા પ્રકારને કોઈ ચોકકસ વ્યાખ્યામાં ન બાંધતા સ્વતંત્ર રીતે જ વિહરવા દેવું જોઈએ. કહેવતની આટલી ચર્ચા કર્યા પછી એનાં કેટલાંક સ્વરૂપગત લક્ષણોને પણ સમજીએ, ઓળખીએ.

### ૪.૪.૪કહેવતોનાં સ્વરૂપગત લક્ષણો

જ્ઞાન ઉપર કેવળ ભણેલાનો ઈજારો નથી એની સાક્ષી કહેવત છે. અભણ કે સામાન્ય લોકોમાં ભલે શિક્ષણનો અભાવ હોય, ભણ્યાં ભલે ઝાઝું ન હોય પણ ગણ્યાં વધારે હોય એવું વિધ-વિધ લોકકહેવતોમાં જોવા મળે છે. લોકની ટૂંકી, મર્મભેદી અને ભારોભાર સ્પષ્ટપણે ચોખ્ખાઈ પૂર્વક યોજાતી કહેવતો ઉપરથી કહી શકાય છે. ગામડામાં તો આજે પણ સાવ અજ્ઞાન જેને એકડાનું પણ જ્ઞાન નથી એવાં લોકો પાસેથી જ આપણી પરંપરાગત કહેવતો ઘણી સાંભળવા મળે છે. જેને શિષ્ટભાષાની તસુમાત્ર પણ ગતાગમ નથી. એવા અભણ સામાન્ય લોકો જ વધારે પડતી લોકકહેવતનો ઉપયોગ કરી આજના યુવાનોને દ્દષ્ટાંત, બોધ

કે વચનોનું સાચું જ્ઞાન આપે છે. એમના ઘણા વરસોના અનુભવના માધ્યમથી જૂનામાં જૂની પ્રયોજાતી પ્રસંગને અનુરૂપ કહેવતો બોલે છે.

કહેવતો એ જીવનનાં સત્યો છે અને તેમાં સત્ય છુપાયેલું હોવાથી કહેવતોના માધ્યમથી માનવજીવનમાં ઘણું બધું સમજાવી જાય છે. કોઈ આખે આખા પ્રસંગ કે ઘટનાને વિસ્તારપૂર્વક કહેવાને બદલે કહેવતની એક જ ઉક્તિથી કે ચોટદાર પંક્તિની અભિવ્યક્તિ વડે વાતને સર્વત્ર સિદ્ધ કરી આપે છે. આવી કહેવતોમાંથી નીચે પ્રમાણેનાં કેટલાંક લક્ષણો તારવાનો પ્રયાસ કરેલ છે. કહેવતો એ લોકવાઙ્મયનું જ એક પેટા સ્વરૂપ હોવાથી લોકવાઙ્મય જેવાં મોટાભાગનાં લક્ષણો જોવા મળે છે. છતાં કેટલાંક લક્ષણો નોખાં તરી આવે એવાં છે તો તેનો ટૂંકમાં પરિચય મેળવીએ.

### ૧. સર્જક અને રચનાકાળની ગોપનીયતા

કહેવતો એ કોઈ એક વ્યક્તિનું સર્જન નથી, બલકે એ સમગ્ર લોકજગતની-લોકસમાજની લોકસરજત છે. તેથીજ એનો કર્તા હંમેશા અજ્ઞાત રહ્યો છે. આવી લોકસમાજની સરજતવાળી લોક કહેવતો ચોકક્સ કયા સમયમાં ઉદ્‌ભવી હશે એ પણ કહેવું અતિ મુશ્કેલ છે. કહેવતોમાં ઘણાં સંશોધકોએ સંશોધનો કર્યાં છતાં આજસુધી આવી લોકકહેવત કયા કાળ દરમ્યાન રચાયી હશે તે કહેવું મુશ્કેલ બન્યું છે. કહેવતો કયારે અને કેવા સંજોગોમાં રચાયી હશે તે કહેવું અતિ મુશ્કેલીભર્યું કામ છે. આજે પણ કહેવતોના રચનાકારો અને રચનાકાળ ગોપનીય રહ્યા છે.

### ૨. કંઠસ્થપરંપરા (કંઠોપકંઠતા)

લોકસાહિત્યના અન્ય પ્રકારોની જેમ કહેવત માટે પણ આ લક્ષણ પાયાનું છે એમ કહી શકાય કે કંઠોપકંઠતા એનો પ્રાણ છે. કહેવતો પણ કંઠસ્થ પરંપરાથી લોકજગતમાં ઉતરી આવે છે. પ્રથમ કઈ કહેવત કહેવાયી કે રચાયી હશે એવું કહી શકાયું નથી તેમ પહેલા કયા કંઠમાં પહેલી કહેવત આવી હશે જે આજે ખૂણે ખૂણે ફરી વળેલી દેખાય છે. કોઈ એવો દેશ ન હોય કે જયાં આવી કહેવતો ન કહેવાતી હોય.

કહેવતો પહેલાના સમયમાં મુખપપરંપરાગત રીતે પેઢી દર પેઢી સચવાઈ રહી છે. મુખપરંપરાગતાને લીધે જ તે એક મુખમાંથી બીજા મુખમાં ઊતરી સહેલાઈથી યાદ રહી છે. આવી પારંપરિકતા જ કઠોપકંઠતાનું આગવું લક્ષણ છે. પહેલાના સમયમાં આપણે ત્યાં કહેવતો 'ઓરલ' સ્વરૂપે જ જોવા મળતી હતી અને મોટેભાગે લોકબોલીઓમાં જ વધારે પ્રચલિત બનતી હતી. તેની જગ્યાએ આજે કેટલાક ઉત્સાહી અભ્યાસીઓએ શિષ્ટસાહિત્યમાં તેનો ઉપયોગ કરીને આવી લોકકહેવતોને લિપિબદ્ધ કરવાનો સારો પ્રયાસ કર્યો છે. છતાં આજે પણ લોકબોલીની કેટલીક કહેવતો મુખપરંપરામાં જ સચવાયેલી જોવા મળે છે.

### ૩. સંઘોર્મિ

લોકસાહિત્યનાં અન્ય સ્વરૂપોની જેમ કહેવતોમાં પણ સંઘોર્મિ તત્ત્વ કેન્દ્ર સ્થાને રહેલું છે. કહેવત ભલે એકલ-દોકલ, એકનું સર્જન હોય છતાં તે સામૂહિક સર્જન છે. જે-તે ભાષાની કહેવતને ભાષા બોલનારા સમાજનું પ્રતિનિધિત્વ કરે છે. દરેક લોકબોલીની કહેવતો તે લોકસમાજનું પ્રતિબિંબ પાડે છે. તે સમાજની ઝાંખી કરાવે છે. દરેક સમાજની દરેક વ્યક્તિ ભાવનાનું વહન કરે છે.

સંઘોર્મિ થકી જ કહેવતોની જીવંતતા આજ સુધી જળવાઈ કે સચવાઈ રહી છે. જો એકલ-દોકલ વ્યક્તિ માટે જો કહેવતો રચાયી હોત તો એ વ્યક્તિના નાશ સાથે જ એનું અસ્તિત્ત્વ પણ નાશ પામ્યું હોત. પરંતુ કહેવતો સર્વને માટે યોજાયેલી હોવાથી સર્વની સંઘોર્મિનું સાધારણીકરણ થયેલું હોય છે. દા.ત. 'બાપ તેવા બેટા, ને વડ તેવા ટેટા.'

'ઝાંઝી કીડી સાપને તાણે'

'વહુની રીસ,

ને સાસુનો સંતોષ'

એક કહેવત દુનિયાની તમામ વ્યક્તિને લાગું પડે છે. એમાં કોઈ એકલ વ્યક્તિની અનુલક્ષીને રચાઈ નથી. એમાં એક પિતા કે એક સાસુ-વહુના સંબંધની વાત નથી. આમ

દરેક કહેવત સંઘોર્મિનું જ પ્રતિનિધિત્વ કરનારી રહી છે. જેના અનેક દાખલાઓ ગુજરાતી ભાષા કે લોકબોલીમાં પડેલા જોવા મળે છે.

## ૪. પરિવર્તન-પાઠાંતરો

લોકસાહિત્યમાં પરિવર્તનશીલતા એ મહત્ત્વનું લક્ષણ છે. એમ કહેવતોમાં પણ અનેક પરિવર્તનો જોવા મળે છે. એક કંઠમાંથી બીજા કંઠમાં પરંપરાગત રીતે જળવાઈ રહેતી હોવાથી સમયે-સમયે પેઢીએ પેઢીએ એમાં અવનવા પરિવર્તન આવતા રહે એને કારણે એકજ ભાષા બોલનારા સમાજમાં પણ સ્થળ, પ્રદેશ અનુસાર શબ્દફેર જોવા મળે છે. જેમકે ‘બાર ગાઉએ બોલી બદલાય’ એ ઉક્તિ મુજબ કહેવતમાં પણ પ્રદેશભેદ, બોલીભેદ ને કારણે પાઠાંતરો મળે છે. પરિવર્તન સ્વાભાવિક અને સહજ રીતે દરેક કહેવતમાં જોવા મળે છે.

પાઠાંતરોને કારણે જ કહેવતો પોતાના અસ્તિત્ત્વને જાળવી રાખે છે. કહેવતોમાં રહેલી સત્યતા, પ્રવાહિતા, વિવિધતા, લાઘવતા, આદિના કારણે આજે પણ અનેક પાઠાંતરો વડે જગવિખ્યાત બની છે. કહેવતોમાં અર્થનાં પરિવર્તનોને બદલે શબ્દનાં પરિવર્તનો અધિક જોવા મળે છે. જેમકે-

‘આંખે દેખ્યું ઝેર’ આ કહેવત ગુજરાતીમાં બોલાતી. પરંતુ લોકબોલી- દક્ષિણ ગુજરાતની ધોડિયાબોલીમાં આજે પણ આવું કહેવાય છે. ‘ડોળે દેઈખા ઝેર’.

‘હોળી પછી દીવાળી’ ને બદલે બોલીમાં ‘ઓળી પાઠીં દીવારી’ એવું બોલાય છે.

આમ અનેક લોકબોલીઓમાં શિષ્ટબોલી કરતાં થોડાં ઘણાં પરિવર્તનો સાથે કહેવતો સચવાય રહી છે. આમ પાંઠાતરોનું લક્ષણ કહેવતોનું લક્ષણ બની રહે છે.

## ૫. સરળ-સાદી સચોટ અભિવ્યક્તિ

કહેવત એ વ્યક્તિના કથનને સુંદર અને અસરકારક રીતે જ વ્યક્ત થતી હોય છે. લોકસમાજમાં બોલાતી-કહેવાતી કહેવતો ખૂબજ સરળ-સાદી અને સચોટ રીતે બોલાતી હોય

છે. અભણ વ્યક્તિ ભલે જ્ઞાનની વાત ન જાણતો હોય છતાં પણ ભાષામાં કહેવતો વડે પોતાની અસરકારકતા આવી કહેવતો વડે જ પ્રગટાવી શકે છે.

સામાન્યત: કહેવતો મોટેભાગે સીધી-સાદી ભાષામાં જ અભિવ્યક્તિ થયેલી છે. બે કે તેથી વધુ લીટીમાં રચાયેલી કહેવતો આજે પણ એની સાદાઈ કે સચોટતાની અભિવ્યક્તિને કારણે જ ટકી રહી છે. કહેવત બોલતાની સાથે જ એક પ્રકારનો ઈચ્છનીય ભાવ વર્તાય આવે છે જેમકે-

'સમય વરતે સાવધાન'

'આગ લાગે ત્યારે કૂવો ન ખોદાય'

જેવી અનેક કહેવતોમાં અર્થપૂર્ણ ભાષાભિવ્યક્તિ કરવાની વિશિષ્ટ શક્તિ વર્તાય આવે છે.

કહો કે ભાષાનો શૃંગાર છે, ભાષાના અલંકારો છે. આવી કહેવતોમાં Reality નો ગુણ કેન્દ્રમાં રહેલો છે. કહેવતોમાં જે કાંઈ કહેવાય છે તે એકદમ સચોટ રીતે સાવ સાદી ભાષામાં દરેક વ્યક્તિને સરળતાથી યાદ રહી જાય એવા શબ્દપ્રયોગ જ થતાં હોય છે. આમ સાદગી, સરળતા, એ કહેવતની આગવી લાક્ષણિકતા છે. આજે પણ ગામડાંમાતો વાતવાતમાં આવી સાદગીપૂર્ણ સચોટ કહેવતો કહેવાતી જોવા મળે છે. ભણેલો વર્ગ જેટલો કહેવતનો ઉપયોગ કરતો નથી. તેટલો ઉપયોગ અભણ વર્ગ કરે છે. પોતાની લોકબોલીમાં જ એની કહેવતો કહેવાતી હોય છે.

## ૬. કહેવતમાં તળપદા, જીવંત, લાઘવ, પ્રતીકાત્મકતા, આંલકારિકતા જેવી ભાષા

લોકસાહિત્યમાં પ્રયોજાતો શબ્દ કંઠોપકંઠયજીવી હોવાને કારણે એનો સીધો સંબંધ તળપદી બોલી સાથે રહ્યો છે. તળપદી બોલી બોલનારા વર્ગ તળપદી બોલીની લિપિબદ્ધતામાં આવી કહેવતો રચી આપે એજ મહાન લાક્ષણિકતા છે. લોકબોલીમાં પણ જીવંતતા

પ્રતીકાત્મકતા, અલંકાર કે લાઘવતા જેવા અનેક ગુણો રહેલા છે. જે કહેવતોની ભાષા વડે પ્રયોજાય છે. ઓછામાં ઘણું કહી દેવાની પ્રણાલી પ્રારંભથી જ રહી છે. કહો કે 'ગાગરમાં સાગર ભરી દેવાની કળા' છે. લાઘવતા-સંક્ષિપ્તતાના ગુણને લીધે જ આપણી લોકકહેવતો આપણા ચિત્તમાં કાયમ માટે અંકાય જાય છે અને આવી લાઘવતા-જીવનને કારણે જ આપણે ભાષામાં વારંવાર આવી કહેવતો પ્રયોજતા હોઈએ છીએ. જીવંતતા એ લોકવાઙ્મયનું આગવું રૂપ છે. કહેવતો વડે ટૂંકામાં ટૂંકી ભાષાથી લોકહૃદયમાં સ્થાન પામી શકે છે. 'હૃદય સોસરવી ઊતરી જવાની' ગજબની તાકાત ધરાવતી આપણી આ કહેવતો આજે પણ એટલી જ લક્ષ્યવેધી બની છે.

પ્રતીકાત્મકતા પણ કહેવતની આગવી લાક્ષણિકતા છે. કેટલીકવાર એક અર્થ છોડી બીજો અર્થ આપનારી કહેવતો પણ શ્રેષ્ઠ બની છે જેમકે-

'સુથારનું મન બાવળિયે'

જેવી કહેવતમાં 'સુથારનું મન' અને 'બાવળિયે' એ બંને શબ્દો પ્રતીકાત્મક છે. એનો અર્થ તો મનમાં જે રાચતું હોય એવો જ થતો હોય છે. કેટલીકવાર અલંકાર વૈવિધ્યતા પણ કહેવતોને શ્રેષ્ઠ બનાવે છે. રૂપક અલંકાર ઘણીવાર કહેવતમાં પ્રયોજાય છે. કેટલીકવાર પુરાકલ્પનનો વિનિયોગ પણ થયેલો હોય છે. જેમકે-

'અભિમાન તો રાજા રાવણનેય નહોતું સાજયું'

'રામ રળે તો સીતા દળે, નહિતર ભૂખે મરે'

જેવી કહેવતોમાં રાવણ, રામ, સીતા જેવાં પૌરાણિક પાત્રો પુરાકલ્પન તરીકે પ્રયોજાય છે.

## ૭. તળપદી ભાષામાં તળપદા સંસ્કારોની મૂર્ખતા

દરેક ભાષામાં અવનવી કહેવતો રચાયેલી છે. કહેવતો નાત-જાત, દેશ-વેશ પ્રદેશ પ્રમાણે જુદી-જુદી તળપદી બોલીમાં બોલાતી જોવા મળે છે. કહેવતમાં પ્રદેશ, વિસ્તાર,

જાત મુજબ બોલવાની રંગ-ઢંગ, લહેકો, આરોહ-અવરોહ પણ નોખા તરી આવે છે. દા.ત. ઉત્તર ગુજરાતની કહેવતોમાં 'પટ્ટણી' બોલીનો લહેકો છે. તો સુરતી કહેવતોમાં 'સુરતી' લહેકો જોવા મળે છે. સૌરાષ્ટ્રની કહેવતોમાં 'કાઠિયાવાડી' લિજ્જત અચૂક જોવા મળે છે.

તળપદી ભાષાને કારણે કહેવતોમાં તળપદી લાક્ષણિકતા તળપદો પરિવેશ નિર્માણ પામતો હોય છે. તળપદા સમાજમાં બોલાતી કહેવતો ત્યાંના વાતાવરણને અનુરૂપ કહે કે ગ્રામ્ય વિસ્તારની કહેવતોમાં એમના વ્યવસાય, ઉદ્યોગ, જીવનસરણીને અનુરૂપ કહેવતો જોડાઈ ને આવે છે. જેમકે દક્ષિણ ગુજરાતની ધોડિયા જાતિની કહેવતોમાં ખેતીવિષયક, ગ્રામ્યજીવન વિષયક, પશુ-પંખી જીવજંતુ વિષય લઈને કહેવતો રચાયેલી જોવા મળે છે જેમકે-

'હુંથેડાયા હુતાર ઘટે તે કામ ઘટે'

કરોળિયાનો તાર ઘટે તો ઘરનું કામ ઘટે એવો અર્થ આ કહેવતમાં રહેલો છે.

'કાગડો બધે કાળો'

'બાપાયો બગીચો આય' જેવી અનેક કહેવતો જેને તળપદી બોલીની લાક્ષણિકતા ધરાવે છે. તળપદા સંસ્કારોની મૂર્તતા રહેલી છે.

## ૮. પ્રાસાનુપ્રાસ રચના

બંધબેસતી કહેવતોની રચનામાં મોટેભાગે પ્રાસાનુપ્રાસનું તત્ત્વ જોવા મળે છે. આવી ગોઠવણને કારણે જ આપણી કહેવતો વધારે લોકપ્રિય બને છે. સહેલાઈથી યાદ રહી જાય એ માટે પણ આ તત્ત્વ અતિ મહત્ત્વનું બને છે. જેમકે-

'બાપ તેવા બેટા,

વડ તેવા ટેટા'

'કરણી તેવી ભરણી'

'જયાં ન પહોંચે રવિ,

ત્યાં પહોંચે કવિ'

આમ 'બેટા'- 'ટેટા' કે 'રવિ'-'કવિ' જેવા શબ્દો વડે પ્રાસાનુપ્રાસની રચના જાળવી રાખીને કહેવતની સરળતા વધારી છે. તો કયારેક એકને એક શબ્દનું આવર્તન કે સૂત્રાત્મકતા સાધીને પણ કહેવતની સૌંદર્યતાની સાથે-સાથે કર્તાની સાહજિકતાને પણ વાચા આપી છે. જેમકે,

'ફરે તે ચરે,

બાંધ્યું ભૂખે મરે'

'આવ ભાઈ હરખા,

આપણે બેઉ હરખા' (ધો.બોલી)

ઉપરોક્ત કહેવતોમાં આ વર્તન અને સૂત્રાત્મકતાની સીધી અસર જોઈ શકાય છે.

### ૯. ઉપદેશ વૃત્તિ

ઉપરોક્ત અન્ય લક્ષણોની સરખામણીમાં લોકવાઙ્મયનાં આ સ્વરૂપની ઉપદેશવૃત્તિની લાક્ષણિકતા કંઈક અંશે અલગ તરી આવે એવું લક્ષણ છે. કોઈપણ કહેવત યોજવા પાછળનો વ્યક્તિનો ઈરાદો થોડામાં ઘણું અને સાનમાં કશોક ઉપદેશ આપી દેવાની વૃત્તિ હોય છે. પ્રાચીન સમયથી ચાલી આવતી આપણી કહેવતો જીવન ઉપયોગી, આદર્શો-નીતિઓ, જીવનવ્યવહારનાં સારાં નરસા આદિ વિવિધ પાસાંનું જ્ઞાન પીરસતી જોવા મળે છે. જીવન વ્યવહારના તમામ તબકકે પ્રયોજાતી કહેવતોના મૂળમાં આવી બોધ કે ઉપદેશની વૃત્તિ રહેલી છે. કયારેક કહેવતમાં કટાક્ષનું તત્ત્વ ભળે છે. આવી કહેવતોનો ભરપૂર ઉપયોગ કરીને સમાજ જીવનને વધારે પોરસ્યું છે જેમકે-

'બાપ તેવા બેટા

વડ તેવા ટેટા'

જેવી કહેવતમાં કટાક્ષની સાથે વાસ્તવિકતાની પણ વાત કરાઈ છે. આપણા વડીલોના જીવનભરના અનુભવોનો રસથાળ પીરસતી આ કહેવતોમાંથી આવા મૂલ્યવાન ઉપદેશ કે બોધ મળે છે. દા.ત.

'ધીરજનાં ફળ મીઠાં'

'ઉતાવળે આંબા ન પાકે'

'અધૂરો ઘડો છલકાય ઘણો'

આમ ઉપરોક્ત ઉદાહરણો જોતાં આપણે ઉપદેશ કે બોધના લક્ષણને સ્વીકારવું જ પડે છે.

### ૧૦. સમાજદર્શન

સાહિત્ય એ સમાજનું દર્પણ છે. એ ઉક્તિ અનુસાર કહેવતમાં પણ આપણે સમાજનું પ્રતિબિંબ પડતું જોઈ શકીએ છીએ. પ્રદેશ, જાતિ કે બોલી પ્રમાણે જે તે કહેવત જે તે સમાજ, પ્રદેશ જાતિ કે બોલીના લોકજીવનની અભિવ્યક્તિ કરે છે. આવી અભિવ્યક્તિના બળે જે તે સમાજના આદર્શો નીતિરીતિઓ કે વ્યવહારો આદિનું વાસ્તવિક નિરૂપણ શબ્દના માધ્યમથી કહેવત વડે વ્યકત કરે છે. કહેવતોમાં લોકોનુભૂતિની જીવંત (Live) અભિવ્યક્તિ થયેલી જોવા મળે છે.

કહેવતોના વિષય તરીકે જ લોકસમાજનાં વિવિધ અંગો જેવા કે સમાજનાં રીતિરિવાજો, આચારવિચાર, શ્રદ્ધા-અંધશ્રદ્ધા, માન્યતાઓ, ઉપરાંત કેટલાક પારિવારિક સંબંધોના તાણા-વાણા સાથે ગૂંથાઈને આપણી કહેવતો કહેવાતી આવી છે. કહેવતનું મુખ્ય કેન્દ્રબિંદુ સમાજ છે અને સમાજના લોકો જ એનો બહુધા ઉપયોગ કરતા હોવાથી 'કૂવામાં

હોય તો હવાડામાં આવે' એ કહેવત અનુસાર સમાજમાં હોય એવું જ કહેવાય છે.

આદિવાસી સમાજની કહેવતોમાં પણ એમના આગવા સમાજનું હુબહૂ પ્રતિબિંબ પડતું જોવા મળે છે. જેમકે માછીમારની કહેવતોમાં માછલીની વાત આવે ભીલી કહેવતમાં તીરકામઠાની વાત આવે, ધોડિયાજાતિની કહેવતમાં ખેતરની વાત આવે. આમ દરેક સમાજની છબી એમની કહેવતોમાં અંકાયેલી જોવા મળે છે.

**૧૧. કથનાત્મકતા**

લોકસાહિત્યના અન્ય સ્વરૂપોની જેમ કહેવતોમાં પણ કથનાત્મકતાનું તત્ત્વ જોવા મળે છે. કહેવતો એ કહેણીની કળામાં કહેવાય છે. અમારી ધોડિયા બોલીમાં કહેવતો માટે કહેવાયું છે કે- 'કહેવતોની કહેણી ભલી' ટૂંકમાં કહેણીથી જ કહેવત બની છે. કહેવતોમાં દ્વિમુખી વ્યવહાર કરવાનો હોવાથી કહેનાર અને સાંભળનાર બંનેની પરસ્પરની પ્રત્યક્ષતા હોવી અનિવાર્ય છે અને કથનાત્મકતાને લીધે જ આજે પણ આપણી લોકકહેવતો લોકસમાજમાં કંઠસ્થરૂપે સચવાઈ રહી છે. વાત કરનાર વ્યક્તિ વાતને અનુરૂપ કહેવતને કહેતો હોવાથી લોકબોલીની કહેવતોમાં આજે પણ લોકકહેવતો વાત વાતમાં કહેવાતી જોવા મળે છે.

જીવાતા જીવનમાં બોલાતી ભાષામાં વધારે વેધકતા કે ચમત્કૃતિ કે લોકપ્રિયતા લાવવા માટે કહેવતનું આ લક્ષણ વધુ ઉપયોગી બને છે. કહેવત આ લક્ષણ જીવાનુભૂત તત્ત્વ છે. વાતને વધારે સ્પર્શે એવી વિશેષતા આ કથનાત્મક પ્રણાલીથી લાવી શકાય છે.

**૧૨. લયાત્મકતા**

આપણે આગળ જોઈ ગયા તેમ કહેવત એ પ્રાસાનુપ્રાસ-આવર્તન અને સૂત્રાત્મકતાને કારણે લયબદ્ધ પણ બની છે. લોકબોલી આજ સુધી સચવાય રહેલી કહેવતો એની લયબદ્ધતાને કારણે જ શકય બની છે. પ્રસંગે પ્રસંગે કે પ્રયોજન અનુરૂપ બોલાતી કહેવતો લયબદ્ધતાને કારણે ભાષાને વધારે વેધક અને રોચકતા બક્ષે છે. જેમકે-

'કાંકરે-કાંકરે પાળ બંધાય ને,

ટીપે ટીપે સરોવર ભરાય'

'કાકા-મામા ગાવાના ને પાસે હોય તે ખાવાના' (ઉ.ગુ.)

'કાકા-મામા આખુના ને ઉવેતી ખામના' (ધોડિયા બોલી)

'નાણા વગરનો નાથિયો, ને નાણે નાથાલાલ'

જેવી ઉપરોક્ત કહેવતોમાં રહેલી લયાત્મકતાની શૈલીથી વધારે રોચક બની છે. લય એ કહેવતની આગવી લાક્ષણિકતા છે.

### ૧૩. મૌલિકતાનો અભાવ

કહેવતો એ કોઈ એક-દોકલ વ્યક્તિનું નહીં પણ સામૂહિક સર્જન હોવાથી એમાં કોઈ સર્જકની કે કોઈ એક વ્યક્તિની સભાન વ્યક્તિમત્તાનો એટલે કે એમાં મૌલિકતાનો અભાવ વર્તાય છે. કોઈ વ્યક્તિ દ્વારા એમાં ફેરફાર કરાય તો પણ જે તે કહેવતોનો પાઠ પરિવર્તન પામે છે. કહેવતોમાં એક વ્યક્તિગત ઊર્મિને બદલે સામૂહિક સંઘોર્મિનું જ વહન થતું હોવાથી એમાં મૌલિકતાની એવી બીજી કોઈ અપેક્ષા કયાંથી રાખી શકાય? એકનું ઘૂંટેલ જ બીજાએ ઘૂંટવાનું હોવાથી મૌલિકતા જેવા તત્ત્વનો અભાવ જરૂર વર્તાય છે.

### ૧૪. નિશ્ચિત પ્રયોજન

કહેવત જયારે ભાષા કે બોલીમાં પ્રયોજાય છે. ત્યારે એ પૂર્વે આયોજિત પ્રયોજન રૂપે જ આવે છે. તેથી જ દરેક કહેવતો પ્રયોજનના વિવિધતાવાળી બની છે. લોકવાઙ્મયના અન્ય લક્ષણોની જેમ પ્રયોજન કહેવતમાં અગત્યનું કાર્ય ભજવે છે. સમાજ જીવન સાથે ઘૂંટાઈને કે જોડાઈને આવતી દરેક કહેવત નિશ્ચિત પ્રયોજનવાળી છે. લોકરંજન, બોધ સમાજદર્શન, ચમત્કૃતિ જેવાં પ્રયોજનોનું તત્ત્વ કહેવતોમાં પણ કામ કરતું હોય છે.

કહેવતનું ઉચ્ચારણ નિશ્ચિત ઘટના સાથે પૂર્વ આયોજિત પ્રયોજન સાથે જ કહેવાય

છે. પ્રસંગબદ્ધ થઈને જ કહેવત આવે છે. જેમકે, 'જેવા સાથે તેવા' 'લાંબા સાથે ટૂંકા જાય મરે નહીં તો લાંબો થાય.'

તો ક્યારેક ભવિષ્યમાં આવનારી આફત સામે પડકાર ઝીલતાં કોઈ કહેશે- 'પડશે તેવા દેવાશે' માનવજીવન પણ વૈવિધ્યભર્યું રહ્યું હોવાથી આવા વૈવિધ્યસભર લોકજીવનમાં વગડાઉ વેલીની જેમ આપોઆપ ઊગી નીકળતી આપણી વૈવિધ્યસભર કહેવતો પણ અવનવીન અર્થસભર ભાવસંવેદનો પાર પાડે છે. ક્યારેક એકજ કહેવત એક કરતાં વધારે અર્થ દર્શાવનારી પણ બની રહે છે. છતાં તે પૂર્વઆયોજિત પ્રયોજનવાળી જ હોય છે.

આમ, ઉપરોક્ત કહેવતોનાં વૈવિધ્યપૂર્ણ લક્ષણો જોતાં એટલું ચોક્કસ કહી શકાય કે જેમ કહેવત વૈવિધ્યપૂર્ણ છે તેમ એનાં લક્ષણો પણ વૈવિધ્યપૂર્ણ છે. લોકવાઙ્મયના અન્ય સ્વરૂપોની તુલનાએ કહેવતોની લાક્ષણિકતાઓને વધારે સારી રીતે સમજવી હોય તો કહેવતોમાં રહેલી કેટલીક આગવી વિશેષતાઓ પણ ઉપયોગી બને છે. જે નીચે પ્રમાણે આલેખી શકાય.

૧. કહેવતો ઊંચ-નીચ, ગરીબ-અમીર, બાળક-વૃદ્ધ, સ્ત્રી-પુરુષ એ તમામનું સહિયારું ધન છે.

૨. કહેવતો લોકબોલીનું સૌંદર્ય વધારે છે. ભાષાને સમૃદ્ધ બનાવે છે.

૩. કહેવત એ સહજ રીતે બોલી જવાની નથી. પણ એનો ખાસ પ્રકારનો અનુભવ કરવાનો હોય છે. અનુભવના અભ્યાસથી જ કહેવતોનો યોગ્ય અર્થ પામી શકાય છે અને એ ન થાય તો કહેવતોનો સાચો અર્થ પામી ન શકાય અને તેથી જ કેટલીક વાર અર્થનો અનર્થ પણ થઈ જતો હોય છે.

૪. ડો.પ્રભાશંકર તરૈયા કહે છે તેમ 'કહેવત દરેક જ્ઞાતિઓનાં રીતરિવાજ, વ્યવસાયો અને જીવનમાં રહેલી આંટીઘૂંટીને પ્રતિબિંબિત કરે છે.' જે એની આગવી વિશેષતા છે.[૨૦]

૫. કહેવતો વડવાઓનું અનુભવસત્ત્વ છે. એ 'સત્ય' વડે જ કયારેક જીવનની અટપટી સમસ્યાઓને ઉકેલી આપનાર 'કૂંચી' છે.

૬. કહેવતો એ નિરક્ષર-અભણ માણસોની વાણીવિલાસની મૂલ્યવાન સંપત્તિ છે. એ જેમ વાપરીએ તેમ નવી બને છે.

૭. કહેવત એ ધનુષમાંથી છૂટેલી તીરની જેમ હૃદય સોંસરવું ઊતરી જનારું શબ્દબાણ છે. એની સહજતા-સરળતાના પ્રભાવથી પોતાની વાતને સામેના વ્યક્તિ સામે અસરકારક રીતે મૂકી શકાય છે.

૮. કહેવતો લોકવાઙ્મય અને અભિજાત સાહિત્ય વચ્ચેનો 'વાટકીવ્યવહાર' સાચવી રાખે છે. આજે પણ શિષ્ટસાહિત્યમાં એના સર્જકો ખૂબીપૂર્વક કહેવતોનો આશરો લે છે.

૯. સંસારજીવનના સંઘર્ષમય વાતાવરણમાં કહેવત નવું બળ પૂરું પાડે છે. એ સાહિત્ય કરતાંએ જીવન રસાયણ વધુ છે. આજે પણ આપણી લોકબોલી સચવાઇ રહેલી જોવા મળે છે એમાં કહેવતોનું પણ ઝાઝું મૂલ્ય છે.

૧૦. કહેવતો એ માણસાઈ, સ્વભાવ અને દુનિયાદારીના ડહાપણનો સિકકો ગણાવ્યો આ સિકકો લોકો જીવશે ત્યાં સુધી એમને એમ સ્વીકારશે અને એજ એની આગવી ખાસિયત બની રહે છે.

ઉપરોક્ત કેટલીક કહેવતોની વિશેષતાઓ જોયા પછી કહેવતોનું વર્ગીકરણ જોઈએ.

### ૪.૪.૫ કહેવતોનું વર્ગીકરણ

લોકવાઙ્મયના વિવિધ પ્રકારોનો સરળતાથી અને શુદ્ધ રીતે અભ્યાસ કરી શકાય એ માટે લોકસાહિત્યના અનેક વિદ્વાનોએ લોકસાહિત્યની વ્યાખ્યા, લક્ષણો, વર્ગીકરણો આદિની દીર્ઘ ચર્ચાઓ કરી છે. તેવીજ રીતે લોકવાઙ્મયના અન્ય પેટાપ્રકારો માટે પણ ઘણાં સંશોધનો

અભ્યાસો થયા છે અને આવા પ્રકારોને સહજ રીતે સમજી શકાય એ માટે અનેક ધારાધોરણો નકકી કર્યા છે.

કહેવતોનું વર્ગીકરણ અંગે કોઈ નિશ્ચિત વર્ગીકરણ થયાં નથી તેમ છતાં કહેવતોના ઉપાદાન અર્થ-પ્રકારની દષ્ટિએ એનું વર્ગીકરણ કરવાનો પ્રયત્નો ઘણા વિદ્વાનો કર્યા છે. જે નીચે મુજબ છે.

ભરત ક. દવે 'ઉત્તર ગુજરાતની કહેવતો' નામના પુસ્તકમાં ઉપાદાન, અર્થ અને પ્રકારાદિનું વર્ગીકરણ આપે છે.

### ૧. ઉપાદાનની દષ્ટિએ

એમાણે ખેતીવિષયક, પશુ-પંખી વિષયક, વ્યવસાય-ધંધાને ઉપાદાન બનાવી કહેવતો કહેવાય છે તો એજ પ્રમાણે સામાજિક સંબંધો, માનવીય પ્રકૃતિ, ખાદ્યચીજો સ્વાદ, ગ્રામ્ય પરિવેશ, ફળફૂલ, વૃક્ષ-વનસ્પતિ, જ્ઞાતિ-જાતિ, પૌરાણિક સ્થળો, પાત્રો, તહેવારો, સ્થળવિશેષ ધાર્મિક, રાજકીય બાબતો આદિને સાંકળી વિવિધ ઉપાદાનો વડે રચાયેલી કહેવતોને સમાવે છે.

### ૨. અર્થની દષ્ટિએ કહેવાતી કહેવતોનું વર્ગીકરણ

બીજા વર્ગીકરણમાં વિરુદ્ધાર્થી, સામાનાર્થી ઉપરાંત વાચ્યાર્થ, વ્યંગ્યાર્થ અને દ્દષ્ટાંત રીતે પણ વર્ગીકરણ કરી શકાય છે. ઉત્તરગુજરાતમાં કહેવતોનાં ઉદાહરણો વડે તેમણે આ વર્ગીકરણને સાર્થક કરી બતાવ્યું છે.

### ૩. કહેવતોના વિવિધ પ્રકારની દષ્ટિએ વર્ગીકરણ

આ પ્રકારનાં વર્ગીકરણમાં અન્ય બોલીમિશ્રત કહેવતોનું વર્ગીકરણ થઈ શકે જેમકે

'અકકલ બડી કે ભેંસ?' એ કહેવતમાં હિન્દી, ઉર્દૂ, ગુજરાતી બોલીનું મિશ્રાણ જોવા મળે છે. ત્યારબાદ એક લીટીવાળી, બે લીટીવાળી, ચાર પંક્તિવાળી કહેવતો વડે થતું વર્ગીકરણ બતાવ્યું છે.

આ ઉપરાંત એમણે વિનોદાત્મક કહેવતો, જીવનબોધ આપતી બોધાત્મક કહેવતો, વ્યવહાર જ્ઞાન આપતી કહેવતો, સંસ્કારને લગતી કહેવતો, આદિ વૈવિધ્યપૂર્ણ વર્ગીકરણો આપ્યાં છે.[૨૧]

કહેવતો સમાજજીવન સાથે સંકળાયેલી હોવાથી સમાજજીવનનું એકે એક અંગ એની કહેવતમાં ગૂંથાઈને આવે છે. લોકવાઙ્મયના વિવિધ પ્રકારો પડે છે તેમ કહેવતોને પણ વિવિધ વર્ગીકરણો વડે સમજી શકાય છે.

બાલુભાઈ બી.પટેલે પણ પોતાના સંશોધનગ્રંથમાં કહેવતોનું વર્ગીકરણ દર્શાવ્યું છે. એમણે દક્ષિણ ગુજરાતના માછીમારોની લોકબોલીમાં પ્રાપ્ત થતી કહેવતોને નીચે મુજબ વિભાગોમાં વહેંચી છે.

૧. સ્થાન સંબંધી કહેવતો

૨. જાતિ સંબંધી કહેવતો

૩. પ્રકૃતિ સંબંધી કહેવતો

૪. પશુ-પક્ષી વિષયક કહેવતો

૫. નીતિ-ઉપદેશને લગતી કહેવતો

૬. પ્રકીર્ણ કહેવતો

અ. શરીર સંબંધી કહેવતો

બ. સ્ત્રી સંબંધી કહેવતો

ક. વ્યવહાર સંબંધી કહેવતો.[૨૩]

ઉપરોક્ત કહેવતોનાં વર્ગીકરણો જોયા પછી ધોડિયા જાતિમાં બોલાતી કહેવતોનો વિગતે અભ્યાસ કરીએ.

## ૪.૪.૬ દક્ષિણ ગુજરાતની ધોડિયા જાતિની કહેવતો

કહેવતો એ લોકબોલીની આગવી સૌંદર્યતા છે. કહેવતોમાં જે પ્રકારનો ભાવ સમાયો છે તે ભાવ અસામાન્ય અનુભવને સંક્ષિપ્ત બનાવી લઘુમય પંક્તિમાં ઢાળવું એ કોઈ જેવા તેવા વ્યક્તિનું કામ નથી. પરંતુ જે અસાધારણ અનુભવ બુદ્ધિક્ષમતા ધરાવતા હશે એવા લોકોએ જે તે જમાનામાં જે તે સમાજનું પ્રતિબિંબજન્ય ભાવનિરૂપણ નાની નાની પંક્તિમાં અનુભવના નિચોડને નવનીત રૂપે મૂકી કહેવતને ઉપજાવી કાઢી હશે? આવી કહેવતો કયારે? કેવી રીતે પ્રયોજાયી હશે? વગેરે પ્રશ્નો આજે પણ અધૂરા લાગે છે. એવી અનુભવજન્ય અનેક કહેવતો આ જાતિના લોકોમાં પણ પેઢી-દરપેઢીથી બોલાતી આવી છે. કેટલીક કહેવતો એમની લોકબોલીમાં કહેવાય છે. જયારે કેટલીક શિષ્ટબોલીની કહેવતો પણ એમની શિષ્ટબોલીમાં બોલાય છે. અહીં જુદા જુદા માહિતીદાતાઓના મુખે સાંભળેલી કે બોલાતી કહેવતોને કહેવતોના વર્ગીકરણ મુજબ આલેખવાનો પ્રયાસ કર્યો છે.

દક્ષિણ ગુજરાતના ધોડિયા જાતિના લોકસાહિત્યમાં ઊંડી રસસમૃદ્ધિ દાખવનાર અને પોતાની લોકબોલી ઉપર સારી એવી પકડ મેળવનાર શ્રી મંછારામ પટેલે એમના સંશોધન પુસ્તકમાં કહેવતો માટે આ પ્રમાણેનું વર્ગીકરણ બતાવેલ છે.

**૧. સ્વરૂપ અનુસાર**

તુલનાત્મક, ઉપમામૂલક, પ્રશ્નમૂલક

**૨. વિષયો અનુસાર**

જાતિ, સ્થાન, ઈતિહાસ, સાદસ્ય, કૃષિવર્ષા, પશુપક્ષી, નીતિ, વ્યંગ, ક્ષેત્રીય, અન્ય ભાષા સાદશ્ય

આ ઉપરાંત જાતપરાસ્ત, સ્થાનપરત ને પણ એમણે વિષયો અનુસારમાં ગણાવ્યા છે.[૨૨]

કંઠસ્થ સાહિત્ય એ જે તે જાતિના લોકસમુદાયની સામાજિક, ધાર્મિક, જીવનરીતિનું અવિભાજ્ય અંગ છે. તે પ્રસંગ પ્રમાણે યોગ્ય સમય, યોગ્ય પરિસ્થિતિમાં સહજ રીતે તેમની જીવનરીતિમાંથી ઝમે છે. દક્ષિણ ગુજરાતના આ વિસ્તારમાં વસતા અનેક આદિવાસી જાતિના જીવનસંદર્ભે વિચારીએ તો કોઈપણ લોકસાહિત્ય સમાજના એકએક અંગ સાથે જોડાઈને આવે છે. પછી તે ગીત હોય, કથાવાર્તા હોય કે પછી કહેવત, ઉખાણાં આદિ લોકસાહિત્યના પેટા પ્રકારો હોય એ સર્વ એમના આચાર-વિચારો, ભૌતિક વસ્તુઓ આદિ સાથે અવિચ્છિન્ન રીતે જોડાઈને આવે છે. તેથી જ તો આવા લોકસાહિત્યનું સંકલન કરતી વખતે આપણે ફકત એના શબ્દો જ ઝીલવાના નથી પણ તેને તેના સમવેત સાંસ્કૃતિક પરિસરને પણ ઝીલવાનું હોય છે. જે આવા અન્ય પેટા પ્રકારોમાં જોઈ શકાય છે.

કહેવતોનું સમાજ જીવનમાં ઘણું ઊંચું સ્થાન છે. જેમ ભોજનમાં નીમક (મીઠું)ની જરૂર છે તેમ ભાષામાં (બોલી) કહેવતની જરૂર પડે છે. સમાજશાસ્ત્રીયતાની દષ્ટિએ લોકસાહિત્યનું ઘણું મહત્ત્વ રહ્યું છે. લોકસાહિત્યના માધ્યમથી સંબંધિત માનવ સંસ્કૃતિ, ભાષા અને સાહિત્યનું અધ્યયન સરળ બને છે. આવી લોકસંસ્કૃતિ કહેવતોમાં પણ સચવાયેલી છે. કહેવતોની તુલનાત્મક અધ્યયન ક્ષમતાથી જે તે વિસ્તાર પ્રદેશ જાતિ કે સંસ્કૃતિની મૂલ્યતા આંકી શકાય છે. પેઢીઓનો બહોળો અનુભવ અને ડહાપણની ઝાંખી કરાવતી આવી કહેવતો ધોડિયા જાતિમાં બોલાતી જોવા મળી છે. ધોડિયા જાતિમાં ‘કહેવત’ ને ‘કેવાત’ તરીકે ઉચ્ચારવામાં આવે છે. આવી કહેવતોનું વર્ગીકરણ કરવામાં આવે તો નીચે પ્રમાણેનું વર્ગીકરણ કરી શકાય.

૧. સ્થાન સંબંધી કહેવતો

૨. જાતિ સંબંધી કહેવતો

૩. પ્રકૃતિ સંબંધી કહેવતો

૪. પશુ-પક્ષી સંબંધી કહેવતો

૫. કૃષિ-વર્ષા સંબંધી કહેવતો

૬. ઈતિહાસ વિષયક કહેવતો

૭. નીતિ અને ઉપદેશ વાળી કહેવતો

૮. પ્રકીર્ણ કહેવતો: શરીર સંબંધી કહેવતો, સ્ત્રી સંબંધી કહેવતો, વ્યવસાય સંબંધી કહેવતો, ઉપમામૂલક કહેવતો.

ઉપરોક્ત કહેવતોનું વર્ગીકરણ સંપૂર્ણ તો નથી જ પરંતુ કહેવતોનો સરળતાથી અભ્યાસ કરી શકાય. કહેવતોની સમજૂતી સરળ બને તે હેતુસર મળતી કહેવતનુસાર વર્ગીકરણ કરવાનો પ્રયાસ કર્યો છે. કહેવતોનું વર્ગીકરણ જોયા પછી ધોડિયા જાતિમાં મળતી કહેવતોનું વિગતે ચર્ચા કરીએ.

## ૧. સ્થાન સંબંધી કહેવતો

જે તે પ્રદેશ કે વિસ્તારને અનુરૂપ કહેવતો કહેવાતી જોવા મળે છે. તેથી જ કહેવતો, જાતિ, ભાષા, પ્રદેશ કે ગામ અનુસાર થોડા ઘણા અંશે જુદી તરી આવે છે. અહીં સ્થાનને દર્શાવતી કહેવતોનો નિર્દેશ કરાયો છે. જોકે ધોડિયા બોલીમાં આ પ્રકારની કહેવતો ખૂબ ઓછા પ્રમાણમાં મળે છે. છતાં જે કોઈ મળી છે તે જે તે સ્થાનની વિશેષતા બતાવે છે જેમકે-

૧. સુરતનું જમણ ને કાશીનું મરણ- સ્થળની શ્રેષ્ઠતા

૨. મૂવા વગાર સરગે નાંઈ જવાય- અનુભવે સિદ્ધિ થાય

૩. ઉજ્જડ ગામમાં દીવેલો પરધાન- નજીવી વસ્તુની મૂલ્યતા

૪. ગાંડાયા ગામ નાંઈ- અયોગ્યની હદ હોય

૫. ઘર બઠી ગંગા- સહેલાઈથી પ્રાપ્ત થવું

૬. દેશ તહો વેહ- પરિસ્થિતિ મુજબનું વર્તન

૭. ધરતીનો છેડો ઘર- સર્વનું મૂળ ઘર

૮. બાર ગાઉ બોલી બદલાય- અંતરે-અંતરે ભાષામાં ફેર વર્તાય

૯. મન હોય તો માળવે જવાય- સ્થાનની પવિત્રતા

૧૦. મન ચંગા તો કથરોટમાં ગંગા- પવિત્રતાના અર્થમાં

૧૧. મહાણેથી મરેલા પાછા નાંઈઆવે- અશકય બાબત

૧૨. મંબોયાથી કમાણી મંબોઈમાં સમાણી- મુંબઈની ગીચતાનો વ્યંગ્ય

૧૩. લંકામાં હુના તી કાં કામના?- અશકય હોવું

૧૪. લંકાથી લાડીને ઘોઘાયો વર- કેટલીક બાબતો શકય ન બનવી

## ૨. જાતિ વિષયક કહેવતો

ધોડિયા જાતિની લોકબોલીમાં કેટલીક જાતિવિષયક કહેવતો પણ મળી છે. જે અન્ય જાતિ સાથે સંબંધ દર્શાવે છે. દક્ષિણ ગુજરાતના ગામડાઓમાં એક કરતાં વધારે જાતિઓના ગામ વસેલા જોવા મળે છે. એક જ ગામમાં અનેક જાતિઓએ વસવાટ કર્યો હોવાથી એમના પરસ્પરના સંબંધોને કારણે કેટલીક કહેવતો જાતિ ઉપરથી પણ કહેવાતી આવી છે. ધોડિયા લોકબોલીની એક આગવી વિશેષતા એ છે કે દરેક લોકબોલીને પોતાની બોલીમાં સાંકળી હોવાથી એમને લગતી કેટલીક કહેવતો પણ અસ્તિત્ત્વમાં આવેલી જણાય છે. ધોડિયા જાતિનાં ઐતિહાસિક પુરાવામાં કેટલીક બાબતો આપણે નોંધી ગયા કે આ જાતિ સ્થળાંતર થઈને જુદી જુદી જાતિઓના સંપર્કમાં આવી હોવાથી એમની કેટલીક બોલી પણ અપનાવેલી હોવાથી એ જાતિ પ્રત્યેની મમતા પણ કહેવત કહેવા તરફ લઈ જાય છે જેમકે-

૧. કોળિયા કૂકાને અક્કાલના ટૂંકા- કોળી જાતિ માટે

૨. વાણઘો ઉલે અગાત્ બુધ્ધિ- અગમ બુધ્ધિ વાણિયો

૩. કુંભારા કરતાં ગધેડાં ડાયાં- માલિક કરતા નોકર શાણો કુંભાર જાતિ માટે

૪. મીળે લાડવા તે બામણા બહે અડવા- બ્રાહ્મણ જાતિ માટે લાડુનું ભોજનથી બ્રાહ્મણ ખુશ.

૫. વાણઘાયા પોતિયા ભાર નાંય ઝીલે- વાણિયાની જાતિ માટે લડાઈમાં વાણિયાની હામ ન ચાલે.[૨૨]

૬. ઘાંચીયાને ગોલા હરખાં જ- ઘાંચી-ગોલીની જાતિ માટે તુલનાના અર્થમાં

૭. દુબરીએ અગ્યારહ નાંઈ છાજે- દુબળાની સ્ત્રી માટે ઉપવાસ કરવો અઘરો પડે.

૮. ભરવાડાયી જાત આથે કરીને ગાળ ખાય- ભરવાડ જાતિ માટે જાતે કરીને ગાળ વહોરવી.

૯. ખેતી તે કણબાઈ એરુની- કણબી જાતિ માટે ખેતીમાં મોખરે હોવાના અર્થમાં

૧૦. લોભીયાયે ગાંવામાં બામણા ભૂખે મરે- બ્રાહ્મણ જાતિ માટે લોભીના ગામમાં બ્રાહ્મણ ભૂખે મરે ના અર્થમાં

૧૧. ભાઠલાયો ભરોહોનાંય- ભાઠલાજાતિ માટે અવિશ્વાસના અર્થમાં

૧૨. હોની બાણીયાયા હોના છોડે તે હુજી આવે- સોની જાતિ માટે સોનીનો ધંધો કરનાર ભેળસેળ કરે નહી તો પેટ સૂજેના અર્થમાં

૧૩. અજામાયી જાનમાં બધાં જ ઢોલીવાળા- હજામ જાતિ માટે સર્વસ્વના અર્થમાં

૧૪. મીયાંભાઈની તંગડી ઊંચી તે ઊંચી- મુસલમાન જાતિ માટે નમતું ન મૂકવાના અર્થમાં

૧૫. ઘોઈ મરુની ઉવે તે દુબારવાડે જાય- દુબળા જાતિ માટે- ઘોનું મૃત્યુ દુબળાના હાથમાં

૧૬. વાણિયાથી મૂછ નીચી તે નીચી- વાણિયાજાતિ માટે શૂરાતનમાં આગળ ન રહેવું ના અર્થમાં

૧૭. બોરોડિયાથી જાત બોટે નાંઈ- બરોડીયા જાતિ માટે કોઈપણ વસ્તુને ઊંચેથી લેવાના અર્થમાં

૧૮. પોહી તે પારહીયાથી- પારસી જાતિ માટે- રૂપના સંદર્ભે કટાક્ષમાં પણ કહેવાય છે. (કોઈ છોકરી કાળી કે અરૂપ હોય ત્યારે)

૧૯. આલીપુરમાં હો મૂછા કોને જાયને પૂછા- મુસલમાન જાતિ માટે દાઢી-મૂછ એ મુસલમાનની આગવી ખાસિયત છે. બધાં દાઢી-મૂછવાળા સરખાના અર્થમાં

૨૦. જાત વગારની જાતરા ખોટી- સર્વજાતિ માટે- સરખે સરખી જાતિમાંજ મજા આવે.

૨૧. મુસલમાનાએ ચોટલી નાંઈ ને કેળામાં ગોટલી નાંઈ- મુસલમાન જાતિ માટે- અશકય- નથીના અર્થમાં

## ૩. પ્રકૃતિ સંબંધી કહેવતો

પ્રકૃતિ માનવ જીવન સાથે અનંત રીતે સંકળાયેલી હોવાથી પ્રકૃતિનાં તત્ત્વો એક યા બીજી રીતે કહેવતોમાં પણ વણાઈને આવે છે. પ્રકૃતિના ખોળાને ખૂંદનાર લોકો જીવન દરમ્યાન જીવન સાથે જોડાયેલાં કેટલાંક પ્રકૃતિનાં તત્ત્વોને પણ કહેવતોમાં સહજ રીતે જોડીને કહેવતોનો ઉપયોગ કરે છે. પ્રકૃતિ પ્રમાણે ગોઠવાયેલું એમનું જીવનધોરણ પ્રકૃતિની કહેવતો સાથે જ બંધ બેસે છે- જેમકે-

'એકી જ વેલાયા તુમડા'- સરખી પ્રકૃતિ ધરાવવી.

૧. ઉતાવળે આંબા નાંઈ પાકે- સમય પ્રમાણે જ થાય

૨. ધીરજનાં ફળ મીઠાં- ઉતાવળ કરવાથી ફાયદો ન થાય.

૩. સતે દિ તારા દેખાડે- તથ્ય વિનાની વાત કરવી

૪. ધાયરા ધણિયાયા ઉવે- ઈશ્વર ઈચ્છા આગળ બધું નકામું

૫. પાણી પેલા પાળ- અગમચેતી- પૂર્વ તૈયારી કરવી.

૬. ફૂલનાંઈ ફૂલાયી પાંખડી- યથાશક્તિ અનુસાર

૭. ભાદરવાયો ભેંડો વાયડો પડે- સમય વગરનું કામ અઘરું

૮. રાત થોડીને વેશ ઝાઝા- પરિસ્થિતિથી વધારે કામ કરવું પડે

૯. વડ તહા ટેટા બાહ તહા બેટા- મા-બાપનાં લક્ષણો ઉતરે

૧૦. વાડ વગર વેલા નાંય ચળે- આધાર હોવો જરૂરી

૧૧. વાડે ચીભડાં ગળ્યા- રક્ષક-ભક્ષક બને

૧૨. વાયરો વાત લેઈગો- વાત બધે પ્રસરી જવી

૧૩. દુકાળમાં અધિક માહ- મુશ્કેલીમાં વધારો

૧૪. ડુંગાર દૂરથી રળિયામણા- દૂરથી જ સારું દેખાય નજીકથી ખોટું નીવડે

૧૫. શેરડી આથે ઢેઢાર પીલાય- સારા સાથે ખરાબ પણ જાય

૧૫. ગાજનેલો વરહે નાંઈ- દેખાવ પ્રમાણે કાર્ય ન થાય

૧૭. ખોયદો ડુંગાર ને કાયઢો ઉંદાર- વધારે મહેનતે ઓછું મળવું

૧૮. કૂવામાંનો દેડકો જહો- અજ્ઞાન હોવું

૧૯. કુમળા છોડવા વાળે તહાવળે- નાની વયે આપેલા સંસ્કારો જલ્દી ઉતરે

૨૦. ધણી વગારના ધોરી જહાં- કોઈ બેલી ન હોવો

૨૧. હોળી પાઠીં દિવાળી- સમયાનુસાર હોવું- સુખ પછી દુઃખ હોવું

૨૨. માગ્યા મહે, વરહે નાંય- ઈચ્છા મુજબ ન થાય

૨૩. વાવણી ને તાવણી સાચવવી- સમય સાચવવો.

ઉપરોક્ત કહેવતોમાં કેટલીક કહેવતો એમની લોકબોલીને અનુરૂપ બોલાય છે. છતાં પ્રકૃતિપ્રેમી માનવી પ્રકૃતિનાં ભાવસંવેદનો અચૂક જોડતો હોય છે.

## ૪. પશુ-પક્ષી સંબંધી કહેવતો

ધોડિયા જાતિનો મુખ્ય વ્યવસાય જ ખેતી અને પશુપાલકનો રહ્યો હોવાથી ખોટીકાર્યની સાથે સાથે પશુ-પક્ષીથી ઓતપ્રોત બનેલી આ જાતિમાં એમની જીવન પ્રણાલિ સાથે કેટલીક કહેવતો જોડાઈને આવે છે. પશુ-પંખી જ એમના જીવનચર્યાનો મુખ્ય આશય રહ્યો હોય વાત-વાતમાં બોલાતી કહેવતો એને અનુરૂપ જ આવતી હોય છે જેમકે-

૧. ભેંહાયે હિંગડે ભેંહા ભારી- ભેંસના શિંગડાં ભેંસને ભારી- દુર્ગુણ વ્યક્તિના દુર્ગુણો એને ભારી.

૨. ભરોહાયી ભેંહ પાડો વિયાય- પારકાને ભરોસે નિષ્ફળતા મળે

૩. કૂકડો, બોકડો, ભગાત માંગે રોકડો- બાધા ચઢાવવા ભગત ભોગ માટે આવી વસ્તુ માંગે

૪. બિલાડીયે આદા નાંઈ જીરે- બિલાડીને આદુ ના પચે- ગજા ઉપરનું ન જીરવાય.

૫. ભસતો કૂતરો કડે નાંય- ભસતો કૂતરો કરડે નહીં- ઉપરથી દેખાય તેવું અંદર ન હોવું

૬. સમડી ઉડે ઊંચે નજર નીચે- ધ્યાન કેન્દ્રિત હોવું

૭. મોરનાં પીછાં મોરા જ શોભે- મોરનાં પીછાં મોરને શોભે- જે તે વસ્તુની ખપ યોગ્ય જગ્યા એ જ થાય.

૮. ખાખરાની ખિસકોલીને આંબા (મોર)ની શી ખબર- જે તે વસ્તુની જાણકારી યોગ્ય વ્યક્તિને હોવી.

૯. કૂતરાઈ પૂંછડી વાંકીને વાંકી- અમુક બાબતમાં ફેરફાર ન થવો (જન્મજાત હોવું)

૧૦. મોરાયા ઈંડે ચીતરવે નાંય પડે- મોરના ઈંડા ચીતરવા ન પડે (જન્મજાત હોવું)

૧૧. કાગડો ભેગા કરે ને કાબર ખાય- એકની મહેનત બીજાને લાભ

૧૨. કાગનું બેસવું તાડનું પડવું- આકસ્મિક સ્થિતિ હોવી

૧૩. કાગડાયે અહુનાને દેડકાયો જીવ જાય- એકનો આનંદ બીજાને દુ:ખી કરે

૧૪. બોડકાયા મન ઝાંખરામાં- પ્રકૃતિ પ્રમાણે વર્તન.

૧૫. ગરાજે ગધેડો માટી કરે- કામ કરાવવા નીચા માણસને પણ માન આપવું

૧૬. ઘરડી ઘોડીને લાલ લગામ- અણછાજતું હોવું (કરવું)

૧૭. ઝાઝી કીડી સાપને તાણે- અશકય કામ પાર પાડવું

૧૮. હઘરેલો હાપ પુણ કામ લાગે- સૃષ્ટિની દરેક વસ્તુ ઉપયોગી બને

૧૯. સિંહાયે ટોળા નાંય ઉવે- સર્વોત્તમનું પ્રમાણ ઓછું હોવું

૨૦. દીકરીને ગાય દોરે ત્યાં જાય- તુલના કરવી- બીજાની ઈચ્છા પ્રમાણે જ ચાલવું.

૨૧. દીખરી હાપાયો ભારો- દીકરી સાપનો ભારો- ઉંમરલાયક દીકરીની સાચવણી મુશ્કેલીભરી

૨૨. કીડીયાયા કણ હાથીયાયા માણ- જેની જેટલી જરૂર (કીડીને કણ હાથીને માણ)

## ૫. કૃષિ-વર્ષા સંબંધી કહેવતો

આ જાતિનો મુખ્ય વ્યવસાય જ ખેતી છે. તેથી ખેતીવિષયક બોહળા અનુભવ થવાથી એવા અનુભૂતિ આધારિત તથ્યોનું નિરૂપણ કહેવતોમાં વ્યક્ત થાય એમાં નવાઈ નહીં. વરસાદ અને ખેતી એ એમના જીવનચર્યાનો આગવો વેપાર છે. વરસાદ ન આવે તો ખેતી ન થાય અને ખેતી ન થાય તો વેપાર ન ચાલે, વ્યવહાર ન ચાલે. આવા અનુભવજન્ય ભાવો કહેવતોમાં વણાઈને આવે છે જેમકે-

૧. વાવજા તહા લણજા- 'વાવે તેવું લણે'

૨. વાવણી ઘી તાવણી- માખણમાંથી ઘી કરવા જેવી કાળજી વાવણી વખતે રાખવી પડે છે.

૩. વરહે આથિયો (નક્ષત્ર) તો પુરાય અનાજાયો હાથિયો- નક્ષત્રમાં વરસાદ સારો પડે તો પાક સાથિયા પુરવા જેવો થાય.

૪. જેઠાયી રોપણી ને ભાતાયી રોટલી- જેઠ મહિનામાં રોપણી રોપાય તો ચોખાની રોટલી સારી ખવાય

૫. વરહે મઘા તે ઘરમાં બહીને હગા- મઘા નક્ષત્રમાં ધોધમાર વરસાદ પડે તો ઘરમાંજ જાજરું કરવું પડે.

૬. વરહે મઘા તે ઘંવાયા ઢગા- મઘા વરસે તો ઘઉંના ઢગલે ઢગલા પાકે

૭. ગાજનેલા વાદાળ વરહેનાંય- ગાજે તેટલો વરસે નહીં- વધુ બોલનાર ઓછું કાર્ય કરે

૮. બલ લેવનો તે હાંકીને, ડોબી લેવની તે દોઈને- બળદ હાંકીને અને ગાય દોહીને લેવી.

૯. ચિત્રાય તપ છાંયે મારે ગપ- ચિત્રા નક્ષત્રમાં બહુ તાપ પડે ત્યારે ઝાડના છાંયે બેસી ગપ્પા મારે.[૨૪]

૧૦. ધાહ કરતાં હુકાવરાયા જોર વધારે- સમર્થ કરતાં અસમર્થ વધારે જોર રાખે

૧૧. શેરડી ભેગો ઢેઢાર પીલાય- સારા ભેગા ખરાબ પણ જાય.

૧૨. ખાંધા પાર ઝૂંહરીને આખે ખેતર હોઈધી- પોતા પાસે રહેલી વસ્તુને બીજે શોધવી

૧૩. દીવેલા ઉગેતાંજ પોલા- જન્મજાત પ્રકૃતિ હોવી

૧૪. એક પાતરા કુએ તે બધે, પાતારે બગાડે- એક બગડતા બધું બગડે (પાન)

૧૫. આભ ફાટે તો થીંગડા થોડા દેવાઈ- મુશ્કેલીનો સામનો કેમ કરવો?

## ૬. ઐતિહાસિક કહેવતો

ઈતિહાસમાં બનેલી કેટલીક ઘટના કે વ્યક્તિનો આધાર લઈને કહેવાતી કહેવતો આ જાતિમાં થોડી મળે છે જેમકે[૨૫]

૧. હરિશચંદર જોહો હાચો- સત્યવાદી હરિશ્ચંદ્ર જેવો સાચો

૨. પ્રતિજ્ઞા તે રાજા રામની- રામ જેવા પ્રતિજ્ઞા પાલનના અર્થમાં

૩. માભારત ઉઈગુંઆ- મહાભારત જેવું થઈ ગયું- એકબીજાના સંબંધના અર્થમાં (લડાઈના)

૪. રામ-લખમણાયી જોડી- ભાતૃભાવમાં રામ-લક્ષ્મણની સાથે સરખામણી

૫. મામો તે કંસ જહો- મામાની સરખામણી કંસ સાથે કરવી સંબંધના અર્થમાં

૬. ઘરમાં બો રામાયણ ઉની- ઘરમાં કુટુંબના સભ્યો સાથે અણબનાવ બનતા રામાયણ સાથે તુલના કરવી.

૭. ઈતે ભગવાનાયા માણહ- નિખાલસતા, સત્યતાના, સહનશક્તિના સંદર્ભમાં.

## ૭. નીતિ-ઉપદેશની કહેવતો

આમ તો કહેવતો એક રીતે તો આડકતરો ઉપદેશ જ આપી જાય છે. મોટેભાગે એનો બીજો ભાવાર્થ કોઈ નીતિ કે ઉપદેશ અર્થે જ કહેવાતો હોય છે. તેથી જ તો આગળ કહ્યું તેમ ભણેલા કરતા અભણ-અજ્ઞાની એવા લોકો જ વધારે કહેવતોનો ઉપયોગ કરે છે. જેનો ઈરાદો ટૂંકામાં ઘણું કહેવાનો કે અસ્પષ્ટ રીતે ઉપદેશ કે બોધ આપવાનો ઈરાદો હોય છે. ધોડિયા જાતિમાં પણ નીતિ બોધની થોડી કહેવતો મળે છે. એમાંથી એમના ઉચ્ચ આદર્શો, નીતિમત્તા આદિ પ્રતિપાદિત થાય છે. પહેલાના સમયમાં પૈસા ઉછીના લેવાતા, કૃષિમાં આળસ વર્તાતી, અસાવધાનીથી વર્તવું, દારૂનું પાન કરવું, ખોટું બોલવું કોઈનું બૂરું ઈચ્છવું જેવા કેટલાક દષ્ટિકોણોને ધ્યાનકેન્દ્રિત કરી આવી બુરાઈઓને દૂર કરવા સંદર્ભે કેટલીક સ્વસ્થ ભાવના કહેવતો વડે વ્યક્ત થઈ હશે? જેમકે-

૧. ખાડો ખોદે તી પડે- ખાડો ખોડે તે પડેના અર્થમાં- બીજાનું બુરું કરનારની જ બુરાઈ થાય.

૨. ખાઈ પી ઉતારનો- વયોવૃદ્ધ માણસ

૩. ખાય નાંઈને ખાવ દેઈનાંઈ- મળતો લાભ ન લે અને બીજાને લેવા ન દે.

૪. ખાય તેણાં જ ખોદે- સારું ઈચ્છનારનું જ ખરાબ ઈચ્છે.

૫. એકાલ કંધો આય- કોઈની સાથે ન ભળવું.

૬. એક હાંધે ને તેર તૂટે- એક મુશ્કેલી દૂર કરો ત્યાં બીજી મુશ્કેલી

૭. ઈણાજ મુઆઆ શબ્દા- એના જ બોલે બોલવું

૮. કાણાં દેખાડે તે બાકોરા હોધે- થોડું મળતા વધારે માંગે

૯. કજિયાયા મુઈ કારાં- કલેશ ન કરવામાં ભલાઈ

૧૦. આખે કાંઈને કરે કાંય- કહે તેના કરતાં વર્તન જુદું

૧૧. કંજૂસાયા ધન કાંકરા- કંજૂસની સંપત્તિ કોઈના કામે આવતી નથી.

૧૨. કાકા-મામા આખુનાને ઉઈતહાં ખામના- સ્વાર્થ સાધવા વ્યક્તિ ગમે તે કરવા તૈયાર થાય.

૧૩. કાગડે બધે કાળે- દરેક જગ્યાએ સરખી પરિસ્થિતિ

૧૪. કૂણ આખે વેવા ભૂંડા?- સારા પ્રસંગો સૌને ગમે

૧૫. કૂવામાનો દેડકો જહો- બહારનું ન જાણનારો અજ્ઞાની

૧૬. ગજવા ખાલીને ભપકાભારી- વગર પૈસે દેખાડો કરવો.

૧૭. ખાટલા વચ્ચેજ- એક સરખું પરિણામ

૧૮. ઘરમાં લીલાલેર આંય- સુખ શાંતિ હોવી

૧૯. હુના કરતાં ઘડામણ મોંઘી- વસ્તુ કરતાં મજૂરી મોંઘી

૨૦. ઘર-ઘર કાદવાયે ચુલે- બધે સરખાપણું

૨૧. ચડેતી પડે- ચડતી પડતી આવે.

૨૨. બાવો બની ગો- સર્વસ્વ લુંટાઈ જવું

૨૩. ચામડાયી જીભ બોલાય ગુવા- ભૂલનો સ્વીકાર કરવો

૨૪. ચેતનેલા હાંજા- સજાગતા રાખવી

૨૫. ઓહિયાળી મુંઈ હંતાડે- ખોટું કરનાર સંતાતા ફરે.

૨૬. ચોરાયો ભાઈ ઘંટી ચોર- ખરાબ સાથે સારો પણ બગડે

૨૭. ચોરીને ચીકણા કધાં- વાતને વધારે ચૂંથવી

૨૮. બધી ચોખી મલાણી કેને- ચોખ્ખાઈ ધરાવતી સ્ત્રી

૨૯. જાગના તાંથી હવાર- ભૂલ્યા ત્યાંથી ફરી ગણીએ (સમજાય ત્યાંથી શરૂઆત કરવી)

૩૦. ટૂંકાને ટચ- સર્વોત્તમ હોવું તે.

૩૧. હાવ બાયલો આય- સામાન્ય કામમાં પણ અસમર્થ હોવું.

૩૨. દગો કોઈનો હગો નાંય- છેતરનાર વ્યક્તિ સગાને પણ ન છોડે

૩૩. દયાયીમાંય ડાકણખાય- બીજાનું સારું કરવા જતાં પોતાનું ખોટું હોવું.

૩૪. થૂંકનેલા ચાટી ગો- એકવાર બોલ્યા પછી પાછા ફરી જવું તે

૩૫. ઈણોકુણ બેલી- કોઈનો સથવારો ન હોવો

૩૬. દાળમાં કાળા- અજાણ્યું રહસ્ય

૩૭. દાઝ્યા ઉપર ડામ- મુશ્કેલીમાં વધારે મુશ્કેલી આપવી (દુઃખમાં વધારે દુઃખ આપવું)

૩૮. નમે તી ગમે- નમ્રતા સર્વથા પ્રસંશનીય છે.

૩૯. નશીબમાં ઉઈ તહાં ઉવે- ભાગ્ય ઉપર છોડવું.

૪૦. નાઈ કરુને અજાર બાનેં- જવાબદારી ન ઉપાડવી.

૪૧. નાલ્લે મુવે મોટી વાત- પોતાની મર્યાદામાં રહી વાત કરવી.

૪૨. પાકા ઘડે કાંઠા નાંઈ ચળે- ઉંમરલાયક થતા નવું ન આવે.

૪૩. પારકી પંચાત નકામી- બીજાના વિવાદમાં ન ઉતરવું.

૪૪. ઈતે પારકી માયી જ કાને વીંધે- ઉત્તમ કેળવણી પરાયી માતા જ આપી શકે.

૪૫. દુહરાયે મુવે કાં આખે- બીજા પાસે કહેડાવવું.

૪૬. પેટ કરાવે વેઠ- સ્વખાતર બધું કરવું.

૪૭. બેની લડાઈમાં ત્રીજો ફાવે- બેમાં ત્રીજાને ફાયદો થાય.

૪૮. બે ઘરાયો પાવણો ભૂખે મરે- બે તરફનો લાભ લેવા જતાં સર્વસ્વ ખોવું પડે.

૪૯. બોલે તીણા બોર વેચાઈ- બોલે તેનું કાર્ય પાર પડે.

૫૦. ભેંહ આગાળ ભાગવત- નકામો પ્રયત્ન કરવો.

૫૧. માઈગા વગાર માય નાંઈ પૂછે- પૂછયા વગર કોઈ આપતું નથી.

૫૨. મોટો ઉલો ખોટો- કામમાં આળસું

૫૩. વખાણેલી ખીચડી દાંતે વીળાગની- વખાણેલું મુશ્કેલીમાં મુકે (નુકશાન કરે)

૫૪. નાંઈ લેવાને નાઈ દેવા- કોઈ નિસ્બત ન હોવી.

૫૫. વાતાયો કાકો આય- વાતોડિયા ઉપર કટાક્ષ.

૫૬. વીતે તી જાણે- અનુભવે જ પીડા સમજાય.

૫૭. હેઠાયા શિખામણ ઝાંપા હુધી- કોઈએ આપેલી શિખામણ લાંબી ન ચાલે.

૫૮. હોની એક વાત- ચોકકસ બાબત કહેવી.

૫૯. અરામાયા જીરે નાંય- વગર મહેનતે પચે નહી.

૬૦. જીરી જપનાંય- નવરાશ ન મળવી.

૬૧. આથામાંથી ગુવા- હાથમાંથી સર્વસ્વ જતું રહેવું.

૬૨. આથે કરીને ખોઈવા- જાણી જોઈને જતું કરવું.

૬૩. કૂવામાં ઉવે તે અવાડામાં આવે ને- મૂળમાં જ ખામી હોવી.

સંસારમાં જીવન જીવવા માટે જેમ કેટલીક જીવનજરૂરિયાત ચીજવસ્તુઓની જરૂર પડે છે તેમ લોકજીવનમાં ભાષાને જીવંત બનાવવા માટે પણ આવી અનેકવિધ લોકકહેવતોની

જરૂર પડે છે. આ પ્રકારની કહેવતો વડે ધોડિયા જાતિના લોકોની બોધ કે નીતિસંબંધી કેટલાક ખ્યાલો પરંપરાગત રીતે ચાલ્યા આવે છે. જે આવી કહેવતોના માધ્યમ વડે આજે પણ સચવાયેલા જોવા મળે છે. એટલું જ નહીં પણ જીવન જીવવાની એક ચાવીરૂપ કડી આવી કહેવતોમાંથી પૂરી પાડી શકાય છે. કહેવત એ સાહજિક રીતે જ જીવનમાં જોડાઈને આવે છે. કોઈપણ વ્યક્તિએ એને બળજબરી પૂર્વક  કહેવી પડતી નથી. જે તે પ્રસંગનુસાર વાત-વાતમાં ઘટનારૂપ કહેવતો આવી જતી જોવા મળે છે. એટલેજ તો આ જાતિમાં પણ શિષ્ટ કહેવતો ભાષા સાથે એકરૂપ બની ગયેલી દેખાય છે.

## ૮. પ્રકીર્ણ કહેવતો

'કહેવતો પર ભાણેલાનો ઈજારો નથી' એ ઉક્તિ મુજબ જુદા જુદા વિષયોને આધીન કહેવતો કહેવાતી જોવા મળી છે. જીવન દરમ્યાનના અનુભવે ઘડાયેલી આવી વિવિધ પ્રકારની કહેવતો આ જાતિમાં પણ કહેવાતી આવી છે. પ્રકીર્ણ કહેવતોમાં કેટલીક શરીર સંબંધી સ્ત્રી વિષયક, ઉપમામૂલક, વ્યવહાર સંબંધી કહેવતોને પણ ગણાવી શકાય. આવા પ્રકારની કહેવતો ઝાઝી જોવા નથી મળી છતાં જે કાંઈ સાંભળવા મળી છે તે આ પ્રમાણે છે.

### ૦ શરીરને લગતી કહેવતો

૧. પેટ કરાવે વેઠ-

૨. આથ-પગ ઈલાવે તે રોટલો મીળે- વગર મહેનતે કશું ન મળે.

૩. આથાયો જહ આય- હાથ-હાથની કરામત હોવી

૪. હાથીયાયા દાંત દેખાડુના જુદાં ને ચાવુના જુદાં- હોય તેના કરતા જુદું દેખાવું

૫. હિંગડે ખાંડોને પૂછડે બાંડો- બંને બાજુથી સરખું પકડી ન શકાય એવું

૬. વાઢેલી આંગઠી પાર નાંઈ મૂતરે- યોગ્ય સમયે કામ ન આવનાર વ્યક્તિ ઉપર કટાક્ષ.

૭. લખમી ચાંલ્લો કરે ત્યાર મુંઈ નાંય ધોવાય- સમયને સરાસર સાચવવો.

૮. માથાયો દુ:ખાવો આય- મુશ્કેલીથી ભરેલું

૯. અન્ન પારકા પેટ પારકા કાં?- મફતનું લેતા પહેલા શરીરનો ખ્યાલ રાખવો.

૧૦. મુખમાં રામ, બગલમાં છૂરી- ભકત થયા પછી પણ આદત બૂરી.

૧૧. ભૂખા પેટે ભગતી નાંય ઉવે- સ્વસ્થતા કેળવવી પડે

૧૨. પેટાયો બળનો ગાઉ બાળે- પોતાનું અહિત થતાં બીજાનું નુકશાન કરે.

૧૩. બે હાથ વગર તાળી ન પડે- એકબીજાના સહકારની ભાવના

૧૪. ઈણા મુવામાં વાત નાંય રઈ- છૂપી વાત ન ટકવી

૧૫. એક કાને આયકે ને, દૂહરા કાને કાઢી લાખે- બેદરકારી પર કટાક્ષ કરવો. (અગત્યની વાત કાનમાં ન લેવી)

૧૬. ડોળે દેઈખા ઝેર- જાણ્યા પછી જ દુ:ખની અનુભૂતિ થાય.

૧૭. આંખ આડા કાન કરે- ધ્યાન ન દેવું

૧૮. કજિયાયા મુંઈ કાળા- કલેશ ન કરવામાં ભલાઈ

## ૦ સ્ત્રી વિષયક કહેવતો

કેટલીક કહેવતોમાં સ્ત્રીને સ્થાન આપવામાં આવ્યું છે. સંસારજીવનના બળદગાડામાં સ્ત્રીનું સ્થાન એક ધોરી (બળદ) તરીકે લેખાયું છે એવું સ્થાન પામેલ સ્ત્રી કહેવતોમાં કેમ બાકાત રહે? જેમકે-

૧. ગરીબની દીકરી સૌની ભાભી- ગરીબીનો સૌ લાભ લે.

૨. માયના પેટામાં હમાયનાં તે હાંડલામાં નાંય હમાય- બાળક ગમે તેવું હોય મા તેને સરખો પ્રેમ આપે.

૩. ડાહી હાહરે નાંય જાયને ગાંડીએ હિખામણ ઓફે- પોતે સુધરે નહીં ને બીજાને સુધારવા નીકળે.

૪. બધી ચોખી મલાણી તે- ચોખ્ખાઈના અર્થમાં

૫. માંય તે માંય- મા તે મા

૬. જાણનારીમાં જોર નાંય- સ્વકામમાં અશક્તિ

૭. બૈરાની બુદ્ધિ પગની પાનીએ- ઓછી બુદ્ધિ હોવીના અર્થમાં

૮. પોહી તે હાહરે જ શોભે- દીકરીનું સ્થાન સાસરામાં

૯. બધે મરજા પુણ કોઈની માંય નાંય મરજા- માતૃત્વની અગત્યતા. (મા વગરનો સંસાર)

૧૦. દયાયી માંય ડાકણ ખાય- મદદ કરનારને જ દુઃખ દેવું

૧૧. દાયણ આગળ પેટનાંય હંતાડાય- કુદરતી ફેરફારો સંતાડી ન શકાય.

૧૨. દીકરીને ગાય દોરે તાં જાય- બીજાની ઈચ્છાએ ચાલવું.

૧૩. નવી વોવ નવ દિની- નવા પ્રત્યેનું આકર્ષણ થોડા સમય માટે.

૧૪. માય કરતાં દીખરી ચળે- મા કરતાં દીકરી વધારે હોશિયાર.

૧૫. રાજાયે ગમની તે રાણી, છાંણા વીણતી આણી- પોતાના ધાર્યા મુજબનું કરવું.

૧૬. રાંડનો ભરુહો કુંણ કરે- અણગમતી સ્ત્રી ઉપર વિશ્વાસ કોણ કરે.

૧૭. વોવે ને વરહાદાયે જહ નાંય- ગમે તેટલું સારું હોય પણ લોકો અબળાને ન સ્વીકારે - (વહુ-વરસાદની સરખામણી)

૧૮. નવરાએ નવરાઈ માંય વખાણે- અંગત વ્યક્તિને પોતાના જ વખાણે.

૧૯. વાતાયી કાકી આંય- વાતો કરનારા ઉપર કટાક્ષ.

### ૦ ઉપમામૂલક કહેવતો

આ પ્રકારની કહેવતોમાં સાદ્દશ્યના આધાર પર કોઈક તથ્યને પ્રસ્તુત કરવામાં આવે છે. કોઈની સાથે સરખાવીને- ઉપમા આપીને કહેવત કહેવાતી હોય છે જેમકે-

૧. હરિચંદર જોહો-હાચો- 'સત્યવાદી હરિશચંદ્ર'

૨. પ્રતિજ્ઞા તે રાજા રામાયી- આજ્ઞાપાલક રામ.'

૩. ભોળો ભામ જહો- ભોળા શંકર જેવો.

૪. નરો ભગાતડો- ભકત નરસિંહ

૫. નરી ભગતાણી- ભકત મીરાં વગેરે...[૨૬]

### ૦ વ્યવહાર સંબંધી કહેવતો

કહેવતોનો મોટોભાગ બોધ-ઉપદેશ કે નીતિ કે વ્યાવહારિકને લગતી જોવા મળે છે. પરસ્પરના વ્યવહાર સાથે જોડાયેલી ભાષામાં અનેકવિધ કહેવતો વપરાતી કે બોલાતી જોવા મળે છે. જો કે આ જાતિના લોકો વધારે મહેનતુ અને મુખ્ય વ્યવસાય શ્રમનો રહ્યો હોવાથી પોતાના કામમાંથી નવરાશ મળે તેટલી વાર એકબીજા સાથેનો વ્યવહાર સાચવે છે. જેથી ઓછી નવરાશ ને કારણે થોડીઘણી કહેવતો વ્યવહારજ્ઞાનને લગતી જોવા મળે છે જે નીચે પ્રમાણે છે.

૧. હાચાયો ભગવાન બેલી- સૌનો માલિક ભગવાન

૨. ઝાઝી કીડી સાપને તાણે- સમૂહમાં કામ પાર પડે.

૩. અધૂરો ઘડો છલકાય ઘણો- અપૂર્ણ હોવા છતાં પૂર્ણ હોવાનો દાવો.

૪. - બુદ્ધિ વગરનો - અજ્ઞાની હોવું

૫. આખી રાત દયળાને કોડિયામાં ઓહાયરા- વ્યર્થ પ્રયત્ન કર્યો.

૬. ગો તે ગો આજની ઘડીને કાલને દી- અદ્દશ્ય થઈ જવું

૭. ઉજળાઉલાં દૂધનાંયને પીળા ઉલાં હુના નાંય- બાહ્ય દેખાવ કેટલીકવાર છેતરામણો બને.

૮. એક કાને આયકે ને દૂહરા કાને કાઢી લાખે- બેદરકારી પર કટાક્ષ.

૯. એક હાથે ઓફે તે દૂહરા હાથે ખબર હો પડે કાં?- લેવડ-દેવડની જાણકારી કોઈને ન હોવી.

૧૦. એણાં મુંવામાં વાત નાંય રઈ- કોઈ વાત છૂપીના રહેવી.

૧૧. કનહારીઓ એક પાગ તૂટે તોયે કા- ખમતીધર વ્યક્તિને થોડું નુકશાન જાય તોયે શું

૧૨. કાંખમાં (બગલમાં) પોહાને આખે પોંહા કેધે?- પોતાની પાસે રહેલી વસ્તુને બીજે શોધવી. (ભૂલ ભરેલી દુર્લક્ષતા)

૧૩. કોઠી ધુવે કાદવા જ નીકળે- નકામો પ્રયત્ન કરવો.

૧૪. બે વાહાણે મીળે તે ખખડેયે ખરે!- હોય ઓછું દેખાવ ઘણો. (કંકાસના અર્થમાં પણ)

૧૫. ખામને તે સાંસે ને પાવણાંઓ અડો- અત્યંત વિકટ મુશ્કેલી હોવી.

૧૬. ઈણે કાં! ખાટલેથી પાટલે ને પાટલેથી ખાટલે- અતિશય સુખ શાંતિ હોવું (સન્માન હોવું.)

૧૭. કડે માંકુણને માર ખાય ખાટલો- એકના વાંકે બીજાને ભોગવવું

૧૮. છાહ લેમની ને દોણી હંતાડુની- હોય તેવું કહી દેવું (સ્પષ્ટવકતા)

૧૯. જીવનો તા હુંધી કચરા નાંય અવે કાં કામના?- યોગ્ય સમયે ખપ ન આવતા કશા કામનું ન રહે. - જીવતા જેનો ન ઉપયોગ થયો તે મર્યા પછી શું કામનું.

૨૦. દેખુના નાંયને દાઝુના નાંય- જોવું નહીં ને દાઝવું નહીં.

૨૧. કાંણી કાચલીમાં પાણી લેઈને ડૂબી મર- સામાન્ય કામમાં અસમર્થ હોવું તે ઉપર કટાક્ષ.

૨૨. છેક પામચો આય- અસમર્થ હોવું તે

૨૩. તુણાં ઉઈ તી માણાં ઉઈ- સમાન પરિસ્થિતિ હોવી.

૨૪. બાપ રુરે ને દીખરો દેવા કરે- પિતાની કમાણી પુત્ર વાપરે.

૨૫. જુઠો માણહ મગારાયા આસું સારે- ખોટો માણસ મગરના આંસુ સારે.

૨૬. દોડી બળે પુણ વળ નાંય જાય- મૂળ પ્રકૃતિમાં ફેરફાર ન થવો.

૨૭. ધાયરા ધણિયાયા ઉવે- ઈશ્વર ઈચ્છા આગળ બધુ નકામું

૨૮. ધરામાયા કામમાં ઢીલ કહી- ઉતાવળના કામમાં રાહ ન જોવી.

૨૯. કકુનો નાંય તે છત્તર બાને- કામ ન કરવા સત્તર બહાના બતાવે.

૩૦. નાચુંના નાંય તે આંગણા વાંકા- કામ ન કરવાવાળો વ્યક્તિ બહાના બતાવે.

૩૧. પહેલા તી વેલા- ક્રમ પ્રમાણે ગોઠવણી

૩૨. પન્નાયલો નાંય પુણ જાનમાં તે ગોયલોને!- જાત અનુભવ કરતાં કેટલીક બાબતો નજરે જોવી સારી.

૩૩. દુહરાયા જ હાજા દેખાય- બીજાનું જ સારું દેખાવું

૩૪. પારકે પૈહે દિવારી- બીજાના ભરોસે તાગડધિન્ના

૩૫. પોતાયી માયે કુણ ડાકાણ આખે- સ્વજનને કોણ ખુલ્લા પાડે.

૩૬. દોઢડાયો હત્તર જગ્યે ખડ઼ાય- શાંત માણસ વધારે દુ:ખી થાય.

૩૭. ભણનેલો પુણ ગણનેલો નાંય- સમજ શક્તિ ઓછી હોવી.

૩૮. મારી મચડીને કયરા- મહામહેનતે પાર પાડવું.

૩૯. રાંધવાવાળો કોઈ દિ ભૂખે નાંય મરે- પોતાની આવડતનો ગમે ત્યારે લાભ લઈ શકાય.

૪૦. વેમના ઓહાડ નાંય- શંકાનું કોઈ સમાધાન નહીં

૪૧. વીતે તી જાણે- અનુભવે માણસ ઘડાય.

૪૨. હંગરેલો હાપ પુણ કામ લાગે- દરેક વસ્તુની ઉપયોગિતા હોવી[૨૭]

**૦ વ્યવસાયને લગતી કહેવતો**

સમાજજીવનમાં જે તે વ્યવસાયને અનુરૂપ પણ કેટલીક કહેવતો બોલાતી જોવા મળે છે. આ જાતિના વ્યવસાય અનુરૂપ આપણે કેટલીક કહેવતો આગળ જોઈ ગયા. કૃષિ-વર્ષાને અનુરૂપ કહેવતોની વાત કરી છતાં અન્ય કેટલાક વ્યવસાયકારોને અનુરૂપ કેટલીક કહેવતો કહેવાતી જોવા મળે છે જેમકે-

૧. એક દગડે બે ચીડે માયરે- એક કાંકરે બે પક્ષી મારવાં (શિકારીના અર્થમાં)

૨. હલકી હવાલદારી (હલકા નામ હવાલદારાયા)- હવાલદારના અર્થમાં

૩. હુંથારાયા ચિત્ત બાવળીયે- સુથારના અર્થમાં

૪. ઓળખીતો પોલીસ બે લાકડી વધારે મારે- પોલીસના અર્થમાં

૫. ધોબીયાયો કૂતરો નાંય ઘરનો નાંય ઘાટનો- કપરી પરિસ્થિતિ- (ધોબીના અર્થમાં)

૬. હુરેતાયો મેતાજી- મહેતાજીના અર્થમાં (પહેલાના વખતમાં સુરતના મહેતાજીને વખાણવામાં આવતા)

૭. હુઈડીઓ પોહો જીવે તાં હુધી હીવે- દરજીના અર્થમાં (દરજીનો છોકરો જીવે ત્યાં સુધી સીવે)

૮. સત્તા આગળ શાણપણ નકામું- શેઠના અર્થમાં

૯. હીરાના પરખ ઝવેરીને ત્યાં- પારેખ (ઝવેરી)ના અર્થમાં[૨૮]

આમ ઉપરોકત વર્ગીકરણો પ્રમાણે કહેવતોનો અભ્યાસ કર્યા પછી એક બાબત નોંધવી ઘટે કે આ સિવાય પણ લોકજીવન સાથે સંકળાયેલી કેટલીક કહેવતોને તહેવાર, ધાર્મિક, રાજકીય, સામાજિક, ગ્રામ્ય પરિવેશ, સ્વાદ, માનવીય પ્રકૃતિ આદિના આધારે વર્ગીકૃત કરી શકાય તો કેટલીક કહેવતો વિરુધ્ધાર્થી કે સમાનાર્થી કહેવતોરૂપે પણ વર્ગીકૃત કરી શકાય છે એમ છતાં અહીં આ જાતિમાં જોવા મળતી કહેવતો ને ધ્યાનમાં રાખીને ઉપરોક્ત વર્ગીકરણો કર્યા છે. ઉપરાંત આ વર્ગીકરણોમાં કેટલીક આજના સંદર્ભે શિષ્ટ ભાષામાં કહેવાતી કહેવતો છે તો કેટલીક કહેવતો એમની લોકબોલીમાં કહેવાતી કહેવતો પ્રમાણે વર્ગીકરણ કરવાનો પ્રયાસ કર્યો છે. આ વર્ગીકરણ સંપૂર્ણ નથી. છતાં અભ્યાસને સાનુકૂળ પરિસ્થિતિ મળી રહે તે મુજબનું વર્ગીકરણ કર્યું છે.

## ૪.૫ રૂઢિપ્રયોગો વિશે થોડી વાત

ભાષાની માળખાકીય રચનામાં રૂઢિપ્રયોગો પણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે તેમ બોલીમાં પણ એનું આગવું સ્થાન રહ્યું છે. કહેવત અને રૂઢિપ્રયોગમાં ભેદ છે. કહેવતમાં જે વાત કહેવાની હોય તે બોધના હેતુથી કહેવાય છે. જ્યારે રૂઢિપ્રયોગમાં બોધ વિના સ્પષ્ટપણે કથન થાય છે. રૂઢિપ્રયોગોનો ઉપયોગ લોકબોલીમાં નવું જોમ, જુસ્સો, તાજગી અને ભાષાની ભરતી લાવે છે. અમાસની રાતે આકાશમાં જેમ તારામંડળ ચમકી ઝળકી ઊઠે તેમ બોલીમાં

રૂઢિપ્રયોગ ભાવરૂપી ભરતી લાવે છે. થોડામાં ઘણું કહી દેવાની પરંપરા રૂઢિપ્રયોગમાં જોવા મળે છે. રૂઢિપ્રયોગનો ઉપયોગ આપણા શિષ્ટસાહિત્યના ગદ્યાંશમાં પણ થતો હોય છે. તેવીજ રીતે લોકસાહિત્યમાં રૂઢિપ્રયોગ કહેવત જેટલો જ સબળ રીતે ભાષા વ્યવહારનું માધ્યમ બને છે.

'રૂઢિપપ્રયોગ એટલે કોઈપણ એક બોલી કે ભાષામાં પ્રચલિત વિલક્ષણ અર્થયુક્ત વાકય અથવા પ્રયોગ' કવિ કવિતાના માધ્યમથી થોડા શબ્દોમાં ઘણું બધું કહી જાય છે તેમ ભાષા કે બોલીમાં પણ ઘણું બધું કહી જવાનું હાથવગું હથિયાર એટલે રૂઢિપ્રયોગ. 'ગાગરમાં સાગર સમાવવાની પ્રક્રિયા' રૂઢિપ્રયોગમાં રહેલી છે. કેટલીકવાર વ્યક્તિ મર્યાદિત સમયમાં પોતાની વાત બીજા સામે ચોખ્ખાઈથી મૂકવા માંગતો હોય છે ત્યારે આવા રૂઢિપ્રયોગોનો ઝાઝો ઉપયોગ કરે છે. આવાં વાકયાંગો વડે પોતાની ગોપનીય વાત જે તે વ્યક્તિને સ્પષ્ટ રીતે સમજાવી દે છે.

રૂઢિપ્રયોગ કયારથી વપરાતા થયા હશે એ નિશ્ચિત કરી શકાય એમ નથી, પરંતુ જયારે વ્યક્તિ પોતાની ગોપનીયતા બીજા સામે, સિફતાઈથી ટૂંકામાં પૂરું કરી દેવાની ઉતાવળમાં હશે અને એ સમયે જે શબ્દો વપરાયા હશે ત્યારથી રૂઢિપ્રયોગની પ્રણાલી આવી હશે? 'રૂઢિપ્રયોગ' એટલે રૂઢિ+પ્રયોગ. પરંપરા પ્રમાણે પ્રયોજાતી પંક્તિ કે વાકયાંશો.

'રૂઢિપ્રયોગ' એ ગુજરાતી પર્યાય છે. હિન્દીમાં એને 'મુહાવરે', અંગ્રેજીમાં 'ઈડીયમ' જેવા શબ્દોથી ઓળખવામાં આવે છે. 'મુહાવરે' એ શબ્દ અરબી ભાષાનો શબ્દ છે. એનો અર્થ થાય છે. 'કોઈપણ કામની ફાવટ થવી' જો કે આ અર્થ લેતા હિન્દીમાં મુહાવરાનો અર્થ મૂળની રીતે અભિપ્રેત નથી. જયારે ગુજરાતી શબ્દ 'રૂઢિપ્રયોગ' સાર્થક છે. રૂઢિપ્રયોગ માટે એમ કહી શકાય કે પરંપરાગત જે પ્રયોગ થતો આવ્યો હોય જેમાં શબ્દાર્થ કે વાચ્યાર્થ કરતાં વ્યંગ્યાર્થ વધારે હોય તેને રૂઢિપ્રયોગ તરીકે ઓળખાવી શકાય.

'રૂઢિપ્રયોગ' એક એવી ઉક્તિ છે કે જેમાં રહેલો વ્યંગ્ય વાતને વધારે રમણીય બનાવે

છે. રૂઢિપ્રયોગમાં રહેલી લાઘવતા, રહસ્યમયતા અને વ્યંજનાના ભાવને લીધે તે વાતચીતમાં વધારે ભાવવાહી બને છે. વાતને વધારે પ્રભાવશાળી અને તર્કજન્ય બનાવે છે. તેથીજ તો દરેક લોકબોલીઓ મીઠી અને લયયુક્ત હોય છે. ભાષા શાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે ધીરે ધીરે ભાષામાં લાઘવતા આવતી ગઈ હશે. આવી લાઘવતામાંથી જ કદાચ રૂઢિપ્રયોગો, કહેવતો, ટુચકાઓ કે સુભાષિતો આદિ ઉદ્‌ભવ્યાં હશે? આજે પ્રયોજાતા આવા રૂઢિપ્રયોગો માનવજીવનનાં કેટલાક સનાતન સત્યો કે કેટલીક રહસ્યાત્મક બાબતો ગોપીત રીતે વ્યક્ત કરે છે. સરળ, સાદી અને વ્યંજિત ભાષામાં રૂઢિપ્રયોગો વાતને વધારે શોભિત કરી આપે છે. કહેણીને વધારે રુચિકર બનાવે છે. ધોડિયા જાતિમાં પણ જાણ્યે-અજાણ્યે આવા અનેક રૂઢિપ્રયોગોનો ઉપયોગ એમની લોકબોલીમાં થતો જોવા મળે છે. એમના રૂઢિપ્રયોગો મોટેભાગે લોકજીવનના વ્યવહાર સાથે સંકળાયેલા કે જોડાયેલા જોવા મળે છે.

લોકસાહિત્ય લોકજીવન સાથે સંપૂર્ણપણે સંકળાયેલું હોવાથી લોકજીવનની સારી-નરશી તમામ બાબતો લોકસાહિત્યરૂપે પ્રગટે છે. લોકજીવનની મોંઘી મૂડી ગણાતી ધનસંપત્તિ લોકોના જીભે આવી લોકોકિતઓ વડે જ આજ સુધી સચવાઇ રહી છે. જેમ મહુડાના ફૂલની સુગંધ એની મીઠાશ જંગલના સર્વે પ્રાણી-જગતને એના કેફથી ભરી દે છે તેમ લોકસાહિત્યની આવી અનેક લોકોકિતઓ પણ ભાષા કે લોકબોલીમાં નવો ઉન્મેષ, નવો પમરાટ ફેલાવી દે છે. લોકહૃદયના કુંજમાંથી નિષ્પન્ન થતાં લોકોકિતરૂપી નિર્મળ ઝરણાંનો વેગ કયારેય અટકશે નહી.

## ૪.૫.૧ ધોડિયા બોલીના રૂઢિપ્રયોગો

ગુજરાતી ભાષાની જેમ આ જાતિની લોકબોલીમાં પણ ઠીક-ઠીક પ્રમાણમાં રૂઢિપ્રયોગો બોલાતા જોવા મળ્યાં છે. એમના રૂઢિપ્રયોગોની એક આગવી લાક્ષણિકતા એ રહી છે કે આ જાતિના લોકો સ્વભાવે સરળ, સાદા અને ભીરુ હોવાને કારણે એમની બોલી પણ સીધી, સાદી, સરળ પણ અર્થગહન વાળી જ રહી હોવાથી એમના રૂઢિપ્રયોગો પણ સાવ-સાદા અને સરળ શબ્દોમાં જ બોલાતા રહ્યા છે જેમકે-

૧. અફખાય ગો- ડરી જવું/બીક લાગવી

૨. અવળા ઊના- ધાર્યા કરતા અવળું થવું

૩. અવળા કધા- ઊલટું કામ કરવું

૪. અવળા વેંતરે તાંય- ઊલટું બોલવું/આડું બોલવું

૫. આકાશ પાતાળ એક કધા- ઊથલ-પાથલ કરવી- ખૂબ શોધવું.

૬. અભળાઈ ગો- અસ્પૃશ્ય થવું, એઠું થવું

૭. આબદા બો પડની- ખૂબ મુશ્કેલી અનુભવવી.

૮. એકનો બે નાંય ઉનો- અટલ રહેવું/મચક ન આપવી.

૯. એરી લી ત્યાર- હું તને જોઈ લઈશ/બદલાની ભાવના

૧૦. આખો આડકાયો આય- આળસું હોવું/કામ ન કરવું

૧૧. આથ સુટા રાખુના- ઉડાવ હોવું

૧૨. આથાયો બો સુટો- છૂટે હાથે પૈસા વાપરવા

૧૩. આદા ખાઈને પાછાળ પડનો- એક જ રટ લઈને બેસી જવું.

૧૪. આમું તે પરવારી ગુએ- નિષ્ફળતા મળવી- કયારેક પાક નિષ્ફળ જવાના અર્થમાં પણ વપરાય છે.

૧૫. અદ્ધાર મગજના આય- અડધા ગાંડા જેવું, બુદ્ધિ ઓછી હોવી.

૧૬. અદ્ધાર ચાલે તાય- આધાર વિના ચાલવું- હવામાં ઉડવું- હવાતિયા મારવા.

૧૭. અદ્ધાર જવાબ ઓફે- ઉડાવ જવાબ આપવો.

૧૮. અકકાલ ધરને- કશુંક બીજા પાસેથી શીખવી.

૧૯. અકકાલાયો છાંટો નાંય- બુદ્ધિ ઓછી હોવી.

૨૦. અકકાલાયો ઓથમીર- મૂર્ખતાથી ભરેલું

૨૧. અરધો કરી નાંયખો- અધમૂવો કરી નાંખવો.

૨૨. આમલી છટકી ગોઈ- પરિશ્રમનો બેહદ થાક અનુભવવો.

૨૩. આતેડા કાઢી લાયખા- મારી નાખવું.

૨૪. આથે કરીને પાગાપાર કુઆડા માયરા- પોતાની જાતે દુ:ખ વહોરી લેવું- સામે ચાલીને આપત્તિ સ્વીકારવી.

૨૫. ઓહિયાળો આય- કોઈની સામે ભોઠાં પડવું.

૨૬. આઘા કયરા- અળખામણું કરવું, પોતાથી આઘું કરવું.

૨૭. આડો ફાટનો- વિઘ્નરૂપ બનવું- કોઈનાં કામમાં નડતરરૂપ બનવું.

૨૮. આંખે ઉના- બીજાની નજરે ચઢવું.

૨૯. અંધારા આમના- આંખે તમ્મર આવવા- પૂનમ પછી અંધારિયું બેસવું ના અર્થમાં પણ

૩૦. આભ તૂટી પડના- ખૂબ મુશ્કેલી આવવી- અચાનક દુ:ખ આવી પડવું

૩૨. આથ ઓયફો- કોઈનો સથવારો કરવો- લગ્નગ્રંથિથી જોડાવું.

૩૩. આફુડા આવી- તરત આવવું/ગરજે આવશે

૩૪. ઓફી ચાલવે તાંય- બીજાને મદદરૂપ થવું- બીજાને આપીને ઘર ચલાવવું.

૩૫. આંધળો આય કાં?- દેખાતું નથી/જોતો નથી.[૩૦]

૩૬. ઈંગારા વરહે તાય- ખૂબ તાપ પડવો.

૩૭. ઈજ્જાતાયા કાંકરા- બદનામ થવું ઈજ્જત જતી રહેવી.

૩૮. ઈણો ભરૂહો નાંય- કોઈનો ભરોસો ન હોવો.

૩૯. ઈણા નામના નાઈ (સ્નાન) નાંયખા - સંબંધ કાપી નાંખવો.

૪૦. ઈ કહો નિયાય- આ કેવો ન્યાય

૪૧. ઈતિયાસ ઉઈ ગો- ભૂતકાળની ઘટના બની જવી.

૪૨. ઉપાર નીચે કરી નાંયખા- બધું ખોળી વળવું/બધે શોધી વળવું

૪૩. ઉલ્લુંનો પઠ્ઠો- બુદ્ધિનો ઓછો હોવો.

૪૪. ઉકલી ગો- મૃત્યુ પામવું.

૪૫. કયરા પાર પાણી ફેરવા- કરેલાં કામો નકામાં કરવાં.

૪૬. કામ કાયઢા- કોઈનું મહત્ત્વનું કામ પાર પાડવું

૪૭. કાન વીંયધો- કાન પકડવો, ફરીવાર ખોટું કામ ન કરવું.

૪૮. કાગળા બધે કારા- બધું સરખું હોવું.

૪૯. કામ ચોર આય- આળસુ હોવું.

૫૦. કાનાયા કાચા આય- સાંભળવામાં કાચું હોવું.

૫૧. કાળાં ધોળાં કયરા- ખોટાં કામ કરવાં.

૫૨. કાન છૂન્ન મારી ગુઆ- સ્પષ્ટ ન સંભળાવું.

૫૩. કાયદાઓ કાકો- તર્કબુદ્ધિવાળો/વાતોડિયો હોવો.

૫૪. કામનો કૂતરો આય- બહુ લોભ કરનારા માટે કટાક્ષમાં.

૫૫. કંટાળી ગો- થાકી જવું, હેરાન થવું, વાજ આવી જવું.

૫૬. કટિક ઓયફા- ઓછું આપવું.

૫૭. કાળો બીટ જહો- ખૂબ કાળો હોવો.

૫૮. કાળો મેહ જહો- કાળાશના અર્થમાં

૫૯. કૂકડા વાહતે આવી- પ્રાત:કાલમાં આવવું.

૬૦. કડીને ખાય ત્યાર- ઈચ્છનીય વસ્તું ન આપવી.

૬૧. કાં કરે ને કા નાંય કરે- શું કરવું શું ન કરવું- અવઢવમાં હોવું.

૬૨. કાંય કામના નાંય- ઉપયોગી ન હોવું

૬૩. કોઠી પાલા ભરાયુના- ખૂબ અનાજ પાકવું[૩૧]

૬૪. ખાતાર પાયડા- કોઈનું નુકશાન કરવું

૬૫. ખાવના ખેલ નાંય- રમતની વાત નથી કામ સહેલું ન હોવું.

૬૬. ખાઈ પી ઉતારનો- જીવન જીવી લેવું.

૬૭. ખાલી આથે ગો- વધારે વિશ્વાસ ન કર

૬૯. ખાહી ત્યાર- કોઈ વસ્તુથી વંચિત રાખવું.

૭૦. ખપી ગો- માલ વેંચાય જવો.

૭૧. ખતારનાખ આય- તોફાની હોવું.

૭૨. ખતારનાખ ખોપરી- વધારે ચંચળ હોવું- બુધ્ધિના અર્થમાં

૭૩. ખાંહિયાણો પડી ગો- શરમમાં પડવું- ખમચાય જવું.

૭૪. ખીસો ખાલીને ભપકો ભારી- નમતું ન મૂકવું.

૭૫. ખોખરો કરી નાંયખો- મારીને ઢીલો ઢબ કરી નાંખવો- અશકત કરી નાંખવો.

૭૬. ખાંખા ખોળા કયરા- શોધાશોધ કરવી.

૭૭. ખાડાં કરી નાંયખા- ખંડિત કરવું.

૭૮. ખાઈ-ખાઈને ઉકેડો કધો- ખાયને કચરાંનો ઢગલો કરવો.

૭૯. ગધાડા ઉવ્ના- કમ અકકલ હોવી.

૮૦. ગાળિયે કાઢે- બહાના કાઢવા.

૮૧. ગરજે ગધેડો માટી કરે- જરૂર પડયે ગમે તેવું સ્વીકારવું તે

૮૨. ગાવાએ મુએ કુણ ગાયણા બાંધે- ગામના લોકોને બોલતા કોઈ રોકી ન શકે.

૮૩. ગામનો ઉતાર જહો- ચારિત્ર્યહીન હોવું.

૮૪. ગંધાય ઉઠના- કોહવાય જવું/સડી ગયેલું

૮૫. ધામાય ગુઆ- પરસેવે રેબઝેબ થઈ જવું

૮૬. ઘડો ઉઈ ગો- વૃદ્ધ થઈ જવું

૮૭. ઘેલછપ્પો આય- ઓછી બુદ્ધિવાળો હોવો.

૮૮. ઘર કૂકડો આહે- અન્ય સાથે સંબંધ ન રાખનાર.

૮૯. ઘૂંટાણિયે પડી ગો- નમતું આપવું.

૯૦. ચરબાઈનો કાહે- હેરાન કરનારને વ્યંગ્ય કરવો.

૯૧. ચાલી ગો- મૃત્યુ થવું, છોડી જવું.

૯૨., ચકરી ખાઈ ગો- તમ્મર આવવા.

૯૩. ચહકી ગુઆ- મગજની સમતુલા ગુમાવવી.

૯૪. ચાટી ખાય ગો- વચનમાં ફરી જવું.

૯૫. ચરબી ચડી ગોઈ- અભિમાનમાં આવી જવું.

૯૬. ચોંકી ગો- હેરત પામવું.

૯૭. ચુત્તના દાતૂણ- લુચ્ચું હોવું.

૯૮. છાકાય ગો- વધારે નશો કરવો.

૯૯. છટકી ગો- જવાબદારીમાંથી ભાગી જવું.

૧૦૦. છેતરી ગો- બહાનું કાઢી જવું/છેતરી જવું.

૧૦૧. છતે દિ તારા દેખાડે- અશકય ને શકય બનાવવી.

૧૦૨. છતે જીવતે મરી ગો- અસહ્ય મુશ્કેલીમાં મુકાવું.

૧૦૩. છકી ગો- છલકાય જવું.

૧૦૪. છગદો તે છગદો- ગંદા હોવું.

૧૦૫. જપ નાંય- નવરાશ ન હાવી.

૧૦૬. જકડાઈ ગો- ઠંડીથી ડરી જવું.

૧૦૭. જમાઈ જમ જહો- સરખામણી

૧૦૮. જળી ગુઆ- ખોવાયેલ મળી આવવું.

૧૦૯. જીભડી બો ચાલે- ખૂબ બોલબોલ કરવું.

૧૧૦. જીવ ખાય ગો- હેરાન થઈ જવું.

૧૧૧. જીવતાર ઝેર જહાં- જીવન નકામું હોવું[૩૨]

૧૧૨. જીવ બો દવાય- ગભરાટ થવો.

૧૧૩. જંપી ગુઆ- શાંત થઈ જવું.

૧૧૪. ઝાલમમાં ગોઈ- જહન્નમાં જવું.

૧૧૫. ઝણઝણાટી આવી ગોઈ- ખાલી ચડી જવી

૧૧૬. ટાલ પડી ગોઈ- વાળ ઉતરી જવા

૧૧૭. ટાપશી પૂરવી- વાતમાં હોકારો દેવો.

૧૧૮. ટનાટન ઉઈ ગુવા- સરસ કામ થવું.

૧૧૯. ટાઢા પાણીએ ખહ ગોઈ- વગર મહેનતે મુશ્કેલી પાર પાડવી.

૧૨૦. ટૂટી મરુના- ખૂબ પરિશ્રમ કરવો.

૧૨૧. ટાઢો પથ્થાર જહો- કામમાં ઢીલ રાખવું.

૧૨૨. ટોબરો બાંધી દેધો- રિસાય જવું.

૧૨૩. ઠગ નીકાળનો- છેતરવું તે

૧૨૪. ઠોઠ જહો આય- અણઆવડત હોવી.

૧૨૫. ઢંગ કરે તાય- ડોળ કરવો.

૧૨૬. ડોળા દેખાડે- આંખ કાઢી ગુસ્સે થવું.

૧૨૭. ડોબો જહો આય- પશુજેવી બુદ્ધિ હોવી.

૧૨૮. ડોઈ ઈલુવના- ના પાડવી/કયારેક હા ના અર્થમાં

૧૨૯. ઢંગધડા વગારના- અવ્યવસ્થિત હોવું.

૧૩૦. તરી ગુઆ- પાર ઉતરવું.

૧૩૧. તુવા એરીલી- તને જોઈ લઈશ.

૧૩૨. તેલ કાઢી નાંયખા- ખૂબ મહેનત કરાવવી.

૧૩૩. તળે ઉપાર કયરા- ઉથલ પાથલ કરવું/ખૂબ શોધવું.

૧૩૪. તળિયા ઝાટક ઉઈગુઆ- ખાલી થઈ જવું.

૧૩૫. તમ્માર આવી ગોઈ- ચકકર આવવા.

૧૩૬. થાકીને થેહ ઉઈ ગો- ખૂબ થાક અનુભવવો.

૧૩૭. થૂંકનેલો ચાટી ગો- વાતમાં ફરી જવું.

૧૩૮. થૂંક ઉડાડે તાય- ડંફાસ મારવી.

૧૩૯. થૂંકનેલા નાઈ ગીળુના- કહેલું વચન પાળવું.

૧૪૦. દિ આથમી ગો- સાંજ પડી જવી.

૧૪૧. દીવો ઓલવાઈ ગો- મૃત્યુ થવું.

૧૪૨. દુકાળમાં અધિક માહ- મુશ્કેલીમાં વધારે મુશ્કેલી

૧૪૩. દુબ્બાર જહો આય- નીચ જાતિનો હોવો.

૧૪૪. દાંત નીચકી નાંખી- દાંત ખેંચી નાંખવા.

૧૪૫. દાંત કાઢુના- ખૂબ હસવું.[૩૪]

૧૪૬. દગો દેધો- વિશ્વાસ તોડવો.

૧૪૭. ધામધી આવ- દોડી આવવું.

૧૪૮. ધોળામાં ભૂપટો ઘાયલો- આબરૂ જાય તેમ કરવું.

૧૪૯. ધકેલ પંચા દોઢહે- જેમ તેમ પાર પાડવું.

૧૫૦. ધોળે દિ તારા- અજૂગતું હોવું.

૧૫૧. ધૂળ ધાણી કયરી- ઈજ્જત ધૂળમાં મળવી.

૧૫૨. નકટો આય- જિદ્દી હોવું.

૧૫૩. નાક કાયપા- આબરૂ કાઢવી.

૧૫૪. નાક વગારનો આય- ઈજ્જત ન હોવી.

૧૫૫. નીકળી ગો- જતા રહેવું.

૧૫૬. નાગો આય- ઈજ્જત વગરનો.

૧૫૭. પાર ઉતરી ગો- કામ પાર પાડવું.

૧૫૮. પાછાળ પડીગો- પાછળ પડી જવું/કેડો ન મૂકવો.

૧૫૯. પાણી મુયકા- પ્રતિજ્ઞા કરવી.

૧૬૦. પારકી પંચાત નાંય- સીધા હોવું/પંચાત ન કરવી.

૧૬૧. પારકા નાંય પચે- મફતનું ન પચવું.

૧૬૨. પન્નાઈલો પસ્તાય- પાછળથી પસ્તાવું.

૧૬૩. પાણીમાં બહી ગોઈ- શરણાગતિ સ્વીકારવી.

૧૬૪. પારકો તે પારકો- પરાયા હોવું.

૧૬૫. પરવારી ગો- કામ પૂર્ણ હોવું.

૧૬૬. પજવે તાય- પજવણી કરવી.

૧૬૭. પારખી ગો- ઓળખી જવું.

૧૬૮. પેટે પાટા બાંઈધા- મહામુશ્કેલીમાંથી પસાર થવું.

૧૬૯. પૂંછડે બાંડો ને શિંગડે ખાંડો- બંને બાજુ સરખું હોવું.

૧૭૦. પાકકે પાયે- દ્દઢપણે

૧૭૧. પાકકી નસ આય- રકઝક કરનારો

૧૭૨. પસ્તાઈ ગો- ભોંઠા પડવું - પસ્તાવો થવો.

૧૭૩. પાડો જહો આય- જનાવર જેવું હોવું[33]

૧૭૪. ફાફાં જહો મારે- આમતેમ વલખા મારવા

૧૭૫. ફરી ગો- ફરી જવું.

૧૭૬. ફૂસકાઈ ગુવા- રંગ ઊડી જવો

૧૭૭. ફંગોળાઈ ગુવા- ગોળગોળ ફરી જવું/દૂર ફેંકાઈ જવું.

૧૭૮. બાફી માયરા- વાત ડોળી નાંખવી.

૧૭૯. બાવો બની ગો- બધું લૂંટાઈ જવું.

૧૮૦. બામણ બની ગો- માંસ-મદ્ય ન લેવું.

૧૮૧. બો રળુના- ખૂબ મહેનત કરવી.

૧૮૨. બોલતા બંધ કયરા- વાત કરતા રોકવા/બોલતા બંધ કરવા.

૧૮૩. બો બગડી ગો- ચારિત્ર્ય બગાડવું.

૧૮૪. બો ફાટી ગો- ખૂબ અભિમાન કરવું.

૧૮૫. બધે કાગડે ઊડે તાંય- ખાલી હોવું.

૧૮૬. બધે ફીરી વળને- બધે ફરી વળવું. - ઘેરી લેવું

૧૮૭. બુદ્ધિનો બોકડો- બુદ્ધિ વગરનો.

૧૮૮. ભરમાય ગુએ- વાતમાં આવી જવું.

૧૮૯. ભગવાના યો માણુહ- સરળ ના અર્થમાં.

૧૯૦. ભાવનાય પૂછે- ગણતરીમાં ન લેવું.

૧૯૧. ભૂતાયો ભાય- રખડતો માણસ.

૧૯૨. ભૂતભાયનો ભરોહો- રખડતાનો ભરોસો નહી.

૧૯૩. ભોળો ભટાક- ભોળો માણસ.

૧૯૪. ભરોહાયી ભેંહે પાડો જયણો- આશા નિષ્ફળ જવી, ધાર્યું કામ ન થવું.

૧૯૫. ભંગી ગો- થાકી જવું.

૧૯૬. ભંગ ઉતારુના- આરામ કરવો.

૧૯૭. ભેહાળિયા બુદ્ધિઆય- જાડી બુદ્ધિના હોવું.

૧૯૮. ભોઠો પડી ગો- શરમાઈ જવું.

૧૯૯. ભોપાળો કાયઢો- ધાર્યા કરતાં જુદું થવું.

૨૦૦. ભંગાર ઉઈ ગુવા- ખરાબ થઈ જવું.

૨૦૧. મામાયી ચોટલી- અશકય કામ.

૨૦૨. માય કાંગલો આય- અશક્તિ હોવી.

૨૦૩. મૂરખનો સરદાર આય- મહામૂર્ખના અર્થમાં.

૨૦૪. મરનેલો જહો ચાલે- નિર્જીવ જેવી સ્થિતિ

૨૦૫. માથે આભ પડના- મુશ્કેલી પડવી.

૨૦૬. માથે ઝાડવે ઉગને- ખૂબ મુશ્કેલી પડવી.

૨૦૭. માથે પાડે- ગુનેગાર સાબિત કરવો.

૨૦૮. માંગી લેધો- પરત લઈ લેવું.

૨૦૯. મૂંવાઓ તોછડો- ગાળ બોલનાર માટે.

૨૧૦. મત્તીઆવે- મૃત્યુ આવે/કયારેક બુધ્ધિ આવે ના અર્થમાં

૨૧૧. મગજમારીના કારખાના- કોઈ બાબતનો નીવેડો ન આવવો.

૨૧૨. મોરાજી લેવના- દારૂ પીવો.

૨૧૩. મુંઈ વાહકે તાંય- મોઢું બગાડવું.

૨૧૪. મખ્ખીચૂસ- કંજૂસ હોવું.

૨૧૫. રખડી ગુઆ- નિરાધાર થઈ જવું.

૨૧૬. રવડી ગુઆ- બધું નષ્ટ થઈ જવું.

૨૧૭. રાગડો તાંયણો- માટેથી ગાવું.

૨૧૮. રંગમાં ભંગ પડના- સુખમાં દુઃખ થવું.

૨૧૯. રફુચકકર ઉઈ ગો- ભાગી જવું.

૨૨૦. લપ બો કરે- માથાકુટ કરવી.

૨૨૧. લબાડ આય- ઠેકાણા વગરનું હોવું.

૨૨૨. લઘરવઘર આય- જેવું તેવું હોવું.

૨૨૩. લાડવો ખાય તીયાર- ઈચ્છનીય ન મળવું.

૨૨૪. લોઈ પીઈગો- હેરાન કરી મૂકવું.

૨૨૫. લુખ્ખો આય- પૈસા વગરનો હોવો

૨૨૬. લલ્લુરામ જહો આય- સાધારણ હોવું/ઓછી બુધ્ધિવાળું હોવું

૨૨૭. વાતમાં દમ આય- વાતમાં દમ હોવો.

૨૨૮. વાત ગીળી ગો- સહનશક્તિ કેળવવી

૨૨૯. વાતામાં કાંય માલ નાંય- વાતમાં સાર ન હોવો

૨૩૦. વાઘ જહો આય- બળવાન હોવો

૨૩૧. વાઘ જહો વિયાઈનો- ખેતરમાં ખૂબ ઘાસ ઉગી જવું.

૨૩૨. વેઠ ઉતાયરી- કાચું કામ કરવું.

૨૩૩. વાતાયો કાકો આય- વાતમાં પાવરધો હોવો

૨૩૪. વાતનો વાછેડો- વાતમાં તાજા હોવું.

૨૩૫. વાંકો વાઈળો- દંડ દેવો/નમતો કરવો.

૨૩૬. શમી ગો- શાંત થઈ જવું.

૨૩૭. સત માના સત કરાવે- અશકયમાંથી શકય કરાવવું.

૨૩૮. સરકી ગો- તક જોઈ ભાગી જવું.

૨૩૯. સફાળો ઉઈગો- સતેજ થવું.

૨૪૦. હરકારમાં ગોઈ- સરકારમાં જવું.

૨૪૧. હાવકાર પાહે જાવના- નાણાં લેવા જવું/શાહુકારના અર્થમાં

૨૪૨. હરખાઈનો લેધો- ખૂબ મારવું/ખૂબ ગાળો દેવી (બોલવું)

૨૪૩. હરિચંદર જહો- સત્યનિષ્ઠ હોવું.

૨૪૪. હકળેઠાઠ આય- ઠાસોઠાંસ ભરેલું

૨૪૫. હુસીયારીની પૂંછડી- ડહાપણ હોવું.

૨૪૬. હાંઢ જહો આય- માતેલા સાંઢ સાથે સરખાવવું.[૩૫]

આમ ઉપરોક્ત બોલાતા રૂઢિપ્રયોગોને તપાસતા એટલું તો ચોકકસ કહી શકાય કે કોઈ પણ એવી જાતિ ન હોય કે જેમાં એમની લોકબોલીમાં કહેવતો, રૂઢિપ્રયોગો ન હોય. માનવ જીવન જ એક એવું રહસ્યમય તથ્યોથી છવાયેલું છે કે જેમાં માનવજીવનના કેટલાંક સનાતન સત્યો કેટલીક રહસ્યાત્મક બાબતો છુપાયેલી હોય છે. જે કોઈને કોઈ પ્રકારે સમાજમાં ઊભરી આવે છે. સમાજ એને કોઈને કોઈ અવનવા બીબાંમાં ઢાળી દે છે તેમ રૂઢિપ્રયોગો પણ આવાં જ બીબાંમાં ઢળાઈને સમાજમાં પોતાનું અલાયદું સ્થાન બનાવે છે અને ભાષાને વધારે સૌંદર્યમયી પ્રભાવશાળી બનાવે છે.

## ૪.૬ લોકનાટ્ય

લોકવિદ્યાના વિવિધ પ્રકારોમાં લોકનાટ્ય જેવું કથ્યસ્વરૂપ પણ પોંતાનું આગવું સ્થાન ધરાવે છે. લોકનાટ્યનો અર્થ નાટ્યરૂપની લોકવિદ્યા એવો થાય છે અને તેમાં વિવિધ પ્રકારની કથાઓ મુખ્યત્વે વાચિક અને આંગિક અભિનય વડે રજૂ કરવામાં આવે છે. મનુષ્ય પોતાના વિવિધ અવયવો વડે મનોગત ભાવોને અભિવ્યક્ત કરે છે. સૌ પ્રથમ ઘુરઘુરાટી, ચિત્કારથી આગળ વધી મનુષ્યે એક વિશિષ્ટ પ્રકારની વાણીની શોધ કરી ત્યારબાદ બુદ્ધિને કેળવીને કશુંક અવનવું કલ્પીને તર્કની સાથે એક આગવો અભિનય કરીને નૃત્ય જેવો એક પ્રકાર હાંસલ કર્યો એવી જ રીતે વાણી, સંગીત અને અભિનયના માધ્યમથી નૃત્યની જેમ નાટ્યનો પણ જન્મ થયો.

નાટ્યમાં લોકોએ કથાનો આગવો ઉપયોગ કર્યો છે. અન્ય પ્રકારોની જેમ નાટકમાં પણ 'કથા' મહત્ત્વનું કામ કરે છે. કથા યા વાર્તા બંનેમાં કલ્પેલું કે બનેલું કહેવાય છે પણ એ બનેલી કથા માત્ર અહેવાલ ન બની જાય તે માટે એમાં રસ વર્ણન સંવાદ પાત્ર જેવાં તત્ત્વો ઉમેરીને આવી કથાઓ પદ્ય કે ગદ્યમાં રજૂ થઈ અને આગળ જતા આવી કથાઓ રસવાહક દ્વારા નાટ્યાત્મક રીતે એક જગ્યાએથી એક વ્યક્તિ પાસેથી બીજી વ્યક્તિ પાસે પહોંચતી થઈ અને આમાંથી જ લોકનાટ્યનો કાળક્રમે વિકાસ થતો ગયો. આમાંથી જ કાળક્રમે કથાને વિવિધરૂપે રજૂ કરતા અનેક પ્રકારો જન્મ્યા, તેના ખાસ વ્યવસાયિકો તૈયાર

થયા જેમકે રામકથાને ગાઈ-વગાડી અભિનય કરનારામાંથી 'રામલીલા' ના સ્વરૂપ બંધાયા. કૃષ્ણકથાને આલેખનાર માંથી રામલીલા-ઢાઢીલીલા જેવા નાટ્યપ્રકારો આવ્યા. આ ઉપરાંત પાંડવકથામાંથી અનેક નાટ્યરૂપો ભારતમાં પ્રસિદ્ધ થયાં. તો પ્રેમકથાઓમાં પુરુરવા-ઉર્વશી, ઉદયન-વાસવદત્તા, ઢોલામારુ- સદેવંત-સાવલિંગા, રોહિણી-મહિવાલ જેવી અનેક નાટ્યકૃતિઓ અસ્તિત્ત્વમાં આવી.

એજ પ્રમાણે જુદા જુદા રાજ્યના કથાવિદો એ નાટ્યાત્મક ભાવ સાથે વ્યાવસાયિક રૂપ ધારણ કરીને પૌરાણિક, દંતકથામૂલક અને કલ્પનોત્થ પ્રકારની લોકપ્રિય કથાઓના માધ્યમથી લોકનાટ્યનો પ્રકાર વિકસાવ્યો. ગુજરાતમાં મુખ્યત્વે લોકનાટ્ય ભવાઈનો પ્રકાર અસ્તિત્ત્વમાં આવ્યો. આજે પણ જુદી જુદી જગ્યાએ રામલીલા, ભવાઈ, કૃષ્ણલીલા જેવાં લોકનાટ્યો ભજવાતાં જોવા મળે છે. ખાસ વર્ગના લોકોએ પોતાનું આજીવિકાનું સાધન પણ લોકનાટ્યને બનાવ્યું છે. ધાર્મિકકથા તેમજ મનોરંજનને કારણે આવા વ્યવસાયકારોને પોષણ મળતા તેની પરંપરા ચાલે છે. પહેલાંના સમયમાં પુરાણકથા અને દેવદેવીનો વેશ લઈને મનોરંજન કરનારો બહુરૂપીનો વર્ગ હતો જે ગામડે ગામડે લોકોને અભિનય દ્વારા મનોરંજન આપતો એમાં ભાંડ-ભવાયાની પરંપરા પણ દૃઢ બની. આજે પણ કેટલાક વિસ્તારોમાં ધર્મનિમિત્તે કે પર્વ અને ઉત્સવોમાં આવા વેશ ભજવવાની પરંપરા આરંભાઈ છે. માતાની ભક્તિરૂપે વિવિધ પ્રકારના વેશપરિધાનો રૂપે આજે પણ- 'સૌરાષ્ટ્રના લખતર ગામ તથા ઉત્તર ગુજરાતમાં નવરાત્ર નિમિત્તે કેટલાંક બ્રાહ્મણ કુટુંબો માતાજીના કર રૂપે વેશ લે છે, ભવાઈ કરે છે.'[૩૬]

આમ લોકનાટ્યોનાં પણ વિવિધ સ્વરૂપો પ્રકારો છે. લોકનાટ્યનું મૂળભૂત અને આદિરૂપ તો મુખ્યત્વે લોકજીવન સાથે જ સંકળાયેલું હોવાથી તેમજ લોકમાં જન્મેલું કે વિકસેલું હોવાથી લોકોની વિવિધ ધાર્મિક વિધિઓ, વ્રતો કે ઉત્સવોની ક્રીડાઓમાં જોવા મળ્યું છે. કેટલીક વિધિઓમાં જે સંવાદ હોય છે કે પ્રતિજ્ઞા લેવડાવાય છે તે પણ લોકનાટ્યનું એક રૂપ છે. વિદ્યા, ગુરુ, પંથ, જાતિજ્ઞાતિ, રાજ્ય, રાષ્ટ્ર, વ્યવસાય, ધ્વજ વગેરેને વફાદાર

રહેવાની ગુપ્ત શપથવિધિઓ પણ મુખ્યત્વે ભારતીય આર્યજાતિઓનો જ સામાજિક સંસ્કાર છે. વૈવાહિક શપથ, સપ્તપદી કે આદર્શગ્રહણ તેમજ શ્રાદ્ધની ક્રિયા આદિમાં ત્રણ પીંડ મૂકીને પૂર્વ પિતૃઓની સાથે મૃતકને પ્રેત સંબંધ સ્થાપિત કરવાની પ્રતીકાત્મક વિધિ પણ નાટ્યાત્મક અંશ વાળી છે. શ્રાદ્ધ કરતી વખતે કુંભને અમુક રીતે ખભે મૂકવો, પગ ડાબો જમણો મૂકવો, આંગળીની વિશિષ્ટ મુદ્રાઓ કરી દેવને અંજલિ આપવી, હથેળી ત્રાંસ કરી પ્રતિઅંજલિ આપવી આદિમાં પણ નાટ્યાત્મક અંશ રહેલો છે. દરેક પ્રદેશ જાતિ-જ્ઞાતિમાં પ્રવર્તતી આવી વિવિધ મુદ્રાઓ લોકનાટ્ય સાથે સંકળાયેલો પ્રકાર જ છે.

લોકનાટ્યનો બીજો પ્રકાર 'કથપૂતળી'ને પણ ગણાવી શકાય. એમાં માધ્યમરૂપે માનવદેહને બદલે કાષ્ઠ કે કપડાંની પૂતળીઓને દોરી બાંધીને અભિનય કરાવવામાં આવે છે. યુદ્ધ, પ્રેમ અને પરસ્પર વ્યવહારનો અભિનય પૂતળીના શરીર પર બાંધેલા સૂત્રોને આધારે કરવામાં આવે છે. એમાં સૂત્રધાર પોતે જ કથન, ગાન કરતો હોય છે. મારવાડ રાજસ્થાનનો આ પ્રકાર ગુજરાતમાં વ્યાપક છે.

લોકનાટ્ય વિકાસમાં વિવિધ વ્યાવસાયિક જાતિઓએ મનોરંજનની રીતે આ કલાને સાચવી રાખી છે. આ કલામાં ઓછે વત્તે અંશે નાટ્યાત્મકતાના અંશો ભળેલા છે. જેમકે મલ્લ, મદારી કે ગારુડીની રજૂઆતમાં નાટ્યના અંશ છે. તો બીજી તરફ તરગાળા-ભવાયા, ભાંડ, બહુરૂપી, રામલીલા કરતા તુરી બારોટોનો સંબંધ પ્રગટ રૂપમાં લોકનાટ્ય સાથે છે.

એજ રીતે આદિવાસી નૃત્ય અને લોકનાટ્યમાં પણ અપાર વૈવિધ્ય છે. કુદરતી અપાર વૈવિધ્યમાંથી વનસ્પતિ કે ઘાસનો કે રસનો ઉપયોગ કરીને ચિત્ર-વિચિત્ર વેશભૂષા ધારણ કરીને કોઈ પૌરાણિક, દંતકથામૂલક કે વ્યાવહારિક કે પર્વ નિમિત્તે વેશપરિધાન કરે તેમાં પણ એની અંગભંગીઓ દ્વારા નાટ્યત્મકતાનું રૂપ બહાર આવે છે. આપણે ત્યાં ભારતમાં કથકલી, ભરતનાટ્યમ્, કુચીપુડી, ઓડિસી વગેરે નૃત્યશૈલીમાં તો નાટ્યાત્મક અંશ છે જ. પરંતુ કયારેક બાલ રમતો જેવી કે પરિણિત સ્ત્રીઓના જાગરણમાં પણ આવા નાટ્યાત્મકતાનાં દર્શન થાય છે.

ગુજરાતી બાલરમતો જેવી કે 'ધમાલ ધોકો' 'મામાનું ઘર કેટલે', 'આટલા-આટલા પાણી' ઉપરાંત ગૌરીવ્રતોમાં 'અચકો મચકો કારેલી' જેવાં ગીતોમાં બાળક અમુક પ્રકારની ઝડપ, ચાલ કે જે પ્રકારની ચેષ્ટાઓ કરે છે. તેમાં પણ નાટ્યના અંશો જોવા મળે છે. જાગરાણમાં 'હમ્બો-હમ્બો વીંછુંડો, હલ્લીફૂ જેવી રમતમાં પણ એકપાત્રનો અભિનય આ પ્રકારનો નાટ્યઅંશ જેવો જ છે. આદિવાસીઓ લોકમહાકાવ્યની કડીઓમાં 'અરેલા'માં પણ અભિનયનો ભાવ રહેલો છે. આટલી સાહિત્યક ચર્ચા જોયા પછી ધોડિયા જાતિમાં જોવા મળતા કેટલાંક લોકનાટ્યાંશ જોઈએ.

### ૪.૬.૧ ધોડિયા જાતિની બાળરમતોમાં લોકનાટ્યનો અંશ

વિશ્વસ્તરે વિસ્તરેલી જે લોકરમતો-ક્રીડાઓ છે તેમાં નાટ્યાત્મક અંશો છે અને તે મૂળભૂત એવું લોકનાટ્યનું રૂપ છે. આદિવાસી સમાજની  બાળરમતો વખતે ગવાતાં કેટલાંક બાળ જોડકણાંમાં નાટ્યાત્મકતા અંશો જોવા મળ્યા છે. આમ તો એ પણ લોકનાટ્યનું જ રૂપ મનાયું છે.

આ જાતિમાં આજે કોઈ એવા દેખીતી રીતે લોકનાટ્યના અંશો જોવા મળ્યા નથી. છતાં મારી રૂબરૂ મુલાકાતમાં મહુવા તાલુકાના બામણિયા ગામના સંસદસભ્ય શ્રી ઈશ્વરભાઈ વહિયાના મુખે સાંભળવા મળ્યું કે 'એક સમય એવો હતો જયારે આપણા નાના નાના મહોલ્લાઓમાં નવરાશની પળોમાં અથવા તો કોઈ નાનામોટા પર્વ નિમિત્તે ગામના નાના-નાના કલાકારો લોકોને મનોરંજનની સાથે સાથે સમાજ રચનાની ભાવાત્મક બાબતોને વણી રામાયણનાં કેટલાંક પાત્રો ભજવતાં. આ વેશ ભજવવા પાછળ મુખ્યત્વે આપણા સમાજમાં લોકોને કેટલીક બાબતો જે સમાજ ઉપયોગી હોય તેવી બાબતોથી વાકેફ કરવામાં આવતાં આજ આશય આવા વેશ ભજવવા પાછળનો રહેતો. જો કે આજે આવી કોઈ વેશભૂષા હવે બચી નથી.'[૩૭] કયારેક પર્વ ઉપર ગામના કેટલાક મદીરાપાન કરનાર લોકો હોળી જેવા તહેવાર નિમિત્તે ગામમાંથી દાપું ઉઘરાવવા માટે અવનવા વેશ ધારણ કરતો અને આવેડે

એવા અભિનય સાથે ગીતો કે સંવાદો બોલતો અને સામેની વ્યક્તિને પીગળાવી પોતાનું દાપું લેતો આવી કેટલીક વેશભૂષામાં પણ આંગિક અભિનયની નાટ્યાત્મકતા જોવા મળી છે- જો કે આજના સંદર્ભે હવે આવા વેશ ભજવનારા જોવા મળ્યા નથી.

આજના બદલાયેલા સમય પ્રમાણે એક બાબત નોંધવી ઘટે કે આજે આટલા ઝડપી યુગમાં પણ ગામડાંનાં બાળકોમાં આજે પણ એમની બાળ રમતો સચવાઈ રહી છે. આવી બાળરમતોનાં ગીતો કે જોડકણાંમાં આવા નાટ્યાત્મકતાના અંશો જોવા મળ્યા છે. જેમકે બાળકો ઘરના વિશાળ ફળિયામાં કે મોહલ્લાના વિશાળ ચોગાનમાં ભેગા મળી દાવ રમવાની પ્રાથમિક પ્રક્રિયા શરૂ કરે એ વખતે રમતની બે ટીમ પાડતી વખતે સરખી સરખી ઉંમરના છોકરા-છોકરી ભિલ્લુ બનીને બે ટીમમાં પસંદગી પામે ત્યારે જે જોડકણાં ગવાય છે. એ જોડકણામાં પણ નાટ્યાત્મકતાના અંશ છે. જેમકે- 'થડ' બનેલાં બે બાળકો પાસે ભિલ્લુ બનેલાં બંને બાળકો પોતાની ગુપ્ત ઓળખ ધારણ કરી 'થડ' પાસે જઈને બોલે-

૧. ભિલ્લુ- અમે બે આયવા

થડ- શું શું નામ લાયવા

ભિલ્લુ- કોઈને જોઈએ આંબો કે આંબલી?

'થડ' બનેલ એક બાળક- 'આંબલી' એટલે આંબલી નામ ધારણ કરનાર બાળક માંગનારની ટીમમાં ચાલી જાય બીજું બાળક બીજા થડમાં ચાલ્યું જાય. એમ ટીમ તૈયાર થાય અને પછી જે રમતો રમાય એ તો પ્રત્યક્ષ જોઈએ ત્યારે જ ખરાં ખરીનો ખેલ દેખાય. બાળકના આવા દાવપેચ જોવાની મોટેરાંને પણ મજા પડે. બાળકના આવા સાભિનયના દાવપેચોમાં પણ આંગિક અભિનય વડે નાટ્યાત્મક વલણ ઊભરી આવે છે.

૨. બાળકો ગોળાકાર ગોઠવાઈ જઈ ગોળાકારમાં એક બાળક વચ્ચે ઊભું રહી હાથના અભિનય વડે જે જોડકણાં બોલી રમત રમે એ પણ જોવા જેવી હોય છે. બાળક પગની પાનીએ બંને હાથ વાંકા વળીને અડાડી બોલે- 'ઈત્તા-ઈત્તા પાણી' વાળા જોડકણાંમાં પણ અભિનય અનોખો છે.

૩. એક બાળક ડોશી બને જેના પગે સૌ બાળકો વીંટળાઈને બેસી જાય. રાજાને ત્યાં દીકરી બીમાર પડી તો બોર ખાવાની સલાહ અપાય હવે બોર તો ડોશીની વાડીમાં મળે પણ બોર લેવા જાય કોણ? કારણ કે ડોશીની વાડીમાં કાળિયો કૂતરો પાળેલો જે કોઈને પ્રવેશવા ન દે એટલે રાજાના હુકમથી નોકર બોર લેવા જાય અને ડોશીની વાડીના 'ખોડીબારામાંથી'[૩૮] પ્રશ્ન પૂછે.

નોકર- ડોશી ડોશી બોર ખાવા આવું કે?

ડોશી- આવ

નોકર- કાળિયો કૂતરો કરડે કે?

ડોશી- ની કરડે.

નોકર બનનાર બાળક લંગડી કરતો કરતો ડોશીના પગે બાઝેલાં બાળકો પાસે ઊભો રહી રાજાની વાત કરે અને પછી પાકકું બોર માગે છે. ડોશી પેલા નોકરને પાકું બોર શોધી લઈ જવા કહે છે. પેલું બાળક લંગડી કરતું કરતું ગોળ ગોળ ફરી દરેક બાળકના માથામાં હાથની આંગળી ટીંચી બોલે કાચું કે પાકું?

ડોશી- કાચું

નોકર- કાચું કે પાકું?

ડોશી- પાકું

એટલે પેલું બાળક ડોશીનો પગ છોડી નોકર સાથે ચાલવા લાગે ત્યારે પોતાનામાંથી એક બાળક (બોર) ઓછું થતાં બીજાં બાળકો બોર લેવા આવનાર બાળક (નોકર) પાછળ દોડે છે અને (નોકર)ને પકડી પાડી, બાળક (બોર)ને છોડાવે છે. આ પ્રકારની અભિનયથી ભરપુર એવી આ રમતનાં જોડકણાંમાં પણ નાટ્યાત્મકતા છે. કારણ કે દરેક બાળક હાથ પગના અભિનયથી આવા રમતના ભાવો ઉપસાવે છે. કથા, સંવાદ, ગીત કે જોડકણાં

અભિનયના ભાવ સાથે જોડાઈને આવતી આવી બાળ રમતોમાં તેમજ લગ્નગીતોમાં ગવાતાં ફટાણાંઓમાં પણ અભિનય સાથેની કેટલીક નાટ્યાત્મકતા જોવા મળે છે.

'ફટાણાં'માં સાસરા અને પિયર પક્ષની સામે બે પક્ષમાં વહેંચાઈ જઈ ગીત ગાનારી ઓ બંને પક્ષને ભાંડવાનાં ગીતો ગાય છે ત્યારે આ જાતિની ફટાણાં ગાનારી સ્ત્રીઓ એકબીજાના ખભે-ખભા મીલાવીને એકજ લચકમાં શરીરના અંગમરોડ આપીને ગીતોના સૂરને વધારે રોચક બનાવે છે. સૂર સાથે તાલ મિલાવીને લયહિલ્લોળ આપતી એમની મુદ્રામાંથી નાટ્યાત્મક અભિનયનો અંશ નીતરતો જોવા મળે છે. કયારેક તો યુદ્ધના ધોરણે એકબીજાની નજીક પહોંચી જઈ શાબ્દિકની સાથે સાથે ખેંચાખેંચી કરી તૂ તૂ મેં મેં પણ કરી નાંખે છે. આમ લોકનાટ્યની દષ્ટિએ જોઈએ તો આ જાતિમાં કોઈ નાટકના શિષ્ટ પ્રવાહના રંગો જોવા મળ્યા નથી. પરંતુ કેટલાક નાટકનાં પ્રાથમિક આવિષ્કરણો અચૂક જોવા મળ્યાં છે. આવી કલારૂપે અંતે તો પહોંચવાનું છે તે તો લોકહૃદય સુધી અને ત્યાં આપણને પહોંચાડી દે છે. લોકોના આવા મનોરંજનના કલાસામર્થ્યને કારણે લોકનાટ્ય સુધીનો માર્ગ નિકટનો બનાવ્યો છે.

ઉપરોકત લોકસાહિત્યનાં કથ્યસ્વરૂપો ને ધ્યાનમાં રાખી ધોડિયા જાતિમાં મળતાં કેટલાંક કથ્ય સ્વરૂપોની મળતી માહિતી મુજબ મૂલવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. કયાંક કચાસ જરૂર વર્તાય છે પરંતુ મળતી સામગ્રીના આધારે અને કેટલીક લોકમુખે સાંભળવા મળેલી સામગ્રીના આધારે આ મુદ્દાને તપાસ્યો છે. આ જાતિમાં એમની પરંપરા અનુસારની કેટલીક બાબતો જાણવા મળી તે બાબતોને લોકસાહિત્યનાં મૂલ્યો વડે તપાસવાનો આશય કદાચ એટલો બંધબેસતો ન પણ હોય એટલે જેટલું છે, મળ્યું છે તેના આધારે જ આ પ્રકરણને તપાસ્યું છે.

# સંદર્ભસૂચિ


૧. ચંદરવાકર પુષ્કર, 'લોકવાર્તા', પ્ર.આવૃત્તિ પૃ.૧.

૨. ચંદરવાકર પુષ્કર, 'લોકામૃત', પ્રકરણ-૨, પ્ર.આ., પૃ.૧થી૧૦.

૩. 'ગુજરાત દીપોત્સવી', વિ.સં. અંક ૨૦૬૨, લેખ- જોરાવરસિંહ જાદવ, પૃ.૬૩.

૪. ડો.સત્યેન્દ્ર, 'લોકસાહિત્ય વિજ્ઞાન', પૃ.૧૭૦.

૫. ચંદરવાકર પુષ્કર, 'લોકામૃત', પ્ર.આ. પૃ.૧૮૨.

૬. પરીખ પ્રિયકાન્ત, 'ગુજરાતી લોકકથા સાહિત્ય', પૃ.૫/૬.

૭. ઉપાધ્યાય કૃષ્ણદેવ, 'લોકસંસ્કૃતિની રૂપરેખા', પૃ.૨૬૬.

૮. ચંદરવાકર પુષ્કર, 'લોકવાર્તા', પ્રકરણ-૯, પ્ર.આ., પૃ.૭૩, ૭૪.

૯. 'ગુજરાત દીપોત્સવી', વિ.સં. ૨૦૬૨, લેખ- જોરાવરસિંહ, પૃ.૬૯.

૧૦. લોકકથાની માહિતી આપનારા

    ૧. પ્રવીણભાઈ કીકુભાઈ પટેલ- પ્રજ્ઞાચક્ષુ, ગામ- અંબાચ, ઉંમર-૪૭, તા.પારડી, જિલ્લા-વલસાડ.

    ૨. રામુભાઈ પરભુભાઈ પટેલ, ગામ મોટાપોંઢા, જિ.વલસાડ, તા.પારડી.

    ૩. ભીખુભાઈ છનાભાઈ પટેલ, મુ. કવાલ, તા.પારડી, જિ.વલસાડ.

    ૪. ગુલાબભાઈ મોતીભાઈ પટેલ, ગામ- કરાયા, તા.પારડી, જિ.વલસાડ, ઉંમર ૬૯.

    ૫. કેશુરભાઈ રધાભાઈ પટેલ, ગામ-કારાયા, ઉંમર ૭૨.

૧૧. સ્વ. શ્રી આશારામ દલીચંદ શાહ, 'ગુજરાતી કહેવત સંગ્રહ', પ્રસ્તાવના પૃ.૪.

૧૨. શ્રી કારાણી દુલેરાય, 'કચ્છી કહેવત', પ્ર.આ., પૃ.૫.

૧૩. શ્રી ચંદરવાકર પુષ્કર, 'લોકામૃત', અપ્રગટ.

૧૪. સ્વ.મેઘાણી ઝવેરચંદ, 'લોકસાહિત્યનું સમાલોચન', પ્ર.આ., પૃ.૧૯૯.

૧૫. દવે ભરત ક., 'ઉત્તર ગુજરાતની કહેવતો', પ્ર.આ. ૨૦૦૫, પૃ.૨૪.

૧૬. એજન, પૃ.૨૫.

૧૭. તરૈયા પ્રભાશંકર, 'વીક્ષા', પ્ર.આ. ૧૯૮૦, પૃ.૧૪૫,૧૪૬.

૧૮. શ્રી જોષી કનૈયાલાલ, 'લોકગુર્જરી', અંક-૧૦, પ્ર.આ. ૧૯૮૦, પૃ.૧.

૧૯. ડો. પરમાર શ્યામ, 'ભારતીય લોકસાહિત્ય', પ્ર.આવૃત્તિ, પૃ.૧૮૫.

૨૦. Dr. A. H. Kreppe, 'The Cience of Folklore', P. 143.

૨૧. તરૈયા પ્રભાશંકર, 'વીક્ષા', પ્ર.આ. ૧૯૮૦, પૃ.૧૪૫.

૨૨. દવે ભરત ક., 'ઉત્તર ગુજરાતની કહેવતો', પ્ર.આ. ૨૦૦૫, પૃ.૪૩,૪૪.

૨૩. પટેલ મંછારામ નારણદાસ, 'ધોડિયા જાતિ: બોલી, સાહિત્ય અને સંસ્કૃતિ', પ્ર.આ.૨૦૦૦, પૃ.૮૯.

૨૪. એજન, પૃ.૯૨.

૨૫. એજન, પૃ.૯૦.

૨૬. એજન, પૃ.૯૦.

૨૭. માહિતીદાતા- પટેલ કરશનભાઈ રંગજી

૨૮. માહિતીદાતા- પટેલ ગમનભાઈ ભાણાભાઈ

૨૯. પટેલ બાલુભાઈ બી., 'દ.ગુજ.ના સાગરકાંઠાના માછીમારોનું લોકસાહિત્ય તેનો લોકસંસ્કૃતિ સાથેનો સંબંધ' અપ્રગટ- પૃ.૩૧૪,૩૧૫.

૩૦. પટેલ મંછારામ, 'ધોડિયા જાતિ: 'બોલી, સાહિ. અને સંસ્કૃતિ', પ્ર.આ.૨૦૦૦, પૃ.૮૫

૩૧. માહિતીદાતા - સ્વ.છીબાભાઈ દેવાભાઈ પટેલ

૩૨. માહિતીદાતા - મણીબહેન સુરજીભાઈ પટેલ

૩૩. માહિતીદાતા - ભગુભાઈ રમણભાઈ પટેલ

૩૪. માહિતીદાતા - ભીખાભાઈ મોહનભાઈ પટેલ

૩૫/૩૬. માહિતીદાતા - કાન્તાબહેન મકનભાઈ પટેલ

૩૭. ડૉ. યાજ્ઞિક હસુભાઇ, 'લોકવિદ્યાવિજ્ઞાન',પ્ર.આ. પૃ.૧૩૦,

૩૮. રૂબરૂ મુલાકાત તા.૨૮-૬-૦૮, પટેલ ઈશ્વરભાઇ વહીયા (સંસદ સભ્ય), ગામ- બામણીયા, જિ. સુરત.

૩૯. 'ખોડીબારું' અંગ્રેજી (V) આકારનો ઝાંપો, જવાનો રસ્તો.

# પ્રકરણ-૫
# લોકસાહિત્યનાં ગેયસ્વરૂપો

૫.૧ લોકસાહિત્યનાં ગેયસ્વરૂપો

૫.૧.૧ લોકગીતનો ઉદ્ભવ

૫.૧.૨ લોકગીત સ્વરૂપ ચર્ચા

૫.૧.૩ લોકગીતની વ્યાખ્યા

૫.૧.૪ લોકગીતનાં લક્ષણો

૫.૧.૫ લોકગીતનું વર્ગીકરણ

૫.૧.૬ ધોડિયા જાતિનાં લોકગીતોનું વર્ગીકરણ

૫.૧.૭ ધોડિયા જાતિમાં ગવાતા લોકગીતો

૫.૨ કથાગીતની વિભાવના

૫.૨.૧ કથાગીતની ઉત્પત્તિ/વ્યાખ્યા

૫.૨.૨ કથાગીતનાં લક્ષણો

૫.૨.૩ કથાગીતનું વર્ગીકરણ

૫.૨.૪ ધોડિયા જાતિમાં મળતા કથાગીતોના અંશો

૫.૩ લોકસાહિત્યમાં દુહાનું સ્થાન

૫.૪ જોડકણાં

૫.૪.૧ ધોડિયા જાતિમાં ગવાતા બાળ રમતનાં જોડકણાં

૫.૫ સુભાષિતો

૫.૬ ઉખાણાં

૫.૬.૧ ધોડિયા જાતિમાં કહેવાતાં ઉખાણાં

# પ્રકરણ-૫
# લોકસાહિત્યનાં ગેયસ્વરૂપો

## ૫.૧ લોકસાહિત્યનાં ગેયસ્વરૂપો

લોકસાહિત્યનાં કથ્ય સ્વરૂપોની ચર્ચા કર્યા બાદ લોકસાહિત્યનો અતિ મહત્ત્વનો વિભાગ એટલે કે ગેયસ્વરૂપોની ચર્ચા કરીએ.

'શિષ્ટ સાહિત્ય' માં ગદ્ય અને પદ્ય એમ બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે તેમ લોકસાહિત્યના પણ બે વિભાગો પાડવામાં આવ્યા છે. જો કે લોકસાહિત્યમાં તો બધું એક જેવું જ છે. પરંતુ સંશોધન કરનારા કે લોકસાહિત્યનું રસપાન કરનારાઓને સરળતા સાધી શકે સારી રીતે ચોકસાઈપૂર્વકનું તારણ કાઢી શકે એવા આશયે લોકસાહિત્ય વિદોએ 'કથ્ય' અને 'ગેય' એમ બે સ્વરૂપોને અલગ તારવ્યાં છે. 'કથા' સ્વરૂપ મોટેભાગે કથા સાથે જોડાયેલું હોય છે. એમાં વિવિધ બુદ્ધિ કે અભિનય વડે કથાને મૌખિક રૂપે ઓપ અપાતો હોય છે. લોકસાહિત્યક્ષેત્રે આવું મૌખિક, બુદ્ધિગમ્ય કે બૌદ્ધિક કથ્ય જેવી અનેક કથાઓ આજે પણ કહેવાતી જોવા મળે છે. પૌરાણિક, ઐતિહાસિક, અર્ધઐતિહાસિક દંતકથાઓ, ચમત્કારિક જેવી અનેક કથાઓની સાથે કથ્ય વિભાગને વિવિધ રીતે વહેંચી શકાય છે. તેમ 'ગેય' વિભાગમાં પણ લોકસાહિત્યને ઊંચેરે ટોડલે, ઊંચે ને મોભલે કે ઊંચી તે વનરાજીએ વિકસાવવાની, ખીલવવાની કે વિસ્તારવાની સુંદર અને મંગલમય રીતે રચી આપવાની અનોખી શક્તિ છે. 'ગેય' વિભાગ 'કથ્ય' વિભાગથી સંગીતની દૃષ્ટિએ જુદો પડ્યો છે જેમકે-

'કાળી તે કોયલ આંબલિયામાં રમતી

કે બાપાજી ભેગી જમતી, કે બહેની નાનડી.'[૧]

ઉપરોક્ત ગીતમાં શબ્દોની વ્યંજનાશક્તિ સાથે સંગીતનાં લય, ઢાળ, તાલ, સ્વર, લહેકાઓ કે મધુર ઠેકા-ઠુમકા ભળવાની આ 'ગીત' જયાં ગવાય રહ્યું હોય તે સ્થળનું

વાતાવરણ વિશેષ રૂપ આપ્યા વિના રહેતું નથી. 'ગેય' સ્વરૂપો કાવ્યો જ નહીં પણ ભરપૂર સંગીતમય કાવ્યો તરીકે લોકસાહિત્યમાં શોભી ઊઠે છે. 'ગેય' શબ્દ પડતાની સાથે જ ગાવું, ડોલવું કે તાલ જેવા શબ્દો કાને અથડાય પડે છે. હજુ તો ગાવાની શરૂઆત ન થાય ત્યાંજ મનનો અભરખો અડધો ડોલી ઊઠે છે.

લોકસાહિત્યનાં 'ગેય' સ્વરૂપમાં- અહીં લોકગીત કથાગીત, દુહા, જોડકણાં, સુભાષિતો, ઉખાણાં આદિ સ્વરૂપોને ધ્યાનમાં રાખી ધોડિયા જાતિમાં મળતાં કેટલાક ગેય સ્વરૂપોની સંશોધકમૂલક સામગ્રી એકત્ર કરીને ચર્ચા કરવાનો આશય રહ્યો છે.

લોકસાહિત્યના આ વિભાગમાં 'લોકગીત' પ્રકાર બધાં જ અન્ય પ્રકારો કરતાં સવિશેષ મહત્ત્વ ધરાવે છે. દુનિયાની કોઈ એવી જાતિ ન હશે કે જેમાં લોકગીતો ન હોય. દરેક જ્ઞાતિએ અવનવા એમની સંસ્કૃતિને અનુરૂપ લોકગીતો ગવાતાં આવ્યાં છે. એટલે કે લોકગીતોનો જ ફાલ લોકસાહિત્યમાં અતિ મહત્ત્વનો રહ્યો છે અને એમાં પણ લોકગીતમાં 'લગ્નગીત' જેવો પેટાપ્રકાર આજે પણ એજ ભવ્ય સંસ્કૃતિનાં દર્શન કરાવે છે. એનો અર્થ એવો નથી કે કથાગીત, દુહા, જોડકણાં ઉખાણાં આદિ સ્વરૂપો મહત્ત્વનાં નથી. પરંતુ આ બધાની સરખામણીમાં લગ્નગીત આજે પણ એટલીજ મહત્તા ધારણ કરી રહ્યું છે. 'લોકગીત' આપણી માનવજાતિની સાથે જ ઉદ્‌ભવ્યું છે. માનવ સંસ્કૃતિ અને સભ્યતાની સાથે તેનો વિકાસ થયો છે. તેથી જ તો 'લગ્નગીત' જેવાં લોકગીતોમાં માનવજીવનની એકેએક ક્ષણ ગૂંથાઈને આવે છે. લોકજીવનમાં લોકગીતો જ અને તેમાં પણ લગ્નગીતો જ વધારે આનંદ અને તરબોળ બનાવનારાં બન્યાં છે. લોકગીત જેવું સમૃદ્ધ લોકસાહિત્યનો ફાલ આજે પણ એટલોજ આનંદની સાથે વહેતો રહ્યો છે.

### ૫.૧.૧ લોકગીતનો ઉદ્‌ભવ

લોકગીતના ઉદ્‌ભવ વિશે અનેક પ્રકારની કલ્પનાઓ કરવામાં આવે છે. કેટલાક વિદ્વાનોનું માનવું છે કે માનવ આવેગોમાંથી ગીતો ઉદ્‌ભવ્યાં હશે? તો કેટલાક વિદ્વાનો

સામાજિક આંતર-બાહ્ય ચેતનાને જવાબદાર ગણે છે તો કેટલાકનું માનવું એવું છે કે કોઈ એક વ્યક્તિ વડે રચાયા હશે અને પાછળથી પરિવર્તન પામતું સામૂહિક બન્યું હશે? તો કેટલાકના મતે લોકગીતો આદિમાનવની જીવનયાત્રામાંથી વિકસ્યું છે, અને પશુ-પંખીમાંથી તેને શબ્દ, લય, અને સંગીતના સંસ્કારો પ્રાપ્ત થયા છે. ઘણા વિદ્વાનો લોકગીતના ઉદ્‌ભવ-વિકાસમાં પ્રકૃતિને જવાબદાર ગણે છે.

માનવજાતના વિકાસમાં જેમ પ્રકૃતિનો ફાળો બહુ મોટો છે તેમ લોકગીતોમાં પણ પ્રકૃતિનો ફાળો અમૂલ્ય રહ્યો છે. માનવસમૂહે જેમ જેમ સભ્યતા પ્રાપ્ત કરી તેમ-તેમ તેમનું આંતરિક જીવન સંસ્કારી થતું ગયું અને એ રીતે લોકગીતના ઉદ્‌ભવમાં અને તેના વિકાસમાં કુદરતનો ફાળો વધારે ઉપયોગી બન્યો હશે? શિકારની શોધ, ભોજનનો આનંદ તેને પરિણામે નાચ-ગાન અને તાન સ્વર અને શબ્દદેહે અવતર્યા હશે. પ્રથમ પશુ-પ્રાણીના કે પંખીના ધ્વનિના અનુસરણો કરીને કે ઝરણાંના કલકલ નાદ થકી લોકગીતનો શબ્દ સંગીતમય બનીને વહ્યો હશે? છતાં લોકગીત કયારે જન્મ્યું કેવી રીતે વિકસ્યું હશે એ વિશે કોઈ નિશ્ચિત સમય નકકી કરી શકાયો નથી. પણ માનવ વિકાસની સાથેજ લોકગીતનો ઉદ્‌ભવ વિકાસ થયો હશે એમ માની શકાય. ગુફામાં વસનારો કે રખડું જીવન જીવનારા માણસમાં જેમ જેમ બુદ્ધિનો વિકાસ થયો હશે તેમ તેમ એમની ભાવના પ્રગટી હશે અને એ ભાવનાઓને વ્યક્ત કરવા માટે લોકગીતોનો ઉદ્‌ભવ થયો હશે? તેથી જ તો ડો.કૃષ્ણદેવ ઉપાધ્યાય ‘લોકગીતને લોકજીવનનું વલણોનું નવનીત કહી’ને ઓળખાવે છે.

શ્રી ઝવેરચંદ મેઘાણીએ ‘લોકસાહિત્ય ધરતીનું ધાવણ ખંડ-૧’માં લોકગીતોની ઉત્પત્તિ વિશે જુદા-જુદા વિદ્વાનોનાં ચાર અનુમાનો આપ્યાં છે. જેમાં (૧) ધંધાદારી ચારણોએ-ગાયકોએ ગીતો રચી દેશ-દેશાંતરમાં પ્રચાર કર્યો હશે.

(૨) લોકવૃંદે રચી જનસમૂહને સુપરત કરી સુધારા વધારાનાં પરિવર્તનો પામી કોઈ કૃતિનો જનક બન્યો હશે.

(૩) કોઈ એકે રચીને તેમાં એકએક કડી ઉમેરાતા અને નૃત્યગાન કરતું અખંડ ગાન બન્યું હશે.

(૪) કોઈ મહાબુદ્ધિશાળી માનવીનાં રચેલાં હશે.[૨]

મેઘાણીએ લોકગીત ઉદ્ભવની કલ્પનામાં લોકજીવનની સાથે સાથે પ્રકૃતિ-કુદરતની લીલા સાથે વણાયેલી લોકસૃષ્ટિની સજીવતા બતાવીને મનુષ્યે જે પ્રકારનું અનુકરણ કર્યું હશે એમાંથી જ લોકગીતનો ઝરો (સ્રોત) વહ્યો હશે એમ પણ જણાવે છે. ટૂંકમાં લોકગીતના ઉદ્ભવમાં આદિમાનવનું પ્રકૃતિપ્રધાન જીવન જ કારણભૂત બન્યું હશે.

મેઘાણીની જેમ શ્રી જયમલ્લ પરમારે પણ લોકગીતના ઉદ્ભવમાં માનવીની તૃપ્ત ઈચ્છા (આનંદ)માંથી પશુપ્રાણીઓના ચિત્કારની જેમ ઊર્મિનો ઝરો ફૂટી નીકળ્યો હશે એમ માને છે તો એડમન ચેમ્બર્સ 'ગ્રીસ દેશના રાસડા'ની ચર્ચા કરતાં નોંધે છે કે- 'લોકગીતો પશુપાલકોના કંઠમાંથી જાણે કે જન્મ્યાં હશે. ભરવાડો, રબારીઓ, આદિવાસીઓ એમના કંઠમાંથી આ લોકગીત કદાચ જન્મ્યું હશે.'[૩]

લોકગીતના ઉદ્ભવ વિશે બીજા પણ કેટલાક વિદ્વાનોનું માનવું છે કે તે શૌર્યની ભાવનામાંથી કે યુદ્ધ પ્રસંગોમાંથી લોકગીતનો જન્મ થયો હશે અથવા તો બાળકને ઉછેરતી માતાના પુત્ર-પુત્રીના નાજુક નમણાં સૌંદર્યને પામી તેના પ્રત્યેના અપાર વહાલના ઉદ્ગારોમાંથી- કંઠમાંથી આપોઆપ લોકગીતો વહી આવ્યાં હશે? તેથી જ કદાચ લોકગીતોમાં હાલરડાંને આરંભનાં લોકગીતો તરીકે મૂકવામાં આવ્યા હશે.

લોકગીતોના ઉદ્ભવની એક કલ્પના એવી પણ કરવામાં આવી છે કે સ્ત્રી કે પુરુષ જયારે પોતાની રસ ઝરતી સૌંદર્યથી તસ તસ કે ફાટ-ફાટ થતી યુવાનીના તોરમાં મદહોશ બનીને અમુક પ્રકારના અભિનયપૂર્વક સ્વર કે લયમાં કે તાલ ધ્વનિઓ વર્યા હશે એમાંથી લોકગીતનો ઉદ્ભવ થયો હશે? દા.ત. 'રાજનાં છેલિયા' કે 'ભીલોનાં પ્રણય ગીતો'.

આવા લોકગીતો કયાંથી આવ્યાં? કયાંથી ઊતર્યા? સંસ્કૃતિનું આવું સાર્વભૌમ, આવું

સર્વકાલીન સ્વરૂપ જોતાં કયાંક તો એનાં મૂળ સંઘરાયાં હશે ને? જો કે એનો મૂળ સ્રોત કયાં છુપાયો છે એ નિશ્ચિત પણ કોઈ કહી શકયું નથી. ઈતિહાસ, પુરાણો અને શાસ્ત્રો સુધી સંશોધન કરનારા અને વેદની ગાથાઓ એનાં મૂળ જોનારા પણ આ લોકગીતોના સર્જન-નિર્માણનો કોઈ કાળ નકકી કરી શકયા નથી. સમાજશાસ્ત્ર, નૃવંશશાસ્ત્ર અને પુરાતત્ત્વ દ્વારા હજારો વર્ષનો કાળનો પડદો ચીરાયો છતાં લોકગીતોની ઉત્પત્તિ કાળની કોઈપણ સીમા બાંધી શકાઈ નથી. તેથી જ તો શ્રી ઝવેરચંદ મેઘાણી લોકગીતોના મૂળ અંગે નોંધતાં સાચું જ કહે છે કે- 'ધરતી ના કોઈ અગમ્ય અંધારા પડોમાંથી વહ્યા આવતા ઝરણાનું મૂળ જેમ કદાપિ શોધી શકાયું નથી તેમ લોકગીતોના ઉત્પત્તિસ્થાન પણ વણશોધાયાં જ રહ્યાં છે.[૪]

આમ ઉપરોકત મતોને જોતા એટલું તો ચોકકસ કહી શકાય કે લોકગીતનું ઉદ્ભવ સ્થાન ઘણું ઊંડું અને રહસ્યમય છે. જે કદાચ આદિકાળથી પણ ઊંડું છે. આવાં લોકગીતોમાં જન્મથી મૃત્યુ સુધીના બધા જ ભાવો ગવાયા છે. લોકજીવનનો કોઈ એવો પ્રસંગ નથી કે જયાં ગીત ન હોય. આમ લોકજીવનનું અસ્તિત્ત્વ જયાં સુધી છે ત્યાં સુધી આવા થોકબંધ લોકગીતો જીવંત રહેશે અને સતત પરિવર્તનો સાથે યુગે યુગે નવાં ગીતો રચાતાં રહેશે એ વાત નિર્વિવાદ છે.

### ૫.૧.૨ લોકગીત સ્વરૂપ ચર્ચા

'લોકગીત' શબ્દ કાને પડતા જ આપણને જે કલ્પના, જે ભાવના અને જે શબ્દનો મહત્ત્વનો અર્થ અનુભવાય તે શિષ્ટ સામાન્ય વર્ગ માટે 'સામાન્ય' ઓછો જ લાગે. 'લોકગીત' એટલે શિષ્ટ વર્ગમાં ગામડાનું ગીત, અભણનું ગીત, નિરક્ષરોની બોલી, અશિષ્ટ અને અભણ-અણસમજુ લોકોનું સામાન્ય ગીત, આવો અનુભવ અત્યારે વર્તમાન સમયમાં શહેરી-શિષ્ટ લોકોનો છે. આવાં 'લોકગીતો' આજે ઊંડા ઉતરવાને બદલે ફકત ઉપરછલ્લું જ જ્ઞાન જાણે છે. આવાં 'લોકગીતો' ના સ્વરૂપ વિશે ચર્ચા કરતાં બહુધા વિદ્વાનોએ વ્યાખ્યાઓ અને લાક્ષણિકતાઓ જ દર્શાવી છે.

'લોકગીત' શબ્દનો પ્રયોગ આપણા ગુજરાતી સાહિત્યમાં પારસીઓ પછી રણજિતરામ બાવાભાઈએ કર્યો. ઈ.સ.૧૯૦૫ની પ્રથમ ગુજરાતી સાહિત્ય પરિષદમાં આ શબ્દ અંગ્રેજી શબ્દ 'Folksong' ઉપરથી યોજ્યો અને ત્યારપછી શ્રી મેઘાણી, ગોકુલદાસ રાયચુરા વગેરે વિદ્વાનોએ 'લોકગીત' શબ્દ સ્વીકારી લીધો. પરંતુ અંગ્રેજીમાં જેને 'ફોકસોંગ્સ' કહે છે એનું ગુજરાતી 'લોકગીત' કરતાં ગૂંચવણ ઊભી થાય છે. પરંતુ 'લોકગીત'માં રહેલાં ભાવસંવેદનોને જોતા એને સ્વીકારવો જ રહ્યો.

લોકગીત વિશેની ચર્ચા આપણા ગુજરાતી સાહિત્યમાં પણ નર્મદ-દલપત યુગથી થતી આવી છે. ત્યારબાદ પારસી ભાઈઓના પ્રયાસો થયા પછી એ જ પ્રવાહ ગુજરાતી લોકસાહિત્યમાં લોકગીતોના સંગ્રહોમાં જોવા મળ્યો. નર્મદ પછી મેઘાણીના પ્રયાસથી અનેકક્ષેત્રોમાં સંપાદનો કરીને લોકગીતો વિશેની વિશદ માહિતી મળી છે.

લોકહૃદયમાંથી લોકકંઠે ઉતરી આવતાં ભાવસંવેદનો જયારે ધ્વનિમય બની લય સાધે છે ત્યારે ગીત બને છે. એ ગીતો લોકગીતોના પરિસ્થિતિ, રીતિ, વિધિ અને પ્રસંગોનુસાર જુદા-જુદા વિભાગોમાં વહેંચી શકાય છે. સ્વરૂપની દૃષ્ટિએ આવાં લોકગીતો અનેક પ્રકારોમાં વહેંચાયાં છે. જે આગળના મુદ્દામાં વિગતે જોઈશું.

લોકગીત માટે સ્વ.કાકા કાલેલકર કહે છે કે 'લોકગીત એ સાહિત્યનું મૂળધન કહેવાય.' આવા સાહિત્યના મૂળધનને સાચવી રાખવાની અને લોકહૃદયમાં ગૂંજતું રાખવાની આપણી એક આગવી ફરજ બની રહે છે. આવું લોકકંઠે જીવતું અને લોકજીભે રમતું આ લોકગીત કાળે કાળે નીતનવું બનતું જાય છે. આવાં લોકગીતોને જુદા જુદા સ્વરૂપે નિહાળી શકાય છે.

### ૫.૧.૩લોકગીતની વ્યાખ્યા

'લોકગીત'નું સ્વરૂપ જોયા પછી પ્રશ્ન એ ઉદ્ભવે કે લોકગીત એટલે શું? કેવા ગીતને આપણે લોકગીત તરીકે ઓળખાવી શકીએ? આ પ્રશ્ન માત્ર વ્યાખ્યાઓથી સમજાવી શકાતો નથી, તેના માટે તો લોકગીતોમાં આલેખાયેલાં ઘટક તત્ત્વો પણ વિગતે જાણવા જરૂરી બને

છે. લોકગીતો લોકકલાની મૌખિક અભિવ્યક્તિ હોવાથી તેને વ્યાખ્યાના જડ ચોકઠામાં બાંધી ન શકાય છતાં લોકગીતને સરળતાથી સમજી શકાય એ માટે કેટલાક વિદ્વાનોએ લોકગીતને વ્યાખ્યામાં બાંધવાનો પ્રયત્ન કર્યો છે.

લોકસાહિત્ય એક આભલું છે તેમાં તારલારૂપી અનેક સ્વરૂપો ચમકી રહ્યાં છે. આવા લોકસાહિત્યમાં 'લોકગીત' મુખ્ય પ્રકાર તરીકે આગવું સ્થાન ધરાવે છે. આવા લોકગીતની પાશ્ચાત્ય અને ભારતીય લોકસાહિત્યકારોએ વ્યાખ્યા આપી છે.

લોકગીતની વ્યાખ્યા આપનાર પાશ્ચાત્ય વિદ્વાનોમાં ડો. ક્રાપેના મતે લોકગીત અતીતમાંથી ઉદ્‌ભવી મધુર ઊર્મિ શતાબ્દીઓથી પ્રચલિત છે. એવો ભાવ રજૂ કરે છે. ડો.બ્રુન્વાન્દ મૌખિક પરંપરા અને શબ્દ તથા સંગીતને ગણાવે છે. તો આર.વી.વિલિયમ્સ લોકગીતની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે-

'લોકગીત એ નવુંય નથી અને જૂનુંય નથી. એ જંગલમાં કુદરતી રીતે ઊગી નીકળેલા જંગલી વૃક્ષ જેવું છે. જેના મૂળ અતીતમાં છે. છતાં નવી નવી શાખા-પ્રશાખા અને ફળફૂલ આપે છે.'[૫] તો ગ્રીમ 'લોકગીત સ્વયંભૂ રચના છે.' આ ઉપરાંત પેરી, ડો.વેરએર ઓલ્વીન, ફ્રેન્ચી જેવા અન્ય પાશ્ચાત્ય વિદ્વાનોની વ્યાખ્યાઓ પણ તાજગીસભર બની છે.

પાશ્ચાત્યની જેમ હિન્દી સાહિત્યકારોએ પણ પોત પોતાની વ્યાખ્યા આપી છે. રામનરેશ ત્રિપાઠી પણ 'લોકગીત'ને પ્રકૃતિમાંથી ઉદ્‌ભવેલું એવું કેવળ રસ માધુર્ય ગણાવીને સ્ત્રીપુરુષ હૃદય નામના આસન પર બેસીને પ્રકૃતિના ગીત ગાનારું કહ્યું છે.'[૬] જેનો કોઈ કર્તા ન હોવા છતાં તેમાં પ્રફુલ્લિત રસ, મીઠી સુવાસ, સુંદરલોકઢાળ, અને અનોખી તળપદી શૈલીથી રચાયેલી સુંદર સુવર્ણમાલા છે. જેમાં પ્રકૃતિના રંગબેરંગી આહ્‌લાદક, રમણીય ભાવ સંવેદનો છલકાતાં હોય છે.

લોકગીતમાં લોકજીવનની ઝીણામાં ઝીણી રીત પરંપરા લોકસમૂહમાં ગવાયને આવે છે. જેમ વન્ય પ્રકૃતિમાં ખીલી ઊઠતાં વન્યફળફૂલોની પોતાની એક આગવી વિશિષ્ટતા હોય

છે તેમ લોકગીતની કડીએ કડીએ સમાજજીવનની કે લોકસંસ્કારની વિશિષ્ટતા દર્શાવતી જોવા મળી છે. આમ 'લોકગીત' એ નવું અને નાજુક સંગીતમય, પ્રકૃતિ, માનવજીવન કે લાગણીઓનાં વિવિધ ભાવસંવેદનોને વ્યક્ત કરનારું અણધાર્યું ગીત છે. આવાં લોકગીતમાં પ્રણયનો ઉન્મેષ, રિસામણાં-મનામણાં, વિપ્રલંભશૃંગાર અને વિરહભાવની ઉત્કટતા પણ જોવા મળી છે. પતિ-પત્ની, પ્રિયા-પ્રિયતમ, માતા-પુત્ર, ભાઈ-બહેન જેવા સંબંધો ઉપરાંત કોઈકવાર કશી પણ સગાઈ ન હોવા છતાં માનવતાના ગુણો ચરિતાર્થ કરવાને માટે અનુપમ પ્રેમનું સગપણ પાથરી જનારાં પાત્રોના પ્રેમભાવો અને તેમની દિલેરી ચિતનો કબજો લે છે. આવા લોકગીતની વ્યાખ્યાઓ અન્ય સાહિત્યકારોએ પણ આપી છે જેમાં વાસદેવ શરણ અગ્રવાલ લોકગીતને કદી ન સૂકાય એવો રસનો સ્રોત તરીકે ઓળખાવે છે તો ડો.ચિંતામણી લોકગીતને અનાયાસે ફૂટી નીકળતા મનોભાવની અભિવ્યક્તિ, ડો. શ્યામ પરમાર માનવહૃદયમાંથી પ્રગટતા ભાવોને લોકગીત તરીકે ઓળખાવે છે. શ્રી ગુલાબરાય પણ આજ મતને સ્વીકારે છે. ડો. હજારીપ્રસાદ ગ્રામગીતોને આર્યેત્તર સભ્યતાના વેદ તરીકે ગણાવે છે તો સત્યાશીદેવેન લોકગીતોને સંસ્કૃતિનાં ઓળખચિત્રો તરીકે સ્વીકારે છે. આ ઉપરાંત સૂર્યકિરણપારિક, ડો. કુન્દલાલ ઉપ્રેતી, તારાકાન્ત મિશ્રા, ડો. રામશર્મા, ડો. સદાશીવ ફડકે, જેવા એ પણ લોકગીત માટે પોતપોતાની વ્યાખ્યાઓ બાંધી છે.

અન્ય સાહિત્યકારોની જેમ ગુજરાતી લોકસાહિત્યકારો પણ લોકગીતની વ્યાખ્યાઓ આપી છે. 'લોકગીત'ની વ્યાખ્યા આપતા શ્રી ઝવેરચંદ મેઘાણી લખે છે કે- 'જેના રચનારે કદી કાગળ અને લેખણ પકડયાં નહીં હોય, અને પ્રેમાનંદ કે નરસિંહ મહેતાની પૂર્વે કેટલો કાળ વીંધીને એ સ્વરો ચાલ્યા આવે છે. તેનીયે કોઈ ભાળ નહીં લઈ શકયું હોય એનું નામ લોકગીત.'[૭] મેઘાણીએ ઉપરોક્ત વ્યાખ્યામાં લોકગીતનો ઉદ્ભવ અને રચયિતા ઉપર વિશેષત: ભાર મૂકયો છે.

મેઘાણી પછી શ્રી જયમલ્લ પરમાર લોકગીતની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે-

'લોકગીતોની સામાન્ય વ્યાખ્યા પ્રમાણે તે મૌખિક એમાં બહુજન સમાજની ચેતના રહેલી છે. એ અજ્ઞાત વ્યક્તિ કે વ્યક્તિઓ દ્વારા પરિવર્તન પામતા રહી સામુદાયિક અભિવ્યક્તિનો ઘાટ પકડતા જાય છે. લોકગીત એ સંવેદન પ્રેરિત માનવહૃદયની રસાત્મક અનુભૂતિની રાગાત્મક અભિવ્યક્તિ.'[૮]

શ્રી જયમલ્લ પરમારે આપેલી ઉપરની વ્યાખ્યામાં લોકગીતની મૌખિક પરંપરા, જનસમૂહની ચેતના, અજ્ઞાત વ્યક્તિ દ્વારા થતાં પાઠાંતરો, સમૂહગત અભિવ્યક્તિ માનવભાવો, રસાત્મકતા અને રાગાત્મક ભાવની વાતો જેવા તત્ત્વોને સમાવ્યાં છે.

આ ઉપરાંત શ્રી ખોડીદાસ પરમાર, શ્રી ચંદરવાકર, ડો. અમૃત પટેલ, કે.કા.શાસ્ત્રી, મહાત્મા ગાંધી, શ્રી મણિલાલ નભુભાઈ, બ.ક.ઠાકોર, ડો.પ્રભાશંકર તરૈયા, વગેરે વિદ્વાનોએ વિવિધ વ્યાખ્યાઓ આપી છે. જે મોટેભાગે એકબીજાની સાથે મળતી આવે છે.

આમ 'લોકગીત'ની ભારતીય અને પાશ્ચાત્ય વિદ્વાનોની વ્યાખ્યાઓની વિચારણા કરતા એટલું તારવી શકાય કે લોકગીતમાં કલ્પનાની તાજગી, ઊર્મિ, પ્રકૃતિતત્ત્વ, ચિત્તવેધકતા, લાઘવતા, આનંદનો ચિત્કાર, સર્જક અજ્ઞાત, મૌખિક, સમૂહ જીવનું તત્ત્વ, પરિવર્તનશીલતા અને સમાજનું પ્રતિબિંબ જેવાં અનેક તત્ત્વોથી ખીચોખીચ ભરેલું છે. આવી વ્યાખ્યાઓ જોયા પછી લોકગીતનાં કેટલાંક લક્ષણોની ચર્ચા કરીએ.

### ૫.૧.૪લોકગીતનાં લક્ષણો

'લોકગીત' એ લોકજીવનની જીવતી જાગતી યુનિવર્સિટી છે. લોકગીતમાં બહુધા લોકહૃદયની અભિવ્યક્તિ છે. જેમ પહાડના હૈયામાંથી ફૂટી નીકળી નદી-ઝરણાં ખળખળ વહેવા માંડે છે તેમ જનસામાન્યના હૈયામાંથી ફૂટી નીકળતાં લોકગીતો પણ વિવિધ ભાવસંવેદનો પ્રગટાવે છે જેમ વૃક્ષમાંથી ઘેઘુર શાખાઓ નવપલ્લવિત બની ઝૂમી ઊઠે છે તેમજ લોકગીતોમાંથી લોકસંસ્કૃતિની વિવિધ લાક્ષણિકતાઓ પ્રગટી ઊઠે છે.

કાશ્મીર અને હિન્દી લોકગીતની તુલના કરનાર જવાહરલાલ હંડુ જેને 'અતીતના

ગુંજ' તરીકે ઓળખાવે છે એવાં લોકગીતો પણ કંઠસ્થ રીતે સમાજમાંથી જ આવ્યાં છે અને પ્રાચીનકાળથી અત્યાર સુધી અમર-અજર રહ્યાં છે. આવાં લોકગીતોનાં અનેક લક્ષણો તારવી શકાય એમ છે.

લોકસાહિત્ય, લોકવાર્તા, લોકનાટ્ય, લોકસંગીતની જેમ લોકગીતના પણ વિવિધ લક્ષણોની તારવણી, આપણા ભારતીય વિદ્વાનોએ કરી છે.

લોકશાયર શ્રી ઝવેરચંદ મેઘાણીએ લોકગીતનાં લક્ષણો નીચે પ્રમાણે દર્શાવ્યાં છે.

૧. એમાં અવ્યક્તિનું તત્ત્વ અગ્રપદે હોય છે.

૨. લોકગીતમાં અચાનક આરંભને ધસમસતો પ્રવાહ,

૩. આડું અવળું ગયા વિના સીધા મૂળ વિષય સુધી ખેંચી જવાની કલા,

૪. શ્રવણ, વાચન અને ગાયનનો ઊર્મિમય સાક્ષાત્કાર આદિ.

શ્રી જયમલ્લ પરમારે તારવેલાં લોકગીતનાં લક્ષણો નીચે પ્રમાણે છે.

૧. તેના રચનારા બહુધા અજ્ઞાત હોય છે.

૨. તે સહજ સ્ફુરિત છે.

૩. એમાં યત્ન વિનાનું કલાવિધાન છે.

૪. એમાં પ્રકૃતિનો મહિમા છે.

૫. એમાં માનવહૃદયની ઊર્મિઓ છે.

૬. એમાં અનેકમાં એક પ્રાણે પરોવાયેલો હૃદયનો ધબકાર છે.

૭. એમાં વ્યક્તિનો સર્વથા અભાવ છે.

૮. એમાં શબ્દ, સ્વર, અને ગીત-તાનનો સમન્વય છે.

૯. એ સમૂહહૃદયે ચડે તેવી રચના છે.

૧૦. જેમાં સંસ્કાર અને સાર્વજનિક સંવેદન છે.

૧૧. એ રચનામુક્ત પણ આંતરિક લયવાળી હોય છે.

૧૨. એ કંઠોપકંઠ પ્રમાણે વહેતા આવે છે. મૂળમાં સર્જક કે ગાયક હોય; પછી એનું સંવેદન સામૂહિક અને સાર્વજનિક બને છે.[૯]

આ ઉપરાંત જયમલ્લ પરમારે લોકગીતનાં કેટલાંક લક્ષણો સામે પ્રશ્નાર્થ મૂકીને પણ દર્શાવ્યાં છે જે થોડાં ઘણાં ઉપરોક્ત વ્યાખ્યામાં સમાયેલા જોવા મળ્યા છે. ટૂંકમાં શ્રી જયમલ્લ પરમારના લોકગીતનાં લક્ષણોમાં અન્ય વિદ્વાનોએ તારવેલાં મોટાભાગનાં લક્ષણો સમાઈ જતાં જોવા મળ્યાં છે.

'લોકવાઙ્મયકાર' શ્રી કનુભાઈ જાની લોકગીતની ચર્ચામાં દશેક જેટલાં મુખ્ય-મુખ્ય લક્ષણોને આલેખે છે. જે મોટાભાગનાં લક્ષણો શ્રી જયમલ્લ પરમારમાં આલેખાયેલા જોવા મળે છે. આ ઉપરાંત ડૉ. કુન્દલાલ ઉપ્રેતીએ ૧૩ જેટલાં લક્ષણો આપ્યાં છે. ડૉ. ઉપ્રેતીએ લોકગીતની સાહિત્ય ગીતથી વ્યાવર્તક એવી સામગ્રી, એનો ભિન્ન હેતુ, ભિન્ન સ્વરૂપ અને રજૂઆત વગેરેને દૃષ્ટિમાં રાખીને લોકગીતનાં લક્ષણો અહીં દર્શાવ્યાં છે.

ડૉ. હરિદ્વારીલાલ શર્મા પણ લોકગીતનાં ૧૦ લક્ષણો આપ્યાં છે. જેમાં અભિવ્યક્તિ, ભાષાશૈલી, કંઠપરંપરા, કર્તાનો લોપ, બોલી, ગેયતા, અનુષ્ઠાનોની શ્રદ્ધા, સામૂહિકતા અને સ્ત્રીઓનું વિશેષ યોગદાન જેવાં લક્ષણોને ગણાવ્યાં છે.

ડૉ. તારાકાન્ત મિશ્રે પણ ૧૦ જેટલાં લોકગીતનાં લક્ષણો બતાવ્યાં છે. તો ડૉ. સત્યેન્દ્રે પણ લોકગીતનાં લક્ષણો વિશે કહ્યું છે કે- લોકવાણીને તેનાં તળપદા ઉચ્ચારણને કંઠબદ્ધ બનાવે છે. અને સમૂહગાન વડે તે અજ્ઞાત કર્તૃત્વને આલેખે છે. તેનાં જીવન-વિદાય, સંગીતને સર્જનની સ્ફૂણાને લોકગીતનાં લક્ષણોમાં માન્ય ગણે છે.

સંતસાહિત્યમાં જેનું મન ઊંડું ઊતર્યુ છે એવા ડૉ. નિરંજન રાજયગુરુ એ પણ લોકગીતના ૨૧ જેટલાં લક્ષણો દર્શાવ્યાં છે. જેમાંનાં મોટાભાગનાં લક્ષણો ઉપરોકત વિદ્વાનોની લાક્ષણિકતામાં આવી ગયાં જેમાં અજ્ઞાત કર્તૃત્વ, લોકબોલી, સામૂહિક સર્જન, ધસમસતો

વેગ, પરિવર્તનશીલતા, પાઠાંતરો, જીવનની બધીજ વાસ્તવિકતા, સંગીતમયતા, ટેક, ધ્રુવપંક્તિ, કંઠસ્યતા, પરંપરા, અલંકારઅભાવ, લાઘવતા, પ્રકૃતિ, સર્વભોગ્યતા, સંઘજીવનનો પરિપાક, લોકસમુદાયનાં વિવિધ ભાવસંવેદનો, આદિ લક્ષણોની વાત કરી છે.

આમ ભારતીય વિદ્વાનોએ આપેલા ઉપરોક્ત લોકગીતનાં લક્ષાણો આપણાં લોકગીતમાં સ્થાન પામ્યાં છે. જો કે સમયની સાથે અવનવાં લક્ષણો ઉમેરાતાં પણ રહે છે. 'લોકગીત' એ તો વહેતાં ઝરણાં જેવું છે. ગમે તેટલાં એનાં લક્ષણો ભેગાં કરીએ છતાં હૃદય ધરતીનાં પેટાળમાંથી ફૂટતી આ જીવન-ધારાને પૂરેપૂરી ઓળખવી, પામવી કે ઉકેલવી શકય તો નથી... છતાં 'લોકગીત' ને સમજવા માટે આવાં ઉપરોક્ત તારણો તારવવા ફરજિયાત બની રહે છે.

### ૫.૧.૫ લોકગીતનું વર્ગીકરણ

'આપણાં લોકગીતો કૂવા જેવાં સ્વયં અને સજળ છે. એમાં રસ છે પણ ઈંટ, સિમેન્ટ જેવી છંદ-અલંકાર મર્યાદા નથી. વળી સાર્વભૌમતા, સરળતા અને તાજાપણાના કારણે કાળના અનેક પ્રવાહો વચ્ચે પણ એ અડીખમ ટકી રહેલ છે. એટલું જ નહીં વાસી પણ થયાં નથી.'[૧૦]

'લોકગીતો' એ લોકસરજતનું ફળ છે, લોકસમૂહનું સર્જન છે. છતાં લોકગીતોનાં વર્ગીકરણ કે લોકગીતના પ્રકારો પાડવા એ લોકગીતના સંશોધનક્ષેત્રે સરળતા અને સુગમતા રહે તે માટે જરૂરી બને છે. 'લોકગીત'નાં સંશોધકો એ પણ વર્ગીકરણને ઝાઝું મહત્ત્વ આપ્યું છે. ગુજરાતી લોકસાહિત્યક્ષેત્રે શ્રી ઝવેરચંદ મેઘાણી, શ્રી જયમલ્લ પરમાર, શ્રી ખોડીદાસ પરમાર, શ્રી કનુભાઈ જાની, ડો.હસુ યાજ્ઞિક, ડો.પ્રભાશંકર તેરૈયા, હરિવલ્લભ ભાયાણી જેવા વિદ્વાનો પાસેથી આપણને લોકગીતના વર્ગીકરણો ઉપલબ્ધ બન્યા છે. એમના વર્ગીકરણના આઠેક જેટલા પ્રકારો દુનિયાભરના અન્ય વિદ્વાનોએ પણ સ્વીકાર્યા છે. આ ઉપરાંત પાશ્ચાત્ય અને હિન્દી સાહિત્યકારો એ પણ લોકગીતનાં વર્ગીકરણો આપ્યાં છે.

લોકગીતોનાં વર્ગીકરણોમાં પાશ્ચાત્ય સાહિત્યના વિદ્વાનોમાં શ્રીમતી માર્યા લીંચે, યુગોસ્લાવિયાનાં લોકગીતોના બે પ્રકાર પાડ્યા છે. (૧) પુરુષોના ગીત (૨) સ્ત્રીઓના ગીત. જ્યારે ફોકલોરના વર્ગીકરણમાં એમણે પાંચ જેટલાં વર્ગીકરણો કર્યાં છે.

૧. બાળકોનાં ગીતો

૨. સગાઈ અને વિવાહગીત

૩. મૃત્યુ સંબંધી ગીત

૪. અવસરના ગીત

૫. વિલાસ ગીત.[૧૧]

પ્રો. કિટરિજ પણ લોકગીતના ચાર પ્રકારો આપે છે. પરંતુ તે સર્વસામાન્ય નથી. ડો.ક્રાપ લોકગીતના ૧૩ જેટલા વિષયોને અલગ વિભાગમાં વહેંચે છે તો અમેરિકન લોકસાહિત્યકાર શ્રી બ્રુન્વાન્દ લોકગીતને ત્રણ વિભાગમાં વહેંચે છે.

પાશ્ચાત્ય વિદ્વાનોની માફક આપણા ગુજરાતી લોકસાહિત્યના વિદ્વાનોએ પણ સંશોધન, સંપાદન પરત્વે રુચિ દાખવીને લોકસાહિત્યમાં ઠીક ઠીક કામ કર્યું છે. આવા વિવિધ લોકસાહિત્યકારના મતે લોકગીતનાં કેટલાંક વર્ગીકરણો અહીં મૂકયાં છે. જેમાં સૌપ્રથમ શ્રી ઝવેરચંદ મેઘાણીએ થોડાંક જુદી રીતનાં લોકગીતોનાં વર્ગીકરણો બતાવ્યાં છે જે નીચે મુજબ છે.

ક. સ્ત્રીઓનાં ગીતો-

૧. સીમન્તનાં ગીતો

૨. હાલરડાં

૩. બાળરમતોનાં જોડકણાં

૪. નિશાળે બેસાડતી વેળાનાં ગીતો

૫. જનોઈનાં ગીતો

૬. વેવિશાળ

૭. લગ્નગીતો

૮. જન્મ

૯. મૃત્યુગીતો- છાજિયા, રાજિયા, મરસિયા.

ખ. રાસડા

ગ. ગરબા

ઘ. ઋતુગીતો

ચ. ભજનો-કીર્તનો-ધોળ

છ. દુહા

જ. ગોપગીતો

ઝ. શમાવાળા-કૃષ્ણાવાળા, સળુકા

ટ. ખાયણાં

ઠ. દયણાં

ડ. વિવિધ.[૧૨]

મેઘાણીના ઉપરોકત લોકગીતોના વર્ગીકરણમાં લગભગ બધાંજ પ્રકારનાં લોકગીતોની ચર્ચા દેખાય આવે છે.

શ્રી ખોડીદાસ પરમારે પણ લોકગીતોના વર્ગીકરણમાં નીચે પ્રમાણેનાં વર્ગીકરણો આપ્યાં છે.

(૧) લગ્ન પ્રસંગનાં માંગલિક અને અન્ય લોકગીતો- જેમાં એના ૨૮ જેટલા પ્રકારનાં ગીતો ગણાવ્યાં છે.

(૨) સીમન્ત- અઘરણીનાં ગીતો- જેમાં ૭ જેટલા પ્રકારનાં ગીતો છે.

(૩) બાળ-હાલરડાંમાં વાત્સલ્યભાવ, બાળહુલામણનાં હાલરડાં અને રામ-કૃષ્ણનાં બાળલીલા વર્ણવતા પ્રકીર્ણ હાલરડાં

(૪) બાળ- જોડકણાં અને અન્ય

(૫) ઉજળિયાત વર્ગનાં ‘બડવા’ ને જનોઈ ગીતો

(૬) તુલસી વિવાહનાં ગીતો

(૭) કન્યા કિશોરીઓનાં મોળાકતનાં ગીતો

(૮) સૌભાગ્યવતી અને પ્રૌઢ સ્રીઓનાં વ્રત-વરતુલાં-

(૯) નારી સમૂહના રાસડા

(૧૦) ગરબા, માંડવડી વગેરે.

(૧૧) માંગલિક પ્રસંગનાં ધોળમંગળ

(૧૨) શ્રમહારી ગીતો- ઘંટી, રેટિયો, વાડી ખેતરનાં ગીતો

૧૩. મૃત્યુ પછીના શોક અને પ્રશસ્તિનાં છાજિયાં-

૧૪. આનંદ પ્રમોદનાં બૌદ્ધિક ગીતો.[૧૩]

પરમાર ખોડીદાસનાં લોકગીતોના વર્ગીકરણમાં પણ મેઘાણીનાં વર્ગીકરણોની સામ્યતા દેખાય છે.

શ્રી કનુભાઈ જાનીએ પણ પોતાની રીતે લોકગીતનું વર્ગીકરણ કરેલ છે. જે નીચે મુજબ છે એમની પાસેથી

૧. સંસાર અને સંસ્કાર સંબંધી: માં ૯ પ્રકારનાં લોકગીતોનું વર્ગીકરણ છે.

૨. ઋતુ સંબંધી: ભડલી, ગોપદુહા, સોરઠા, વાર, તિથિ, મહિના, નવરાત્રી વગેરે પેટા પ્રકારો છે.

૩. વ્રત સંબંધી માંઃ તુલસી, ગૌરી, વડસાવિત્રી, શીતળા સાતમ સંબંધી વર્ગીકરણ છે.

૪. શ્રમસંબંધીમાં ખાંડતાઃ ટીપતા, વાવણી, હોબેલાં જેવા ૬ પ્રકારો બતાવ્યા છે.

૫. ભક્તિસંબંધીમાં ચિંતન, ભજન, પદ, ગરબા-ગરબી, ભવાઈને લગતાં વર્ગીકરણો છે.

૬. પ્રકીર્ણમાં મુકતકો, સમસ્યા, રમતગમત, બુદ્ધિચાતુરી જેવા પ્રકારનું વર્ગીકરણ કર્યું છે.[૧૪]

આમ કનુભાઈ જાનીના વર્ગીકરણમાં પણ ઉપરોક્ત મેઘાણી અને ખોડીદાસ પરમારનાં વર્ગીકરણોનું પુનરાવર્તન થાય છે.

આ ઉપરાંત ગુજરાતી વિદ્વાનોમાં ડો. અમૃત પટેલ, ડો. નિરંજન રાજયગુરુએ પણ લોકગીતોનું વર્ગીકરણ કર્યું છે. જેમાં મોટેભાગે, જાતિ, લિંગ, અવસ્થા, વિષય, શ્રમ, ધાર્મિક, સ્વરૂપ ભેદે જેવા જાતિ આધારિત તેમજ ઉપયોગિતાની દૃષ્ટિએ ગવાતાં ગીતોનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

ગુજરાતી વિદ્વાનો પછી હિન્દી વિદ્વાનોના પણ લોકગીતનાં અનેક વર્ગીકરણો થયેલાં જોવા મળ્યાં છે. જેવા કે સોહનદાન ચારણ, મોહનકૃષ્ણ દર, સરોજની, રોહતગી, ગોવિંદ ચાતક, ડો.તારાકાન્ત મિશ્ર, મોહનલાલ બબુલકર, શિવદયાલ જોશી વગેરે. આ તમામ વિદ્વાનોના વર્ગીકરણો જોતાં એકંદરે સંસ્કારગીતો, ધાર્મિક ગીતો, ઋતુગીતો, તહેવારગીતો, શ્રમગીતો, માંગલ્યગીતો, વિરહ-મિલનનાં ગીતો, દેવ-દેવીનાં ગીતો, જાતિસંબંધી અને વિવિધ ગીતો જેવા પ્રકારો પાડેલા જણાય છે.

ઉપરોકત લોકગીતનાં વર્ગીકરણો મોટેભાગે પ્રાપ્ત લોકગીતોના તથા વિદ્વાનો પોતાની અંગત માન્યતાઓના આધારે કરતા હોવાહથી એમના કેટલાંક વર્ગીકરણોમાં અમુક બાબતો

રહી જવા પામી છે અથવા એમ કહી શકાય કે આવનાર લોકગીતોમાં કદાચ આ વર્ગીકરણો પૂરતાં પર્યાપ્ત ન બને એવું પણ બને કે નવાં નવાં વર્ગીકરણો આપોઆપ આવતાં જાય એમ પણ બને. જેમ જેમ જુદી જુદી જાતિનાં લોકગીતોનાં સંશોધનો થતાં જાય છે તેમ તેમ નવા નવા પ્રકારના ગીત પ્રકારો ઉમેરાતા જાય છે. હાલમાં તો ઉપરોક્ત વર્ગીકરણને આધારે નીચે મુજબની કેટલીક વિગતો તારવી છે જેમાં-

૧. અવસ્થા પ્રમાણે ગવાતાં ગીતોનું વર્ગીકરણ
૨. જાતિ કે જ્ઞાતિ પ્રમાણે ગવાતાં ગીતોનું વર્ગીકરણ
૩. રસ પ્રમાણે લોકગીતોનું વર્ગીકરણ
૪. વિષય પ્રમાણે લોકગીતોનું વર્ગીકરણ
૫. જાતિ કે લિંગભેદ પ્રકારે વર્ગીકરણ
૬. સ્વરૂપ પ્રમાણે લોકગીતોનું વર્ગીકરણ
૭. ઋતુ પ્રમાણે લોકગીતોનું વર્ગીકરણ
૮. પ્રદેશ પ્રમાણે લોકગીતોનું વર્ગીકરણ વગેરે.

આમ તો લોકગીતોના વર્ગીકરણની સમસ્યા થોડી જટીલ તો ખરી? મુશ્કેલીભરી પણ ખરી. કેમકે કયારેક આવાં વર્ગીકરણો સંપૂર્ણ ન પણ બની શકે. વર્ગીકરણમાં સમાવેલ વિભાગમાં આવતાં ગીતો પૂર્ણ બંધ બેસતાં ન પણ હોય ત્યારે એમાં રહેલા સૂક્ષ્મ ભેદો બતાવવા અને લોકગીતની વિશાળતાને સમાવવા વર્ગીકરણની જરૂરિયાત ઊભી થાય છે. કયારેક તો એવું પણ બને કે લોકજાતિ પાસેથી તદ્દન નવાજ લોકગીતો પ્રાપ્ત થાય છે ત્યારે તેને કયા વિભાગમાં સમાવવા એવી સમસ્યા નિવારવા પણ લોકગીતોનું વર્ગીકરણ સમય સાથે પરિવર્તન પામતું રહે, એ પણ અનિવાર્ય છે.

## ૫.૧.૬ ધોડિયા જાતિનાં લોકગીતોનું વર્ગીકરણ

દક્ષિણ ગુજરાતના ધોડિયા જાતિનાં લોકગીતોનાં વર્ગીકરણમાં પણ સમસ્યા તો ઘણી

છે. છતાં આ જાતિમાં ગવાતાં લોકગીતોની સમજૂતી માટે પણ અહીં વર્ગીકરણ કરવું અનિવાર્ય બને છે તેથી એમનાં ગવાતાં ગીતો પ્રમાણે અહીં વર્ગીકરણ કરવાનો પ્રયત્ન કર્યો છે.

## ૦ લોકગીતોનું વર્ગીકરણ

૧. સંસ્કાર ગીતો :

હાલરડાં, લગ્ન, મૃત્યુ વખતે શોક વ્યક્ત કરતું શોકગીત (છેડો વાળવો)

૨. ઉત્સવ ગીતો (તહેવાર ગીતો): દિવાળી, હોળી, દિવાસો, ગોકુળઆઠમનાં (સપ્તાહ ભજનો) નવરાત્રી

૩. શ્રમનાં ગીતો :

રોપણી ગીતો, હોબેલાં, ટીપણીનાં ગીતો.

૪. વ્રત ગીતો : મોળાકત ગીતો

૫. વાદ્ય ગીતો: કાંગાવાળનાં પિત્તરૌ ઉજવણી વખતે ભગતો દ્વારા ગવાતાં ગીતો.

૬. કનશેરી વિવાહનાં ગીતો

૭. બાળરમતનાં ગીતો

૮. પ્રકીર્ણ ગીતો:

(બાધા-માનતાનાં ગીતો, દેવદેવીનાં ગીતો, દારૂબંધીનાં ગીતો, શોષણનાં ગીતો, મેવલાનાં ગીતો (વરસાદી ગીતો).

ઉપરોક્ત લોકગીતોનું વર્ગીકરણ. આ જાતિમાં વડીલો પાસેથી મળેલી માહિતીના આધારે તેમજ કેટલાંક ગવાતાં ગીતોના આધારે કરવામાં આવ્યાં છે. છતાં એક બાબત નોંધવા જેવી છે કે ઉપરના વર્ગીકરણ મુજબ કેટલાંક લોકગીતો પહેલાં ગવાતાં હતાં પરંતુ હાલમાં ગવાતાં બંધ થયેલાં પણ જોવા મળ્યાં છે. જેથી ઉપરોક્ત વર્ગીકરણ પૂર્ણ ન માની

લેતા આ જાતિમાં થયેલા પરિવર્તનને ધ્યાનમાં રાખીને આ વર્ગીકરણ સ્વીકાર્યું છે. છતાં સમય જતાં આ વર્ગીકરણ પણ અપૂર્ણ બની રહે તેવી સંભાવના પણ શકય છે. આમ ઉપરોક્ત લોકગીતના ઉદ્‌ભવ, સ્વરૂપ, વ્યાખ્યા, લક્ષણો આદિ જોયા બાદ હવે આ જાતિમાં ગવાતાં કેટલાંક ગીતોની ચર્ચા કરીશું.

### ૫.૧.૭ ધોડિયા જાતિમાં ગવાતાં લોકગીતો

લોકગીત એ સંઘોર્મિનું ગાન છે. જનહૈયાની વિવિધ સંવેદનામાંથી જન્મેલા આ જીવાતી વાણીના બોલ એના જીવનને કોઈપણ જાતના આડંબર વિના રજૂ કરે છે. તેમાં ભલે તત્ત્વ ઓછું હોય પણ કોમળતા ઓછી નથી. એનું સૌંદર્ય પ્રકૃતિનાં ખોળે આડેધડ ઊગી નીકળેલા વિવિધ જંગલી ફૂલોનાં સૌંદર્ય જેવું છે. જેમાંથી તરેહ-તરેહની સુગંધ-પમરાટ ફેલાતો રહે છે. જેમ જંગલી વન્ય ફૂલોની ઝાઝી ઓળખ પામી શકયા નથી. છતાં ફૂલોમાં જેમની ગણના થઈ છે તેમ લોકગીતોમાં પણ કેટલાંક ભાવસંવેદનોને યોગ્ય નામકરણ કરી શકયા નથી. છતાં લોકગીતની સરખામણીમાં બંધ બેસે છે. જેમ વન્ય ઝાડફૂલનું ઉછેર-ઘડતર થયું છે તેમ આપણાં લોકગીતો પણ ઉછેર-ઘડતર પામ્યાં છે. સમય-સમય સાથે જેમ ફૂલછોડ પરિવર્તન પામતો રહે. કેટલાક નષ્ટ થઈ જાય, કેટલાંક નવાં ઊગી જાય તેમ લોકગીતોમાં પણ કેટલુંક ઘસાતું, નવું ઉમેરાતું એવું નવપલ્લવિત થતું, પાનખર વરસાવતું ફરી ફરીને મ્હોરી ઊઠતું એવું લોકગીત સર્વના હૃદયને સંકોરતું રહ્યું છે. બધા સાહિત્યમાં લોકગીત પ્રકાર જ વધારે લોકપ્રિય સાહિત્ય બની રહ્યું છે.

'લોકગીત' એ અન્ય ગીતો કે કવિતાની જનની છે. ગીતોનો ઉદ્‌ભવ જ લોકગીતોમાંથી થયો છે. અન્ય કવિતાની જેમ લોકગીતમાં કાવ્ય સૌષ્ઠવ ઓછું હોય છે. પરંતુ લોકગીતોમાં સહજ, સ્વાભાવિક અને માર્મિક ભાવસંવેદન વધારે જોવા મળે છે. તેથીજ લોકહૃદયને આકર્ષે છે અને લોકકંઠે કાયમી ગવાતું રહે છે. આવું જ લોકગીતોનું ભાવ સૌંદર્ય ધોડિયા જાતિના જુદા-જુદા પ્રકારનાં લોકગીતોમાં ગીત સ્વરૂપે ઊભરાતું જોવા મળ્યું છે.

લોકગીતોના રચનાર બહુધા અજ્ઞાત છે. ગીતો મોટેભાગે સમૂહમાં ગવાતાં હોવાથી સામૂહિક ભાવસંવેદન જોવા મળે છે. લોકગીતો મુખ્યત્વે લોકકંઠમાં સચવાયેલાં હોવાથી અનેકોના મુખેથી જુદીજુદી ભાવ સમૃદ્ધિ પ્રમાણે ગવાતાં રહ્યાં છે. એટલે તો કેટલાંક લોકગીતો જૂના જમાનાના રહ્યા છે તો કેટલાંક ગીતો સમય સાથે બદલાતાં રહ્યાં છે. કેટલાંક ગીતો જૂની પરંપરામાં ગવાતાં હતાં તેને બદલે હવે શિષ્ટ અને આધુનિક ગીતોમાં વણાતાં ગયાં છે. લોકગીતમાં રહેલી લયાત્મકતા કે ભાવસંવેદનાને કારણે લોકપ્રિય બનેલા એવા ધોડિયા જાતિના લોકગીતો પણ હવે દેશી લય-ઢાળોને બદલે ફિલ્મઢાળોમાં ગવાતાં જોવા મળે છે. પ્રથમનાં લોકગીતો પોતાની આગવી લોકબોલીમાં જ ગવાંતા એ જ ગીતો આજે મોટેભાગે શિષ્ટ બોલીમાં જ ગવાતાં જોવા મળ્યાં છે.

અહીં આ પ્રકરણમાં ધોડિયા જાતિનાં લોકગીતોના વર્ગીકરણ પ્રમાણે જે પ્રથમ પ્રકારનાં લોકગીતો એટલે કે 'સંસ્કાર ગીતો' બતાવ્યાં છે. તે પ્રકારનાં લોકગીતોની વિગતે ચર્ચા 'ધોડિયા જાતિનાં સંસ્કાર ગીતો' એ પ્રકરણમાં કરવામાં આવશે. જેથી બાકીના લોકગીત પ્રકારોની જ અહીં ચર્ચા કરાઈ છે.

## ૦ ઉત્સવગીતો (તહેવારગીતો)

આ જાતિના લોકો હંમેશાં ઉત્સવપ્રિય જ રહ્યા છે. વિવિધ ઉત્સવો જ એમનું જીવન જીવવાનું ઉત્તમ સાધન રહ્યું છે. વિવિધ તહેવારોમાં હર્ષઘેલી બની મહાલતી આ જાતિ પોતાના આનંદને વ્યક્ત કરતી વખતે પરંપરિત પ્રમાણે ચાલી આવતી પ્રણાલીને ગીતોની મહેફીલો માંડીને વ્યક્ત કરે છે. આ જાતિના લોકો પોતાનો આનંદ વ્યક્ત કરવા અને પોતાનાં ભાવસંવેદનો ને સહજતાથી પોતાની લોકબોલીમાં જ ગાય છે. જો કે આજે આ પ્રણાલી નષ્ટ થતી જાય છે.

ધોડિયા જાતિમાં ખાસ કરીને દિવાળી, હોળી, દિવાસો, ગોકુળઆઠમના સપ્તાહભજનો કે નવરાત્રીમાં પ્રાચીન ગરબાઓનું મહત્ત્વ ધરાવે છે. આ ઉત્સવો નિમિત્તે સૌ આબાલવૃદ્ધ

ગામ લોકો ભેગાં મળીને એમને આવડતાં એવાં ગીતો વડે ઉત્સવોનો આનંદ માણે છે. જો કે આજના બદલાતા યુગમાં આવી લોકપરંપરા ધીમે ધીમે ભુંસાતી જતી દેખાય છે. આજની નવી પેઢીના યુવાન-યુવતીઓ આવી લોકપરંપરાથી દૂર ભાગતા જાય છે તેથી આજના સમયમાં આવા ઉત્સવ ગાણાંઓ ઓછા થતા ગયા છે.

### ૦ દિવાળીનાં ગીતો

'દિવાળી' એ દરેક જાતિનો મોટામાં મોટો તહેવાર છે. દરેક જ્ઞાતિના લોકો પોત-પોતાની રીત-પરંપરાથી આવા ભવ્ય તહેવારોને ઉજવતા જોવા મળે છે. આ જાતિના લોકોમાં પણ દિવાળી એક મોટો તહેવાર તરીકે ઉજવાતો જોવા મળ્યો છે. આ જાતિમાં 'દિવાળી' એટલે 'દેવું વાળનારી દેવી' તરીકે ઓળખાવાઈ છે. આખું વર્ષ શ્રમ કરનારી આ જાતિ દિવાળીના દિવસોમાં થોડી નવરાશની પળો વીતાવતી હોવાથી આ તહેવાર એમના માટે મહાત્મ્ય બન્યો છે. દિવાળીના સમયમાં ખેતીકામમાંથી બધું જ ધાન્ય તૈયાર થઈ લણી લઈને ખળામાં આવી જતું હોવાથી તે સમયમાં ઝાઝું કામ ન હોવાને કારણે જ આ ઉત્સવને વધારે મહત્ત્વ આપે છે. આ ઉપરાંત એ સમયમાં ધનની પણ સારી આવક થતી હોવાથી વર્ષ દરમ્યાન ઉછીના-પાછીના, કરજે લીધેલા નાણાં પરત કરવાની પણ તક સાંપડતી હોવાને કારણે જ 'દેવુ વાળતી દેવી' કહી છે. 'દેવું ચૂકતે થતાં માથાનો ભાર ઓછો થાય અને માણસ મુક્ત બની આ ભવ્ય તહેવારની ઉજવણી કરે છે.

દિવાળી આવે એટલે દરેક માતા-પિતા પોતાની નવપરણીત સાસરે ગયેલી દીકરીને આણાં મોકલે છે અને દીકરી માતા-પિતા સાથે દિવાળીની મોજમજા માણે છે. પોતાની પિયરની સખીઓ સાથે હાટ-મેળામાં મહાલે છે અને પોતાનાં કુવારીકાના દિવસોને માણે છે. એજ દીકરી ઉત્સવ પછી સાસરિયા તરફથી આણા કરવા આવનાર વ્યક્તિને સંબોધીને પોતાના પિતાને કહે છે કે મારે હજુ સાસરે જવાની ઘણીવાર છે. મારા સાસરેથી સસરા-સાસુ, જેઠ-જેઠાણી, દેર-દેરાણી આવે તો એમને પાછા વાળજો પણ મારો 'પરણ્યો' આવે તો હું એની સાથે સાસરે ચાલી જઈશ એવું કહે છે.

આપણાં લોકગીતમાં ખૂબ પ્રખ્યાત પામેલું 'આણાગીત' થી થોડું ફેરફારવાળું આ ગીત પ્રથમના સમયમાં ગવાતું તે આજે ભૂંસાઈ ગયું છે. દીકરીની પિયર પ્રત્યેની મમતા અને નાદાનપણાની ભાવના આ ગીતમાં દેખાય આવે છે.

'રામ જોવા ચાલી હું તો જીવન જોવા ચાલી મારી નાની ઉંમરમાં,

સસરો આણે આવ્યો મારી નાની ઉંમરમાં સસરા ભેગી નઈ જાવ મારી સાસુડી સે ભૂંડી રોજ-રોજ દળાવે દયણાં મારી નાની ઉંમરમાં,

જેઠ આણે આવ્યો મારી નાની ઉંમરમાં,

જેઠાણી એ ભૂંડી રોજ-રોજ ભરાવે પાણીડાં

મારી નાની ઉંમરમાં,

દેર આણે આવ્યો મારી નાની ઉંમરમાં,

દેર ભેગી નઈ જાવ મારી દેરાણી સે ભૂંડી,

રોજ-રોજ વળાવે વાસીંદા મારી ઓછી ઉંમરમાં,

'પરણ્યો' આણે આવ્યો મારી પૂરી ઉંમરમાં,

પરણ્યા જોડે ઝટ જાવ મારી પૂરી ઉંમરમાં.'[૧૫]

વચન મુજબ પતિ સાથે ખુશી ખુશી સાસરે ચાલી જતી દીકરીની ભાવસંવેદના આ ગીતમાં આલેખાયેલી છે. પહેલા ઓછી ઉંમરમાં દીકરીના લગ્ન કરી દેવાતા હશે તેનો પણ ઉલ્લેખ તેમજ સાસરાની વેદના પણ આ ગીતમાં દેખાતી જોવા મળી છે.

દિવાળીના એ દિવસોમાં ગવાતા બીજા એક ગીતમાં પતિને કૃષ્ણ માની પોતાને રાધા ગણીને જમના નદીમાં જળ ભરવા જતાં રાધાનો પાલવડો ખેંચાયો તેથી રાધા કૃષ્ણને કહે છે કે પાલવ ખેંચીશ નહીં. પાલવડો ફાટી જશે તો સાસુ મેણાં મારશે અને ઘરેઘરે મારી વાત ચર્ચાશે અને ગામમાં ફજેતી થશે તેથી હે કૃષ્ણ તું મને શાંતિથી ઘરે જવા દે આવી ગોપી

ભાવે કે રાધા ભાવે વિનંતી કરતું ગીત પણ ગવાતું જાણવા મળ્યું છે. જો કે તેની વ્યવસ્થિત પંક્તિઓ મળી નથી. જેથી તેનો ભાવાનુવાદ કહેવાયેલો સાંભળ્યો છે જે અહીં ટાંકયો છે.[૧૬]

દિવાળીના ઉત્સવના બીજા કોઈ આવાં ગીતો પ્રાપ્ય થયાં નથી. કેટલીક ઓરલ માહિતી સાંભળવા મળી તે મુજબ પહેલાના સમયમાં હાટ મેળામાં જતી સામૂહિક મંડળીઓ આવાં લોકગીતો ગાતી પરંતુ તે હવે ધીમે ધીમે ભુલાઈ ગયાં છે. આ ઉપરાંત આજે પણ દિવાળીના જાત્રામાં (મેળામાં) નૃત્ય ગીતો ગવાતાં જોવા મળે છે. ખાસ કરીને આ ઉત્સવ નિમિત્તે જ ઘૈરેયાઓ (ઘેરિયા) સમૂહમાં નૃત્યની પ્રેકટીસ કરી મેળાના દિવસે માતાજીનાં ગરબા, રાસ, પવાડા આદિ ગાય છે. આ નૃત્યગીતો ઘરે ફરી ફરી ને પણ ગવાય છે અને મેળામાં ન ગયેલ અબાલવૃદ્ધોને મેળાની ઝલક બતાવે છે. આવાં નૃત્યગીતોની વિગતવાર ચર્ચા ‘લોકનૃત્ય’ નામના ટોપિકમાં વિગતે કરવામાં આવી છે. જેથી અહીં એ ગીતો મૂકયાં નથી.

## ૦ હોળીનાં ગીતો

અત્યાર સુધી જેની સાહિત્યની મૌખિક પરંપરાજ અસ્તિત્ત્વમાં છે. એવા આ જાતિમાં શિક્ષણ, યંત્રયુગ અને કહેવાતા સુધારાના આક્રમણને કારણે આધુનિક કહેવાતી આજની પેઢીમાં ઝડપથી પરિવર્તનો આવી રહ્યાં છે ત્યારે આવાં હોળીગીતોની પરંપરા ટકાવી રાખવી પણ મુશ્કેલ બની છે. ત્યારે આવાં ગીતો શોધવા એ અતિ મુશ્કેલ બાબત બની છે. છતાં કેટલાક ગામડાંના ખૂણે ખાંચરે પડેલા આવા સંસ્કારો જે ભાંગ્યા તૂટયા તત્ત્વોમાં સચવાયેલા મળ્યા છે જેને સંગ્રહિત કરીને અહીં ટાંકવાનો પ્રયત્ન કર્યો છે.

ધોડિયા જાતિના લોકો હોળી-હોલીકાને દેવી કે માતા, શક્તિના સ્વરૂપે ઓળખતા અને હોળી માતા સૌનું જીવન સુખમય રાખે તે માટે સામૂહિક રીતે માતાની સ્તુતિ વંદના કરે છે. હોળીમાતા માટે એના ભકતજનો શું શું લાવે છે તેની વાત આ ગીતમાં આલેખાયી છે.

'સુખી રાખીહ, આમું વરીહ દિહે આવુંહ્રા'

આમું લાવીહ, દીવડાવાયી જોડરા

આમું લાવીહ, ઢોલીયાયી જોડરા

આમું લાવીહ, નારીયેલાયી જોડરા.'[૧૭]

(લોકબોલીમાં)

આ ગીત હોળી માતાના દર્શને જતી સ્ત્રીઓ સમૂહમાં આ ગીત ગાતી. માતા કે દેવ-દેવીને ચઢાવાતી દરેક વસ્તુ જોડા-જોડ જ હોય છે તેનું આ ઉમદા ઉદાહરણ છે. આ ગીતમાં મુખ્યત્વે ઢોલીડો જે બધા લોકોનું મનોરંજન પૂરું પાડે છે તે આ ગીતમાં કેન્દ્રસ્થાને રહે છે. તૂર વગાડનારો તૂરિયો આ ઉત્સવમાં આકર્ષણનું કેન્દ્રસ્થાન બને છે.

ધોડિયા જાતિના લોકોમાં હોળીમાતા વિશેની એક એવી પણ માન્યતા પ્રવર્તેલી છે કે હોળી માતાની સાત બહેનો છે. એ સાતેય બહેનો હોળીના દિવસે સરસ સાજ શણગાર સજીને પોતાના ભકતોને દર્શન આપતી તેવા ભાવને વ્યક્ત કરતું આ ગીત મોહક છે.

'હોળી માતા તમે કેટલી બેન ભમ્મરલી

હોળી માતા તમે સાત જ બેન ભમ્મરલી

સાતે બેનીના માંથોલિયા ઓળાવો ભમ્મરલી

સાતે બેનીના ચાંદલિયા પડાવો ભમ્મરલી

સાતે બેનીના ચુંદડિયા પેરાવો

બની ઠની દર્શન જ આપો ભમ્મરલી'[૧૮]

માતાજીના સાજ સૌંદર્યનો નામોલ્લેખ કરીને એમની સ્થિતિ પ્રમાણેનાં પ્રસાધનો પહેરાવાયાં છે. તો બીજા એક ગીતમાં હોળી માતા રમવા નીકળે છે ત્યારે પોતાના ગામની હોળીની મહત્તા કેવી અને કેટલી છે તેની તુલના કરીને પોતાના ગામની હોળી શુદ્ધ અને પવિત્ર તથા સારા સંસ્કારવાળી છે તે નીચેના ગીતમાં બતાવ્યું છે.

૨. 'પોકડાં ગામની હોળી તો શેરીએ રમવા નીસરી રે

બામણવેલ ગામની હોળી તો ચોરી કરવા નીસરી રે..

પોકડાં ગામની હોળીમાં ચંદન-કાષ્ઠના ભારા રે,

બામણવેલની હોળીમાં કરસાટીના ભારા રે.

હોળી શણગારમાં તેમજ હોળીની સામગ્રીમાં કેટલાંક તોફાની છોકરાંઓ લાકડાં, છાણાં, કરસાટી, નાળિયેરના પાન, ફૂલ આદિ વસ્તુઓ ઘરમાલિકને પૂછયા વગર લઈ આવતા હોય છે. એવાં છોકરાં તરફ ઉપરનું ગીત અંગૂલિ નિર્દેશ કરે છે અને ચોરીનો આળ ચઢાવી એમની હોળી નાની ને નીચી છે. જ્યારે પોતાની હોળીનું સ્થાન ગામમાં ગૌરવ ભર્યુ છે. એવો ભાવ કટાક્ષ રીતે ગવાયો છે.

'હોળી' જેવી પવિત્ર માતાના સ્થાનક નકકી કરવા હોળીનું સ્થાપન કોણે કરવું અને કોના હાથે હોલિકા દહન કરવું એ ગામના લોકો નકકી કરે છે. તેવા ભાવોને વ્યક્ત કરતું આ ગીત પણ સુંદર છે.

'ખાડો કોણે ખોડાયવો

જૂના જમીનદારે તેણે ખાડો ખાડાયવો

થંભો કોણે રોપાયવો

જૂના જમીનદારે તેણે થંભો રોપાયવો

હોળી કોણે અજવાળી

જૂના જાગીદારે તેણે હોળી અજવાળી

આ ગીતમાં ગામના વડીલ એવા મોભીની વાત કરાયી છે. પહેલાના સમયમાં જમીનદાર માણસ મોભાના સ્થાન મેળવતા અને સમાજમાં તેનું માન હતું. એવા શુદ્ધ અને સંસ્કારી મોભાદાર પુરુષના હાથે હોલિકાદહનની વિધિ સંપન્ન કરવામાં આવતી તેનો ઉલ્લેખ

કરાયો છે. 'હોળી'ના દિવસે એ વડીલ ઉપવાસ કરતો અને માતાજીની પૂર્જાઅર્ચના કરીને હોળી સળગાવવામાં આવતી. આ સમાજમાં બે પ્રકારની હોળી સળગાવવામાં આવે છે. 'કૂકડહોળી' અને 'મોટી હોળી', 'કૂકડહોળી'માં પહેલાના સમયમાં દારૂ-તાડી, માંસાહારનો ઉપયોગ કરાતો જયારે 'મોટી હોળી'માં એનો બાધ પાળવામાં આવતો. જો કે આજે એ પરંપરા લુપ્ત થઈ ગઈ છે. આજે 'મોટી હોળી'નું જ મહત્ત્વ ગણવામાં આવે છે અને એકજ હોળી ઉજવવામાં આવે છે.

વરસમાં એક જ વાર આવતા આવા ધાર્મિક તહેવારમાં તહેવાર નિમિત્તે લોકો એકઠાં મળીને આનંદ મોજ માણતાં અને નાચગાનથી આ પર્વને વધારે મનમોહક બનાવતા. હોળીના શણગાર માટે કઈ વસ્તુ કેટલા રૂપિયાની લાવવામાં આવતી તેનું વર્ણન કરતું ગીત પણ અતિ મહત્ત્વનું છે.

૪. 'પીપળીના પાતરાં રે અવળા સવળા કે,

પીપળીના પાતરાં કે અવળા સવળા.

દીવડો લાવ્યા રે સવા પાંચનો કે પીંપળી..

ચાંદલો લાવ્યા રે સવા પાંચનો કે પીંપળા...

નાળિયેર લાવ્યા રે સવા પાંચના કે પીંપળી....'

ઉપરોક્ત ગીતમાં 'પીપળાના પાન'નું કલ્પન ધારણ કરીને ગીતની સૌંદર્યતા વધારી છે.

હોળીના પવિત્ર દિવસોમાં વ્રત કરનારી આ જાતિ આ સમયે જ નિરાંતનો દમ લેતી હોવાથી આ તહેવારને મન ભરીને માણે છે. પહેલાના સમયમાં નાચ-ગાન કરીને તૂરિયો લોકોને નચાવતો કે કૂદાવતો આવા 'તૂરિયા' ને પણ લાવનાર હોળી માતા જ રહી છે. જે એક ગીતમાં તાંકયું છે. હોળી માતા પોતાના ભકતજનો માટે દર વર્ષે કંઈકને કંઈક લઈને આવે છે. જેમાં ખાવા-પીવાની વસ્તુ સિવાય મનોરંજન માટે 'તૂરિયા'ને (તૂર વગાડનાર)

પણ લાવે છે તે ગીત પણ અતિ સુંદર છે.

આ જાતિના લોકોમાં પહેલાના સમયમાં હોળી માટેના પવિત્ર સામગ્રી અતિ મહત્ત્વની ગણાતી. શુદ્ધ ગણાતી આવી સામગ્રી પણ આસાનીથી મેળવી ન શકાતી તેને એમણે ગીતોના માધ્યમ વડે મેળવવાનો પ્રયત્ન કર્યો છે. જો કે આજના સંદર્ભની વાતો કરીએ તો હવે પહેલા જેવા હોળીનાં નાચ-ગાનો થતાં જોવા મળતાં નથી. આજે અલ્ટ્રા મોર્ડન સંસ્કૃતિમાં સંગીત, લય, રીધમ, હોળીમાં જોવા મળે છે. લોકો જૂની સંસ્કૃતિની પરંપરાને ભૂલીને નવી ફીલ્મી પરંપરાને સ્વીકારે છે. જૂની પ્રણાલીનાં વાજિંત્રોને બદલે અલ્ટ્રા મોર્ડન વાંજિત્રો આવી ગયાં છે. નાચ-ગાન પણ મોર્ડન જ ચાલે છે. હોલિકા દહનનું જે મહત્ત્વ પહેલાં હતું તેવું હવે રહ્યું નથી.

### ૦ દિવાસાનાં ગીતો

'અષાઢી અમાસ' એટલે દિવાસો. અષાઢ માસની પૂર્ણાહુતિના દિવસે આ જાતિના લોકો આનંદથી ઝૂમી ઊઠે છે. એના પાછળનું એક મોટું મહત્ત્વ છે. આ જાતિનો મુખ્ય વ્યવસાય ખેતી રહ્યો છે. ખેતરમાં ચોમાસા દરમ્યાન ડાંગરની રોપણી કરવામાં આવે છે. આ રોપણીનું પૂરેપૂરું કામ અષાઢ મહિનાના અંત સુધીમાં થઈ જાય છે. જેથી નવરી પડેલી આ જાતિ શ્રમનો થાક ઉતારવા માટે 'ઢીંગલા-ઢીંગલી' ની રમત વાળો આ ઉત્સવ ઉજવે છે. ગામ કે ફળિયાની સ્ત્રીઓ આ ઉત્સવ નિમિત્તે બે પક્ષમાં વહેંચાઈ જઈને એક વરપક્ષ અને એક કન્યાપક્ષ સ્વીકારીને કાપડનાં ઢીંગલા-ઢીંગલી બનાવી લગ્નની પરંપરા પ્રમાણે વિધિઓ કરે છે અને પુરુષો પણ આ ઉત્સવમાં ઉત્સાહભેર ભાગ લઈ આનંદ માણે છે. 'વર-કન્યા'નાં લગ્ન જેવી જ સગાઈથી માંડીને વિદાય સુધીની વિધિ કરે છે અને નાચ-ગાન સાથે ઉત્સવ માણે છે.

આમ તો આ તહેવાર નાયકા જાતિના ગોવાળિયાનો તહેવાર તરીકે ઓળખાય છે. પરંતુ આ જાતિમાં પણ અન્ય જાતિના સંપર્કને કારણે આવો ઉત્સવ ઉજવાતો થયો હશે? જો

કે આજે આ ઉત્સવ ખાન-પાનથી જ ઉજવાય છે. આવી ઢીંગલા-ઢીંગલીની રમત જોવા મળતી નથી. પહેલાના વખતમાં એમ કહેવાતું કે દીકરીના લગ્ન હોય અને જે આનંદ અને શોક સર્જાતો એવા જ ભાવ આ ઉત્સવમાં સર્જાતો.

'દિવાસા'ના દિવસે ઢીંગલા-ઢીંગલીના વિદાયનો અંતિમ દિવસ હોવાથી એ દિવસે બધા જ ગામ લોકો દારૂ-માંસની અંતિમ મહેફીલ માણી લે છે. પછીના દિને પવિત્ર શ્રાવણ માસ બેસી જતો હોવાથી લોકો ઊંડા આધ્યાત્મિક ભાવમાં ઊતરી જાય છે અને એ દિવસોમાં ભગવાન શિવની એકલીન બનીને સેવા પ્રાર્થના કરે છે તેથી આ દિવસ આ જાતિના લોકો માટે ત્રણ રીતે મહત્ત્વ ધરાવતો બને છે. એક નવરાશની પળોમાં થાક ઉતારવા, બીજા ઢીંગલા-ઢીંગલનાં લગ્ન અને ત્રીજા શ્રાવણ માસ માટેની પૂર્વ તૈયારી.

'દિવાસા' નિમિત્તે પણ ઘણા નાચગાનો થતા એ વખતે કેવાં ગીતો ગવાતાં તે જોઈએ. ઢીંગલા-ઢીંગલી લગ્નની વિધિનાં બીજાં ગીતો તો ગવાતાં જ પણ ફક્ત આ વિષયને આધારે નીચે પ્રમાણેનાં ગીતો ગવાય છે.

૧. 'દયરા[૧] દીપે જાજે રે ઢીંગલી બાઈ  
ખજૂર કોપરા ખાજે રે ઢીંગલી બાઈ  
દાળિયા મમરા વેરજે રે  
તોરિયા[૨] ઉંડા ખાજે રે  
નાચી-કૂદી જાજે રે ઢીંગલીબાઈ  
વહેતા પાણીએ મૂકશું રે  
સો-સો જુહાર[૩] કરજે રે  
આવતે વરહે[૪] આવી રે ઢીંગલીબાઈ'[૧૯]

અર્થ ૧. દયરા-દરિયા

૨. તોરિયા-તુવેર

૩. જુહાર-વંદન

૪. વરહે-વરસે

ઢીંગલીની વિદાય ટાણે આ ગીત ગવાય છે. ઢંગલા-ઢીંગલીને નદી કે તળાવમાં પધરાવીને દરિયામાં ભળી જવાની વાત કરવામાં આવી છે તો બીજા એક ગીતમાં ઢીંગલાને વળાવતી વખતે એને પહેરાવવામાં આવેલાં ઘરેણાં ગોવાળિયા ઉતારી લેશે તેથી ઢીંગલીને અરજ કરવામાં આવી છે કે તુ દરિયામાં જઈશ ત્યારે ઘરેણાં ઉતારી મૂકીને જશે અહીં ઉલ્લેખાયેલા ગોવાળિયાને કૃષ્ણના ગોવાળીયા સાથે સરખાવ્યા છે. કૃષ્ણના ગોવાળો દહી-માખણ ચોરતા જ્યારે આ ગોવાળિયા ઢીંગલા-ઢીંગલીના ઘરેણાં ચોરી લેશે એવી વાત કરાયી છે.

દયરા દીપે જાજેરો મ્હાણી ઢીંગલીબાઈ

કોરે દીપે રખે નીંગોરા મ્હાણી

ગોવાળિયા આહે પાપીરા મ્હાણી

ઘરેણાં ઉતારી લીંરા મ્હારી ઢીંગલીબાઈ[૨૦]

વિદાય વખતે બીજા એક ગીતમાં વર-કન્યા, ઢીંગલા-ઢીંગલી છોડીને ચાલ્યા જાશે ત્યારે ઘરનું કામ કાજ કોણ કરશે તેની ચિંતા વ્યક્ત કરતું ગીત પણ જોવા જેવું છે.

૩. ઢીંગલા તું જી[૧] તે અહળ કુણ[૨] હાંકીરા

ઢીંગલી તું જી તે છેણકુણ વીણીરા

ઢીંગલી તું જી તે પાણી કુણ ભરીરા

ઢીંગલી તું જી તે પોળિયા[૩] કુણ ઘડીરા.[૪]

અર્થ ૧. જી=જઈશ

૨. કુણ=કોણ

૩. છેણ-છાણ-વાંસીદું

૪. પોળિયા-રોટલા

આમ 'દિવાસા'ના પર્વમાં લોકો એકત્રિત થઈને ઢીંગલા-ઢીંગલીની રમતના બહાને આનંદ શોકની મઝા માણી સાથે લઈ ગયેલ નાસ્તા પાણી ધાણી, નાળિયેર અને તુવેરના દાણા નાંખી બનાવેલ ઉંડા આરોગીને આ તહેવારને માણે છે.

## ○ ગોકુળ આઠમ (સપ્તાહ ગીતો)

શ્રાવણ સુદ આઠમ એટલે ભગવાન શ્રીકૃષ્ણનો જન્મદિવસ. ભગવાન શ્રીકૃષ્ણનું મહત્ત્વ જેટલું સૌરાષ્ટ્રમાં છે એટલું તો નથી. પરંતુ આ જાતિમાં ભગવાન શ્રીકૃષ્ણને આરાધવાની પરંપરા અનોખી છે. શ્રાવણ મહિનામાં શ્રાવણસુદ એકમથી આવાં સપ્તાહ ગીતો ગવાતાં. જો કે આ ગીતોમાં મોટે ભાગે ભગવાનની સ્તુતિ-વંદનાઓ જ ગવાતી. આવી સ્તુતિઓ મોટેભાગે સાત દિવસ સુધી ગવાતી તેથી જ આને સપ્તાહ ગીતો તરીકે ઓળખાવ્યાં છે.

આ ઉત્સવને 'સપતા બેસાડવી' તરીકે ઓળખાવે છે. પહેલા સાત દિવસથી આવી આરાધના કરાતી હવે મોટેભાગે એક દિવસ- ત્રણ દિવસ વગેરેની ભક્તિ આરાધના કરાય છે. આ ઉત્સવમાં ગવૈયાનું અતિ મહત્ત્વ ગણાય છે. કલાકોના કલાકો સુધી થંભ્યા વગર ભગવાનનાં ગુણગાનો ગવાતાં રહે છે. ગવૈયાઓ પહેલા એક ગામથી બીજે ગામ સપ્તાહમાં ભાગ લેવા જતાં અને પોતાના વારા પ્રમાણે પોતાનો સૂર છેડી આનંદ માણતાં આવાં ભજનો મોટાભાગે એક ગવડાવે અને બીજા ગાય છે. જેમાં શિવ, રામ, શ્રીકૃષ્ણ જેવા ભગવાનની સ્તુતિ વંદના કરાય છે. આ ઉપરાંત કેટલાક પૌરાણિક પ્રસંગો અને સમાજમાં પ્રચલિત પ્રસંગોને આધીન પણ કેટલાંક ભજનો ગવાતાં રહ્યાં છે જેમકે-

૧. મંદિર દેખીને ગોથા ખાય રે સુદામાજી તો,

મંદિર દેખીને ગોથા ખાય,

અહીંયા હતી મારી ટૂટી-ફૂટી ઝૂંપડી રે,

સોના સરખો મેલ કાંથી આવ્યો રે સુદામા

અહીંયા હતી મારી દુર્બળ નારી રે.

રાધા જેવી ગોરી કાંથી આવી રે સુદામા.

અહીંયા હતા મારા સળ્યાં સરખા છોકરાં રે

રાજકુમાર જેવા કાંથી આવ્યા રે સુદામા

મંદિર દેખી ને ગોથા ખાય રે સુદામાજી તો.

જગવિખ્યાત કૃષ્ણ-સુદામાની મૈત્રીને આલેખતા આ ભજનમાં કૃષ્ણે દારિદ્ર સુદામાને કરેલી સહાયથી અવાચક બનતા અને આશ્ચર્ય વ્યક્ત કરતા ગરીબ બ્રાહ્મણ સુદામાનું શબ્દચિત્ર આબેહૂબ દોર્યું છે. ભગવાન કૃષ્ણની સાથે સાથે દારિદ્ર સુદામાનું પણ એટલું જ મહત્ત્વ આંકવામાં આવતું તેનો સ્પષ્ટ ઉલ્લેખ આ ભજનમાં બતાવાયો છે.

ભજન એટલે ભકત અને ભગવાન વચ્ચેનું તાદાત્મ્ય પરંતુ મનુષ્ય અવતારે આવેલા કૃષ્ણ પણ પોતાના જેવા જ એક સામાન્ય મનુષ્ય છે. જે નીચેના ભજનમાં વ્યક્ત થાય છે.

ઝાંપલી ઉઘાડી મોહન વેલો વેલો આવજે,

વેલો વેલો આવજે....

માળા ઉપર બેસી મોહન મોરલી વગાડજે,

મોહન મોરલી વગાડજે....

મારા તે ખેતર લીલું લીલું ઘાસ,

મોહન વેલો વેલો આવજે...

મારા તે ખેતર લીલું ઘાસ,

મોહન ગાયો ચારી લાવજે...

તારા જેવા છૈયાં-છોકરા સાથે તેડી લાવજે,

મોહન વેલો વેલો આવજે...

મારા તે ખેતર પોંક ખાવા આવજે,

મોહન વેલો વેલો આવજે...

ઝાંપલી ઉઘાડી મોહન વેલો વેલો આવજે.

વાડીબંધ ખેતરમાં ઊભો પાક લહેરાઈ છે. તેથી ખેતરનો માલિક મોહનને (કૃષ્ણને) પોતાની વાડીમાં આવવાનું ઈજન આપે છે. પરંતુ ખૂબી એ વાતે છે કે ભગવાન કૃષ્ણને એકલા ન બોલાવતા. મોરલી, ગાયોનું ધણ, બીજા સાથી ગોવાળોને પણ સાથે લઈ આવવાનું અને ખેતરમાં ઉગેલા પાકમાંથી સૌને લ્હાવો આપવાનું સૂચવે છે.

ખેતરમાં ચકલા ઉડાડવા માળો બનાવ્યો છે. તે માળા ઉપર બેસી મોરલી વગાડતા, ગાયો ચરાવતા, રમતો રમતા કે પછી પોંક ખાતા-ખાતા આનંદ માણવાનું પણ એટલું જ સૌંદર્યમયી છે.

વ્હાલો મારો જમુનાને કાંઠે,

રમે એક ગોવાળા સાથે....૨

રમતા દડો પડયો જળ માંય...૨

કાળી નાગ નાથ્યો પળમાંય

નાગણ પાયે તો લાગે રે, નાગણ પાયે તો લાગેરે.

પ્રભુજી મુકો અમારા નાથ....૨

વ્હાલો મારો જમુનાને કાંઠે

રમે એક ગોવાળા સાથે...૨

અહીં ભગવાન કૃષ્ણની કાળીનાગ નાથ્યાની બાળલીલા વર્ણવાઈ છે. કૃષ્ણનું પરમાત્માનું ભાવ સૌંદર્ય છે.

ધાર્મિક ગ્રંથોની કથાને આવરી લઈને પણ એમનાં કેટલાંક ભજનો ભાવતો મહિમા વ્યક્ત કરે છે. રામાયણ, મહાભારત, શિવપુરાણ જેવા ધાર્મિક ગ્રંથોમાંથી પાત્રસૃષ્ટિ ઊભી કરી તેમના જેવી આકરી ભક્તિ તપચર્યા આદિને વ્યસ્ત કરાયી છે.

હિમાલય પર જાના બંધુ ચલના ધીરે-ધીરે...

આગળ ચાલે રામ રાજા, પાછળ લક્ષ્મણ વીરા,

બીચમે ચલના સીતા મૈયા, ચલના ધીરે-ધીરે...

આગળ ચાલે ધરમ રાજા, પાછળ અર્જુન ભૈયા,

બીચમે ચલના દ્રૌપદીમૈયા, ચલના ધીરે-ધીરે...

ગણેશ બનાવે પાન, પાર્વતીમૈયા બનાવે ભાંગ,

પિનેવાલે ભોળા શંભુ, ચલના ધીરે-ધીરે...

હિમાલય પર જાના બધુ ચલના ધીરે-ધીરે...

બે પાત્રોની વચ્ચે મૂકેલી પાત્રસૃષ્ટિ વડે એ પાત્રની જગતમાં સંસારમાં કેવી ભવ્યતા છે તેનું પરોક્ષ સૂચન અહીં કરાયું છે. સીતા, દ્રૌપદી અને પાવર્તીને માતા તરીકેનું ઊંચું સ્થાન આપી સ્ત્રી- ચરિત્રની ઉમદા મહિમા ગવાયી છે.

ભગવાન કૃષ્ણના રંગે રંગાયેલા ભકતજનોને સંસાર કેવો લાગે છે. સંસારનો માર્ગ મળતો નથી. તે માર્ગે જવા માટે ભગવાનને વિનંતી કરી સંસારરૂપી ભવસાગરના સાચા માર્ગે જવાની કે માર્ગ બતાવવાની વિનંતી કરાયી છે.

કનૈયા તારે રંગે રંગાયો છે,

કનૈયા તારી મુરલી મનોહર છે....

જૂઠી જગની જૂઠી માયા,

જૂઠો છે સંસાર...

કનૈયા મને મળતો નથી સંસાર,

કનૈયા તારી મુરલી મનોહર છે.

જૂઠી માયામાંથી મુક્ત બની સંસારના સાચા માર્ગે જવાની ખેવના દર્શાવે છે.

તો બીજા એક ભજનમાં સાંસારિક જીવન જીવનારો મનખો, અને એ મનખાવતારમાં ખોટ સર્જાતા પોતાનું સર્વસ્વ કોઈ હણી લે છે તેને તેતર અને હરણીના પ્રતીક વડે વર્ણવે છે.

તેતર હરણીએ ખાધો,

પ્રભુજી મારો, તેતર હરણીએ ખાધો,

આંખે છે આંધળી રે,

પગે છે લંગડી...

કેમ ચાલીને લઈ આવું મારા પ્રભુ,

તેતર હરણીએ ખાધો, પ્રભુજી...

ગામના જુવાનીયાને છે મારી વિનંતી

મારા તેતરને છોડાવરે, પ્રભુજી....

આ ખોલે માર્યો તો,

પેલે ખોલે પડયો, પ્રભુજી...

તેતર હરણીએ ખાધો, પ્રભુજી મારો તેતર...

વન્ય પ્રકૃતિમાં વસનારો માનવ વન્યપ્રાણીઓને જ પોતાના સાચા સાથી માને છે

તેથી જ તો રૂપકો પણ તેતર અમને હરણી જેવાં જ કલ્પે છે. હરણ તો ઘાસ ખાનારું છે. છતાં આવા ભોળા નિર્દોષ હરણનું રૂપક લઈને 'તેતરરૂપી' સંપત્તિ લઈ લેનાર પાસેથી પાછી મેળવવા ગામના જુવાનીયાને મોકલે છે કેવી અદ્ભુત કલ્પના, શાકાહારીને પણ માંસાહારી બનાવવાની કલ્પના અનોખી છે.

૭. હાં રે મારા શંકર ભગવાન રે,

તમારા ધામ રે,

હું કેમ આવીશ એકલો.

તમારા ધામમાં ઝાડીને ઝાંખરા,

લાગે મને બીક રે,

હું કેમ આવીશ એકલો.

તમારા ધામમાં નદીને નાળા,

લાગે મને આંળા

હું કેમ આવીશ એકલો

તમારા ધામમાં ખાડાને ટેકરાં,

લાગે મને આકરાં

હું કેમ આવીશ એકલો*

ભગવાનના ધામમાં પહોંચવા માટે ભકત ને જે જે મુશ્કેલીઓ નડતરરૂપ બને છે. તેને વર્ણવીને પોતે આવી મુશ્કેલીમાં કેવી રીતે એ સ્થળે (ધામમાં) જઈ શકશે તેની મૂંઝવણ વ્યક્ત કરી છે. ટૂંકમાં સ્વર્ગની કલ્પના કરતાં સ્વર્ગનો માર્ગ એટલે કે ધર્મનો મારગ સંકટ ભર્યો છે. એવા માર્ગે ચાલવા માટે શક્તિ કે હામ જોઈએ. તો જ ત્યાં પહોંચી શકાય. જે આ જીવનમાં વર્ણવે છે. શ્રદ્ધારૂપી હામ મેળવવાની પણ વાત કરે છે.

---

*ઉપરોક્ત ભજનો કલવાચ યુવક મંડળીમાંથી લેવાયા છે.

આ ઉપરાંત પણ અનેક ભજનો આવા 'ગોકુળ આઠમ'ના ઉત્સવ નિમિત્તે ગવાય છે. આ સિવાય બીજી એક બાબત નોંધવા જેવી એ પણ છે કે ખેતી કામમાંથી નવરાશ મળતાં રાત્રીના સમયે કોઈકના ઘરઆંગણે આવી ભજનોની મહેફીલો મંડાતી અને મોજ આનંદ મોજ મેળવતા.

આજે સપ્તાહગીતોમાં સમયના અભાવે ઘણાં પરિવર્તનો આવ્યાં છે. પહેલાં બેઠી સપ્તાહ ઊભી સપ્તાહ માંડવામાં આવતી અને એ સાતદિવસની ગણાતી સાત દિવસ એકધારા ભજન કીર્તનો થતાં આજે દિવસ ઘટતા ગયા છે અને બે દિવસ અથવા એક દિવસ કે ૧૨ કલાકની સપ્તાહ માંડવામાં આવે છે. પહેલાના સમયમાં સપ્તાહમાં ભોજનની વ્યવસ્થા કરાતી અને સારા પૈસાદાર લોકો સારી વાનગી બનાવી ખવડાવતા. હવે સમયના અભાવે આવી પ્રથા લગભગ બંધ કરવામાં આવી છે છતાં એક દિવસના સપ્તાહમાં 'માલપુવા'ના જમણવાર કરાય છે અને ગામગામથી આવેલા ભજનરસિયાઓ ભજનકીર્તન કરી આનંદ લૂંટે છે.

## ० નવરાત્રી

'નવરાત્રી' એટલે નવરાત્રિનો સમૂહ. ખરેખર તો 'સાધના અને આરાધનાનો તહેવાર એટલે નવરાત્રી' ચોમાસાના ચાર મહિના પૂરા થવામાં હોય અને જયારે શ્રાવણ માસની નવીનવી આછીધારાઓ ધરતીને ભીંજવતી હોય ત્યારે આસોમાસના પગરણ મંડાય છે. આસો સુદ એકમથી આસોસુદ નોમ સુધી ચાલતા આ પર્વને નવરાત્રી તરીકે ઓળખવામાં આવે છે.

નવરાત્રીમાં ગવાતા ગરબા એ ગરબે ઘૂમતાં સ્ત્રી-પુરુષો અને બાળકો મન મૂકીને ગરબે ઘૂમે છે. ગરબામાં સૂર-તાલ અને લયનો અદ્‌ભુત ત્રિવેણી સંગમ થતો જોવા મળે છે. નવરાત્રી એટલે મા આદ્યશક્તિ અને ભક્તિનો તહેવાર. દૈવી શક્તિનો આસુરી શક્તિ ઉપર વિજયનો ઉત્સવ. નવરાત્રી પાછળનો મહિમા આપણી ઘણી દંતકથાઓમાં છે. મા દુર્ગા અને મહિષાસુરના અંત માટે ભગવાન શિવે પોતાના ત્રીજા નેત્રમાંથી ઉત્પન્ન કરેલા આદ્યશક્તિ સમાન માતા અંબાની પૂજા કરી માતાએ પાળેલા વચનનું ફળ આપ્યું.

આ જાતિમાં પણ નવરાત્રીના ઉત્સવને હરખભેર ઉજવવાની અને નવદિવસ સુધી મા અંબાના સ્વરૂપ સમી જગતજનની અને સર્વમનુષ્યની જનેતા સમી આદ્યશક્તિને યાદ કરી ગરબાઓ ગાય છે. નવરાત્રી એટલે આમ તો નવા ધાન્યનો ઉત્સવ છે. ગામડાઓમાં જયાં ગરબા થતા હોય એ ચોકમાં સામૂહિક રીતે પોતાના ખેતરમાં પાકેલું ધાન મૂકી તેના ઉપર કોરી માટલી અને માટલી ઉપર શ્રીફળ મૂકી સામૂહિક જવારા ઉગાડીને તેની ફરતે આઘેડ તેમજ બાળ યુવક-યુવતીઓ ગોળાકારે નવ દિવસ સુધી ગરબા રમે છે.

નવરાત્રીના ઉત્સવમાં તમામ જાતિના લોકો તન-મન અને ધનથી નાચગાન કરીને આ ધાર્મિક ઉત્સવને સામાજિક ઉત્સવ તરીકે મનાવે છે.

આ જાતિના લોકો પણ નવ દિવસ સુધી જુદી જુદી માતાઓના સ્મરણ સાથે ગરબા ગાય છે. જેમકે,

૧. અંબા આવો તો રમીએ,
અમને રમતા નંઈ આવડે.
અમને રમીને બતલાવો,
તપેલીમાં દૂધ છે તેમાં મારો ભાગ છે.
મેં બોલાવી, કેમ ન આવી?
એટલી મારી ભૂલ છે.
અંબા આવો તો રમીએ,
અમને રમતા નંઈ આવડે.
(કાલિકા, ચામુંડા, ખોડીયાર આદિ ગવાય).

પ્રથમ ગરબો માતાને રમવા આવવાનું ઈજન હોય છે. માતા રમવા આવી ગયા પછી માતાના વિવિધ પ્રકારના શણગારો ગવાય છે.

૨. ફૂલતો ફૂયટા ગલગોટા ગુલાબ રે,

ફૂલકોઈ વીણોને મારા ભાઈ,

એ ફૂલ કઈ માતાને ચડે રે,

ફૂલ કોઈ વીણોને મારા ભાઈ,

એ ફૂલ અંબા માતાને ચડે રે,

ફૂલ કોઈ વીણોને મારા ભાઈ,

(ભવાની, કાલિકા, ચામુંડા, ચેહર, આદિ ગવાય)

૩. 'ગરબે રમે ગરબે ઘૂમે મારી'

ચાચરના ચોકવાળી ગરબે રમે,

મા ગબ્બરના ગોખવાળી ગરબે રમે,

ગરબે રમે ગરબે ઘૂમે મારી

ચાચરના ચોકવાળી ગરબે રમે'

૪. 'પીળી મંટોળી લાવ્યા ને કંઈ બાંધ્યો ભરૂચનો પુલ રે મા,

કોટને કાંગરે દીવા બળે ત્યાં સંતાયો ચીતરો વાઘરે મા,

અંબારે મા તારું સત જ દેખાડ,

પેલા વાઘને પાછો વાળ રે મા,

વાઘને પાછો વાળ્યો અંબેમાં,

નાળિયેર ચઢાવું જોડા જોડ રે મા,

પીળી મંટોળી....'

૫. રંગ તાળી રંગ તાળી રે રંગમાં રંગ તાળી,

મારી કયા માના સંઘે રે રંગમાં રંગ તાળી,

મારા અંબામાના સંઘે રે રંગમાં રંગ તાળી,

(અન્ય માતાને ગવાય)

૬. નદી કિનારે નાળિયેરી રે ભાઈ નાળિયેરી રે,

પેલું તે નાળિયેર નવરંગી રે ભાઈ નવરંગી રે,

બીજું, ત્રીજું એમ નવ સુધી ગવાય છે.

આ ઉપરાંત કેટલીક ધાર્મિક કથા કે પૌરાણિક કથાઓમાંથી પણ ગરબાઓ જોડી કાઢવામાં આવે છે. શ્રીકૃષ્ણ, શ્રાવણ, અભિમન્યુ જેવાં પાત્રો પણ ગરબાનાં પાત્રો બને છે, જેમકે-

૭. વા વાયાને વાદળ ઉમટિયા,

ગોકુળમાં નાચ્યા મોર રમવા આવો

સુંદીરવર શામળિયા,

તમે કેમ નથી આવતા, શા માટે?

નંઈ આવો તો નંદજીના આણ

રમવા-મળવા આવો સુંદીરવર શામળિયા,

તમે કાળી તે કામળ ઓઢનતા

તમે ભરવાડના ભાણેજ

રમવા-મળવા આવો સુંદીરવર શામળિયા.

તમે માખણના મટકા ફોડનતા

રમવા-મળવા આવોને સુંદીરવર શામળિયા

તમે ગોપીના ચિર ખેંચનતા

રમવા-મળવા આવોને સુંદીરવન શામળિયા.

વા વાયાને વાદળ ઉમટિયા

ગોકુળમાં નાચ્યામોર રમવા આવો

સુંદરવર શામળિયા.

૭. કુંતા અભિમન્યુ ને બાંધે અમર રાખડી રે,

બેટા સાતે કોઠે તું ધૈર્યશ્વરી લડજે રે,

તારા પાંડવ કુળની લાજ રાખજે રે,

પેલા તે કોઠે કોણ સેનાપતિ રે...*

આ ઉપરાંત માતાના શણગારની જોઈતી વિવિધ સામગ્રી જેવી કે ચુંદડી, કોડિયાં, શ્રીફળ, હાર, સાંકળા, પોચી, નથણી, કડલા, મુગટ, માંડવો, બાજટ આવી અનેક ચીજવસ્તુ માટે જે તે કારીગરને બોલાવવામાં આવે અને ઝટ ઝટ માતાની સામગ્રી તૈયાર થઈ જાય. એવા અનેક ભાવો દર્શાવતા અનેક જાતિને આલેખતા ગરબાઓ ગવાય છે. આજે તો ફિલ્મ ઢબે પણ ગરબા ગવાય છે. દેશી ઢાળને બદલે રિમિકસની અસર વધારે વર્તાતી જોવા મળે છે.

આમ આ જાતિમાં ઉત્સવ નિમિત્તે જુદા જુદા ભાવોને વ્યક્ત કરતાં લોકગીતો, ભજનો, ગરબા આદિ આજે પણ ગવાતાં રહ્યાં છે, જો કે પહેલાનો જેવો ઝાકઝમાળ હવે ઓછો થયો છે. પહેલા તો 'શરદપૂનમ'ના દિને પણ ગામની સ્ત્રીઓ ટોળે વળી ભાત-ભાતની ચાલ-તાલવાળી ગરબીઓ રમતી બધું હવે લુપ્ત થતું જાય છે.

---

* કલવાચ ફળિયાના ગરબી યુવક મંડળીમાંથી.

## ૦ શ્રમનાં ગીતો

શહેરની માયાવી સૃષ્ટિથી વેગળું એવું લોકજીવન જીવનારી અને જેમનું જીવન પ્રકૃતિ વચ્ચે જ પાંગર્યું છે એવા આ જાતિના લોકોમાં શ્રમનો મહિમા અપાર રહ્યો છે. એમના લોકજીવનનો આધાર પણ પ્રકૃતિ જ રહી છે. પ્રકૃતિને જનેતા માનીને પ્રકૃતિનાં રમ્ય, ભવ્ય અને વાત્સલ્ય ભાવો માણીને સખત પરિશ્રમ કરનારી આ જાતિમાં કેટલાંક શ્રમગીતો પણ ગવાયા છે.

આ જાતિનો મુખ્ય વ્યવસાય જ કૃષિ (ખેતી) રહ્યો હોવાથી સખત શ્રમ વેઠીને પણ પોતાના જીવન ને સંવાર્યું છે. પ્રકૃતિમાંથી જ પોતાનું ભરણ-પોષણ મેળવીને પ્રકૃતિના ખોળે જ ઉછરેલી આ પ્રજાતિ પ્રથમથી જ સામાન્ય પરિસ્થિતિમાં જીવી હોવાથી એમનો વ્યવસાય પહેલાથી જ શ્રમનો રહ્યો છે. માનવીના શુષ્ક અને એકધારા પરિશ્રમભર્યા જીવનમાં વિવિધતા લાવવા અને શ્રમનો થાક ઉતારવા આવાં શ્રમગીતો ગવાયાં હશે? ધરતીનું ધાવણ ધાવીને ઉછરેલા આ જાતિના માનવીઓ પ્રકૃતિના ખોળે હરહંમેશ માટે રસ દાખવીને અગાથ પરિશ્રમ આદર્યો છે.

સામાન્ય રીતે ગરબીમાં ઉછરેલી આ જાતિ પાસે ઝાઝી જમીન તો ન હતી. તેથી પોતાના જીવનનાં ભરણપોષણ ખાતર, ઉચ્ચવર્ગ એટલે જમીનદારોની જમીન ખેડવા 'સાથી' તરીકે રહ્યા હતા. એવા સમયમાં જમીનદારો આ જાતિ પાસે ખૂબ કાળી મજૂરી કરાવતા તેથી શારીરિક શ્રમ કરતા માનસિક શ્રમ પણ વધારે પડતો તેથી મનને પ્રફૂલ્લિત રાખવા અને (શ્રમ) કામનું ભારણ ઓછું કરવા આવાં શ્રમગીતો ગવાયાં હશે? જે એક ગીતમાં વર્ણવાયું છે.

એક જમાનો હતો જયારે આવી કૃષિસાધન સંપત્તિ ન હતી. એ સમયમાં પડતર ઘાસવાળાં મેદાનોમાંથી સમતળ ખેતર બનાવવામાં આવતું. આવાં ખેતરો તૈયાર કરવામાં 'ઢાળિયો' પાડવામાં આવતો 'ઢળિયો' પાળતી વખતે સ્ત્રી-પુરુષ બંનેએ સખત પરિશ્રમ કરવો

પડતો આવા થાકને દૂર કરવા અને થાકના કારણે સમય પણ જલદી જતો નથી. સાંજ પણ વહેલી પડતી નથી તેવા ભાવને આલેખતું આ ગીત અનોખું છે.

'મ્હાણે[૧] ઢળિયો[૨] પાળવો[૩] આહે[૪] કણબીલા[૫]

ઢળિયો પાળીને ઘર આવનેલા[૬]

તોયે[૭] હાંજ[૮] નાંય[૯] પડનેલી[૧૦]

મ્હારે જુવારી[૧૧] ઓરુની[૧૨] આહે કણબીલા

તોયે હાંજ નાંય પડનેલી

ભયરા[૧૩] ખેતાર મ્હાણા કણબીલા.'[૨૧]

અર્થ : ૧. મારે ૨. ઢેફા કાઢવા ૩. ખોડવા ૪. હતા ૫. કણબી ૬. આવવું ૭. તોપણ ૮. સાંજ ૯. નહીં ૧૦. પડી ૧૧. જુવાર ૧૨. વાવવી

પહેલાના સમયમાં આ જાતિ પણ કણબીના ખેતરમાં 'હાળી' તરીકે કામ કરતી અને ખેતીકામમાં ખૂબ જ મદદ કરનારી આ જાતિના લોકો પોતાના શ્રમજનક સમયને પસાર કરવા આવાં લયયુક્ત ગીતો ગાતાં. કેટલીકવાર શ્રમના થાકને દૂર કરવા માટે પોતાનાં માલિકના કટાક્ષ યુક્ત ગીતો પણ ગાતાં. જેમ રા.વિ.પાઠકની 'ખેમી' વાર્તામાં પસાભાઈનાં કટાક્ષનાં ગીતો ગવાય છે તેમ તો એક ગીતમાં શેઠ-શેઠાણીના પાત્રને આલેખીને પોતે કરેલા પરિશ્રમને અંતે મળતા ફળને આલેખતું આ ગીત-

'ધૂણી[૧] પછવાડી[૨] મીરવીલાઈ[૩] વાડીંરા[૪]

ફૂલાં તે[૫] ગરી ગરી[૬] જાય...

મ્હોણા ધીરુભાઈ તે હીંપી હીંપી[૭] આવેરા[૮]

મ્હાણી નવી વઉ તે જાય હુરેત[૧૦]

લાવે ઘડખાં[૧૧], કરે કોરા.

મ્હાણી નવી વઉ વાણી- ચૂંટી[૧૨] આવેલા.'[૨૨]

અર્થ: ૧. ધૂણી-ભીંત

૨. પછવાડી-પાછળ

૩. મીરવીબાઈ-મરચાં

૪. વાડીંરા-વાડી

૫. ફૂલાંતે-ફૂલ

૬. ગરી-ગરી-ખરીજવું

૭. હીંપી-હીંપી-પીયતનાં અર્થમાં

૮. આવેરા-આવવું

૯. નવી વઉ-નવવધૂ

૧૦. હુરેત-સુરત

૧૧. ઘડખાં-લૂગડાં (વસ્ત્રો)

૧૨. ચૂંટી-વીણવા.

આમ ઉપરોક્ત ગીતમાં નવી વહુ શેઠે પકવેલા પાકમાંથી મોજ-આનંદનાં વસ્ત્રો ખરીદીને પરિશ્રમનું ફળ મેળવે છે.

## ૦ રોપણી ગીતો

આ જાતિનો મુખ્ય વ્યવસાય જ ખેતી રહ્યો હોવાથી ખેતીમાં જુદા જુદા પાકોની વાવણી-લણણી કરતી વખતે પણ ગીતો ગવાતાં. દક્ષિણ ગુજરાત એટલે પાણીનો પ્રદેશ. આ પ્રદેશમાં (વિસ્તારમાં) શેરડી, ડાંગર અને જુવાર એ મુખ્ય પાકો રહ્યા છે. પટેલો અને કણબીઓના ખેતરમાં કામ કરનારી આ જાતિ ડાંગરની રોપણી કરતી વખતે શેઠ-શેઠાણી કે મહેતા તરીકે કામ કરાવનાર વ્યક્તિને આલેખતા અથવા તો ઘર ધણિયાણીને આલેખતા ગીતો ગવાય છે. આવાં ગીતો મોટે ભાગે હસી-મજાકના કે સમય પસાર કરવાના અને શ્રમના થાકને દૂર કરવાના આશયથી જ ગવાતાં હોય છે જે નીચે મુજબ છે.

મજૂરવર્ગમાં ઉછરેલી મજૂરીકામ કરીને ઘરબાર ચલાવનાર ખેતમજૂરની દીકરી હોય તો તેના માટે ગમે તેવાં કપરાં કામો પણ અઘરાં કે મુશ્કેલ હોતાં નથી. ગમે તેટલું કઠણ કામ પણ પાર પાડી શકશે પરંતુ ભદ્ર વર્ગમાં ઉછેરીને મોટી થયેલી ભદ્ર કન્યા પરણીને સાસરે જવાનો સમય આવી પહોંચે છે ત્યારે એ ભદ્ર કન્યાને જમીનદાર-જાગીરીદાર ઊંચા કુટુંબમાં પરણાવી દેશે તો એ વખતે એ ઘરમાં જતાં પહેલાં પોતાને ખેતીવિષયક કશું જ કામ આવડતું નથી, તેની મૂંઝવણ વ્યક્ત કરતાં માતાને ઉદ્દેશીને કહે છે કે-

માડી મને બારો[૧] વીઘામાં લાયખા[૨] રે મૈયર,

માડી મને તરુખોડતા[૩] નંઈ આવડે રે મૈયર

ઝરમલિયા...

માડી મને રોપણી રોપતા નંઈ આવડે રે મૈયર

ઝરમલિયા.

માડી મને નીંદતાં નંઈ આવડે રે મૈયર ઝરમલિયા.

માડી મને કાપણી કરતા નંઈ આવડે રે મૈયર...

માડી મને ભાત કાઢતા નંઈ આવડે રે મૈયર...

માડી મને ભાત વાવલતા[૪] નંઈ આવડે રે મૈયર...

અર્થઃ ૧. બારો-બાર

૨. લાયખા-પરણાવવું

૩. તરુ ખોડતા-ધરું ઉપાડતા

૪. વાવલતા-ઝાટકવું

ઉપરોક્ત ગીતમાં ખેતી કામ ન કરનારી ભદ્ર વર્ગની કન્યા પરણીને સાસરે જશે ત્યારે સસરામાં પડનારી ખેતીકામની મુશ્કેલીની કલ્પના માત્રથી ડરી જઈ તેની મૂંઝવણ માને કહી

જણાવે છે. તેનું અવર્ણનીય કલ્પન અહીં કરાયું છે. રોપણી, નીંદણી, કાપણી, વાવલવું આ બધું જ કામ ખેતી સાથે સંકળાયેલું છે. અહીં એકેયકામ જેના માટે શકય નથી એવી ભદ્ર કન્યાનું કલ્પન કરાયું છે. આ ગીત હકીકતમાં એવું નથી. પરંતુ કામ કરનારી આખો દિવસ કાદવ ખૂંદનારી સ્ત્રીઓ હસી મજાક માટે આવાં ગીતો જોડી દેતી, બાકી અસલમાં તો ખેડૂતની કન્યા ખડતલ અને મજબૂત બાંધાની અને અતિ પરિશ્રમ કરનારી રહી છે.

બીજા એક ગીતમાં કામ કરાવનારા સુરતીલાલા અને મેતાજીની નોકરી કરનારા અને મજૂરનું શોષણ કરનારા મહેતાજી ને આલેખતું ગીત પણ અનોખું છે.

૨. સુરેતલાલ[૧] સુરેતના[૨] મેતા[૩],

ગાયકવાડમાં બંગલો રે, બાંઈધો મજૂરના મેતા,

રમેશભાઈના હાથમાં ઘડિયાલ...૨

ટાઈમ જોય-જોય કામ ચલાવે

એની વાતો બો[૪] મીઠી...

સુરેતલાલ સુરેતના મેતા,

રમેશભાઈના હાથમાં સોટી...૨

સોટી મારી કામ કરાવે,

એની વાતો બો ખોટી...

સુરેતલાલ સુરેતના મેતા,

સુરેતલાલ સુરેતના મેતા

ગાયકવાડમાં બંગલો રે બાંઈધો મજૂરના મેતા.

અર્થઃ ૧. સુરતીલાલા ૨. સુરતના ૩. મહેતા ૪. બહુ

પહેલાના સમયમાં ગાયકવાડ રાજાના રાજમાં સુરતનો મોટો વિસ્તાર 'ગાયકવાડ'

વિસ્તાર તરીકે ઓળખાતો એ વખતે મજૂરવર્ગ માટે મેતા નીમવામાં આવતા આવા સુરતીલાલા મજૂરનું શોષણ કરીને ધાક-ધમકીથી કામ કરાવતા અને ગરીબોના પૈસા થકી મોટા-મોટા બંગલા બંધાવતા તેનું વર્ણન કરીને ગાયકવાડની સત્તામાં ગાયકવાડી રોફ પણ બતાવવામાં આવ્યો છે.

ડાંગરની રોપણી પૂરી થવાના છેલ્લા દિવસે 'છેલ્યાં'નો ઉત્સવ ઉજવે છે. જમીન માલિકનું રોપાણીકામ પૂર્ણ થતાં તે દિવસે જે ખેતરમાં ધરુ વાવવામાં આવ્યું હોય એ ખેતરની રોપણી પૂરી કરતી વખતે 'રોયું' બેસાડવામાં આવે છે 'રોયુ' બેસાડવું એટલે ખેતરનો રક્ષક તરીકે ધરુનો આખો ભારો (પૂળો) રોપી દેવો આ રોપતી વખતે જે રોપે તેને બધાં જ મજૂરો કાદવના પિંડથી ખરડી નાંખે છે અને સૌ મજૂર એક બીજાને ખેતરમાં દોડી દોડીને રંગે છે. ત્યારબાદ ખેતમાલિક મજૂરને ખાણી-પીણી કરાવે છે એવે વખતે નીચેનું ગીત ગવાય છે-

૩. મારા વાડામાં જમરૂખી રે...૨

હો મધુબેન છેલ્યાં[૧]

મને જમરૂખ બેડવા[૨] દીઓ[૩] રે...૨

હો મધુબેન છેલ્યાં....

તારા જમરૂખ દેહું[૪] કાંચા રે...

હો મધુબેન છેલ્યા...

મારા પૈસા પાછા આલો[૫] રે...૨

હો મધુબેન છેલ્યાં....[૨૩]

અર્થઃ ૧. છેલ્લો દિવસ કામનો ૨. ઝડપથી ઉતારવા ૩. દેવા ૪. હતા. ૫. આપો.

ઉપરોકત ગીતમાં ખેતર માલિકના વાડામાં જામફળનું ઝાડ છે. છેલ્યાંના દિવસે બધા મજૂરો જામફળ બેડવાનો આગ્રહ રાખે છે. પરંતુ જામફળ કાંચા હોવાથી મજૂર પોતાની પાસેથી કબૂલેલા રૂપિયા પાછા માંગી લે છે. તેનું વર્ણન કરવામાં આવ્યું છે. બીજો એક

ભાવાર્થ એ પણ રહ્યો છે કે શેઠ કંજૂસ છે અને પોતાની વાડીમાંની એકે વસ્તુ તોડવા કે ખાવા દેતા નથી. તેથી મજૂર પૈસા કબૂલીને જમરૂખ તોડવાનું સ્વીકારે છે. પરંતુ જમરૂખ કાંચા નીકળતા પૈસા પાછા માંગે લે છે તેવું વર્ણન કરવામાં આવ્યું છે.

આમ રોપણી ગીતો વડે કામ, થાકને, જિંદગીને હવળી બનાવી સૌ હળીમળીને કામનું ભારણ ઓછું કરે છે. આખા દિવસના શ્રમને આવાં ગીતોના મનોરંજનથી મુક્ત કરાવે છે અને ઋતુઅનુસારના કામની ગતિને વેગ આપે છે.

## ૦ ટીપણીનાં ગીતો

'ટીપણી' આમ તો નૃત્યનો એક પ્રકાર છે. નૃત્યો બધી લાગણીઓ-ઊર્મિઓના આવિર્ભાવ અને આનંદની અભિવ્યક્તિમાંથી જ નીપજ્યાં છે. પછી એ દેવાલયોના નૃત્યમંડપોમાં થતાં પૂજા કે ભક્તિનૃત્યો હોય કે આદિવાસીઓનાં શિકારી નૃત્યો હોય.

'ટીપણી' એટલે લાકડાંના મજબૂત હાથમાં બેસાડવામાં આવેલો ગોળ, ચોરસ, લંબચોરસ એવો વજનદાર લાકડાંનો ટુકડો. જેના વડે ભો-જમીને મજબૂત બનાવવા માટે ટીપવામાં આવતું એકમાત્ર સાધન.

લોખંડ અને સિમેન્ટની સંસ્કૃતિની શરૂઆત નહોતી થઈ, મંદિર તથા મહાલયો અને સુખી કુટુંબોના ઓસરી, ઉતાર ઓરડા કે માઢ-મેડીઓમાં લાદીઓ જડાવવાનું શરૂ નહોતું થયું ત્યારે આવા ભોં-તળને ઓસરી ઓરડા મેડીઓમાં મજબૂતાઈ માટે ટીપણી વડે ટીપવામાં આવતું આવા થરને ટીપતી વખતે કેટલાક આનંદ-મસ્તીના અને ખાસ કરીને વજનદાર ટીપણીને પછાડતી વખતે જે થાક લાગતો એ થાકને દૂર કરવા જુદાં જુદાં ગીતો ગાવામાં આવતાં. જે મોટેભાગે તાલગીતો જેવાં હતાં. ટૂંકમાં તાલવાળી શબ્દ રમત. આવાં ગીતો જે તે સમયે જ આપોઆપ આવતા જેનાથી ટીપણીનો તાલ જળવાય.

ટીપણી આગળ પાછળ ન પડે અને એકે સાથે અનેક ટીપણીઓનો અવાજ ઘોંઘાટ ભર્યો ન બને એ માટે આવા તાલબદ્ધ કેટલાંક જોડકણાં જેવા શબ્દો રચીને આ કામ સરળતાથી પાર પાડવામાં આવતું.

આ જાતિમાં આજે કોઈ ટીપણી ગીતો ગવાતાં નથી. પરંતુ પહેલાના સમયમાં રાત્રીના સમયે જમી પરવારીને ગામના લોકો મુખ્યત્વે પુરુષો જે ઘરની જમીન (ધાબ્રો) ટીપવાનો હોય ત્યાં એકત્રિત થઈ. એકી સાથે ઘરની જમીનને મજબૂત બનાવતા. ટીપણી ઊભા ઊભા જ ટીપવામાં આવતી એ વખતે શરીરના અંગ આંદોલને કારણે તાલબદ્ધતા જળવાતી. ટીપણીનાં કોઈ ચોકકસ ગીતો નથી. પરંતુ ઘર બાંધતી વખતે નીચેની જમીન સમથળ અને મજબૂત બને, જમીન તરડાઈ ન જાય એ માટે આવા ટીપણા વડે ટીપવામાં આવતું અને એ વખતે સમય પસાર કરવા અને કામનો થાક ઉતારવા જુસ્સાદાર ટીપણાં ગાવામાં આવતાં, જેવાં કે-

'કોના ઘરનો ધાબો રે ધબોધબ.

રમણભાઈના ઘરનો ધાબોરે ધબોધબ.

ટીપણીએ ટીપાઈ રે ધબોધબ.

ટીપી બને ચકાચક રે ધબોધબ.

તાં બેસી ચોખા વિણાય રે ધબોધબ.

તાં બેસી જમાય રે ધબોધબ.'[૨૪]

ઉપરોક્ત ગીતમાં ટીપણી ઊંચકાઈને ફરી પાછી, 'ધબોધબ' શબ્દની સાથે ટીપાઈ છે. આ એક શબ્દના તાલે જ આખું ટીપણી કામ ચાલે છે.

આજે હાલમાં ધાબ્રા ટીપવાનાં કામો તો ચાલે જ છે. પરંતુ લોકો હવે આવા રમુજી ટુંચકા ગાતા નથી. શાંત ચિત્તે ધાબ્રો ટીપી નાંખે છે. કોઈને ખબર પણ પડતી નથી. જયારે પહેલા સમયમાં તો રાત્રીના નીરવશાંતિમય વાતાવરણમાં બીજા ગામમાં ધાબો ટીપાતો તો પણ ખબર પડી જતી. જો કે આજે આવું ચલણ રહ્યું નથી.

સૌરાષ્ટ્રના ચોરવાડ ગામની કોળી બહેનોનું ટીપણી નૃત્ય આપણે ત્યાં પ્રખ્યાત છે. પરંતુ એ કોઈ ચોકકસ કામ સાથે નહીં. પણ અભિનયની રીતે ટકેલું દેખાય છે.

## ○ હોબેલાં

'હોબેલાં' પણ કામના થાકને ઓછો કરવા અને વધારે શક્તિ ઉત્પન્ન કરવા માટે ગાવામાં આવતાં ખેતીને લગતાં અઘરાં કામો કરતી વખતે આવાં હોબેલાં ગાવામાં આવે છે. મોટેભાગે ખેતરમાં પાકેલા પાકને ખળા ભેગું કરવા માટે બળદગાડાની હેલભરી લાવવામાં આવતી ત્યારે હેલ ભરાય ગયા પછી તેને દોરડાં વડે બાંધતી વખતે આવા હોબેલાં ગવાય છે જેમકે-

'હેઈશો રે હેઈશો,
જોર કરીને હૈઈશો
જરાક જોર હૈઈશો
જોરના ઢીલા હૈઈશો
જોર તમારું હેઈશો
ઢીલ કરને હેઈશો
અવળે હાથે હેઈશો
આડું જાય રે હૈઈશો
સીધુ કરીને હેઈશો'

આમ હેલનો બંધ ઢીલો ન થાય આડો ન જાય તે માટે અને સારી પકડ જળવાય રહે તે માટે આવા હોબેલાં ગવાય છે.

આ જાતિના લોકો પહેલા રાનામાં (જંગલમાં) બળદગાડા લઈને સરકારી કામ કરવા જતા ત્યારે જંગલનાં મોટાં-મોટાં લાકડાં એક જગ્યાએથી બીજા જગ્યાએ લઈ જવા માટે બળદગાડાનો ઉપયોગ કરતા અને ગાડામાં લાકડાં ભરવામાં આવતાં ત્યારે દળદાળ લાકડાંને ભરવા માટે શક્તિ એકત્ર કરવા માટે પણ આવા શક્તિવર્ધક હોબેલાં ગવાય છે.

૨. ‘એ ડુંગરદેવી રે, હૈઈશો

અમારી મદદે રે, હૈઈશો

ગંડેરા ચઢાવે રે, હૈઈશો

જોર કરતા રે, હૈઈશો

જોર તો જરા ઢીલા રે, હૈઈશો

દેવીના જોરે રે, હૈઈશો.’

આ ઉપરાંત કયારેક બળદગાડું માલ ભરીને આવતું હોય અને અચાનક ચઢાણ આવે ત્યારે બળદગાડું ન ચઢી શકે તો તેને ધક્કા મારીને ચઢાવવામાં આવે ત્યારે પણ હોબેલાં ગવાય છે. તો કયારેક બળદગાડું રસ્તામાં (ખૂંચી) ખોટવાઈ ગયું હોય ત્યારે ભરેલા માલને ઠાલવવા કરતા ભરેલી હેલને બહાર કાઢવા પણ હોબેલા ગાવામાં આવતાં આવા હોબેલાં મુખ્યત્વે શ્રમ કરનારા ને વધારાનું જોર (તાકાત) પ્રાપ્ત કરવા માટે અને એક તાલે શક્તિ ઉપયોગમાં લેવાય અને કામ પૂર્ણ થાય એ અર્થે કરવામાં આવતું. બધા શ્રમિકો અલગ-અલગ શક્તિનો ઉપયોગ કરે તો કામ પાર ન પડે માટે હોબેલાંના તાલે એક સાથે શક્તિનો ઉપયોગ કરી બમણી શક્તિ ધારણ કરીને ગમે તેવું અઘરું કામ પણ પાર પાડવામાં આવતું જો કે આજે આવા હોબેલાની જરૂર વર્તાતી નથી. આધુનિક યુગમાં બળદગાડાં પણ ઓછાં થઈ ગયાં અને માલસામાનની હેરફેર માટે યાંત્રિક વાહનો આવી જતાં આવી હોબેલાની પરંપરા લુપ્ત થતી જાય છે.

## ૪. વ્રત ગીતો

સાંસારિક જીરવનમાં પોતાને સુખ મળે, પોતાનું અખંડ સૌભાગ્ય સચવાઈ રહે અને જીવન જીવવા માટે સારો ભરથાર મળે એવી ભાવનાથી કુંવારી અને પરણેલી સ્ત્રીઓ વ્રતો કે મોળાકતો પ્રાચીન સમયથી કરતી આવી છે. પાર્વતીએ પણ ઈચ્છિત વરને મેળવવા ભગવાન શિવનું તપ આદર્યું હતું તેમ આપણી બાળકન્યાઓ પણ મોળાકત, અલૂણાવ્રત કે

ગોરમાનાં વ્રતો કરે છે. પાર્વતીને ગોરમા તરીકે કલ્પીને પોતાને ઈચ્છિત વર પ્રાપ્ત થાય તે માટે ગોરમાનું વ્રત કરે છે.

ગોરમાનાં ગીતો આપણી ભારતીય આર્ય સંસ્કૃતિમાં લાક્ષણિકતા ધરાવે છે. કારણ કે બાલકુંવરીઓ પોતાનાં વ્રત અને સંયમ સિદ્ધ કરવાનો મનોરથ સેવે છે અને આવા ગોરમાનાં ઉત્તમ સંસ્કારોવાળાં ગીતોથી આનંદ માણે છે. ભારતીય સંસ્કૃતિ જ વૈવિધ્યસભર છે તેથીજ આવા વૈવિધ્યસભર સંસ્કારોની પાછળ નાના-મોટા સૌ લોકો આનંદ ઉત્સવ માણે છે. આ જાતિમાં પણ નાની નાની બાલિકાઓ 'અલૂણાવ્રત' કરે છે. પહેલાના સમયમાં મોટી સ્ત્રીઓ વ્રત-ઉપવાસ કરતી પરંતુ શિક્ષણ અને ભદ્ર સંસ્કૃતિના સંપર્કમાં આવતા આજે આ જાતિની બાલિકાઓ પણ 'મોળાકતવ્રત' કરે છે.

આવા મોળાકતો પાંચ દિવસ સુધીના હોય છે.

અષાઢ મહિનામાં આઠમના દિવસે નાની બાલિકા વાંસની ટોપલીમાં માટીમાં થોડુ છાણિયું ખાતર નાંખી તેમાં ડાંગર, જુવાર, તલ, ઘઉં અને કઠોળના દાણા એમ પાંચ જાતના ધાન્યથી જવારા ઉગાડે છે અને સૌ પ્રથમ નાહી ધોઈ જવારાની પૂજા કરે છે. ગામની બધી જ બાલિકાઓ વહેલી સવારે નદીએ સ્નાન કરીને અલૂણાવ્રત કરે છે એ વખતે ગીતો પણ ગાય છે. નદીએ ન્હાવા જતી વખતનું ગીત-

'ગોરમાનો વર કેસરિયો,
નદીએ ના'વા જાય રે,
હાથમાં ઝાલી લાકડી
માથે મેલી પાઘડી
છાંયો જોતો જાય રે ગોરમાનો...'

આવાં ગીતો શિષ્ટ સંસ્કૃતિમાંથી આવેલાં છે. એમના કોઈ અલગ ગીતો નથી. આ ઉપરાંત જાગરણના દિવસે આ જાતિની બાલિકાઓમાં એક અલગ પરંપરા એ જોવા મળી છે

કે ગામની બધી કન્યાઓ ભેગી મળી બે પક્ષમાં વહેંચાય જાય છે અને પછી બંને પક્ષમાંથી એક બાલિકા 'વર' બને છે અને બીજા પક્ષની બાલિકા 'કન્યા' બને છે અને રાત્રે આ વરકન્યાને બંને પક્ષની બાલિકા ઉપરાંત ગામનાં વડીલો સ્ત્રી-પુરુષો આ ઉત્સવમાં જોડાયને વરકન્યાને પરણાવે છે.

'લગ્ન'માં જે પ્રકારની વિધિ કરાય છે એ તમામ વિધિઓ આ લગ્નમાં પણ કરાય છે અને વિધિ મુજબના લગ્નમાં ફટાણાં પણ ગવાય છે અને નાસ્તા પાણીની પણ સગવડ કરવામાં આવે છે. જાન લઈને આવેલા ગામ લોકોની આ પ્રકારની સરભરા કરાય છે. લગ્નમાં આવેલી મોટી બહેનો રમવા આવે છે ત્યારે તેનો પતિ નથી આવવા દેતો તેનું પણ ગીત ગવાય છે-

૨. 'જાગરણ રે જાગરણ

કંઈ બેનનું જાગરણ

જાગરણ રે જાગરણ રિમ્પલ બેનનું જાગરણ

શાન્તાબેન જાગરણે આવે કે,

બાબુભાઈને સુતેલો મેલે !

બાબુભાઈ ના પાડે તો

એને પકડીને બાંધો!

રડે ટટળે તો બૂકલો રોટલી આલો

જાગરણ રે જાગરણ કંઈ બેનનું જાગરણ.'

આવાં હસી મજાકનાં ગીતો ગાવામાં આવે છે અને વર-કન્યાને પરણાવે છે. આ સાથે આપણું બહુ જાણીતું ગીત 'અચકો-મચકો કારેલી' પણ ગવાય છે.

'અચકો-મચકો કારેલી

તમે કેટલા ભાઈ કુંવારા રાજ અચકો...

અમે સાતેય ભાઈ કુંવારારાજ અચકો....

તમને કેવી ગોરી ગમશે રાજ અચકો...

અમને રિમ્પલ ગોરી ગમશે રાજ અચકો...

એ તો બેડલે પાણી ભરશે રાજ અચકો...

આમ એક પછી એક વ્રત કરનારી બાલિકાઓના નામ લઈ જુદા જુદા કામમાં પાવરધી છે તે બતાવાયું છે અને સાતેય ભાઈને આવી કામણગારી બાલિકા વહુ તરીકે પસંદ પડે છે તેનો ભાવ સ્પષ્ટ ગવાય છે.

આ ઉપરાંત 'સૈયર આવોને રમીએ' એ ગીત પણ ખૂબ જ આનંદથી ગવાય છે. આ ગીત વખતે બધી બાલિકાઓ ગોળાકારે રમે છે અને સખી માટે લાવવામાં આવેલી તમામ ચીજવસ્તુમાં પોતાનો ભાગ માંગે છે જેમકે-

'સૈયર આવો ને રમવા

અમને રમતા નઈ આવડે

અમને રમીને બતલાવો

સાંકળાની જોડ છે

તેમાં મારો ભાગ છે

બંગડીની જોડ છે.

તેમાં મારો ભાગ છે.'

અંતમાં લગ્નની બધી વિધિ પૂરી થતાં કન્યાને વર સાથે વળાવી દઈને રમત પૂરી કરે છે. અને બધાં જ જવારા એક સાથે રાખી બીજા દિવસે બધી કન્યાઓ મંદિરના એક ખૂણે

આ જવારા મુકી આવે છે અને અંતે વિધિમાં લીધેલ ફૂલ-કંકુ ચોખા, તુલસીપાન આદિ સામગ્રી નદીમાં વળાવી દે છે. કેટલીક બાલિકા જવારા પણ નદીએ લઈ જાય છે અને જવારાને વળાવવા જતી બેનો ગીત ગાય છે.

ગામના કણબી સૂતા કે જાયગા

ગોરમા ચાયલા સાસરિયે

ગામની કણબણ સૂતી કે જાયગી

ગોરમા ચાલી સાસરીયે

આજની રાત રેવ મારા ગોરમા

જમણ દેશું વેડમીના

ગામના સુથાર સૂતા કે જાયગા

ગોરમા ચાયલા સાસરીયે'*

આમ જુદી જુદી જાતિઓને ગીતમાં જોડી ગોરમાને ભાતભાતના પકવાન ખવડાવવાની અને એક રાત વધારે રોકાય જવાનું સૂચન કરે છે.

અંતે નદીમાં તમામ સામગ્રી પધારાવી દઈ ગોરમાને 'પોર' (આવતા વર્ષે) વહેલા આવવાનું ઈજન પણ આપે છે. આમ નદીએથી સૌ બાલિકા છૂટી પડી ઘરે જાય છે. કેટલીક વાર તો બાલિકા ગોરમાને વળાવતી વખતે રડે પણ છે. ગોરમાનો વિરહ પણ પ્રગટ કરે છે. આમ આ વ્રત પૂર્ણ કરાય છે.

### ૦ વાદ્યગીતો

વિશ્વભરનાં આધુનિક વાદ્યોના પાયામાં આપણાં લોકવાદ્યો પડેલાં છે. કાળક્રમે લોકવાદ્યોનાં સ્વરૂપ સુધારા-વધારા પામ્યાં એમાંથી પ્રશષ્ટિ સંગીતનાં વાદ્યો સિદ્ધ થયાં છે.

---

* નિહાલી ગામની વ્રત કરનારી બહેનો પાસેથી.

લોકવાદ્યોનાં મુખ્ય પાંચ પ્રકારો ગણાવ્યા છે. સુષિરવાદ્યો, તંતુવાદ્યો, તાલવાદ્યો, અવનધવાદ્ય અને ધનવાદ્ય. આ બધાંમાં વધારે પ્રચલિત વાદ્ય તાલવાદ્યો છે. લોકસંગીતમાં પરંપરાગત રીતે આ વાદ્યનો વધારે પ્રમાણમાં ઉપયોગ થયેલો છે.

આ જાતિમાં વધારે લોકવાદ્યો જોવા મળ્યાં નથી. પરંતુ કેટલાંક જે વાદ્યો મળ્યાં છે. એ વાદ્યોના તાલે કેટલાંક નૃત્ય ગીતો ગવાતાં જોવા મળે છે. તૂર-થાળીના તાલે ઘેરૈયાઓ નૃત્ય કરતાં કરતાં છેલિયા, પવાડા, રાસ-ગરબા ગાય છે. ત્યારબાદ ઢોલકના તાલે પણ કેટલાંક નૃત્ય ગીતો ગવાતાં હતાં. આવાં વાદ્યોમાં ખાસ કરીને પ્રાચીન સમયમાં માણસના મૃત્યુ પછી બારમા-તેરમાની વિધિ કરતી વખતે. કાંગાવાળો 'કંગું' નામનું વાજિંત્ર વગાડી 'પિત્તર' ગાવામાં આવતું. આવું વગાડનાર અને ગાનારને 'પિત્તરવાળો' પણ કહેવામાં આવતો.

મરણોત્તર ક્રિયા માટે જે વિધિ કરાવવામાં આવતી તે બ્રાહ્મણ પાસે નહીં પણ 'ભગત' જે મોટેભાગે નાયકા જાતિનો હોય એવા 'ભગત' પાસે પિતૃને પાણી પાવાની વિધિ કરાતી એ વિધિ વખતે કાંગાવાળો કાંગું વગાડી કેટલાક ગાયન શૈલીનાં ગીતો ગાતો અને ધોડિયા જાતિમાં જે જે બીનાઓ બની હતી તેને ગાતાં ગાતાં કાંગનાતાલે એ બધું કહતો હતો. જે ગીતની થોડીક પંક્તિઓ નીચે ટાંકવામાં આવી છે.

૧. 'દુ:ખને માયરે નિંગનેરા ભાઈ માંણાંતુ
ઘરને બાર તે છોયડાંરાં ભાઈ માંણાંતું
તાપ પડે ધરતી તપેરા ભાઈ માંણાંતું
આગળ ડગલાં નાંઈ ચાલું કરેરા: ભાઈ માંણાંતું.
નદી નાળે અગોળીને ધુનકામાં આવેરા ભાઈ
સબરી માદરી નદી, વદરા ચાણુંદ આવેરા ભાઈ
નદી નર્મદા અંગોળી પીપળાજ આવી રનેરાં ભાઈ

ખાડી ખનકે ફીરનેલા, માછલા, કુસલાં ખાધલાંરા ભાઈ...

હુનાગઢ છોડી, રાજપુતરી આવી રનેરા, ભાઈ

દયાને માયા સોયડી, બધાં છોડી ગોરા જીવડો ભાઈ...

ઘરમાં રડતે રાખી ગોરા, બેની છેડો વાળાએ, ભાઈ...'[૨૫]

૨. ભાયા ભાયા ભાયા ભાઈ માણાં તુંરા ભાયા માણાંતું

બધે ભેગે મીળી નીંગનેલે હગેંવાલે મીળનેલેંરા માણાંતું

બધે અરીકને માય રે નિગને લેં હગેવાલે મીળને લેરા માણોતું

બજાર હાટે ગોયલે બધે, નાને મોટે મીળને લેરા ભાઈ...

હાટે હાટે ફીરનેલે, ખજુર ખોપરા ખાધેલાંરા ભાઈ...

વડીલ પુંજા કધેલી, ધરમ દાન ભી કધેલારા ભાઈ...

ચવાણ્યા લાવી ચાખેલાં, હાજા માઠાં પીધેલારાં ભાઈ...

હેરચ-ખાધેલો પીધેલો જીવડો, બરકે બુમ કરેરા ભાઈ...

સાન-ભાન કાંઈ નાંય રના, પોહેં ટોહેં ભૂલી ગુવારા ભાઈ....

કુંણી ઊબડો ઊબડો નાચે, કુંણી કિરિયારી પાડી નાચેરી ભાઈ...

જબરી મારામારી, જબરી પડાપડી કરું લાગનારા ભાઈ...

કુંણા દયાભી નાંય લાગની, આકળ્યે જીવડો નીગનોરા ભાઈ...'[૨૬]

આ ઉપરોકત બે ગીતો પહેલાના સમયમાં અંતિમ ક્રિયાકાંડમાં આ પ્રકારનાં ગીતો ગવાતાં હતાં. આજે આવાં ગીતો ગવાતાં નથી. પરંતુ આવાં ગીતો ઉપર મૃત્યુની વેદના વ્યક્ત કરતા કેટલાક છેડો વાળવાની પ્રક્રિયા જોવા મળે છે. આ બંને ગીતોની કથા કાંઈ આ પ્રમાણે છે. ધોડિયા જાતિ એ ટોળી રૂપે જુદા જુદા સમયમાં જુદી જુદી જગ્યાએથી દક્ષિણ ગુજરાતમાં ધરમપુર તાલુકાના રાજપુર ગામે આવીને વસી હતી. તે પહેલા એ કેવી રીતે

અહીં સુધી સ્થળાંતર પામી હતી. તેનું વર્ણન છે અને 'યાદવાસ્થળી'નો ઉલ્લેખ કરીને તેમાં મૃત્યુ પામેલા પિતૃઓની અંતિમ વિધિ આવા ભગતો એ કરી હતી. ત્યારથી આ જાતિના લોકોએ પણ આવી વિધિને અપનાવી હતી. અને એ વખતે ગવાયેલા ભાવને કાંગાવાળો આ અંતિમક્રિયામાં પણ ગાય છે. આ ગીતો એમની લોકબોલીમાં જ ગવાયેલાં છે. જો કે આજે આ પ્રકારનાં કોઈ ગીતો ગવાતાં કે 'પિત્તર' ગવાતાં મળ્યાં નથી. પરંતુ આ જાતિના વડીલો પાસેથી એવું જાણવા મળ્યું છે કે હવે 'ભગતવિધિ' કરવામાં આવતી નથી અને બ્રાહ્મણ વિધિ કરાતી હોવાથી આવા કાંગાવાળા પિત્તરગીત ગાનારો વર્ગ રહ્યો નથી. પરંતુ એમાંની કેટલીક વિધિ આજે પણ આપણી જાતિમાં સચવાયેલી જોવા મળી છે.

આ ઉપરાંત બીજાં વાદ્યો ગીતો જેવાં કે નૃત્યો ગીતો જેનો વિગતે પરિચય પ્રકરણ આઠમાં લોકનૃત્ય અંતર્ગત કરવામાં આવ્યો છે. આ જાતિમાં આજે બારમા-તેરમાની વિધિમાં કેટલીક જગ્યાએ આવાં તૂરવાદ્યો ઉપયોગમાં લેવાય છે. ખરા પરંતુ 'પિત્તર' ગાવામાં આવતા નથી. આવાં ગીતો હવે નાશ પામવાની આરે છે.

### ૬. કનશેરી વિવાહનાં ગીતો

દક્ષિણ ગુજરાતના આદિવાસીનાં સમસ્ત જીવનને જોતા જણાય છે કે તેઓનું ધાર્મિક પાસું સામાજિક જીવન સાથે એટલું બધું ઓતપ્રોત થયેલું છે કે એમનાં અનેક દેવી-દેંવતા એમના સામાજિક જીવનના એક અંગરૂપ છે. તેમાંની એક દેવ-દેવી તે 'કનસરી દેવ'.

'કનસરી' નામ ઉચારણભેદે અલગ-અલગ રીતે બોલાય છે, જેમકે દેવકનસરી, કંસરી, કંસેરી, કંછરી, કણસલી, કંસલી વગેરે. આ જાતિમાં વ્યાપકપણે 'કંસેરી' શબ્દ વધારે વપરાય છે. 'કણ' શબ્દનો અર્થ અનાજનો 'દાણો' એવો કરવામાં આવે છે. 'સરી' એટલે ડોકમાં પહેરવાની હારમાળા જેવો અર્થ કરવામાં આવ્યો છે. ટૂંકમાં 'કનસરી' એટલે 'અનાજના કણની શોભા' જેવો થાય છે.

'કનસી' શબ્દનો એક અર્થ 'કૃષિકોશ' હિન્દીમાં- 'પૃથ્વી પર ઉત્પન્ન થયેલો પ્રથમ અંકુર' એવો થાય છે.'[૨૭]

કંસેરીદેવી અનાજની દેવી તરીકે ગણવામાં આવી છે. તે અંકુર અવસ્થાથી માંડીને ખેતીની વિવિધ પ્રક્રિયાઓને નિર્વિઘ્ને પાર પડાવી અનાજના ભંડાર ભરપૂર કરી દે છે. તેથીજ કંસેરીદેવીને કોઠાર ઉપર કે કોઠીવાળા ઓરડામાં કોઠારની નજીક બેસાડવામાં આવે છે. દેવી-કંસેરી અનાજની બરકત આપનારી દેવી તરીકે ગણાવાયી છે.

કનસરીદેવી કુનબી, ધોડિયા અને વારલી આદિ જાતિમાં મુખ્યત્વે કુટુંબ પરનાં દુ:ખદર્દ અને આપત્તિના નિવારણ અર્થે તેમજ દાન-ધાન્યના અખૂટ ભંડાર માટે આ દેવ-દેવીની પૂજા-અર્ચના કરાતી. મોટાભાગે આ દેવીની લગ્નની બાધા (માનતા) માનવામાં આવતી. માનતા પૂરી કરવા માટે મોટે ભાગે નાયકા જાતિના ભગત પાસે આ લગ્નની વિધિ કરાવવામાં આવતી. પહેલાના સમયમાં ભગત 'કંસેરીવિવાહ'ની વિધિ બે થી ત્રણ દિવસ સુધી કરતો. એવા ટાણે ગામજનો અને સગાંસંબંધીઓ આ લગ્નનો ઉત્સવ ખાન-પાન સાથે ઉજવવામાં આવતો. ભગત ધૂણતો જાય એમ જે તે પ્રસંગને અનુરૂપ મંત્ર આદિ કે વચનો બોલી આ વિધિ કરે છે.

### ૦ લગ્નની પૂર્વભૂમિકા

'કનસેરી વિવાહ'ની વિધિ માટે સૌ પ્રથમ મૂર્તિ લાવવી. મૂર્તિ પથ્થરની કે ધાતુની બનાવેલ હોય છે. ભગત મંત્રોચ્ચાર કરી લાવેલ મૂર્તિને ઘરઆંગણે બનાવેલ મંડપમાં ફૂલ આદિ પાથરીને મૂર્તિનું સ્થાપન કરવામાં આવતું. મંડપ હંમેશા ચાર-પાંચ ફૂટનો ઝાડ-પાનમાંથી બનાવાતો અને મંડપમાં છાણનું લીંપણ કરવામાં આવતું. આ વિધિ વખતે વિધિ અનુસારના ગીતો ગાવામાં આવતાં. આ વિધિમાં રીત (વિધિ) કરનાર એક પરણિત અને એક કુંવારી સ્ત્રી કરતી. લગ્નની બધીજ વિધિ કરવામાં આવતી. ચારદેવોને પ્રતીકરૂપે બેસાડી તેમની હાજરીમાં કંસેરીદેવીના વિવાહ કરવામાં આવતા.

આ વિવાહમાં જે ઘરમાં આ લગ્ન થતાં હોય તે ઘરનાં સ્ત્રી-પુરુષ (પતિ-પત્ની) બે કળશની સ્થાપના કરતા અને એ કળશમાં આંબાના પાન સાથે શ્રીફળ મૂકી મૂર્તિ રૂપે મૂકેલા

પથ્થરોની વિધિ કરવામાં આવતી. ભગત 'ઘાંઘરી' (એકવાદ્ય) ઉપર રાત્રીના સમયે 'કનસરીદેવ'ની ઉત્પત્તિની કથા શરૂ કરી વહેલી સવારે કથા પૂર્ણ કરવામાં આવતી. આ કથા લગભગ આજે પણ કુંકણા જાતિમાં કહેવાતી જાણવા મળી છે.

### ૦ લગ્નની વિધિ

લગ્ન વિધિ પૂર્વે કરાતી પૂજામાં પહેલાના સમયમાં જંગલમાંથી મળી આવતી સામગ્રી વડે કરવામાં આવતી કોળું, કેળા, ડાંગર, કંદ આદિનો ઉપયોગ વધારે પ્રમાણમાં કરાતો લગ્નના દિને ઉત્સવમાં સામેલ થયેલા લોકો કોળાના ગરમાં ચોખાનો લોટ ભેળવી ખાંડ કે ગોળ નાંખી પનેલા (પાનગા) બનાવી મૂકવામાં આવતા અને લગ્નની પ્રસાદીરૂપ આ વાનગી આરોગવામાં આવતી આ ઉપરાંત અન્ય મહેમાનો માટે પરિસ્થિતિ અનુસારની મિજબાની કરાવવામાં આવતી.

### ૦ કથામાં આરાધ્ય દેવો

આ પ્રકારની વિધિ એકથી વધારે દિવસ ચાલતી ત્યારે એમના કેટલાક આરાધ્યદેવનો સમાવેશ કરવામાં આવતાં જેમાં મોટેભાગે નારણગુરુ (નારાયણ) મહાદેવ, દેવસામરા, હનુમાન, ભવાની, હીરદેવ, હીમદેવ, સરદેવ, ગોવાળદેવ, કાકા બળિયા, બ્રહ્મદેવ આદિ અનેક દેવોની સરાહના કરવામાં આવતી. એકી સાથે આટલા બધા દેવોની આરાધના કરીને આવી પડનારી કે આવેલી વિપત્તિઓથી મુક્તિ મેળવવાની અને સાથેસાથે ઘરમાં અનાજના કોઠારોમાં બરકત બની રહે વગેરેની ભાવનાઓ જોડાયેલી છે. આવા કનસેરીવિવાહનાં ગીતો નીચે પ્રમાણે ગવાતાં મળ્યાં છે.

૧. ચોકમાં લીમડી રોપાવો રે,
દેવો આવું છું તમારે બારણિયે,
એ લીમડીએ કંસેરી બેસાડો રે,
દેવો આવું છું તમારે બારણિયે,

ઘીનો તો દીવો પુરાવો રે, દેવો આવું છું તમારે બારણિયે.

(નાળિયેર, ફૂલ, ચોખા આદિ ગવાય છે.)

આછાં આછાં છાણનાં લીંપણ કરાવો રે,

આયવા રે કંસેરીદેવના લગન

તેમાં તે રૂડી ઓકરલી ચિતરાવો રે,

આયવા રે....

તેમાં રૂડાં મોર ચિતરાવો રે,

આયવા રે....

તાં બેસી પરણાવો રે,

આયવા રે કંસેરીદેવના લગન

ઝીણી ઝીણી કળીઓનો મોગરો રે,

મોગરો કળી કરમાય,

કંસેરી માતાના દેરા બંધાવો રે,

મોગરો કળી કરમાય

કંસેરી માતાના દેરા શણગારો રે,

મોગરો કળી કરમાય,

એ દેરામાં કંસેરી પધરાવો રે,

મોગરો કળી કરમાય,

કંસેરી દેવની પૂજા હો કરાવો રે,

મોગરો કળી કરમાય

એ પૂજા મગનભાઈ કરાવે રે,

મોગરો કળી કરમાય.'

૪. કંસેરી વેવામાં કુણ કુણ દેવા આવેરા, ગુજરલી

કંસેરી વેવામાં ભરમદેવ આવેરા, ગુજરલી,

કંસેરી વેવામાં નાળિયેર કુણ લાવેરા, ગુજરલી

કંસેરી વેવામાં નાળિયેર હીમારદેવ લાવેરા ગુજરલી

(આમ દેવહામરા, સરદેવ, ગોવાળદેવ, ભવાનીદેવ, હીરદેવ, નારાયણદેવ આદિને ગવાય છે.)

સોના રૂપાનો દાંડિયો રે

શેરી શેરીએ વાજંતો જાય

ગામેના લોકે પૂછીયા રે,

કોણ દેવ પરણેવા જાય.

ખુશાલ તે ભાઈના દેવ રે,

કંસેરીદેવ પરેણેવા જાય.

પરેણીને પાછાં આયવારે,

કંસેરીદેવ પરણેવા જાય.

ખુશાલભાઈના ઓરડે રે,

કંસેરીદેવના સ્થાન

તેથી તેની કોઠી પાલે રે

બરકત ઘણીરી થાય.[૨૮]

આમ ઉપરોકત ગીતોમાં કંસેરી વિવાહની પૂર્વતૈયારી અંગેના લીંપણ લીપવા અંગેનાં ઓકરલી ચિતરામણનાં તેમજ કંસેરી માતાનાં દેરા બાંધવાનાં કંસેરી બેસાડવાનાં, પૂજા કરવાના અને પૂજામાં કયા કયા દેવ આવે તેનાં અને કયા દેવ કંસેરીદેવ માટે શું શું લાવે તેને

આલેખતાં ગીતો ગવાતાં હતાં. આજે આ પ્રકારની કંસેરીપ્રથાની વિધિ નહિવત્ જોવા મળી છે.

ધોડિયા જાતિના લોકોનાં ઘરમાં કંસેરીના બેસણા જોવા મળ્યાં છે. પરંતુ આવા વિવાહ કે કથા કરવાની માનતા રખાતી હોય અને નાયકા જાતિના લોકો (ભગત) આવી કથા કરાવવા આવતા હોય એવી માહિતી જાણવા મળી નથી. છતાં પહેલાના વખતમાં આવી કથા કરવામાં આવતી અને ગામની અને સગાંસંબંધીઓની સ્ત્રીઓ આવા પ્રસંગે કેટલાંક ગીતો ગાતી તેની આછી પાતળી માહિતી જાણવા મળી છે તેને અહીં ટાંકી છે.

## ૭. બાળરમતનાં ગીતો

ગીતોમાં સૌથી નાજુક અને સરળ સૌંદર્ય બાળગીતોમાં રહેલું છે. દરેક જાતિએ આવા બાળરમતના જુદાં જુદાં ગીતો ગવાતાં હોય છે. એમ આ જાતિમાં પણ બાળકને રમાડતી વખતે ગીતો ગવાતાં મળ્યાં છે. છેક નાના શિશુથી માંડીને કિશોરાવસ્થા સુધીનાં રમતગીતો જોવા મળે છે.

રમવું એ બાળસહજ છે. કુદરતે દરેક બાળકમાં આવી રમત રમવાની વૃત્તિ મૂકેલી છે. બાળક હંમેશા ચંચળવૃત્તિ ધરાવતું હોવાથી તરેહ તરેહની રમત રમતી વખતે રમતના વધારે આનંદ મેળવવા માટે રમતને અનુરૂપ રમતનાં જોડકણાં જોડતાં હોય છે. આવાં બાળ રમતોની વાત પ્રકરણ આઠમાં 'બાળ રમતો' એ શીર્ષકથી વિગતે કરવામાં આવી છે. છતાં અહીં આછેરો ઉલ્લેખ કરીને આગળનાં લોકગીતો તરફ જઈશું.

બાળ રમતનાં ગીતોમાં બાળક હજુ ભાખોડિયા ભરતું થાય ત્યાં તો બાળકને બીજાં મોટાં બાળકોની જેમ ચલાવવા માટે પણ નાનાં જોડકણાં ગાવામાં આવતાં. આવાં ગીતોમાં સંગીતનું તત્ત્વ સાવ ઓછું હોય છે. મુખ્યત્વે આ ગીતોમાં તાલ, નૃત્ય અને રમતનું તત્ત્વ પ્રધાન હોય છે. આવાં જોડકણાં ગવાતાં ઓછાં છતાં લહેકાથી ભરેલાં છે જેમકે-

'પા! પા! પગલી

મામાની ડગલી

ધૂળની ઢગલી

પાડ-પાડ પગલી'

આ જોડકણાંમાં બાળકને રમાડનાર વ્યક્તિ બાળક જલ્દી ચાલતું થાય એ માટે બાળકના બંને હાથ ઝાલીને આવા શબ્દના તાલે બાળકને ડગલાં ભરતા શીખવે છે અને બાળક પણ હસતું-કિકીયારી કરતું શબ્દ સાથે તાલ મિલાવતું પોતાના નાજુક પગલાં પાડતું શબ્દની ચાલણગાડી સાથે ચાલવા માંડે છે.

'થા, થા, થૈ, થૈ

તૂધિન, તૂધિન, તૂન

તડાક તુન, તડાકતુન.'

જેવા તાલ સાથે બાળક જગ્યા ઉપર જ પગના ઠેકા સાથે કૂદવા લાગે છે. બાળક ડગુંમગું ચાલતું હોવાથી રમાડનારની આંગળી પકડી તાલબદ્ધ પંક્તિ સાથે કૂદવા લાગે છે.

બાળકોની રમતો ઋતુઓ અનુસાર અલગ અલગ રમાતી હોય છે. શિયાળાની ટાઢ હોય, ઉનાળાની ધોમ ધખતી ગરમી હોય કે ચોમાસાની હેલી હોય બાળકો સૌ ગોળકૂંડાળામાં ગોઠવાય જઈને બેઠાં-બેઠાં જમીન પર બંને હાથની હથેળી અવળી રાખી દાવ આપનાર બાળક સૌના હાથ પર પોતાની આંગળી મૂકતાં મૂકતાં તાલબદ્ધ જોડકણું બોલતો જાય...

'આન પાન પીપાળી જમાડી જાન,

એક જાન ભૂખી થાળી ધોય ઊઠી...

પીતર પગલાં પાડે છે,

આ ઘેર, પેલે ઘેર,

કાના ભાઈનો ટીપ્યો...'

અને જે બાળકના હાથ ઉપર 'ટીપ્યો' પડે એ બાળક પોતાનો હાથ સવળો કરી નાંખે આમ આખો દાવ ચાલે, જેના બે હાથ સવળા બને તે બાળક પાકી ગયું કહેવાય. આમ સૌ બાળક પાકયા પછી વારાફરતી બાળકને નીચેનું ગીત બોલતા બોલતા પ્રશ્નો પૂછવામાં આવે જે બાળક જવાબ આપે.

જેમકે-

પૂછનાર- ભાઈ ભાઈ તારા હાથ કાં નાયખાં?

બાળક- છાણમાં

પૂછનાર- છાણમાંથી શું મયલું?

બાળક- રૂપિયો

આમ ગીતની કડીઓ બોલાતી જાય અને બાળક જવાબ આપતાં જાય અને લાડું આવે લાડું બાળક ખાય જાય ત્યાં સુધી આવાં ગીતો ગવાતાં જાય.

કયારેક તો ઘરઆંગણે ફળિયાનાં સૌ બાળકો ભેગાં મળી દોડાદોડી ઉપરાંત ઊભાં ઊભાં રમી શકાય એવી રમતો ગીતો કે જોડકણાં ગાયને રમે છે. એમાં ખાસ કરીને 'ગોળ-ગોળ ધાણી', 'ડોશી અને કાળિયો કૂતરો કરડે' વાળી બાળ રમતો વધારે રમવામાં આવતી. આ સિવાય 'ઈતા-ઈતા પાણી' 'બોલ મારી માછણ કેટલાં પાણી?' જેવા વિવિધ પ્રકારના લય, તાલના જોડકણાં ગવાતાં જોવા મળ્યાં છે.

આ ઉપરાંત સામ-સામા પક્ષો પાડીને રમે છે. 'ભિલ્લુ'ની રમત કદાચ વિશ્વમાં પ્રખ્યાત હશે એવી ટીમની સુકાનીવાળી રમતમાં પણ ઘણાં જોડકણાંવાળાં પદો ગવાતાં હોય છે. તો ધમાલ ધોકાની રમત, તથા દોડા-દોડી કે કૂદા કૂદી કરતી વખતે પણ અનેક પ્રકારનાં બાળગીતો ગવાતાં જોવા મળ્યાં છે. આજે પરિવર્તન સાથે આજના સંદર્ભને જોડતા પણ કેટલાંક બાળ ગીતો ગવાય છે. ફિલ્મ કે ટેલીવીઝનને કારણે રમતો પણ આધુનિક બનતી જાય છે અને ફિલ્મી ટુચકા જેવાં બાળગીતો પણ આજે પ્રચલિત થતાં રહ્યાં છે.

## ૮. પ્રકીર્ણ ગીતો

આ જાતિમાં કેટલાંક જુદા પ્રકારના કહી શકાય એવા પ્રકીર્ણ પ્રકારનાં ગીતો પણ સંગ્રાયેલા મળ્યાં છે. જેમાં બાધા માનતાનાં ગીતો, દેવદેવીનાં ગીતો, દારૂબંધીનાં ગીતો અને શોષણનાં ગીતો આદિને ગણાવી શકાય. જો કે આવાં ગીતો આજના પરિવર્તન યુગમાં ગવાતાં નહીંવત્ જોવા મળ્યાં છે. અહીં કેટલાંક ગીતો મૂકવાનો નિર્ધાર કર્યો છે. એ ગીતો પહેલાના સમયમાં ગવાતાં હતાં. આજે એ ફકત યાદી બનીને રહી ગયાં છે.

### ૦ બાધા-માનતાનાં ગીતો

ધર્મમાં શ્રદ્ધેય ભાવના રાખનારી અને જીવનસાથે આવી ધાર્મિક ભાવના જોડનારી આ જાતિમાં આજે પણ આવી અંધશ્રદ્ધાની કેડી અવિરત વહેતી જોવા મળી છે. જીવનમાં ઘણી બધી સારી-નરસી પળોમાંથી પસાર થતી વખતે કેટલીકવાર ઉમંગમાં આવી માનતા રખાતી, તો કયાંક પોતાના ઉપર આવી પડેલી વિપત્તિને દૂર કરવા માટે આવી ઊંડી અંધશ્રદ્ધા વ્યાપ્તી અને માતાની સ્તુતિ-વંદના કરીને આવી બાધા આખડીઓ રખાતી અને સમય આવ્યે આ માનતાઓ પણ પૂર્ણ કરાતી.

દેવ-દેવીને રીઝવવા માટે આવા પ્રકારની સ્તુતિ કરવી અને ધાર્યાં કાર્યોમાં સફળતા મળતા એવી માનતા પૂર્ણ કરવા માટે જતી વખતે જે ગીતો ગાવામાં આવતાં આવાં ગીતોને એમની લોકબોલીમાં ‘ચઢાવ્યેંગીતે’ અથવા ‘માનતાયે ગીતેં” તરીકે ઓળખવામાં આવે છે. પહેલાના સમયમાં અભણ લોકો વિવિધ દેવ-દેવીની માનતાઓ કરતા. જો કે હજુ પણ ઊંડાણના ગામડાઓમાં આ પ્રથા પ્રચલિત બની છે. આજે બદલાયેલા સમય પ્રમાણેની માનતાઓ માનવામાં આવે છે. જીવનપ્રવાહમાં મનુષ્ય જયારે બધી પરિસ્થિતિમાંથી પસાર થઈ જાય છતાં પણ જીવનમાં દુ:ખ કે નિરાશા-હતાશા સાંપડે ત્યારે હારેલો-થાકેલો મનુષ્ય પોતાના મનને બીજી દિશામાં વાળે છે. અને ખાસ કરીને શ્રદ્ધારૂપી દિશાની વાટ પકડે છે. દવા-દારૂ કર્યા પછી પણ મનુષ્યને એમાં ફેરફાર ન દેખાય ત્યારે આવી દેવ-દેવતાની માનતાઓ કરે છે. અને દોરા-ધાગાના કે વચનના તાંતણે બંધાય છે.

માનતાઓ મૂકતી કે છોડતી વખતે કેટલી વસ્તુ માની છે તેને આધારે દેવ-દેવીની માનતાઓ ગીતો ગાઈને પૂર્ણ કરતી આવાં ગીતોમાં મંદિર, ઘુંમટ, વૃક્ષો વગેરેનાં પણ વર્ણનો કરવામાં આવતાં. માનતાઓ હંમેશાં, સવા માસની, સવા વર્ષની, સવા પાંચ મહિનાની કે સવાપાંચ વરસની માનવામાં આવતી અને એ માનતાઓ ફળતાં દેવ-દેવીઓને નાળિયેર, કંકુ, ધજા, સિંદુર, ઘીનો દીવો, ફૂલ-ધૂપ વગેરેના અર્ઘ્યથી બાધા છોડવામાં આવતી.

જેમકે-

'બાર વરહાયી બાધા જો,

મેં તે ધજા ઓફી છોયડી જો,

બાર વરહાયી બાધા જો,

મેં તે નાળિયેર ઓફી છોયડી જો'

(આમ ઘીનોદીવો, ફૂલ, અગરબત્તી, સિંદુર આદિ વર્ણવીને ગવાય)

આથી માનતા જેના નામની કરવામાં આવી હોય તેને આગળ રાખી માનતા લેનાર વ્યક્તિ કે ભગત-ભુવા પણ પોતાની હાજરી આપી દેવ-દેવી સામે પોતે માનેલી વસ્તુઓને અર્ઘ્ય આપી વિધિ સંપન્ન કરાય છે. બીજા એક ગીતમાં મંદિર, ઘુંમટ અને વૃક્ષનું સુંદર વર્ણન કરાયું છે.

'માવલી[૧] દેવાયા લાંબા પડાળ[૨]

અહ્‌ળવી[૩] રઈને રમા'રા[૪] માલવીદેવ,

વાંસ વઢાવે, ઘેર બંધાવે, ઘેરમાં રમે બરમદેવ[૫]'

અર્થ ૧. દુ:ખ દૂર કરનાર દેવ ૨. મંદિરની પાછળની છત ૩. ધીમેથી ૪. રમવું ૫. બ્રહ્મદેવ.

આદિવાસીઓના દેવસ્થાનની એક આગવી વિશેષતા એ રહી છે કે દેવના સ્થાન ઊંચા પણ હોય, નીચા પણ હોય, ત્યાં દેવલોકના બેસણા હોય, રાંધણા હોય, અને

જમણાની સાથે સાથે નાંચણા પણ હોય છે. પહેલાના સમયમાં તૂરથાળીના કે ઢોલના તાલે માનતાઓ મૂકવા જવાની પ્રથા હતી. હવે થોડા પરિવર્તનો આવ્યાં છે. છતાં દેવસ્થાને જ રાંધી ખાઈ-પીને માનતા પૂર્ણ કરવાની પરંપરા આજે પણ ચાલુ જ છે.

આદિવાસીઓ પ્રથમ બરમદેવ, કાકાબળિયા, કાળો કાકર, ડુંગરદેવ, બામણિયાભૂત, દેવશામરો, હિમારદેવ, વિઘ્નહેર મહાદેવ, શુકલેશ્વરમહાદેવ, બગલાદેવ જેવા દેવોની માનતા માનતા તો દેવીઓમાં ભવાનીદેવી, મરકીમાતા, દેવલી માતા, કનસેરી માતા, ગોહમાઈદેવી, ઉનાઈ માતા, ચોસઠ જોગણી, અગાહી માતા, આદિને માનતા. જો કે આજના બદલાયેલા જમાનામાં સવર્ણો કે ઊંચા લોકોના સંપર્કને કારણે એમની પણ દેવીઓ દેવો આદિ પરિવર્તનો પામ્યાં છે. જો કે ગામડાના ઊંડા ખૂણે આજે પણ આવાં દેવ-દેવી પ્રત્યેની શ્રદ્ધેય માન્યતાઓ રહેલી છે અને અનેક ગીતો ગવાતાં જોવા મળેલ છે. દેવીના શણગાર અંગેનું નીચેનું ગીત સુંદર છે.

'વાહળી[૧] તે વાગની[૨] ઝીણા રાગાઈ[૩]

ગોઈ મ્હાણે[૪] મંદિરિયે આયકાઈ[૫]

હારો ચડાવે ભણજાતે'રા[૭]

તુંઆ ઓમીં[૮] હણગારું'રા[૯]

દયરાયી[૧૦] નીચે મોતીયાઈ લૂમ[૧૧]

ઈ મોતી કેણા[૧૨] દેવા ચડેરા,

ઈ મોતી માવલી દેવા ચડેરા...'[૨૯]

અર્થઃ ૧. વાંસળી ૨. વાગે ૩. રાગની ૪. મારા ૫. સંભળાઈ ૬. સાંજના સમયે ૭. તમને ૮. હમણાં ૯. શણગારવું ૧૦. દરિયાની ૧૧. ઝૂમખાં ૧૨. કયા

દરિયાની નીચે મોતીની લૂમ છે તેના શણગાર સજીને ધીમી-ધીમી રાગની વાંસળી વગાડીને સાંજના સમયે માવલીદેવની પૂજા કરવાનું વર્ણન પણ સુંદર છે.

આજના આધુનિક યુગે આ બાધા-માનતાનું પરિવર્તનશીલ વલણ દેખાય છે. આજનો શણગાર પણ આધુનિક જ રહ્યો છે અને ગીતો પણ હવે લુપ્ત થતાં ગયાં છે.

## ૦ દેવ-દેવીનાં ગીતો

'લગ્ન' જેવા સંસ્કાર સાથે જોડાયેલી અનેક વિધિમાં દેવ-દેવીના ભાવો જોડાયેલા છે. આવા ભાવોને વ્યક્ત કરવા માટે ઘણાં ગીતો ગવાતાં રહ્યાં છે. આ જાતિમાં પરણ્યા પહેલાં અને પરણ્યા પછી દેવ-દેવીને પગે લાગવા જવાનો સંસ્કાર જોવા મળ્યો છે. આ વખતે દેવ-દેવીને ધ્યાનમાં રાખી ગીતો ગવાય છે. જેવા કે-

'લીલે ઝાડે સરની વાડી રે,

વાડીમાં કયા દેવ આવી ઊર્તયા

આવી ઊર્તયા રે મારા બરમદેવ સંગે રે,

દેવ તો રમે છે.'

(આમ કંસેરી, ભવાની, હિમારી, આદિ દેવ ગવાય છે.)

ઉપરોકત ગીત ચાંદલાની સાંજે ગવાય છે. દેવ-દેવીના સાંનિધ્યમાં દીકરા-દીકરીની સગાઈ થઈ છે તે બતાવે છે.

ઘરમાં આનંદનો ઉત્સવ છે. આનંદના એ મહત્ત્વના ઉત્સવ નિમિત્તે પોતાના દેવ-દેવીને આમંત્રણ આપવાનું કોઈ જાતિ ચૂકી નથી. તેથી જ તો દરેક જાતિમાં પ્રથમ આમંત્રણ પોતાના ઈષ્ટદેવને અપાયું છે. આવા કંકોતરીનાં ગીતોમાં પણ દેવ-દેવીને આલેખીને ગીતો ગવાય છે.

આ ઉપરાંત વહેલી સવારે ગવાતાં પ્રભાતીગીતોમાં પણ દેવ-દેવીનો ઉલ્લેખ થયો છે. સૌ પ્રથમ ભગવાનની સ્તુતિ વંદના કરવી પછી આગળની ક્રિયાઓ કરવી એ ભાવ પ્રભાતી ગીતોમાં ગવાયાં છે જેમકે-

'તારાબેની તમે વહેલી સવારે જાગજો,

લેજો ભગવાનજીનું નામ.'

આજ પ્રકારનાં ગીતોમાં સૂરજદેવનું પણ સુંદર ગીત ગવાયું છે. સવારે ઊગતો સૂરજ કેવો દેખાય છે તેનું વર્ણન છે.

'સૂરજી રે તમે ઝાંખા કેમ ઉગ્યા રે,

સીતાબેન રે તમે ઝાંપે કેમ ઊભા રે,

તમારા માતા પરણાવે રે.'

આમ દેવ-દેવીનાં ગીતો ગવાય છે. પીઠી ચોળીને પ્રથમ ભગવાનનાં દર્શન કરાવવાનો સંસ્કાર પણ આ જાતિમાં છે. સૌપ્રથમ પીઠીની રસમ વખતે પ્રથમ પ્રસાદીરૂપ પીઠી મૂકીને પીઠી ચડયા પછી વર કન્યાને પગે લગાડવા જતી વખતે પણ દેવ-દેવીનાં ગીતો ગવાય છે.

'અમે કયા દેવને મળેવા ચાયલા રે,

છલ પોપટડો,

અમે બરમદેવને મલેવા ગેયલા રે,

છલ પોપટડો.'

આમ જુદા જુદા દેવોના નામ ગવાય છે.

એજ રીતે પરણીને આવ્યા પછી વર-કન્યાને સજોડે પ્રથમવાર દેવ-દેવીનાં દર્શન કરાવવામાં આવે છે ત્યારે પણ આવાં ગીતો ગવાય છે.

આ ઉપરાંત રમુલી રમાડવાની એક માનતા વખતે પણ 'રમુલી'ની સ્થાપના કરતી વખતે મા અંબાની પ્રતિમા સ્થાપી, કુલેકું ફેરવતી વખતે આવાં દેવ-દેવીનાં ગીતો ગવાય છે. ટૂંકમાં જુદા જુદા સંસ્કારોને આલેખતા આવાં ગીતોની મહેફિલો મંડાતી. આજે આવી સંસ્કારિતા ધીમે ધીમે લુપ્ત થતી જતી દેખાય છે. આજે ગીતો પણ નામના જ ગવાય છે.

## ૦ દારૂબંધીનાં ગીતો

દારૂ અને તાડીથી ભૂતકાળમાં સર્વાંગી રીતે બરબાદ થઈ ચૂકેલી ધોડિયા જાતિમાં નશાબંધીના ઠીક ઠીક પ્રમાણમાં ગીતો વ્યાપક બનેલાં છે. એક સમય એવો હતો કે ઘરે-ઘરે દારૂતાડીનાં વ્યસનો હતાં. ઠેર-ઠેર તાડીના 'પીઠાં' નાંખવામાં આવેલા. ત્યારે આવી કલાલની દુકાનની ગુલામીથી પાછા વાળવા. પીઢ અને ગાંધીવાદી વિચારક, આજીવન આદિવાસી લોકસેવક શ્રી જુગતરામ દવેએ 'પીઠાનું પારખું' નામનું ગીત લખ્યું હતું અને લોકોને 'પીઠા' તરફથી પાછા વાળવાની ભાવના કેળવી હતી. એ સમયે ધોડિયા જાતિમાં પણ આ ગીત ઘાણું પ્રચલિત અને પ્રભાવકારી નીવડયું હતું.

આવાં વ્યસનોને કાબૂમાં લાવવા માટેનાં ઘણાં ગીતો ગવાયાં હતાં. તેમાંથી કેટલાંક સચવાયેલાં મળ્યાં છે જેવાં કે-

'ઉજેડો[૧] તારો નિધનો રા[૨],

ભાવલા[૩] ગાલ્લી જોતાર[૪]

વાડયા[૫] પેંઠા[૬] આવના રા',[૭]

ભાવલા ગાલ્લી છોડ'

અર્થ ૧. ઉજળિયોતારો ૨. નીકળ્યો ૩. બનેવી ૪. જોડવી ૫. વાડીનું ૬. પીઠું ૭. આવ્યું

સાળો બનેવી કોઈક કામ અર્થે વહેલી સવારે (મળસ્કે) જનાર છે ત્યારે સાળો બનેવીને કહે છે કે ઉજળો તારો (ધ્રુવ) નીકળ્યો છે તેથી અજવાળે-અજવાળે પહોંચી જઈએ તેથી બળદગાડી જોતરવાનું કહે છે અને ગામની બહાર વાડીનું પીઠું આવતા સાળો બનેવીને ગાડું છોડીને 'પીઠાં'માં જઈને દારૂ પીવાનું ઈજન આપે છે.

એક સમય એવો હતો કે આવું વ્યસન તહેવાર કે ઉત્સવ નિમિત્તે કરવામાં આવતું પરંતુ ધીમે ધીમે સારા-નરસા તમેજ મહેમાનની આગતા-સ્વાગતા માટે પણ એ ચલણી બનતું ગયું અને છેવટે દરેક શ્રમ કરનારો વર્ગ એની લતે જડી ગયો. પછી તો સ્થળ, સમય આદિનું

પણ ભાન ભૂલીને સતત આ વ્યસનમાં ગળાડૂબ બનતો ગયો અને સર્વસ્વ પોતાનું લુંટાવતો ગયો અને છેવટે દરિદ્ર બની ગયો અને કલાલની દુકાનમાં બધુંજ હારી બેસે. તેના પણ ઉલ્લેખો છે.

આવાં ગીતો પંચમહાલ અને ભરૂચ જિલ્લાના રાજપીપળા વિસ્તારના આદિવાસીઓમાં ગવાયા છે. દારૂની લતમાં પોતાની સ્ત્રીને વેચી નાંખીને કલાલને ત્યાં વાસીદું કાઢવા જવાના વૈતરામાં જોડી દીધાનો પણ ઉલ્લેખ છે તો બીજા એક ગીતમાં દારૂને દૂર ભાગી જવાની ભાવનાને વ્યક્ત કરતું ગીત પણ ગવાયું છે-

'આઘે આઘે[૧] જાજે દારૂ, આપણે[૨] ગાંવામાં[૩] રખે'રા[૪]
આઘો તાંથી[૫] આઘો જ નાંદી[૬], ફરી' રખે પાછો અહેરેરા[૮]
આમણે ગાંવામાં તું આવ્યોને[૯]
ભુઈ[૧૦] તું અહભાણી[૧૧] લેઈ[૧૨] ગોરા
અકકાલ[૧૩] લેઈગો સકિત લેઈગો,
લેઈગો ડિલાયા ચીઠડેરા[૧૪]'[૩૦]

અર્થઃ ૧. દૂર ૨. અમારા ૩. ગામમાં ૪. નહીનાઅર્થમાં ૫. ત્યાંથી ૬. જતા રહેવું. ૭. ફરી ૮. જોવું ૯. આવવું ૧૦. જમીન ૧૧. અમારી ૧૨. લઈ ૧૩. અકકલ ૧૪. શરીરનાં કપડાં

દારૂના આવવાથી દારૂ પીનારા બધાં જ લોકો દરિદ્ર બની ગયાં, બધું જ હારી ગયાં જેથી તેને પોતાના ગામથી દૂર જવાનું આ ગીતમાં કહેવાયું છે.

તો બીજા એક ગીતમાં દારૂને બદલે 'રામરસ' અને 'પ્રેમરસ' પીવાની વાત ગાવામાં આવી છે જેમકે-

'તમે પીશોમા, પીશોમા દારવો[૧] પીશોમા

એ તો ભડ ભડ દિલ બાળનારો કે દારવો પીશોમા

તમે પીઓ તો રામરસ પીઓ કે દારવો પીશોમા

તમે પીઓ તો પ્રેમરસ પીઓ કે દારવો પીશોમા.'[૩૨]

અર્થઃ ૧. દારવો=દારૂ.

આમ દારૂબંધીનાં પણ ગીતો ગવાયેલાં મળ્યાં છે.

## ૦ શોષણનાં ગીતો

ગરીબોનું શોષણ કરનારા ને આલેખતાં ઘણાં ગીતો ભૂતકાળમાં ગવાતાં હતાં. જો કે એવા કોઈ ગીતો સંગ્રહાયેલાં મળતાં નથી. થોડીઘણી વિગતો આલેખતા ભાવો દારૂબંધીમાં પણ ગવાયેલાં જોવા મળ્યાં છે. દારૂની લતમાં બધું જ હારી બેઠેલો પુરુષ પોતાની પત્નીને પણ કલાલને વેંચી દે છે ત્યારે કલાલના ઘરે સ્ત્રીનું જે શોષણ થયું તે તેને સોંપાયેલા કામમાં દેખાય આવે છે.

આ ઉપરાંત ખેત મજૂરી તરીકે કામ કરનારી આ જાતિ શેઠિયાની ખેતીમાં ઢાળિયા પાડવા જતી ત્યારે શેઠ પોતાનું કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી હાળી ને છૂટો ન કરતા અને જુવારની વાવણી કરવા પણ ન જવા દેતો આવા શોષણને વર્ણવતું ગીત-

'મ્હાણે ઢળિયો પાળવો આહે કણબીલા

મ્હાણે જુવારી ઓરુની આહે કણબીલા'

તો બીજી તરફ શાહુકારો પાસેથી ગીરવે કે વ્યાજે પૈસા લીધેલા તેના શેઠ બમણા વ્યાજે ઉધારે છે તેનું પણ એક ગીત-

'પાંચ રૂપિયા આમીં લેઉ તિયારે,

ખાતા પાડે તું વીહના'રા,

વિયાજના વિયાજ કધાં રૂપિયા હો કધાં

ઘર-ખેતાર તું લેઈ ગોરા'[૩૨]

આમ શોષણની ભોગ બનનારી આ પ્રજાતિ આવાં ગીતો વડે પોતાના જીવનનો વસવસો વ્યક્ત કરે છે. શાહુકારોના ચારણે ચળાઈ-ચળાઈને જીવન વ્યતીત કરનારી આ પ્રજાતિ શાહુકારોની શોષણવૃત્તિને દૂર કરવા તેમજ પોતાનું દેણું ઓછું કરવા માટે દારૂ-તાડીના વ્યસનને પોતાના ગામમાં ન પ્રવેશવાની અને બારોબાર પરબાર નીકળી જવાની ભાવના પણ આલેખાયેલી જોવા મળે છે.

આમ લોકગીત વડે આ જાતિની કેટલીક આગવી લાક્ષણિકતાઓ જોવા મળી છે. જે ગીતો એમની લોકબોલીમાં પણ ગવાતાં મળ્યાં છે.

આ જાતિ પહેલાના સમયમાં ગરીબ હતી. જેથી જીવન જરૂરિયાતની સામગ્રી એકઠી કરવા માટે વિકટ પરિસ્થિતિમાંથી પસાર થવું પડતું જેથી કરીને શાહુકારો પાસેથી વસ્તુ કે જમીન ગીરવે મૂકીને વ્યાજે રૂપિયા લેવામાં આવતા એ વખતે શાહુકારો આવી ગરીબ જાતિનું ખૂબ શોષણ કરતી કહેવાય છે કે મારવાડના ધીરદારો આવા લોકો ઉપર પોતાની જોહુકમી ચલાવતા આથી ત્રસ્ત પામેલા એવા લોકોએ આવા શાહુકારોને પોતાના ગામ-વિસ્તારથી દૂર રાખવા માટે પણ ગીતો રચતાં જેવાં કે-

'આઘે આઘે[૧] જાજે હાવકાર[૨],
આંમણે[૩] ગાંવામાં રખેરા[૪]
આઘો તાંથો[૫] આઘો જ નાહિ[૬],
ફીરી રખે પાછો અહેરેરા[૭]
આંમણે ગાવામાં તું આવનોને,
ભૂઈ તુ[૮] આંમણી લેઈ ગોરા[૯]
અકકાલ[૧૦] લેઈ ગો, શક્તિ[૧૧] લેઈગો
લેઈ ગો ડીલાયા ચીઠડેરા[૧૨]'[૩૩]

અર્થઃ ૧. દૂર ૨. શાહુકાર (ધીરદાર) ૩. અમારા ૪. નદીના અર્થમાં ૫. ત્યાંથી ૬. નહી ૭. જોવું ૮. જમીન ૯. લઈ જવું ૧૦. બુદ્ધિ ૧૧. શક્તિ ૧૨. શરીરનાં કપડાં

આમ, ઉપરોક્ત ગીત થકી એ સમજાય છે કે શોષણ કરનારા લોકોને વ્યક્ત કરતા ગીતોમાં ગરીબાઈ, અને અન્યની જોહુકમી નીચે કચડાયેલ આ જાતિ ઘણી પરવશ બની જતી અને આવી પરવશિતા/વેદના આવાં ગીતો વડે વ્યક્ત કરતી રહી છે.

આમ, અહીં સમાવેલ લોકગીતોનો અભ્યાસ કરતાં એક બાબત તો ચોકકસ નોંધી શકાય કે આવી અભણ, ગરીબ અને શરમાળ આ જાતિનું પણ એક અલક લોકજગત છે. જે એમના વિવિધ પ્રકારનાં લોકગીતો વડે દષ્ટિગોચર થાય છે. એમની પણ કેટલીક ભાવનાઓ આવા ગીતોના માધ્યમ વડે લોકજગતમાં સ્થાન પામી છે.

## ૦ મેવલા ગીતો (વરસાદી ગીતો)

આજે જયારે આ લખાય છે ત્યારે આવા ગીતો એકદમ વિલુપ્ત થઈ રહેલા જાણાય છે. એક સમય હતો કે ધોડિયા, નાયકા, કોળી, ભરવાડણ, અને ભંડારણ વગેરેની સ્ત્રીઓના મુખે આવાં મેવલાગીતો શોભી ઊઠતાં.

જો કે આજની સંસ્કૃતિ હવે ગ્રામ્ય સંસ્કૃતિ મટીને નગર સંસ્કૃતિ બની રહી છે ત્યારે આવા ગામડા ગામની સ્ત્રીઓની ઓરિજનલ માસૂમિયત એની ગીતો ગાવાની લહેજત પણ લુપ્ત થતી ગઈ છે. પ્રથમના સમયમાં ગામડાની સંસ્કૃતિ મોટેભાગે કૃષિસંસ્કૃતિ ઉપર જ નિર્ભર રહેતી તેથી આવી ગ્રામ્ય સંસ્કૃતિની ભાવના આવાં લોકગીતોમાં વણાય આવતી. જે વરસાદી ગીતોમાં દેખાય છે. વૈશાખ મહિનાના વાદળા ઘેરાવાના શરૂ થતાં જ ગામની પરણીત અને કુંવારીકાઓ વરસાદદેવને (મેઘરાજા)ને ધરતી પર પધારવાનું શુકનવંતુ ઈજન આવાં ગીતો વડે આપી દેતી.

ખેતરમાં ખેતી સારી થાય. વર્ષ દરમ્યાનનું ધાન્ય સારી રીતે પાકી રહે એ માટે સ્ત્રીઓ ફળિયે ફળિયે અને મોહલ્લે-મોહલ્લે ફરીને ‘મેવલા’નાં ગીતો ગાતી. કયારેક તો અષાઢી અમાવસ્યા (અમાસ) ‘દિવાસો’ નામના પર્વ પહેલાં જો સારો વરસાદ ન થયો હોય. જળદેવતા કોપાયમાન થયો હોય અને વરસાદ ન થતાં રોપાણી કે ધાન્ય ઊગ્યું ન હોય ત્યારે

પણ જળદેવતાને રીઝવવા માટે આવાં મેવલાં ગીતો ગાવામાં આવતાં અને દરેક જાતિના લોકો આવા મેવલિયાને પોતાના આંગણે હોંશે-હોંશે વધાવી પાણી રેડીને તેનો સત્કાર કરતાં.

### ૦ મેવલા બનાવવાની રીત

'મેવલો' હંમેશાં કાદવના પિંડમાંથી બનાવવામાં આવતો કાદવમાંથી મેઘરાજાની મૂર્તિ બનાવી ચણોઠીની આંખ બનાવી આ મૂર્તિને પાટલા ઉપર કે સૂપડામાં બેસાડી તેના ઉપર મેઘરાજાનો શણગાર કરવામાં આવતો. મેઘરાજાનો શણગાર હંમેશા પ્રકૃતિની હરિયાળી વનસ્પતિથી કરાતો. મેઘરાજા ઉપર 'નાંદરવો'[૩૪] ઓઢાડી કુંવારી કન્યા પોતાના માથે મૂકીને ફળિયે-ફળિયે ફરતી મેઘરાજાના શણગારમાં ધીલોડી (ટીંડોળી) ના વેલાનો બહુધા ઉપયોગ કરાતો. આ ઉપરાંત જાસુદના ફૂલ પણ મુકવામાં આવતાં બધી સ્ત્રીઓ ભેગી મળીને એક ગામથી બીજે ગામ મેવલિયો માંગવા નીકળી પડતી અને સાથે મેઘરાજાના હર્ષભેર ગીતો પણ જોડતી. આમ ઘરે ઘરે ફરીને મેઘરાજાને વીનવતી.

'મેવલો' માંગવા આવનારી આવી ટુકડી હરખભેર ગીતો ગાતી અને પોતાના ઘરે આવી પૂગેલા મેવલિયાને સત્કારવા ધણી-ધણીયાણી પણ પાટલા ઉપર બિરાજમાન મેઘરાજને નવડાવીને (પાટલા ઉપર પાણી રેડીને) મેવલાના સત્કાર કરતી આવા મેવલિયા પાછળ એક એવી પણ માન્યતા હતી કે- 'ભરવાડણો અને માછણો 'મેવલો' સરઘસ કાઢે તો વરસાદ આવ્યા વિના રહે નહી.'[૩૫] કહેવાય છે કે આ જાતિનો મુખ્ય વ્યવસાય પશુપાલન, માછીમારી અને ખેતી હોવાથી સઘળો વ્યવહાર વરસાદ સાથે હોવાથી આવા મહામૂલા મેઘરાજા સિવાય ચાલે એમ ન હતું તેથી વહેલી તકે સારો વરસાદ આવે એ માટે જ આવાં લોકગીતો અને મેવલિયો માંગવાની પરંપરા અસ્તિત્ત્વમાં આવી હશે? અને લોકગીતો દ્વારા વ્યક્ત થઈ હશે જેમકે-

'તારી ધરતી ધણિયાણી જુએ વાટ, દલીનો મેવલિયો,

તારી વીજળી વહુ જુએ વાટ દલીનો...

તું તો વરસે રે દુનિયાનો બાપ દલીનો મેવલિયો.

પેલાં હાળીએ છોયડાં રે હળ દલીનો મેવલિયો.

તને કીડી મંકોડા દીએ શાપ દલીનો મેવલિયો.

તું તો ઝરમરીઓ કરે રે અવાજ દલીનો મેવલિયો.

તું તો વરસે દુનિયાને કાજ દલીનો મેવલિયો'[૩૬]

મેઘરાજાની કાગડોળે રાહ જોતા ધણી-ધણીયાણી અને જગત પર વસતાં અન્ય પ્રકૃતિના જીવજંતુઓને વર્ણવીને મેઘરાજાને જગતનો તાત કહ્યો છે અને જો આવો તાત વેળાસર ન આવે તો જીવજંતુઓ તરસે મરી જશે અને તમને શાપ દેશે એવો ભાવ વ્યક્ત કરતા આ ગીતમાં મેવલાને દુનિયા માટે પણ આવવા આરઝૂ કરવામાં આવી છે.

હુકા[૧] રોટલા હીંકે પઈડા રે.

વોવ[૨] વગર કોણ ખાય મારા મેવલા

દેહાઈએ દેહાણને[૩] કાઢી મેલી રે મેવલા

કેડે સે પોયરો[૪] ને માથે રે ટોપલો

ચાલી મહિઆરીયાની વાટ[૫] રે મેવલા

હારીએ[૬] હોળ[૭] સોડી મેઈલા[૮] રે

હૂંકા તો ગાયના ગોઠાણ[૯] રે મેવલા

દેહાણના પુને[૧૦] તું વરહ રે મેવલા'[૩૭]

અર્થઃ ૧. સૂકા ૨. વહુ ૩. દેસાઈની પત્ની ૪. છોકરો ૫. રસ્તો ૬. ખેતીમાં કામ કરનાર ૭. હળ ૮. મૂકયા ૯. ગોચર ૧૦. પુણ્ય.

દક્ષિણ ગુજરાતની ગામઠી બોલીમાં ગવાતું ઉપરોક્ત ગીતમાં મેઘરાજાને કહેવાયું છે કે વરસાદ ન આવતા વોવ પણ ચાલી ગઈ છે. દેસાઈએ પત્નીને પણ પિયરીએ મોકલી દીધી છે. તેથી રોટલા સૂકા પડયા છે. ગાયની ગોચરો પણ સૂકી ભઠ થઈ ગઈ છે. તેથી દેસાણના પુણ્યે પણ વરસાદ આવે એ ભાવ ગવાયો છે.

૩. 'મેવલા તું ઝાઝેરો વરહ ઝાઝેરો વરહ

કે ભીંજે રે હારીના મોળીઆ, મેવલાતું...

કે પીરસું હારીને ભોજન ભાવતા

ઘરના હારીને ગરીઓ કંહાર, ગરીઓ કંહાર

કે લોકના હારીને પીરસું ખીચડો.'[૩૮]

મેઘરાજાને ઝાઝેરો વરસીને ઘર ધણિયાણી પોતાના ખેતરમાં કામ કરવા રહેલા હાળીને મનભાવતું ભોજન પીરસવાની વાત આ ગીતમાં કરે છે અને બીજા લોકના હારીને ભલે ખીચડો મળે પરંતુ વધારે વરસાદ આવે તો હારી ઉપર વારી જતી ધણિયાણીની ભાવસંવેદના અહીં ગવાઈ છે. આમ તો હાળી લોકોનું ઊંચા વર્ગના લોકો મોટેભાગે શોષણ જ કરતાં કામના બદલામાં ચટણીને રોટલો કે છાશને રોટલો પીરસનાર ખેતધણી આજે પોતાના કામ કરનાર લોકો ઉપર હેતભાવ દર્શાવે છે તે વ્યક્ત થયું છે.

૪. 'તું તો વરસીને ભર રે તળાવ મેવલિયો

તારી કીડી મંકોડી તરસે મરે,

તારી ગાયોના ધણ ગોવાળ તરસે મરે,

તું તો વરસીને ભર રે તળાવ મેવલિયો,

તારા ઘાસ-નાંદરવા તરસે મરે,

તારી નદીયુંની માછલી તરસે મરે

તું તો વરસીને...'[૩૯]

વરસાદ ન આવવાથી સૃષ્ટિના સજીવો કેવા તળવળે છે તેની કારુણ્યતાને આલેખવામાં આવી છે અને વરસાદને વહેલી તકે પૃથ્વી ઉપર વર્ષા રૂપે વરસી જઈ નદી, નાળા, તળાવો છલકાવીને જીવાત્માને શાંત કરવાની આરઝૂ પણ ગવાઈ છે.

'લીલી ઘોડીને પીરો[1] ચાબકો રે
વીરો ચયઢોરે શિકાર
ઓટલે ઊભેલી બેનડી રે
પાણીલાં વીરાને પાઓ
ઊંડા કૂવાને જળ છીંછરા[2] રે
પાણીલાં પીતેલા[3] જાવ
હેરીમાં[4] પાણી છબછબે રે
વીરા ભીંજેલા જાવ
ઓટલે ઊભી બેનડી રે,
વીરાને પાણીલા પાય,
લીલી ઘોડીને પીરો...
આલુ[5] બીલીનાં આથર્ણારે[6]
વીરા જમતેલા[7] જાવ.'

અર્થઃ ૧. પીળો ૨. છીંછરાં ૩. પીવું ૪. શેરીમાં ૫. આપવું ૬. અથાણાં

ઉપરોક્ત ગીતમાં ભાઈ-બહેનની પ્રીતને ગવાયો છે. ગીતના ઉઘાડમાં બહેનનો ભાઈ ઘોડી ઉપર સવાર થઈને શિકાર કરવા જનાર છે તેનું વર્ણન કરાયું છે. બહેન ઘોડીની કલ્પના પણ કેવી રીતે છે કે 'લીલીઘોડી' હકીકતમાં ઘોડી લીલા કલરની હોતી નથી. પરંતુ વરસાદ આવ્યો ન હોવાથી સૂકી બનેલી ધરતીને હરિયાળી બનાવવા માટે મેઘરાજાને વીનવે છે અને 'લીલીઘોડી'નું કલ્પન લઈને રંગબેરંગી ફૂલોની ચાબુક લઈ વીરો શિકાર કરવા જાય એવું કલ્પન કરાયું છે. પ્રથમ કૂવાના પાણી છીંછરા બતાવે છે. પરંતુ મેઘરાજ વરસતા જ શેરીઓમાં પાણી છલોછલ ભરાય જાય છે ત્યારે વરસાદે ભીંજીને શિકાર કરવા જવાનું કહે

છે. શિકાર કરવા જતી વખતે ભાઈને ભોજનમાં આપાતું અથાણું પણ કેવું તો ભગવાન શંકરના માથે ચડતા બીલીના ફળનું બનાવેલું અથાણું પીરસવાની વાત કરે છે. આમ એકંદરે અહીં ભગવાનની મહિમા ગવાયી છે.

આમ ઉપરોક્ત ગીતો વડે જુદી જુદી ભાવસંવેદનાઓ અને મેહુલાને ધરતીના આંગણે મન મેલીને વરસવાની ભાવના આલેખાયી છે. જેમ કવિ બોટાદકર ગુજરાતી કાવ્ય સાહિત્યમાં વર્ષાને આલેખતા રાસો આપે છે અને વર્ષાને ઈજન આપતા 'ધમકધુઘરવેલ'માં પધારવાની વાત કરે છે તેમજ આ જાતિના લોકો પણ વર્ષાની મોસમને વાજતે ગાજતે લઈ આવવા માટે 'મેવલા' નાં ગીતોથી વધાવી લે છે.

જો કે આજે આવાં ગીતો હયાત દેખાતાં નથી. કયાંક દૂબળા જાતિમાં થોડે ઘણે અંશે ફિલ્મી ઢબે ગવાય છે. આજે ફિલ્મી ટ્રાન્ઝીસ્ટરની દુનિયામાં આવું અદકેરું પર્વ ભુલાતું જાય છે. તેમજ આજે સિંચાઈ, બોર, કૂવા કે તલાવડીની સહાયબીમાં વરસાદની એટલી આતુરતા ભાગ્યે જ દેખાય છે. સ્વીચ દબાવતાની સાથે પાણીની રેલમછેલ વહી જતા નવી પેઢીને આવી પાણીની કટોકટીની કે એ કટોકટીને દૂર કરવાના ઉપાયોની ભાગ્યેજ જરૂર જાણાય છે. આજે નવી પેઢીના હૃદયમાં આવી ભાવસંવેદનાઓ જ કઠોર બની છે. તેથી જ તો હૃદયના ઉંડાણમાંથી આવી કોઈ કોમળભાવ પદાવલી ગવાતી જોવા મળી નથી. અનેક પ્રકારની સુખ સહાયબીમાં ઉછરેલા આજના પેઢીના નવ યુવાનોને હવે આવું વરસાદી લોકગીતોનું સાહિત્ય જૂનવાણી લાગતું જાય છે પરંતુ આવી વિલુપ્ત થઈ જતી આવી લોકજાણસને ટકાવી રાખવી એ પણ આપણી ફરજ છે.

ધોડિયા જાતિમાં આવાં વરસાદી ગીતો પણ અન્ય આદિજાતિના સંપર્કને કારણે જ આવ્યાં હશે? અન્ય જાતિઓની પરંપરાને એમણે પોતાની સંસ્કૃતિમાં સ્વીકારી છે. દક્ષિણ ગુજરાતમાં ડાભેલ, આલીપોર જેવા વિસ્તારોમાં પણ પહેલાના સમયમાં મુસ્લિમ જાતિના પુરુષો રાત્રીના સમયે 'મેવલો સરઘસ' કાઢતા અને ત્યારે 'અલ્લાહ હો હાકલ', પાણી મોકલ' ના સૂત્રો પોકારતા. આમ વરસાદી ગીતોનું મહાત્મ્ય આજે એકદમ લુપ્ત થઈ ગયું છે.

## ૫.૨ કથાગીતની વિભાવના

'કથાગીત' એ પણ લોગીતનો જ એક પ્રકાર છે. મુખ્યત્વે તેમાં કથાતત્ત્વનું મહત્ત્વ હોય છે. કોઈ કથા તેમાં બનતી કે કહેવાતી હોય એવા ભાવ સાથે ગવાય છે. 'કથાગીત' એ પર્યાય 'બેલાડ'ની નજીકનો છે અને સ્વરૂપગત એની સરખામણી સ્વીકૃત સંજ્ઞા 'રાસડા' સાથે થઈ શકે એમ છે. જે રચનાઓ સમૂહ ગેયનૃત્ય છે અને જેના કેન્દ્રમાં કોઈ કથા-ઘટના/પ્રસંગ, પાત્ર કે ઊર્મિનો કોઈ ભાવ સઘન પરિસ્થિતિનો અનુભવ કરાવે છે. આવી જ રચના 'રાસડા'માં પણ છે.

અહીં સ્વરૂપગત સંજ્ઞાના ચુસ્ત ધોરણને ધ્યાનમાં ન લેતાં જે કોઈ ગીતમાં કથાનો અંશ હોય, અર્થાત્ જેમાં કોઈ એક પાત્રને નિમિત્તે ગવાયું હોય કોઈ પાત્રગત જીવનસંદર્ભ કે ઘટના નિમિત્તે રચાયું હોય, કોઈ ઈશ્વર કે દેવદેવીના પાત્રને ઉદ્દેશીને કે ઘટના આધારિત કહેવાયું હોય, અથવા પુરાણ ઈતિહાસ, ઈતિહાસ મૂલક દંતકથા, કે જતી-સતી બહારવટિયા જેવાં કોઈ સમાજ સ્વીકૃત સાચુકલા કે ભૂતકાળના પ્રખ્યાત-અલ્પાખ્યાત પાત્ર વિશે કહેવાયું હોય તો પણ એને કથાગીત તરીકે ઓળખાવી શકીએ.

કયારેક તો પૂર, દુકાળ, ધરતીકંપ જેવી કુદરતી આપત્તિ, ધાડ, લૂંટ જેવી વિશદ પરિસ્થિતિને વર્ણવતા તો કયારેક ઉંટાટિયા જેવા રોગના વાયરાની આપત્તિ પણ વિષય બનીને આવે છે તો કેટલીકવાર પુત્રવધૂ, ભાણેજ, ભાઈ-બહેન જેવાં સગાં સંબંધીની આપદા-વિપદાની વાત પણ ગવાતી હોય છે. આવા ઉપરોક્ત વિષયને આલેખતા તમામ ભાવોવાળાં ગીતોને 'કથાગીતો' કે 'રાસડા'માં સમાવિષ્ટ કરી શકાય છે.

આવા અનેક ભાવોને આલેખતાં કથાગીતો તેમજ 'રાસડા' આપણી લોકસમાજની મૂલ્યવાન પૂંજી છે. જે પૂંજી આજે પણ લોકસાહિત્ય સ્વરૂપે આપણે ત્યાં લેખિત તેમજ કંઠસ્થ પરંપરામાં જાતિ-જ્ઞાતિ અનુસાર જુદા-જુદા રાગ-રાગિણીમાં સચવાયેલી પડી છે.

## ૫.૨.૧ કથાગીતની ઉત્પત્તિ/વ્યાખ્યા

લોકગીતોના મૂળ જેમ કદી શોધી શકાયાં નથી તેમ કથાગીતની ઉત્પત્તિ પણ કયારે, કોણે અને કેવી રીતે કરી હશે એ ચોકકસ કહી શકાય એમ નથી. છતાં કથાગીત ના મળતાં કેટલાક પાઠો કે કંઠય પરંપરાને આધારે એમના ઉદ્ભવ સ્થાન વિશેની કેટલીક ભ્રમણાઓ અચૂક કરવામાં આવી છે. આવી ભ્રમણાઓને આધારે ઘણા વિદ્વાનોએ પોતપોતાનાં મંતવ્યો રજૂ કર્યાં છે જે અનેક મતો પ્રવર્તે છે તે અહીં મૂકવાનો પ્રયત્ન કર્યો છે.

'હિન્દી સાહિત્ય કા બૃહત ઈતિહાસ'નાં લોકસંસ્કૃતિ અંકમાં આ પ્રમાણે સર્વ સિદ્ધાંતોનું વર્ગીકરણ કરી શકાય.[૪૧]

૧. ગ્રીમનો સિદ્ધાંત - સમુદાયવાદ

૨. શ્લેગલનો સિદ્ધાંત - વ્યક્તિવાદ

૩. સ્ટેંથલનો સિદ્ધાંત - જાતિવાદ

૪. બિશપ પર્સીનો સિદ્ધાંત - ચારણવાદ

૫. ચાઈલ્ડનો સિદ્ધાંત - વ્યક્તિત્ત્વહીન વ્યક્તિવાદ

૬. ડૉ.કૃષ્ણદેવ ઉપાધ્યાયનો સિદ્ધાંત - સમન્વયવાદ.

આમ ઉપરોક્ત છ સિદ્ધાંતોને ધ્યાનમાં રાખી કથાગીતની ઉત્પત્તિની અવધારણા કરીએ તો એમ કહી શકાય કે કથાગીતની ઉત્પત્તિ સમાજ, વ્યક્તિ, વિશિષ્ટ જાતિ, ચારણો, સમસ્તવાદ આદિ અનેક બાબતોને દર્શાવીને લોકગીતોની જેમ સઘળી સંપત્તિ તરીકે વિકસાવી કે ગણાવી છે તેમ કથાગીતો પણ આવા લોકોના મુખે લોકસમૂહમાં ગવાયાં હશે અને લોકભોગ્ય બન્યાં હશે. લોકસંસ્કૃતિની સાથે સાથે જ આવાં કથાગીતો પણ અસ્તિત્ત્વમાં આવ્યાં હશે. લોકકથા કે લોકગીતો જેટલાં જ જૂનાં આપણાં કથાગીતો પણ હશે? આજે પણ આપણા લોકસાહિત્યમાં શેણી-વિજાણંદ, હોથલ-પદમણી 'પાતળી પરમાર', 'જેસલ તોરલ' જેવી અનેક રચનાઓ લોકમુખે સદાને માટે જીવંત બની છે.

લોકગીતોની જેમ કથાગીતોની વ્યાખ્યા આપવાના પણ કેટલાક વિદ્વાનોએ પ્રયાસો કર્યા છે જેમાં ડો.બ્રુન્વાન્દે કથાગીતની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે. 'પરંપરાગત કથાગીત એટલે કથનાત્મક લોકગીત કે જે કથા કહેતું હોય.'[૪૨] અહીં ગીતો વડે કથા કહેવાની અભીપ્સા સેવી છે.

અમેરિકન લેખક જી.માલ્કમ લો એ પોતાના એક લેખમાં કથાગીત વિશે લખે છે કે- 'કથનાત્મક લોકગીત એટલે કથાગીત'[૪૩] આ ઉપરાંત એમણે કથાગીતમાં કેટલીક મહત્ત્વની બાબતોને લક્ષમાં રાખી છે. જેમાં કથાગીતની પ્રથમ શરત એ કે તેમાં કથાતત્ત્વ હોવું અનિવાર્ય છે. કથા વિનાનું ગીત કથાગીતમાં પ્રવેશી ન શકે, તેમાં ૧૦-૨૦ કડીઓનો સમૂહ હોય, એ કડીઓ મોટેભાગે દુહા, સોરઠા, છકકડિયા, દુહા વડે ગૂંથાઈ છે તથા સરળ બાનીમાં પ્રસંગાલેખન, પાત્રાલેખન વીરનરની પ્રશંસા આદિનો સમાવેશ થાય છે તો કથા પ્રચલિત, ધારદાર અને ટૂંકા સંવાદોવાળી નાટકીય રજૂઆતથી ઓપેલી પાઠાંતરવાળી હોંય આટલા ભાવો દર્શાવીને તેમણે કથાગીતની વ્યાખ્યા બાંધી છે.

અમેરિકન લોકવિદ્યાશાસ્ત્રી ડો. એચ. ક્રેપ પણ કથાગીતની વ્યાખ્યા નિમ્ન રીતિએ આપે છે. લોકપ્રિય કથાગીત એટલે સરળ કથાત્મક કવિતા, મૂળથી જ લોકપ્રિય હોય અથવા કર્ણોપકર્ણ શ્રવણક્રિયાથી પ્રચલિત પામી હોય.

૧. નૃત્ય સાથે જે ગીતો ગવાય તે કથાગીતો જ હોય, તેમાં કોઈ પ્રશ્ન નથી.

૨. લોકપ્રિય લોકકથા કે લોકગીતની જેમ એક સ્થળેથી બીજા સ્થળે હરતું ફરતું રહે છે.

જ્યારે વર્તમાન પત્રો દષ્ટિગોચર ન હતા ત્યારે કથાગીત સંદેશવાહકનું ઉત્તમ કાર્ય કરતું કેટલાંક કથાગીતો વ્યાવસાયિક રાહે વિકાસ પામ્યાં તો કેટલાંક મેળા કે જાહેર સ્થળોએ ગવાતાં આવાં ગીતો કંતાન ઉપર રેખાચિત્રો રીતે ઉતારવામાં આવતાં ૧૮મી સદીના આરંભે યુદ્ધ, પૂર, ધરતીકંપ, વગેરેના સમાચારો, કથાગીત દ્વારા ફેલાતા હતા. જેમકે 'યુનાઈટેડ સ્ટ્રેટસ'માં આફત, પૂર, વંટોળિયા અને રેલ્વે અકસ્માતનાં ઘણાં કથાગીતો ઉદ્‌ભવ્યાં હતાં.[૪૪]

## ૫.૨.૨ કથાગીતનાં લક્ષણો

કથાગીત લક્ષણો પણ લોકગીતનાં લક્ષણોને મહદ્અંશે મળતાં આવે છે. સ્વ. ઝવેરચંદ મેઘાણી કથાગીતનાં લક્ષણો નિમ્ન પ્રકારે વર્ણવે છે. મેઘાણી કથાગીત વિશે જણાવે છે કે પ્રજાના વીર જીવનને ઊર્મિભરી સંગીતમય ગાથાઓ માટે વ્યક્ત કરતાં એ બાલ મહાકાવ્યો છે. આપણી ગીતકથાઓ જેવી કે રાણકદેવી, વેલોરાવળ, તેજમલ ઠાકોર, આદિ પણ એજ પંથે પ્રયાણ કરે છે.

મેઘાણીએ કથાગીતનાં લક્ષણોની બાબતમાં એક વિધાન તાકતા કહે છે કે- કથાગીતનાં લક્ષણો સહુથી નિરાળાં, સાચા સિકકાના રણકાર સરખાં છે. અને આગળ જતાં તેમણે નીચેનાં લક્ષણો તારવી બતાવ્યાં.

૧. વ્યક્તિત્ત્વભાવનું તત્ત્વ અગ્રિમપદે છે.

૨. અદ્ધરથી આરંભ પામી ઘટનાના મઝધારમાં તત્કાળ ઘસડી જાય છે.

૩. ધસમતો વેગ, મેઘાણીએ આર્થરના અભિપ્રાયને ટાંકી હોમરના કાવ્ય કરતાં પણ વધારે ગતિવાળાં દર્શાવ્યાં છે.

૪. સીધું લક્ષ્ય, કયાંય આડઅવળા ગયા વિના સીધા લક્ષ્યને તાકવું.

૫. સઘન બાની, શ્રવણ, વાંચન, ગાયનની દષ્ટિગોચરતા.[૪૫]

ઉપરોક્ત લક્ષણો લોકગીતનાં લક્ષણો જેવાં જ જોવા મળે છે. લોકગીતના ભાવમય વહેણ જેવો જ ભાવ-લય અનુભવાય છે.

શ્રી પુષ્કર ચંદરવાકરે પણ 'ધરતીના ફોરે-ફોર' નામના ગ્રંથમાં નીચે પ્રમાણેના લક્ષણાવલિ આપી છે.

૧. લોકગીતથી લંબાઈ કથાગીતની વધુ હોય છે.

૨. તેમાં આછું-પાતળું કથા તત્ત્વ હોય છે.

૩. ઊર્મિ ગીતની જેમ એકાદ ઊર્મિભાવથી દીપી ઊઠે છે.

૪. તે પરલક્ષી કાવ્યનો પ્રકાર છે.

૫. પરલક્ષી છતાં સારું એવું 'આધારબીજ' તારવી શકાય છે.[૪૬]

આ ઉપરાંત કથાગીતનાં કેટલાંક લક્ષણો 'જ્ઞાનગંગોત્રી'-૧૧ નામક આકાર ગ્રંથમાં કથા, ગેય, સામગ્રી, શૈલી, આકાર, પરલક્ષી, સંવાદ અંત આદિ લક્ષણોની ચર્ચા કરી છે. ટૂંકમાં બંને પ્રકારનાં લક્ષણો કથાગીતના સ્વરૂપને ઊંચું સ્થાન અપાવે છે.

ગુજરાતી લોકસાહિત્યકારોની જેમ અંગ્રેજી લોકશાસ્ત્રી સર્વશ્રી કે.ડબલ્યુ.કર્લેક અને એમ.ડબલ્યુ.કર્લેક પણ નીચે પ્રમાણેની પ્રતિપાદિત લક્ષણાવલિ આપી છે જેમકે-

૧. કથનાત્મક ૨. અજ્ઞાતતા ૩. વ્યક્તિત્ત્વ ભાવ ૪. પરંપરાગત બંધારણ ૫. ક્રમશઃ પરિવર્તન અને પુનરાવર્તન ૬. કૂદતું અને અદ્ધરથી લટકતું વસ્તુ ૭. કડીઓ ૮. ટેક ૯. પ્રાચીનતા આદિ.

આમ, ઉપરોક્ત લક્ષણોને નિહાળતા એમ કહી શકાય કે લોકગીતનાં લક્ષણો જેવાં જ લક્ષણો કથાગીતોમાં પણ જોવા મળ્યાં છે. એક બે લક્ષણો ને બાદ કરતા સમાંતર લક્ષણાવલિ કથાગીતમાં પણ દેખાય છે.

### ૫.૨.૩ કથાગીતનું વર્ગીકરણ

જાતિગત સંસ્કારો કે કોમ મુજબ ગવાતાં કથાગીતોમાં વિવિધ સંસ્કૃતિના-સંસ્કારોના કે લાગણીના પડઘા પડતા જોવા મળે છે. આવા સુમિલનનાં કથાગીતો સંસારજીવન કે કૌટુંબિક જીવન તેમજ ઐતિહાસિક ભાવસંવેદનોને આગવી વાચા આપી છે. આવાં કથાગીતોનું વર્ગીકરણ કરવું સરળ તો નથી. પરંતુ સંશોધકો અને લોકસાહિત્યના રસિકોને આનંદ કે મનોરંજન મળી રહે એ માટે કેટલાક વિદ્વાનોએ કથાગીતનું વર્ગીકરણ કરવાનો પ્રયાસ કર્યો છે.

સ્વ. ઝવેરચંદ મેઘાણી કથાગીત વિશે લખે છે કે- રાસડાની- ગીતકથાની કે કથાગીતોની જૂજવી જાતો છે. જેમાં- (૧) ગીતકથા કે ગાથાઓ (૨) ઊર્મિગીતો (૩)

બાલગીતો (૪) સંસારચિત્રો (૫) ઋતુગીતો (૬) મર્મગીતો અને તેમાં પણ ગીતકથાઓમાં એમણે ત્રણેય પેટા પ્રકારો વર્ણવ્યા છે.[૪૭]

**○ ઐતિહાસિક**

જેમાં ઈતિહાસની કોઈપણ આલેખાયેલી ગીતકથાઓ હોય છે. જેમકે- રાણકદેવી રાસડો, જસમા ઓડણ, સોનલગરાસણી, વેલો રાવળ, રાજીરાજની કુંવરી આદિ.

**○ કૌટુંબિક ગીતકથાઓ**

જેમાં કુટુંબના કોઈપાત્રના વિવિધ ભાવોને આલેખાતાં ગીતો જેમકે-પાતળી પરમાર્ય, મોટાં ખોરડાં, વીરને વખડાં, વાંઝિયામેણાં આદિ.

કુટુંબ જીવનના કલેશમાંથી જન્મતી અબોલ આત્મ સમર્પણ અથવા અનુકંપાજનક જીવનની કેટલીક ઘટનાઓનું આલેખન પણ આવાં કથાગીતોમાં વર્ણવાતા જોવા મળ્યા છે.

**૩. ઈતિહાસ પૂર્વે પ્રાગૈતિહાસિક કથા કહેતાં ગીતો**

જેવા કે- હરચંદરાજા, રામના લગ્ન, રામસીતા, રામવનવાસ આદિ.

આમ મેઘાણીએ ત્રણ બાબતે વર્ગીકરણો કરીને ઉદાહરણ રૂપે કેટલીક ગીતકથાઓને પણ નામજોગ આલેખી બતાવી છે.

મેઘાણીની જેમ અન્ય વિદ્વાનોએ પણ પોતપોતાના મતો આપ્યા છે. હિન્દી લેખિકા ડો. વિદ્યા ચૌહાન પણ કથાગીતના ચાર વિભાગ દર્શાવે છે.

૧. પરંપરાનુગત લોકગાથાઓ

૨. ચારણ લોકગાથાઓ

૩. પ્રકાશિત લોકગાથાઓ

૪. અપ્રકાશિત લોકગાથાઓ[૪૮]

એમણે એ પણ જણાવ્યું છે કે પરંપરાગત ગીતકથાઓ શતાબ્દીઓથી મૌલિક પરંપરા દ્વારા પ્રચાર પામી છે જેના રચયિતા અજ્ઞાત છે. જયારે ચારણ કથાગીતોમાં ચારણો વડે

ગવાય છે. પ્રકાશિત લોકગાથાઓ ધંધાદારી ગાયકોએ મુદ્રાંકિત કરાવી હોય છે તો કેટલીક અપ્રકાશિત એવી લોકકંઠે, લોકહૃદયે એમ ને એમ વણ ઉકેલી પણ પડી હશે? એવું એમનું માનવું છે.

આ ઉપરાંત વિભાગ કે પ્રકારની દૃષ્ટિએ કથાગીતોને આપણે નીચે પ્રમાણે પણ વર્ગીકૃત કરી શકીએ છીએ જેમકે-

### ૦ દેવકથાને લગતાં કથાગીતો

કંઠસ્થ પરંપરામાં દેવ-દેવીના પાત્રને વિષય બનાવી એમના સંસારજીવનને વ્યક્ત કરાયું છે. એમાં ખાસ કરીને શિવ-પાર્વતી અને ભીલડીને કેન્દ્રમાં રાખી અનેક કથાગીતો મળે છે. એમના જીવનની સુખસમૃદ્ધિ સૂચકવસ્ત્રો, આભૂષણો, ખાદ્ય પેય સામગ્રી, આસક્તિ આદિને વિગતે વર્ણવાય છે.

### ૦ ભક્તિચરિત્રને લગતાં કથાગીતો

આવાં કથાગીતોમાં ડાકોરના રંગીલા રણછોડની ભક્તિ આલેખતી કથા તો સત્યવાન સાવિત્રી અને હરિશ્ચંદ્ર-તારામતીની પુરાણ ઉપર આધારિત ભક્તિભાવનાને કથાગીતો રૂપે વર્ણવાય છે.

### ૦ ભરથરી કથાગીતો

ભરથરીને કથામાં આલેખીને પઢાર એટલે કે નળકાંઠાની, બરડાની અને ગોહિલવાડની પઢાર જાતિએ પોતાની પ્રચલિત લોકકથામાં આવા ભાવો ગાય છે. બાર-બાર વર્ષ સુધી રાજ કરી વૈરાગ્ય પામી ભેખ ધારણ કરશે એવી ભવિષ્યવાણી આલેખતી ગીતકથાઓ લોકપ્રચલિત રીતે ગવાતી આવી છે.

### ૦ લોકદેવતા અને વીરપૂજાના ગવાતાં કથાગીતો

વિશ્વની મોટાભાગની સંસ્કૃત-અર્ધસંસ્કૃત પ્રજામાં પરંપરાથી વીરપૂજા થતી આવી છે. જે તે સમાજ એમના જતી-સતીને, દેવસ્થાન સ્થાપી પૂજા અર્ચના કરે છે. એક વખત

ઐતિહાસિક કથાનું પાત્રત્વ ધારણ કર્યા પછી સદાને માટે આખો સમાજ તેનો સ્વીકાર કરે છે અને કથા ગીતોમાં તે ગવાય છે. આજે પણ વિવિધ જાતિઓમાં આવાં અનેક કથાગીતો ગવાતાં જોવા મળે છે જેવાં કે- પાબુજી, વીરસાદડો, જસમાઓડણ આદિ.

### o બહારવટિયાને લગતાં કથાગીતો

બહારવટિયાને લગતા મોટાભાગનાં કથાગીતો સૌરાષ્ટ્રની ધરતી પર ગવાતાં જોવા મળ્યાં છે. ઉત્તરગુજરાત, બનાસકાંઠા, સાબરકાંઠા, દ.ગુજરાત જેવા વિસ્તારોમાં પણ કયાંક કયાંક કથા ગીતો ગવાયાં છે પણ તે ઓછાં છે. બીજાને ખાતર બલિદાન આપનાર કે વીરત્વ પામનાર નાનામોટા, સ્ત્રી-પુરુષ બાળકને નિરર્થક રીતે સહાય કરનાર આવા બહાદુરીનો સામનો કરનારા વીરોની ગાથાઓ આજે પણ પ્રચલિત બની છે જેવા કે- કાદુ મકરાણી, હુદો ખુમાણ, જેસો-વેજો, કચરો મેર, અહેમદખાન, વાલોના મોરી આદિના બલિદાનને આલેખતા ગીતો રાવણહથ્થા પર ગવાતા આવ્યા છે.

### o રાજવીજીવનની ઘટનાને આલેખતાં કથાગીતો

રાજા એ સત્તા અને સમૃદ્ધિનું પ્રતીક ગણાતો. રાજવીના સાંસારિક જીવનની, શિકારની, રાણી વચ્ચેની ઈર્ષ્યાની, રણવાસની, રાજાની શૌર્યતાની, પ્રશસ્તિની, રાજકારભારમાં થયેલા આંતરિક ઝઘડાની કે રાજવીના દુરાચરણની કથા આલેખતાં કથાગીતો પણ ગવાયાં છે.

### o જનસામાન્યની ઘટનાને આલેખતાં કથાગીતો

સામાન્ય સમાજમાં ચાલતી કેટલીક સંસારવિષયક કે અસાધારણ ઘટનાને આલેખતી ભાવના પણ ગવાય છે. કોઈ કુંવારી કન્યાનું પ્રેમી સાથે થતું પલાયન, મુસલમાન, સરદાર કે સૈનિક દ્વારા થતું રૂપાળી સ્ત્રીઓનું અપહરણ, પાણી ભરવા જતા કે સાથે કામ કરતા પ્રેમમાં પડતાં યુવક-યુવતી આદિની ઘટનાને આલેખતાં ગીતો પણ ગવાયાં છે.

### o ભાઈ-બહેનની કરુણતાને આલેખતાં કથાગીતો

ભાઈ-બહેનની માતા મૃત્યુ પામતાં નિરાધાર બનેલ ભાઈ-બહેન પિતાની બેરહમીનો

ભોગ બનતા અટકવા માટે પોતાના મોસાળ ચાલ્યાં જતાં મામીના ભોગ બનવું પડે તેવા ભાવ આલેખતાં ગીતો પણ જોવા મળ્યાં છે.

આ ઉપરાંત કેટલાંક પ્રકીર્ણ પ્રકારનાં કથાગીતો જેવાં કે જળસંકટના, રેલદુર્ઘટનાના, દુકાળ કે રોગચાળા આદિનાં કથાગીતો છે.

આમ, લોકગીતનો જ પ્રકાર તરીકે કથાગીતો સર્વથા ભાવવાહી રીતે ગવાયાં છે. કથાગીતની આટલી સૈદ્ધાંતિક ચર્ચા કર્યા પછી ધોડિયા જાતિમાં આવાં કથાગીતોના કોઈ અંશો પ્રાપ્ત થયા છે કે તે શોધવાનું રહે છે. અહીં આ જાતિમાં સંપૂર્ણ કથાગીતો તો પ્રાપ્ત થયાં નથી. પરંતુ કથાગીતના કેટલાક અંશો જોવા મળ્યા છે જેનો વિગતે અભ્યાસ કરીએ.

## ૫.૨.૪ ધોડિયા જાતિમાં મળતાં કથાગીતોના અંશો

દરેક લોકજાતિનું આગવું ગીતસાહિત્ય છે. આ જાતિમાં પણ સાધારણ કહી શકાય એવા લોકગીતો મળ્યાં છે. આવા લોકગીતોમાંના એક પેટાપ્રકાર તરીકે 'કથાગીત'ના કેટલાક અંશો જોવા મળ્યા છે. જેને ટાંકવાનો પ્રયત્ન કર્યો છે. સૌરાષ્ટ્ર કે અન્ય પ્રદેશ જેવાં માતબર કહી શકાય એવાં કથાગીતો નથી. પરંતુ કેટલાક કૌટુંબિક પ્રકારના ગીતકથાના અંશો પ્રાપ્ત થયા છે. આવા કથાગીતના સંપૂર્ણ કહી શકાય એવા પાઠો ઉપલબ્ધ બન્યા નથી. છતાં જેટલા કંઈ તૂટક કે અધૂરા મળેલા પાઠોને તાકવાનો પ્રયત્ન જરૂર કર્યો છે.

એમનાં લોકગીતોમાં જસમાઓડણ, પાતળી પરમાર કે સોનલ ગરાસણી જેવા લોકચાહિતા કથાગીતો નથી. પરંતુ પહેલાના સમયમાં ભાઈ-બહેનના અટૂટ પ્રીતને વ્યક્ત કરતા એવાં ભાવ સંવેદનો વાળાં અને એ જાતિની વિશિષ્ટતાને સૂચવતા થોડા અંશો અવશ્ય સાંપડયાં છે.

૧. 'સાત ભાયાયી એક બાણી' (સાતભાઈની એક બહેન)

' સાત ભાઈની એક જ બેની લાડકી જો

તેને તો પરણાવી વગડા દૂર જો....૨

એ વાતને વરસો વીતી ગયાં જો,

એવે રે ટાણે સમય એવો આયવો જો...૨

સાત ભાઈના બળદો જ ખોવાયા જો,

બળદો શોધ્યા ન મળ્યા જો....૨

સાતમે ભાઈએ એવી તો બાધા રાયખી જો...

બળદો મળે તો લાડકી બેની વધેરું જો....૨

સાતમા ભાઈની બાધા એવી ફળી જો,

ખોવાયેલા બળદો પાછા આયવા જો....૨

ભાઈ વિચારે અવે તે શું કરીએ જો....૨

વિચાર કરીને ભાઈ તો ચાલ્યો બેનીને સાસરે જો...

દૂરથી ભાઈને આવતા દેખી

બેની દોડતી આવી વળગીજો...૨

સુખ-દુ:ખના સમાચાર બેનીને પૂઈછાજો...૨

સારાવાના સાંભળી બેની હરખી જો...

જમવાને વાને રે તજવીજ કરે જો...૨

હાથ-પગ ધોવાડી રસોઈ કામે વળગી જો...૨

એવે ટાણે મોભે બેઠેલી ચકલી મીઠું બોલેજો

બેની એવા તે ઉતાવળા કાં થાઉંજો...૨

બેની તું ખાંડી-ખાંડી શું કરીશ રે...

લોઈનાં ટીપાં પડશે રે લોલ....

બેની તું દળી-દળી શું કરીશ રે

લોઈનાં ટીપાં પડશે રે, લોલ....

બેની તું રોટલા ઘડી-ઘડી શું કરીશ રે,

લોઈનાં ટીપાં પડશે રે લોલ...

બેની બિચારી ભાઈને પૂછી-પૂછી જમાડે જો,

બાળપણાની વાત જ વાગોળેજો...

ખાય-પરવારી ભાઈ જ વેણ કાઢે રે,

બેની મારા લાડકા રે, ભાભી તમારા બોલાવે રે,

વાત જ સુણી બેની ઝટપટ ખાવા બેસે રે,

ઝટપટ ખાવા બેસે રે...

એવે ટાણે મોભે બેઠેલી ચકલી મીઠું બોલે જો,

બેની તું ખાય-ખાય ને શું કરીશ રે,

લોઈનાં ટીપાં પડશે રે લોલ...

બેની બિચારી ઝટપટ બચકાં બાંધે જો,

એવે ટાણે મોભે બેઠેલી ચકલી મીઠું બોલે જો...

બેની તું માથું ઓળી-ઓળી શું કરીશ રે,

લોઈનાં ટીપાં પડશે રે લોલ...

ઝટપટ તિયાર થઈને બેની ચાલી ભાઈની સાથે રે,

રસ્તે આયવું એક મંદિર રે... ભાઈ મંદિર રે...

ભાઈ બોલે બેની મારા લાડકા રે,

બારણે જઈ ઘડીમાં આવું રે....(૨)

બેની બિચારી રાહ જુએ કાંઈ રાહ જુએ રે,

ભાઈ મારા કાંહોને ગયા રે...(૨)

એવે ટાણે મંદિર દેખી ડોકિયા કરે રે બેની....

મંદિરે છુપાયેલા ભાઈએ તલવાર મારી રે,

બેની મારીને દેવને લોઈનાં ટીપાં ચઢાવ્યા રે,

એમ કરતા કચરી બાધા પૂરી રે....(૨)

લાડકીબેનીના લોઈનાં ટીપે વાંસ ઉગ્યો જો,

સમય ઝાઝેરો વીયતો રે, વીયતો રે...

(પતિ) બનેવી બેનીને તેડવા આવે રે,

દૂરથી બનેવીને એકલો દીઠો રે,

ભાઈના મનમાં શંકા જાગે રે...(૨)

સાતેય ભાઈને પૂછે રે તમારા લાડકા બેનીને મોકલો રે,

તમારા લાડકા...

છ યે ભાઈ વિચાર કરે... વિચાર કરે...

બેની અમારા અહીં કાંથી રે...(૨)

સાતમો તે ભાઈ બોયલો આયવા હતા બેની રે,

બેની અમારાં પાછાં વળ્યાં રે...(૨)

બનેવી બિચારો વિચાર કરતો ફર્યો રે,

મારગે આવતા મંદિરે પેઠો રે...(૨)

મંદિરમાં તે જોગી જો, જોગી રે,

જોગીને લાગી ભૂખ-તરસ રે,

તાંતો વાંસ અંદરથી બોયલો રે,

સારી વાંહળી જોઈને કાપો રે જોગી,

વાંહળી કાંપતા મળશે રે પાણી-લાડું રે,

વાંહળી કાંપતા થાળી ભરી પાણી રે,

થાળીમાં તે લાડું રે...(૨)

વાહળી કાપી પાયડા કાપા રે,

ફૂંક મારતા વાહળી મીઠા સૂરે બોલી રે,

વાહળી વગાડતો જોગી પહોંચ્યો રે,

લાડકા બેનીના પિયર રે...(૨)

વાંહળી બોલે રે... વાંહળી બોલે રે...

એ તો મારા ધર્મીભાઈના ઘર રે, જોગી

ફરી ફરી ને લેજો રે ભીખ જોગી...(૨)

સાતમા ભાઈના ઘરે પહોંચતા રે,

વાંહળી બોલે રે... વાંહળી બોલે રે...

એ તો મારા પાપી ભાઈના ઘેર રે જોગી,

નખે ને લેતો રે ભીખ જોગી

ભીખ માંગતો જોગી પહોંચ્યો રે,

લાડકા બેનીના સાસરે રે,

વાંહળી બોલે રે... વાંહળી બોલે રે...

એ તો મારા ધણીનું (પતિનું) ઘર રે જોગી

નખે ને લેતા રે ભીખ જોગી....(૨)

જોગી વાંહળીને ધણી વખાણે રે,

આજની રાત તું રહી જા રે જોગી

રાતભરી વાંહળી વગાડ રે જોગી..(૨)

જોગી ભોળો રોકાય રે જાય રે,

ખાય-પીને વાંહળી વગાડે રે,

ધણીએ જોગીને પાયો અધમણ દારૂ રે,

જોગી બિચારો છાકટો થયો રે...(૨)

રાતે વાંહળી ચોરી ધણી એ રે,

વાંહળીને તો માળે ચઢાવી રે...(૨)

પ્રભાતે ધણી જોગીને કહે રે,

તારી વાંહળી ચોર ચોરી ગયો રે...(૨)

વાંહળી મૂકી ધણી ચાયલો કામે રે,

ધણી જતા રે વાંહળી સ્ત્રીરૂપે ઘરકામ કરે રે....(૨)

સમય જતા ધણીને વિચાર આયવો રે,

એક દિ સંતાયને જોતો રહ્યો રે...(૨)

વાંહળી તે સ્ત્રીની જાત રે,

જેવી કામે ઉતરી કે ચોટલે ખેંચી લીધી રે...(૨)

વાંહળી એ આખી બિના કીધી રે,

ફરી પાછી પત્ની બની રે....(૨)

આખો જન્મારો ભયરો-ભયરો વિતાયવો રે,

પાપી ભાઈને પસ્તાવો જ રહ્યો રે...(૨)

સાતભાઈની એક જ બેની લાડકી જો,

તેને તો પરણાવી વગડા દૂર જો...[૪૯]

ઉપરોકત ગીતમાં મુખ્યત્વે વાર્તા/કથા જેવું તત્ત્વ સમાયેલું છે. હકીકતમાં આ જાતિમાં લોકવાર્તા રૂપે જ આ કથા કહેવાય છે. પરંતુ અંદર વચ્ચે-વચ્ચે આવતી ગીત પંક્તિઓ થકી કથાગીત કે ગીતકથા છે એમ પણ સૂચવી શકાય છે. અહીં ગીતમાં કથા આ પ્રકારની રહી છે.

સાત ભાઈની એક બેન હતી. બેનીને દૂર વગડામાં પરણાવી હતી. થોડા વરસ પછી ભાઈના ઘરના બળદ ખોવાય ગયા. તેથી સાતમા ભાઈએ બાધા માની કે બળદ પાછા આવી જાય તો એકની એક બહેનને કાપીને તેનું લોહી ચડાવીશ. સમય જતા બળદ પાછા આવ્યા અને ભાઈની માનતા ફળતા ભાઈ વિચારવા લાગ્યો કે હવે શું કરવું અંતે બેનીને તેડવા સાસરે જાય છે. સાસરે ગયેલા ભાઈને જોતા જ બહેન તો હર્ષઘેલી બની સુખદુ:ખના સમાચાર પૂછી ભાઈને ભેટી પડે છે. અને ભાઈ દૂરથી ભૂખ્યો-તરસ્યો આવ્યો હોવાથી રસોઈકામમાં મંડી પડે છે. એવે વખતે બેનીના ઘરને મોભે બેઠેલી ચકલી બહેનને ચેતવણી આપે છે કે તું આ બધું કોના માટે કરી રહી છે. જે ભાઈ માટે તું આ મહેનત કરે છે એ ભાઈ તારો વેરી છે. છતાં બેની તો ભાઈને જમાડવા માટે ભાત ખાંડે, દળે, રોટલા ઘડે અને ભાઈને પ્રેમથી જમાડે છે. જમી પરવારી ભાઈ બહેનને અહીં આવવાનું કારણ દર્શાવે છે ત્યારે બહેન તો આનંદની મારી ઝટપટ ખાય લઈને પોતાનો સામાન બાંધે છે અને માથું ઓળવી ઝટપટ તૈયાર થઈ જાય છે ત્યારે ફરી પેલી ચકલી બેનને રોકે છે. પરંતુ બેન તો પિયરના માર્ગે અને પિયરના લોકોને મળવા માટે એટલી આતુર છે કે ભાઈની પાછળ પાછળ ચાલી નીકળે છે.

ગામથી થોડે દૂર પહોંચતા એક મંદિર આવે છે ત્યારે ભાઈ બહેનને કહે છે કે હું જરા બારણે જઈ આવું (પેશાબ-પાણી) તું અહીં ઊભી રહે પરંતુ ભાઈને ઘણીવાર લાગતા બેન ભાઈને શોધવા મંદિરમાં ડોકિયું કરે છે ત્યારે બેનીનો વેરી બનેલો ભાઈ હાથમાં રાખેલી તલવારથી બેનનું માથું વાઢી નાખે છે અને દેવને લાડકી બહેનના લોહીના ટીપાં ચઢાવી

માનતા પૂરી કરે છે પછી તો ભાઈ હરખાતો-હરખાતો પોતાને ઘર આવી જાય છે. બીજી તરફ ઘણો સમય વીત્યો છતાં પોતાની પરણેતર પાછી ન આવતા. પતિ (બનેવી) પત્નીને તેડવા સાસરે આવે છે. બનેવીને આમ અચાનક એકલો આવતા જોતાં બધા ભાઈઓને શંકા જાગે છે. બનેવી સાતેય ભાઈને કહે છે કે હવે તો તમારા લાડકા બેનીને મોકલો ત્યારે છ ભાઈ વિચાર કરે છે કે અમારી બેની અહીં કયાંથી? એ તો તમારે ઘર હોય ત્યારે ભોંઠો પડેલો સાતમો ભાઈ બોલ્યો બેની અમારા આવ્યા તો હતા પણ તેઓ પાછાં ચાલ્યાં ગયાં છે. આ સાંભળીને બનેવી વિચાર કરે છે અને ત્યાંથી જવા નીકળી જાય છે.

બીજી તરફ ચાલતાં ચાલતાં બનેવી પેલા મંદિર નજીક આવી પહોંચે છે. મંદિરનાં દર્શન કરી ફરી પાછો પોતાના માર્ગે ચાલ્યો જાય છે. એજ અરસામાં મંદિરમાં એક જોગી આવે છે. જોગીને ખૂબ તરસ અને ભૂખ લાગી હતી. એ ટાણે મંદિરના ઘૂમટાંમાં (ઘૂંમટ) જયાં બહેનનાં લોહીનાં ટીપાં પડયાં હતાં ત્યાં એક વાંસ ઊગી ગયેલો એ વાંસ બોલે છે. જોગી સારી જોઈને એક વાંસળી કાપો રે તેમાંથી થાળી ભરી પાણી અને લાડું મળશે. જોગીએ તો વાંસળી સારી જોઈને કાપી, તો ખરેખર તેમાંથી પાણી અને લાડું નીકળ્યાં. જોગીએ ધરાઈને ખાય-પી લીધું પછી પેલી વાંસળીમાં કાપા પાડયા અને ફૂંક મારી તો વાંસળી મીઠા અવાજે બોલવા લાગી. જોગી તો વાંસળી વગાડતો-વગાડતો ભીખ માંગવા બેનીના પિયર પહોંચી ગયો. જોગીએ ત્યાં જઈને વાંસળી વગાડી તો વાંસળી મીઠા રાગે બોલી કે આ તો મારા ‘ધર્મીભાઈના ઘર જો’ જોગી તમે ફરી-ફરીને ભીખ લેજો રે, પરંતુ સાતમા ભાઈના ઘરે જોગી ભીખ માંગે છે ત્યારે વાંસળી જૂદું બોલે છે કે આ તો મારો પાપી ભાઈ છે એની પાસેથી ભીખ લેશો નહીં. આમ ફરતા-ફરતા જોગી તો બેનીના સાસરે પહોંચી જાય છે અને ત્યાં પણ વાંસળી વગાડી ભીખ માંગે છે ત્યારે પેલી વાંસળી બોલે છે કે-

‘આ તો મારા ધણીનું ઘેર જો જોગી

નખે લેતા રે ભીખ જોગી’

પરંતુ બેનીના પતિને વાંસળી ખૂબ ગમી જાય છે અને જોગીને એક રાત રોકાય જવાનું ઈજન આપે છે. જોગી રોકાઈ છે. રાતે જોગીને દારૂ ખૂબ પીવડાવે છે અને જોગી છાકટો બની સૂઈ જાય છે ત્યારે પેલી વાંસળી પતિ ઉતારી લે છે અને માળ ઉપર સંતાડી દે છે.

બીજા દિવસે જોગી જાગે છે અને વાંસળી શોધે છે ત્યારે પતિ કહે છે કે રાતે ચોર આવ્યો હતો તે તારી વાંસળી ચોરી ગયો અને મને કેવો માર માર્યો હતો. જોગી તો બિચારો પોતાના રસ્તે ચાલતો થયો. આ તરફ પતિ તો રોજ વહેલી સવારે કામ કરવા નીકળી જતો એ વખતે પેલી માળ ઉપર સંતાડેલી વાંસળીમાંથી એક સુંદર સ્ત્રી બહાર આવતી અને ઘરનું બધું કામ કરી ફરી પાછી વાંસળીમાં સંતાઈ જતી એમ ત્રણ-ચાર દિવસ ચાલ્યું. પતિને શંકા થઈ કે આ કામ કરે છે કોણ? એટલે એક દિવસ કામ પર જવાના બહાને નીકળ્યો અને ફરી પાછો ઘરમાં આવીને સંતાઈ ગયો તો બીજી તરફ પેલી સ્ત્રી તો નિત્યક્રમની જેમ. વાંસળીમાંથી નીકળીને ગીત-ગાતી ગાતી કામ કરવા લાગી. કામ પૂરું થતાં જ ફરી પાછી પેલી વાંસળીમાં ભરાય જવા માટે ચાલી કે તરસ પતિએ તેનો ચોટલો પકડી ખેંચી લીધી. પછી તો પેલી સ્ત્રીએ આખી ઘટના પતિને કહી સંભળાવી અને પછી એવો ચમત્કાર થયો કે પેલી સ્ત્રી પત્ની બની ગઈ. બંને જણાએ આનંદમગ્ન બની એકબીજા સાથે આખો જન્મારો વીતાવ્યો. જયારે બીજી તરફ પાપી ભાઈને ખૂબ પસ્તાવો થયો. અને અંત સુધી પસ્તાવો રહ્યો.

અહીં આ કથાગીતમાં કેટલીક વિશેષતાઓ આંખે ઊડીને વળગે એવી છે કે કથામાં ચકલી, વાંસળી જેવાં પાત્રોનાં મુખમાં માનવીય બોલી મૂકીને કેવા ચમત્કારો સર્જ્યા છે. આ સાથે કેટલીક મર્યાદા પણ છે. પરંતુ અભણ જાતિ એવી મનોરંજન કાજે આવી છૂટછાટ લે એમાં કોઈ મર્યાદા મહત્ત્વની ન બને. કેટલીક ઘટનાઓ આપણને અધૂરી લાગે છતાં તેનો તાળો મેળવવાની કલ્પના પણ એમની અદ્દભુત રહી છે. આવા જ કથાતત્ત્વને મળતી બીજું

પણ એક કથાગીત આ જાતિમાં પ્રચલિત થયેલું જાણવા મળ્યું છે. એમાંની તૂટક-તૂટક કેટલીક પંક્તિઓ સાંભળવા મળી છે જે અહીં મૂકવાનો પ્રયાસ કર્યો છે.

૨. સાત જ માળની એક રૂડી હવેલી જો,
તેમાં તો રહે સાતભાઈના બેની જો...૨
સાત ભાઈ તો વાણે જવા નીકળે જો,
જાતાં-જાતાં બેનીને કહેતાં ગયાં જો,
બેની બારણે વાવીઓ છે એક ગુલાબ જો,
પાણીલાં પાતા રે, દિવસ કાઢજો જો,
જાતાં જાતાં સલાહ બેનીને આપે જો,
ઘરમાં બેની બુમલા ના શેકતા જો,
બુમલા શેકતા બેની દેવતા ઠરશે જો,
બારણે ઊભેલા બેની બોલ્યાં જો,
તમારા વચન ભાઈ અમ શીરે જો,
એંધાણી કરતા ને ભાઈ જાઓ જો,
કેવા રે બોલે ખોલું અમ બારણાં જો,
સાતેય ભાઈ વાણ પૂરી આયવા જો,
લીલી સાડીને લીલા મોતી લાયવા જો,
એવે રે ટાણે ખોલજો બેની તમ બારણાં જો,
દિવસોના દિવસો ચયઢા જો,
વરસે ટાણે બેની બુમલાની રઢ લાગી જો,
ચૂલે શેકવાને મૂયકા બુમલા જો,

દેવતા ઠરીને ઠીકરું જો,

ઘરમાં મળે ના બીજો કોઈ દેવતા જો,

આંસુઓ પાડી બેની વિચારે જો,

સાતમા માળે બેની ચઢી જુએ જો,

ડોશીના ઝૂંપડે ધૂમાડો દીઠો જો,

પગથા ઉતરી બેની દેવતા લેવા જાય જો,

ડોશીનો દીકરો મોટો રાખસ જો,

સાંજ પડે ને ડોશીને ખાવા તૈયાર થાય જો,

કુંવરીને દેખી ડોશીને યુક્તિ જડી જો,

બેની રે તમારી ઘરની વાત કરો જો

બેનીએ ભાઈની વીતક કહી જો,

દેવતા આપી ડોશીએ કરામત કરી જો,

શણના બી વેરવાની શરત લીધી જો,

કુંવરી મનના ઘણાં ભોળાં જો,

ડોશીના વેણે રે શણના બી વેર્યાં જો,

વરસાદ આવ્યો ને ફણગા ફૂયટા જો,

રાતે રાખસ દીકરો ડોશીને ખાવા આયવો જો,

ડોશીરે ભણે પેલી કુંવરીને ખા જો,

ડોશીએ દીકરાને આખી વીતક સંભળાવીજો,

હરખે રાખસ ચાયલો શણના ફણગે જો,

હવેલી પહોંચી રાખસ બોલે જો,

બારણે ઊગેલો ગુલાબ સાંભળે જો,

સાતેય ભાઈ વાણ પૂરી આયવા જો,

લીલી સાડીને લીલા મોતી લાયવા જો,

એવે ટાણે બેની બારણું ખોલો જો,

બારણે રોપેલો ગુલાબ બોલે જો,

નઈ રે બેની નઈ રે બેની આવ્યા છે રાખસજો,

તુમને ખાય જશે રે, લોલ..

એક રે ઝાટકે ગુલાબ ઉખેડી ફેંયકો જો,

ફરી પાછો રાખસ બોયલો જો,

સાતેય ભાઈ વાણ પૂરી આયવા જો,

લીલી સાડીને લીલા મોતી લાયવા જો,

એવે ટાણે બેની બારણું ખોલો જો,

ઉખેડી ફેંકેલો ગુલાબ પાછો બોયલો જો,

નઈ રે બેની....(૨)

રાખસે ગુલાબને પાછો બાયળો જો,

ફરી પાછો રાખસ બોયલો જો,

સાતેય ભાઈ વાણ પૂરી આપવા જોઈ

લીલી સાડી ને....(૨)

બળેલો ગુલાબ ત્યાંથી બોયલો જો,

નઈ રે બેની...(૨)

કંટાળી રાખસ રાખ પી ગયો જો,

ફરી પાછો રાખસ બોયલો જો,

સાતેય ભાઈ વાણ પૂરી આયવા જો,

લીલી સાડીને...(૨)

બળેલી ગુલાબની રાખ બોલી જો,

નઈ રે બેની...(૨)

બેની એ બારણાંના ખોયલા જો,

ભૂખનો માર્યો રાખસ ડોશીને ખાય ગયો જો,

વરસે દિવસે ભાઈ પાછા ફયરાજો,

સાતેયભાઈ વાણ પૂરી આયવા જો,

લીલી સાડીને લીલાં મોતી લાયવાજો,

તેવે રે ટાણે બેની બારણાં ખોલો જો,

બારણાં ખોલી બેની ભાઈને ભેટયા જો,

લીલી સાડીને લીલે મોતીએ શણગાર્યા જો,

ભાઈ-બેની હરખે જીવ્યા જો.[૫૦]

ઉપરોક્ત કથાગીતમાં પણ સાત ભાઈની એક બેનીની પ્રીતની વાત કરવામાં આવી છે. દરિયાકાંઠાના માછીમારો સાથે વાણમાં જનારા સાત ભાઈની કથા કહેવાય છે. પહેલાના સમયમાં આ જાતિના લોકો પણ કામધંધા અર્થે વરસો-વરસ સુધી સાગર ખેડતા તે ભાવને વ્યક્ત કરતા આ કથાગીતમાં ભાઈ-બહેનના અટૂટ પ્રેમને સાંકળવામાં આવ્યો છે.

કથા કંઈક આ પ્રકારની છે. સાત ભાઈની સાત માળની હવેલી છે. એ હવેલીમાં લાડકી બેનીને મૂકી સાતેય ભાઈ વાણે જાય છે ત્યારે બહેનને પોતાનું રક્ષણ કરવા સૂચવે છે. બહેનના દિવસો સારી રીતે પસાર થાય એ માટે બારણામાં એક ગુલાબનો છોડ રોપી આપે

છે, જે ભવિષ્યમાં બેનીનો રક્ષણકાર બને છે. અને બેનીને સલાહ પણ આપે છે કે જયાં સુધી અમે આ પ્રમાણે કહીએ નહીં ત્યાં સુધી બારણું ખોલવું નથી- જે પંક્તિ સાતેય ભાઈ બોલે ત્યારે જ ખોલવું અને ગમે તેવી પરિસ્થિતિમાં બુમલા (સૂકાયેલી માછલી) ન શેકવાની સલાહ પણ આપે છે. પરંતુ બેનીને એક દિવસ બુમલા ખાવાની ઈચ્છા થતાં બુમલા શેકવા બેસે છે. પરંતુ દેવતા હોલવાઈ જતાં બીજો દેવતા લેવા હવેલીની બહાર ડોશીના ઘરે જાય છે. ડોશીનો દીકરો રાક્ષસ હોવાથી ડોશીને ખૂબ કનડગત કરે છે. તેથી ડોશીએ યુક્તિપૂર્વક આ કુંવરીને દીકરાનો શિકાર માનીને પોતાની હવેલીની અને સાત ભાઈની વાત કઢાવી લે છે અને ભાઈએ આપેલી એંધાણી પણ જાણી લે છે.

બીજી તરફ કુંવરી તો બુમલા શેકીને ખાય છે. રાતના સમયે હવેલીના બારણે અવાજ આવે છે.

'સાતેય ભાઈ વાણ પૂરી આયવા જો,

લીલી સાડીને...

એવે ટાણે બેની બારણું ખોલો જો.'

પરંતુ હવેલીના બારણે રોપેલો ગુલાબ મનુષ્યવાણીમાં કુંવરીને બારણું ખોલતા અટકાવે છે. રાક્ષસ એ ગુલાબને ઉખેળી દૂર ફેંકી, સુકાઈ જતા બાળી નાંખી, બાળી ને રાખ પણ પી જાય છે. પરંતુ ગુલાબ રાખમાંથી પણ બેનને વારે છે અને રાક્ષસના મુખમાંથી બચાવે છે. બીજી તરફ રાક્ષસ કંટાળીને ડોશીને જ ખાય છે, અંતે વરસ પૂરું થતાં કુંવરીના સાતેય ભાઈ વહાણમાંથી આવે છે અને એંધાણી મુજબ વચન બોલે છે. કુંવરી બારણું ખોલે છે અને સાતેય ભાઈને બનેલી બધી કથા કહી સંભળાવે છે અને સાથે લાવેલી લીલી સાડી અને લીલા મોતીએ કુંવરીને શણગારે છે અને હર્ષોઉલ્લાસથી બાકીનું જીવન વિતાવે છે.

ઉપરોકત આ કથાગીતમાં પણ ગુલાબનું પાત્ર માનવીય ભાષા બોલી કુંવરી ઉપર આવી પડેલી વિપદામાંથી બચાવે છે. ચમત્કારતત્ત્વ અહીં પણ શ્રોતાઓનું ધ્યાન ખેંચે છે.

આ સિવાય કેટલીક ત્રુટીઓ દેખાય છે ખરી પરંતુ શ્રોતા કે વકતા માટે આવી ત્રુટીઓ એટલી મહત્તા ધરાવતી નથી અને કથાગીતને વધારે મનમોહક બનાવે છે.

'સાત ભાઈની એક બેન સોનબાઈ' નામનું કથાગીત પણ ગાવામાં આવતું દગાખોર ભાભીના હાથમાં પડેલી સોનબાઈની કરુણતા વર્ણવતું આ કથાગીતની કડીઓ સ્પષ્ટ રીતે મળી નથી પરંતુ વડીલો પાસેથી કથારૂપે એના કેટલાક અંશો સાંભળવા મળ્યા છે જે અહીં ટાંકયા છે.

કથામાં આવી ઘટના બને છે. સાતભાઈ લગ્ન કરીને પોતાની સાતેય પત્ની સાથે પોતાની લાડકી સોનબાઈને મૂકી 'રાન'માં કામ અર્થે જાય છે. જતાં પહેલા પોતપોતાની વહુને શિખામણ પણ આપતા જાય છે કે અમારી એકની એક સોનબાઈને કોઈ પણ કામ ન સોંપવું અને એને કોઈપણ વસ્તુની ખોટ સાલવા ન દેવી જતા પહેલા સાતેય ભાઈ લાડકી સોનબાઈ માટે સુથાર પાસે સુંદર મજાનો ઘાડો ઘડાવી રમવા માટે આપી જાય છે અને સાતેય ભાઈ રાનામાં ચાલ્યાં જાય છે.

આ તરફ પ્રથમ તો પતિના કહ્યા મુજબ સોનબાઈને સારું સારું ખવડાવી-પીવડાવી સુખેથી રાખે છે પરંતુ સમય જતાં સાતેય ભાભીઓ વચ્ચે ખેંચતાણ થતાં ઘરનું તમામ કામ નાની નણંદ સોનબાઈના માથે આવી પડે છે. બધી જ ભાભીઓ સોનબાઈને ખૂબ જ ત્રાસ આપે છે. વહેલી સવારે ઊઠતાંની સાથે એક પછી એક કામમાં સોનબાઈને જોતરી દેવાય છે. વગર દોરડે પાણી ભરવા સોનબાઈને મોકલે છે. સોનબાઈ બિચારી બેડાં લઈને કૂવે પહોંચે છે. પરંતુ દોરડું ન મળતાં કૂવે બેસી પોતાના સાતેય ભાઈને યાદ કરીને ડૂસકે-ડૂસકે રડવા લાગે છે. એવે ટાણે કૂવા પાસેથી પસાર થતાં સાપને દયા આવે છે કે આવી સુંદર મજાની છોકરીને એવું તે શું દુ:ખ પડયું હશે કે રડે છે.

સાપ સોનબાઈ પાસે આવે છે અને પોતાનું દુ:ખ કહે છે ત્યારે સાપ સોનબાઈની મદદે આવે છે અને દોરડું બની પાણી ભરી આપે છે. સોનબાઈ તો ખુશી-ખુશી બેડું લઈને

ઘરે પહોંચે. પરંતુ ભાભી તેને યશ આપતી નથી. ઊલટાનું વગર સાબુ એ કપડાં ધોવા મોકલે છે. ત્યાં પણ ચમત્કાર થાય છે અને બધાં જ કપડાં ધોવાય જાય છે.

એક દિવસ સોનબાઈને તેની ભાભીઓ વગર ખાંડણિયે ભાત (ડાંગર) ખાંડવા મોકલે છે. ટોપલો ભાત લઈને સોનબાઈ પર ઘર ખાંડવા જાય છે. પરંતુ ખાંડણિયું ન મળતા રુદન કરે છે ત્યારે ઘરચકલી સોનબાઈને રડતા જોઈ રડવાનું કારણ પૂછે છે ત્યારે સોનબાઈ વ્યથા સંભળાવે છે અને ઘરચકલી આજુબાજુની બધી ચકલીને ભેગી કરી ભાત ફોલી આપે છે અને સોનબાઈ હોંશે હોંશે ચોખા લઈ ઘર આવે છે. પરંતુ ભાભીની નારાજગી ઓછી થતી નથી.

સોનબાઈને ખાવા-પીવાનું પણ સરખું આપવામાં આવતું નથી. એક દિવસ સોનબાઈ ને વગર કુહાડીએ લાકડાં લેવા મોકલે છે. જંગલ જઈ સોનબાઈ ખૂબ રોવે છે તેથી આજુબાજુના પ્રાણીઓ ભેગા થઈ જાય છે અને રડવાનું કારણ પૂછે છે ત્યારે સોનબાઈ પોતાનું દુ:ખ વર્ણવે છે. આ સાંભળી બધાં પ્રાણીઓ ભેગા મળીને સોનબાઈને લાકડાંનો ભારો બાંધી આપે છે. લાકડાં લઈ સોનબાઈ ઘરે પહોંચે છે પણ ભાભી સારા મોઢે વાત કરતી નથી. સોનબાઈ વ્યથિત બનીને રોજ જંગલ તરફ જાય છે અને રુદન કરે છે પોતાના ભાઈઓની આવવાની કાગડોળે રાહ જુએ છે.

એક દિવસ હારી થાકી સોનબાઈ પોતાનો સુંદર ઘોડો જંગલમાં રેઢો મૂકી દે છે અને ઘરે આવે છે. સમય વીતતા એક દિવસ રાનામાં પેલા ભાઈઓના નજરે પેલો ઘોડો પડે છે. ઘોડાને ઊંચકી લઈ જુએ છે તો પોતાની સોનબાઈનો જ ઘોડો હતો. ઘોડો ઓળખી જતાં ભાઈને સમજાય છે કે અમારી સોનબાઈ દુ:ખી લાગે છે. તેથી જ આ ઘોડો મૂકી ગઈ હશે? અને જંગલમાં અમને શોધતી હશે. આમ વિચારી ઘોડો લઈ ઘરે આવે છે. ઘરે આવતાંજ માંદલી સોનબાઈને જોતા સાતેય ભાઈ બહેનની પૃચ્છા કરે છે અને સોનબાઈ ભાભીઓનો પોતા તરફનો અણગમો દર્શાવી પોતાને પાડેલી વિપદાનું વર્ણન કરે છે અને આ સાંભળતા

જ સાતેય ભાઈએ પોતપોતાની પત્નીને ઘરમાંથી કાઢી મૂકી અને રુદન કરતી ભાભીઓ બેનની માફી માંગતી ચાલી જાય છે.

આમ ઘણાં વર્ષો પછી સોનબાઈ મોટી થાય છે અને તેને પરણાવી સાસરે વળાવે છે.

સમય જતાં એકવાર બળેવનો તહેવાર આવે છે. બહેન ભાઈને રાખડી બાંધે છે. પરંતુ ભાભી વગરની ભાઈઓની દશા ન જીરવાતા ભાઈઓને વિનંતી કરે છે કે ભાભીને પાછી બોલાવી લાવ. પરંતુ ભાઈ માનવાને તૈયાર નથી એમ કરતાં 'ભાઈબીજ'નો તહેવાર આવે છે. ભાઈઓ બેનના ઘરે જમવા જાય છે ત્યારે ભાઈઓને બહેન સારો સત્કાર કરતી નથી. એમ કરવાનું કારણ પૂછે છે. ત્યારે બહેન ભાઈઓને પાપી ગણાવે છે અને એનું પ્રાયશ્ચિત કરવા કહે છે. જો ભાઈ ફરી પાછા ભાભીને લઈ આવે તો જ બહેન 'ભાઈબીજ' જમાડશે અને પોતે પણ જમશે. બહેન તરફના પ્રેમને કારણે સાતેય ભાઈ પોતાની પત્નીને પાછી બોલાવે છે અને ભોજાઈ-નણંદનો પ્રેમ પહેલાનો જેવો અતૂટ બની જાય છે. ભાભી નણંદને વ્હાલની દૃષ્ટિથી જુએ છે.[૫૧]

આમ આ પ્રકારનું કથાગીતના પાઠો મળ્યા નથી. પરંતુ આવી કથાત્ત્વવાળી વાર્તા સાંભળવા મળી છે.

આ ઉપરાંત એક 'આણાંગીત'માં પણ કથાના કેટલાક અંશો જોવા મળ્યાં છે. વસ્તારી કુટુંબમાં પરણાવેલી દીકરીને પિયરમાંથી પોતાનો વીરો 'રોપણીનું આણું' લેવા માટે આવે છે ત્યારે વહું અને સાસરાપક્ષના લોકમુખે ગવાતું આ ગીત પણ કથાગીતને મળતું આવે છે જેમકે-

'સાત-પાંચ માળની અવેલી (હવેલી) જો,
સસરા મારા વીરા આણે આયવા જો.
મેડીએ બેઠેલા મોરા સસરાજી રે,

અવે અમુને પિયોરીએ વળાવો જો.

ઉં(હું) નહીં જાણું મારી વહુ જો,

જાઓ તમારા સાસુજીને પૂછો જો.

ઢોલિયે બેઠેલા મોરા સાસુજી રે,

અવે અમુને પિયોરીએ વળાવો જો.

બાર-કોઠી ભાત ખાંડી જાજો રે,

પછી તમુને પિયોરીએ વળાવું જો

બાર કોઠી ભાત અમે ખાંયડા જો,

અવે અમુને પિયોરીએ વળાવો જો.

ઉં નહીં જાણું મોરી વોવ (વહુ) જો,

જાઓ તમારા જેઠજી ને પૂછો જો.

હિંડોળે બેઠેલા મોરા જેઠજી જો,

અવે અમુને પિયોરીએ વળાવો જો.

બાર કોઢનું વાસીદું વારી જાજો રે,

પછી તમુને પિયોરીએ વળાવું જો.

બાર કોઢના વાસીદાં અમે વાયરા જો,

અવે જેઠજી અમુને પિયોરીએ વળાવો જો.

ઉં નહી જાણતો મોરા વોવ જો,

જાઓ તમારા જેઠાણીજીને પૂછો જો.

ઓરડે (રસોડે) બેઠેલા મોરા જેઠાણીજી જો,

અવે અમુને પિયોરીએ વળાવો જો.

બાર દિવસોના રોટલા ઘડી જાજો રે,

પછી તમુને પિયોરીએ વળાવું જો.

બાર દિવસના રોટલા અમે ઘયડા જો,

અવે અમને પિયોરીયે વળાવો જો,

ઉં નથી જાણતી મોરી દેરાણી જો

જાઓ તમારા દિયરજીને પૂછો જો.

નિસારે (નિશાળ) ભણતા મોરા દિયરજો,

અવે અમુને પિયોરીએ વળાવો જો.

બાર ડોલ કપડાં ધોઈને જાજો રે,

પછી તમુને પિયોરીએ વળાવું જો.

બાર ડોલ કપડાં અમે ધોયા જો,

અવે અમુને પિયોરીએ વળાવો જો.

ઉં નથી જાણતો મોરા ભાભી જો રે,

જાઓ તમારા દેરાણીજીને પૂછો જો.

ઓટલે બેઠેલા મોરી દેરાણી જો,

અવે અમુને...

બાર દિવસનાં દરાણાં દળીને જાજો રે,

પછી તમુને પિયોરીએ વળાવું જો.

બાર દિવસનાં દરાણા દયળા જો,

અવે અમુને...

ઉં નહીં જાણું મોરી જેઠાણી જો

જાઓ તમારા નણંદબાને પૂછો જો.

બારણે ઊભેલાં મોરા નણંદ જો,

અવે અમુને...

બાર ટોપલાં છાણાં વણી જાઓ જો,

પછી તમુને પિયોરીએ વળાવું જો.

બાર ટોપલાં છાણાં વીણતાં વીંછીએ ડંખ્યા જો,

વીરા મોરા ઘરે જાયને વાતો નખે કરતા જો.

સાત-પાંચ માળની અવેલી જો

સસરા મારા વીરા આણે આયવા જો.[૫૨]

અહીં આ આણા ગીતમાં લોકગીતના ઢાળમાં વચલી વહુને માથે પડેલી વિપદા અને પિયોરીએ જવાની ઝંખના આલેખાય છે. સંયુક્ત કુટુંબમાં પરણાવેલી દીકરીને સાસરા તરફથી કેવો કેવો પ્રતિભાવ મળે છે તેનું અનોખું વર્ણન કરાયું છે. કુટુંબના સર્વે સભ્યો એક પછી એક પોતાની જોહુકમી ચલાવી વચેટ વહુને કામ કરાવે છે તો બીજી તરફ બધું કામચ કર્યા પછી પણ વહુને વીરા સાથે જવાનું અટકે છે તે દયનીય સ્થિતિ આ કથાગીતમાં આલેખાય છે.

આ ઉપરાંત લોકગીતમાં અતિ મહત્ત્વનું સ્થાન ધરાવતું કથાગીત પાતળી પરમાર્યના ઢાળવાળું કથા સાહિત્ય પણ પ્રાપ્ત થયું છે. પરંતુ આ કથાગીતની ચોકકસ પંક્તિ હાલમાં ગવાતી જોવા મળી નથી. પરંતુ નિવૃત્ત શિક્ષકના મુખે એની કથા સાંભળવા મળી છે જે નીચે મુજબ છે.

નાયક (દીકરો) નાયિકાને પરણી લઈ આવે છે. ઘરમાં પત્ની આવતાં પતિ-પત્ની ખૂબ પ્રેમથી રહે છે. સોના(વહુ) તરફના આ પ્રેમભાવને સાસુ-સસરા જોઈ શકતાં નથી. સમય જતા પતિને કમાવા માટે બહારગામ જવું પડે છે ત્યારે એકાંકી બનેલી સોના ઉપર ઘરના સભ્યો ખૂબ જુલ્મ ગુજારે છે. ઘરનું સઘળું કામ સોનાના માથે નાંખી સાસુ-સસરા

આરામથી રહે છે. પરંતુ એનાથી પણ સંતોષ ન થતા કાળ ના માર્યા. સોનાને મારી નાંખે છે. પછી પોતાના ઘરના વાડામાં દાટી દે છે. એમ કરતાં ઘણો સમય વીતી ગયો.

બાર વર્ષ પછી કમાવા ગયેલો દીકરો પાછો આવે છે. પરંતુ ઘરમાં શોધખોળ કરતાં સોનાની ભાળ ન મળતાં દીકરો માતા-પિતાને પૂછે છે ત્યારે માતા એક પછી એક બહાના બતાવે છે. પાણી ભરવા ગઈ હશે, દરણાં દળવાં, ખાંડવાં, લાકડાં લેવાં, ચાર લેવા ગઈ હશે? પરંતુ દીકરો સાથે લઈ જવાનાં બધાં સાધનો જેવાં કે, બેડું-દોરડું, ઘંટી, ખાંડણિયું, કુહાડી, દાતરડું બધું અહીં જ પડયું છે એમ કહે છે ત્યારે ઝંખવાણા બની માતા પોતાની ભૂલ કબૂલે છે અને સોનાના ગળે ટૂંપો દે ને મારી નાંખી સોનાને જયાં દાટવામાં આવી હતી ત્યાં પહોંચી ચોધાર આંસુએ રડવા માંગે છે. તો ગમે તેમ કરીને સોનાને જીવતી કરવા માટે પતિ ‘અમર કૂપો’ લઈ આવે છે અને સોનાને જીવતી કરે છે. આમ અંતે પ્રેમનો વિજય થાય છે અને ઈર્ષ્યાનો પરાજય થાય છે.[૫૩]

અહીં કેટલીક ખામીઓ જરૂર છે પણ એ સમયના લોકો આવા અમરત્વમાં માનતા તેથી સ્વીકારી શકાય છે.

આમ ઉપરોકત કથાગીતોના કેટલાક અંશો અહીં આલેખવાનો પ્રયાસ કર્યો છે. કયાંક કચાસ જરૂર જણાશે છતાં મારા કેટલાક સંશોધનના અભ્યાસે આવા કેટલાક ભાવો દર્શાવવાનો ઉપક્રમ સેવ્યો છે. આમ તો કથાગીત પ્રથમ તો લોકગીતનો જ એક પ્રકાર હોવાથી લોકગીતનાં ઘણાં બધાં લક્ષણો અહીં દેખાય છે. છતાં જુદી-જુદી જાતિ કે સમાજ અનુસાર કેટલીક લોક વિશેષતાઓ જોવા મળી છે. આ જાતિમાં પહેલાના સમયમાં સંયુક્ત કુટુંબની પરંપરા એટલી પ્રખ્યાત હતી કે મોટાભાગનાં કથાગીતોમાં એક કરતાં ઘણાં ભાઈઓની અને એક બહેનની વાત વણાતી જોવા મળી છે.

‘કથાગીત’માં આવતાં પાત્રો-નાયક-નાયિકા આદિ સમાજમાં તરતાં બતાવ્યાં છે. આવાં પાત્રો કોઈને અજાણ્યા લાગતાં નથી. પરંતુ આપણી કોમનાં જ પાત્રો હોય એવો

આશ્ચર્ય ભાવ સાથે આલેખાય છે. જેમકે સોનબાઈ, સાતભાઈ, હવેલી, જંગલ પણ પોતાના જ પ્રદેશના વર્ણવાયાં છે અને લોકો હોંશે હોંશે અમારા પ્રદેશની કથા! કે અમારા પ્રદેશના પાત્ર! તરીકે સ્વીકારે છે.

આવાં કથાગીતો કયારે? કોણે? અને કેવી રીતે અસ્તિત્ત્વમાં આવ્યા હશે એ કહેવું પણ એટલું જ કઠિન છે. અનેકના મુખે કહેવાતાં આવાં કથાગીતો સમય-સમય સાથે અનેક પરિવર્તનો પામીને જુદા જુદા પાત્ર, સ્થળે અલગ અર્થછાયા પાડતા પણ જોવા મળે છે. 'સાત ભાઈની એક બેની' કથાગીત માટે કદાચ એમ પણ કલ્પી શકાય કે પ્રથમ એક જ કથા હશે પરંતુ સમય જતાં જુદા જુદા સ્થળે જુદા જુદા લોકોના મુખે કથામાં પરિવર્તનો થતાં એકમાંથી અનેક પાઠાંતરો ઉદ્ભવ્યાં હશે એવું પણ સમજી શકાય. આવી છે આ જાતિની કેટલીક ગીતકથા સમૃદ્ધિ.

## ૫.૩ લોકસાહિત્યમાં દુહાનું સ્થાન

લોકસાહિત્યમાં 'દુહો' એ આગવું સ્થાન ધરાવતું ગેયસાહિત્ય છે. શ્રી જયમલ્લ પરમારે જેને 'દસમો વેદ' કહ્યો છે એવો 'દુહો' સૌંદર્યનો માણીગર છે. લોકગીતોમાં આવતા ઋતુગીતોનો જ એક પ્રકાર તરીકે ઓળખાતો 'દુહો' લોકસાહિત્યનું હુલામણું કલાસ્વરૂપ છે.

જેમ ઋતુ સૌંદર્યનું દર્શન અને તેમાંથી થતું ઋતુ ગાનનું સર્જન એ આપણા દેશમાં આજકાલની વાત નથી. પરંતુ એ વેદકાલીન જેટલી જ જૂની વાત છે. તેથી જ કદાચ જયમલ્લ પરમારને 'દુહો દસમો વેદ' એવું નામરૂપે સ્મૃતિ થઈ હશે? જેમ વેદનું સર્વ સાહિત્ય, વર્ણન પ્રકૃતિ- ઋતુ સાથે તાદાત્મ્ય ધરાવે છે તેમજ દુહાના અંતગર્ભમાં પણ એવી જ ઋતુ પ્રકૃતિ કે કુદરતી સૌંદર્યતા પડેલી છે.

'દુહો' પણ ઋતુગીતોનો જ એક આગવો પ્રકાર છે. લોકજીવનની રોમે રોમમાં કુદરતની વૈવિધ્યતાની સોળો ઊડતી જોવા મળી છે. આ સૌંદર્યતાના નિરૂપણ લોકજીવનમાં દુહારૂપે પણ નિતરતા જોવા મળ્યાં છે. દુહો મોટેભાગે બે પંક્તિનો હોય છે. દરેક પંક્તિમાં

બે ચરણ હોય છે. પ્રથમ ચરણમાં ૧૩ માત્રા અને બીજા ચરણમાં ૧૧ માત્રા હોય છે. દુહાની બંને પંક્તિના અંતે પ્રાસ જળવાઈ છે. દુહા ઊંચી-નીચી હલક સાથે ગવાતા હોય છે.

'દુહા'ઓમાં ઋતુ-ઋતુના શેરડાઓ રેલાતા રહ્યા છે. સંસ્કૃતનાં પુરાતન કાળમાં જે સ્થાન અનુષ્ટુપે મેળવ્યું તે જ સ્થાન અપભ્રંશમાં દુહાએ મેળવ્યું છે. ફકત બે લીટીમાં માર્મિકભાવ પ્રગટાવી આપવાની શક્તિ દુહામાં છે. દુહાઓમાં બધા જ રસોનું વહન થતું જોવા મળે છે. તેમાં સચોટતા, માર્મિકતા, લાઘવતા અને અર્થવૈભવતાના ગુણો જોવા મળે છે. 'દુહો' એ સૌરાષ્ટ્રનો એક અનોખો કાવ્ય પ્રકાર છે. દુહામાં એક સાથે બુદ્ધિ, કલ્પના અને ઊર્મિની ત્રિવિધ એકતાની સુગંધ લહેરાતી જોવા મળી છે. દુહા જેવું સંક્ષિપ્ત, મિતાક્ષરી, સુઘડ, સારગર્ભિત, સચોટ અને સુગેય કંઠે રમતું બીજું કોઈ કાવ્ય સ્વરૂપ સાંપડયું નથી.

'દુહો' એ 'દશમો વેદ' છે. એ સાર્થક છે. દુનિયાના તમામ ડહાપણદારોની ચાતુરીભંડાર, પ્રેમિકાની અશ્રુનિઃશ્વાસ જુક્તિ-યુક્તિ, આમ તમામ ભાવો પ્રગટયા છે. જુદ્ધ ટંકાર પણ આ બે પંક્તિના ધનુષ્ય ચાપમાંથી અનેરો ઊઠયો છે. મંથન અને ચિંતનોનાં બિન્દુઓ પણ દુહારૂપી છીપમાં પડીને પૂર્ણ પાણીદાર મોતી શાં બન્યાં છે. તેથી જ તો દુહા માટે કહેવાયું છે કે-

'દુહો દસમો વેદ, સમજે તેને સાલે;  
વિયાતલની વેણ્ય, વાંઝણી શું જાણે!'

'દુહો' એ લોકકવિતાનું લાડીલું વાહન હતું. દુહાની દુનિયા નાની છે. ઉદેપુર, મારવાડ, સોરઠ જોધપુર કચ્છ, નાઘેર, પાંચાળ આદિના દુહાઓ આજે પણ પ્રખ્યાત છે.

'દુહા'ને 'દોહો', 'દવો', 'ડવો' કે 'દુવો' જેવા નામથી પણ ઓળખવામાં આવે છે. દુહામાં મોટેભાગે પ્રેમવાર્તા, વીરકથા, દિલાવરીની કથા, વિજોગ, મૃત્યુકથા આદિ વર્ણવાય છે. દુહો કંઠોપકંઠ જીવતો રહે છે.

## o દુહાના પ્રકારો

ચારણી સાહિત્યમાં પાંચ પ્રકારના દુહા પ્રચલિત છે. મોટો દુહો, તુંવેરી દુહો, ખોડો દુહો, સોરઠો, સાદો દુહો. આ ઉપરાંત કેટલાક છકડિયા, દોઢિયા, સાંકળિયા જેવા પણ છે.

દુહાઓમાં નામ વૈવિધ્ય પણ જોવા મળે છે. જેમકે (૧) વિષયવાચક દુહા, (૨) સંખ્યાવાચક દુહા વિષયમાં જુવાનીના, પહોરના, વારના, તિથિના, વારતા આદિ. જયારે સંખ્યાવાચકમાં વીસી, બત્રીસી, સતક, આ ઉપરાંત છંદવાચક પણ દુહાના નામ આપવામાં આવે છે.

## o દુહાનું વિષય વૈવિધ્ય

અન્ય કલાસ્વરૂપોની જેમ દુહાઓમાં પણ વિષય વૈવિધ્ય રહેલું છે. ભાવ વિષયને આલેખતા દુહાઓમાં પ્રેમ, વિરહ, રાગ, બોધ, સમજાણ, વિનોદ, ઈચ્છા, રિસામણાં, માતૃ પ્રશંસા, નિષ્ફળ જીવનની લાય, અતૃપ્ત ઝંખના, કોઠાજ્ઞાન, જાત-કજાત, ચોટદર્શન, અનુભવ આલેખન, અનાવૃષ્ટિના, દુકાળના, વીર પ્રશસ્તિના, યુદ્ધના, વીરતાના, શૌર્યતાના, મૃત્યુના, વિશ્વાસના, રૂપસૌંદર્યના, સમર્પણના, પ્રેમમાં બેવફાઈના, ઋતુવિરહના, પશુ-પંખીના વગેરે ભાત-ભાતના ભાવ દર્શાવતા સંખ્યાબંધ દુહાઓ જોવા મળે છે. રાજનો દાયરો દુહા વિના સૂનો લાગે છે. સૌરાષ્ટ્રના આંગણે શુભ પ્રસંગ હોય અને દુહા ન ગવાય એવું તો ભાગ્યે જ બને?

## o દુહામાં રસવૈવિધ્ય

આપણા કાવ્યાચાર્યોએ નવરસને કાવ્યના મુખ્ય રસો ગણાવ્યા છે. એમાં ખાસ કરીને શૃંગાર રસને 'રસરાજ' ગણાવ્યો છે. છતાં એક ખાસ વિશિષ્ટતા દુહામાં એ જોવા મળી છે કે ચારણીદુહાઓમાં 'વીરરસ' ને વધારે રસાધિક માન્યો છે.

'વીરરસ' માટે જયમલ્લ પરમારે એમના ગ્રંથ 'દુહો દસમો વેદ'માં નોંધ્યું છે કે-

'જયાં લગી ધડ ઉપર શિર હોય, હૈયામાં હિંમત હોય, અને હાથમાં તલવાર હોય ત્યાં લગી સિંહ, બાજ અને શૂર-નર અનાથ શાના?'[૫૩]

આવા વીરરસને આલેખતા અનેક દુહાઓ ગવાયા છે. આ ઉપરાંત શાંત, શૃંગાર, કરુણ, અદ્‌ભુત, રૌદ્ર કે ભયાનક રસને આલેખતા દુહાઓ પણ ચારણી સાહિત્યમાં પ્રચલિત છે.

## ○ દુહામાં અલંકારો

ડિંગણી સાહિત્યમાં દુહાનો પણ સમાવેશ થઈ જાય છે. ચારણી સાહિત્યમાં ભાવની પ્રધાનતા રહી છે. એથી અલંકારો ગૌણ સ્થાને છે. ચારણ કવિતાઓએ દુહાઓમાં રૂપક, ઉપમા અને ઉત્પ્રેક્ષા જેવા સમાનતામૂલક અલંકારો વિશેષ પ્રયોજાયા છે. સૌરાષ્ટ્રના ચારણોનું દુહા સાહિત્ય લોકાભિમુખ અને જીવનનિષ્ઠ રહ્યું છે. પરિણામે એના અલંકારોમાં લોકતત્ત્વ ભરપૂર પડેલું દષ્ટિમાન થાય છે. લોકજીવનની મૌલિકતા એની જીવનનિષ્ઠા આપોઆપ દુહામાં ખીલી ઊઠે છે જેમકે-

'ખેતર પાકયું કણસલે (મન) બેઠું માળે;

વળને વિજાણંદા, મને રોઝડાં રંઝાડે.'[૫૪]

યૌવનરૂપી ખેતર કણસલાથી ભરપૂર પાકયું છે ત્યારે મન માળે બેસીને ટોયાપણું કરે અને તોયે મને નાદાન લોકોરૂપી રોઝડાં રંજાડે છે. આવું લોકજીવન અને તેની લોકનિષ્ઠાનું સૌંદર્યપૂર્ણ આલેખન થયું છે. ચારણી દુહાઓમાં એક આગવી વિશેષતા એ રહી છે કે શબ્દ અલંકારોમાં 'વયણસગાઈ' એ એમનો લોકપ્રિય અલંકાર રહ્યો છે.

## ○ દુહામાં સૌદર્યદર્શન

લોકજીવન વધુ અંશે પ્રકૃતિપરાયણ હોય એમનું જીવન-ઘડતર પણ પ્રકૃતિ વચ્ચે જ ઘડાયું હોવાથી દુહામાં આવતા અલંકારો પણ પ્રકૃતિના જ રહ્યા છે. બોલચાલમાં વપરાતો ઉપમા અલંકાર પણ પ્રકૃતિનો જ રહ્યો છે જેમકે-

'ખેતર પાકયું ને કણ ઝરે' એ દુહામાં સીધી યૌવનની ઉપમા ન આપતા લોકજીવનનું એક સ્વચ્છ અને સમૃધ્ધ પ્રકૃતિ સૌંદર્યનું દર્શન કરાવે છે. જેની પાસે ખેતરના, ખેડના,

મોલાતના સંસ્કાર પડેલા હોય અને પ્રકૃતિ દૃષ્ટિ જ ચારેકોર પથરાયેલી હોય એવા લોકોના મુખે અવતરતા આવા દુહાઓમાં પણ પ્રકૃતિ સૌંદર્ય જ સોળે કળા એ ખીલે એમાં બે મત ન હોય. આવા દુહાઓ પેટ ભરીને માણી શકાય એવા છે તો એવી જ રીતે-

'મન બેઠું માળે' માં શૃંગારની સૌંદર્યતા બતાવી છે પણ શૃંગાર સંયમિતવાળો છે. મોલ પાકવા આવે ત્યારે સ્થાનિક-પરદેશી પંખીઓ ખેતરના મોલને બગાડે નહીં એ માટે જેમ ખેતરમાં ચાડિયા ખોડાય તેમ માચડા ઉપર (ઝાંકળિયા) ઉપર બેઠાં-બેઠાં કે ઊભાં-ઊભાં રખોપું કરાય એવું યૌવનરૂપી ખેતર પાકયું છે એવા યૌવનરૂપી ખેતરને નાદાન માણસો રંજાડે કે ખુવાર કરે એ પહેલા રખોપું કરતી યુવતી અને આપેલી મુદત પૂરી થાય એ પહેલા શેણી-વિજાણંદને બોલાવે છે. આ છે દુહાઓનું સૌંદર્યદર્શન.

### ૦ દુહાઓમાં પ્રદેશ દર્શન

લોકસંસ્કૃતિની એક આગવી વિશેષતા એ છે કે ભલે અનેક પરિવર્તનો આવે છતાં એની પ્રાચીનતાની છાંટ કયાંકને કયાંક સચવાતી રહે છે. આજે દુહાઓમાં ગુજરાતની પરંપરાગત વિભાગીય નામો ભલે બદલાયાં હોય પણ દુહાઓમાં પ્રદેશની વિશિષ્ટતા દર્શાવતી પરંપરા આજે પણ સચવાયેલી જોવા મળે છે. જેમકે- ગુજરાતની તાસીર રજૂ કરતા અનેક દુહાઓમાં ગુજરાત, પંજાબ, મારવાડ, જેસલમેર, આગ્રા, બિકાનેર અને કચ્છ, વાગડ જેવા પંથકો અને શહેરોની લાક્ષણિક વિશિષ્ટતાઓ છતી થાય છે જેમકે-

'દરિયા ઘેલો કરછડો, વેપારે ગુજરાત;
મહોબત-ઘેલા માનવી, એ ધરતી સૌરાષ્ટ્ર...૧
શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત,
વર્ષામાં વાગડ ભલો, કચ્છડો બારે માસ...૨
પંડિતકુ પૂર ભલી, જ્ઞાનીકુ પંજાબ;
મારવાડ મૂર્ખકુ ભલી, ઢોંગીકું ગુજરાત...૩'[૫૫]

આમ પાંચાળ, સોરઠ, હાલાર, બારાડી, ઝાલાવાડ, કાઠિયાવાડ, ભાલ, મચ્છુ, નાઘેર, ઓખામંડળ, કચ્છ, વઢિયાર, દંડાહી, મેવાસ આદિ પ્રદેશને વર્ણવતા દુહાઓમાં પણ એમની લોકસંસ્કૃતિનું દર્શન કરાવાયું છે જેમકે-

'એમનાં પ્રદેશ લક્ષણો એ ધીંગી ધરતીની વૃક્ષ, વનરાજીને, વેલીઓ, અઢારભાર વનસ્પતિ, અનેક ડુંગરા, ફૂલવાડિયું, નદીયું, સરોવરો, રસાળ ધરતીનું ઋતુ સૌંદર્ય, પાકતા ધાન-ધાન્ય અને પટાધર પુરુષો, શીલ સૌંદર્યથી શોભતી પદમણી નારીઓ, એમનાં વસ્ત્રાલંકારો, હથિયાર, રીતરિવાજો, માન્યતાઓ, દેવદેવલાં, દેવસ્થાનો, ભક્તિ, શક્તિ, નેક-ટેક, ઉમદા આતિથ્ય સત્કારની પરંપરા એવા માનવીનાં લક્ષણો- અપલક્ષણો પર દુહા અને સોરઠાઓએ સુંદર પ્રકાશ પાડયો છે.'[૫૬]

## ૦ સોરઠો

દુહાને અવળો કરી બનાવેલો સોરઠો પણ અતિ પ્રચલિત છે. સૌરાષ્ટ્રમાં સોરઠાનું વર્ચસ્વ અતિ મહત્ત્વનું છે. વાત-વાતમાં લડતા-ઝઘડતા કે વાદ-વિવાદમાં પણ દુહા-સોરઠાઓ ઝીંકવામાં આવતા દુહો એને સુખમાં અને દુ:ખ મનને મસ્ત રાખે છે. દુહો સોરઠો તો ઘણા પ્રાચીન સમયથી દડતો-દડતો લોકસાગરની લહેરે-લહેરે આવી લોકજીવનની વચ્ચે લહેરાયો છે. સૌરાષ્ટ્રના કે કચ્છના રાજપૂત યુગમાં ચારણ-બારોટો એ દરબાર અને દાયરામાં રાજા, શૂરા, સંત, સતી ને દુહામાં બિરદાવ્યા છે. દુહા-સોરઠાએ સારી એવી લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે. પ્રદેશ અને ઉચ્ચાર ભેદે નોખા નોખા દુહા લલકારાય છે.

આમ દુહો એ મનોરંજનનું નજીકનું હાથવગું હથિયાર રહ્યું છે. લોકવિદ્યાના ઘણાખરા ક્ષેત્રો આવા દુહામાં અભિવ્યક્ત થઈ ગયા છે. લોકજીવનના એક ખૂણે બેઠેલા સાવ અભણ પણ આંતરિક કોઠાસૂઝવાળા આવા જ્ઞાનીઓનો અનુભવ નીચોડ આવા દુહાઓમાં દૃષ્ટિ ગોચર થાય છે. તેથી જ એમ કહેવાય છે કે દુહાએ વાર્તાઓને પણ ટકાવી રાખી છે. દુહા ન હોત તો કથાઓ ન જીવત ગામડે-ગામડે, નેસડે-નેસડે કે મહેલાતો કે કૂબામાં, પહાડને

વગડે સાહિત્યના સૂર ન પહોંચત. ચારણોનો એક વર્ગ રાજદરબારીમાં ન વિચરતાં, લાલચોને વટાવી જઈ વનવાસી લોકજીવન તરફ વળ્યો અને દિલધડક કાવ્યાનંદ આપ્યો છે. જેના ઉત્તમ નમૂનાઓ આપણને શ્રી ઝવેરચંદ મેઘાણી સંપાદિત 'સોરઠી ગીતકથાઓ'માં અને હરગોવિંદ પ્રેમશંકર ત્રિવેદી સંપાદિત 'કાઠિયાવાડની જૂની વાર્તાઓમાં' જોઈ શકાય છે. આમ દુહાનું સ્થાન ઉત્તમ કોટીનું રહ્યું છે.

આ તો થઈ સૌરાષ્ટ્રના દુહા સાહિત્યની, દુહાઓ વિશે અનેક સાહિત્યકારોએ સૈદ્ધાંતિક ચર્ચા કરી છે. આવા દુહાઓનું ચલણ, કાઠિયાવાડ તરફ જ વધારે રહ્યું છે. આ પ્રકારનું દુહા સાહિત્ય દક્ષિણ ગુજરાતમાં જોવા મળ્યું નથી. આ જાતિમાં આવું દુહા પ્રકારનું ગેય સ્વરૂપ પ્રાપ્ત થયું નથી.

આમ દુહો એ નાના મોટા મેળાઓમાં અને વાર તહેવારોમાં હૃદયની ભાવના વ્યક્ત કરવાનું હાથવગું સ્વરૂપ છે. લોકસાહિત્ય સ્વરૂપોમાં દુહાનું સ્થાન ધ્રુવતારક જેવું છે. 'દુહો' એ આપણી સાંસ્કૃતિક વિરાસત છે તેને કદી ભુલાવી કે ઉથાપી ન શકાય.

## ૫.૪ જોડકણાં

જોડકણાંનો સીધો સાદો અર્થ જ આપણે 'જોડી કાઢેલા શબ્દો' એવો કરીએ છે. જોડકણાંમાં મોટેભાગે લય અને પ્રાસ સિવાય પદ્યના અન્ય અંશો ઓછા હોય છે. જોડકણાં જોડવાની પરંપરા પણ ખૂબ પ્રાચીન છે. આજે સમયની સાથે કેટલાંક જોડકણાં પરિવર્તનવાળા જોવા મળે છે.

'જોડકણાં' માં મોટેભાગે ઊર્મિનું તત્ત્વ નહિવત્ જેવું હોય છે. બાળ સહજ જેવી શબ્દરમત એટલે જ જોડકણાં એમ પણ કહી શકાય. આમ તો જોડકણાંને બાલકાવ્યનો એક પ્રકાર જ ગણવામાં આવે છે. મોટે ભાગે કોઈ પ્રસંગ, પાત્ર કે ચિત્રનાં જોડકણાં રચાતાં હોય છે.

દક્ષિણ ગુજરાતની ધોડિયા જાતિમાં સાહિત્યિક પ્રકારનાં જોડકણાં નથી પરંતુ મનોરંજન

અર્થે બાળરમતો રમતી વખતે બોલાતાં કેટલાંક જોડકણાં જોવા મળે છે. સૃષ્ટિનાં સર્જનમાં કોઈપણ બાબતની ખોટ વર્તાતી નથી તેમ સંસાર જીવનના દરેક પ્રાણીએ પોતાના મનોરંજન માટે અવનવાં ભાવસંવેદનો અચૂક ગાયાં છે તેમ આ જાતિમાં પણ બાળરમતો માટે કેટલાંક જોડકણાં મળે છે.

નવરાશની પળોમાં બાળકો હળી મળીને જુદા-જુદા પ્રકારની વિનામૂલ્યવાળી રમતો રમતી વખતે ઘરઆંગણામાં કે ઘરમાં બેઠાં-બેઠાં રમી શકાય એવી રમતો રમવા માટે લય અને પ્રાસબધ્ધ કેટલીક રચનાઓ બાળમુખે ગવાતી જોવા મળી છે. ભલે એમાં ઊર્મિ ન હોય છતાં શબ્દસમૂહમાંથી એનો અર્થ ચોકકસ વર્તાય છે. આવાં જોડકણાં રમત, પ્રસંગ કે બાબતને આધીન આપોઆપ જોડાઈ જતા અથવા પદ્યાત્મક રીતે ગોઠવણ કરીને મનોરંજન પ્રાપ્ત કરાય છે.

### ૫.૪.૧ ધોડિયા જાતિમાં ગવાતાં બાળરમતનાં જોડકણાં

બાળ રમતના આવાં જોડકણાંમાં મહત્ત્વની બાબતો છે પ્રાસ રચના. ઉખાણાંની જેમ એમાં પણ બધા જ શબ્દો સાર્થક નથી હોતા. રમત રમવા માટે બંધ બેસી જાય એવો ભાવ વ્યક્ત થઈ જતાં જોડકણાં પર્યાપ્ત બની જાય છે. આ જાતિની બાળરમતો વિશે પ્રકરણ આઠમાં વિગતે વાત કરી જ છે ત્યાં રમતની સાથે મળતાં કેટલાંક જોડકણાં પણ દર્શાવ્યાં છે જેથી કરીને અહીં ફરી પુનરાવર્તન ન કરતા આછેરી ચર્ચા કરીને કેટલાંક જોડકણાં નમૂના રૂપે મૂકવાનો આશય સેવ્યો છે જે નીચે મુજબ છે.

### ૦ ભિલ્લું નકકી કરવા માટે

આ જાતિનાં બાળકો જ્યારે રમતો રમવાની શરૂઆત કરે છે ત્યારે મોટાભાગની રમતો બે ટુકડીમાં રમાતી માટે બે ટીમ કરવા માટે ભિલ્લુ નકકી કરવામાં આવે છે. એ વખતે બે-બેની જોડીમાં બાળકો ગાતાં ગાતાં આવે-

‘અમે બે આયવા

શું શું નામ લાયવા

કોઈને જોઈએ આંબો કે આંબલી

આંબો.’

આમ બે ટીમમાં વહેંચાયા પછી રમતની મહેફીલ જામે.

### ૦ ખળીમાં રમાતી રમત

અનાજ કાઢી લીધાં પછી ખાલી પડેલી ખળીમાં કૃષકનાં બાળકો પકડદાવ રમે છે એ વખતે ગવાતાં જોડકણાં

‘ઈત્તા ઈત્તા પાણી

ગોળ-ગોળ ધાણી

એક દરવાજો તોડું કે

તલવાર લઈને મારું કે’

હાથની તલવારથી ગોળ કુંડાળું તોડીને દાવ આપનાર બાળક ભાગે દાવ લેનાર બધાં બાળકો પેલા બાળકને પકડી લે. આ પ્રકારનું બીજું એક જોડકણું. બધાં બાળકો એક બાળકના પગે ફણસની જેમ લાગી જાય. દાવ આપનાર બાળક લંગડી કરતું કરતું આવે અને જોડકણું બોલે.

‘ડોશી-ડોશી બોર ખાવા આવું કે?

આવને

કાળિયો કૂતરો કરડે કે?

ની કરડે

ડોસો લાકડી લે ને દોડે કે?

ની દોડે

લંગડી કરનારું બાળક નજીક લંગડી કરી જાય પછી બાળકના માથે પોતાની આંગળીથી ટીંચી બોલે-

‘કાચું કે પાકું

પાકું

કાચું કે પાકું

પાકું’

પછી એક બાળકને ઉઠાડી લઈ જાય. બીજાં બાળકો તેને છોડાવવા દોડે.

### ૦ ઘરમાં બેસી રમાતી રમતનાં જોડકણાં

આ રમતમાં મોટેભાગે કુંડાળામાં રમનારા ગોઠવાય જાય અને દાવ આપનાર એક ખેલાડી જોડકણાં બોલતા રમત રમાડે જેમકે

‘આનપાન પીપડી જમાડી જાન

એક જાન ભૂખી, થાળી ધોઈ ઊઠી

થાળીમાં તે ખોપરા ભાઈ તમારા છોકરાં

છોકરાં-બોકરાં સારા છે કે,

પિત્તર પગલાં પાડે છે.

આ ઘેર પેલે ઘર

ફલાણાં ભાઈનો ટીપ્યો.’

વારાફરતી દરેકના હાથે ટીપ્પો મારવામાં આવે.

‘ચણ-ચણ બગલી ચણાની દાળ

હું ચોખા તું મગદાળ

આવરે કાગડા કઢી પીવા.’

દરેક બાળક ચકલી જેમ દાણાં ચણવાનો ઢોંગ અભિનય કરે. એક બાળક કાગડો બને જેવો કાગડો બનેલું બાળક નજીક આવે કે બાળકો ચકલીની જેમ દૂર ભાગી વેરાઈ જાય જે બાળક પકડાય જાય તેના માથે દાવ આપવાનો વારો.

'ચકલી ચોખા ખાંડે

કાગડો પાણી ભરે

કાબર દરણાં દળે

મોર-ઢોલ નાચે

મારા ભકાભાઈને કીલી વીલી કીલી વીલી ગોટા.'

નાના બાળકને રડતું છાનું રાખવા ગલીપચી કરતી વખતનું ઉપરનું જોડકણું.

'ખાંડી મીંડી ધડિયા ગપ

બે બગલીની ચાંચ ચાટ'

બાળકનો દાંત પડી ગયો હોય ત્યારે બોખા દાંત વાળા બાળકને પજવવા માટે ઉપરનું જોડકણું ગવાય છે.

'ટાલ બોટો ટાંઉ-ટાંઉ

અડધી રોટલી ખાઉં-ખાંઉ.'

માથે ટકો થઈ ગયેલા બાળકનાં માથામાં મારીને ઉપરનું જોડકણું બોલી બાળકને ચિડવવામાં આવે છે.

'આંગોલી પાંગોલી

કાગડા ચબૂક...'

એક બાળકની હથળે નીચે બધાં બાળકો આંગળી રાખી. દાવ આપનાર બાળક હથેળી ઉપર આંગળી ફેરવતા ઉપરનું જોડકણું બોલે અને અચાનક પોતાની મુઠ્ઠી વાળી લે જે આંગળી પકડાઈ જાય તે બાળક આઉટ.

## ૦ પાણીની રમતમાં ગવાતાં જોડકણાં

પાણીની ડૂબકી મારીને પકડ દાવ રમતી વખતે પણ જોડકણાં ગવાય છે.

'આવડું હું?

ઈંડું

કોણે ફાયડું?

કાગડાના જમાઈએ

કાગડાનો જમાઈ કોણ?

ભગલો.'

અને ભગલા માથે દાવ આવે. ભગલો બધાં બાળકોને પકડવા દોડે જે બાળક પ્રથમ પકડાય તેના માથે દાવ.

આ ઉપરાંત આંગણામાં રમાતી રમતમાં નદી કે પર્વતની રમત રમતી વખતે

'અલ્લા ચલ્લા મોર ચલ્લા

રાજાના કુંવર બયરી પયણા

'ન' કે 'પ'

'ન' બોલતાં બધાં બાળકો ઢાળવાળા નદીવાળા ભાગ તરફ ભાગતા દોડી ઊભાં રહી જાય, અને પકડનાર બાળક પકડવા દોડે, એ જ રીતે પકડ દાવ રમતી વખતે આ પ્રકારનું જોડકણું ગવાય છે.

'આવડું હું?

ઈંડું

કોણે ફાયડું?

કાગડાએ

કાગડાનો જમાઈ કોણ?

તું ને તું

ઉપર હું?

આકાશ

નીચે હું?

ધરતી

આજુબાજુ હું?

ફૂલના ટોપલા.'

આટલું બોલી દાવ લેનાર બાળકો ભાગવા માંડે પકડનાર બાળક દોડે જે બાળક પકડાઈ તેને માથે દાવ આવે છે.

આમ, બાળકોનાં જોડકણાં ધીમે ધીમે ભૂંસાતાં જાય છે. હવે બાળકોને રમત રમવાનો ઝાઝો સમય મળતો ન હોવાથી આવી રમતો કે જોડકણાં આપોઆપ નષ્ટ થઈ જાય છે અને આધુનિક રમતો તેનું સ્થાન લે છે. આદિવાસી જાતિઓમાં પણ આજે શિક્ષણ, ટીવી ચેનલો અને શહેરીકરણના માધ્યમને લીધે આવી રમતો ભુલાતી ગઈ છે અને ક્રિકેટ વોલીબોલ ચેસ, ફૂટબોલ જેવી મોંઘી રમતો રમાતી થઈ છે.

## ૫.૫ સુભાષિતો

સંસ્કૃત સાહિત્યથી સચવાઈને આવેલું એવું પદ્ય સ્વરૂપ તે સુભાષિતો છે. બે કે ચાર પંક્તિઓમાં નિર્વ્યાજ જ્ઞાન અને ઉપદેશ આવા સુભાષિતો જ આપતા રહ્યા છે.

મનુષ્ય જાતિ બે બાબતોથી વધારે સંસ્કારી બને છે. એક ઉચ્ચ જ્ઞાન અને બીજું રૂઢિ કે પરંપરાની સંસ્કારિતાથી શિક્ષણ એ મનુષ્યની ત્રીજી આંખ છે. પહેલાના સમયમાં શિક્ષણની આવી સગવડો ન હતી. એટલે ગરીબ કે સામાન્યજન ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરી શકતો નહીં તેવા

સમયે પ્રાચીન સમયમાં કહેવાતા સુભાષિતોનો આશ્રય લઈને જ્ઞાન અને ઉપદેશ આપવામાં આવતું.

ઈશ્વરના દરબાર સૌ કોઈ સમાન છે નથી કોઈ ઉચ્ચ કે નથી કોઈ નીચ-અમીર કે ગરીબ સૌને સરખું જ્ઞાન અને ઉપદેશ આપવાનું કાર્ય આપણા સંસ્કૃત સાહિત્યના સુભાષિતોએ કર્યું છે. જગત કેવું છે. જગતમાં કેવા કેવા લોકસમૂહો વસે છે. આવા વૈવિધ્યસભર સમાજને એક સમાન ગણાવવાની કે પછી જગતમાં સૌની દિશા ગતિ સરખી છે એવા ભાવ નિર્દેશો કરાવવાની તેમજ લોકજીવનમાં સંપ, પરિશ્રમ, નમ્રતા, આદર્શ, સમાનતા, પ્રીતિ, મિત્રતા, વીરતા, પરોપકારીવૃત્તિ જેવાં અનેક ભાવોને આલેખતા જ્ઞાન અને ઉપદેશનો મહિમા આપણાં સુભાષિતોમાં થયેલો જોવા મળે છે.

સુભાષિતમાં ઉપદેશાત્મક વાત કે કયારેક સત્ય હકીકતને અસરકારક રીતે દર્શાવાય હોય છે. અને જનસમાજને એના થકી એક સચોટ ઉદાહરણ પૂરું પાડે છે. સુભાષિતો જીવનના વિકાસમાં પ્રેરણારૂપ છે. પ્રાચીન સમયમાં આવાં સુભાષિતો કોઈ એકના મુખે રચાયાં નથી. પણ અનુભવના નિચોડ રૂપે પ્રયોજાયાં હોય એવા સાક્ષાત્કાર કરાવે છે.

પ્રાચીન સમયમાં ધર્મના ઉપદેશો આપતી વખતે કોઈ અજ્ઞાનીને જ્ઞાન આપતી વખતે તેમજ રાજાનાં કુંવર-કુંવરીના જ્ઞાનમાં વધારો કરતી વખતે આવાં સુભાષિતોનાં ઉદાહરણો ટાંકીને તેમને વધારે બુદ્ધિવાન બનાવવામાં આવતા. આવા ઉપરોક્ત ભાવોને વ્યક્ત કરતાં કેટલાંક સુભાષિતો નમૂના રૂપે મૂકયાં છે.

૧. ગરીબ કે ધનવાનને ગણવા સર્વ સમાન;
જગફૂલવાડી ઈશની પ્રભુનાં સહુ સંતાન.

૨. જલાવી જાતને ધૂપ, સુવાસિત બધું કરે;
ઘસીને જાતને સંતો, અન્યને સુખિયાં કરે.

૩. નમતાથી સૌ કોઈ રીઝે, નમતાને બહુમાન;

સાગરને નદીઓ ભજે, છોડી ઊંચા સ્થાન.

૪. મિત્ર એવો શોધવો, ઢાલ સરીખો હોય;

સુખમાં પાછળ પડી રહે, દુ:ખમાં આગળ હોય.

૫. હંસા પ્રીતિ ક્યાંયની, વિપત પડે ઊડી જાય;

સાચી પ્રીત શેવાળની, જળ ભેગી સુકાય.

૬. પીપળ પાન ખરંતા, હસતી કૂપળિયા;

મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુળિયા.

૭. ભણતાં પંડિત નીપજે, લખતાં લહિયો થાય;

ચાર ચાર ગાઉ ચાલતા, લાંબો પંથ કપાય.

૮. જૂઠું કદી ન બોલવું, તજવું આળસ અંગ;

હળીમળીને ચાલવું, રૂડો રાખો સંગ.

આમ સુભાષિતોમાં જીવનઉપયોગી ભરપૂર જ્ઞાન-ઉપદેશ આલેખાયા હોય છે. સુખી જીવન જીવવા માટે જરૂરી પ્રેરણારૂપ વાતો સુભાષિતોમાંથી મળી રહે છે. ઉપરોક્ત તમામ સુભાષિતોમાં જીવનના એક-એક જીવંત પૂંજી ટાંકી છે. જેમકે મનુષ્યની સમાનતા, બલિદાન (પરોપકારી વૃતિ) નમ્રતા, અભિમાન, ત્યાગની, પરસ્પર સહાયની, અનોખી પ્રીતની, વારાફેરાની, (સમયની બલિહારી) ધીરજ (ધૈયતાની) અને સત્યતા આદિ કુનેહભરી જ્ઞાનની કોઠી ઠાલવી છે. આવાં સુભાષિતોને જીવનમાં ઉતારવામાં આવે તો જગતનું ઘણું દુ:ખ આપોઆપ ઓછું થઈ જાય.

જો કે આજના આધુનિક યુગમાં અને મલ્ટીમેક્સ દુનિયામાં આવી જ્ઞાનની અજ્ઞાનતા વધતી જાય છે. સ્વની ઓળખમાં આવું જ્ઞાન ધીમે ધીમે વિસ્મીભૂત બનતું જાય છે.

## ૫.૬ ઉખાણાં

આબાલવૃદ્ધ સૌ કોઈને ગમે તેવો લોકસાહિત્યનો એક પ્રકાર એટલે 'ઉખાણાં: બાળકનું સૌથી ચાહિતું (લોકપ્રિય) પદ્ય પ્રકાર એટલે 'ઉખાણું' દક્ષિણ ગુજરાતની ધોડિયા જાતિમાં 'ઉખાણાં' 'ઉખાણેં' જેવા શબ્દ પ્રયોજનથી ઓળખાતા પદ્ય સાહિત્યનો વિપુલ ખજાનો હવે ધીમે ધીમે લુપ્ત થતો જાય છે. પ્રથમના સમયમાં નવરાશની પળોમાં, ઢોરાં ચારતી વખતે સરખે સરખાં ગોવાળો વચ્ચેની હરીફાઈમાં, રાતે ખુલ્લા આકાશ નીચે કુંડાળે બેઠેલાં બાળકોમાં કે ચોરે-ચૌટે બેઠેલા વૃદ્ધોમાં આવાં નીતનવાં ઉખાણાંઓ એમની જ લોકબોલીમાં કહેવાતા અને રમુજી વાતાવરણ ઊભું કરાતું.

'મનોરંજન માટેના લોકભોગ્ય સાહિત્ય પ્રકારોમાં મુખ્યત્વે ગોષ્ઠી-વિનોદના ધ્યેયવાળું, જિજ્ઞાસાને જાગૃત કરનારું, બુદ્ધિ ચાતુર્યના માપદંડ સમું, ધર્મ કે વ્યવહારની, કસોટીરૂપ, કાલક્ષેપ કે કસોટી માટે હાથવગું બની ચૂકેલું, ઘરઘરની મૂડી રૂપે પરંપરાથી ઊતરી આવેલું અબાલવૃદ્ધ સૌને ભાગ લેવા પ્રેરતું, પ્રશ્નોત્તર પ્રકારનું સાહિત્ય ને આપણાં ઉખાણાં.'[૫૭]

સંસ્કૃતમાં ઉખાણાંને 'પ્રહેલિકા' તરીકે હિન્દીમાં 'પહેલી' અંગ્રેજીમાં 'Riddle' તરીકે તેમજ સૌરાષ્ટ્રમાં 'વરત' તરીકે ઓળખાતું આ સાહિત્ય ગદ્ય અને પદ્યમાં કહેવાય છે. આ ઉપરાંત અગાઉના સમયમાં આખ્યાનો કહેવાતાં ત્યારે આખ્યાનમાં નાયક-નાયિકાના જ્ઞાનની કસોટીરૂપે કેટલીક દૃષ્ટાંતકથા કે ઉપાખ્યાનો કે આડકથાઓ કહેવાતી. આવા ઉપાખ્યાન ઉપરથી પ્રાકૃતમાં 'ઉપક ખાયણ' શબ્દ પ્રચલિત થયો અને સમય જતા તેના ઉપરથી ગુજરાતીમાં 'ઉખાણું' શબ્દરૂપે ઓળખાતો થયો.

માનવજીવનમાં અસંખ્ય ભાવો અને જીવન જરૂરિયાતો એવા પ્રકારના છે કે જેને પ્રગટ કરવામાં કયારેક જોખમ લાગે કે ગુપ્ત રાખવાની ઈચ્છા જાગે ત્યારે આવી વાતને ગુપ્ત રીતે અભિવ્યક્તિ કરવાની આવી કળાઓ વિકસી હશે. કદાચ આવી જરૂરિયાતોમાંથી જ આપણા વૈવિધ્યસભર ઉખાણાંઓ ઉદ્ભવ્યા હશે? આ બાબતને સમર્થન આપતા ડો. ફ્રેઝર લખે છે કે-

'જયારે વકતા જે કોઈ કારણસર કોઈ વાત સ્પષ્ટ શબ્દોમાં કહેતા કોઈ અડચણ પડી હશે ત્યારે ઉખાણાંની સરજત થઈ હશે.'[૫૮]

સંસ્કૃતમાં 'પ્રહેલિકા' તરીકે પ્રચલિત આ સ્વરૂપના મૂળ ઠેઠ ૠગ્વેદમાં છે. પ્રહેલિકાનો સીધો સાદો અર્થ છે. 'ગુપ્ત આશયવાળું પદ.' ૠગ્વેદના આઠમા મંડળનું ઓગણીસમું સૂકત પ્રહેલિકાના સ્વરૂપનું ઉદાહરણ છે.

'અમરકોશ' (૩૨૨) મુજબ प्रवह्निका प्रहेलिका. હેમચંદ્રાચાર્ય 'અભિધાન ચિંતામણી કોશ'ના બીજા કાંડના શ્લોક ૨૫૯માં એજ વ્યાખ્યા આપે છે. 'પ્રવહલ'નો અર્થ છે. આચ્છાદન કરવું, છુપાવવું ગૂઢાર્થકથન તે પ્રહેલિકા.'[૫૯]

દૃષ્ટાંતમાંથી 'કોયડા'નો અર્થ લઈને આવેલો ઉખાણાં શબ્દ સંક્ષિપ્ત અને ગૂઢ હોવો એ એનું મુખ્ય લક્ષણ ગણાવાયું છે. કોઈ વણકહ્યા વિષય ઉપર એવી રીતે રજૂઆત કરાય કે કહેનાર અને શ્રોતા એમાં છુપાયેલા ગૂઢ અર્થને શોધી કાઢવા ઉત્સુક બને છે. આવાં લોક ઉખાણાં એ લોકજીવનના શતાબ્દીઓથી જીવન વહેવારમાં કહેવાતા આવ્યા છે અને અનુભવના નીચોડ રૂપે જ્ઞાન-ગમ્મત પીરસે છે.

'ઉખાણાં' ગદ્ય અને પદ્ય બંનેમાં કહેવાય છે. પ્રાસ રચના સાચવવી એ એનું આગવું લક્ષણ છે. તેથી તે ભાવવાહી બને છે. કોઈપણ વસ્તુ કે પદાર્થ માટે ઉખાણું પૂછાય છે ત્યારે જે તે વસ્તુ-પદાર્થનું વર્ણન કરવામાં આવે છે. આ વર્તન સીધા-સાદા અને સરળ બાનીમાં ન આલેખાતા એક વિશિષ્ટ પ્રકારનું વ્યંગ્યાત્મક કે ચિંતનાત્મક પ્રકારનું હોય છે. આવાં વર્ણનો પરથી અર્થ શોધવા માટે ઘણી બુદ્ધિ કસવી પડે છે. કયારેક તો સામાન્યમાં સામાન્ય અર્થ પણ શોધી શકવામાં અસમર્થતા દેખાય છે અને ઉખાણું શોધવામાં ગૂંચવણ અનુભવાય છે. એમાં જ એનો ખરો આનંદ સમાયેલો હોય છે.

ઉખાણાંમાં વપરાતા બધા જ શબ્દો સાર્થક હોતા નથી. પરંતુ પ્રાસ અનુસાર જોડાતા આવ્યા છે. ઉખાણાં એ અસ્પષ્ટ અને અધૂરા હોય છે. એ એની આગવી વિશિષ્ટતા છે.

એમાં બૌદ્ધિક કુશળતાની સવિશેષ જરૂરિયાત રહે છે. ઉખાણાં માનસિક કસરત પણ કરાવે છે. દરેક લોકબોલીમાં ઉખાણાં હોય છે. કેટલાંક લોકસમાજમાં વિવિધ પ્રસંગોએ ઉખાણાં પૂછવાનો રિવાજ હોય છે. અવધિમાં લગ્ન પ્રસંગે જમાઈને પહેલી રુપે છંદ પૂછવામાં આવે છે. જો એ વખતે પૂછેલી પહેલીનો જવાબ જો સાચો ન આપી શકે તો જમાઈની બુદ્ધિ કક્ષા કેવી છે તે નકકી થઈ જાય છે. ઉત્તર ગુજરાતમાં લગ્ન વખતે જાન જમે ત્યારે ઉખાણાં પૂછાતાં. જેને 'વરત' તરીકે ઓળખાવતા. પહેલા એવો રિવાજ હતો કે જાનવાળા જવાબ ન આપી શકે તો જાન જમાડવામાં આવતી નથી. હવે આ રિવાજ નથી.

પહેલાના જમાનામાં પટેલ કોમમાં 'શલોકો' પૂછવાની પરંપરા હતી. જાન મંડપમાં આવે એટલે સાસુ જમાઈ પાસે 'શલોકો' પૂછવાની પરંપરા હતી જાન મંડપમાં આવે એટલે સાસુ જમાઈ પાસે 'શકોલો' ગવડાવતી તેના ઉપરથી જમાઈની વાકછટાનો ખ્યાલ આવતો અને જમાઈ બોબડો, તોતડો કે મૂંગો નથી તેની પરખ થઈ જતી, આવાં ઉખાણાં માટે શ્રી રામ નરેશ ત્રિપાઠી લખે છે કે-

'બુદ્ધિ પર જ્ઞાન ચડાવવાનું યંત્ર છે તે સ્મરણ શક્તિ અને વસ્તુ જ્ઞાન વધારવાની કળા છે.'[૬૦]

## ૫.૬.૧ધોડિયા જાતિમાં કહેવાતાં ઉખાણાં

પરિશ્રમ કરનારો માનવ સમુદાય પરિશ્રમની સાથે અને કયારેક ફુરસદના સમયે આવાં ઉખાણાં વડે મનોરંજન પ્રાપ્ત કરતા ધોડિયા જાતિના એક સ્વર્ગસ્થ વડીલ આજથી પચ્ચીસેક વર્ષ પહેલાં એમ કહેતા કે 'ઉખાણે તે રાનામાં આખાય યે ઉખાણેં તે કાંઈ કામને નાંય. રાનામાં તે રાત પડેને રોટલાં ખાય ને જંગરા હળગાવીને પાંઠી ઉખાણે આખે તે ઉખાણેં હાચે.'[૬૧]

ઉખાણાં એટલે જ્ઞાન સાથે મનોરંજન મેળવવાનું હાથવગું સાધન. દરરોજ વપરાશની ચીજો, અનુભવેલી બાબતો પરથી બુદ્ધિશાળી લોકો તરત જ ઉખાણાં જોડી કાઢતાં હોય છે અને વખત જતાં આવાં ઉખાણાં જ પરંપરારૂપે પેઢી-દર પેઢી ઉતરી આવે છે. માનવીના

ચિંતનાત્મક અને ગોપિત બુદ્ધિનું સાચું દર્શન ઉખાણાંમાં થાય છે. આવાં ઉખાણાને આપણા વિદ્વાનોએ જુદાં જુદાં વર્ગીકરણો આપ્યાં છે. પરંતુ આવાં વર્ગીકરણો થોડાં પાખાં લાગે છે. જેમકે- ડો. સત્યગુપ્ત નીચે પ્રમાણે પાંચ વર્ગીકરણને ગણાવે છે.

૧. શરીર સંબંધી

૨. જીવ સંબંધી

૩. પ્રકૃતિ સંબંધી

૪. ખાનપાન સંબંધી

૫. પ્રકીર્ણ[૬૨]

ઉપરોક્ત દર્શાવેલ વર્ગીકરણ પ્રમાણે આ જાતિમાં પણ ઉખાણાંઓ પ્રાપ્ત થાય છે. શ્રી મંછારામ પટેલે એમના સંશોધન ગ્રંથમાં ૨૧ વિભાગોમાં ઉખાણાંને મૂકયાં છે. આ જાતિની સંસ્કૃતિને આધારે રચાયેલ એવા અનેક પ્રકારનાં ઉખાણાંઓ કહેવાતાં જોવા મળ્યાં છે.

ડો. કૃષ્ણદેવ ઉપાધ્યાય પણ સાત વિભાગમાં ઉખાણાંને વર્ગીકૃત કરે છે.

૧. ખેતી સંબંધી

૨. ભોજન-પદાર્થ સંબંધી

૩. ઘરેલું વસ્તુ સંબંધી

૪. પ્રાણી સંબંધી

૫. શરીર સંબંધી

૬. પ્રકૃતિ સંબંધી

૭. પ્રકીર્ણ.[૬૩]

દક્ષિણ ગુજરાતના ધોડિયા જાતિનાં લોકોમાં ઉખાણાં પૂછતી વખતે એક નોંધવા

જેવી બાબત એ જોવા મળી છે કે ઉખાણાં પૂછનાર જે તે ઉખાણાંનું વર્ણન કરી ગયા પછી છેલ્લે 'તી કાં?' (તે શું?) એવો શબ્દ પ્રયોગ કરે છે.

ઉખાણાં વૈદિકકાળથી પૂછાતાં આવ્યાં છે. જેનાં ઉમદા ઉદાહરણો, રામાયણના અશ્વમેધયજ્ઞમાં છે, ઉપનિષદમાં નચિકેતા-યમ સંવાદમાં છે, મહાભારતમાં યક્ષ અને યુધિષ્ઠિર સંવાદમાં છે, સંસ્કૃતમાં પણ આવાં ઉખાણાં છે જે પ્રહેલિકા તરીકે ઓળખાયાં છે. એવી જ રીતે ગુજરાતી મધ્યકાલીન પદ્યવાર્તામાં શામળના હાથે અનેક સમસ્યાઓ લખાયી છે તો ગ્રીક વાર્તામાં પણ મહાકાય પક્ષીના પ્રશ્નોના જવાબ આપનારને રાજા ઘોષિત કરવાની પરંપરામાં છે. આવાં ઉખાણાંના માધ્યમ વડે મનુષ્યની બુદ્ધિમાં અનેક ઘણો વધારો કરવાની પરંપરા રહેલી છે. આવાં જ્ઞાનવર્ધક ઉખાણાં આ જાતિમાં પણ કહેવાતાં જોવા મળ્યાં છે. જેમાં ખેતીનાં સાધનોને લગતાં અનાજ-કઠોળને લગતાં, પશુપંખીને લગતાં, ફળ-ફૂલને લગતાં શાકભાજીને લગતાં, વૃક્ષ-વેલાને લગતાં, ચીજવસ્તુઓને લગતાં, ઘરવખરીને લગતાં, શરીરને લગતા આદિ ઉખાણાંઓ કહેવાતાં મળે છે જે નીચે મુજબ છે.

**○ ખેતીનાં સાધનોને લગતાં**

ખેતી પર નભનારી આ જાતિમાં ખેતીને લગતી કેટલીક સાધન સંપત્તિ હાથવગી ઘરમાં દેખાતા તેના ઉપર પણ કેટલાંક ઉખાણાં જોડેલા જોવા મળ્યાં છે.

૧. 'બે લબડે ને બે ગબડે = બળદ ગાંડાને ટેકનાર લાકડી, પૈંડા (બળદગાડું)

૨. લાંબી દાંડી લટપાટ, તીન ડોયે દહ પાગ = હળ, બે બળદ, એક ખેડૂત મળી ત્રણ માથાં, દસ પગ (ત્રણ મળી)

૩. ભુંજાયેલી કૂકડી ડાળી ડાળી ફીરે = ધારિયું

૪. વાંકો ચૂકો બાવળિયો, તેપાર બઠો હોલો; માંણો ઉખાણો નાંઈછોડે, તેણો બાહ ધનજી ઢોલો = ચિચુડો, જુવારનું કણસલું

૫. ટીપી ટીપીને વાંકા કરે, તોયે સરસર વેંતરે = દાતરડું

૬. તળે હાક, વચ્ચે માહને ઉપાર આંતડે = ધોઘડાં = ધોઘડું = વરસાદમાં ઓઢવાનું સાધન.

૭. કમરી જાળોમાં ગોઈ, પુંસડી મ્હાણા હાથામાં રહઈ. = ધારિયું કે કુહાડી.

**૦ અનાજ-કઠોળને લગતાં**

આખા વરસનું આછું-પાતળું કઠોળ પકવવાવાળી આ જાતિમાં એને લગતા પણ કેટલાંક ઉખાણાં જોડી કાઢેલા જોવા મળ્યાં છે.

૧. હલ્લો હોટો ને ઉપાર ગોઠો = જુવારનું કણસલું

૨. નાલ્લીહી પોહી ને ઘૂંટાણામાં ગાભાણી = મકાઈ

૩. માય બળે ને દીકરી ચડે - તુવેર

૪. એકા ચપટે તે હજારાયી ખબાર પડે = રાંધેલો ભાત

૫. નામે ચોખો, દેખાવે ચોખ્ખો; પુણ દાળ મીળે તે, ઉવે સગડો = ખીચડી

ઉપરોક્ત ઉખાણાં લોકબોલીમાં છે. જુવારના છોડ ઉપર કણસલું માળા જેવું લાગે તેનું વર્ણન છે. બીજામાં મકાઈના છોડમાં વચ્ચે (ઘુંટાણે) મકાઈ આવે તેની વાત કરી છે. જયારે ત્રીજા ઉખાણામાં તુવેરની કરસાટી બાળીને તુવેર (કઠોળ) બાફવાની વાત કરી છે. જયારે ચોથા અને પાંચમામાં રાંધેલા ચોખા બરાબર ચડી ગયા છે કે નહીં તે જાણવાની બુદ્ધિને આલેખી છે તો નામથી ચોખ્ખો લાગતો ભાતનો દાણો (ચોખો) કેવો ગંદો બને તેની પણ વાત કરાયી છે.

**૦ પશુપંખીને લગતાં**

પ્રકૃતિના સાંનિધ્યમાં ઉછેર પામેલા અને પ્રકૃતિ સાથેનો કાયમનો નાતો જોડનારી આદિવાસી જાતિમાં પ્રકૃતિનાં પશુ-પંખીને જોડીને કહેવાતી કેટલીક જ્ઞાનવર્ધક, બુદ્ધિમત્તાવાળાં ઉખાણાંઓ દેખાય આવે છે.

૧. વાડે વાડે ગોખલા નાણભાઈ એકલા = સસલું

૨. લીલો પૂળો આકાશમાં ઉડે = પોપટ

૩. ચાર ચાલા, બે ભાલા, એક માખમારિયું = બળદનાં બે શિંગડાં ચાર પગ, એક પૂંછડી.

૪. ભલ્લા મેદાનમાં દૂધાયા ટીપાં = બગલો

૫. નાલ્લીહી પોરી પુણ ઉખેડ પટેલાયતાં કામે જાય = ઉકરડો ખોળતી મરઘી

૬. ગમે તુલા પાણી નાંખે તોયે હૂકા = મરઘીનું પીછું

## ૦ પ્રકૃતિને લગતાં

ઈશ્વરસર્જિત પ્રકૃતિનાં વિવિધ તત્ત્વો આમેય સુંદર છે, જોવા ગમે છે છતાં આવાં સુંદર તત્ત્વોને ઉખાણાંમાં ગોઠવીને અતિ સુંદર બનાવવાની અભિપ્સા દેખાય છે જે નીચે મુજબ છે.

૧. આયતી હી ઢોલકી પુણ બેય ધૂણ પોલકી = મહુડાનું ફૂલ

૨. રાજાએ પેટામાં રાણી, રાણીયે પેટાંમાં પાણી = નાળિયેર

૩. ડુંગારાઈ પોહી, દરિયાથી ડોહાડી = નદી

૪. પડી પડી પુણ તૂટે નાંય, ટુકડે ઉને બે ચાર, પાંખ વગર ઊડી ગોઈતી કા? = વિજળી-રાત્રી.

૫. ડોસો ડોસીએ પાહે ગરાજનો તે ડોસી રડું લાગની = વરસાદ

૬. મૂઠી જહો માટીડો પુણ પોવે ડંગડે દશ-બાર = કાંદો

૭. આવે ત્યાર લીલી દંગડી, જાય ત્યાર પીળી દંગડી = કેળ

૫. નગારામાં નાગી ફિરે, જંગલોમાં પોવે ચીર, દુકાને આવે તે પોહા ચાવી, મુંઈ રંગે = સોપારી

૬. બાહ બહી રઈ ને દીખરી ગાલ્લે ગાલ્લે ફિરે = કેરી

૭. આગળ ચાલે વેલજીડો, પાછળ ચાલે ફૂલજીડો તેણે પાછળ ચાલે ઢોલીડો = કોળું

૮. ચાંદ પુસે, સુરાજ પુસે, બાર વરહે ફૂલ આવે તાણાં નાંવ કા? = વાંસનું ફૂલ

૯. બાહ બાર ને દીકરી અંદાર = ગોટલાની ગોટલી

૧૦. એક ભાઈ ઉઘાડે, એક ભાઈ બંધ કરે = સૂરજ-ચંદ્ર = રાત-દિવસ

૧૧. વાડે-વાડે લોઈનાં ટીપાં = ચણોઠી

૧૨. સૂકાયેલા છેણાં ગબેડીએ ફીરે = કાચબો

૧૩. જા જાય તાં હાથે ને હાથે = પડછાયો

૧૪. વીણ્યા વીણાય નાંઈ, ગણ્યા ગણાય નાંય તોયે આભલીમાં માંય નાંય તી કાં ? = તારા

૧૫. બાયળો બાળાય નાંય, કાયપો કાપાય નાંય ઊંચકયો ઊંચકાય નાય તીકાં ? = પડછાયો

૧૬. બલ બહેનલો ને ઓછેડો ચરું જાય = કોળાનો વેલો.

૧૭. નાલ્લીહી પોહી બધાં રડાવે = ડુંગળી

૧૮. નાલ્લીહી કોથળીમાં હાય-હાય રૂપિયા = મરચાનાં બી

૧૯. નાલ્લી અમથી પોહી હાત દંગડીયા પોવે = લસણ

### o **જીવજંતુ ને લગતાં**

મનુષ્યની આસપાસ વસેલી જીવસૃષ્ટિ સાથે પણ મનુષ્યનો અજોડ નાતો રહ્યો હોવાથી ઉખાણાંમાં એમણે આવા નજીવા જીવ જંતુને પણ ગૂંથ્યાં છે જેમકે-

૧. આઠ પાગે આડો ચાલે, વગાર ડોયે ડોળા કાઢે તી કા? = કરચલો

૨. નાલ્લી અમથી પોહી રાજાએ ભાણે જમે = માખી

૩. જરા અમથી પુણ રાજાયી પાઘડી ઉતરાવે = જૂ

૪. કાળા જંગલામાં કાળી ભેંહ ચરે = જૂ

૫. નાલ્લા હા જંગલામાં લાલ ટેકસી = જૂ

૬. જૂલે ચાલે ટૂલે થૂંક કાઢે = લાળિયું

૭. વગાર જાને ગીત ગાય = તમરો

૮. કાળી કૂકબાઈ, પીંજરો માવજી, લાંબો મેરવાન વખાત આવે તિયારે જ દેખાય = માછલી, દેડકો, પાણી સાપ

૯. બાર મહિનાઓ એકી જ ગોવાળ = સૂર્ય

## ૦ ઘર વખરીને ચીજને લગતાં

ઘર વપરાશની કેટલીક ચીજવસ્તુઓનો લાંબો અનુભવ મેળવ્યા પછી એ અનુભવના નીચોડ ને ઉખાણાંરૂપે મૂકવાનો પ્રયાસ પણ સારો રહ્યો છે. વપરાશમાં આવતી કેટલીક કાયમી ચીજવસ્તુને ધ્યાનમાં રાખીને પણ ઘણાં ઉખાણાં કહેવાયાં છે જેમકે-

૧. બાવો પાતાળમાં ને બાવાયી ચોટલી માણાં આથા માં = ઘડો અને દોરડું

૨. એક ભાઈ ચડે ને એક ભાઈ ઉતરે = રોટલો

૩. નાલ્લીહી પોહી ને આથ વેંત જહો સેંડો = સોય-દોરો

૪. આઠ હાડકે ને ટોપલો ભરી આંતેડે = કાથાની દોરીવાળો ખાટલો

૫. ચાર ભાઈ ઊભાંને ચાર ભાઈ આડા = પલંગ (ખાટલો)

૬. માય કાંગલા ડોબા વાડ મોડે = જોડા

૭. માય લટકે તાંય ને દીખરી ભટકે તાંય = તાળું ને ચાવી

૮. એક હિંગડાયા ભેંહડા, લાખે તુલા ખાય = ઘંટી

૯. રાત-દિ ફીરીયા કરે તોય ભંગે નાંય = ઘંટી

૧૦. નાલ્લી હી બંગલી પુણ કેથે નાંય કાંણા = ઈંડું

૧૧. બધેં બધેં નાહી ગુવે ને ભૂરો બાવો રઈગો = ચૂલો

૧૨. બધે બધે નાહી જાય ને જાડી ભાભી રઈ જાય = માટીની અનાજ ભરવાની કોઠી

૧૩. એક ભાઈ અહો કા બોલતો જાય ને પાણી પીતો જાય = ઘડો

૧૪. એક જનાવર એવું કે પૂંછડે પાણી પીતું = દીવો

૧૫. ધોળો વાન લીલી પાઘડી = મૂળો

૧૬. આ ડૂબે ને પણે (ત્યાં) નીકળે = સોય

૧૭. બધે બધે ફીરી આવે ને બારણે આવીને અટકી જાય = ચંપલ-જોડા

૧૮. બધે બધે ફરી આવે ને બારણાને ઓથે આવી ડોકવે = ગોવાળિયાની લાકડી

૧૯. આઈજી બેઠાં, બાઈજી બેઠાં કેમ ભાભીજી તમે ઊભાં = સાવરણી

૨૦. એધે જાય તેધે જાય, ભદ દેઈને બહી પડે = સાવરણી

૨૧. નાલ્લી હી ફોટકી આખા ઘર હારવે = દીવો

ઉપરોક્ત ઉખાણાંની તમામ ચીજવસ્તુઓ આપણને રોજિંદી ઉપયોગમાં આવતી હોવાથી આવી ચીજવસ્તુને ગૂંથીને જીવનમાં તેનું કેવું મહાત્મ્ય છે તે પણ દર્શાવે છે. કોઈ વસ્તુ જીવનમાં નકામી નથી તેનો સારાસાર પણ સમજાવે છે.

## ૦ શરીરને લગતાં ઉખાણાં

શરીરનાં અંગોને ધ્યાનમાં રાખી ઉખાણાં વડે તેનું મહત્ત્વ બતાવ્યું છે. જીવનમાં ઉપયોગી શરીરનાં અંગોની મૂલવણી ઉખાણાં રૂપે કરેલી જોવા મળી છે.

૧. નાલ્લીહી દાબડીમાં બત્રીસ રાજા = દાંત

૨. નાલ્લીહી વાડકીમાં બત્રીસ દેવ = દાંત

૩. એક દાબડીમાં બત્રીસ બ્રાહ્મણો જમે = દાંત

૪. ઈ જાય ઈ આવે = આંખની નજર

૫. ત્યાં ગઈ અહીં આવી = નજર

૬. બત્રીસ પીપળાંમાં એક પાન = દાંત વચ્ચે જીભ

૭. હાડકાયા ઘરામાં એક જ ખીલો = નાક

૮. નાની બખોલમાં ટૂટૂબાઈ નાચે = જીભ

૯. વીહે વીહને ડોકે કાયપે તોયે જીવતે = નખ

૧૦. ઘોર જંગલામાં એકી જ રસ્તો = માથામાં સેંથો

## ૦ પ્રકીર્ણ

આ ઉપરાંત કેટલાક પ્રકીર્ણમાં ગણી શકાય એવાં ઉખાણાંઓ પણ કહેવાતાં જોવા મળ્યાં છે. જેમાંથી પણ જ્ઞાનની ઉચ્ચતાના ભાવો જોવા મળે છે. જેમકે-

૧. રાતો દરિયોને કાળી ઢાંકણી = ચણોઠી

૨. લીલી પ્લેટ, લાલ કપ તેની અંદર કાંળા તલ = તરબૂચ

૩. ચાર ખૂણાયા ચોકઠાં, અધ્ધાર ઉડી જાય = પતંગ

૪. પ્હાડ મેદાનામાં દાંત વાહકીને એયરા કરે = ભઠોળો (જમીની અંદર પડેલી તિરાડ)

૫. એક જનાવર અહાં, તીણાં બરડા ઉપાર પૈહા, તી જનાવર કહા ? = ભોજલાં = (માકડું)

૬. બાહ, આભ આંબુ ગોયલો ને, આય એકના બે કરું ગોયલી = ઘર છાવવું અને કઠોળ ભરડવું.

૭. કડીએ બાંધેલો ડોહો રાનામાં પડી રઈ = ઘાસનો પૂળો

૮. એક બાહાયા બે પોહીયાં, તીયા કોઈ દિ નાંયમીળે = નદીના બે કિનારા

૯. લાલ ગાય ચરતી જાય, કાળી ગાય બહી જાય = દાવાનળ

૧૦. દિહે જુદા જુદા ને રાતે એક જ જગ્યાએ = દરવાજાનાં બારણાં

૧૧. કાળો પુણ કાગડો નાંય, લાંબો પુણ નાગ નાંય, તેલ ચડે પુણ અરમાન નાંય, ફૂલ ચડે પુણ માદેવનાંય. = બહેનનો ચોટલો

૧૨. ધોળીકુઈમાં ધગડી (રવઈ) નાંચે = ગોરસની ગોળીમાં રવઈ

૧૩. એક થામલીયાયા ઘરમાં સવાસો રૂમ = બિલાડીનો ટોપ

આમ ઉપરોક્ત ઉખાણાંઓમાં બુદ્ધિચાતુર્યતા અને જ્ઞાન-ઉપદેશની બાબતો સંકળાયેલી જોવા મળે છે. લોકસાહિત્યનાં ગેય સ્વરૂપોમાં આલેખાયેલા જુદા જુદા પ્રકારોની ચર્ચા કર્યા પછી એક બાબત નોંધવી ઘટે કે લોકસાહિત્યના મોટાભાગનાં ગેયસ્વરૂપો આ જાતિમાં પણ જોવા મળ્યાં છે. ભલે એમની પાસે લિખિત સામગ્રી નથી. છતાં એમના લોકકંઠે સચવાયેલાં આવાં ગેયસ્વરૂપોમાં આ જાતિની કેટલીક સંસ્કારિતા, જીવનજીવવાની પરંપરા, બોલીની વિશેષતા અને અભણ અને અસંસ્કારી ગણાતી આદિવાસી પ્રજામાં પણ જ્ઞાન-ચાતુર્યના કેટલાંક ભાવ સંવેદનો ઉદ્ભવે છે. તેના ચોકકસ નમૂનાઓ એની જ્ઞાનની પરિપકવતા અને સંસ્કારની ઊંડી ઝાંખી આવાં ગેયસ્વરૂપો વડે જ જાણી શકાય છે.

લોકગીતોની ઝાકઝમાળ ભલે એમની જાતિમાં ન હોય પરંતુ જેટલું પણ એમના કંઠે સચવાયેલું છે તે લિખિત સામગ્રી કરતા પણ અદ્ભુત રહ્યું છે. જેની ઝલક એવા લોકગીત સ્વમુખે ગવાતાં સ્વકર્ણે સાંભળો તો જ ખ્યાલ આવી શકે એમ છે.

આવાં ગેયસ્વરૂપોમાં અફસોસની વાત એ છે કે આજે ગેયસ્વરૂપોની વિસ્મૃતિની ગર્તામાં ધકેલાવા માંડયા છે. ગ્રામનારીના હોઠેથી પણ તે વિસરાવા માંડયા છે. યુવાવસ્થામાં લોકગીતોના ખજાના હોઠવગા રહેતા તેમને આજે આવાં ગેયસ્વરૂપો વિશે પૂછતા માલમ પડશે કે આવા ખજાનામાંથી બાકી સિલકમૂડી બહુ ઓછી રહી છે. આવી મૂડી આવા લોકોના હોઠેથી ઉતારીને ખજાનો ફરી છલોછલ કરવાનો સમય પાકી ગયો છે.

# સંદર્ભ સૂચિ


૧. પરમાર જયમલ્લ, 'લોકસાહિત્ય તત્ત્વદર્શન અને મૂલ્યાંકન', પ્ર.આ. ૧૯૯૧, પૃ.૧૮૫.

૨. શ્રી મેઘાણી ઝવેરચંદ, 'લોકસાહિત્ય ધરતીનું ધાવણ-ખંડ ૧', પ્ર.આ. ૧૯૩૯, પૃ.૬૩.

૩. એજન, પૃ.૫૩/૫૪.

૪. એજન, પૃ.૨.

૫. ડો. જોષી એલ.ડી., 'વાગડનાં લોકગીતો', પ્ર.આ. ૧૯૭૬, પૃ.૯.

૬. ત્રિપાઠી રામનરેશ, 'કવિતા કૌમુદી', ભાગ-૧, પૃ.૨૭.

૭. શ્રી મેઘાણી ઝવેરચંદ, 'લોકસાહિત્ય ધરતીનું ધાવણ', ખંડ ૧, પ્ર.આ. ૧૯૩૯, પૃ.૨.

૮. શ્રી પરમાર જયમલ્લ, 'લોકસાહિત્ય વિમર્શ', પ્ર.આવૃત્તિ, પૃ.૪૦.

૯. શ્રી પરમાર જયમલ્લ, 'લોકસાહિત્ય તત્ત્વદર્શન અને મૂલ્યાંકન', પ્ર.આ. ૧૯૯૧, પૃ.૬૧.

૧૦. ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ સંપાદિત, 'ગોરમાનાં ગીતો', પૃ.૨૮/૨૯.

૧૧. શ્રી સંસ્કરતા નાનુરામ, 'રાજસ્થાની લોકસાહિત્ય', પૃ.૭૨.

૧૨. શ્રી મેઘાણી ઝવેરચંદ, 'રઢિયાળી રાત' ભાગ-૧, પ્ર.આવૃત્તિ, પૃ.૭.

૧૩. શ્રી પરમાર ખોડીદાસ, 'લોકગીત તત્ત્વ અને તંત્ર', સંપા. ડો. બળવંત જાની, (લોકગીત: પ્રકાર સંદર્ભ) પ્ર.આ. ૨૦૦૨, પૃ.૩૫થી૪૧.

૧૪. શ્રી જાની કનુભાઈ, 'લોકગીત તત્ત્વ અને તંત્ર', સંપા. ડો. બળવંત જાની, (લોકગીત પ્રકાર સમૃદ્ધિ) પ્ર.આ.૨૦૦૨, પૃ.૩૦.

૧૫. માહિતીદાતા સ્વ.છીબાભાઈ દેવાભાઈ પટેલ, ઉંમર-૬૫, ગામ- પોંકડાં, તા.ચીખલી, જિ.નવસારી.

૧૬. શ્રી પટેલ મંછારામ, 'ધોડિયા જાતિ : બોલી, સાહિત્ય અને સંસ્કૃતિ', પ્ર.આ. ૨૦૦૦, પૃ.૧૧૬.

૧૭. એજન, પૃ.૧૧૬.

૧૮. માહિતીદાતા- પટેલ ઈચ્છાબેન ગમનભાઈ, ઉંમર-૫૦, ગામ-પોંકડાં, તા.ચીખલી, જિ.નવસારી, ગીત ૧થી૪.

૧૯. માહિતીદાતા- પટેલ બબલીબેન ચંદુભાઈ, ઉંમર-૫૦, ગામ-સરા, તા.વાંસદા, જિ.નવસારી.

૨૦. શ્રી પટેલ મંછારામ- 'ધોડિયા જાતિ, બોલી, સાહિત્ય અને સંસ્કૃતિ', પ્ર.આ. ૨૦૦૦, પૃ.૧૧૫.

૨૧/૨૨. એજન, પૃ.૧૧૩.

૨૩. માહિતીદાતા- પટેલ ઈચ્છાબેન ગમનભાઈ, ઉંમર ૫૦, ગીત ૧થી૩, ગામ પોંકડાં, તા.ચીખલી, જિ.નવસારી.

૨૪. માહિતીદાતા- પટેલ નાગજીભાઈ લલ્લુભાઈ, ઉંમર-૫૫, ગામ-પોંકડાં, તા.ચીખલી, જિ.નવસારી.

૨૫. પટેલ મગજીભાઈ માદીઆભાઈ, 'ઢોરિયા સમાજનો ઈતિહાસ ધનારૂપા', પ્ર.આ. ઓગસ્ટ-૧૯૮૪, પૃ.૨૮,

૨૬. એજન,

૨૭. 'કૃષિકોશ' પ્રથમ ખંડ, બિહાર રાષ્ટ્રભાષા પરિષદ, પટના પ્ર.આ. ૧૯૫૯, પૃ.૫૫, સંપાદક- ડો. વિશ્વનાથ પ્રસાદ

૨૮. માહિતીદાતા- પટેલ કમળાબેન લીમજીભાઈ, ઉંમર-૫૮, ગામ-પીપલગભાણ, તા.ચીખલી, જિ.નવસારી.

૨૯/૩૦. પટેલ મંછારામ, 'ધોડિયા જાતિ: બોલી, સાહિત્ય અને સંસ્કૃતિ', ગીત- ૧થી૩, પ્ર.આ.૨૦૦૦, પૃ.૧૧૭.

૩૧. એજન.

૩૨/૩૩. એજન, પૃ.૧૧૫/૧૧૪.

૩૪. નાંદરવો- એક પ્રકારનું હરિયાળું કૂણું કૂણું ઘાસ

૩૫. માહિતીદાતાના મુખે સાંભળેલી વાત : પટેલ છીબાભાઈ પટેલ

૩૬થી૪૦ માહિતીદાતા- કાન્તાબેન મકનભાઈ પટેલ, ઉંમર ૫૮.

૪૧. 'હિન્દી સાહિત્ય કા બૃહત ઈતિહાસ' (લોકસંસ્કૃતિ અંક), પૃ.૭.

૪૨. 'ધ સ્ટડી ઓફ અમેરિકન ફોકલોર', ૧૯૬૮, સંપા. ડો. બ્રુન્વાન્દ, પૃ.૧૪૯.

૪૩. લેખક- જી. માલ્કન લો, 'અવર લિવિંગ ટ્રેડીશન્સ', ૧૯૬૮, સંપા. ટી.પી.કોફીન, પ્રકરણ-૮.

૪૪. 'ધ સાયન્સ ઓફ ફોકલોર', ૧૯૬૫, લેખક : ડો. એ.એચ.ક્રેપ., પૃ.૧૭૩/૧૭૭.

૪૫. મેઘાણી ઝવેરચંદ, 'રઢિયાળી રાત ભાગ-૩', ૧૯૨૭, (પ્રવેશક લોકગીતની તુલના દષ્ટિ), પૃ.૨૮/૨૯.

૪૬. ચંદરવાકર પુષ્કર, 'ધરતી ફોરે ફોરે', ૧૯૭૦, પૃ.૨૦, પ્રકરણ : ૩-૪-૭.

૪૭. મેઘાણી ઝવેરચંદ, 'રઢિયાળી રાત ભાગ-૩', પ્રવેશક: લોકગીતની તુલના દષ્ટિ, પૃ.૫/૧૬.

૪૮. ડો. ચૌહાણ વિદ્યા, 'લોકગીતોં કી સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ', ૧૯૭૨, પૃ.૫૧.

૪૯/૫૦. માહિતીદાતા- મણીબેન સુરજીભાઈ પટેલ, ૬૨ વર્ષ, ઈન્દુબેન લક્ષ્માણભાઈ પટેલ, ૪૩ વર્ષ, ગામ-સરૈયા, તા.ચીખલી, જિ.નવસારી.

૫૧. માહિતીદાતા- ઉકેડભાઈ ખાલપાભાઈ પટેલ, ગામ-દેસાડ, તા.ગણદેવી, જિ.નવસારી.

૫૨. માહિતીદાતા- કાન્તાબેન મકનભાઈ પટેલ, ઉંમર-૫૮, ગલીબેન મદારભાઈ પટેલ, ઉંમર-૬૦, ગામ-નિહાલી, તા.મહુવા, જિ.સુરત.

૫૩. પરમાર જયમલ્લ, 'દુહો દસમો વેદ', પ્ર.આ. ૨૦૦૫, પૃ.૧૯૭.

૫૪. એજન, પૃ.૧૯૯. (શેણીવિજાણંદની વાત).

૫૫/૫૬. એજન, પૃ.૧૮૮.

૫૭. પ્રો. ત્રિવેદી ભૂપેન્દ્ર બાલકૃષ્ણ, 'પ્રહેલિકાઓ અને સમસ્યાઓ', પ્ર.આ. ડિસેમ્બર ૨૦૦૪, પૃ.૭.

૫૮. Dr. PreaÉer, 'The Golden Bow', Part IX, P. 121.

૫૯. પ્રો. ત્રિવેદી ભૂપેન્દ્ર બાલકૃષ્ણ, 'પ્રહેલિકાઓ અને સમસ્યાઓ', પ્ર.આ. ૨૦૦૪, પૃ.૭/૮.

૬૦. શ્રી ત્રિપાઠી રામનરેશ, 'ગ્રામ સાહિત્ય', પૃ.૨૮૫.

૬૧. સ્વ. દેવાભાઈ રણછોડભાઈ પટેલના મુખે બાળપણમાં સાંભળેલી કથા ઉપરથી

૬૨. શ્રી સત્યગુપ્ત, 'ખડી બોલીકા લોકસાહિત્ય', પ્ર.આ. પૃ.૨૮૦.

૬૩. ડો. ઉપાધ્યાય કૃષ્ણદેવ, 'લોકસાહિત્ય કી ભૂમિકા', પૃ.૨૧૯.

# પ્રકરણ-૬

# દક્ષિણ ગુજરાતની ધોડિયા જાતિનાં લોકગીતોમાં સંસ્કાર ગીતો

૬.૧ પ્રસ્તાવના

૬.૨ સંસ્કૃતિની વ્યાખ્યા

૬.૩ સંસ્કૃતિ અને લોકસંસ્કૃતિ લક્ષણો સાથે

૬.૪ સંસ્કૃતિનું મૂલ્ય

૬.૫ સોળ સંસ્કારો

૬.૬ ધોડિયા જાતિનાં સંસ્કારગીતો

૬.૬.૧ જન્મ: છઠ્ઠી (પાચુરો પૂજવો)

૬.૬.૨ લગ્ન: વિવાહ સંસ્કાર

૬.૬.૩ ધોડિયા જાતિમાં લગ્ન વ્યવસ્થા

૬.૬.૪ લગ્નની વયમર્યાદામાં અનિશ્ચિતતા

૬.૬.૫ ધોડિયા જાતિનાં લગ્નમાં જૂની પરંપરા

૬.૬.૬ લગ્નમાં વહ્ટાળિયો (વચેટિયો)

૬.૬.૭ લગ્નમાં 'નોતરપ્રથા'

૬.૬.૮ ધોડિયા જાતિમાં લગ્નવિધિ

૬.૬.૯ ધોડિયા જાતિનાં લગ્નગીતો

૬.૬.૧૦ ધોડિયા જાતિમાં અંત્યેષ્ટિ સંસ્કાર

# પ્રકરણ-૬
# દક્ષિણ ગુજરાતની ધોડિયા જાતિનાં લોકગીતોમાં સંસ્કાર ગીતો

## ૬.૧ પ્રસ્તાવના

સંસ્કૃતિ એ કેવળ મનુષ્ય જાતિની જ વિશિષ્ટતા છે. સંસ્કૃતિમાં રૂઢિ, રીતરિવાજ, લૌકિક પરંપરા, ધર્મ, સામાજિક વિધિવિધાનો, એમની કેટલીક વ્યવસ્થાઓ વગેરેનો સમાવેશ કરવામાં આવે છે.

મનુષ્ય એ સામાજિક પ્રાણી છે. માનવ અને પશુ વચ્ચે સામાન્ય રીતે જ્ઞાન (બુદ્ધિ)નો તફાવત છે તો માનવપ્રાણી પાસે રહેલી ભાષાને કારણે તે અન્ય પ્રાણીજન્યથી અલગ પડે છે. સમગ્ર સૃષ્ટિમાં વિચાર અને વિવેકની બાબતમાં મનુષ્ય અન્ય જીવસૃષ્ટિથી જુદો પડે છે. તેથી જ તો મનુષ્યને વિચારશીલ પ્રાણી પણ કહેવામાં આવ્યો છે. વિચારશીલ અને વિવેક જેવાં વિશિષ્ટ લક્ષણોનાં આધારે મનુષ્યે સંસ્કૃતિનો વિકાસ કર્યો છે. જ્યારે આવાં લક્ષણોના અભાવે સૃષ્ટિના અન્ય જીવસૃષ્ટિમાં ઝાઝા ફેરફારો નોંધાયા નથી. જ્યારે મનુષ્યમાં, એમની જીવન પદ્ધતિમાં, સંસ્કૃતિમાં વિવિધ પરિવર્તનો આવતાં જાય છે. જેમકે અન્ય જીવસૃષ્ટિમાં કીડી હજારો વર્ષોથી દરમાં જ રહે છે, ચકલી કે કબૂતર માળામાં જ રહે છે, જ્યારે વાઘ કે સિંહ બોડમાં જ રહે છે. જ્યારે મનુષ્ય આદિમાનવથી આજદિન સુધીમાં અનેક નવા ફેરફારો સાથે પોતાનું જીવન જીવે છે. વૃક્ષોની બખોલ કે ઝાડનાં પાંદડામાં રહેનારો આદિમાનવ આજે હવા ઉજાશવાળા સાધન સંપન્ન, એરકંડીશનર મહેલોમાં રહેતો થયો છે. આ બધાંની પાછળ જે તે સંસ્કૃતિનો વિકાસ રહેલો છે. તેથી જ તો કોઈકે કહ્યું છે કે 'સંસ્કૃતિ એટલે જીવન જીવવાની કળા.'

'સંસ્કૃતિ' એટલે પોતાનાં આગવા રીત-રિવાજો, આચાર-વિચાર, ધાર્મિક માન્યતાઓ, આદર્શો, જીવનમૂલ્યો, તત્ત્વચિંતન, સાહિત્ય અને કલાનાં સર્જનો વગેરે વિકસાવીને અમુક પ્રજાએ ઘડેલા વિશિષ્ટ સંસ્કારદેહ. જેની પરંપરા લોકજીવનમાં પેઢી દર પેઢી આગળ વધતી રહે છે.

જેમ મનુષ્ય પથ્થર, માટી, લાકડું, ધાતુમાંથી સુંદર અને કલાત્મક મૂર્તિ સર્જે છે. માટીમાંથી વિવિધ ઉપયોગી સાધનો કે બાળકોના ચિત્તને હરી લેતાં રમકડાં બનાવે છે, શબ્દોમાંથી નાજુક સાહિત્યનું સર્જન કરે છે, સૂરમાંથી સુમધુર, કર્ણપ્રિય સંગીત નિપજાવે છે, આંગિક ચેષ્ટામાંથી નૃત્ય સર્જે છે, રેખાઓમાંથી સુંદર ચિત્રો સર્જે છે. પુષ્પોમાંથી વિવિધ માળાઓ ગૂંથે છે, દોરામાંથી ભાતીગળ વસ્ત્રો સર્જે છે, તેમ તે વિચાર, વાણી તેમજ વર્તનના સામાજિક વારસા વડે અમૂલ્ય સંસ્કૃતિનું સર્જન કરે છે. મનુષ્યનાં એવા મહામૂલ્ય જીવનમાં જો સંસ્કૃતિ ન વિકસાવીએ કે પ્રગટાવીએ તો જીવન અકાળે નિઃસાર, દુઃખમય, કષ્ટમય અને બોજારૂપ બની જાય. તેથી જ કદાચ એવા મહામૂલ્ય જીવનને આનંદથી જીવવા માટે કે ટકાવી રાખવા માટે સંસ્કૃતિનું ખેડાણ કર્યું હશે? અને જીવનને સુખી અને સમૃધ્ધ બનાવ્યું છે. તેથી જ કાકાસાહેબ કાલેલકર કહે છે કે- 'જીવન જો ધરતી છે તો સંસ્કૃતિ તેનું સ્વર્ગ છે.' બંનેના મિલનમાં જ બંનેની યથાર્થતા રહેલી છે.

'સંસ્કૃતિ' શબ્દમાં એટલો વ્યાપક અર્થ સમાયેલો છે કે એના જેવો વિશાળ અર્થ સમાવનારો બીજો કોઈ શબ્દ ભાગ્યે જ હશે. હરેક સમાજનાં આચાર-વિચાર, રહેણી-કરણી, વ્યવહારો ધર્મ-અધર્મ, માન્યતા, વેપાર-ઉદ્યોગ, જ્ઞાન-વિજ્ઞાન, કાયદાકાનૂન, કલા-ઉપાસના, નીતિ-અનીતિ, આદિના નક્કી કરેલા તમામ ભાવો 'સંસ્કૃતિ' નામના શબ્દમાં એકસાથે દર્શાનાલિત થતાં લાગે છે.

વૃક્ષો પોતપોતાની જગ્યાએ જ ઊભાં હોય છે, પણ વાયુ વૃક્ષોના બીજને એક જગ્યાએથી બીજી જગ્યાએ ઉડાડી લઈ જાય છે. ફૂલ પણ પોતાની જગ્યાએ જ રહે છે, પણ પતંગિયાના પગને ચોંટીને જતી પરાગ દૂર દૂર રહેલાં ફૂલોમાં રહેલા પુકેસર કે સ્ત્રીકેસર સાથે સંયોગ પામીને નવાં પુષ્પો પલ્લવિત કરે છે તેમજ માનવ સંસ્કૃતિનું પણ છે. જીવનને ઠરીઠામ કરવા માટે થઈને દોડધામ કરનારી, એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં વસનારી માનવજાતિ પોતપોતાની સંસ્કૃતિને પણ પ્રગટાવી દે છે. એમાંથી અવનવી સંસ્કૃતિઓ વિકસતી જ જાય છે. આવી ભિન્ન ભિન્ન સંસ્કૃતિની વાતો કરીએ તો ધર્મના આધારે ત્રણેક સંસ્કૃતિ ગણાવી શકાય.

ભારતમાં મુખ્ય ધર્મના આધારે ત્રણ સંસ્કૃતિ ગણાવી શકાય. (૧) હિંદુ સંસ્કૃતિ, (૨) મુસલમાનની સંસ્કૃતિ (૩) ખ્રિસ્તી સંસ્કૃતિ.

જગતમાં મુખ્ય ત્રણ સંસ્કૃતિઓ જોવામાં આવી છે. મુસલમાની, ખ્રિસ્તી અને હિંદુ. આ પણ ધર્મના આધારે નામ આપ્યા છે. પણ ધર્મ અને સંસ્કૃતિ એ બન્ને ભિન્ન છે.

'મુસલમાની સંસ્કૃતિ આરબ લોકોના તંબુઓમાં નિર્માણ પામી ઘોડાની પીઠ પર એનો વિસ્તાર થયો. જયાં જયાં ઘોડો પહોંચી શકયો ત્યાં ત્યાં મુસલમાની સંસ્કૃતિ ગઈ. પ્રત્યેક જન્મ જેમ બે વ્યક્તિઓના સંયોગ વડે થાય છે તેમ સંસ્કૃતિનું પણ છે, મુસલમાની ધર્મના અરબી વીર્યનો ઈરાની સંસ્કૃતિની સાથે સંયોગ થયો અને ઈસ્લામી સંસ્કૃતિ નિર્માણ થઈ.'[૧]

ખ્રિસ્તી સંસ્કૃતિનો જન્મ ભૂમધ્ય સમુદ્રના કિનારા ઉપર થયો છે અને એનો પ્રસાર સમુદ્રના દેહ ઉપર ફરનારી નૌકાઓ મારફત થયો છે. ખ્રિસ્તી ધર્મના તત્ત્વને ગ્રીકસંસ્કૃતિનું પોષણ મળ્યું છે અને આગળ જતાં રોમન સંસ્કૃતિના અખાડામાં શીખી ને એ તૈયાર થયો.

હિંદુઓની સંસ્કૃતિ આર્ય ધર્મનો દ્રાવિડી ઈત્યાદિ સંસ્કૃતિની જોડે વિવાહ થયો તેમાંથી એનું નિર્માણ થયું છે. મુસલમાનની સંસ્કૃતિનું ચિત્ર તંબુની પાસે બાંધેલા ઘોડાથી બતાવી શકાય છે. જયારે ખ્રિસ્તી સંસ્કૃતિનું ચિત્ર સમુદ્રનાં મોજા ઉપર ડોલતી નૌકાથી વ્યક્ત કરી શકાય છે ત્યારે હિંદુ સંસ્કૃતિનું ચિત્ર વટવૃક્ષની નીચે એકાદ ઝૂંપડીની નજીક ગાય બાંધીને દર્શાવી શકાય છે.

આવી સંસ્કૃતિની વ્યાખ્યાઓ આપવાનો પ્રયત્ન ઘણા પાશ્ચાત્ય વિદ્વાનોએ કર્યો છે. જે નીચે મુજબ દર્શાવી શકાય.

## ૬.૨ સંસ્કૃતિની વ્યાખ્યા

વિશ્વના વિવિધ દેશોની ઓળખ ત્યાંની લોકસંસ્કૃતિ કે લોકપરંપરાને કારણે થતી હોય છે. દરેક દેશમાં વિવિધ લોકસંસ્કૃતિ સચવાયેલી જોવા મળે છે. ભારતની જ વાત કરીએ તો ઉપર કાશ્મીરથી માંડી નીચે દક્ષિણમાં કન્યાકુમારી સુધી અને પશ્ચિમમાં બંગાળથી માંડીને

કચ્છ સુધીના તમામ વિસ્તારમાં રહેતા વિવિધ જાતિનાં લોકોની લોકસંસ્કૃતિ એની પોતાની આગવી ઓળખ ધરાવે છે. જેમ ઉતરની સંસ્કૃતિ કરતાં દક્ષિણની સંસ્કૃતિ અલગ છે તેમ પૂર્વની સંસ્કૃતિ કરતાં પશ્ચિમની સંસ્કૃતિ પણ અલગ છે. જાતિએ-જાતિએ કે ધર્મે-ધર્મે અલગ સંસ્કૃતિ વિદ્યમાન છે. દરેક ધર્મ કે જાતિનાં લોકો પોતાની પરંપરા મુજબ આગવી સંસ્કૃતિને જાળવી રાખવાનો પ્રયત્ન કરે છે. જો કે સમય સંજોગ પ્રમાણે લોકસંસ્કૃતિનાં નીતિ-નિયમોમાં ફેરફારો થતાં રહે છે. સંસ્કૃતિ કે પરંપરા ઓછી બદલાતી જોવા મળે છે.

'સંસ્કૃતિ' શબ્દ સંસ્કૃત ધાતુ સમ્+કૃ પરથી બન્યો છે. સમૂ+કૃતિ અથવા સમ્+કૃ જેનો અર્થ 'સમ્' એટલે સરખી 'કૃતિ' એટલે આકૃતિ અથવા સરખી ક્રિયા એવો કરી શકાય. જેમાં મનુષ્યની બધા પ્રકારની ક્રિયાઓનો સમાવેશ થાય છે. 'સંસ્કૃતિ' એ માનવ સમાજનું જ સર્જન છે. 'મનુષ્ય પોતાના જીવનને સુખી અને સમૃદ્ધ બનાવવા માટે જે કંઈક બૌદ્ધિક ખેડાણ કરે છે તેનો સમાવેશ સંસ્કૃતિમાં થાય છે.'[૨]

'હિન્દુ સંસ્કૃતિનું ખેડાણ આર્યોના આગમન પછી ગણવામાં આવે છે. પરંતુ તે પહેલા દ્રાવિડ, પુલિન, નિષાદ કે ભીલ જેવી આર્યેતર સંસ્કારી પ્રજા પાસેથી આ પ્રકારની સંસ્કૃતિ મળી છે. ટૂંકમાં કહેવું હોય તો આમ કહી શકાય કે હિંદુધર્મની સંસ્કૃતિ આદિકાળથી ચાલી આવી છે એની અંદર થોડાંઘણાં પરિવર્તનો અચૂક દેખાય પરંતુ આદિમ સંસ્કૃતિના કેટલાક અંશો આજે પણ કેટલીક જાતિની સંસ્કૃતિમાં કોઈને કોઈ રીતે સચવાયેલા પડયા છે.

'સંસ્કૃતિનો તાણો-વાણો પ્રાગ-વૈદિક 'આગમ' અને વૈદિક 'નિગમ' બંને વિચારો, ભાષાઓ અને આસ્થાઓનો બનેલો છે.'[૩]

આવી સંસ્કૃતિની કેટલીક વ્યાખ્યાઓ આ પ્રમાણે છે.

૧. 'સંસ્કૃતિ એટલે માત્ર માનવીની વિવિધ પ્રવૃત્તિનો સરવાળો નહીં, પરંતુ જીવન જીવવાની રીત.' ***-ટી.એસ.એલિયટ***

મનુષ્ય એક એવી પ્રકૃતિનું માનસ ધરાવે છે કે જે કુદરતી રીતે મળેલી વિવિધ વસ્તુઓમાં પોતાની સમજ કે બુદ્ધિચાતુર્યથી વિધ-વિધ પરિવર્તનો કરી પોતાના અંગત જીવન વ્યવહારમાં તેનો ઉપયોગ કરે છે. આ પ્રકારનાં નવીનતમ પરિવર્તનો જ કદાચ માનવીની એક આગવી સંસ્કૃતિ બની રહી છે? જો કે દરેક જાતિની સંસ્કૃતિ વિભિન્ન છે. આવી વિભિન્ન સંસ્કૃતિ ધરાવતા માનવ પ્રકૃતિને નિહાળવાનો-નિર્દેશવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જો કે આ પ્રાગ્‌ઐતિહાસિક પ્રવૃત્તિ માનવ હજારો વર્ષથી કરતો આવ્યો છે અને આજે પણ એજ માનવ પ્રક્રિયા પોતાની સંસ્કૃતિ કે પરંપરાને ઘડતી રહી છે.

૨. ‘જ્ઞાન, માન્યતા, કલા, નીતિ, કાયદો, રિવાજો અને સમાજના સભ્ય તરીકે માનવે મેળવેલ અન્ય કોઈપણ શક્તિઓને અને આદતોને અંતર્ગત કરનાર સંકુલ સમગ્રતા એટલે સંસ્કૃતિ.’ ***-ટાયલર***

વ્યક્તિ જે સમાજમાં રહે છે, જે સમાજમાં જન્મે છે, જે સમાજમાં ઉછરે છે તેનાં રીત-રિવાજ, આચાર-વિચાર, ધાર્મિક માન્યતા, આદર્શો, જીવનમૂલ્યો વગેરેનો તેના જીવનઘડતર પર ઊંડો પ્રભાવ પડે છે. મનુષ્ય ઈચ્છે કે ન ઈચ્છે તોયે જે સંસ્કૃતિમાં રહે છે તેના રંગે તે રંગાય છે. શરીરમાં રહેલા લોહીની જેમ વ્યક્તિના આંતર-બાહ્ય જીવનતંત્રમાં સહજ અને સ્વાભાવિક રીતે ઓતપ્રોત રહે છે. જન્મ પૂર્વેના સમયથી મૃત્યુ પછીના અમુક સમય સુધી મનુષ્યની આસપાસ સંસ્કૃતિનું આવરણ રહેલું છે.

દરેક જાતિની માન્યતાઓ, કલાસમૃદ્ધિ, નીતિમત્તા, કાયદાકીય પ્રવૃત્તિ, જ્ઞાનસમૃદ્ધિ તેમજ રીત-રિવાજોની અને સમાજની સભ્યતાની પરંપરાઓ અલગ-અલગ છે. ખાસ કરીને આદિવાસી ગણાતી જાતિમાં ભીલ, નાયકા, દૂબળા, ગામીત, ધોડિયા, ચૌધરી, ધાનકા, કૂંકણા જેવી તમામ જાતિઓની પરંપરાઓ વિવિધતામાં એકતા પૂરી પાડે છે. બધી જાતિઓમાં ઉપરોક્ત પરંપરા કે સંસ્કૃતિની દષ્ટિએ અભ્યાસ કરીએ તો કયાંક વિભિન્નતા તો કયાંક એકવિધતા-સરખાપણું દષ્ટિગોચર થાય છે.

૩. 'સંસ્કૃતિ એટલે આપણે જે કંઈ છીએ તે, જયારે સભ્યતા એટલે આપણે જે કંઈ વાપરીએ છીએ તે.' ***-મેકાઈવર***

જે સૃષ્ટિમાં અન્ય પ્રાણીઓ જન્મ્યાં છે એ જ સૃષ્ટિમાં માનવી પણ જન્મ્યો છે, પણ માનવીએ એ સૃષ્ટિની પ્રકૃતિનો મર્મ જાણી લઈને એની પાસેથી એણે પોતાની ઈચ્છિત સેવા લીધી છે. પૃથ્વી ઉપર ઊગેલાં વૃક્ષો પરથી આપોઆપ ખરી પડતાં ફળો વડે પોતાની ભૂખ ન સંતોષાતા પૃથ્વીને ચીરીને દાણા વાવીને એણે મનવાંછિત અનાજ પકવવા માંડયું, દાવાનળથી બેબાકળા બની ન જતાં એજ અગ્નિમાં અનાજ, માંસ શેકીને જીભને સ્વાદ આપ્યો, હિંસક પ્રાણીઓનો હુમલો પાછો ઠેલવા પથ્થરોનો ભય બતાવી પશુઓને હટાવવાને બદલે એજ પથ્થરોને ઘસી નવા નવા આકારોમાં શસ્ત્રો-હથિયારો સર્જી શિકાર કર્યો, સ્ત્રી-પુરુષ સાથે રહીને શિકાર કરવાને બદલે ફકત પુરુષે શિકાર કરવો અને સ્ત્રીએ એ શિકારની વ્યવસ્થા કરી પકવવું, આવી ગોઠવણ દ્વારા શ્રમવિભાજનની યોજના કરી ફકત ઈશારાઓ કે અભિનયને બદલે પશુ જેવા અવાજો કાઢી તેમાંથી મૂલ્યવાન ભાષાની શોધ કરી, સૃષ્ટિનાં અન્ય તત્ત્વો સૂર્ય-ચંદ્ર-નક્ષત્ર, તારામંડળનો ઉપયોગ કરી સ્તુતિઓ કે સ્ત્રોતો રચ્યાં, અને માનવમાંથી મનુષ્યની સંસ્કારિતા પ્રાપ્ત કરી. મનુષ્ય તરીકેની છાપ આસ-પાસનાં તમામ જડ-ચેતન પદાર્થો પર ઉમટાવવા માંડી. આમ એણે પાડેલા આ અનેક સંસ્કારોનો સમુચ્ચય એટલે એની સંસ્કૃતિ અને એ સમુચ્યનો ખપ અનુસાર ઉપયોગ એટલે આપણી સભ્યતા.

૪. 'સંસ્કૃતિ એટલે માનવમનનું ઉત્તરોત્તર ખેડાણ' ***-બી માલિકોવ્સ્કી***

જગતમાં જેમ-જેમ મનુષ્યનો વ્યાપ વધતો ગયો જેમ-જેમ વિવિધ પરિસ્થિતિઓ ઊભી થતી ગઈ એ મુશ્કેલીઓ કે આનંદમાંથી પાર ઉતરવાની માનવીય પ્રક્રિયામાંથી અનેક પ્રકારની સંસ્કૃતિઓ આવતી ગઈ. સ્થળ, પ્રદેશ, વિસ્તાર, ભૌગોલિક વાતાવરણ અનુસાર મનુષ્યનાં જીવનચક્રમાં ધીમે ધીમે અનેક સંસ્કૃતિઓએ સ્થાન મેળવ્યું પછી તો મનુષ્ય જીવનની વિભાગીય કે એકતાઓ પ્રમાણે અલગ-અલગ સંસ્કૃતિઓ અસ્તિત્ત્વમાં આવી. આજે વિવિધ

ધર્મો પ્રમાણે સંસ્કૃતિનો વિકાસ થયો છે. સંસ્કૃતિ, ધર્મના પાયા ઉપર વિકસી. આપણે ત્યાં પ્રાચીન સંસ્કૃતિ (ભારતીય સંસ્કૃતિ) અને પાશ્ચાત્ય સંસ્કૃતિ બેનું સ્થાન જોવા મળે છે. આ બંનેમાં ભારતીય સંસ્કૃતિ ઉપર પશ્ચિમી સંસ્કૃતિનો ઘણો પ્રભાવ દેખાય છે. કદાચ એમ કહી શકાય કે આવો જ પ્રભાવ વર્તાશે તો આપણે આપણી સંસ્કૃતિની ધરોહરને તિલાંજલી આપી દઈશું અને પાશ્ચાત્ય સંસ્કૃતિને જ વરી ચૂકીશું. આ કાળના ગર્તામાં પ્રવાહિત બની રેલાઈ જતી આપણી પ્રાચીન સંસ્કૃતિને ટકાવી રાખવાના અનેક પ્રયાસો થાય છે. મારો પણ અભિગમ અમારી જાતિની સંસ્કૃતિના મૂળ શોધવાના તરફનો નહીં પણ એ સંસ્કૃતિ ભૂંસાઈ ન જાય તે તરફ અંગૂલિનિર્દેશનો રહ્યો છે. આવી સંસ્કૃતિની વ્યાખ્યાઓ જોયા પછી એના કેટલાંક લક્ષણો તપાસીએ.

'કાચબો જેમ પોતાના શરીરનું રક્ષણ કઠણ આવરણથી કરે છે તેમ મનુષ્ય જીવન પણ સંસ્કૃતિરૂપી આવરણથી રક્ષાયેલું છે.'

## ૬.૩ સંસ્કૃતિ અને લોકસંસ્કૃતિ

ભારતીય સંસ્કૃતિ જેટલી પ્રાચીન છે, એટલી જ સમૃદ્ધ પણ છે. જેટલી વિશાળ છે, એટલી જ ગંભીર પણ છે. જેટલી સર્વગ્રહીત છે, એટલી જ વૈવિધ્યપૂર્ણ પણ છે. લોકજીવનનું અનંત પ્રવાહોનું મૂળ ઉદ્‌ગમ સ્થાન લોકસંસ્કૃતિ જ છે. ભારતીય સંસ્કૃતિનો સંસ્કાર લોકસંસ્કૃતિ દ્વારા જ થયો છે. આ લોકસંસ્કૃતિ આજે પણ લોકમાં વિદ્યમાન છે. સુરક્ષિત છે. કારણ કે લોકસંસ્કૃતિનો આત્મા સાધારણ લોક છે અને તેઓ શહેરોથી દૂર ગામોમાં અને જંગલોમાં વસે છે. સંસ્કૃતિનું મૂળ પણ વન્યના અંધકાર જેવું જ ઊંડું છે. આવી સંસ્કૃતિની કેટલીક લાક્ષણિકતાઓ વિશ્વના કેટલાક વિદ્વાનોએ મુક્ત કંઠે પ્રશંસા કરી છે જે નીચે પ્રમાણે છે.

### ૧. ભૌગોલિક પરિસ્થિતિ

સમાજશાસ્ત્રી અને ઈતિહાસકારોના મતે સંસ્કૃતિના નિર્માણમાં આસપાસની ભૌગોલિક પરિસ્થિતિ મહત્ત્વનો ભાગ ભજવે છે. ભૌગોલિક વિશેષતાઓ જ સંસ્કૃતિને સમૃદ્ધિના શિખરે

પહોંચાડે છે. મનુષ્યના જીવન દરમ્યાન એનો ખોરાક, પોશાક, રહેઠાણ, વ્યવસાય, સાહિત્ય અને કલા, એની રીત-ભાત કે ચારિત્ર્ય જેવી વિવિધ બાબતો પર ભૌગોલિક પરિસ્થિતિની અસર અચૂક વર્તાય છે. જગતની પ્રાચીન સંસ્કૃતિનો ઉદ્ભવ-વિકાસ પણ કુદરતી પરિબળો વચ્ચે જ થયો છે. ભારતીય સંસ્કૃતિ પણ પ્રકૃતિના રમ્ય વાતાવરણમાં જન્મી અને ઉછરી છે.

ભારત દેશ ભૌગોલિક રીતે ઘણો સમૃદ્ધ દેશ છે. ભારતની ઉત્તરે ઉત્તુંગ હિમાલયની પ્રાકૃતિકતા, હિમાલયની ગોદમાંથી વહેતી ગંગા, યમુના કે બ્રહ્મપુત્રા જેવી વિશાળ નદીઓ ભારતમાતાના ચરણો પખાળી રહી છે. આવી નદીઓના કિનારે જ તો ભારતીય સંસ્કૃતિની ઉત્પત્તિ થઈ હોવાનું માનવામાં આવે છે. ભારતીય લોકજીવનમાં પણ હિમાલય અને નદીઓનું મહત્ત્વપૂર્ણ સ્થાન રહ્યું છે. ભારતીય સંસ્કૃતિ એ નદીઓની સંસ્કૃતિ છે. ઋગ્વેદની ઋચાઓમાં પણ નદીઓની સ્તુતિ-વંદનાઓ થઈ છે. ભારતમાં નદીઓને પવિત્ર માની નદીમાતાની પૂજા કરાય છે. નદીના કિનારા ઉપર જ મહાનગરો અને વેપાર-ઉદ્યોગ કે કલાનાં કેન્દ્રો વિકસ્યાં હતાં. ભારતના મધ્યમાં આવેલા પર્વતો હિંદુ, બૌદ્ધ અને જૈનધર્મનાં યાત્રાધામો તરીકે વિખ્યાત થયા. કુદરતે ભારતને જંગલો, નદીઓ, પર્વતો, મેદાનો રૂપી સૌંદર્યમયી સૃષ્ટિ મળી હોવાને કારણે એમાં જ એમની સુંદર સંસ્કૃતિ ખીલી, ફૂલીફાલી છે. ઋગ્વેદના આધ્યાત્મિક અને કાવ્યમય વાતાવરણનું રહસ્ય પણ ભારતની ભૌગોલિક પરિસ્થિતિમાં જ છુપાયેલું રહ્યું છે. અનુકૂળ ભૌગોલિક પરિસ્થિતિને કારણે જ ભારતની શસ્ય-શ્યામલ ભૂમિમાં જ ભારતીય સંસ્કૃતિની સુંદર ગરિમા પથરાયી છે.

### ૨. ધાર્મિક સહિષ્ણુતા

ભારતીય સંસ્કૃતિ તેની ધાર્મિક સહિષ્ણુતાની બાબતમાં જગતમાં અજોડ છે. ધાર્મિક સહિષ્ણુતાને લીધે જ ભારત અનેક જાતિઓનું અને તેમની સંસ્કૃતિઓનું સંગમતીર્થ બન્યું છે. ભારતીય સમાજ જેમ અનેક જાતિઓનો બનેલો સમુદાય છે તેમ ભારતીય વિચારસરણી પણ અનેક ધર્મો, સંપ્રદાયો અને આધ્યાત્મિક વિચારધારાની બનેલી છે. ભારતમાં એશિયાના મહાન ધર્મો ઉદ્ભવ્યા અને વિકસ્યા કેટલાક ધર્મો વિદેશી પ્રજાના આગમનથી વિકસ્યા છે તો

કેટલાક ધર્મો પારસ્પરિક અસરથી નવસંસ્કરણ પામ્યા છે. દાર્શનિક ક્ષેત્રે આસ્તિક અને નાસ્તિક વિચારધારા એક સાથે ભારતમાં પ્રવર્તે છે. ધાર્મિક સહિષ્ણુતાને કારણે જ આર્યોથી માંડી અંગ્રેજો સુધીની જે પ્રજાતિઓ આવી તેમના માટે અને તેમના ધર્મો માટે ભારતે મૈત્રીના દ્વાર ખુલ્લા રાખ્યાં.

ભારતીય સંસ્કૃતિ એ ભાષા, ધર્મ આચાર-વિચાર વગેરે અનેક પ્રકારની વિભિન્નતાઓ એમાં મીઠું-કડવું તમામને એ પચાવી શકયું અને કદાચ એમાંથી જ ભારતમાં હિન્દુ, જૈન, બૌદ્ધ, ખ્રિસ્તી, પારસી, શીખ, મુસ્લિમ આદિ ધર્મોનું સહઅસ્તિત્ત્વ શકય બન્યું છે. આ બધા જ ધર્મને સમાન ધર્મ તરીકે સ્વીકારનાર ભારતીય સંસ્કૃતિમાં ધાર્મિક સહિષ્ણુતાનો ઉદાત્ત ગુણ રહેલો છે. 'સર્વધર્મ સમભાવ' એ ઉક્તિ અનુસાર ભારતીય સંસ્કૃતિ વિવિધતામાં એકતાની પ્રતિષ્ઠા કરીને જીવંત રહી શકે છે અને સમૃદ્ધ બની રહી છે.

### ૩. આધ્યાત્મિક ચિંતન

ભારતનું સામાજિક માળખું પરાપૂર્વથી આધ્યાત્મિકતાના રંગે રંગાયેલું છે. આધ્યાત્મિક ચિંતનને લીધે ભારતીય સંસ્કૃતિ તેજોમય બની છે. 'ભય વિના પ્રીતિ નહીં' એ ઉક્તિ અનુસાર આદિકાળથી મનુષ્ય આધ્યાત્મિક તરફ વળેલો છે. પ્રથમથી જ ભૌતિક સુખો વધારવા કરતાં આત્માની શાંતિ કે જીવન દરમ્યાન આત્માની સુખ-સમૃદ્ધિ માટે થઈને વન્ય દેવી-દેવતાથી માંડીને ઈશ્વરની અનેકવિધ કલ્પનાઓ કરી છે. આપણા ઋગ્વેદોમાં પણ આધ્યાત્મિકતાનો ભાવ દેખાયો છે. તેથી જ તો આપણા ધાર્મિક ગ્રંથો જેવા કે રામાયણ-મહાભારત કે અન્ય પુરાણો આદિમાં આત્માની શાંતિ અર્થે ગૃહત્યાગ કરી વાનપ્રસ્થ આશ્રમ ગાળનારાં કે ઋષિ-મુનિઓની જેમ તપ-સાધના કરતા રહ્યા છે. ભારતીય સંસ્કૃતિ ભોગની નહીં પણ ત્યાગની રહી છે. જીવન, જગત અને ઈશ્વર શું છે? મૃત્યુ પછી આત્મા કયાં જાય છે? મૃત્યુ પછી પુન: જીવન મળી શકે કે કેમ? શરીર નાશવંત છે પણ આત્મા અમર છે, એવા અનેક પ્રશ્નોના જવાબમાં આત્માને ઓળખાવાના અનેક પ્રયાસો ભારતીય સંસ્કૃતિમાં થયા છે. આ બધી જ બાબતો ભારતીય સંસ્કૃતિનું તત્ત્વજ્ઞાન છે.

જગતમાં કરોડો લોકો અનેક યાતનાઓ અને સુખ સગવડો વચ્ચે ઈશ્વર પર શ્રદ્ધા કે અંધશ્રદ્ધા રાખીને જીવી રહ્યાં છે. ભારતીય સંસ્કૃતિમાં ચિંતનની ગહનતા છે. ભારતીય સંસ્કૃતિના આશ્રયે જીવનારી પ્રજા હંમેશાં ધર્મને આધિન રહી છે. જીવન, સાહિત્ય, કલા, ચિંતન આદિમાં 'સત્યમ્', 'શિવમ્' અને 'સુંદરમ્'ને (સત્ય, માંગલ્ય અને સૌંદર્યને) સાકાર કરવાનો તેણે હંમેશાં આદર્શ સેવ્યો છે.

### ૪. વિવિધતામાં એકતા

'સર્વ ધર્મ સમભાવ' જેવી ભાવના અનુસાર ભારતીય સંસ્કૃતિએ હંમેશાં ઉદાર, સમાધાનકારી અને સમન્વયકારી વલણ દાખવ્યું છે. વિશાળ હૃદયવાળી ભારતીય સંસ્કૃતિમાં અવનવી સંસ્કૃતિઓ આવતી ગઈ, આવી અનેક સંસ્કૃતિઓમાં પણ પોતાની એક આગવી સંસ્કૃતિને ટકાવી રાખવાની કુશળતા પ્રાપ્ત કરેલી છે. ભારતમાં શકો, હૂણો, ઈરાનીઓ, આરબો, તુર્કો, મુઘલો, યુરોપિયનો આદિ અનેક પ્રજાની સંસ્કૃતિઓનો પ્રભાવ રહ્યો છતાં આવી અનેક સંસ્કૃતિને પોતાના ઉદરમાં સમાવીને પોતાની એક અલગ જ સંસ્કૃતિ વિકસાવી છે. અનેક સંસ્કૃતિની મૂલ્યતા ગ્રહણ કરીને એક વૈવિધ્યપૂર્ણ અને સમૃદ્ધ સંસ્કૃતિ સ્થાપી.

ભારતમાં હજારો જ્ઞાતિઓ, સેંકડો ભાષાઓ, અનેક ઘણાં ધર્મો અને વિવિધ સંપ્રદાયો તેમજ જુદી-જુદી પરંપરા અને ભાતીગળ લોકસંસ્કૃતિ વગેરેને હજારો વર્ષથી આપણી સંસ્કૃતિ નભાવતી આવી છે. આવા લાંબા ઈતિહાસકાળ દરમ્યાન પણ પોતાની મૂળ ભૂત-એકતા ટકાવી રાખીને સંસ્કૃતિને ઓર વધારે વૈવિધ્યસભર બનાવી છે. આમ વિવિધતામાં એકતા એ ભારતીય સંસ્કૃતિનું એક આગવું લક્ષણ બની રહે છે.

## ૬.૪ સંસ્કૃતિનું મૂલ્ય

દરેક મનુષ્યનું સમાજજીવન બહુધા એમની સંસ્કૃતિ ઉપર નિર્ભર રહેલું છે. સમાજજીવનમાં સંસ્કૃતિનો શો ફાળો છે, એનું શું મહત્ત્વ છે. તે વિગતે જાણવું જરૂરી છે. કોઈ વ્યક્તિ, જૂથ કે સમાજને જાણવા એમની સંસ્કૃતિ વિના જાણી શકાતા નથી. કોઈપણ ફૂલની મૂલ્યતા આંકતા પહેલા એનો રંગ, આકાર, ગંધ આદિને તપાસવા પડે છે તેમ વ્યક્તિ, જૂથ કે સમાજની મહત્તા માટે પણ એમની સંસ્કૃતિનું મૂલ્ય તપાસવું પડે છે.

## ૦ મનુષ્યમાંથી માનવ (મનુષ્યનું માનવીકરણ)

મનુષ્ય પણ એક પ્રાણી છે. જન્મતાંની સાથે તો મનુષ્ય પણ એક પ્રાણીદેહ જ ધરાવે છે. તેમાં સામાજિક માનવગુણો હોતા નથી. તેથી જ તો કોઈકે એને શિંગડા અને પૂછડાં વગરના પશુ સાથે સરખાવ્યો છે. મનુષ્ય સમાજમાં રહીને જ સામાજિક માનવગુણો શીખે છે. જેનું ઉમદા ઉદાહરણ 'અમલા-કમલા', 'કાસ્પર-હાઉસર', 'ઈઝોબેલા-અન્ના', જેવા માનવબાળ ઉપર કરેલા પ્રયોગો ઉપરથી જાણી શકાય છે. સમાજની બહાર કે સંસ્કૃતિથી દૂર રહી માનવ પોતાનામાં સંસ્કૃતિના ગુણો કેળવી શકતો નથી. સામાજિક માનવી તરીકે બધા જ ગુણો મનુષ્ય માનવસમાજમાં રહીને ત્યાંની સંસ્કૃતિને સ્વીકારીને જ કેળવે છે. સંસ્કૃતિના સંપર્કની કારણે જ માનવમાં વત્તા ઓછા પ્રમાણમાં માનવી તરીકેના ગુણો ઊતરે છે. રીત-રિવાજ, નીતિ, મૂલ્યો, જ્ઞાન વગેરેનું સિંચન પણ માનવ સમાજ રહી તેની સંસ્કૃતિમાંથી મેળવે છે. મનુષ્યને માનવી બનાવનાર મહત્ત્વનું પરિબળ સંસ્કૃતિ છે. આદિમાનવ તરીકે ઓળખાતો માનવ આજે સંસ્કૃતિનાં અનેકવિધ મૂલ્યોને કારણે, નીતિ-મૂલ્યો ધોરણો કે જ્ઞાન-વિજ્ઞાનને કારણે જ આટલી મૂલ્યવાન પ્રસિદ્ધિઓ મેળવી શકયો છે. સમાજમાં રહીને ભાષાના માધ્યમથી નવી-નવી સંસ્કૃતિઓનું ખેડાણ કર્યું છે.

## ૦ વ્યક્તિમત્તાનું ઘડતર અને સુગ્રથન

વ્યક્તિ નિશ્ચિત સાંસ્કૃતિક માળખામાં જન્મે છે. દરેક મા-બાપ, વડીલો આદિ સંસ્કૃતિના વિભિન્ન તત્ત્વો જેવાં કે નીતિ, મૂલ્યો, રિવાજો, ધર્મ, શિક્ષણ, આદિનું બાળકમાં સિંચન કરે છે. પરિણામે બાળકની વ્યક્તિમત્તા સંસ્કૃતિનાં માળખામાં રહીને જ સુગ્રથિત થતી હોય છે. વ્યક્તિના દૈનિક ઘાટને સામાજિક ઘાટ આપવામાં પણ સંસ્કૃતિનું મહત્ત્વ વધારે છે. મનુષ્યની વ્યક્તિમત્તા ઘડનાર પાયાનું તત્ત્વ જ સંસ્કૃતિ છે.

## ૦ માર્ગદર્શન

સંસ્કૃતિનાં વિભિન્ન તત્ત્વો જેવાં કે રીત-રિવાજ, નીતિ, સામાજિક મૂલ્યો-ધોરણો, શબ્દો, ક્રિયા કે સ્વરૂપનાં વિભિન્ન પ્રતીકો વ્યક્તિને સામાજિક પરિસ્થિતિમાં વર્તન અંગે

માર્ગદર્શન આપે છે. સમાજમાં કેવું વર્તન સારું અને કેવું વર્તન ખરાબ છે તે સંસ્કૃતિમાં જોવા મળે છે.

સમાજના દરેક સભ્યના જીવનમાં, વિભિન્ન ક્ષેત્રોમાં સંસ્કૃતિ માર્ગદર્શક બને છે. સમાજમાં સંસ્કૃતિ વિના કોણે કેવું વર્તન કરવું યોગ્ય-અયોગ્યતાનું ધોરણ પણ સંસ્કૃતિ જ નકકી કરે છે. સમાજમાં માતા-પિતાનું સ્થાન, ગુરુનું સ્થાન, વિદ્યાર્થીનું સ્થાન કે સમાજના અન્ય વડીલોનું સ્થાન કેવું છે તેના પ્રત્યે દરેક બાળકે કેવું વલણ દાખવવું જોઈએ આ બધાંનું પણ માર્ગદર્શન સંસ્કૃતિમાંથી મળી રહે છે. પ્રાચીન સંસ્કૃતિ પ્રમાણે સમાજમાં વડીલોનું સ્થાન સૌથી ઊંચું છે. ગુરુનું સ્થાન પણ સમાજમાં ઊંચું છે. વડને 'વડદાદા' કે નદીને 'નદીમાતા' કે ગાયને 'ગાયમાતા' તરીકેનું સ્થાન પણ આપણી ભારતીય સંસ્કૃતિએ અપાવેલું છે. પ્રાચીન સમયથી ચાલી આવતી આવી પરંપરાને આજે પણ આપણે સાચવી રાખીને એની પૂજા આરાધના કરીએ છે.

### ० જીવનશૈલીનું ઘડતર

સંસ્કૃતિ જ જે તે સમાજના લોકોની જીવનશૈલીનું ઘડતર કરે છે. જે તે સમાજનો ખોરાક, પહેરવેશ, વસવાટ, જાતીયજીવન, એની રીત-ભાત, મનોરંજન પ્રાપ્ત કરવાની રીત, એની રહેણીકરણી, બોલ-ચાલની ઢબ, ભાષા તેમજ અર્થોઉપાર્જનની રીત પણ સંસ્કૃતિના માધ્યમથી નકકી થયેલી જોવા મળે છે.

સંસ્કૃતિ જ માનવીને જીવન જીવવાની રીત અર્પે છે. સંસ્કૃતિમાંથી શીખેલાં વર્તનો કે શૈલી અનુસાર મનુષ્ય પોતાનું જીવન ગોઠવતો રહ્યો છે. એક સમાજ દરેક સભ્યની જીવનશૈલી સામ્યતા સર્જે છે. તેનું કારણ પણ સંસ્કૃતિ છે. જેમકે ભારતીય સંસ્કૃતિમાં ભારતીય જીવનશૈલીનું, અમેરિકાની સંસ્કૃતિમાં અમેરિકાની જીવનશૈલીનું, ગ્રીસની સંસ્કૃતિમાં ગ્રીસની જીવનશૈલીનું, રોમસંસ્કૃતિમાં રોમની જીવનશૈલીનું તો મુસ્લિમ સંસ્કૃતિમાં મુસ્લિમ જીવનશૈલીનું

ઘડતર થયેલું જોવા મળે છે તેથી જ તો વિવિધ સંસ્કૃતિઓમાં જીવન જીવવાની સામ્ય-વૈષમ્યતા જોવા મળે છે.

### ૦ સામાજિક નિયંત્રણ

સંસ્કૃતિનાં વિભિન્ન તત્ત્વોમાં જેવાં કે રિવાજો, ધર્મ, નીતિ, ધારા-ધોરણો, મૂલ્યો આદિ વ્યક્તિના વર્તનમાં મર્યાદા મૂકે છે. એટલે જ તો દરેક વ્યક્તિ કશુંક કરતાં પહેલાં પોતાની સંસ્કૃતિનાં મૂલ્યો નજર સમક્ષ રાખે છે. એટલે કે ખરાબ વર્તન કરતાં તે અચકાય છે. આવાં સંસ્કૃતિના નિયંત્રણો જીવનના ભાગરૂપ બને છે. એના દ્વારા જ સમાજ કે સમાજની સંસ્કૃતિ ટકી રહે છે.

### ૦ સમાજનું સાતત્ય અને સુગ્રથન

'સાતત્ય એ સંસ્કૃતિનું લક્ષણ છે. સંસ્કૃતિ પેઢી દર પેઢી સામાજિક વારસારૂપે અવિરતપણે ચાલી આવતી ઘટના છે. દરેક પેઢી સંસ્કૃતિની એષણા કરે છે. સંસ્કૃતિની એષણાને લીધે સંસ્કૃતિનું સાતત્ય શકય બને છે અને સંસ્કૃતિનું સાતત્ય સમાજના સાતત્યને શકય બનાવે છે. સંસ્કૃતિ પ્રમાણે એની પેઢી દ્વારા નવી પેઢીનું સામાજિકરણ થાય છે અને તે રીતે સંસ્કૃતિ સમાજને યોગ્ય સભ્યો પૂરા પાડીને સમાજનું સાતત્ય અને સુગ્રથન ટકાવી રાખે છે. સંસ્કૃતિ સમાજનું સાતત્ય અને સુગ્રથન સર્જે છે.'[૪]

આમ સંસ્કૃતિ, સંસ્કૃતિની વ્યવસ્થા, લક્ષણો, મહત્ત્વ આદિ જોયા બાદ એ સંસ્કૃતિમાં રહેલા વિવિધ 'સંસ્કારો'ની વિગતે ચર્ચા કરવી ઘટે.

## ૬.૫ સોળ સંસ્કારો

સૃષ્ટિમાં દરેક સજીવ પ્રાણી માટે હવા પાણી અને ખોરાક અનિવાર્ય બને છે તેમ માનવજીવનમાં પણ સોળ સંસ્કારો વત્તા ઓછા અંશે અનિવાર્યતા ધરાવે છે. મનુષ્યના જીવનનો પાયો જ સંસ્કાર ઉપર નિર્માણ પામેલો છે. સંસ્કારનાં પાયામાં ભાવનાશીલતા રહેલી છે. ગર્ભવાસી બાળક ગર્ભની બહાર આવતાની સાથે નવતર બાળકમાં વડીલો એક

પછી એક સંસ્કારોનું સીંચન કરતા જાય છે. બાળક માતા-પિતાના દરેક અંગમાંથી ઉત્પન્ન થતું હોવાને કારણે થોડું જ્ઞાન કે આધ્યાત્મિક વૃત્તિઓ આંશિક સ્વરૂપે ઊતરેલી જ હોય છે. આવા જ્ઞાન કે વૃત્તિઓને વધારે સંસ્કારી બનાવવા માટે દરેક માતા-પિતા પોતાની યોગ્યતા પ્રમાણે સંસ્કારોનું સીંચન કરે છે.

સંસ્કારો આમ તો ગૃહ્યકર્મો છે. મોટાભાગના સંસ્કારો ગૃહમાંથી જ અપાય કે મેળવે છે. બાળકમાં સંસ્કારોનું સિંચન માતા-પિતા, અન્ય કુટુંબીજનો કે પછી સતત સહવાસી પાસેથી થતું હોય છે. કયારેક બાળકમાં વાતાવરણને કારણે કેટલાક ખોટા સંસ્કારોનું સિંચન થાય છે. સંસ્કારો જ માણસને સમાજમાં કે જગતમાં માન-પાન અપાવે છે. કયારેક એજ સંસ્કારો માનવને ખરાબ કૃત્યો પણ કરાવે છે, કે કરવા તરફ પ્રેરે છે. સંસ્કારોનો સીધો સંબંધ મન અને આત્મા સાથે છે. માણસ જેવી ઈચ્છા કે મનની ભાવના સેવે તેવા સંસ્કારો પ્રાપ્ત કરી શકે છે. પરંતુ સંસ્કારો જયાંથી અપાય કે પ્રાપ્ત થાય છે તે પણ એટલા જ જ્ઞાની, પવિત્ર અને સંસ્કારી હોવા જરૂરી છે.

સંસારરૂપી સંસ્કારજીવનને વધારે સંસ્કારી બનાવવા વિવિધ સંસ્કારો ને ક્રમશ: જોઈએ જીવનરૂપી આયનામાં સંસ્કારરૂપી પ્રતિબિંબ પડેલું છે. આવા 'સોળ સંસ્કારો' માંના કેટલાંક સંસ્કારો દક્ષિણ ગુજરાતની ધોડિયા જાતિમાં પણ જોવા મળે છે જેને વિગતે જોઈએ.

### ૧. ગર્ભધાન સંસ્કાર

સોળ સંસ્કારોમાંનો પ્રથમ સંસ્કાર એટલે ગર્ભધાન.

'गर्भधानं वीर्यस्थापनं स्थिरीकरणं स्मिन्येन वा कर्मणा तद गर्भाधानम्'[५]

ગર્ભધાન એટલે ગર્ભનું ધારણ કરવું તે. ગર્ભાશયનું વીર્યનું સ્થાપન કરીને વીર્યને સ્થિર કરવાનો સંસ્કાર એટલે ગર્ભધાન સંસ્કાર. પુખ્તવયના સ્ત્રી-પુરુષના સમાગમથી ગર્ભધાન ઉદ્‌ભવે છે. જેટલા ઉત્તમ સ્ત્રી-પુરુષ તેવું જ ઉત્તમ સંતત્તિ પણ પ્રાપ્ત થઈ શકે છે. જેમ ઉત્તમ બીજ અને ફળદ્રુપ જમીન હોય તો ઉત્તમ મોલ ઉતરે છે. ટૂંકમાં અન્નાદિ પદાર્થો ઉત્તમ જ પાકે છે.

તેમ સ્ત્રી-પુરુષમાં પણ પુખ્તવયે ગર્ભધાન રહે તો તંદુરસ્ત સંતાન અવતરી શકે છે.

સંતાન પ્રાપ્તિ માટે સ્ત્રી-પુરુષની વયમર્યાદા નકકી કરાયેલી જોવા મળે છે. સ્ત્રીની ઓછામાં ઓછી સોળ અને પુરુષની ઓછામાં ઓછી ૨૫થી૪૦ ગણાવી છે. મનુષ્ય શરીરની સર્વ ધાતુઓની વૃદ્ધિ પછી જ ગર્ભધાન કરવું યોગ્ય ગણાય છે. ગર્ભધાન ધારણ કરવા માટેના ઉત્તમ ઋતુદાનનો સમય આપણા શાસ્ત્રોમાં કરવામાં આવ્યા છે. 'મનુસ્મૃતિ'માં ઋતુદાનનો સમય આ પ્રમાણે કર્યો છે.

''ऌव तुकालाभिगामी स्थात्स्व क्षरनिरतरुसदा ।

पर्ववर्ज व्रजेल्वैनां तद्व्रतो रतिकाम्पया ॥''

''ऌव तु: स्वाभाविक: स्त्रीणां रात्रय: षोडशंस्मृता: ।

चतुर्मिरितरैः सार्हमहोमि: सहिगहितैः ॥'[૬]

'મનુસ્મૃતિ' માં ઋષિમુનિઓએ ઋતુદાનનો સમય આ પ્રમાણે કર્યો છે. વિવાહ બાદ પુરુષ અને સ્ત્રી પોતાના જ પતિ કે પત્ની સાથે ઋતુદાન કરી શકે છે. ઋતુદાન સોળ દિવસોમાં પૌર્ણમાસી અમાવસ્યા, ચતુર્દશી અને અષ્ટમી ને બાદ કરી બાકીના દિવસોમાં રતિક્રિયા કરવાનો આદેશ છે. આ ઉપરાંત રજસ્વલા નારીએ ચાર દિવસ માટે પુરુષ સાથે કોઈપણ પ્રકારનો સ્પર્શનો નિષેધ કર્યો છે. તેથીજ કદાચ પ્રથમ ચાર દિવસો દરમ્યાન સ્ત્રી ઘરનું કામકાજ કરતી નથી. આજે પણ ઘણી જ્ઞાતિઓમાં આવી સંસ્કારની પરંપરા પળાતી જોવા મળે છે.

'મનુસ્મૃતિ' માં તો ગર્ભધાન કરતી વખતે પુત્ર કે પુત્રીના પ્રાપ્તિ માટે પણ સમય નકકી કરાયેલો છે. પુત્રની પ્રાપ્તિ માટે બેકી સંખ્યાવાળી રાત્રિ એટલે કે છઠ્ઠી, આઠમી, બારમી, ચૌદમી. જ્યારે પુત્રી માટે એકી પાંચમી, સાતમી, નવમી અને પંદરમી. કારણ કે પહેલા ચાર દિવસો નિષેધ છે. આપણાં શાસ્ત્રોમાં દિવસે ઋતુદાન નિષેધ ગણાવાયું છે. તેથી જ કદાચ ભાલણે પણ ગુજરાતી સાહિત્ય 'રામવિવાહઆખ્યાન'માં 'અહલ્યા પ્રસંગ' માં અહલ્યાના મુખમાં દિવસે મૈથુનનો નિષેધ છે એવા શબ્દો મુકાયા છે.

ગર્ભધાન રહ્યા પછી શાસ્ત્રોકત વિધિ પ્રમાણે ગર્ભધાનની વિધિ કરવામાં આવે છે. જેમાં આ વિધિ વ્યસન રહિત કર્મમાં શ્રદ્ધા રાખનાર બ્રાહ્મણો પાસે કરાવાય છે. પોતાની સગવડ પ્રમાણે બ્રાહ્મણો બોલાવી તેમને આસન ઉપર બેસાડી આ વિધિ કરાય છે. પતિ-પત્ની પોતાના શરીરને સ્વચ્છ પાણીથી પવિત્ર કરી આ વિધિમાં બેસે છે. યજુર્વેદ જેવા પવિત્ર ગ્રંથોમાં આપણા ગર્ભ સંસ્કારને વિગતે વર્ણવામાં આવ્યો છે. બ્રાહ્મણ મંત્રોચ્ચાર કરી ગર્ભની રક્ષા માટે પરમ પરમાત્માને પ્રાર્થના કરે છે. આ વિધિ વખતે બ્રાહ્મણ સ્ત્રી-પુરુષે કેવા કર્મો કરવા તેની વિગતે ચર્ચા કરે છે. અનેક પ્રકારની આધિ-વ્યાધિમાંથી કે સંકટમાંથી મુક્ત કરવા અને બાળકને સર્વજ્ઞાનથી અને આરોગ્ય જળવાય રહે એવી અનેક કામનાઓ કરાતી હોય છે.

આ સંસ્કારવિધિમાં સ્ત્રી-પુરુષે પોતાના ગર્ભના વિકાસઅર્થે કેવા કેવા આહારો કરવા તેનું પણ વિગતે વર્ણન કરાયું છે. શાસ્ત્રોમાં ગર્ભધારણ કરનાર સ્ત્રીએ-

'आहरशुहौ साव शुद्धि सत्व शुद्धौ ध्रुवा स्मृतिः ॥'[૭]

ઉપર પ્રમાણેનો શુદ્ધ આહાર લેવો અર્થાત્ મદ્ય-માંસાદિ રહિત ધૃત, ઘઉં, દૂધ, ચોખા આદિ શુદ્ધ આહારોનું સેવન કરવાથી અંતઃકરણની શુદ્ધિ, બલ પુરુષાર્થ, આરોગ્ય તથા બુદ્ધિની પ્રાપ્તિ થાય છે. આમ ઉપરોક્ત વિધિ બતાવ્યા પ્રમાણે પુખ્તવયે વિવાહ કરવાથી, યોગ્ય ઋતુદાન પ્રમાણે ગર્ભધાન કરવાથી યોગ્ય શુદ્ધ આહાર લેવાથી ઉત્કૃષ્ટ સંતાનનું અવતરણ થાય છે એવું માનવામાં આવે છે.

## ૨. પુસંવન સંસ્કાર

ગર્ભસ્થ શિશુના દોષનું રક્ષણ એટલે પુસંવન સંસ્કાર. આ સંસ્કારનો સમય ગર્ભધાન પછી બીજા અથવા ત્રીજા માસ સુધી માનવામાં આવે છે. આ સંસ્કારથી પુસંવન થાય છે. પુરુષત્વ અર્થાત્ વીર્યનો લાભ થાય છે. ગર્ભધાન પછી જયાં સુધી બાળકનો જન્મ ન થાય ત્યાં સુધી અને બાળકના જન્મ પછી બે માસ સુધી પતિએ બ્રહ્મચારી રહેવું અને સ્વપ્નમાં

પણ વીર્યનો નાશ ન થાય તે સાચવવું જેથી કરીને આવનારું બીજું સંતાન પણ ઉત્તમ અને બલિષ્ટ જ અવતરે.

ત્યાર બાદ ગર્ભને કેવી રીતે વધારવો તેના ઉપાયો આ વિધિમાં (સંસ્કાર) બતાવાયા છે.

'वरी विश्वा च गंधा च मधुकं भृगराटसमस अजादुग्धेन पानं तु नार्या गर्भस्य वृद्धिकृत् ॥'[८]

શતાવરી, સૂંઠ, જેઠીમધ, ભાંગરો આ સરખાભાગે વાટી તેને બારીક વસ્ત્રથી ગાળી તેમાંથી પા તોલો બકરીના દૂધ સાથે પીવાથી ગર્ભની સારી વૃદ્ધિ થાય છે. કેટલીકવાર સ્ત્રીનો ગર્ભ સ્ત્રવી જતો હોય ત્યારે એ ગર્ભને સ્ત્રવી જતો અટકાવવા પણ શાસ્ત્રોમાં ઉપાયો બતાવ્યા છે. જેમ આજે પણ ગામડાંની અભાણ સ્ત્રીઓ આયુર્વેદિક દેશી ઓસડ મૂળમાંથી કે પાનમાંથી રસ એકત્ર કરીને એ રસનું પાન કરી ગર્ભને સ્થિર કરે છે. હવે થોડા પરિવર્તનો અચૂક વર્તાય છે.

ગર્ભધાન પછી આ વિધિમાં બ્રાહ્મણો મંત્રોચ્ચાર કરી ગર્ભમાં રહેલું બાળક સત્ત્વગુણશાળી બને અને કોઈપણ દુ:ખ પામ્યા વગર સંપૂર્ણપણે વિકસિત બનીને યોગ્ય સમયે અવતરે એવી પ્રાર્થના કરાય છે. બાળક તેજસ્વી, બુદ્ધિશાળી, નીરોગી અને સૌદર્યવાળું બને તે માટેના મંત્રોચ્ચાર આ વિધિમાં કરાય છે.

ત્યારબાદ આ સંસ્કાર વખતે ગર્ભવતી સ્ત્રીએ કેવા પ્રકારનો આહાર લેવો તેની પણ માહિતી વિગતે મંત્રોચ્ચાર દ્વારા કરાતી હોય છે. ગર્ભવતી સ્ત્રીએ અતિશયન ન કરવું, અતિ જાગરણ ન કરવું, અધિક ભાષણ ન દેવું, અતિ ખારા, ખાટાં, તીખા, કડવા અને રોચક પદાર્થોનું વધુ પડતાં સેવનનો નિષેધ કરાયો છે. સૂક્ષ્મઆહાર અને પૌષ્ટિક આહાર વતી ગર્ભને પોષવો તેમજ આ સમય દરમ્યાન અતિ ક્રોધ, દ્વેષ કે લોભ આદિ ન કરવા અને મનને પ્રફૂલ્લિત રાખી શુભ આચરણ કરવું જેથી ગર્ભમાં રહેલ બાળકમાં પણ આજ સંસ્કારોનું સિંચન થાય છે.

### ૩. સીમંત સંસ્કાર

આ સંસ્કારથી ગર્ભવતી સ્ત્રીનું મન સંતુષ્ટ, આરોગ્ય તથા ગર્ભસ્થિતિ ઉત્કૃષ્ટ થઈ પ્રતિદિન વધતી જાય છે. આ સંસ્કાર લગભગ બધી જાતિઓમાં જોવા મળે છે.

'चतुर्थे गर्भमासे सीमन्तोन्नयनम् ।

आपूर्यमाण पक्षे यदा पुंसा नक्षत्रेण चन्दमा

युक्तः स्यात् ॥'९

ગર્ભધાનથી ચોથા માસના શુકલપક્ષમાં જ્યારે મૂલ આદિ પુરુષ નક્ષત્રયુક્ત ચન્દ્રમાં હોય તે દિવસે સીમંતોનયન સંસ્કાર કરવો.

સીમંત સંસ્કાર વિધિમાં સંસ્કારોપયોગી સામગ્રી તૈયાર કરી સ્વસ્તિવાંચન અને શાંતિપાઠ કરી ઈશ્વરની સ્તુતિ કરાય છે. બન્ને પતિ-પત્ની સ્વચ્છ બની મંત્રોચ્ચાર સાથે પરમાત્માને આહુતિ આપે છે. સર્વ જગતને ધારણ કરનાર તથા પ્રજાને ઉત્પન્ન કરનાર પરમાત્મા પોતાને પણ સારું સંતાન આપે અને પોતાના ગર્ભમાં રહેલા બાળકને દશ માસ સુધી સ્થિર રાખે એવી પ્રાર્થનાઓ કરાય છે.

જેમા પૃથ્વી પોતામાં પડેલા બીજને પૂર્ણકાલ એટલે કે વર્ષાઋતુ સુધી પોતાના ગર્ભમાં સાચવી રાખે છે. અને પૂર્ણકાલે હવા, પાણી મળતા તેને ફણગારૂપે ઉજારે છે, તેમ પેલી ગર્ભવતી સ્ત્રી પણ દશ માસ સુધી પરમાત્માની કૃપાથી ગર્ભને સાચવી દશમા માસે નિર્વિઘ્ને તંદુરસ્ત બાળકને જન્મ આપે એવી પ્રાર્થના કરાય છે.

### ૪. જાતકર્મ સંસ્કાર

જ્યારે ગર્ભવતી સ્ત્રીને પ્રસવનો સમય થાય ત્યારે નીચેના મંત્રો વડે ગર્ભિણી સ્ત્રીના શરીર પર જલ વડે માર્જન કરવું.

''ओम् एजेतु दशमास्यां गर्भो जरायुणा सह ।

यथा चं वायुरेजेति यथो समुद्र एजेति ।

एवावं यशोमास्यो अस्त्रज्जरायुण सह ।'१०

જેમ વાટિકાસ્થ જલાશયના જલને વાયુ ધીરે-ધીરે હલાવે છે તેમ હે સ્ત્રી! તારો ગર્ભ પ્રાણાદિ શક્તિયુક્ત થઈને ધીરે-ધીરે ચેષ્ટા કરે તથા સુખપૂર્વક દશમે માસે જન્મ પામે.

ગર્ભવતી સ્ત્રીના ગર્ભમાંથી વિના વિઘ્ને ગર્ભ છૂટો પડી બાળકરૂપે અવતરે એવી પરમાત્માને પ્રાર્થના કરાય છે. પુત્ર કે પુત્રીના જન્મ થયા બાદ પ્રથમ દાયણ આદિ સ્ત્રી આ બાળકના શરીર પરનો ઑર દૂર કરી બાળકના કાન, મુખ, નાસિકા, આંખ હાથ-પગ આદિને કોમળ વસ્ત્ર વડે કોરું કરી પ્રથમ બાળકને પિતાના ખોળામાં આપવું, પછી પિતા બાળકને વાયુ અને શીતલતા વિનાની જગ્યાએ બેસી વેંતભર નાળ રાખીને સૂતર વડે બાંધી બાળકની નાડીને તીક્ષ્ણ છરી વડે કાપવી, ત્યારબાદ બાળને ઉષ્ણ જળ વડે સ્નાન કરાવી શુદ્ધ વસ્ત્ર વડે કોરું કરી, કોરું વસ્ત્ર પહેરાવી ત્યારબાદ બાળકને યોગ્ય જગ્યાએ સુવડાવી પોતાના હાથ પગ ધોઈ વેદીના પશ્ચિમમાં પૂર્વાભિમુખે બેસવું અને દક્ષિણ ભાગમાં ઉત્તરાભિમુખ બેસી પુરોહિત યજમાન પાસે સંસ્કારોપયોગી સામગ્રી મૂકાવી મંત્રોચ્ચાર કરી આ વિધિ કરાવે છે.

બાળકના જન્મ સમયે પતિ-પત્ની પાસે ન રહેતા સૂતિકાગૃહની બહાર રહે છે. બાળકના જન્મ પછી આ વિધિ કરાયા પછી બાળકને પ્રથમ ઘી અને મધ બરોબર મેળવીને પ્રથમથી તૈયાર કરાયેલી સોનાની સળીથી તે મિશ્રણ વડે બાળકની જીભ ઉપર 'ओस्म्' આ અક્ષરો લખીને બાળકના દક્ષિણ કાનમાં 'त्वंवेदोसि' (તારું ગુપ્ત નામ વેદ છે) એ પ્રમાણે કહીને ધીમે-ધીમે સુવર્ણની સળી વડે મંત્રોચ્ચાર કરી બાળકને થોડું થોડું ચટાડે છે.

બાળકના જાત સંસ્કારમાં બાળકને ભૂલોક, અંતરિક્ષલોક તથા સ્વર્ગલોક એ ત્રણે લોકનું ઐશ્વર્ય બાળકમાં ઉતરે એવી ભાવના પરમાત્મા પાસે માંગે છે અને બાળક સો વર્ષનું આયુષ્ય ભોગવે એવી ભાવના પ્રગટ થાય છે.

જેવી રીતે વનસ્પતિ વડે અગ્નિ, ઔષધિ વડે ચંદ્રમા, બ્રાહ્મણો વડે વેદામૃત, સત્યવિદ્યા વડે વિદ્વાન, સત્યવ્રત વડે ઋષિ, સત્યજ્ઞાન વડે પિતૃ, દક્ષિણા વડે યજ્ઞ, જળથી

વહેતી નદીઓ વડે સમુદ્ર દીર્ઘાયુ થાય છે. તેવી જ રીતે માતા-પિતા બાળકને દીર્ઘાયુ બનવાના અને ઉત્તમગુણોવાળું પોતાનું બાળક બને તેવો પ્રયત્ન કરવો જોઈએ એવી ભાવના મંત્રોચ્ચારથી દર્શાવાય છે.

ત્યારબાદ બાળકના કલ્યાણાર્થે મંત્રોચ્ચારાદિ કરી સર્વતરફથી બાળકની રક્ષા કરાય છે એવી ભાવના વ્યક્ત થાય છે, પછી વિધિવત્ જન્મ આપનારી જન્મદાત્રીના બંને સ્તનોમાંથી બાળકને પયપાન કરાવાય છે, અને બંને માતા-પિતા બાળકના મસ્તકને સૂંઘે છે અને અંતે બાળક સહિત પ્રસૂતા સ્ત્રીનું સર્વ પ્રકારે ઈશ્વર કલ્યાણ કરો, એવી ભાવનાઓ વ્યક્ત કરાતી હોય છે. હે પરમાત્માત્મન્ ! આદિત્ય અમારા સૌનું મરણ ભયરહિત કરો. જીવનપ્રદાન કરનાર જગદાત્રા! આપ સર્વ પ્રકારે અમને અભય કરો, લોકમાં અમારા પુત્ર-પૌત્રાદિત્કોની વૃદ્ધિ થાઓ અને અન્ન-દાન અમને પ્રાપ્ત થાઓ એવી પ્રાર્થના સાથે જાતકર્મની વિધિ કરાય છે.

## ૫. નામકરણ

નામકરણ અર્થાત્ જન્મેલ નવજાત શિશુનું નામ પાડવું તે, સૃષ્ટિમાં દરેક સજીવ-નિર્જીવ તમામની એક આગવી ઓળખ હોય છે. દેખાવ, ગુણ, રંગ, આકૃતિને અનુરૂપ નામાભિધાન થયેલું જોવા મળે છે. સંસારજીવનમાં પણ નામનું મહત્ત્વ અનેરું છે. બાળકના જન્મના દશ દિવસ પછી અગિયારમા દિવસે અથવા તો એકસોને એક તો વળી કયારેક બીજા વર્ષના પ્રારંભમાં જે દિવસે બાળક જન્મ્યું હોય તે દિવસે નામ પાડવાની પરંપરા હોય છે.

આપણા વેદ આદિમાં નામકરણની શાસ્ત્રોકત વિધિ અનુસાર બાળકનું નામ પાડવામાં આવતું. જે દિવસે આ સંસ્કાર કરવો હોય તે દિવસે અતિ આનંદતાથી પોતાના ઘરના સદ્સ્યો તથા પોતાના ઈષ્ટમિત્રો અને હિતેચ્છુઓ તેમજ અન્ય સગાંસંબંધીઓને આમંત્રી યથાવત્ સત્કાર કરવામાં આવે છે. પ્રથમ સંસ્કાર ઉપયોગી વસ્તુઓ એકત્ર કરી બાળકના પિતા અને બ્રાહ્મણ આ ક્રિયાનો આરંભ કરે છે. પ્રથમ ઈશ્વરસ્તુતિ, સ્વસ્તિવાંચન, અગ્નિ આદિની વિધિ આરંભ્યા બાદ શાસ્ત્રોકત આહુતિઓ અર્પણ કરીને આ વિધિ કરવામાં આવતી.

નામકરણના દિવસે બાળકની માતા બાળકને શુદ્ધ જલ વડે સ્નાન કરાવી કોરાં વસ્ત્રો પહેરાવી યજ્ઞકુંડની પાસે લઈ આવી. પિતાના ખોળામાં બાળકને આપી, પોતે પૂર્વાભિમુખે પતિની ડાબીબાજુએ બેસી બાળકને પતિના હાથમાંથી પોતાના ખોળામાં લઈ આ વિધિ આરંભાય છે. વિધિની શરૂઆત 'ओरूम् प्रजापतये स्वाहा ।'[११] મંત્રથી કરાય છે. ત્યારપછી જે નક્ષત્રમાં બાળકનો જન્મ થયો હોય તે તિથિ તથા નક્ષત્રના નામ લઈને ચાર આહુતિઓ અપાય છે.

ઉપરોક્ત આહુતિ અપાયા બાદ બાળક પૃથ્વી ઉપર અવતર્યુ છે તો એ બાળક વીર, પ્રતાપી, તેજસ્વી, સંસ્કારી, આત્મસુખી, ગુણયુકત તથા દીર્ઘાયુ બને એવી મનોકામના ઈશ્વર પાસે કરવામાં આવે છે અને બાળકનું નકકી કરાયેલું નામ મોટેથી બોલવું જેથી કરીને ત્યાં ઉપસ્થિત સર્વેને એ નામનો પરિચય થાય અને સૌ આ નામથી બાળકને ઓળખે એવી મનોકામના કરાય છે.

આ વિધિ પત્યા પછી નામકરણસંસ્કાર નિમિત્તે આવેલા મનુષ્યોને આદર સત્કાર કરીને તેમને વિદાય કરવા અને બાળકને આશીર્વાદ આપવા આ પ્રમાણેની શાસ્ત્રોકત વિધિ કરાય છે. જો કે દરેક ધર્મમાં કે જ્ઞાતિમાં જુદીજુદી વિધિઓ કરાય છે.

### ૬. **નિષ્ક્રમણ સંસ્કાર**

બાળકને પ્રથમવાર ઘરમાંથી બહાર લઈ જવાની ક્રિયાને નિષ્ક્રમણ સંસ્કાર કહે છે. આ સંસ્કાર બાળકની તબિયત સારી હોય અને બાળક ચોથા માસમાં પ્રવેશે ત્યારે આ વિધિ કરવામાં આવે છે. આ સંસ્કાર માટે શાસ્ત્રોમાં પણ ચોથા માસને વધારે યોગ્ય માની છે જેમકે- 'चतुर्थे मासि निष्क्रमणिका सूर्यमुदीक्षयति तच्चक्षुरिति ।'[१२]

નિષ્ક્રમણ સંસ્કાર કાલના બે ભેદ છે. એક બાળકના જન્મ પછી ત્રીજા શુકલપક્ષની તૃતીયાએ અથવા ચોથા માસમાં જે તિથિએ બાળકનો જન્મ થયો હોય તે તિથિએ આ સંસ્કાર કરવો.

નિષ્ક્રમણ સંસ્કારના દિવસે પ્રાત:કાલે સૂર્યોદય પછી બાળકને શુદ્ધ જલ વડે સ્નાદિ કરાવી શુદ્ધ/કોરાં વસ્ત્રો પહેરાવી તેની માતા યજ્ઞશાળામાં લઈ આવે છે. પ્રથમ બાળકને હાથમાં ચત્તો રાખી ઉપર તરફ માથું રાખીને પતિના હાથમાં આપે છે અને પતિની ડાબી બાજુ આવીને પશ્ચિમ તરફ મુખ રાખીને ઊભી રહે છે. ત્યારબાદ પતિ ઈશ્વરને પ્રાર્થના કરે છે. પતિની પ્રાર્થના પૂરી થયા બાદ સ્ત્રી પતિની બાજુમાં આસન ગ્રહણ કરે છે ત્યારબાદ બંને એકી સાથે આંખો બંધ કરીને હાથ જોડીને નીચે મુજબ મંત્ર ઉચ્ચારે છે.

'ओरूम विश्वानि देव सवितर्दुरितानि परासुव ।'[१३]

હે સકલ જગતની રચના કરનાર, ઐશ્વર્યયુક્ત શુદ્ધ સ્વરૂપવાન, સર્વસુખોના દાતા પરમકૃપાળુ નાથ અમારા પુત્રનાં સંપૂર્ણ, દુર્ગુણ, દુર્વ્યસન તથા સર્વે દુ:ખોને હંમેશાં દૂર કરજો અને કલ્યાણકારી ગુણ, કર્મ આદિ પ્રાપ્ત થાઓ હે પરમાત્મા ! તમે જ અમારા સર્વસ્વ છો એવી મંગલકારી ભાવના કરાય છે અને પુત્ર માટે દીર્ઘાયુ અને સૌ શરદકાલ સુધીની જીવનરેખા માંગે છે.

આ વિધિ કરતી વખતે બાળકના જમણા અને ડાબા કાન નજીક મુખ રાખી બાળકની દીર્ઘાયુની પ્રાર્થના કરાય છે. આ પ્રકારેની વિધિ થઈ ગયા બાદ બાળકને માતાના હાથમાં ઉત્તરમાં માથું રાખી આનંદપૂર્વક બાળકને સૂર્યદર્શન કરાવવું અને નીચેનો મંત્ર બોલવો.

'હે પરમાત્મન્ આપની કૃપા તથા વિજ્ઞાન વડે અમે આપની રચનાને જોઈ, આપની સાથે યુક્ત થઈને, નીરોગી બની સમસ્ત ઈન્દ્રિયો સો વર્ષ સુધી જીવે અને શાસ્ત્રો, તથા સત્યગુણો સાંભળીએ તથા સો વર્ષ સુધી વેદાદિને ભણાવીએ અને સત્યનો ઉપદેશ આપી પરાધીન ન થતાં સ્વતંત્ર રહીને સદા આનંદિત રહી બીજાને આનંદ આપીએ એવી સદ્ભાવના રાખે છે.'[૧૪]

આ ઉપરોકત મંત્ર બોલીને નવજાત શિશુને શુદ્ધ વાયુમાં ભ્રમણ કરાવે છે અને આશીર્વાદ આપે છે અને આ વિધિમાં આવેલા મહેમાનોનો સત્કાર કરી વિદાય કરે છે.

ત્યારબાદ રાત્રે ચંદ્રમા પ્રકાશમાન થાય ત્યારે બાળકને ફરી શુદ્ધ તથા ઋતુ અનુસાર વસ્ત્રો પરિધાન કરાવી પતિ-પત્ની ચંદ્રને પ્રાણીથી અંજલિ આપી ચંદ્રની સન્મુખ ઊભા રહી મંત્ર વડે પરમાત્માની સ્તુતિ કરીને બાળકને ઉત્તરાભિમુખ રાખી ચંદ્રનું દર્શન કરાવે છે અને દીર્ઘાયુની ભાવના સેવે છે. આ પ્રકારે નિષ્ક્રમણની શાસ્ત્રોક્ત વિધિ કરાય છે.

## ૭. અન્નપ્રાશન સંસ્કાર

બાળકની શક્તિ જયારે અન્ન પચાવવા યોગ્ય થાય ત્યારે જે સંસ્કાર કરવામાં આવે તે અન્નપ્રાશન સંસ્કાર કહેવામાં આવે છે. પ્રથમવાર બાળકના મુખમાં અન્ન મૂકવાની વિધિ કરાય છે. 'અન્નપ્રાશન' એટલે અન્ન ખવડાવવું અને 'પ્રાશન' એટલે પીવડાવવું અર્થાત્ બરાબર રંધાઈ ગયેલો વિવિધ રસવાળો એકરસ ખોરાક આપવો તે.

'આશ્વલાયન' ગૃહસૂત્રમાં કહયું છે કે-

'षष्टे मास्यन्नप्राशसनम् ।

धृतोदेनं तेजस्कामः ।

दधि मधुधृत मिश्रितमन्नं प्राशयेत् ॥'[૧૫]

છઠેમાસે બાળકને સૌ પ્રથમ અન્નપ્રાશન કરાવવું, પોતાનું બાળક તેજસ્વી બને તે માટે ઉપરોક્ત સૂત્ર અનુસાર ઘી, ભાત, દહીં અને મધ ને મિશ્રિત કરી, ભાતને એકરસ કરી બાળકને ખવરાવવા. આ સંસ્કારને દિવસે શાસ્ત્રોક્ત વિધિ કરવામાં આવે છે. વિવિધ મંત્રોચ્ચાર કરી તૈયાર કરાયેલ અન્ન વડે પ્રથમવાર બાળકને અન્નથી એઠું કરવામાં આવે છે.

'य आत्मदा बलदा यस्य विश्व उपासते प्रशिषं यस्ये देवाः ।

यस्यच्छायामृतं यस्ये मृत्युः कस्मै देवाय इविषा विधेम् ॥'[૧૬]

જે આત્મજ્ઞાનનો દાતા શરીર, આત્મા અને સમાજના બલનો દાતા કે જેની સર્વ વિદ્વાન લોકો ઉપાસના કરે છે, જેના પ્રત્યક્ષ સત્યસ્વરૂપ શાસન અને ન્યાય અર્થાત્ શિક્ષાને માને છે તથા જેની છાયા અર્થાત્ આશ્રય જ મોક્ષ સુખદાતા છે અને જેનું ન માનવું અર્થાત્

ભક્તિ ન કરવી તે જ મૃત્યુ આદિ દુ:ખનો હેતુ છે. એવા સુખરૂપ સકલ જ્ઞાનના દાતા પરમાત્માની પ્રાપ્તિ માટે આત્મા અને અંત:કરણથી ભક્તિ કરીએ છીએ.

આમ જુદા જુદા મંત્રો વડે બાળકની રક્ષા કરવા અને સર્વવિદ્યમાન સર્વેશ્વર પરમ કૃપાલુ પરમાત્માના વિવિધ તાપથી પોતાનું બાળક તેજસ્વી, સુખકારી અને આનંદિત રહે એવા ભાવવાહી આત્મપદો સાથે ભગવાનનું સ્મરણ કરી ઘી, ભાત, મધ આદિથી તૈયાર કરેલ ભાત બાળકના મુખમાં ચમચી વડે મૂકવામાં આવે છે અને માતા-પિતા પોતે પણ અન્ન લેવો અને મંત્રો વડે આહુતિ આપે છે.

ત્યારબાદ અન્નપ્રાશનની વિધિ પૂર્ણ થતાં બાળકનું મુખ ધોઈ સ્વચ્છ થઈ માતા-પિતા તથા વિધિમાં આવેલા અન્ય વૃદ્ધ સ્ત્રી-પુરુષો પણ પરમાત્માની પ્રાર્થના કરી નિમ્ન વાકય બોલીને બાળકને આશીર્વાદ આપે છે.

'ओहम् त्वमन्नपरिरन्नादो वर्ग्पमानो भूयाः ।'[૧૭]

અર્થાત્ હે બાળક તું અન્નપતિ/અન્નનો માલિક બની બલિષ્ટ થઈ દીર્ઘાયુ થા. અને આ વિધિમાં આવેલ સર્વેને આદર-સત્કાર કરી વિદાય કરવા. આવી અન્નપ્રાશસનની શાસ્ત્રોકત વિધિ કરાય છે.

## ૮. ચૂડાકર્મ સંસ્કાર

સોળ સંસ્કારમાનો આઠમો સંસ્કાર એટલે ચૂડાકર્મ સંસ્કાર. આ સંસ્કારનાં બીજાં પણ અનેક નામો છે. મુંડનસંસ્કાર, ચૂડાકરણ, કેશવપન, ચૌલ કર્મ, કેશછેદન અને ક્ષૌર વગેરે. 'ચૂડાકર્મ' એટલે વાળ સાથે કરવામાં આવતું કર્મ.

'આશ્વાલાયનના મત પ્રમાણે ચૂડાકર્મ જન્મ પછી 'तृतीय वर्षे चौलम् ।' એ અનુસાર ત્રીજા વર્ષે અથવા એક વર્ષે પણ ઉત્તરાયણકાલ શુકલપક્ષમાં જે દિવસે શુભ દિવસ હોય ત્યારે આ સંસ્કાર કરવામાં આવે છે.'[૧૮]

પ્રથમ યજ્ઞકુંડ તૈયાર કરી તેની સામગ્રી એકઠી કરવી. માટીનાં કોડિયાં અથવા ખાખરાના

પડિયામાં ચોખા, તલ, જવ અને અડદ ભરી વેદિની ઉત્તર દિશામાં મૂકવા; ત્યારબાદ પરમાત્માને પ્રાર્થના કરી અગ્નિની વિધિ કરીને આહુતિઓ આપવી. ત્યારપછી મંત્રોચ્ચાર કરી બાળક અને પોતાના સંસારમાં બધુ હેમખેમ રહે એ પ્રમાણે પ્રાર્થનાઓ કરવી. સર્વવ્યાપક સ્વયંપ્રકાશી પરમાત્માને સંબોધી સર્વ દુષ્ટ ગુણો નાશ કરવા, સદ્બુદ્ધિ આપવી, સુખદાતા કાર્યોનો માર્ગ પ્રાપ્ત થાય, વિદ્યાદાન અને સુખ મળે, આત્માના જ્ઞાનનો પ્રકાશ પાથરે, અનેક પ્રકારની આધિ-વ્યાધિ અને ઉપાધિથી મુક્ત કરે, સૌભાગ્ય, આરોગ્ય અને શોભા આપે, પરમાત્માના ચરણમાં રહી પ્રભુભક્તિ અને સુખપ્રાપ્તિ કરે એવી શક્તિ આપે, મંગલદાયક સ્થિતિ વર્તાય અને અમારું જીવન સુખદાયી નીવડે એવી અનેક મનોકામનાઓ ઈચ્છે છે.

ઉપરોક્ત મનોકામનાઓ બોલી આહુતિઓ અપાતી જાય અને પછી પરમાત્માનું ધ્યાન ધરી વાળંદની સામે નિહાળી તેમની સામે બેસાડી પોતે બાળકની પાછળ બેસીને નિમ્ન મંત્ર બોલી ગરમ અને ઠંડુ પાણી પાત્રમાં લઈ લેવું.

'ओहम् आयमेगन्त्सविता क्षुरेणोष्णेनं वाय उदकेनेहि । आदित्या रुद्रा वसैव उन्दन्तु सचेतस: सोमस्य रराज्ञां वपत प्रचेतस: ॥'[१९]

હે સર્વ પ્રેરક સવિતા પરમાત્માન્ । આ અસ્રાને ધારવાળો કરજે, હે! વાયુ તું ગરમ જલની સાથે આવી એને જેવું જોઈએ તેવું રાખજે. હે આદિત્ય, રુદ્ર તથા વસુ પરમાત્મન્ ! આપ આ બાળકનું ચિર આર્દ કરો. વરુણના સમાન આર્દ, સોમ સમાન શીતલ અને દીપ્તિમાન અસ્રા વડે આ બાળકના કેશ દૂર કરો.

આમ મંત્રો સાથે પ્રથમ ગરમ અને ઠંડુ પાણી મિશ્ર કરી બાળકના જમણા ભાગના વાળને પલાળી અને તેમાં માખણ અથવા દહીં ઉપરની મલાઈ વડે બાળકના માથામાં ઘસવું અને પાણીથી વાળને બરાબર પલાળવા. ત્યારબાદ વાળને કાંસકી વડે બરાબર ઓળી સરખા કરવા પછી મંત્રોચ્ચાર સાથે પ્રથમ જમણી બાજુ પછી ડાબી બાજુના વાળ કાપવાની શરૂઆત કરવી. સૌ પ્રથમ અસ્રો તથા દર્ભને વાળ પાસે લઈ જવા અને 'હે અવિનાશી

પરમાત્મન્ ! આ બાળકની રક્ષા કરો' એમ બોલી દર્ભ સહિત તે વાળને કાપવા.

કેશવપન કરાવવા પાછળનો આશય બાળક-વિદ્વાન થાય, માથાનો ભાર હલકો થાય અને બાળક સુખપૂર્વક સારું વિચારી બુદ્ધિવાન બને અને સુખી થઈ સો વર્ષ જીવે એવી ભાવના રહેલી છે.

વાળ કપાય ગયા પછી એ વાળને દર્ભ સમેત શમીવૃક્ષનાં પાંદડા સહિત શકોરામાં એકત્ર કરી આ વાળ વાળંદને આપવા અથવા ખાડો ખોડી તેમાં દર્ભ-શમીયાન સહિત દાટી દેવું. આ પ્રમાણે વાળ કાપતી વખતે પ્રથમ જમણી તરફ પછી ડાબી બાજુના અને શકય હોય તો એકાદ કેશની લટ 'ચોટલી' તરીકે રાખવામાં આવે છે. ત્યારપછી આગળના અને છેલ્લે પાછળનાં વાળ કાપવામાં આવે છે.

પ્રથમ વાળ બાળકનો પિતા કાપે છે પછી બાકી રહેલા વાળ ઉપર વાળંદ અસ્રા વડે મૂંડન કરે છે. કેટલીકવાર પહેલી ચોટી રાખવામાં આવતી નથી. બીજી વખતના વાળ કાપતી વખતે ચોટી રખાય છે. ક્ષૌરકર્મ થઈ ગયા પછી કોડિયા કે પળિયામાં મૂકેલી વસ્તુ વાળંદને અપાય છે. આ સાથે વાળંદને વસ્ત્ર તથા ધનથી સંતુષ્ટ કરવામાં આવે છે. આ કાર્ય પૂરું થયા પછી બાળકને માખણ અથવા દહીં ઘસી શુદ્ધ પાણીથી સ્નાન કરાવાય છે અને શુદ્ધ વસ્ત્રો પહેરાવી સુભાશન પર બેસાડી સામવેદનું મહાદિવ્યગાન કરી માતા-પિતા તથા આવેલા તમામ લોકોએ બાળકને નીચેનો શ્લોક બોલી આશીર્વાદ દેવા.

'ओहम् त्वं जीव शरदः शतंवर्दमान् ।'[२०]

આ પ્રકારે શાસ્ત્રવિધિ અનુસાર ચૂડાકર્મ કરવામાં આવે છે.

### ૯. કર્ણવેધ સંસ્કાર

નવમો સંસ્કાર એટલે કણવેધ. કર્ણવિધ એટલે બાળકના કાન અથવા નાક વીંધાવવાની વિધિ. ભારતીય પરંપરા મુજબ પુત્ર અને પુત્રી બંનેના કાન વીંધાવવા જોઈએ.

'अत्र प्रमाणम् कर्णवेधो वर्षे तृतीये पञ्चमे वा ।'[21]

કાન વીંધવાનો સમય જન્મથી ત્રીજા વર્ષે અથવા પાંચમા વર્ષે વીંધવામાં આવે છે. જે દિવસે કર્ણ કે નાસિકા વીંધવાનો નકકી કર્યો હોય તે દિવસે બાળકને સવારે શુદ્ધ પાણી વડે સ્નાન કરાવી નવા વસ્ત્રાલંકાર ધારણ કરાવી બાળકને યજ્ઞ શાળામાં લઈ જઈ બાળકની પાસે ખાવાનો પદાર્થ અથવા રમવાની વસ્તુ રાખી મંત્રોચ્ચાર કરી ચરક, સુશ્રુતાદિ વૈદિક ગ્રંથોને જાણનાર સદૈવ કે જે નસ આદિ બચાવીને કાન વીંધી શકે. તેની પાસે જમણો કાન અથવા નાક વીંધાવવું.

સુશ્રુતમાં લખ્યું છે કે બાળકના કાન બે ઉદ્દેશ્યથી વીંધવામાં આવે છે. એક તો બાળકની રક્ષા અને બીજું બાળકના કાનમાં આભૂષણ પહેરાવવા માટે. કર્ણવિધની મદદથી બાળકની રક્ષા થાય છે. ભારતીય પ્રાચીન ચિત્સકોના મતે પણ અમુક નસ વીંધાવવાથી રોગ પ્રતિકારક શક્તિ વધે છે અને શરીરરૂપી મનમંદિરને શણગારવું એ પણ સિદ્ધ થાય છે. કર્ણ એ એવું અંગ છે કે જેના વડે કાયમને આપણે સતવાકયો કે કલ્યાણકારી વચનો સાંભળીએ તેથીજ તો ઋગ્વેદમાં કહેવાયું છે કે-

'ओहम् भद्रं कर्णेभिः शुणुयाम देवा भद्रं

पश्येमाक्षभिर्यजत्राः स्थिरैरहैस्तुष्दुवा ।

सस्तन्भिर्व्यशेमहि देवहितं यदातुः ॥'[22]

હે પરમાત્મન્! અમે નિત્ય કાન વડે કલ્યાણની વાતો સાંભળીએ; આંખ વડે આનંદને જોઈએ; તથા સ્થિર સુદ્રઢ અંગો વડે તારું ભજન કરીએ તથા તારી જ સ્તુતિ કરીએ અને એટલા માટે તું અમને હિતકારક વિધ્નરહિત આયુ પ્રદાન કર.

આમ કાન ને વીંધ્યા પછી તેમાં સળી નાંખી મૂકવી જેથી છિદ્ર પુરાઈ ન જાય તેમજ તેના ઉપર ઔષધી લગાવવી જેથી કાન પાકે નહીં અને જલ્દી રુઝ આવી જાય.

કર્ણવિધની પરંપરા ખૂબજ જૂની પરંપરા છે દેવોના સમયથી આ પરંપરાઓ ઊતરી આવેલી માનવામાં આવે છે. આ છે શાસ્ત્રોકત વિધિ. જો કે આજના સમય પ્રમાણે પશ્ચિમી અનુકરણને કારણે ઘણી બધી પરિવર્તનતા દેખાય છે. આમ કર્ણવિધ કર્મમાં સૌંદર્યની સાથે-સાથે આરોગ્ય અને ઈશ્વરજન્ય ભાવનાઓ જોડાયેલી જાણવા મળે છે. તેથીજ કદાચ ટકી રહેલી હશે?

## ૧૦. વિદ્યારંભ સંસ્કાર

વિદ્યારંભ સંસ્કારને શૈક્ષણિક સંસ્કારોમાં ગણાવી શકાય છે. જયારે બાળક વિદ્યા ગ્રહણ કરવાને યોગ્ય ઉંમરે પહોંચે એટલે શિક્ષણનો આરંભ આ સંસ્કારથી કરવામાં આવે છે. ટૂંકમાં વિદ્યા શીખવાનો પ્રારંભ કરવો. ધર્મશાસ્ત્રોમાં આ સંસ્કાર ને વિદ્યારંભ, અક્ષરારંભ, અક્ષરસ્વીકરણ, અક્ષરલેખન, અક્ષરાવિષ્કરણ જેવાં વિવિધ નામોથી ઓળખાવ્યો છે.

'ગૃહ્યસૂત્રો, ધર્મસૂત્રો અને પ્રાચીન સ્મૃતિઓમાં આ સંસ્કારનો ઉલ્લેખ નથી. પ્રાય: ૧૧મી સદી પછીના ગ્રંથોમાં આ સંસ્કારનો ઉલ્લેખ છે.'[૨૬]

સામાન્ય રીતે બાળક પાંચ વર્ષનું થાય ત્યારે આ સંસ્કાર કરવામાં આવે છે. 'ષોડશસંસ્કારવિધિ'માં જણાવ્યા અનુસાર પાંચમા કે સાતમા વર્ષે આ વિધિ કરાય છે. આ સંસ્કાર કરવા માટે કાર્તિકસુદ ૧૨થી અષાઢ સુદ ૧૧ના દિવસ સુધીનો સમય શુભ ગણાવાયો છે.

આ સંસ્કાર પાછળની 'વિધિ'માં સૌ પ્રથમ બાળકને સુગંધિત દ્રવ્યોથી સ્નાન કરાવી વસ્ત્રાલંકૃત કરવામાં આવે છે પછી લક્ષ્મી, સરસ્વતી કે મા શારદાનું પૂજન થાય છે. અગ્નિ પ્રગટાવી ઘી હોમી બાળકને ગુરુ તરફ પૂર્વમાં મુખ કરાવી આ વિધિ કરાવાય છે. આ વિધિમાં ચાંદીની પાટી પર કેસર, ચોખા, વગેરે પાથરી સોનાની કે રૂપાની લેખિની વડે અક્ષર પાડવામાં આવે છે. સામાન્ય લોકોમાં વિશેષ પ્રકારની લેખિનીનો ઉપયોગ કરાતો.

અંતે બાળક ગુરુને દંડવત્ પ્રણામ કરી ગુરુના આશીર્વાદ મેળવે છે. ગુરુને દક્ષિણા

અપાય છે. આમ 'ઉપનયન પહેલાં શિક્ષાણ પ્રાપ્ત કરતા આવા વિદ્યાર્થીઓને 'દંડમાણવકા' પણ કહેવાય છે.'[૨૭]

### ૧૧. ઉપનયન સંસ્કાર

ઉપનયન સંસ્કારમાં મુખ્ય કર્મ જનોઈ અર્થાત્ યજ્ઞોપવિત. બાળકના જન્મ પછી આઠમા વર્ષે આ સંસ્કારની વિધિ કરાય છે.

'अत्र प्रणाति अष्टमे वर्षे बाह्मणभुपनयेत् ।

गजाष्टिमे वा । एकादशे क्षत्रियम् ॥ द्वादशे वैश्यम् ।

आधोडशशाद बाह्मणस्यानतीतः काल ॥

आद्वाविंशात्क्षत्रयस्य आचतुर्विशाद्वैश्यस्य अतः उदर्व

पतितसावित्रीका भवन्ति ॥'[२३]

ટૂંકમાં જે દિવસે જન્મ થયો હોય અથવા જે દિવસે ગર્ભ રહ્યો હોય તેનાથી આઠમે વર્ષે બ્રાહ્મણનો જન્મ અથવા ગર્ભથી અગિયારમેં વર્ષે ક્ષત્રિયનો જન્મ અથવા ગર્ભથી બારમાં વર્ષમાં વૈશ્યના બાળકનો યજ્ઞોપવિત સંસ્કાર કરવો. બ્રાહ્મણનો સોળમા, ક્ષત્રિયનો બાવીસમા અને વૈશ્યનો ચોવીસમાં ન થાય તો પછી તેઓને પતિત માનવા.

'શાસ્ત્રોકત પ્રમાણે મનુસ્મૃતિમાં બ્રાહ્મણનું વસંત, ક્ષત્રિયનું ગ્રીષ્મ અને વૈશ્યનું શરદ ઋતુમાં યજ્ઞોપવિત કરવું અથવા સર્વ ઋતુઓમાં ઉપનયન થઈ શકે છે. આ સંસ્કાર પ્રાતઃકાલમાં જ થાય છે તથા જે દિવસે બાળકનું યજ્ઞોપવિત કરવું હોય તેનાથી ત્રણ અથવા એક દિવસ પૂર્વે બાળકને વ્રત કરાવવું એ વ્રતમાં બ્રાહ્મણના છોકરાએ માત્ર દૂધ પીને, ક્ષત્રિયના છોકરાએ જવની રાબ અન્ય વૈશ્યના છોકરાએ શ્રીખંડ ખાઈને રહેવું જોઈએ આ સિવાય અન્ય પદાર્થો ન લેવા.'[૨૪]

જે દિવસે ઉપનયન કરવું હોય તેના આગલા દિવસે બધી સામગ્રી એકઠી કરી વેદી તૈયાર કરી બાળકને નવરાવી દાઢીમૂછ કરાવી શુદ્ધ વસ્ત્ર પહેરાવીને કશુંક મિષ્ટાન ખવડાવી

યજ્ઞના મંડપમાં પિતા અથવા આચાર્યને વેદીના પશ્ચિમ ભાગમાં બેસાડી નીચેનાં વાકયો બોલવાં.

'बह्मचर्यमागाम् बह्मचार्यसानि ॥'[२५]

હું બ્રહ્મચર્યાશ્રમને પ્રાપ્ત થાઉં છું, હું બ્રહ્મચારી થાઉં, જેવા મંત્ર દ્વારા ઉપવસ્ત્ર ધારણ કરાવી આ પ્રકારની વિધિ કરાય છે.

આચાર્ય બાળકને યજ્ઞોપવિતનો દોરો હાથમાં આપી મંત્રો બોલીને ડાબા ખભા ઉપર કંઠની પાસેથી માથું વચમાં રહે અને હાથની બગલની નીચેથી કટિ સુધી આવે એવું જનોઈ ધારણ કરાવે છે.

જનોઈ ધારણ કરાવતી વખતે આચાર્ય બાળકની અંજલિમાં પોતાના હાથનું પાણી રેડી તે પાણી મંત્રો દ્વારા તરભાણામાં રેડાવી દે છે અને બાળકનો હાથ પરમાત્માએ ગ્રહણ કર્યો છે એવું જણાવે છે.

આ વિધિ દ્વારા સારું જ્ઞાન-સુખ અને જીવનમાં સારી ઉન્નતિ થાય એવી ભાવના રહેલી છે. સાથે-સાથે બાળક આયુષ્યમાન, તેજસ્વી અને બ્રહ્મજ્ઞાનવાળો અને એવી પણ ઉપનયન સંસ્કારની વિધિમાં છે. આ સંસ્કાર પૂરો થતાં આ વિધિમાં આવેલા સૌને આદર-સત્કાર કરી વિદાય કરે છે.

### ૧૨. વેદારંભ સંસ્કાર

વેદારંભ એટલે વેદનું અધ્યયન કરવું. ગાયત્રીથી માંડી સાંગોપાંગ ચારે વેદોનો અભ્યાસ કરવાને માટે જે નિયમ ધારણ કરવો તેને વેદારંભ સંસ્કાર કહે છે.

આમ તો આ સંસ્કાર ઉપનયન સંસ્કાર થયા પછી તેજ દિવસ વેદારંભનો પણ છે. જો તે દિવસે ન થઈ શકે તો તેના બીજા દિવસે કરવો અને તે દિવસે પણ શકય ન બને તો એક વર્ષની અંદર ગમે તે દિવસે કરવો.

આ સંસ્કારની વિધિમાં વેદારંભના દિવસે બાળકને પ્રાતઃકાલે શુદ્ધોદક વડે સ્નાન કરાવી શુદ્ધ વસ્ત્ર ધારણ કરાવી પિતા કાર્યકર્તા અથવા આચાર્ય યજ્ઞકુંડની વેદી પાસે ઉત્તમાસન પશ્ચિમ બાજુમાં પૂર્વાભિમુખે બેસાડવો ત્યારબાદ ઈશ્વરોપ્રાર્થના, સ્વસ્તિવાંચન, શાંતિપાઠ વગેરે કરી જલપ્રોક્ષણ, સમિધાદાન, વગેરેની સાથે સોળ આહુતિઓ આપવી. બાળકના હાથે પણ આહુતિ અપાવવી.

ત્યારબાદ બાળકે વેદીની પ્રદક્ષિણા કરી જલસિંચન કરી, યજ્ઞકુંડની ઉત્તરાભિમુખે ઊભા રહી, ધૃતમાં બોળેલી સમિધા હાથમાં લઈને આહુતિઓ આપવી.

'અથર્વવેદના ઓગણીસમાં કાંડમાં આપેલ મંત્ર અનુસાર પરમાત્માની કૃપાથી દીર્ઘાયુ, બુદ્ધિમાન, બ્રહ્મવર્ચસ, તેજસ્વી, પ્રજાવાન, પશુવાન અને બ્રહ્મવિદ્યાના ગુણ વડે પ્રકાશિત થાઉં. હું તથા મારો આચાર્ય ચિરાયુ, પુત્રવાળા, મેધાવી, સત્યના પક્ષપાતી, કીર્તિમાન, વિદ્વાન અને અન્નભોકતા થઈને એવી પ્રાર્થના કરાયી છે.'[૨૬]

ત્યારબાદ આચાર્ય ગાયત્રીમંત્રના ઉચ્ચારણ કરાવી અને મંત્રોચ્ચારની સાથે બાળકે વેદારંભ કરતી વખતે પહેરવાનાં વસ્ત્રો ધારણ કરવાં. જેમાં બે કટિવસ્ત્રો અને એક ઉત્તરીય ધારણ કરાવી આચાર્ય બાળક પાસે મંત્રોચ્ચાર કરીને વેદારંભ પહેલાં અનેક પ્રતિજ્ઞાઓ લેવડાવે છે.

આચાર્યે બ્રહ્મચારીને બ્રહ્મચર્યાશ્રમનો નીચે પ્રમાણેનો સાધારણ ઉપદેશ પણ આપે છે. જેમાં નિત્ય સન્ધ્યોપાસના, શુદ્ધ જળપાન, શુદ્ધ ધર્માચરણ, દિને નિંદ્રાબાધ, વેદ ભાવમાં નિત્ય પુરુષાર્થ, અખંડ બ્રહ્મચારી, ક્રોધ-મિથ્યાભિમાન નિષેધ, જમીન ઉપર જ સૂવું, અતિભોજન નિંદ્રા-જાગરણ-લોભ-મોહ-ભય-શોક ન ગ્રહણ કરવો, વહેલા પહોરે ઊઠી, નિત્યક્રિયાપૂર્ણ કરી, ઈશ્વર સ્તુતિ, પ્રાર્થના, ઉપાસના અને યોગનો અભ્યાસ કરવો, માંસ-મદ્યપાન આદિ ન કરવું, ખાટો, તીખો, તુરો જેવા પદાર્થો ન લેવા, બ્રહ્મચારી બની ભિક્ષા માંગવી. આચાર્યને, પ્રાતઃ સાયંકાલ નમસ્કાર કરવા. જમતાં પહેલા ઈશ્વરસ્તુતિ કરી. પછી જ અન્ન મુખમાં મૂકવું વગેરે અનેક ઉપદેશો આચાર્ય આપે છે અને બાળક પોતાના હાથમાં

મેખલા તથા દંડ ધારણ કરી ઉપરોક્ત ઉપદેશને વશ થવાની પ્રતિજ્ઞા લે છે.

ત્યારબાદ કુલ એકત્રીસ વર્ષમાં જુદાં જુદાં શાસ્ત્રોનું અધ્યયન કરાવાય. ચાર વેદો ઉપરાંત વ્યાકરણશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, યોગશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, કામશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, ભાષ્યશાસ્ત્ર, વૈધકશાસ્ત્ર, રસશાસ્ત્ર, ચરક, ધનુર્વેદ, આયુર્વેદ જેવાં અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરવામાં આવે છે. આ છે વેદારંભસંસ્કાર શિક્ષાથી માંડીને આયુર્વેદ સુધીની ચૌદ શિક્ષા (વિદ્યા) ભણી મહાવિદ્વાન બની પોતાના થતા જનકલ્યાણ અને ઉન્નતિ માટે સદાય પ્રયત્ન કરવો.

### ૧૩. કેશાન્ત કે ગોદાન

આ સંસ્કારમાં પહેલીવાર દાઢી મૂછનું મુંડન કરાવવું અને ગૌદાન કરવું એટલે ગાયોનું દાન કરવું.

બાળક પાંચ વર્ષની આયુ સુધી માતા પાસે પાંચથી આઠ પિતા પાસે અને આઠથી પચીસ, ત્રીસ, છત્રીસ, ચાલીસ કે અડતાલીસ વર્ષ સુધી આચાર્યની પાસે વિદ્યાજ્ઞાન મેળવી ધર્મ, અર્થ, કામ અને મોક્ષના વ્યવહારમાં અતિ ચતુર બની પાછો ઘરે આવે છે ત્યારે કેશાન્તની વિધિ કરાય છે અને બ્રાહ્મણને ગૌદાન આપવામાં આવે છે.

આમ સર્વજ્ઞાન સંપન્ન બની આવેલા પુરુષનું પ્રથમવાર દાઢી-મૂછ મુંડન કરાવી તેને ગૃહપ્રવેશ કરાવવો. બધી બાબતોમાં સર્વત્ર ઠરીઠામ થયા પછી ગૃહસંસાર માંડવાની સ્થિતિ સર્જાય છે અને પોતાની આગવી વિદ્યાને કારણે સંસારજીવનની સઘળી પરિસ્થિતિમાંથી બહાર આવવાની કે સંસારજીવનને સારી રીતે સંપન્ન કરવાની સ્થિતિ આવતા આ પ્રકારે ગોદાન અને કેશાન્તની વિધિ કરાવી. વિધિવત્ રીતે એમણે ગૃહમાં પ્રવેશ કરવો. આ વિધિ પણ શાસ્ત્રોકત રીતે આચાર્ય મંત્રોચ્ચાર કરીને આહુતિઓ આપીને યજ્ઞકુંડી પાસે ઉત્તરાભિમુખ રાખીને આ પ્રકારની વિધિ કે સંસ્કાર કરાય છે.

## ૧૪. સમાવર્તન સંસ્કાર

બ્રહ્મચર્ય વ્રત ધારણ કરીને સાંગોપાંગ વેદવિદ્યા, ઉત્તમશિક્ષા તથા પદાર્થ વિજ્ઞાનને પૂર્ણ રીતિએ પ્રાપ્ત કરી વિવાહ વિધાનપૂર્વક ગૃહાશ્રમ ગ્રહણને માટે વિદ્યાલય કે આશ્રમ છોડીને ઘેર આવવું તેને 'સમાવર્તન સંસ્કાર' કહે છે.

આ સંસ્કાર વેદાધ્યયન સમાપ્ત થાય ત્યારે કરવામાં આવે છે. વિદ્યા તથા બ્રહ્મચર્ય પૂર્ણ કરીને બ્રહ્મચારી ઘરે આવે ત્યારે પ્રથમ પગ ધોવાને માટે જળ તથા મુખ પ્રક્ષાલનને માટે અને આચમન માટે શુદ્ધ જલ આપવું ત્યારપછી તેમને શુભાસન ઉપર બેસાડી દહીંમાં મધ અથવા મધ ન મળે તો ઘી મેળવી એક સારા પાત્રમાં મધુપર્ક આપવું. વેદ સમાપ્ત કરીને અથવા અડતાલીસ વર્ષનું બ્રહ્મચર્ય પૂર્ણ કરીને સમાવર્તન સંસ્કાર કરવો.

જે દિવસે સમાવર્તનનો દિવસ નકકી કર્યો હોય તે દિવસે આચાર્યના ઘરમાં અથવા યજ્ઞશાળામાં યજ્ઞકુંડ બનાવીને સંસ્કારની સામગ્રી એકત્ર કરવી. ચારે દિશાઓમાં આસન બિછાવી બ્રાહ્મણોનું વરણ કરવું ત્યારબાદ ઈશ્વરપ્રાર્થના, સ્વસ્તિવાંચન અને શાંતિપાઠ કરવો.

ત્યારબાદ સુગંધાદિ, ઔષધિયુક્ત જલગ્ની મંત્રોચ્ચાર વડે સ્નાન કરાવવું. સ્નાન કરાવતી વખતે નિમ્નલિખિત મંત્રો ઉચ્ચારવા.

'ओहम् तेने मामभिषिग्वामि श्रियै यशसे

ब्राह्मणे ब्रह्मवर्चसाय ॥'[२७]

અર્થાત્ શ્રી યશ, પરમાત્માની ઉપાસના તથા વિદ્યા પ્રચાર ઈત્યાદિ પ્રયોજનને માટે હું સ્નાન કરું છું. આમ વેદી પાસે મૂકેલા આઠ ઘડાઓ જેનાથી મંત્રોચ્ચાર સાથે સ્નાન કરાવી અને એમાણે ધારણ કરેલ મેખલા તથા દંડ છોડી દેવા અને સ્નાતક બ્રહ્મચારી એ યજ્ઞકુંડી સામે સૂર્યની સન્મુખ ઊભા રહી પરમાત્માનું ઉચ્ચારણ કરી, પરમાત્મા પાસે સંરક્ષણ, ધન્ય-ધાન્ય, તેજ તથા જ્ઞાન સહસ્ત્રગણું થાય એવી પ્રાર્થના કરવી.

આ પ્રમાણે પરમાત્માનું ઉપસ્થાન કરી દહીં અથવા તલ ખાઈ બ્રહ્મચારીએ પોતાની જટા, લોમ, નખ વગેરે કઢાવી નિમ્નલિખિત મંત્રનું ઉચ્ચારણ કરવું. આ મંત્ર બોલતી વખતે ઉમરડાનું દાતણ કરવું.

'ओहम् अन्नाधाय व्यूरध्वँ, सोमो राजे यमागमत् स मे मुखं प्रमाक्ष्यते यर्शसा च भगेन च ॥'[२८]

અર્થાત્ હે શાન્તિ સ્વરૂપ પરમાત્મન્ ! મને ઉત્તમ અન્ન, યજ્ઞ, ઐશ્વર્ય તથા શુદ્ધ અંતઃકરણ  આપની કૃપાથી પ્રાપ્ત થાઓ.

ત્યારબાદ શુદ્ધ વસ્ત્રો ધોતિયું અથવા પીતાંબર ધારણ કરી સુગંધયુક્ત ચંદન આદિનો લેપ કરીને મંત્રોચ્ચાર સાથે મુખ, કર્ણ, ચક્ષુ, નાસિકા આદિ છિદ્રોનો સ્પર્શ કરવો અને મંત્ર વડે યજ્ઞકુંડમાં આહુતિઓ આપી અને મંત્રોચ્ચાર વડે બ્રહ્મચારીને એક પછી એક વસ્ત્રો ધારણ કરાવી. મુકુટ કે પાઘડી કે ફેટો ધારણ કરવો અલંકાર આદિ તેમજ આંખમાં કાજળ આદિ ધારણ કરાવી. સંપૂર્ણ ગ્રહવાસી બનાવીને આશ્રમમાંથી કે યજ્ઞશાળામાંથી માતા-પિતાએ માન પ્રતિષ્ઠા સહિત પોતાને ઘરે લઈ આવવો.

ઘરે લઈ આવ્યા પછી બ્રહ્મચારીને મધુપર્કાદિ વડે સત્કાર કરવો. ફૂલપાન આદિથી સત્કાર કરી આ સંસ્કારમાં આવેલા સર્વેનો પણ સત્કાર કરી ઉત્તમ અન્નપાનાદિ વડે સત્કાર કરી, આચાર્યને ઉત્તમ આસન ઉપર બેસાડી પુણ્યમાળા, વસ્ત્ર, ગોદાનાદિ તથા ધનાદિ પદાર્થોથી યથાશક્તિ દક્ષિણા આપી આચાર્યના ઉત્તમ ગુણોના વખાણ કરી વિદાય આપવી. બ્રહ્મચારીએ પણ કૃતકૃત્ય થઈ આનંદિત મને આચાર્યને ધન્યવાદ આપી નમસ્કાર કરી પ્રાર્થના કરવી અને હું પોતે પણ આચાર્યની જેમ અન્ય વિદ્યાર્થીઓને ગુણકર્મ અનુસાર જ્ઞાન પ્રાપ્તિ કરાવીશ જેવાં ગુણ વચનો આપે છે. આ છે સમાવર્તનની વિધિ.

### ૧૫. વિવાહ સંસ્કાર

વિવાહ એટલે લગ્ન કરાવવા. વિવાહ એટલે પૂર્ણ બ્રહ્મચર્યવ્રત, વિદ્યા તથા બળની

પ્રાપ્તિ કરીને સર્વપ્રકારે ગુણસંપન્ન બની સંતાનો પ્રાપ્તિ તથા પોતાના વર્ણાશ્રમાનુકૂલ ઉત્તમ કર્મ કરવાને માટે સ્ત્રી અને પુરુષનો સંબંધ બાંધવામાં આવે તેને વિવાહ કહેવાય છે.

અગ્નિની સાક્ષીએ પ્રસન્ન મને યોગ્ય દિવસે એટલે કે શુભદિને શુભગુણાદિ યુક્ત સ્ત્રીનું પાણિગ્રહણ કરવું.

વિવાહનો સમય યોગ્ય રાખવો, વધૂ તથા વરની આયુ તથા બંને સજ્ઞાન અને વિવાહની ઈચ્છાવાળા હોવા જોઈએ. વરની ઉંમર સ્ત્રીની ઉંમર કરતાં દોઢી અને પરસ્પર કુળની પણ પરીક્ષા કરવી જોઈએ.

ગુરુની આજ્ઞા લઈ વિવાહ કરવો એવી ભાવના રખાયી છે.

'गुरुणानुमतः स्नात्वा समाष्टतो यथाविधि ।

उद्वहेत द्विजो भार्या सवर्णा लक्षणान्तताम् ॥[२९]

અર્થાત્ ઉત્તમ રીતિએ બ્રહ્મચર્ય તથા વિદ્યાનું ગ્રહણ કરી ગુરુની આજ્ઞા લઈ સ્નાન કરી બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યે પોતાના વર્ણની ઉત્તમ લક્ષણયુક્ત સ્ત્રી સાથે વિવાહ કરવો.

શાસ્ત્રોમાં વિવાહ માટે નીચે પ્રમાણેના દશ કુળોનો ત્યાગ કરવાનું કહેવામાં આવ્યું છે. જેમકે 'જે કુળ ઉત્તમ ક્રિયા રહિત હોય, જે કુળમાં ઉત્તમ કોઈ પુરુષ ન હોય, વિદ્વાન ન હોય, હરસનો રોગ, ક્ષયરોગ, અગ્નિમંદતાને લીધે આમાશયનો રોગ, હિસ્ટિરીયા રોગ, કોઢ રોગ, રકતપિત્ત, જેવા રોગવાળા કુળમાં વિવાહ કરવાની મનાઈ છે.'[૩૦]

હિન્દુ ધર્મ પ્રમાણે આપણે ત્યાં અનેક પ્રકારના વિવાહોની વાત કરવામાં આવે છે જેમકે-

बाह्मो देवस्तथैवार्षः प्राजापत्यस्तथासुरतः ।

गान्धर्वो राक्षसश्चैव पैशाचश्चाष्टमोडधमः ॥[३१]

અર્થાત્ દૈવલગ્ન, ગાંધર્વલગ્ન, બ્રહ્મલગ્ન, રાક્ષસલગ્ન, પૈશાચલગ્ન, પ્રાજાપત્યલગ્ન, આર્ષલગ્ન અને આસુરલગ્ન. આ આઠેય પ્રકારના વિવાહોની વિધિ શાસ્ત્રોમાં અલગ-અલગ

આપી છે. આ સર્વ વિવાહોમાં નીચામાં નીચ મહાનીચ, અતિદુષ્ટ 'પૈશાચ વિવાહ' ગણાવાયો છે.

વિવાહ માતા-પિતા અને વરકન્યાની સંમતિથી કરાય છે. વિવાહ કરતી વખતે જે તે વર્ણમાં જ વિવાહ કરવો હિતાવહ મનાયો છે. વિવાહ પૂર્વે વર-કન્યાની ચતુર પુરુષો અને ચતુર સ્ત્રીઓ દ્વારા બંનેની પરીક્ષા કરાવાય છે.

વિવાહની વિધિ, શાસ્ત્રોમાં જુદાં જુદાં વર્ણો પ્રમાણે આપવામાં આવી છે. તેની ચર્ચા ન કરતાં વિવાહની વિધિ સર્વત્ર રીતે મૂકવાનો પ્રયાસ કર્યો છે.

**o વિવાહની અનિવાર્યતા**

ખેતીની શરૂઆતમાં પત્ની આર્થિક દષ્ટિએ ઉપયોગી ગણાતી. વિવાહ કૌટુંબિક જરૂરિયાત હતી. વિવાહ વંશ વધારવા માટે જરૂરી હતો. દેવો અને પૂર્વજોની પૂજા પ્રજોત્પત્તિ ઉપર આધાર રાખતી. લગ્નનો અર્થ સ્ત્રી-પુરુષનું એક રૂપ. પ્રેમ, ચેષ્ટા, અને આકર્ષણ એકરૂપ થવામાં મદદરૂપ થાય છે.

**o લગ્નની પદ્ધતિઓ**

'પ્રાચીન ભારતીય સંસ્કૃતિ' ગ્રંથમાં આ પ્રમાણે છે. 'સ્મૃતિઓએ લગ્નની આ પદ્ધતિઓ ગણાવી છે. સ્મૃતિઓ પ્રમાણે ચાર પ્રકારો પ્રશસ્ત છે અને બાકીના ચાર પ્રકારો અપ્રશસ્ત છે.'[૩૨]

**o બ્રાહ્મ**

આ પ્રકારનું લગ્ન પવિત્ર અને વિકાસ પામેલ છે, આ લગ્નમાં પિતા વિદ્વાન અને સચ્ચારિત્રવાળા પુરુષને ઘરેણાં સહિત કન્યા આપતો. કોઈપણ જાતનો બદલો લેવાતો નહિ.

**o દૈવ**

આ પ્રકારના લગ્નમાં શણગારાયેલી કન્યા યજ્ઞ કરનાર પુરોહિતને દક્ષિણા તરીકે આપી દેવામાં આવતી. તેમને વધૂ કહેવામાં આવતી.

### ૦ આર્ષ

કન્યાના પિતા વરપક્ષ પાસેથી ગાયોની જોડી અથવા કોઈ બે ચીજ કાયદાનુસાર માગી લગ્ન કરાવી આપે તે આર્ષ લગ્ન કહેવાતું. અહીં કન્યાની કિંમત ન ગણતા એક જાતની બક્ષિસ ગણી કન્યાને પાછી આપી દેવામાં આવતી. પુરોહિતોમાં આવાં લગ્નો થતાં.

### ૦ પ્રાજાપત્ય

આશ્વાલયના મત અનુસાર પિતા મનથી પસંદ કરેલ વર સાથે કન્યાને 'સાથે રહી ફરજો પૂરી કરજો' એમ કહી લગ્ન કરાવી આપે તે પ્રાજાપત્ય લગ્ન કહેવાતું. આમાં પ્રજાપતિનું ઋણ એટલે કે વરવધૂ પાસેથી પ્રજોત્પત્તિ અને પાલનનું ઋણ અદા કરવાની ખાત્રી માંગવામાં આવે છે.

### ૦ આસુર

કન્યાનાં સગાંને પૈસા આપી કરેલું લગ્ન આસુર ગણાતું આ પ્રકારનો સોદો હતો. આવા લગ્ન રિવાજને કારણે બાળલગ્નો થતાં.

### ૦ ગાંધર્વ

પુરુષ અને સ્ત્રી પોતાની સંમતિથી કોઈ ન જાણે તેમ છૂપું લગ્ન કરે તે ગાંધર્વ લગ્ન ગણાતું. શકુંતલા અને દુષ્યંતનું લગ્ન આ પ્રકારનું હતું.

### ૦ રાક્ષસ

મનુના કથાનુસાર વિલાપ કરતી કરતી, રડતી, બૂમો પાડતી, સગાથી વિખૂટી પડેલી કન્યાનું હરણ કરી લગ્ન કરવું તે રાક્ષસ લગ્ન ગણાતું.

### ૦ પૈશાચ

આશ્વલાયન ગૃહ્યસૂત્ર પ્રમાણે ઊંઘતી, ઘેનવાળી કે બેભાન સ્ત્રીને ઉપાડી લગ્ન કરે તે પૈશાચલગ્ન ગણાતું.

પ્રાચીન શાસ્ત્રો કે સાહિત્ય પ્રમાણે ભારતીય સંસ્કૃતિમાં સામાજિક વિકાસને કારણે સમાજમાં એકથી વધુ સ્ત્રી-પુરુષ સાથે લગ્ન કરવાની છૂટ હતી. પ્રાચીન ધર્મશાસ્ત્રો કે અન્ય શાસ્ત્રોમાં ગોત્રાન્તર વિવાહ અથવા બહિવર્તુળલગ્ન, સગોત્ર અથવા સપિંડલગ્ન, અંર્તવિવાહ, વેદકાલીન અનુલોમ અને પ્રતિલોમ વિવાહ, ઉત્તરકાલીન અનુલોમ-પ્રતિલોમ વિવાહ અને વર્ણાંતર વિવાહ જેવાં લગ્નો કરાતાં.

ઋગ્વેદ અને અથર્વવેદ અનુસાર પુખ્ત ઉંમરનાં સ્ત્રી-પુરુષો લગ્નની પસંદગી કરી વૈદિક ક્રિયાઓ પ્રમાણે પ્રાણયલગ્ન અને સંતાનોત્પત્તિ માટે વર-વધૂનાં લગ્ન કરાવતાં. કન્યાની યોગ્યતા અને વરની યોગ્યતા પ્રમાણે લગ્નની વિધિ કરાતી.

## ૦ લગ્નની વિધિ

'પ્રાચીન યુગમાં લગ્ન સાદું હશે? પુરુષને અમુક સ્ત્રી નિયમોનુસાર આપવામાં આવી હશે. જેથી તેઓ પતિ-પત્ની થાય.'[૩૩] પાછળથી દરેક જાતિએ ક્રિયાઓ, રિવાજો અને રૂઢિઓને જન્મ આપ્યો હશે. લગ્ન એ અતિ આનંદનો પ્રસંગ હોવાને કારણે મિજબાની, સંગીત, નૃત્ય, ઘર તથા વર-કન્યાનો શણગાર વગેરેએ પ્રવેશ કર્યો. અથર્વવેદમાં વરને ઘેર જતી કન્યાનું ચિત્ર આપ્યું છે.

'પારક્ષર અર્થાત્ પારસ્કર ગૃહ્યસૂત્રમાં મધુપર્ક, વસ્ત્રપરિધાનમ્, સમજ્ઞાન, વધ્વાસહનિષ્ક્રમણ, અગ્નિ પ્રદક્ષિણમ્, વૈવાહિક હોમ, લાજાહોમ, પ્રાણિગ્રહણમ્, સપ્તપદી, સૂર્યદર્શનમ્, આચાર્યદાન, ઉવાહનમ્ આદિ ૩૦ વિધિઓની વાત કરવામાં આવી છે.'[૩૪]

'બૌધાયન ગૃહ્યસૂત્ર અનુસાર વરપ્રેક્ષણમ્, બ્રાહ્મણ ભોજન, કન્યાની પાસે વરગમન, સમીક્ષાણમ્, હસ્તગ્રહણમ્, સપ્તપદી, મધુપર્ક, અલંકારણમ્, પાણિગ્રહણમ્, લાજાહોમ, પ્રજાપતિબલિદાન, ગૃહપ્રવેશ, વૃષભચર્મારોહણ, સપ્તર્ષિ દર્શનમ્, ઉપવેશનમ્... આદિ ૨૫ વિધિઓની ચર્ચા કરાઈ છે.'[૩૫]

ઉપરોક્ત લગ્નવિધિઓ અગ્નિની સાક્ષીએ પુરોહિતો કે બ્રાહ્મણોની હાજરી અથવા

આચાર્યની હાજરીમાં કરવામાં આવતી. જો કે આધુનિક સમાજમાં હવે કેટલેક અંશે નીચે પ્રમાણેની લગ્ન વિધિઓ જણાય છે.

'૧. વાગ્દાન (વેવિશાળ)

૨. ચૂંદડી ઓઢાડવી (ચાંદલાવિધિ)

૩. મૃદાહરણ (માટી લાવવી)

૪. ગણેશ સ્થાપન

૫. ગોત્ર સ્થાપન

૬. ગણેશ પૂજા

૭. વિવાહ સ્નાન

૮. પીઠી ચોળવી

૯. વર-કન્યાનાં વસ્ત્ર પરિધાનો

૧૦. જાન

૧૧. ઉતારો

૧૨. પોંખણાં

૧૩. સમંજન

૧૪. ગોત્રોચ્ચાર

૧૫. પ્રાણિગ્રહણ

૧૬. શરતોનું પાલન કરાવવું

૧૭. સૂચનો

૧૮. કંકણ બંધન

૧૯. લાજા હોમ

૨૦. નારી પ્રશંસા

૨૧. અગ્નિ પ્રદક્ષિણા

૨૨. સપ્તપદી (સાત પગલાની વિધિ)

૨૩. અભિસિંચન

૨૪. હૃદયસ્પર્શ

૨૫. વૃષભચર્મારોહણ

૨૬. સ્થાનિકરિવાજો...'[૩૬]

આ ઉપરોક્ત લગ્નવિધિઓની સાથે આજના સંદર્ભમાં ઘણીબધી બદલાયેલી વિધિઓ અસ્તિત્ત્વમાં આવી છે આજે ભારતીય સંસ્કૃતિમાં આધુનિકરણની સાથે થોડી પૂર્વેની અને થોડી પશ્ચિમની પ્રણાલી પ્રમાણે લગ્નવિધિઓ કરાતી જોવા મળે છે. આ છે વિવાહ સંસ્કારની વિધિ. ધર્મ જ્ઞાતિ પ્રમાણે સમાજમાં અલગ અલગ વિધિઓ આજે કરાતી જોવા મળે છે.

## ૧૬. અંત્યેષ્ટિ સંસ્કાર

સોળ સંસ્કારનો અંતિમ સંસ્કાર એટલે અંત્યેષ્ટિ સંસ્કાર. મનુષ્યના મૃત્યુ પછી કરાતો આ સંસ્કાર છે. હિન્દુઓના જીવનનો અંતિમ સંસ્કાર અંત્યેષ્ટિ છે, જેની સાથે મનુષ્યના ઐહિક જીવનનો અંતિમ અધ્યાય પૂર્ણ થાય છે. મૃત્યુ પછીની આ છેલ્લી ક્રિયા છે. મૃત્યુ પછી પરલોકમાં ભાવિસુખ તથા કલ્યાણ અર્થે આ વિધિ કરાવવાની માન્યતા છે. 'બૌધાયન પિતૃમેધસૂત્ર (૩,૧,૪) અનુસાર જન્મોત્તર સંસ્કારો દ્વારા વ્યક્તિ આ લોકને જીતે છે. તેમજ મરણોત્તર સંસ્કાર દ્વારા પરલોકને.'

''जातसंकोरेणेमं लोकमभिजयंति

मृतसंस्करेळामु लोकम् ।'[३७]

અત્યેષ્ટિ ક્રિયા સંબંધી કેટલાક ઉલ્લેખો પ્રાચીન સાહિત્યોમાં પણ જોવા મળે છે. ઋગ્વેદ કે અથર્વવેદમાં આ સંસ્કારને વર્ણવાયા છે. 'અથર્વવેદ અનુસાર ચિતા પર એક બાજુ મૃત વ્યક્તિની વિધવા પત્ની સૂઈ જતી, જે સહગમનનું સૂચન છે. અસ્થિસંચય કોઈકવાર સ્મારક રચવામાં આવતા, અંત્યેષ્ટિ વખતે કરાતી વિધિમાં શબને સ્નાન કરાવી, બે બળદવાળી ગાડી પર લઈ જવાતું, બલિ અપાતો, અગ્નિદાહ પછી સંબંધીઓ દ્વારા સ્નાન કરવામાં આવતું. આમ ઋગ્વેદ અને અથર્વવેદમાં દાહ, અભિસિંચન, શબસ્નાન તથા ચિતાની રચના, ઉદકકર્મ તથા શાંતિકર્મ વગેરે ક્રિયાના ભાગોના ઉલ્લેખ આવે છે.'[૩૮]

મૃત્યુ આગમન તાણે કરનારી કેટલીક ક્રિયાઓનું વર્ણન પરંપરા પ્રાપ્ત છે. ભાવિ કલ્યાણ અર્થે બ્રાહ્મણો અને ગરીબોને દાન અપાતા. દાનમાં ગાયનું દાન મૂલ્યવાન છે. એ 'વૈતરણી' કહેવાય છે. કદાચ એ સમયની કેટલીક માન્યતાઓ હતી કે મરનાર ને નદી પાર કરી પરલોક જવાનું હોવાથી પાતાળની 'વૈતરણી' નદી પાર કરવા ગાય ઉપયોગી બની શકે છે. ત્યારબાદ મૃત્યુના આગમન સમયે મરનારનું શરીર સ્વચ્છ ભૂમિ પર એટલે કે પવિત્ર બનાવી અગ્નિ પ્રજવલિત કરાય છે તથા ગંગાજળ, તુલસીપત્ર આદિ મુખમાં મુકાય છે. ભજન-કીર્તન અને મંત્રોચ્ચાર આદિનો પણ ઉપયોગ કરાતો. આ પરંપરા આજે પણ જોવા મળે છે.

અંત્યેષ્ટિ સંસ્કાર વિધિમાં મૃત્યુ પછી મુખમાં ગંગાજળ, તુલસીપત્ર મૂકી સ્નાન આદિ કરાવી અન્ન જમાડી કોરાં વસ્ત્રો ઓઢાડી નનામી (ઠાઠડી) માં મૃગચર્મનો ટુકડો પાથરી માથું દક્ષિણ તરફ અને મોં ઉપરની બાજુ રાખી તેના પર મૂકવામાં આવે છે. શબને વયોવૃદ્ધ દાસો વડે લઈ જવાતું. કેટલાકના મતે શબને બળદગાડીમાં મૂકી સ્મશાનમાં લઈ જવાતું.

'આશ્વાલાયન ગૃહ્યસૂત્ર' પ્રમાણે કેવળ એક જ બળદનો ઉપયોગ કરાતો. શબયાત્રામાં મૃતકનો જ્યેષ્ઠ પુત્ર આગળ રહેતો. જે પોતાના હાથમાં બળતી લાકડી રાખીને ચાલતો, જેને ગાર્હપત્ય અગ્નિથી સળગાવવામાં આવતી. પ્રાચીન કાળમાં શબયાત્રામાં પુરુષો સાથે સ્ત્રીઓ પણ વાળ ખુલ્લા રાખી સ્મશાનમાં જતી. મરનાર વ્યક્તિની એક કરતાં વધારે સ્ત્રીઓ હોય

તો મોટી પત્ની એનું નેતૃત્વ લેતી. જો કે હાલમાં ઓછું જોવા મળે છે. વિધવા સ્ત્રી પોતાના કંકણાદિ સૌભાગ્યની વસ્તુઓને હંમેશ માટે ત્યાગી દેતી.

શબદહન પછી પુરુષો નજીકના જળાશયમાં સ્નાન કરી પ્રજાપતિની સ્તુતિ કરી, મુખ દક્ષિણ તરફ રાખી પાણીમાં ડૂબકી મારી મૃત્યુ પામેલ વ્યક્તિના નામોચ્ચાર કરી જળની અંજલિ આપતા. ત્યારબાદ સાથે લાવેલા રાંધેલા ભાત જમીન ઉપર વેરી કાગડાને નાંખી પવિત્ર જગ્યાએ બેસી શબ સંપૂર્ણ બળી જાય પછી જ ગૃહગમન કરતા.

'પાસ્કરગૃહ્યસૂત્ર' (૩,૧૦,૩૦) અનુસાર મૃત વ્યક્તિનો શોક (સૂતક) પાળવાનો અવધિ બ્રાહ્મણો અને ક્ષત્રિયો માટે ૧૦ દિવસનો જ્યારે વૈશ્ય-શુદ્રો માટે ૧૫ દિવસ કે એક માસનો હોય છે. આ સમય દરમ્યાન સંબંધીઓ ભોગવિલાસ તથા વ્યવસાય છોડી શોકની ભાવના વ્યક્ત કરે છે. આ સમયગાળામાં હોમ-હવન પૂજા આદિનો નિષેધ છે. ત્રણ દિવસ સુધી સંયમ, ભૂમિશયન અને સાદા ભોજન લે છે. બાળક કે અપરણિત વ્યક્તિ જો મૃત્યુ પામે તો જુદી જુદી સૂતક લાગે છે.

દાહક્રિયા પછી અસ્થિસંચયની ક્રિયા આવે છે. ગૃહ્યસૂત્રોમાં આ ક્રિયાનું વિસ્તૃત વર્ણન છે. 'આશ્વાલાયન' અનુસાર મૃત્યુ પછીના ૧૩માં કે ૧૫ માં દિને 'અસ્થિસંચય' કરાય છે. 'બોધાયન' માં ૩ કે ૫માં, સાતમા દિને દર્શાવ્યા છે. આ ક્રિયા પહેલા ભસ્મ પર દૂધ અને પાણી છાંટી હાડકાંને મંત્રોચ્ચાર કરી છૂટા પાડી, સ્ત્રીના અસ્થિ કાણાંવાળા અને પુરુષનાં અસ્થિ કાણાં વગરના પાત્રમાં ભરાય છે. હાલ અગ્નિદાહના બીજા દિવસે જ અસ્થિ સંચય કરાય છે અને અનુકૂળતા એ ગંગા, નર્મદા જેવી પવિત્ર નદીમાં પધરાવવામાં આવે છે.

આ પછી શાંતિકર્મની વિધિ કરાય છે. 'આશ્વાલાયન'માં મૃત્યુ પછી ૧૫મા દિવસે આ વિધિ કરાતી. નકકી કરેલ જગ્યાએ સંબંધીઓ ભેગા મળી આ વિધિ કરે છે. આ સાથે સમાધિસ્થાન પર વિધિ કરાય છે. કેટલીક જગ્યાએ સમાધિસ્થાન રચતાં પહેલાં વૃક્ષ રોપાય

છે. ખ્રિસ્તી, મુસ્લિમ, યહૂદી જાતિમાં સમાધિ નિર્માણની પ્રથા છે. જ્યારે રાજકુટુંબોમાં શિવાલયો કે સ્મૃતિચિહ્નો બાંધવાનો રિવાજ હતો.

હિંદુઓની અંત્યેષ્ટિ ક્રિયાનો અંતિમ ભાગ પિંડદાનની ક્રિયા છે. વૈદિક યુગમાં પિંડદાનમાં ભાગ લેવા પિતૃઓને આમંત્રિત કરાતા. સૂત્રગ્રંથો પ્રમાણે મૃત્યુના પ્રથમ દિવસથી ચોખાના લોટનો ગોળો બનાવી પિંડદાન કરાય છે. જે ૧૨મા દિવસ સુધી ચાલે છે. મરનાર વ્યક્તિનો આત્મા સીધો પિતૃલોકમાં પહોંચતો નથી. પ્રેતના રૂપમાં ફરતો રહે એ માન્યતા અનુસાર સપિંડીકરણની ક્રિયા પછી આત્મા પિતૃલોકમાં પહોંચે છે. આ વિધિમાં બેસનાર વ્યક્તિ માથું મુંડાવી અને 'સારવવાની' વિધિ કરે છે. આ વિધિ ૧૦મા દિવસથી શરૂ કરે છે. જે નદી કે આવારા વાળા સ્થળે થાય છે. ત્યારબાદ ૧૨માની વિધિ ઘરે કરાય છે. પિંડદાનના ટુકડા કરી પૂર્વજોના પિંડ સાથે ભેળવી દેવામાં આવે છે. તે દિવસથી મૃતકનો આત્મા પિતૃઓ સાથે જોડાય જાય છે. ત્યારબાદ 'તર્પણવિધિ' જેને 'શ્રાદ્ધ' તરીકે ઓળખાય છે. જેમાં શક્તિ અનુસારના દાન દેવાય છે.

'અંતિમ સંસ્કાર'ની તમામ વિધિઓ થઈ ગયા પછી 'માસિક શ્રાદ્ધ' ત્યારબાદ વાર્ષિકશ્રાદ્ધ કરાય છે. જે 'શ્રાદ્ધમાસ' 'શરાધિયા' માં કરાય છે. આજે પણ જુદી જુદી જાતિઓમાં જુદા જુદા પ્રકારની વિધિઓ મૃતાત્મા માટે કરાય છે. આ છે 'અંત્યેષ્ટિ'ની સંસ્કાર વિધિ. આમ તો સોળ સંસ્કારમાં આ વિધિ અશુભ ગણાવી છે. છતાં મારા શોધપ્રબંધનો વિષય 'સંસ્કાર'નો હોવાથી આ સંસ્કારને આલેખવાનો પ્રયાસ કર્યો છે. આમ બધા સંસ્કારોને સંક્ષિપ્તમાં આલેખીને મારા વિષયના મૂળ મુદ્દા તરફ જઈએ.

આમ ઉપરોક્ત શાસ્ત્રોકત પ્રમાણે સોળ સંસ્કારોની પરંપરા જોયા પછી દક્ષિણ ગુજરાતની ધોડિયા જાતિમાં જોવા મળતા કેટલાક સંસ્કારોની વિગતે ચર્ચા કરીએ.

## ૬.૬ ધોડિયા જાતિનાં સંસ્કારગીતો

સંસ્કાર એ જગતના કોઈ પણ ધર્મનું અને તેમાંયે ખાસ કરીને હિંદુ ધર્મનું મહત્ત્વપૂર્ણ અંગ છે. પ્રારંભથી સંસ્કારો ધાર્મિક તથા સામાજિક એકતાનું પ્રભાવક માધ્યમ રહ્યા છે.

'સંસ્કાર' જીવનના વિભિન્ન પ્રસંગોને મહત્ત્વ અને પવિત્રતા પ્રદાન કરનારા રહ્યા છે. કારણ કે સંસ્કારોનો સંપૂર્ણ સંબંધ જીવન સાથે રહેલો હોવાથી જીવનને કે સંસ્કૃતિને પૂર્ણ રૂપે સમજવા સંસ્કારોનો અભ્યાસ કરવો મહત્ત્વપૂર્ણ બની રહે છે.

ધોડિયા જાતિની સંસ્કૃતિને જાણવા માટે એમના જીવન સાથે વણાયેલા સંસ્કારોને જાણવા પણ જરૂરી બને છે.

'जन्मना जायते शुद्रः संस्काराद् द्विज उच्यते ।'

જન્મથી માણસ શુદ્ર હોય છે, સંસ્કારોથી દ્વિજ થાય છે. એ ઉક્તિ મુજબ આદિવાસી ગણાતી આ જાતિને પણ પોતાની એક અલગ સંસ્કૃતિ છે. જે એમના વિવિધ 'સંસ્કારો' સાથે જોડાયેલી છે. શાસ્ત્રોકત પ્રમાણેના બધા જ સંસ્કારો આ જાતિમાં જોવા મળ્યા નથી છતાં જેટલા સંસ્કારો જોવા મળ્યા છે તેને વિગતે જોઈએ.

ધોડિયા 'જાતિ' તરીકે હિંદુ ધર્મનું પાલન કરે છે એટલે હિંદુ ધર્મ પ્રમાણેના સોળ સંસ્કારો પૈકી મુખ્યત્વે જન્મ, લગ્ન અને મૃત્યુ આ ત્રણ સંસ્કારો જ એમના મહત્ત્વના સંસ્કારો રહ્યા છે. કયાંક એમના પોતાના પણ અલગ સંસ્કારો જોવા મળ્યા છે. પરંતુ શાસ્ત્રોકત વિધિ અનુસારના સંસ્કારોની દૃષ્ટિએ જોઈએ તો લગ્ન અને મૃત્યુ એ બે સંસ્કારોમાં થોડું શાસ્ત્રો અનુસારનું વલણ જોવા મળે છે. બાકી તો એમની સંસ્કૃતિ અને આદિવાસી કેટલીક પરંપરા અનુસાર આજે પણ કેટલીક સંસ્કૃતિની વૈવિધ્યતા જોવા મળી છે. આજના આધુનિક જમાનામાં પણ કેટલીક વિચાર પરંપરા પેઢી દર પેઢી ચાલતી આવેલી જોવા મળે છે. જે વિગતવાર આપણે જોઈએ.

ભારતીય હિંદુ સંસ્કૃતિ પ્રમાણે આપણે ત્યાં શાસ્ત્રોકત વિધિ અનુસાર સોળ સંસ્કારોનું મહત્ત્વ દર્શાવતાં અનેક શાસ્ત્રો છે. પરંતુ આજના પરિવર્તનશીલ સમયમાં મોટેભાગે જન્મ, લગ્ન અને મૃત્યુ એ ત્રણ સંસ્કારોની જ મહત્તા રહી છે. કયાંક પરંપરા અનુસાર કેટલાક સંસ્કારો કરાય છે ખરા, પરંતુ એ ફકત વિધિ પૂરતા જ રહ્યા છે. મનુષ્ય હૃદયપૂર્વકના આવા સંસ્કારોને હવે ભૂલતો જાય છે. આવા 'ગર્ભાધાન'થી 'અંત્યેષ્ટિ' સુધીના સોળ સંસ્કારોની પરંપરા ધીમે ધીમે ઘટતી જાય છે.

દક્ષિણ ગુજરાતના ધોડિયા જાતિમાં આવા સોળ સંસ્કારોમાંના કેટલાક સંસ્કારોનું મહત્ત્વ આજે પણ દેખાય છે. જો કે શાસ્ત્રોકત વિધિ અનુસાર લગ્ન અને મૃત્યુ એ બે જ સંસ્કારો થાય છે. બાકીના કેટલાક સંસ્કારો એમની લોકસંસ્કૃતિ અનુસાર એમને લાગતા સગવડિયા પરંપરા અનુસાર થાય છે. આ જાતિમાં મોટેભાગે 'સીમંત' (ખોળો ભરાવવો) 'છઠ્ઠી' (પાંચુરો પૂજવો) 'વિવાહ' (લગ્ન) અને 'અંત્યેષ્ટિ' તેમજ સામૂહિક શ્રાદ્ધના સંસ્કારો જોવા મળ્યા છે. જે આપણે વિગતે તપાસીએ.

સોળ સંસ્કારોમાંનો પહેલો સંસ્કાર એટલે ગર્ભધાન. ગર્ભનું ધારણ કરવું તે. દક્ષિણ ગુજરાતના ધોડિયા જાતિમાં આવી ગર્ભધાન માટેની કોઈ શાસ્ત્રોકત વિધિ કરવામાં આવતી નથી. પરંતુ આ જાતિનાં લોકો લગ્નના એકાદ વર્ષ પછી સંતતિની ઈચ્છા રાખે છે. જે પુરુષ અને સ્ત્રીની ઈચ્છાનુસાર થાય છે. એમાં કોઈ વિધિ નથી. પરંતુ જયારથી સ્ત્રીને ગર્ભ રહ્યો છે એમ માલૂમ પડે છે ત્યારથી પતિ-પત્ની તેમજ સાસરાપક્ષના લોકો પોતાના ઈષ્ટદેવને મનોમન પ્રાર્થના કરે છે. કયારેક તો દેવ-દેવીના સ્થાનકે માનતા-રાખી શ્રીફળ પણ વધેરે છે અને આવનાર બાળકની રક્ષા કરવાનું કહે છે. આની પાછળનું મહત્ત્વ એ છે કે ગર્ભવતી સ્ત્રી સાજી-નરવી રહી એક સ્વસ્થ બાળકને જન્મ આપે. આ ઉપરાંત પહેલાના સમયમાં ભગત-ભૂવા પાસે દોરા, પીછી આદિ પણ નંખાવે છે અને ભગતે સૂચવેલાં સૂચનો મુજબ ખાન-પાન પણ કરે છે. ભગતે મંત્રેલા ચોખાની પોટલી બાળકના જન્મ સુધી સાચવી રાખે છે.

આ સંસ્કાર પાછળ કેટલીક માન્યતાઓ પણ પ્રવર્તેલી છે. ગામડાનાં લોકોમાં વિવાહિત સ્ત્રીની કૂખ ખાલી જાય તો લોકો તેને 'અભાગણી' કે 'વાંજિયણ' તરીકે ઓળખાવતા. આવા મેણામાંથી છૂટવા માટે પણ કેટલાંક પતિ-પત્નીની એ ફરજ બની રહેતી અને ઋતુકાળ દરમ્યાન એ પવિત્ર ફરજને પાળતાં. કયારેક આવી પવિત્ર ફરજમાં નિષ્ફળતા દેખાય તો આદિવાસી સ્ત્રી-પુરુષ મેલી વિદ્યા તરફ પણ દોરાતા અને કયાંક મેલીવિદ્યાનો ભોગ બનતાં.

આ જાતિમાં આ સંસ્કાર સંતતિ કે પરિવાર માટે આર્થિક અને સામાજિક તેમજ ધાર્મિક દષ્ટિએ મહત્ત્વનો ગણાવ્યો છે. પહેલાના સમયમાં કૃષિ અને પશુપાલન જેવા વ્યવસાય ધરાવતા સંયુક્ત કુટુંબોમાં સંતાનોની સંખ્યા વધારે ઉપકારક ગણાતી, બોજારૂપ ન ગણાતી પહેલાં વધારે સંતાનો રહેતાં એની પાછળ આર્થિક ઉપાર્જન તથા કેટલીક કૌટુંબિક સમસ્યા જવાબદાર ગણાતી વંશવેલો વધારનાર પુત્રની પ્રાપ્તિ માટે પણ સંતાન સંખ્યા વધતી આ ઉપરાંત, પુત્રના હાથે શ્રાદ્ધ અને પૂર્વજન્મમાં માનનારી આ જાતિમાં સંતાનની મહત્તા વધારે રાખવામાં આવતી.

ગર્ભધારણ કર્યા પછી આ જાતિની સ્ત્રીઓ ગર્ભને સાચવવા ખાન-પાનની બાબતમાં કાળજી રાખતી ભગતે કે વડીલોએ સૂચવેલા આહારોનું પાન કરતી અને પોતાનું બાળક સારું સ્વસ્થ અને સંસ્કારી બને તે માટે ઘરગથ્થુ ઉપાયો અજમાવતી. કોઈની નજર ન લાગે, કુંડાળામાં પગ ન પડે અને ગર્ભસ્થ બાળકને કોઈ પ્રકારની વેદના ન થાય એ પ્રમાણેનું આચરણ કરતી ગર્ભ સમયમાં સારી-સારી બાબતોને ગ્રહણ કરતી અને આવનાર બાળક સંસ્કારી નીવડે તે માટે ભગવાનની પૂજા અર્ચના કરતી જો કે હાલના સમયમાં ઉમદા ધાર્મિક પુસ્તકોનું વાંચન, પૂજાપાઠ આદિ અમલમાં આવ્યું છે. એમ કહી શકાય કે આજ કદાચ એમનો પુંસવન સંસ્કાર હશે?

### ૦ સીમંત (ખોળો ભરાવવો)

સીમંત સંસ્કાર લગભગ બધી જ જાતિઓમાં જોવા મળે છે. આ સંસ્કારથી ગર્ભવતી સ્ત્રીનું મન સંતુષ્ઠ, આરોગ્ય તથા ગર્ભસ્થિતિ ઉત્કૃષ્ટ થઈ પ્રતિદિન વધતી જાય એ માટે છે. આ જાતિમાં સીમંતવિધિ શાસ્ત્રોકતાનુસાર કરાતી નથી. પરંતુ ગર્ભવતી સ્ત્રીને પાંચમો કે સાતમો માસ બેસે ત્યારે નીચે મુજબની સીમંતવિધિ કરાય છે.

સીમંતની નકકી કરેલી તીથિ અનુસાર સીમંતનીના પિયર પક્ષનાં સ્ત્રી-પુરુષો જેમાં પણ ખાસ કરીને સીમંતીનાં ભાઈ-ભાભી, કાકા-કાકી કે બહેન આદિમાંથી ત્રણ અથવા પાંચની

સંખ્યામાં વ્યક્તિઓ જઈ આ વિધિ કરે છે. આ વિધિમાં સીમંતીની અને તેના પતિ માટે કોરાં કપડાં લેવામાં આવે છે. જેમાં સીમંતી માટે સાડી-બ્લાઉઝ-ચણિયો અને પતિ માટે પેન્ટ-શર્ટ હોય છે. જે દિવસે ખોળો ભરાવવાનો હોય એ દિવસે સીમંતીને સુંદર વસ્ત્રો, શણગાર આદિ કરીને તૈયાર કરવામાં આવે છે. સીમંતીને મોટેભાગે ભાભી અથવા કાકી તૈયાર કરે છે અને ઉખળ ઉપર ઊભા રાખી સીમંતીના ખોળામાં સાસુ નાળિયેર, ચોખા અને પૈસા મૂકે છે ત્યારબાદ કપાળમાં ચાંદલો કરી સીમંતીને ઘરની બહાર લાવવામાં આવે છે.

સીમંતીની ચારે દિશામાં ચોખા જુવારીને પોતાના સ્વાસ્થ્યની રક્ષાની પ્રાર્થના કરે છે અને પોતાનો ખોળો થોડે દૂર સુધી પોતે જ લઈને ચાલે છે. એ વખતે સીમંતની છેલ્લીવાર પોતાના ઘર-સ્વજનોને જોયા પછી પાછું વાળીને જોતી નથી. પછી પાછળથી ખોળો એની ભાભી અથવા કાકી લઈ લે છે. પિયર પહોંચ્યા પછી ઘરમાં પ્રવેશતા પહેલાં સીમંતીની નજર ઉતારવામાં આવે છે અને ખોળો ભરાવ્યો હોય તે તમામ વસ્તુઓ બાળકના જન્મ સુધી રાખવામાં આવે છે. આ વિધિ બાદ થોડા દિવસો સીમંતીની પોતાના ઘરે રહે છે. પણ પાછળથી સાસરાપક્ષના કોઈ એક વ્યક્તિ આવી ફરી સીમંતીને સાસરે તેડી જાય છે અને છેલ્લા દિવસોમાં પાછી પિયર મૂકી જાય છે અને બાળકના જન્મ પછી સવા મહિને સાસરા પક્ષના લોકો સીમંતીને તેડી જાય છે.

આ સંસ્કાર વખતે પહેલાના સમયમાં સીધી સાદી વિધિ કરાતી. જો કે આજે સીમંતીના હાથમાં કાળા દોરાને બદલે નણંદ રાખડી બાંધતી જોવા મળી છે. આ વિધિ સમયે કોઈ ગીતો ગવાતાં મળ્યાં નથી. પરંતુ આ સંસ્કારની કેટલીક વિશેષતાઓ અચૂક જોવા મળી છે. જેવી કે (૧) સીમંતીને તેડવા જનાર વ્યક્તિની સંખ્યા એકી હોય અને ત્યાંથી પાછા વળતાં બેકી સંખ્યા થાય. આ જાતિમાં બેકી સંખ્યાની મહત્તા વધારે દેખાય છે.

(૨) દીકરીનાં માતા-પિતા ખોળો ભરાવવા જતાં નથી.

(૩) ખોળો ભરાવી પિયર તેડી ગયા પછી ફરી સાસરે તેડી જવાની પરંપરા અલગ જોવા મળી છે.

(૪) સીમંતીની છેલ્લી વિદાય પછી પાછા વળી ન જોવાની પરંપરા પણ અલગ જોવા મળી છે.

આમ આ પ્રકારની સંસ્કારવિધિ આજાતિમાં કરાતી માલૂમ પડી છે. કેટલીકવાર તો સીમંતીના પ્રથમ સંતાન માટે જ આવી વિધિ કરાય છે. દરેક સંતાન વખતે ન પણ કરાતી હોય એવું પણ જોવા મળ્યું છે. આર્થિક પરિસ્થિતિ અનુસાર 'ખોળો ભરાવવાની વિધિ કરાતી જોવા મળી છે.

### ૬.૬.૧જન્મ: છઠ્ઠી (પાચુરો પૂજવો)

સામાન્ય રીતે અન્ય ગુજરાતી કુટુંબોની જેમ આ જાતિમાં પણ જન્મની વિધિ થાય છે. પહેલાના સમયમાં મોટેભાગે બાળકની પ્રસૂતિ દાયણ કરાવતી દરેક ગામમાં અનુભવી દાયણ જ આ કાર્ય હાથમાં લેતી. હોસ્પિટલોમાં લઈ જવાની પરંપરા ન હતી. એની પાછળનાં ઘણાં કારણો હતાં. જેમાં ખાસ કરીને આ જાતિ આર્થિક દષ્ટિએ ઘણી પછાત હતી જેથી દવાખાનાની સગવડ ન કરી શકતી. આ ઉપરાંત અશિક્ષિતતા પણ નડતરરૂપ બનતી અને ખાસ કરીને આ જાતિની સ્ત્રીઓ શરીરે ખડતલ અને કસાયેલી હોવાથી સુવાવડ ઘર-ઘરાવજ કરવાનું ઈચ્છતી મોટાભાગની પ્રસૂતિ વિના મુશ્કેલીએ પાર પડી જતી કયાંક સુવારોગની પણ ભોગ બનતી જો કે એમના માટે સુવાવડ ઘરની જ શ્રેષ્ઠ ગણાતી. કારણ કે દરેક માતાની તથા વડીલની ઈચ્છા રહેતી કે પોતાના વંશનો વેલો વધારનાર કુળદીપકની 'નાળ' પોતાની જમીનમાં જ દાટવામાં આવે. જેથી હોસ્પિટલનું નામ પડતું મૂકી ઘરઆંગણે જ પોતાના બાળકની પ્રસૂતિ કરાવવામાં આવતી.

બાળકના જન્મ સમયે પતિ-પત્ની પાસે ન રહેતા સૂતિકાસ્થળથી બહાર દૂર રહેતો. બાળકના જન્મ પછી બાળક અને માતાની સ્નાનવિધિ દાયણ કરતી સ્નાનવિધિ કર્યા પછી પતિ બાળક અને પત્નીનાં દર્શન કરતો- સ્નાનઆદિ પત્યા પછી બાળકને માતાનું પ્રથમ દૂધ આપવામાં આવતું. ત્યારબાદ દાયણનું દાપુ અને ચા-પાણી તથા કયારેક દાયણ મદિરાપાન

કરતી હોય તો ચાની જગ્યાએ દારૂ પણ પીવડાવવામાં આવતો અને સાથે સૂપડામાં અનાજ આદિ પણ આપવામાં આવતું. જો કે હાલની પરિસ્થિતિમાં બધું બદલાયેલું વલણ દેખાય છે. હવે મોટાભાગનાં કુટુંબો પ્રસૂતિ હોસ્પિટલમાં જ કરાવે છે. પ્રથમ પ્રસૂતિ જો નોર્મલ થઈ હોય તો બીજી પ્રસૂતિ વખતે દાયણની મદદ હજુ પણ ગામડાંના લોકો લે છે અને કોઈ મુશ્કેલી આવતી નથી.

બાળકના જન્મ પછી બાળકને કોઈ અન્ય વિપત્તિ ન આવે તેના માટે હજુ કેટલીક દેશી માન્યતાઓ અજમાવાતી જોવા મળે છે. ભૂત-ડાકણમાં માનનારી આ જાતિ બાળકના જન્મ પછી પ્રસૂતા સ્ત્રીના ખાટલા નીચે દાતરડું મૂકી, માછલી પકડવાની જાળ આદિનો ઉપયોગ ભૂત-ડાકણની મુક્તિ માટે ઉપયોગમાં લે છે. છતાં આજના સંદર્ભે આ જાતિના લોકોમાં પણ પાર વિનાનું પરિવર્તન આવેલું જોવા મળે છે. હવે સ્વાસ્થ્ય પ્રત્યે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ મોટા પ્રમાણમાં કરતી થઈ છે.

આ જાતિમાં એક વિશેષતા એ જોવા મળી છે કે પ્રસૂતિ બાદ સ્ત્રીને સ્નાન તરતજ કરાવી દેવામાં આવે છે અને સવા મહિના સુધી સ્ત્રી પોતાના પ્રસૂતિ ખંડ તરફ જ વધારે સમય ગાળે છે અને સવા મહિના પછી ઘરકામમાં લાગી જાય છે. કેટલાંક કુટુંબોમાં ઘરકામ કરનાર ન હોય તો પ્રસૂતા ‘છઠ્ઠી’ પછી ઘરનું હળવું કામ પણ કરે છે. જો કે આજે એવું રહ્યું નથી. પ્રસૂતા સ્ત્રી પણ સવા મહિના સુધી સાંજ-સવાર દેશી ઓસડવાળા પાણીથી સ્નાન કરે છે અને બાળકની માવજત પણ દેશી ઓસડથી કરે છે. ખાન-પાન આદિની પરેજી દરેક પ્રસૂતા સ્ત્રી આજે પણ કરતી જોવા મળી છે.

### ○ છઠ્ઠી (નામકરણ વિધિ) પાંચુરો પૂજવો

ધોડિયા જાતિમાં આ વિધિને મોટેભાગે ‘પાંચુરો પાયો’ તરીકે ઓળખાવે છે. પહેલાના સમયમાં બાળકના જન્મ પછી પાંચમા દિવસે આ વિધિ કરવામાં આવતી. જો કે આજે પણ આ વિધિ કરાય છે. પરંતુ બાળકના જન્મ પછી છઠ્ઠા દિવસે ‘છઠ્ઠી’ તરીકે આ વિધિ કરે

છે. આ વિધિ કોઈ શાસ્ત્રોકત વિધિ નથી. પરંતુ આ વિધિની એક આગવી વિશેષતા એ છે કે બાળકને તે દિવસે દાયણના હાથે પાણી પીવડાવી બાળકના કાનમાં દાયણ કશુંક મંત્ર જેવું બોલે છે અને તે દિવસે જ બાળકની ફોઈ બાળકનું નામ પાડે છે. આ જાતિમાં પણ વિધાતા બાળકના લેખ લખવા આવે તે વિધિ કરાય છે. એ દિવસે પ્રસૂતા પોતાના બાળકને સ્તનપાન કરાવી દાયણના હાથમાં બાળકને આપે છે અને બાળક ચતુર, હોશિયાર સંસ્કારી બને તે માટે ફોઈ લાવ્યા હોય તે કપડાંમાં (ઝોળી) ચાર સ્ત્રીઓ પકડી રાખી તેમાં નાંખી હિચોળે છે અને એ વખતે નીચે પ્રમાણેનું ગીત ગાય છે-

'આય હાદે તે ધામધી આવીહ,
બાહો હાદે તે પડી જીહ.'[૪૦]

ટૂંકમાં માતા બોલાવે ત્યારે બાળકને દોડીને આવવાનું અને પિતા બોલાવે ત્યારે રસ્તામાં પડી જઈ પિતાને સામે લેવા બોલાવવાનું સૂચન આ ગીતમાં કરાવવામાં આવ્યું છે. આ જાતિમાં સ્ત્રીનું સ્થાન સમાજ-કુટુંબમાં ઊંચું હતું તેની શાખ આ ગીત પૂરે છે.

'છઠ્ઠી'ના દિવસે જે જગ્યાએ બાળકની પ્રસૂતિ થઈ છે તે જગ્યાએ છાણથી જમીનને લીંપી દઈ તેના ઉપર દૂધ-પાણી કે ચા છાંટવામાં આવે છે. પહેલાના સમયમાં આ વિધિ દારૂ-તાડી છાંટીને પણ કરવામાં આવતી. જો કે આજે દૂધ-ચાથી પૂજન કરાય છે. આ પ્રકારનું 'ભૂમિ પૂજન' કર્યા પછી દાયણ એક થાળીમાં કાગળ-પેન-દીવો-ચોખા આદિ મુકી જે જગ્યાએ પ્રસૂતિ કરાવી છે તે જગ્યામાં આ થાળી મૂકી ઢાંકી દેવામાં આવે છે. છઠ્ઠી મોટેભાગે સાંજના સમયે કરવામાં આવે છે. એ દિવસે બાળકની ફોઈ આવી બાળકને સ્નાન આદિ કરાવી પોતે જે કપડાં લાવી હોય તે કપડાં પહેરાવી બાળકના ગળામાં હાથમાં, પગમાં કાળો દોરો બાંધી લાવેલા દાગીના આદિ પહેરાવે છે અને સરસ તૈયાર કરી બાળકને નજર ન લાગે તે માટે કાજળનાં ટપકાં કરી તૈયાર કરે છે. દાયણ બાળકને પેલી થાળીનાં ફરતે ચારવાર ફેરવી ફોઈને પાછી આપી દે છે અને નણંદ (ફોઈ) બાળકને સૌ પ્રથમવાર

ધોડિયામાં સુવડાવે છે અને બાળકના હાથમાં પૈસા આદિ મૂકી નીચે પ્રમાણેનું બોલે છે.

'આન પાન પીપળાનું પાન,
નવા બાળકનું નવું નામ,
ફોઈએ પાડયું કરશન નામ.'[૪૧]

આમ એ દિવસે જ નામ પણ પાડી દેવામાં આવે છે. સૌ કોઈને ગમતું નામ ફોઈ બોલે છે. આ વિધિમાં બોલાવવામાં આવેલા કુટુંબના મહેમાનો અને સગાંસંબંધીઓને એ દિવસે પરિસ્થિતિ પ્રમાણેનું જમણવાર કરાવવામાં આવે છે. પહેલાના સમયમાં દારૂ-તાડી અને માંસાહાર કરનારી આ જાતિ પોતાના ઘરમાં બાળક જન્મ્યાની ઉજવણી આવી ખાન-પાન વિધિ દ્વારા કરાવામાં આવતી, જો કે આજે ઘણું પરિવર્તન દેખાય છે. છઠ્ઠીની વિધિ થયા પછી દાયણ તરીકે બોલાવવામાં આવેલી સ્ત્રીને વસ્ત્રો તેમજ અનાજનું 'સીધુ' આપવામાં આવે છે. પહેલાના સમયમાં મુખી કે આગેવાન વડીલના ઘરમાં બાળકની છઠ્ઠી કરાતી ત્યારે દાયણ પોતે મોં માગ્યું ઈનામ મેળવતી આજે એ પરંપરા લુપ્ત થઈ છે. છતાં દીકરી જન્મે અને પુત્ર જન્મે ત્યારે છઠ્ઠીના દિવસે એ મુજબનું દાપુ દાયણને ચોકકસ આપવામાં આવે છે. આમ છઠ્ઠીની વિધિ કરાય છે.

સોળ સંસ્કારોમાંના બીજા કોઈ સંસ્કારો વિધિવત્ જોવા મળ્યા નથી. પરંતુ આ જાતિમાં બાળકને છઠ્ઠી પછી ઘરની બહાર સૂર્યના પ્રકાશમાં થોડીવાર લઈ જવાય છે. સૂર્યનું દર્શન પ્રથમથી થઈ જતું હોય છે. કયારેક બાળક રડતું વધારે હોય તો બાળકના મામાના ઘરનું પણ દર્શન કરાવવામાં આવે છે. એની પાછળ બાળકની જગ્યા હવા-પાણી બદલાય અને બાળક રડતું બંધ થાય એવી પણ માન્યતા રહેલી છે. ત્યારબાદ બાળકને અન્નનો દાણો છ માસ પછી આપવામાં આવે છે. પ્રથમ પ્રવાહી સ્વરૂપનું અનાજ આપી ખોરાક ખવડાવવામાં આવે છે. આ જાતિની સ્ત્રીઓ પોતાના બાળકને પોતાનું દૂધ જયાં સુધી આવે ત્યાં સુધી આપે છે. બાળક સવા બે વર્ષનું થાય ત્યાં સુધી સ્તનપાન કરાવે છે. જો કે હવે શહેરીકરણને લીધે અને વ્યવસાયને કારણે સારું એવું પરિવર્તન આવ્યું છે.

ત્યારબાદ બાળકના જન્મના વાળ જેને 'મેલાવાળ' તરીકે ઓળખાવે છે. એ વાળ સવા મહિને કે સવા વર્ષે કાપવામાં આવે છે. કયારેક રૂઢિગત માન્યતાના કારણે 'બાબરી' રાખવામાં આવે છે. વાળ કાપવામાં આવતા નથી તેને મંદિરે કે ભગત પાસે મંત્રો બોલાવી વાણંદ પાસે વાળનું મુંડન કરાવવામાં આવે છે.

કર્ણવેધ આદિની પ્રથા આ જાતિમાં નથી પરંતુ કેટલાંક કુટુંબોમાં દીકરો જન્મતો ન હોય અથવા પુત્ર પ્રાપ્તિ પછી પુત્ર જીવતો ન હોય ત્યારે પ્રથમ સંતાન અથવા એનું આગલું સંતાન જે હોય તેનો જમણો કાન વીંધવામાં આવે છે.

ત્યારબાદ બાળક પાંચ વર્ષનું થતાં નિશાળમાં મોકલવામાં આવે છે. આ સિવાય બીજી કોઈ વિધિ કરાતી નથી.

આમ ઉપરોક્ત સંસ્કારોમાં મોટેભાગે આવી સાદી અને સરળ હાથવગી વિધિઓજ કરાતી આ સંસ્કારો પાછળ એમની કેટલીક વિશેષતાઓ માન્યતાઓ કામ કરતી હતી. આવી સંસ્કારવિધિમાં ખાસ કોઈ ગીતો ગવાતાં મળ્યાં નથી.

### ૬.૬.૨ લગ્ન: વિવાહ સંસ્કાર

'લગ્ન' એ આપણી સંસ્કૃતિનું અભિન્ન અંગ છે, તેમજ સમાજજીવનનો એક વિશેષ સૌંદર્યમયી અને માંગલિક પ્રસંગ છે. 'લગ્ન' એ સાચા અર્થમાં સંસ્કાર છે. 'લગ્નસંસ્કાર' એ હિંદુતત્વની નિશાની છે. આવા લગ્ન સંસ્કારમાં ભારતીયતાનાં દર્શન થાય છે. 'લગ્ન' સંસ્કાર એક એવો સંસ્કાર છે કે જેનાથી મનુષ્ય બીજા પ્રાણીઓ કરતાં અલગ પડે છે. જન્મ અને મૃત્યુ એ બીજા પ્રાણીઓ પણ અનુભવી છે. પરંતુ 'લગ્ન સંસ્કાર' તો મનુષ્ય જ અનુભવી શકે છે. તેથી જ તો મનુષ્યજીવનમાં 'લગ્ન' એ મહત્ત્વનો સંસ્કાર બની રહ્યો છે.

સંસ્કૃતિનું પ્રથમ  સોપાન જ લગ્નસંસ્થા છે. 'વિવાહ' એટલે સ્ત્રી-પુરુષના લગ્ન કરાવવા. વિવાહ એટલે પૂર્ણ બ્રહ્મચર્ય વ્રત, વિદ્યા તથા બળની પ્રાપ્તિ કરીને સર્વપ્રકારે ગુણ સંપન્ન બની સંતાનો પ્રાપ્તિ તથા પોતાના વર્ણાશ્રમાનુકૂલ ઉત્તમ કર્મ કરવાને માટે સ્ત્રી અને

પુરુષનો સંબંધ બાંધવામાં આવે તેને વિવાહ કહેવાય છે. 'લગ્ન' સંસ્કાર એ ખૂબ જૂનો સંસ્કાર છે. આવી લગ્નની સંસ્કારિતા દરેક જાતિમાં જોવા મળી છે. 'લગ્ન' પરંપરા ખૂબ જૂની છે. 'લગ્ન'ને સંસ્કૃતમાં 'વિવાહ' કહે છે. ધોડિયા જાતિના લોકો 'લગ્ન' ને 'વેવા' તરીકે ઓળખાવે છે. આવી લગ્નપ્રથા ભારતમાં કયારે આવી હશે એ કહેવું મુશ્કેલ છે. પરંતુ આપણા પુરાણો, વેદો વગેરેમાં પણ 'લગ્નસંસ્કાર' નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એટલે આવી 'લગ્ન' સંસ્કારિતા આદિ માનવ જેટલી જ જૂની હશે?

મનુષ્યજીવનના ત્રણ મહત્ત્વના પ્રસંગો છે. જન્મ, લગ્ન અને મૃત્યુ. જન્મ એ મનુષ્યનો આરંભ છે. લગ્ન એ મનુષ્યનો મધ્યભાગ છે. જયારે મૃત્યુ એ મનુષ્યજીવનનો અંત છે. આવા લગ્ન સંસ્કારને મનુષ્ય જીવનનું પ્રથમ સોપાન બનાવ્યું છે. પ્રકૃતિપરાયણ, લોકજીવન જીવતા લોકસમાજે લગ્નસંસ્કારને 'લગ્નોત્સવ' તરીકે સ્વીકારીને મનુષના જીવનમાં નવું ચેતન પ્રસરાવ્યું છે. એકમાંથી અનેક થવાની આશામાંથી મનુષ્યજીવનમાં આવી લગ્નપ્રથાનું સર્જન થયું છે, અને દુનિયાની દરેક જાતિમાં આવા અનોખા લગ્ન વ્યવહારને હર્ષભેર સ્વીકારીને જીવન દરમ્યાન આવનારી સારી-નરસી દરેક પરિસ્થિતિમાંથી પાર ઉતરે છે. આવા મહામૂલા પવિત્ર સંસ્કારને વિધ-વિધ ગીતોથી મઢીને આહ્લાદક બનાવ્યો છે. આપણા ગુજરાતમાં પણ વિવિધ જાતિઓમાં આવા અનેરા લગ્ન સંસ્કારને માણવાની અને માણવવાની પરંપરા આર્યસંસ્કૃતિથી ચાલી આવી છે. આવા લગ્ન પ્રસંગે વિવિધ વિધિઓ અને રિવાજોની પરંપરા અનુસાર અવનવાં લગ્નગીતો પણ ગવાતાં આવ્યાં છે. આવી લગ્નસંસ્કારની પરંપરા દક્ષિણ ગુજરાતના ધોડિયા જાતિમાં પણ અનોખી રીતે ઉજવાતી જોવા મળી છે.

### ૬.૬.૩ધોડિયા જાતિમાં લગ્ન વ્યવસ્થા

દરેક આદિવાસી જાતિઓમાં 'લગ્ન' માનયોગ સામાજિક પ્રતિષ્ઠાનો પ્રસંગ માનવામાં આવ્યો છે. પતિ-પત્ની બની સમાજમાં એક ઉચ્ચજીવન જીવવાનો હકક દરેક સ્ત્રી-પુરુષમાં હોય છે. તેવો જ ભાવ આ જાતિમાં પણ રહ્યો છે. આ જાતિના લોકોએ પણ લગ્નને સાથે મળીને માણવાનો એક અનેરો ઉત્સવ માનીને વિધ-વિધ વિધિઓથી અને લગ્નગીતોથી

આવા સંસ્કારને ખૂબ જ માનવતાના અને લાગણીના અંતરતમ ભાવોથી મઢયો છે. આ જાતિમાં પણ જુદી જુદી લગ્નપ્રથાઓ પ્રચલિત જોવા મળી છે.

સામાન્ય રીતે ધોડિયા જાતિમાં સગોત્ર લગ્નની મનાઈ છે. ૨૫૦થી પણ વધારે પેટાકુળમાં વહેંચાયેલી આ જાતિમાં એકજ કુળના છોકરા-છોકરી લગ્નગ્રંથીથી જોડાઈ શકતાં નથી. અને કદાચ અનાયસે જોડાય પણ જાય તો તેને એ કુળમાંથી છૂટા કરવામાં આવતા અને દશ પેઢી પછી એ બીજા કુળમાં પ્રવેશ પામી શકતી. આ જાતિની આ આગવી સભ્યતા ગણાયી છે. જોકે હાલમાં થોડી છૂટછાટ અવશ્ય જોવા મળે છે. એમની મૂળ સંસ્કૃતિનો આધાર જ સામૂહિક સમાજ વ્યવસ્થા હોવાથી લગ્ન જેવા સંસ્કારને પણ સામૂહિક રીતે કોઈપણ પ્રકારના બાધ વગર સર્વત્ર (તમામ) લોકોને ઈજન આજે પણ અપાય છે.

### ૦ લગ્નના પ્રકારો

પહેલાના સમયમાં આ જાતિમાં નીચે પ્રમાણેના લગ્નપ્રકારો પ્રચલિત હતા.

૧. માતા-પિતા અને સમાજની પસંદગીનું લગ્ન

૨. પોતાની મેળે શોધી ભાગી જઈને થતું લગ્ન.

૩. પોતાની મેળે યુવક-યુવતી શોધી માતા-પિતાની સંમતિથી કરાતું લગ્ન.

૪. હાટ કે મેળામાંથી પસંદ કરી કરાતું લગ્ન.

૫. કુટુંબની સંમતિથી કરાતું ‘દિયરવટું’ લગ્ન.

આ ઉપરાંત પહેલાના સમયમાં ‘નાતરાલગ્ન’ ની પ્રથા પણ પ્રચલિત હતી. એકથી વધારે વાર કરાતા લગ્નને ‘નાતરું કરવું’ એવો શબ્દ આ જાતિમાં પ્રચલિત હતો. જે આજે લગભગ બોલાતો બંધ થયો છે. આવા ‘નાતરાપ્રથા’ના લગ્નમાં નીચે પ્રમાણેનાં લગ્નો જોવા મળે છે.

૧. પરણેલા પુરુષ સાથે કુંવારી સ્ત્રીનું લગ્ન.

૨. પરણેલી સ્ત્રી સાથે કુંવારા પુરુષનું લગ્ન.

૩. વિધુર સાથે કુંવારી સ્ત્રીનું લગ્ન.

૪. વિધવા સાથે વિધુરનું લગ્ન.

ઉપરોક્ત પ્રકારનાં આવાં લગ્નોમાં પહેલાનાં સમયમાં 'નાતરાની પ્રથા' પ્રચલિત હતી. જો કે આજે તેમાં થોડાં પરિવર્તનો આવ્યાં છે અને આજે ચાલતી લગ્ન પરંપરા પ્રમાણેની વિધિઓ જ મોટાભાગે કરાતી જોવા મળે છે.

### ૬.૬.૪લગ્નની વયમર્યાદામાં અનિશ્ચિતતા

આ જાતિમાં લગ્ન માટે કોઈ ચોકકસ વયમર્યાદા નથી. છતાં આજે લગભગ પુખ્ત વયના ૧૮થી૨૧ કે તેથી વધુ વર્ષની વયનાં સ્ત્રી-પુરુષનાં લગ્ન કરાય છે. પહેલાંના સમયે આર્થિક પરિસ્થિતિ મુજબ પંદર-સોળ વર્ષની વયે લગ્ન કરી દેવામાં આવતાં. કયારકે સારા ઘરબાર કે કુટુંબની લાલસામાં ૧૨-૧૩ વર્ષની સ્ત્રીના લગ્ન કરી દેવામાં આવતાં. પરંતુ હાલની પરિસ્થિતિમાં સરકારના ધારા-ધોરણ મુજબ જ લગ્નો કરાય છે. હજુ કયાંક લગ્નની વયમર્યાદામાં છૂટ-છાટ અચૂક જોવા મળી છે. પરંતુ આવા પ્રકારનાં લગ્નો બહુ જૂજ છે. આવાં લગ્નો મોટેભાગે ભાગેડું લગ્નો જોવા મળ્યાં છે. આ જાતિમાં 'બાળલગ્ન'ની પ્રથા જોવા મળી નથી. આ ઉપરાંત પિતરાઈ ભાઈ-બહેન વચ્ચેના લગ્ન પર પણ નિષેધ છે. મામા-ફોઈના સંતાનો વચ્ચેનાં લગ્નો નિષેધ છે.

### ૬.૬.૫ધોડિયા જાતિનાં લગ્નમાં જૂની પરંપરા

ભારતદેશની આઝાદી પહેલાંના સમયમાં આ જાતિનાં લગ્નોમાં એક નવી જ પરંપરા હતી. આજના લગ્નમાં વર-કન્યાના ઘરે જાન જોડી પરણવા જાય છે તેમ પહેલાના સમયમાં કન્યાની જાન જોડી વરના ઘરે પરણવા જતી. સીંધી સમાજમાં પણ આવી પરંપરા જોવા મળતી. જો કે આજે આવી પરંપરા નથી. પહેલાનાં સમયમાં કન્યા-વરના ઘરે જઈ લગ્નવિધિ

અનુસાર પરણતી પરંતુ પરણીને પાછી પિયર ચાલી જતી. કન્યા સાથે વરની વિદાય કરવામાં ન આવતી. થોડા સમય બાદ સાસરા પક્ષના લોકો આણું કરવા આવતા અને કન્યાની વિદાય કરાતી અને પછીથી જ પોતાનું દામ્પત્યજીવનની શરૂઆત થતી. પહેલાંના સમયમાં વાહનવ્યવહારની એટલી સગવડ ન હતી ત્યારે દૂરના સ્થળે લગ્ન કરવા જનારી જાન એકથી વધારે દિવસ રોકાતી અને લગ્નની સરભરા માણતી. હવે એવો સમય રહ્યો નથી. પહેલાંના સમયમાં લગ્નના વસ્ત્રો, અલંકારો એમનો પહેરવેશ આદિ પણ જૂનવાણી જ હતો. પુરુષ ખમીસ, પાયજામો કે ધોતિયું અને માથે ખાદી ટોપી પહેરી પરણવા જતો. સમય જતા શર્ટ-પેન્ટ અને સાફો આવ્યો. અને આજે શુટ-બુટની પરંપરા દેખાય છે. સ્ત્રીનાં વસ્ત્રો પણ પ્રથમ વાળેલાં લૂગડાં પહેરાતાં આજે સરસ મજાની રંગબેરંગી સાડીઓ પહેરાય છે. પહેલાં (ચાણાચોકડીના લૂંગડા)ની માંગ વધારે હતી અને કાપડું પહેરાતું. આજે ટેલિવિઝન કે અંગ્રેજી માધ્યમોના કારણે અવનવી ડિઝાઈનોની પરંપરા પ્રસરતી દેખાય છે.

અલંકારો મોટેભાગે ચાંદી, પિત્તળ, નિકલ અને કાંસા તથા મણકાના ઘરેણાં જૂની પરંપરામાં હતા આજે આધુનિક જવેલરી વપરાય છે. વાળા, કડલાં (ડોલ્લાં) ડાણિયા (કંઠી) કાપ, એરિંગની જગ્યાએ ન્યુ ડિઝાઈનના અલંકારો વપરાશમાં આવ્યા છે. જો કે આજે એક બાબત નોંધવી ઘટે કે પ્રાચીન લગ્ન પરંપરાને આજે પણ દરેક વિધિમાં સાચવી રખાઈ છે એના માધ્યમો જરૂર બદલ્યાં છે પણ પરંપરા જૂની જ રહી છે.

### ૬.૬.૬ લગ્નમાં વહ્ટાળિયો (વચેટિયો)

હિન્દુ સંસ્કૃતિનું આગવું સોપાન ગણાતું આ લગ્ન આમ તો આનંદ-પ્રમોદના ઉત્સવ જેવો છે. પરંતુ દરેક માતા-પિતાની એક આગવી ફરજ બની રહે કે પોતાનાં સંતાનોનાં લગ્ન યોગ્ય સમયે, યોગ્ય જગ્યાએ અને યોગ્ય વર-કન્યા સાથે કરવા. દરેક જાતિમાં, લગ્નઉત્સવ આનંદની સાથે એક જટિલ સમસ્યા પણ બને છે. જ્યાં સુધી પોતાનાં સંતાનોને યોગ્ય વર-કન્યા ન મળે ત્યાં સુધી ચિંતા સતાવતી રહે છે. આ જાતિમાં પણ આવી અનેક જટિલ સમસ્યાઓ ઉદ્‌ભવે છે. આવી જટિલ સમસ્યાના ઉકેલ તરીકે વહ્ટાળિયો (વચેટિયા) આગેવાનનું પાત્ર અતિ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

લગ્નમાં મોટેભાગે વચેટિયાની મદદથી જ લગ્નસંબંધ જોડાતો હોય છે. છોકરા-છોકરીની ભાળ મેળવી ઠેકાણું કે ઘર બતાવવાનું કામ આગેવાન વ્યક્તિ કરે છે. આ જાતિમાં સગોત્ર લગ્નની મનાઈ હોવાથી અન્ય કુળમાં લગ્ન કરાતા હોવાથી અન્ય કુળનું ઘર, કુટુંબ, છોકરો-છોકરી એની ચાલ ચલગત, વ્યવસાય, જમીન, માલમિલ્કત, વ્યસન, કુટુંબનું સ્વાસ્થ્ય, રૂપરંગ, કુટુંબની સંખ્યા, વ્યક્તિનો માન-મોભો, આદિ કેવા પ્રકારનું છે. એ બધી જ માહિતી વચેટિયો માણસ મેળવતો હોવાથી, યોગ્યતા મેળવી સારા ઘરમાં સારા કુટુંબમાં લગ્ન સંબંધથી જોડાઈ શકાય એ માટે આવા આગેવાનની ખપ લાગતી, આગેવાન હંમેશાં હિતેચ્છુ બનીને કામ કરતો.

લગ્ન મોટેભાગે છોકરા-છોકરી અને માતા-પિતાની પસંદગીથી જ કરવામાં આવતાં. વચેટિયો ફકત ઠામ-જગ્યા કે છોકરા છોકરી બતાવવાનું જ કામ કરતો. અંતિમ પસંદગી વર-કન્યાની જ ગણાતી. પહેલા દહેજપ્રથા પણ હતી ત્યારે પણ વચેટિયો બંને પક્ષે સુલેહભર્યા વચનથી બંને પક્ષે સરખું મૂલ્ય આંકી શકાય તેવું કામ કરતો. 'લગ્ન'ની મોટાભાગની વિધિની તારીખ કે મૂરત કાઢવા માટે આ માણસ આગળ પડીને કાર્ય કરતો. જો કે આજના બદલાયેલા સમાજમાં વચેટિયાનું કામ આજનાં છોકરા-છોકરીએ ઓછું કરી નાંખ્યું છે. હવે આગેવાન ફકત નામ માત્રનો રહ્યો છે. બધી કામગીરી સ્વની રીતે બનતી જોવા મળે છે.

પહેલાના સમયમાં વચેટિયાના કારણે 'આંતરજ્ઞાતીય' લગ્ન નહિવત્ જોવા મળતાં પરંતુ આજે વ્યવસાય અર્થે એક નગરથી બીજા નગરમાં નોકરી ધંધામાં સ્થાયી બનતા અને આજના આવા બદલાતા વૈજ્ઞાનિક ટેકનોલોજીનાં વિવિધ માધ્યમોને કારણે આ જાતિમાં પણ સ્વપસંદગી આવી છે અને વર-કન્યાને પોતાને યોગ્ય પાત્રની પસંદગી કરી લે છે. રૂઢિગત માન્યતાઓ પરિવર્તન પામતાં આજે મોટા પ્રમાણમાં આંતરજ્ઞાતીય લગ્નો થવા લાગ્યાં છે. હવે લગ્ન એક ઉત્સવ મટીને ફેશન જેવો બની જવા પામ્યો છે. બધી પરંપરાઓ નામશેષ બની મજાકને પાત્ર બનતી જાય છે. 'લગ્ન' કરવા પાછળની જે પરંપરા કે રૂઢિઓ હતી તે રૂઢિની મહત્તા ઓછી થતી જાય છે.

## ૬.૬.૭લગ્નમાં 'નોતરપ્રથા'

જન્મથી મૃત્યુ સુધીના સમયગાળામાં અનેક પ્રકારનાં તેડાં કે આમંત્રણો પાઠવવામાં આવતાં હોય છે. પરંતુ આ બધાં આમંત્રણોમાં લગ્નનું આમંત્રણ અનોખું છે. કારણ કે જન્મના તેડામાં ધરતી પર અવતરતી વખતે એકલા જ અવતરવાનું હોય છે. એ જ રીતે મૃત્યુ વખતના તેડામાં પણ એકલાએ જ જવાનું હોય છે. 'લગ્ન'નું તેડું જ એક એવું તેડું છે કે જેમાં સજોડે, સહજોડે કે સર્વેજનો સાથે પધારવાનું હોય છે. તેથી તે અનોખું છે.

આદિવાસી જાતિની એક આગવી સંસ્કારિતા એ જોવા મળી છે કે લગ્નમાં સાગમટે જ નોતરું હોય છે. જો કે આજે આદિવાસીઓમાં પણ શહેરી સ્પર્શ ધીમે-ધીમે લાગતો જાય છે. ગ્રામ્ય તરફથી શહેરી તરફની દોટને કારણે લગ્ન જેવા પવિત્ર સંસ્કારમાં પણ ઉદાસીનતા આવતી જાય છે. એક જમાનો હતો જયારે વણનોતરે પણ આવનાર મહેમાનની આગતા-સ્વાગતા સહજ અને મૃદુભાવે કરતા આ જાતિ અત્યંત ભોળી અને માનવતાવાળી હતી. આજે એમાં પણ ધીમે-ધીમે, સીમેન્ટ-ક્રોકીંટનો માલ ભળતો જાય છે અને બદલાયેલી રૂઢિ પાકી બનતી જાય છે.

લગ્ન પ્રસંગે સગાં-સંબંધીઓને અપાતાં નોતરાં ઉપરથી 'નોતર' શબ્દ પ્રચલિત બન્યો છે. પ્રથમના સમયમાં આ જાતિ ઘણી ગરીબ હતી અને એ સમયે આવી મોંઘીદાટ કંકોતરીઓ પણ ન હતી. ત્યારે સગાં-વહાલાં કે ગામલોકોને 'લગ્ન'નું આમંત્રણ નોતર નાંખીને કરવામાં આવતું અને ઘણાં દૂરનાં સગાંઓને રૂબરૂ જઈ લગ્નનું આમંત્રણ આપવામાં આવતું. પહેલા ઘરમાં પાકતા ડાંગર ને ખાંડી તેમાંથી ચોખા કાઢી એ ચોખામાં હળદર, કંકુ અને તેલ નાંખીને 'નોતર' બનાવવામાં આવતું અને એ નોતર એક પરણેલી સ્રી અને એક કુંવારી સ્રી ગામેગામ નાંખી આવે છે. નોતર હંમેશાં ઘરની ઉંબર ઉપર ત્રણ જગ્યાએ નાની નાની ઢગલી કરી મૂકવામાં આવે છે. અને હાજર વ્યક્તિને લગ્નની બધી માહિતી એટલે કે કોને ત્યાં કોના લગ્ન, ઘાણમૂરત કયારે, મંડપ વિધિ કયારે, શાંતકવિધિ કયારે અને જાન કયારે જશે કે આવશે, કેટલા દિવસ જમણવાર, જાન કયાંથી કે કયાં જવાની છે. આવી તમામ

માહિતી નોતર નાંખી ને આપવામાં આવતી. ઘર બંધ હોય તેવા ઘરે પણ નોતર નાંખી આજુબાજુને કહી દેવાનું સૂચન કરવામાં આવતું. અને તમામ સભ્યોને સાગમટે જ નોતરાં અપાતા. આ ઉપરાંત આ જાતિની એક વિશિષ્ટતા એ પણ રહી છે કે એમના કરતી ઊતરતી જાતિમાં પણ આમંત્રણ પાઠવવામાં આવતું અને એમને પણ સાગમટે જ બોલાવવામાં આવતા. આ ઉપરાંત આ જાતિના લોકો એમના લગ્નમાં જતાં ત્યાં જમણવારમાં ભાગ ન લેતાં પણ બાકીનો બધો વ્યવહાર કરાતો. પહેલાના સમયમાં ગામના યુવાન ભાઈઓ નાચવાના બ્હાને વણનોતર્યા લગ્નમાં પણ નૃત્યનો આનંદ લૂંટતા.

આજે નોતરની પ્રથા બંધ થઈ ગઈ છે. આજે તો ભદ્ર સમાજની જેમ આ જાતિમાં પણ ભારેખમ, અવનવી ડિઝાઈનવાળી પત્રિકા કે લગ્નના જમણવારનાં કાર્ડ છપાતાં થયાં છે. આજે શિષ્ટવર્ગની જેમ. આમંત્રણ મર્યાદિત લોકો પૂરતું જ રહ્યું છે. બીજી નોંધવા જેવી બાબત આજે એ જોવા મળે છે કે પહેલા જેવી લગ્નની સરભરા રહી નથી. પહેલાં તો વર-કન્યાના મંડપમાં આવેલ સૌ મહાજનો એક ગણાતા હવે એમાં પણ ભિન્નતા આવવા લાગી છે. વર-કન્યાનાં માતા-પિતા ચાર-પાંચ દિના લગ્નમાં દરેક સગાને ઝાંપા સુધી તેડી કે મૂકી આવતા, દરેક સગાને ભેટી તેનું સ્વાગત કરાતું. આજે એવી માનવતા કે ફુરસદ કયાંથી? આજે તો મંડપના મુખ્ય દ્વાર ઉપર ઊભા રહી માતા-પિતા દરેક મહેમાનનું નમસ્કારની મુદ્રામાં સ્વાગત કરે છે અને મહેમાન જમી કરી રીસેપ્શનના સ્ટેજ ઉપર વર-કન્યાના હાથમાં કલરફુલ કવર પકડાવી ચાલતો જાય છે. આજે લગ્ન સંસ્કાર પાછળની મૂલ્યતા આપોઆપ ઘટતી જાય છે. એક જમાનો હતો જયારે મહેમાનો લગ્નની ધમાલ પછી લગ્નનો થાક ઉતારવા અને લગ્નમાં પડતું મૂકાયેલ કામને આટોપવા વર-કન્યાના આણાં સુધી રોકાતા. હવે એ પણ સમયના અભાવે સ્મરણ બનીને સ્મૃતિપટ ઉપર દોહરાતું જાય છે. આવી 'નોતરપ્રથા' પણ લુપ્ત પામી છે. આજના ઝડપી જમાનામાં ઝડપી મોબાઈલની સુવિધાને કારણે આપણી લોકસંસ્કૃતિની જૂની સંસ્કારિતા પણ મોબાઈલના મેસેજની જેમ ડીલીટ થતી જાય છે.

## ૬.૬.૮ધોડિયા જાતિમાં લગ્નવિધિ

ભારતીય સંસ્કૃતિની પરંપરામાં ચાલતી લગ્ન પરંપરા અતિ મહત્ત્વની છે. લગ્નવિધિ મોટેભાગે દરેક જાતિમાં ભારતીય હિંદુ સંસ્કૃતિ પ્રમાણે જ કરાતી જોવા મળે છે. આદિવાસી જાતિમાં પણ ભારતીય હિંદુ સંસ્કૃતિ મુજબની જ લગ્નવિધિ કરાતી આવી છે. ગૃહસ્થાશ્રમમાં પ્રવેશવાનું પ્રવેશદ્વાર ગણાતો આ લગ્નસંસ્કાર મનુષ્યજીવનમાં આમુલખ ક્રાંતિ લાવનારો નીવડ્યો છે. આવા લગ્ન સંસ્કાર માટે દરેક જાતિમાં ઓછા-વત્તે અંશે કેટલીક અવનવી લગ્ન વિધિઓ કરાય છે. જેનો અભ્યાસ કરવાનો ઉપક્રમ અહીં સેવ્યો છે. આજે આર્યસંસ્કૃતિની લગ્ન પરંપરાને આપણી માતૃભાષામાં સમજાવવાનો અહીં પ્રયાસ રહ્યો છે. અહીં આદિવાસી ધોડિયા જાતિની લગ્નવિધિ અને લગ્નગીતો તરફ ધ્યાન કેન્દ્રિત કરવાનો આશય છે.

### ૦ લગ્ન પહેલાની પ્રાથમિક વિધિ

### માતા-પિતાની વાતચીત

આ જાતિમાં પ્રથમ માતા-પિતા પોતાના દીકરો-દીકરી ઉંમરલાયક થતાં પોતાના જાણીતાં સગાં-સંબંધી અથવા કોઈ યોગ્ય મોભાદાર વ્યક્તિઓ સામે દીકરા-દીકરીનાં લગ્નની વાતચીત ચલાવે છે અને કયાંક જગ્યા-ઠામ યોગ્ય લાગતા વચેટિયા દ્વારા પૂછપરછ કરી સગાઈની વાત આગળ ચલાવે છે. જો યોગ્ય વાત લાગતાં છોકરા-છોકરીને જોવાનું ગોઠવે છે અને બંનેની પસંદગી થતા વિધિવત્ વર-કન્યાના ઘરમાં બેઠક જોવાનું નકકી કરે છે અને વર-વધૂની અંતિમ પસંદગી કરાય છે. કયારેક રૂબરૂ પસંદગી કર્યા પછી પણ કયાંક ઊણપ વર્તાય તો સગાઈ તૂટી જાય છે. કયારેક આવી સગાઈ તૂટતા જેના તરફથી ના પાડવામાં આવી હોય તે પક્ષ પાસેથી અમુક દંડ પણ વસુલવામાં આવતો.

### ૦ સંમતિ અને ચાંદલાવિધિ

છોકરા-છોકરીની અનુમતિથી બંને પક્ષે નકકી કરેલા દિવસે ચાંદલાની વિધિ કરવામાં આવે છે. આ વિધિની એક આગવી વિશેષતા એ રહી છે કે કુંવારો છોકરો કે કુંવારી છોકરી

ને ઓળખવી હોય તો કપાળમાં કરેલા ચાંદલા ઉપરથી જાણી શકાય છે. આ વિધિથી છોકરા-છોકરી અડધા પરણી જાય છે. જે દિવસે કપાળમાં અક્ષત (ચોખા) ચોડવામાં આવે ત્યારથી તે અર્ધપરિણીત થઈ જાય છે. તે દિવસથી ભાવિ પતિ અને ભાવિ પત્નીનું તિલક કપાળે ચોડાઈ જાય છે.

ચાંદલાવિધિમાં પ્રથમ કન્યાપક્ષ તરફથી વરને ચાંદલો કરવાની વિધિ છે. કન્યાપક્ષનાં સગાં અને ગામલોકો જઈને વરના ઘરે પ્રથમ ઉંબરપૂજનની વિધિ કરે છે. કન્યાની માતા લગ્ન પહેલા કન્યાના (દીકરીના) ઘરનું પાણી પણ ન લેતી હોવાથી આ વિધિ કરીને દીકરા ઘરનું ખાન-પાન કરે છે. ત્યારબાદ વર આવનાર મહેમાનોનું પાણી, ચા અને મુખવાસ આપી સ્વાગત કરે છે. સ્વાગતવિધિ પત્યા પછી કન્યાની માતા અથવા માતા ન હોય તો ભાભી કે કાકી વરને ઉખળ ઉપર, પાટલા ઉપર કે ખુરશીમાં બેસાડી વિધિ કરે છે. આ જાતિમાં પરસાળના મધ્યભાગમાં ઉખળ દાટવામાં આવી હોય ત્યાં આવનાર કન્યાપક્ષના વેવાઈઓ લીંપેલા લીંપણ ઉપર સરસ મજાનો સાથિયો પાડી વર અને કુરેવલાને બેસાડી વેવાણ (માતા) આ વિધિ કરે છે. કેટલીક જાતિમાં ચાંદલા વિધિમાં ગણેશપૂજન કરાય છે. પરંતુ આ જાતિમાં આવી કોઈ પૂજન વિધિ કરાતી નથી. પરંતુ કન્યાની માતા પ્રથમ છોકરાના કપાળમાં ચાંદલો કરી તેના હાથ-પગને પાણી, દૂધ, કંકુ, ચોખા-ફૂલ આદિથી પાવન કરીને તેના ખોબામાં નાળિયેર, સોપારી-પાન, પૈસા, કપડાં અને સાકરનો પડો આપે છે. છોકરા સાથે બેઠેલ છોકરાના કપાળમાં ખાલી ચાંદલો કરી તેના ખોબામાં નેપકીન કે રૂમાલની સાથે પૈસા આપી બંનેને ફૂલની માળા પહેરાવે છે અને ચાંદલો પૂર્ણ થાય છે.

ચાંદલાવિધિ પૂર્ણ થતાં છોકરાની માતા ઉખળ ઉપર આવી પોતાના પુત્રને ઊભો કરી કપાળમાં ચાંદલો કરી ખોળામાં પૈસા મૂકી પોતાના ખોળામાં બધી સામગ્રી લઈ લે છે. પછી પુત્ર માતાના કપાળમાં ચાંદલો કરી પગે લાગે છે અને પછી માતા હાથ પકડી પુત્રને ઘરમાં લઈ જાય છે. ચાંદલાની વિધિ પછી જમણવાર આદિ રાખવામાં આવે છે. જમી કરીને પાછા વળતાં છોકરાને તોરણે બોલાવી ચાંદલો કરવા આવેલા મહેમાનો રાજી-ખુશીથી હાથમાં પૈસા આપે છે.

ચાંદલા વિધિના દિવસે જ 'દેજ નાંખવાની વિધિ' પણ કરાય છે. કન્યાપક્ષની વેવાણ ઉખળ ઉપર 'અક્ષાણું' (થાળી) લાવી ઊભી રહે છે ત્યારે વરપક્ષનો વડીલ (વેવાઈ) વેવાણને ચાંદલો કરી થાળીમાં અમુક રૂપિયા મૂકી 'આજથી આ પૈસા તમારા અને દીકરી અમારી' એવું વચન બોલે છે. આ વિધિ કન્યાના ઘરે ચાંદલા વિધિ કર્યા પછી કરવામાં આવે છે. અંતે ચાંદલો કરવા આવેલા મહેમાનોને ઝાંપા સુધી કે વાહન સુધી વળાવવા જતાં વર કે કન્યા આવેલા મહેમાનોનાં નાનાં બાળકોને પૈસા કે ચોકલેટ વહેંચી રાજી કરે છે. આજ દિવસે કન્યાને પહેરામણીમાં શું આપવું તે પણ નક્કી કરવામાં આવે છે.

## ૦ મુહૂર્ત જોવડાવવાની વિધિ

બંને પક્ષે વર-કન્યાને ચાંદલો થઈ ગયા પછી બંને પક્ષના વેવાઈ અને વચેટિયાએ નક્કી કરેલા સ્થળે ભેગા મળી લગ્નની તારીખ નક્કી કરીને બ્રાહ્મણ પાસે જાય છે અને પોતે નક્કી કરેલી તારીખની આસપાસ કયા દિને સારું મુહૂર્ત છે તે જોવડાવે છે.

યોગ્ય લાગતા લગ્નની તારીખ નક્કી કરે છે. પહેલા મુહૂર્ત જોવાની વિધિ ન કરાતી યોગ્ય પરિસ્થિતિ અનુસાર જ લગ્ન નક્કી કરી દેવામાં આવતા. કયારેક એવું પણ બનતું કે એકજ ઘરમાં એક કરતાં વધારે ભાઈ-બહેનના લગ્ન લેવાના હોય તો બધાં વેવાઈઓ ભેગા મળીને યોગ્ય તારીખો નક્કી કરી, આગળ પાછળ લગ્ન કરાતા. કયારેક સારા મુર્હૂતમાં એક જ દિવસ લગ્નનો હોય તો સવારે બહેનનાં લગ્ન પતાવી બપોરના સમયે ભાઈની જાન પણ લઈ જવામાં આવતી અથવા ભાઈને પરણાવી બહેનની જાન બોલાવવામાં આવતી અને કયારેક લગ્નગાળો ખૂબ ટૂંકો હોય તો ચાંદલા પહેલાં પણ લગ્નનું મુર્હૂત જોવડાવવામાં આવતું.

## ૦ વર-કન્યાનાં કપડાં ખરીદવાની વિધિ

લગ્નની તારીખ જોવાઇ ગયા પછી બંને પક્ષના વેવાઈઓ વર-કન્યાનાં કપડાં ખરીદી માટે શહેરમાં જાય છે. નક્કી કરેલા દિવસે જે તે શહેરમાં બંને પક્ષનાં સ્ત્રી-પુરુષો અને વર-

કન્યા જાય છે અને બંને પક્ષને ગમે તેવી કાપડિયા, ખત્રી, રંગારા કે છીપાની દુકાનેથી કપડાં ઓરવામાં (ખરીદવામાં) આવે છે.

પહેલાનાં સમયમાં કપડાં ખરીદવા ગયેલી બંને પક્ષની સ્ત્રીઓ કપડાં વહોરતી વખતે પણ વેવાઈના નામ જોગ હસી મજાકનાં ગીતો ગાતી. કપડાં ખરીદીમાં કન્યાની પસંદગીને પ્રાધાન્ય આપવામાં આવતું અને પોતાને મનગમતાં રંગ, ડિઝાઈન વાળી સાડીઓ ખરીદવામાં આવતી.

કન્યાનાં કપડાંની ખરીદી વરપક્ષવાળા કરતાં. આ જાતિની એક આગવી વિશેષતા એ રહી છે કે કન્યાને વરપક્ષ તરફથી પહેરામણી આપવામાં આવતી. વરનાં કપડાં પણ એ દિવસે જ ખરીદવામાં આવતાં. આ ઉપરાંત લગ્નની અન્ય ખરીદી જેવી કે બાજ-દડિયા-કરિયાણા અને કુટુંબીઓનાં કપડાં પણ એ દિવસે જ ખરીદવામાં આવતા.

કન્યાનાં લગ્નનાં કપડામાં ફકત બે સાડીઓ જ ખરીદવામાં આવતી જેમાં એક લગ્નનું પાનેતર અને બીજું 'ઉડાવણી'ની સાડી ખરીદવામાં આવતી. બે ચણિયા, બે ચોળી પણ ખરીદવામાં આવતી. સાડીનો રંગ, લાલ, લીલો, પીળો, આદિ રાખવામાં આવતો. આજ દિવસે કન્યાને જે ઘરેણાં કબૂલ્યા હોય તે ઘરેણાં પણ લઈ આપવામાં આવતાં. અલંકારોમાં મોટેભાગે સાંકળા, કાનની બુટ્ટી કે ગળાનું ઘરેણું ગમે તે એક આપવામાં આવતું.

આ વિધિ દરમ્યાન ઘણીવાર વેવાઈ, વેવાણ કે વર-કન્યા અથવા ખરીદીમાં સાથે આવનાર લોકો સરખી પસંદગી ન થતા રિસાઈ પણ જતાં, તેમને મનાવવાના પણ અનેક પ્રયત્નો કરવામાં આવતા. લગ્નની ખરીદી થઈ ગયા પછી અથવા પહેલા ચા-પાણી કે ખાણીપીણીની રસમ હતી એટલે બજારમાં ભાંડભૂજાની દુકાનમાં કે હોટેલમાં બેસી વર પક્ષના વેવાઈ તરફથી કન્યાપક્ષનાં લોકોને ખાણી-પીણી કરાવવામાં આવતી. આવી હતી કપડાં ખરીદીની પરંપરા પણ આજે તદ્દન જુદા જ પ્રકારની પરંપરા આવી ગઈ છે. હજુ પણ આ વિધિ તો કરાય જ છે. પરંતુ પહેલાં કરતાં અનેક પરિવર્તનો જોવા મળે છે.

## ૦ ધાણ ભરવાની (ધાણમૂરત) વિધિ

આ જાતિમાં લગ્નના ચારપાંચ દિવસ પહેલાં લગ્ન કરવાની વિધિ કરાય છે એ વિધિના દિવસે વર-કન્યા બંને પક્ષે ધાણ ભરવાની વિધિ કરવામાં આવે છે. આ વિધિ પાછળની કેટલીક જૂની પરંપરાઓ સચવાયેલી જોવા મળી છે. પહેલાના સમયમાં ચાર પાંચ 'લગન' કાઢવામાં આવતાં ત્યારે ગામની સ્ત્રીઓ વર-કન્યાનાં ઘરે લગ્નની કામગીરી કરવા આવતી અને એ વખતે જાન જમાડવા માટેની બધી તૈયારીઓ ત્યારથી કરવામાં આવતી એટલે ઘરમાં ખાંડણાં, દરણાંની પરંપરા ચાલતી. વર-કન્યાનાં ઘરમાં તે દિવસે ડાંગરનો ધાણ નાંખવામાં આવતો અને વર-કન્યાનાં લગન કાઢી પીઠી ચોળવામાં આવતી.

કન્યાના ઘરેથી લગન કાઢી વરપક્ષે મોકલવામાં આવે છે. 'લગન કાઢવા' એટલે લગનના જેટલા દિવસો બાકી છે તેટલા કંકુના ચાંદલાનાં ટપકાં કોરા કાગળ ઉપર કરવામાં આવે છે અને કન્યા પક્ષનો એક પરણેલો અને એક કુંવારો પુરુષ આ કાગળ લઈને વરના ઘરે જઈ ઘરની ભીંતે પરસાળના ભાગમાં આ કાગળ ચોંટાડે છે. આ કાગળ ચોંટાડતી વખતે વરપક્ષની કુંવારી બહેનો એમની પાસેથી લગન ચોંટાડવાના એટલે કે ઘરમાં જવાના પૈસા (દાપું) માંગે છે. જો એમ ન માને તો બારાણું બંધ કરી દઈ બહાર જ બેસાડવામાં આવે છે. લગન ચોંટી ગયા પછી, આવનાર બંને મહેમાનોનું ખાન-પાનથી સ્વાગત કરી જતી વખતે હળદરથી રંગી મોકલે છે. આ લગન લઈને આવનાર મહેમાનની ઓળખ વિધિ છે.

ઉપરોક્ત તમામ વિધિ ઉખળ પાસે પરસાળમાં કરાય છે. ધાણ ભરવાની વિધિમાં સૌ પ્રથમ ઉખળમાં ડાંગર નાંખી, પાન સોપારી પૈસા, પીઠી, તેલ આદિ મૂકી, બે કુંવારી અને બે પરણેલી સ્ત્રીઓ હાથમાં ખાંડણિયા અને કાંઠલિયા (વાંસની નાની લાકડી) લઈને ઊભી રહે છે. વેવાણ બનેલી સ્ત્રી આ ચારેય સ્ત્રીના કપાળે ચાંદલા કરી ખાંડણિયા અને કાંઠલિયાને પણ આંબાના ચાર-ચાર પાન દોરા વડે બાંધી કંકુ-ચોખાથી વધાવી છાણ અને રાંધેલા ચોખામાંથી બનાવેલ પિંડ બંને હાથે વેરી, પગે પડીને વિધિ કરે છે. પછી ચારે બહેનો ચાર ફેરા ઉખળની ગોળગોળ ફરે છે અને ધાણના ગીતો ગાય છે. ધાણની બધી સામગ્રી વધાવી

લીધાં પછી વેવાણ ખાલી ખાંડણિયાના લોખંડવાળા ભાગમાં ચોખા, કંકુ, ઘી આદિ ભરી છેલ્લે તાંબાનો સિક્કો અથવા રૂપિયો મૂકી ગામના પરણેલા વડીલ પાસે ઘરના મોભ કે 'ગયા' વળાને લગ્નનો ચાંદલો પેલા ખાંડણિયામાં ભરેલી સામગ્રી વડે કરાવે છે. આ ચાંદલો પૈસા સાથે ચોંટી રહે તો લગ્ન શુભ અને પૈસા નીચે પડી જાય તો થોડી અશુકનની માન્યતામાં માને છે. જો કે આજે એવી કોઈ માન્યતામાં માનતા નથી.

આજ દિવસે પહેલા લગ્ન કાઢવા હોય એ પ્રમાણે એટલા દિવસ પીઠી ચોળવામાં આવે છે. પહેલાંના સમયમાં સવાર, બપોર અને સાંજ એમ ત્રણ વખત દિવસ દરમ્યાન પીઠી લગાડવામાં આવતી આજે સવાર-સાંજ લગાવવામાં આવે છે. આ રસમની એક વિશેષતા એ રહી છે કે આ જાતિ વાને થોડી ઝાંખી હોવાથી વર-કન્યાનું સૌંદર્ય થોડું વધારે નીખરે એ માટે ભરપૂર માત્રામાં પીઠી લગાવવામાં આવે છે. પીઠી હંમેશાં વર-કન્યાની ભાભી જ લગાડે છે. ભાભીની ગેરહાજરીમાં કાકી અથવા બહેન આ વિધિ કરે છે. હળદર આયુર્વેદિકની દૃષ્ટિએ ઉત્તમ હોવાથી આજે પણ એટલા જ પ્રમાણમાં હળદી લગાવાય છે.

### ૦ મંડપ મૂરત (માંડવારોપણ વિધિ)

જ્યાં બેસી લગ્નની તમામ વિધિ કરવાની છે તેવા મંડપની પણ વિધિવત્ રોપણ વિધિ કરાય છે. જાનના આગલા દિવસે આ વિધિ કરવામાં આવે છે. મંડપ, સાગ, કાકડો, વાંસ અને નાળિયેરી તથા આસોપાલવનાં પાંદડાંથી સજાવવામાં આવે છે. મંડપ હંમેશાં નવ કે બાર થાંભલીનો બાંધવામાં આવે છે. એમાં તેરમી થાંભલી 'માણેક સ્તંભ' તરીકે રોપવામાં આવતી.

'માણેક સ્તંભ' રોપવાની ક્રિયા-વિધિ કયારથી આવી હશે એ કહેવું મુશ્કેલ છે. યજુર્વેદ કે ઋગ્વેદમાં લગ્ન પ્રસંગના મંત્રોમાં આવી કોઈ માણેકસ્તંભની પ્રથા બતાવવામાં આવી નથી. પરંતુ સમય જતાં આવી પરંપરા ધીમે ધીમે કરાતી આવી હશે? અને સમય જતાં તે રૂઢિ-રિવાજ પ્રમાણે પ્રસાર પામી હશે? આ જાતિમાં પણ આવી માણેક સ્તંભ રોપણની વિધિ કરાય છે.

મંડપના લાકડાં મોટેભાગે વન્યપ્રકૃતિમાંથી એકત્ર કરવામાં આવતાં અને એ એકત્ર કરી લાવનાર પુરુષોનું સ્વાગત કરવામાં આવતું તે આજે પણ આ વિધિમાં પ્રચલિત છે. મંડપની સામગ્રી લાવનાર બળદગાડું મંડપનાં તોરણબારે પહોંચતા પરણેલી સ્ત્રી (વેવાણ) કંકુ ચોખાથી સ્વાગત કરે છે. બળદગાડામાં બે પુરુષો બળદ બને છે. એક બળદગાડાને હાંકનાર બને છે અને મંડપમાં રોપવાની થાંભલીઓ બળદગાડામાં ભરી આવતા હોય તેવી વિધિ કરે છે. બળદ બનનાર પુરુષોમાં એક પરિણીત અને એક કુંવારો પુરુષ અને હાંકનાર પણ પરિણીત પુરુષ આ વિધિમાં જોડાય છે અને મંડપની બંધી થાંભલીમાં આંબાના પાન સૂતરથી બાંધી ચાંદલો-ચોખા-ફૂલ આદિ વધાવીને મંડપ સજાવવામાં આવે છે.

આજે તૈયાર સુશોભનવાળો મંડપ બાંધવામાં આવે છે છતાં વિધિ અનુસાર આ પ્રકારની તેરમી થાંભલી રોપવાની પરંપરા આજે પણ છે. આ થાંભલી રોપતી વખતે બે પરણેલા અને બેઅપરિણીત પુરુષ કાકડાંની થાંભલી ખાડા પાસે લઈ જઈ એક સાથે ચારેય જણ એ થાંભલીને ઊંચકીને ખાડામાં રોપે છે. ખાડામાં પાણી, સોપારી, દૂધ, દર્ભ, ફૂલ, તુલસી પાન, કંકુ, ચોખા, પૈસા આદિ મૂકી આ તેરમી થાંભલી રોપવામાં આવે છે. જે મંડપમાં શુકનવંતી ગણાય છે. આ વિધિ પત્યા પછી ચા-પાણી અથવા નાસ્તો પણ આજના સમય પ્રમાણે કરાવવામાં આવે છે. આમ મંડપવિધિ કરાય છે.

### ○ તોરણવિધિ

'તોરણ' એટલે કોઈપણ સ્થળ કે પ્રસંગને શોભાવતું સાધન. 'તોરણ' એટલે અમુક અંતરની જગ્યાની હદ નકકી કરતું સાધન. મુખ્ય દરવાજાની સીમા નકકી કરવા માટે આ જાતિમાં તોરણ બાંધવાની વિધિ કરાય છે. ગુજરાતમાં વડનગર અને કપડવંજમાં આવા દરવાજા પરનાં તોરણો આજે પણ પ્રખ્યાત છે.

જયાં વર-કન્યાનું લગ્ન અને આદર-સત્કાર કરવામાં આવે તેવા પવિત્ર સ્થળ ને ફરતે તોરણ બાંધવામાં આવે છે. પહેલાના સમયમાં વર-કન્યા માટે મંડપમાં જ જગ્યા નકકી

કરવામાં આવતી મંડપની બહાર એમને જવાની મનાઈ હતી તેથી આવાં તોરણ બાંધવામાં આવતાં. આજે ઘણું પરિવર્તન થયું છે. આજે વર-કન્યા મંડપની બહાર પણ જઈ શકે છે.

મંડપના તોરણ હંમેશાં આંબાના કે આસોપાલવના પાનમાંથી બનાવવામાં આવે છે. પહેલાના સમયમાં હરિજન યુવક આવાં તોરણ ગૂંથી લાવતો અને વર-કન્યાના પક્ષે તોરણ વેંચાતું આપવામાં આવતું હવે ઘણું પરિવર્તન થયું છે. 'તોરણવિધિ' હંમેશ માંડવાની રાત્રે કરવામાં આવે છે. મંડપમાં વેવાણ બનેલી બંને બેનો વારાફરતી 'તોરણ' માથા પર મૂકી નચાડે છે જેને 'તોરણ વધાવવાની રીત' તરીકે કે 'તોરણ નચાડવાની વિધિ' તરીકે ઓળખવામાં આવે છે. તોરણ નચાડી  લીધાં પછી તોરણને મંડપ ફરતે બાંધી દેવામાં આવે છે અને જયાં બેસી લગ્ન કરવાના છે અને જયાં 'માયરું' કે 'વેદી' બનાવવામાં આવે તેને ફરતે પણ તોરણ બાંધવાની વિધિ કરાય છે. લગ્નનું તોરણ એ પવિત્ર ગણવામાં આવતું અને આયુર્વેદની દ્રષ્ટિએ પણ પવિત્ર ગણાતું તેથી લગ્નમાં નૃત્ય કરનાર ભાઈઓ આવાં તોરણના પાન ચાવતા અને નાચવા માટેની એનર્જી મેળવતા. કહેવાય છે કે તોરણ ચાવનાર વ્યક્તિને ગમે ત્યાં નચાડવામાં આવે તો પણ તે નાચે છે. તેથી જ તો કેટલીકવાર નાચનારા ભાઈઓ કાંટાની વાડમાં, પાણીમાં કે વૃક્ષ ઉપર ચઢીને પણ નાચે છે. આવી પવિત્રતા હતી. તોરણમાં જો કે આજે આવી માન્યતા હાંસીને પાત્ર છે.

**○ ગ્રહશાંતક વિધિ**

હિંદુ સંસ્કૃતિમાં શુભ-અશુભની અનેક માન્યતાઓ પ્રવર્તેલી છે. એવી અનેક પ્રકારની શુભ-અશુભ પરંપરા અનુસાર લગ્નમાં પણ ગ્રહની માઠી અસર દૂર કરવા ગ્રહનું મનન, ચિંતન કે સ્તુતિ કરાય છે.

ગ્રહશાંતક વિધિમાં ગોરમહારાજ કે કર્મકાંડી બ્રાહ્મણ મારફતે નવગ્રહનું મનન-ચિંતન કરાવવામાં આવે છે. લગ્ન જેવા મોટા પ્રસંગને નિર્વિઘ્ને પાર પાડવા માટે દરેક જાતિમાં આવી વિધિ કરાય છે.

સૌ પ્રથમ આ વિધિ જ્યાં કરવાની છે એ મંડપમાં વેદી અથવા સ્કંડિલ બનાવવામાં આવે છે. આ વેદી બનાવવા માટેની સામગ્રી વર-કન્યાના ભાઈ-ભાભી લઈ આવે છે. સામગ્રીમાં માટી, પાણી અને યજ્ઞમાં હોમવાની તમામ સામગ્રી વિધિ મુજબ લાવવામાં આવે છે. વેદીની માટી વર-કન્યાના ભાભી પૂર્વ દિશાના ખેતરમાંથી લઈ આવે છે જેને આ જાતિનાં લોકો 'કોરી માટી' તરીકે ઓળખાવે છે. એ જ રીતે પાણી પણ 'કોરીગાગર'માં લઈ આવી તેનો વેદી બનાવવામાં અને ગોત્રજ બેસાડવામાં ઉપયોગ લે છે.

ગ્રહશાંતક વિધિમાં હોમવા માટેની સામગ્રી પણ આગવી છે. માટીની ચોરસ વેદી બનાવ્યા પછી ચારે ખૂણે આંબાના ચાર પાન નાડાછડી વડે બાંધી ચારે દિશા તરફ ખોસી, કંકુ, ચોખા, અબીલ, ગુલાબ, ફૂલ આદિથી શણગારવામાં આવે છે અને પછી શાંતક વિધિ કરાય છે. શાંતક વિધિમાં ડાંગર (લાજા) ઘી, છાણાં (અડાયાં) અને નવ પ્રકારના દાંતણ (વડ, પીપળો, બાવળ, સફેદ ખેર, આંકડો, હુભળી, ઉમરો, તુલસી, દર્ભ) હોમવામાં આવે છે.

ગ્રહશાંતક વિધિ આ જાતિમાં વરની વિધિ મંડપના દિવસે સાંજે ચારેક વાગ્યાની આસપાસ જ્યારે કન્યાની જાનના દિવસે વહેલી સવારે કરવામાં આવે છે. આ વિધિમાં વર-કન્યાના માતા-પિતા અથવા માતા-પિતા ન હોય તો ભાઈ-ભાભી અથવા કાકા-કાકી આ વિધિમાં બેસી શકે છે.

### o ગોત્રજ વિધિ

આ વિધિ પણ ગ્રહશાંતક વિધિ વખતે જ કરવામાં આવે છે. પરસાળમાં ઉત્તર કે પૂર્વ દિશામાં બાજઠ કે પાટલો મૂકી તેના ઉપર ગણેશની સ્થાપના કરવામાં આવે છે. આ વિધિને 'ગણેશ સ્થાપન'ની વિધિ તરીકે પણ ઓળખાય છે. ડાંગર, ઘઉં કે ચોખા, પાટલા ઉપર પાથરી તેમાં ત્રણ  સોપારી મૂકી ગણેશનું સ્થાપન કરાય છે. પહેલાના સમયમાં ભીંત ઉપર ગણેશનું કે પોતાના ગોત્રનું ચિત્ર દોરવામાં આવતું જેમાં મુખ્યત્વે આદિમાનવનું ચિત્ર આ જાતિમાં દોરાતું હવે તેની જગ્યાએ ગણેશનું ચિત્ર દોરાય છે.

ત્યાં વર-કન્યાનાં મોટા ફોઈ 'અખંડ દીવો' સાચવે છે. આ દીવો લગ્ન થઈ જાય અને વર-કન્યાના છેડાછેડી છૂટી જાય ત્યાં સુધી અખંડ બાળવામાં આવે છે.

ગોત્રજ વિધિમાં પણ વર-કન્યાના માતા-પિતા બેસે છે. વિધિ કરનારના હાથમાં નાડાંછડી બાંધી પત્ની પતિની જમણી બાજુ બેસી પતિના જમણા હાથને અડી બધી વિધિ કરે છે. આ વિધિમાં ગણેશના જુદા જુદા નામોચ્ચાર સાથે ભગવાન ગણેશની પૂજા-વિધિ કરાય છે જેમાં ગણેશનું આહ્‌વાન, સ્નાન, વસ્ત્રપરિધાન, જનોઈ પહેરાવવી, ધૂપ-દીપ કરવું આદિ વિધિ કરવામાં આવે છે અને ગણેશ સ્થાપનની વધામણીનાં ગીતો પણ ગવાય છે. જેમકે-

'પરથમ ગણેશ બેસાડો રે, મારા ગણેશ દુંદાળા'

પહેલાં આવી વિધિ સામાન્ય રીતે ભગત પાસે કરાવવામાં આવતી આજે પરિવર્તન સાથે આવી વિધિઓ ખર્ચાળ બનતી જાય છે.

## ૦ પીઠી-મીંઢળ અને વર-કન્યાની તૈયારી

આ જાતિમાં પીઠી ચોળવાની પરંપરા અન્ય આદિવાસીની જેમ અલગ છે. પીઠી ચોળતા પહેલાં વર-કન્યાને સ્વચ્છ પાણીથી વિધિપૂર્વક નવડાવી કોરા વસ્ત્રો પહેરાવવામાં આવે છે. લગ્નના બે કે ચાર દિવસ અગાઉ આ વિધિ કરાઈ છે. મામા તરફથી હળદીનું મોસાળું આવે છે. મોસાળ પક્ષના લોકો વિધિવત્ મોસાળું લઈને આવે છે અને એ દિવસે મામી વર-કન્યાને પીઠી લગાવે છે. ત્યારબાદ બીજા દિવસથી વેવાણ બનેલી ભાભી કે કાકી પીઠી લગાવવાની વિધિ કરે છે. આ જાતિમાં પીઠી ભરપૂર પ્રમાણમાં લગાવવામાં આવે છે.

ગ્રહશાંતકના દિવસે મીંઢળ બાંધવામાં આવે છે. વરને મંડપના દિવસે અને કન્યાને લગ્નના દિવસે મીંઢળ બંધાય છે. 'મીંઢળ' બાંધવા પાછળની પ્રાચીન આયુર્વેદની પરંપરા રહી છે. પહેલાં મીંઢળ એ ઝેર ઉતારવામાં અકસીર ઈલાજ તરીકે હાથવગું ઉપયોગી સાધન હતું. સંસ્કૃતમાં એને 'મદનફળ' તરીકે ઓળખે છે.

ઉપરોક્ત પીઠી વિધિ પૂર્ણ થયા પછી જાનના દિવસે વર-કન્યાની પીઠી સ્વચ્છ પાણીથી, પ્રથમ દહીંથી અને પછી સાબુથી ધોવામાં આવે છે. પ્રથમ સાબુની પરંપરા ન હતી ત્યારે મોટેભાગે દહીંથી જ ધોવામાં આવતી. આજે પરંપરા બદલી છે.

પીઠી ધોવાઈ ગયા પછી વર-કન્યાને લગ્ન માટે તૈયાર કરવામાં આવે છે. કન્યાને બહેનો તૈયાર કરાવે છે અને વરને ભાઈઓ તૈયાર કરે છે. પહેલાંના સમયમાં કન્યાના શણગારમાં મોટેભાગે ફૂલનું મહત્ત્વ અતિ ઘણું હતું. કન્યાના આખા માથાને આવરી લેતી 'વાળી' (ફૂલનો ગજરો) પહેરાવવામાં આવતી અને કન્યાના હાથમાં સૂડી અને કલગી આપવામાં આવતી. વરને પણ માથે ટોપી પહેરાવી કે સાફો બાંધી હારથી શણગારવામાં આવતો અને હાથમાં કલગી અને શ્રીફળ આપવામાં આવતું પહેલાં કમરમાં કટારી પણ બાંધવામાં આવતી આજે આ પરંપરા બદલી ગઈ છે. પહેલાં વર-કન્યાના છેડા-છેડી માટે મોટા ટુવાલ ખભે રાખવામાં આવતા આજે ચુંદડી અને ખેસે આ સ્થાન લીધું છે. આજના આધુનિક જમાનામાં વર-કન્યાની શણગાર વિધિ ઘરના ઉખળ પર નહીં પણ શહેરની એરકંડિશનર બ્યુટી પાર્લરમાં થતી જોવા મળે છે.

### ૦ જાન પ્રસ્થાન વિધિ

વરને સુંદર રીતે તૈયાર કર્યા પછી મુખમાં પાનબીડું આપી હાથમાં નાળિયેર આપી ઘરમાંથી તોરણે લઈ આવે છે. ત્યાંથી વરને વાજતે-ગાજતે કન્યાના દેશ તરફ પ્રયાણ કરાવવા માટે વરને ઉઘલાવે છે. આ વખતે વેવાણ વરની ઘોડાગાડી, બગી, સવારી કે બળદગાડું અથવા આજના સંદર્ભે મોટરકારની પૂજા વિધિ કરે છે. પહેલાંના સમયમાં બળદગાડામાં જાન જતી તેથી વરની ગાડીના ચાલકને ગાડું હાંકનારને શ્રીફળ અને સવા રૂપિયો આપી બળદગાડાનું પૈડું સીંચી વરને બેસાડવામાં આવતો.

લગ્ન એ જીવનમાં એક જ વખત થતાં હોવાથી એક દિવસ પૂરતા વર-કન્યા રાજા-રાણી બનીને મહાલે છે. વરને ઉઘલાવ્યા પછી ગામના પાદર સુધી નાચતા-ગાતા સૌ

કુટુંબીજનો, ગ્રામજનો, સ્નેહીજનો પગે ચાલીને વરને સન્માન સાથે પાદર સુધી લઈ જતાં અને ગામને પાદરેથી સૌ જાનૈયાઓ પોતપોતાની સવારી કે બળદગાડામાં સ્થાન લઈ જાન માટે પ્રસ્થાન કરવાની તૈયારી કરે છે.

આ જાતિમાં જાનની પ્રસ્થાન વિધિમાં હંમેશાં જાનૈયાઓ વચ્ચે હરીફાઈ યોજાતી વરની સવારી કે બગીને હંમેશા એનો હાંકનાર આગળ રાખવાની જ પેરવી કરતો. એ દિવસે વરની બગીનો સારથી બનનાર વ્યક્તિ પોતાનું અહોભાગ્ય ગણતો તેથી જ તો તે વરની સવારી, બળદ, ધોરી, માફો, ઘૂઘરા, દોર, જોતર આદિને નીત નવીન રીતે શણગારતો બળદને પણ અવનવો સાજ-શણગાર કરતો અને વરની સાથે પોતાનો પણ વટ જમાવતો વરને સન્માનિય સ્થાન અપાવવા માટે સારથી પોતાનું અહોભાગ્ય અજમાવતો. બળદગાડાની હરીફાઈ વખતે ઘણીવાર નાની-મોટી હાનિ પણ થતી. કયારેક રસ્તાઓમાં વરની સવારી ભાંગી પડયાંની કે ઉલળી પડયાંની પણ વાતો સાંભળવા મળતી. જો કે આજના સુધરેલ સમયમાં આવી નાદાની ભરી હરીફાઈ હવે જોવા મળતી નથી. શાંતિથી બધું ચાલે છે.

### ○ જાનની આદર-સત્કારની વિધિ

મહેમાનોનો આદર-સત્કાર કરવો એ આપણી સંસ્કૃતિની પ્રાચીન પરંપરા છે. જાન કન્યાનાં ગામની પાદરે પહોંચતા જ દૂર-દેશાવરથી આવેલા જાનૈયાનો થાક ઉતારવા માટે કન્યાના ઘરથી થોડે દૂર જાનનો ઉતારો આપવામાં આવે છે.

કન્યાપક્ષના વેવાઈઓની ખરી કસોટી જાનના ઉતારે જ થતી હોય છે. પહેલા લગ્નની કામગીરી ઘણા દિવસો સુધી ચાલતી એટલે જાનની રહેવાની સગવડ પણ કરાતી જાન કેવી અને કેટલી મોટી છે તે બળદગાડાં કે સવારી અથવા જાનમાં જોડેલાં વાહનો ઉપરથી કરવામાં આવતી. વેવાઈની કેટલી શાખ, પ્રતિષ્ઠતા કેટલી છે. એ જાન ઉપરથી નકકી થઈ જતું, તો કન્યા પક્ષના વેવાઈઓ કેટલાં વગવાળા છે કેવા ખમતીધર છે એનું માપદંડ વરને અપાયેલા ઉતારા અને જાનૈયાની થયેલી સરભરા ઉપરથી કાઢી શકાતું.

પહેલાંના સમયમાં ખાન-પાન, માન-પાન અને આદર-સત્કાર કેવો છે એ ઉપરથી વર-કન્યાનાં મા-બાપુની પ્રતિષ્ઠા કેટલી છે તે નકકી થઈ જતી. કયારેક આવી આદર સત્કારની આમાન્યા ન જળવાય તો જાન ઉતારેથી પાછી પણ વળી જતી અને કન્યાના વિવાહ ફોક પણ ગણાતા. કયારેક પ્રલોભન આપી જાનને મનાવી પણ લેવામાં આવતી જો કે આજે આવી કોઈ પરંપરા દેખાતી નથી.

ફટાણાં ગાવાની જે પરંપરા હતી એ આવી વિધિને કારણે જ આવી હશે એમ કહી શકાય? વેવાઈનું નીચું ગાવાનું કે અપમાનભર્યું નીચું ગાવાનું કદાચ આવી પરંપરાને લીધે જ આવ્યાં હશે જે, આજે ધીમે-ધીમે નષ્ટ થતાં જાય છે. આજે વેવાઈની સરભરા કરવા માટેના કોન્ટ્રાકટ સિસ્ટમને કારણે આપણી બધી જ વ્યવસ્થા થઈ જતી હોવાથી વેવાઈને બાનમાં લઈ ગીત જોડવાની પરંપરા લુપ્ત થતી જાય છે. જો કે આદિવાસી જાતિઓમાં હજુ આવાં ફટાણાં મહદ્અંશે ગવાતાં મળે છે. આજે કન્યા કે વર પક્ષના લોકોની હાંસી-મજાક કે મશ્કરી કરવાનો સમય જ રહ્યો નથી કે આવા મજાકને જોડી ફટાણાં ગવાય આજે બધું તૈયાર ઈસ્ટન્ટ મળતું હોવાથી કોઈ ખામી વર્તાતી નથી અને ફટાણાંની રેલમછેલ વર્તાતી નથી. આજે વિધિ મુજબ, પરંપરાને ખાતર બંને પક્ષના વેવાઈઓ એકબીજાને અળગા રહીને ભેટે છે. દિલગ્ની કે સ્નેહથી ભેટવાની, પોતાનાં નવા સ્નેહીજનને હૃદયમાં સ્થાન આપવાની પરંપરા પણ લુપ્ત થતી જાય છે. દૂરથી જ હાથ જોડી વંદન કરવાની પ્રણાલિ આવતી જાય છે.

### ૦ વર પોખવાની વિધિ

લગ્નના નકકી કરેલા દિવસે વર-કન્યાના ઘરે જાન જોડી આવે છે અને માંડવે પહોંચતા જ કન્યાની માતા હરખભેર વરને પોખે છે. કન્યાના મંડપમાં જ્યાં તોરણ બાંધવામાં આવ્યું ત્યાં તોરણબારણે વરને પાટલા ઉપર કે બાજઠ ઉપર ઊભાં રાખી કન્યાની માતા રવૈયો, મૂશળ, જુવારની સળી, કૂસકો, પાણી અને રાંધેલા ચોખા તથા છાણમાંથી બનાવેલા પિંડ વડે આ વિધિ કરે છે.

કન્યાની માતા પ્રથમ ઉપરોક્ત બધી સામગ્રી પોતાના સાડીના પાલવમાં પકડી વરનાં વસ્ત્રોને અડકાડી આ વિધિ કરે છે. આ વિધિ પાછળ કન્યાના ઘરમાં કેટલી સામગ્રી છે. અને કન્યા કામથી સભર છે. એ વાતની પ્રતીતિ કરાવે છે. બધી સામગ્રીથી વરની નજર ઉતારી એક પછી એક પિંડીઓ અને જુવારની સળી ચારે દિશામાં નાંખી ચારે તરફથી વરની રક્ષા કરવાની વિનંતી/પ્રાર્થના કરે છે અને ચારેય દિશા તરફથી આવી પડનારી અણધારી મુશ્કેલીમાંથી મુક્ત થાય એવી પ્રાર્થના પણ આ વિધિ દ્વારા કરાય છે.

આ વિધિ પૂર્ણ થતાં 'સંપુટ ભાંગવાની' વિધિ પણ કરાય છે. 'સંપુટ' એટલે નાડાંછડી કે દોરાથી બંને કોડિયાને એક ઉપર ઢાંકી અંદર પાન, સોપારી, કંકુ, ચોખા, પૈસા, ફૂલ આદિ રાખી બાંધવામાં આવતા કોડિયા. આ સંપુટને પણ કન્યાની માતા વરની નજર ઉતારી વરના પગ આગળ મૂકે છે અને વર એ સંપુટને એક જ પગની એડી વડે ભાંગી નાંખી માયરામાં જાય છે.

સંપુટ ભાંગવા પાછળની પણ આ જાતિમાં એક માન્યતા એવી છે કે દામ્પત્યજીવનમાં આવનાર મુશ્કેલીઓને પણ એક જ પગથી કચડી નાંખી દામ્પત્યજીવનને સુખી અને હર્યુંભર્યું રાખવાની તાકાત વરની અંદર રહેલી છે. એવો ભાવ રહ્યો છે. ત્યારબાદ સંપુટના તમામ ટુકડે-ટુકડા વરની બહેન રૂમાલમાં બાંધી લે છે તેની પાછળ પણ એક અંધશ્રદ્ધા વર્તાય છે. મંડપની અંદર પધારેલા વિધ-વિધ લોકોની બૂરી નજર કે મેલીવિદ્યા થકી સંપુટ દુઃખભર્યો ન બને તે માટે દરેક ટુકડા વીણી લેવાઈ છે અને કોઈ મેલીવિદ્યા જાણનારના પગથી બચાવે છે. આજે પણ આ પરંપરા રહેલી છે.

### ○ લગ્ન વિધિ

વરને માયરામાં કન્યાની માતા લઈ જઈ પૂર્વાભિમુખે પ્રેમભાવથી ખુરશીમાં કે બાંકડા ઉપર બેસાડે છે. વરની આજુબાજુ વેવાણ અને અણવરને બેસાડવામાં આવે છે. ત્યારબાદ અંતરપટ ધરી બંને પક્ષના એકએક પુરુષને બોલાવી ગોરમહારાજ મંગળાષ્ટકના આશીર્વાદ શરૂ

કરે છે. મંડપમાં પધારેલા સર્વે મહેમાનોને સાવધાન કરી વિધિ શરૂ થાય છે. થોડી વિધિ કન્યાની ગેરહાજરીમાં ત્યારબાદ કન્યાના મામા કન્યાને માયરામાં લાવે છે. ગોરમહારાજ વર-કન્યાના હસ્તમેળાપ કરાવી છેડાછેડી બાંધે છે અને વિધિ કરાય છે. લગ્નવિધિ પૂર્ણ થતાં વર-કન્યાને પરસ્પર હાર પહેરાવવામાં આવે છે જેને ‘વરમાળા આરોપણ’ વિધિ કહેવાય છે. એની સાથે જ ‘મંગળસૂત્ર’ આરોપાણ વિધિ પણ કરાય છે. આ જાતિમાં તેને ‘કાળી ગાંઠી’ બાંધવી એ નામથી ઓળખાય છે. પહેલાનાં સમયમાં આ ‘કાળીગંઠી’ મંડપની રાત્રે એક પરણેલી અને એક કુંવારી સ્ત્રી આ મંગળસૂત્ર (કાળી ગાંઠી) તૈયાર કરતી અને મંડપમાં વરની માતા કન્યાને પહેરાવતી આજે પણ લગભગ તૈયાર મંગળસૂત્ર આ રીતે જ પહેરાવાય છે.

આમ ઉપરોક્ત લગ્નવિધિ પૂર્ણ થતાં બંને પક્ષના વેવાઈ એટલે કે વર-કન્યાના પિતા મંડપમાં બેસી મંત્રોચ્ચાર વડે શપથગ્રહણની વિધિ કરે છે. વર કન્યાને પણ ભવોભવના પતિ-પત્ની તરીકે સ્વીકાર કરાવી. કુળ-ગોત્ર આદિનો ઉચ્ચાર કરાવી આજથી એકબીજાના સંબંધી બની જીવન પર્યંત એકબીજાથી અલગ ન થવાની પ્રતિજ્ઞા કરાવાય છે.

આ ઉપરાંત લાજાહોમની વિધિ કરાય છે. મંગળફેરા ફરતી વખતે દરેક ફેરાએ કન્યાનો ભાઈ માયરાના ચારે સ્તંભે ઘડો બાંધે છે અને વર-કન્યાને આશીર્વાદ આપે છે. મંગળફેરામાં પ્રથમ ત્રણ ફેરા વર આગળ રહે છે અને ચોથાફેરે કન્યા આગળ રહી આ વિધિ કરાય છે.

હિન્દુ રિવાજ પ્રમાણે સપ્તપદીની વિધિને વિવાહનો આત્મા ગણાવ્યો છે. ‘સપ્તપદી’ એટલે ‘સપ્તાનાં પદાનાં સામાહાર:’ સાત પગલાનો સમૂહ એમ પણ કહેવાય છે. સજ્જન પુરુષ સાથે કન્યા સાત પગલાં ભરી જન્મોજનમ સુધી એકબીજાના મિત્રો બની રહે એ ભાવનાથી સાત પ્રતિજ્ઞાઓ  આ વિધિમાં કરાવાય છે. સપ્તપદીના મંત્રમાં નીચે મુજબની પ્રતિજ્ઞા સમાયેલી છે.

'અન્ન, બળ, આરોગ્યને સુખનો ભંડાર થા,

પશુવૃદ્ધિ, ઋતુસુખ ભોગવી, સખી મારી મિત્ર થા.'

આ વરની પ્રતિજ્ઞા છે. ત્યારબાદ કન્યા પણ આજ પ્રતિજ્ઞા કરી અંતે 'મિત્ર તારી થાઉં છું.' એમ બોલી તેનો સ્વીકાર કરે છે. આ થઈ લગ્નવિધિ. ત્યારબાદ કંસાર જમણની પણ વિધિ કરાવાય છે. ગોરના કહેવા પ્રમાણે વર-કન્યાની માતા વારાફરતી વરકન્યાને ચાર વાર કંસાર જમાડે છે. અને બંને વેવાણો એકબીજાને ભેટી વરકન્યાને આશીર્વાદ આપે છે. કંસાર વિધિ પછી કુટુંબની તથા સગાંસંબંધી અને ગામના વડીલો કન્યાને આશીર્વાદ આપે છે. કન્યા વડીલોને પગે પડી સૌભાગ્યવતીના આશીર્વાદ મેળવે છે. આ વિધિ પછી ઘરની ભીંતે 'થાપા મારવાની' વિધિ કરાય છે. પરંતુ આ જાતિમાં હાલમાં આ વિધિ કરાતી જાણવા મળી નથી. જૂની પરંપરામાં આ વિધિ કરાતી સાંભળવા મળી છે.

### ૦ કન્યા વિદાયની વિધિ

લગ્નની તમામ વિધિ પૂર્ણ થતા અંતે કન્યાને વરની સાથે વિદાય કરવામાં આવે છે. આનંદ પછી શોકની અનુભૂતિ કરાવતી આ વિધિમાં નાના-મોટા દરેકના હૃદયમાં એક હળવો શોક ઉત્પન્ન થાય છે અને સૌની આંખ ભીની થાય છે.

વર-કન્યાને વિદાય આપતી વખતે કન્યાને પોતાના ઘરમાંથી અવળા મુખે બહાર લાવવામાં આવે છે એની પાછળ એવી માન્યતા છે કે કાયમને માટે પોતાના ઘરને પારકું બનાવી ચાલી જનારી દીકરી અંતિમવાર પોતાના ઘરને બારીકાઈથી દર્શન કરી લે છે અને મંડપમાં સવળા મુખે સૌ સ્નેહીજનો પાસેથી આશીર્વાદ મેળવી વર સાથે વિદાય લે છે. પહેલાનાં સમયમાં આ જાતિમાં કન્યા વિદાય પછી નાનાં-મોટાં સાત આણાં કરવામાં આવતાં તેથી કન્યા સાથે એની નજીકની સખીઓ (કુરવેલી) સાથે જતી. કન્યાને પારકા ઘરમાં એકલું કે અજાણું ન લાગે તથા પારકા કામમાં મુશ્કેલી ન પડે તે માટે આ રીતે ઘણીબધી પરાણેલી-કુંવારી સ્ત્રીઓ સાથે જતી આજે એવું રહ્યું નથી. એકાદ સખી જ સાથે જાય છે.

કન્યાવિદાય વખતે કન્યાની ભાભી વરની ગાડીનું પૈડું સીંચી હાંકનાર ને શ્રીફળ આપી કન્યાની સારસંભાળ રાખવાની અને સમયે સાસરે પહોંચાડી દેવાની અનુમતિ માંગે છે.

### ૦ કન્યાના સાસરે કરાતી વિધિ

વર-કન્યા પરણી વરના ઘરે આવે ત્યારે પ્રથમ વર-કન્યાના પોખાણા વરની માતા કરે છે. તોરણ બારણે વર-કન્યાને ઊભા રાખી પાણી, દૂધ, દીવો, મુશળ, રવૈયો આદિથી પોંખી દીવાની અગ્નિથી વર-કન્યાની નજર ઉતારે છે. ઘરમાં પ્રવેશતી વખતે વરના નાનાં ભાઈ-બહેન બંને વર-કન્યા પાસે પોતાનો લાગો (દાપુ) માંગે છે. યોગ્ય પૈસા મળ્યા પછી જ ઘરમાં પ્રવેશ મળે છે.

સૌ પ્રથમ સાસરે કન્યા અને વરને દેવદર્શન કરાવી પોતાના હાર-તોરા ગણેશના ચરણે ધરી વર-કન્યાના છેડા-છેડી નણંદ ગોત્રજ પાસે છોડે છે. છેડાછેડી છોડતી વખતે નણંદ પણ દાપુ માંગે છે. ત્યારબાદ વર-કન્યાના અરસપરસ બંને એકબીજાના મીંઢળ છોડી ગોત્રજ પાસે મૂકી દે છે. આ જાતિમાં વર-કન્યા કેટલા બળવાન છે તે મીંઢળ છોડતી વખતે પરખાય આવે છે. કારણ કે વર-કન્યાએ એક જ હાથના બળે મીંઢળ છોડવાનું હોય છે. જે પહેલા છોડે તેનું ઘરમાં વધુ ચાલે.

ઉપરોક્ત વિધિ પત્યા પછી તેજ દિવસે અથવા એના બીજા દિવસે આ જાતિમાં ચોરી ખોદવાની વિધિ પણ કરવામાં આવે છે. વરના ઘરની ચોરી વર-કન્યા બંને સાથે ખોદીને ટોપલામાં ભરી લે છે. આ વિધિ પણ એક જ હાથે કરાય છે અને સાસરામાં કન્યા કેટલી ચપળ અને કામગરી છે તેનું પારખું વરપક્ષની લાગતી વળગતી નણંદો કરે છે. કન્યા પાસે વહેલી સવારે પાણી ભરાવે, આંગણું વળાવે, વાસીદું વળાવે, ખાંડણા ખંડાવે, દરણા દળાવે અને સાંજે રોટલા ઘડાવે છે. આ તમામ કામો જે યુવતી સરસ રીતે કરે તે ઘરની લાડકી વહુ બને એવી માન્યતા રહેલી છે. જો કે આજે આ બધું વિધિ માત્ર રહ્યું છે. ખરેખરું કામ એટલું રહ્યું નથી. સાથે આવેલી કન્યાઓ જ મોટાભાગનું કામ કરી લે છે.

પહેલાં આવાં કામો કરાવનાર સાસુ, નણંદ, જેઠાણી આદિના પણ ઘણાં ગીતો ગવાતાં જે આજે લુપ્ત થયાં છે. આજે સમયના અભાવે આવી વિધિઓમાં પણ કાપકૂપ આવી છે. બધું ઝડપથી આટોપી લઈ વિધિના ભારમાંથી મુક્ત થઈ જાય છે.

### ० આણાંવિધિ

લગ્ન પછીની છેલ્લી વિધિ એટલે આણાં વિધિ. આણાં પાછળ પણ લગ્ન જેવો જ આનંદ મેળવનારી આ જાતિ આજે શહેરીજીવનના બાહ્ય ચળકાટને કારણે ઝાંખી બનતી જાય છે. આજે આણાંવિધિ ફકત નામની વિધિ બની છે. પહેલાં જેવો આનંદ આ વિધિમાં રહ્યો નથી. એક જમાનો હતો આ જાતિમાં નાનાં-મોટાં સાત આણાં વર-કન્યા બંને પક્ષે કરવામાં આવતા. પ્રથમ આણે સાત (કુરવેલી) સખી કન્યા સાથે જતી અને એક એક સખી ઓછી થતી જતી. સાતમે આણે એક સખી જ જતી જે થોડા દિવસો રહી કન્યાને સાસરામાં ગમી જાય એટલે પરત ચાલી જતી.

આણું લેવા જનાર બંને પક્ષના લોકો લગ્નની જેમ જ આણું જોડી ગીતો ગાતાં વેવાઈના ઘરે પહોંચે છે. વેવાઈ પક્ષની સ્ત્રીઓ પણ આણાં લેવા આવનાર વેવાઈની ખાતરદારીના એકએકથી ચઢિયાતા ફટાણાંની રેલમછેલ વહાવતી. વેવાઈઓની પજવણી કરવી. બળદગાડાં લઈને આણે આવનાર વેવાઈની ગાડીની સામેલ, જોતર, પીંજણી આદિ સંતાડી દઈ સામેથી દાપું દઈને વેવાઈ એમને મનાવતો. વેવાઈના સાફા, બૂટ કે છત્રી આદિ પણ સંતાડી દેવામાં આવતા અને વેવાઈ પાસેથી મોં માંગી રકમ મેળવી આનંદ લૂંટતા જો કે આ બધી જ પરંપરા હવે ધીમે ધીમે લુપ્ત થતી જાય છે.

આમ તો આણાં વિધિ એટલે મુખ્યત્વે ખાણી-પીણીનો પ્રસંગ. બંને પક્ષનાં મુખ્ય-મુખ્ય મહેમાનો ભેગાં મળી અનેરો આનંદ માણતાં. આવો આનંદ હવે સમયના અભાવે ઓછો થતો જાય છે. છતાં આ જાતિમાં આજે પણ નાનાં-મોટાં કેટલાંક આણાંઓ ગામડાંના ખૂણે આજે પણ કરાય છે. વરસ દરમ્યાન આવતા મુખ્ય ઋતુઓનાં આણાં પણ આજે

કરાતાં જોવાં મળ્યાં છે. આ તો થઈ લગ્નની વિવિધ વિધિઓ હવે એ વિધિ અનુસાર ગવાતાં લગ્નગીતોનો અભ્યાસ કરીશું.

### ૬.૬.૯ધોડિયા જાતિનાં લગ્નગીતો

વસંત અને કોયલ, શરદ અને ચંદ્ર, વર્ષા અને કલાપી (મોર) એ જીવંત સૌંદર્ય વિભૂતિઓ છે, આ છ સૌંદર્ય મૂર્તિઓ ન હોત તો આપણા કવિઓના કાવ્યરૂપી બાગો સૂના જ લાગત. એજ પ્રકારે લગ્નગીતો વિના વિવાહનો અવસર પણ ઝાંખો-ફિકકો જ લાગત. પરંતુ આ બાબતે ચોકકસ ગર્વ લઈ શકાય એવી ઘટના એ ઘટી કે આપણા પૂર્વજોએ વિધિ-વિધાન કે અનુષ્ઠાનની સાથે પોતાની આગવી સૂઝબૂઝથી લગ્ન સંસ્કારને પણ ઉત્સવ બનાવી જુદી જુદી વિધિ અનુસારના મંગલમય અને સંગીતમય ગીતોની રસલહાણ કરાવી છે.

માનવજીવન મેઘધનુષની જેમ સપ્તરંગી અને વન્ય પશુ-પંખીની જેમ કલરવ કરતું રહ્યું છે. તેમાં સુખ-દુઃખ, હર્ષ-શોક, આદિ અનેક દ્વન્દ્વો હોવા છતાં પણ ‘કુર્યાત સદા મંગલમ્’ ની ઉજ્જવળ પરંપરાને પામેલું છે. એજ રીતે આપણી લગ્ન પરંપરામાં પણ શરૂઆતથી જ ‘લગ્નગીત’ રૂપી પ્રણયના અંકુર ફૂટતા રહ્યા છે.

પ્રકૃતિપરાયણ લોકજીવન જીવતો લોકસમાજ ઉત્સવઘેલો હોય છે. રોજિંદી કંટાળાજનક અનેકવિધ પ્રવૃત્તિઓમાં આ લોકત્સવો નવું ચેતન પ્રસરાવનારા બન્યા છે. ભારતીય સંસ્કૃતિ પ્રમાણે સોળ સંસ્કારોમાંના મુખ્ય ત્રણ સંસ્કારો દરેક જાતિમાં ઉત્સાહ અને માનભેર ઉજવાય છે. એ પૈકીનો એક ઉત્સવ એટલે લગ્નોત્સવ. ભારત આખામાં આ ઉત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાતો રહ્યો છે.

‘લગ્ન’ એ આપણી લોકસંસ્કૃતિનું અભિન્ન અંગ છે, તેમજ સમાજ જીવનનો એક વિશિષ્ટ અને લાવણ્ય તથા મંગલમય પ્રસંગ છે. આવા લગ્ન પ્રસંગે ગવાતાં ગીતો એ આપણી લોકસંસ્કૃતિનાં પ્રતીક સમાં અને લોકસાહિત્યની મોંઘી અને વાલેરી જાણસ જેવાં છે. આવાં લોકગીતોને સજાવવાના કે કંડારવાના પ્રયત્નો પ્રાચીન સમયથી થતાં આવ્યા છે.

આવાં લગ્નગીતોની રચના ક્યારે, કોણે કરી હશે એ કહેવું અતિ કઠિન રહ્યું છે. છતાં લોકસાહિત્યના ચાહકોએ નાનાં-મોટાં અનેક સંશોધનો કરીને આવા સંસ્કારધનને જાળવી રાખવા મહામૂલા પ્રયત્નો કર્યા છે.

લોકસાહિત્યની વિવિધ શાખાઓમાં લોકગીત સવિશેષ મહત્ત્વ ધરાવે છે. લોકગીતોનો મહત્ત્વનો એક ભાગ તે આપણાં લગ્નગીતો છે. સાંપ્રત સમયમાં પણ લોકસાહિત્યને જીવંત રાખનાર કોઈ સબળ પ્રકાર હોય તો તે 'લગ્નગીત' જ છે. ખરેખર તો લગ્ન એટલે બે આત્મા અને દેહનું વિધિપૂર્વકનું મિલન, જેના પાયામાં સહચાર, સહકાર અને ભાવના રહેલ છે. બે અપરિચિત વ્યક્તિને લગ્નસંબંધથી જોડતી વખતે તેમના હૃદયમાં પ્રેમસંવેદન પ્રગટે છે અને સમગ્ર સમાજની સાક્ષીએ શુભાશયથી લગ્નવિધિ વડે જોડાય છે. આવા રીતરિવાજો અને પરંપરાનું સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્ય ધરાવતા આપણાં લોકગીતો-લગ્નગીતોમાં પણ એક આગવી સૂઝબૂઝ રહેલી છે. જે દરેક લોકમુખે આજે પણ ગવાતી આવી છે. લગ્નગીતોમાં વિવિધ રંગોલ્લાસ, આનંદ, આશા-નિરાશા, આતુરતા, ઉમંગ કે કરુણતા જેવા સભર ભાવો ગવાતા આવે છે. દરેક જાતિનાં લગ્નગીતોમાં જે-તે સમાજનું આગવું પ્રતિબિંબ તેમજ એમની કેટલીક વિશેષતાઓની ઝાંખી થતી જોવા મળે છે. લગ્નમાં સગાઈથી માંડીને કન્યાવિદાય કે આણાં સુધીનાં ભાવસંવેદનો ગવાય છે. લોકસંસ્કૃતિનાં ધબકારાં જેવાં આ લગ્નગીતો જાતિ, પ્રદેશ અને સ્વરૂપભેદે અલગ-અલગ રાગ-રાગીણીમાં ગવાતાં રહ્યાં છે.

હિંદુ સંસ્કૃતિના સોળ સંસ્કારો પૈકી લગ્ન સંસ્કાર દરેક જાતિમાં આગવો સંસ્કાર તરીકે ઉજવાતો હોવાથી દરેક વિધિમાં અવનવાં ગીતો ગવાતાં રહ્યા છે. લગ્નગીતો વિના 'લગ્ન'ની વિધિ અધૂરી લાગે છે. તેથી જ તો દરેક જ્ઞાતિએ એક એકથી ચડિયાતાં એવાં વિધિગીતોની સુગંધ વેરાતી જોવા મળી છે. દક્ષિણ ગુજરાતના આદિવાસી પૈકી ધોડિયા જાતિમાં પણ લગ્નવિધિને અનુરૂપ અનેક ગીતો ગવાતાં જોવા મળ્યાં છે. જેને અહીં 'લગ્નવિધિ' અનુસાર નીચે પ્રમાણે વર્ગીકૃત કરવાનો પ્રયાસ કર્યો છે.



લગ્નગીત
૧ સગાઇ ગીત
૨ ચાંદલાગીત
૩ દહેજગીત
૪ કપડાં ખરીદીના ગીતો
૫ કંકોતરીનાં ગીતો
૬ ચોખા વીણવાનાં ગીતો
૭ લગન કાઢવાનાં ગીતો
૮ મામેરાનાં પીઠી ગીતો
૯ ધાણમૂરતનાં ગીતો
૧૦ પીઠીનાં ગીતો
૧૧ સાંજીનાં ગીતો
૧૨ મંડપનાં ગીતો
૧૩ ગ્રહશાંતકનાં ગીતો
૧૪ મામેરા અને તોરણ વધાવવાનાં ગીતો
૧૫ પરભાતી ગીતો
૧૬ પીઠી ધોવાનાં ગીતો
૧૭ કપડાં પહેરવાનાં ગીતો
૧૮ દેવ-દર્શને જતાં ગવાતાં ગીતો
૧૯ જાને નીકળતી વખતનાં ગીતો
૨૦ જાન જતાં રસ્તે ગવાતાં ગીતો
૨૧ નદી ઉતરતા ગવાતાં ગીતો
૨૨ જાન સ્વાગતનાં ગીતો
૨૩ ઉતારાનાં ગીતો
૨૪ ફટાણાં
૨૫ કલવો જમાડતાં ગીતો
૨૬ વરને પોખતી વખતે ગવાતાં ગીતો
૨૭ માહ્યરામાં વરને બેસાડતાં ગવાતાં ગીતો
૨૮ લગ્ન થતી વખતે ગવાતાં ગીતો
૨૯ મંગળફેરાનાં ગીતો
૩૦ કન્યાદાનનાં ગીતો
૩૧ કંસારજમણનાં ગીતો
૩૨ કન્યા વિદાયનાં ગીતો
૩૩ જાન પાછી વળતાં ગવાતાં ગીતો
૩૪ વર-કન્યાને પોખતાં ગીતો
૩૫ આણાં ગીતોનાં ફટાણાં

હિંદુ લગ્નવિધિનો પ્રારંભ ગણેશ સ્થાપનથી થાય છે. ગણેશજીને હિંદુ સમાજમાં વિઘ્નહર્તા દેવ તરીકે સ્વીકાર્યા હોવાથી આવા શુભકાર્યની શરૂઆત ગણેશ પૂજાથી જ કરવામાં આવે છે. પરંતુ આ જાતિમાં લગ્નની પ્રથમ વિધિ સગાઈ વિધિથી કરાય છે. આ જાતિમાં સગોત્ર લગ્નનો નિષેધ હોવાથી સગાઈનું કામ મોટેભાગે વહટાળિયો (વચેટિયો) જ કરે છે. પ્રથમ માતા-પિતા કે કુટુંબના વડીલો દ્વારા કન્યા માટે વર અને વર માટે કન્યાની પસંદગીના પ્રયાસો શરૂ થાય છે જેને એમની બોલીમાં 'બેઠક જોવી' તરીકે ઓળખાવે છે.

### ૧. સગાઈનાં ગીતો

આ જાતિમાં સગોત્ર લગ્નનો નિષેધ છે. સગાઈનું કામ મોટેભાગે વચેટિયો કરે છે. સગાઈ કરવા માટે માતા-પિતા તથા કુટુંબીજનો જાય છે. જો કે સગાઈની વિધિ વખતે ગીતો ગવાતાં નથી. પરંતુ બંને પક્ષે વર-કન્યાની પસંદગી થતી ચાંદલાવિધિની રાત્રિએ નીચે મુજબનાં સગાઈગીતો ગવાતાં સાંભળવા મળ્યાં છે.

૧. 'ગૂંદી સિરે રે, રમતા ઉંતા રે, સગા સસરા એ જોયા,
સસરા મોરા રે, તમને બોજે તો,
વેવાર જોડજો રે, નાંઈ તો રેશું રે,
જન્મેનાં કુંવારા.'

૨. 'હું તમને પૂછું મારા શારદા રે બેન,
તમારા વેવાર કોણે જોડયા મોરા રાજ,
પિતાએ શોધ્યા ને માતાએ જોડયા મોરા રાજ.'

૩. 'કાગળ ઉડયા છે દેશ-પરદેશ જઈને રે બેઠાં નિહાલી ગામ રે,
નિહાલી રે ગામમાં મકન વેવાઈ રે,
મકન વેવાઈનો છોકરો કુંવારો રે,
તેની રે સાથે વેવાર જોયડા.'

૪. ‘વાંસદા ગામથી લયખા કાગળ ચીખલી ગામમાં

વંચાયા હો મારા પિતા રે સારા જમાઈ શોધશો,

ચાલ જોજો, ચાલગત જોજો, પછી વેવાર જોડજો રે,

હો મારા માતા સારા જમાઈ શોધજો,

રંગ જોજો, ઊંચાઈ જોજો, પછી વેવાર જોડજો રે.’

પહેલાના સમયમાં માતા-પિતા કે વડીલોની હાજરીમાં દીકરીનાં લગ્ન ગોઠવાતાં અને દીકરીને પોતાને વર કેવો જોઈએ છે તેની વાત ઉપરોક્ત ગીતમાં દર્શાવી છે તો બીજા એક ગીતમાં અન્ય લગ્નગીતોની થોડી અસર જોવા મળી છે જે નીચે મુજબ છે.

‘એક ઊંચો તે વરના જોશો દાદા

ઊંચો તો નીચાં તોરણ તોડશે

એક કાળો તે વરના જોશો દાદા

કાળો તે કુટુંબ લજાવશે,

એક મધ્યમ તે વર જોશો રે દાદા,

મધ્યમ તે વર ઘર નિભાવશે.’

પોતાના વડીલો ભૂલગ્ની પણ અયોગ્ય વર પસંદ ન કરી દે તેની ચિંતા દરેક દીકરીને રહેતી તેથી દાદાની લાડકી દાદાને રાવ નાંખે છે.

### ૨. ચાંદલા ગીતો

ચાંદલાની વિધિ બંને પક્ષે સરખી કરાય છે. પ્રથમ કન્યાપક્ષવાળા વરપક્ષે જઈ વરને ચાંદલો કરે છે. ચાંદલો કરવા જતી વખતે દરેક વિધિ અનુસાર જુદાં-જુદાં પ્રકારનાં ગીતો ગવાય છે. જેમાં પ્રથમ કન્યાપક્ષવાળા ચાંદલો લઈને નીકળે છે ત્યારે નીચે પ્રમાણેનું ગીત ગાય છે.

'હાથમાં બેડાં કાંખમાં બેડા કાંગળિયાળાં બેડાં રે,

આમલીને થુડે (થડે) મારી ઓઢણી,

ચાલો માતા, ચાલો પિતા, ચાંદલો કરવા જઈએ

રે આમલીને થુડે મારી ઓઢણી.'

પ્રથમના સમયમાં વાહનનો વ્યવહાર ન હતો ત્યારે બળદગાડા જોડી ચાંદલો કરવા જતા ત્યારે રસ્તામાં વિધ-વિધ પ્રકારનાં ગીતો ગવાતાં, રસ્તામાં નદી-નાળાં આવતાં જળદેવતાને અરજ કરતું ગીત-

'નદીમાંના જળદેવ સુતા કે જાયગા,

જાગેલા રે હોય તો પરદેશી ચાંદલો ઉતારી મેલ'

વિના સંકટે ચાંદલો પાર ઉતરી જાય એવી અરજ જળદેવતાને ઉપરોક્ત ગીત વડે કરાય છે. તો બીજી તરફ ચાંદલાની વિધિમાં જોઈતી વસ્તુઓ રસ્તામાં વહોરવાનાં ખરીદવાનાં ગીતો પણ ગવાય છે.

'ધીમે ધીમે ગાડી હાંકો ચંપાબેન ધીમે...

પેલ્લે દરવાજે મારીડાનું ઘેર છે,

ગજરો વસાવી વહેલા આવજો રે.'

(ગોલી, ઘાંચી, સોની, મોચી, દરજી આદિ ગવાય છે.)

તો ચાંદલો વરપક્ષે પહોંચી જતાં વરપક્ષવાળા ગીત ઉપાડે-

'આવો બેસોને મારા મોંઘેરા મહેમાન

અંતરના પ્રેમથી વધાવીએ,

બેસવાને માટે પલંગ-ખુરશી તૈયાર,

અંતરના પ્રેમથી વધાવીએ.'

(પાણી, શરબત, સીગારેટ, બીડી, મુખવાસ આદિ ગવાય છે.)

એજ ગીતના અનુસંધાને કન્યા પક્ષ વાળી સ્ત્રીઓ વેવાઈ પક્ષને ટકોર મારતા ગાય ઊઠે છે-

'હો બેની અજાણ્યા ગામ કયાં રે આવ્યા,

અજાણ્યા ગામમાં આવે તો પાણીનો ભાવ ના

પૂછે હો બેની અજાણ્યા...

આપણાં ગામમાં આવે તો પાણીનો પેલ્લો

વેવાર હો બેની અજાણ્યા...'

આમ બંને પક્ષે સામ-સામા ગીતો ગવાય બંને પક્ષે વેવાઈ-વેવાણનાં તેમ જ ગીતવાળી સ્ત્રીઓ ગામની ઓળખીતી છોકરી કે છોકરાના નામ જોડીને ફટાણાં ગાય છે.

ચાંદલાગીતો બંને પક્ષે એક સરખા જ ગવાય છે. વર-કન્યા બંને પક્ષે ચાંદલો કરવા આવનાર મહેમાનની મહેમાન નવાજગીનાં ગીતો ઉપાડે છે. જયારે આવતાર વેવાઈ પક્ષની સ્ત્રીઓ વેવાઈની મશ્કરી કે થોડું નીચું બતાવવા માટે આ પ્રમાણે ગાય છે.

'પાણીની ખોટ પડી રે રાજપુર ગામમાં

પાણીની રેલ વહી રે ધરમપુર ગામમાં'

(પલંગ-ખુરશી, બીડી, સીગારેટ, પાન-બીડાં આદિ ગવાય)

પોતાનો પક્ષ વધારે ખમતીધર છે એવું બતાવવા બંને પક્ષો એક એકથી ચઢિયાતા ફટાણાં પ્રકારના ગીતો ગાય છે. કન્યાપક્ષ વાળા થોડું નમતું રાખી મહેમાન નવાજગીનાં આ પ્રમાણે ગીતો ગાય છે.

૧. 'પાણીલા લઈને બાર નીંસરો રે બેની પાણીલા..

બેનના સાસુ આવેલા, સસરા આવેલા, શરમાવાનું શું કામ રે,

રે બેની શરમાવાનું શું કામ રે...'

૨. ‘આપણાં ઘરમાં નાની-મોટી ટાંકી રે ભરતભાઈ,

ટાંકીમાંના પાણીલાં લઈને નીસરો રે ભરતભાઈ

પહેલું પાણી સસરાજીને આપો રે ભરતભાઈ

વળતાં સાસુજીને આપો રે ભરતભાઈ.’

તો એજ સમયે વેવાઈની નમતી જોખતા કન્યાપક્ષની સ્ત્રીઓ ગીત ઉપાડે છે-

૩. ‘પેલ્લે શિયાળેનું કેયલું રે વેવાઈ પેલ્લે...

સારી સારી ગીતવાળી લાવજે રે વેવાઈ, સારી..

સારા સારા ચોકવાળા લાવજે રે વેવાઈ સારા...

ડોશી-ડોશી લાયવા રે વેવાઈ, ડોશી...

ડોસા-ડોસા લાયવા રે વેવાઈ, ડોસા..’

ચાંદલાની વિધિ માટે જે ચોક-સાથિયો પૂરવામાં આવે છે. એ ચોકના પણ ગીતો ગવાય છે.

‘ગવરીનાં છાણ મંગાવોને કંઈ ચંદન ચોક પુરાવો,

ચંદન ચોક પુરાવોને કંઈ મોતીનો હાર મંગાવો,

મોતીનો હાર મંગાવી કંઈ સોનાના બાજોટ મૂકાવો,

સોનાના બાજટ મૂકાવી રે, બેનીને બેસાડો,

તાં બેસી ચાંદલો પહેરાવો રે,

ચંદન ચોક પુરાવો.’

સરસ મજાનાં ચોક પુરાવી ત્યાં વર કે કન્યાને બેસાડી ચાંદલો કરાય છે. ચાંદલો કરતી વખતે કન્યાના કે વરનું મન ઝાંખુ પડે તેનું પણ ગીત ગવાય છે. મૂંઝવણ વ્યક્ત કરતું આ ગીત-

૧. ‘બેનના મનડાં મુંઝાયાં, બેનના દિલડાં દુભાયાં,

માતા શું રે કરીએ,

બેનને ચાંદલો પેરેવાનાં મનડાં નહીં રે,

માતા શું રે કરીએ.’

ચાંદલો કરતી વખતે ગવાતું ગીત-

૨. ‘ગોરા ગોરા હાથોમાં ઘડિયાળ પેરીને,

માથામાં અત્તર છાંટીને, આજ રે

સીતાબેન કુમકુમના ચાંદલા પહેરે.’

(મેંહદી, ચૂડી, વીંટી, આદિ ગવાય)

ચાંદલો પૂર્ણ થઈ જતા બંને પક્ષની સ્ત્રીઓ સામ-સામે કટાક્ષ કે મજાક મશ્કરીનાં હળવાં ગીતો ગાય છે.

‘છોરી (છોરાં)નો સર્વે જનમનો ચાંદલો લેવાઈ ગયો રે,

છોરીના માતા હો હતા, છોરીના પિતા હો હતા,

છોરીનો સર્વે જનમનો ચાંદલો લેવાઈ ગયો રે,

છોરાના માતા હો નતા, છોરાના પિતા હો નતા,

છોરાનો સર્વે જનમનો ચાંદલો રહી ગયો રે.’

આ જાતિમાં એક આગવી વિશેષતા એ જોવા મળી છે કે જે દિવસે વર-કન્યાના કપાળમાં અક્ષત ચઢાવવામાં આવે તે દિવસથી કુંવારી જિંદગીની પૂર્ણાહુતિ અને પરણિત જીવનની મહોર લાગી જાય છે. કયાં છોકરા-છોકરી પરણેલાં છે. તે ચાંદલો થઈ ગયા પછી કરાતા શુકનવંતા કપાળના ચાંદલા ઉપરથી વરતી શકાય છે. અને કયારેક એના ઉપરથી જ અન્ય કન્યાનાં માંગાં પણ કરવામાં આવતાં જોવા મળ્યાં છે. એ ભાવને આલેખતું ગીત-

'તકદીરના લેખો તો લેખે લખાય રે,

તકદીરના લેખો તો કેથેના જાય રે,

કુંવારી જિંદગીનો છેલ્લો દિવસ રે,

લગ્ન જોડાય આજ પેલ્લો દિવસ રે,

માતાના હૈયે તો હરખ સોહાય રે,

સાસુના દુ:ખ બેનને સપને રડાવે રે.'

આમ ચાંદલા વિધિ પતી ગયા પછી ચા-પાણી, મીઠુંમોઢું કરાવ્યા પછી ચાંદલાવાળા વિદાય લે છે ત્યારે એક-બીજાની મજાક-મશ્કરીના ફટાણાં અચૂક ગવાય છે.

૧. 'ચંપા આવજે રે સીટી સડક પર બંગલો,

કાગળ લખજે રે સીટી સડક પર બંગલો.'

૨. 'બામણવેલ ગામમાં ઉડે રે ગુલાલ ઠેર-ઠેર,

ગંગાને તો રહેવાનો વિચાર થાય-થાય

અમારે તો રાખેવાને નહીં રે વિચાર થાય-થાય.'

૩. 'પીપળાનું પાન ખખડે રમલી રેઠવાણીયા ગામમાં રખડે

અલી વેવાણ, આતે કેવી રીત છે.

રેઠવાણિયા ગામમાં આવે રમલી કુલ્ફી ખાવા રડે

અલી વેવાણ, આ તે કેવી રીત છે.'

(ચણા, ભજિયાં, ભૂંસું આદિ ગવાય)

૪. 'ઊંચો રૂમાલિયો કીધો મારા છેલ રે,

ઊંચો રૂમાલિયો કીધો રે લોલ.

વેવાણને ટીચકો (ખોટું) લાગ્યો મારા છેલ રે,

વેવાણને ટીચકો લાગ્યો રે લોલ.'

આમ ચાંદલાવિધિમાં ઉપરોક્ત પ્રકારના ચાંદલો કરવા જતાં સમયનાં, મહેમાન સ્વાગતનાં, બંને પક્ષે ગવાતાં વેવાઈનાં ફટાણાં, ચોક પૂરતા, ચાંદલો કરતા, ચાંદલો પૂર્ણ થતાં, પાછા વળતાં ગવાતાં ગીતો ગવાય છે.

**૦ દહેજ ગીત**

ચાંદલાની વિધિ પૂર્ણ થતાં 'દેજ નાંખવાની' વિધિ કરાય છે. પરંપરાગત રિવાજ પ્રમાણે વર પક્ષ તરફથી કન્યાના પિતાને આપવામાં આવે છે દેજની રકમ વધારે હોતી નથી. પરંતુ વિધિ અનુસાર નજીવી રકમ આપવામાં આવતી. આ સમયે વર પક્ષની કન્યાઓ નીચે મુજબનું ગીત ગાય છે.

'લેરી રા લેરી, માણો કેણો ભાઈ લેરી.
લેરી રા લેરી, માણો મોહનભાઈ લેરી.
લાયખો ગજવામાં હાથ, કાયઢી કોથળિયા ઈ જોડ
છોયડા કોથળિયાયા બંધ તે તો કળાહિયામાં લાયખા
તે તો દળીંગ દેઈને બોલના.' (લોકબોલીમાં)

વરના પિતા શ્રીમંત છે અને દેજ માટે મોટી રકમ આપી શકે છે જે ઉપરોક્ત ગીતમાં દેખાઈ આવે છે.

બીજા એક ગીતમાં દહેજમાં આપવામાં આવતા રૂપિયા કયાંથી આવે છે અને વેવાઈનો માભો કેવો ઊંચો છે તે આ ગીતમાંથી દેખાઈ છે.

'પારનેરા પાર તે રૂપિયા ઘડાય જો,
એ રૂપિયા કાંહોને ખર્ચાય જો,
એ રૂપિયા દેજમાં હો દેવાય જો.'

પહેલાના રાણી છાપના રૂપિયા પારનેરા (ડુંગર) ઉપર બનાવવામાં આવતા એવું વર્ણન ઉપરોકત ગીતમાં કલ્પી શકાય છે. જો કે હાલમાં આવાં ગીતો સાંભળવા મળ્યાં નથી.

પરંતુ ચાંદલાના દિવસે વરપક્ષ તરફથી કન્યાપક્ષને વિધિ મુજબ પૈસા આપવાની પરંપરા આજે પણ ચાલું છે.

### ૪. કપડાં ખરીદીનાં ગીતો

આ જાતિની એક આગવી વિશેષતા એ રહી છે કે કન્યાનાં કપડાં વરપક્ષ તરફથી લેવામાં આવે છે. બંને પક્ષના વડીલો નકકી કરેલી તારીખે મોટાં શહેરમાં કપડાં 'ઓરાવવા' જાય છે. પહેલાં કપડાં ખરીદી કરતી વખતે પણ ગીતો ગવાતાં જો કે આજે કપડાં ખરીદી કર્યાની રાત્રે ગીતો ગવાય છે. જેમાં મોટેભાગે દરજી, ખત્રી, છીપા, દેસાઈ, કાપડિયાને સંબોધતાં ગીતો ગવાય છે જેમકે-

'ખત્રી તો ગયા ઓટલે ચડી,
રખે રે સાંઈ મને છેતરતા, રખે રે...
ખત્રરાણ પૂછે આજ મારો ખત્રી કાં હો ને ગેલો
હો રાજ કાંહોને ગેલો.
દેસાઈ લોકની છોકરી પરાણે સાડી વેચવા ગેયલો હો રાજ.
સાડીવેચવા ગેય લો.
(એમ દરજી, છીપા, કાપડિયા આદિ પણ ગવાય છે.)

બીજા એક ગીતમાં કપડાં ખરીદવામાં મોંઘવારી નડે છે તેનું વર્ણન કરાયું છે.

'છીપી ગ્યા'તા ઓટલે ચડી,
કાઢો રે સાડીની બે જોડ...
સાડી તો દેશું મોંઘી બહુ રૂપિયા લીધા ૫૫૦
રૂપિયા લીધા...'

ગરીબીમાં બધુ સારું ખરીદી ન શકનાર આ જાતિની આંતરિક વેદના ગીતોમાં પણ જોડાઈને આવે છે. તો બીજા એક ગીતમાં કપડાં ખરીદવા ગયેલા બંને પક્ષના વેવાઈઓ કેવા છે તેનું વર્ણન કરાયું છે.

'હાથમાં છત્રી રૂમાલ રે મારે છેલ છબીલો વેવાઈ,

મારો છેલ છબીલો વેવાઈ કઈ તે ગલીએ ઊભા રે,

છીપી તો ગલીએ ઊભા રે મારા છેલછબીલા વેવાઈ,

મારા છેલ-છબીલા વેવાઈ સોંઘેરા-મોંઘેરા લેજો રે,

વેવાઈ... મારા છેલ છબીલા વેવાઈ.'

ત્યારબાદ દેજના રૂપિયામાંથી પણ કપડાં ખરીદવા જતાં વેવાઈ કે પિતાનું ગીત ગવાય છે.

## ૫. કંકોતરીનાં ગીતો

લગ્નના પ્રસંગે-પ્રસંગે, નવીનતાને નવા ભાવો-આપણાં લગ્નગીતોમાં ઊભરાતા જોવા મળે છે, જ્યાંથી ઊર્મીઓ ઊડે ત્યાંથી નવલાં ગીતો રેલાઈ છે. લગ્નમાં શુભનું પ્રતીક એટલે 'કંકુ'. એ કંકુ લગ્નની દરેક વિધિમાં અનિવાર્ય વસ્તુ બની રહે છે. તેથી જ તો ભારતીય પરંપરામાં કંકુનું સ્થાન અગ્રીમ આપવામાં આવ્યું છે. કંકુના પાવન છાંટાથી કંકોતરી અતિ પવિત્ર બની લગ્નની શુભ એંધાણી પાઠવે છે. દૂર-દેશાવર વસતાં સગાંઓને વેળાસર જાણ થઈ શકે તે માટે કંકોત્રી લખાય છે. લગ્નનો પ્રસંગ ઊજળો બને અને બધાં સગાં-સંબંધી વેળાસર આવે તે માટે પ્રથમ મામાને તેડું મોકલવામાં આવે છે. પ્રથમ પોતાના કુળદેવતાની નામની કંકોત્રી લખાય પછી મામાને કંકોત્રી લખાય છે. જેમકે-

'કુમકુમ કંકોતરી છપાવો,

બેનના શુભ લગ્ન લેવાય છે.

એક કંકોતરી મામા ઘેર મોકલાવજો,

મામા આવી શકાય તો આવજો નહીં તો,

મામીને મોકલાવજો.'

લગ્નના ભવ્ય અવસરને રંગીન બનાવવા કે સૌંદર્યમયી બનાવવા ઘરના લીંપણ પણ રંગીન કંકુથી કરાય છે. આવા કંકુના લીંપણને આલેખતું ગીત પણ મોહક છે.

'કંકુના ગાર લખાવો રે સીંદુરી મારી ઓકરલી

રૂપાબેન તમારા બેનીને કિયો રે ભાંગે રે મારી ઓકરલી

ભાંગે તો ભાંગેવા દિયો રે બેની રે મારા લાડકલાં.'

લગ્નમાં મામાનું સ્થાન અતિ મહત્ત્વનું હોવાથી પ્રથમ કંકોતરી પણ મામાને જ લખવામાં આવે છે જેમકે-

'મોરા તારી સોનાની ચાંચ મોરા તારી રૂપાની પાંખ,

સોનાની ચાંચે રે મોરલો મોતી ચરવા જાય.

મોરા તારા ઉગમણા દેશ મોરા તારા આથમણા દેશ,

ઊડીને જાજે રે મારા મામાના ઘેર.'

જ્યાં બેસી કંકોતરી લખવાની છે તે માંડવડો કેવો છે તેનું વર્ણન પણ અનોખું છે.

'માંડવડે કાંઈ બાજટીયા મેલાવો,

ફરતે ફૂમતડાં બંધાવો કે આજ માટે લખવી છે કંકોતરી.

તેડાવો રે મારા સુરેત શેરના જોષી કે આજે મારે....

બાંધજો રે મારા છાયાબેનના છેડે કે જાય એના મામાજી ને ઘેર.

મામા રે તમે સૂતા છે કે જાગ્યા,

બારણે આવ્યા ભાણેજના નોતરા.'

ભમરા ના કલ્પન વડે નોતરાં દેવાની વાત પણ આ ગીતમાં ગવાય છે.

૧. 'કોના તે ઘેર જાય રે ભમરા નોતરાં,

નામ ન જાણું ગામ ન જાણું કોના તે...

નામ છે ચંપા ગામ છે નિહાલી તેની ઘેર જાય રે

ભમરા નોતરાં.'

૨.	‘લીલી પીળી પાંખનું ઝરમલિયું રે,

ઊઇડું છે દેશ-પરદેશ, જઈને રે બેઠું બેની દરબાર રે.’

## ૬.	ચોખા વીણવાનાં ગીતો

અન્ય જાતિનાં લગ્નગીતોમાં વડી-પાપડ વણવાનાં અનેક ગીતો ગવાય છે, તેમ આ જાતિમાં પણ લગ્નની જમણવારનું તમામ અનાજ સાફ કરતી વખતે ગીતો ગવાય છે. આવાં ગીતો ગાવા પાછળનો આશય કામ ઝડપથી અને કંટાળા વગર પાર પાડી શકાય તે માટે ગામની બધી સ્ત્રીઓ સાથે બેસીને ગીત ગાતાં ગાતાં ખાદ્યસામગ્રી વીણવાનું કામ કરે છે. આ જાતિમાં પહેલાંના સમયમાં દાળ-ભાત અને શાક આદિનું ભોજન કરાવવામાં આવતું તેથી ‘ચોખા વીણવા’ એવું નામ પાડવામાં આવ્યું. જો કે આજે ભાત-ભાતનાં મિષ્ટાનો જમાડવામાં આવે છે.

‘પાલેના ભાત કઢાવ મારી ઓઢણભરી

ટોપલી ભાત કઢાવ મારી ઓઢણભરી

ઉખળિયે ધાણ લખાવ મારી ઓઢણભરી

ખાંડણિયે ભાત ખંડાવ મારી ઓઢણભરી

સુપડિયે ચોખા ઝાટક મારી ઓઢણભરી

હંસાબેનની જાન જમાડ મારી ઓઢણભરી.’

તો બીજા એક ગીતમાં જમણવારની સામગ્રી કયા કયા શહેરમાંથી ઓરવામાં આવે છે તેની વાત કરાયી છે.

૧.	‘સરોવરની પાળે બે ચરે હરણીની જોડ,

સુરત શેર જામ તો લાવુ રે ચોખાની જોડ.’

૨. 'સરોવરની પાળે બે ચરે રે વંશેરી

નવસારી શહેર ગ્યા' તો શું શું ઓરી લાયવાકે...

હં...હં...બેલા.'

નવસારી શહેર ગ્યા' તો ચોખા ચોરી લાયવા કે...

હં...હં...બેલા.'

(લાપસી, દાળ, પાન-એલચી આદિ ગવાય)

આમ સફાઈકામ કરતાં શ્રમને ઉતારતાં અનેક ગીતો ગવાય છે.

**૭. લગ્ન કાઢવાનાં ગીતો**

કોરા કાગળમાં કંકુના બે, ચાર, આદિ ચાંદલા કરી લગ્ન કાઢવામાં આવે, આ વિધિ પાછળનો હેતુ એ છે કે બે દિવસ પછી કે ચાર દિવસ પછી લગ્નની વિધિ છે તે જાણી શકાય છે. મોટેભાગે લગ્ન બેકી સંખ્યામાં જ કાઢવામાં આવે છે.

આ જાતિમાં 'લગન' હંમેશાં કન્યાના ઘરેથી કાઢવામાં આવે છે. ઉખળ પાસે પાટલા ઉપર કે બાજઠ ઉપર કોરા કાગળમાં કંકુ વડે ચાંદલા કરી, એક કાગળ કન્યાની ઘરે અને બીજો કાગળ વરના ઘરે એક પરણિત અને એક કુંવારો પુરુષ લગ્ન લઈને જાય છે, એ વખતે ગવાતાં ગીતો-

'કાયઢા રે કાયઢા મારે ઉખળે લગન કાયઢા મારે...

ચોયટા રે ચોયટા મારે ભીંતે લગન ચોયટા મારે...

ચાયલા રે ચાયલા મારે શેરીએ લગન ચાયલા મારે...'

કન્યા પક્ષના લગન સારા અને વર પક્ષના લગન થોડા નમતા કે નીચાં છે તે ભાવ દર્શાવતું ગીત પણ અનોખું છે.

'ઘંટી તળે વાયવા જળવા જળ,

પેલી તળે વાવી મારી એલચળી.

લગનવાળા લગન લઈને વેલા જાઉં,

બેનીના દશે લગન લેવાઈ ગયા આજ,

છોરાના દશે લગન રહી ગયા આજ.'

એ જ લગન ટાણે મુખવાસ આદિ માટે જોઈતી સામગ્રી પણ સાચવી રાખવા અને કાચી ન બગાડવાનો અનુરોધ કરવામાં આવે છે તે પણ વિચારનીય છે.

'દરિયાની કાંઠે રે વરિયાળી,

વરિયાળી રૂમે ઝુમે મોરારાજ.

કાચી-પાકી બેડીના બગાડો રે,

લગન વેળા જોઈશે મોરારાજ.

આપણા ઘરે દક્ષાબેનના વેવા રે,

લગન વેળા જોઈશે મોરારાજ.'

લગનની મહેફિલમાં લગન કેવા સોહામણા અને સુંદર છે એ લગનના અસલ દાવેદાર કયા પિતા છે તેવું વર્ણન પણ અનોખું છે.

૧. 'સહેલ ભરી ભરી લગન કાઢજો રે લગન,

એક લગન બેની ઘરે રાખજો રે લગન

એક લગન છોરા ઘરે આલજો રે લગન

લગનમાં તો કયા પિતા અસવાર રે લગન

લગનમાં તો રવજી પિતા અસવાર રે લગન.'

૨. 'લીલે ડાભડિયે, રાતે ફૂલે રે, અમે લગન જોડી બેઠાં રે,

અમે લગન જોડી બેઠાં.'

લગનની આવી ધીંગી મસ્તીમાં આનંદની રેલમછેલમ કરતાં આવાં અનેક ગીતો ગવાતાં જોવા મળ્યાં છે.

## ૮. મામેરાનાં પીઠી ગીતો

લગન કાઢવાના દિવસે જ મામા તરફથી વર-કન્યા બંને પક્ષે વર-કન્યાના મામા પીઠીનું મામેરું લાવે છે. એ વખતે મામેરા જેવાં જ ગીતો ગવાય છે. મોસાળું કરનાર મામા ક્યાંથી હળદી લાવે છે, કેવી લાવે છે, તેનો રંગ કેવો ચડે છે. આદિનાં ગીતો ગવાય છે.

'એવડો તેલો રે સુરેખાબેન કોણે મોકલ્યો,

સુરેત શહેર બેનના મામા વેપારી રે,

સુરેખાબેન મામાએ મોકલ્યો.

એવડી પીઠી રે સુરેખાબેન કોણે મોકલી,

નવસારી શહેર બેનના મામી વેપારી રે,

મામીએ મોકલી.'

આ ઉપરાંત મામેરાનું સામૈયુ કરતાં, વધામણાં કરતાં અને વર-કન્યાને પીઠી લગાવતી વખતે ગવાતાં ગીતો ગવાય છે જે આગળ પીઠી ગીતોમાં વિગતે જોઈશું.

## ૯. ધાણમૂરતનાં ગીતો

લગ્નની આ વિધિ પણ આ જાતિમાં અતિ મહત્ત્વની રહી છે. લગન કાઢયા પછી ધાણ ભરવાની વિધિ કરાય છે. ધાણ ભરતી વખતે ઉખળિયામાં ડાંગરનો ધાણ નાંખવામાં આવે છે અને એ ધાણની ફરતે લગન, પીઠી, આદિ પણ મૂકી એને વધાવવામાં આવે છે, એ વખતે પણ સ્રીઓ હરખભેર અવનવાં ગીતો ગાય છે.

'ઊંચો દાદર ગરાસ ગાયલા લાલ રે,

કોના ઘરની પીઠી લાયવા લાલ રે.

ગોલી ઘરની પીઠી લાયવા લાલ રે,

કોના ઘરનો તેલો લાયવા લાલરે,

ઘાંચી ઘરનો તેલો લાયવા લાલરે.

પરણે મારા પન્નાબેન કે લાલરે.'

ઘાણ ખાંડતી વખતે જે વિધિ કરાય ત્યારે સાંબેલા અને કાઠલિયાંને પણ વધાવવામાં આવે છે ત્યારે ગવાતું ગીત-

'ઝલ, ઝલમત રે કાચા સુતર કાંતેલા,

મે નંઈ કાંતેલા મારી ભાભીએ કાંતેલા.

ઝલ, ઝલમત રે ટૂંકા પાતરા તોડેલા,

મે નંઈ...

ઝલ, ઝલમત રે ટૂંકા કાંઠેલા કાપેલા,

મે નંઈ કાપેલા મારા ભાભીએ કાપેલા.'

એજ વખતે લગન, પીઠી આદિ વધાવતા નીચેનું ગીત ગવાય છે.

૧. 'ચોખલિયા બે, પાતળિયા બે, સિંદુરિયા બે,

મોટે દરિયે લગન વધાવજો રે, વધાવજો.

ખાંડણિયા બે, કાંઠલિયા બે,

મોટે દરિયે લગન વધાવજો રે, વધાવજો.'

૨. 'દેવ લોકના તળાવોમાં રણઝળ થાય રે,

મારા દીપિકાબેન

કાંઠલિયે નહીં રે બેની પાટલીયે વધાવ

ખાંડણિયે નહીં રે બેની ચોખલિયે વધાવ

પાતરીએ નહીં રે બેની સિંદુરિયે વધાવ.'

ખાંડણિયે, ચોખાલિયે કે સિંદુરીએ વધાવવાની વાત ઉપરોક્ત ગીતોમાં ગવાય છે.

એજ અરસામાં લગનની તારીખ એકદમ નજીક આવતા દીકરીની મૂંઝવણ પણ વધી જાય છે એવી મૂંઝવણને વ્યક્ત કરતું આ ગીત પણ મોહક છે.

ખાંડણા તે ખાંડે ધામા-ધીમી રે માતા,

ધામા-ધીમી રે માતા,

એક વિચાર કરતું તો, સુરત શેરમાં નાસી જાઉં રે માતા,

નાસી જાઉં રે માતા,

એક વિચાર કરું તો પાછી  આવું રે માતા, પાછી...'

લગનની સામગ્રી વધાવતા ચારેય બહેનો ઉખળને ગોળ ફરતાં-ફરતાં નીચેનું ગીત ગાય છે.

'માણેક છડાયાને મોતીજ વેરાયા

નિર્મળાબેન તારા વેવાજ માંડાયા.'

લગ્નમાં ઉપયોગી ચોખા પણ હીરા-માણેક જેવા આખા અને ચળકાટવાળા છે તેવું કલ્પન અહીં દેખાય છે, તો દીકરીની મૂંઝવણમાં દીકરીના આંતરિક ભાવસૌંદર્યને ગીતોમાં ગૂંથતા જાણાય છે. ધાણ ભરતી વખતે 'ભારોટ કે ગયા' ઉપર ચોટાડવામાં આવતો પૈસો શુભલગ્નનું પ્રતીક છે. એકવારમાં પૈસો ચોડાઈ જાય તો વર-કન્યાનું લગ્નજીવન સફળ બને એમનું દામ્પત્યજીવન હર્યુંભર્યું બને એવી પણ ભાવના સેવાય છે.

## ૧૦. પીઠીનાં ગીતો

લગ્ન અગાઉ વર કે કન્યાના શરીરે પીઠી ચોળવામાં આવે છે ત્યારે પણ અનેક ગીતો ગવાય છે. પીઠીનો ‘પીળો’ રંગ અતિ મહત્ત્વનો ગણાય છે. આયુર્વેદની દૃષ્ટિએ પણ હળદર ઉત્તમ ગણાતી હોવાથી લગ્ન પહેલા વર-કન્યાનો રંગ શ્યામવર્ણો હોય તો તેમાં થોડી સૌંદર્યતા વધે એ માટે શરીર ઉપર પીઠીનો લેપ લગાડવામાં આવે છે.

પહેલાંના સમયમાં પીઠી ઘરે તૈયાર કરવામાં આવતી એ વખતે ગામની સ્ત્રીઓ પીઠી ખાંડતી કે દળતી વખતે મનોરંજન અર્થે તરેહ-તરેહનાં ગીતો પણ જોડતી. પીઠી કયાંથી લવાઈ કેવી રીતે તૈયાર થઈ વગેરેને જોડીને ગીતો ગવાતાં.

‘અળદી તું કાંહોને રોપાયે,<br>
અળદી તું કિયારીએ રોપાયે,<br>
અળદી તું કોહળિયે હિંપાયે<br>
હળદી તું કોદાળિયે ગોડાયે<br>
અળદી તું કાંહોને વેચાય<br>
અળદી તું હટવાડે વેચાય<br>
અળદી તું પાવલે પાશેર વેચાય.’

પીઠી ચોળતી વખતે એક એકથી ચઢિયાતાં ગીતો ગવાય છે.

‘આવો બેસોને ચંપા બેની પાટલિયે,<br>
તમારો તેલો માંગેલો જુએ વાટ,<br>
બેસોને બેની પાટલિયે.<br>
તમારી પીઠી માંગેલી જુએ વાટ,<br>
બેસોને બેની પાટલિયે.’

કામ અર્થે સવારથી સાંજ સુધી બહાર રહેનાર વર-કન્યા સાંજના સમયે આવી પીઠી પહેરે તેનું વર્ણન કરતું આ ગીત-

‘દરિયા દીપે બેની ગરૂડો ચરે બેની, ગરૂડો ચરે,
ગરૂડો ચરે બેની સાંજે આવે, બેની સાંજે આવે,
સાંજે આવે બેની તેલો પહેરે, બેની તેલો પહેરો.’

પીઠી ચોળવા માટેનું ઉત્તમ સ્થળ એટલે ‘ઉખળ’ ઘરમાં ઉખળ જયાં દાટવામાં આવે છે તે શુભ અને દરેક પ્રસંગ માટેનું મધ્યસ્થ સ્થાન હોવાથી ત્યાં જ લગ્નની મોટાભાગની વિધિ કરાતી હોય છે. આવી ‘ઉખળ’ ને વણી લેતાં ગીતો પણ અનોખાં છે.

૧. ‘ઉખળિયાની સામે બેસો મારા બેન કે નગરી વાલા,
તેલો તો દેહું પણ થોડો મારા બેન કે નગરીવાલા,
પીઠી તો દેહુ પણ થોડી મારા બેન કે નગરીવાલા,
થોડી તો થોડી પહેરો મારા બેન કે નગરીવાલા.’

૨. ‘ઉખળિયા ને સામે આવ રીટાબેન,
ઉખળિયાને સામે આવ.
તેલો પહેરીને પીળા બનીને પરઘેર,
પરણીને જાઉ રીટાબેન’.

૩. ‘ઉખરાની છાંયે બેસે મારી બેન,
બેની આંખલડી લીલાહરી,
તેલો તો દેહુ પણ થોડો મારા બેન,
બેની આંખલડી લીલાહરી.’

મોટા-મોટા શહેરમાંથી હળદીનો પીળો રંગ આવ્યો હોવાથી વર-કન્યા પહેરી કેવાં શોભે છે તેને વર્ણવતાં ગીતો પણ મોહક છે.

૧. ‘સુરતથી રંગ લાવ્યા રે લાડકલા

પહેરો પહેરો રે રવિવાર

સુરતથી પીઠી લાવ્યા રે લાકડકા, પહેરો...

પીઠી કોના રે ઓરેલા લાડકડા, પહેરો...’

૨. ‘એવડો તેલો રે નિમેષભાઈ કોણે મોકલ્યો.

નવસારી શેર ભાઈના મામા વેપારી રે નિમેષભાઈ

મામીએ મોકલ્યો.’

તો વર કન્યાને કોણ અને કેવી પીઠી ચઢાવવામાં આવે તે પણ નીચેના ગીતમાં વર્ણવાયું છે.

૧. ‘ભાઈને કોણ ચડાવે કાચો તેલો રે, ભમ્મર તેલો

ભાઈને ભાભી ચડાવે કાચો તેલો રે, ભમ્મર તેલો,

ભાઈને ભાભી ચઢાવે કાચી પીઠી રે, ભમ્મર પીઠી.’

૨. ‘રંગારિયાળા પાટલે બેસે આપણા બેની, રંગળિયાળી...’

રંગારિયાળી પીઠી પહેરે આપણા બેની, રંગળિયાળી.’

પીઠી પહેરી રહ્યા પછી વર-કન્યાનો ‘ખોબો’ ભરાવવામાં આવે છે ત્યારે વેવાણ બનનાર ભાભી કે કાકીના પણ મજાક-મશ્કરીનાં ગીતો ગવાય છે-

૧. ‘એ ખોબલ કોણે ભરાયવો રે મા’રાવણીનો છોડ,

એ ખોબલ ભાભીએ ભરાયવો રે મા’ રાવણીનો છોડ,

ભાભી એ તો ખીજમાં ભરાયવો રે મા’રાવણીનો છોડ’

૨. ‘કુંભારવાડે ગેયેલી રે શારદા, કુંભારવાડે ગેયેલી રે શારદા,

ખાંડુ કોડિયું લાવી રે, શારદા, ખાંડુ કોડિયું લાવી રે શારદા,

તેમાં દીવડો કીધો રે શારદા, તેમાં દીવડો કીધો રે શારદા,

તેને નમાસ (નમસ્કાર) પડી રે શારદા તેને...’

ખોબો ભરાવ્યા પછી વર-કન્યાને બારણે લઈ જતી વખતે ગવાતાં ગીતો પણ સુંદર છે.

‘પીઠીનાં ભરેલા બેની ફરેવા નીસર્યા,

પીઠીનાં ભરેલાં બેની...

પ્રવીણભાઈ બારણા ઉઘાડ, પીઠીનાં ભરેલાં.’

**૧૧. સાંજીનાં ગીતો**

લગ્નની દરેક વિધિની રાત્રે ગવાતાં ગીતોને સાંજી ગીતો તરીકે ઓળખવામાં આવે છે. આ જાતિમાં ચાંદલાની રાત્રે, કપડાં ખરીદીની રાતે, કંકોતરી લખવાની રાતે, ધાણમૂરતની રાતે, માંડવાની રાતે આવાં સાંજી ગીતો ગવાય છે. જેમકે, ચાંદલાની રાતે ગવાતાં ગીત-

‘ગૂંદી શીરે રે રમતાં ઉતા રે, સગા સસરાએ જોયા

સસરા મોરા રે તમને બોજે તો વેવાર જોડજો રે,

નંઈ તો રેશું રે જનમેનાં કુંવારા.’

‘રૂડા તે વનમાં મીંઢોળા પરણે મીંઢોળા

પરણે ને બેની કેમ રે કુંવારા.’

લગ્નના ભવ્ય ઉત્સવમાં પોતાના ઈષ્ટદેવને ઈજન આપવાનું પણ ગીતોના માધ્યમથી કરાય છે. પોતાના કુળદેવતાને આમંત્રણ આપવાનું કલ્પન કરતું આ ગીત-

'ટૂંકે તે પાનની આંબલી રે,

લાંબે તે પાનની કેળ રે ભવાનીદેવ

તુલસીના પાને પધારજો રે.'

('ભરમદેવ, કંસેરી, મરકી, અંબા, દેવલી આદિ દેવ ગવાય છે.)

પિયરની સ્વતંત્રતા પછી સાસરાના ઘરમાં બંધનરૂપ જીવન જીવવાની કલ્પના આલેખતું ગીત પણ મોહક છે.

૧. 'દિસે પોપટ ઝાડ પર બોલે,

સાંજે પોપટ પાંજરે બોલે,

સોનલબેન તમે માતાને ભૂલી ના જશો,

સાંજે માતાને ઉંઘ ના આવશે.'

૨. 'સોનાની થાળી સિંદુરે અજવાળી,

તેવા ઘેરે બેન તમે પણજો.

દાદાજી સરખા સસરાજી હોય,

તેવા ઘેરે બેન તમે પણજો.'

તો બીજા એક ગીતમાં પ્રકૃતિનાં પશુ-પંખીને પણ વણી પ્રકૃતિના મહિમાને જીવન સંસાર સાથે જોડી દેવાની કલ્પના પણ અદભુત છે.

'કોળી છે કોયલ ને રંગે રૂપાળી,

આવને કોયલબેન આપણા દેશમાં.

નામ ન જાણું ને, ગામ ન જાણું,

કેમ કરી આવું રે આપણા દેશમાં.

ગામ છે કલિયારી, નામ છે સવિતા,

તે જોઈને આવરે કોયલ આપણા દેશમાં'

દીકરીને અજાણ્યા વિસ્તારમાં પરણાવી દેવાની વાત આવે છે ત્યારે દીકરીની મૂંઝવણ વ્યક્ત કરતું આ ગીત પણ અનોખું છે.

'વનમાં હિંડોળો કોણે બાંધ્યો રે પૂનમબેન,

વનમાં સાસરિયા કોણે શોધ્યા રે પૂનમબેન,

વનમાં સાસરીયા દાદાએ શોધ્યા રે પૂનમબેન,

દાદાએ શોધ્યાને અમે ઝાલ્યાં રે પૂનમબેન'

આવાં અનેક ભાવસંવેદનો વ્યક્ત કરતાં ગીતોની રસલ્હાણ આજે પણ સાંજની ઠંડી રાત્રિને મોહક બનાવી દે છે. ધીમા રાગે, ધીરી ચાલે ગવાતાં ગીતો ગમે તેવા આક્રોશભર્યા ભાવને પણ ઠંડાગાર બનાવી દીકરી તરફના હેતમાં સરી પડતા કોઈ રોકી શકતું નથી. આવાં છે સાંજી ગીતો.

### ૧૨. મંડપનાં ગીતો

જયાં લગ્નની તમામ વિધિ કરાય છે એવા મંડપને સજાવતા પણ ઘણાં ગીતો ગવાય છે. વન્ય પ્રકૃતિમાંથી સાગ, સીસમ, કાકડો, વાંસ, નાળિયેરીના પાન આદિથી લગ્નનો મંડપ સુંદર રીતે શણગારવામાં આવે છે. મંડપની સામગ્રી કયાંથી લાવવામાં આવી છે તેને આલેખતું આ ગીત-

'બાઈજી રાના-માના હાંયકા ગાડાં આવે રે,

બાઈજી બળદિયો તરસેલો આવે રે,

બાઈજી બળદિયાને બેડાં પાણી પાવો રે,

બાઈજી બળદિયો ભૂખેરો આવે રે,

બાઈજી બળદિયાને ઘાસ-કૂટો નાંખો રે.'

'માંડવો' એટલે હસી ખુશીનો, ગુલાબી ફૂલડાં વેરતો અને હરકોઈને લગ્નની મીઠી છાંય આપતા હોવાથી આવા મંડપનાં અનેરા ગીતોની લહાણ થાય છે. આ પ્રસંગે સગાં-

સંબંધી-સ્નેહીઓને હરખનાં તેડાં હોવાથી સૌ કોઈ સાથ અને સહકાર લેવાના ભાવથી આવે છે. ભારતીય સંસ્કૃતિ તો કૃતજ્ઞતાની સંસ્કૃતિ છે એટલે હરખના પ્રસંગને એકલપેટા થઈને ન ઉજવતા સમષ્ટિના બનાવીને ઉજવાઈ છે. માંડવામાં સૌથી વધારે મહત્ત્વનું સ્થાન મામાનું હોવાથી મામાને આલેખતાં ગીતો પણ અનોખાં છે.

'મારો રે માંડવો સાગટિયાળો ગુલાબી ફૂલડાં વાળો રે,
મારે રે માંડવે દેવ લોકો આવે, એક નહીં આવે લોભી મામા રે,
લોભી મામા લોભ ન કરશો, મોસાળું લાવું પડશે રે.'

આવા અનેરા મંડપને સજાવવા માટે પણ વિવિધ વસ્તુઓ ઉપયોગમાં લેવાઈ છે તે નીચેના ગીતમાં જોવા મળે છે.

૧. 'સાગને સોટલિયે રોયપો બેનનો માંડવડો
હીરાને દોરીએ ગૂંથ્યો બેનનો માંડવડો,
મોરા ને પીંછારીએ છાંયો બેનનો માંડવડો...'

૨. 'બાર બેળનો માંડાવ રોપાવ, ભાયારા ભરિયેલા,
એક બેળિયા દૂહરા લાખાવ, ભાયારા ભરિયેલા
તેવાર માંડાવ ખાસો થાય, ભાયારા ભરિયેલા (લોકબોલીમાં)

આમ મંડપની વિધિનાં પણ અવનવાં ગીતો ગાઈને મંડપને રણઝણતો કરે છે.

### ૧૩. ગ્રહશાંતકનાં ગીતો

આવનારો લગ્નનો શુભપ્રસંગ હર્ષભેર અને શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય એ માટે વર-કન્યા બંને પક્ષે ગ્રહશાંતકની વિધિ કરાય છે. વરપક્ષે માંડવાના દિને ચાર વાગ્યાની આસપાસ જ્યારે કન્યાપક્ષે જાનના દિને વહેલી સવારે આ વિધિ કરાય છે. આ સમયે બહેનો વિવિધ ગીતો ગાય છે જેવા કે-

'મંડપ આગળ ચોરી સ્થપાયી રે, ચોરી....

તાંતો બેનના શાંતક થાય, તાં તો બેન...

ચોરીમાં શું શું હોમાયું રે, શું શું હોમાયું રે, તાં તો બેન...

ચોરીમાં દાતણ હોમાયા રે, દાતણ હોમાયા રે, તાંતો...'

આમ નાળિયેર, સોપારી, ઘી, ડાંગર, ચોખા આદિ ગવાય છે. તો બીજા એક ગીતમાં સ્વર્ગલોકમાંથી દેવો પૂછે છે કે આ યજ્ઞનો ધૂમાડો કયાંથી આવ્યો? ત્યારે તેના જવાબમાં આ ગીત ગવાય છે.

'યજ્ઞમાં તલ, જેવા હોમ્યા એ ધૂમાડો ગયો આકાશમાં,

એ આકાશમાંથી દેવલોકે પૂછયું રે આ ધૂમાડો કયાંથી નીકળ્યો.

એ તો મારા દીપકભાઈના બેની પરણે શાંતકથાએ,

ધૂમાડો ત્યાંથી નીકળ્યો મોરારાજ.'

ગ્રહશાંતક માટેની વેદી બનાવવા માટે જે માટી લાવવામાં આવે છે ત્યારે ગામની બહેનો માટી લેવા જતી વખતે આ ગીત ગાય છે.

૧. 'કોરી ઓઢણી, કોરા ટોપલાં, કોરી મંટ્ટી લેવા જાતાં કોરી...

સૂરત શહેર મામા મળ્યા, છેડો ધર્યો, મામા હવે ના મેલું, મામા હવે ના મેલું.'

૨. 'ભાઈ મોરા તમે કઈ દિશે ચાલ્યા

ભાભી મોરા તમે પૂર્વ દિશે ચાલ્યા

ભાભી મોરા તમે એક જ હાથે ખોદજો,

ભાભી મોરા તમે એક જ હાથે ભરજો,

ભાભી મોરા તમે એક જ હાથે ઝાલજો.'

માટી, પાણી પણ એક જ હાથે ખોદી કે કૂવામાંથી ખેંચી લાવવાની આ પરંપરા વરસો જૂની છે. જે ગીતમાં આજે પણ સચવાયેલી છે.

ગ્રહશાંતક વિધિ કરનાર મહારાજ પણ કયાંથી બોલાવ્યા છે તેને આલેખતું આ ગીત-

૧. 'સુરત શહેરથી મારાજ બોલાવ્યા રે,
મારાજ બોલાવી ચરી સ્થપાવી કે,
હંસાબેન શાંત કે બેઠા આજ, કે હંસાબેન...
મારાજ બોલાવી તેની પાસે શાંતક કરાવ કે
હંસાબેન શાંત કે બેઠા...'

૨. 'દરિયાને કાંઠે બે દેરાં બંધાવો
દેરાં બંધાવોને બે દેરી બંધાવો
ત્યાં બેસી શાંતક કરો રે, હો લોઢણી.'

## ૧૪. મામેરા અને તોરણ વધાવવાનાં ગીતો

આ સંસારમાં ભાઈ-બહેન વચ્ચેની હેત-પ્રીતનો નાતો ન્યારો છે. જેમ જગતમાં 'જનનીની જોડ' નહીં મળે તેમ માડીજાયા બેની-બાંધવની પ્રીતનો પણ જોટો નથી. પિયરમાં ભાઈ સાથે ઉછરીને મોટી થયેલી અને સાસરિયે ગયેલી બહેનના ઘરે આવો રૂડો અવસર આવે છે ત્યારે બહેન વિશેષ કાંઈ ન ખેવના રાખતા ભાઈ પાસે 'એક કપડાની કોર સોનાની સેર સમાન' ગણાવે છે તેથી જ તો સમયસર મામેરું ઈચ્છતી બહેન મામેરા ટાણે ભાઈની કાગડોળે રાહ જુએ છે. કયાં ચઢીને ભાઈને દૂર સુધી નિહાળે છે તે દર્શાવતું આ ગીત-

'ખેતરની વચ્ચે એક જ મોગરો રે,
હું તો ઊંચે ચઢું ને નીચે ઊતરું,
સવારેના નિસરેલા ભાઈ કયારે આવશે રે, હું તો...
સવારેના નિસરેલા ભાઈ સાંજે આવશે રે, હું તો...'

'મોસાળું' એટલે મામા તરફથી વર-કન્યા માટે લાવવામાં આવતી સામગ્રી જેમાં ઘરેણાં, વસ્ત્રો આદિ હોય છે. લગ્નમાં મામાનું સ્થાન આ જાતિમાં શ્રેષ્ઠ છે. મામા વિના મંડપ કે લગ્નસરા સૂની બને છે. મામાને મામેરું લઈને બોલાવતાં ગીતો પણ ભાવસભર છે.

૧. 'મારો રે માંડવો સાગટિયાળો ગુલાબી ફૂલડાંવાળો રે,
મારા રે માંડવે સૌ લોકો આવે, એક નહી આવે લોભી મામા રે,
લોભી મામા લોભ ન કરશો, મોસાળું લાવું પડશે રે.'

૨. 'શેરીએ વાગે ઘૂઘરા રે, કયો લાવે મોસાળિયા
શેરીએ વાગે ઘૂઘરા રે, મામો લાવે મોસાળિયા

ઉપરોક્ત ગીતમાં બળદગાડાંમાં મોસાળું લાવવામાં આવતું તેનું અનોખું વર્ણન છે તો મોસાળામાં ભાણેજને ગમતી વસ્તુ જ જોઈશે એવો ઉલ્લેખ કરતું ગીત પણ મોહક છે.

'મોસાળામાં શું શું લાવ્યા,
મોસાળા અમને ના જોઈએ.
મોસાળામાં સાડી લાવ્યા, મોસાળું અમને જોઈએ છે
મોસાળામાં બેઠું લાવ્યા, મોસાળું અમને જોઈએ છે.'

મોસાળું કયાંથી આવ્યું છે મામાનું ગામ વર્ણવતું ગીત-

'તમે કયા તે ગામના મોસાળિયા લાલ ગુજરલી
અમે નિહાલી તે ગામના મોસાળિયા લાલ ગુજરલી
તમે મોસાળામાં શું શું લાવ્યા લાલ ગુજરલી
અમે મોસાળામાં બેડું લાવ્યા લાલ ગુજરલી.'

આમ ઉપરોકત પ્રકારનાં મોસાળા ગીતો આજે પણ ગવાય છે.

મામા તરફથી આવેલા મોસાળિયાની મહેમાનગતિ કર્યા બાદ મામેરું વધાવીને ગામની સ્ત્રીઓ તોરણ વધામણીની વિધિ કરે છે તે વખતે પણ ગીતો ગવાય છે જેમકે-

'બેની તોરણિયા કેમ આલે, બેની તોરણિયા...

બેની વાયે (કેમ) તોરણ આલે...

બેની પૈસે તોરણ આલે, બેની પૈસે...'

તો બીજી તરફ તોરણ વધાવનાર અને કપડાં વધાવનાર વેવાણની મજાક મશ્કરી કરતાં ગીતો પણ ગવાય છે જેવા કે-

'થાળીમાં ભરવાડી નાચે, ભોરા ભમરા રે,

પાર્વતી જાણે મેં જ મોટી, ચંપાજાણે મેં જ મોટી,

ભોરા ભમરા રે,

આમણે માંતે નાંય હે ભળે, ભોરા ભમરા રે,'

આમ બંને વેવાણોમાંથી કોણ ચઢિયાતું અને કોણ વધારે સારા તોરણ નચાવે છે, તેની હરિફાઈ આલેખતા કે મજાક મશ્કરી કરતાં ગીતો આજે પણ ગવાતાં રહ્યાં છે. આજ તો લગ્નનો મોટો આનંદ છે.

### ૧૫. પરભાતી ગીતો

વહેલી સવારે ગવાતાં લગ્નગીતોને પ્રભાતી-પરભાતી કે પ્રભાતિયાં કહેવામાં આવે છે. આ સમયે ગવાતાં ગીતો કેવાં-કેવાં ભાવસંવેદન વ્યક્ત કરે છે તે જોઈએ. લગ્નનાં આવા ઉત્સવમાં આ જાતિમાં જે દિવસે વર-કન્યાને પીઠી ચોળવામાં આવે છે તે દિવસથી વહેલી સવારે પરભાતી ગીતો ગવાય છે. લગ્ન જેવા ભવ્ય ઉત્સવને પાર પાડવો એ એકલા હાથનું કામ નથી. એમાં ઘણા હાથોની જરૂર પડે છે. લગ્નની દરેક વિધિને સમયસર આટોપવા માટે કુટુંબીજનો તેમ જ ગામનાં લોકો અને સગાંસંબંધીઓ સાથે મળીને આ ઉત્સવ પાર પાડે છે.

આવા ઉત્સવને હરખભેર શાંતિથી પાર પાડવા માટે લગ્નમાં ઉપયોગી એવા લોકોને વહેલી સવારે ઝટ-ઝટ ઉઠાડી-જગાડી પોતપોતાને કામે લાગી જવા માટે ગામની સ્ત્રીઓ પરભાતી ગીતો ગાય છે. જેમાં સૌ પ્રથમ ભગવાનને સ્મરણ કરતું ગીત-

'શારદાબેન વહેલી સવારે તમે જાગજો,

લેજો ભગવાનજીનું નામ.

તમારા માતા બોલાવે હા કરી બોલજો, લેજો...

તમારા સાસુ બોલાવે જી કરી બોલજો, લેજો...'

આવાં ગીતોને 'પરોઢિયા ગીતો' તરીકે પણ ઓળખવામાં આવે છે. પરોઢે બોલતા મરઘાના સાદથી જાગી જતી કન્યા પોતાને દૂર પરણાવી છે તેની ચિંતા વ્યક્ત કરતા પિતાને કહે છે કે-

૧. 'મરઘો તો બોયલો છે નદીને પાર જો, નદી...

પિતાએ તો દેખડાયવા લાંબેરા ગામ જો, લાંબેરા...

લાંબેરા ગામોમાં કેમ કરી ચાલશું, કેમ કરી....

પિતા મોરા મેલવા આવે તો જાઉં રે, મેલવા...'

૨. 'પિતા મોરા નદીઓ ભરેલી જાય જો, નદીઓ...

પિતા મોરા નદીઓ ઉતરીને કેમ જાઉં જો, નદીઓ...

પિતા મોરા મેલવા આવે તો જાઉં જો, મેલવા...'

(માતા, કાકા-કાકી આદિ ગવાય)

લગ્નનો કેટલો ઉત્સાહ! કેટલો ઉમંગ! કે વહેલી સવારે નાહી-ધોઈ સામૂહિક રીતે આવી પરોઢના આરંભના અને ઘરકામને જોડતા અનેક ભાવવાહી ગીતો ઠંડા પહોરે ગવાતાં જાય અને વર-કન્યા, માતા-પિતા, કાકા-કાકી કે અન્ય સ્નેહીજનો આવા મીઠાં અને ધીમા

સૂરે ગવાતાં નાદે મીઠી ઊંઘ લેતા હોય છે તેમની ઊંઘમાં ખલેલ પહોંચાડતા અને વહેલા ઊઠી કામે લાગી જવાના અનેક ઈજનો આપતા પ્રતીકાત્મક અને કલ્પનાત્મક પરભાતી ગીતો ગવાય છે જેમકે-

'કાગડલા કટકાયાને ચરૂડા ચરવાયા જો,
ઊઠો ને સાતરાણી દીવલડા શણગાર.
તારા દીવલડાને લાગું, લાગું પાયે જો,
કોડિયું ભાંગીને કરું કટકા બે ચાર. કાગડલા...
ઊઠો ને સાતરાણી ખાંડણા ખંડાવ.
તારા ખાંડણિયાને લાગુ, લાગુ પાયે જો
ખાંડણિયું ભાંગીને કરું કટકા બે ચાર.'
(આમ, દરણાં-ઘંટી, પાણીલા-બેડલું, આદિ ગવાય)

ઘરકામ માટે વહુરાણીને જગાડવાની અને કામે લગાડવાની વાત ઉપરોક્ત ગીતમાં કરાય છે તો બીજા એક ગીતમાં વર વહેલો ઊઠીને પોતાની વાડીમાં કામ અર્થે જાય છે અને નવી વહુ વાવમાં પાણી ભરવા જતાં પતિ કાંકરીચાળો કરે છે અને વહુનું બેડું તૂટી જતાં વહુની જે દશા થાય છે તેનું વર્ણન કરતું ગીત પણ પરોઢે ઓર ચાનક ચઢાવે છે જેમકે-

'ફરતે વાયવા ખજૂરાં રે લીલાબેન,
વચ્ચે ખોદી વાવલડી;
તાં તો લીલાબેન પાણીલાં રે ભરે,
તાં તો નવો જમાઈ ખજૂરાં રે દારે,
ખજૂરાં રે દારતા કાંકરો રે માયરો
બેડલાં રે ભાંયગાં.

સાસુજી પૂછે કેમરે વહુજી રડતાં રે આયવા.

તમારો રે છોકરો લાડકો રે દેશું

કાંકરો રે માયરો, બેડલાં રે ભાંયગાં, ફરતે...'

તો બીજા એક ગીતમાં વહેલી સવારે વહેલા ઊઠી આવનારી જાન માટે રાંધણ (રસોઈ) રાંધવાનું વર્ણન કરતું ગીત પણ અનોખું છે.

'કાદવના ચૂલા હો સ્થપાય કે ગુંજરલી,

પિત્તળના ગંજીયા હો મેલાય કે ગુંજરલી

દૂધેના અઢાણાં હો મેલાય કે ગુંજરલી

કોલમના ચોખા હો ઓરાય કે ગુંજરલી

જમે મારા રમીલાબેનની જાન કે ગુંજરલી.'

(લાપસી, કંસાર, દાળ, આદિ પણ ગવાય)

'પરોઢ' એટલે સૂરજદેવનું સ્મરણ કરવાની ઘડી, સૂર્યદેવને યાદ કરતાં ગીતો પણ ગવાય છે, જેમકે-

સૂરજી રે, તમે ઝાંખા કેમ ઊગ્યા રે,

હંસાબેન રે, તમે ઝાંપે કેમ ઊભા રે,

તમુને પરણાવે તમારા પિતા દેસાઈ રે.'

તો બીજા એક ગીતમાં દીકરી પરણીને સાસરે ચાલી જશે તો પિતાનાં હર્યા-ભર્યા ખેતર સૂનાં બની સૂકાઈ જશે એ ભાવને વ્યક્ત કરતું ગીત પણ મધુર છે.

૧. 'ઊઠો કુંવર લીલી વાડી, સુકાઈ ચાલી રે,

કુંવરના પિતા બોલાવે, કુંવર ના બોલે,

કુંવર તો છેડો વાળી, વાળી સૂએ રે.'

૨. ‘મારા રાઈના દાતણ સૂકાઈ જાય મોરારાજ.

મારા કયા બેન આવે ને દાંતણ ચાવે મોરારાજ.

મારા મધુબેન આવેને દાતણ ચાવે મોરારાજ

(નાવણ, પહેરણ, ભોજન આદિ પણ ગવાય)

કુદરતના ખોળે જ જેનું સંસારજીવન પાંગર્યું છે એવા આ જાતિનાં લોકો પરોઢ ગીતોમાં પણ નદી, હંસ, બતક, તારા, મધ આદિને વર્ણવતાં ગીતો પણ આલેખાયેલાં જોવા મળે છે.

## ૧૬. પીઠી ધોવાનાં ગીતો

આદિવાસી સમાજમાં પીઠી ચોળવાની એક આગવી વિશિષ્ટતા એ રહી છે કે વર-કન્યાને મામા તરફથી આવેલી પીઠી બે કે ચાર દિવસ સુધી ભરપૂર માત્રામાં લગાવવામાં આવે છે. આવી પીઠીને ધોવા માટેના પણ અનેક ગીતો ગવાય છે. વર-કન્યાને કોણ, કયારે અને કેવાં પાણીથી નવડાવે છે તે વિગતે આ ગીતોમાં જોવા મળે છે જેમકે-

‘બેડલાં ધોળ્યાં ચંપાબેનને બારણે

દાતણ કરતેલા જાઓ રે, મોહન મોરે ચોકમાં,

બેડલાં ધોળ્યાં ચંપાબેનને બારણે

નાવણ કરતેલા જાઓ રે, મોહન મોરે ચોકમાં’

તો બીજા એક ગીતમાં કંકુના કયારે બેસી નાવણ કરતી કન્યાનું વર્ણન પણ મોહક છે.

‘કંકુના કયારા બેનના કોણે બનાવ્યા

કંકુના કયારા બેનના પિતાએ બનાવ્યા.

ત્યાં બેસી બેની દાંતણ માંગે.

કંકુના કયારે બેસી નાવણ કરે.’

પ્રાચીન સમયમાં ઋષિમુનિઓ પણ સ્નાનાદિ માટે નદી-તળાવો પર જતા તેમ આ જાતિમાં પણ વર-કન્યા તાપી નદીના કિનારે બેસી નાવણ કરે એવાં વર્ણનો જોવા મળે છે. જેમકે-

૧. ‘તાપીમાં ઊના-ટાઢાં પાણી રે, રમેશભાઈ
એક મેરે બેસીને નાજો રે,
સસરાજી જુએ તો લાજ નખે રાખો રે,
રમેશભાઈ એક મેરે બેસીને નાજો રે.’

તો બીજા એક ગીતમાં કૂવા-કોતરનાં વર્ણનો આવે છે તે જુઓ-

૨. ‘ભાવનાબેન નાય તો કૂવેના પાણી રે ભમરા રે, કૂવે...
નવો જમાઈ નાય તો કોતારનાં પાણી રે ભમરા રે કોતર...’

૩. ‘તાપીએ કયાં નાવા ગેયલા હંસાબેન, તાપીએ...
સાબુ કાં ભૂલી આયવા હંસાબેન, સાબુ...
સાબુ તાપીએ ભૂલી આયવા હંસાબેન, સાબુ....
પાછો લેવા જા રે હંસાબેન, પાછો....’

કેટલીકવાર વર-કન્યા પક્ષની સ્ત્રીઓ પોતાના પક્ષને શ્રેષ્ઠ ગણાવી સામો પક્ષ નીચો પૂરવાર કરતાં ગીતો ગાય છે. જેમકે-

‘હંસાબેનના બારણે લીમડો તો લીમડે મીઠાં દૂધ રે, બેની લીમડે...
બેનીના માથાં ધોયે તો દહીંના છાંટા મેલ રે, બેની લીમડે...
નવા જમાઈના માથાં ધોયે તો ધાસતેલનાં છાંટા મેલ રે,
બેની લીમડે...’

આમ એક એકથી ચઢિયાતાં ગીતો ગાવાની પરંપરા આજે પણ આ સમાજમાં જોવા મળે છે.

### ૧૭. કપડાં પહેરવાનાં ગીતો

જાનના દિવસે વર-કન્યાને નવડાવી ને લગ્ન માટે તૈયાર કરવામાં આવે છે. આજના જમાનામાં વર-કન્યા બ્યુટીપાર્લરમાં સજ્જ થતા જોવા મળે છે. પરંતુ પહેલાંના સમયમાં કન્યાને ગામની સ્ત્રીઓ અને વરને ગામના યુવાન મિત્ર સમુદાય કપડાં પહેરાવી તૈયાર કરતો એવા સમયે પણ નીચે મુજબનાં ગીતો ગવાય છે.

'રંગ પેટી ખોલો રે પિતા, રંગપેટી ખોલો રે માતા

સાડીની બે જોડ કાઢો રે પિતા, રંગપેટી...

ચોળીની બે જોડ કાઢો રે પિતા, રંગપેટી...'

વર-કન્યાને અનુરૂપ વસ્ત્ર પરિધાન કરાવવા માટે. ખમતીધર પિતાને પેટી કે પટારો ખોલવાનું કહે છે તો બીજી તરફ એક ગીતમાં માતા-પિતા ઘણાં શ્રીમંત છે તે બતાવતું ગીત-

'પિતાના ઘરમાં ભરેલી પેટી રે,

સમદર ભરેલી પેટી રે,

જોઈ-જોઈને પહેરો રે તારાબેન,

સમદર ભરેલી પેટી રે.'

આ જાતિનાં લોકો પહેલાં ઘણા પછાત હતાં જેથી લગ્નસમયે જ કોરાં કે સારાં વસ્ત્રો પહેરી શકતાં તે વર્ણવતુ ગીત પણ સુંદર છે.

'કોરાં પહેરો કોરાં પહેરો,

પહેરો રે લક્ષ્મણભાઈ.

પિતાના મન કરમાય જાય રે, લક્ષ્મણભાઈ

સસરાના મન હરખાય જાય રે, લક્ષ્મણભાઈ

કોરાં પહેરો કોરાં પહેરો, પહેરો રે...'

(માતા-સાસુ, કાકા-જેઠ, કાકી-જેઠાણી આદિ ગવાય)

આમ વર-કન્યાની તૈયારીની રસમ પૂર્ણ થાય છે.

## ૧૮. દેવદર્શને જતાં ગવાતાં ગીતો

વર કે કન્યાને સંપૂર્ણ રીતે તૈયાર કર્યા પછી પોતાના ઈષ્ટદેવ કે ગામનાં દેવ-દેવીનાં દર્શન કરાવવા માટે લઈ જવામાં આવે છે ત્યારે પણ રસ્તે જતાં ગીતો ગવાય છે. લગ્નના શુભ સમયમાં દેવની પૂજાઅર્ચના કર્યા પછી જ વર-કન્યાના લગ્નની તૈયારી કરાય છે. દેવે પગે પડવા જતી વખતે ગવાતું આ ગીત-

'અમે કયા દેવને મલેવા ચાયલા રે,

છલ પોપટડો.

અમે ભરમદેવને મલેવા ચાયલા રે, છલ પોપટડો.

અમે મલી-ભેટીને પાછા વળશું રે, છલ પોપટડો.'

આમ, એમના જુદા જુદા દેવના નામ લઈને ગીત ગવાય છે, જે તે દેવનાં દર્શને જતાં હોય તેને ગીતમાં ગવાય છે.

'ચંપલિયાને શીરે-શીરે ચાલ મારી પુષ્પાબેન

ચાંદો-સુરત સામા મળ્યા'

પ્રકૃતિના વૃક્ષોને છાંયડે છાંયડે ચાલવાની અને ચાંદા-સૂરજને એક સાથે દર્શન કરવાની વાત ઉપરોક્ત ગીતમાં ગવાય છે.

'ઝીણી કળીઓનો મોગરો રે, મોગરો કળી કરમાય.

કંસરી માતાના મંદિર દૂર રે, દર્શન કરવા કોઈના જાય

જાય મારા હંસાબેન એકલા રે, સડકે મુખડાં કરમાય.'

માતાનું મંદિર દૂર છે. ગામનાં બધાં દર્શન કરવા જતાં નથી. પરંતુ કન્યા એકલી જાય છે તેનું વર્ણન કરાયું છે તો બીજા એક ગીતમાં કન્યા મંદિરે પહોંચવાની નજીક છે તેથી દેવદર્શન માટેની આગળની પૂર્વ તૈયારી કરવાનું દર્શાવતું ગીત પણ સુંદર છે.

'ચોકમાં લીમડી રોપાવો રે,

દેવો આવું છું તમારા બારણિયે,

ઘીનો દીવડો પુરાવો રે,

દેવો આવુ છું તમારા બારણિયે.'

મંદિરે પહોંચી ગયા પછી વર-કન્યા દેવદર્શન કેવી રીતે કરે છે તે વર્ણવતું ગીત પણ અનોખું છે.

૧. 'રામા-રામા કરીને પગે લાગજો બેની

દાળિયા-મમરા આલે તો વેરી નાંખજો બેની,

ખજૂર-કોપરા આલે તો ગજવે ઘાલજો બેની,

રામા-રામા કરીને પગે લાગજો બેની.'

તો દેવદર્શનથી પાછા વળતી વખતે ગવાતાં ગીતોમાં નીચેનું ગીત ગવાય છે.

'અમે કયા દેવને મલેવા ગેયલા રે, છલ પોપટડો,

અમે કંસેરી દેવને મલેવા ગેયલા રે, છલ પોપટડો,

મલી-ભેટીને પાછા વળ્યાં રે, છલ પોપટડો.'

## ૧૯. જાન નીકળતી વખતનાં ગીતો

વરરાજાની જાન નીકળતી હોય ત્યારે પ્રથમ આ ગીત ગવાય છે.

'હાથમાં બેડાં, કાંખમાં બેડાં,

કાંગળિયાળા બેડાં રે,

આમલીને થડે મારી ઓઢણી.

ચાલો પિતા, ચાલો માતા

જાન જોડી જઈએ રે

આમલીને થડે મારી ઓઢણી.'

વરને ગાડીમાં બેસાડયા પછી રસ્તે જતાં અનેક ગીતો ગવાય છે. વીરાની જાનને પીવા પાણી, છાયડાં માટે વૃક્ષ, આરામ કરવા માટે હીંચકો અને સુગંધ માટે અત્તરના છાંટણાં કરવાનાં પણ અનેક ગીતો ગવાય છે તે નીચે મુજબ છે.

૧. ‘મારા લાડયકવાયા વીરા આજે પરણેવા જાય,

મારા ભાઈના હાથમાં વીંટી અમે કન્યા લાવશું જીતી,

મારા લાડયકવાયા...

મારા ભાઈના હાથમાં વાડકી અમે કન્યા લાવશું લાડકી

મારા લાડકવાયા વીરા આજે પરણેવા જાય.’

તો જાનમાં ઘોડા અને ઘોડાના શણગારને આલેખતું ગીત પણ સુંદર છે.

૧. ‘લાલાજી તારો ધોળો ઘોડો રાતે ફૂલડે શણગાર,

રમેશભાઈને ભાઈ જોઈએ તો બાલુભાઈને શણગાર,

રમેશભાઈને ભાભી જોઈએ તો કુસુમ ભાભીને શણગાર,

લાલાજીતારો ધોળો...’

૨. ‘લીલું ડીંડવું રે પીળું ફૂમતું રે,

ભાઈ ધીમા ધીમા તે કેમ ચાલે છે

આગળ પિતા ચાલે, પાછળ માતા ચાલે,

ભાઈ ધીમા ધીમા તે કેમ ચાલે છે.’

૩. ‘ઊભી સડકે મોગરો રોપાવો રે કેશરિયો, મોગરો...

ભાઈની જાન પવન લેતી જાય રે કેશરિયો, મોગરો...

ઊભી સડકે પરબ બંધાવો રે કેશરિયો, મોગરો...

ઊભી સડકે હીંચકો બંધાવો રે કેશરિયો, મોગરો...’

## ૨૦. જાન જતાં રસ્તે ગવાતાં ગીતો :

૧. ‘ગાડીવાલા તું માલગાડી ધીમે ચલાવ,

ધીમે ચલાવ જરા આસ્તે ચલાવ, ગાડીવાલા...

મારા બાબુભાઈ નો ગજરો ઝાંખો થાય,

ગાડીવાલા તું માલગાડી ધીમે ચલાવ.

૨. ‘અમે ચાલ્યા છે સાદકપોર ગામ,

ગાડી કોઈ રોકો નહીં,

એ તો મારા નિમેષભાઈની જાન કહેવાય, ગાડી કોઇ રોકો નહીં.’

૩. ધીમે ધીમે ગાડી હાંકો ધીરેનભાઈ, ધીમે ધીમે...

સુરત શેરમાં સાતો દરવાજા, કયા દરવાજે ઊભી રાખજો રે,

પહેલા દરવાજે મારીડાનું ઘર છે, ગજરો વસાવી વેલા આવજો રે.’’

(સોની, મોચી, ઘાંચી, દરજી આદિ ગવાય)

## ૨૧. નદી ઊતરતાં ગવાતાં ગીતો

વરની જાન જાય ત્યારે ઘણવાર નદી ઊતરીને જવું પડે, ત્યારે જળદેવતાને આલેખતાં કે વિનંતી કરતા ગીતો પણ ગવાય છે જેમકે-

૧. ‘ખડકી તે ડુંગરીમાં બાંયધાં રે પાણી,

કયા તે વરરાજાએ બાંયધા રે પાણી,

રાજેશ તે વરરાજાએ બાંયધાં રે પાણી.’

૨. ‘નદીમાંના જળદેવ સુતા કે જાયગા

જાગેલા રે હોય તો, પરદેશી જાન ઉતારી મેલ.’

આમ જાનને કોઈ પ્રકારનું વિઘ્ન ન નડે એ માટે પણ આવાં ગીતો ગવાતાં.

## ૨૨. જાન સ્વાગતનાં ગીતો

કન્યાપક્ષની સ્ત્રીઓ જાનમાં આવેલા મહેમાનોનું સ્વાગત કરતાં ગીતો પણ ગાય છે જેમકે-

'આવો બેસો ને મારા મોંઘેરા મહેમાન,

અંતરના પ્રેમથી વધાવીએ,

બેસવાને માટે પલંગ તૈયાર,

અંતરના પ્રેમથી વધાવીએ,

પીવાને માટે શરબત તૈયાર,

અંતરના પ્રેમથી વધાવીએ.'

વરરાજા કન્યાના દેશમાં આવી પહોંચે છે ત્યારે કન્યાના મંડપે વરસ્વાગત માટે કેવી કેવી તૈયારી કરાયી છે તે વર્ણવતું ગીત પણ અનોખું છે.

'હંસા જાજે ઉગમણે દેશ,

હંસા જાજે અથામણે દેશ,

સોનાની ચાંચે રે,

હંસા મોતી ચરવા જાય,

બારણે કોઈ પાણીડાં છંટાવો,

બારણે કોઈ પાણીડાં છંટાવો,

ઠંડકના શોખીન અમે,

આવ્યા તમારે ઘેર.'

તો પરણનાર કન્યા પરણવા આવનાર વરને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે પિતાને વિનંતી કરતું ગીત ગાય છે.

'સુરત વચ્ચે તાપીઓના નીર પિતા,

એ વરરાજા કેમ કરી આવશે,

મોકલો રે મોકલો ટેકસીઓની જોડ પિતા,

એ વરરાજા તેમાં બેસી આવશે,

મારે રે દીકરી ટેકસીઓની સંપત ઓછી,

એ વરરાજા ગરજે રે આવશે.'

તો બીજી તરફ કન્યા પક્ષની સ્ત્રીઓ જાનમાં આવનાર વર તથા એના મિત્રમંડળની મશ્કરી કરતાં ગીતો પણ ગાય છે જેમકે-

૧. 'બેન્ડવાજા વાગે છે કયો જમાઈ આવે છે,

બેન્ડવાજા વાગે છે રૂમશી જમાઈ આવે છે,

આવતાં રસ્તો ભૂલી ગયાં મોચીવાડમાં ઘૂસી ગયાં.

મોચીવાડમાં ઘૂસી ગયાં ચંપલ સીવતા શીખી ગયા,

માછીવાડમાં ઘૂસી ગયા માછલી વેચતા શીખી ગયા.'

ગુજરાતનાં લગ્નગીતોમાં ખૂબ જાણીતું અને ખૂબ ગવાતું પ્રચલિત ગીત-

૧. 'કેશરિયો જાનો લાવ્યો, જાન લાવ્યો રે,

જાનો માતો આવ્યા દૂબળા,

લાપસી ખાયને પયડા ઊબડા, કેશરિયો...'

(દેસાઈ, પારસી આદિ ગવાય)

બીજા એક ગીતમાં પણ વેવાઈની ઠેકડી ઉડાવતાં ગીતો ગવાય છે.

૧. 'મુંબઈથી ગાડી આવી,

જુઓ મારા બેની.

ગાડીમાં ભર્યા ચોખા,

વેવાઈ બધા બોખા.

ગાડીમાં ભર્યા ખજૂર,

વેવાઈ બધા મજૂર.

(આરસી, પારસી, રીંગણા-ઠીંગણા, કોલસા-કોરચા આદિ ગવાય.)

આમ સ્વાગત ગીત પૂર્ણ થતાં જ જાનને ઉતરવા માટે ઉતારો આપવામાં આવે છે ત્યારે વરપક્ષ તરફથી સ્ત્રીઓ ગીતો ગાય છે.

## ૨૩. ઉતારાનાં ગીતો

જયાં વરનો ઉતારો આપવામાં આવ્યો હોય ત્યાં પહોંચી વરપક્ષની કન્યાઓ નીચે મુજબનાં ગીતો ગાય છે.

'હો ભાયી, અજાણા ગામ કયાં રે આવ્યા

અજાણા ગામમાં આવે તો પાણીનો ભાવ ન પૂછે,

હો ભાયી, અજાણા ગામ કયા રે આવ્યા,

આપણા ગામમાં આવે તો પાણીનો પેલ્લો વેવાર હો ભાયી...

(તપખીર, બીડી, સિગારેટ, શરબત આદિ ગવાય)

તો બીજા એક ગીતમાં વેવાઈના ઘરમાં મહેમાન ગતિની સામગ્રી ખૂટી પડી હોય એવો ભાવ દર્શાવતું ગીત પણ ગવાય છે.

'અમે મૈયારા રે ગોકુળ ગામના,

પાણીની ખોટ પડી રે, નિહાલી ગામમાં.

પાણીની રેલ વહી રે, સરૈયા ગામમા.'

લગ્નગીતોમાં ખૂબ જાણીતું ગીત આ જાતિમાં પણ ગવાય છે.

'મારા નવલા વેવાઈ,

તમે સાંભળો છો નહી?

અમને તરસ લાગી છે,

લોટા તૈયાર છે કે નહી?

અમને ભૂખ લાગી છે,

ભોજન તૈયાર છે કે નહી.

અમને થાક લાયગો છે,

પલંગ તૈયાર છે કે નહી?'

જાનમાં આવનાર વેવાઈની સરભરા માટે આગળથી તજવીજ કરવાનું કહેવામાં આવ્યું હોવા છતાં પણ યોગ્ય સરભરા ન થઈ એવા ભાવ દર્શાવતું આ ગીત પણ મોહક છે.

'અમને કોણ તેડવા આવેલું રે, પાતળિયા મારૂજી

અમને કંકુ તેડવા આવેલી રે, પાતળિયા મારૂજી

અમને ઢેબરા આપવાના કેઈલા રે, પાતળિયા મારૂજી

અમને પૂરીમાં સમજાયવા રે, પાતળિયા મારૂજી.'

(શરબત-પાણી, સીગારેટ-બીડી, અખરોટ-ખજૂર આદિ ગવાય)

વરરાજાની જાનનો ઉતારો કેવા સ્થળે આપવામાં આવ્યો છે તે દર્શાવતું ગીત પણ સુંદર છે.

'વીરા આપણે શાની શાની વાડીમાં ઊતર્યા રે,

વીરા આપણે મોગરિયાની વાડીમાં ઊતર્યા રે,

વીરા આપણે ચંપલિયાની વાડીમાં ઊતર્યા રે,

વીરા આપણે ગુલાબની વાડીમાં ઊતર્યા રે.'

મોગરો, ચંપો અને ગુલાબની મધમધતી વાડીમાં જાનનો ઉતારો આપ્યો છે. જે ઉપરોક્ત ગીતમાંથી વર્તાય છે. આ ઉપરાંત કન્યાપક્ષની વેવાણ આળસુ છે. જે સાદડી, ખાટલા અને ગોદડીની સગવડ કરી શકતી નથી એવાં વર્ણનોવાળાં ગીતો પણ મળે છે. ટૂંક વરપક્ષ તરફથી કન્યાપક્ષને નીચો પૂરવાર કરાવતા ઘણાં ગીતો ગવાય છે.

**૨૪. ફટાણાં**

ફટાણાં લગ્નગીતોની એક આગવી પરંપરા છે. લગ્ન ગીતોમાં ફટાણાંની મોજ દરેક જાતિમાં જોવા મળે છે. 'ફટાણાં' શબ્દનો 'સ્ફૂટ' એટલે ખુલ્લં ખુલ્લી રીતે સ્પષ્ટ કરવું એવો અર્થ બંધ બેસે છે. સંસ્કૃત ધાતુ 'ફટ'ના અર્થાનુસાર લુચ્ચો-છેતરનારનો સંદર્ભ ફટાણાંમાં ગવાય છે. 'ફટાણાં' શબ્દનો એક અર્થ ભૂંડું, અશ્લીલ, અશિષ્ટ કે બીભત્સ એવો પણ કરવામાં આવ્યો છે. પરંતુ હકીકતમાં ફટાણાંમાં એવાં ગીતો નથી. પરંતુ એક પ્રકારનો વિનોદ અને ઉલ્લાસના ભાવો ગવાય છે. બંને પક્ષે આવાં ફટાણાં ગવાય છે, અને એકબીજા આનંદનો ઉત્સવ મનાવે છે. ફટાણાં ગીતો ગાવાની પરંપરા ખૂબજ જૂની અને વિવિધતાસભર છે. આ જાતિમાં ફટાણાંની એક આગવી વિશિષ્ટતા એ જોવા મળી છે કે લગ્નના માહોલમાં દરેક વિધિમાં આવાં ફટાણાં ગવાતાં જોવા મળ્યા છે. ચાંદલાવિધિમાં, અળદીવિધિમાં, મોસાળમાં, મંડપવિધિમાં, લગ્નવિધિમાં, ઉતારા વખતે, કલવો જમાડતી વખતે, વરને પોંખતી વખતે, માહ્યારામાં બેસતી વખતે, ફેરા ફરતી વખતે, વિદાય વખતે અને આણાં ગીતોમાં પણ વિવિધ પ્રકારનાં ફટાણાં ગવાય છે.

લગ્નગીતોમાં વધારે સમૃધ્ધ જો કોઈ ગીતોનો ફાલ હોય તો તે વર-કન્યા બંને પક્ષે ગવાતાં ફટાણાંમાં જોઈ શકાય છે. ફટાણાંમાં એક પ્રકારની મજાક-મશ્કરી, મેણાં-ટોણાં અને વિનોદ-ઉલ્લાસની અભિવ્યક્તિ થઈ છે. એ ગીતો ફકત આપણાં લગ્નગીતો જ નથી, પરંતુ બંને પક્ષેની મજાકવૃત્તિનું અને સહનશીલતાનું ઉદાહરણ પણ છે. પ્રથમના સમયમાં આ જાતિમાં ફટાણાં ગાવાથી કેટલીકવાર મનદુ:ખ થતું અને એને કારણે લગ્નમાં લડાઈ-ઝઘડાનું

કારણ પણ બનતું પરંતુ હવે ઘણાં પરિવર્તનો આવતાં દેખાય છે. છતાં આ જાતિમાં આજે પણ ફટાણાં ગવાતાં જોવા મળે છે જેવા કે-

૧. 'છીંડે-છીંડે રે છોરી શું જોવા આયવી
છીંડે-છીંડે રે છોરી જાન જોવા આયવી.'
'નંદી શું રે જોવા આવેલી, તારી મારી મશ્કરી કરેલી
નંદી પોયરો જોવા આવેલી, તારી તારી મશ્કરી કરેલી
ચંપા ડોહો જોવા આવેલી, તારી મારી મશ્કરી કરેલી
કાન્તુ શું રે જોવા આવેલો, તારી મારી મશ્કરી કરેલી,
કાન્તુ ડોહી જોવા આવેલો, તારી મારી મશ્કરી કરેલી'

આ ઉપરાંત પણ ઘણાં ફટાણાં લગ્નવિધિ અનુસાર ગવાય છે. જે દરેક પ્રકારનાં ગીતોમાં સમાવિષ્ટ કરાયા છે.

### ૨૫. કલવો જમાડતાં ગીતો

જયારે વરરાજાનો ઉતારો અપાય ગયા પછી જાન જમી રહયા પછી લગ્નની વિધિ શરૂ કરાય છે. જેમાં પ્રથમ કલવો ખવડાવવાની વિધિ બંને પક્ષે કરવામાં આવે છે. પ્રથમ વરપક્ષવાળા કન્યાને પહેરામણી પહેરાવે છે અને મીઠું મોઢું કરાવે છે તે વખતે ગવાતાં ગીતોને કલવો ખવડાવતી વખતનાં ગીતો તરીકે ઓળખવામાં આવે છે. જેવાં કે,

'લાલ પીળી લાઈટ બળે લાલ છોરી ને જોવી છે
કાળી છે કે કલી છે લાવ છોરીને જોવી છે
કલી હોય તો આવવા દે કાળી હોય તો જવા દે
ઊંચી છે કે નીચી છે લાવ છોરી ને જોવી છે
ઊંચી હોય તો આવવા દે નીચી હોય તો જવા દે
ભણેલી છે કે અભણ છે લાવ છોરીને જોવી છે
ભણેલી હોય તો આવવા દે અભણ હોય તો જાવા દે.'

આ જ ગીત કન્યા પક્ષે પણ ગવાય છે. જેમાં છોરાને (વરને) ઉલ્લેખીને ગવાય છે. આ ફટાણાં જેવાં ગીતો છે અને બંને પક્ષે નાચી-કૂદીને ગવાય છે. આજે પણ વિધિ અનુસાર અનેક ફટાણાં ગવાતાં જોવા મળે છે.

કલવો જમાડતી વખતે વર અને કન્યા પક્ષની સ્ત્રીઓ નીચે પ્રમાણેના ગીત ગાય છે.

'વેવાણ શું રે લાવેલી ટુવાલમાં,

સાડી મારા મૈયરની, ચોળી મારા મૈયરની,

વેવાણ શું રે લાવેલી ટુવાલમાં,

ગજરો મારા મૈયરનો, ચાંદલો મારા મૈયરનો,

વેવાણ શું રે લાવેલી ટુવાલમાં.'

તો સામે પક્ષની સ્ત્રીઓ ગીત ઉપાડે-

'લાડું લાવ્યા લાડું લાવ્યા રે, હો જમાઈ લાડું લાવ્યા,

જમી લ્યો, જમી લ્યો રે, હો જમાઈ જમી લ્યો રે,

કેવો લાગ્યો, કેવો લાગ્યો રે, હો જમાઈ કેવો લાગ્યો

મીઠો લાગ્યો, મીઠો લાગ્યો રે, હો જમાઈ મીઠો લાગ્યો રે.'

તો ફરી કન્યા પક્ષની સ્ત્રીઓ આમ સામ-સામી પહેરામણી પહેરાવતી વખતે કે કલવો જમાડતી વખતે હસી મજાકનું ફટાણું અચૂક ગાય છે જેમકે-

૧. 'ઈંગ્લીશ ટોપો મંગાવો,

ટોપો સવિતાને પહેરાવો

આજુબાજુ કંડકટર બેસાડો,

બાકી ટિકીટ, બાકી ટિકીટ કરે

બિચારાને ટોપો પહેરાવો.'

૨. 'ક્યાંથી આવ્યું ક્યાંથી આવ્યું રે,

પેલું વાંદરાનું ટોળું ક્યાંથી આવ્યું રે

બહાર કાઢો, બહાર કાઢો રે,

પેલા વાંદરાનું ટોળું બહાર કાઢો રે.'

વરપક્ષની પહેરામણી કેવી છે કન્યાને ગમે છે કે નહીં ન ગમે તો પાછી દેવાનું વર્ણન કરતું ગીત પણ મોહક છે.

'સાસરેની સાડી આવી ગમે તો ગમડાવ મારી દક્ષાબેન,

નાંઈ ગમે તો સાસુ ઉપર લાખ મારી દક્ષાબેન.

સાસરેની વીંટી આવી ગમે તો ગમડાવ મારી દક્ષાબેન,

નાંઈ ગમે તો જેઠાણી ઉપર નાંખ મારી દક્ષાબેન.'

આજ અરસામાં કલવો ખવડાવનાર પક્ષની સ્ત્રીઓ સામે પક્ષવાળાના નામ લઈને તેમનું મશ્કરી કરતું ફટાણું ઉપાડે છે જેમકે-

'પેટારામાં લાડું છે, પેટારામાં લાડું છે.

અરવિંદ ચોરીએ, ચોરીએ ખાય, અરવિંદ...

ખાય તેવો ખાવા દે, અરવિંદ આજ મોટો થાય,

અરવિંદ કાલ મોટો થાય.'

પટારાના લાડું ચોરી-છૂપી ખાયને વેવાઈ પક્ષના છોકરા મોટા થાય અને ઝટ પરણી જાય એવી ભાવના પણ દેખાય છે. ઘણીવાર બંને પક્ષની સ્ત્રીઓ સામ-સામાં ફટાણાં ગાતી વખતે એકબીજાના ખભા ઉપર હાથ મૂકી, કમ્મરમાંથી ઝૂકીને નાચતાં-નાચતાં ગીતો ગાય છે ત્યારે તેને ઉલ્લેખતાં ગીતો પણ ગવાય છે.

'લીલા ચણાનું ખેતર ઝાંઝરિયા

એને કોણે રાખેવા જાય રે, ઝાંઝરિયા

એને તારા રાખેવા જાય રે, ઝાંઝરિયા

તારા ને કેડે ભોજલા બંધાવો, ઝાંઝરિયા

તારા ભોજલા નચાડતી જાય, તારા ચણા રાખેતી જાય રે, ઝાંઝરિયા'

આમ એક-એકથી ચઢિયાતાં ફટાણાં પ્રકારનાં કલવો ખવડાવવાનાં ગીતો આજે પણ ગાવામાં આવે છે.

## ૨૬. વરને પોખતી વખતે ગવાતાં ગીતો

જાન માંડવે પહોંચવાની તૈયારીમાં હોય ત્યારે વરપક્ષની કન્યા નીચે પ્રમાણેનું ગીત ગાય છે.

૧. 'છોરી ધીરી રે, ધીરી રે

રસમાલ રસિયો આવે છે

તારી ભાંગેલી ઝૂંપડીની છાજ ઉડાડ રે

રસમાલ રસિયો આવે છે.'

તો એ જ સાથે કન્યાપક્ષની સ્ત્રીઓ આ ગીત ઉપાડે છે.

૨. 'કન્યા તો બેઠી બારીએ રે રાય

જુએ રઘુવરની વાટ

તાંથી રઘુવર સંચઈરા (નીસર્યા) રાય

આવી ચઈડા પાદરની માંય

(તોરણ, મંડપ અને માહયરામાં આદિ ગવાય છે.)

મંડપમાં વર પહોંચતાની સાથે વર અને કન્યા બંને એકબીજાનાં સ્નેહભર્યા મુખને નિહાળવા માટે ઉત્સુક હોય છે ત્યાં વરપક્ષની સ્ત્રીઓ નીચે મુજબનું ગીત ઉપાડે છે.

'થંભી રહો, થંભી રહો માંડવાની બહાર,

ઉતાવળ શીદ ને કરો છો.

હજુ તો મારી બેન નાવણ કરે છે,

હજુ તો મારી બેન પહેરણ પહેરે છે,

તૈયાર થતાં તો લાગશે વાર ઉતાવળ શીદને...'

(સાડી, ગજરો, વાળી (માથાનો ગજરો) આદિ ગવાય.)

જાનપક્ષની કન્યાઓ પણ ઉપરોકત ગીતોનો જવાબ આપતા નીચે પ્રમાણેનું ગીત ગાય છે.

૧. 'માંડવા ઉપર ચલ્લી મલકારા મારે

મારા ભાઈને જોઈને મલકારા મારે

મારા ભાઈ છે ગોરા મલકારા મારે

માંડવા ઉપર ચલ્લી મલકારા મારે.'

૨. 'જરમલિયો વર મોડો કેમ આઈવો, શાનો લાઈગો વાર રે,

વરની માડીની સાડી ન હતી, તેનો લાઈગો વાર રે

સાડી જોઈએ તો મારી હંસાબેનની લેજો, રાયવર વેલા પધારજો.'

આમ વરને પોંખતાં ગીતો પૂર્ણ થતાં તરત જ કન્યાની માતા વરને માહ્યરામાં બેસાડે છે ત્યારે પણ ગીતો ગવાય છે.

## ૨૭. વરને માહ્યરામાં બેસાડતાં ગવાતાં ગીતો

કન્યાપક્ષની સ્ત્રીઓ વરને માહ્યરામાં બેસાડતી વખતે કટાક્ષમાં ગીતો ગાય છે જેમકે-

'ખાંજાણમાં બેસરે છોરાં ખાંજાણમાં બેસ,

ભંગીયા લોકની ગુજરી ભરાય રે, છોરાં ખાજાણમાં બેસ

મૈયરમાં બેસ રે બેની, મૈયરમાં બેસ

દેસાઈ લોકના લગ્ન લેવાઈ રે, છોરી મૈયરમાં બેસ.'

વર કરતાં કન્યાનું સ્થાન ઊંચું છે એવો ભાવ સહજ રીતે બતાવાયો છે, તો બીજી તરફ કન્યાને કન્યાના મામા માહ્યરામાં હાથ ઝાલી લઈ આવે છે ત્યારે કન્યાપક્ષની સ્ત્રીઓ આ ગીત ગાય છે.

૧. 'રૂમઝૂમ પગલે ચાલે રે, ચાલે રે દક્ષાબેન

મામા ગોરા-મામી ગોરા, ગોરા રે દક્ષાબેન'

૨. 'નીસરો નીસરો રે હંસાબેન,

મામા બેસાડે રે માહ્યરે હંસાબેન,

મામાના હાથે પરણો રે હંસાબેન.'

આમ માહ્યરામાં બેસતી વખતે પણ ગીતો ગવાય છે.

## ૨૮. લગ્ન થતી વખતે ગવાતાં ગીતો

જાનમાં આવેલા સૌ જાનૈયા જમી કરીને પુનઃ માંડવામાં બેસી જાય અને પછી લગ્નવિધિનો પ્રારંભ થાય છે. બ્રાહ્મણ પરંપરિત શાસ્ત્રોકત શ્લોક ઉચ્ચારણ કરે છે. વરકન્યાના પાદ પ્રક્ષાલન, હસ્તમેળાપ, વરમાળા, છેડાછેડી આદિની વિધિ કરાવે છે. વિધિ પૂર્ણ થતાં જ ઢોલ-શરણાઈના સૂરો વચ્ચે લગ્નનાં મંગળ ગીતો આરંભાય છે. કન્યા પક્ષની સ્ત્રીઓ ગીત ઉપાડે છે-

૧. 'લીલો લીમડો ને લીલો મોગરો

એથી લીલો નાગરવેલનો છોડ રે, નવદંપતી

સુખીયારી થાજે હવે સાસરે.

બારણે ઊભેલા પિતા જોઈ રહ્યાં

જાય છે મારી પાણીની ભરનારી રે, નવદંપતી.'

(માતા-રસોઈ-પાણીલાં, ભાઈ-કપડાં ધોનારી આદિ ગવાય છે.)

૨. 'ભણેલાં ગણેલાં મારાં નીરૂબેન, તમે અભણ ડાયાને કેમ વેઢશો,

રાય વેચવા મોકલ્યો ત્યારે, માયવેચી આવ્યો, ભણેલાં...

ભાજી વેચવા મોકલ્યો ત્યાર, આજી (નાનીમા) વેચી આવ્યો,

ભણેલાં ગણેલાં...'

અહીં અભણ પતિ સાથે સંસાર કેવી રીતે માંડવો તેની એંધાણી આપી છે.)

બીજા એક ગીતમાં કન્યાનું સાસરું દૂર છે તેવો ભાવ દર્શાવતું વર્ણન પણ સુંદર છે.

'ઘરના પછવાડે લીલી લીમડી રે,

લીમડીના આલા-લીલાં પાન રે, શર્મિલાબેન

વેગળા સાસરિયા કોણે શોધ્યા રે,

બેની માતા સરખા તે સાસુ ના મળ્યા રે,

વેગળા સાસરિયા કોણે શોધ્યા.'

(પિતા, ભાઈ-ભાભી, કાકા-કાકી આદિ ગવાય)

સાસરે જતાં કન્યાને કેવું સાસરું, સાસરાનાં લોકો કેવાં છે તેને કેવી રીતે વેઠશે તે વર્ણવતાં ગીતો પણ ગવાય છે.

'લીલી લીમડાની છાંયા તેવી માતાપિતાની માયા

પિયર છોડવું પડશે સાસર જાવું રે પડશે.

જેવી કમદીની જાળ, તેવી સાસુની ગાળ

બેની સાંભળવી પડશે, સાસર જાવું રે પડશે.'

તો એક ગીતમાં કન્યાનાં માતા-પિતા કેવાં છે. એના કુટુંબના લોકો કેવા છે તેનું વર્ણન કરતું ગીત પણ અનોખું છે.

'નાણાંવટી રે સાજન બેઠું માંડવડે

લાખોપતિ રે સાજન બેઠું માંડવડે

જેવી શંકર-પાર્વતીની જોડી,

તેવી ચંપાબેનની જોડી નાણાંવટી રે...

જેવા વીંટી માના હીરા તેવા

ચંપાબેનના વીરા નાણાંવટી રે....

જેવી ફૂલડાની વેણી,

એવા ચંપાબેનના બેની નાણાંવટી રે...

આમ અનેકવિધ લગ્નગીતો ગાય છે અને ગામની કન્યાઓ લગ્ન ઉત્સવને વધારે રંગીન બનાવે છે.

## ૨૯. મંગળફેરાનાં ગીતો

વર-કન્યાના હસ્તમેળાપ કરાવી, મંગળાષ્ટકની વિધિ સંપન્ન થતાં મહારાજ વરકન્યાને મંગલફેરા ફરાવે છે એ વખતે પણ વર-કન્યા પક્ષની બહેનો વર-કન્યાનાં એક-એકથી ચઢિયાતાં ફટાણાં ગાય છે. જેમકે-

'છોરી ઊંઘે છે રે, છોરીને ઝોળીમાં સુવડાવો રે, છોરી...

છોરીને ચીમટીને જગાડો રે, છોરી...

છોરીની માતાને બોલાવો રે, છોરી...

છોરીને ઝોળીમાં સુવડાવો રે, છોરી...

છોરીને હાલરડાં ગવડાવો રે, છોરી...'

મંગળફેરાનો સમય થઈ ગયો હોવા છતાં કન્યા ઊંઘી રહી છે એવો ભાવ દર્શાવાયો છે તો કન્યા પક્ષવાળા પણ વરને ઉલ્લેખીને આજ ગીત ગાય છે.

તો બીજી તરફ વર કરતાં કન્યા ફેરામાં આગળ રહે એવા ભાવ દર્શાવતાં ગીતો ગવાય છે.

'આગળ-આગળ ચાલ મારી ઉષાબેન,

પાછળ ભરત ડોલા ખાય.'

વર-કન્યાને ભાંડવતા કે મશ્કરી કરતાં ગીતો ગાવાની પરંપરા પણ આ જાતિમાં જોવા મળી છે જેમકે-

'ઊંચે એરે અંબુ કાહે ગણે

ઊંચે એરે અંબુ તારા ગણે

નીચે એરે અંબુ કાહે ગણે

નીચે એરે અંબુ કાંકરે ગણે

બાડો એરે અંબુ કાહે ગણે

બાડો એરે અંબુ ઝાડવે ગણે'

તો બીજા એક ગીતમાં કન્યા ચાલે ત્યારે ઝમકારા થાય અને વર ચાલે ત્યારે ગધેડા કે કૂતરા ભસે એવા કટાક્ષવાળાં ગીતો પણ ગવાય છે જેવા કે-

'મારી બેન ચાલે છે ઝમકાર વાગે છે,

અશોક ચાલે છે કૂતરાં ભસે છે

મારી બેન ચાલે છે બેન્ડવાજા વાગે છે,

અશોક ચાલે છે ગધેડાં ભૂકે છે.'

માહ્યરામાં બેઠેલો વર કન્યા તરફ સ્નેહભર્યા નજરે જુએ છે. ત્યારે પણ કન્યાપક્ષની કન્યાઓ નીચે મુજબનું ગીત ગાય છે.

'કૂવા કાંઠે કારેલી પવન લાગે,

છોરા સામું ના જો રે શરમ લાગે,

મારા બેની છે નાના શરમ લાગે,

મારા બેની છે નાના નજર લાગે.'

બંને પક્ષે આ ગીત ગવાય છે. ટૂંકમાં આ પ્રકારનાં ગીતોમાં મોટેભાગે બંને પક્ષની કન્યાઓ પોતાનો જ વર કે કન્યા વધારે ઊંચાં કે ચઢિયાતાં છે એવો ભાવ દર્શાવતાં ગીતો ગાય છે.

### ૩૦. કન્યાદાનનાં ગીતો

પ્રાચીન સમયથી ચાલી આવતી આ પરંપરામાં દરેક ફેરે શાનું દાન દેવાય છે તેને વર્ણવતાં ગીતો આજે પણ ગવાય છે. રાજાના સમયમાં કુંવરીને તરેહ-તરેહના દાનો દેવાતાં એવાં દાનો આ સમાજમાં નથી, પરંતુ પરિસ્થિતિ અનુસારના દાન કન્યાના પિતા કન્યાને આપે છે જે નીચેના ગીતમાં દેખાય છે.

'પેલું, પેલું તો મંગળ વરતાય રે,

પેલે તો મંગળ કન્યાના દાન દેવાય રે...

બીજું, બીજું તો મંગળ વરતાય રે,

બીજે તે મંગળ સોનાના દાન દેવાય રે...

ત્રીજું, ત્રીજું તો મંગળ વરતાય રે,

ત્રીજે તે મંગળ રૂપાના દાન દેવાય રે...

ચોથું, ચોથું તો મંગળ વરતાય રે,

ચોથે તે મંગળ ગવરીના દાન દેવાય રે...'

ચાર ફેરાના ચારે દાનમાં સોના, રૂપા, કન્યાદાન અને છેલ્લે ગાયોના દાન આપવાની

પરંપરા આ જાતિમાં પણ જોવા મળે છે. આજે પણ કેટલીક કન્યાને ગાયરૂપી દાન આપવાની પરંપરા છે. જે લગ્ન પહેલા કઈ ગાય કન્યાને આપવી તે નકકી કરી લેવામાં આવે છે. આ પરંપરાને 'ગાયનું ધમેણું' આપવું તરીકે ઓળખાવે છે.

આ ઉપરાંત આજે કન્યાદાનમાં સોના-ચાંદીના દાગીના, કપડાં અને વાસણો એટલે કે ઘરવપરાશની તમામ ચીજવસ્તુઓ આપવાની પ્રથા છે જે ગીતમાં ગવાય છે. કન્યાપક્ષની સ્ત્રીઓ ગીત ગાય છે.

'ફૂલ નહીં તો ફૂલની રે પાંખડી,
થોડું-ઘણું લેજો કન્યાદાન હો બેની.
થાળી નહીં તો નાની સરખી વાડકી,
થોડું-ઘણું લેજો કન્યાદાન હો બેની.
લોટો નહીં તો નાનો સરખો ગ્લાસ,
થોડું-ઘણું લેજો કન્યાદાન હો બેની.'

આમ કન્યાનાં માતા-પિતા, કુટુંબીજનો તેમજ સગાંસંબંધી ઉપરાંત ગામ લોકો પણ પોતાની સંપત્તિ પ્રમાણે કન્યાને દાન આપે છે. જેમાં કેટલુંક દાન કન્યાએ કર્યું હોય તો તે વારત રૂપે અને બાકી પાછું આપવાની રીતે પણ કન્યાદાન અપાય છે જે આ જાતિની લગ્નની એક આગવી વિશેષતા છે.

## ૩૧. કંસાર જમણનાં ગીતો

હસ્તમેળાપ, મંગળફેરા, કન્યાદાન વિધિ પૂર્ણ થયા પછી લગ્નવિધિમાં બેસનાર વેવાઈ વેવાણ અને લગ્ન કરનાર વર-કન્યા કે જેમણે એકટાણાં કર્યાં હોય છે. તેમને (ઉપવાસ) એકટાણું કરવા માટે કંસાર જમાડવામાં આવે છે. એ વખતે વેવાઈ-વેવાણને ઉલ્લેખીને ફટાણાં ગવાય છે જેવા કે-

'મારા સંપતિયા વેવાઈ તમે સાંભળો છો કે નંઈ
અમારા પગ દુખે છે બેસવાને આસન તૈયાર છે કે નંઈ
અમને ભૂખ લાગી છે રસોઈ તૈયાર છે કે નંઈ
અમને તરસ લાગી છે પાણી તૈયાર છે કે નંઈ
મારા સંપતિયા વેવાઈ તમે સાંભળો છો કે નંઈ

તો બીજા એક ગીતમાં આગળથી કબૂલેલું હોવા છતાં વેવાઈ પક્ષે ટૂંકમાં પતાવી દીધું એવું દર્શાવતું ગીત પણ ગવાય છે.

'અમને થાળીમાં જમવાનું કેઈલું રે, ગોકુળ ગામના લોક
અમને બાજમાં સમજાઈવાં રે, ગોકુળ ગામના લોક
અમને લાપસી પીરસવાની કેઈલી રે, ગોકુળ ગામના લોક
અમને ભાતમાં સમજાઈવા રે, ગોકુળ ગામના લોક,
અમને પાન-બીડાં આપવાના કેઈલા રે, ગોકુળ...
અમને વરિયાળીમાં સમજાઈવાં રે, ગોકુળ...'

જમણ માટે કયા વેવાઈ નોતરે છે અને જમાઈને જમવા ટાણે શું પહેરામણી કબૂલી હતી અને જમવા વખતે શું આપી સમજાવ્યા તે વર્ણવતું આ ગીત પણ સુંદર છે.

'છેલ મારૂજી પાતળિયા મારૂજી, અમને કોણ તેડવા આવેલું રે પાતળિયા મારૂજી
અમને સસરાએ જમવા નોતર્યા રે, પાતળિયા મારૂજી,
સસરાએ તો વીંટી કબૂઈલાં રે,
તોયે ન જમાઈ જમવા ઊઠે રે,
સસરાએ તો ઘડિયાલ કબૂઈલાં રે,
તોયે ન જમાઈ જમવા ઊઠે રે,
સસરાએ તો બેટી કબૂઈલી રે
ત્યારે જમાઈ જમવા બેઠા રે.'

બીજા એક ગીતમાં લગ્ન પહેલા મહિનાથી નોટીસ કાઢેલી તે મુજબનું જમણ ન મળતા વરપક્ષની સ્ત્રીઓ વેવાઈને ભાંડે છે.

'મહિનાની નોટીસ કાઢી વેવાઈ

લાપસીમાં વાણ કેમ કીધાં વેવાઈ

કેદાડની ખટપટ કરતો ઉતો વેવાઈ

લાપસીમાં વાણ (બચાવ) કેમ કીધાં રે,

મારા અરવિંદભાઈ પાછળ-પાછળ ફરતો ઉતો વેવાઈ

કેદાડની ખટપટ કરતો ઉતો રે

ચોખામાં વાણ કેમ કીધી વેવાઈ

કેદાડની ખટપટ કરતો ઉતો રે.

શાકમાં વાણ કેમ કીધી વેવાઈ કેદાડની...

અથાણાંમાં વાણ કેમ કીધી વેવાઈ

કેદાડની ખટપટ કરતો ઉતો રે.

મહિનાની નોટીસ કાઢી વેવાઈ, રસોઈમાં વાણ કેમ કીધી રે.'

આમ વેવાઈ પક્ષે આટલા વહેલા ફરમાવેલું ભોજન પણ ન આપ્યાની રાવ ખાતું આ ગીત શ્રેષ્ઠ છે. તો બીજા એક ગીતમાં વેવાઈની રસોઈ કાચી પડી છે તે ઉલ્લેખતું ગીત પણ સુંદર છે.

'ચોખા તો કાચા વેવાઈ તારી જાનમાં

એમ કેમ કીધું વેવાઈ તારી જાનમાં

દાળ તો ડુણાયલી વેવાઈ તારી જાનમાં

એમ કેમ કીધું વેવાઈ તારી જાનમાં

પાપડ તો કાચો વેવાઈ તારી જાનમાં, એમ કેમ...

બાજ તો ફાટેલી વેવાઈ તારી જાનમાં, એમ કેમ...

દડિયો તો કાંણો વેવાઈ તારી જાનમાં, એમ કેમ...

સારું ખાવાનો તો આવજે વેવાઈ મારી જાનમાં

ભાતી-ભાતી વાની જમાડીશ વેવાઈ મારી જાનમાં'

વેવાઈને પણ સરસ રસોઈ જમાડવાનું ઈજન આપતું

ઉપરોક્ત ગીત વેવાઈની ઠેકડી ઉડાવે છે તો અંતે વર-કન્યાને જમાડવામાં આવતો કંસાર કેવો મીઠો છે તે દર્શાવતું ગીત પણ સુંદર છે.

'વર-કન્યા જમે છે કંસાર રે,

કંસાર કેવો મીઠો લાગે

પેલો ભગુ અણવર આમતેમ આંટા મારે

મને આંગળીથી ચટાડ રે, કંસાર...'

અણવરને કંસાર જમવાનો મળતો નથી તેથી વરની આંગળી ચાંટવા માટે આમ તેમ દોડતો બતાવી ને અણવરની મજાક કરે છે.

## ૩૨. કન્યા વિદાયનાં ગીતો

લગ્નવિધિમાં સૌથી વસમી ક્ષણ છે કન્યા વિદાય. અત્યાર સુધી બંને પક્ષે આનંદ, હર્ષ છવાયેલો હતો પરંતુ કાળજાના કટકા જેવી કન્યાને વિદાય આપતાં સર્વે પરિવારજનોની આંખ ભીની થાય છે એ સ્વાભાવિક છે તો બીજી તરફ અત્યાર સુધી બંને પક્ષની સ્ત્રીઓ ઉછળી-ઉછળીને મજાક-મસ્તીનાં ફટાણાં ગાતી હતી એજ સ્ત્રીઓ પોતાના હૃદયમાં આંસુ ભંડારીને સજળ નયને ગાય છે.

'બેનીએ રડી રડી ભઈરાં રે તળાવ,

બેની ચાઈલાં સાસરીયે.

બેનીને કોણ વળાવવાને જાય રે,

બેની ચાઈલાં સાસરીયે.

બેનીને પિતા વળાવવાને જાય રે,

બેની ચાઈલા સાસરીયે.

(માતા, વીરા, કાકા-કાકી, બેન-બનેવી આદિ ગવાય)

તો કાળજાનાં કટકાને બીજાના હાથમાં મૂકતાં મા-બાપની સ્થિતિ કેવી થાય તે ભાવ દર્શાવતું ગીત પણ ધ્યાનાકર્ષક છે.

'તમને સોઈપું છે, નાનેરું બાળ

તમારું કરી રાખજો રે.

એના પિતાનો હૈયા કેરો હાર,

ખસ કોઈ કેહશો નહીં.

એના પિતાના મનડાં મૂંઝાઈ

તમારું કરી રાખજો રે.

સાસુ-સસરાનાં નાતો મનડાં હરખાય

તમારું કરી રાખજો રે.

તમને સોઈપું છે નાનેરું બાળ

ખસ કોઈ કહેશો નહીં.'

તો બીજા એક ગીતમાં સાસરું કેવું છે ત્યાંના માણસો કેવા છે એ બધાને કઈ રીતે વેઠવા એ દર્શાવતું ગીત પણ દારુણ્ય છે.

'લીલી લીમડાની છાંયા એવી માતા-પિતાની માયા

બેની છોડવી પડશે, સાસર જવું રે પડશે.

જેવી કપડાં ધોવાની સેલ તેવી સાસરિયાની જેલ,

બેની વેઠવી પડશે સાસર જવું રે પડશે.

જેવી સાડી પરની બોર્ડર તેવા નણદીનાં ઓડર,

બેની વેઠવા પડશે, સાસર જવું રે પડશે.

જેવા નવસારીના ટાવર તેવા દિયરીયાના પાવર,

બેની વેઠવા પડશે, સાસર જવું રે પડશે.'

તો અંતે વિદાય વખતે કન્યા પોતે પોતાના સ્વામીની રજા લઈને માતા-પિતાના આશીર્વાદ લેવા જાય તે દર્શાવતું ગીત પણ આકર્ષક છે.

'ઊભા રહો મારા શોખીન સ્વામી

મારા માતાને મળતી આવું રે

માતાને મળતા વાર જ લાગી,

મારી આંખલડી નીર ભરી રે.

ઊભા રહો મારા શોખીન સ્વામી

મારા પિતાને મળતી આવુ રે.

પિતાને ગળે લાગતા વાર જ લાગી,

મારી આંખલડી નીર ભરી રે.

(વીરા, સખી, કાકા-કાકી, મામા-મામી આદિ ગવાય)

તો અંતે આશીર્વાદ સાથે નાદાન કન્યાને વડીલ શિખામણ આપી સાસરે વળાવે છે તે શિખામણ આપતું ગીત પણ સુંદર છે.

'ડાયા બનીને બેની રાખજો કુળની લાજ,

શાણી સંપીને રહેજો સાસરીયે.

કોઈનો મહેલ જોઈને, ઝૂંપડી ન તોડીશ,

ડાયા બનીને બેની રાખજો કુળની લાજ,

કપડાં-લત્તા ઓછાં-ઘણાં શાણીસંપીને રહેજો બેની.'

આ તો થયા કન્યાપક્ષની વિદાય વિધિના ગીત સામે પક્ષે વરપક્ષની સ્ત્રીઓ પણ હવે ઘણો સમય વીતી ચૂકયો છે છતાં કન્યાની વિદાય જલ્દી થતી નથી, તેથી વેવાઈને ઉતાવળ કરાવવા માટે નીચે મુજબનું ગીત ગાય છે.

૧. 'અહીંયા બેસી બેસી શું કરીએ સુમનભાઈ,

ચાલોને આપણે ઘેર જઈએ.

અહીંયા રહેવાની સંપત ઓછી સુમનભાઈ,

ચાલોને આપણે ઘેર જઈએ.'

૨. 'પરણ્યા એટલે પ્યારા લાડી

ચાલોને આપણે દેશ જઈએ.'

એજ ક્ષણે વરપક્ષની કન્યાઓ કન્યાને સંબોધીને નીચેનું ગીત ગાય છે.

'બબલી રડું રડું શું કરે રે,

બબલી તને લઈ જાઉં વગરના રઉ.

બબલી તારી ઢીંગલા રમત છોડ,

બબલી તને લઈ...

તારી માતાની માયા છોડ, બબલી તને લઈ...'

તો અંતમાં કન્યાને વિદાય આપી વરની ગાડીમાં બેસાડી દેવામાં આવે છે ત્યારે કન્યાપક્ષની સ્ત્રીઓ કરુણસભર આ ગીત ગાય છે.

'ઊડતી ઓઢણી સંભાળતી,

રડતી ચાલી સાસરીયે.

માતાની યાદગીરી રાખજે,

સાસુની જિંદગી સંભાળજે.

ઊડતી ઓઢણી સંભાળતી,

રડતી ચાલી સાસરીયે.'

(પિતા-સસરા, વીરા-દેર, કાકા-જેઠ, કાકી-જેઠાણી આદિ ગવાય)

આમ આનંદ ઉલ્લાસ, મસ્તી, ટોળ-ટીખળ, બધુંય અદશ્ય થઈ જાય અને જયારે કાળજાના કટકા જેવી કન્યા સાસરે વિદાય થાય. કન્યાવિદાય પછી જાન પાછી વળે છે અને રસ્તે જતાં અવનવાં ગીતો આરંભે છે.

### ૩૩. જાન પાછી વળતાં ગવાતાં ગીતો

વરકન્યા પરણીને વિદાય પામે છે ત્યારે રસ્તે જતાં વરપક્ષની કન્યાઓ વધારે આનંદ-ઉત્સાહમાં આવી વળતી જાનનાં હર્ષભેર ગીતો ગાય છે જેવા કે-

ઊંચી બે નાળિયેર, નીચી બે નાળિયેર,

નાળીયેર તો દેશું જૂઠાં રે ભાઈ.

સસરા ઘેરે જાય તો સસરા દેશે ગાળ રે,

સસરાનું ઘેર તો પાપી રે ભાઈ

પિતા ઘેરે જાય તો પિતા દેશે દયા રે,

પિતાનું ઘર તો ધર્મી રે ભાઈ.

(સાસુ-માતા, ભાઈ-જેઠ, બેન-નણંદ આદિ ગવાય)

આ ઉપરાંત જાન વળતી વખતે વરનું ઘર નજીક આવી જાય છે ત્યારે પણ કન્યાને સંભળાવતાં ગીતો ગવાય છે જેમકે-

'અમે કોનાની પોરીને લાયવા લાલ,

કડવા વચ્ચે કારેલી.

અમે રમણની પોરીને લાયવા લાલ,

કડવા વચ્ચે કારેલી.

એ તો મરચાં જેવી તીખી લાલ,

કડવા વચ્ચે કારેલી.

એ તો રીંગણાં જેવી ઠીંગણી લાલ,

કડવા વચ્ચે કારેલી.

એ તો ભીંડા જેવી ચીકણી લાલ,

કડવા વચ્ચે કારેલી.'

તો કન્યાને કેવી રીતે પરણી આવ્યા છે અને કયા દેશથી લાવ્યા છે તે દર્શાવતું ગીત પણ સુંદર છે.

'અમે ગેયલા છે મારૂડાનાં દેશ,

મારૂડીને લાયવા રે.

એ મારૂડી નંઈ રે ઊંતી ને કયાંથી લાયવા રે,

અમે ભાંયગી છે વેવાઈની વચલી ભીંત,

મારૂડીને લાયવા રે.'

વરના ઘરે પહોંચતા જ એક તરફ વરની માતા વર-વધૂને પોંખવાની તૈયારી કરે છે ત્યાં પોંખવાનાં ગીતો ગવાય છે.

## ૩૪. વર-વધૂને પોંખતાં ગીતો

લાંબી મુસાફરી કરીને આવેલા વર-વધૂને વરની માતા માંડવા નીચે (તોરણ બારણે) પોંખવા માટે આવે છે. વર-વધૂના કપાળમાં ચાંદલો-અક્ષત કરી રવૈયો, મૂશળ (સાંબેલું), ત્રાક તેમજ પાણી અને અગ્નિથી નજર ઉતારી વરવધૂને ઘરમાં લઈ જાય છે. એ વખતે પણ હસી મજાકના, અણવરનાં તેમજ કન્યા સાથે આવેલી કન્યાઓનાં (કુરવેલીઓ) ભાંડવણીના ગીતો આજે પણ અચૂક ગવાય છે જેવાં કે-

‘નવી વઉ આવી, બારણે આવી,
તારું-મારું કરતી રે આવી.
જુદો ચૂલો માંડતી આવી,
સાસુને છંછેડતી આવી.
નણંદને વગોવતી આવી,
નવી વઉ આવી, બારણે આવી.’

પરણીને આવતાની સાથમાં જ નવી વઉ જુદું માંગે અને સાસુ-નણંદને પણ સંભાવતી આવે એવું કટાક્ષ ગીત ગવાતું મળે છે.

સાસુ ઉપરોક્ત સાધનો લઈ એક પછી એક વર-વધૂની છેડા-છેડીને અડાડી પોંખે છે. આ વિધિમાં વપરાતા દરેક સાધનો જીવનઉપયોગી હોવાથી આ પાછળ કેટલીક સામાજિક જીવન જીવવાની માન્યતાઓ પણ સંકળાયેલી છે. સાબેલું અનાજ ખાંડવા, રવૈયો છાશ વલોવા એટલે દૂધ-દહીંથી ભરેલું ઘર એવો ભાવ, તો ત્રાક દ્વારા એમના ઘરમાં અનાજની પણ કશી ખોટ નથી એવા ભાવો વર્તાય છે. જે ઉલ્લેખીને નીચેનું ગીત ગવાય છે.

‘રવિએ (રવૈયે) વરઘો, અરેરે વેવાણ છાશ તાંણવા જોઈશે
ખાંડણિયે (સાંબેલુ) વરઘો, અરેરે વેવાણ ભાત ખાંડવા જોઈશે
દૂધે વરઘો, અરેરે વેવાણ દૂધ પીવા જોઈશે
ત્રાકે રે વરઘો, અરેરે વેવાણ લગન કાઢવા જોઈશે.’

તો એ જ સમયે વર સાથે ઊભેલા અણવર (બનેવી)નાં ભાંડવણીનું ગીત પણ ગવાય છે. જેમાં કન્યાને ‘બગલી’ અને વરને ‘બગલા’નું ઉપમાન આપી તેના રખેવાળ બનનાર અણવરને ‘ગોવાળિયા’નું ઉપનામ આપી ફટાણું ગવાય છે જેમકે-

‘બગલી ભર્યા ખેતરમાં જાય,

બગલીનો ગોવાળિયો કોણ કોણ થાય.

બગલી ભર્યા ખેતરમાં જાય,

બગલીનો ગોવાળિયો ઉત્તમ થાય.’

આમ વર-વધૂને પોંખી ઘરમાં જાય છે ત્યારે વરના ભાઈ કે બેન ભાઈ-ભાભી પાસેથી ઘરમાં જતી વખતે પોતાનું દાપું (લાગો) માંગે છે અને દાપું મળતા ભાઈ-ભાભી ઘરમાં જઈ દેવ-દર્શન કરી નણંદ પાસે છેડાં-છેડી છોડાવી છૂટાં પડે છે. પછી આ જાતિમાં તે દિવસે અથવા બીજા દિવસે ચોરી ખોદવાનું અને નવી વધૂ પાસે ઘરકામ કરાવે છે. પહેલાંના સમયમાં ખાંડણાં, દરણાં, પાણીલાં, વાસીદાં અને રોટલા બનાવવા સુધીનું તમામ કામ કરાવવામાં આવતું અને સવારે આગણું વળાવી વધૂ કેવી કામઢી છે તેનો કયાસ કાઢવામાં આવતો. આજે બધું વિધિ પૂરતું સીમિત બન્યું છે. પહેલાં તો આવાં કામ કરાવતાં પણ ઘણાં ગીતો ગવાતાં આજે આવાં ગીતો ગવાતાં સાંભળવા મળ્યાં નથી.

### ૩૫. આણાં ગીતોનાં ફટાણાં

આણાં ગીતોની લોકપરંપરા આજના સમય સંદર્ભે વિચારવા જેવી છે. આ લોકગીતોની મજા એના ભાવ વિશ્વમાં, એની પ્રસન્નાતામાં છે. આજે આવું ભાવવિશ્વ રહયું નથી. આજે આણાં ગીતો નહિવત્ ગવાય છે.

આ જાતિમાં નાના-મોટા બેથી ત્રણ આણાં અને પહેલાના સમયમાં વારતહેવારના પણ આણાં કરવામાં આવતાં. આવાં મોટાં આણાં બંને પક્ષે કરવામાં આવે ત્યારે વેવાઈ-વેવાણની મશ્કરી કરતાં અનેક ફટાણાંઓ ગાવામાં આવતાં આજે આ પરંપરા લુપ્ત થઈ ગઈ

છે. આજે લગ્નના દિવસે, જાન વળતી વખતે એક બે ફટાણાં ગવાય છે. પરંતુ અહીં કેટલાંક જૂનાં આણાં ગીતો મળ્યાં છે જે નીચે મુજબ છે.

‘તડાક તૂમડી વાગે છે,
કયો વેવાઈ આવે છે.
તડાક તૂમડી વાગે છે,
રમતો વેવાઈ આવે છે.
આવતા રસ્તો ભૂલી ગયો,
ઢેઢવાડામાં ઘૂસી ગયો.
ઢેડવાડામાં ઘૂસી ગયો,
ઢેડી જ લઈને નાઠો જો.
તડાક તૂમડી વાગે છે, કયો...’

કન્યાનું આણું કરવા આવે છે ત્યારે વરપક્ષની સ્ત્રીઓ વરનાં માતા-પિતાને ઉલ્લેખીને ઉપરોક્ત ગીત ગાય છે.

તો બીજા એક ગીતમાં કન્યાને આણું કરવા આવનાર સાસરા પક્ષના લોકોએ વધૂને જેવું તેવું આ રીતે સમજાવી દીધી અને આણું માટે રાજી કરી લીધાની વાત આ ગીતમાં વર્ણવી છે.

‘મારી બેન અંગ્રેજી ભણેલા રે,
દિલ્લી દૂધે ભરેલી.
સાથે ગુજરાતી લીધેલું રે,
દિલ્લી દૂધે ભરેલી.
બેનને સાડીમાં સમજાવી રે,
દિલ્લી દૂધે ભરેલી.’

(સાંકળા, પોચી, કંઠી આદિ ગવાય છે.)

કન્યાનું આણું કરવા વરપક્ષના આવે છે ત્યારે આણાં કરવા આવનાર વેવાઈ બળદગાડાં શેનાં-શેનાં બનાવી લઈ આવતા તેનું વર્ણન કરતું ગીત પણ હાસ્યના ફૂવારા ઉડાડે છે.

‘મ્હાણી બણીયાયા આણાં કરું આવના કે,
વેવાઈ ગાલ્લી જોડી આવના.
હરબોડાયી ગાલ્લી કરી લાવના કે, વેવાઈ...
દેળકાયો તે બલ કરી લાવના રે, વેવાઈ...
ભીંડાયો તે ઘૂઘરો કરી લાવના રે, વેવાઈ...
ફેદરાંયા તે ઓઢા કરી લાવના કે, વેવાઈ...’

આણે આવનાર વેવાઈ જુવારના સાંઠીકાની ગાડી, દેડકાંના બળદ, ભીંડાંના ઘૂઘરા અને બળદ ઓઢાડવાના ઓઢા પાણીમાં ઊગતી લીલના કરી આવ્યાનું વર્ણવતું ગીત વેવાઈની મશ્કરી બતાવે છે.

આણાંમાં આવનારને ખાણીપીણીમાં દારૂ-તાડીની મોજ પણ કરાવવામાં આવતી તે વખતે કન્યા પક્ષની સ્ત્રીઓ વેવાણની મશ્કરી કરતાં ગાય છે.

‘મોટા મેદાનમાં પીઠું રે વેવાણ,
પારસી દારૂ વેચે.
દારૂ વેચે ને ચોપડો વાંચે,
પારસી વેચે દારૂને રવલી પીવે દારૂ.
મોટા મેદાનમાં પીઠું રે વેવાણ,
પારસી વેચે તાડી.
તાડી વેચે ને ચોપડો વાંચે.
પીધો દારૂને ચયઢો વેવાઈને,
પારસી દારૂ વેચે.’

આણાંની ખાણી-પીણી થયાં પછી આણાં વિધિ કરાય અને છેલ્લે કન્યાની વિદાયની તૈયારી થાય ત્યારે વરપક્ષની સ્ત્રીઓ કન્યા પક્ષના વેવાઈને ઉલ્લેખીને વળતું આણું કયારે આવશે તેમજ વિદાય માટે ઉતાવળ કરવાનું કહે છે.

'ઈંટ ઉપર ઈંટ વેવાઈ, જોયી તમારી રીત વેવાઈ,

વયદા કરો, વાયદો કરો.

સૂપડા ઉપર સૂપડું વેવાઈ, જોયું તમારું ઝૂપડું વેવાઈ,

વયદા કરો, વયદા કરો.

વાડકી ઉપર વાડકી વેવાઈ, જોયી તમારી લાડકી વેવાઈ,

વયદા કરો, વયદા કરો.

ઠીંકરી ઉપર ઠીંકરી વેવાઈ, જોયી તમારી દીકરી વેવાઈ.

વયદા કરો, વયદા કરો.'

તો અત્યાર સુધી પોતાના કેટલાંક સ્વપ્ના સેવ્યાં હોય, દામ્પત્યજીવન પૂર્વેની કુમારિકા અવસ્થાને વિચારી હોય અને મુગ્ધતાને પામવાની કોઠાસૂઝ સેવી હોય, એવી કન્યા જયારે સાચે સાચ એવાં સ્વપ્નાંને સ્વીકારવા જતી હોય ત્યારે આંણે આવનાર સાસરાપક્ષના લોકો સાથે ન જવાની અને પરણ્યો આણે આવે તો તેની સાથે ઝટ જવાની એ ભાવને વ્યક્ત કરતું આ ગીત પણ આહ્લાદક છે. ચોથે આણે પરણ્યો આવે ત્યારે કોટ (દીવાલ) કૂદીને જવાનું વર્ણવે છે જેમકે-

'પહેલા આણે મારા સસરાજી આવ્યા

મેં તો જાણ્યું મારા પઈણાજી આવ્યા.

પિયરિયાના બોઈલા મોર રે.'

(બીજા આણે સાસુ, ત્રીજા જેઠજી, ચોથાએ દેરજી, પાંચમાએ પૈણાજી આદિ ગવાય.)

'કોણ વારે રે કોણ વારે,

લટકારીનાં આણાં કોણ વારે.

પહેલા આણે તો મારા સસરાજી આવ્યા,

સસરાની સાથે નંઈ જાઉં મારી લટકારી...'

(જેઠજી, દિયરજી અને અંતે પૈણાજી આવે છે.)

'ચોથે આણે મારા પૈણાજી આવ્યા,

પૈણાજી સાથે તો કોટ કૂદી જાઉં !

મારી લટકારીના આણાં.'

આમ કન્યા આવનાર લોકો સાથે જવા તૈયાર થાય છે, ત્યારે વર પક્ષની સ્ત્રીઓ ગાય છે.

'લાડી તું રડું રડું શું કરે,

તારા લખ્યા કાગળ લડે.

તને લીધા વગરના જાઉં

તાડી પીધા વિના ન જાઉ.

તારા લખ્યા કાગળ લડે.'

તો બીજા એક ગીતમાં કન્યા જો આવવા માટે તૈયાર ન થાય તો કન્યાને કેવી રીતે લઈ જવા ઈચ્છે તે વર્ણવતું ગીત પણ અનોખું છે.

'તાડિયાંની તાડી ખજૂરિયાંની ભીંત રે રૂમઝૂમિયું

હવે રમેશભાઈ આપણી કેવાઈ રે, રૂમઝૂમિયું

આવે તો હાથ ઝાલી લાવ રે, ઝૂમઝૂમિયું

નંઈ આવે તો લાત મારી લાવ રે, રૂમઝૂમિયું

તાડિયાંની તાડી ખજૂરિયાંની ભીંતરે...'

આવાં ફટાંણાના જવાબમાં કન્યા પક્ષની સ્ત્રીઓ પણ જરા નમતું જોખવા તૈયાર નથી. આણાં વાળીને જવા નીકળેલા વરપક્ષની છોકરા-છોકરીને ઉદ્દેશીને મજાક મશ્કરીનું ગીત ઉપાડે છે.

'વાવણીઓ વરહાત તે રૂમઝૂમ કરે હે રૂમઝૂમ કરે.

આમણી પોહીએ એરીને તુમણો પોહો તે રઉ જહો કરે હે,

રઉં જહો કરે.

આમણે વેવાયા એરીને તુમણી વેવાણ તે રઉં જહી કરે હે,

રઉં જહી કરે.'

ઉપરોક્ત ગીત મોટેભાગે જેઠ મહિનાનાં આણાં વખતે ગાવામાં આવે છે. આ જાતિમાં તહેવારને અનુરૂપ આણાં વાળવાની પરંપરા હતી. જો કે આજે લુપ્ત થતી જાય છે. તો અંતે કન્યાપક્ષની સ્ત્રીઓ વરપક્ષને સંબોધીને કટાક્ષથી ભરપૂર આણાંગીત ગાય છે.

રમીલા તને કટોડી (વોકળો)

કુદાવું રે, કોઈને નખે કેતી મારા રાજમાં.

રમીલા તારી ઘાઘરી ફાટેલી રે,

કોઈને નખે કેતી મારા રાજમાં.

રમીલા તારી ચંપલ તૂટેલી, કોઈ ઈને નખે કેતી મારા રાજમાં.'

આટલું પત્યા પછી જયારે વરપક્ષના આણાંવાળા બળદગાડાંમાં બેસી જવાની તૈયારી કરે છે ત્યારે બંને પક્ષે નીચે મુજબનાં આણાંના ફટાંણા ગવાય છે. જેમકે-

૧. 'રાઘવ આવજે રે સીડી સડાક પાર બંગલો,

કાગળ લખજે રે સીટી સડાક પાર બંગલો.'

૨. 'કલીયારી ગામમાં ઊડે રે ગુલાલ થાય થાય,

પાર્વતીને તો રહેવાનો ઘણો વિચાર થાય થાય.

અમારે તો રાખેવાનો નહી રે વિચાર થાય થાય'

૩. 'બાબુ આવજે રે રસ પીવાનો હોય તો,

તારા પેટડામાં મારું રે તારો રસ કાઢું ડચરાવી રે.'

અંતે વેવાઈ-વેવાઈ એકબીજાથી છૂટાં પડે છે ત્યારે આ ગીત ગવાય છે.

'ઊંચો રૂમાલિયો કીધો મારા છેલ રે, ઊંચો...

લોઠી ને ટીચકો લાગ્યો મોરા છેલ રે, ઊંચો...'

વેવાઈને ટીચકો લાગ્યો મારા છેલ રે, ઊંચો...'

આમ બંને પક્ષે આણાંનાં ફટાણાં ગવાય છે. પરંતુ આ ગીતોની એક આગવી વિશેષતા એ રહી છે કે બંને પક્ષોને કોઈપણ પ્રકારની રીસ લાગતી નથી. પરંતુ એક પ્રકારના આનંદને લૂંટવાની હિંમત મળી રહે છે. મનુષ્યજીવનની માણસાઈની પરખ અને મનુષ્યની સહનશીલતાની શાલીનતા આ ગીતોમાં પ્રગટે છે.

આમ ઉપરોકત લગ્નગીતોમાં લગ્નપ્રસંગની જુદી-જુદી વિધિ અનુરૂપ મનુષ્ય જીવનના અનેક સંદર્ભો ખોલતાં ગીતો ગવાયાં છે. સગાઈથી માંડીને આણાં સુધીનાં આ ગીતોમાં જાતિનો સંસ્કાર, કવિત્વતા, કુળપરંપરા અને તત્કાલીન સમાજની રીતિ પરંપરાનું આગવું પ્રતિબિંબ ઉપસાવેલું દેખાય છે. લગ્નની અનેક વિધિઓ જે તે લોકસમાજને ધ્યાનમાં રાખી જ કરાઈ હશે અને એની પાછળ પણ એક આગવી જીવન ઉપયોગિતા કે જીવનસંદર્ભ જોડાયેલો હશે જે આવાં ગીતોમાં વણાયો હશે અને આજપર્યંત તેને સાચવી રાખવાની તજવીજ કરાઈ હશે?

મનુષ્ય જીવનની સંસ્કારિતાને એમના લોકગીતો કે લગ્નગીતો આદિમાં મૂકવાની રીતિ દરેક જ્ઞાતિમાં જોવા મળી છે તેમ ધોડિયા જાતિમાં પણ ગીતો વડે એમની કેટલીક

ભાવસંવેદનાઓ પ્રગટાવી છે અને સામાજિક માન્યતાઓ (Social beliefs) સામાજિક વિચારસરણી અને જે તે સમયની સ્થિતિને અભિવ્યક્ત કરી છે. લગ્નગીતોમાં વર-કન્યા એકબીજાને માત્ર પરણતા નથી. પરંતુ એમના ઘર, કુટુંબ, સગાં આદિ સાથે પાકો નાતો જોડે છે. આવી વૈયક્તિકતામાંથી કૌટુંબિકતા, એમાંથી સામાજિકતા આદિને વિસ્તારે છે. તેથી તો ભારતીય લગ્ન એ વ્યક્તિનો સોદો કે કરાર ન રહેતા એક સામાજિક કરાર બની બે પવિત્ર આત્માને જોડે છે અને એમાંથી નવા સમાજની કેડી કંડારાઈ છે. જો કે આજે આ બધી પરંપરાઓ માત્ર વિધિ પૂરતી મર્યાદિત બની લુપ્ત થતી જાય છે. આજે યંત્રવત્‌ના એક શુષ્કતા આ મંગળમય વિધિમાં પ્રવેશી જતાં આપણી ઓરિજનલ લગ્નપરંપરા સ્વપ્ન બનતી કે ભૂતકાળમાં સરતી જાય છે. આજે સગવડિયા સમયમાં અગવડિયા લગ્નોને કારણે આવી બધી લગ્નવિધિઓની જળધારા સૂકાઈ જતી દેખાય છે, ત્યારે આપણે પ્રાચીન સંસ્કારોની અસ્મિતાને યાદ કરીને એના જીવનસંદર્ભો મમળાવીને જ આશ્વાસ અને સંતોષ મેળવવાનો રહે છે. લગ્નગીતોરૂપી મીઠાં વીરડાનો ઝરો (સ્રોત) આજના યાંત્રિક યુગમાં અકાળે તૂટી પડયો છે જેને કયારેય જોડી શકાય એવો નથી. આજે ટેપરેકોર્ડિંગની આ દુનિયામાં કે રોબર્ટની ઝડપી શોધોમાં જૂના સંસ્કારો લુપ્ત થવા પામ્યાં છે. જેને કયારેય પાછા મેળવી શકાશે કે કેમ?

### ૬.૬.૧૦ ધોડિયા જાતિમાં અંત્યેષ્ટિ સંસ્કાર

બધા સંસ્કારોમાંનો અંતિમ સંસ્કાર એટલે મૃત્યુ સંસ્કાર. મનુષ્યના મૃત્યુ પછી કરાતો આ સંસ્કાર છે. હિંદુશાસ્ત્રોમાં જીવનના અંતિમ સંસ્કારને અંત્યેષ્ટિ તરીકે ગણાવાયો છે. જેની સાથે જ મનુષ્યના ઐહિક જીવનનો અંતિમ અધ્યાય પૂર્ણ થાય છે જેમ શાસ્ત્રોકત વિધિ કરાય છે, એવી વિધિ તો કરાતી નથી પરંતુ દરેક જાતિની એક આગવી સંસ્કાર પ્રણાલિકા હોય છે તેમ ધોડિયા જાતિનાં લોકોમાં પણ મૃત્યુ સંસ્કારની એક આગવી પરંપરા જોવા મળે છે.

## ૦ મૃત્યુ પછી કરાતી વિધિ

સૌપ્રથમ મરનાર મનુષ્યના નામનું હનાન (ખબર) આપવામાં આવે છે. પહેલાંના સમયમાં 'તૂર'ના નાદથી ખબર આપવામાં આવતી પરંતુ વાહન-વ્યવહાર વધતા, લાગતાં-વળગતાં પોતાનાં સગાં-સંબંધીઓને ગામના પુરુષો મૃત્યુના સમાચાર આપી આવે છે. ત્યારબાદ મૃત્યુને બાળવા માટેના લાકડા કાપવામાં આવે છે તેની સાથેસાથે જ 'કરવો' (ઘડો) લાવવામાં આવે છે. મૃત્યુ પામનાર શબને પરસાળમાં સાદડી ઉપર સુવડાવવામાં આવે છે. અને ગામજનો એકત્ર મળી શબને શણગારવાની તૈયારી કરે છે. જેમાં પ્રથમ શબને સ્નાનાદિ કરાવી નવાં વસ્ત્રો (કોરાં વસ્ત્રો) પહેરાવી સાજ-અલંકાર શણગારાય છે. ત્યારબાદ ઘરના આંગણામાં શબને લઈ જવા માટેની ઠાઠડી (નનામી) શણગારવામાં આવે છે તો બીજી તરફ શબ સાથે બાંધી આપવામાં આવતું ભાતું વિધવા સ્ત્રી કે વિધુર પુરુષ રાંધે છે, જેને (પાળો બાંધવો) કહે છે. આ પાળો શબના ઉત્તર-દક્ષિણ છેડે ખાખરાના પાતરામાં પાળો રાખી કફન સાથે બાંધવામાં આવે છે. અંતે શબને ઠાઠડીમાં બાંધી સ્મશાને લઈ જવાની તૈયારી કરાય છે. ચિતા માટેની આગ મરનાર વ્યક્તિનો મુખ્ય સ્વજન મોટેભાગે પુત્ર હાથમાં દોણી (તડ઼ી) લઈને ચાલે છે. શબને પ્રથમ પૂર્વમાં માથું રાખી સૂવડાવે છે. ઠાઠડી પર સૂવડાવી વિધવા સ્ત્રી અને કુંવારી છોકરી મેશ-માથું ઓળાવી તૈયાર કરે છે ત્યારબાદ શબ તૈયાર થઈ જતા ચાર 'ખાંધિયા' (ડાઘુ) સ્નાન કરી માથે અબીલ-ગુલાલનો છંટકાવ કરી શબને ઊંચકી લઈ જાય છે.

શબ ઘરથી થોડે દૂર પહોંચે જયાં વિસામો રાખવામાં આવ્યો હોય ત્યાં લઈ જઈ શબને રાખી દે છે અને મરનાર વ્યક્તિનાં વસ્ત્રો, એની બધી જ વસ્તુઓ વિસામે મૂકી દેવામાં આવે છે. આ સાથે પાણી, તૂમડી પણ વિસામે મૂકવામાં આવે છે. વિસામા પછી સ્ત્રીઓ આગળ જતી નથી ત્યાંથી તે પાછી ઘરે જાય છે. અંતિમ વિસામા પછી શબને ઉત્તરમાં માથું અને દક્ષિણમાં પગ રાખી સ્મશાને લઈ જવાય છે.

આ તરફ વિસામેથી પાછી ફરેલી બહેનો મરનારના ઘરને છાણ-પાણીથી લીંપી પવિત્ર કરે છે અને નદીએ સ્નાન કરી પવિત્ર બની સાદી ખીચડી બનાવે છે. જે ડાઘુઓ આવી ગયા પછી વિધિ પૂર્ણ થતાં મરનારની અંતિમ ઈચ્છાને પૂર્ણ કરવા નામ પૂરતું આરોગવામાં આવે છે.

શબને સ્મશાને લઈ ગયા પછી ત્યાં અગ્નિદાહ માટેની જગ્યા ખરીદી, પવિત્ર કરી (લીંપીને) લાકડાંની ચેહ સીંચવામાં આવે છે. એ ચેહ ઉપર શબને મૂકી દાહ આપનાર (અગ્નિ સંસ્કાર દેનાર) પુત્ર સ્નાન કરી કરવો (ઘડો) પાણીથી ભરી લઈ આવે છે અને શબના બંધ ખોલી, શબને ઘી લગાવી, શબને દાતણ-પાણી અને જમાડે છે. મૃતકને અંતિમ ભોજન કરાવી, પુત્ર કરવો ખભે મૂકી ચાર ફેરા ફરી અંતિમ ફેરે કરવો તોડી નાંખી સાથે લાવેલા અગ્નિથી શબને માથા તરફથી અગ્નિદાહ આપવામાં આવે છે. અંતે શબ સંપૂર્ણ બળી રહે ત્યાં સુધી મૌન, પ્રાર્થના તેમજ ભજન આદિ કરાય છે.

અગ્નિદાહ પછી ઘરે આવી કફનના ટુકડાવાળી કુહાડી ઘરનાં ખૂણે મૂકી દાભની વીંટી, અગ્નિદાહ આપનારને પહેરાવી ખીચડી, મરચું, અથાણું આદિ પાતરામાં મૂકી મરનારની 'છાક' પાડવામાં આવે છે. અને આવનાર મહેમાનોને દારૂ-ચા પીવડાવી સાદું ભોજન કરે છે. બીજા દિવસે શબની રાખ (સારી ધોવી) ધોવામાં આવે છે. જેમાંથી અમુક અંશ લઈ બાકી નદીના પાણીથી ધોઈ પવિત્ર કરે છે અને મરનારની યાદમાં કુહાડી મૂકેલા ખૂણામાં તેમજ વિસામે સાંજ-સવાર 'છાક' પાડવામાં આવે છે.

વ્યક્તિના મૃત્યુ પછી પાંચમા, સાતમા કે નવમા દિવસે (એકી સંખ્યામાં) 'સૂતક' કરાવવામાં આવે છે. જેમાં વાળંદને બોલાવી લાગતાં-વળગતાં કુટુંબીજનો માથું મુંડાવે છે. ત્યારબાદ અંતિમવિધિ તરીકે મરનાર વ્યક્તિ સ્ત્રી હોય તો તેરમા દિવસે અને પુરુષ હોય તો બારમા દિવસે, તેમજ અપરણિત સ્ત્રી-પુરુષની નવમાના દિવસે તથા ચાર-પાંચ માસના બાળકની અંતિમ વિધિ ચોથા દિવસે કરવામાં આવે છે જેને આ જાતિના લોકો ક્રમશઃ તેરમું, બારમું, નવમું અને 'ચોથિયું' તરીકે ઓળખાવે છે.

બારમાના દિવસે મરનારની સ્મૃતિમાં આ વિધિ કરાય છે. સૌ પ્રથમ કરવો (ઘડો) કાઢી પીપળાના વૃક્ષ પાસે મૂકી આવે છે. ત્યારબાદ ઘરની પાંખરમાં કે નેવે બેસી એક કુળના સગાંઓ ચા-પાણીની 'છાક' પાડી મરનારના સ્વજનને પાઘડી પહેરાવે છે એ વખતે નીચે મુજબનું બોલે છે.

કુળના વડીલો- 'પાંચ ગાવોટિયા, પાંચ હગવાડિયા,

બધાં લોકો- 'રામ, રામ'

આમ, ત્રણ-ચાર વાર 'છાક' પાડી વડીલો પાઘડી પહેરી લે છે અને મરનાર પતિ હોય તો પત્નીને ચોળી પહેરાવવાની વિધિ કરે છે. ત્યારબાદ આગળના રિવાજ પ્રમાણે કપડાં આપવાની પરંપરા હતી. જેને 'પોતપ્રથા' તરીકે ઓળખાવે છે. અંતે ચા-પાણીવાળો ઘરનો કચરો એકઠો કરી વિસામે મૂકી આવે છે અને મરનારની યાદીમાં છેલ્લું ભોજન સૌ સગાંઓ સાથે બેસી કરે છે. એ દિવસથી મૃતાત્મા પિતૃલોકમાં જતો હોવાથી આ વિધિથી અંગત સંબંધો તોડી નાંખી 'પિંડ' કાપવામાં આવે છે.

ઉપરોકત વિધિ કર્યા પછી શાસ્ત્રોકત પ્રમાણે બીજી કોઈ વિધિ કરાતી નથી, પરંતુ મૃતાત્માની અંતિમ વિધિ 'પરજાણવિધિ' તરીકે એક વિધિ આ જાતિમાં કરવામાં આવે છે. જેને 'શ્રાદ્ધવિધિ' તરીકે ગણાવી શકાય. આ વિધિ જે તે કુળના બધાં સગાઓ મળી 'સામૂહિક શ્રાદ્ધ વિધિ' કરે છે. આ વિધિ દર બીજા કે ત્રીજા વર્ષે ગાંઠણ પાડી નકકી કરેલા દિવસે નકકી કરેલી જગ્યાએ સમૂહમાં મળી વિધિ કરે છે. આ વિધિ બ્રાહ્મણ દ્વારા કરવામાં આવે છે. પ્રથમના સમયમાં ભગત આ વિધિ કરતો હતો. હવે બ્રાહ્મણ કરે છે. જે દિવસે 'ગાંઠણ' પાડી હોય અને જેટલા દિવસનું નકકી થયું હોય એટલા દિવસ ઘરની સ્ત્રી મૃતાત્માની યાદમાં સાંજ-સવાર ઘરની પાંખરમાં, ખળીમાં બેસી 'છેડો વાળતી' અને છેલ્લા દિવસે બધી ગાંઠો છોડી દઈ નકકી કરેલી જગ્યાએ સ્ત્રી-પુરુષ પહોંચી આ વિધિ કરીને મરનાર વ્યક્તિ સાથેનો સમૂળગો નાતો તોડી નાંખે છે. આ તો થઈ 'મૃત્યુની વિધિ. હવે આવા મૃત્યુ વિષયક એમની કોઈ સંસ્કારિતા છે કે નહીં તે તપાસીએ.

પ્રાચીન સમયમાં રાજાશાહી સમાજમાં રાજા મહારાજાઓ મૃત્યુ પામતા ત્યારે મરશિયા કે રાજિયા ગાવાની પરંપરા હતી. આવા મરશિયા ગાવાની પરંપરા આ જાતિમાં તો દેખાતી નથી. પરંતુ મરનાર વ્યક્તિના નજીકનાં સ્વજનો એકલા એકલા ઊર્મિમય, શાંતબધ્ધ ભાવવાહી કહી શકાય એવા રાગો છેડે છે.

આપણે ત્યાં છેલ્લા પાંચેક હજાર વર્ષથી આવા શોકગાનનો મહિમા આકાર પામેલો દેખાય છે તેની પ્રતીતિ મહાભારતમાં અભિમન્યુના મૃત્યુ સમયે ઉત્તરાના ઉદ્‌ગારોમાં આવા શોકમય પડઘો સંભળાય છે. એજ રીતે રામાયણના પ્રસિધ્ધ શ્લોક કે જે કૌંચવધ વખતે વાલ્મિકીનો સહજ ઉદ્‌ગારરૂપે ‘મા નિષાદ!’ એવું નીકળે છે જેની પ્રતીતિ રામાયણના શ્લોકરૂપે આકાર પામી છે તો શિષ્ટ સંસ્કૃતમાં કાલિદાસે ‘રઘુવંશ’ માં ‘અજવિલાપ’ના વર્ણનમાં કરી છે. ‘કુમારસંભવ’માં પણ કાલિદાસે રતિવિલાપ વર્ણવીને શોકમગ્ન ભાવ આલેખ્યો છે તો જગન્નાથે પણ પતિનો વિલાપ યોજીને શોકમય ભાવ પ્રગટાવ્યો છે તો અંગ્રેજી સાહિત્યમાં પણ આવા એલેજીનું સ્થાન છે. જેનું ઉત્તમ ઉદા. મિલ્ટાનું ‘સિસિટડાસ’ અને ટેનિસનું ‘ઈન-મેમોરિયલ’નું કરુણ ગાનના પ્રસિધ્ધ ઉદગારો છે. આ જાતિમાં આવા કોઈ પ્રખ્યાત કે જાણીતા મરશિયા ગવાતાં જોવા મળ્યાં નથી. પરંતુ એમના લોકજીવનમાં વણાયેલા કેટલાક ભાવ સંસ્કારોનું સિંચન એમના કરુણ ઉદ્‌ગારોમાં અનુભવી શકાય છે. જો મનુષ્યને કોઈ પ્રકારનો ઊંડો શોક લાગ્યો હોય એ શોકને જયાં સુધી કોઈપણ પ્રકારે વ્યક્ત ન કરે તો તે માનસિક રોગનો ભોગ પણ બની શકે તેથી ગળે ભરાયેલા ડૂમાને મુકત મને વ્યક્ત કરી મનનો શોક/ભાર ઓછો કરી નાંખે છે.

આ જાતિમાં સૌરાષ્ટ્ર, ગુજરાત કે કચ્છ જેવા મરશિયા કે રાજિયા/છાજિયા ગવાતાં નથી. પરંતુ મરનાર પુત્ર હોય તો માતા પુત્રની યાદમાં એનો ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યની કેટલીક કલ્પનાઓ કરી આવનારી પળ કેવી રીતે ગુજારશે તેને આલેખીને મુક્ત અવાજે લયમાં ‘છેડોવાળે’ છે- જેમકે-

'ઓ દીકરા માણો કાં જાયને બઠો ઉઈ રે ! દીકરા

દીકરો માણો કાં ખાય ને રઈ-થુઈ રા ! દીકરા

દીકરો માણો એકલો પડી ગો..રા.. દીકરા

દીકરા મા કુંણ ખાવાડી રા... દીકરા, આદિ.

સંસાર જીવનમાં વિભિન્ન ભાવો જીવી ગયા અને જીવવાના હતા એ બધાં જ ભાવને શબ્દદેહે મૂકીને સ્વજન પોતાની લાગણી પોતાના આપ્તજન પ્રત્યે કેવા પ્રકારની હતી અને પોતાનું સ્વજન કેવું હતું આદિ અનેક સારા-માઠા ભાવોને ગૂંથી, સ્વજનના જવાથી જે ખોટ સાલે છે તેને શબ્દો વડે ગૂંથીને રડે છે. સાંભળનારા તથા સ્વજનોને પણ હૈયે લાગી જાય એવો ભાવ રેલાવે છે. મોટેભાગે મરનાર જુવાન કે ઘરડું છે તે પણ આવા શબ્દોમાંથી જ કળી શકાય છે. આમ સ્વજનના જવાથી જીવનમાં કેવી મુશ્કેલી આવશે એ મુશ્કેલીમાંથી કેવી રીતે બહાર નીકળી શકાશે? એવા-એવા અનેક ભાવોને યાદ કરીને 'છેડો' વાળવાની પરંપરા આજે પણ જોવા મળી છે.

આ ઉપરાંત વાર-તહેવારે મૃતકને યાદ કરી પોતાનાં દુ:ખી આત્માને સાંત્વના આપવાનું કામ પણ આવા કરુણભાવ દ્વારા વ્યક્ત કરાતું આજે પણ જોવા મળે છે. પહેલાનાં સમયમાં વહેલી પરોઢે પોતાના પુત્રની યાદમાં 'છેડો' વાળતી માતા અનેકના આત્માને ખળભળાવી મૂકે છે. જો કે આજની બદલાયેલી પરિસ્થિતિમાં આવી પરંપરાઓ ધીમે-ધીમે લુપ્ત થતી જાય છે. આજે માત્ર લોક દેખાડો જ રહ્યો છે. હવે સમયના અભાવે કે કામના લોભે બધું જ ટૂંકું અને મર્યાદિત બનતું જાય છે. નર્મદના સમયમાં જેમ મૃત્યુ પાછળ રોવા કૂટવાની જે ઘેલાઈ હતી તે હવે શાંતિમય પળોમાં ફેરવાયેલી જોવા મળે છે. મૃતકના આત્માને શાંતિ અર્થે મૌન-પ્રાર્થના કરી સંસ્કાર પૂર્ણ કરાય છે.

આજે બદલાયેલા રુખ પ્રમાણે મરનારના ઘરે સાંજે ગામ લોકો ભેગા મળી ભજન મંડળ બેસાડવામાં આવે છે અને ગાનારાઓ મૃતકના આત્માને ધ્યાનમાં રાખી શોકનાં ભજન કીર્તનો કરે છે. જેમાં નીચે મુજબનાં ભજનો ગવાય છે.

'ક્યાં જઈ રહેશો રાત, જીવ તમો,

ક્યાં જઈ રહેશો રાત...

પહેલો વિસામો ઘરમાં કર્યો,

બીજો ઝાંપાની બહાર.

ત્રીજો વિસામો ગામ ગોંદરે,

ચોથો વિસામો મસાણ.

બાર/તેર દિવસ તારી યાદ રોશે,

પળમાં ભૂલી જાશે,

જીવ તમો ક્યાં જઈ રહેશો રાત...'

ઉપરોક્ત ભજન વડે એવો ભાવ દર્શાવાયો છે જેમાં વ્યક્તિના મૃત્યુ પછી આત્માને રહેવાનો વાસ મળતો નથી, આત્માને ચાર જણ ઉપાડી ચંદન-લાકડા વડે બાળી દેશે જેથી તેના વિરહમાં માતા-પિતા ઘરમાં, બહેન બજારમાં, અને ભાઈ હિમારમાં (ખેતરમાં) રુદન કરે છે. આવા આત્માનું ચોથા વિસામે જીવતરનો સઘળો ભાર મૂકી સદાને માટે અદશ્ય થઈ જતો વર્ણવ્યો છે.

તો બીજા એક ભજનમાં સંસારના બધા આનંદને કોરે (ઠેકાણે) મૂકી, આવ્યા હતા તેવા જ ફરી જાવું પડશે એ ભાવ પણ સુંદર રીતે ગવાયો છે જેમકે-

'સુખી દેખી શું હરખાવું હો મનવા

આવ્યા તેવા ઊડી જવું...

જ્યાં અઘરણી ત્યાં થઈ વરસી

હાસ્ય ત્યાં કકળાવું. (રુદન)'

કહેવાયું છે કે જીવન જીવવા માટે ભગવાને મોકલ્યો તો છે પણ બધું ભેગું કરી ન

રહે ત્યાં મૃત્યુ આવી જાય છે. તેથી જ તો આત્માને વિનવે કે બધું અહીં જ રહી જાશે અને ખાલી હાથે જ પાછા વળવું પડશે. આવા અનેક આત્માના સુખ-દુ:ખનાં ભજન કીર્તનો ગવાય છે.

આ ઉપરાંત હાલમાં ગામની બહેનો પણ મરનાર આત્માના શાંતિ અર્થે કારુણ્યથી સભર એવાં ભજનો ગાય છે. જેમાં જીવન દરમ્યાન જો આપણે કોઈના સારાવાના કર્યા હોય તો મૃત્યુ પછી સ્વર્ગમાં સુખ શાંતિ મળી શકશે એ ભાવ દર્શાવતાં ઘણાં ભજનો ગવાય છે જેવા કે-

૧. ‘હવે તો તરસ લાગી રે રામ,
સ્વર્ગમાં તો ઝાઝેરા પાણી રે રામ.
દરવાજે માયરા તાળા રે રામ,
કોઈને એક દિન પાણી પાયા હોય તો પીઓ રે રામ,
કોઈને એક દિન ભોજન કરાવ્યા હોય તો,
કરો રે રામ.’

૨. ‘વનમાં મેલી મને એકલી રે વણઝારા,
આજના દાતણિયા કોણ આપશે રે વણઝારા.
મે તો સપને ના જોયું રે હુ તો એકલી વણઝારા.’

૩. ‘આવ્યો કૃષ્ણનો કાગળ,
કાગળ પાછો ના વળે.
આવ્યું રામનું વિમાન,
એમાં બેસીને જવાય
જરાક ઊભા રહો તો દીવા કરી આવું,
આખી જિંદગી વહી ગઈ જીવન?
ફુરસદના મળે.’

૪. ‘જીવનું જતન કરી લે શિવનું જતન કરી લે

જાતાં જાતાં રે જીવને જોખમ લાગશે.

રસ્તે જતાં રે અંધારું આવશે

રસ્તે જતાં રે કાંટા હો આવશે

દીવડો સાથે લઈ લેજો, જાતાં જાતાં રે જીવને....’

આમ ઉપરોક્ત ભજનો વડે સંસારમાં આવ્યા પછી એક દિવસ આ સંસારને છોડી જવું પડશે ત્યારે કેવી કેવી વિપત્તિ કે વેદના આવશે તેના માટે પહેલેથી જ બધી તૈયારી કરી લેવાનું અને આવનાર પરિસ્થિતિને સાચવી લેવાની વિનંતી આવાં ભજનો વડે જીવાત્માને કરવામાં આવી છે. સંસારમાં પુણ્ય ન કરશું તો આત્મા નરકમાં જશે અને નરકના કીડા તરીકે ખદબદવું પડશે એવી ભાવના પણ આડકતરી રીતે કહેવાયી છે.

આમ સંસ્કારોની દૃષ્ટિએ જોઈએ તો જન્મ, લગ્ન અને મૃત્યુ એ ત્રણ સંસ્કારો આ જાતિમાં મુખ્યત્વે જોવા મળ્યા છે. આ જાતિનાં લોકો ગભરૂ અને આદર્શ, સન્માન કરનારા અને મોટેભાગે જંગલોમાં રહેતા હોવાથી શિક્ષણ મૂલ્યતા ઓછી હોવાથી શાસ્ત્રોકત પ્રકારના સંસ્કારોનું સિંચન ન થતાં એમના પોતાના કેટલાક સમાજઉપયોગી જીવન સંદર્ભને પહોંચી વળવા માટે ઉદ્દેશ વિહિન એવા કેટલાક સંસ્કાર મૂલ્યો પ્રાચીન સમયથી જળવાતા આવ્યા છે. આજે થોડા પરિવર્તનને કારણે શિષ્ટ પ્રકારના કેટલાંક સંસ્કારો અપનાવેલા જરૂર જણાય છે. પહેલા દારૂ-તાડીનાં વ્યસનમાં ગળાડૂબ રહી જંગલી સંસ્કારો અપનાવતા તેના બદલે હવે વ્યસનનો સાચો ખ્યાલ આવતા અને શિક્ષણના સહકારથી ધીમે ધીમે આધ્યાત્મિક સંસ્કારો તરફ વળતા આજે આ પ્રજા પણ મૂલ્યનિષ્ઠ પ્રજા તરીકે ઊભરી આવેલી જોવા મળી છે. આજે અન્ય જાતિની જેમ શિષ્ટ સંસ્કારો અપનાવતી આદિવાસી જાતિમાં પણ શિષ્ટ સંસ્કારોનું ઘણું સામ્ય જોવા મળ્યું છે. આ જાતિમાં પણ કેટલાક સંસ્કારો ફરજિયાત બનાવાતા માનવજાતિના ચારિત્ર્ય અને આદર્શો આદિમાં ઘણો બદલાવ આવ્યો છે. આવી સંસ્કારિતાને કારણે જ આજે આદિમાનવ આટલે સુધી પ્રગતિ કરી શકયો છે.

# સંદર્ભસૂચિ


૧. જોષી ઉમાશંકર, કાલેલકર ગ્રંથાવલી ભાગ-૫. સંપાદન-સુંદરમ્, પૃ.૯

૨. ડો. શાહ જે.એમ. 'ભારતીય સંસ્કૃતિ' પૃ.૨.

૩. પરીખ પ્રવીણચંદ્ર ચિ., જ્ઞાન ગંગોત્રી ગ્રંથ શ્રેણી-૨૨ ભારતદર્શન-૧ (આદિયુગ), પૃ.૫

૪. ડો. શાહ, એ.જી. જે.કે.દવે, સામાન્ય સમાજશાસ્ત્ર- પૃ.૬૬

૫. મનુસ્મૃતિ: અધ્યાય-૪, શ્લોક-૧૨

૬. એજન, અધ્યાય-૩, શ્લોક ૪૫

૭. આશ્વલાયન: અધ્યાય-૨ અને ૩ ખંડ-૧૨, શ્લોક ૯થી૧૨.

૮. छन्द्वोग्योपनि, અધ્યાય ૭થી૧૦, મંત્ર- ૨,૩,૪, પૃ.૨૬.

૯. આશ્વાલાયન, ગૃહસૂકત- કાંડ-૨૫, સૂકત-૨

૧૦. યજુર્વેદ, અધ્યાય-૮, મંત્ર ૨૮.

૧૧. પારસ્કર ગૃહસૂકત- કાંડ-૧, મંત્ર ૧૭

૧૨. પારસ્કર ગૃહસૂકત- કાંડ-૧, કંડિકા-૧૭

૧૩. એજન- કાંડ-૧, સૂકત-૫

૧૪. પારસ્કર- કાંડ-૨, કંડિકા-૨૦

૧૫. આશ્વાલાયન: અધ્યાય-૧, સૂકત ૧૪

૧૬. યજુર્વેદ: અધ્યાય-૧૩, મંત્ર-૫.

૧૭. યજુર્વેદ: અધ્યાય ૧૧,૧૨, મંત્ર ૮૭

૧૮. પારસ્કર ગૃહ સૂકત: કાંડ-૨, મંત્ર-૩.

૧૯. અથર્વવેદ: કાંડ-૬, સૂકત-૬૮.

૨૦. યજુર્વેદ: અધ્યાય-૩, મંત્ર-૬૨.

૨૧. ઋગ્વેદ: મંત્ર-૧, સૂક્ત-૮૯.

૨૨. એજન,

૨૩. આશ્વવેદ: અધ્યાય-૧૯, મંત્ર-૧

૨૪. मनुस्मृतिः અધ્યાય-૨, મંત્ર-૨૭

૨૫. ઋગ્વેદ:- મંત્ર-૭, સૂક્ત ૭૯

૨૬. આંબલીયા પુષ્પાબેન, લેઉવા પટેલનાં સંસ્કાર ગીતો એક અધ્યયન: અપ્રગટ, પૃ.૩૭૨

૨૭. સામવેદ: ખંડ-૭, મંત્ર-૫.

૨૮. યજુર્વેદ અધ્યાય-૧૯, મંત્ર-૨૬

૨૯. मनुस्मृतिः અધ્યાય-૯, વિવાહ સંસ્કાર

૩૦. એજન.

૩૧. એજન.

૩૨. 'ભારતીય પ્રાચીન સંસ્કૃતિ', પ્રથમ આવૃત્તિ, પૃ.૪૩૪, ૪૩૫, ૪૩૬.

૩૩. એજન, પૃ.૪૩૭.

૩૪/૩૫. એજન, પૃ.૪૩૮.

૩૬. એજન, પૃ.૪૩૯, ૪૪૦, ૪૪૧.

૩૭. પ્રા. શેતલ ભારતીબેન, 'ભારતીય સંસ્કાર', પ્ર.આ. ૧૯૮૩, પૃ.૬૪, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

૩૮. એજન.

૩૯. માહિતીદાતા પટેલ રવલીબેન નગીનભાઈ, ગામ-પોંકડાં તા.ચીખલી, જિ.નવસારી, ઉંમર ૬૮.

૪૦. એજન.

૪૧. માહિતીદાતા-પટેલ કાન્તાબેન મકનભાઈ, ગામ-નિહાલી, તા.મહુવા, જિ.સુરત, ઉંમર-૫૮.

૪૨. લગ્નવિધિની માહિતી આપનાર :

૧. પટેલ મણીબેન સુરજીભાઈ, ગામ-સરૈયા, ઉંમર ૬૧ વર્ષ

૨. પટેલ ધીરુભાઈ સુરજીભાઈ, ગામ-સરૈયા, ઉંમર ૬૦ વર્ષ

૩. પટેલ ભીખાભાઈ મોહનભાઈ, ગામ-પોંકડાં, ઉંમર ૬૮

૪. પટેલ છીબાભાઈ દેવાભાઈ, ગામ-પોંકડાં, ઉંમર ૬૪

૫. પટેલ સવિતાબેન મોહનભાઈ, ગામ-પોંકડાં, ઉંમર ૬૨

૬. પટેલ ગુલાબભાઈ મોતીભાઈ, ગામ-કરાયા, ઉંમર ૬૯

૭. પટેલ કેશુરભાઈ રઘાભાઈ, ગામ-કરાયા, ઉંમર ૭૨

૮. પટેલ છોટુભાઈ, ગામ-કરાયા, ઉંમર ૭૩

૯. પટેલ મોતીભાઈ કમચાભાઈ, ગામ-અલગટ, ઉંમર ૭૫

૧૦. પટેલ બાલીબેન છાંયલાભાઈ, ગામ-રેઠવાણિયા, ઉંમર ૭૪

૪૩. લગ્નગીતોની માહિતી આપનાર

૧. પટેલ ઈચ્છાબેન ગમનભાઈ, ગામ-પોંકડાં, જિ. નવસારી

૨. પટેલ ઊર્મિલાબેન નટુભાઈ, ગામ-પોંકડાં, જિ. નવસારી

૩. પટેલ સુરેખાબેન ગોપાળભાઈ, ગામ-પોંકડાં, જિ. નવસારી

૪. પટેલ તારાબેન રમણભાઈ, ગામ-પોંકડાં, જિ. નવસારી

૫. પટેલ શારદાબેન મોહનભાઈ, ગામ-પોંકડાં, જિ. નવસારી

૬. પટેલ કાન્તાબેન મકનભાઈ, ગામ-નિહાલી, જિ. સુરત

૭. પટેલ ગલીબેન મદારભાઈ, ગામ-નિહાલી, જિ. સુરત

૮. પટેલ શાંતાબેન બાબુભાઈ, ગામ-નિહાલી, જિ. સુરત

૯. પટેલ પાલીબેન દેવજીભાઈ, ગામ-કરાયા, જિ. વલસાડ, ઉંમર ૭૦ વર્ષ

૧૦. પટેલ રાધાબેન ભગવાનભાઈ, ગામ-કરાયા, જિ. વલસાડ, ઉંમર ૪૫ વર્ષ

૧૧. પટેલ રમીલાબેન વિજયભાઈ, ગામ-કરાયા, જિ. વલસાડ, ઉંમર ૪૩ વર્ષ

૧૨. પટેલ કૈલાસબેન વિનોદભાઈ, ગામ-કરાયા, જિ. વલસાડ, ઉંમર ૪૧ વર્ષ

૧૩. પટેલ મીરાંબેન રાજેશભાઈ, ગામ-કરાયા, જિ. વલસાડ, ઉંમર ૩૯ વર્ષ

૧૪. પટેલ મધુબેન પ્રવીણભાઈ, ગામ-કરાયા, જિ. વલસાડ, ૪૧ વર્ષ

૧૫. સુમિત્રાબેન ભૂપેન્દ્રભાઈ, ગામ-કરાયા, જિ. વલસાડ, ઉંમર ૪૦ વર્ષ

૪૪. મૃત્યુવિષયક માહિતી આપનાર :

૧. પટેલ ભીખાભાઈ મોહનભાઈ, ગામ-પોંકડાં, જિ. નવસારી, ઉંમર ૬૮ વર્ષ

૨. સ્વ. છીબાભાઈ દેવાભાઈ, ગામ-પોંકડાં, જિ. નવસારી, ઉંમર ૬૪ વર્ષ

૩. પટેલ મંછારામ નારાણભાઈ, ગામ-બારતાડ, જિ. સુરત, ઉંમર ૭૨ વર્ષ

૪. પટેલ મોતીભાઈ કમચાભાઈ, ગામ-અલગટ, જિ. તાપી, ઉંમર ૭૫ વર્ષ

૫. પટેલ ગુલાબભાઈ મોતીભાઈ, ગામ-કરાયા, જિ. વલસાડ, ૬૯ વર્ષ

૬. પટેલ કેશુરભાઈ રધાભાઈ, ગામ-કરાયા, જિ. વલસાડ, ઉંમર ૭૨ વર્ષ

૭. પટેલ છોટુભાઈ, ગામ-કરાયા, જિ. વલસાડ, ઉંમર ૭૩ વર્ષ

# પ્રકરણ-૭

# દક્ષિણ ગુજરાતના ધોડિયા જાતિનાં સંસ્કારગીતો: વિવિધ પરિપ્રેક્ષ્ય


૭.૧ ધોડિયા જાતિનાં સંસ્કારગીતોમાં આલેખાયેલ સમાજજીવન

૭.૨ ધોડિયા જાતિનાં સંસ્કારગીતોમાં કલ્પન અને પ્રતીક

૭.૩ ધોડિયા જાતિનાં સંસ્કારગીતોમાં પ્રકૃતિસૌંદર્ય

૭.૪ ધોડિયા જાતિનાં સંસ્કારગીતોમાં નિરૂપિત લોકસૃષ્ટિ

૭.૫ ધોડિયા જાતિનાં સંસ્કારગીતોની દેવસૃષ્ટિ

# પ્રકરણ-૭

# દક્ષિણ ગુજરાતના ધોડિયા જાતિનાં સંસ્કારગીતો: વિવિધ પરિપ્રેક્ષ્ય

ગુફામાંથી નીકળી મેદાનોમાં કે પહાડોમાં વસેલો માનવી ઘર બાંધી આજે બ્રહ્માંડનો પ્રવાસી બન્યો છે. આવો પૃથ્વીનો પ્રવાસી બનેલો માનવી માનવ સમાજમાં રહીને વિવિધ સંસ્કારો કેળવીને પ્રગતિશીલ બન્યો છે. આવા વિવિધ સંસ્કારોથી પૂર્ણ બનેલા ભારતીય સમાજમાં પણ વિવિધ સંસ્કૃતિ રચાયેલી જોવા મળી છે.

ભારતીય હિંદુ સંસ્કૃતિમાં 'સંસ્કારો' પણ અત્યંત વિશિષ્ટ અને મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. જન્મથી માંડીને મૃત્યુ સુધી તેમનું સંપૂર્ણજીવન વિભિન્ન સંસ્કારોથી પવિત્ર થતું રહ્યું છે. દરેક જાતિઓમાં એમની પરંપરા અનુસાર વિવિધ સંસ્કારો અસ્તિત્ત્વ ધરાવે છે. આવા સંસ્કારો જે તે લોક-સમાજની ભૌગોલિકતા, સામજિકતા, આર્થિકતા, ધાર્મિકતા કે એમની જ્ઞાન-કલા આદિની ખેવનાને આધારિત વિકસતી રહી છે.

આ જાતિની સંસ્કૃતિ પણ પ્રાચીન સંસ્કૃતિની જેમ નદી કિનારેની સાથે-સાથે પર્વત, ડુંગરાળ અને વન્ય જંગલોની લોકસંસ્કૃતિ રહી છે. નાનાં-નાનાં ગામોમાં વસેલી આ લોકસંસ્કૃતિના સંસ્કારો પણ વર્તમાન યંત્રયુગના ચળકાટને કારણે ધીમે ધીમે બદલાતા જાય છે. આવા કર્તવ્યબોધ કરાવનાર વિવિધ સંસ્કારોની પાછળ ધાર્મિક પવિત્રતા, કર્તવ્યનિષ્ઠા તેમજ વ્યક્તિગત જીવનની સાર્થકતાનો પણ શ્રેષ્ઠતમ આશય રહેલો છે.

લોકસંસ્કૃતિ એ કેવળ મનુષ્યજાતિની જ એક વિશિષ્ટતા છે. આવી સંસ્કૃતિ સાથે જોડાયેલા એમના લોકસંસ્કારોમાં રૂઢિ, રીત-રિવાજ, લૌકિક પરંપરા, ધર્મ, સામાજિક વિધિવિધાનો, તેમજ એમની કેટલીક વ્યવસ્થાઓને સમાવી શકાય છે. આમ તો આ જાતિ અન્ય આદિવાસી જાતિ કરતાં થોડી વધારે પરિવર્તન પામેલી જાતિ છે. શિક્ષણ, શહેરી વ્યવસાય અને અન્ય ઉચ્ચલોક જાતિના સતત સંપર્કને કારણે એમના લોકસંસ્કારો પણ વધારે પરિવર્તિત રહ્યા છે. છતાં જન્મ, લગ્ન અને લગ્નની પરંપરામાં થોડું જૂનું વલણ દેખાઈ છે.

આ જાતિમાં દેખાતા સંસ્કારો પાછળ કેટલાક મહત્ત્વના કહી શકાય એવાં કારણો જોવા મળ્યાં છે. જેમકે રાજકીય પરિસ્થિતિ પહેલાંના સમયમાં સારી ન હતી. ગરીબ પ્રજાતિએ શાહુકારોના નીચે પોતાનું જીવન જીવવાનું હોવાથી એમનું ખૂબ શોષણ કરવામાં આવતું જેથી કરીને આ લોકો પોતાની સ્વતંત્ર પ્રગતિ સાધી ન શકયા અને જોઈએ તેવું જીવનધોરણ અપનાવી ન શકયા એટલે આજુબાજુની વિચરતી જાતિના સંપર્કમાં આવી એમના જેવા કેટલાક સંસ્કારો એમણે પોતાના જીવનમાં વિકસાવ્યા. જેવા કે, જન્મ પછીના પાંચમા દિવસે 'પાંચોરો પૂજન'ની સંસ્કારિતા આજે પણ જોવા મળે છે. આ પછી બાળકની નામકરણની સંસ્કારિતા પણ જોવા મળી છે. ત્યારબાદ લગ્ન અને મૃત્યુ જેવા સંસ્કારો આજે પણ પ્રથમની પરંપરા પ્રમાણે ચાલતા જોવા મળે છે. કેટલાક સંસ્કારોમાં સમયની સાથે પરિવર્તન અચૂક થયું છે. પરંતુ વિધિની પરંપરા હજુ પ્રાચીન જ જોવા મળી છે.

આ સિવાય સમાજજીવનમાં પણ મહત્ત્વની કહી શકાય એવી કેટલીક બાબતો, કેટલાક નીતિ સંસ્કારો આજે પણ જોવા મળે છે. સસરા-જેઠ સાથે એક સ્થાનકે ન બેસવાની સંસ્કારિતા આજે પણ છે. કુંવારીકા કન્યાને ચોખા ન ચોડવાની સંસ્કારિતા પણ આજે રહી છે તો જીવનમાં માતા-પિતાનું 'વાવલું' જમીન કાઢીને જેતે દીકરા સાથે માતા-પિતાના ભરણપોષણની સંસ્કારિતા પણ અચૂક દેખાય છે.

મૃત્યુ પ્રસંગે સામૂહિક શ્રાદ્ધની પરંપરા પણ છે આજે પણ 'પરજાણવિધિ' દર ત્રીજા વર્ષે એક જ કુળના લોકો સામૂહિક રીતે કરે છે. એવી રીતે સામૂહિક ભોજન, સામૂહિક નૃત્ય, એક કુળ લગ્નનો નિષેધ આદિ વિવિધ પ્રકારની સંસ્કૃતિ આજે પણ જોવા મળે છે. લગ્નમાં જૂની પરંપરા ફરી પાછી આવતી જાય છે. નૃત્યમાં 'તૂર'ની પરંપરા જે હતી તે ફરી પાછી આવતી જાય છે.  આજે આધુનિક યાંત્રિક સંગીતની માત્રામાં આપણું જૂનું વાંજિત્ર વધારે આનંદ આપનારું રહ્યું છે. આવા લોકોના સંસ્કારો કાયમ માટે ટકે એવી ભાવના સાથે.

## ૭.૧ ધોડિયા જાતિનાં સંસ્કારગીતોમાં આલેખાયેલ સમાજજીવન

લોકસાહિત્ય એ લોકજીવનનો આયનો છે એ જ આયના વડે લોકજીવનને માણવાની કે જોવાની આગવી વિશિષ્ટતા લોકસાહિત્યમાં પડેલી છે. લોકસાહિત્ય લોકોની નાડીનો ધબકાર છે. લોકજીવનના બૃહદ્ હૃદયનાં સ્પંદનો અને લોક માનસનાં વિવિધ સંવેદનો લોકસાહિત્યમાં પ્રધાન પણે ઝીલાતાં આવ્યાં છે. પછી એ લિખિત પરંપરાનું સાહિત્ય હોય, કે કંઠય પરંપરાનું સાહિત્ય હોય લોકસાહિત્ય જ લોકસમાજનું સાચું અંગ છે. જન સામાન્યના જીવનમાં જે કંઈ જીવન વિષયક સુખદુ:ખ છે, હર્ષોલ્લાસ-વેદના, વાસ્તવિકતા કે આદર્શ છે, સંતોષ-અસંતોષ છે, આશા-નિરાશા છે, ઈચ્છા-અનિચ્છા છે. આ સર્વસ્વ જ લોકસાહિત્યમાં કશા જ ભારણ વગર સીધે-સીધું અને જેવું છે તેવું જ આલેખાતું રહ્યું છે. તેથી જ તો આજે પણ લોકસાહિત્ય એટલું જ પ્રશંસનીય રહ્યું છે.

લોકસાહિત્ય તો છે લોકહૃદયનો સીધો ઉદ્ગાર! એની પાસે શિષ્ટ સાહિત્યની જેમ ધારાધોરણની ચારણી કે ગારણી નથી, જેવું છે તેવું જ કશાયે છોછ વિનાનું, વાસ્તવિક અને ખુલ્લું જ આલેખન થયું છે. જેવો લોકસંસાર છે. એવા જ લોકસંસારનું નગ્ન સ્વરૂપ ગીતો કે કથા સ્વરૂપે આવે છે. આવા લોકસાહિત્યમાં કેન્દ્રસ્થાને આપણો સમાજ કે લોકસંસાર છે. સંસારજીવનમાં જન્મથી માંડીને મૃત્યુ સુધીના જીવન દરમ્યાન બનતી તમામ નાની-મોટી પ્રત્યક્ષ-પરોક્ષ, સૂક્ષ્મ-સ્થૂળ, સારી-નરસી, હર્ષ-શોક, પ્રેમ-તિરસ્કાર સર્વેનો સરવાળો લોકગીતો વડે ઠલવાતો દેખાય છે. આવી સમ-વિષમ ભાવનાની તસ્વીર લોકગીતોના કે સંસ્કારગીતોના માધ્યમ દ્વારા સમાજમાં આલેખાય છે અને એ સાહિત્યનો નાયક-નાયિકા બને છે, તે સમાજના જનો. સમાજજીવનમાં એકબીજા સાથે જોડાયેલા તમામ સંબંધોનો પુંજ આવાં ગીતોમાં ગવાતો આવ્યો છે.

વ્યક્તિ અને સમાજ સમષ્ટિનો પારસ્પરિક સંબંધ અને એમાંથી નિર્માણ પામતી પરિસ્થિતિ અને જીવનનો આલેખ એટલે સંસાર. આવા સંસારમાં દરેક વ્યક્તિ કે જે તે

સમાજનું પોતાનું એક આગવું વિશ્વ હોય છે. પછી એ અંગત હોય કે સામૂહિક હોય દરેક વ્યક્તિ સમાજ અને કુટુંબ સાથે સંકળાયેલી હોય છે. આવા કુટુંબના માળખાને પણ એમણે લોકગીતોમાં આલેખ્યાં છે. કુટુંબના માળખામાં રહીને જ વ્યક્તિ પુત્ર, પુત્રી, માતા-પિતા, ભાઈ-ભાભી, કાકા-કાકી, નણંદ-ભોજાઈ, સાસુ-સસરા, જેઠ-જેઠાણી, દેર-દેરાણી, મામા-મામી, ફોઈ-ફુઆ, માસા-માસી, પતિ-પત્ની તરીકેના સંબંધોથી જોડાઈને સમાજના-સંસારના તરેહ-તરેહના સંબંધો નિભાવવાના હોવાથી આવા ભાવ સંબંધો વચ્ચે પણ પોતાની અંગત ઈચ્છાઓ જરૂરિયાતો સંતોષવી પડે છે. જો કે આમ કરવું સહેલું તો નથી. એમાં કેટલાયે સ્વમાનોનો, વૈયક્તિતાનો, અંગતતાનો ત્યાગ કરવો પડે છે. અને કયાંક હસતા, રડતા, સામનો કરતા કે અણગમો વ્યક્ત કરતાં આવી અવનવી પ્રતિક્રિયાઓને જુદા જુદા ભાવોમાં ઢાળીને આપણાં સંસ્કારગીતો રચાયાં હશે? આવાં સંસ્કારગીતોમાં સંસારજીવન કે સમાજનું દર્શન અવશ્ય દેખા દે છે.

સમાજજીવનના કેન્દ્રમાં મુખ્યત્વે ત્રણ સંસ્કારો અતિ મહત્ત્વનાં બન્યાં છે. જન્મ, લગ્ન અને મૃત્યુ આ ત્રણેને વ્યક્ત કરતું અઢળક સાહિત્ય આપણા લોકસમાજમાં લિખિત તથા અલિખિતરૂપે પથરાયેલું પડયું છે. આ ત્રણ સંસ્કારોમાંનો શ્રેષ્ઠ સંસ્કાર એટલે લગ્ન. કુટુંબજીવનનું કેન્દ્ર તે લગ્ન. જાતીય આકર્ષણ અને સમાજમાં પરસ્પરની અનિવાર્યતાને કારણે થતાં અનેક આકર્ષણોમાંથી આપણાં લોકગીતો સર્જાયાં છે.

આ જાતિનાં સંસ્કારગીતોમાં સૌ પ્રથમ બાળકના જન્મ પછી જન્મ વધાઈનાં ગીતો તો સાંભળવા મળ્યા નથી. પરંતુ જન્મના પાંચમા દિને 'પાંચેરો પૂજવાની' વિધિમાં ગામની આમંત્રિત બહેનો બાળકને કપડામાં સુવાડી ચાર સ્ત્રીઓ તેને ઝુલાવતાં નીચે પ્રમાણેનું જોડકણું ગાય છે.

'આય હાદે તે ધામધી આવીહ,
બાહો હાદે તે પળી જાય.'[૧]

ઉપરોક્ત ગીતમાં પણ માતા-પિતાના પાત્ર થકી એ સમાજની છબી દર્શાવી છે. પિતા કરતાં માતાનું સ્થાન ઊંચું દર્શાવાયું છે. માતાના બોલે બાળક દોડતું આવે અને પિતાના સાદે પડી જવાની વાત સૂચવે છે.

'હાલરડાં' માં પણ જે તે સમાજનું ચિત્ર, આલેખાયું છે. હાલરડાં ગાવાની પરંપરા મોટે ભાગે માતાના મુખે ગવાતાં હોય છે. પરંતુ આ સમાજમાં માતાની સાથે-સાથે સૌથી વધુ મીઠું હાલરડું બહેનના મુખે જ ગવાય છે. આખું જીવન શ્રમ કરનારી માતાને બાળકની લાલન-પાલન કરવાની પણ ફૂરસદ ઓછી હોવાથી મોટરાં બાળકના સથવારે નાના બાળકને મૂકી જતી અને મોટીબહેન નાના ભાઈને સાચવતી, રમાડતી તે વખતે આવું હાલરડું ગવાતું-

'ભાઈ સૂઈજા, સૂઈ જા,

બાવો આવે,

ઝભલાંને ટોપી તુણો મામો લાવે.'

'હા..હા..હા...લી...

ભાઈને તો નીંધલો આવે છે, હા..હા..લી.

ભાઈને તો જોયે છે ઘોડિયું રે હા..હા..લી.

ઘોડિયે તે બાંયધી ઢીંગલી રે હા..હા..લી.

ઢીંગલી એરી નિંધાય જાય રે.. હા..હા..લી.'

ઉપરોક્ત બંને ગીતોમાં ભાઈને સુવડાવતી બહેનનું ચિત્રાણ છે. સમાજમાં મોટાં ભાઈ કે બહેન જ નાનાં ભાઈ બહેનની સારસંભાળ રાખતા તેના સચોટ પુરાવા અહીં દેખાય છે.

આ ઉપરાંત કેટલાંક હાલરડાંમાં એ જાતિના લોકો હટવાડામાં જતાં અને નાનાં બાળકો માટે ખાવા-પીવાની ચીજો લઈ આવવાનું લોભમણો ભાવ દર્શાવતા તે પણ જોવા

મળે છે. સમાજના લોકો જીવન વ્યવહારની બધી વસ્તુઓ હટવાડામાંથી લાવતા અને જીવન નિર્વાહ કરતાં તેનું પણ સૂચન છે.

'લગ્ન' સંસ્કારમાં તરેહ તરેહનાં સમાજ જીવનને આલેખતા ભાવો આલેખાયેલા છે. કિશોરાવસ્થાના અંતની સાથે જ ભાવિ લગ્નનાં સ્વપ્નો આરંભાય છે. અને ત્યાંથી સંસારની માંડવણી થવા લાગે છે. સારો વર મળે અને આનંદદાયક જીવન જીવાય એ માટે અલૂણાવ્રત કરનારી કન્યાઓ ગાઈ ઊઠે છે કે,

'આજ તો રાંધુ કેવડિયો કંસાર

દુનિયાનો સંસાર

મારે વેઠવો!'[૨]

કન્યાના માનસમાં લગ્નેચ્છા અને ભાવિસંસારનું સ્વપ્ન અનોખું છે. સાસરાની અણદીઠેલી ભોમનું મીઠું મીઠું અદમ્ય આકર્ષણ છે ખરું પરંતુ પરાયા પ્રદેશમાં, પરાયા ઘરમાં, પરાયા કુટુંબમાં કેવું હશે એનો આછો ભય સતાવે છે. તે ઉપરોક્ત ગીતમાં વર્ણવાયો છે. આ જાતિના લોકો દીકરીને પારકી ગણી જે દુઃખ આપતી હતી તેનું આ આછું ચિત્ર છે. જો કે આજે એવો ભાવ નથી.

'સગાઈના ગીત'માં તે સમાજનું દર્શન છે. સૌપ્રથમ સાસુ-સસરા વર-કન્યાને જોઈ પછી વરની કે કન્યાની સંમતિથી સગાઈ કરવામાં આવતી તેનું પણ વર્ણન અનોખું છે. જેમકે,

'ગૂંદી શિરે રે રમતા ઊંતા રે,

સગા સસરાએ જોયા,

સસરા મોરા રે તમને બોજે તો,

વેવાર જોડજો રે.

નંઈ તો રેશું રે જન્મેના કુંવારા.'

સમાજમાં દીકરીને બપોરની વેળાએ ઝાડની છાયામાં રમતા દીઠી અને પોતાના પુત્ર માટેની માંગણી કરી ત્યારે દીકરી પોતાની મનની વાત સચોટ રીતે જાણાવી દે છે. આવા સમાજનું ચિત્ર અહીં ઉપસાવાયું છે.

'બેનનો સર્વે જનમનો ચાંદલો લેવાય ગયો રે,

જમાઈનો સર્વે જનમનો ચાંદલો રહી ગયો.'

આ ગીતમાં પણ એક આગવા સમાજનું ચિત્રણ છે. વર-કન્યા પોતાના પક્ષને ઊંચો રાખે છે અને જીવનમાં એક જ વાર લગ્નના તાંતણે બંધાતા જનમોજનમની પ્રીતને વર્ણવે છે.

'લેરી રા લેરી માણો, કેણો બાહો લેરી

લેરી રા લેરી માણો, મોહન બાહો લેરી

લાયખો ગજવામાં હાથ કાયઢી કોથળિયા ઈજોડ,

છોયડા કોથળિયાયા બંધ, તે તે કહાળિયામાં લાયખા,

તે તો દળીગ દેઈને બોયલા.'[૪]

સમાજમાં પહેલાના જમાનામાં વરપક્ષ તરફથી કન્યાપક્ષને અપાતા દહેજની પ્રથાને આલેખી છે. વરનો પિતા પૈસાદાર છે. સમાજમાં ઊંચું સ્થાન છે. જેથી કન્યાપક્ષને સારું દહેજ આપી શકે છે. આમ સમાજનું એક નજીવું દર્શન આ ગીતમાં કરાવ્યું છે. જો કે આજે આ પરંપરા લુપ્ત થઈ ગઈ છે. એક વિધિ અનુસાર પૈસા આપવાની રીતિ જોવા મળે છે.

દીકરી પરાણાવનાર પિતાનું સમાજમાં કેવું સ્થાન હતું, દીકરી માટે પિતા કેવા સ્વપ્ન સેવતો તેનું સમાજ ચિત્ર પણ અનોખું છે.

'પિતાએ મોગરો રોપ્યો છે બારણાં બાગમાં રે,

માતાએ પાણીલાં છીંપ્યા રે બેઠલાં બેડાએ રે,

એને ઉછેરતા લાગ્યો ઘણો વાર રે ફૂલની વેળાએ,

મોગરો સુકાઈ ગયો.'

દીકરીને લાડકોડથી ઉછેરનાર માતા-પિતાના જીવનમાં કેવી એકલતા સાલે છે. સમાજમાં માતા-પિતા એકલા પડી જાય છે અને ખરે ટાણે દીકરી લગ્ન કરીને ચાલી જાય છે. પોતાની ટેકણ લાકડીરૂપ કન્યા ચાલી જતા નિરાધાર મા-બાપનું ચિત્રણ આ જાતિના સમાજમાં કરાયું છે.

આ જાતિના સમાજમાં એક આગવી વિશેષતા લગ્નગીતો વડે એ જોવા મળી છે કે લગ્નની બધી જ વિધિની રાત્રીએ સાંજીનાં ગીતો ગવાય છે. સાંજીનાં ગીતોમાં પણ આ સમાજનું જ દર્શન થતું જોવા મળે છે. સમાજની એકતા કેવી છે તે આવાં ગીતો વડે જોઈ શકાય છે. લગ્નની ધમાલમાં બધું જ કામ કરવાનું હોવાથી આવાં કામો ગામ લોકો ભેગા મળીને ગીતો ગાતાં ગાતાં કરે છે.

આજે તો લગ્નની બધી જ સામગ્રી તૈયાર મળે છે. પરંતુ પહેલાંના સમયમાં આવું શકય  ન હતું ત્યારે લગ્નમાં જોઈતી બધી જ સામગ્રી ભેગી કરવા માટે લગ્નની રસોઈની તમામ વસ્તુઓની માવજત માટે પણ લોકો એકત્ર થઈને સાફ-સફાઈ કે ખાંડવું-દળવું એ તમામ પ્રક્રિયા સાથે રહીને કરતા એવા ભાવને આલેખતું આ ગીત-

'પાલેના ભાત કઢાવ મારી ઓઢણભરી
ટોપલીએ ભાત કઢાવ મારી ઓઢણભરી
ઉખળિએ ધાણ લખાવ મારી ઓઢણભરી
ખાંડણિયે ભાત ખંડાવ મારી ઓઢણભરી
સૂપડિયે ચોખા ઝાટક મારી ઓઢણભરી[૫]

રમીલાબેનની જાન જમાડ મારી ઓઢણભરી'

સમાજ એટલો અમીર ન હતો તેથી દીકરા-દીકરીના લગ્ન માટે અનાજનો સંગ્રહ કરવામાં આવતો અને યોગ્ય સંગ્રહ થતાં તેને કોઠી-પાલામાં ભરી રાખવામાં આવતું અને લગ્ન ટાણે તેનો ઉપયોગ કરાતો ત્યારે પણ લોકસમાજ આ કામમાં ઉપયોગી બનીને બધું કામ પૂર્ણ કરતા આવા એકતાવાળા સમાજનું દર્શન અહીં થાય છે.

મંડપનાં ગીતોમાં પણ તે સમાજનું એકતાભર્યુ વલણ આજે પણ દેખાય છે. જો કે આજે  તો તૈયાર મંડપ મળે છે તેથી પૈસાદાર લોકો તૈયાર મંડપ ઊભો કરી દે છે. પરંતુ એક જમાનો એવો હતો કે ગામના તમામ યુવાન પુરુષો મંડપની સામગ્રી વનમાં (રાનામાં) લેવા જતાં અને પછી મંડપવિધિ કરવામાં આવતી. આવા સમાજનું પણ વર્ણન છે. સમાજના લોકો આ વિધિમાં એક પરણિત અને એક કુંવારા પુરુષને બળદ બનાવી એક બળદ ગાડું હાંકનાર બનાવીને રાનામાંથી સામગ્રી લાવતા હોય અને એ લાકડાંમાંથી મંડપની તેરમી થાંભલી રોપે છે તેવા સમાજનું ચિત્ર જોવા મળે છે જે નીચેના ગીતમાં દેખાય છે.

'બાઈજી રાના માંના હાયકાં ગાંડા આવે રે...

બાઈજી બળદિયો તરસેલો આવે રે,

બાઈજી બળદિયાને બેડાં પાણી પાવો રે....

બાઈજી બળદિયો ભુખેરો આવે રે,

બાઈજી બળદિયાને ઘાસકૂટો નાંખો રે..'[૬]

'પરભાતી ગીતો'માં પણ જે તે સમાજનું ચિત્ર દેખાય છે. ચાર પાંચ દિવસથી આવેલા મહેમાનોને જગાડવાનું અને ભગવાનનું સ્મરણ કરવાની પરંપરા આ સમાજમાં પણ રહી છે જેમકે-

'શારદાબેન વહેલી સવારે તમે જાગશો

લેજો ભગવાનજીનું નામ

તમારા માતા બોલાવે હા કરી બોલજો

લેજો ભગવાનજીનું નામ

તમારા સાસું બોલાવે જી કરી બોલજો

લેજો ભગવાનજીનું નામ.'[૭]

સમાજમાં માતા-પિતાની સાથે સાસુ-સસરાનું માન પણ ઊંચુ છે તે આ માનવાચક ગીતો વડે દેખાય આવે છે.

'કાદવના ચૂલા હો થપાય કે ગુજરલી

પિત્તળના ગંજીયા હો મેલાય કે ગુજરલી

દૂધના અઢાણો મેલાય કે ગુજરલી

કોલમના ચોખાહો ઓરાય કે ગુજરલી

જમે મારા હંસાબેનના સગા કે ગુજરલી.'૮

લગ્નમાં મહેમાનો અને ગામના તેમજ સમાજના ભેગા થયેલા તમામ લોકોને જમાડવાની આ જાતિની વિશેષતા અહીં દેખાય છે. એમના માટે આખો સમાજ મહેમાન છે. મહેમાનોને કોઈ કમી ન રહે તેનું ધ્યાન રાખવામાં આવતું.

ફટાણાં તથા આણાં ગીતોમાં પણ આ સમાજનું આગવું દર્શન થાય છે. ફટાણાં લગભગ બધી જ વિધિના ગાવામાં આવે છે. બંને પક્ષની કન્યાઓ એકબીજાના ખભા ઉપર હાથ નાંખી આમતેમ ડોલતી નાચતી આવાં ગીતો ગાય છે. લયની સાથે અભિનયની પરંપરા આ સમાજમાં આજે પણ છે. આવા ગીતો ખાસ કરીને 'ભાંડવણીનાં ગીતો' તરીકે ઓળખાય છે.

આણાં ગીતોમાં પણ વૈશાખ મહિનાના આણાં કરવામાં આવતાં તેને આલેખતું ગીત તે સમાજનું આગવું ચિત્ર ઉપસાવે છે.

'વાવણીઓ વરહાત તે રૂમઝુમ કરે હે રૂમઝુમ કરે...

આમણી પોહીએ એરીને તુમણો પોહો તે રઉં જહો કરે હે,

રઉં જહો કરે...'

આ ઉપરાંત પણ લગ્નનાં અન્ય ગીતોમાં જે તે સમાજની રીતપરંપરાની સાથે એનું વાસ્તવદર્શી ચિત્ર ઊપસતું જોવા મળે છે.

'મૃત્યુ' માટેના કોઈ ચોક્કસ પ્રકારનાં મરસિયા કે છાજિયા ગવાયાં નથી. પરંતુ એકાકી રીતે જે તે વ્યક્તિનું (સ્ત્રીનું) સ્વજન મૃત્યુ પામ્યું હોય એ સ્વજનના જવાથી લાગેલા આઘાતને ઓછું કરવા વ્યક્ત કરાતા લયબદ્ધ ભાવો જરૂર ગવાય છે જેને ધોડિયાબોલીમાં 'છેડો વાળવાની રીત' તરીકે ઓળખાવે છે.

આ સમાજમાં એક આગવી વિશેષતા 'મૃત્યુ' શોકનાં ગીતોમાં જરૂર દેખાય છે. એકલી એકલી સ્ત્રી ઊંચા અવાજે દુ:ખ, સુખ, કરુણતા કે પછી ભવિષ્યમાં આવનારી વિપત્તિનાં એંધાણો ગાતી જોવા મળે. ત્યાં પણ તે સમાજનું જ પ્રતિબિંબ દેખાય છે. માતાના એકના એક દીકરાનું મૃત્યુ થતાં બેબાકળી બનેલી માતા છેડો વાળતાં ગાય છે-

ઓ! દીકરા માણો કાં જાયને બઠો ઉઈરા દીકરા...
ઓ! દીકરા તુંવા કુંણ ખાવાડે થુઈ રા દીકરા...
દીકરો માણો એકલો પડી ગો..રા દીકરા...
હવે મેં કુણા દીકરો આખી રા... દીકરા...
માણો દીકરો કોઈ દી એકલો નાંય જાય રા... દીકરા...
ઓ! દીકરા તુંણા ઘર હુના દેખાય રા દીકરા...
ઓ! દીકરા માણા કામ કુણ કરી દી રા દીકરા...
મા એકલી લાખી ને નાહી ગો... રા... દીકરા...
દીકરા.. માણો જરાય વિચાર નાઈ કયરો રા... દીકરા...
હવે તુણી માયે કુણ ખાવાડી રા... દીકરા....'[૩]

આમ દીકરાના સારા નરસા બધાં જ પાંસાને આલેખી આવી પડનારી અણધારી આફતોનો પણ આવા કરુણભર્યા શબ્દોમાં વર્ણવે છે અને દીકરાની એકલતાનો નિશાસો નાંખે છે.

આ ઉપરાંત જે તે સ્ત્રી પોતાને મરનાર સાથે શું સંબંધ છે તે વડે આવા અવનવા ભાવો દયનીય રીતે ગાય છે. પતિ, પુત્ર, પુત્રી, સાસુ-સસરા, જેઠ-જેઠાણી, જમાઈ, કાકા-કાકી જે કોઈ સંબંધે જોડાયેલી હોય એ રીતે આવા શબ્દો વડે છેડો વાળે છે.

આમ ધોડિયા જાતિનાં સંસ્કાર ગીતોમાં એમના સંસારજીવનની સાથે સાથે એ સમાજની પણ કેટલીક બાબતો ગવાતી કે વર્ણવાયેલી જોવા મળે છે. આવાં લોકગીતોમાંથી એમની સમાજ પ્રત્યેની કેટલીક વિશિષ્ટતાઓ અનાયાસે વર્ણવાયેલી જોઈ શકાય છે.

## ૭.૨ ધોડિયા જાતિનાં સંસ્કારગીતોમાં કલ્પન અને પ્રતીક

લોકસાહિત્યનાં નાનાવિધ એવાં કાવ્ય સ્વરૂપોમાંનું માતબર એવું કાવ્યસ્વરૂપ તે લોકગીત. લોકગીત એ આપણી સાર્વજનિક સંપત્તિને મળેલું શબ્દરૂપ. એમાં વ્યકત થયેલું સંવેદન વ્યક્તિગત નહીં પણ સમૂહગત છે. તેથી જ તો તેમાં વિવિધ જ્ઞાતિ-જાતિનાં ભાવસંવેદનો સર્જાયાં છે. લોકગીતોમાં જે તે સમાજના સંસ્કારોનું પ્રતિબિંબ પડેલું અનુભવાય છે.

લોકગીતોના વર્ણ્ય વિષય તરીકે મહદ્‌અંશે આવે છે, લોકસમાજ અને લોકમાનસ. લોકગીતોમાં લોકસમાજને વર્ણવતા ઘણા ભાવો જોવા મળે છે. સમાજના સામાજિક પરિવારિક સંબંધો, સમસ્યાઓ આલેખાય છે. વાત્સલ્યનાં પ્રતીક સમા હાલરડાં, લગ્ન અવસરનાં લગ્નગીતો, ઉત્સવ-મેળાનાં લોકગીતો કે પછી મૃત્યુ પ્રસંગે ગવાતાં સુખ-દુ:ખનાં ગીતો જે તે પ્રદેશને નિમિત્ત બનાવીને ગવાય છે.

સાહિત્યમાં કલ્પન અને પ્રતીક પશ્ચિમની દેન ગણાવી છે. ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં આવેલાં પ્રતીકો અને કલ્પનો સૌપ્રથમ યુરોપમાં વિવેચન સાહિત્યમાં શ્રીગણેશ કરે છે. પરંતુ

આપણાં લોકગીતોમાં તો પ્રાચીન સમયથી જ આવાં કલ્પનો કે પ્રતીકનો ઉપયોગ જાણ્યે-અજાણ્યે ગવાયેલો જોવા મળે છે જેમકે-

'આજરે સપનામાં મેં તો ડોલતો ડુંગર દીઠો જો

ખળખળતી નદીયું રે સાહેલી મારા સપનામાં

આજરે સપનામાં મેં તો ગુલાબ ગોટો દીઠો જો

ફૂલડાની ફોર્યું રે સાહેલી મારા સપનામાં.'[૧૦]

અહીં નાયિકાની નાયક પ્રત્યેની શૃંગારની સંયમ ભરી અભિવ્યક્તિ કેટલી સુંદર પ્રતીકાત્મક રીતે વ્યક્ત થઈ છે.

ધોડિયા જાતિનાં લોકગીતોમાં પણ આવા પ્રતીકાત્મક ભાવને આલેખતાં ગીતો જોવા મળ્યા છે. તો કેટલાંક ગીતોમાં કલ્પનોનો પણ સારો એવો વિનિયોગ થયેલો છે. ખાસ કરીને લગ્ન સંસ્કાર ગીતોમાં આવા પ્રતીક કલ્પનો વધારે પ્રયોજાતા જોવા મળે છે. સગાઈથી માંડીને આણાં સુધીનાં ગવાતાં એક એકથી ચઢિયાતાં ગીતોમાં પ્રતીકાત્મક ભાવસંવેદનો જોવા મળે છે. આ ઉપરાંત, કેટલાંક ઉત્સવગીતોમાં પણ કલ્પનો-પ્રતીકો આલેખાયાં છે તો મૃત્યુ જેવાં અશુભ પ્રસંગે ગવાતાં ભજનોમાં પણ કલ્પનો છે.

'લગ્નગીતો'માં આલેખાયેલાં પ્રતીક કલ્પનોને આલેખીએ. આ જાતિમાં સગાઈ પછી બીજુ મહત્ત્વનું પાસું ચાંદલો છે. ચાંદલાની વિધિ થતાં વર-કન્યા અડધા પરણી જાય છે જેનું આગવું કલ્પન જુઓ.

'તકદીરના લેખો તો લેખે લખાય રે, તકદીરના લેખો તો

કહીના જાય રે...

કુંવારી જિંદગીનો છેલ્લો દિવસ રે,

લગ્ન જોડાય આજ પહેલો દિવસ રે...'

અત્યાર સુધી જે પુત્ર-પુત્રી કુંવારા હતા સ્વતંત્ર હતા પરંતુ જેવો કપાળે ચાંદલો (અક્ષત સાથેનો) ચોડાય કે ત્યારથી, પરણીત જીવનની શરૂઆત થઈ જાય તેનું કલ્પન અનોખું છે.

'સાંજી ગીતો'માં પણ સુંદર મઝાનાં કલ્પનો મૂકયાં છે. જેવાં કે-

'ટૂંકે તે પાનની આંબલી રે,

લાંબે તે પાનની કેળ રે ભરમદેવ

તુલસીને પાને પધારજો રે.'

લગ્નટાણે પોતાના ઈષ્ટદેવને પધારવાનું કલ્પન કેવું સુંદર છે. લગ્નના દિવસો ટૂંકા છે. જે 'આંબલીના પાન'ના પ્રતીકથી દર્શાવે છે. જયારે લગ્નનું કામ ઘણું મોટું છે તે 'કેળના પાનના' પ્રતીકે મૂકે છે અને 'તુલસીનાપાને' એ પ્રતીક દ્વારા શુભ અવસરે પોતાના ઈષ્ટદેવને વિનંતી કરાય છે કે તમે અવસર ટાણે રે જલ્દી આવી જશો. બીજા એક સાંજીગીતમાં પોપટની કલ્પના કરીને જીવનની સ્વતંત્રતા પછી જે બંધન આવનાર છે. તેનું વર્ણન પોપટ સાથે કરાયું છે જેમકે-

'દિસે પોપટ ઝાડ પર બોલે

સાંજે પોપટ પાંજરે બોલે'

ઝાડ પર બોલતો પોપટ એટલે લગ્ન પહેલાની વર-કન્યાની સ્વતંત્રતા અને પાંજરાનો પોપટ એટલે લગ્ન પછીની બંધન/મર્યાદા-પરતંત્રતાની વાત કરાયી છે.

'મારે આંગણે કારેલીનો વેલો રે,

રાઘવ ઝીણી કારેલી.'

રામના પાત્રની કલ્પના રામ જેવા વરની અને દશરથ જેવા પિતાની કલ્પના કરાયી છે.

'ફૂલમાંની વીજળી મેં અજવાળી

કયા મામા રાજા, કયા મામા કચેરી

કયા મામા ફળિયાના ફરના રા રે... ફૂલમાંની...'

ઉપરોક્ત ગીતમાં રાજા, રાણી, કચેરીના વડા અને ફળિયામાં ફરતા મામાની કલ્પના કરાય છે. પહેલાંના સમયમાં રાજાઓના દરબારમાં પોતાના સ્થાન શોભાવનાર મામા કે વીરા આદિની વાત જોડાયને આવે છે.

દીકરો-દીકરીના લગ્ન વખતે થતો ખર્ચ કયાંથી પૂરો પાડવો તેનું વર્ણન કરીને એક અનોખું કલ્પન મૂકયું છે.

ફૂલની છે ગાદી ને ફૂલના છે તકીયા

હવે સતીશ મામા સાંભળો રે....

જાતે પોતે ના ભાણેજ પરણે.

ગલેલીમાંના રૂપિયા ઉપાડો રે...'[૧૧]

સુખ સહ્યાબીમાં રહેનારા મામાની કલ્પના ફૂલની ગાદી અને તકીયા સાથે કરાવીને ભાણેજના લગ્ન માટે ભેગા કરેલા ગલેલીના (તાડફળી) રૂપિયા ઉપાડવાની વાત કરાય છે.

'હીરલા દોરી બાંધી વડલા હેઠ રે,

જશોદા ઝુલાવે હરિના પારણાં

બેનને પિતા દેશે આશીર્વાદ રે. જશોદા...

બેનને સસરા દેશે ગાળ રે. જશોદા...'[૧૨]

'હીરના શેર'ની કલ્પના જશોદાની કલ્પના તેમજ પિતા-સસરાની કલ્પનામાં ભાવી સંસાર માંડવા જનારી દીકરીને સાસરું કેવી રીતે ફાવશે તેની કલ્પના કરાયી છે.

લગ્ન પહેલાં ભાઈ-બહેનની હેત વર્ણવતા આ ગીતમાં પ્રતીક અને કલ્પન બંને જોવા મળે છે. વનમાં બોરડીના ઝાડ ઉપર બોર પાંકયા છે. ભાઈ બોર પાડે છે. ત્યારે બેન ખોળો પાથરે છે. બેન ભાઈને વિનંતી કરે છે કે ભાઈ ધીરે ધીરે હિંડોળજો નંઈ તો મારી ચૂંદડી ફાટી જશે તેના જવાબમાં ભાઈ કહે છે-

'ફાટે તો ફાટેવા દીયો રે,

ભરૂચથી લાવું ચૂંદડી,

વીરા ચૂંદડી ધુવે તો દરિયો રંગાઈ રે. ભરૂચ...

વીરા સૂકવે તો ધરતી ઢંકાઈ રે,

ભરૂચથી લાવું ચૂંદડી.'[૧૩]

ભાઈનું બહેન પ્રત્યેનું હેત દરિયા જેવું વિશાળ રંગનું અને પૃથ્વી ઢંકાઈ તેવું દીર્ઘ છે. અહીં લગ્નની ચૂંદડી કરતાં વીરાની ચૂંદડી અનેકરંગી છે જેમાં બધું જ સુખદુ:ખ રંગાઈ જાય (ભુલાઈ જાય છે) જયારે ગમે તેવી પરિસ્થિતિમાં પણ ભાઈના હૃદયમાં બહેનનું હિત સમાય છે. આવું સુંદર કલ્પન, પ્રતીક પ્રયોજાયું છે.

'કંકોતરીનાં ગીતો'માં પણ પ્રતીકો સારાં ગવાયાં છે જેમકે-

'કંકુના ગાર લખાવો રે સીંદુરી મારી ઓકરલી

હંસાબેન તમારા બેનીને કીયો રે ભાંગે રે મારી ઓકરલી'

'કંકુ' શુભનું પ્રતીક છે તેની ગાર બનાવી તેના થકી સરસ ઓળિપા લીંપવાની કલ્પના પણ અનોખી છે.

'મોરા તારી આનેરી ચાંચ, મોરા તારી રૂપેરી પાંખ,

સોનેરી ચાંચે રે મોરલો મોતી ચરવા જાય.'

હંસની કલ્પનામાં મોરનું આરોપણ કરીને કેવું સૌંદર્ય સર્જ્યું છે. મોર, હંસ, કોયલ, ઢેલ જેવા પક્ષીઓને જીવનના પ્રતીક બનાવીને પણ આપણાં લોકગીતોમાં અનોખું સૌંદર્ય ઉપસાવવામાં આવ્યું છે.

મોગરાના કલ્પન વડે માતા-પિતાની અંતિમ ઝંખના વ્યક્ત કરાયી છે જેમકે,

'પિતા એ મોગરો રોપ્યો રે બારણાં બાગમાં રે,

માતાએ પાણીલાં છીંપ્યા છે બેડલાં બેડા એ રે,

એને ઉછરતા લાગ્યો ઘણો વાર,

ફૂલની વેળાએ માંગરો સૂકાઈ ગયો.'

આમાં પણ પ્રતીકરૂપે 'મોગરો' મૂકીને કેવી પરિસ્થિતિમાં મોટી કરેલ દીકરી સાથે આનંદ કરવાનો સમય આવે છે. ત્યારે દીકરીને સાસરે વળાવી દેવી પડે છે. તે 'મોગરો સૂકાઈ ગયો'ના કલ્પન વડે આલેખ્યું છે.

'મંડપગીતો'માં પણ 'ગાંડાનું કલ્પન' અનોખું છે તો વર-વધૂનો મંડપ કેવો હોય તે દર્શાવતું ગીત-

'સાગને છોટલિયે રોપ્યો બેનનો માંડવડો

હીરાના દોરીએ ગૂંથ્યો બેનનો માંડવડો,

મોરાની પીંછોરીએ છાયો બેનનો માંડવડો.'

કેવું અનોખું કલ્પન માંડવો બનાવવા સાગ, હીરાની દોરીથી ગૂંથેલો અને મોરના રંગીન પીંછાથી છાયો એવું અનોખું કલ્પન છે ત્યાં બેસી બેની પિતાની ખુશીથી પરણે છે.

'મોરલો' એ પિયરનો પ્રતીક છે. જ્યારે 'ઢેલ' એ સાસરિયાની પ્રતીક છે જે નીચેના ગીતમાં છે.

'એક મોરલો બોલ્યો રે પિયરનો રે,

સાસરીયાની બોલે કડવી ઢેલ રે,

નાની ઉંમરમાં નંઈ જાઉં સાસરીયે.'[૧૪]

ધાણમુહૂર્તમાં જે ડાંગરનો ધાણ નાંખવામાં આવે છે. એ ડાંગર ખાંડી પહેલા એ ધાનની  રસોઈ કરતા હવે એવું નથી છતાં વિધિમાં જે ગીતો ગવાઈ છે ત્યાં કેવું કલ્પન છે. 'ડાંગર'ની સામે કેવી કલ્પના-

'માણેક સડાયા ને મોતી જ વેરાયાં

હંસાબેન તારા વેવાજ માંડાયા.'

ડાંગર ખાંડવાથી મોતી જેવા ચોખા નીકળે છે તેની કલ્પના અનોખી છે.

પીઠી ગીતોમાં પણ અનોખું કલ્પન છે. શ્રમ કરનારી કન્યા કે વર ક્યાંથી કેવી રીતે કયારે આવશે તેનું કલ્પન પણ સુંદર છે.

'દરિયા દીપે બેની ગરૂડો ચરે, બેની...

ગરૂડો ચરે બેની સાંજે આવે, બેની...

સાંજે આવે બેની પીઠી પહેરે, બેની...'

દરિયાના દ્વીપમાં પશુપંખી ચારવા ગયેલી દીકરી કે દીકરો સાંજે પાછા વળે છે અને આવી તેલો, પીઠી આદિ પહેરે છે જે કલ્પન અનોખું છે.

પીઠી ધોતી વખતે પણ પિતાએ બનાવેલા કંકુના કયારા પાસે બેસી બેની દાતણ, નાવણ, ભોજન, મુખવાસ આદિ માંગે છે તેની કલ્પના પણ ભરપૂર છે.

'કંકુના કયારા બેની કોણે બનાવ્યા

કંકુના કયારા બેની પિતાએ બનાવ્યા

ત્યાં બેસી બેની દાતણ, નાવણ માંગે.'

તાપી નદી એ શુદ્ધતાનું પ્રતીક મનાતી તેનું પણ વર્ણન લગ્નગીતોમાં છે. દક્ષિણ વિસ્તારની મોટામાં મોટી અને પવિત્ર નદીમાં સ્નાન કરી પરણવા જતી યુવતીનું વર્ણન અનોખું છે જેમ,

'તાપીએ કાં નાવા ગેયલા હંસાબેન તાપી...

સાબુ કયાં ભૂલી આયવા હંસ...'

શુદ્ધતાનું પ્રતીક સમી તાપી નદીનું વર્ણન છે.

શાંતકવિધિમાં સ્વર્ગની કલ્પના કરતું ગીત.

'યજ્ઞમાં તલ જેવા હોમ્યા એ ધૂમાડો ગયો આકાશમાં

એ આકાશમાંથી દેવો લોકો પૂછયું રે આ ધૂમાડો કાંથી આવ્યો રે,

એ તો મારા દીપકભાઈના બેની પરણે.

શાંતકથાએ ધૂમાડો ત્યાંથી આવ્યો રે.'

પરણનાર દીકરીનું ઘર પણ સ્વર્ગ જેવું છે અને ત્યાંથી નીકળેલો યજ્ઞનો ધુમાડો પવિત્ર છે જે સ્વર્ગ સુધી પહોંચે છે તે સુંદર છે.

'પરોઢ ગીતો'માં કાગડો, મરઘો, નદી વગેરે પ્રતીકો ઉત્તમ રહ્યા છે. વહેલી સવારે મરઘાના પોકારે ઊઠી જતી સાત રાણીનું કલ્પન પણ અનોખું છે.

'કાગડલા કટકાયા ને ચરૂડા ચરવાયા જો

ઊઠોને સાત રાણી દીવલડા શણગાર...'

ખાંડવું, દળવું, પાણી ભરવું એ તમામ કામ પશુ-પક્ષીના વહેલી પરોઢના સંચારથી શરૂ થઈ જતાં તેનું વર્ણન અનોખું છે.

જાનનાં ગીતોમાં પણ પ્રતીક આલેખાયાં છે. જેમકે,

'ઊભી સડકે મોગરો રોપાવો રે, કેશરિયો,

ઊભી સડકે હીંડોળો બંધાવો રે કેશરિયો'

મોગરો એ સુગંધનું પ્રતીક છે 'હિંડોળો' એ અમીરીનું પ્રતીક માનવામાં આવ્યું છે, વરની જાન કેવી રીતે સુગંધ લેતી, આરામ કરતી આવે તે બતાવાયું છે.

'વિદાયગીત'માં ભાવિજીવનનું કલ્પન અને દીકરીના ગયા પછી માતા-પિતાના કે ઘરનાં સ્વજનોને આવનારી વિપદાની કલ્પના અનોખી રીતે ગવાય છે જેમકે-

'લીલો લીમડો ને લીલો મોગરો

એથી લીલો નાગરવેલનો છોડ રે

નવદંપતી સુખિયારી થાજે હવે સાસરે.'

ઘરમાં ઊભેલાં માતા રસોઈ કરનારી દીકરીને જુએ છે તો બારણે ઊભેલાં પિતા પાણી ભરનારી દીકરીને જુએ છે તો ઝાંપે ઊભેલાં ભાઈ-બહેન કપડાં ધોનારી અને લીંપણ કરનારી બેનને જુએ છે. એના ગયા પછી બધું કામ પોતાની માથે આવશે તેની ભાવિ ચિંતા કુટુંબીજનોને સતાવે છે તેનું કલ્પન અનોખું છે. અત્યાર સુધી બધું લીમડા જેવું લીલું મોગરા જેવુ સુગંધી અને નાગરવેલ જેવું નાજુક-કોમળ હતું તે બધું કઠીન બને છે તેની કલ્પના કરાયી છે.

આમ 'લગ્નસંસ્કાર' ઉપરાંત તહેવાર-ઉત્સવોમાં ખાસ કરીને હોળી અને દીવાળી બે તહેવાર નિમિત્તે ગવાતાં ગીતોમાં પણ પ્રતીક કલ્પનો આલેખાયાં છે. આ ઉપરાંત ગરબા તેમજ સપ્તાહગીતોમાં પણ કલ્પનો આલેખે છે. ગરબામાં કલ્પન પ્રતીક કેવું.

'પીળી મંટોળી લાવ્યાને કંઈ બાંધ્યો ભરૂચનો પુલ રે મા,

કોટને કાંગરે દીવા બળે ત્યાં સંતાયો ચીતરો વાઘરે મા..

વાઘને પાછા વાળો અંબામા ચૂંદડી ચઢાવું જાડો જોડ રે મા..'[૧૫]

અહીં 'પીળીમંટોડી' 'વાઘ' 'કોટ' એ બધું પ્રાચીનતાની સમૃદ્ધિના પ્રતીક છે. પહેલાના સમયમાં રાજાનો મહેલ કીંમતી ગણાતો. એના કોટ, કાંગરા પણ ઊંચા રાખવામાં આવતા અને એવી મહેલાતોમાં વસતો રાજા મા આદ્યની પૂજા કરતો પૂજામાં વિઘ્ન બનનાર વાઘને મારવાનું અને પોતાને મદદ કરવાની વાતની સાથે મા આદ્ય અંબાનું વાહન તરીકે પણ વાઘનું પ્રતીક છે.

અંતિમ સંસ્કાર 'મૃત્યુ' પછી સાંજે ગવાતાં ભજનોમાં પણ આત્મા-પરમાત્માનાં ભાવ-સંવેદનો આલેખતાં અનેક ભજનોમાં પ્રતીક-કલ્પનો આલેખાયાં છે જેમકે-

'સુખી દેખી શું હરખાવું હો મનવા
આવ્યા તેવા ઊડી જવું
ખાવા કોઠારો ભર્યા ઘણા પણ
મંદવાડે શું ખાવું
જે વાંસડે ચાર ચોરી બંધાવી
બે વાંસડે બંધાવું
જે આંગણે લગ્ન ગીત ગવાયાં
તે આંગણે રડવાનું.'[૧૬]

જીવનમાં બધું જ મેળવા ફાંફા માર્યા બધું મળ્યું ખરું પણ ખરા સમયે એ કામ ન આવ્યું તેનું કલ્પન જુદા જુદા પ્રતીક રૂપે ગવાય છે. અન્ન સાથે મંદવાડ, ચોરી સાથે ઠાઠડી, લગ્નગીત સાથે મરશિયા, ઘરેણાં સાથે ચોરી, વાહન વૈભવ સાથે ચગડાવું, સીમંત સાથે મૃત્યુ વસ્ત્રો સાથે- વિસામો આદિ પ્રતીકોને મૂકી જીવનની સુખ-દુ:ખની પીડાને આલેખી અંતે જન્મ લેનાર મૃત્યુ પામે છે અને તેનો આત્મા પંખી રૂપે ઊડી જાય છે. તે ભાવ દર્શાવાયો છે. જેવા આવ્યા છે તેવા જ જવાનું છે તે નક્કી છે.

આમ ઉપરોક્ત સંસ્કાર ગીતોમાં આલેખાયેલાં એમનાં ભાવસંવેદનો વડે અનેક પ્રકારનાં પ્રતીકો અને કલ્પનો વડે એમના સંસ્કાર જીવનનું અનોખું ભાવસંવેદન અને કલ્પનાયુક્ત ભાવો પણ દર્શાવાયેલા જોવા મળે છે. આપણાં (શિષ્ટ) લોકગીતો જેવાં ઉચ્ચ કક્ષાનાં પ્રતીકો કે કલ્પનો ભલે એમાં દૃષ્ટિગોચર ન થતા હોય પણ એમની એક આગવી સંસ્કારિતાનાં દર્શન એમનાં કલ્પનો અને પ્રતીકોમાં અચૂક દર્શન આપે છે.

## ૭.૩ ધોડિયા જાતિનાં સંસ્કારગીતોમાં પ્રકૃતિ સૌંદર્ય

'પ્રકૃતિસૌંદર્ય' જગતની બધી જ સજીવસૃષ્ટિને આકર્ષનારું રહ્યું છે. પછી એ પ્રાણી હોય, મનુષ્ય હોય, પંખી હોય કે અન્ય જીવસૃષ્ટિ હોય પ્રકૃતિનાં સૌંદર્ય સાથે એનો ઊંડો લગાવ રહ્યો છે. મનુષ્યનું લોકજીવન તો પ્રકૃતિપરાયણ જ રહ્યું છે. એમના જીવનના બધાં જ પાસાંઓ સાથે પ્રકૃતિ સૌંદર્ય બાથ ભીડીને ઊભું છે.

શહેરની માયાવી સૃષ્ટિથી વેગળું એવું લોકજીવન પ્રકૃતિની વચ્ચેજ જન્મે છે, પાંગરે છે, અને અસ્ત પામે છે. લોકજીવનનો સમગ્ર આધાર જ પ્રકૃતિ છે. આજે શહેરી લોકજીવન ઉપભોગિતાવાદે પ્રકૃતિથી ઘણું દૂર જઈ રહ્યું છે ત્યારે ગ્રામ્ય લોકજીવન પ્રકૃતિની નજીક લગોલગ જઈને બેઠું છે. એમાણે તો પ્રકૃતિ ને જ પોતાની જનેતા માનીને બાળકના લાડકોડભર્યા ભાવથી પ્રકૃતિમાતાનું વાત્સલ્ય ખોબે-ખોબે માણ્યું છે. પ્રકૃતિના રમ્ય, ભવ્ય અને ભયાનક એવાં ત્રિવિધ રૂપોને પોતાના હૈયામાં સંઘરી લોકગીતો રૂપે વહેતાં મૂકયાં છે.

દક્ષિણ ગુજરાતમાં કુદરતે મન ભરીને પ્રકૃતિ આપી છે. જંગલો, ડુંગરો, કોતરો, નદીઓ, મેદાનો તો વન્ય પ્રકૃતિની રંગભીની ચૂંદડીમાં અવનવા રંગો પણ પૂર્યા છે. અને એવા જ અવનવા પ્રકૃતિના રંગો એમનાં સંસ્કારગીતોમાં પણ ઊપસી આવ્યા છે.

આ જાતિનાં સંસ્કારગીતોમાં બહુધા લગ્ન સંસ્કારનાં જ ઘણાં ગીતો મળ્યાં છે. જેમાં લગ્નની એક-એક રસમ સાથે ગવાયેલાં ગીતોમાં પ્રકૃતિનાં અવનવાં તત્ત્વો ગૂંથાઈને આવે છે. આ જાતિનો મુખ્ય વ્યવસાય ખેતી હોવાથી ખેતી સાથે જ પૂર્ણજીવન જોડાયેલું હોવાથી

એમના લોકગીતોમાં ખેતર, સીમ, ઝાડ, પશુ-પક્ષી, જીવસૃષ્ટિ, નદી, તળાવ, ડુંગર જેવાં અનેક પ્રકૃતિ તત્ત્વો પોતાનું સ્થાન દીપાવતા રહ્યા છે. આપણા લોકજીવને પ્રકૃતિમાંથી શું શું નથી લીધું? પ્રકૃતિમાંથી પંખીઓના અવાજ, ખેલ અને આનંદ લીધાં, કૌતુક અને જ્ઞાન લીધું, સંવેદન અને કલ્પનાઓ લીધી, સુંદરતા અને નિજાનંદ પણ પ્રકૃતિમાંથી જ લીધાં છે. આવી ભવ્યોદાત્ત જીવનની પ્રેરણા લોકજીવનને ડગલે ને પગલે પ્રકૃતિમાંથી જ મળી છે.

ઋતુઓનું વૈવિધ્ય અને ધરતીનાં વિવિધરૂપો, લોકજીવનની સાથે પ્રકૃતિ, પશુ-પંખી અને વૃક્ષો તેમજ પ્રકૃતિતત્ત્વો સાથેનો આત્મભાવ આવા અનેક પ્રાકૃતિક સંસ્કારો આ જાતિનાં સંસ્કારગીતો બન્યાં છે. લગ્ન મહોત્સવ સાથે પ્રકૃતિ કલાત્મક રીતે ગવાય છે. મનુષ્ય જયારે પોતાના જીવનમાં કંટાળો, થાક કે શ્રમ અનુભવે છે ત્યારે પ્રકૃતિનો સહારો લે છે અને ત્યાંથી મનની શાંતિ મેળવે છે. આવી આનંદ આપનારી પ્રકૃતિસૌંદર્યતા ને લોકગીતોમાં વણી લેવાય છે.

પ્રકૃતિમાં નદીનું સ્થાન દેવ કે માતા તરીકે સ્વીકારાયું છે. નાની-મોટી દરેક નદીઓ લોકસંસ્કૃતિની જન્મદાત્રી છે. કહેવાયું છે કે આપણી લોકસંસ્કૃતિનું પારણું પણ આવી નદીકિનારે જ બંધાયું હતું. આવી પવિત્ર નદીઓને લોકગીતોમાં કે લગ્નગીતોમાં વણીને આ જાતિ નદી ને જળદેવતા તરીકે ગાય છે. ચાંદલો કે જાન લઈને જનારી આ જાતિ નદી ઓળંગતા નદીનું ગૌરવ વધારતું ગીત અવશ્ય ગાય છે. જળદેવતાના આશીર્વાદ માંગી ચાંદલો-જાન આગળ ચાલે છે જેમકે-

'નદીમાના જળદેવ સુતા કે જાયગા,
જાગેલા રે હોય તો પરદેશી ચાંદલો/જાન
ઉતારી મેલ.'

નદીના જળદેવતાની સંસ્કારિતા આજે પણ આ જાતિમાં જળવાઈ રહી છે.

ચાંદલો કે જાનનો રૂડો અવસર પાર પાડવા જતી વખતે પાણીથી ભરેલું બેડું લઈને નીકળતી નારીનું સજીવ ચિત્ર આ ગીતમાં દર્શાવાયું છે. તેમાં પણ પ્રકૃતિના તત્ત્વને જોડે છે.

'હાથમાં બેડાં, કાંખમાં બેડાં, કાંગળિયારા બેડાં જો,

આમલીને થુડે મારી ઓઢણી.'

'આમલીના થડમાં લટકતી ઓઢણી' ઓઢણીનું સૌંદર્ય વાર્ણવાયું છે.

'ચાંદલા વિધિ'માં ચોક પુરવાવાળા પુરુષોને અગાઉથી કહી રાખવાનું વર્ણવતું આ ગીતમાં પણ ૠતુ મહિમાને ગાયો છે.

'પેલ્લે શિયાળે નું કેયલું રે વેવાઈ

પેલ્લે શિયાળેનું કેયલું

સારા-સારા ચોકવાળા લાવજો રે વેવાઈ...સારા...

ડોસા-ડોસા લાયવા રે વેવાઈ....ડોસા...

ચોક પૂરતા નંઈ આવડે રે વેવાઈ... ચોક...'[૧૭]

ફાગણ મહિનામાં જ મોટાભાગના લગ્ન કરાતા હોવાથી શિયાળાની ૠતુથી ચોક્વાળાને કહી રાખવાનું સૂચવાયું છે, ૠતુનું મહાત્મ્ય આ ગીતમાં ગવાય છે.

ચોખા વીણતી વખતે પણ આવા પ્રકૃતિને આલેખતાં ગીતો ભરપૂર રીતે ગવાયાં છે. જેમકે-

સરોવરની પાળે ચરે રે બે હરણીની જોડ

સૂરત શેર ગ્યાતા તો શું શું ઓરી

લાયવા કે હં...હં...બેલાં...

સૂરત શેર ગ્યાતા ચોખા ઓરી લાયવા કે હં હં બેલા.'

જાનના જમણવાર માટેની સામગ્રી એકઠી કરતી વખતે પણ બધી વસ્તુ હરણ-હરણીની જેમ જોડાજોડ જ શોભે છે તે સૌંદર્ય અનોખું છે.

'સાંજી ગીતો'માં પ્રકૃતિનું સૌંદર્ય અનોખી રીતે વણાય ને આવે છે જેમકે-

૧. 'ટૂંકે તે પાનની આંબલી રે,
લાંબે તે પાનની કેળ રે ભવાનીદેવ
તુલસીના પાને પધારજો રે.'

૨. 'કાળી છે કોયલ ને રંગે રૂપાળી
આવને કોયલ બેન આપણા દેશમાં
નામ ન જાણું ને ગામ ન જાણું કેમ કરી આવું તમારા દેશમાં
ગામ છે નિહાલી નામ છે દિનેશભાઈ
તે જોઈને આવરે કોયલ આપણાં દેશમાં'

૩. 'મારે આંગણે વલિયારીનો છોડ રે,
વલિયારી રૂમે ઝૂમે મોરા રાજ
કાચી પાકી બેડીના બગાડો રે લગ્ન ટાણે જોયશે મોરા રાજ'

૪. 'દરિયા કિનારે તારો ઊગ્યો મોરારાજ.
તાપી કિનારે અજવાળ્યા મોરા રાજ
હું તમને પૂછું મારા ગીતા રે બેન તમારા વેવાર તો
કોણે જોડયા મોરારાજ'[૧૮]

આવાં ઉપરોકત વિવિધ ગીતોમાં વૃક્ષો, પક્ષી, દરિયો તારા નદી આદિ અનેકને ગૂંથીને પ્રકૃતિનાં સૌંદર્યની સાથે એમની લગ્નસૃષ્ટિને પણ એટલી જ સૌંદર્યવાન બનાવી છે. એમના માટે લગ્ન એ પ્રકૃતિ જેટલું જ પવિત્ર અને મહાન છે.

જયાં બેસી વર-કન્યાના ભાવિ જોડવાના છે એ મંડપની સામગ્રી પણ પ્રકૃતિની વનરાજીમાંથી જ આવતી તેને આલેખતાં ગીતો પણ સુંદર છે. પ્રકૃતિના ખોળે જન્મેલી અને વસેલી આ લોકસૃષ્ટિ પ્રકૃતિમાં આપોઆપ ઊગી નીકળતી વનરાજી વાણીને મંડપની તમામ સામગ્રી પ્રકૃતિમાંથી જ ગૂંથે છે જેમકે- લીલાવાંસ, આંબા- આસોપાલવનાં તોરણો, નાળિયેરીના પાનનું ગૂંથણ આ બધી જ સૌંદર્યતા પ્રકૃતિના ખોળેથી લીધી છે.

'મારો રે માંડવો સાગટિયાળો

ગુલાબી ફૂલડા વાળો રે.'

પીઠી ગીતોમાં પણ પ્રકૃતિનું સૌંદર્ય ને આલેખે છે. 'હળદી' કયાં રોપાય, કેવી રીતે સિંચાઈ કેવી રીતે ગોડવામાં આવે, કેવી રીતે બજારમાં જાય અને કેટલા રૂપિયે વેચાય આ બધું જ વર્ણન ગીતોમાં કરાય છે. ખેતર, કોદાળી, કોહળીયો, હાટમાં, પાલવે પાંચશેર જેવા શબ્દો ગૂંથી પ્રકૃતિનાં સૌંદર્યને આલેખે છે. પીઠી પહેરતી વખતનું ગીત-

'દરિયા દીપે બેની ગરૂડો ચરે બેની...

ગરૂડો ચરે બેની સાંજે આવે બેની...

સાંજે આવે બેની પીઠી પહેરે બેની...

પીઠી પહેરે બેની કેવા શોભે બેની....'[૧૯]

સવારથી સાંજ સુધી કામ કરવા ગયેલા વર-કન્યા કયાંથી કેવા ટાણે આવે તેનું સૌંદર્ય અલગ છે.

દરિયાના દ્વીપમાં પક્ષીઓ ચરતા હોય અને સાંજ પડે જેમ પક્ષી પોતાના નિવાસે આવી જાય તેમ પીઠી પહેરનારા વરકન્યા પણ સાંજના સમયે ઘરે આવી પહોંચે છે અને પીઠી પહેરી શોભી ઊઠે છે.

'સમદર ઘોડલી આવે, મેં આવતા દીઠી બલમરાજ.

ઘડીએક ઊભા રહો, મેં તેલો/પીઠી પહેરું બલમરાજ.

તેલો/પીઠી પેરનાર નવાં, નવાલિયા જૂના બલમરાજ.'

સમુદ્રવેગે આવતી ઘોડી પર બેસી તેલો-પીઠી પહેરવા આવનાર બલરામ કૃષ્ણની કલ્પના કરાય છે અને પીઠી પહેરી નવા નવાલિયા બની પ્રકૃતિના ખોળે મહાલવાની સૌંદર્યતા અનોખી છે.

પીઠી ધોતી વખતે પણ તાપી નદી, ચોકમાં ઢોળેલા પાણી, કંકુના કયારા, કૂવાના કાળાપાણી, ઘર આંગણામાં વાવેલા લીમડાંના મીઠાં દૂધ આદિને વર્ણવતાં ગીતો પણ અતિ સુંદર છે.

૧. 'તાપીમાં ઊના-ટાઢાં પાણી રે

પુષ્પાબેન એક મેરે બેસીને નાજો રે.'

૨. 'બેડલાં ઢોળયાં મીરાંબેનના બારણે

નાવણ કરતેલા જાવો રે મોહન મેરો ચોકમાં

બેડલાં ઢોળ્યાં...'

૩. 'કંકુના કયારા કોણે રોપેલા બેનના કોણે રોપેલા

કંકુના કયારા પિતાએ રોપેલા બેનના પિતાએ રોપેલા

ત્યાં બેસી બેની દાંતણ કરે, નાવણ કરે.'[૨૦]

આમ, ઉપરોક્ત ગીતોમાં પ્રકૃતિ ચારે કોર ખીલી ઊઠતી દેખાય છે.

'ગ્રહશાંતકવિધિ'માં પણ પ્રકૃતિના અનેક ભાવરમ્ય સામગ્રીને જોડી ગીતો ગવાય છે. શાંતકની વેદી બનાવવા માટે તેની સામગ્રી ભેગી કરવા પ્રકૃતિના કયા કયા ખૂણેથી લવાય

છે. શાસ્ત્ર પ્રમાણે ઉગમણી દિશાશુભ માનવામાં આવી છે. એવી પૂર્વ દિશામાંથી જ માટી લવાય છે જેમકે-

'ભાભી મોરા તમે કઈ દિસે ચાલ્યા
ભાભી મોરા તમે પૂર્વ દિસે ચાલ્યા
ભાભી તમે એક જ હાથે ખોદજો રે,
ભાભી તમે એક જ હાથે ભરજો રે,
ભાભી તમે એક જ હાથે ઝાલજો રે.'

પૂર્વદિશામાંથી માટી લાવી ચોરી સ્થાપવામાં આવે તેનું વર્ણન છે.

શાંતકકથાના યજ્ઞમાં હોમવામાં આવતી સામગ્રી પણ પ્રકૃતિના અંશમાંથી જ લવાય છે. જેમકે યજ્ઞમાં હોમાતા દાતણો સાત પ્રકારના છે. ધરો, બાવળ, વડ, તુલસી, ઉમરો, સફેદખેર, શમીવૃક્ષ આ દરેક પ્રકૃતિનાં વૃક્ષો પવિત્ર છે. પ્રકૃતિને સર્વસ્વ માનવાની આ જાતિની સંસ્કારિતા આવાં ગીતોમાં દેખાય છે.

'ગોત્રજવિધિ'માં મૂકાતો ઘડો પણ પવિત્ર છે. આ પવિત્ર ઘડાનું પાણી પણ એટલું જ પવિત્ર છે. ગામના સર્વ લોકોની તરસ મટાડનાર મધઝરતો કૂવો, હિલોળા લેતાં પાણી, અને હેલ લઈને આવતી પનિહારીઓનું અનોખું સૌંદર્ય આવાં ગીતોમાં જ જોવા મળે છે.

યજ્ઞમાં હોમાયેલ તલ-જવ અને એનો ધૂમાડો સર્વ દિશાઓને પ્રકૃતિને પવિત્ર બનાવે છે તેની કલ્પના પણ સ્વર્ગની સાથે કરાયી છે.

'યજ્ઞમાં તલ-જવ હોમ્યાં એ ધૂમાડો ગયો આકાશમાં,
એ આકાશમાંથી દેવલોકે પૂછયું રે આ ધૂમાડો કયાંથી આવ્યો રે,
એ તો મારા શારદાબેનના બેની પરણે શાંતકથાએ
ધૂમાડો ત્યાંથી આવ્યો રે'[૨૧]

દેવલોકે પણ પૂછવું પડે એવો પવિત્ર ધૂમાડો પૃથ્વી પરથી શાંતકકથામાં કરાયો છે. પવિત્રતાની આ પરંપરા પણ સૌંદર્યમયી છે.

'પરોઢે ગવાતાં ગીતોમાં પણ એટલી જ પ્રકૃતિની સૌંદર્યતા વર્ણવાય છે. પ્રકૃતિના અણુએ અણુમાં જાણે પ્રસંગ છવાયો હોય દરેકને જાણે એકજ સરખો આનંદ થયો હોય, જાણે એક સાથે બધાં જ પ્રકૃતિનાં તત્ત્વો પણ આ રૂડા અવસરમાં સ્નેહપૂર્વક જોડાતા હોય, તેનો ઉમંગ હજાર કોટિએ પહોંચતો હોય એવો અનુભવ પ્રભાતી ગીતોમાં અચૂક દેખાય છે. વહેલી પરોઢે ધીમા રાગે અને શાંતિને ચીરીને પડઘમ પાડતા આ સ્વરો પણ અનોખું સૌંદર્ય ઉપજાવે છે. આવી પરોઢે જાણે ઊંઘની મીઠી મોજમાંથી ઊઠવું જ ન ગમે સૂતા-સૂતા એવા સૌંદર્યને માણ્યા જ કરીએ એવો ભાવ આ ગીતોમાં છે.

કૂકડો આપણી સંસ્કૃતિમાં સૂરજનો છડીદાર અને બાંગ પુકારનારો માનવામાં આવ્યો છે. આવા કૂકડાના સાદે જાગી જનારી લગ્નની સર્વતૈયારી કરનારી આ જાતિમાં મરઘાનું પણ સુંદર ગીત જોડાયેલું છે-

'મરઘો તો બોયલો છે નદીને પાર રે,... નદીને પાર...

પિતાએ તો દેખડાયવા લાંબેરા ગામ રે, લાંબેરા ગામ...

પિતા અમુને ના જોયે લાંબેરા ગામ રે, લાંબેરા...

પિતા અમુને જોયે છે. ટૂંકેરા ગામ રે,..'[૨૨]

ઉપરોક્ત ગીતમાં દૂર દીકરીને પરણાવી છે તે દીકરીને મંજૂર નથી. તેને પોતાના ઘરની નજીકમાં જ પોતાનું સાસરું ઈચ્છે છે તો બીજા એક ગીતમાં દીકરીને નદીની પેલી પાર પરણાવી છે ત્યારે નદી ઓળંગતી વખતે કેવી મુશ્કેલી પડે છે. તેની વાત કરાય છે. નદીના પાણીની રેલમછેલ, નદી બંને કાંઠે વહે છે તેની સૌંદર્યતાની સાથે દીકરીની મૂંઝવણ પણ વર્ણવાયી છે.

'પિતા મોરા નદીઓ ભરેલી જાય રે, નદીઓ...

પિતા મોરા નદીઓ ઉતરીને કેમ જાઉં રે, નદીઓ...

પિતા મોરા મેલવા આવે તો જાઉં રે નદીઓ...'[૨૩]

વહેલી સવાર વહેલા ઊઠી ઘરનું કામકાજ વેળાસર આટોપી લેવું એજ જાણે સંસારની જીવનરીતિ હોય એમ પક્ષીઓના કલરવથી જનસમાજ જાગ્રત બની પોતાની નિત્ય કામગીરીમાં મંડી પડે છે. તેનું સૂચન આ ગીતમાં છે.

'કાગડલા કટકાયા ને ચરૂડા ચરવાયા જો...

ઊઠોને સાત રાણી દીવલડા શણગાર...

ઊઠોને સાત રાણી ખાંડણા ખંડાવ

ઊઠોને સાતરાણી દરણાં દળાવ...

ઊઠોને સાતરાણી પાણીલાં ભરાવ...'[૨૪]

પ્રકૃતિના ખોળે પોતાના પ્રણયભાવને વ્યક્ત કરતું અને વર-વધૂના ખટમીઠાં ભાવને વ્યક્ત કરતું આ ગીત પણ શ્રેષ્ઠ છે.

'ફરતે વાયવા ખજૂરા રે રમીલાબેન.

વચ્ચે ખોદી વાવલડી રે....

તાં તો રમીલાબેન પાણીલાં રે ભરે,

તાં તો નવો જમાઈ ખજૂરા રે ડારે...

ખજૂરા રે ડારતા કાંકરો રે માયરો,

બેડલાંરે ભાંયગા બેની રડતાં રે આયવા.'[૨૫]

સૂરજ પણ એમનાં લોકગીતોનો એક અંશ છે. વહેલી સવારે ઊગતા ઝાંખા સૂર્યનું વર્ણન પ્રતીકાત્મક અને કલ્પનવાળું છે.

'સૂરજી રે તમે ઝાંખા કેમ ઉગ્યા રે,

હંસાબેની તમે ઝાંપે કેમ ઊભા રે...

તમારા માતા બોલાવે દેસાઈ રે...'

દીકરીનાં લગ્ન પછી દીકરી વિનાના ઘરમાં માતા-પિતાનું તેજ સૂરજ જેવું ઝાંખુ કલ્પ્યું છે.

આ ઉપરાંત જાનના દિવસે ગવાતાં ફટાંણા, પોંખાણાં ગીત, ચોરી ગીતો, વિદાયગીતો, આણાંગીતો વગેરેમાં પણ નાનું મોટું પ્રકૃતિનું નિરૂપણ અવશ્ય ગવાયેલું છે.

ઉત્સવગીતો તેમજ રોપાણીગીતો, મેવલાગીતો વગેરેમાં પણ પ્રકૃતિ સૌંદર્ય અનોખી રીતે ગવાયું છે. દીવાળીના ઉત્સવે ઘેરૈયાનૃત્યમાં ગવાતું વધામણીનું ગીત પણ પ્રકૃતિનું જ દર્શન કરાવે છે.

'પેલાં તે વધાવો ચાંદા-સૂર્યા રે બેની

પછી  વધાવો મારી ઘેર જો.'

રોપણી ગીતોમાં પણ અનોખું પ્રકૃતિ સૌંદર્ય છે. રોપણી રોપાય ગયા પછી નકકી કરેલી શરત મુજબ જમરૂખ ખાવાની વાત આવે છે ત્યારે-

'મારા વાડમાં જમરૂખી રે જમરૂખ લચાલચ

તારા જમરૂખ દેહુ કાચાં રે મારા પૈસા પાછા આલો'

તો 'મેવલાગીતો' તો પ્રકૃતિમાતાના ખોળે બેઠેલા હાળીઓના મુખે ધરતીમાતાનાં જ સ્મરણ ગવાયાં છે. પોતાનાથી રૂઠી ગયેલા મેવલાને ધરતી પર લાવવાનું અને ધરતીને તૃપ્ત કરવાની ઝંખના સૌંદર્યમયી છે.

'તું તો વરસીને ભર રે તળાવ મેવલિયો

તારી કીડી મંકોડી તરસે મરે

તારા ગાયોના ગોવાળ તરસે મરે..'

આ ઉપરાંત દિવાસા ગીતોમાં પણ ઢીંગલા-ઢીંગલીને પરણાવતી વખતે પ્રકૃતિના તત્ત્વોને ગીતોમાં વણી કલ્પનાસભર ભાવસૌંદર્ય પ્રગટાવે છે. સાગર, નદી કે ખેતરને ગીતોનો વિષય બનાવી અંતે તો પ્રકૃતિનો જ મહિમા ગાય છે.

આમ પ્રકૃતિના હંસ, મોર, પોપટ જેવાં પક્ષીઓ સૃષ્ટિના સૌંદર્યમાં ચાર ચાંદ લગાવે છે. આવા ચારચાંદ લગાડનાર પક્ષીઓ પણ લગ્ન જેવા ભવ્યપ્રસંગના કાંગરા બનીને પ્રસંગને ઓર સૌંદર્ય બક્ષે છે. લોકસાહિત્યની કોઈ કથા પ્રકૃતિ વિનાની નથી. જ્યાં લોકજીવન જ પ્રકૃતિ ખોળે બિરાજતું હોય ત્યાં પ્રકૃતિની આભાની ખોટ ક્યાંથી હોય? આપણું લોકજીવન જ પ્રકૃતિના અણુ-અણુ ઉપર નિર્ભર છે. આવી પ્રકૃતિના સૌંદર્યને પોતાની લોકસંસ્કૃતિ સાથે વણીને પોતાનું જીવન વધારે સંગીતમયી બનાવ્યું છે. એમના દરેક સંસ્કારોમાં પ્રકૃતિ જન્મજાત વણાયને આવી છે. એમાંથી પ્રકૃતિને ખંડિત કરવી એટલે શરીરના કોઈ એક અંગ ને ખંડિત કરવા બરાબર છે. માટે શરીરરૂપી સૌંદર્ય આભા ને રસપ્રફુલ્લિતપણે સાચવી રાખવા સામે પ્રકૃતિ પણ મનુષ્યજીવનનું એક અંગ જ બની રહી છે.

## ૭.૪ ધોડિયા જાતિનાં સંસ્કારગીતોમાં નિરૂપતિ લોકસૃષ્ટિ

લોકસાહિત્ય તો એજ, જેમાં દાખલ થતાં જ લોકજીવન અને તેની ચોગમ પથરાયેલી કુદરત આપણને એની સુવાસ વડે ઘેરી લે છે. લોકગીતોમાં સમસ્ત લોકસૃષ્ટિ જેવીને તેવીજ સજીવન ઊભી છે. લોકગીતોના શબ્દો વાંચતા કે સાંભળતાની સાથે જ એ લોકસૃષ્ટિ કે વસ્તુપરિચિત વાચક-શ્રોતાની આંખોને ભેટી પડે છે.

કુદરતના ખોળે ઊભેલાં જળાશયો, નદીઓ ડુંગરાઓ, પાદર, વડ, આકાશ, ઝાંપો, ઘર, સીમ કે ઝાંકળિયું જેમ પાનખર પછી વૃક્ષો પર નવી કૂણી કૂણી કૂંપણો ફૂટી નીકળે તેમ

આપણી લોકસૃષ્ટિ અને કુદરતની અસીમ પ્રકૃતિ પણ કોમળ બની કોળી ઊઠે છે. જુદા જુદા સંસ્કાર નિમિત્તે કે ઉત્સવ નિમિત્તે અથવા તો અન્ય ભાવસંવેદન આલેખતી વખતે આવાં ગીતોમાં આપણી લોકસૃષ્ટિ પણ અગ્રીમ સ્થાન પામી છે. લોકસાહિત્યનું કોઈ લોકગીત પ્રકાર એવો નહીં હશે જ્યાં લોકસૃષ્ટિનું આલેખન ન થયું હોય? જે તે સમાજનું, કુટુંબનું, ભાવસંવેદન જ આપણી લોકગીતોની સામગ્રી બની છે. પછી એ લોકગીતો શૃંગારના હોય, કરુણનાં હોય, ભક્તિનાં હોય, વિષાદનાં હોય, શ્રમનાં હોય, ઉત્સવનાં હોય કે જ્ઞાન ઉપદેશનાં હોય બધાં જ લોકગીતોમાં લોકસૃષ્ટિ સ્થાન પામી છે.

અંદર પ્રવેશતાની સાથે સુગંધ ન આવે તો એ ફૂલવાડી શું કામની? એમ લોકગીતોમાં પ્રવેશતા જ સાચી લોકસૃષ્ટિના દર્શન ન થાય તો એ લોકગીતો શા કામના? આ પ્રશ્નાર્થની સાથે એક બાબત નોંધવી ઘટે કે આપણાં લોકગીતોએ એનો જવાબ મન-ભરી ભરીને આપ્યો છે જેમકે- કોઈ અજાણ્યો પ્રવાસી પ્રથમ ગામમાં પ્રવેશ પામે તે પહેલાં ગામની બહાર જંગલમાં પ્રવેશી સીમને ભેટી, ગામની સરહદે પ્રવેશ પામી મીઠો ટહુકો દેનાર ગોવાળના દુહાઓથી અજાણ્યો પ્રવાસી જાણીતો બને, અને આગળ જતાં ચકલા-કાબરને ગોફણો ભગાડતા ખેડૂતનો પરિચય પામી, આગળ ચાલતો પ્રવાસી ખેડૂની સહચરી બની રહેતી કદી ન બોલતી, પતિના બોલજીલતી પત્ની-ભરથારીને મળી, કયારેક પતિ સાથેના અણબનાવે મીઠું વેર વાળતી મહિયરના માર્ગે ચાલી જતી ખેડૂ પત્નીને જોતો એ જ પ્રવાસી ખેતર વટાવી પાદરની 'આલાલીલી' વાટમાં પ્રવેશી તુષાતુર પ્રવાસીને મધમીઠું પાણી પાનારી પનિહારીને નિહાળતો, પાદરના વડલા છાંયે વાગોળતી ગાયમાતાના દર્શન કરતો ગામમાં પ્રવેશે અને પહોંચતા જ ફળીના ઘટાદાર લીમડાંના ઓછાયે પાંગરેલા ખડકીબંધ ડેલીમાં ખાટલાની પાંગતે પડેલો ડોસો અજાણ્યા પુરુષને આવો-આવોના ભાવ સાથે મહેમાનગતિ કરાવે એવા લોકસાહિત્યની માંય એકથી અનેક લોકસૃષ્ટિ ધરબાયેલી છે. જે આવાં અવનવાં લોકગીતના માધ્યમે આપણી સમક્ષ આવે છે. લોકગીતોમાં પ્રવેશતાની સાથે જ અવનવી લોકસૃષ્ટિ

આપણી મનસૃષ્ટિને ભાવસંવેદનથી ઘેરી લે છે પછી એ લોકસૃષ્ટિ કુટુંબ હોય, જાતિ-જ્ઞાતિ હોય કે અન્ય મનુષ્ય સૃષ્ટિ હોય ભાવ અનુસાર જયાં ત્યાં એનું સ્થાન નિશ્ચિત બન્યું છે.

લોકસૃષ્ટિના આનંદો એમના લોકસંસ્કારો સાથે જોડાયેલા છે. લોકકલ્પનાના રંગે રંગાયેલા એમના સંસ્કારો લોકસૃષ્ટિના અનેક લોકો સાથે જોડાયેલા છે. એમાં પણ ખાસ કરીને જીવનના મહામૂલા લગ્નસંસ્કાર વડે એ ભાવસંવેદનો જાળવી રખાયાં છે. લગ્ન પછીના દામ્પત્યજીવનના અનેક રંગોની મધમધતી ફૂલવાડી લોકગીતોમાં નિરૂપાયેલા લોકો વડે ફોરમતી જાય છે. પિયર અને સાસરિયા વચ્ચેની તુલના કરાવતા નિરૂપતિ પાત્રો આજે પણ એ લોકકહેણીથી ઝાઝા પરિવર્તન પામ્યાં નથી.

દામ્પત્યજીવનમાં પિયરની લીલીવાડીમાંથી સાસરિયાની અણદીઠી વાડીમાં પ્રવેશ કરનારી કોડભરી કન્યા કેવા કેવા ભાવો અનુભવે છે. તેનો સીધો અણસાર એમનાં લોકગીતોમાં દેખાય છે. આપણી લોકસંસ્કૃતિમાં આજે પણ સાસરવાસની જિંદગી ઘણી કરુણસભર બની રહી છે. તેની છાપ લોકગીતોમાં પડેલી દેખાય છે. 'પિયર' એ દીકરીનું મનગમતું સ્થળ છે. જીવનની બધી જ લાડકોડ જેણે માણી છે, કલ્પી છે. એવું પોતીકું સ્થાન છોડી જયારે સાસરિયાના માર્ગે ચાલી નીકળે છે ત્યારે મનગમતા ભાવને અનંત સુધી માણી લેવા, મનભરીને પોતાની દષ્ટિમાં સમાવી લેવા પ્રયત્ન કરતી કોડભરી કન્યાનાં ભાવસંવેદનો લોકગીતો દ્વારા લોકસૃષ્ટિના એક એક પાત્રને પણ વણી લઈને અનેરી લોકસૃષ્ટિ ખડી કરે છે.

### ૦ દાદા

સંસારનું 'વડ' જેવું પાત્ર તે દાદા. દાદા વિનાનું કુટુંબ અધૂરું ગણાય છે. દાદાનું સ્થાન કોઈ લઈ શકતું નથી. અનુભવે વડીલ ગણાતા દાદાને પોતાની મૂંઝવણ વ્યક્ત કરતી કન્યા ગાય છે-

'એક ઊંચી હવેલીમાં બેઠાં શારદાબેન

દાદાએ હસીને બોલાવિયાં,

બેટા શીદને કરમાયાં તારા મુખ જો

આંખલડી આસું ભરી,

દાદા નથી રે કરમાયાં મારાં મુખજો

આંખલડી રત્નજડી.

એક અભાણ તે વરના જોશો દાદા

અભાણ તે કાગળ કેમ લખશે.

એક મધ્યમ તે વર જોશો દાદા.

મધ્યમ તે કુળ દીપાવશે.'[૨૬]

દાદાને 'મધ્યમ' વર શોધવાની વાત દીકરી આ ગીત વડે કરે છે.

### ૦ પિતા

પિયરપક્ષે દાદા પછી અતિ મહત્ત્વનું પાત્ર તે પિતા છે. પિતાની સરખામણી દશરથ સાથે કરાયી છે.

'પિતા મારા દશરથ સરીખા જો

પિતાના બોલે રે બેની મારા જાગતાં'

પિતાના એક જ બોલે જાગી જતાં કન્યા પરણીને સાસરે જશે તો ત્યાં એને કોણ જગાડશે તેની વ્યાકુળતા પણ આલેખી છે. તો બીજા એક ગીતમાં પિતાની દીકરી પ્રત્યેની વ્હાલભરી પ્રીત એટલી તો અકળાવનારી હોય છે કે દીકરી પરણીને સાસરે જાય છે ત્યારે પિતાને કહેતી જાય છે કે-

'બારણે રોપ્યો ગુલાબ, ગુલાબી ફૂલખીલી રહ્યું રે,

ચંપા બેનની પિતા ઉપર માયા ઘણી રે,

પિતા મારા લખજો રે, લેટર મારી લેજો રે

ખબર હું તો ચાલી પર ઘેર.'[૨૭]

પારકે ઘેર જઈને ત્યાંના સંબંધો વિકસાવતી કન્યાને પિતા જેવો પ્રેમ મળશે કે કેમ તેની ચિંતા થતાં પિતાને પત્ર થકી પોતાની ખબર લેવાની વાત કરે છે.

જીવનરૂપી બાગમાં પુત્રી રૂપી રોપેલાં ચંપા, ગુલાબો, મોગરા કે જેને મુશ્કેલીરૂપી બેડા-બેડે પાણીલા સીંચ્યાં છે. પરંતુ કળીના સમયે પુત્રીરૂપી કળી મુરઝાઈ જાય છે. એટલે કે ઉંમરલાયક થતાં પુત્રી સાસરે વિદાય થાય છે ત્યારે ફૂલવાડી (પિયર) સૂનું થઈ જાય છે ત્યાં માતા-પિતાની ફરજ પણ ટૂંકી પડતી દેખાય છે. એ બધા જ ભાવો મુગ્ધપણે આવા લોકગીતોમાં ગવાયાં છે.

**○ માતા**

જીવનમાં માતા વિનાનું સ્થાન 'મોળા કંસાર' જેવું છે. દીકરીના જીવનમાં માતાનું સ્થાન સર્વસ્વ છે. તેથી જ તો માતાની સરખામણી કૌશલ્યા, યશોદા કે પાર્વતી સાથે સરખાવીને બતાવે છે.

દીકરી ઉંમર લાયક થતા એના વિવાહ જોડી દેવામાં આવે છે. લગ્નની તૈયારી કરાતી જોતા અને બધી વસ્તુઓ એક પછી એક ઘરમાં આવતી જાય છે. ત્યારે જીવનભર જેણે પોતાનું ખરાબ ઈચ્છીને પણ બીજા માટે સારું ઈચ્છયું છે. એવી માતાને આમથી તેમ ચિંતાતુર દોડતી જુએ છે ત્યારે કન્યા પોતે પણ પોતાની મૂંઝવણ વ્યક્ત કરે છે.

‘ખાંડણા તે ખાંડે ધામાધીમી રે માતા

ધામાધીમી રે માતા

એક વિચાર કરું તો સુરેત શેરમાં નાસી જાઉં રે માતા

નાસી જાઉં રે માતા

એક વિચાર કરું તો પાછી આવું રે માતા..’[૨૮]

એજ દીકરી દૂર સાસરે જવાની છે ત્યારે ભરેલી નદીનાં પાણી ઓળંગતા બીક લાગે છે ત્યારે માતાને મેલવા બોલાવે છે.

‘માતા મોરા મેલવા આવે તો જાઉં રે.’

### ૦ ભાઈ-બહેન

કુટુંબરૂપી નવરંગી ચિત્રોમાંનું સર્વોપરી ચિત્ર એટલે ભાઈ-બહેનના સ્નેહનું ચિત્ર. ભાઈ-બહેનનો પ્રેમ અટૂટ પ્રેમનું પ્રતીક છે. લોકસાહિત્યમાં ડગલે ને પગલે આવા પ્રેમને ગવાયો છે. બધી બાજુથી તરસોડાયેલી બેનને માડીજાયો જ સાંત્વના આપે છે. ભાભીના બીકે ના પાડનારી બહેનનો વીરો જ સમદુ:ખિયો બને છે. કદાચ એ જ ભાવે બોટાદકરના મુખે એટલું ઉત્તમ કક્ષાનું ‘ભાઈબીજ’ નામનું કાવ્ય ગવાયું હશે?

આ જાતિમાં પણ ભાઈ-બહેનના પ્રેમને આલેખતા સારા-નરસા બંને ભાવો એમનાં કથાગીતો વડે આલેખાયા છે. ‘સાત ભાઈની એક બેન’ એ કથાગીતમાં ભાઈબહેનના પ્રીતની વાત છે તો એક ગીતમાં ભાઈની બહેન પ્રત્યેની ક્રૂરતા પણ આલેખાયી છે.

જો કે લગ્નગીતોમાં એકંદરે હેત-પ્રીત જ વર્ણવાયી છે. જેમકે-

ખેતરની વચ્ચે એકજ મોગરો રે,

હું તો ઊંચે ચઢુને નીચે ઊતરું,

સવારે ના નીસરેલા ભાઈ કયારે આવશે રે, હું...

સવારેના નીસરેલા ભાઈ સાંજે આવશે રે, હું...

લગ્ન ટાણે મોસાળાનો સમય વીતી જાય છે અને ભાઈ મામેરું લઈને આવતો નથી. તેની મીઠી મૂંઝવણ આ ગીતમાં બતાવી છે.

વનમાં પાકેલી બોરડીના બોર ખાવા જતાં ભાઈ બહેનની પ્રીત વર્ણવતું ગીત પણ સુંદર છે.

'વીરા હળવે હળવે હિંડોળો

ફાટે રે મારી ચૂંદડી

ફાટે તો ફાટેવા દીયો ભરૂચથી લાવું ચૂંદડી.'

બોર ઝીલતાં ચૂંદડી ફાટી ન જાય તેનું સૂચન કરે છે ત્યારે બહેન પ્રત્યેની લાગણીને વ્યક્ત કરતાં ભાઈ જણાવે છે કે હું એવી તે ચૂંદડી લઈ આવું કે જે ધોતા દરિયો રંગાઈ જાય અને સૂકવતા ધરતી ઢંકાઈ જાય એવી ભરૂચની ચૂંદડી લાવવાની પ્રીત બતાવે છે.

એકબીજા લોકગીતમાં માતા-પિતાના અનાથપણા નીચે ભાઈબેન પોતાના મોસાળ જાય છે. પરંતુ મોસળમાં મામી દુ:ખ દે છે ત્યારે ભાઈ જ બેનની રક્ષા કરે છે.

'ભાઈ બહેન ચાલ્યાં રે મોસાળ, ભાઈ બેન...

ત્યાં તો મામી દેશે ગાળ ત્યાં તો...

બેનને વાંસીદાં વળાવે, બેન...

ભાઈ મારો વાંસીદા નાંખેવા જાય, ભાઈ મારો...'

આમ જગતનો કોઈ એવો ખૂણો ન હશે કે જયાં ભાઈ-બહેનના પ્રીતનાં લોકગીતો કે લોકસાહિત્ય ન સર્જાયું હોય. ભાઈ બહેનની પ્રીત અમસ્તી જ જગવિખ્યાત નથી બની આણે આવેલો વીર બહેનની દુ:ખી વેદના સહન નથી કરી શકતો પરંતુ બહેનના વચન ખાતર બહેનની વેદના ઘરે વર્ણવતો નથી. એ ભાવ પણ આ જાતિમાં ગવાયો છે.

## ૦ સાસરા પક્ષની લોકસૃષ્ટિ

સાસરું એટલે દીકરી માટે પરાયું ઘર પરંતુ વણખેડાયેલી એ ભોમમાં પ્રથમ ડગલું માંડી વણખેડયા ખેતરોને ખેડી નવી હરિયાળી સર્જનારી દીકરી (વધૂ) આપણી લોકસંસ્કૃતિનું અનોખું પાત્ર છે. લાજ કાઢનારી, પાણીલાં ભરનારી, દળણાં-ખાંડણા ખાંડનારી વાંસીદા નાંખનારી, ખેતરના મોલ વાઢનારી જેવાં અનેક કામો ઉત્સાહથી કરનારી જેને ‘વહુ’નું સંબોધન મળ્યું છે એવી દીકરી માટે સાસરું કાંટાળો સરતાજ છે. પિયરમાં મુકતમને મહાલનારી દીકરી સાસરાની કાંટાળી જાળમાં ગૂંથાતી જાય છે અને પિયર તથા સાસરાને સરખા દૃષ્ટિકોણથી તોલીને વહાલપની સરિતા વહાવે છે.

## ૦ સસરો

સસરો એટલે ડોલતો ડુંગર, રણમલ રાજિયો, ગામનો ગરાસિયો જેવાં નામોથી ઓળખાતા સસરાની લાજ કાઢવાની હામ પણ વહુને ગમે છે અને કદાચ તેથી સસરો-પિતા સમાન પણ ગણાયો હશે? જે નીચેની પંક્તિમાં દેખાય છે.

બેની તમે વહેલી સવારે જાગજો

લે જો ભગવાનજીનું નામ

બેની તમારા સસરા બોલાવે જી કરી બોલજો

લેજો...’

સસરા પણ પિતા સમાન છે તેથી પિતા જેટલું જ માન સસરાને પણ આપવામાં આવ્યું છે.

આપણા ખૂબ જ જાણીતા લોકગીતમાં સસરાને ડુંગરની ઉપમા આપી વિરાટ અડીખમ વજ્ર અને દ્દઢ વ્યક્તિત્ત્વના દ્યોતક તરીકે સ્વીકારાયા છે જેમકે,

'આજ રે સપનામાં મેં તો ડોલતો ડુંગર દીઠો જો,

ડોલતો ડુંગર ઈ તો અમારા સસરા જો.'

આવાં કેટલાયે લોકગીતો આપણી લોકપરંપરામાં પડેલાં કે ગવાતાં આવે છે. જો કે આજના સંદર્ભે આવું વલણ હાસ્યાસ્પદ જેવું લાગે છે.

**○ સાસુ**

સાસુ માટે પણ આપણા લોકસાહિત્યમાં સારાં એવાં સંબોધનો કરાયાં છે. જેમકે સાંગમાચીએ બેસનારા, ખળખળતી નદી, સમુદ્રની લહેર, દેવદર્શને જનારા જેવા.

'ખળખળતી નદીયું રે

સાસુજી મારાં ન્હાતાં' તા રે'

સસરો ડુંગરનું પ્રતીક છે તો સાસુ એ ડુંગરમાંથી જ પ્રગટતી નદીનું પ્રતીક છે અને પવિત્રતાનું પણ રૂપ દર્શાવાયું છે. પહેલાની સાસુ કુટુંબને એકસૂત્રતામાં બાંધનારી અને પોતાનું ધાર્યું કરાવનારી તેમજ સાચા અર્થમાં હિતેચ્છુ ગણનારી હતી તો સાથે ચર્ચાસ્પદ પણ બની છે.

પહેલાં કેટલાક ભાવોમાં સાસુ-વહુની વેરણ બનનારી પણ કલ્પી છે. જેમકે 'પાતળી પરમાર'માં આ જાતિમાં પણ સાસુ વેરણ જ બની છે. જે આ ગીતમાં

'દક્ષાબેન તમે જલદી તૈયાર થાઓ

તમારે જાવું સાસરિયે

સાસરિયામાં સાસુ દેશે ગાળ,

તમારે જાવું સાસરિયે.'

એ જ આસુ દળણા દળાવનારી, વહુને ઓશીકે ઈંઢોણી અને પાંગતે સીંચણિયું મેલનારી, અને પાઈ-પાઈનો હિસાબ માંગનારી અધિક ચીતરાઈ છે.

આ ઉપરાંત સાસરાપક્ષના જેઠ-જેઠાણી, દેર-દેરાણી અને છેલ્લે સૌની વધુ લાડકી નણંદબા અને નણદોઈને પણ લોકગીતોમાં વણી લીધો છે.

જેઠ એટલે ઘોડાનો ખેલનારો, અષાઢી મેહુલો તો જેઠાણી જેઠની હાજરીમાં કુલીન વહુની જેમ ઝીણું બોલનારી અને દહીં દૂધના વાડકા જમનારી બતાવાય છે.

દેરીડો એ લગ્ન જીવનનું અતિ મહત્ત્વનું પાત્ર છે. દરિયામાંયલો દેડકો, લવીંગ લાકડી અને દૂધમલ જેવો છે. સાસરામાં હસવા બોલવાનું ઢૂંકડું પાત્ર દેરીડો છે. સમાજમાં દેર-ભોજાઈના સંબંધો ઉપર શંકાના ઓછાયા ઘણા છે તો દેરાણી પણ ઢીંગલે પોતીયે રમનારી નાનેરું બાળ, અને દેરામાયલી પૂતળી સમાન ચીતરાયી છે તેને દયાપ્રેરક અને મધુર તથા નિર્દોષ ચીતરી છે.

નણંદ એ સોનાની થાળીમાં જમનારી સૌની લાકડવાયી, અને વહુની જાસુસી કરનારા તરીકે ચીતરાયા છે. એના વિશે પણ ઘણું ઘણું ગવાયું છે તો નણદોઈ બિચારો, સાસરાની સેવા કરનારો ગોળાળિયો તરીકે આ જાતિમાં ચીતરાયો છે જેમકે-

'બગલી ભર્યા ખેતરમાં જાય,

બગલીનો ગોવાળિયો કોઈને થાય,

બગલી ભર્યા ખેતરમાં જાય,

બગલીનો ગોવાળિયો ચંદુ થાય.'[૨૯]

લગ્નમાં સાળાનો અણવરિયો બનનારો બનેવી રાત-દિન સેવા કરે છે અને કયાંક નાની અમથી ભૂલ પણ તેના માથે આપત્તિરૂપ બની જાય છે.

આમ કુટુંબ જીવનની લોકસૃષ્ટિને નિહાળ્યા બાદ આ જાતિમાં કેટલાંક સંસ્કારગીતોમાં અન્ય જાતિનાં પાત્રો પણ ગવાતાં જોવા મળ્યાં છે. રાસ-ગરબાની જેમ સુથાર, લુહાર, માળી, દરજી, સોની, મોચી, છીપાં, ખત્રી ગોલી આદિ પાત્રોને પણ લગ્નસંસ્કારનાં ગીતોમાં આલેખાય છે.

ગરબામાં માતાની નૈવદ્યની કે શણગારની સામગ્રી અન્ય જાતિના લોકો જ લઈ આવે છે તેનું વર્ણન અનોખું છે. પરંતુ લગ્ન ટાણે પણ ખરીદી કરવામાં આવતી સામગ્રી કયાં કયાંથી લવાય છે તેનું વર્ણન પણ જુદી જુદી જાતિને આલેખીને કરાય છે. જેમકે-

'ખત્રી તો ગયા ઓટલા ચડી રખે રે સાંઈ મને છેતરતા, રખે...

ખત્રરાણ પૂછે આજ મારો ખત્રી કાં હોને ગેયલો હો રામ કાં...

દેસાઈ લોકની છોકરી પરણે સાડી વેચવા ગેયલો હો રામ.'[૩૦]

(દરજી-દરજાણ, છીપાં-છીપાંણ, રંગારો-રંગારણ) આદિ ગવાય.

લગ્નના કપડાં ખરીદી કર્યા પછી સાંજે આ પ્રકારનાં અનેક ગીતો ગવાય છે જેમાં આવી અનોખી પાત્ર સૃષ્ટિ ઊભી કરાયી હોય છે.

એજ રીતે ગરબામાં પણ કુંભાર, સુથાર, સોની, માળી, જોશી, ગોલી જેવી પાત્રસૃષ્ટિને મનભેર ગાવામાં આવ્યા છે. (માટલી, બાજઠ, ઘરેણાં, હાર-ગજરા, કંકુ-શ્રીફળ જેવી ચીજ આ બધાં પાત્રો સાથે જોડાયેલી હોવાથી એપણ આપણાં લોકગીતોની પાત્ર સૃષ્ટિ બને છે.

## ૭.૫ ધોડિયા જાતિનાં સંસ્કારગીતોની દેવસૃષ્ટિ

ભારતીય પ્રજા આદિકાળથી ધર્મ અને દેવસૃષ્ટિમાં વિશેષ રુચિ રાખતી આવી છે. શ્રદ્ધાળુ માનવીને મન તો 'પથ્થર એટલા પૂજ્યદેવ' હોવાથી આપણા જનજીવન પર અસંખ્ય દેવ-દેવીઓ પ્રચ્છન્નપણે છવાયેલાં રહ્યાં છે. આપણાં ધર્મશાસ્ત્રો તો 'તેત્રીસ કરોડ' દેવતાની સંખ્યામાં માને છે. ભારત વર્ષનું કે ગુજરાતનું એકપણ ગામ એવું નહીં હોય કે જયાં લોકદેવનાં સ્થાનકો ન હોય!

જગતમાં માનવીની બુદ્ધિવિચાર પ્રક્રિયા કરતી અટકી જાય ત્યાંથી ઈશ્વરની સૃષ્ટિનો આરંભ થાય છે. મનુષ્યનો શંખધ્વનિ સંભળાય છે. આજની વિજ્ઞાનની અન્ય આધુનિક ટેકનોલોજી ન શોધાય ત્યાં સુધી લોકસમાજનો માનવી લોકદેવોની શ્રદ્ધાના બળે જ ભયમુક્ત બન્યો હતો. આવી શ્રદ્ધાના સહારે જ હજારો વર્ષથી આપણું લોકજીવન ટકી રહ્યું છે. આવા દેવ-દેવીના શ્રદ્ધાના તાંતણે બંધાયેલા લોકો આજે પણ ધાર્મિક અનુષ્ઠાનોના સંકલ્પ ટાણે આપણા ઈષ્ટદેવતા, કુળદેવતા, સ્થાનદેવતા, ગોત્રદેવતા કે ગ્રામદેવતા આદિનું હૃદયપૂર્વકનું સ્મરણ અચૂક કરીએ છીએ.

ભારત આખામાં જ્ઞાતિ કે પેટા જ્ઞાતિમાં અનેક કુળ-દેવ-દેવી આજે પણ સ્થાન ધરાવે છે. આવી ધર્મપૂજાનો કાળ માનવ સંસ્કૃતિ જેટલો જ કદાચ પુરાણો હશે. આપણા દેવ-દેવીઓની ઉત્પત્તિ છ પ્રકારનાં તત્ત્વોમાંથી ઉત્પન્ન થઈ હશે એવું માનવામાં આવે છે. જેમકે (૧) આકાશીતત્ત્વો (૨) પાર્થિવતત્ત્વો (૩) જાતીય તત્ત્વો (૪) પશુપક્ષી વિશેનાં તત્ત્વો (૫) માનવ તત્ત્વો (૬) દિવ્ય તત્ત્વો. મનુષ્યને જયાં ભય વરતાયો ત્યાં ધર્મની ભાવના પ્રગટાવી અને સૃષ્ટિના ગોચર અગોચરની શ્રદ્ધા કેળવી. આવા પૃથ્વીનાં છ એ તત્ત્વોમાંથી ઉંદરથી માંડીને હાથી સુધીનાં તમામ પશુ-પંખીઓ કે વૃક્ષો કે અન્ય ચેતન અચેતન તત્ત્વો દેવો તરીકે પૂજાતાં થયાં છે. ઈતિહાસના ઓવારે ઊભાં રહી દેવ-દેવીના (લોકદેવના) ઝૂમખાની વાતો કરીએ તો દરેક જાતિમાં અવનવી દેવસૃષ્ટિ દષ્ટિગોચર થાય છે.

ભારતીય સંસ્કૃતિનો મુખ્ય દષ્ટિકોણ સમન્વયાત્મક દષ્ટિકોણ છે. તેથી જ તો આર્ય, દ્રવિડ, નિષાદ, કિરાત આમ અનેક સંસ્કૃતિ વડે આ દેશની મહાન ધાર્મિક પરંપરાનું નિર્માણ થયું છે. આવી અવનવી ધાર્મિક સંસ્કૃતિ પણ દરેક નાની-મોટી જાતિ-પેટાજાતિઓમાં પણ નિર્માણ પામી છે. દક્ષિણ ગુજરાતના આદિવાસી ધોડિયા જાતિમાં પણ એમની સંસ્કૃતિ મુજબનાં કેટલાંક દેવ-દેવીઓ આજે પણ પોતાનું સ્થાન ધરાવે છે. એમનાં દેવ-દેવી પણ, આકાશી, પાર્થિવ, જાતીય, પશુપક્ષી અને માનવતત્ત્વો જેવામાંથી જ આવ્યા છે. કેટલાક દિવ્યતત્ત્વોમાંથી પણ દેવસૃષ્ટિ ઉદ્‌ભવેલી જોવા મળી છે.

આવી અનોખી દેવસૃષ્ટિ એમનાં કેટલાંક સંસ્કારગીતોમાં ગવાતાં જોવા મળે છે. જેમકે લગ્નમાં ગવાતાં જુદાં જુદાં વિધિગીતોમાં એમની દેવસૃષ્ટિ દષ્ટિગોચર થાય છે.

'સાંજીગીતો'માં એમનાં તમામ દેવ-દેવીને સ્તુતિ કરતાં અને શુભ પ્રસંગે નોતરણ આપવાની  પરંપરા આજે પણ રહી છે જે આ ગીતમાં છે.

'લીલે ઝાડે સરની વાડી રે

વાડીમાં કયા દેવ આવી ઉતર્યા

આવી ઉતર્યા રે મારા કંસેરીદેવના સંઘ રે,

દેવ તો રમે છે.'[૩૧]

(ભવાનીમાં, ભરમદેવ, હિમારિયો દેવ, બગલાદેવ, ભૂતદેવ દેવલીમાડી, જેવા દેવ ગવાય છે.)

'ચાંદલો કે જાન' જોડી જતી વખતે રસ્તામાં આવતી નદી ઓળંગતી વખતે પણ જળદેવતાને ગીતમાં જોડી વિનંતી કરાય છે જેમકે-

'નદીમાંના જળદેવ સૂતા કે જાયગા

જાગેલા રે હોય તે પરદેશી ચાંદલો/જાન

ઉતારી મેલ રે.'

વિના વિઘ્ને પોતાનો ચાંદલો કે જાન નદી ઉતરી જાય તે માટે પણ નદીમાંના જળદેવનું સ્મરણ કરાય છે.

સાંજી ગીતમાં પોતાના ઈષ્ટદેવને ઈજન આપતું આ ગીત પણ દેવસૃષ્ટિ ખડી કરે છે.

'ટૂંકે તે પાનની આંબલી રે

લાંબે તે પાનની કેળરે કંશેરીદેવ

તુલસીના પાને પધારજો રે.'

એમાં પણ ભવાની, ભરમદેવ, મરકીમાતા આદિને ગવાય છે.

બીજા એક ગીતમાં રન્નાદેના પતિની બે ગાયો અને એ ગાયો કૃષ્ણ ભગવાન અને શંકર ભગવાન ચરાવવા જાય છે તેમજ એ ગાયનું દૂધ દોહનારી રૂકમણી અને પાર્વતીની કલ્પના કરવામાં આવી છે ત્યાં પણ દેવસૃષ્ટિનાં દર્શન કરાવ્યાં છે.

'ખાંડી ને મીંડી દેવની બે ગાય રે..

રનિયાદેવ...

એનો ગોવારી કોણ રે,

રનિયાદેવ

એનો ગોવારી કૃષ્ણ ભગવાન રે,

રનિયાદેવ

એની દોનારી રૂકમાણી રે,

રનિયાદેવ'[૩૨]

ભાંગેલા અને વળેલા શિંગડાવાળી સૂર્યદેવની બે ગાયોને ચરાવવા માટે કૃષ્ણ અને શંકર જાય છે. ચારો ચરીને દૂધે ભરેલી ગાયો પાછી આવે છે. ત્યારે રૂકમાણી અને પાર્વતી ગાયોને દોહવાનું કામ કરે છે. તે વર્ણવાયું છે.

પીઠી ચઢી ગયા પછી દેવલોકને દર્શન કરવા જતી વખતે પણ દેવસૃષ્ટિનાં દર્શન કરાવતાં ગીતો ગવાય છે.

'અમે કયા દેવને મલેવા ચાયલા રે

છેલ પોપટડો.

અમે કંસેરીદેવને મલેવા ચાયલારે, છેલ પોપટડો,

અમે ભરમદેવ (બ્રહ્મા)ને મલેવા ચાયલારે,

અમે મલી ભેટીને પાછાં વયળા રે, છેલપોપટડો.'[૩૩]

બીજા એક ગીતમાં ચાંદા-સૂરજના સામા દર્શન થયાની વાત અનોખી રીતે ગવાય છે જેમકે-

'ચંપલિયાની છાંયે છાંયે ચાલમારી દક્ષાબેન

ચાંદો-સૂરજ સામા મળ્યાં.'

ચંપાના છોડના છાંયે છાંયે ચાલીને દેવદર્શને જતી બેની (કન્યા)ને ચાંદો-સૂરજ સામો જ દર્શન આપે છે અને બેની ધન્યતા અનુભવે છે.

'ઉઘાડ ઉઘાડ દેવી તારાં બારણાં

દેવરાણીએ ઉઘાડિયા, દેવ રાજાએ ઢાંયકા

ઉઘાડ રે ઉઘાડ કોરી ધજા લાયવા

ઉઘાડ રે ઉઘાડ કોરા બેઠાં લાયવા.'[૩૪]

દેવદર્શને જતી અને પૂજાની સામગ્રી કેવી લઈ જાય તેનું વર્ણન છે. ત્યાં પહોંચ્યા પછી કોણ મંદિરનું બારણું ઉઘાડે અને કોણ ઢાંકે છે તે દેવ-દેવીના પાત્રથી સૂચવાયું છે.

'પ્રભાતી ગીતો' માં પણ દેવસૃષ્ટિ આલેખાય છે જેમકે-

'સૂરજી રે તમે ઝાંખા કેમ ઊયગા રે,

હંસાબેન રે તમે ઝાંપે કેમ ઊભા રે,

તમુને પરણાવે તમારા પિતા દેસાઈ રે.'

'બેની રે તમે વહેલી સવારે જાગજો

લેજો ભગવાનજીનું નામ.'

આવાં તે અનેક ગીતોમાં દેવસૃષ્ટિનાં દર્શન થતાં જોવા મળે છે. આવાં ગીતોની એક વિશિષ્ટતા એ રહી છે કે આદિવાસી જાતિ પોતાના જેવા જ પ્રાકૃતિક પરિવેશવાળા જ દેવોને ગીતોમાં આલેખે છે. એમના દેવો પણ ગામઠી પરિવેશ વાળા જ જોવા મળ્યા છે. પ્રકૃતિમાંથી જ ઉદ્‌ભવેલા પ્રાકૃતિક દેવોનું સ્મરણ જ એની દેવસૃષ્ટિ છે. તેથીજ તો એમના ભગવાનનાં ભવ્યો મંદિરો કે ભવ્ય સ્થાપત્યો બંધાયેલાં નથી. પોતાની જેમ જ ખુલ્લા મેદાનમાં, ડુંગરપર, વૃક્ષના થડમાં, પથ્થરમાં કે ઘૂંમટમાં બિરાજમાન દેવસૃષ્ટિ જોવા મળી છે. પોતાના જેવા જ ભોળા અને સરળ દેવો એમની લોકસંસ્કૃતિમાં દેખાય છે.

આ ઉપરાંત હોળી, દિવાળી, દીવાસો, બાધા આદિ ઉત્સવ નિમિત્તે પણ કેટલાંક ગીતો ગવાયા છે અને એમાં પણ એમનાં માનીતા દેવ-દેવી પાત્રો દષ્ટિગોચર થાય છે. દિવાળી વખતે જાત્રા (મેળા)માં મહાલતા ઘેરૈયાઓ જે તે ભગવાનને કેન્દ્રમાં રાખી ગરબા, પવાડા કે લહેરિયાઓ ગાય છે. તેમાં પણ દેવનું જ ઈજન હોય છે.

હોળી જેવા પર્વમાં હોળીમાતાનાં ગીતો ગવાય છે. હોલિકા એ એમની માનતી દેવી રહી છે. ઈષ્ટદેવીના પૂજન વિના કેરી કે મરવા ન આરોગવાની બાધા આ જ્ઞાતિમાં આજે પણ જોવા મળે છે. હોળી માતાને ઠાર્યા પછી ખજૂર-કોપરા મરવા આદિનું ચડાવ મૂકી પછીજ કાચી કેરી ખાવાની શરૂઆત થાય છે. હોળીમાતાના શણગાર કરીને નીચે પ્રમાણેનું ગીત ગાય છે.

'હોળીમાતા તમે કેટલી બેન ભમ્મરલી

હોળી માતા તમે સાતજ બેન ભમ્મરલી

સાતે બેનીના માથોલિયા ઓળાવો ભમ્મરલી.'

આ જાતિમાં હોલિકાનું સ્થાન ઈષ્ટ માનવામાં આવે છે. ત્યાર પછીજ લગ્ન આદિ પણ કરે છે.

બાધાંનાં ગીતોમાં પણ કનસેરી, દેવલી, કાલિકા ચોસઠ, મરકી, ભવાની આદિ દેવીઓને આલેખી ગીતો ગવાય છે જેમકે-

'મરકી માતા ડેરાં ચઢી જુએ કે માનતા કેટલે આવે,

બસો નાળિયેર ને ત્રણસો દીવડાં, માનતા મોટેરી આવે.'

આમ આખી દેવીસૃષ્ટિને અહીં ગવાય છે. ટૂંકમાં જે દેવીની માનતા માની હોય તેની સવિશેષ ગણના કરવામાં આવે છે.

બીજા એક ગીતમાં માવલીદેવ અને ભરમદેવને (બ્રહ્મા) વર્ણવાયા છે જેમકે-

'માવલી દેવાયા લાંબા પડાળ

અહળવી રહયને રમ'રા માવલીદેવ

વાંસ વઢાવે, ઘેર બંધાવે, ઘરમાં રમે બરમદેવ.'[૩૫]

દેવનું ઘર કેવું બનાવવું, શાનું બનાવવું તેનું વર્ણન કરીને માવલીદેવ અને ભરમદેવને રમવાની આજ્ઞા અપાય છે. આ જાતિમાં નારાયણદેવ (વિષ્ણુ), ભરમદેવ (બ્રહ્મા) અને કાળોતરો દેવ (મહેશ)ને ગણાવ્યો છે.

આમ આ જાતિનાં સંસ્કારગીતોમાં ઉપરોક્ત વિવિધ દેવ-દેવી કે લોકદેવોની પાત્રસૃષ્ટિ ભક્તિભાવથી વર્ણવાય છે. નિસર્ગની ગોદમાં વસતો માનવી જેટલો સરળ અને સાદો છે.

એટલા જ એના દેવો પણ સરળ અને સાદા છે. સ્થાનિક ભૌગોલિક પરિસ્થિતિના પ્રાકૃતિક રંગોનો સ્પર્શ પણ આદિવાસી દેવો સુપેરે પામ્યા છે. આદિવાસી દેવ સૃષ્ટિ હંમેશાં પ્રકૃતિના ખોળે જ બિરાજેલી જોવા મળે છે. એક 'કંસેરીમાતા' કે જે ધાન્યની દેવી ગણવામાં આવી છે. એને બાદ કરતાં તમામ દેવ-દેવી ખેતરમાં, સીમમાં, ડુંગરપર વૃક્ષના થડમાં કે ઘરના વાડામાં નાની-નાની દેરીઓમાં સ્થાન પામેલાં છે. આજે પણ એમના લોકદેવો પ્રત્યેની લોકજીવનની આસ્થા એવી જ લીલીછમ રહી છે.

આમ ઉપરોક્ત તમામ સંસ્કારગીતોમાં સંસારજીંવન, કલ્પન-પ્રતીક, લોકસૃષ્ટિ કે દેવસૃષ્ટિ જેવાં ભાવસંવેદનોને આલેખતાં એમનાં ગીતો આજે પણ એટલાજ ભાવથી ગવાતાં જોવા મળે છે. આજે કેટલાંક કલ્પનો કે ભાવસંવેદનોમાં શિષ્ટતાનો ભાવ અચૂક દેખાય છે. પરંતુ એટલું તો ચોકકસ કહી શકાય કે સંસ્કારિતાએ પણ આજના સંદર્ભમાં થોડું નવપગરણ કર્યું છે જે કેટલાંક લોકગીતોમાં જોઈ શકાય એમ છે. કદાચ એમની પાત્ર સૃષ્ટિ બદલી હોય તો પણ પરંપરા કે ભાવપ્રતીક એનો એ જ રહ્યો છે.

# સંદર્ભસૂચિ


૧/૨. માહિતીદાતા- રવલીબેન નગીનભાઈ પટેલ, ઉંમર-૬૮, ગામ: પોંકડાં, તા.ચીખલી, જિ.નવસારી.

૩. પટેલ માધુભાઈ, 'સ્વરાંકિત લોકગીતો', પૃ.૭.

૪. માહિતીદાતા- કાન્તાબેન મકનભાઈ પટેલ, ઉંમર-૫૮.

૫/૬. માહિતીદાતા- શુકરીબેન નાગજીભાઈ પટેલ, ઉંમર-૫૯, ગામ: પોંકડાં, જિ.નવસારી.

૭/૮. માહિતીદાતા- સુરેખાબેન ગોપાળભાઈ પટેલ, ઉંમર-૪૦, ગામ- પોંકડાં.

૯. માહિતીદાતા- શુકરીબેન નાગજીભાઈ પટેલ, ગામ- પોંકડાં, જિ.નવસારી.

૧૦. શ્રી મેઘાણી ઝવેરચંદ, 'રઢિયાળી રાત', પ્ર.આ. ૧૯૯૭, પૃ.૬૩.

૧૧. માહિતીદાતા- કાન્તાબેન મકનભાઈ પટેલ, ઉંમર-૫૮, ગામ-નિહાલી.

૧૨. એજન.

૧૩/૧૪. એજન.

૧૫. માહિતીદાતા- દિનેશભાઈ મકનભાઈ, ઉંમર-૪૩, ગામ-નિહાલી.

૧૬. માહિતીદાતા- ભગુભાઈ રમણભાઈ પટેલ, ઉંમર-૫૦, ગામ: પોંકડાં, તા.ચીખલી, જિ.નવસારી.

૧૭. માહિતીદાતા- શારદાબેન મોહનભાઈ પટેલ, ઉંમર-૩૪, ગામ-પોંકડાં.

૧૮. માહિતીદાતા- કાન્તાબેન મકનભાઈ પટેલ, ઉંમર-૫૮, શાન્તાબેન બાબુભાઈ પટેલ, ઉંમર-૫૨, ગામ-નિહાલી.

૧૯. માહિતીદાતા- સુરેખાબેન ગોપાળભાઈ પટેલ, ઉંમર-૪૦.

૨૦. માહિતીદાતા- તારાબેન રમણભાઈ પટેલ, ઉંમર-૩૨, ગામ-પોંકડાં.

૨૧. માહિતીદાતા- ઊર્મિલાબેન નટુભાઈ પટેલ, ઉંમર-૩૮, ગામ-પોંકડાં.

૨૨/૨૫. માહિતીદાતા- સુરેખાબેન ગોપાળભાઈ.

૨૬. માહિતીદાતા- માંડલીબેન ઢેડિયાભાઈ, ઉંમર-૭૫, ગામઃ સરા, તા.વાંસદા, જિ.નવસારી.

૨૭. માહિતીદાતા- ઊર્મિલાબેન નટુભાઈ.

૨૮/૩૦. માહિતીદાતા-ભારતીબેન અંબેલાલ પટેલ, ઉંમર-૪૮, ગામઃ પોંકડાં, જિ.નવસારી.

૩૧/૩૨. પટેલ સોમાભાઈ, પટેલ મધુબેન સોમાભાઈ સંપાદિત- 'ઢોડિયા જાતિનાં લગ્ન રિવાજો અને ગીતો', પ્ર.આ. ૧૯૯૪, પૃ.૧૮.

૩૩. માહિતીદાતા- તારાબેન રમણભાઈ, ઉંમર-૩૨, ગામઃ પોંકડાં, જિ.નવસારી.

૩૪. મધુબેન સોમાભાઈ સંપાદીત- 'ઢોડિયા જાતિનાં લગ્નરિવાજો અને ગીતો', પ્ર.આ. ૧૯૯૪, પૃ.૪૨.

૩૫. પટેલ મંછારામ, 'ધોડિયા : જાતિ બોલી, સાહિત્ય અને સંસ્કૃતિ', પ્ર.આ. ૨૦૦૦, પૃ.૧૧૭.

# પ્રકરણ-૮
# દક્ષિણ ગુજરાતની ધોડિયા જાતિની અન્ય લોકવિદ્યા


૮.૧ પ્રસ્તાવના

૮.૨ ધોડિયા જાતિની લોકકલા-કસબ

૮.૩ ધોડિયા જાતિનાં લોકનૃત્યો

૮.૩.૧ 'તૂરનૃત્ય'

૮.૩.૨ 'ઘેરનૃત્ય'-ઘેરિયાનૃત્ય

૮.૩.૩ 'રુમાલી નૃત્ય'

૮.૪ ધોડિયા જાતિની લોકમાન્યતા

૮.૫ ધોડિયા જાતિની બાળરમતો

૮.૫.૧ છોકરાની રમત

૮.૫.૨ છોકરીની રમત

૮.૫.૩ છોકરા-છોકરીની રમત

૮.૬ ધોડિયા જાતિનાં લોકસંગીતમાં લોકવાદ્યો

૮.૬.૧ ચર્મવાદ્યો

૮.૬.૨ ધનવાદ્યો

૮.૬.૩ તંતુવાદ્યો

૮.૬.૪ સુષિરવાદ્યો

૮.૭ ધોડિયા જાતિનું લોકનાટ્ય

# પ્રકરણ-૮
# દક્ષિણ ગુજરાતની ધોડિયા જાતિની અન્ય લોકવિદ્યા

## ૮.૧ પ્રસ્તાવના

લોકસાહિત્ય, લોકસંગીત, લોકનાટ્ય, લોકનૃત્ય, લોકચિત્રકલા, લોકસ્થાપત્ય કે ગૃહનિર્માણ, લોકરંજક કલાઓ અને લોકકસબો વગેરે જે કંઈ લોકજીવન સાથે પરંપરાગત રીતે જોડાયેલું છે તેને લોકવિદ્યા (ફોકલોર) કહેવામાં આવે છે. એમાં કહેવતો, બોલીનાં ઉદ્‌ગારો, લઢાણો, મંત્રતંત્ર, ડોશીવૈદુ, ભરતગૂંથણ, લીંપણ ગૂંપણ, નટબજાણિયા, મદારી, કઠપૂતળીના ખેલો, ખેતી-પશુપાલન સાથે સંકળાયેલી તમામ પરંપરાઓ, લોકમાનસને વ્યક્ત કરતી માન્યતાઓ, કારણ-વારણની અનેક લોકવિધિઓ એમ અનેક બાબતોનો સમાવેશ લોકવિદ્યામાં થાય છે. લોકવિદ્યામાં લોકજીવનની સામગ્રી કેન્દ્રમાં છે. લોકજીવનમાં બનતી લોક વ્યવહારની સઘળી ભાવનાઓ લોકવિદ્યાની પૂંજી બની છે.

'લોકવિદ્યા' એટલે લોકોમાં પરંપરાગત રીતે ઊતરી આવેલી તમામ વિદ્યા-ભાવનાઓ. ભલે 'લોકવિદ્યા' શબ્દનો ઉપયોગ બારમી સદીમાં થયો હોય પરંતુ એનું મૂળ તો ખૂબ જ પ્રાચીન છે. કહેવાયું છે કે જયારથી માનવ સમાજ ભાષા બોલતો થયો કે વિચારતો થયો ત્યારથી જ 'ફોકલોર'નો ઉદ્‌ભવ પણ થયો કહેવાય.

વિશાળ જગતમાં, વિશાળ જનસમુદાયના લોકહૃદયમાં પડેલાં ભાવ સંવેદનોજ આપણી લોકવિદ્યાના મૂળ છે. શિકાર કરતા જે ઉદ્‌ગારો નીકળ્યા તે, સુખ કે આનંદમાં જે ચિત્કાર કર્યો તે, દુ:ખમાં કે યાતનામાં જે અવાજ નીકળ્યો તે, કે ખેતીમાં ચકલાં ઉડાડતા કે કોશ ચલાવતા કે, પાક સારો થતાં જે આનંદના અવાજો આવ્યા તે, અથવા એકાકી ભાવને અનુભવે જે આકાર અપાયો તેમાં કે પછી સમૂહમાં નાચ-ગાન કરીને જે આનંદપ્રમોદ કરાયો તો કોઈકની ગેરહાજરી વર્તાતા એની નિરાશા રૂપે જે કંઈ બહાર આવ્યું તે તમામે તમામ બાબતો જ લોકોની વિદ્યા છે. લોકોના હર્ષ, ઉલ્લાસ, આનંદ, શોખ, દુ:ખ, પીડા, યાતના વેદના બધાં જ ભાવસંવેદનો લોકવિદ્યારૂપે આવ્યાં છે.

લોકવિદ્યા કોઈપણ સમાજમાં કોઈપણ એકમ કે પેટા એકમના જીવનને ઘડનારું એક બળ છે. તે સાથે એના કૌટુંબિક અને સામાજિક જીવનને નવો આકાર આપવાનું અને જીવનને વ્યવસ્થિત રીતે ગોઠવવાનું જીવન સંલગ્ન સાધન પણ છે. આથી જ ‘લોકવિદ્યાં’ દરેક જાતિએ, સ્વરૂપે, પ્રકારે વર્ગે અને પ્રવર્તને વૈવિધ્યસભર છે. લોકવિદ્યા લોકજીવનનું અંગ છે. આથી તેમાં કલા કે કસબના રૂપમાં તો કેટલુંક માન્યતા, રૂઢિ-પરંપરારૂપે પણ સિદ્ધ થયું છે, તો વળી કેટલુંક લોકજીવનના પર્વો અને ઉત્સવો નિમિત્તે ભરાતા મેળાઓમાં, રાસગરબા, રમતગમતમાં પણ જોવા મળે છે. લોકજીવન માટેનો આ એવો સાંસ્કૃતિક રાજમાર્ગ છે, જેમાં જીવન અને જગતને જાણવાની ધારણાઓ છે અને જીવનને વ્યવસ્થિત ગોઠવવાની વ્યવસ્થા પણ છે. પ્રત્યેક જાતિની લોકવિદ્યાઓ તેનાં ભૌગોલિક, જાતિગત અને પર્યાવરણગત પરિબળોમાં જ વિકાસ પામી છે. દરેક જાતિએ પોતાનાં આનુવંશિક વૃત્તિ, વલણો અને લક્ષણો જાળવી રાખીને પણ ભૂગોળ સાથે, આબોહવા સાથે, પ્રાદેશિક સંજોગ અને પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધીને પોતાની લોકવિદ્યાઓનો વિકાસ કર્યો છે. સમાન એવા જાતિ, જ્ઞાતિ, સામાજિક અને આર્થિક પરિસ્થિતિ, વય સ્તર, ધર્મ, લિંગ, વ્યવસાય ઈત્યાદિને આધારે તેમની આગવી લોકવિદ્યાઓ આવી છે.

લોકવિદ્યા આમ તો મુખ્ય બે વિભાગ પાડી શકાય. (૧) સર્વસામાન્ય એવી લોકવિદ્યા (૨) વ્યવસાયિક પ્રકારની લોકવિદ્યા.

છતાં કહેવું હોય તો કહી શકાય કે લોકવિદ્યામાં બે પ્રકારે લોકવિદ્યા જુદી પડે છે. ગ્રામ્ય વિસ્તારની લોકવિદ્યા અને શહેરી જીવનની લોકવિદ્યા આ બંનેમાં ઘણો મોટો તફાવત છે.

શહેરી વિસ્તારની કે જીવનની લોકવિદ્યામાં તેમની વાતચીત, વાણી વર્તન, વસ્ત્રાભૂષણ, ખાન-પાન, માન્યતા, કલા-સૌંદર્ય આદિ આધુનિક કે વૈજ્ઞાનિક ટેકનોલોજીના વિકાસ પ્રમાણે બદલાયેલાં વલણો સાથે જોવા મળે છે. તેમની લોકવિદ્યા આધુનિક છે. એમના જીવન ઘડતરમાં જેમકે વિદ્યાકીય પ્રવૃત્તિ રમત-ગમતની પ્રવૃત્તિ, સ્વાસ્થ્યની બાબતમાં

કે અન્ય પ્રવૃત્તિમાં પરંપરા કે કુટુંબનું સ્થાન હવે રહ્યું નથી. પરંતુ એની સાથે વર્તમાનપત્ર, સામાયિક, પુસ્તક, રેડિયો, દૂરદર્શન, ટેલીવીઝન કે કોમ્પ્યુટર તથા યુવાન-યુવતીઓના મેળાવડા વગેરેની વ્યાપક અસર દેખાય છે.

ગ્રામ્ય વિસ્તારની કે જીવનની લોકવિદ્યાના વિભાગમાં એમના જીવન ઘડતરમાં આજે પણ કુટુંબનું સ્થાન, લોકપરંપરાની છાંટ વર્તાતી દેખાય છે. આજે પણ શિક્ષણ બાબતમાં કે બાળક ઉછેરમાં કુટુંબની પરિસ્થિતિ ઉપર આધાર રહે છે. આ ઉપરાંત એમની રહેણી-કરણી, વાતચીત, માન્યતા, ખાણી-પીણી, વાણી-વર્તન, વસ્ત્રાલંકાર તથા એમનું કલાસૌંદર્ય આદિમાં ગ્રામ્યતાની પરંપરા વર્તાય છે.

ગ્રામ્ય લોકજીવનમાં ઉદ્‌ભવતી લોકવિદ્યાઓ બહુધા વ્યવસાયિક કે ઉપયોગી પ્રકારની રહી છે. આવી લોકવિદ્યાઓ શાસ્ત્રજ્ઞાન કે સ્વાધ્યાયથી ભિન્ન પ્રકારની છે. એમનું કોઈ શાસ્ત્ર નથી, એનો કોઈ અભ્યાસ નથી, કે એમની કોઈ તાલીમ નથી. પરંપરાગત લોકવિદ્યાઓ વ્યાવસાયિક વંશજો ને તેની આનુવંશિક સૂઝમાંથી અને અનુકરણમાંથી મળે છે. તેથીજ આ પ્રકારની લોકવિદ્યાઓ લોકજીવનની સાથે સંકળાયેલી છે. લોકજીવનના અનેક પ્રશ્નો કે મૂંઝવણમાંથી ઉદ્‌ભવતી આ લોકવિદ્યા અંતે તો મથામણોનું સમાધાન છે. જેમકે કૃષિપ્રધાન લોકજીવનમાં તો સહુ કોઈને પોતાની તાત્કાલિક જરૂરિયાત પૂરતું જ્ઞાન મેળવવું જ પડે છે. ગાડાની વાટ ઉતરી જવાની તૈયારીમાં હોય તો ખેડૂત પોતેજ કામચલાઉ સાંધીસૂધીને ચલાવી લે છે તો અન્ય ઘરનાં કામો પણ પોતાની સમજથી પાર પાડે છે. જેમકે ખેતરમાં પાળા બાંધવા, વાટા કરવા, ભીંત ચણવી નળિયાં ચાળવા, રાંઢવા વણવા, મોઢિયા ગૂંથવા, દોર ભાંજવા, થાળા બનાવવા, કોઠી બનાવવી, થાપા બનાવવા જેવાં અનેક કામો જાતે જ કરે છે. શહેરી જીવનમાં એનાથી ઊલટું છે.

ગ્રામ્ય જીવનમાં વરસ દરમ્યાનની જીવનઉપયોગી જરૂરિયાતની ચીજવસ્તુઓ વગે કરવા પણ પોતાની આગવી કલાસૂઝ કામે લગાડે છે. જેમકે વર્ષ દરમ્યાનનાં દાણા-પાણી ભરવા માટે કોઈની સલાહ કે પેમ્પલેટની જરૂર જણાતી નથી. પરંતુ વંશપરંપરાગત ચાલી

આવતી લોકપરંપરા અનુસાર માવજત કરાતી આવે છે. આ પણ આગવી લોકવિદ્યા જ છે.

આવી લોકવિદ્યાને મુખ્યત્વે લોકવિદ્યાવિદોએ લક્ષણો, પ્રકારો, પ્રવાહો, અનુસાર અનેક સિદ્ધાંતિક ખ્યાલો આપ્યા છે જેથી લોકવિદ્યાની સિદ્ધાંતિક ચર્ચા ન કરતા ધોડિયા જાતિમાં જોવા મળતી કેટલીક અન્ય લોકવિદ્યાનું સ્થાન કેવું છે તે તપાસીએ.

લોકવિદ્યા પોતેજ લોકજીવન જેટલીજ વ્યાપક છે, વિશદ છે, બહુપરિમાણી છે. આવી લોકવિદ્યાઓ જગતના ખૂણે-ખૂણે પથરાયેલી જોવા મળે છે. આ જાતિમાં પણ લોકજીવનની ભૌતિક જરૂરિયાતની સાથે-સાથે લોકકલા કસબ, લોકનૃત્ય, લોકસંગીતનાં લોકવાદ્યો, લોકમાન્યતાઓ, બાળરમતો તો કેટલીક દેશીવૈદુ ધરાવતી લોકવિદ્યાઓ જોવા મળી છે. જેને વિગતે ચર્ચા કરીએ.

## ૮.૨ ધોડિયા જાતિની લોકકલા-કસબ

ભારત દેશ એટલે અનેક સંસ્કૃતિઓનો અને વિવિધ જાતિઓનો દેશ. આપણી સંસ્કૃતિ જેમ પ્રકૃતિ પરાયણ છે તેમ આપણું લોકજીવન પણ પ્રકૃતિ પરાયણ છે. આવી વિવિધ જાતિઓના લોકજીવનમાં વિવિધ લોકકલા કસબની ઝાંખી થતી દેખાય છે. અનેક લોકવારસાથી ધબકતી લોકંસસ્કૃતિ કુદરતની હુંફાળી ગોદમાં ઓતપ્રોત બનેલી જોવા મળે છે. જેમ હિલોળા લેતા મહાસાગરના જળમાં અનેક નાની મોટી નદીઓ ભળી જાય છે તેમ આપણી લોકસંસ્કૃતિમાં પણ અનેક લોકવરાણો અને લોકકલા-કસબો ભળેલાં જોવા મળે છે. વિવિધ રંગી લોકકલાઓ લોકજીવન રૂપી લહેરાતા લોકસાગરમાં શંખ અને છીપલાંની જેમ સચવાય ને પડયા છે.

દક્ષિણ ગુજરાતની આદિવાસી ગણાતી આ જાતિમાં જુદી-જુદી લોકકલાઓ વિશિષ્ટ ધ્યાન ખેંચે એવી છે. કચ્છ કે સૌરાષ્ટ્રની લોકકલા કસબ જેવી ઊંચી જાતની કલાઓ નથી. પરંતુ પોતાની આગવી સંસ્કૃતિ કે સંસ્કારને દષ્ટિપાત કરતી કેટલીક કલાઓ જોવા મળી છે. ખાસ કરીને ઘર-રહેઠાણની વ્યવસ્થાની કલા, ઘરશણગારની કલા, લીંપણ કલા, શિલ્પ સ્થાપત્ય ગૂંથણ વણાટની કલા આદિ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

## ૮.૨.૧૨હેઠાણ વ્યવસ્થા

'ધરતીનો છેડો ઘર' એ કહેવત અનુસાર દરેક જાતિની ઘર વ્યવસ્થા અલગ-અલગ છે. કચ્છમાં ભૂંગા, ભીલોનાં ખોલરાં, તેમ અહીં ઘર માટે બીજો કોઈ આગવો શબ્દપ્રયોગ નથી. પરંતુ આ જાતિ પણ પોતાની યથાશક્તિ પ્રમાણે રહેઠાણની વ્યવસ્થા કરે છે. આ જાતિ હંમેશા સામૂહિક જૂથમાં જ વસતી જોવા મળે છે. જયાં એમનો વસવાટ હોય તેમ અમુક નામ આપી 'ફળિયા' તરીકે ઓળખાવે છે. તેમાં ખાસ કરીને કોઈ વિશિષ્ટ વ્યક્તિના નામથી કે કોઈ ઘટના કે બનાવના નામ ઉપરથી અથવા તો કુદરતી કેટલીક બાબતોને ધ્યાનમાં રાખી ને ફળિયાના નામ અપાય છે. 'ફળિયું' મોટેભાગે ૨૦-૨૫ ઘરના જૂથથી બનેલું હોય છે.

### ૦ રહેઠાણની રચના

રહેઠાણની રચના માટે પ્રકૃતિના ખોળેથી બધું જ સહેલાઈથી મળી શકે એવી જગ્યા એ ઘરની રચના કરવાનું યોગ્ય માને છે. ઘરની રચના 'શાસ્ત્ર' મુજબ છે. પરંતુ એ 'શાસ્ત્ર લિખિત શાસ્ત્ર નથી. એ 'ઓરલશાસ્ત્ર' છે. જો કે ઓરલશાસ્ત્રમાં પણ અનેક ભિન્નતાઓનો અવકાશ રહેલો છે. સર્વને માટે એક સરખા નિયમો નથી. છતાં કેટલીક બાબતોમાં કેટલીક વ્યવસ્થા માટેના નિયમો મળતાં આવે છે. જૂનવાણી નિયમોની પરંપરા આજે પણ છેવાડાનાં ગામડાઓમાં જળવાયેલી છે. જેવીકે પાતાની જાગીરીનો જયાંથી આરંભ થયો છે એ મૂળ સ્થાનને અકબંધ રાખવાનો. ઘર ગમે તેવું પરિવર્તનવાળું બને પરંતુ બાપદાદાની મૂળ અસલ જમીન ઉપર જ બનાવવામાં આવે છે. જેની એમની બોલીમાં 'ગઠામરીવાળી જગ્યા' તરીકે ઓળખાય છે. પોતાનો વંશવેલો આજ જગ્યામાં ફળતો રહે એવી એક સંસ્કારિતા જોવા મળી છે.

### ૦ જગ્યા પરીક્ષણ

ઘરની વ્યવસ્થા માટે અનુકૂળ એવી જગ્યાને પ્રથમ પસંદગી અપાય છે. ઘર બાંધવા માટે વ્યવસ્થિત જગ્યા પસંદ કરાય છે. આ જગ્યા પરીક્ષણ માટે કોઈ જાણીતા ભગત-ભૂવાને બોલાવી નડતર વિનાની સલામત જગ્યા નકકી કરાય છે. જો કે આજની પ્રણાલીમાં

થોડો ફેરફાર અચૂક થયો છે. ઘરની જગ્યા હંમેશાં પાણીની સગવડ હોય તેવી જગ્યા નકકી કરાતી. દક્ષિણ ગુજરાતની ધોડિયા જાતિના લગભગ બધાં જ ગામડાંઓ નદી, તળાવ કે સતત પાણી વહેતા હોય એવા વિસ્તારોમાંજ વસેલા જોવાં મળ્યાં છે. રસ્તાની સગવડ, અનાજ દાણો કાઢી કે સાચવી શકાય એવી મોકાની જગ્યાને વધારે પસંદગી આપે છે. મોટેભાગે રસ્તાની બંને બાજુએ ઘરની રચના કરાતી જોવા મળે છે. સગવડ ખાતર સમતલ જગ્યામાં જ ઘરની વ્યવસ્થા કરાતી હોય છે.

### ૦ ઘર બાંધવાનું મૂરત (મુહૂર્ત)

આ જાતિમાં હોળીનો તહેવાર વિશેષ મનાતો હોવાથી હોળી પહેલાં ઘરની મૂરત કરાતી નથી. આમ તો લગ્ન આદિ શુભ કાર્યો પણ હોળીની થાંભલી નાંખ્યા પછીજ કરવામાં આવતાં હોવાથી ઘરનું મુહૂર્ત પણ હોળી પછીના દિવસોમાં નાંખે છે. એમની બોલીમાં 'ઘરમૂરત નાંખવું' એવો શબ્દ પ્રચલિત છે. હોળી પછી જ શુભ કાર્ય કરવા પાછળ પણ એમની કેટલીક સંસ્કારિતાઓ જોવા મળી છે. જેવી કે શિયાળાની ઠંડી ઓછી થાય અને ઘર બાંધતી વખતે ખુલ્લામાં ભૂંગા પાડી પોતે રહી શકે માટે. તો વળી ચોમાસાની સિઝન આવે તે પહેલાં ઘરની વ્યવસ્થા પૂર્ણ થાય એ હેતુસર આ દિવસોમાં મૂરત નંખાય છે. આ ઉપરાંત હોળી પછીના સમયમાં ખેતીવાડીનું વાવણી, નીંદણી કે લણણી થઈ જતી હોવાથી કામકાજ ઓછુ રહે અને ઘર બાંધવામાં સમય આપી શકે એ માટે પણ હોળી પછીના દિવસોમાં જ મૂરત નંખાય છે.

### ૦ ઘરમૂરતની થાંભલી

પહેલાના સમયમાં મૂરતની થાંભલી નાંખવા માટે ગુરુવાર પસંદ કરવામાં આવતો સુથારને બોલાવી સારા દિવસે શુભમૂરત કરવામાં આવે છે. મોટાભાગે થાંભલી સુથાર પાસે જ નંખાવવામાં આવે છે. થાંભલી નાંખતા પહેલા સુથાર નકકી કરેલી જમીનમાં દોરી વડે માપ લઈ ઘરની જગ્યાને 'ચોકે' છે. જયાં મૂરતની થાંભલી આવવાની હોય તેવી જગ્યામાં ચોકડીનું નિશાન કરી ખાડો ખોદાવે છે અને સુથારે તૈયાર કરેલી ડિઝાઈન વાળી સુંદર

થાંભલીને પાણી, દૂધ, ફૂલ, કંકુ, હળદરથી સુશોભન કરી તેના ઉપર નાળિયેર અને સવા રૂપિયો એટલે કે આજના સમય પ્રમાણે વધુ રૂપિયા મૂકી પૂજા કરીને ખાડામાં પણ પૈસા, ચોખા, કંકુ, ફૂલ આદિ મૂકીને થાંભલી રોપે છે. આ થાંભલી મુખ્ય ગણાતી હોવાથી એને 'ધારણ' પણ કહે છે. આ થાંભલી ઘરમાંથી નીકળતી વખતે હંમેશાં જમણા હાથ તરફ જ આવે એ રીતે નાંખવામાં આવે છે.

મૂરત કરતી વખતે હાજર રહેલા તમામ લોકો માથે ઓઢીને જ શુભકાર્ય કરે છે. એમની આ એક વિશિષ્ટતા છે કે ઉઘાડા માથે કોઈપણ વિધિ કરાતી નથી.

### ○ ઘરના પ્રકારો

આમ તો મુખ્યત્વે ત્રણ પ્રકારના ઘરો ઝાઝા જોવા મળે છે જેવા કે ઝૂંપડી, કાચું ઘર અને પાકું ઘર પરંતુ આ જાતિની વિવિધતા એવી છે કે એમનાં ઘરોમાં પણ અનેક પ્રકારની વિવિધતા જોવા મળે છે. આ જાતિમાં ઘરની દિશા હંમેશાં ઉગમણી જ વધારે જોવા મળે છે તો 'વલસાડીઘર'ની પરંપરા પણ વધારે જોવા મળે છે. આ વિસ્તારનું ખૂબ જાણીતું સ્થળ વલસાડ ગણાતું હોવાથી પહેલાના સમયમાં વલસાડ દિશાવાળા ઘરને 'વલસાડીઘર'નું નામ પ્રખ્યાત બન્યું હતું. તેવા ઘરો આજે પણ અનેક જોવા મળે છે. આ પ્રકારના ઘરો મોભાદાર ગણવામાં આવતા.

'ઘરના પ્રકારોમાં ઢીંગલીવાળું, ધુણવાળું, પજારીવાળું, ભીંતવાળું, પીંઝરવાળું, છાજવાળું, નળિયાવાળું, કાચા કોલવાળું, પાકા કોલવાળું, સ્લેબવાળું જેવાં ઘરો હાલમાં જોવા મળ્યાં છે. આ ઉપરાંત પહેલાના સમયમાં એકજ ધારણવાળું કચ્છનાં ભૂંગા જેવાં ઝૂંપડાં પણ જોવા મળતાં. આજે નહિવત્ આવાં ઘરો જોવા મળે છે.'[૧]

ઘર બનાવટમાં વન્યપ્રકૃતિમાંથી મળી આવતાં સાધનોનો બહુધા ઉપયોગ થતો જોવા મળે છે. મોટાભાગનાં ઘરો લાકડાં, ઘાસ, માટીમાંથી તૈયાર કરાય છે. ઘરનો મોભ આખા ઘરનું વર્ચસ્વ ધરાવતો હોવાથી મજબૂત લાકડાં વાપરવામાં આવે છે. સાગ, સાદડો, ખેર,

મહુડો, સરું, તીમરું જેવાં મજબૂત વૃક્ષોના લાકડા વાપરવામાં આવે છે. આ ઉપરાંત વરસાદથી બચવા ઢળતાં ઘરોની આગવી લાક્ષણિકતા જોવા મળે છે. ઘરો ઢળતાં રાખવા મોભ ઉપર વાંસ કે સાગના ડાંડાનો ઉપયોગ કરાય છે અને એના ઉપર પાતળી વાંસની કામડી (ચીપો) કે સાગની પટ્ટીઓથી નળિયા કે છાજ છાવવાની વ્યવસ્થા કરાય છે. તાડ વિસ્તારમાં તાડના મજબૂત ચીરિયા વપરાય છે.

ઘરમાં વપરાતી થાંભલીઓ ઉપર સુથાર અવનવી ડિઝાઈન કે ફૂલછોડ કે પ્રાણીઓની છબી કોતરી ઘરને આગવી શોભા આપે છે. થાંભલી ઉપર મુકાતી કુંભીઓ ગોળ, લંબચોરસ અને ચોરસ આકારની ડિઝાઈન વાળી બનાવાય છે. ઘરનું છત પણ ડિઝાઈનવાળી પટ્ટી મૂકીને શણગારે છે.

### ૦ ઘરની રચના આકૃતિ

કલાની દૃષ્ટિએ નિહાળીએ તો ઘરમાં કોઈ ઝાકઝમાળ નથી. પરંતુ ઘરની બાંધણી એને વ્યવસ્થિત આકૃતિમાં ઉતરાવવાની કેટલીક પારંપરિક લાક્ષણિકતાઓ જળવાઈ હોય છે. ઘરનું ખાસ્સું મોટું આંગણું હોય છે. આંગણું પૂરું થતાં (ઓટલો) ઘરનો આગલો ભાગ. ઘર ગાળાવાળા હોય, ગુણવાળું હોય કે પડાળવાળું હોય તો પણ ઓટલો હંમેશાં સળંગ એક ભાગમાં જોવા મળે છે. ઓટલો પૂર્ણ થતાં પરસાળ (ઓસરી) આવે પરસાળમાંથી સીધા રસોડામાં જઈ શકાય. પરસાળના એક તરફ રસોડું અને બીજી તરફ પ્રાણીઓના રહેઠાણ માટે ગમાણ (કોઢ) બનાવવામાં આવે છે. જે પડાળ કે ઘુણ તરીકે ઓળખાય છે. આ સિવાય ઘરમાં પ્રાણીઓ માટે ઘાસ, ઘર વપરાશની ચીજવસ્તુઓ તેમજ રસોઈનાં વર્ષ દરમ્યાનના છાણાં-લાકડાં ભરવા માટે માળિયું કે માળ બનાવવામાં આવે છે. અથવા તો નાનકડી પજારીમાં આ સામાન ભરવાની વ્યવસ્થા કરાય છે.

પરસાળના પાછળના ભાગમાં ઘરની સીમાપૂર્ણ થાય છે. પાછલા ભાગને અડીને નાહવા માટેનાં નાવણિયા બનાવવામાં આવે છે. આજના સંદર્ભે થોડા બદલાવો અચૂક દેખાય છે.

## ૮.૨.૨ ઘર શણગાર-લીંપણ-ભીંત ચિત્રો

વન્ય પ્રકૃતિના ખોળે વિહરતા આ લોકોનાં ઘરો અને ઘર શણગાર વન્યમાંથી મળી આવતાં સાધનો ઉપર આધારિત છે. એમની ઘરની બનાવટ, ઘરનું સુશોભન, તથા ઘર માંજણી અને ભાંજણી પણ વન્ય પ્રકૃતિને અનુરૂપ છે.

### ૦ ઘર શણગાર

આંગણું, ઓટલો, પરસાળ, રસોડું, ગમાણ આદિનો શણગાર ધ્યાન ખેંચે એવો છે. આ ઉપરાંત ઘર શણગારમાં ધુણ, તોડલા, વળા, ગયા, પડાળ, માળ, બારસાખ, ઢીંગલી આદિની સામાન્ય શોભા કરવામાં આવે છે. ઘર ઉપર છાજ, નળિયા કે તાડના પાનનો ઉપયોગ કરાય છે. છાજમાં દાભ, ઘાસ અને શેરડીના સૂકા પાનનો ઉપયોગ કરે છે.

બારણું કે પ્રવેશદ્વાર ઝૂંપડામાં પાતાળા સોટાનું કે વાંસની ચીપોનું ગૂંથેલું તથા ઘાસનું છાબડું વાળું હોય છે. નળિયાવાળા ઘરમાં પાટિયાનું કે નકશીકામ કરેલું બારણું વપરાય છે. ઘરમાં હવા ઉજાસ માટે નાની મોટી બારીઓ રાખવામાં આવે છે.

ભીંતો મોટે ભાગે ઘાસની, વાંસની કામડીની, પાટિયાની તથા ગાર માટીના લીંપણવાળા પીંઝરો જોવા મળે છે. ઘરને સજાવવા ભીંતોમાં જુદા જુદા આકારના ગોળ, ચોરસ, લંબચોરસ ગોખ બનાવવામાં આવે છે. તો ઘરની સામગ્રીને મૂકવા ભીંત ઉપર નકશીદાર ઢીંગલીવાળી ખીંટીઓ મૂકવામાં આવે છે. જેના ઉપર પાટિયું રાખી ઘર શણગારની નાની-મોટી સામગ્રી રાખી શકાય. જેમાં માછલા પકડવાની જાળ, કરંડિયા, ગલોલ, થેલા-થેલી-ઢોલ તથા ઘડા-દેગડા વાસણો રાખવાની સરસ વ્યવસ્થા કરાય છે. ખેતીવિષયક સામગ્રી જેવી કે મોરી, ઘૂઘરા, રાશ, દોરડા, હળ, પરોણા, ધારિયું ખેતીનાં તમામ ઓજારો ગમાણ તરફના વિસ્તારમાં સજાવવામાં આવે છે.

ઘર શણગારમાં પ્રથમ ઓટલાવાળા ભાગમાં મહેમાનો આદિની બેઠક માટે ખાટલો કે ગારમાટીની બેઠક વ્યવસ્થા હોય છે, પરસાળમાં સ્ત્રીઓની બેઠક વ્યવસ્થા. એક તરફ ઘરની સામગ્રીમાં ઉખળ, ઘંટી, તેમજ કોઠી, પાલાની વ્યવસ્થા હોય છે. મોટેભાગે શયન ખંડ પણ

પરસાળ જ ગણાય છે. નવાં પતિ-પત્ની હોય તો પરસાળના એકાદ ખૂણે ખોલરું (ખોલી) બનાવવામાં આવે છે.

રસોડામાં એક તરફ પાણિયારું અને રસોડું હોય છે. રસોડાની પાછળ રસોડાની ખાદ્ય સામગ્રી માટીના ઊંચા લીંપણવાળા ઓટા ઉપર જોવા મળે છે અથવા ભીંતમાં પાટિયા ઉપર ડબ્બા, ડબલીઓ રાખવામાં આવે છે. દીવા માટે દીવો રાખવાની લાકડાની વ્યવસ્થા કરાય છે. વાસણ માટે લાકડામાંથી બનાવેલા ભંડારિયા ઉપર ગોઠવવામાં આવે છે.

ઘર વપરાશનું અન્ય પાણી આંગણાંમાં લાકડાના માળિયા ઉપર ગોઠવવામાં આવે છે જેમાં લાકડાની ગોઠવણ કરી માટલાઓની હારમાળા ગોઠવવામાં આવે છે. જે ઝાંકળિયા જેવું લાગે છે.

ન્હાવા માટે ઘરનાં પાછળના ભાગમાં લાકડાની અને પ્લાસ્ટીકની મદદથી નાવણિયા બનાવાય છે. નીચે સપાટ પથ્થર રાખી તેના ઉપર બેસી નાહી શકાય છે. જો કે આમેય આ લોકો વહેલા ઊઠી જતા હોવાથી નાહવા માટે ઝાઝી મુશ્કેલી પડતી નથી. વહેલી પરોઢે કૂકડાની બાંગે ખુલ્લામાં જ સ્નાન કરી લે છે. જેથી પ્રાથમિક અસુવિધા જોવા મળી છે. જો કે આજના સંદર્ભમાં ઘણું પરિવર્તન થયું છે.

### ○ લીંપણ

આ લોકોમાં કહેવાય છે કે નારીની સુઘડતા, ચતુરાઈ, કલાકૌશલ લીંપણ ઉપરથી પરખાય આવે છે. લીંપણ એ એમની સંસ્કૃતિનું આગવું કલાકૌશલ છે.

લીંપણો ઘણા પ્રકારના હોય છે. એમના ઘરમાં લીંપણ જ આખા ઘરને સુશોભિત કરે છે. ભીંતો મોટેભાગે ઘાસની, વાંસની પટ્ટીમાંથી, પાટીયાની કે આજના સંદર્ભે ઈંટની બનાવેલી જોવા મળે છે. ઘરની ભીંતો ઉપર છાણ-માટીની ગારનો લેપ કરાય છે. ઘરનું સૌંદર્ય ઉપસાવવા માટે માટી પણ જુદા જુદા પ્રકારની વાપરવામાં આવે. લાલ, પીળી, સફેદ, ચીકણી આદિ માટીનો ઉપયોગ કરાય છે.

'ગાર' બનાવવાની પણ એક આગવી કલા આ લોકોમાં રહેલી છે. છાણ-માટી

અને ડાંગરની કુસકી ભેગી કરી અમુક માત્રામાં પાણી નાંખી બરાબર ગૂંદીને ગાર કરવામાં આવે ગાર બરાબર કોહવાય જાય એટલે સરસ ડિઝાઈન, ચિત્રો કે હાથના આંગળા વતી ભાત પાડવામાં આવે છે, એમની બોલીમાં 'ઓકરી પાડવી' કહેવાય છે. ડિઝાઈનમાં મોર, પોપટ, ખજૂરીનું ઝાડ, પર્વત, માછલી, ચકલી વગેરે 'ઓકરીયો'માં ચીતરવામાં આવે છે.

લીંપણ ઘણા પ્રકારનાં હોય છે. જેમ કે સાદું લીંપણ આ લીંપણ ગાર-માટીના મિશ્રણથી ભીંત ઉપર અને નીચે ઓટા, ઓરડા, ઓટલા કે પરસાળમાં સાદું જ લીંપણ લીંપવામાં આવે છે. આવું લીંપણ ઝડપથી લીપી શકાય છે. સામાન્ય ઘરમાં મોટાભાગે સાદાં લીંપણો વધારે જોવા મળે છે.

'ઓકરીવાળું લીંપણ' આ લીંપણ પણ ભીંત તથા નીચે સપાટ જગ્યા ઉપર કરવામાં આવે છે. આંગળીના વેઢા વડે ઓકરીઓમાં ડિઝાઈન પાડી શકાય છે. હથેળીના મદદથી વળાંકવાળી ઓકરીઓ પાડી શકાય છે. બે ઓકરીઓના વચ્ચે ટપકાં પાડી સુંદર ભાત ઉપસાવી શકાય છે.

'ચિત્રવાળું લીંપણ' માં મોટેભાગે પંખીઓનાં ચિત્રો કે નાના-નાના ફૂલ વેલીનાં ચિત્રોની ડિઝાઈન કરવામાં આવે છે. ફૂલ વેલીમાં ઘણીવાર ગળી કે ગેરૂનાં કલરથી ડિઝાઈનને આકર્ષક ઉપસાવવામાં આવે છે. આવાં ચિત્રોવાળાં લીંપણો મોટેભાગે સારા શુભ પ્રસંગે બારસાખની બંને બાજુએ ઓટલા ઉપર અને બેસવાના ઓટા ઉપર ચીતરવામાં આવે છે.

'લગ્ન સમયનું લીંપણ', આ લીંપણ અતિ મહત્ત્વનું છે. ઘરમાં દીકરીના લગ્ન હોય તો આવનાર મહેમાનોને આકર્ષવા ખાસ પ્રકારનાં લીંપણો કરાય છે. એમાં ચૂનો અને ગળીનો ઉપયોગ કરી લીંપણને ઉપસાવવામાં આવે છે. ફૂલની કોતરણી કરી પ્રસંગ અનુસાર રંગપૂરણી પણ કરાય છે. આવા શુભ પ્રસંગે ગામનાં તમામ ઘરોમાં નવું લીંપણ કરાય છે. પરંતુ આ લીંપણની આગવી વિશેષતા એ છે કે ગામનાં બીજાં ઘરો કરતાં વર-કન્યાનાં ઘરનું લીંપણ બધાથી અલગ પડે છે. કારણ કે દરવાજા ઉપર શુભ-વિવાહ ચિતરવામાં આવ્યું હોય છે માટે.

નવરાત્રિ, દિવાળી, નાગપાંચમ કે અન્ય ઉત્સવ પ્રસંગોનું લીંપણ. આવા ઉત્સવો પ્રસંગે એમનાં દેવસ્થાનોમાં કે મઢોમાં સાદું લીંપણ કરવામાં આવે છે. આ ઉપરાંત પિતૃઓના જ્યાં 'ખતરાં' બેસાડવામાં આવે ત્યાં પણ લીંપણ કરી તેમની પૂજાઅર્ચના કરવામાં આવે છે. દેવસ્થાનોમાં કે મઢમાં માનતા આદિ માનવામાં આવી હોય ત્યારે દરેક શ્રદ્ધાળું પોતાની માનતા ઉતારવા આવે ત્યારે જે તે સ્થાનકને છાણ-માટીથી કે ગૌમૂત્રથી પવિત્ર કરી બાધા આખડી ઉતારે છે. મઢમાં પણ દરેક ઉત્સવે કુટુંબના દરેક શ્રદ્ધાળું લોકસ્થાનકને લીંપીને પવિત્ર કરી પૂજા કરે છે.

'સૂતકનું લીંપણ'માં મોટેભાગે છાણ અને પાણીથી ઘરને પવિત્ર કરાય છે. સૂતકનાં લીંપણોમાં મનુષ્ય મૃત્યુ પામ્યા હોય તે દિવસે, મૂંડન કરાવે તે દિવસે અને બારમા કે તેરમાના દિવસે આ લીંપણ કરાય છે. અપરણિત હોય તો નવમા દિવસે આ લીંપણ કરે છે. આ ઉપરાંત પુણ્યતિથિના દિવસે મોટેભાગે 'પરજાણવિધિ'ના દિવસે જે તે સ્થળે સારવવાની ક્રિયા કરાય છે.

આમ અનેક પ્રકારની લીંપણ કલાઓ આ જાતિમાં જોવા મળે છે.

### o ભીંતચિત્રો

પંચમહાલ કે છોટા ઉદેપુરના આદિવાસીઓમાં જોવા મળતું 'પીઠોરા' ધાર્મિક કલાકૃતિ જેવું કોઈ અનોખું ભીંતચિત્ર જોવા મળ્યું નથી. પરંતુ એમની પ્રકૃતિને અનુકૂળ છૂંટાછવાયાં, પશુ-પક્ષી, વૃક્ષ-વેલી સાથિયા, દેવ-દેવીનાં કેટલાંક ભીંતચિત્રો જોવા મળે છે. જો કે આજે બદલાયેલા સમય પ્રમાણે ભીંતવાળાં ઘરો જ બહુ ઓછાં જોવા મળે છે. પહેલાંના સમયમાં પીંઝોરા ઉપર ચિત્રો દોરવામાં આવતાં પરંતુ આજનાં પરિવર્તનશીલ સમયમાં 'પીંઝોર' જ જોવા મળતા નથી. કારણ કે પીંઝોરનું લીંપણ ઘણો સમય માંગી લે તેવું કામ છે. આમ ભીંતચિત્રોની કલા નહિવત્ થતી જાય છે.

## ૮.૨.૩ શિલ્પ સ્થાપત્ય

લોકજીવનના કલા વિધાયક આત્માએ જીવનના સમગ્ર વ્યવહારને કલાવિભૂષિત બનાવેલ છે. ભારત દેશ એટલે પ્રાચીન શિલ્પ સ્થાપત્યનો દેશ ભારતીય સંસ્કૃતિમાં કાષ્ઠનાં શિલ્પો, માટીશિલ્પ અને પથ્થરમાંથી બનાવેલું શિલ્પ સ્થાપત્ય તથા ધાતુમાંથી બનાવેલી શિલ્પ કૃતિઓ જોવા મળે છે.

પ્રાચીન શિલ્પ સ્થાપત્યના સર્જનમાં મજૂરો તરીકે ગણાતા શ્રમિક વનવાસીઓ પાસે તેમના નામે ચઢેલા એવા કોઈ શિલ્પ સ્થાપત્યો મળતાં નથી. પરંતુ પ્રાથમિક કક્ષાનું થોડું શિલ્પ જોવા મળ્યું છે.

આમ તો આ જાતિ પાસે જીવનઉપયોગી સાધન સામગ્રી, ધર્મ, પશુપાલન, શિકાર આદિ પ્રવૃત્તિમય જીવનને કારણે થોડું ઘણું શિલ્પ સ્થાપત્ય મળે છે. પરંતુ એ કોઈ કલાના નમૂના ગણાવી શકાય એવા નથી. વનવાસીઓ પાસેથી મોટેભાગે કાષ્ઠશિલ્પ માટીશિલ્પ અને પથ્થરમાંથી બનાવેલું થોડું શિલ્પ મળે છે.

કાષ્ઠમાંથી વ્યવસાયને લગતાં ઓજારો, વાદ્યો, શિકારનાં સાધનો અને દેવી-દેવતાનાં સ્થાનકો તથા દેવ-દેવીની મૂર્તિઓ પણ કાષ્ઠની તથા માટી અને પથ્થરની જોવા મળે છે. એમનાં દેવ-દેવીઓ હંમેશાં વૃક્ષના થડમાં બિરાજેલા માટી કે પથ્થરના જોવા મળે છે.

આ ઉપરાંત આ જાતિનાં લોકો કાષ્ઠમાંથી ઘરઉપયોગી સુશોભનની વસ્તુ આદિ બનાવી પોતાના ઘરની ભીંતે કે દિવાલ ઉપર રાખી ઘરની સૌંદર્યતા વધારે છે. મારી રૂબરૂ મુલાકાત દરમ્યાન પારડી તાલુકાના કવાલ ગામના બાબુભાઈ મગનભાઈ પટેલ નામના શિક્ષક પાસેથી કાષ્ઠમાંથી બનાવેલી ઉત્તમોત્તમ કલાકૃતિઓ જોવા મળી છે. તો એજ અરસામાં રામુભાઈ પરભુભાઈ પટેલ નામના મોટા પોંઢાના શિક્ષક પાસેથી ધાર્મિક તહેવાર નિમિત્તે કાઢવામાં આવતા વરઘોડાના વિવિધ કાષ્ઠના મ્હોરાં બનાવેલા જોવા મળ્યાં છે. આ બંને ભાઈઓ પાસેથી કાષ્ઠમાંથી વિવિધ સામગ્રી જેમાં ખાસ કરીને પશુ-પક્ષીઓના, રાક્ષસો, ગણપતિ, જીવજંતુ આદિના કાષ્ઠના શિલ્પો અધિક માત્રામાં જોવા મળ્યાં છે.

જંગલમાં ઊગતી વનસ્પતિઓના ઝાડ ઉપર આપોઆપ ઊગી જતા 'વાંદા' (એક પ્રકારની ડાળખી)માંથી કુદરતી રીતે બનતી પશુ-પંખી કે જાનવર, જીવજંતુ આદિની મૂર્તિ બનાવી કાઢવાની તેમની આગવી કલાકારીગરીને બિરદાવી શકાય એવી છે. આબેહૂબ, નાગ, સાપ, નોળિયો, બગલો, મોર, તીતર, શાહમૃગ, સારસ, હરણ, સસલું, દેડકો, મગર જેવા અનેક શિલ્પો એમની આંતરિક સૂઝથી આગવા શિલ્પનું સ્થાન પ્રાપ્ત કરે છે. તો એજ 'વાંદા'માંથી દેવ-દેવીની મૂર્તિ પણ તૈયાર કરાય છે. આવા ગામના છેવાડે નાનકડા કસબામાં પણ આદિવાસી શિલ્પકૃતિઓ પોતાની એક આગવી કલાસૂઝનો આકાર લઈ રહી છે. સરકાર આવા કલારસિકોને જો આગવું મહત્ત્વ આપે તો ઉત્તમ કલાકસબો જાળવી ભૂલાઈ જતી આપણી કલાકારીગરીને યોગ્ય ન્યાય આપી શકીશું.

માટીમાંથી તૈયાર કરવામાં આવતી ભમતી માતા, ભવાની માતા, કનસેરી માતા, ગોહમાઈ, મરકી, અંબા કે દેવલી જેવી માતાઓ શિલ્પની યાદી અપાવે છે દેવ-દેવની માનતા પૂરી કરવા પૂજાની વસ્તુઓ જેવી કે ઘડા, માટલી, ઘોડા આદિ પણ માટીમાંથી બનાવેલાં હોય છે. આ ઉપરાંત જીવન જરૂરિયાતની વસ્તુઓ જેવી કે અનાજ ભરવાની કોઠીઓ, નળાકાર, ચોરસ કે લંબચોરસ આકારમાં નિર્મિત થયેલી છે. કઠોળ ભરવાના ભમતા આદિ પણ ગાર-માટીના હોય છે.

ઘર સજાવટમાં નળિયા ઉપર મૂકવાના થાપા, ઘરની ભીંત માટેનો પીંજેર, ઘંટીનું થાળું રાંધવાના ચૂલા, આદિ પણ માટીની કુશળ કારીગરીથી બનાવેલા જોવા મળે છે. આ પણ એક પ્રકારની કલા કૌશલતા જ બતાવે છે.

પથ્થરનાં શિલ્પોમાં મૃત્યુ પામેલાની યાદમાં સ્મૃતિરૂપે પોતાની જમીનમાં ઊભાં કરાયેલા પથ્થરના પાળિયા. જો કે પાળિયા અહીં શૌર્યના પ્રતીક નથી. પણ અકસ્માતે મૃત્યુ પામેલાની યાદી તરીકે મૂકાયા છે. આ પાળિયા કાષ્ઠના પણ બનાવવામાં આવે છે. આ જાતિના લોકો તેને 'ખતરાં' તરીકે ઓળખાવે છે. 'ખતરાં બેસાડયા' પછી વાર-તહેવારે એની પૂજા વિધિ કરાય છે. પહેલાના સમયમાં ભગત-ભુવા ધૂણીને પૂજા કરતા હવે બ્રાહ્મણ પાસે આ વિધિ

કરાવાય છે. આ ઉપરાંત અનેક દેવ-દેવીઓ પથ્થરમાં વસેલાં જોવા મળે છે. આજના બદલાતા સમય સાથે ધર્મ સ્થળોએ ઘણા ફેરફારો થયા છે. દેવી-દેવતાઓમાં પણ વધારો થયો છે.

આમ શિલ્પ સ્થાપત્યની દષ્ટિએ સૌથી ઓછી વિવિધતા આ જાતિમાં જોવા મળી છે.

### ૮.૨.૪ ગૂંથણ-વણાટની કલા

ગુજરાતની લોકકલા-કસબમાં ચિત્રકલા, લીંપણ ગૂંપણ, ભરતકામ, માટી, ધાતુ અને કાષ્ઠની નિર્માણકલા, પરંપરાગત વણાટ અને છાપકામ બાંધણી, મોતી ભરત ગૂંથણ, ચાકળા, ચંદરવા રજાઈ, ગોદડી વગેરેના નિર્માણ કામનો સમાવેશ થાય છે. આવી લોકકલા-કસબ મુખ્યત્વે બે પ્રકારે જોવા મળે છે. પહેલા પ્રકારમાં એવા વર્ગનાં કલા-કસબોનો જે વિવિધ પ્રદેશમાં વસતી મોટાભાગની બધીજ જાતિઓને હસ્તગત છે. આ વર્ગને જ મુખ્યત્વે લોકકલા-કસબનો વર્ગ કહી શકાય. બીજા પ્રકારના વર્ગમાં જે અમુક ખાસ પ્રદેશ કે ખાસ જાતિઓમાં વ્યાવસાયિક રૂપમાં સિદ્ધ થયો છે. એમાં માટીની મૂર્તિ, પાત્રો બનાવતાં કુંભારો, સુશોભનના અને માનતાના ઘોડા બનાવતા આદિવાસીઓ, છીપાંઓ, રંગારા, ખત્રીઓ, ચૂડીગર, સુથાર, લુહાર વગેરે કારીગરોને સમાવી શકાય.

આ જાતિના લોકો પાસે એવી ઉચ્ચ કક્ષાની ગણાતી કલાકારીગરી નથી. પરંતુ જીવનઉપયોગી એવી કેટલીક ગૂંથણ વણાટની કારીગરી જોવા મળી છે. લોકભરત-ગૂંથણ અને લોકવસ્ત્રાભૂષણ જેવી લોકકલાઓ વિવિધ જાતિઓમાં જોવા મળે છે. કસબી પોતાના હાથનો કસબ ઉમેરીને ભૌતિક પદાર્થને જીવન ઉપયોગી અથવા આર્થિક પ્રવૃત્તિ બનાવી છે. માણસ જે કંઈ નવું સારું, સુધરેલું, સહેલું, રમ્ય જુએ-જાણે તેને એ અપનાવે એ સ્વાભાવિક છે. વનવાસીઓ વનમાં રહી પોતાની જીવન જરૂરિયાતની સામગ્રી વન્ય પ્રકૃતિમાંથી મેળવે છે. જેમ-જેમ સભ્યતાનો વિકાસ સધાતો ગયો તેમ તેમ નવી નવી લોકપરંપરાઓ ઉમેરાતી ગઈ. આ જાતિની લોકકલાની પ્રવૃત્તિ ઘરમાં અને ઘરઆંગણા સુધી જ મર્યાદિત બની છે.

આવી કલાઓમાં આર્થિક તેમજ બિનઆર્થિક એવી બે પ્રકારની ગૂંથણ-વણાટની પ્રવૃત્તિઓ જોવા મળી છે.

ગૂંથણ વણાટની દષ્ટિએ નીચે પ્રમાણેની કલાઓ જોવા મળી છે.

૧. ઘાસનું ગૂંથણ-વણાટ

૨. પાંદડાનું ગૂંથણ

૩. વાંસનું ગૂંથણ-વણાટ

૪. રેસાનું વણાટ

૫. દોરાનું ગૂંથણ-વણાટ

**૦ ઘાસનું વણાટ**

પ્રકૃતિને ખોળે આપોઆપ ઊગી નીકળતું તૃણ ધરતીનું અનોખું સૌંદર્ય છે. આવું તૃણ (ઘાસ) જ્યારે નકામું બની પોતાની સૌંદર્યતા ગુમાવે છે ત્યારે આવા ઘાસનો ઉપયોગ કરીને વનવાસી પ્રજા કેટલીક જીવન ઉપયોગી વસ્તુઓ ગૂંથે છે. ઘાસ અને વેલામાંથી હાંડલાં, માટલા, ગોળી, તપેલા, તાવડી વગેરે મૂકવાનાં સૂથિયાં (ઈંઢોણી જેવું) બનાવવામાં આવે છે. દાભમાંથી સાવરણી, તો વિદોઈ (એક પ્રકારનું ઘાસ) માંથી રોટલી મૂકવાની ટોપલી, છાબલી (છીબું) મોરનું રમકડું, ફળો માટેની ટોપલી, અનાજ ભરવાની ટોપલી, બેસવાની સાદડી તેમજ ગરમીમાં પવન  નાંખી શકાય તે માટેનો વીંજણો (પંખો) ગૂંથવામાં આવે છે.

કોતરો કે નદી કિનારે ઊગતા ખડ (નરહોલી)માંથી મોંથી વગાડી શકાય એવું પીહવા પ્રકારનું વાજિંત્ર પણ બનાવાય છે. ડાંગરના ખડમાંથી ઘર વપરાશની બાંધવામાં ઉપયોગી બને તેવા દોરડાં (તબેલા) ગૂંથવામાં આવે છે. જે ગાયભેંસના નિરણ બાંધવા માટે બંધ તરીકે ઉપયોગમાં લેવાય છે. આ ઉપરાંત ઝૂંપડી ઉપર છાવવામાં આવતા છાજ ઘાસને પવનમાં ઊડતું રોકવા માટે આવા 'તબેલાં'નો ઉપયોગ કરાય છે. ડાંગરના ઘાસમાંથી કઠોળ ભરવા માટેનું 'પેટિયું' ગૂંથવામાં આવે છે. આ પણ એક પ્રકારની કલા જ ગણાય છે. જો કે આજના પરિવર્તન સમયમાં આવી કલાઓ ભુલાતી જાય છે.

## ૦ પાંદડાનું ગૂંથણ

ગાઢ વનરાજીના ખોળે ઉભેલા અનેક વન્ય વૃક્ષોના પાનમાંથી પણ અનેકવિધ જીવન-ઉપયોગી વસ્તુઓ ગૂંથીને આ જાતિ પોતાનું જીવનનિર્વાહ ચલાવે છે. માણસ વન્ય મટીને સભ્ય બન્યો અને ટોળી, વાસ, ગ્રામાદિમાં વસતો થયો ત્યારથી પોતાના જીવન-વિકાસ માટે કુનેહ-કૌશલ્ય વડે સર્વસુલભ એવા પદાર્થોમાંથી ઉપયોગી વસ્તુઓ બનાવતો ગયો.

જંગલમાં ઊગતા, તાડ, ખજૂરી, ખાખરા, (કેસૂડા) ટીમરું, વગેરેના પાનમાંથી ઘરઉપયોગી તથા આર્થિક ઉપાર્જન માટેની વસ્તુઓ બનાવવામાં આવે છે. તાડના પાનમાંથી પંખા, સાદડી, આસનો, તેમજ બાળકને રમવાનાં રમકડાં બનાવવામાં આવે છે. પાનની વ્યવસ્થિત પટ્ટીઓ કાપીને તેનું ગૂંથણ કરવામાં આવે છે તેને 'ઘૂઘરો' કહે છે.

ખજૂરીના પાનમાંથી સાવરણીઓ, સાદડીઓ અને દોરીઓ (પંચાસિયા દોરી) વગેરે ગૂંથવામાં આવે છે. સાવરણી પણ અનેક પ્રકારે ગૂંથીને બનાવવામાં આવે છે. સાદી તથા ડિઝાઈનવાળી સાવરણી આકર્ષક લાગે છે. સાદડી પણ બે પ્રકારની ગૂંથવામાં આવે છે. 'સાદી' તથા 'તરોટિયા'. બીજા પ્રકારની સાદડીમાં ગૂંથણની આકર્ષક ડિઝાઈન ઊપસે છે. જે ખરીદનારને  આકર્ષે છે.

ખજૂરીમાંથી બનાવાતી દોરી 'પંચાસિયા'માં લગ્ન સમયે આંબાના કે આસોપાલવના તોરણ ગૂંથવામાં આવતા જે શુકનવંતા ગણવામાં આવતાં જો કે તોરણ ગૂંથવાનું કામ હરિજન ભાઈઓ જ કરી શકતા. પરંતુ દોરી ગૂંથણની પ્રક્રિયા પછી ધીમે-ધીમે આ જાતિના યુવાન ભાઈઓ જ આવી દોરી ગૂંથી તોરણ બનાવે છે. ખાટલા ભરવા તેમજ પાંગત બાંધવા માટે પણ આ દોરી વધારે મજબૂત અને ટકાવ ગણાતી.

ડાંગ, વાંસદા આદિ ઉપરવાસ વાળા ગામડાંઓમાં આજે પણ બાજ-દડિયા (પતરાંળા) બનાવવાનો વ્યવસાય ચાલે છે. ખાખરાના (કેસૂડાં) પાનમાંથી લગ્નપ્રસંગે વપરાતા પતરાંળા આર્થિક ઉપાર્જન માટે અનોખી કલા છે. આ ઉપરાંત પહેલાંના સમયમાં વરસાદથી બચવા માટે ખાખરાના પાનમાંથી ઘૂઘડાં (માથાથી ઘૂંટણ સુધી ઓઢી શકાય એવું સાધન)

ગૂંથવામાં આવે છે. ઘૂઘડાંની  બનાવટ વાંસની પાતળી ચીપો વડે પીઠ પાછળનો ભાગ કવર થઈ શકે એવું બીજું બનાવવામાં આવે છે. જેના ઉપર ખાખરાના પાનથી ગૂંથી પાતળી દોરી વડે તેને મજબૂત બાંધવામાં આવે છે. જેથી પાનની ગૂંથણી લાંબા સમય સુધી વરસાદમાં ટકી શકે. જો કે આજના સમયમાં છત્રી, રેઈનકોટ કે પ્લાસ્ટીકના જમાનામાં 'ઘૂઘડાંની કલા' ભુલાતી ગઈ છે.

ટીમરુંના પાનમાંથી તેમજ છીતરાના પાનમાંથી બીડીઓ વાળવાની કલા પણ અનોખી છે. આ પ્રવૃત્તિ આર્થિક ઉપાર્જનની નથી. પરંતુ વડીલ માણસ પોતાના મોજશોખ માટે ટીમરુંના પાનની આકર્ષક બીડી બનાવી પીએ છે. ચોમાસા દરમ્યાન બીડીની સામગ્રી એકઠી કરી રાખવાની કલા પણ આ જાતિમાં જોવા મળે છે. છીતરાના મોટા અને સફેદ પાનનો જુડો  બનાવી ચોમાસાની મહેમાન ગતિ માટે સાચવે છે. તેની સૂકવણી કરવાની પણ આકર્ષક કલા છે.

**૦ વાંસનું ગૂંથણ**

વનમાં આપોઆપ ઊગી નીકળતા વાંસનાં વૃક્ષોમાંથી કેટલીક જાતિઓ પોતાની વિશેષ કુનેહ-કૌશલ્ય કે કારીગરી વડે પોતાની આજીવિકાનું સાધન બનાવે છે. આદિવાસી ગણાતી એવી બરોડિયા જાતિ વાંસમાંથી અનાજ ભરવાના પાલાં, ટોપલા, પાલી, ટોકરી, સૂપડાં, કરંડિયા ટોપલી, શીકાં આદિ વિવિધ સામગ્રી બનાવે છે.

ધોડિયા જાતિના લોકોમાં આવી કુનેહ કૌશલ્યતા નથી. પરંતુ વાંસની પાતળી ચીપોમાંથી આકર્ષક ભીંત બનાવે છે. આ ઉપરાંત ઘરની અન્ય સામગ્રી રાખી શકાય એ માટે માળિયું ગૂંથે છે તો ભીંત ને વધારે આકર્ષક બનાવવા માટે વાંસની ચીપોમાંથી 'ખપેડાં' ગૂંથવામાં આવે છે. ઘરની શોભા વધારનાર પ્રવેશદ્વારને ગોળાકાર રીતે ગૂંથીને તેનાં ઉપર આકર્ષક ફુલવેલીઓ ચઢાવવામાં આવે છે. આ ઉપરાંત ઘરઆંગણે વાવેલાં ફૂલછોડ, વૃક્ષો, શાકભાજી આદિના રક્ષાણ માટે પણ વાંસની ચીપોથી આકર્ષક ગૂંથણી કરી પશુઓથી રક્ષાણ મેળવે છે. વાંસમાંથી બનાવેલા આવા પાંજરાઓને લાલ, પીળા, લીલા આદિ રંગોથી રંગી વધારે આકર્ષક બનાવે છે.

આદિવાસી ગણાતી મોટાભાગની જાતિઓનો મુખ્ય ખોરાક માંસાહાર હોવાથી અનેક સાધનસામગ્રી વાંસમાંથી બનાવે છે. દક્ષિણ ગુજરાત એટલે 'પાણીયારો પ્રદેશ' પાણીની ભરપૂર સુખ-સગવડ હોવાથી તેમજ અનેક નદી-નાળા, તળાવો કે ડેમો આવેલા હોવાથી માછલી પકડવાનો વ્યવસાય પણ આગવો છે. માછલી પકડવા માટે વાંસની ચીપો અતિ મહત્ત્વની છે. વાંસની ચીપોમાંથી માછલી પકડવાનાં સાધનો જેવા કે સાટા, મળી, ચાંપ, કરંડિયા, આદિ બનાવાય છે. આ બધાં જ સાધનો ગૂંથવાની કલા પણ અનોખી છે. જુદા જુદા આકારમાં મળીઓ કે કરંડિયા ગૂંથવામાં આવે છે. નાની-મોટી માછલીના કદ પ્રમાણે સાટાઓ કે ચાંપો ગૂંથવામાં આવે છે. આ પણ એક આગવી કૌશલતા જ છે.

### ૦ રેસાનું વણાટ

કુદરતના ખાળે વસનારી, વન્ય પ્રકૃતિનો ખોળો ખૂંદનારી આ જાતિ જંગલની વનસ્પતિ કે વૃક્ષોથી જાણકાર હોય છે. જીવનમાં જીવન ઉપયોગી બની શકે એવાં વૃક્ષો કે વનસ્પતિના રેસાઓમાંથી ગૂંથણી કરીને સામગ્રી તૈયાર કરે છે. ભીંડીના રેસા, શણના રેસા, ખાખરાના રેસા, છીતરાના રેસા, તેમજ અન્ય વનવેલીમાંથી દોરડાં, નાથ, મોરી, ગોફણ, ઓઢણ, તેમજ તપેલાં મૂકવાનાં સૂંથિયા આદિ અનોખી રીતે ગૂંથાય છે.

ખેતી એમનો મુખ્ય વ્યવસાય હોવાથી બળદ સાથે ખાસ્સો એવો નાતો રહ્યો છે. તેથી બળદને શણગારી શકાય એવા સરસ મજાના કોડી કે મણકા કે ઘૂઘરા પરોવીને સૌંદર્યના શણગારો આવા રેસાના ગૂંથણોમાંથી કરાય છે. આ ઉપરાંત આંબાની વાડીમાંથી કેરી (બેડવા) ઉતારવા બેડી બનાવે છે તે બેડી પણ દોરીમાંથી ગૂંથેલી હોય છે.

શ્રમિક જાતિ હોવાને કારણે મોટાભાગનો સમય ખેતી-વાડીમાં જતો હોવાથી ઘરમાં ઘરની ખાદ્ય ચીજવસ્તુઓ જેવી કે દૂધ, દહીં, ખોરાક આદિ બિલાડી જેવા પશુઓથી બચાવવા માટે શીંકા ગૂંથેલાં જોવા મળે છે જે મોટેભાગે રેસા કે દોરામાંથી બનાવેલાં હોય છે. આમ રેસા વણાટની કલા પણ આગવી છે. જો કે આજના સંદર્ભે આ બધી કલાઓ વિસરાતી જાય છે.

## ० દોરાનું ગૂંથણ-વણાટ

કચ્છ-સૌરાષ્ટ્ર જેવા ભરત-ગૂંથણની ઉત્તમ કલા-કારીગરી આ જાતિમાં જોવા મળી નથી પરંતુ સુરતના ઔદ્યોગિક વિકાસને કારણે 'સાડીભરત'નું કામ સારું જોવા મળ્યું છે. હાથવણાટની આ કલા નથી. મશીન ઉપર સુંદર કલાકારીગરી કરનારાં ભાઈ-બહેનો આ વિસ્તારમાં જોવા મળ્યાં છે.

દોરાના ગૂંથણ મોટેભાગે નદીકાંઠે વસનારા કે દરિયાના નજીકમાં વસનારી આ જાતિમાં માછલી પકડવાના વ્યવસાયને કારણે વિવિધ પ્રકારની જાળો ગૂંથવાની કલા જોવા મળી છે. કેટલાક ઘરવપરાશ માટે તો કેટલાક આર્થિક પ્રવૃત્તિ તરીકે આવી જાળો ગૂંથવાનું કામ કરે છે.

આમ ઉત્તમકોટીની કહી શકાય કે નમૂના રૂપ ગણી શકાય એવી કોઈ કલાકારીગરી ગૂંથણ-વણાટમાં જોવા મળતી નથી. પરંતુ જીવન ઉપયોગી કહી શકાય એવી આગવી કલાકારીગરી આ જાતિમાં જોવા મળી છે. સમયની સાથે-સાથે ઘણાં બધાં પરિવર્તનો અચૂક આવે છે. છતાં ગામડાંના છેવાડે આજે પણ આવી નાની-મોટી કેટલીક કલાઓ સચવાયેલી જોવા મળે છે. આજના અદ્યતન અને ગતિશીલ જમાનામાં ઘણું બધું બદલાયેલું પણ જોવા મળે છે.

० વસ્ત્રાભૂષણ આદિ પરંપરામાં પણ આ જાતિના લોકો જુદા પડે છે. પહેરવેશમાં પુરુષ, સ્ત્રી, બાળકોનાં વસ્ત્રાભૂષણો વૈવિધ્યતા આણે છે. ખેતી અને પશુપાલન એમનો મુખ્ય વ્યવસાય હોવાને લીધે પોશાક પણ એને અનુરૂપ પહેરવામાં આવતા. પુરુષોનાં પોશાકમાં લંગોટથી માંડી ધોતી, બંડી, પહેરણ, ખમીસ તો પહેલાના સમયમાં પુરુષો ખાખી કલરના હાફપેન્ટ વધારે પહેરાતા કારણ કે ખેતીમાં આવાં વસ્ત્રો વધારે અનુકુળ રહેતાં.

સ્ત્રીઓના પોશાકમાં વાળેલાં (કચ્છાવાળાં) અર્ધા તથા આખા પગની પાટલી સુધીનાં છેડાં લંબાવેલા લૂંગડા પહેરવામાં આવતા. સ્ત્રી ચોળી કાપડું (બ્લાઉઝ) પહેરતી. કયારેક મોટી ઉંમરની સ્ત્રીઓ (ચણાચોકડીવાળા) લીટીવાળા કાળાં, જાંબલી કલરના લૂંગડા ઘૂંટણ

સુધી અર્ધા પહેરતા અને માથે એજ કલરના અર્ધા લૂંગડાને ઓઢવામાં આવતા. પરંતુ આજના બદલાયેલા સમયમાં ગુજરાતી સાડી ઉપરાંત વાળેલાં કપડાનું ચલણ આજે પણ જોવા મળે છે.

બાળકોનાં કપડાં પણ રમતને અનુરૂપ તેમજ બારેમાસ રમાતી અનેક રમતોમાં અનુકૂળ રહે એવા હાફપેન્ટ, ખમીસ, ચોળી, સ્કર્ટ, ફ્રોક જેવાં વસ્ત્રો બાળકો પહેરતાં જોવા મળે છે. જો કે આધુનિક ટેકનોલોજીના હરણફાળ જમાના અનુસાર આજે આ લોકપરંપરાઓ લુપ્ત થતી જોવા મળે છે અને અત્ય આધુનિકરણ થતું જોવા મળ્યું છે.

આભૂષણોમાં આદિવાસી સ્ત્રીઓની વૈવિધ્ય અને કલા વિશેષતા નોંધપાત્ર રહે છે. ચાંદી, તાંબા-રૂપાના ઘરેણાંઓનું ચલણ પહેલાના સમયમાં વધારે હતું. ગળામાં ચાંદીની મોતીવાળી માળા, દાણિયા, રંગબેરંગી મોતીની માળા, સાંકળી, કાળા મોતીની માળા વગેરે પહેરાતી. પગમાં સાંકળા, કડલાં, વાળા આદિ પહેરાતાં, નાકમાં, નથ, વાળી, આદિ પહેરાતાં. હાથમાં ધાતુની બંગડીઓનું ચલણ વધારે હતું. જો કે આજે લગભગ આ પ્રકારનાં આભૂષણોની પરંપરા વિસરાતી જાય છે.

આમ સ્થાન, જાતિ, બોલી અને પર્યાવરણ તથા વ્યવસાયાદિની ભિન્નતાને કારણે પણ ગુજરાતના જ આદિવાસીઓની લોકવિદ્યાની ધારામાં વૈવિધ્યતા જોવા મળી છે. વસ્ત્રાભૂષણ, ગૃહનિર્માણ, પશુપાલન, ખેતી ધર્મ અને અનુષ્ઠાન, ઘરવૈદું અને પશુવૈદું, જીવન અને જગતની વિવિધ માન્યતાઓ આ બધાં જ અંગોમાં આદિવાસી પ્રવાહમાં આજ સુધી કેટલીક પરંપરા જળવાઈ રહી છે.

**o ખાનપાન**

ખાનપાનની દષ્ટિએ પણ અનેક વિવિધતા દરેક જાતિમાં જોવા મળે છે. દરેક જાતિમાં ખાનપાનની દષ્ટિએ પણ લોકવિદ્યાના કેટલાક અંશો જોવા મળે છે. આબોહવા, પ્રદેશ તેમજ આર્થિક પરિસ્થિતિ તેમજ વંશપરંપરા અનુસાર ખાનપાનની પણ કેટલીક કલાઓ સચવાયેલી જોવા મળે છે.

દક્ષિણ ગુજરાતનો પ્રદેશ પાણીવાળો પ્રદેશ હોવાથી પોતાની જમીનમાં અનેકવિધ પાકો પકવતી હોવાથી તેમજ જંગલ વિસ્તારમાં આસાનીથી મળી રહેતા ખાદ્ય પદાર્થોનો વધારે ઉપયોગ કરે છે. આ જાતિના લોકો મોટેભાગે અનાજમાં ડાંગર, જુવાર, ઘઉં આદિનો તેમજ કઠોળ બધાજ પ્રકારના ઉપયોગમાં લે છે. આ ઉપરાંત વિવિધ પ્રકારની ભાજીઓનો ઉપયોગ થાય છે.

તહેવારો કે મહેમાનો નવાજગી માટે મુખ્યત્વે ભજીયા, પુરી, મૂઠિયાં, પનેલાં, પાતરાં, ઉંડા, મેઠીના લાડું, કાઠાંરોટલી, ઢેખરાં, દાળભાત આદિ તેમજ આ જાતિનાં લોકો તહેવાર અનુસાર તેમજ વ્યવસાય અનુકૂળ શરીરને શક્તિ મળી રહે એવાં માંસાહારનો પણ ઉપયોગ કરે છે. આ વૈવિધ્યસભર વાનગીઓ બનાવવાની પણ એક આગવી કલા આ જાતિના લોકોમાં જોવા મળે છે. જો કે આજના સંદર્ભે એમ કહી શકાય કે હવે ખાનપાનની રીતભાત સાવ બદલાયેલી જોવા મળે છે. હવે આધુનિક જુવાળ આ જાતિમાં પણ જોવા મળ્યો છે. બહાર મળતી બધી જ વાનગીઓ આરોગાતી કે બનાવતી જોવા મળી છે.

### ૦ અનાજ માવજતની કલા

પાકશાસ્ત્ર એક પ્રકારની લોકવિદ્યા છે તેમ અનાજ કે કઠોળની માવજત કરવાની આવડત પણ લોકવિદ્યાનો જ પેટા પ્રકાર ગણાવી શકાય છે. આધુનિક કાળમાં તો વર્તમાનપત્ર, રેડિયો, ટીવી કે લિખિત છાપેલાં પેમ્ફલેટ માં મળતી જાણકારીને અનુરૂપ બધું સચવાતું આવે છે. પણ એક જમાનો એવો પણ હતો જ્યારે ડોશીવૈદુંની જેમ મુખ પરંપરાને આધારે કયું અનાજ કે કઠોળ કેમ વાપરવું કેમ જાળવવું કે શાકભાજી કે ફળની ચૂકવણી કરી આખા વર્ષભરના ઉપયોગમાં લઈ શકાય તેની માહિતી દરેક કુટુંબમાં મૌખિક રીતે સચવાતી આવતી. પહેલા તે અનુકરણ, અનુભવે, મૌખિક સૂચને સિદ્ધ થતી.

ધોડિયા જાતિની લોકપરંપરામાં નોંધી શકાય એવી બાબત આજે પણ જોવા મળી છે કે ગમે તેવા ભણેલા, આધુનિક પરંપરાને વરેલા સમાજના લોકો પણ અનાજ-કઠોળની સાચવણી હજુ પણ મૌખિક પરંપરા મુજબ જ કરે છે. ઘરમાં આધુનિક ભૌતિક સામગ્રી હશે

તો પણ ઘરમાં અનાજના કોઠાર હોય છે. (ગારામાંથી બનાવેલી) કોઠી, પાલા કે કઠોળના પેટીયાં, માટલાં ભરેલા જોવા મળે છે.

પેટિયું બાંધવાની આગવી કલા ધોડિયા જાતિમાં જોવા મળી છે. ડાંગરના ઘાસમાં કઠોળ સાચવવાની આગવી પરંપરા આજે ભૂંસાતી જાય છે. કઠોળને એરડિયાંમાં કે રાખમાં ભેળવીને આખા વર્ષ સુધી એવું ને એવું સાચવી શકાય છે તો વાવણી માટેના બીજને પણ સારી રીતે સાચવે છે.

આ ઉપરાંત નાનામોટાં ગૃહઉદ્યોગો, પશુપાલન, ખેતી આદિની પણ કેટલીક આગવી પરંપરાઓ સચવાતી જોવા મળે છે. આમ સહુની જાતિગત, રાષ્ટ્રગત કે વિશ્વસ્તરીય એવી કેટલીક લોકવિદ્યાઓ કે કલાઓ આજે પણ એમના નિવાસ, રાચરચીલાં, ખાનપાન, વસ્ત્રાભૂષણ આદિ ભૌતિક સર્વસુલભ પદાર્થોમાં અનેક કુનેહ-કસબ ઉમેરાતા જાય છે અને એમાંથી આપણી લોકકલાઓ ઉપસ્થિત થતી જાય છે. પર્યાવરણ સાથે અનુકૂલન સાધીને એમાંથી જ આગવી સૌંદર્યસૃષ્ટિનું નિર્માણ પામતું જાય છે.

## ૮.૩ ધોડિયા જાતિનાં લોકનૃત્યો

સંગીતની જેમ નૃત્ય પણ આદિ માનવની ભાષા પૂર્વેની જ સાહજિક ઉપલબ્ધિ છે. 'નૃત્ય' એ આદિવાસીઓનો પ્રાણ છે, મહામૂલો પરિપાક છે, કારણ કે સર્વ પ્રાણીઓ માટે લાગણી પ્રગટ કરવાનું સાધન છે. દરેક પશુપક્ષી પોતાના હર્ષ કે શોકને વ્યક્ત કરવા માટે શરીરના જ માધ્યમે સંગીત અને નૃત્યના સંયોજનથી ધ્વનિનાદ વડે ભાવાભિવ્યક્તિ કરે છે. નૃત્ય એ પ્રાચીન સંસ્કૃતિથી ચાલી આવતું અનોખું મનોરંજનનું સાધન છે. હજારો વર્ષ પૂર્વે નદી કિનારે જ્યારે સંસ્કૃતિનું પારણું બંધાયું હશે ત્યારે લોકનૃત્યોનો પણ જન્મ થયો હશે એમ કહી શકાય. પ્રકૃતિની ગોદમાં મસ્ત બનીને વિહરતા આદિવાસી લોકોના અંતરમાં આનંદની લાગણી કોળી ઊઠતી ત્યારે એ હરખઘેલો બનીને નાચવા કે ગાવા માંડતો આમ પ્રકૃતિ સાથે અંતરની પ્રીત બાંધીને બેઠેલા માનવીના આનંદની અભિવ્યક્તિ અને હૃદયની ઊર્મિઓના આર્વિભાવમાંથી 'કળા કરતાં મોરની' જેમ આપણાં લોકનૃત્યો જન્મ્યાં છે.

આદિવાસી નૃત્યો મોટેભાગે પ્રાકૃતિક જનસંપત્તિની સાથે આગવો નાતો ધરાવે છે. પ્રાકૃતિક અવસ્થાથી જ પ્રાણીની સાહજિક વૃત્તિ સાથે એમનાં લોકનૃત્યો જોડાયેલાં છે. મયુરના લયબદ્ધ ચલનથી ઢેલને આકર્ષવું, મોરપંખ ધ્રુજાવવા, કબૂતરનું ડોલવું, નાગનું ફેણ ચડાવી ડોલવું, સિંહ, શ્વાન, શિયાળ, ગાય-ભેંસ કે સાવકોનું એકબીજા સાથે ખેલવું, માછલીનું જનસપાટી પર લયબદ્ધ ગતિ કરવું, ઉછળવું, પતંગિયાની જેમ કતારબંધ ઊડવું, ભમરાની જેમ ગોળાકારે ઘૂમવું, શ્વાન-માંજારની જેમ અવયવો સંકોચીને શક્તિ બતાવવી કીડી જેવા જીવજંતુની ધીમી ચાલની જેમ સ્વસ્થ બનીને ચાલવું આવી અનેકઘણી ક્રીડા, લાગણી, દેહલયતા ઈત્યાદિનો પ્રભાવ આદિવાસી લોકનૃત્યોમાં અચૂક જોવા મળે છે.

ગુજરાતની સાંસ્કૃતિક લોકકલાના વારસારૂપ એવાં લોકનૃત્યોના મૂળમાં લોકઉત્સવો, ધાર્મિક પરંપરાઓ વિવિધ સંસ્કારો, વિવિધ ઋતુઓ, તેમજ સામાજિક ઉત્સવો કે પર્વો જોડાયેલાં જોવા મળે છે. એમની સાથે એનો સીધો નાતો રહ્યો છે પછી એ જોબનિયાને હેલે ચડાવતા લોકમેળાઓ હોય, ઋતુઓના રંગોત્સવની છાબ લઈને આવતો હોળીનો તહેવાર હોય, સાતેય કોઠાઓને ઉજાગર કરતો દિવાળીનો તહેવાર હોય, આઠમ કે નવરાત્રિના વાર-પરબ હોય કે પછી લગ્ન જેવા મંગલ પ્રસંગની રંગેચંગે ઉજવણી થતી હોય ત્યારે લોકહૈયામાં અચાનક ફૂટી નીકળતી આનંદની મસ્તી લોકનૃત્યમાં અચૂક સ્થાન જમાવે છે. લોકહૈયાં આનંદ-વિભોર બની થનગની ઊઠે કે ઝીણું ઝીણું ગાઈ ઊઠે ત્યારે આવાં નૃત્યો રંગત લાવે છે. કયારેક કામનો થાક ઉતારી કે ખંખેરીને હળવા ફૂલ બનવા માટે તો વળી કયારેક ખેતરમાં તૈયાર થયેલ મોલની વધામણી માટે પણ આવાં લોકનૃત્યો કરાતાં જોવા મળે છે.

લોકનૃત્ય એટલે શું? એને વ્યાખ્યામાં બાંધવાનું શકય નથી. પરંતુ ‘લોક’ અને ‘નૃત્ય’ એ મુખ્ય બે ઘટકોની વિભાવના સુનિશ્ચિત કરીને લોકનૃત્ય એ સમાન પરંપરા ધરાવતા એકમની શરીરના માધ્યમે લયને અને અર્થને સિદ્ધ કરતી લોકવિદ્યા છે, એ તો સ્પષ્ટ કરી જ શકીએ. વિશ્વની વિવિધ જાતિઓમાં આવાં અનેક પ્રકારનાં લોકનૃત્યો જોવા મળે છે. આવાં લોકનૃત્યોની અભિવ્યક્તિ જીવન સંલગ્ન છે જેમાં ભાગ લેવા માટે વ્યક્તિગત રૂપનું કોઈ

શિક્ષણ જરૂરી નથી, શાસ્ત્રની કે તાલીમની જરૂર નથી, પરંપરા જ એને સાંકળે છે અને પંક્તિરૂપ કે મંડલાકાર નિશ્ચિત કરે છે.

લોકનૃત્યના મૂળમાં લોકવિદ્યા રહેલી છે. તેથી જ તો દરેક લોકનૃત્યમાં એમની જુદી જુદી લોકસંસ્કૃતિની છબી ઉપસતી જોવા મળે છે. છતાં પદચાલન, મુદ્રા કે અંગભંગિ, લય આદિ સંદર્ભે થોડી સામ્યતા અચૂક જોવા મળે છે. આદિવાસી નૃત્યોમાં પણ આવી કેટલીક સમાનતા જોવા મળી છે. નૃત્યમાં અનેક માનવીય ભાવસંવેદનાઓ પ્રગટે છે.

ગુજરાતમાં વિવિધ પ્રકારનાં લોકનૃત્યો પ્રચલિત છે. જેવાં કે- ‘સીદીઓની ધમાલ, ઘેરનૃત્ય, તડવીઓનું ઘેરિયાનૃત્ય, આદિવાસી તરવારનૃત્ય, શિકાર નૃત્ય, ઠાકર્યાનૃત્ય, આગવા નૃત્ય, કાકડા નૃત્ય, ગામીતોનું લોકનૃત્ય, હુડા રાસ, ઢોલોરાણો, અશ્વનૃત્ય, વણઝારાનું હોળી નૃત્ય, માંડવા નૃત્ય, ગાગરનું હીંચ નૃત્ય, તૂર નૃત્ય.’[૨]

આ ઉપરાંત ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારમાં ટીપણી નૃત્ય. રાંદલનો ઘોડો ખૂંદવો/જાગનૃત્ય, રાસ/રાસડા, દાંડિયારાસ, ગરબી-પઢોરાનું મંજીરા નૃત્ય જેવા પણ પ્રચલિત છે.

આદિવાસીઓમાં તો નૃત્યના અનેક પ્રકારો અસ્તિત્ત્વ ધરાવે છે. વિવિધ ધાર્મિક અનુષ્ઠાન, મેળા વગેરે નિમિત્તે આવાં નૃત્ય થાય છે. આદિવાસીઓમાં જેમ લોકજાતિ, લોકબોલી, વસ્ત્રાભૂષણ, કલાકૌશલનું વૈવિધ્ય જોવા મળે છે તેવું જ વૈવિધ્ય લોકગીતો, લોકઉત્સવો, લોકનૃત્યોમાં પણ જોવા મળે છે. લોકનૃત્યો મોટેભાગે ગોળાકાર, અર્ધગોળાકાર, કયાંક બબ્બે, કયાંક એકેકની હરોળમાં સ્ત્રી-પુરુષો અથવા સ્ત્રી-પુરુષો અલગ-અલગ ભેગાં મળીને નૃત્યો કરે છે. આવાં નૃત્યો મોટેભાગે વાદ્યોના તાલે જ રચાતા જોવા મળ્યાં છે. મોટાં ભાગે તાલ, લય, સંગીતની ત્રિવિધ એકતાથી શારીરિક લયબદ્ધ ચેષ્ટાઓ ઉદ્‌ભવે છે. તેથી જ તો દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ ‘નૃત્ય’ ને ‘ચાળો’ તરીકે જ ગણાવે છે. આંગિક ચેષ્ટાઓ વડે હૃદયમાં વ્યાપેલા ભાવોને ઉદ્‌ગારિક કરે છે. પદચાલન એ નૃત્યનું મુખ્ય અંગ મનાય છે. આદિવાસીઓમાં થતાં નૃત્યોમાં મુખ્યત્વે પગના ચાળાનો જ વધારે ઉપયોગ જોવા મળ્યો છે. નૃત્યની સાથે આદિવાસીઓમાં ગીત પણ જોડાયેલાં છે. ગીતના લયે પગનો તાલ

ગોઠવાયેલો જોવા મળે છે. ખાસ કરીને બધાં જ નૃત્યો સાંઘિક નૃત્યો રૂપે વ્યક્ત થયાં છે. આમ સાંઘિક રીતે સહભોગિતાથી ગાવા-નાચવાની પ્રક્રિયા સાથે એમની કેટલીક મૂળ પરંપરાઓ પણ સંકળાયેલી જોવા મળી છે. અને કદાચ એમ કહી શકાય કે એમાંથી જ આજની સાંપ્રત લોકવિદ્યાઓ પોષણ મેળવીને આપણી સામે મૂર્ત બની છે. જો કે કેટલેક અંશે મૂળ પરંપરાનો કેટલીક આંશિક નવનીતા કે વૈશ્વિકરણની પ્રક્રિયાને કારણે ઝડપી વિકાસ પામી ભૂંસાતી જાય છે. આવી પરંપરાને સાચવવા જ આવાં લોકનૃત્યો વિશે જાણવાની ઉત્સુકતા ઊઠી છે ચાલો તેને સાકાર કરીએ.

**૦ લોકનૃત્યો**

ગુજરાતની અન્ય આદિવાસી જાતિઓની સરખામણીમાં ધોડિયા જાતિના લોકો પાસેથી વધારે નૃત્યો મળ્યાં નથી. આ જાતિમાં મુખ્યત્વે તૂરનૃત્ય, 'ઘેરનૃત્ય' અને માતાજીના સાંનિધ્યમાં રમાતું 'રુમાલી નૃત્ય' અતિ મહત્ત્વનાં રહ્યાં છે.

**૮.૩.૧ તૂરનૃત્ય**

દક્ષિણ ગુજરાતની ધોડિયા, નાયકા અને દૂબળા જાતિના આદિવાસી લોકોમાં પ્રસિદ્ધ પામેલું આ તૂરનૃત્ય છે. કુંભાર જેમ માટીના પિંડમાંથી ઘડો બનાવે તેમ આ વાંજિત્રનો 'કાંઠો' પણ માટીમાંથી બનાવી ચમાર (મોચી)ને ત્યાં લઈ જઈ મોચી એ કાંઠા ઉપર મૃત ગાયના ચામડાનો ઉપયોગ કરીને બંને બાજુ પડાળ (પડ) ચડાવી સૂરીલું બનાવે છે. આ જાતિના લોકોએ 'ઢોલ' આકારના આ વાંજિત્રનું નામ 'તૂર' પાડયું. આ તૂરના ચામડાંવાળા મધ્યભાગમાં મસાલો લગાવવામાં આવતો. જે મસાલો રાંધેલા ભાત, રાખને મિક્સ કરી ચોપડવામાં આવતો જેને આ જાતિના લોકો 'ધોણ', 'મેંણ' કે 'ભેંણ'ના નામથી ઓળખતા, તૂરની એક બાજુ પહોળી અને બીજી બાજુ સાંકડી હોય છે. તેના ઉપર 'વાધર' (ચામડાની પટ્ટી) ચઢાવી બંને 'સાગરા' (પડ) વધારે મજબૂત બની અત્યંત સૂરીલું બને છે. જેનો અવાજ દૂર-દૂર સુધી સાંભળી શકાય છે.

'તૂર'ની સાથે વપરાતી 'થાળી' પણ અતિ મહત્ત્વની છે. 'થાળી' કાંસાની બનાવેલી હોય છે. થાળી ઉપર ઢીંઢળની દાંડીથી તૂર સાથે તાલ મેળવી શકાય છે. 'તૂરનૃત્ય'માં તૂર વગાડનાર અને થાળી વગાડનારની જોડી અતૂટ હોવી જરૂરી છે. તો જ નૃત્ય કરનારા નૃત્યકારોની રમઝટ લાંબો સમય સુધી ચાલે અને લોકોનું મનોરંજન જળવાય રહે.

'તૂરનૃત્ય' પહેલાંના સમયમાં સ્ત્રી-પુરુષો ભેગાં મળીને નાચતાં એક સ્ત્રી એક પુરુષ એ પ્રમાણેની સાંકળ ગૂંથી અનુભવી નૃત્યકાર આગળની હરોળમાં રહી બધા નૃત્યકારોને નૃત્ય કરાવતો. જો કે હાલમાં આ નૃત્ય કયાંક-કયાંક જ જોવા મળે છે. હાલમાં પુરુષો એકલા અને સ્ત્રીઓ એકલી નૃત્ય કરતી જોવા મળી છે. તૂર વગાડનાર 'તૂરિયો' અને થાળી વગાડનાર 'થાળિયો'ના નામે આખી નૃત્ય મંડળી 'ચાળો' રમતી જોવા મળે છે. આજના સંદર્ભે કહી શકાય કે 'તૂર'ના કાંઠા પણ લાકડાંમાંથી બનાવાય છે તેમજ એના વગાડનાર અને નાચનારા પણ મોટેભાગે શહેરીજીવનને અડેલા જેથી તાલ કે ચાળો પણ આધુનિક ચાલને મળતો આવે છે. પહેલાંની અસલ ચાલ કે નર્તનતા રહી નથી. ગીતો પણ બદલાયેલા ઢંગમાં ગવાઈ રહ્યા છે. દરેક તાલુકાઓમાં તૂર વગાડનાર 'તૂરિયો' પ્રખ્યાત હોય છે. 'ધોડિયા સમાજના સંગઠનો'માં 'તૂરનૃત્ય'ની હરીફાઈ યોજાય છે.

### o 'તૂર-થાળી' કયાં-કયાં વગાડવામાં આવે

આ વાદ્ય ખાસ કરીને લગ્નપ્રસંગે, ધાર્મિક ઉત્સવોમાં (હોળી), દેવની માનતા પૂર્ણ કરવા જતી વખતે, કોઈપણ સંપ્રદાયના વરઘોડામાં, માતાના પ્રાણપ્રતિષ્ઠા અથવા પૂજન વખતે, ગણેશ પ્રતિષ્ઠા વખતે તેમજ અશુભમાં પણ તૂર-થાળી વગાડવામાં આવતી. આ ઉપરોકત વિવિધ પ્રસંગોમાં એને અનુરૂપ વિવિધ ચાળાઓ વગાડવામાં આવતા.

### o 'તૂર-થાળી'ના ચાળાના પ્રકારો

કોઈપણ જાતની વ્યક્તિનિષ્ઠ કેળવણી કે શિક્ષણ વગર, અનુકરણથી જ પોતાના આનંદને સાંધિક નૃત્ય રૂપે વ્યકત કરનાર નૃત્યકારો શુભ અને અશુભ બંને પ્રસંગે લોકોનું

આકર્ષણનું કેન્દ્ર બને છે. આમતો આ નૃત્યમાં ૩૨ ચાળાઓનો ઉલ્લેખ છે. પરંતુ હાલમાં બધા ચાળા મળતા નથી. કુલ ચૌદ જેટલા ચાળા જ પ્રાપ્ત થયા છે. છતાં અહીં મુખ્યત્વે ચાળાને બે પ્રકારોમાં વહેંચી આપ્યા છે. શુભ-અશુભ. ત્યારબાદ શુભ પ્રસંગે અન્ય પેટા ચાળાઓ નાચવામાં આવે છે જેને વિગતે ચર્ચા કરીએ.

**૦ શુભ પ્રસંગે નાચવાના ચાળા**

આદિવાસી લોકો ધાર્મિક પ્રસંગોમાં દેવને લગતા તૂરચાળાઓ નાચે છે. જેમાં માનતા વખતે (૧) દેવને જગાડવાનો ચાળો, જેને 'ચાલતો ચાળો' કહે છે જે તૂર-થાળીવાળો ચાલતા-ચાલતા વગાડે છે. જેનો તાલ ધીમો હોય છે. (૨) દેવને રીઝવવાનો ચાળો જે ત્રણ રીતે વગાડવામાં આવે છે.

૧. ભગત ધૂણાય તે ધૂણ

૨. ભગત જે તે વેતે ધૂણ

૩. ઢેઢકનો ચાળો જે ભગતને હાજરી આવી હોય તે બંધ કરાવવાનો ચાળો.

'ઉજજોણી' વખતે પણ આ ત્રણ ચાળાઓ નાચવામાં આવે છે.

આદિવાસી સમાજમાં ખાસ કરીને ભગત-ભુવા ઉપર વધારે શ્રદ્ધા હોવાથી ધાર્મિક પ્રસંગે ભગત ઉપર આ વિધિ કરાવવામાં આવે છે. ભગત ધૂણતો-ધૂણતો માનતા છોડે અથવા તો દેવની પૂજાવિધિ આદિ કરે છે.

**૦ લગ્નને લગતા તૂરચાળા**

'લગ્ન' એ જીવન સંસારનો અતિ મહત્ત્વનો સંસ્કાર હોવાથી આવા મહત્ત્વના પ્રસંગે નાચ-ગાન કરી ઘણા દિવસો સુધી મનોરંજન મેળવે છે. આવા શુભ દિવસોમાં વિવિધ પ્રકારના ચાળાઓ નાચવામાં આવે છે. જે દિવસથી પીઠી ચોળવામાં આવી હોય તે દિવસથી નાચ-ગાન શરૂ થઈ જાય છે. જમી કરીને રાત્રિના ઠંડા પહોરે આવાં નૃત્યો મોડીરાત્રિ સુધી ચાલતા જોવા મળે છે. પહેલાંના સમયમાં ગામ-ગામથી લગ્નમાં નાચનારાની ટુકડીઓ ચાલી આવતી. નવરાશના સમયમાં પ્રસંગને વધારે રસરસીલો બનાવી દેતાં.

પીઠી ચોળેલી કન્યા કે વરને દેવદર્શન માટે લઈ જતી વખતે વિવિધ ચાળાઓ કાઢવામાં આવતાં જેને 'દેવનાચણું' પણ કહેવામાં આવતું 'તૂરિયો' લગ્નવાળાના માંડવે પહોંચે ત્યારે જુદું વગાડતા, માંડવામાં પહોંચ્યા પછીનો ચાળો, લગ્નવાળા ઘરના લોકો તૂરિયાની વધામણી કરી તે વખતનો ચાળો, માંડવાના તોરણ બાંધતી વખતનો ચાળો અને મંડપના દિવસે સાંજે મનોરંજનના વિવિધ ચાળાઓ નાચવામાં આવતાં.

'ચાળો' એ નૃત્યનું આગવું અંગ છે. એમાં અલગ-અલગ સૂર સાથે તાલ બેસાડવામાં આવે છે. જેને ચાળાના પ્રકારો તરીકે ઓળખાવે છે. જે નીચે પ્રમાણે છે.

આ ચાળા સાથે 'છેલિયાં' પણ ગવાય છે. છેલિયાં મોટેભાગે બે, ચાર, છ, અને આઠ પંક્તિના હોય છે. છેલિયાંના રાગે તૂરિયો ચાળો કાઢે છે અને ચાળાના તાલે નાચનારા ઝૂમી ઊઠે છે. ગમે એવો શાંત દેખાતો પુરુષ કે સ્ત્રીને પણ તૂરિયાની ચાળાની લહેકથી નાચતા કરી દે છે.

**૦ મનોરંજનના ચાળાઓ**

**૧. ચાલતો ચાળો**

મનોરંજન માટે અનેક પ્રકારનાં છેલિયા ગીતો ગાઈ 'ચાળો' કાઢવામાં આવે છે. નાચનાર યુવકો સામૂહિક રીતે અથવા એકલો યુવક છેલિયા ગાઈ અને તે તાલને અનુરૂપ 'તૂરિયો' તૂર ઉપર તાલ બેસાડી 'ચાળો' વગાડે છે. 'ચાલતો ચાળો' મોટેભાગે દેવદર્શને જતા, સામૈયા ટાણે, વરરાજાને માંડવે લાવતી વખતે વગાડવામાં આવે છે. જેનાં છેલિયા ગીતો નીચે મુજબ છે.

૧. પાંદડું પવને ઉડી જાય રે પરદેશી મારું પાંદડું...
પાંદડામાં કોણ કોણ બેસી જાય રે પરદેશી મારું પાંદડું
પાંદડામાં છીતુ બેસી જાય રે પરદેશી મારુ પાંદડું
પાંદડામાં રવલી બેસી જાય રે પરદેશી મારું પાંદડું.

૨. મુંબઈ સેન્ટ્રલ ગાડી ઉપડેલી રે,

મુંબઈની રેલ્વે

ગાડીમાં શું શું ભરેલું રે,

ગાડીમાં કોલસા ભરેલા,

એ તો મુંબઈની રેલવે.

૩. જાન જતી હોય ત્યારે નાચવામાં આવતો ચાળો

આવે છે રે આવે છે,

રસદાર રસિયો આવે છે.

વેવાઈ ધીરો રે... રે ધીરો રે,

રસદાર રસિયો આવે છે.

તારી ઝૂંપડીની છાજ ઉડાડું રે,

રસદાર રસિયો આવે છે.

વેવાણ ધીરી રે...રે ધીરે રે.

રસદાર રસિયો આવે છે.

આમ ઉપરોક્ત છેલિયાગીતો 'ચાલતો ચાળો' કાઢતી વખતે ગાવામાં આવે છે.

**૨. કૂદાણિયો ચાળો**

માંડવાની સાંજે નવયુવાનોને હૈયે જોમ ચડાવે એવો આ કૂદાણિયો ચાળો છે. જેમાં તૂરિયો અને નાચનાર એકમેક બનીને ખૂબ ઝડપથી અને ઉછળી-ઉછળીને આ ચાળો નાચે છે. હૃદયનો જોમ-જુસ્સો આક્રમક બનીને વહેતો હોય એવો આ ચાળો છે. નૃત્યનો હરખ આ ચાળામાં જ પૂર્ણ થાય છે. આ ચાળા કાઢવાનાં છેલિયા નીચે મુજબ છે.

૧. માંડવા ઉપર ચલ્લી મલકારા મારે,

મારા ભાઈને જોઈને મલકારા મારે.

માંડવા ઉપર ચલ્લી મલકારા મારે,

મારી બેનને જોઈને મલકારા મારે.

૨. બાવળીમાં બકરા ચારું બનેવી બાવળીમાં બકરા ચારું રે લોલ

ચલિયા મસકા મારે બનેવી ચલિયા મસકાં મારે રે લોલ...

બારબાર વરસે આવ્યો બનેવી,

સાળી ભાગ શું લાવ્યો રે લોલ...

રૂમાલના છેડે જોને મારી સાળી, રૂમાલ...

રેશમની સાડી લાવ્યો મારા છેલ રે, રેશમ...

રૂમાલના છેડો ખાલી બનેવી,

રૂમાલનો છેડો ખાલી રે લોલ...

જૂઠો જવાબ કેમ દીધો બનેવી, જૂઠો જવાબ કેમ દીધો રે લોલ...

બારવરસ સુધી બહારગામ નોકરી કરવા ગયેલો બનેવી પાછો આવે ત્યારે બકરાં ચારવા ગયેલી સાળીને બાવળીનાં ચકલાં ટોણો મારતાં પૂછે છે કે તારા માટે બનેવી શું શું લાવ્યો. તેના જવાબ વ્હાલી સાળી માટે રેશમના રૂમાલે બાંધેલી સાડી બતાવે છે પણ રેશમનો રૂમાલ ખાલી નીકળે છે. બનેવી સાળીની કેવી બનાવટ કરે છે તેનું અનોખું વર્ણન આ છેલિયામાં જોવા મળે છે.

૩. આંબાવાડીમાં રાત રહેલી મારા છેલ રે...

આંબાવાડીમાં રાત રેલી રે લોલ...

હાકસું પડયું ને પોરી જાગી મારા છેલ રે,

હાકસું પડયું ને પોરી જાગી રે લોલ...

ઉપરોક્ત ગીત વેવાઈ પક્ષની વેવાણોની ઠેકડી ઉડાડતી વખતે ગવાય છે. પોતાની દીકરી લગ્નગાળામાં કોઈ અન્ય પુરુષ સાથે એકલી આંબાવાડીમાં રાત્રિ રોકાય આવે છે અને પાકેલી કેરી પડતાં જેમ બધાં જાગી જાય તેમ કટાક્ષ કરાયો છે.

૪. લીલા ચણાનું ખેતર જાકરીયા લાલ,

કેડે બાયધો કરસાટો જાકરીયાં લાલ...

બનેવી શેરી ભુવારતો જાય રે

જાકરીયાં લાલ...

૫. વેવાઈ વેવાણની દોસ્તી રે,

કાંઈ નદી એ નાવા જાય...

વેવાઈના હાથમાં કોપરું રે કાંઈ,

વેવાણ પટાવીને ખાય...

ઉપરોક્ત ગીતમાં પણ વેવાઈ કરતાં વેવાણ વધારે હોશિયાર અને ચતુર છે એવો ભાવ બતાવે છે. વેવાઈને વેવાણ બનાવી જાય એવી વાત છે.

૬. પટેલની પોરી બેઠી પલંગ પર ના મળે

પોરી કમળનું ફૂલ.

આમ નાચતા કૂદતા છેલિયા ગાતાં તૂરિયો અને નાચનારાનું અતિ મોહક દૃશ્ય આ ચાળામાં જોવા મળે છે.

**૩. ગોથણ ચાળો**

ગોથણ ચાળો નાચનારા ઘૂંટણ ઉપર અડધા ઊભા રહી. ચાળો નાચે છે. આખી રાત ખૂબ નૃત્ય કર્યા પછી નાચી-નાચીને થાકેલાં નૃત્યકારો બેસી જાય છે. બેસતાં બેસતાં નાચે છે અને તૂરિયાને છેલિયા ગાયને કહે છે કે હવે તું અમને તારા તૂરના તાલે પાછો ઊભાં કરી નાચતાં કરી દે. ટૂંકમાં થાકેલા નૃત્યકારો ને ઉઠાડવા માટે તૂરિયો પણ ઘૂંટણ ઉપર બેસી તૂર વગાડતો નૃત્યકારોને પાછા નાચતા કરી દે છે. આ ચાળામાં 'તૂરિયા'ની ભારે કસોટી થતી હોય છે જેનાં છેલિયાં નીચે પ્રમાણે છે.

૧. કાલ-કાલનું કેયલું રે તૂરિયા,

ઘેર જાની રે ઘેર જાની...

તારી બૈરી જુએ ઘરે વાટ રે,

તૂરિયા ઘર જાની...

તારા છૈયા જુએ ઘર વાટ રે,

તૂરિયા ઘર જાની...

ઘણા દિવસથી આવેલો તૂરિયો ઘરે જતો નથી અને નાચનારા થાકી ગયા છે. છતાં તેને નચાવ્યા જ કરે છે. તેથી કંટાળીને એ ચાળો નૃત્યકારો નાચે છે.

૨. બગલી ખેતરે ચરવા જાય,

બગલીનો ગોવાળિયો કોઈ ના થાય...

બગલી ડખુ ને ચોખા ખાય,

બગલીનો ગોવાળિયો કોઈ ના થાય...

બગલી ડખુને ચોખા ખાય,

બગલીનો ગોવાળિયો બનેવી થાય...

ઉપરોક્ત ગીતમાં પણ નાચનારા આટલા દિવસથી નાચે છે. પરંતુ લગ્નની મિજબાનીમાં સારું ખાવાનુ નથી મળતું દાળ-ભાત સિવાય સારું પીરસાયું નથી, તેનો આખો ગુસ્સો બનેવી બનેલા અણવર ઉપર કાઢે છે. આ છેલિયું આમ પ્રતીકાત્મક છે. બગલી એટલે કન્યા. કન્યાની સાર સંભાળ લગ્નમાં બનેવીએ કરવાની હોય છે. જે નથી કરી શકતા તેની ઠેકડી ઉડાડે છે.

### ૪. ત્રણ તાળીનો ચાળો

આ ચાળામાં નાચનારા નાચતાં-નાચતાં ત્રણ તાળીઓ પણ પાડે છે. જેથી એને ત્રણ તાળીનો ચાળો કરે છે. નાચનારા તાડીના નશામાં કેવાં છેલિયાં ગાય છે તેનો આ નમૂનો છે.

૧. વાંકી ખુજરીયાની તાડી મારા છેલ રે,

વાંકી ખજુરીયાની તાડી રે લોલ...

તુવે (તમે) પીધી ને માં (મને) લાગની મારા છેલ રે,

તુવે પીધીને માં લાગી રે લોલ...

પીધેલી એલ-ફેલ બોલી મારા છેલ રે,

પીધેલી એલ-ફેલ બોલી રે લોલ...

નશામાં એલ-ફેલ બોલનારા નૃત્યકારો ઉપરોકત ગીત વડે તૂરિયાની માફી પણ માંગે છે. અને નૃત્યનો અનેરો આનંદ માણે છે.

૨. હું તો છાણાં વીણવા ગયેલી રે,

ભમરિયાળો વીચુલો, (વીંછી)

મને વીચુલે ચટકારી રે,

ભમરિયાળો વીચુલો.

### ૫. તૂસતો ચાળો

આ ચાળો પણ નૃત્યકારો ખૂબ જ રસપૂર્વક નાચે છે. મનોરંજન અર્થે આવા જુદા જુદા પ્રકારના ચાળા નચાય છે. જે નીચેનાં છેલિયાં વડે જોઈ શકાય.

૧. સુરત શહેરની સાડી અલ્યા,

પેટારામાં ડોલે રે- જો...

પેટારામાં ડોલે એ તો જાનમાં જવાની રે- જો...

જાનમાં જનારી લગ્નવાંસુક કન્યા તેમજ નવી વહુવારુઓ સાડી પહેરી ઠાઠમાઠથી મહાલે છે ત્યારે તેમની મજાક મસ્તી માટે આવા ચાળા નાચવામાં આવે છે. આ પણ એક પ્રકારનું મનોરંજન જ છે.

### ૬. અડધો સસલો ચાળો

વન્ય પ્રકૃતિ સાથે નાતો ધરાવતા આદિવાસીઓ પોતાના મનોરંજનમાં વન્ય પશુઓને

પણ સાંકળી લેતાં જોવા મળે છે. સસલા જેવા ચાલના કે દોડના ચાળા પણ નાચે છે. સસલું જેમ થોડું દોડી પાછું ઊભું રહી જાય છે. તેમ નાચનારા પણ થોડા ધીમા તાલે ઠેકડા લગાવી અને પછી અચાનક દોડી જાય છે. આવો ચાળો નાચનારાને વધારે તાનમાં લાવે છે.

### ૭. ઘોઈચાળો

ઘો એ જંગલનું પ્રાણી છે. વનવગડામાં ઘો જેમ આળોટે તેમ. નાચનારા પણ તૂરિયાના તાલે. જમીન ઉપર આડા સૂઈ જઈ ઘોની જેમ ચાલી બતાવે છે. જેથી તે ચાળો 'ઘોઈચાળો' તરીકે ઓળખાયો. તાડી-દારુના નશામાં નાચનારા ને કશુંજ આકરું લાગતું નથી. ભોંય ઉપર ઊંધા પડીને પેટે ઘોની જેમ સરકીને આ ચાળો નાચે છે અને આનંદ લે છે.

### ૮. પગ બેવડનો ચાળો

આ ચાળો તાલની સાથે પગ બેવડીને કરવામાં આવે છે. એક પગના તાલ સાથે બીજો પગ ઊંચો થઈ પેલા તાલની સાથે બેવડાતો હોય એમ હલાવીને નૃત્ય કરે છે.

### ૯. ઝૂલણિયો ચાળો

નૃત્ય કરનારા નૃત્યકારો એકબીજાની કમરમાં હાથમાં હાથ નાંખી સાંકળ બનાવી જાણે ઝૂલો ઝૂલતા હોય એમ આ ચાળો નાચે છે. એકી સાથે નૃત્યકારોના ડગનો અવાજ અને લહેકાથી ઝૂમી ઊઠે છે. જે નીચેના છેલિયામાં જોવા મળે છે.

૧. રાયણ બેડવાં ગયેલી રે લોલ,
રાયણ બેડવાં ગયેલી રે લોલ...
બેડાં મૂકીને મેં તો બેડિયા રે લોલ,
બેડાં મૂકીને મેં તો બેડિયા રે લોલ...

### ૧૦. બેડ ચાળો

આદિવાસી નૃત્યની આગવી કલાકૌશલતા બેડ ચઢવાની જોવા મળે છે. બેડ ચાળામાં નૃત્યકારો એકના ખભા ઉપર ચડી. બેડાંની જેમ ગોળાકારે નૃત્ય કરે છે. પહેલાંના સમયમાં સ્ત્રી-પુરુષો સાથે નૃત્ય કરતાં ત્યારે પુરુષના ખભે સ્ત્રીઓ ચડીને એકબીજાના હાથ પકડી

કુંડાળાકારે સરસ મજાનું નૃત્ય કરતાં શરીરની સમતુલા તાલના તાલે રાખવી એ જેવી તેવી કલાકૌશલ્યતા નથી તેમજ બેડચાળામાં ચાલતી વખતે ઝડપથી તાલ મેળવવો એ પણ અનોખી કલા છે.

### ૧૧. દુલભો-બહેરો ચાળો

આ ચાળો કદાચ કોઈ સારા નૃત્યકારના નામ ઉપરથી પડયો હશે એવું અનુમાન કરી શકાય. આ ચાળો નાચતી વખતે નીચે મુજબનું છેલિયું ગવાય છે.

ચીકાની વાડી રે ભાભી,

ચીકાની વાડી રે લોલ...

વાગોરા બો લાયગા ભાભી

વાગોરા બો લાયગા રે લોલ...

મારા ભાઈને કે જે રે ભાભી,

બંદૂક લઈને દોડે રે લોલ...

ખેતરના ખોળે વિચરતા જે તે પાકની ખેતી કરતી વખતે અડચણો ઘણી આવતી જે અડચણોને છેલિયામાં ગૂંથી લીધી છે. ચીકાની વાડીમાં વાગોળ હેરાન કરે છે. એ વાગોળને દૂર કરવાં બંદૂક લઈને ભાઈને વાડીની રક્ષા કરવા માટે ભાભીને બોલાવવા કહે છે.

### ૧૨. પટેલ ચાળો

પટેલો ગામના મુખી અથવા તો મોભાદાર વ્યક્તિ ગણાતા. આવા મોભાદાર વ્યક્તિ પણ લગ્ન જેવા આનંદના ઉત્સવમાં જોડાય અને પોતે નાચવા લાગે ત્યારે પટલાણીને ઠીક ન લાગતાં પટેલને ખેંચી પકડે છે. એવો એક ચાળો પણ નાચવામાં આવે છે. આ ચાળો મોટેભાગે 'પટલા આંગણે વાંકોઢાળ' એવા નામથી ઓળખાય છે. 'તૂરનૃત્ય' એક એવું નૃત્ય છે કે આ નૃત્યમાં સામેલ થવા ગમે એવા શાખદાર વ્યક્તિને પણ લલચાવે છે.

### ૧૩. બોલતો ચાળો

આ ચાળો ખાસ કરીને નવયુવાનને આકર્ષવા માટે અને નૃત્ય મંડળીમાં જોડાવાનું

ઈજન આપતો ચાળો છે. તૂરિયો દૂરથી ગોળાકારે તૂર વગાડતો વગાડતો નાચે છે. અને બેઠેલા નવયુવાનોને નાચવા માટે ઉશ્કેરે છે. જેથી એને બોલતો ચાળો કહ્યો છે. નાચવાવાળાને દૂરથી બોલાવતો ચાળો છે.

**૧૪. વાડ ભાંગવાનો ચાળો**

તૂરનૃત્યના બધા ચાળામાં વધારે આકર્ષણ જન્માવનારો ચાળો છે. નૃત્યના પાવરધા નર્તકો જ આ ચાળો નાચે છે. આ ચાળો નાચવા માટે તૂરિયાએ આપેલી જડીબુટ્ટીનો ઉપયોગ કરવામાં આવે છે એવી એક માન્યતા છે. તૂરિયાએ આપેલા ચોખાના દાણા કે મંડપનાં તોરણનું પાન ચાવવાથી, વાડના કાંટાની અસર વર્તાતી નથી.

આ ચાળો ગમે તેવી કાંટાની વાડનો પણ ભુકો બોલાવી દે છે. સારા નાચનારા તો ઝાડ ઉપર પણ ચડીને આ ચાળો નાચે છે. આ નૃત્ય નાચતી વખતે જ્યાં સુધી નાચનાર ઝાડ પરથી ઉતરી ન જાય કે વાડમાંથી નાચી નીકળી ન જાય ત્યાં સુધી વગાડતા જ રહેવું પડે છે. આ ચાળામાં તાલ રોકાવો ન જોઈએ. એવી પણ માન્યતા છે. નહીં તો નાચનાર નૃત્યકારો તેમજ તૂરિયો મુશ્કેલીમાં મુકાય જાય છે.

**૧૪. બે ડગલિયો ચાળો**

બે ડગના તાલે આ ચાળો નચાય છે. જેમાં નીચેનું છેલિયું ગવાય છે.

૧. ‘લીમડાને છાયે બેસાડી ગયા

હાથમાં રૂમાલ આપી ગયા કે બેની તારું

સાસરિયું બહુ વહાલું કે મોટરમાં બેસાડી ગયા.’

આમ ઉપરોક્ત તમામ ચાળાઓ શુભ પ્રસંગે લગ્ન આદિમાં નાચવામાં આવે છે. આ ઉપરાંત અશુભ પ્રસંગે પણ ‘તૂર’ નો ઉપયોગ થાય છે. એમાં ફકત ‘તૂર’ના તાલ હોય છે. નૃત્યકારો હોતા નથી.

### ૦ અશુભ પ્રસંગે વગાડવાના ચાળા

અશુભ પ્રસંગમાં મુખ્યત્વે મૃત્યુના પ્રસંગે ત્રણ પ્રકારના ચાળાઓ વગાડવામાં આવે છે. પહેલાના સમયમાં પાંખી વાહન વ્યવહારની સુવિધાને કારણે ગામમાં કોઈ મૃત્યુ પામે તો તેના સમાચાર 'તૂર' વગાડીને કરવામાં આવતાં જેમ રાજા-રજવાડામાં મહેલોમાં મૃત્યુ થાય તો ઢોલ-નગારા વગાડવામાં આવતાં તેમ અહીં 'તૂર' ના ચાળા વગાડી મૃત્યુની એંધાણી કરાતી.

મૃત્યુના પ્રસંગે ત્રણ પ્રકારના ચાળા વગાડવામાં આવતા. જેમાં મૃત્યુ પામનાર વ્યક્તિનું શબ ઘરમાં હોય ત્યારે અલગ ચાળો વગાડાતો, ત્યારબાદ શબને ઘરમાંથી બહાર કાઢી ઠાઠડી ઉપર મૂકવામાં આવે ત્યારે અલગ ચાળો વગાડાતો અને છેલ્લે સ્મશાન ભૂમિમાં અગ્નિદાહ અપાય તે વખતે વગાડાતો ચાળો. આ ત્રણેય ચાળા ધીમા તાલના હોય છે. જેમાંથી એક પ્રકારની વ્યથાની લાગણી વર્તાતી હોય છે. મરનારનાં સ્વજનો દુ:ખી છે તેના દુ:ખને ભુલાવવાની અપીલ એમાં વર્તાય છે.

મૃત્યુ પછી બારમાના કે તેરમાના દિવસે પણ વિધિમાં આ ત્રણેય ચાળા વગાડવામાં આવે છે. વિધિને અનુરૂપ તાલે 'તૂર' વગાડાય છે. એમાં નદીએ સ્નાન માટે જતી વખતે, સ્મશાને જતી વખતે, વિસામે જતી વખતે અને સગાઓની વિધિ કરતી વખતે તેમજ 'પૂંછ પાણી' કરતી વખતે 'તૂર' વગાડવામાં આવે છે. આમ તૂરનૃત્ય એ આદિવાસીઓનું એક આગવું કલાનૃત્ય છે. મોટેભાગે આજની પરિસ્થિતિમાં આવી નૃત્ય કૌશલતા ભુલાતી જાય છે અને અદ્યતન વાજિંત્રોની માંગ વધતી જાય છે.

## ૮.૩.૨ 'ઘેરનૃત્ય'-ઘેરિયાનૃત્ય

દક્ષિણ ગુજરાતનું આગવું લોકનૃત્ય એટલે ઘેરનૃત્ય- 'ઘેરિયા'. ખાસ કરીને દૂબળા, નાયકા અને ધોડિયા જાતિમાં આ નૃત્યે આપણું ખાસ્સું ધ્યાન ખેંચ્યું છે. પંચમહાલ, ભરૂચ અને વડોદરા જિલ્લાના તડવીઓનું ઘેરિયાનૃત્ય ખૂબ લોકપ્રિય ગણાય છે. પરંતુ બંને ઘેરિયાનૃત્યમાં ખૂબ મોટો તફાવત છે. તડવીમાં હોળીના તહેવારમાં ઘેરિયો બને છે. જયારે

દક્ષિણ ગુજરાતના ધોડિયા જાતિમાં નવરાત્રિના દિવસોથી કાળીચૌદસ અને દેવદિવાળી સુધી ઘેર નૃત્યો ચાલે છે. ખાસ દિવાળીના તહેવાર નિમિત્તે માતાજીના સાંનિધ્યમાં આવાં નૃત્યો કરાતાં.

નૃત્યનો ઉઘાડ જ અતિ રોમાંચક હોય છે. યુદ્ધના ધોરણે દોડતું, ચાલતું કે અચાનક દોડી જતું, કે થંભી જતું 'હમરેક' 'મોરચા' નો નાદ ગજવતું, માથે રંગબેરંગી ફેંટાઓથી શોભતું, કપાળમાં તિલક, આંખે કાજળ, કાને લટકણિયા, ગળામાં માળા કે ગલગોટાની હાર, પંચરંગી કબજો, હાથમાં બંગડી, કમરે ઘૂઘરા રણકાવતું ઢોલના તાલે કે કવિયાના સાદે રૂમઝુમતું નવયુવાનોનું રંગબેરંગી ટોળું એટલે ઘેરિયા.

### ૦ 'ઘેરનૃત્ય' માટેની સામગ્રી

નૃત્યમાં વાજિંત્રો અગત્યનો ભાગ ભજવે છે. જેમાં તબલાં, પખવાજ, કરતાલ, મંજિરા, ડાંડિયા, મોરની ગૂંથેલી પીંછી, છત્રી, નૃત્યનો નાયક એટલે કવિયો-ઉપકવિયો, માતાના ખેરાં- ઘેરના જોડીદારો. ઘેરનૃત્યને વધારે આકર્ષક બનાવવા માટે કવિયો, ખેરાં જુદો જુદો વેશધારણ કરે છે. આ ઉપરાંત હાથમાં રાખેલી છત્રી, મોરની પીંછી કે તાલ માટેનો ખેરાંનો દાંડિયો પણ એટલો જ આકર્ષક અને મજબૂત બનાવાતો હોય છે.

### ૦ ઘેરિયાનાં વસ્ત્રાભૂષણો

### ૦ કવિયો

નૃત્યનો મોભી-નાયક એટલે કવિયો. કવિયો આખી ઘેરમાં જુદો તરી આવે છે. રેશમી કાળો કોટ, લાંબા પનાની સફેદ ધોતી, માથે ગાંધીવાદી ટોપી અથવા રંગીન ફેંટો, હાથમાં છત્રી અથવા મોરની ૧૦૧ કે ૧૦૨ કાંડી પીંછાની બનાવેલી કલગી, કાનમાં કાપ, ગોગલ્સ, પહેરણ ઉપર ટાઈ, ટાઈમાં મોટેભાગે રીબીન, પગની ઘાડીને ચપટી વાળી ગટ્ટા બાંધવામાં આવે તેમજ ગળામાં ફૂલનો હાર, પીંછી, રીબીન, રૂમાલ, કાચ આદિથી શણગારેલી હોય આવો કવિયો મોટા સાદે ગોળ-ગોળ ફરતો-દોડતો, વાંકોચૂકો કમરમાંથી ચાળા કાઢતો ગીત ગાતો આવે એટલે ખેરાંને પણ અચાનકપાનો ચડે અને પીંછીના મારથી બચવા દોડતા,

રમણીમાં ગોઠવાય જાય છે. કવિયો કહે એ પ્રકારે જ ખેરાં એ ચાલ રમણી રમવાની હોય છે. કવિયો ખેરાંનો સાચા અર્થમાં મોભી હોય છે. ખેરાંનો કોઈ વાંકો વાળ પણ ના કરી શકે.

પહેલાંના વખતમાં કહેવાતું કે ડાકણ શાકણથી ખેરાંને સલામત રાખવા કવિયો પોતે મંત્ર તંત્ર કે કામણ-ટૂમણ કરતો અને પોતાની 'ઘેર' સલામત રીતે રમાડી લાવતો. એના માટે અમુક પ્રકારનું વસીકરણ કરવામાં આવતું તેથી જ તો જે જગ્યાએ ઘેર બાંધી હોય એજ જગ્યામાં ખેરાંને છૂટાં કરવામાં આવે છે. એ જગ્યા ઉપર માતા નું સ્થાપન કરી માતાના આશીર્વાદ લઈ 'ઘેર' રમવાં નીકળે છે. જેના માટે શબ્દ છે. 'મલ્લીમાતા' આ સ્થળે 'ઘેર' પ્રથમ રમી માતાને ખુશ કરી બીજે ગામ રમવા જાય છે ત્યાંથી પરત ફર્યા બાદ પણ મલ્લીમાતાના સ્થાનકે આવી એક રમણી રમ્યા પછી છૂટાં પડે છે. આમ 'ઘેર'ની બધી જવાબદારી કવિયાની રહે છે.

**o ખેરાં**

'ખેરાં' એટલે નૃત્ય કરનારા નવયુવાનો. આ નૃત્યમાં માત્ર પુરુષો જ ભાગ લેતા હોવાથી માતાજીના ખેરાં બનનારા પુરુષો જ સ્ત્રીનો વેશ કાઢે છે. સ્ત્રી-પુરુષનું કોમ્બીનેશન અદ્‌ભુત જોવા મળે છે.

ઘેર નૃત્યમાં ૧૦,૧૨,૧૪ ભીલાં-જોડી ખેરાં હોય છે. બે-બેની જોડમાંજ 'ઘેર નૃત્ય' રમવામાં આવે છે. ખેરાંનો પહેરવેશ, બંડી, ધોતી, સ્ત્રી બનનાર ભીલ્લું કિનારીવાળી સાડીની ધોતી, ચોળી, ચાંદલો, કાન, નાક, ગળામાં સ્ત્રીના ઘરેણાં, હાથમાં બંગડી, પગમાં ઝાંઝર, માથે રંગીન સાડીનો ફેંટો, કેડે માતાજીની ચુંદડી, બળદના ઘૂઘરા, આંખમાં કાજળ, ગળામાં ફૂલનો હાર, હોઠ રંગેલા જોવા મળે છે. ખેરાં કવિયાના ઈશારે તેમજ ઢોલના તાલે અનોખું નૃત્ય કરે છે. પગના ઠેકા કે તાલ માટે બૂટ-મોજા અતિ મહત્ત્વના બની રહે છે. કેટલીક રમાણી પગના તાલે જ અનોખું આકર્ષણ જન્માવે છે. કહેવાય છે કે ખેરાંના તાલથી જમીનમાં ખોડેલી ખીલી પણ ધ્રુજી જાય તો કેટલીક રમણી હાથમાં રાખેલો દોઢ બે ફૂટનો

જાડો રધલીના ઝાડનો ‘દાંડિયો’ આકર્ષે છે. દાંડિયાના તાલે ‘ઘેર’ જોનારાઓનું મનમોહી લે છે. એક ઘરથી બીજા ઘર તરફ જવા માટે કવિયાની વીસલ તથા ગીતની કડી અતિ મહત્ત્વનું કામ કરે છે. કવિયો પાછળ રહી જતાં કે ધીમા પડી જતાં કે ચાલ-ઢબમાં ગોટાળો કરતાં ખેરાંને પીંછીના ડૂંડાંથી સાટું વાળે છે એટલે ખેરાં મન લગાવીને નૃત્ય કરે છે.

**o નૃત્યમાં વપરાતો દાંડિયો**

દાંડિયાના તાલે અને પગના ઠેકે આખું નૃત્ય કરાતું હોવાથી દાંડિયો અતિ મજબૂત અને આકર્ષક બનાવવામાં આવતો. નૃત્યની તૈયારી ચાલતી હોય ત્યારથી જ ખેરાં વનવગડાઉ ઝાડમાંથી દાંડિયા બનાવી લે છે. દાંડિયો મોટેભાગે બાવળ, ખેર અને રઘલીના ઝાડમાંથી બનાવાતો હોય છે. જેમાંથી અવાજ પણ સારો નીકળી શકે, દાંડિયો કાબરચીતરો, રંગબેરંગી કૂમતાવાળો જુદા-જુદા રંગે રંગાયેલો હોય છે. દાંડિયો પણ ઘેર નૃત્યનું આકર્ષક અંગ છે.

‘ઘેરનૃત્ય’ સામાન્ય રીતે દિવાળી અને દેવદિવાળીના મેળામાં જોવા મળે છે. પોતાની આગવી નૃત્યકલાથી મેળે મહાલતા માણીગરોને આનંદ આપે છે. દક્ષિણ ગુજરાતમાં દિવાળીના મેળા વલસાડ, નવસારી અને સુરત જિલ્લાના અનેક ધાર્મિક સ્થળોએ ભરાતા હોય છે. આ મેળાનું મનમોહક દશ્ય તે ‘ઘેરનૃત્ય’ છે. ગામડાંના લોકો આખા વર્ષ દરમ્યાન કાળી મજૂરી કરી થાકેલા હોવાથી દિવાળીના મેળાનો અને ઘેર નૃત્યનો આનંદ લૂંટવાની રાહ જોઈને બેઠા હોય છે. તેથી જ તો નૃત્યકારો મનમોહક અંગભંગીઓ વડે લોકોને જોઈતું મનોરંજન પૂરું પાડે છે. કવિયો આખી ‘ઘેરનો’ નેતા હોવાથી તેના ઈશારે, ઢોલકના તાલે, અને ગીતના લયે ઉત્સાહથી આખી ‘ઘેર’ પોરસાય! અનેક ઘણાં પાસાં પલટે છે. આ પાસાં કે અંગો કયાં તે હવે જોઈએ.

**o ‘ઘેરનૃત્ય’નાં મુખ્ય અંગો**

નૃત્યમાં દરેક અંગ કે પાસાની કોઈને કોઈ ખાસિયત હોય છે. આજ તો નૃત્યની આગવી ખૂબી છે. નૃત્યને સદા જીવંત અને આકર્ષક બનાવતા આ પાસાંઓ પણ અતિ સુંદર છે.

## ૦ મલ્લિમાતાના ચોકમાં 'ઘેર' બાંધવી/વધાવવી

નૃત્યની સઘળી તૈયારી થઈ ગયા પછી નૃત્યકારો જે તે તાલ શીખી લીધા પછી સારા દિવસે સારું મુહૂર્ત જોઈ જાણકાર વડીલ અને ભગત અથવા કવિયાની હાજરીમાં નકકી કરેલા ચોકમાં કે સ્થળે મલ્લિમાતાનું સ્થાપન કરી 'ઘેર' બાંધવામાં આવે છે. માતાજીની પૂજા અર્ચના કરી માતાના આશીર્વાદ લઈ ખેરાં થોડી રમણી રમે છે અને પોતાની રમણી પાર ઉતારે એવી શક્તિ ઉપાસના કરે છે. તમામ ખેરાં કવિયા કે ભગતે બાંધેલી જગ્યામાં સ્થાન મેળવી મેલી વિદ્યા ન અડે તે માટે આપેલા દાણા કે પોટલી સ્વીકારે છે. જેટલા દિવસ 'નૃત્ય' ચાલે તેટલા દિવસ તેને ખીસ્સામાં સાચવવાનું રહે છે. આવી એક માન્યતા છે કે માતાજી સૌનું રક્ષણ કરે.

કવિયાના કહેવાથી ગામની કે જે સ્થળે ઘરના આંગણામાં માતાનું સ્થાપન કર્યું છે. તે ઘરની પરણેલી સ્ત્રી બધાં જ ઘેરિયાના કપાળમાં ચાંદલો કરી ચોખા દૂધ, કંકુ, પાણી, ફૂલ વગેરેથી 'ઘેરને' વધાવે છે. ટૂંકમાં નૃત્યકારોનું સ્વાગત કરે છે. આંખમાં કાજળ પણ આંજે છે. જેના પાછળની માન્યતા કે ખેરાંને કોઈની નજર ન લાગે.

'ઘેર' વધાવતી સૌભાગ્યવતી બેનીના ભાવને વણી લેતાં ગીતો કવિયો ગવડાવે છે.

૧. કુંકને કાજળ કાલવ્યા રે બેની,
ઘેર વધાવવાને આવો રે...
પહેલા રે વધાવો ચાંદા-સૂર્યા રે બેની,
પછી વધારો મારી ઘેર રે...
વેગે રે બેની ઉતાવળા રે
મારે જાવું છે ગામોની બહાર રે...
શોધનતા-શોધનતા બેનીને સાંભર્યાં રે,
પડ્યા છે ગોખલા માંય જો.
ઘેર રે વધાવવા બેની નીસર્યાં રે

એને ગળે સોનાનો હાર રે...

ઘેર રે વધાવી બેની પાછા ફર્યા, રૂડા રાખ્યા છે.

મા-બાપના નામ રે...

અંખડ રહે રે બેની તારો ચુડલો રે,

તારો સુખી રહો ભરથાર રે...

ઘેર વધાવી બેની નીકળી જાય છે ત્યારે ખેરાં જે તે ઘર ધણિયાણીના ઘરને નેવે ઊભાં રહી ડાંડિયા નેવે મારતા મારતા નીચેના શબ્દો ગાય છે.

હરવા રો રે

મારવા રોટી

સાત પંજોટી

પંજોટી ઉપર છાજ રૂડા

ઘર ધણિયાણને જોબન જુડા.

રળી રગરીને

બાંધો રે ઘેર

નરાયા પરાયા અમે

આવશું પરાર. (પોર)

ધણિયાણીના ઘરમાંથી ભૂત-પ્રેત ઘરની બીમારી આદિને દૂર કરવાની એક આગવી માન્યતા આ શબ્દો પાછળની રહેલી છે.

'તાવ તર્યો જાજે દરિયા ખાજાણ...' જેવા શબ્દોથી ઘરની સુખશાંતિ અર્પે છે.

### ૨. ઘોડિયે ચઢાવવા

'ઘેર' આંગણાંમાં આવી ઊભે એટલે ઘર પરિવારનું મુખ્ય આકર્ષણ ઘોડિયે ચઢાવવું છે. બાળક નાનું હોય ત્યારે પિતાના ખભે બેસી ઘોડી-ઘોડી રમતું હોય છે. એવીજ પાણીદાર ઘોડીના વર્ણન વડે ઘેરિયા જે તે ઘરે રમવા જાય છે તે ઘરનાં નાનાં બાળકોના નામ લઈને ઘોડિયે ચઢાવીને રમતા જાય છે.

૧. ચેતન ભાઈ રે ઘોડિયે ચયડા,

ઘોડા રાખે બબ્બે જોડ...

ચેતન ભાઈ તો પાન ખાય,

એની ઘોડી ખાય ઘાસ...

પાન-સોપારી ખવડાવીને,

ઘોડિયે બેસાડી મોકલાવ્યા...

જેવી રે સોપારી ફાડે

તેવી રે ઘોડીનો લટકો...'

ઘોડી ઘાસ, પાન-સોપારી ખાયને તગડી બનીને દોડતી ગામે-ગામ જાય તેમ બાળક હરખાતું જાય એવો ભાવ સમાયેલો છે.

૧. ''ભગુ ભાઈ રે ઘોડિયે ચડયા,

ઘોડિયે બેઠાં ભીલો ભીલ...

ભગુભાઈની ઘોડી જાહે કાં,

જાહે રે સુરત શહેર.

ચલતીમાં કવિયો ગાય છે.''

૨. ''ભગુભાઈ તો ઘોડિયે બેઠાને,

નગરી જોવા ચાયલા જી રે....

નવા પરામાં કુંવારી કણબાણ,

પાણી ભરતા દીઠી જી રે...

ભગુભાઈ તારી સોળશે રાણીને,

કણબાણને શું કરશોજી રે...

સરેક...હમરેક.. મોરચા...''

કૃષ્ણનો સંદર્ભ ટાંકીને કણબાણના રૂપમાં રાધાનું દર્શન કરાવ્યું છે. આમેય કણબાણનું સૌંદર્ય મોહિત કરનારી નારી છે. તે વર્ણવાયું છે.

ઘેરિયા નાનાં-મોટાં બે કુંડાળાંમાં અંદર-બહાર ગોળાકારે ઊભા રહી કવિયો ગવડાવે તે પ્રમાણે ઊતરતાં ચડતાં સુરોમાં ગાતા જાય અને દાંડિયા ઠોકતા જાય છે જેમકે-

૩. કવિયો : હે ધના રે ભાઈ!

ખેરાં : ધોડિયે ચયડા

કવિયો : ધોડિયે ચયડા (ઝડપથી ચડતા સૂરે)

ખેરાં : ભીલા ભીલ!

કવિયો : હે રે ધના ર ભાઈ! (જુસ્સાથી)

ખેરાં : ધોડિયા !!

કવિયો : ધના ભાઈના મોટાં નામ,

જાહે રે ધનોરી ગામ.

ખેરાં : ધનાભાઈના મોટાં નામ... (રાગભેર ઝૂમતા સ્વરે)

આમ ઘેરિયાના થનગનાટે ઘર કુટુંબ તેમજ ફળિયાનું મહાજન પણ આનંદ લૂટતું આગલા ઘર તરફ ઘેરિયાની પાછળ-પાછળ પ્રયાણ કરે છે.

## ૩. પંબાડો ગવડાવવો :

'ઘેર' રમાડનાર વ્યક્તિ પોતાના આંગણામાં પંબાડા રમાડે છે. 'પંબાડા' માં મોટે ભાગે ધાર્મિક કથાઓ જોડાયેલી હોય છે. જેમાં ખાસ કરીને રામાયણ, મહાભારત કે પુરાણોમાંથી કથા લઈ આવી રમણી સાથે પંબાડા ગવાય છે. જેમકે 'જાલંનધર પંબાડો' જેમાં સૌ પ્રથમ સરસ્વતીને પોતાની જીભે વસી, ગણપતિનું સ્મરણ કરી જાલંનધરની કથા પંબાડામાં ગાય છે. પૂરા છ માસ સુધી ઈન્દ્રરાજા અને જાલંનધરના યુદ્ધની વાત આલેખીને ખેરાં રમણી રમે છે. અંતે ઈન્દ્ર કૃષ્ણ પાસે શીશ નમાવી સહાય માંગે અને કૃષ્ણ તેની વહારે આવે છતાં જાલંનધર ન હારતા અંતે શંકરની સહાય માંગે એવી કથા પંબાડા વડે ખેરાં ગાઈ અને નાચે (નૃત્ય કરે) છે.

નાળાખ્યાનમાંથી પણ પંબાડો ગાવામાં આવે છે. જેમાં નળરાજાની કથા આલેખાયી છે. જેમકે -

''સત યુગના વારામાં જે નળરાજા તો કહેવાય જો
વીરસેન ગાદીનો ધણી નળરાજાની સૈન્ય ધણી
સૂરસેન વીરસેન બંને ભાઈ બંને ભાઈને એક એક તન
રૂપે ફૂટડા જેવા કાન નળને પુષ્કર છે બે નામ...''

આમ આખી કથા ગાતા-ગાતા ઘેરિયા લોકોનું મનોરંજન કરાવી કથાને અનુરૂપ બોધપાઠ પણ આડકતરી રીતે આપે છે. આ ઉપરાંત હનુમાનના જન્મની કથા પણ પંબાડામાં ગવાય છે. કંસરાજાની કથા પણ આવા પંબાડામાં જ ગવાય છે.

કવિયો ઘરધણી તથા ઘરના આંગણા પ્રમાણે પોતાની 'ઘેર' રમાડે છે. આંગણું સારું રમી શકાય એવું હોય અને ઘરધણી પણ વડતરરૂપ સારું આપે તો કવિયો લાલચે-લાલચે લહેરિયું તથા 'ઝરિયું' આદિ ગવડાવીને 'ઘેર'ને વધારે વખત રમાડીને ગામ લોકોનું મનોરંજન કરે છે.

## ૪. તાર મારવો

'મારા કયા ભાઈની ઘેર રે.
રુમઝુમતી આવી.
મારા રાજુભાઈની ઘેર રે.
રુમઝુમતી આવી'

આમ રુમઝુમતી જતી ઘેર કોઈ જાણીતા ઘરે પહોંચે છે જયાં કોઈનું મરણ થયું હોવાથી એ ઘરે રમી ન શકે પરંતુ પોતાના ઘરઆંગણે આવેલી ઘેર માતાના આશીર્વાદથી વંચિત રાખે તે કેમ પાલવે? તેથી તે ઘરે આવી પળોમાં મરનારની યાદમાં એનાં ગુણગાન ગવાતાં હોય છે તેમજ વ્યથાના, વિરકતતાના ભાવો ગૂંથાતા જાય છે. કુટુંબીજનો ઉપરાંત શ્રોતાઓનાં હૈયાં હચમચાવીને આંખો વહેતી કરી મૂકે એવી તાકાત રહેલી છે. જેના શબ્દો છે-

**૧. કવિયો :**

સાગવાળાને વરાપે આવ્યા વણડાવીધા

પાન રે ભાઈ, વણડા વીધા પાન

રામુભાઈએ સાક પધાર્યા,

વેલ ચીતરા વાઘ રે....(૨)

આમલી-થાંમલી કંઈ નદીએ,

બાયધા ઘર રે....(૨)

સરેક... હમરેક.... મોરચાં....

ખેરાં :

ભાઈ તારી કોણ મરાવે તાર,

ભાઈ તારી કોણ મરાવે તાર.

ભાઈ તારી માડી મરાવે તાર... ભાઈ...

જીવડો આકુળ-વ્યાકુળ થાય,

જીવડો આકુળ....

સામે કાંટાની છે વાડ જીવડો કેમ ઉતરશે પાર,

જીવડો સરેકી (સ્વર્ગ)

જીવડો સરેકમાં ખોવાય.

૨. ભાઈ તારી કોણ મરાવે તાર...

ભાઈ તારે ભાઈ મરાવે તાર...

જીવડો જાતા ન જોયો,

જીવડો આવતા ન જોયો...

જીવડો ઊંચે જુએ નિરાધાર,

નીચે જીવડાની માતા રુએ...

જમરા બેઠાં ઝાંપા બાર,

જીવડો કેમે ઉતરશે પાર.

સામે કાંટાળી છે વાડ,

જીવડો કેમ કરી ઉતરશે પાર.

ભાઈ તારા ગળે સોનાનો હાર

ભાઈ તારો હવે ન લાગે પાર.

એ રીતે મૃત્યુ માર્ગની કાંટાળી કેડીનું વર્ણન કરી સ્વર્ગસ્થનાં ગુણગાનને વર્ણવી સ્વસ્થા પ્રાપ્ત કરી 'ઘેર' આગળ ચાલે છે.

'તાર મારવો' પાસામાં કવિયા દ્વારા ગવાતાં ગીતોમાં આ જાતિની સંસ્કૃતિનાં દર્શન થાય છે. પ્રકૃતિના ખોળે ઉગતી વેલ-પાનને આ ગીતમાં ગૂંથીને તેમજ સાગનાં લાકડાંમાંથી બનેલા ઘરનું તેમજ નાના બાળકના મૃત્યુ પછી કરાતી વિધિને સાંકળી લીધી છે. નાનું બાળક મૃત્યુ પામે તો તે બાળકનું 'બાવલું' બનાવીને વિધિ કરાય છે. ઘાસમાંથી શરીર, દૂધીના તૂમડાંમાંથી માથું અને ગીતમાં ગવાતા 'વેલચીતરા'ના વેલમાંથી આંતરડા આદિ બનાવી તેની ક્રિયા કરાતી તેનું હૂબહુ ઉલ્લેખ તાર મારતી વખતે કરાયો છે. આજ તો છે આદિજાતિની સંસ્કૃતિ. ઘરમાં બળદ મૃત્યુ પામ્યો હોય તો તેની પણ તાર મારવામાં આવે છે. જેમકે કાળો બળદ, રાતો, લીલવો આદિ.

**૫. ગરબો રમાડવો :**

સામાન્ય રીતે 'ઘેર' નવરાત્રિ કે દિવાળીમાં બાંધે છે. માતાના અગ્રસ્થાને 'ઘેર' રમતી હોવાથી એમાં માતાજીના ગરબા અનિવાર્ય અંગ બની રહે છે. આ પાછળનો મુખ્ય આશય માતાજીને પ્રસન્ન કરી આશીર્વાદ પ્રાપ્ત કરવાનો છે.

મેળામાં માતાજીના પ્રાંગણમાં પવાડા કે ગરબા ગવાતા આ ઉપરાંત નવરાશના સમયમાં 'દાપુ' માંગવાના અર્થે કોઈ ગામ કે સગાં સંબંધીના ઘરે રમવા ગયા હોય ત્યારે સગા પાસેથી વધારે 'દાપુ' મેળવવા ગરબા કે પવાડાની રમણીઓ રમવામાં આવે છે. જેમાં

માતાજીના કે ભાઈ-બહેનના હેતના તથા ધાર્મિક કથાઓ આધારિત ગરબાઓ પણ રમાડવામાં આવે છે. જેમકે... 'ભાઈ બહેનના હેતનો ગરબો'

સાખી : ભાઈ મરે ભવ હારીએ, બહેન મરે દિશ જાય
બચપણમાં જેના માવતર મરે, સૌ દિશના વા વાય

એ.... ભાઈને બહેનનાં હેતની સાંભળજો આ વાત
બચપણમાં ગુજરી ગયા એના માને બાપ
આઠ વર્ષની બાળકીને પાંચ વર્ષનો બાળ
બચપણમાં દુઃખ આવીયું કોઈ ન લે સંભાળ

ચાલતી : ચાલ્યા ભાઈ-બહેન મોસાળ, મામી દુઃખ દે અપાર
ખૂણે રોતા નાના બાળ....રે..રે.. માડીના જાયા
બહેનની મેણાં મારે ભાંગેવા રે...''

આમ ઉપરોક્ત ગરબામાં માતા-પિતાના મૃત્યુ પછી નિરાધાર બનેલ ભાઈ-બહેન મોસાળ જાય છે. ત્યાં મામી ખૂબ દુઃખ આપે છે. જેમ તેમ કરી ભાઈ-બેન મોટા થયા છે. બહેનને પરણાવી ભાઈ પરદેશ જાય છે. વર્ષો વીતતા બહેનને સખીઓ મેણાં મારે છે. ત્યાં બહેન વીરાને વીનવે છે અને બહેનના મેણાં ભાંગવા સાદ કરે છે. બહેનનો કાગળ મળતાં ભાઈ કાગળ વાંચી કરજે રૂપિયા લઈને બહેન માટે કપડાં-અલંકારોની જોડ લઈ અને ભાણેજ માટે મિઠાઈના પડીકાં લઈને બેનીના દેશ આવવા નીકળે છે. બીજી તરફ બહેન હાથમાં અમર રાખડી લઈને પાદરમાં આવે છે. ભાઈ આવતો ન દેખાતા વડના ઝાડ ઉપર ચડી દૂર સુધી નિહાળે છે. ત્યાં વડની બખોલમાંથી નાગ નીકળી ડંખ મારે છે અને બેન મૃત્યુ પામે છે. બીજી બાજુ ભાઈ આવે છે. પણ બેનના માથા સમાચાર સાંભળી દુઃખી બને છે. અને બિચારા ભાણેજની સાર-સંભાળ રાખી સકતો નથી. અને ભગવાન ભરોસે નાના બાળને મૂકી દે છે. ત્યારે બળતા બળતા પણ બેન જાણે બીજા ભવમાં પણ એજ વીરની માંગણી કરે છે. તો ભાઈ પણ બેન તરફના હેતને પામવા બીજા જન્મમાં પણ એજ બેન ઈચ્છે છે.

આવા ભાઈ-બહેનના હેતને આલેખતો ગરબો રમાડી જોનારાના જીવ તાળવે ચોંટાડી દે છે.

આ ઉપરાંત રામાયણ, મહાભારત જેવા પ્રસંગો આધારિત પણ કેટલાક દીર્ઘ ગરબાઓ ગવાતા જોવા મળે છે. જેમાં ખાસ કરીને 'પાંચ પાંડવ'નો ગરબો, 'અભિમન્યુ'નો ગરબો આદિ વધારે રસીક ભાવે ગવાતા જોવા મળ્યાં છે.

**o રમણીના પ્રકારો**

**o રાસ**

રાસ મોટાભાગે ગોળાકારે અથવા તો બે રાઉન્ડમાં રમાતા હોય છે. અંદર-બહાર થતા ઘેરિયાની રમણી જોવી ગમે છે. જેમકે-

'ફૂલ તો ફૂઈટાં ગલગોટા ગુલાબ રે,
ફૂલ કોઈ વીણો ન મારા ભાઈ....
એ ફૂલ કઈ માતાને ચડે રે ફૂલ કોઈ....
વીણો ન મારા ભાઈ...
એ ફૂલ અંબા-ભવાની માતાને ચડે રે
ફૂલ કોઈ વીણો ન મારા ભાઈ...'

આમ દેવ-દેવીના નામ લેતા રાસ રમતા જાય.

**o તાર**

તાર નાની અને મોટી એમ બે રીતે મારવામાં આવે છે. નાની તારમાં બે ભિલ્લુ છોડી ત્રીજા ભિલ્લે દાંડિયો ઠોકી રમવામાં આવે છે. જ્યારે મોટી તારમાં ચાર ભિલ્લા છોડી પાંચમાં ભિલ્લે દાંડિયો રમવામાં આવે છે. આગળ જણાવ્યું છે તેમ નાના બાળક કે પશુની તાર નાની હોય છે. જ્યારે મોટા વડીલની તાર મોટી હોય છે. જેને એમના શબ્દોમાં 'ખૂણો ભાંજવો' પણ કહે છે.

**o ઊભલી**

આ રમણીમાં ઘેરિયા ઊભાં રહી એકજ સ્થાન ઉપરથી રમે છે. એક લાઈન અંદર

અને બીજી લાઈન બહાર કરી એકબીજા સાથે દાંડિયા ઠોકી રમણી રમે છે. આ રમણી ધીમી રમણી છે. એમાં વધારે જોશ દેખાતો નથી. જેમકે-

'વડલા તારી પ્રીતડી રે કંઈ નવસોટાની ડાળ,

ડાળે ડાળે તો દીવા બળે હું કોને લાગું પાય.

સઘળા દેવોમાં કોણ રમે હું તેને લાગું પાય,

સઘળા દેવોમાં અંબામા હું તેને લાગું પાય.

હું કેમ આવું સહિયર એકલી રે.

મારા ખોળે છે નાના બાળ.

બારણે સુવડાવો સોના પારણે રે મારે ગરબે રમવા આવ.'

**૦ તળાકિયું**

આ રમણીમાં બે ગોળાકારે ઊભા રહી વચ્ચેના એક ભિલ્લુંને છોડીને ત્રીજા ભિલ્લુ સાથે રમવાનું હોય છે. જેમકે-

'વા વાયાને વાદળ ઉમટિયા

ગોકુળમાં નાચ્યા મોર રમવા આવોને

સુંદરવર શામળિયા.'

**૦ ધામણ મૂડો**

આ પણ એક પ્રકારની રમણી છે. આ રમણી થોડી ઝડપથી રમી શકાય છે. આ રમણીમાં ત્રણ દાંડિયા નીચે અને ત્રણ દાંડિયા ઉપર ભિલ્લુના દાંડિયા સાથે રમવાના હોય છે. આ રમણી પણ બે ગોળાકારે જ રમી શકાય છે જેમકે-

'રમણા રમજો રે મારે ઢોલને ઢમકારે...

રમણા રમજો રે મારી કઈ માતા આવે,

રમણા રમજો રે મારી ભવાની માતા આવે.'

## ૦ બેડ ચઢાવવી

ઘેરિયા નૃત્યમાં આ રમણી કવિયાની કસોટીરૂપ ગણવામાં આવે છે. ચબરાક કવિયો પોતાની 'ઘેર'માં નજર રાખી બેડ ચઢાવે છે. ખેરાં એકમેકના ખભે ચઢી રમણી રમતા હોવાથી ધીમી ચાલનાં ગીતોથી રમણીની શરૂઆત થાય છે અને રમનારા ખેરાં સહી સલામત રમણી રમીને ઉતરી ન જાય ત્યાં સુધી કવિયાની જવાબદારી રહી છે. બેડ ચઢનારા ખેરાં પણ પોતાની સમતુલા જાળવી ઘેરમાં રંગ લાવે છે. આ રમણી રમતી વખતે જાણે ગાળાકારે ખેરાં હીંચ લેતી વખતે જાણે કઠપૂતળીના ખેલ ખેલતાં હોય એવું દશ્ય ખડું થાય છે.

## ૦ પોલીસપાટી

આ રમણી રમતી વખતે સામ-સામે બે લાઈનમાં ખેરાં ગોઠવાય જઈ ભિલ્લુ સાથે બે દાંડિયા મારી સામેની લાઈનમાં ક્રોસ થઈ જાય છે. ટૂંકમાં લાઈન બદલાઈ જાય છે. જેથી પોલીસ પાટી એવું નામ આપ્યું હશે જેમકે-

'ખેલ-ખેલ રે ભવાની મા,
જય જય અંબે મા.'

## ૦ ફરતી તાર

આ તાર મારતી વખતે ઝડપથી ભિલ્લાં અદલા-બદલી થઈ અંદર-બહાર ગોળાકારે ફરતા રમણી રમે છે. મોટેભાગે નાની તાર વખતે આ રમણી રમવામાં આવે છે.

## ૦ મેળામાં જતી વખતે રમાતી રમણી

'ઘેર' જયારે મેળામાં રમવા જાય છે ત્યારે ચાલતી ચાલે તેમજ કયાંક પાછળ રહી જતાં ઘેરિયાને દોડતી ચાલે, માતાજીના પવાડા ગાતા-ગાતા રમતા ચાલે છે જેમકે-

૧. 'સરસ્વતી માતા તુજને વિનવું
ગણપતિ લાગું પાય રામા,
રામે કાગળ લખી મોકલ્યા,
હનુમાનજી વહેલા આવો રામા,

ત્યાંથી હનુમાન ઉપડયા ને,

આવ્યા રામની પાસ રામા,

શું રે કારણ અમને બોલાવ્યા,

શું અમારું કામ રામા.

લંકાગઢનો રાવણ રાજા

હરિ ગયો સીતામાત રામા,

તે રે કારણ બોલાવ્યા,

તે છે તમારું કામ રામા.'

૨. 'ઝીણી વાગે વાંસળી રે

મારી રમતી આવે ઘેર,

સામા આવજો રે મારા

હનુમાન બાપુ રમતી આવે ઘેર'

આમ જુદા જુદા પવાડા રે ગરબા કે કટાકિયા ગાતા ગાતા અને ચલતી ચાલે રમતા-રમતા ઘેરિયા જાય છે.

**૦ નદી ઉતરતી વખતે (જળદેવતાની રમણી)**

'એક જળ દેવીની મારો માર

જીવતા રાખે જગોપાર (યુગોયુગ)

હાં ભાઈ જળદેવતી તો જળમાં રહે.

પાણીમાં બૂબાડા (પરપોટા) મારે.'

આમ તાર માર્યા પછી ઘેરિયા નદી કિનારે રમણી રમે છે. રમણી પાછળ પણ કેટલીક દંતકથા રહેલી છે કહેવાય છે કે નદીમાના દેવને જો ખુશ ન કરવામાં આવે, એની રમણી ન રમવામાં આવે તો નદીમાતા કોપાયમાન થઈ 'ઘેર'ને નુકશાન કરે છે. આ માટે બે ત્રણ સ્થળોની દંતકથા આજે પણ લોકો કહે છે. મહુવા તાલુકાના વહેવલ ગામમાં અંબિકા નદી ઉપર આવેલા એક ઓવારાને 'ઘેરિયા ઓવારો' તરીકે ઓળખાવે છે. જ્યાં કાળીચૌદશના

દિવસે 'ઘેર' ડૂબી ગઈની દંતકથા છે. બીજી કથા ચીખલી તાલુકાના ખાંભડા ગામમાં કાવેરી નદીના ઓવારા પર 'ઘેર' ડૂબ્યાની દંતકથા છે તો ત્રીજી દંતકથા ચીખલી તાલુકાના પોકડાં ગામની સરકારી ચરણમાં ધરામાં 'ઘેર' ડૂબી ગયાની દંતકથા છે. કહેવાય છે કે વાર-વહેવારે ખાસ કરીને અમાસના દિવસે દિવાળીના તહેવારોમાં 'ઘેર' રમતી સંભળાઈ છે એવું માનવામાં આવે છે.

'ઘેર' ડૂબવાનાં કારણો પાછળ પણ કેટલીક દંતકથાઓ છે. કયારેક જળદેવી ઘેરિયાની કસોટી કરે છે. એમાં ઘેરિયા પાર ઉતરે તો ખુશ થઈ આશિર્વચન આપે છે. પરંતુ કયારેક સોનાની સાંકળ (ચેન) બતાવી તેના મોહમાં ઘેરિયા જળદેવીની સ્મૃતિ ન કરતા મોહમાં ને મોહમાં ચેન લેવા ઉતરે અને ઘેર ડૂબી જાય એવી પણ કથા છે.

## ૬. કવિયાની પીંજણ

આમ તો ઘેરિયા પોતાની મસ્તી અને નિજાનંદ ખાતર જ 'ઘેર' બાંધે છે. નાચી-ગાયને આનંદ માણે છે. કદાચ બદલામાં મોટી આશા ભલે ન હોય તો પણ ધણિયાણીના આંગણેથી કશુંક દાપુ મળે એવી અવશ્ય ભાવના રહેલી છે. ઘેરિયાની પ્રશંસા રૂપે ફૂલ નહીં તો ફૂલની પાંખડીની અપેક્ષા જરૂર હોય છે. તેથી જ તો કવિયો ગાય છે-

'આખી પીંજણ ભાઈ ઘેરિયાની હો,
સરકારી કવિયો માંગે પીંજણ ભાઈ...
કવિયાની માડી તું ખરી કવે (કહે)
કવિયાની દશ રૂપિયા રીત રે ભાઈ...
ના હોય તો ઓછી-પાછીના રે કરો ભાઈ,
કવિયાની પીંજણ પૂરી કરો...
વહાણો આવે તે કેમરે જાણાઈ ભાઈ,
નવખંડમાં વગડાવવા ઢોલ ભાઈ...
વાણિયાપાણું કેમરે જાણાઈ ભાઈ,
બંદૂક-તલવાર ધડાધડી ભાઈ...

દિવાળીના મેળામાં ગયેલા ઘેરિયા માતાજીના મંદિરે રમ્યા પછી છેલ્લે વળતી વખતે મેળામાં આવેલા દુકાનદારોની દુકાને 'ઘેર' રમી એમની પાસેથી પણ દાપુ ઉઘરાવે છે. કયાંક ખાણીપીણી દુકાનદાર કરાવે તો કયાંક જે તે વેચવાની સામગ્રી દાપુમાં અપાય છે તે વખતે પણ કવિયો કેવું ગાય-

'લશ્કર વાળાય ને તોળાય રે,

લશ્કર વાળાયને તોળાય.

કિલ્લે જોવાના જુગ જાય રે,

કિલ્લે જોવાના....

ભજીયાવાળા તારા ભજીયા વેચાઈ જાય રે,

કિલ્લે જોવાનું જુગ જાય.

રસવાળા તારો રસ વેચાઈ જાય રે,

કિલ્લે જોવાના જુગ જાય.'

આમ કરીને દુકાનદારો પાસેથી બદલામાં દાપુ માંગે છે. મોટેભાગે આ રીતે મળેલો ફંડ ગામના કામ માટે વપરાતો હોય છે. ગામની સવલતો વાસણ-કૂસણ, વાંજિત્ર, મંડપ આદિ સામગ્રીઓ માટે આ પૈસા વપરાતા હોય છે.

## ૭. 'ઘેરની' પૂર્ણાહુતિ

દિવાળી-દેવદિવાળીનો ઉત્સવ પૂરો થતાં 'ઘેર'ને છોડી નાંખવામાં આવે છે. કયારેક ઘેરિયા પાસે સમય હોય તો થોડા દિવસ એકબીજાના ગામે રમવા માટે જાય છે. પહેલાંના સમયમાં ખરેખર આ લોકનૃત્યની ખાસ્સી માંગ રહેતી. વાહન વ્યવહારની ઓછી સગવડને કારણે એક ગામથી બીજે ગામ જનારી ઘેરમંડળી રાત્રિરોકાણ પણ કરતી ગામના ઓળખીતા મોભીના ઘરે રોકાતી અને જમી કરીને ગામના લોકોને આનંદ આપતી. જો કે હવે આવો કોઈ સમય મળતો ન હોવાથી માતાજીના મંદિરે નૃત્ય કર્યા પછી તેજ સાંજે 'ઘેર' છોડી નાંખવામાં આવે છે.

સાંજના સમયે ઘેરિયા રમતા-ગાતા પાછા પોતાના સ્થાનકે આવે છે ત્યારે કવિયો ગાય છે-

'મલ્લિમાતા દેરા ચઢી જુએ રે,
હજુ ના આવ્યા મારા ઘેરિયા.
મલ્લિમાતાના સત મે તો જાણ્યા રે,
વાળીને લાવજો ઘેરિયા.'

આમ ગાતા-ગાતા આવી પહોંચે જ્યાં ઘેરિયા રમવાનું સ્થાનક બનાવ્યુ છે ત્યાં દૂરથી ઘેરના દાંડિયા સાંભળતા જ માતાના સ્થાનકે અખંડ દીવો થાય છે. અને ખેરાં દોડતા ગોળાકારે ગોઠવાય જાય છે અને ગાય છે 'મલ્લિકામાતાનો મારો તાર, આવી મારી ઘેર.'

આવી થોડી રમાણી રમ્યા બાદ પરણેલી સ્ત્રી પોતાની 'ઘેર' હસીખુશીથી સાજીનરવી માતાના આશીર્વાદથી રમીને હેમ-ખેમ પાછી વળી છે. તેનો આદરસત્કાર 'ઘેરવધાવી' ને કરે છે અને પછી અંતે છેલ્લે આ ગીત ગાય 'ઘેર' છૂટી પડે છે.

'માતા તારા ઊંચા કોઠા નીચા ધામ,
દીવડો ઝાંખો બળે રે લોલ...
દીવડો ઝાંખો બળે ને તેલ પૂરો,
દીવડો ધીમો બળ રે લોલ...
આજ મારી મલ્લિ માતાના દેરે રે,
દીવડો ધીમો બળે રે લોલ...'

અંતે બધાં જ ખેરાં, કવિયો અને સાથે ગયેલા તમામ મંડળીના સભ્યો માતાનાં દર્શન કરી કવિયાએ આપેલી ચોખાની પોટલી કે 'રક્ષા પોટલી' માતાની સામે મૂકી સાથેની પાઘડી સહિત રમવાની બધી સામગ્રી મૂકી દે છે. પછી તરત પાછી સામગ્રી ઉપાડી મંદિરના સ્થાનકે ડાંડિયા આદિ મૂકી દેવામાં આવે છે અને માતાજી ને વિનંતી કરે છે કે સારાનરવા રાખશો તો આવતી દિવાળીએ ફરી પાછી 'ઘેર' બાંધીશું અને રમીશું એવું વચન આપી દરેક જાણ છૂટાં પડી હસી-ખુશી પોતપોતાના ઘરે ચાલ્યાં જાય છે.

## ૮.૩.૩ રુમાલી નૃત્ય

દક્ષિણ ગુજરાતમાં બહુ ઓછું પ્રસિદ્ધિ પામેલું એવું આ નૃત્ય છે. આ પણ એક પ્રકારનો ધાર્મિક ઉત્સવ જ છે. આ ઉત્સવ કારતક સુદ અગિયારસના દિવસે રાખવામાં આવે છે. આ દિવસને 'દેવ ઊઠી અગિયારસ' પણ કહેવાય છે. સંસ્કૃતિની પરંપરા અનુસાર અમુક સમય દેવ-દેવી પોઢી ગયા હોય છે તેમને જાગવાનો દિવસ એટલે 'દેવ ઊઠી અગિયારસ' આ દિવસે લોકો પોતપોતાના માનીતા દેવ-દેવીને શ્રીફળ વધેરી કે ધાર્મિક પૂજન આદિ કરીને દેવને જગાડે છે.

'દેવ ઊઠી અગિયારશ' પછી જ આ જાતિના લોકો માનતા આદિ પૂર્ણ કરે છે.

### ૦ 'રુમાલી' નૃત્યનું મહત્ત્વ

'રુમાલી' એટલે 'સળીરમવી' અથવા 'હરખી રમવી'. આનંદમાં આવી માતાજીના મંદિરે ઢોલ-નગારા, ગીતો સાથે નૃત્યનો આનંદ માણવા આ પ્રકારનું નૃત્ય કરાય છે. રુમાલી નૃત્ય બે થી ચાર પ્રકારે રમી શકાય છે. આ નૃત્યમાં 'તૂર-થાળી' નું વાંજિત્ર મુખ્ય છે.

૧. ઉમંગની સાથે ચમત્કાર બતાવવા માટે

૨. ભગત માતાજીની શક્તિનો પરચો બતાવવા માટે પણ આ નૃત્ય રમાડે છે.

૩. સુ:ખદુ:ખમાં આવી પડેલી યાતનાને દૂર કરવા માનતા માનીને માનતાના ઈચ્છિત ફળ મળતાં હરખે રુમાલી રમાડાય છે.

૪. નિ:સંતાન દંપતીની ઈચ્છાપૂર્ણ થતાં આ નૃત્ય કરાવાય છે.

દક્ષિણ ગુજરાતના આદિવાસીઓમાં આજે પણ અશ્રધ્યેય પરંપરાઓ અવિરતપણે ચાલે છે. ભગત ભુવા, મંત્ર-કામણ-ટૂમણ, બાધા-આખડીની શ્રદ્ધાથી માતાજીના સાંનિધ્યમાં આવાં ઉત્સવો-નૃત્યો કરાતાં જોવા મળ્યાં છે. 'રુમાલી નૃત્ય' આનંદ અને ચમત્કારનું નૃત્ય છે. કોઈપણ માતાની ઉપસ્થિતિમાં આ નૃત્ય રમાય છે. જેવી કે અંબામા, ભવાનીમા, દશામા, હરખી મા, મરકીમા, ગોહમાઈમા, દેવલીમા આદિના સાંનિધ્યમાં રમે છે. આ ઉત્સવમાં 'ભગત'નું પાત્ર અતિ આગવું સ્થાન ધરાવે છે. આ ઉપરાંત નૃત્ય કરનારાં અન્ય

પાત્રો પણ આકર્ષણના કેન્દ્ર બને છે. આ ઉત્સવ ઉજવતી વખતે અનેક પ્રકારની વિધિઓ કરાવવામાં આવે છે. જેવી કે-

**o દેવને જગાડવું**

'દેવ ઊઠી અગિયારશ'ના દિને સાંજે મંદિરના પટાંગણમાં સર્વે ભગતો અથવા તો ધાર્મિક શ્રદ્ધાળુઓ ભેગાં મળીને દેવ-દેવીને જગાડવાનું ધાર્મિક કાર્ય કરે છે. પ્રથમ દેવોને પટાંગણમાં નોતરું દેવાય છે. કહેવાય છે કે સૃષ્ટિમાં તેત્રીસ કરોડ દેવતાઓ વસેલા છે. આવા દેવતાઓને 'તૂર-થાળી'ના તાલે નાચ-ગાનથી દેવોને પધારવાનું ઈજન અપાય છે.

**o રથયાત્રા**

આ વિધિમાં કોઈ દેવ-દેવીને રથમાં બેસાડી યાત્રા કરાતી નથી પરંતુ ગામની કુંવારિકા અને પરણેલી સ્ત્રીઓ માતાજીની મૂર્તિ કે છબીને થાળીમાં કે માથા ઉપર મૂકીને સ્થાપનની જગ્યા સુધી લઈ જાય છે. આ વિધિ વખતે પણ નૃત્યકારો નાચ-ગાન કરતાં માતાજીની છબીને વધાવે છે.

**o માતાનું સ્થાપન**

આદિવાસીઓનું આંગણું ચોકથી શોભતું હોવાથી ચોકમાં માતાનું સ્થાપન કરાય છે. લીપી-ગૂંપીને ઓકરીએ મઢેલ ચોકમાં 'ભગત'ના હાથે માતાની છબીનું સ્થાપન કરાય છે. ભગત પોતાને આવડતા મંત્રો થકી માતાનું સ્થાપન કરે છે. માતાની મૂર્તિને કંકુ, અબીલના ચાંદલા કરી ચોખા વધાવી ફૂલતોરાથી શણગારાય છે. માતાની બાજુમાં સંસ્કૃતિનું પ્રતીક સમું 'સગડીબેડું' મૂકવામાં આવે છે. જેમાં દીવો મૂકવામાં આવે છે, તેની બાજુમાં પૂજાપાની થાળી મૂકવામાં આવે છે જેને 'અક્ષાણું' તરીકે આ જાતિના લોકો ઓળખાવે છે.

**o દીપ પ્રાગટ્ય**

શુકનવંતા કાર્યમાં અગ્નિનું સ્થાન ખૂબ મહત્ત્વનું છે. કોઈપણ કાર્ય આપણે દીપ પ્રગટાવીને કરીએ છીએ તેમ નૃત્ય કરતાં પહેલાં ભગત પોતાના હાથે માતાજીનો 'અખંડ દીપ' પ્રગટાવે છે. આ દીપ 'રુમાલી નૃત્ય' પૂર્ણ થાય ત્યાં સુધી અખંડ પ્રજ્વાળવામાં આવે છે.

### ૦ મંડપ ભરવું

ઉત્સવ દરમ્યાન મેલી વિદ્યા પ્રવેશી ન જાય તે માટે ભગત પોતાના તાંત્રિક મંત્ર-ટૂમાણથી જે સ્થળે આ ઉત્સવ રમાય છે તે સ્થળની અમુક અંતરની જગ્યાને મંત્ર થકી બાંધી આપે છે. જેને 'મંડળ ભરવું' કહે છે. ભગત મંત્ર બોલતો-બોલતો પાણી, કંકુ, ચોખા, ફુલ, ધૂપ આદિથી જગ્યાને પવિત્ર કરે છે. જેથી નૃત્ય કરનારા નૃત્યકારોને કોઈ મુશ્કેલી ન પડે. મંડળ ભરવા પાછળનો હેતુ એ છે કે ભગત જે ચમત્કાર કરે છે તે ચમત્કારમાં વિઘ્ન ન આવે તે માટે પ્રથમથી જ એની કાળજી રાખવામાં આવે છે. રુમાલી રમનારા ખેલૈયાઓ મંડળની જગ્યામાં જ બેસે છે.

### ૦ રુમાલી રમવી

ચીખલી તાલુકાના બોડવાંક ગામના બણભાવાડ ફળિયામાં આવેલા અંબામાતાના મંદિરનાં પટાંગણમાં રૂમશીભગત દર વર્ષે 'દેવઊઠી અગિયારશ'ની સાંજે આ પ્રકારની રુમાલી રમાડે છે. 'તૂર-થાળી'ના તાલે દૂર-દૂરથી શ્રોતાગણો અને અવનવા ખેલૈયાઓ આવી પહોંચે છે.

આ ઉત્સવ આમ તો 'સત્'નો ઉત્સવ ગણાય છે. પરંતુ બધા જ ખેલૈયાઓમાં આવું સત્ હોતું નથી. ખેલૈયાઓ પોતપોતાની કરતૂત બતાવે છે. ખેલનારા બધા જ ભગતો હોતા નથી, પરંતુ પોતાની આગવી નૃત્યકલાથી લોકોને આકર્ષે છે. માતાની ઊંડી શ્રદ્ધા અને લગનીથી ખેલનારા જુદા જુદા ચમત્કારો કરતા હોય એમ નૃત્યના જુદા-જુદા ખેલો બતાવે છે. ભગતનું પારખું આ ઉત્સવમાં અચૂક આકર્ષણનું કેન્દ્ર બને છે. જો કે આ બધું શ્રદ્ધાને કારણે જ.

### ૦ રુમાલી નૃત્યના ચમત્કારો

આ નૃત્યમાં આવનારા ખેલૈયાઓમાં કોણ વધારે ચઢિયાતું છે તેની માપણી એમની કલાકૌશલતા ઉપર આધારિત છે. આ નૃત્યમાં મોટેભાગે માતાજીનું ધૂણું (હાજરી આવવી) આવે છે. માતાના પ્રવેશથી નૃત્યકારો અવનવા ખેલો ખેલે છે આવા કેટલાક ચમત્કારો નીચે પ્રમાણે છે.

### ૦ અગ્નિમાં ચાલવું

ભગતે મંત્રેલા ચોખા પ્રેક્ષકોમાં ફેરવી નાચનારા યુવાનોને આપવામાં આવે છે. જે યુવાનમાં માતા પ્રવેશે તે યુવાન નૃત્ય કરતો માતાના સ્થાનકમાં આવી અવનવા ખેલો બતાવે છે. જ્યાં અગ્નિ પ્રકટાવવામાં આવી હોય ત્યાં પણ તે નૃત્ય કરે છે. અગ્નિમાં ચાલવું, અગ્નિ હાથમાં લેવી, અગ્નિમાં આળોટવું, અગ્નિને માથે મૂકવી, કોલસો બંડીમાં ભરી નાચવું સળગતો કોલસો ચાવી જવો કે મોઢામાં રાખવો આદિ અનેક ચમત્કારો ખેલૈયા બતાવે છે. કહેવાય છે કે ભગતના મંત્રથી નૃત્યકારાને ઊની આંચ પણ આવતી નથી.

### ૦ સળીથી રમવું

આ નૃત્યમાં સ્ત્રી-પુરુષ બંને રમી શકે છે. 'તૂર-થાળી'ના તાલે આ નૃત્ય થાય છે. સ્ત્રી ફક્ત નૃત્યના ચાળા રમે છે. જ્યારે પુરુષો આવા અવનવા ચમત્કારો સર્જે છે. સળીથી રમવું એ પણ એક  પ્રકારનો ચમત્કાર છે. વડની વડવાઈઓ વડે ખેલૈયાઓ એકબીજા ને સળી વડે મારીને રમે છે.

આ નૃત્યમાં ખાસ પ્રકારનો પહેરવેશ હોતો નથી. શર્ટ-પેન્ટ કે કુર્તા-ધોતીમાં શોભતા નૃત્યકારો સળી રમતી વખતે પોતાનાં ઉપવસ્ત્રો દૂર કરીને સળીથી રમે છે. વાંજિત્રના તાલની સાથે સળીનો તાલ મેળવી નૃત્ય કરે છે. છતાં નૃત્યકારોને કોઈ નુકશાન થતું નથી. આ બધું પણ માતાના પ્રતાપથી જ થાય છે એવું માનવામાં આવે છે.

### ૦ સાંકળથી રમવું

આ પ્રકારની રમણી કે ચમત્કાર મોટેભાગે ભગત હોય તેજ રમી બતાવે છે. પોતાના ખુલ્લા શરીરે સાંકળીનો ફટકો લગાવી નૃત્ય કરે છે. કહેવાય છે કે જાણકાર ભગત જ આ પ્રકારનું સાંકળથી ચમત્કાર કરે છે. કયારેક ભગત કાચો હોય તો સાંકળના ફટકાથી લોહીલુહાણ કે બરડા ઉપર સોળ પણ ઊઠી જતી જોવા મળે છે. પરંતુ આ બધું ભાગ્યે જ બને છે. ભગત પાણીદાર છે. એવું બતાવવા સાંકળથી રમવામાં આવે છે.

### ૦ માથા ઉપર શ્રીફળ વધેરવું

આ રમાણીમાં પહેલાંના સમયમાં ભગતો પોતાની તાકાત/શક્તિ આવી રીતે અજમાવી બતાવતા જો કે હવે આવું સત્ રહ્યું નથી. કહેવાતું કે સાચો ભગત માતાના સત્થી સાચેજ નાળિયેર વધેરતો. હવે બધું બનાવટી લાગે છે. પહેલાંના સમયમાં આદિવાસીઓ એટલા ખડતલ હતાં, હવે રહ્યા નથી. પરંતુ આ નૃત્યનો છેલ્લો ચમત્કાર તે નાળિયેર વધેરવાનો છે. માતાની માનતા છેલ્લે નાળિયેર વધેરી પૂર્ણ કરવામાં આવે છે અને ખેલૈયાઓ, નાચનારા કે જોનારાઓ માતાજીનો પ્રસાદ લઈ પોતપોતાના ઘરે વિદાય થાય છે.

### ૮.૩.૪ રવાલિયા નૃત્યકથા

દક્ષિણ ગુજરાતની આદિવાસી જાતિ તાપીથી ઉમંરગામ સુધીના જંગલોમાં વિસ્તરેલી છે હેડમ્બા નામની રાક્ષસ પણ આ વિસ્તારમાં વાસ કરતી હોવાની માન્યતા હતી. જેથી આદિવાસી જાતિમાં પણ થોડી મેલી વિદ્યાની અસર આવેલી જણાય છે. કરાયા ગામના નિવૃત્ત શિક્ષક દેવજીભાઈની રૂબરૂ મુલાકાતમાંથી આ મેલી વિદ્યા અને રવાલિયા નૃત્યને મળતી આવતી આ કથામાં પણ ભગત 'તારપું' વગાડી આ પ્રકારની વિધિ કરે છે અને નવા ભગત બનનાર માણસો ધૂણતા-ધૂણતા અને નાચતાં-નાચતાં ડુંગર ઉપર ચઢી આ પ્રકારની વિધિ કરે છે.

આ નૃત્યકથામાં મુખ્યત્વે ૧૦ કે અઠવાડિયાથી ભગત બનનાર માણસોને ભગત મેલી વિદ્યા શીખવે છે. પછી 'નિમારીયા ડુંગર'ની બખોલમાં બિરાજમાન દેવ પાસે લઈ જાય છે. એ વખતે આખેઆખું ટોળું 'ધોર' વાદ્યના તાલે નાચતાં-કુદતાં, દોડતા, હઈસો...હઈસો બોલતા અને કેટલાક ધૂણતા-ધૂણતા ડુંગરની ટોચે પહોંચે છે. અને ત્યાં 'વાઘબારશ' પહેલા દેવની પૂજા 'જૂનો ભગત' (જાણકાર ભગત) કરે છે અને માતા કે દેવને રીઝવીને દેવને મરઘા કે ફૂલ-નાળિયેરની ભક્ષા (બલી) આપવામાં આવે છે. નવા ભગતને મંત્ર આપી નવા ભગતની પરીક્ષા (કસોટીરૂપ) લેવા માટે ડુંગર ઉપરથી નીચે ઉતરી જૂનો ભગત તળાવમાંથી ફૂલ લઈ આવવાનું કાર્ય સોંપે છે. જો ભગત ફૂલ લઈ આવે તો નવા ભગતમાં મંત્ર ઊતરી ગયાનું અને ભગત શુદ્ધ બન્યાનું માને છે.

આ વિધિ પછી નવા ભગતને ફળિયાના જુદાં જુદાં ઘરે કે ખળીમાં દારૂની બોતલ શોધાવી ભગતની ખરાઈ કરવામાં આવે છે. ત્યાર બાદ નવો ભગત પરણેલો હોય તો તેના ઘરે પહોંચી પત્ની તેની પૂજા કરી અને ઘર પ્રવેશ કરાવે છે. આ પ્રકારની મેલી વિદ્યા જોવા અન્ય મેલી વિદ્યા જાણનાર સ્ત્રીઓ પણ આ વિધિ જોવા આવે ત્યારે જૂના ભગત આવી મેલી વિદ્યાથી દૂર રાખી એટલી જગ્યા બાંધી નવા ભગતનું રક્ષણ કરે છે અને નવો ભગત પરિપૂર્ણ થતાં આનંદ મસ્તી કરી મનોરંજન કરી છૂટા પડે છે. ત્યાં પણ છૂટું છવાયું નૃત્ય જોવા મળે છે.

આમ આદિવાસી ગણાતા ધોડિયા જાતિમાં ઉપરોક્ત પ્રકારનાં થોડાં લોકનૃત્યો જોવા મળ્યાં છે. જે એમના આનંદ-પ્રમોદના વાર તહેવારે એકબીજાને ભેગા કરતા અને સંસ્કૃતિને જાળવતાં લોકભોગ્યનાં સાધનો છે.

## ૮.૪ ધોડિયા જાતિની લોકમાન્યતા Folk Belief

લોકમાન્યતા અને લોકસંસ્કૃતિ બંને લોકવિદ્યાના આધારસ્તંભો છે. ‘લોકમાન્યતા Folk Belief પોતે જ લોકવિદ્યાના એ પ્રકાર ગણાય છે અને તે લોકોના વિધિનિષેધનાં વલણોમાં તથા કહેવતોમાં પ્રગટ થાય છે. જેમ લોકસંસ્કૃતિ લોકવિદ્યાના પાયા રૂપ છે. તેમ લોકસંસ્કૃતિનો પાયો લોકમાન્યતા છે.

‘લોકમાન્યતા એટલે કાર્યકારણ પરિણામ અંગે તર્કની અપેક્ષા વગરના સામાજિક પરંપરાના ગૃહીતોનો આધાર તંતુ.’[૪] પ્રત્યેક પ્રદેશમાં વસતી જાતિ કે જાતિસમૂહોમાં જીવન અને જગતને સમજવાની મથામણમાંથી કેટલીક ધારણા કે માન્યતાઓ આવેલી છે. લોકોની આવી સર્વસ્વીકૃત ધારણાઓ કે નિગમનોમાંથી લોકમાન્યતાઓ જન્મે છે. એક જ ભૌગોલિક ક્ષેત્રમાં વસતા લોકોનાં ધર્મ, રીતરિવાજ, જાતિ-જ્ઞાતિ ભિન્ન હોય તો પણ કેટલીક લોકમાન્યતાઓ સમાન હોય એવું પણ જોવા મળે છે.

લોકમાન્યતા એ જીવન વ્યવહાર તંત્રનો એકમ કે ઘટક 'OrgeniaÉing Factor' છે. જે સભ્યતા, સંસ્કૃતિ, ધર્મ, નીતિ, અને આર્થિક પરિસ્થિતિ અને કક્ષાની વચ્ચે પણ જીવનને

જોવા-જાણવા, જાણવા-માણવાનો આધારતંતુ બને છે. ક્યાંક કૌટુંબિક, વ્યક્તિગત, જાતિગત, સમાજગત, પ્રાણીગત, પશુ-પંખી, જીવજંતુ કે વ્યવસાયને આધારશીલ બનાવીને પ્રગટતી જોવા મળે છે. જેમાં શ્રદ્ધા, અંધશ્રદ્ધા, વહેમ-રૂઢિ, ભૂતપ્રેત, શુકન-અપશુકન, જ્યોતિષ કે વૈદક જેવી વિપુલ સામગ્રી સંકળાયેલી છે.

લોકમાન્યતા મનુષ્યના જીવનને સંકોરે કે વૃદ્ધિ કરતું તત્ત્વ છે. સંસ્કૃતિના વિકાસ, શિક્ષણના પ્રસાર અને વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર પછી પણ મનુષ્યના મનને તો લોકમાન્યતાઓ દોરનારી બની જ છે. આધુનિક સમાજના અનેક એકમોમાં આજે પણ લોકમાન્યતાનું પ્રવર્તન છે. જો કે એમાં કેટલું ઉચિત-અનુચિત, સ્વીકાર્ય-ત્યાજ્ય છે એ સામાજિક વિકાસની સંપ્રજ્ઞતા અને ઉત્તરદાયિત્વ ને નિસ્બત છે.

લોકમાન્યતાનું વર્ચસ્વ કેવળ આદિવાસી-વનવાસી કે ગ્રામીણ સમુદાય પૂરતું જ મર્યાદિત નથી, શહેરી અને શિક્ષિત સમુદાયોમાં પણ એની અસર જોવા મળે છે. આનું કારણ એ છે જન્મ અને મૃત્યુ ઉપરાંત જીવનમાં એવું ઘણું છે જેના પર માણસનો પોતાનો કાબૂ નથી. આથી ઈચ્છા  કે અનિચ્છાએ એમણે સંપ્રજ્ઞાતપણે ત્રીજા કોઈનો આશરો લેવો પડે છે. આવી માન્યતાનો જન્મ વિશિષ્ટ પરિસ્થિતિના નિર્માણ પછી એ થવાનાં કારણની શોધમાંથી થયો છે. કશુંક બન્યું, કશાકને કારણે એવા ગૃહીતથી માન્યતા બંધાય છે અને જ્યારે એનું વારંવાર પુનરાવર્તન થાય ત્યારે તે માન્યતા દૃઢ બને છે. આમ અનેક લઢણો, પ્રયોગો, કહેવતો, વિધાનો કે કથાઓ આવી માન્યતાનું વહન કરે છે અને પેઢી-દર પેઢી એનું સંક્રમણ થતું રહે છે.

આદિમાનવ પાસે તો જગત અને જીવનનાં અનેક રહસ્યો હતાં. જેવાં કે પોતે ઊભો છે તે પૃથ્વી શેના પર ટકેલી છે, રોજ ઊગતો સૂર્ય ક્યાંથી આવી ક્યાં જાય છે. રાતે દેખાતો ચંદ્ર અને તારા દિવસે કેમ દેખાતા નથી, વીજળી કેમ થાય, વરસાદ કેમ વરસે, વા-વંટોળ કેમ ઊમટે, ધરતીકંપ કેમ થાય, પાણી ત્યાં સ્થળ કે ખાડા ત્યાં ટેકરો કેમ બને, જન્મ અને મૃત્યુ કેમ થાય એ બધી સમસ્યાના ઉકેલરૂપે અનેક ધારણાઓ બાંધી તેમાંથી અનેક માન્યતાઓ બંધાતી ગઈ.

'ભારતીય આર્યધર્મમાં ફેટિશિઝમ, વનસ્પતિપૂજા, પશુપૂજા, સર્પપૂજા, તંત્રમંત્ર અને શામણધારાનાં જે લક્ષણો કે સ્વરૂપાંતરે આમ જ થયા અને એમાંથી જ દેવ-દેવીવાદનો જન્મ થયો.'[૫]

આમ ઉપરોક્ત માન્યતાને આધારે જ વસ્તુ-વનસ્પતિ, તત્ત્વાદિનું પૂજન, તેમજ 'પાગાનિઝમ'ને કારણે સમગ્ર પ્રકૃતિને જીવંત માનવામાં આવે છે. સમગ્ર સૃષ્ટિ ચેતનવંત અને જીવંત છે. તેથી જ તો પથ્થરને પણ જીવંત માની પથ્થરોમાં દેવી-દેવતાનાં સ્થાન સ્થાપાયાં, અને આપત્તિ કાળે તે રક્ષા કરે છે એવી માન્યતાને પ્રતાપે જ આપણી ભારતીય સંસ્કૃતિમાં દેવ દેવીઓ પાષાણ, કાષ્ઠ, માટીનાં શિલ્પોમાં સ્થાન પામ્યાં. આજે અનાદિ કાળથી આત્મા-પરમાત્મા, સૃષ્ટિનું સર્જન, વનસ્પતિ સર્જન, પૃથ્વીનો પ્રલય, મૃત્યુ પછીની આત્માની ગતિ આદિ અનેક બાબતો વિશે વિધવિધ માન્યતાઓ મનુષ્યના લોહીમાં ઊતરી ગયા છે અને આજે અનેક સંશોધનો કે તારણો છતાં પણ એને સંપૂર્ણ લોપ કરી શકતા નથી.

આજે પણ લોકમાન્યતાનું વળગણ એટલું દૃઢ અને અફર બન્યું છે કે તેનું વહન અને પ્રસ્તુતીકરણ વિવિધ રીતે જોવા મળે છે. જેમકે દોરાધાગા, તાવીજ, પોટલી, રાખડી, માદળિયા, તિલક, અંજન, ઘોડાની નાળ, ખીલી, લીંબુ-મરચાં, વિવિધ પગલાં, વિવિધ પ્રકારની આકૃતિ, ધાર્મિક તથા માંગલિક પ્રતીકો તથા વિવિધ રંગોની રંગોળી આમ વિવિધ સ્વરૂપે અને પ્રકારે લોકમાન્યતા મૂર્તરૂપ ધારણ કરે છે. આજે પણ મંત્ર-તંત્ર અને ગુપ્તવિદ્યાની વિદ્યા આવિષ્કૃત થતી રહી છે.

આ લોકમાન્યતા પાછળની જે તે સમાજની તર્કની, કાર્ય-કારણની કઈ ભૂમિકા હશે તે આજે આપણે જાણી શકતા નથી. તેમ છતાં પણ અનેક લૌકિક ક્રિયાકાંડો, શુભ-અશુભ, શુકન-અપશુકન, શ્રદ્ધા-અંધશ્રદ્ધા, જોગ-અવજોગ, વિધિ-વિધાન, મંત્ર-તંત્ર, જાપ-તાપ, હોમ-હવન આદિ મનુષ્યના જીવન સાથે તાણાં-વાણાંની જેમ બંધાયેલા જોવા મળે છે. આવી અનેક લોકમાન્યતાઓ દક્ષિણ ગુજરાતના ધોડિયા જાતિમાં પણ વ્યાપેલી છે જેને વિગતે તપાસીએ.

**૦ અન્યના ભોગે સ્વહિતની ભાવના ધરાવતી સંતાન પ્રાપ્તિની માન્યતા**

સમાજમાં કેટલીકવાર કોઈ માન્યતા કે અંધવિશ્વાસને વશ થઈ કે સ્વીકારી અન્યનો ભોગ આપે અથવા તો પોતાનો ભોગ આપે તેવી પણ કેટલીક માન્યતાઓ સ્વીકારાયેલી હોય છે. જેવી કે-

૧. સંતાન પ્રાપ્તિ ન થતી હોય એવા દંપતીને ભગતને ત્યાં લઈ જઈ માનતા રાખવાની માન્યતા.

૨. કેટલાક કુટુંબમાં પુત્રી જ જન્મતી હોય, પુત્ર જન્મતો ન હોય ત્યારે છેલ્લી દીકરીને ડામ દેવાની માન્યતા.

૩. લગ્નનાં ઘણાં વર્ષો બાદ પણ સંતાન સુખ ન મળે ત્યારે ભગત પાસે જોવડાવી દંપતીમાં કોને નડતરરૂપ છે તે જાણી ડામ દેવાની માન્યતા.

૪. કેટલાક કુટુંબમાં એક સંતાન પછી બીજું સંતાન ન થતું હોય તેવા સંજોગોમાં પહેલાં સંતાનની બૂંટ વીંધાવવાની માન્યતા.

૫. કોઈ દંપતીના ઘરે બાળક ન જીવતા હોય ત્યારે બાળકનું નામ ભીખલો કે ભીખલી પાડી અમુક વર્ષ સુધી માંગી ભીખીને ઉછેરવાની માન્યતા.

૬. ઘણાં કુટુંબમાં દીકરો જીવતો ન હોય ત્યારે દીકરો જનમતાની સાથે ઉકરડામાં નાંખી દેવાની માન્યતા.

૭. ઘણીવાર બાળક જનમતું ન હોય અથવા બાળક કાયમ બીમાર રહેતું હોય તેવા બાળકની માતા પોતાનો મોજ-શોખ ભૂલી બાળક ખાતર અવળા (ઊંધા) વસ્ત્રો પહેરવાની માન્યતા.

૮. બાળકની સુખ-શાંતિ માટે અમુક સમય સુધી પગમાં ચંપલ ન પહેરવાની માન્યતા.

૯. બાળક નાનું હોય ત્યારે બાળક બીમાર ન પડે તે માટે અમુક ધાન્ય ન ખાવાની માન્યતા.

મનુષ્યની આ બધી માન્યતાઓ ઈચ્છિત એવા પરિણામને જ દૃષ્ટિમાં રાખે છે. પરંતુ કયારેક ધાર્યું પરિણામ ન પણ મળે ત્યારે એની નિષ્ફળતાનું આરોપણ અન્ય બાબતો ઉપર પણ કરે છે અને એમાંથી જ આવી માન્યતાઓ બંધાય છે. આવા ટુચકાઓ લૌકિક પ્રકારના હોય એમાં પણ કેટલાક લોકમાન્યતાનાં વારણો રહેલાં છે.

## ૦ સમાજમાં પ્રચલિત કેટલીક માન્યતાઓ

સમાજમાં ઘણી એવી લોકમાન્યતાઓ છે જેમાં દેખતી રીતે કોઈ તાર્કિક તારણ કે કારણ દેખાતું નથી. પરંતુ સમાજમાં પરંપરાથી પેઢી દર પેઢી એવી કેટલીક માન્યતાઓ આજે પણ સમાજ જીવન સાથે એકરૂપ થયેલી દેખાય છે જેવી કે-

૧. 'બુધવારે બેવડાય' સારા કે શુભ કામમાં બુધવારને યોગ્ય માનવામાં આવ્યો નથી. ત્યાં 'બુધવારે બેવડાય'ની માન્યતા છે. પણ એમાં દેખીતું કોઈ કારણ નથી. જેવું કે બુધવારે બાળક જન્મે તો આપણે બાળક હોંશે હોંશે સ્વીકારી લઈએ છીએ.

૨. કેટલીકવાર મનુષ્ય બીજાના સામે અતિમહત્ત્વની વાત કરતો હોય ત્યારે સામેનો માણસ છીંક ખાય તો વાત સાચી પડવાની માન્યતા.

૩. અજાણી જગ્યાએ પેશાબ કરતાં પહેલાં એ જગ્યાને થૂંકીને બોટવાની અથવા ખોંખારો ખાય... ભૂત-પલીતને દૂર ભગાડવાની માન્યતા.

૪. સારા કામે જતી વખતે કોઈ વિધવા સ્ત્રી સામે મળે તો ધાર્યું કામ ન થાય એવી માન્યતા.

૫. જમણું અંગ ફરકે તો શુભ થવાની અને ડાબુ અંગ ફરકે તો અશુભ થવાની માન્યતા 'રામવિવાહ આખ્યાન' માં ભાલણે પણ બે પ્રસંગોમાં આ વાતને તાકી છે. 'અહલ્યાકથાનક' અને 'ધનુષભંગ'માં.

૬. સારા કામ અર્થે જતી વખતે કોઈ કયાં-કાંકારો કરે તો પાછા વળી જઈ થોડીવાર પછી પાણી પીને નીકળવું.

૭. અજાણી જગ્યાએ જતાં પાછું વાળીને ન જોવું અને પગથી રેખાદોરી હનમાજીને કે માતાને હાકલ પાડવી.

૮. ઘરની સુખ સમૃદ્ધિ અને લક્ષ્મી ટકી રહે તે માટે બિલાડીની મેલી ઘરમાં રાખવી.

૯. દિવસ આથમી ગયા પછી ઘરમાંથી કચરો ન વાળવો ઘરની લક્ષ્મી જતી રહે એવી માન્યતા.

૧૦. સૂર્ય આથમી ગયા પછી ઝાડ-પાન ને ન તોડવાની માન્યતા.

૧૧. સાંજના સમયે માથું ન ઓળવાની નહી તો માથું દુ:ખે અને વાળ ખરવા લાગે એવી માન્યતા.

૧૨. રાત્રિના સમયે સીટી ન વગાડવી કેમકે ભૂત-પ્રેત આવી જવાની માન્યતા.

૧૩. બહારગામ જતી વખતે ખાલી બેઠુંવાળું સ્ત્રી મળે તો અપશુકનની માન્યતા.[૬]

## o પશુ-પંખી વિષયક કેટલીક માન્યતાઓ

આદિવાસી સમાજના લોકોનો નાતો મોટેભાગે વન-વગડા કે પ્રકૃતિ સાથેનો રહ્યો હોવાથી પ્રકૃતિમાં વિહરતા પશુ-પંખીઓને ધ્યાનમાં રાખીને પણ કેટલીક માન્યતાઓ અસ્તિત્ત્વમાં આવી છે. પશુ પંખી એમના જીવનમાં સહભાગી બનીને આવે છે જેમકે-

૧. વહેલી સવારે કે મોડી સાંજે કૂતરું કરુણ અને મોટા અવાજે લાળી કરતું સંભળાય ત્યારે કશુંક અજુગતું બન્યાની કે કોઈ મૃત્યુ પામ્યાની માન્યતા રહેલી છે.

૨. રાત્રિ સમયમાં બિલાડી સામે મળે તો ડાકણ રમવા ચાલીની માન્યતા.

૩. સારા કામ અર્થે બહાર નીકળતી વખતે બિલાડી આડી ઉતરે તો ધાર્યું કામ ન થવાની માન્યતા.

૪. વહેલી સવારે કે બપોરના સમયે ઘુવડ બોલે તો પણ કશોક ભય હોવો જોઈએ એવી માન્યતા.

૫. રાત્રિ દરમ્યાન શિયાળ લાંબા સમય સુધી લાળી કરતું રહે તો પ્રાણીઓ માટે ભય વર્તાય છે.

૬. વહેલી સવારે નોળિયો મળે તો સારો દિવસ ઉગ્યાની માન્યતા અને 'નોળિયા મામા સલામ' એમ ઉચ્ચારી શુકનવંતુ મનાય છે.

૭. કાગળો લીલાવૃક્ષ પર બેસી કા-કા કરે તો મહેમાન આવવાની એંધાણી અને સૂકાવૃક્ષ ઉપર બેસી બોલે તો અશુભ સમાચારની માન્યતા.

૮. ગમાણ કે કોઢમાં બગાઈ કે જીવજંતુ પડે તો કોઢને ઉંબરે ફાફડાથોરનું પાન બાંધવાની માન્યતા.

૯. ગાય-ભેંસના શરીરમાં પાણી ભરાયું હોય (એક પ્રકારનો રોગ) ત્યારે જાણકાર ભગત પાસે મંત્ર બોલાવી પીંછી નાંખવાની માન્યતા.

૧૦. મરઘાં ઉપર મરકીરોગ આવે ત્યારે અમરવેલનું પાણી પીવડાવવાની માન્યતા.

૧૧. ગાય-ભેંસ, બળદના અમુક રોગ મટાડવા માટે ડામ દેવાની માન્યતા.

**o જીવજંતુને લગતી કેટલીક માન્યતાઓ**

પ્રકૃતિના નયન રમ્ય કુદરતી જનસમૃદ્ધિનો પણ એમના સમાજજીવનમાં ઘરોબો નાતો ધરાવે છે. કુદરતની અદમ્ય લીલાનું નાનામાં નાનું કણપણ એમના જીવનમાં સ્થાન પામ્યું છે. તેથી જ તો એમની માન્યતાઓનાં કેન્દ્રસ્થાનો પણ આવાં કુદરતી જીવજંતુઓ બન્યાં છે. જેવા કે-

૧. પહેલા વરસાદની હેલી પછી જમીન ઉપર ઊગી નીકળતી હરિયાળીમાં લાલરંગ પૂરનાર નાનકડું મખમલી રાતા રંગનું જીવડું કે જેને આ જાતિના લોકો ભગવાનની ગાય માને છે. તેને મારી ન શકાય તેને મારવાથી ભગવાન આપણા ઉપર કોપાયમાન બને એવી માન્યતા.

૨. વરસાદના સમયમાં પાંખવાળા મંકોડા અને પાંખ વાળી ઉધઈ નીકળે તો વરસાદ વધારે આવવાની માન્યતા.

૩. કાનમાં જીવડું ભરાયું હોય તો મીઠાનું પાણી રેડવાની માન્યતા.

૪. ઘરમાં ચાંચડનો ઉપદ્રવ વધી જાય તો ખેતરમાંથી (ચાંચડનું ઘાસ) ઘાસ પાથરવાની માન્યતા.

૫. ઘરમાં કીડી ઉભરાઈ તો લોટ કે હળદર છાંટવાની માન્યતા.

૬. જમીનમાંથી ભમરી (ભોણ) બહાર આવતી દેખાય તો તે સ્થળે પાવૈયાનું ધન દાટયું હોવાની માન્યતા.

૭. ભૂલગ્ની કોઈ સાપને મારી નાંખ્યો હોય તો નાગદેવતા કોપાયમાન ન બને તે માટે સાપને દાટવાની કે બાળવાની માન્યતા અને દર વર્ષે એ દિવસે દૂધ-ઈંડાનો ભોગ આપવો. ઈંડાના કોચલા ઘરમાં રાખવાથી સાપ આદિ ઘરમાં ન પ્રવેશે એવી માન્યતા.

પાણીમાં રહેતો સાપ જો માણસને કરડે તો સાપ રવિવારના દિવસે પોતે મૃત્યુ પામે છે, એવી માન્યતા.

ઊદું માછલી પકડી ભેગી કરે પણ કોઈ મનુષ્ય જોઈ લે તો તેના પર થૂંકી જીવડાવાળી બનાવી દે છે એવી માન્યતા.

**૦ બાળકને નજર ન લાગે તે માટેની કેટલીક માન્યતાઓ**

બાળક એ ભગવાનું સ્વરૂપ માનવામાં આવે છે. બાળક એટલે ભોળા ભગવાન. બાળકને ફૂલ સાથે પણ સરખાવ્યું છે. એવા ફૂલ જેવા બાળકને અન્ય દુ:ખોથી અને પરાયા લોકોની મીઠી-કડવી નજરથી બચાવવા માટે પણ ઘણી માન્યતાઓ આજે પણ જોવા મળે છે. આવી માન્યતાઓ  પેઢી દર પેઢી સચવાતી આવી છે. સકળ સૃષ્ટિનો બેલી ભગવાન છે. છતાં ભગવાનથી પણ સવાયા બનવાની ભાવના દરેક મનુષ્ય લોકમાં આરંભાય રહી છે. તેથી જ તો અવનવી માન્યતાઓ અટકળો પણ પળાતી આવે છે જેવી કે-

૧. બાળકને નજર ન લાગે તે માટે ગાલમાં, કપાળમાં કે પગને તળિયે કાળું ટપકું કરવાની માન્યતા.

૨. બાળક નાનું હોય ત્યારે બાળકને કોઈની બૂરી નજર ન લાગે તે માટે કાળા દોરા, માદળિયા, તાવીજ પહેરાવવાની માન્યતા.

૩. બાળકના જન્મ પછી છઠ્ઠીના દિવસે બાળકની નજર ઉતારનાર એવી સફેદ-કાળી બંગડી તથા પીળા, કાળા, સફેદ મોતીની માળા પહેરાવવામાં આવે છે.

૪. બાળકને નજર લાગી છે એમ માની કોલસો, મીઠું, મરચું, સાવરણની સળી બાળકના માથેથી ઓવારી બળતા અગ્નિમાં નાંખવાની માન્યતા.

૫. બાળકની નજર ઉતારવા રોટલો માથેથી ઓવારી કૂતરાને નાંખી દેવાની માન્યતા.

૬. બાળકને નજર ન લાગે તે માટે ભગતે મંતરી આપેલ દાણા, કાળા કપડામાં સીવી પોટલી ગળામાં કે હાથમાં કે કમરે બાંધવાની માન્યતા.

૭. નાના બાળકને ઘરની બહાર લઈ ગયા પછી ઘરે લાવી બાળકની નજર ઉતારવાની માન્યતા.

૮. બાળક એકલું એકલું કશુંક વસ્તુ ખાતું હોય અને બીજાં બાળકો જોયા કરે તો પણ નજર લાગવાની માન્યતા. જેથી બધાં બાળકને વહેંચીને આપવામાં આવે એવી માન્યતા.

૯. કયારેક બાળકની નજર કોઠે ઊતરી ગઈ હોય એમ માની નાની માટીની કુલ્લીમાં પાણી ભરી કાળું કપડું બાંધી બારસાખે ઊંધું લટકાવવાની માન્યતા.

૧૦. તાવ આવે તો ભગત પાસે પીંછી નંખાવવાની માન્યતા.

૧૧. બાળકના જન્મ પછી બાળક ખૂબ રડે તો બાળકને (વાવરી) એક પ્રકારની પીડા થઈ એમ માની જાણીતા ભગત પાસે બતાવી 'ડામ' મૂકવાની માન્યતા.

૧૨. નાના બાળકને આંચકીને ન આવે તે માટે ભગત પાસે મંતરાવેલો દોરો બાંધવાની માન્યતા.

૧૩. નાના બાળકને ગોળી ન ચઢે તે માટે 'ગોળીગડ'ની માનતા માનવામાં આવે છે.

૧૪. ઘર, દુકાનમાં લીંબુ-મરચું બાંધવાની માન્યતા.

૧૫. હેડકી આવે એટલે કોઈ યાદ કરતું હશે એવી માન્યતા.

૧૬. નાના બાળકને હેડકી આવે તો હેડકી દૂર કરવા બાળકે પહેરેલા કપડામાંથી નાનકડો દોરો કાઢી થૂંકમાં પલાળી કપાળમાં ચોંટાડવાની માન્યતા.

૧૭. જમવાનું ભાવતું ન હોય ત્યારે નજર લાગી છે એમ માની રોટલી-શાક આદિ ચોક પડતો હોય ત્યાં પાણીનું કુંડાળું કરી મૂકી આવવાની માન્યતા.

૧૮. કુંડાળામાં પગ પડવાથી માણસ બીમાર રહે એવી માન્યતા.

૧૯. કોઈની બૂરી નજર ન લાગે તે માટે ચામડું કે ચંપલ ટીંગાડવી.

૨૦. બાળકને સ્તનપાન કરાવતી વખતે પાલવમાં સંતાડીને પાન કરાવાય છે.

## ૦ વરસાદને લગતી કેટલીક માન્યતાઓ

મોટાભાગનો સમાજ ખેતી ઉપર નભેલો હોવાથી વર્ષ દરમ્યાન લેવાતા પાકોમાં વર્ષાઋતુમાં લેવાતો પાક મુખ્ય છે. મોટાભાગની ખેતી વર્ષા ઉપર જ નભેલી હોવાથી મેઘરાજાની સવારી કયારે પધારશે અને આ વર્ષ કેવું હશે તેની અવનવી અટકળો કરાતી હોય છે. પ્રકૃતિનાં અન્ય જીવજંતુઓને સાંકળી તે ઉપરથી વર્તારા કરવાના પ્રયાસો રહેલા છે જેવાકે-

૧. ટીટોડીએ કેવો માળો બનાવ્યો છે, એ માળામાં કેટલાં ઈંડાં મૂકયાં છે, ઈંડાનો અગ્રભાગ કઈ દિશામાં છે. તેના ઉપરથી ચોમાસું કેવું હશે, કેટલા માસ વર્ષા આવશે તેની આગાહી કરાય છે. માળામાં વધારે કાંકરા મૂકયા હોય, કાળા પથ્થરવાળો માળો હોય તો વધારે વરસાદની આગાહી ઈંડાની સંખ્યા મુજબ ચાર માસ, ત્રણ માસ કે બે માસ વરસાદ આવશે એવી માન્યતા. તેમજ ઈંડાનો મુખ્ય ભાગ ઈશાન ખૂણા તરફ હોય તો વરસાદ સારો આવવાની વકી માનવામાં આવે છે.

૨. વરસાદ કેટલો દૂર છે. તે કાંચીડાના રંગ ઉપરથી વર્તાય છે. જો કાંચીડો લાલ રંગ ધારણ કરી લે તો વરસાદ નજીકમાં છે એવી માન્યતા અને કાંચીડાને પૂછે કે વરસાદ ઊંચે કે નીચે જો કાંચીડો માથું ઊંચું કરે તો ઊંચે અને નીચું કરે તો નીચે એવી માન્યતા.

૩. આકાશમાં અંકાતા મેઘધનુષ ઉપરથી વરસાદની આગાહી

૪. વરસાદની શરૂઆત શનિવારથી થાય તો હેલી થવાની માન્યતા.

૫. બહેરાવાળો ગાજે તો અઢી દિવસમાં, અઢી મિનિટમાં કે અઢી ક્ષણમાં વરસાદ આવવાની માન્યતા.

૬. વાદળ ઘેરાતા જે દિશામાં બગલી ઊડતી દેખાય એ દિશામાંથી ધોધમાર વરસાદ આવવાની માન્યતા.

૭. ચોમાસાની ઋતુમાં વારંવાર પેશાબ જાવું પડે તો વરસાદનો વધારે ભાર છે એવી માન્યતા.

૮. કાગડાનો માળો ઊંચે હોય તો વરસાદ ઓછો આવશે અને માળો થડમાં હોય તો વધારે વરસાદ કે વાવોજોડું આવે એવી માન્યતા.

૯. વીજળીના કડાકા થતા હોય ત્યારે ઘરના છાપરે અહીંતરાના પાન નાંખવાથી ઘર પર વીજળી ન પડે એવી માન્યતા.

૧૦. ચંદન ઘો ઉપર વીજળી પડવાની માન્યતા.

૧૧. ચકલી ધૂળમાં આળોટી ન્હાય તો વરસાદ થવાની માન્યતા.

## ૦ ખેતી વિષયક કેટલીક માન્યતાઓ

ધોડિયાજાતિનો મુખ્ય વ્યવસાય ખેતી હોવાને કારણે ખેતી વિષયક કેટલીક માન્યતાઓ અસ્તિત્ત્વ ધરાવે છે. યાંત્રિક યુગમાં પણ કેટલીક માન્યતા આજે પણ વજુદ ધરાવે છે જેવી કે-

૧. ડાંગરનું 'ધરું' વાવ્યા પછી અમુક કારણોસર તે રાતું થઈ જાય ત્યારે 'રાતડો હંકાવવાની' માન્યતા.

૨. ધરું વાવતી વખતે જમીનમાં દાણો નાંખતા પહેલા બળદને દાણા ખવડાવવાથી ખેતરમાં બરકત આવે ની માન્યતા.

૩. ધરું ઉખેળતા પહેલા ધરુંમાં રાખ નાંખવાની માન્યતા.

૪. રોપણી કરતી વખતે પ્રથમ પૂણી રોપતા ઘરમાલિક અથવા મજૂર બોલે ખૂબ ડાંગર પાકજે, કોઠી પાલા ભરવાના છે દીકરા/દીકરીના લગન કરવાના અને જાન જમાડવાની છે. આની પાછળ ધરતી માતા બરકત આપે એવી માન્યતા.

૫. ડાંગરની રોપણી પૂર્ણ થતાં છેલ્લે ખેતરમાં 'રોયું' બેસાડવાની માન્યતા 'રોયુ' એટલે પાકની સાચવણી કરનાર રખોપો. જો 'રોયું' ન બેસાડે તો ખેતર હિજરાઈની માન્યતા.

૬. રોપણી પૂર્ણ કરી થોડું ધરું ઘરે લઈ જઈ ધરુંના દાણા બારસાખે, કોઠી, પાલા કે કોઠાર ઉપર મૂકવાની માન્યતા. કોઠી-પાલા ભરાય જવાની માન્યતા.

૭. રોપણી રોપ્યા પછી ખેતરમાં કરચલા ડાંગરને વધવા ન દે તો આંબીલા દરમાં નાંખવાથી કરચલો મરી જાય અથવા આંબીલા ખાતા-ખાતા ડાંગર મોટું થઈ જાયની માન્યતા.

૮. ડાંગરની ઘૂઘરી આવતી વખતે મરેલી ઘૂઘરી કે સફેદ ઘૂઘરી (કંટી) નીકળે તો ખજૂરીના કે ગોગલાની ડાળી ખોસવાની માન્યતા.

૯. પરવળના ખેતરમાં માસિક ધર્મ પાળતી સ્ત્રી તેટલા દિવસ ન જાય, જો જાય તો પરવળ પાલવે ચડી અથવા પડછાયો લાગી જાય ની માન્યતા.

૧૦. રીંગણ-મરચાંની વાડીમાં કોઈની બૂરી નજર ન લાગે તે માટે કાળી હાંડલી ઊંધી મૂકવાની માન્યતા.

૧૧. કારેલા-દૂધીના માંડવે હાંડલી મૂકવાની માન્યતા.

૧૨. પપૈયાના છોડમાં પપૈયું ન બેસતું હોય તો ચામડાંની ચંપલ ટીંગાડવાની માન્યતા.

૧૩. ટીંડોડા ન બેસતા હોય અથવા કોળાના વેલામાં કોળા ન લાગે તો ટીંડોડા કે કોળાનું નાનકડું ફળ લઈ ઘોડો કરી ચોકમાં મૂકવાની માન્યતા.

૧૪. પાક લણતી વખતે નાળિયેર દીવા-દીવેટ કરી ધાન્યની દેવી માટે બે પૂળા અલગ કાઢી કાપણી કરવાની માન્યતા.

૧૫. પાકની ખળીમાં પાક કાઢતી વખતે ખળીને લીંપી અને રાખથી બાંધવામાં આવે છે. જેનાથી બરકત આવે અને નજર ન લાગે.

૧૬. અનાજને કાઢયા પછી પ્રથમ કોઠી-પાલા કે કોઠારોમાં અનાજની એક મૂઠી નાંખ્યા પછી જ બાકીનું અનાજ બજારમાં લઈ જવામાં આવે. આની પાછળ કંસેરી માતાની બરકતની માન્યતા.

૧૭. નવું અનાજ જયાં સુધી ડાંગરદેવી 'કનસરી માતા'ને ન ચઢાવો ત્યાં સુધી અનાજ ન ખાવાની માન્યતા.

## ○ ઔષધીય કેટલીક માન્યતાઓ

શરીરમાં થતાં અવનવા ફેરફારોને કારણે મનુષ્યને અનેક રોગનો ભોગ બનવું પડે છે. ત્યારે પ્રાથમિક ઉપચાર માટે પણ કેટલીક માન્યતાઓ રહેલી છે. આજે પણ કેટલીક બાબતોમાં પ્રથમ પ્રાયોરીટી દેશી ઔષધીને જ માનવામાં આવે છે.

૧. નાના બાળકને ઝાડા લાગે ત્યારે 'વસનના પાન' (વેલી) ને ઘૂંટી તેની થેપલી બનાવી પેટ પર મૂકવાની માન્યતા.

૨. નાના બાળકને 'તાળવું' આવે ત્યારે વસનના રસની થેપલી તાળવે મુકી અથવા તો 'ભોયરસ' ઘસીને તાળવે ચોપડવાની માન્યતા.

૩. તાવ આવે ત્યારે નગોડના પાનને પાણીમાં ઉકાળી નવડાવવાની માન્યતા.

૪. પ્રસૂતા સ્ત્રીને નગોડના પાનથી નવડાવી, આંકડાના પાનનો શેક કરવાની માન્યતા.

૫. એસીડીટી (દાઝરો કાઢવો) થઈ હોય તો આંબીલો કે સોપારીનો કટકો ચાવવાથી સારી થઈ જવાની માન્યતા.

૬. કાન પાકયો હોય ત્યારે ગલગોટાના પાનનો રસ નાંખવાથી સારો થાયની માન્યતા.

૭. 'આંગળપેરું' (આંગળી પાકવી) નીકળતા ધતૂરાનું ફળ કોરી વીંટી બનાવી આંગળીમાં પહેરવાની માન્યતા.

૮. 'ગડગૂમડ' થાય ત્યારે (ભોફીડો) મશરૂમની ભૂકી લગાવવાથી મટી જાય ની માન્યતા.

૯. દમની વ્યાધિમાં માણસને માછલી ગળાવવાની માન્યતા તેમજ દેડકાંનો સૂપ પીવડાવવાથી રોગ મટી જવાની માન્યતા.

૧૦. દાંત દુખતા હોય તો તપખીર ઘસવાથી ઓછા દુખેની માન્યતા.

૧૧. શરદી થઈ હોય તો છીંકણી સુંઘાડવાની માન્યતા.

૧૨. સતત પાણીમાં રહેવાથી પગની ચામડી કે હાથની ચામડી કોહવાઈ જાય ત્યારે ગ્રીસ, ઘાસલેટ કે મહેંદી લગાડવાથી મટેની માન્યતા.

૧૩. નાના બાળકને ખૂબ ખવડાવવાથી 'ડોઝરું' પેટ નીકળી આવવાની માન્યતા.

૧૪. મોં આવી જવાથી ચણોઠીના પાન ચાવવાની માન્યતા.

૧૫. ઓરી, અછબડા, કે રતવા નાના બાળકને થયા હોય તો ભગત-ભુવા પાસે દોરો કે પીંછી નાંખવાની માન્યતા.

૧૬. ઓરી, અછબડા કે રતવાના રોગોમાં વધારેલું કે તળેલું ખાવાથી બળિયાકાકા કોપાયમાન થાયની માન્યતા.

૧૭. બળિયાકાકાની માનતા માનવાથી આવી વ્યાધિ દૂર થાયની માન્યતા.

૧૮. માસિકસ્રાવ વખતે અથાણાં કે મરી મસાલા ભરવાથી બગડી જવાની માન્યતા.

૧૯. દાંત પડી ગયો હોય તો ઘરના છાપરે નાંખવાથી જલ્દી ઊગેની માન્યતા.

૨૦. નાના બાળકના દાંત આવે ત્યારે બાળકની ફોઈ હાથ અડાડે તો દાંત ફફડી નીકળેની માન્યતા.

૨૧. નાના બાળકને મધ ચટાડવાથી બાળક બોબડું બોલેની માન્યતા.

૨૨. ગાંઠ ખસી (પૈચોટી) ગઈ હોય ત્યારે પેટ ચોળાવવાની, અંગૂઠો બાંધવાની કે કાગળ બાળીને લોટામાં ભરી ઊંધો પેટે ચોટાડવાની માન્યતા.

૨૩. પનેલા, મૂઠિયાં કે પાતરા બનાવની વખતે દાથરો (કાંઠો) બનાવવા માટે લવાતી સામગ્રી કોઈ જોઈ જાય તો ન ચડેની માન્યતા.

## ૦ મૃત્યુ વિષયક કેટલીક માન્યતાઓ

વિધિના લખ્યા લેખ કોઈ દિ' મિથ્યા થતા નથી, એ ઉક્તિ અનુસાર થનારને કોઈ રોકી શકતું નથી. મૃત્યુ પણ નકકી કરેલા સમયે જ આવે છે. મનુષ્ય જન્મ અને મૃત્યુ એ બે બાબતોમાં પોતાનું ધાર્યું કરી શકતો નથી. છતાં મૃત્યુ પહેલા અને મૃત્યુ પછી પણ અનેક તર્કવિતર્કો કરે છે. આજે પણ આવી કેટલીક માન્યતાઓ ગામડાના લોકોમાં સ્વીકારાતી જોવા મળે છે. જેવીકે-

૧. માણસ મૃત્યુ પામવાની તૈયારીમાં હોય ત્યારે ગંગાજળ પાવાની અને હાથમાં પૈસા આપવાની માન્યતા. મનુષ્ય જીવતો હોય ત્યારે જે પૈસા આપવામાં આવે તેનાથી મૃત્યુ પછીના બાર દિવસો સુધી એમાંથી ખાઈ-પી શકે એવી માન્યતા.

૨. મૃત્યુ પછી મરનારના મુખમાં પૈસા મૂકવાની માન્યતા.

૩. મરનાર માણસને ઈચ્છાનુસાર જમવાનું ન આપવામાં આવે તો ઈચ્છા અધૂરી રહેતા આત્માને શાંતિ ન મળે એવી માન્યતા.

૪. જુવાનીમાં ઉપવાસ ન કર્યા હોય તો મનુષ્યને મરતી વખતે પણ ઉપવાસ કરાવે એવી માન્યતા.

૫. મૃત્યુ પછી મરનારનો આત્મા સાંજે પાછો આવે જેથી ઘરના બારણાં સાંજના સમયે (દિવસ ડૂબતાં) ઉઘાડા રાખવાની માન્યતા.

૬ મૃત્યુ પછી ઘરમાં અને વિસામે 'છાક' પાડવાની માન્યતા. (વાંસ નાખવાની)

૭. મૃત્યુ પછી મરનારને શેનો અવતાર મળ્યો તે જોવા માટે સાંજે થાળીમાં લોટ રાખીને ટોપલાથી ઢાંકી રાખવાની અને સવારે શેના પગલાં પડયાં તે જોવાની માન્યતા.

૮. કુંવારો છોકરો કે છોકરી મૃત્યુ પામે તો અંતિમ સંસ્કાર વખતે પીઠી લગાડવાની માન્યતા.

૯. મનુષ્ય હાલતાં ચાલતા મૃત્યુ પામે તો ડાકણ-ભૂત ખાય ગયાની માન્યતા.

૧૦. માણસ બીમાર પડી સૂકલકડી બની મૃત્યુ પામે તો ડાકણે 'સૂકીમૂઠ' માર્યાની માન્યતા.

૧૧. મરનાર માણસના આત્માને યમદૂત પાડા ઉપર બેસીને લેવા આવેની માન્યતા.

૧૨. પ્રસૂતિવાળી સ્ત્રી મૃત્યુ પામે તો દાટવાની માન્યતા.

૧૩. નાનું બાળક મૃત્યુ પામે તો 'ચોથિયું' કરી 'બાવલું' બનાવવાની માન્યતા.

૧૪. સુવાવડવાળી સ્ત્રી ૧૨ દિવસ પોતાના બાળકને સ્તનપાન કરાવવા આવેની માન્યતા.

૧૫. વાર તહેવારે મરનાર માણસની 'છાક' પાડવાની માન્યતા.[૯]

આ ઉપરોકત અનેક માન્યતાઓ ધોડિયા જાતિના લોકોમાં સામાન્ય રીતે સર્વત્ર જોવા મળે છે. પરંતુ વિસ્તારભેદે થોડી-ઘણી વિષમતાઓ અચૂક દેખાય છે. માણસનું મન અનિષ્ટથી આસક્તિ બને છે તેમ તેનું નિવારણ પણ શોધે છે, આવા તર્ક-વિતર્કના ભાવોમાંથી જ નિગમનો તારવેલા જોવા મળે છે અને આવી માન્યતાઓ કયારેક સામૂહિક રીતે પણ કરાતી જોવા મળે છે.

## ૮.૫ ધોડિયા જાતિની બાળરમતો

સૃષ્ટિના સર્જનમાં સર્જનહારે કોઈ કમી રાખી નથી. તેમ સંસારજીવનમાં મનુષ્યે પણ જીવન જીવવા માટે અનેક મનોરંજનની અવનવી તકો શોધી છે. દરેક મનુષ્યનું જીવન વૈવિધ્યસભર બનાવ્યું છે. 'બાર ગાઉ બોલી બદલાય' એ ઉક્તિ અનુસાર દરેક જાતિએ સમાજે અલગ-અલગ બાળ રમતો રમાતી હોય છે.

આદિ જાતિનાં બાળકો પણ સમાજની પરંપરિત કેટલીક પેઢી-દર પેઢી રમાતી આવતી રમતો આજે પણ રમે છે. રમવું એ કુદરતી છે. ગમે તેવી પરિસ્થિતિમાં પણ બાળક પોતાની રમૂજીવૃત્તિ માટે અવનવું શોધતી જ રહી છે. આદિવાસી જાતિનાં બાળકો પ્રકૃતિની સાથે હળીમળીને કુદરતમાંથી મળી રહેતી કેટલીક સાધન સંપત્તિનો ઉપયોગ કરીને પોતાનું બાળપણ રંગીન બનાવે છે. રમતો સાથે જોડકણાં જોડીને રમવાની બાળવૃત્તિ આ સમાજમાં અનોખી છે.

કોઈપણ જાતના ખર્ચ વિના મનોરંજનની અનેક રમતો રમાય છે. નવરાશની પળોમાં સૌ બાળકો ભેગાં મળી જુદા જુદા પ્રકારની રમતો રમે છે.

**o રમતના પ્રકારો**

મુખ્યત્વે ત્રણ પ્રકારની રમત રમી શકાય છે. (૧) છોકરાની રમત (૨) છોકરીની રમત (૩) છોકરા-છોકરીની રમત. આ પ્રકારની રમતમાં જુદી જુદી રમત રમાય છે. અમુક ઉંમરનાં બાળકો સુધી આ રમત રમાય છે.

### ૮.૫.૧ છોકરાની રમત

કેટલીક રમતો ફક્ત છોકરા માટેની છે. જો કે એવું નિશ્ચિત નથી કે આ રમત છોકરી ન રમી શકે. છતાં મોટેભાગે આવી રમતો છોકરા વધારે રમે છે. જેમાં ભમરડાની રમત, ધનુષબાણની રમત, કોડીની રમત, લખોટીની રમત, હુતુતુની રમત (કબડ્ડી).

ભમરડાની રમતમાં દરેક રમનાર બાળક દોરી-ભમરડો પોતાનો રાખે છે. ગોળ કુંડાળામાં દાવ આપનાર બાળકનો ભમરડો મૂકી અન્ય બાળકોએ ભમરડા ઉપર નિશાન કરી એને બહાર કાઢવાનો પ્રયત્ન કરે છે. જો ભમરડાને નિશાન લાગે તો તેણે દાવ ન આપવો. પણ કયારેક નિશાન લાગે તો દાવ આપનાર બાળકે તે ફરતા ભમરડાંને પોતાની દોરીથી ઊંચકી ઝીલી લેવો જો ઝીલાય તો તેના માથે દાવ આવે. પોતાનો ભમરડો કાઢી લઈ ઝીલેલો ભમરડો કુંડાળામાં મૂકી દાવ આગળ ચાલે.

કોડીની રમત પણ બાળકો ભેગાં મળી રમે છે. હાર-જીત સાથે કોડી ઉપર કોડી ચઢાવતા જાય છે. 'ધનુષબાણની રમત' પણ ખાસ કરીને છોકરા જ રમે છે. આ રમત તાડના પાનની પટ્ટીમાંથી ધનુષ બનાવી મોરનો અવાજ કાઢવાની રમત છે. જે બાળક મોરનો અવાજ લાંબો કાઢી શકે તે જીત્યો ગણાય. એવી જ રીતે ખજૂરીના પાનમાંથી ચકરડી બનાવી. હવામાં લઈને દોડવાની અને ચકરડી ખૂબ ફરે તો આનંદ થયાની રમત પણ આગવી છે.

હુતુતુની રમતમાં બે પક્ષમાં સરખે સરખા છોકરા ગોઠવાઈ જઈ નકકી કરેલી રેખા ને ઓળંગવા કાબેડી... કાબેડી... કરતું બાળક આવે છે. દાવ લેનાર બાળકોએ બાળકને રેખા ઓળંગતા પહેલા ઘેરી લઈ દમ છોડાવે છે. કયારેક દાવ આપનાર બાળક બધાં બાળકોને ઘસડી રેખા ઓળંગી લે અને જીત મેળવે છે. ટૂંકમાં કબડ્ડી જેવી જ રમત છે. પણ એમાં નિયમો કાચા હોય છે. કયારેક છોકરીઓ પણ આવી રમતમાં ભાગ લે છે.

### ૮.૫.૨ છોકરીની રમત

કેટલીક રમતો છોકરીઓ પૂરતી મર્યાદિત છે. જેમકે પાંચીકા, ઘરસંસાર, લંગડી, ઢીંગલી આદિ રમતો ઘણી છોકરીઓ ભેગી મળી રમે છે.

પાંચીકાની રમતમાં સરસ મજાના ગોળ લીસા પાંચ પથ્થરો અથવા મહુડાના બી (મગડોળ) ભેગા કરી રમે છે જેમાં જુદી જુદી રમતો રમે છે. હાર-જીતની રમતો પણ હોય છે. ઘરમાં બેઠાં બેઠાં, ઢોર ચારતી વખતે મેદાનમાં આવી રમતો રમાય છે. પાંચીકો ઊંચો

ઉછાળી એક હાથે, બે હાથે ઝીલી થપ્પો લગાવી દાવ પૂરો કરવાની આવડત જોનારને પણ રમૂજ ઉપજાવે એવી છે.

ઢીંગલી રમતમાં બે પક્ષમાં છોકરીઓ વહેંચાઈ જઈ વર-કન્યાને પરણાવવાની રમત રમે છે. નકામા કપડાંમાંથી કે આંબાના પાનમાંથી ઢીંગલા-ઢીંગલી બનાવી વન્ય પ્રકૃતિમાંથી મળી રહેતા ફૂલ-પાન કે ફળથી શણગારી લગ્નની વિધિ મુજબ વર-કન્યાના લગ્ન કરાવે છે. આ રમતમાં કયારેક ઢોલીવાળા તરીકે છોકરાઓને પણ રમાડે છે. 'વિદાય' સમયે કન્યાનાં સ્વજનો રોતાં રોતાં ઢીંગલીને વિદાય આપે છે. લગ્નની તમામ વિધિ આ રમતમાં કરાય છે.

'ઘરસંસારની રમતમાં' છોકરીઓ માતા-પિતાના દામ્પત્યજીવનમાં નિહાળેલા પ્રસંગોનું અનુકરણ કરી ઘર-ઘરની રમત રમે છે. આ રમતમાં રસોઈ બનાવવી, ખેતરકામ કરવું, મહેમાન જવું, બજારમાં ખરીદી કરવી. બાળકોને રમાડવા આદિ અનેક પ્રસંગો ને વણી લેવામાં આવે છે. આ રમત ઘણી લાંબી ચાલે છે. ગાર-માટીમાંથી બનાવેલાં વાસણો, ઝાડ-પાનને એકત્ર કરી મનોરંજન મેળવે છે.

'લંગડી રમત' છોકરીઓની મહત્ત્વની રમત છે. લંગડી કરતાં-કરતાં એકબીજાને પકડવાની આ રમત અનોખી છે. લંગડી કરી દોડનાર છોકરી જે છોકરીને પકડી પાડે તે છોકરીના માથે દાવ આવે છે.

આ ઉપરાંત દોરીકૂદની રમત પણ રમાય છે. ઘાસમાંથી વણેલા દોરડા કે વેલામાંથી બનાવેલી દોરડી વડે છોકરીઓ અવનવી રમત રમે છે. આ રમતમાં સાયકલ રમત, બેઠા કૂદકાની રમત, લંગડી રમત, બે-બેની જોડમાં કૂદવાની રમત તેમજ અવળું કૂદવાની રમત વગેરે હોય છે. આ સિવાય ફેર કુદરડીની રમત પણ એટલીજ લોકપ્રિય છે.

'અમે ફેરકુદરડી રમતાં'તાં,

રમતાં-રમતાં પડી જવાની કેવી મજા.'

જેવાં જોકકણાં ગાતાં ગાતાં હાથમાં હાથ ભરાવી ગોળગોળ ફરવાની રમત પણ એટલી જ મહત્ત્વની છે.

## ૮.૫.૩ છોકરા-છોકરીની રમત

કેટલીક રમતો બંને ભેગા મળીને રમે છે. આ પ્રકારની રમાતી રમતોમાં વૃક્ષો પર રમાતી રમત, પાણીની રમત, ઉકરડાની રમત, ખળીની રમત, ઘરઆંગણાની રમત, મેદાનની રમત જેવી અનેક રમતો રમાય છે.

### o વૃક્ષો પર રમાતી રમત

આંબાપીંપળી કે આંબલીપીંપળી થી ઓળખાતી આ રમત મોટા ઘટાદાર ચઢી ઉતરી શકાય એવાં વૃક્ષો પર રમવામાં આવે છે. આ રમત છોકરા-છોકરી બંને હળી મળીને રમે છે. આ રમતમાં દાવ દેનાર બાળક વૃક્ષ નીચે કરેલા કુંડાળામાં મૂકેલી લાકડી (દાંડી) સાચવવાનું કામ કરે છે. જયારે દાવ લેનાર તમામ બાળકો ઝાડ ઉપર ચડી કૂંડાળામાં મૂકલી લાકડીને પકડાયા વગર કુંડાળામાંથી લાકડી ઉપાડી બોંટવાની હોય છે. પ્રથમ લાકડીને એક બાળક પગની આંટીમાંથી દૂર ફેંકી ઝાડ ઉપર ચડી જાય છે. દાવ આપનાર બાળક દોડતું દોડતું લાકડી લાવી કુંડાળામાં મૂકી ઝાડ પરનાં બાળકોને પકડવાનો પ્રયાસ કરે છે. એ સમય દરમ્યાન ઝાડ પરથી કૂદકા મારી બાળકો લાકડી બોટી નાંખે અને પાછો દાવ આપવો પડે છે. જે પકડાય તેનાં માથે દાવ આપવાનો વારો આવે છે. ઝાડની ડાળી ઉપર વાંદરાને પેઠે લટકી-કૂદી પડવાની રમૂજી વૃત્તિ અનોખી છે. ચઢ-ઉતર દ્વારા બાળકની શારીરિક ક્ષમતા કેળવાય છે તેથીજ તો શ્રમિકોનાં બાળકો શરીરે વધારે મજબૂત હોય છે.

### o પાણીમાં રમાતી રમત

દક્ષિણ ગુજરાતનો વિસ્તાર એટલે પાણીનો પ્રદેશ બારેમાસ નદી-નાળા-તળાવો કે વોકળામાં પાણી રહેતું હોવાથી ઉનાળાની ગરમીથી બચવા આ જાતિનાં બાળકો નદીમાં નાહવા માટે નિયમિત જાય છે. આમ પાણીમાં નહાતાં-નહાતાં પણ મનોરંજન મળી રહે એવી કેટલીક પાણીની રમતો રમે છે. પાણીમાં ડૂબકી મારી પકડદાવ રમવાની રમત જોડકણાં જોડીને રમાય છે. જેમકે-

'દાવ આપનાર બાળક : બાળક-આવડું હુ?

બધાં : ઈંડુ

દાવ આપનાર બાળક-કોણે ફાયડું?

બધાં-કાગડાએ

દાવ આપનાર બાળક-કાગડાનો જમાઈ કોણ?

બધાં : મનુ.'

બધાં બાળકોને એકી સાથે જે બાળક તરફ આંગળી ચિંધાય તે બાળકના માથે દાવ આવે છે અને પાણીમાં પકડવાની રમત રમાય છે. જે પકડાય તેના માથે દાવ. આમ રમત લંબાતી જાય છે.

બીજી રમતમાં બધાં બાળકો બે પક્ષમાં વહેચાય જઈ એકબીજા ઉપર પાણી ઉડાડીને રમત રમે છે. બંને પક્ષ પાણીમાં દૂર-દૂર ઊભાં રહી જોડકણાં ગાતાં ધીમે ધીમે નજીક આવે છે. પ્રથમ બંને હાથથી ધીમું પાણી ઉછાળી, પછી ધૂબાકા મારી અને અંતે 'કેશરિયો જાનો લાવ્યો, જાનો લાવ્યો' જેવી ગીતકડી ગાતાં એકબીજા ઉપર પાણીનો ખૂબ મારો ચલાવે છે. જે પક્ષ પાણી ઉડાતો બંધ થઈ જાય તે પક્ષ હારી ગયો ગણાય.

પાણીમાં દમ ઘૂંટવાની રમત. એક જગ્યાએથી ડૂબકી મારી દૂર સુધી દમ ઘૂંટી બહાર નીકળવાની રમત. આ રમતમાં જે સૌથી નજીક નીકળ્યું હોય તે પકડવા માટે દોડે અને પકડદાવની રમત ચાલે ત્યારબાદ નદીમાંથી પાતળો ચોરસ પથ્થર કાઢી 'દેડકી કૂદાડવાની રમત' જેનો પથ્થર વધારે કૂદકા મારી દૂર પડે તે જીત્યો ગણાય. આ રમતમાં કૌશલ્યતાની સાથે સાથે શક્તિનું પણ પ્રદાન હોય છે.

આ ઉપરાંત તરણી સ્પર્ધાની રમત. આ રમતમાં ડૂબકી મારીને આંખ બંધ કરીને, વામિયુ તરીને કે ઊંધી ખાટલી તરીને દૂર સુધી જવાની રમત રમાય છે. સૌથી વધારે દૂર તરી શકે તે જીતી જાય છે. પાણીની રમતમાં પણ ઘણું મનોરંજન હોય છે.

## ૦ ઉકરડાની રમત

વૈશાખ મહિનામાં ખેતરો ખાલી થતાં હોવાથી આખા વર્ષ દરમ્યાન નાંખલો ઉકરડાનો કચરો જે ખાતરરૂપે ખેતરોમાં કાઢી નાંખવામાં આવે છે, ત્યારે ઉકરડો ખાલી પડે છે. આવા ખાલી પડેલા ઊંડા ઉકરડામાં પણ બાળકો 'દાંડી બોટવાની' રમત રમે છે. દાવ આપનાર બાળક ઉકરડામાં રહી દાંડી સાચવે છે. જ્યારે દાવ લેનાર બાળકો ઉકરડાની કિનારે (પાળે) રહી દાવ આપનાર બાળકનું ધ્યાન ચૂકવી અચાનક ઉકરડાંમાં ભૂસકો મારી દાંડી બોંટી નાંખે છે. દાંડી બોંટવા પહેલા જે બાળકને પકડી પાડે તે બાળક દાવ આપે છે.

ઉકરડાની અંદર 'આંધળો પાટો'ની રમત પણ એટલી જ લોકપ્રિય છે. દાવ આપનાર બાળકના આંખે કપડાંનો પાટો બાંધી ઉકરડામાં ગોળ ગોળ ફેરવી છોડી મૂકે છે. બધા બાળકો ઉકરડાના ખૂણે-ખૂણે લપાઈ જાય છે. જે બાળક હાથમાં આવે તે બાળકને નામ સહિત ઓળખી બતાવવાની આ રમતમાં કયારેક ભૂલ થાય અને બીજાનું નામ પડે તો 'બાટલીફૂટી' ગણાય ફરી તેજ બાળકે દાવ આપવો પડે છે. આ રમતમાં બાળકની ચાલાકી, હોંશિયારી પૂરવાર થાય છે. આ રમત ન ઓળખી શકાય એ માટે આંખે પાટો બાંધ્યા પછી દાવ લેનાર બાળકો એકબીજા સાથે વસ્ત્રો-અલંકારો અદલાબદલી કરી લે છે. જેથી 'બાટલીફૂટે' આમ આવી અનેક રમતો દ્વારા મનોરંજન કરે છે.

## ૦ ખળીમાં રમાતી રમત

પાકને એકત્ર કરી અનાજ કાઢવાની જગ્યા એટલે 'ખળી'. કૃષકોનો નાતો ખળી સાથે રહ્યો હોવાથી નવરાશની પળોમાં કૃષકનાં બાળકો આનંદ-મોજ-મસ્તી માટે ખાલી પડેલી ખળીમાં જુદી-જુદી રમતો રમે છે. આ રમત રમતી વખતે દાવ કોણે દેવો તે નકકી કરવા ખળીના ગોળ ફરતે દમઘૂંટી મુખમાંથી એક પ્રકારનો અવાજ કાઢી દોડે છે. જ્યાં દમ છૂટે તે જગ્યાએ ઊભાં રહી જવું દરેક બાળક આમ કરે છે અને જે સૌથી નજીક ઊભું હોય તેના માથે દાવ આવે છે.

ખળીમાં પકડદાવ, હાથકડી, લંગડી, ચિકાટીયું વગેરે રમે છે. પકડદાવમાં દાવ આપનાર એક બાળકને પકડી પાડે તો બંને બાળકો હાથ પકડી દોડે આમ એક પછી એક બાળકો સાંકળ બનાવી છેલ્લા બાળકને પકડી રમત પૂરી કરે છે. કેટલીકવાર બાળકો રમત રમતા સતત એક જ બાળક ઉપર દાવ આવે ત્યારે એ બાળક રમવાની ના પાડે તો બીજા બાળકો એના ઉપર જોડકણું ગાઈ.

'એક બાળક : ટિડિયા ટિડિયા શું જોઈએ,

બધાં બાળકો : કાચલી ભરી ગૂ જોઈએ.

એક બાળક : કાચલી તો કાણી,

બધાં બાળકો : ગૂ ખાવાની માંદી.'

એમ કહીને બાળકને (ખીજવે) હેરાન કરે છે અને મનોરંજન મેળવે છે.

**૦ ઘરઆંગણાની રમત**

ગામડાંના ઘરનાં આંગણા હંમેશાં સપાટ, ચોખ્ખા અને પ્રમાણમાં મોટા હોય છે. ગામડાંના લોકો નવરાશની પળોમાં મોટેભાગે સાંજના સમયે આંગણામાં ખાટલા ઢાળી ખુલ્લા આકાશ નીચે જીવનની ઘટમાળ વાગોળતા બેઠા હોય છે. તો કયાંક દાદા-દાદીને ટોળે વળી ગામનાં અબુધ બાળકો રાજા-રાણી, પરી, ચમત્કારની કે ભૂત-પિશાચની અવનવી વાતો સાંભળતાં હોય છે. આવા કાયમના સથવારારૂપ આંગણામાં નાનાં-મોટાં બાળકો અવનવી મનોરંજનની અનેક રમતો રમે છે. જેવી કે- પકડદાવ, ખાનપાન, મામાનું ઘર કેટલે, ચલાક ચલાણું, ફણસની રમત, માછલી રમત, ટપલી દાવ, સંતાકૂકડી, બકરાચોરની રમત, નદી કે પર્વત, દરવાજાની રમત, ભગતની રમત, રૂમાલની રમત. વગેરે.

ધોડિયા જાતિનાં બાળકો રમતમાં મોટેભાગે બે ટુકડીમાં વહેંચાય જઈ રમે છે. ટુકડી નકકી કરવા માટે ભિલ્લુ નકકી કરી, ટુકડી બનાવાય છે. સરખી ઉંમરનાં બે બાળકો ભિલ્લુ બની બે-બેની જોડીમાંથી ટુકડી બનાવે છે. બે બાળકો ખાનગીમાં પોત-પોતાના નામ નકકી કરી ભિલ્લુ પાસે આવી જોડકણાં ગાય છે.

બાળકો : અમે બે આયવા.

ભિલ્લુ : શું શું નામ લાયવા?

બાળકો : કોઈને જોઈએ આંબો કે આંબલી?

એક ભિલ્લુ : આંબો.

આંબો નામ ધારણ કરનાર બાળક એની ટુકડીમાં જાય અને આંબલી બીજી ટુકડીમાં આમ દરેક ટુકડીમાં ગોઠવાય છે. કયારેક એક બાળક વધે તો તે એકલું જ આવે બંને મુઠ્ઠી આગળ કરી આ જોઈએ કે આ એમ કહી જે મૂઠ્ઠી ખોલાવે જે મુઠ્ઠીમાં કાંકરો નીકળે તેણે માંગનારમાં જવાનું અને એ મુઠ્ઠીમાં ન નીકળે તો બીજા પક્ષમાં જવાનું એમ ટુકડી તૈયાર કરી રમતો રમાય છે.

દાવ નકકી કરવા પણ પથ્થર ઉછાળવામાં આવે છે. પથ્થરના એક ભાગે થૂંક લગાડી ભીનું (લીલ) કે (ઉભ) સૂકું તે નકકી કરી માગ્યા પ્રમાણે દાવ અપાય છે. આવી રમતોમાં આગળ જોઈ ગયા તેમ પકડદાવ. બેઠકદાવ, હાથકડી વગેરે રમે છે. ચોમાસા દરમ્યાન ઘરમાં બેસીને કે આગણાંમાં  ગોળાકારે રમી શકાય એવી રમતોમાં આનપાન, હાથકડી, ચલાક ચલાણું, માછલીરમત, દરવાજાની રમત, ફણસની રમત, બકરાચોરની રમત, આદિ રમાય છે.

'આનપાન'માં એક બાળક બધાં બાળકોને જમીન ઉપર ગોળાકારે બેસાડી દરેક બાળકના બંને હાથ જમીન ઉપર ઊંધા મૂકાવી દરેક હાથ ઉપર આંગળીથી ગણતો જાય અને બોલે છે.

'આનપાન પીપડી જમાડી જાન,

એકજાન ભૂખી થાળી ધોઇ ઊઠી.

થાળીમાં તો કોપરા,

ભાઈ તમારા છોકરા.

છોકરાં-બોકરાં સારા છે કે,

પિત્તર પગલું પાડે છે.

આ ઘેર, પેલું ઘેર,

છેલ્લે ઘર ટિપ્પો.'

આમ બોલી જે બાળકના હાથ ઉપર 'ટિપ્પો' પડે તે હાથ સવળો કરાવી દે. આમ જે બાળકના બંને હાથ સવળા બને તો તે બાળકને બંને હાથ પાછળ સંતાડી દેવામાં આવે અને તે પછી બાકી રહેલાં બાળકોને આનપાન-ગાતાં-ગાતાં સવળાં હાથ કરાવી છેલ્લે દરેક બાળકને વારા ફરતી પૂછે છે.

'ભાઈ, ભાઈ તારા હાથ કાં નાયખા?

છાણમાં,

છાણમાંથી શું શું મયળું?

પૈસા.

પૈસાનું શું કયરું?

ઘડો લીધો.

ઘડાનું શું કયરું?

કૂવાને આયપો.

કૂવાએ શું આયપું?

પાણી.

પાણીનું શું કયરું ?

પાણી મેં બાગને આયપું.

બાગે શું આયપું?

ફૂલ.

ફૂલનું શું કયરું?

બાને આયપા.

બાએ શું આયપું?

લાડુ.

લાડુનું શું કયરું?

એક લાડુ મેં ખાધો એક લાડુ ઘંટીમાં રાયખો

તો બિલાડી ખાય ગઈ.' આમ કહી બાળકને મનોરંજન પૂરું પાડે છે.

'મામાનું ઘર કેટલે' રમતમાં એક બાળકના હાથમાં ખોબો ભરી ધૂળ આપવામાં આવે બીજું બાળક તે બાળકના આંખે હાથ દઈ આગળ કરી દૂર સુધી બંધ આંખે ધૂળની ઢગલી કરાવી આવે પછી ફરી ત્યાં સુધી લઈ આવે લઈ જતી વખતે બાળક બોલતું જાય.

દાવ દેનાર- 'મામાનું ઘર કેટલે?

દાવ આપનાર- દીવા બળે તેટલે.

મામા તો મેં દીઠા

મામા લાવે પેંડા

મામા લાગે મીઠા.'

આમ બોલતાં-બોલતાં બાળકને પાછું લઈ આવી. ધૂળની કરેલી ઢગલી શોધવા મોકલે છે. જો ઢગલી શોધી કાઢે તો બીજા બાળકનો દાવ આવે. ન શોધે તો ફરી એજ બાળકને દાવ દેવો પડે.

'ચલાક ચલાણું', ફણસની રમત, માછલી રમત, બકરા ચોરની રમત, આદિ રમતો ગોળાકારે રમાતી રમતો છે. બાળકો ગોળાકારે એકબીજાના હાથ પકડી ગોળગોળ ફરે અને ગોળાકારમાં વચ્ચે ઊભેલું બાળક બોલે-

બાળક : 'ચલાક ચલાણું?

બધાં : ગોળ ગોળ ધાણી,

આ ઘર પેલી ઘર?

બધાં : આ ઘર.'

બાળકો અટકી જાય અને વચ્ચે ઊભેલું બાળક હાથ પકડેલ બે હાથ વચ્ચે બંને હાથથી ધીમેથી ઝટકો મારે. બાળકો મજબૂત પકડી રાખે અને કડી છૂટવા ન દે. આમ બધા હાથ ઉપર ઝટકા મારતાં-મારતાં બાળક બોલે 'એક દરવાજો તોડું કે?

બધાં- તલવાર લઈને દોડું કે. અને કયાંક પકડ ઢીલી થતાં દરવાજો ખુલી જાય અને દાવ આપનાર બાળક ભાગવા માંડે. બધાં બાળકો ભાગનાર બાળકને પકડી પાડે અને રમત પૂરી થાય પછી ફરી એજ રીતે બીજાનો દાવ આવે.

ફણસની રમત અને બકરાચોરની રમત લગભગ એક સરખી છે. પણ એનાં જોડકણાંની કથા જુદી છે.

આ રમતમાં એક બાળક ફણસનું વૃક્ષ બને અને બીજાં બાળકો એ બાળકના બંને પગ પકડીને ચોંટી જાય. બીજું એક બાળક દૂરથી લંગડી કરતું આવે અને ફણસ બનેલા બાળકને કહે.- રાજાની પોરી (છોકરી) માળ ઉપરથી પડી ગઈ, તે ખૂબ રડે છે, તો છાની રાખવા માટે રાજાએ એક ફણસ મંગાવ્યું છે. વૃક્ષ બનેલ કહે લઈ જાને એક-બે આવનાર બાળક લંગડી કરતું ગોળગોળ ફરે અને વારાફરતી બાળકના માથે આંગળીથી ટોચે અને બોલે-

બાળક : કાચું કે પાકું?

વૃક્ષ : પાકું.

બાળક : કાચું છે.

અંતે એક બાળકને પાકું ફણસ ગણીને રાજાની કુંવરી માટે લઈ જાય છે. આમ વારાફરતી રમત આગળ ચાલે છે.

બકરાચોરની રમતમાં પણ એક બાળકના પગે બધાં બાળકો ચોંટી જાય અને એક બાળક દૂરથી પૂછે-

આવનાર બાળક : બોર ખાવા આવું કે?

બાળક : આવને?

આવનારા બાળક : કાળિયો કૂતરો કડે કે?

બાળક : ની

આ બાળક : ડોહોને ડોહી વઢે તો?

બાળક : ની.

પેલું બાળક લંગડી કરતું-કરતું જાય અને પગે-ચોંટેલા બાળકને માથે આંગળીથી ટોચી કાચું પાકું- પૂછીને બકરાં બનેલા એક બાળકને ચોરી જાય છે. એટલે બકરું ચોરી ગયા એમ માની બીજાં બધાં બાળકો તેની પાછળ દોડે છે.

માછલી રમતમાં બધાં બાળકો ગોળાકારે બેસી એક બીજાની હાથ ઉપર હાથની મૂઠી મૂકી એક બાળક બોલે-

'ઝીણી ઝીણી જાળમાં માછલી ફસાઈ,

બોલ મારી માછણ કેટલા પાણી.

બધાં બાળકોમાંથી એક બાળક જે ઉપર મૂઠીવાળી તે મૂઠી ઉતારી લઈ બધાં બોલે- એટલા પાણી. આમ એક પછી એક હાથ નીચે ઉતરતો જાય અને રમત રમતા જાય. એજ રીતે આવી જ રમત. ગોળાકારે બાળકો હાથ પકડીને ગોળ ફરતાં ફરતાં રમે છે. આમાં પણ એક બાળક વચ્ચે ઊભા રહી. પગના તળિયાથી માથા સુધી હાથના અભિનયથી પાણી બતાવી અંતે જાળમાં ફસાઈ જાય છે. તે વખતે બધાં બાળકો માછલી બનનારને પૂછે.

'ઈત્તા ઈત્તા પાણી'

બાળક પાણી, ગોઠણ, કમર, છાતી, ગળા અને પછી છેલ્લે માથા ઉપર હાથ રાખે અને બધાં બાળકોએ બાળકને ભાગી જતાં પકડી લે છે અને માછલી જાળમાં પકડાઈ જાય છે. આ પ્રકારની રમત માછીમારોનાં બાળકોમાં પણ જોવા મળે છે. આમ વિવિધ મનોરંજન રમતો રમાય છે.

## ૦ મેદાનમાં રમાતી રમત

આ પ્રકારની રમતમાં આટાંપાટા, ગિલ્લી ડંડો (દાંતેલો) અને આજની ક્રિકેટ, વોલીબોલ, કબડ્ડી, હોકી જેવી અનેક રમતો રમાય છે.

આંટા-પાટાની રમત મોટા ભાગે વરસાદની ઋતુમાં ભીની માટીમાં વધારે રમાય છે. ચાર ચોકઠા બનાવી. દાવ આપનાર બાળક વચ્ચમાં રમનાર બાળકની સંખ્યા જેટલા પથ્થરો મૂકી સાચવે છે. ચારે પાટા અડકવા જતી વખતે પથ્થરો દાવ લેનાર બાળકો કાઢી લે છે અને બધાં બાળકોને પોત-પોતાનો પથ્થર મળી જતાં ચારેય ચોકઠામાં ગોઠવાય જાય. આમ કરતાં કદાચ કોઈ બાળક આઉટ થઈ જાય તો એના માથે દાવ આવે છે અથવા ચાર ખાનાની લીટી ઉપર પણ પગ મૂકાય જાય તો બાળક આઉટ ગણાય અને એણે દાવ આપવો પડે છે.

'ગિલ્લીડંડા'ની રમતમાં એક અઢી-ત્રણ ફૂટની લાકડી અને ગિલ્લી લાકડામાંથી ઘડીને બનાવવામાં આવે છે. નવ-દસ ઈંચ લાંબો છીછરો ખાડો ખોડી તે ખાડામાં આડી ગિલ્લી મૂકીને લાકડીથી કોલી કરવામાં આવે છે. સામે રમનારાં બાળકો ગિલ્લીને ઝીલવાનો પ્રયત્ન કરે છે. જો ઝિલાય જાય તો આઉટ ગણાય અને ન ઝીલાય તો ખાડા ઉપર મૂકેલી દાંડીને ટોચવાનો કે ખાડા નજીક નાંખે છે. પછી લાકડીથી માપે છે. લાકડી ગિલ્લીને અડી જાય તો આઉટ ન અડે તો ગિલ્લી વડે દાવ લેનાર બાળક ગિલ્લીના છેડે લાકડી મારી ઉછાળી ને ગિલ્લીને ટોચે છે અને દૂર સુધી લઈ જઈ ને માંગે છે. કેટલાનો આશરે ૧૦૦, ૫૦, ૪૦ જેટલા અંક બોલે તેટલી દાંડી મપાવી જોઈએ. જો થાય તો અંક ગણાય અને ન થાય તો આઉટ થાય. પછી બીજાનો વારો આવે એમ બંને ટુકડીમાં વારાફરતી દાવ લે અને મેળવેલ અંકની ગણતરી કરી હારનાર ટીમને મૂંઠિયા, પનેલા, ઉંડા જેવી વાનગી ગિલ્લી ટોચીને ખવડાવવામાં આવે છે. આમ હારનાર ટીમને ગિલ્લી ટોચીને મારતા જાય અને ખીજવતા જાય અને મનોરંજન મેળવે છે.

ઉપરોકત રમતો સિવાય અન્ય બીજી પણ નાની મોટી રમતો રમાતી જોવા મળે છે.

જેમાં રૂમાલ શોધવાની, હાથમાંથી કાંકરો શોધવાની, 'આંગોલી, પાંગોલી કાંચકા ચબૂક' જેવી અનેક રમતો રમીને આદિવાસી જાતિનાં બાળકો મનોરંજન મેળવે છે. એમની લગભગ બધી જ રમતો કોઈપણ પ્રકારના ખર્ચ વિનાની મફતમાં રમી શકાય એવી રમતો છે.

## ૮.૬ ધોડિયા જાતિનાં લોકસંગીતમાં લોકવાદ્યો

દેશ અને દુનિયાના તમામ ભાગોમાં વસતી પ્રજા પાસે પોતપોતાની જાતિની આગવી સંસ્કૃતિ, પહેરવેશ, આભૂષણો, દેવ-દેવીઓ, લોકઉત્સવો, લોકસંગીત અને લોકવાદ્યો પણ છે. આદિવાસી જાતિ પાસે પણ એમની મહામૂલી લોકસંપત્તિ છે. ધરતીમાતાએ ઓઢેલી નવરંગ ચુંદડી જેવું આદિવાસી લોકજીવન અલૌકિકરૂપે આવાં લોકવાદ્યોથી દીપી ઊઠ્યું છે. આવો કુદરતનો લાડકવાયો આદિવાસી સમાજ ભાત-ભાતની સંગીત સુરાવલિથી ભીંજાઈને ધન્ય બની ગયો છે.

આદિવાસી લોકોના ઉદ્યમો અને મહેનત ભર્યા લોકજીવનને હળવું ફૂલ બનાવવાનું કામ આવાં લોકવાદ્યોએ કર્યું છે. નવરાશની પળોમાં વાદ્યોના તાલે નૃત્યો કરી ભરપૂર મનોરંજન પ્રાપ્ત કરે છે. લોકહૈયામાં આનંદનો અબીલગુલાલ ઉડાડતાં લોકવાદ્યો અવિરત ફુવારા ઉડાડે છે.

વનવાસી (આદિવાસી) જાતિઓ પાસે વિવિધ પ્રકારનાં વાદ્યો મળે છે. આ લોકવાદ્યનો ઉપયોગ આદિવાસી લોકો નૃત્યો, સામૂહિક ઉત્સવો, મેળા, લગ્ન, દેવપૂજન કે મૃત્યુ આદિ પ્રસંગોમાં કરે છે. એમાંથી મોટાભાગના વાદ્યોનો ઉપયોગ 'નૃત્ય' (ચાળો) નાચવા માટે થાય છે. આ ઉપરાંત પહેલાના સમયમાં નિશ્ચિત ધ્વનિ સંજ્ઞા (Sound motif) વડે મરણિયો ઢોલ તથા લગ્ન પ્રસંગનો લય વગાડી દૂર-દૂર સુધી શુભ-અશુભના સમાચારો પહોંચતા. જો કે હાલમાં આવી કોઈ પદ્ધતિ દેખાતી નથી.

લોકવાદ્યોનો પરંપરા ઘણી પ્રાચીન છે. વિશ્વભરના આદિવાસીઓમાં આજે પણ આવાં લોકવાદ્યો જોવા મળે છે. આવાં લોકવાજિંત્રો 'દૈવી' ગણાતા હોવાથી એની પવિત્રતા જાળવવાનો આગ્રહ આજે પણ આદિવાસી સંસ્કૃતિમાં જોવા મળે છે. વાર-તહેવારે કે

ઉત્સવો આદિમાં વગાડા વાજિંત્રો ને સૌપ્રથમ ધૂપ-ધૂમાડો આપ્યા પછી જ તેનો ઉપયોગ કરવામાં આવે છે. આ ઉપરાંત વારતહેવારે આવાં વાદ્યોને પવિત્ર કરી ધૂપ-દીપ કરીને મૂરત પૂરતું વગાડીને ફરી પાછા મૂકી દેવામાં આવે છે. આ માન્યતા પાછળ ધોડિયા જાતિનું માનવું છે કે- 'વાદ્યોમાં દૈવી શક્તિનું સ્થાન હોવાથી વાર-તહેવારે પણ શક્તિની આરાધના ન કરવામાં આવે તો શક્તિ આપણા ઉપર નારાજ થઈ જીવનમાં વિઘ્નરૂપ બને આવા વિઘ્ન/ નડતરમાંથી બચવા પણ આ જાતિના લોકો મૂરત પૂરતું વગાડે છે.'[૯] આ મંતવ્યો પાછળ અનેક શ્રદ્ધાના તંતુઓ જોડાયેલા છે.

પ્રકૃતિમાંથી અને સજીવસૃષ્ટિમાંથી માણસને વિવિધ ધ્વનિ એકમો મળ્યા અને એમાંથી નાદ ઉત્પન્ન કરી અવનવા સંગીતનાં માધ્યમો શોધ્યાં, અને વાદ્યોના માધ્યમથી નાદની ગતિને નિશ્ચિત સ્થાન અપાયું. આદિવાસી ગણાતા લોકોએ પણ લોકસંગીત માટે અવનવાં તાલવાદ્યો વિકસાવ્યાં. આદિજાતિ એ પ્રકૃતિમાંથી પોતાની કલાસૂઝ પ્રમાણે વગડાઉ સામગ્રી એકત્ર કરી વિવિધ વાદ્યોની રચના કરી. કુદરતે બક્ષેલા વિવિધ વૃક્ષોનાં લાકડાં, વાંસ, ઘાસ, તૂંબડાં, દૂધી, પ્રાણીઓનાં ચામડાં, શીંગ અને પશુપંખીનાં પીંછાંમાંથી લોકવાદ્યો સરજાતાં રહ્યાં છે.

'ભારતીય સંગીત શાસ્ત્રો પ્રમાણે ચાર પ્રકારનાં વાદ્યો જોવા મળે છે. તત્, અનવદ્ધ, ઘન અને સુષિર.'[૧૦] ભારત જાણે લોકસંગીતનું સંગ્રહાલય હોય તેમ સંગીતની વિવિધતા અને વિપુલતા જ એનું આગવું લક્ષણ હોય એમ ભારતના ખૂણે ખૂણે લોકસંગીત અને લોકવાદ્યો જોવા મળે છે. આપણી ભારતીય સંસ્કૃતિ ઉપર થયેલી પરસંસ્કૃતિની અસરને કારણે આજે પણ અલગ-અલગ સંગીતતા પ્રવર્તેલી છે.

પ્રકૃતિ જાણે લોકવાદ્યોની જનની હોય તેમ માનવજીવનની સાથે લોકવાદ્યો પણ એકલીન બન્યા છે. આપણી સંસ્કૃતિ સંગીતભર્યા સૂરોથી ઓતપ્રોત બની છે. લોકવાદ્યો દ્વારા ગવાતાં લોકનૃત્યોમાં માનવજીવનની સંસ્કૃતિનો ધબકાર અચૂક ઝીલાયો છે. માનવજીવનને સંસ્કારવાનું ગતિમાન રાખવાનું કે પરંપરાની સાથે દોડતું રાખવાનું કામ આપણા લોકસંગીતનાં લોકવાદ્યોએ જ ટકાવી રાખ્યું છે. લોકસંગીતની અભિવ્યક્તિને કારણે જીવનને સુંદરતા બક્ષી

છે, અન લોકસંસ્કૃતિની મોભાદાર કલા સંસ્કૃતિ સુરક્ષિત પણ બની છે. આવું પ્રારંભિક લોકવાદ્ય કેવું હશે એની કલ્પના કરતા સમજાશે કે રડતાં બાળકને હસાવવા કે શાંત રાખવા માટે ચપટી વગાડીને પ્રયોગ થયો હશે? તેજ કદાચ આપણું પહેલું લોકવાદ્ય હશે? એમ કહી શકાય?

લોકવાદ્યોનો પ્રાથમિક પરિચય મેળવ્યા પછી દક્ષિણ ગુજરાતના ધોડિયા જાતિનાં લોકવાદ્યોની ચર્ચા કરવી ઘટે. ભારતીય સંગીત શાસ્ત્રની માફક આ જાતિમાં પણ જુદા જુદા પ્રકારનાં લોકવાદ્યો મળે છે. તંતુવાદ્યોમાં પહેલાના વૃદ્ધો પાસેથી ઘાંઘરી, અને તંબૂરી જેવાં વાદ્યોની લોકચાહના જાણવા મળી છે. ચામડું મઢીને બનાવેલાં અનવદ્ધ વાદ્યોમાં તૂર, ઢોલકી, નર-નારી, તબલાં અને આજના આધુનિક ઢોલ જેવાં વાદ્યો છે. જયારે એકબીજાને અથડાવીને વગાડી શકાય તેવાં ઘનવાદ્યોમાં થાળી, દાંડિયા, ખપાટ, ઘૂઘરા આદિ છે, તો સૂષિર વાદ્યોમાં પીહવો, પાવો, નરહિલો આદિ ને ગણાવી શકાય. જો કે આજના સંદર્ભમાં આવાં લોકવાદ્યોની સંખ્યા ઘટતી જાય છે અને આધુનિક ઈલેકટ્રોનિક વાજિંત્રો સ્થાન પામતાં જાય છે.

### ૮.૬.૧ ચર્મવાદ્યો

લાકડાના ભાગ ઉપર ચામડું મઢીને બનાવામાં આવતાં ચર્મવાદ્યોમાં ઢોલ, માદળ, ઢોલકી, તૂર, મૃદંગ, ઢાક, ડાકલી, ડફલી, નગારું, તબલાં આદિને ગણાવી શકાય. આવાં વાદ્યો પ્રસંગાનુસાર જુદા જુદા તાલે વગાડવામાં આવે છે. આવાં ચર્મવાદ્યોમાં આ જાતિ પાસે પણ ‘તૂર’ વાદ્ય જોવા મળ્યું છે.

### ૦ ‘તૂરથાળી’

‘તૂર’ એ દક્ષિણ ગુજરાતના ધોડિયા, દુબળા અને નાયકા જાતિનું મુખ્ય વાદ્ય છે. ‘ઢોલ’ પછી દાંડી વગરના મૃદંગ વર્ગનાં વાદ્યોમાં ‘તૂર’ મહત્ત્વનું લોકવાદ્ય છે. ‘માદળ’ની જેમ હાથની થાપીઓથી વગાડાતું તૂર એ લંબગોળ નળાકાર ઢોલક જેવું છે. તૂરનો કોઠો (કાંઠો) માટીમાંથી કે લાકડામાંથી બનાવાય છે. લાકડાંના બંને ભાગોમાં ચામડું મઢી બનાવાય

છે. તૂરનો કાંઠો એકતરફ સાંકડો અને બીજી તરફ મોટો પહોળો હોય છે. બંને ભાગમાં ચામડું, મઢી, કેળવેલી ચામડાની પટ્ટીનું સુંદર ગૂંફન કરીને બંને પડાળ (પડ)ને તંગ ખેંચવામાં આવે છે. મઢેલા બંને ભાગ ઉપર વચ્ચે ચામડાં ઉપર (ધોણ) રાંધેલા ભાતમાં રાખ ઉમેરી બરાબર મિકસ કરી તૈયાર કરેલો મસાલો ચોપડીને વાદ્યને વધારે સુરીલું બનાવે છે. આવો તૈયાર કરેલો મસાલો વગાડનાર 'તૂરિયો' પોતાની પાસે જ રાખે છે. જ્યારે વાદ્યનો અવાજ બદલી જાય ત્યારે ફરી તેનો ઉપયોગ કરે છે.

'તૂર' એ ઢોલી માફક બંને બાજુ વગાડી શકાય છે. બંને હાથની થાપીઓથી અલગ-અલગ તાલ મેળવી લોકો મનોરંજન મેળવે છે. 'તૂર' શુભ અને અશુભ બંને પ્રસંગોમાં વગાડી શકાય છે. આ જાતિના લોકો આ વાદ્યનો વધારે ઉપયોગ લગ્ન પ્રસંગે કરાતા નૃત્યમાં (ચાળા નાચવા) કરે છે. આ ઉપરાંત દેવ-દેવીની માનતા મૂકવા જતી વખતે, હોળી જેવા ઉત્સવ નિમિત્તે, 'ઉજજેણી' જેવા ધાર્મિક ઉત્સવ નિમિત્તે આ ઉપરાંત મૃત્યુ પછીના 'બારમાની વિધિ' માં અને 'શ્રાદ્ધવિધિ'માં આ વાદ્યનો ઉપયોગ કરાતો. હાલના સમયે ધીમે ધીમે બધું જ ભુલાતું જઈ રહ્યું છે. એક સમય એવો હતો કે લગ્નની બધીજ 'વિધિ'માં તૂર અલગ-અલગ ચાળારૂપે વગાડવામાં આવતું. લગ્ન કે મૃત્યુ જેવા પ્રસંગોની જાણકારી પણ વાદ્યોના તાલ ઉપરથી પારખી શકાતી. જો કે આવી પરંપરા હવે રહી નથી.

'તૂર'નું જોડીદાર વાદ્ય એટલે 'થાળી' અનવધ્ય વાદ્ય તરીકે ઓળખાતું આ વાદ્ય. મૂળ કાંસામાંથી બને છે. લાકડીની મદદથી અથડાવીને વગાડી શકાય છે. 'થાળીયાઈ વગર ચાળો કહો' એ કહેવત અનુસાર તૂર સાથે થાળીનો રણકાર કરી. તૂરિયાની મસ્તીને ઓર વધારે છે. થાળી વગાડનાર 'થાળિયો' જો બરાબર ન હોય તો 'તૂરિયા'ની મજા વીલી પડી જાય છે. થાળી વગર તૂર વાદ્ય સૂનું છે. 'દક્ષિણ ગુ.માં વગાડાતું આ વાદ્ય માળવા, બિહાર, ઓરિસ્સા અને બંગાળ સુધી આકારભેદ જોવા મળે છે.'[૧૧]

આ ઉપરાંત અત્યારના સમયમાં વગાડાતાં વાદ્યોમાં ઢોલ, ઢોલકી, તબલાં, ડફલી, નગારા મસક, બેન્ડ, કેશિયો, પેટી જેવાં અનેક વાદ્યો વગાડવામાં આવે છે. આ જાતિના

લોકોમાં મનોરંજનનાં આવાં અવનવાં સાધનો હવે ધીમે ધીમે લુપ્ત થતાં જાય છે. આધુનિક યુગનાં માધ્યમોને કારણે અવનવાં સાધનો આવતાં જાય છે.

**૮.૬.૨ ઘનવાદ્યો :**

'ઘનવાદ્યો'માં થાળી, દાંડિયા, ખપાટ, ઘૂઘરા આદિ વાદ્યો પણ આ જાતિમાં જોવા મળ્યાં છે. દાંડિયા 'ઘેરનૃત્ય'માં મહત્ત્વનું સાધન છે. દાંડિયાતાલે અવનવી નૃત્ય કળાઓ કરી શકાય છે. મજબૂત વૃક્ષમાંથી બનાવેલા કે વૃક્ષની ગારમાંથી બનાવેલા જુદા જુદા આકારના દાંડિયા આકર્ષણનું કેન્દ્ર બને છે.

ખપાટ અને ઘૂઘરા કે ઘૂઘરી નૃત્યમાં તાલ પૂરનારું વાદ્ય છે. મોટાભાગે ઘેર નૃત્યમાં વપરાતું આ વાદ્ય નૃત્યકારો કેડે કે પગે બાંધી તાલના ઠેકે એક નવો જ અંગમરોડ આપી જોનારને રીઝવે છે. ઘૂઘરા કે ઘૂઘરી પિત્તળની હોય છે. ઘૂઘરીઓમાંથી નીકળતો અવાજ અને લટક-મટકની ચાલગ્ની મંજુલરવ ફેલાઈ છે અને નૃત્યકારોમાં ઓર સૌંદર્ય બક્ષે છે.

**૮.૬.૩ તંતુવાદ્યો :**

'તંતુવાદ્યો'માં ઘાંઘરી કે તંબૂરી જેવું તૂંમડામાંથી બનાવેલાં વાદ્યો છે. આદિવાસી લોકો જંગલમાંથી કે પ્રકૃતિમાંથી સહેલાઈથી મળી રહે એવી સામગ્રી લઈ પોતાની કલાસૂઝ પ્રમાણે વાદ્યો બનાવે છે. પહેલાના સમયમાં વૃદ્ધ માણસો ફુરસદ સમયે બાળકોને આનંદ મળી રહે એ માટે આવા નાના પાયાનાં વાદ્યો બનાવી આપતા.

ઘાંઘરી એ વાંસની ચીપનું વાદ્ય છે. નાની સરખી વાંસની ચીપને વચ્ચેથી ચીરીને એક દાંડી જુદી પાડે છે. એક છેડે ખાડો પાડીને તેને દોરી બાંધે છે. દોરીમાં ઘૂઘરીઓ બાંધે છે. પછી મો આડે ધરીને દોરી ખેંચે અને કંઠના ધીમા ધીમા સૂરે આ વાદ્ય વગાડે છે.

ઘાંઘરીની દોરી આકડાંની સુવાળી છાલની બનાવેલી હોય છે. વચ્ચે રહેલી ચીપને મધમાખીનાં પૂડાનું મીણ ચોપડે છે. જેથી સૂરીલો અવાજ નીકળી શકે. આ વાદ્ય ખેતરે જતાં કે આવતાં, નદી કિનારે ઢોરો ચારતાં, તો વળી હોળીના ફાગ માંગવા જતી વખતે ઘેરૈયો બનનારો આ વાદ્ય વગાડીને ચાળા નાચતો, ઘાંઘરીમાં નૃત્ય ગીતો વગાડીને લોકનું મનોરંજન કરાતું.

'દક્ષિણ ગુજરાતમાં એને 'કાંગો' કેં 'કિંગરી'ના નામે ઓળખે છે.'[૧૨] જયારે સૌરાષ્ટ્ર કચ્છમાં 'મુખચંગ' - 'મોરચંગ' જેવાં નામોથી ઓળખાય છે.

મધ્યપ્રદેશમાં પણ લુહારો લોઢાની ચીપની ઘાંઘરી બનાવીને બજારોમાં વેચે છે. 'ઘાંઘરી'ના અવાજનું આકર્ષણ અજબનું છે. આદિવાસી બાળકો નદી કિનારે ગાયો-ચારતાં-ચારતાં આ વાદ્ય વગાડે છે અને ઘાંઘરી વગાડનારાના તાલે મુગ્ધ બની નદીના પ્રવાહને કાંકરી ચાળાથી માણે છે.

'તંબૂરી' 'તંબૂડી'ના નામે ઓળખાતું આ વાદ્ય. પહેલાના સમયમાં વૃદ્ધો દૂધીના તૂમડાને કોરી તેના ઉપર ચામડું મઢીને પાતળી દોરી બાંધીને દોરીના તંતુને રણઝણાવી અવાજ કાઢે છે. આ વાદ્ય બહુ ધીમા તાલનું હોય છે. હાલમાં આવાં વાદ્યો જોવા મળ્યાં નથી. પરંતુ વડીલો પાસેથી એ વિશેની માહિતી એકત્ર થયેલ છે.

**૮.૬.૪ સુષિરવાદ્યો :**

'સુષિર' વાદ્યોમાં પીહ્‌વો-પાવો અને નરહીલો જેવાં વાદ્યો કે જેને ફૂંક મારીને વગાડી શકાય છે.

પાવો કે પીહવા તરીકે ઓળખાતું આ વાદ્ય મધુર વાદ્ય છે. નદી કિનારે ઢોર ચારતી વખતે ઝાડ ઉપર બેસી મધુર અવાજે વાગાડાતું આ વાદ્ય છે. કૃષ્ણ ભગવાન કંદબની ડાળીએ ઝૂલતા બંસરી વગાડતો તેમ આ જાતિના લોકો પીહવો વગાડીને ગોવાળિયાઓનું મનોરંજન કરતા તો કયારેક મેળે જતી વખતે પણ આવાં વાદ્યો વગાડવામાં આવતાં જેની પાછળનો આશય અન્ય બીજા ગામના મિત્રોને મેળે આવવાનું ઈજન આપે છે અને સરખે-સરખા સંગાથે મળી મેળો મહાલવા જાય છે.

નરહીલો પણ આજ પ્રકારનું ઈંચ દોઢ ઈંચ લાંબું વાદ્ય છે. 'નરસોલી' (એક પ્રકારનું ઘાસ) જે નદી કિનારે ઉગે છે. આવા ઘાસના મજબૂત દાંડીમાંથી કોરીને બનાવાતું આ વાદ્ય છે. આમાંથી પણ સરસ અને મધુર અવાજ કાઢી શકાય છે. આ વાદ્ય પણ ફુરસદના સમયે ઢોર ચારતી વખતે અને તાત્કાલિક બનાવી વગાડી શકાય એવું છે.

આમ દક્ષિણ ગુજરાતના અન્ય આદિવાસી જાતિઓની જેમ આ જાતિનાં પણ કેટલાંક વાદ્યો જોવા મળ્યાં છે. બીજાના પ્રમાણમાં બહુ ઓછાં એવાં આ વાદ્યો આજના સંદર્ભમાં નહીંવત્ જોવા મળ્યાં છે. તૂર થાળી, ઘૂઘરા, દાંડિયા જેવાં વાદ્યો ઉપરાંત આજના બદલાયેલા સમય પ્રમાણે અનેક વાદ્યો વગાડવામાં આવે છે.

## ૮.૭ ધોડિયા જાતિનું લોકનાટ્ય

મનુષ્યનું જીવન જ એક નાટક છે. આવા નાટકરૂપી અભિનય વડે મનુષ્ય જીવન દરમ્યાન અવનવા અભિનયો કરે છે. આવા અવનવા અભિનયમાંથી જ કદાચ લોકનાટ્યનો ઉદ્ભવ થયો હશે ? જે તે પરિસ્થિતિમાં જીવનને મનોરંજન આપીને જીવન જીવવાની આગલી કલામાંથી જ આપણા લોકનાટ્યો આવ્યા છે. શરીરના આંગિક અભિનય વડે જીવન દરમ્યાન થતા સારા-નરસા અનુભવને કથારૂપે ઢાળી આવા નાટકો પ્રાચીન સમયથી રચાતા કે ભજવાતા આવ્યાં છે.

નાટકમાં મુખ્યત્વે કથા યા વારતા ઉત્તમ કોટીનું કામ કરે છે. આવી કથાઓમાં જીવનરૂપી મીઠા, કડવા, ખારા, તુરા અનેક રસો ભેળવીને વિવિધ પ્રકારના નાટકો રજૂ થતા આવ્યા છે. નાટકમાં ગીત, સંગીત અને અભિનયની વિવિધ એકતાથી નાટ્યતત્ત્વ પોતાનું આગવું સ્થાન ધરાવે છે.

આ જાતિમાં પણ આવા મનોરંજન ખાતર કેટલાક નાટકો ભજવાતા જોવા મળ્યાં છે. જેમાં ખાસ કરીને કુદરતી વનસ્પતિનો ચિત્ર-વિચિત્ર વેશભૂષા ધારણ કરીને કયારેક હસી મજાકનું કયારેક સમાજ સુધારાનું તો કયારેક શાહુકારોના ત્રાસમાંથી પોતાના લોકસમૂહને બચાવવા ખાતર આવા અવનવાં અભિનયો કરીને આડકતરી રીતે લોકોને ચેતવવાના પણ પ્રયાસો થયા છે. તો પહેલાના સમયમાં માતા-પિતાની પસંદગીથી લગ્ન કરવામાં આવતા અને લગ્ન પછી જ વર-કન્યા એકબીજાના મુખ દર્શન કરતા જેથી ઘણીવાર મુશ્કેલી ઊભી થતી એના કારણે છૂટાછેડા થઈ જતા આવા વિષયને ધ્યાનમાં રાખીને પણ ઘણીવાર ગામના ચોગાનમાં આવા નાનાં-નાનાં અભિનયો કરવામાં આવતા જેમાં નાટ્યાત્મકતાના

થોડા અંશો જરૂર દેખાય છે. આવા નાટકની ઓરલ કથાના તૂટક-તૂટક અંશો સાંભળવા મળ્યા છે. એના કોઈ પાઠો લખાયેલા મળ્યા નથી. જેમાં પાત્રો પણ એના જ સમાજના અને કથા પણ એમની લોકબોલીમાં જ કહેવાતી જાણવા મળી છે.

આ સિવાય પહેલાના સમયમાં દારૂ-તાડીના વ્યસનમાં પોતાની મિલકત, ઘર, બાર કે ખેતીવાડી ગીરવે મૂકી દેતા તેના બદલામાં વણિક (શાહુકાર) અભણતાનો લાભ લઈ આવા આદિવાસીઓને દેવામાં ઉતારી દેતા તેની પણ કથા જોડીને નાનાં વેશો ભજવીને મનોરંજનની સાથે લોકોને ગેરમાર્ગે જતાં રોકવાના પણ અભિનયો કરતા જાણવા મળ્યા છે. અભણ આદિવાસીને વાંચતા-લખતા ન આવડતું તેથી શાહુકાર વ્યાજે પૈસા ધીરતી વખતે અગૂંઠાનું નિશાન લઈ લીધાં પછી ખાતું પાડતા અને ઈચ્છા પડે તે રકમ ભરી દેતા તે પણ અભિનય વડે બતાવવાની પરંપરા હતી. હાલમાં આવા લેખિત પાઠો મળ્યા નથી. મૌખિક વાતો જાણવા મળી છે.

મારી રૂબરૂ મુલાકાતમાં ગામ મોટાપોંઢાના રામુભાઈ પરભુભાઈ પટેલ નામના પ્રાથમિક શિક્ષક પાસેથી એક મૌલિક નાટક 'રવલો' નામે મળ્યું છે. જેમાં આદિવાસી સમાજની કેટલીક ભાવસંવેદનાને આલેખી આજના સંદર્ભને જોડી સમાજમાં જે શૈક્ષણિક પરિવર્તન આવ્યું છે. તે ભાવ નિર્દેશ કરવામાં આવ્યો. આ નાટક એક મૌલિક નાટક છે. એમની લોકબોલીમાં જ ભજવાતું આ નાટક પણ નાટ્યાત્મક અંશોવાળું જોવા મળ્યું છે. જેની કથા આ પ્રમાણે છે.

કથા સામાજિક છે. પાત્ર તરીકે અભણ રવલો અને રવલી છે. રવલાના માતા પિતા મૃત્યુ પામતાં મામાના ઘરે ગોવાળ તરીકે અને ઘરકામ કરવા રહે છે. ઉંમર લાયક થતાં રવલાના લગ્ન માટેની તૈયારી થાય છે. રવલાની મામી (ફૂઈ) કન્યા શોધી કાઢે છે. રવલાની સગાઈમાટે કન્યાનાં વડીલો આવે છે. આ તરફ રવલાના હાથમાં મહાભારતની ચોપડી પકડાવી દીધી. પરંતુ એક વડીલે ઊંધો ચોપડો પકડનાર રવલાની પોલ પકડી પાડી પરંતુ મામી ચાલાક હતી તેથી બધું સમજાવી દીધું. રવલા-રવલીના લગ્ન વાજતે ગાજતે થઈ

ગયા. આ તરફ રવલાએ પણ રવલી જોય નહીં લગ્ન પછી ઘૂમટામાંથી એક દિવસ જોઈ તો કાળી કોલસા જેવી હતી. પરંતુ બંને પક્ષે સરખું થઈ ગયું. આમ રવલા-રવલીનો સંસાર મંડાયો.

આમ વરસો વીતતા  રવલા-રવલીને ત્રણ દીકરા અને પાંચ દીકરીનો કુટુંબ કબીલો થઈ ગયો. ધીમે ધીમે બાળકો મોટા થતાં ઘરમાં વિપદા પડવા લાગી. તેથી રવલા-રવલીએ નક્કી કર્યું કે આપણે તો અભણ રહ્યા પરંતુ બાળકોને ભણાવવા જોઈએ. બીજી તરફ રવલો દારૂની લતે ચઢી ગયો. પરંતુ રવલી સમજાણવાળી હતી તેથી બાળકોને ભણાવવા માટે તેમણે રાત્રિશાળાઓમાં જવાનું નક્કી કર્યું અને બંને થોડું ભણી પછી બાળકોને જાતેપોતે ભણાવી-ગણાવી સંસાર જીવનને રમતો કર્યો.

આમ, અહીં કથા, પાત્ર, સંવાદ, શીર્ષક, વર્ણન, અભિનયતા, જીવનદર્શન કે બોધ જેવા તત્વોના અંશો જોવા મળે છે. આમ, નાટ્યઅંશો વધારે નહીં પરંતુ આવા મૌલિકભાવોના અંશો જોવા મળ્યા અને સમાજનો આડકતરો બોધ શિક્ષણનો આપ્યો છે.

આમ, નાટ્યક્ષેત્રે શિષ્ટ કરી શકાય એવા તો નાટકો નથી પરંતુ આવા મૌખિક કથાનકો જાણવા મળ્યા છે.

‘લોકવિદ્યા’ પોતે જ લોકજીવનનું વ્યાપક અને સર્વાશ્લેષી સ્વરૂપ છે. વિશ્વની વિવિધ જાતિઓમાં વિવિધ લોકવિદ્યાઓ વિકસેલી છે, વિવિધ સંસ્કારો, વિવિધ ઋતુઓ, સામાજિક- ધાર્મિક ઉત્સવો કે પર્વો સાથે તે જોડાયેલાં છે. આજ સુધી કેટલાંક પરિવર્તનો સાથે એ જીવતું-જાગતું અને ધબકતું રહ્યું છે. મનુષ્યના જીવનની કોઈ ક્ષણ એવી નથી કે જીવનનો કોઈપણ તબકકો એવો નથી. જેમાં ‘લોકવિદ્યાકીય પ્રક્રિયા’ ગેરહાજર હોય! દરેક પળે કે ભાવે 'Lore' ની સામગ્રી હોવાનું વરતાય છે.

આમ, ઉપરોકત લોકવિદ્યા પ્રકરણમાં પણ આ જાતિની આગવી લોકકસબ, માન્યતાઓ, નૃત્યો, સંગીત, રમતો કે લોકવાદ્યો પણ લોકવિદ્યાની નીપજ છે. એમની અનેકવિધ વિદ્યાઓ એમના લોકજીવન ઉપર પ્રકાશ પાડે છે. એમની આગવી સંસ્કૃતિની

પરીપાટી આલેખે છે. આદિવાસીઓની આ એક આગવી વિશેષતા છે જે એમની આવી લોકવિદ્યામાં આજે પણ જળવાયેલી જોવા મળે છે. આધુનિક રંગના રંગે રંગાયેલી એમની જીવનશૈલી આજે પણ કેટલીક બાબતો જેમને તેમ જ ચાલી કે સચવાતી આવી છે. આજ તો એમની લોકજીવનની આગવી પરંપરા છે. આવી પરંપરાને લુપ્ત થતી અટકાવી હોય તો એમની આવી લોકવિદ્યાઓને સાચવવી પડશે.

# સંદર્ભસૂચિ


૧. માહિતીદાતા- મોહનભાઈ પટેલ, (કવિયો) ઉંમર-૬૨, મુ. દેદવાસણ, તા.મહુવા, જિ.સુરત.

૨. એજન.

૩. માહિતીદાતા- છીતુભાઈ પટેલ (તૂરિયો), ઉંમર-૬૦, મુ. વેલણપુર, તા.મહુવા, જિ.સુરત.

૪. ડૉ. હસુ યાજ્ઞિક, ‘લોકવિદ્યા-પરિચય’, પ્ર.આવૃત્તિ ૨૦૦૫, પૃ.૧૦.

૫. એજન, પૃ.૧૪૭.

૬. માહિતીદાતા- મણિબેન સુરજીભાઈ પટેલ, ઉંમર-૬૧, મુ. સરૈયા, તા.ચીખલી, જિ.નવસારી.

૭. માહિતીદાતા- ભીખુભાઈ મોહનભાઈ પટેલ, ઉંમર-૬૫, પોંકડાં, તા. ચીખલી, જિ.નવસારી.

૮. માહિતીદાતા- ધીરુભાઈ સુરજીભાઈ પટેલ, ઉંમર-૬૦, મુ. સરૈયા, તા.ચીખલી, જિ.નવસારી

૯. માહિતીદાતા- સ્વ.છીબાભાઈ પટેલ, ઉંમર- ૬૪, મુ. પોંકડાં, તા.ચીખલી, જિ.નવસારીના મંતવ્ય મુજબ.

૧૦. જોરાવરસિંહ જાદવ, ‘ગુજરાતનો લોકકલા વૈભવ’, પ્ર.આવૃત્તિ, પૃ.૫૧.

૧૧. એજન, પૃ.૫૨.

૧૨. માહિતીદાતા, ઈશ્વરભાઈ વહિયા, મુ. બામણીયા, તા. મહુવા, જિ.સુરત, તા.૫-૬-૦૮ ના દિને લીધેલી રૂબરૂ મુલાકાતમાંથી.

૧૩. માહિતીદાતા : ચંપકભાઈ ગુલાબભાઈ પટેલ
ઉંમર-૫૨, વ્યવસાય : ખેતી,
મુ. અંબાચ, તા. પારડી, જિ. વલસાડ.

૧૪. માહિતીદાતા : તા. ૨૬/૫/૦૯ ની રૂબરૂ મુલાકાતમાંથી
ગુલાબભાઈ મોતીભાઈ પટેલ,
ગામ : કરાયા, તા. પારડી, જિ. વલસાડ.
વ્યવસાય : નિવૃત્ત શિક્ષક, ઉંમર : ૬૯.

૧૫. માહિતીદાતા : કેશુરભાઈ રઘાભાઈ પટેલ,
ગામ : કરાયા, તા. પારડી, જિ. વલસાડ.
વ્યવસાય : નિવૃત્ત શિક્ષક, ઉંમર : ૭૨.

૧૬. માહિતીદાતા : દેવજીભાઈ હીરાભાઈ પટેલ
ગામ : કરાયા, દાડુંડિયા ફ.
વ્યવસાય : નિવૃત્ત શિક્ષક,
ઉંમર : ૭૪.

તા. ૨૭/૫/૦૯ ની રૂબરૂ મુલાકાતમાંથી

૧૭. નાટકની માહિતી આપનાર
પટેલ રામુભાઈ પરભુભાઈ
ગામ : મોટાપોંઢા, તા. કપરાડા
જિ. વલસાડ, ઉંમર : ૬૧.

# પ્રકરણ-૯
# ઉપસંહાર

૯.૧ ઉપસંહાર

૯.૨ શોધપ્રબંધનાં તારણો

# પ્રકરણ-૯
# ઉપસંહાર

## ૯.૧ ઉપસંહાર

જગતની વૈવિધ્યસભર ધરતીમાં અનેકાએક સંસ્કૃતિઓ વિકસી અને એક યા બીજા સ્વરૂપે બદલાતી બદલાતી તત્કાલીન સમયમાં ઠરીઠામ બની છે. એવી જ વિવિધ સંસ્કૃતિઓનો દેશ એટલે ભારત દેશ.

આવો ભારતદેશ પણ વિશાળ ભૂભાગ ઉપર પથરાયેલો છે. આવી વિશાળ દેહયાષ્ટિ પર વિવિધ પ્રદેશો વિસ્તરેલા છે અને પોતાની એક આગવી ઓળખ, નામાભિધાનથી નવાજાયા છે. આવા ભારતના જુદા જુદા પ્રદેશોનો ગૌરવવંતો ઈતિહાસ, એમની સંસ્કૃતિ, પરંપરા, ખાનપાન, રહન-સહન, વિચારસરણી આદિની અનેરી ભાત પાડતી સંસ્કૃતિને આલેખી છે.

ભારતના પશ્ચિમે આવેલો ગરવી ગુજરાતનો પ્રદેશ અતિ વૈવિધ્યસભર રહ્યો છે. એમાં પણ ખાસ કરીને દક્ષિણ ગુજરાતનો હરિયાળો પ્રદેશ અને તેની અનેરી વનરાજી અને એ વનરાજીમાં વિહરતા અનેક આદિવાસીઓ (વનવાસી) અને એમની સંસ્કારિકતા આદિને આલેખવાનો પ્રયાસ કર્યો છે.

મારા શોધપ્રબંધના આઠ પ્રકરણોમાં આદિવાસીના સંસ્કારોને ધ્યાનમાં રાખી એમની આગવી સંસ્કૃતિનું દર્શન કરાવ્યું છે. 'સંસ્કાર' એ તો સંસ્કૃતિનું મુખ ખોલતું અને અતિ આવશ્યક અંગ છે. સંસ્કારો પેઢી દર પેઢી ચાલ્યા આવે છે. દરેક જાતિના સંસ્કારો અલગ અલગ છે. પરંતુ જેનો આત્મા પ્રબળ અને સુદૃઢ તેજ સાચો સંસ્કારી કહેવાય છે. આવા વિવિધ સંસ્કારોથી ઘેરાયેલા આદિવાસી સમાજને શબ્દદેહ આપવાના પ્રયાસો કર્યા છે અને એમના કેટલાક સંસ્કારોનાં તારણો પણ કાઢ્યાં છે.

શોધપ્રબંધના આરંભે દક્ષિણ ગુજરાતની ભૌગોલિક ભૂપૃષ્ઠતાનો ખ્યાલ આપી એ વિસ્તારમાં વસતી અન્ય આદિવાસીઓનો ટૂંકો પરિચય આપી ધોડિયા જાતિને કેન્દ્રમાં રાખી

એ જાતિનો ઉદ્‌ભવ-વિકાસની આછેરી ચર્ચા કરીને એમની લોકસંસ્કૃતિ તરફ ધ્યાન દોર્યું છે. લોકવિદ્યાની વિભાવના તથા લોકસાહિત્યના વિવિધ પ્રકારોને આલેખીને એમના લોકસાહિત્યને બહાર લાવવાનો પ્રયાસ કરેલ છે.

પરંપરાને અનુરૂપ પોતાનું જીવન સંવારતા વનવાસી લોકજીવન આપણને એક અલગ પ્રકારની જીવનપ્રણાલીનો અનુભવ કરાવી જાય છે. એમના લોકસાહિત્યમાંથી એમની લોકસંસ્કૃતિનો અમૂલ્ય વારસો મળી રહે છે. એમના લોકજીવનના સુખ-દુઃખ, આનંદ-પ્રમોદ, વિનોદ-કિલ્લોલ, રાગદ્વેષ ઈત્યાદિના અનેક ભાવ સંવેદનો એમના લોકસાહિત્યમાં આજ પર્યંત સચવાયને પડ્યાં છે. તેને બહાર લાવવાનો જરા અમસ્તો પ્રયત્ન કર્યો છે.

લોકસાહિત્ય આમ તો મૌખિક કળા દ્વારા વ્યક્ત થાય છે. એટલે મૌખિક પરંપરા પ્રમાણે એના બે મુખ્ય વિભાગો પાડીને કથ્ય (કહેણી) વડે કહેવાતા સ્વરૂપનો તાગ મેળવ્યો છે. તો બીજા વિભાગમાં ગેય સ્વરૂપોને ધ્યાનમાં રાખી એમની પાસેથી મળતાં ઓરલ કથાગીતો, લોકગીતોમાં ખાસ કરીને લગ્નગીતો, જોડકણાં આદિને વિગતે તપાસી એમાંથી ઉત્પન્ન થતી કેટલીક લાક્ષણિકતાને ટાંકવાનો પ્રયાસ કર્યો છે.

અહીં ધોડિયા જાતિમાં મળતી લોકકિત, લોકકથા, કહેવતો, લોકનાટ્ય, રૂઢિપ્રયોગો આદિનો વિગતે અભ્યાસ કરીને કેટલાંક તારણો તારવ્યાં છે. તો ગેયસ્વરૂપોમાં ખાસ કરીને લગ્નગીતો, કથાગીતો જોડકણાં આદિ વડે એમની આગવી લોકસંસ્કૃતિની છાપ પડેલી જાણવા મળી છે. પ્રાચીન કાળથી ચાલી આવતી એમની લોકસંસ્કૃતિમાં ધર્મ, રીત-રિવાજ, માન્યતા, રૂઢિઓ, દેવ-દેવી, ભૂત-પ્રેત, વહેમ તેમજ પશુ બલિદાન આદિનો વિગતે અભ્યાસ કરીને અન્ય આદિજાતિથી અલગ તરી આવતી સંસ્કૃતિનું આલેખન કર્યું છે. સભ્ય સંસ્કૃતિથી ભિન્ન પડતી જીવનરીતિનો ઊંડો અભ્યાસ અહીં કરેલ છે.

લગ્નગીતોમાં એક એકથી અલગ તરી આવતી વિધિને આલેખી ભૂતકાળની ભવ્યતા સાથે સાંપ્રત લોકજીવનને વાચા આપી જીવનના ઉલ્લાસ સાથે પ્રકૃતિપરાયણ લોકજીવનને પણ સહજ રીતે આલેખે છે. એમનાં લોકગીતોમાં લોકજીવનનો ઈતિહાસ ભર્યો પડ્યો છે.

આ પ્રદેશમાં થતાં વન્ય ફળો, ધાન્યો, વૃક્ષો, પક્ષીઓ અને એમનું રાચરચીલું ઉપરાંત ખાન-પાન, પહેરવેશની સાથે સાથે પ્રાણય, મિલન, વિરહ, ઉત્કંઠા, ઉલ્લાસ, કારુણ્ય કટાક્ષ આદિ ભાવોને પણ લોકગીતોમાં આલેખાયા છે.

લોકગીતોનું વર્ગીકરણ કરીને સંસ્કારગીતો, ઉત્સવગીતો, શ્રમગીતો, વ્રતગીતો, વાદ્યગીતો, કનસેરી વિવાહગીતો, બાળરમતનાં ગીતો, પ્રકીર્ણ ગીતો આદિ વિગતે આલેખીને એ જાતિની ભવ્ય સંસ્કારિતાને દષ્ટિગોચર કરી છે.

ધોડિયા જાતિની લોકકથાઓ મોટેભાગે એમની માન્યતા, અંધશ્રદ્ધા, લોકવહેમો આદિને વ્યક્ત કરતી જોવા મળી છે. સુખ-દુઃખ, પ્રાણય, ચતુરાઈ, બુદ્ધિ, વેરવૃત્તિ, ચમત્કાર આદિને પોષણ આપતી કથાઓ વધારે રસપ્રદ બની છે. નિખાલસ ભાષા, આડંબરરહિત ભાવ, શૈલી, વેધકતા અને સરળતા એમના કથાનાં મુખ્ય લક્ષાણો રહ્યાં છે.

એમનાં લોકનૃત્યો, લોકકલાકસબો પણ એમના લોકજીવનનાં નૈતિક, સામાજિક, ધાર્મિક, પાસાંઓનું સમ્યક દર્શન કરાવે છે. એમનાં વાદ્યો આદિમાં જૂની પરંપરાની છબી અચૂક વર્તાય છે. એમની લોકકલાઓ વડે લોકસમાજનું આગવું ચિત્ર ખડું કરે છે. આ સિવાયના પ્રકીર્ણ સાહિત્ય વડે જીવતા જીવનમાં પ્રયોજાતી કેટલીક લોકકિતઓથી કે કહેવતો આદિથી પણ જીવનનો ધબકાર ઝીલાયેલો લાગે છે. એમના સમાજની એકતાનું આહ્‌વાન કરતું અને સમાજલક્ષી સ્પંદનો જગાડતા આવા લોકસાહિત્ય કે લોકસંસ્કૃતિને માણ્યા પછી એમનાં કેટલાંક તારણો તારવી શકાય એમ છે. જે નીચે મુજબ જોઈ શકાય છે.

## ૯.૨ શોધપ્રબંધનાં તારણો

- ધોડિયા જાતિના લોકસાહિત્ય દ્વારા એમના લોકજીવનનો અને એમની લોકસંસ્કૃતિનો સાચો ખ્યાલ આવે છે. લોકસંસ્કૃતિનું સાચું ધન એમના લોકસાહિત્યમાં સચવાઈને પડ્યું છે.
- આ જાતિમાં મુખ્યત્વે જન્મ, લગ્ન અને મૃત્યુ એ ત્રણ સંસ્કારો મહત્ત્વના બની રહ્યા છે.

- એમની ધાર્મિક માન્યતાઓ, શ્રદ્ધા-અંધશ્રદ્ધાઓ, રીત-રિવાજ, ખાન-પાન, પહેરવેશ આદિમાંથી એમની આગવી લોકસંસ્કૃતિ દેખાય આવે છે.
- લગ્ન જેવા મહત્ત્વના સંસ્કારમાં સગોત્રનો નિષેધ ધરાવે છે.
- કુંવારા કે કુંવારી છોકરા-છોકરીને કપાળે ચોખા ચોડવાનો રિવાજ નથી.
- આ જાતિના જીવનમાં આવતો કોઈપણ પ્રસંગ વિધિ વગરનો નથી. પેઢી દર પેઢી ચાલી આવતી પરંપરાને સાચવી રાખી છે.
- સંસ્કાર ગીતોમાં વન્યસૃષ્ટિ અને દેવસૃષ્ટિ પણ પ્રાકૃતિક અને ગામઠી પરિવેશવાળા જોવા મળ્યા છે. એમના મોટાભાગના દેવ-દેવી વૃક્ષના થડમાં અને ડુંગર ઉપર બિરાજેલા છે. દેવને ધરાતો ભોગ મોટે ભાગે પક્ષીઓનો હોય છે.
- લગ્નગીતોમાં મુખ્યત્વે જિલ્લા પ્રમાણે 'વિધિ'માં અને ગીતોમાં થોડો તફાવત વર્તાય છે.
- એમનું મોટાભાગનું સાહિત્ય લોકબોલીમાં કહેવાતું જોવા મળ્યું. જયારે આજે પરિવર્તનના કારણે શિષ્ટબોલીનો ઉપયોગ પણ પ્રમાણમાં સારો રહ્યો છે.
- એમની લોકવિદ્યાઓમાં સાદાઈ, સરળતા તથા બીનખર્ચાળ એવી સાહજિક સામગ્રીનો વધુ ઉપયોગ થયેલો દેખાય છે.
- એમની બાળ રમતો આજના સંદર્ભે વિચારીએ તો બિનખર્ચાળ અને શારીરિક દૃષ્ટિએ ફાયદાકારક બની રહી છે.
- કલાકસબમાં આજે પણ ઘરવપરાશની ચીજવસ્તુઓ મોટેભાગે ઘાસ-પાન, વાંસ, રેસા, દોરા આદિમાંથી ગૂંથીને ઉપયોગમાં લેવાય છે.
- લગ્ન પ્રસંગે ખાન-પાન આદિની પરંપરા આજે બદલાયેલી જોવા મળી છે. મોંઘવારીના સમયમાં સાદી અને પૌષ્ટિક વાનગીઓ જ બનાવવી જોઈએ એવા ઘણા આદિવાસી આગેવાનોનો આગ્રહ રહ્યો છે.

- લગ્નમાં આણાં વાળવાની પરંપરા આજે પણ છે. નાનાં મોટાં આણાં અને વાર-તહેવારનાં આણાં અચૂક કરવામાં આવે છે.
- લગ્નની વિધિમાં પરણેલી સ્ત્રી અને કુંવારીછોકરી મોટાભાગની વિધિ કરે છે. જેને 'વેવાણની વિધિ' તરીકે ઓળખાય છે.
- મૃત્યુ પ્રસંગે મરનારની યાદમાં 'છાક' પાડવાની પરંપરા આજે પણ છે.
- મૃત્યુ પછી સામૂહિક શ્રાદ્ધની પરંપરા આજે પણ છે. બધાં સગાં મળી (એક કુળનાં સગાં) આ શ્રાદ્ધની વિધિ કરે છે.
- મરનારની યાદમાં 'ખતરા' બેસાડવાની પરંપરા છે. લાકડામાંથી મૃત્યુ પામનારની મૂર્તિ બનાવી આ વિધિ કરી વાર-તહેવારે 'છાક' પાડવામાં આવે છે.
- શ્રમ ગીતોમાં રોપણી ગીતો મહત્ત્વનાં રહ્યાં છે. રોપણી પૂર્ણ થતાં છેલ્લા દિવસે 'છેલિયું' કરવાની પરંપરા પણ છે.
- લોકમેળાઓ 'હાટ' (હટવાડા)માંથી આજે પણ ઘરવપરાશની ખરીદી કરવી એ એમની આગવી સંસ્કૃતિ રહી છે.
- એમની લોકબોલી આજે નષ્ટ થવાના આરે છે. ત્યારે કેટલાક વડીલો લોકબોલી સાચવી રાખવાની મથામણ કરતા પણ જોવા મળ્યા છે.

આમ ઉપરોક્ત મહત્ત્વનાં તારણો તારવ્યા બાદ એક બાબત યાદ રાખવી ઘટે કે આજે અમુક વિસ્તારને બાદ કરતા મોટાભાગના વિસ્તારમાં શિષ્ટતા અને સભ્યતાના કારણે એમની સંસ્કૃતિ, ધાર્મિક પરંપરા, એમનું આગવું સાહિત્ય તેમજ સામાજિક વ્યવહારોમાં અનેક પરિવર્તનો આવતાં જાય છે, ત્યારે આવી લોકસંસ્કૃતિ ઉપર વર્તાતાં ભયસ્થાનો પણ નિવારવા જરૂરી લાગે છે. મારા આ સંશોધન પાછળનો મારો મુખ્ય ઉદ્દેશ એ જ રહ્યો છે કે આવી ભવ્ય ભૂમિ ઉપર વસેલી આદિવાસી કે વનવાસી જાતિની ભવ્ય સંસ્કૃતિની આભા પરિવર્તન તથા આધુનિક ટેકનોલોજીના ચળકાટને કારણે ઝાંખી પડતી જાય છે. તેને આવાં નાના-નાના સંશોધનો વડે સાચવી રાખવાનો રહ્યો છે.

આજે જેમ જેમ આ જાતિમાં સભ્યતા અને શિષ્ટતા વધતી જાય છે. તેમ તેમ તેમની લોકસંસ્કૃતિનું  ક્ષેત્ર સંકુચિત બનતું જાય છે. ત્યારે આજના નવયુવાનોને એટલું જ ધ્યાન દોરવાનું કે આવી ભવ્ય ગરિમાને ભુંસાઇ જતી સાચવવી જોઇએ. આજે નવ યુવાનોમાં એમની લોકબોલી બોલતાં કે લોકઉત્સવો ઉજવતા કે લોકનૃત્યો પ્રત્યેનું આકર્ષણ ઘટતું જાય છે. જે એક પ્રકારની નાનમ કે ધૃણાસ્પદ ભાવના છે. એ ભાવનાને ન ત્યાગે તો એક સમય એવો આવશે કે ત્યારે આ જાતિની આખી લોકસંસ્કૃતિ લુપ્ત થઇ ગઇ હશે ? તેથી આવનાર પેઢીના સંશોધકો માટે કે અભ્યાસીઓ માટે આવી ભવ્ય ભૂતકાળની સંસ્કૃતિ સાચું જ્ઞાન આપી રહેશે એવી ભાવના સાથે મારા શોધપ્રબંધને વિરામ આપું છું.

○ ○ ○

# પરિશિષ્ટ-૧
# ધોડિયા જાતિની લોકબોલીનું કેટલુંક શબ્દભંડોળ

દરેક જ્ઞાતિની એક આગવી લોકબોલી હોય છે. તેમ આદિવાસીઓની પણ વિવિધ લોકબોલીઓ છે. દરેક ભાષાની એક આગવી લિપિ હોય છે. પણ નોંધનીય બાબત એ છે કે આદિવાસી બોલીની કોઈ આગવી લિપિ નથી. એમની જે બોલી છે એ બોલીને લખવા માટે ગુજરાતી લિપિનો જ ઉપયોગ કરવામાં આવ્યો છે. આવી તમામ આદિવાસીઓની બોલીનું એક આગવું શબ્દભંડોળ છે જે અહીં મૂકવાનો પ્રયાસ કર્યો છે.

**○ ધોડિયા જાતિમાં સગપણ સંબંધિત બોલાતા કેટલાક શબ્દો :**

| **ગુજરાતી** | | **ધોડિયા બોલી** |
|---|---|---|
| પિતા | : | બાહ, બાપો, બાહો |
| માતા | : | વાય, આઈહ, માય |
| બહેન | : | બાણી, બાણીહ, બાઈ |
| ભાઈ | : | ભાહ, ભાઈ |
| દાદા | : | ગઢોબાહ, ગઢબાપો, બાલો |
| છોકરી | : | પોહી |
| છોકરો | : | પોહો |
| કાકા | : | કાકો |
| કાકી | : | કાકી |
| મોટા કાકા | : | વડાવો |
| મોટી કાકી | : | વડાય |
| ફોઈ | : | ફુઈ |
| ફુવા | : | ફુઆ, મામો |

| | | |
|---|---|---|
| મામા | : | મામા |
| બનેવી | : | ભાવાડ, અન્ય બોલીથી પ્રભાવિત થતા 'પટેલ' પણ બોલાય છે. |
| સસરો | : | હહરો |
| સાસુ | : | હાહુ, હાહુહ |
| જેઠ | : | જેઠ |
| જેઠાણી | : | જેઠાણી |
| દિયર | : | દિયાર |
| દેરાણી | : | દેરાણી |
| નણંદ | : | નણાંદ |
| પતિ | : | ધણી |
| પત્ની | : | ડોહાડી |

ભાઈ બેનના સસરાને : મામો કહી બોલાવે

બેનના દિયરને : દીકરીના વડીલો 'ભાચાય' કહીને બોલાવે

પત્નીની મોટી બહેન : આકાડ પટલાણ (આકડહાહુ)

પત્નીની નાની બહેન (સાળી) : હાળી

સાળો : હાળો

પત્નીની મોટી બહેનનો પતિને : હાડુભાઈ (સાઢુંભાઈ)

દીકરીનો વર જમાઈ : (જમાઈ)

○ **કેટલાક શાકભાજીના શબ્દો :**

| **ગુજરાતી** | | **ધોડિયા બોલી** |
|---|---|---|
| શાકભાજી | : | હાકભાજી |
| રીંગણ | : | વેંગણ, વેંગણા, વેંગણે |
| મરચાં | : | મીચીલાં |
| બટાકા | : | બટાકે |
| ડુંગળી | : | કાંદા |
| સૂરણ | : | હૂરાણ |
| ભીંડા | : | ભેંડા |
| ગલકા | : | ગલકે |
| તુવેરસીંગ | : | તોરિયાહેંગા |
| લસણ | : | લહાણ |
| આદું | : | આદવાહ્ |
| હળદર | : | અરાદ |
| લીંબુ | : | લેબેં |
| વટાણા | : | વટાણે |
| કોબીજ | : | કોબીચ |
| ટિંડોળા | : | ટંડરે, ગિલોળે |
| ગુવાર | : | ગુવારી |
| વાલોળ | : | વાલોળ, પાપળી |
| ટમેટા | : | ટામેટે |
| કોથમીર | : | ધાણો |

ભાજી - પાલખ, મેથી, ખાટી ભાજી, ઝરેકલી ભાજી, ઊભો મોરો, નાંરી ભાજી, કોરીયારાયી ભાજી, ખારી ભાજી, પોયણી ભાજી, લેંભળી ભાજી વગેરે

| | | |
|---|---|---|
| સરગવાની સીંગ | : | હેંકઠાયી હેંગ |
| પરવળ | : | પરવાર |
| શક્કરિયું | : | હક્કારિયાં, હાકારિયેં |

○ **ઘરવપરાશની કેટલીક સામગ્રીના શબ્દો :**

| **ગુજરાતી** | | **ધોડિયા બોલી** |
|---|---|---|
| પલંગ | : | ખાટલો, ચારપાઈ |
| ટેબલ | : | ટેબાલ |
| બળદગાડી | : | બલ ગાલ્લી |
| દાતરડું | : | ઓહિયા |
| ચાકુ-ચપ્પુ | : | છૂરી |
| કોસ | : | પારાઈ |
| તગારું બકડિયું | : | તગારા |
| તપેલી | : | તપેલા |
| ચીમટો | : | ચીપટો |
| વાડકો | : | તાહરું |
| માટીનો વાડકો | : | થોબલી, થોબલું |
| થાળી | : | થારી |
| ચમચો | : | કડશી |
| માટલું | : | દોરિયો |
| ચાદર | : | ચારસો |

| | | |
|---|---|---|
| દરવાજો | : | બાન્ના |
| લાઈટ/લેમ્પ | : | ગુલોબ |
| લોટો | : | કહલી |
| દોરી | : | દોરડી |
| રમકડું | : | રમાકડે |
| આમલીના કાતરા | : | હેંખળો, દેખળો |

## ০ રોજબરોજનાં બોલાતાં કેટલાંક વાક્યો :

| **ગુજરાતી** | | **ધોડિયા બોલી** |
|---|---|---|
| કેમ છે | : | કહાક આહે |
| સારું છે | : | હાજા આહે, હાજા આય |
| શું કરે છે | : | કા કરે તાય, કા કરે રા |
| કયાં જવાનો છે | : | કહૉં જામનોહ આય |
| કયારે આવ્યો | : | કયાર આમનો |
| આવી ગયા | : | આવીહ ગુવાકા |
| શું છે ? | : | કાં આહે |
| શું ખાવું છે | : | કાં ખામનોહ, આય |
| તને બોલાવે છે. | : | તુવા હાદે તાઈ |
| વધારે આપવું | : | વધારે દેધા (ઓઈફા) |
| કોની સાથે આવ્યો | : | કુણા આરી આવનોરા |
| મને આપ | : | માં દે (દેની) |
| તને નથી આપવું | : | તુવા નાંઈ દેમનો |
| ડિલિવરી થઈ | : | બઠીકા, બહનીકા |

| | | |
|---|---|---|
| પરાણી ગઈ | : | પન્નાઈ ગોઈકા |
| આવજો | : | આવજાહ્ ત્યાર |
| મૃત્યુ થયું | : | મરી ગો |
| લઈ જવું | : | લે જામનો, લેજામની |
| મૂકી દેવું | : | રાખી દેધા |
| સાંજ પડવી | : | ભાણજાતા ઉના |
| સવાર થઈ | : | હવાર ઉના, હવાર પડના |
| ભેંસ વિયાણી | : | ભેંહડા વિયાયના |
| ગાય મૃત્યુ પામવી | : | ડોબી મરી ગોઈ |
| બકરી વેંચાતી લીધી | : | બોકડી વેંચાતી લીધી |

○ **પશુપક્ષી વિષયક શબ્દો :**

| **ગુજરાતી** | | **ધોડિયા બોલી** |
|---|---|---|
| બળદ | : | બલ |
| ગાય | : | ડોબી |
| બકરી | : | બોકડી |
| ઘોડો | : | ઘોડો |
| ગધેડું | : | ગધેડા |
| કૂતરું | : | કૂતરા |
| બિલાડી | : | બિલાડા |
| હાથી | : | હાથી |
| ભેંસ | : | ભેંહડા |
| વાછરડું | : | વાછેડા |

| | | |
|---|---|---|
| લવારું | : | લવારા |
| પાડો | : | પાળો |
| ડુક્કર | : | ભૂંડડા |
| સસલું | : | હહલું |
| વાઘ | : | વાઘ |
| શિયાળ | : | કોલી |
| મગર | : | હુહવર |
| વાંદરો | : | વાંદરા |
| જંગલી કૂતરો | : | કુતાર ખડિયા |
| રીંછ | : | રીંછડા |
| માછલી | : | માછલી |
| ઝિંગા | : | ઝિંગલે, તૂતડે |
| કરચલો | : | કુચીલો |
| દેડકો | : | દેળકો, દેળાક |
| સાપ | : | હાપ |
| અજગર | : | અજગાર |
| નાગ | : | ફેણિયો |
| પોપટ | : | પોપાટ |
| કાબર | : | કાબેર |
| બુલબુલ | : | ટોપી હુડિયો |
| મરઘી | : | કૂકડી |
| મરઘો | : | કૂકડો |
| કાકીતરો | : | ઢેચુડિયો |

| | | |
|---|---|---|
| તેતર | : | તીતાર |
| મોર | : | મોર |
| ઢેલ | : | ઢેલ |
| કાગડો | : | કાગડો |
| રસ ચૂસનારી ચકલી | : | ફૂલચૂકા |
| નાની ચકલી | : | તહકારડા |
| સુઘરી | : | હુગરી |
| પીળું પક્ષી | : | આંબા હેવાણ |
| મોટી હોલી | : | આરુડ |
| હોલી | : | હોલી, હોલે |
| | : | કાકડ કુંભો |
| | : | ખાપરુંલા |
| | : | કાહકી લોટા |
| જળકૂકડી | : | કગદોર |
| બગલો | : | બગલો |
| લાવરી | : | લાવી |
| લેલા | : | ટોયલે |
| ચાતક/દેવ ચકલી | : | દેવ તરહો |
| કાળી ચકલી | : | કાળ પીંચી |
| ઘુવડ | : | ચીબરો |
| ચામાચીડિયું | : | આંતોરા |
| વાગોડ | : | વાગોરા |

આ સિવાય પણ અસંખ્ય શબ્દો રોજબરોજના વ્યવહારમાં એમની લોકબોલીમાં બોલતા જોવા મળ્યા છે. આજે પણ શિષ્ટ ભાષાની અસર નીચે પણ કેટલાક ગામડાઓમાં એમની લોકબોલી જ બોલાતી હોવાથી આવા વિધવિધ તળપદા શબ્દો આજે પણ બોલાતા જોવા મળ્યા છે. જેમકે,

| **ગુજરાતી** | | **ધોડિયા બોલી** |
|---|---|---|
| સાવરણી | : | ભુવારી |
| સાંબેલું | : | મુહાળ |
| કરસાટો | : | કરહાટો |
| ઉકરડો | : | ઉખેડો |
| ધોતી, ધોતિયું | : | ફાળિયું, પોતિયા |
| લુગડું | : | ધડખા |
| ચોળી | : | ડગલી |
| ફ્રોક | : | ઝભલાં |
| ખમીશ | : | ડંગડા |
| વાળ | : | લંટિયે |
| માથું | : | ડોય |
| પગ | : | પાગ |
| હાથ | : | આથ |
| આંગળી | : | આંગઠી |
| પીઢ | : | વાંહો |
| કમરમાં | : | કળીમાં |
| નદી | : | નઈ/નય |
| ડુંગર | : | ડુંગરો, ડુંગરી |

| | | |
|---|---|---|
| કોતર | : | કોટોડા |
| ખીણ | : | ખાંય |
| ખાડો | : | ઓલાણ, ખનકા |
| પથ્થર | : | ડગડો |
| ઢેફું | : | ઢેફાં |
| ચાસ | : | ચાહ |
| ખેતર | : | ખેતરા, ખેતાર |
| જમીન | : | ભૂંઈ |
| માટી | : | મટોળી |
| લાકડી | : | ડેંગુરી |
| મહેમાન | : | પાવણાં |

## ૦ વાતચીતમાં વપરાતી બોલીનો નમૂનો :

ગામની દીકરી પરણીને સાસરે ગઈ છે. ત્યાંથી ઘણાં સમય/વર્ષો બાદ પિયરમાં આવી છે. પિયરની ઘરડી સ્ત્રી દીકરીને સાસરાની વાત પૂછે તે જુઓ :

સ્ત્રી : ઈતે રમલી કા કુંણ, માતે અવે ઝાંખા બો દેખાય ઉલે ઓળખીયે નાંય, કિયાર હેં આમનેલી ?

દીકરી : અરે... રવલી વડાય દેહુ. મેં કા ? મેં તે ઈમહી જ આમની હેં.

સ્ત્રી : પન્નાઈને ગોયલી ત્યારની આજીજ તે એયરી તુવાં તું તે કહીક અતીને કહીક ઉઈ ગોયલી રે...પોહી... તુણેવારો બો બડવે તાંય કા, કાં? ખાવડે કાં નાંય ખાવાડે ?

દીકરી : નાંય હેં વડાય અહાં તે નાંય, આવું આવું તે કેદિની કરે પુણ પોહેં નાલ્લે તે કહાક આવે ને ઘરમાં કામ હી બો માણો માટીડો તે પીધરો ઉઈ ગોયલો

તે, કાં કરે ? કામ બધાં માણે જ કરુના પાઠીં નાંય કરે તે, પોહા ખાવાડે કાં? ઉલે અહાં કામમાંને કામમાં ચિંતા બો કરે પાઠીં, નીચકે હો બો પજવે, ઉલે કાં કરે?

સ્ત્રી : ઈમી તે થોડે દિ રઈ કનેહ?

દીકરી : નાંય હેં વડાય, કાલ તે જાયા કરી

સ્ત્રી : કાંહે....અહીં...કરે, રની બેક દી

દીકરી : નાંય રવાય અવે તે મા, ડોબે પોહેલે તિયાકુણ લાખે? ઉલે કાલ તે જાયા કરીં.

સ્ત્રી : હાજા તે પાઠીં પાછી કયાર આવી?

દીકરી : અવે તે જીવની તે પોર ખાણ પાછીં આવી

સ્ત્રી : ઓય હેં! અહાં કાં! આખે આપણે કાણાં લેઈ ખાધેલા તે, મરી જામના

દીકરી : તીંતે તહાંજ પુણ, બધા ભગવાનાયા આથામાં આય આપણા તે ઈમા કાંઇ નાંય ચાલે

સ્ત્રી : હાજા તે પાઠીં પાછી આવી, બધાં આથે સાચવીને રુઈ

દીકરી : હાજા, વડાય આવજા તિયાર.

સ્ત્રી : હાજા, હાજા, તિયાર.

# પરિશિષ્ટ : ૨
# કુળોની યાદી

આદિવાસી જાતિઓમાં ધોડિયા જાતિમાં જુદા જુદા કુળો જોવા મળ્યાં છે. કહેવાય છે કે આ જાતિનું મૂળ ઘણું ઊડું છે. એમની પાસે લિખિત માહિતી નથી પરંતુ વડીલોના કહેવા પ્રમાણે રજપૂત રાજાના સરદારો પૈકી ધના-રૂપાના વંશો છે. એવું મનાય છે. એમનાં કુળની ઉત્પત્તિ માટે પણ દંતકથાઓ છે. એમાંથી જુદાં જુદાં કુળો અસ્તિત્ત્વમાં આવ્યાં છે. આ જાતિનાં કુળો ગુણ, કર્મ, રીત, પરંપરા ઉપરથી પડેલાં જાણવા મળ્યાં છે.

| | | |
|---|---|---|
| ૧. | રાજાપુરીઆ | : ધોડિયા જાતિનો મૂળ નિવાસ રાજપુર (ધરમપુર) માં થયો હોવાથી આ નામ પડ્યું. |
| ૨. | નાયક | : નાયક તરીકેનું સ્થાન ભોગવનાર ઉપરથી |
| ૩. | પ્રધાન | : યદુરાજાના સમયમાં પોતાના કુટુંબના જ માણસો આ સ્થાન ભોગવતા જે પ્રધાનપદ ભોગવનાર ઉપરથી |
| ૪. | દેસાઈ | : દેસાઈની સત્તા કે હોદ્દો ભોગવનાર ઉપરથી |
| ૫. | રજપૂત નાના-મોટા | : ધના-રૂપા સરદારોમાંથી આવેલા |
| ૬. | સૂર્યવંશી | : યાદવવંશ સાથે સૂર્યવંશી પણ રાજપુરમાં આવેલા તે વંશ ઉપરથી |
| ૭. | ગરાસિયા | : બાપુના નામે ઓળખાતા રજપૂતોના વંશ ઉપરથી |
| ૮. | વાણિઆ | : વહાણવટુ કરનારા વંશ ઉપરથી |
| ૯. | ધનપાતળિયા | : ધનામાના તે ધનપાતળીયા (આ જાતિના વડીલો) |
| ૧૦. | રૂપાસરી | : રૂપામાનાને રૂપાસરી (વડીલો) |
| ૧૧. | ધનુધર્મી | : બારભાઈ - કાઠિયાવાડમાં બાર ગામના જે રાજા હોય તેને બારભાઈનું રાજ્ય તરીકે ઓળખાતી તેના ઉપરથી |
| ૧૨. | જોષી | : જોશ જોનાર ઉપરથી |

૧૩. સાધુ : સાધના કરનાર ઉપરથી

૧૪. ભોયશિકારી : શિકાર કરનાર ઉપરથી

૧૫. ગાયકવાડ : સયાજીરાવ ગાયકવાડના સમયમાં થઇ ગયેલા વડીલો ઉપરથી

૧૬. ડાંડુળિયા : ડાંગ લઈને લડનારા ઉપરથી

૧૭. ચલમી ગરાસિયા : ચલમ પીનારા વંશ ઉપરથી

૧૮. પાલખી ભોઈ : રાજાની પાલખી ઊંચકનારા ઉપરથી

૧૯. છાહ ઢોળિયા : છાશ ધોળનારા ઉપરથી

૨૦. વણજારિયા : એક ગામથી બીજે પડાવ કરી રહેતા તે ઉપરથી

ઉપરોક્ત તમામ કુળો કોઈને કોઇ સત્તા હેઠળ કામ કરતાં હોવાથી તેમના ગુણ આદિ ઉપરથી નામ પડ્યાં હશે ? આ સિવાય એમનાં અનેક પેટા કુળો છે. જે નીચે મુજબ ગણાવી શકાય.

૧. અટારા

૨ અટારા મોટા

૩ અંજારિયા

૪ ઊગતા સૂર્ય

૫ ઊગતા સૂર્ય મોટા ગરાસિયા

૬ ઊગતા સૂર્ય ગરાસિયા

૭ કલમી મહેતા

૮ કચલિયા

૯ કેદારિયા

૧૦ કુંભારિયા

૧૧. કોલા

૧૨ કોંકણિયા નાના

૧૩ કોંકણિયા મોટા

૧૪ કોંકણિયા પાંચ મૂળિયા

૧૫ કુંભાર નાગલિયા

૧૬ કોંકણ ગરાસિયા

૧૭ કાળા દેસાઈ

૧૮ કાપલી ગરાસિયા

૧૯ ખરપેડિયા

૨૦ ગરાસિયા

એના પેટા કુળો ૪૯ છે જે નીચે મુજબ છે.

૧. ગરાસિયા કુકડી

૨ ગરાસિયા ચીલમી

૩ ગરાસિયા ચીકા

૪ ગરાસિયા ઠાકોર

૫ ગરાસિયા થારી

૬ ગરાસિયા સોનેરી ધનેરી કાપલી

૭ ગરાસિયા ઢાલ તલવારી બ્રાહ્મણ

૮ ગરાસિયા સૂરજી

૯ ગરાસિયા ધાડિયા

૧૦ ગરાસિયા નાંગળા

૧૧. ગરાસિયા નાગર

૧૨ ગરાસિયા બહાદુર

૧૩ ગરાસિયા બ્રાહ્મણ

૧૪ ગરાસિયા બ્રાહ્મણ કાચ

૧૫ ગરાસિયા બોડકી કાચ

૧૬ ગરાસિયા બરછી

૧૭ ગરાસિયા ભેંસ

૧૮ ગરાસિયા ભાલ

૧૯ ગરાસિયા મોટા

૨૦ ગરાસિયા મોટા બહાદુર

૨૧. ગરાસિયા વેરાગી

૨૨ ગરાસિયા માદન

૨૩ ગરાસિયા મૂળ

૨૪ ગરાસિયા રાજપૂત નાગર

૨૫ ગરાસિયા રજપૂત

૨૬ ગરાસિયા લીંમ

૨૭ ગરાસિયા બેસી

૨૮ ગરાસિયા વેલ

૨૯ ગરાસિયા વાઢ

૩૦ ગરાસિયા શુધ્ધ

૩૧. ગરાસિયા શાહી

૩૨ ગરાસિયા ગરવી

૩૩ ગરાસિયા સાધુ

૩૪ ગરાસિયા શાન

૩૫ ગરાસિયા શિકારી

૩૬ ગરાસિયા અટળિયા

૩૭ ગરાસિયા ઠામ

૩૮ ગરાસિયા ચેવલી

૩૯ ગરાસિયા તુલસી

૪૦ ગરાસિયા કુંથિયા

૪૧. ગરાસિયા કાચ

૪૨ ગરાસિયા ભટ્ટ

૪૩ ગરાસિયા કાંગોઈ

૪૪ ગરાસિયા વાંસફોડા ધાડિયા

૪૫ ગરાસિયા તાંબાલેખ

૪૬ ગરાસિયા ચૌધરી

૪૭ ગરાસિયા હુંકડી

૪૮ ગરાસિયા વળવી

૪૯ ગરાસિયા ગવરી

૨૧. ગાયકવાડ

૨૨ ગામતા

૨૩ ગોમતા/ગીમતા

૨૪ ચૌહાણ

૨૫ ચીબડ

૨૬ ચહારા

૨૭ ચહ ધારિયા

૨૮ ચોબડિયા

૨૯ ચટની ચોબડિયા

૩૦ છાહ ઢોળિયા/છાહ ધોળા મોટા બગલાણિયા

૩૧. જોષિ/જોષિયા

૩૨ જોષી મહેતા

૩૩ ટીધુરીયા

૩૪ ઠાકુરિયા

૩૫ ઠાકુરિયા મોટા

૩૬ ઠાકોર

૩૭ ઢળકિયા

૩૮ ડેલકર

૩૯ ડાંડુળિયા

૪૦ ડોય ફોડા મોટા

૪૧. ડાંગ બડિયા

૪૨ દળવી

૪૩ દાભડિયા

૪૪ દેસાઈ

    ૧. દેસાઈ નાના

    ૨ દેસાઈ મોટા

    ૩ દેસાઈ ગોરા

    ૪ દેસાઈ બ્રાહ્મણિયા

    ૫ દેસાઈ નાના નેવરિયા

૪૫ ધાડિયા - ધારિયા

    ૧. ધાડિયા બ્રાહ્મણ કાચ

    ૨ ધાડિયા દેવલ

    ૩ ધાડિયા રાહ

    ૪ ધાડિયા વાંસફોડ

૫ ધાડિયા મોટા

૬ વાંસ કુંચી

૭ માંગીહુંગી

૪૬ ધગડિયા

૪૭ ધડકિયા

૪૮ ધનારૂપા-ધનાસરી

૪૯ ધનારૂપા-રૂપાસરી

૫૦ ધનભાટડા

૫૧. ધનુધર્મી

૫૨ ધન પાતળિયા

૫૩ નાયક-નાઈક

૧. નાયક મોટા

૨ નાયક નાના

૩ નાયકસર

૫૪ નાગર-નાગરિયા

૧ નાગર મોટા

૨ નાગર નાના

૩ નાગર બ્રાહ્મણ

૫૫ નીતા તાળિયા

૫૬ પનહોરિયા

૫૭ પાનેરિયા

૫૮ પાતળિયા

૫૯ પાંચ બળિયા

૬૦ પારઈ મોડીઆ

૬૧. પ્રધાન

૬૨ પારાઈ ધારિયા

૬૩ પાંચલવ્યા

૬૪ પટેલ

૬૫ બગલાણીઆ

૬૬ બાવીસા

૬૭ બારમાય-બોઢિયા

૬૮ બ્રાહ્મણીઆ

 ૧ બ્રાહ્મણીઆ જોષી

 ૨ બ્રાહ્મણીઆ શાવક

 ૩ બ્રાહ્મણીઆ મોટા

 ૪ બ્રાહ્મણીઆ શાહી

૬૯ બંદુક મોડયા/ફોડિયા

૭૦ બ્રાહ્મણ કાચ

૭૧. ભટ્ટ

૭૨ ભુરુલિઆ/ભુરલ્યા

૭૩ બારભાઈ

૭૪ ભોઇ-ભોય

 ૧ ભોઈ નાના

 ૨ ભોઈ મોટા

 ૩ ભોઈ ચોખા

૪ ભોઇ વાઢેલ

૫ ભોઇ પાલખી, ભોઇ શિકારી

૬ ભોઇ ટાલીઆ

૭૫ ભાટડા

૭૬ ભાટડા મોટા

૭૭ ભાટડા રૂપા

૭૮ ભોઇ શિકારી

૭૯ મહેતા

૮૦ મહેતા પારસી

૮૧. મોઝીઆ

૮૨ માખણકાજ

૮૩ મારવાડા

૮૪ રણમોલિયા

૮૫ રણમોલિયા મોટા

૮૬ રણમોલિયા બ્રાહ્મણ

૮૭ રાવત-રાવતા

૮૮ રાઠોડ

૮૯ રજપૂત/નાના

૯૦ રૂપાસરી

૯૧. રજપૂત મોટા

૯૨ લસણિયા

૯૩ લસણપુરીઆ

૯૪ વહિયા-વયા

૯૫ વાંકડા

૯૬ વાણિઆ

૯૭ વાઘીઆ

૯૮ વાડાવડો

૯૯ વાંસફોડી પાલખી

૧૦૦ વેરાગી

૧૦૧. વાડવા

૧૦૨ વણજારિયા

૧૦૩ વણજારિયા મોટા

૧૦૪ વણજારિયા ટોળી

૧૦૫ વેલબેડીઆ

૧૦૬ વાઢા

૧૦૭ વાઘ મારિયા

૧૦૮ વાંસી ગૌત્ર

૧૦૯ શાહ

૧૧૦ શાહુ

૧૧૧. શાહુત

૧૧૨ શાવકુળિયા

૧૧૩ સેવાંગિયા/સુવાંગિયા

૧૧૪ સિંધુરિયા-સિંદુરીઆ

૧૧૫ હરણકણિયા

૧૧૬ હાથી બળિયા

૧૧૭ સાંકળ તોડિયા

૧૧૮ મોટા આહિરા

૧૧૯ નીવડીયા

અહીં મૂકવામાં આવેલી કુળોની યાદીના અભ્યાસ ઉપરથી એવું જાણવા મળે છે કે આ જાતિના મૂળકુળો તો ઓછાં હશે ? જેમાં નવા નવા પેટા પ્રકારો ઉમેરાતાં ગયાં હશે ? કર્મ પ્રમાણે નવાં નામો ધારણ કરતાં કુળોમાં ગરાસિયા કુળના પેટા પ્રકારો વધારે જોવા મળ્યા છે. જેમાં મોટા ભાગનાં નામો એમના કામ ઉપરથી પાડેલાં જણાય છે.

૦ ઉપરોક્ત તમામ કુળોની યાદી નીચે મુજબનાં પુસ્તકોમાંથી સાભાર.

| **ક્રમ** | **આધાર ગ્રંથો** | **લેખક/પ્રકાશક** | **આવૃત્તિ** | **વર્ષ** |
|---|---|---|---|---|
| ૧ | 'ધોડિયા જાતિ : બોલી, સાહિત્ય અને સંસ્કૃતિ' | શ્રી મંછારામ પટેલ | પ્રથમ | ૨૦૦૦ |
| ૨ | 'ધોડિયા સમાજનો ઈતિહાસ' | શ્રી મોહનભાઈ દળવી | પ્રથમ | ૧૯૭૬ |
| ૩ | 'અહા આમું ધોડિઆ' | શ્રી કુલીન પટેલ | પ્રથમ | ૨૦૦૭ |
| ૪ | 'ગુજરાતની આદિજાતિ સંસ્કૃતિ' (સુરત જિલ્લો) | પ્રકા. માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | પ્રથમ | ૨૦૦૬ |

# પરિશિષ્ટ-૩
# મહત્ત્વના કૃતિપાઠો-અનુવાદ સાથે

## ૧. ડોહીને ગોવાળિયો

એક ગાવ અતા ગાવામાને પોહે ડોબે ચારુ જાય, ડોબે પહાડામાં ચરે ને પોહે ઉમરાપાર ચઢીને રમે ઉમરા ઉપર પીકનેલે ઉમરે ખાતે જાય ને રમે, તહામા એક ડોહી છેણ વીશું આવતી. ડોહી આખે પોહા પોહા માંભી એક બે ઉમરે પાડી દે, પોહો આખે પાગે ઓફે કા આથે ઓફે. ડોહી આખે પાગે જ ઓફની. પોહો તે જહો પાગે ઉમરા ઓફું લાગનો તહાજ ડોહીએ પાગ ધરીને ખેંચી પાઈડો પાંઠી કોથળામાં ભરીને ઘર લે જાવ મંડની. વાટમાં ડોહીએ તીહ લાગની, કોથળો ભૂયે પાંહે થવીને કૂવે પાણી પીવ ગોઈ. પોહો ચાલક અતો એટલે કોથળામાંથી નીંધીગોને અંદર ઢેંભા, કોટિયાને ડગડે ભરી દેધા ને નાહી છૂટનો ડોહી તે પાણી પીઈને આવની પઠીં કોથળો ઊંચકીને ચાલુ લાગતી, થોડેક ગોઈ તાંતે કાંટે બહુ લાગને તે ડોહી આખે ચીમટે કા ચીમટે ઘર જાય ને તુણી વાત. ડોહીતે ઘર જાય ને કોથળો ઉતાઈરો અંદાર એઈયરા તે ઢેફા, કાંટિયે ને ડગળે ભરેલે. ડોહી તે મનમાંજ બબાડની હાત, તુણી! પોહો તે ઠગી ગો, કાલ તુણી વાત.

દૂહરે દિ પાછી ઉમરા પાહે ગોઈ. પેલો પોહો તે આજ હો ઉમરે ખાય કરે ડોહી આખે પોહા-પોહા ઉમરે દેઈ કાં? પોહો આખે, પાગે દેઈકાં આથે દેઈ? ડોહી આખે પાગે જ દેની અહા આખી ને પાગધરીને ખેંચી પાઈડો, પાઠીં કોથળામાં ભરી ઘર લેઈગોઈ. ઘર જાય ને કોથડો છોયડો પાઠીં પોહા કાયઢોને ખોલડીમાં ભરી દેધો પાઠીં પોહીએ આયકા બાઈ, બાઈ આજ તે આણાં જ હાળના કરુના આઈ અહાં આખી ડોહી પાણી ભરુ ગોઈ. એધે પોહી તે ખોલડીમાં ગોઈ, પુણ પોહો બો ચાલાક એટલે જહી પોહી આમની કા તરાત જ પોહીએ ધરી લેધી ને મારી લાયખી, પાંઠી પોહીએ દગડે પોવી લેધે. પાઠીં પોહીયાયા હાળના છીંદીને બનાવી નાયખા પાઠીં પોહાય હારું કુકળીયા હાળના બનાવી દેધા.

ડોહી તે પાણી ભરીને આવની, પોંહીએ પૂછે બાઈ હાળના કધા કાં? પોહો તે કાંઈ

બોલનો નાય ને વાટામાં ડોહીએ હાળના વેંચી ઓયફા પાઠીં પોહો કુકડીયાયા હાળના ટાહરામાં કાઢીને ખાવ લાગનો અહામાં ઘરમાંથી એક બિલાડા આવના, બિલાડા આખે-

'ડોહી-ડોહી પોહી જ ખાય

(ગોવાળિયો) પોહો-પોહો કુકડાજ ખાય'

ડોહી આખે બાઈ, બાઈ ઈ બિલાડા કાં આખે? પોહો ઝીણીઘાટીએ આખે ઈ તે આખ્યા જ કરે તું ખાયા કરને પાઠી ડોહી ખાવ મનની પાંછા પેલા બિલાડા આખે-

'ડોહી, ડોહી પોહી જ ખાય

(ગોવાળિયો) પોહો, પોહો કુકડાજ ખાય.'

પાંઠીતે ડોહીએ શંકા ગોઈ, પોહા ધુણ એકી નજારે એઈયરા જ કયરા તહામા પોહો જાણી ગો ઉલે પોવેલે દગડે જ નાંહી છૂટનો. એઘે ઘર ગુઓ એટલે બધે ફળિયાયે ને ઘરને માણહે પૂછું લાગને કે કજેરા! અહે દગડે પોધે, તાર પોહે તે આખી બિના આઈખી પાંઠી તે ઘરને ને ફળીયાએ બધે ડોહીએ ઘર ગુએ ને ડોહીએ ખૂબ વીંઢને. તું ડાકણ અતી દહું આમણા પોહા ખાઈ જાત તે. પાંઠી ડોહી તે ખાંહવાઈ ગોઈ ને ઘર નાંહી ગોઈ.

o **અનુવાદ :**

એક ગામ હતું. એ ગામનો છોકરો (ગોવાળ) ગાયો ચારવા જાય, ગાયો મેદાનમાં ચરે છે, ત્યારે ગોવાળ ઉમરાના ઝાડ ઉપર ચડી રમે અને ઉમરા ઉપર પાકેલા ઉમરા તોડીને ખાય, એવે ટાણે એક ડોશી ઉમરા પાસે આવી અને ગોવાળ પાસે પાકેલા ઉમરાની માંગણી કરી. ડોશી કહે મને પણ પાકેલા ઉમરા પાડી આપને. ત્યારે ગોવાળિયો કહે હાથે આપું કે પગે ? ડોશી કહે પગે જ આપને. જેવો ગોવાળિયો ઉમરા આપવા ગયો કે તરત ડોશીએ ગોવાળિયાનો પગ પકડી ખેંચી લીધો, પછી ગોવાળને કોથળામાં ભરી ઘર તરફ લઈ જવા લાગી.

રસ્તે ચાલતાં, ચાલતાં ડોશીને તરસ લાગી એટલે જમીન પર કોથળો મૂકી ડોશી થોડે દૂર કૂવા પાસે પાણી પીવા ગઈ. ગોવાળ ચબરાક હતો એટલે ડોશીના જતાં કોથળામાંથી નીકળી, માટી, પથ્થર અને કાંટા ભરી ભાગી ગયો. ડોશી તો પાણી પીને આવી અને ફરી કોથળો ઉપાડી ચાલવા લાગી. થોડે દૂર ગઈ ત્યાં ડોશીને કોથળાના કાંટા વાગવા લાગ્યા,એટલે ડોશી કહે 'ચીટકા શું ભરે ? ચીટકા, ઘર લઈ જઈ પછી તારી ખેર.'' ડોશી તો ઘરે જઈ કોથળો ઉતારી છોડીને જુએ છે તો અંદર માટી, પથ્થર અને કાંટા હતા. ડોશી મનમાં જ બોલી હત્તેરી! ગોવાળિયો મને છેતરી ગયો, કાલે ફરી વારો.

બીજા દિવસે ડોશી તો ફરી ઉમરાના વૃક્ષ પાસે ગઈ અને ગોવાળ પાસે ઉમરા માંગવા લાગી. ગોવાળે ફરી પૂછ્યું હાથે આપું કે પગે ? ડોશીએ ફરી પગે જ ઉમરા માંગ્યા અને જેવો ગોવાળિયો ઉમરા આપવા ગયો કે ડોશીએ પગ પકડી ખેંચી લીધો અને કોથળામાં ભરી ચાલવા લાગી. આજે સીધી કોથળો ઘરે લઈ ગઈ. ઘરે જઈ કોથળો છોડી છોકરાને ખોલડીમાં પૂરી દીધો અને પોતાની દીકરીને કહ્યું કે આજે આ શાક કરવાનું છે અને ડોશી પાણી ભરવા ચાલી ગઈ. આ તરફ છોકરી તો જેવી ખોલડીમાં ગઈ કે તરત ગોવાળે તો છોકરીને પકડી લીધી અને  મારીને તેના કપડાં પહેરી લઈ છોકરીને છૂંદી નાંખી, તેનું શાક બનાવી દીધું, અને પોતાના માટે મરઘીનું શાક બનાવી ડોશીની રાહ જોવા લાગ્યો. આ તરફ ડોશી પાણી ભરીને આવી અને દીકરીને પૂછ્યું કે શાક તૈયાર કરી દીધું છે ?

ગોવાળ કંઈ ન બોલ્યો, અને ભાણાં પીરસી દીધાં. બંને જમવા બેઠાં, થોડી વાર થઈ ત્યાં એક બિલાડી આવી અને બોલવા લાગી -

''ડોશી, ડોશી દીકરી જ ખાય,
ગોવાળિયો કૂકડી જ ખાય.''

ડોશી કહે બેન, બેન આ બિલાડી શું કહે છે ? ત્યારે ગોવાળિયો ઝીણા અવાજે બોલ્યો બિલાડી તે કહ્યા જ કરે તમે ખાતા જાવ. ત્યાં ફરી બિલાડી બોલવા લાગી-

‘‘ડોશી, ડોશી દીકરી જ ખાય,

ગોવાળિયો કૂકડી જ ખાય.’’

એટલે ડોશીને શંકા ગઈ, ડોશી એકીટશે ગોવાળિયાને જોવા લાગી. આથી ગોવાળિયો જાણી ગયો કે ડોશીને ખબર પડી ગઈ છે, આથી પહરેલ કપડે પોતાના ઘરે ભાગી ગયો. ઘર જતાં ગામના લોકો પૂછે આજે આવાં વસ્ત્રો કેમ પહેર્યાં છે. એટલે ગોવાળિયાએ બનેલી બધી ઘટના વર્ણવી, પછી તો ગામનાં બધાં લોકો ડોશીના ઘરે ગયાં અને ડોશીને વઢ્યા (ખીજાણા) અને ડોશી ડાકણ જેવી છે અને પોતાના દીકરાને ખાય જાત તો ! એવો અફસોસ વ્યકત કર્યો.

(બોધ : ડાકણ આદિના ભોગે છેતરપિંડી કરવામાં આવતી તે બાબત સાંકળી છે.)

## ૦ લોકકથા :

## ૨. નળ-દમયંતી

એક નગારામાં એક રાજા રહે તાય. તીણા નામ નળ. રાજાયા વેવા એક રાજાયી પોહીએ હાથે ઉનેલા. જગતમાં જડે નાંય તહા દમયંતીયા રૂપ એરીને રાજા તો બો ખુશ ઉવે. ઈ રાજાયી પોહીએ નામ દમયંતી. અહા કરતા, કરતા બેવ જાણે રાજ કરું લાગેને. પાઠીં ભગવાનાયી દયાથી એક પોહોને એક પોહીયાયો જનમ ઉનો. ધીરે ધીરે બેવ પોહે તે મોટે ઉવ લાગને, પુણ કાં કરે એક વાર અહા ઉનાં કા નળરાજા જુગટા રમું લાગનો, પાઠીં તે અહીં લક લાગની કા પૈહા-ટૈહા, ઘર-બાર બધાં આરી ગો. ઉલે શરત મુજાબ નગારા છોડીને રાનામાં ઝામના ઉનાં. ઉલે બેઅ પોહા મામાએ ઘર થવી આવનો. પાઠીં દમયંતીએ લેયને રાનામાં ચાયલો ગો. રાનામાં તે રાજાયે બો આબદા પડું લાગની, રાજા ને રાણી ભૂખે મરું લાગને, ઉલે રાનામાંથી ટીમરે, જમરૂખે, બોરડે, ખટામરે, કંમદે, ધામાણે, ખજૂરે, વાંઝરે, સીતાફૂલે અહા બધા ખાયને રઉ લાગને. પાઠીં અહા ઉના કા ફળ-ફૂલે હો ઘટું લાગને તિયાર તળાવ, કોતાળા, નઈ માંથી માછલે ધરીને ખાઉ લાગને. એકવાર અહા ઉનાં કા નળે તળાવામાંથી તીન માછલે ધયરે પાઠીં દમયંતીયે આથામાં ઓયફે પુણ ઉનાં અહા કા દમયંતીયે આથામાંથી અહા રહ (રસ) ઝરે તાંય કા મરેલા જીવ પુણ પાછાં જીવતા ઉઇ જાય. ઉલે તીને માછલે આથામાંથી છટકી ગુએ. પાઠીં રાજા તે આવીને દમયંતીયે પાંહે માછલે માંગે પુણ ઉવે તે ઓફને ! ઉલે રાજા તે ખિજાઇ ગો. રાણી હમજાવે પુણ રાજા એક નો બે નાંય ઉનો. પાઠીં અંધારા પડી ગુઆ ઉલે બેઅ જાણે ભૂંખે જ હુઇ ગુએ. અરધી રાતે હુતેલી દમયંતીયે થવીને રાજા તે નાહી ગો. એધે હવારે રાણી તે ઊઠની પુણ રાજા દેખાયનો નાંય ઉલે રાજા એ એધે તેધે હોધું લાગની પુણ રાજા નાંય મીળનો.

એધે નળરાજાને ચાલતો, ચાલતો એક ગાઁવામાં આવી પુગનો, પાઠીં કણબાયે તાં હાળીયાયા વેહે રઉ લાગનો. એધે રાણી પુણ રાજાયે હોધી, હોધીને ભંગની તિયાર એક ગાવાઁમાં આવીને કામવાળીયા વેહે રઉ લાગની. એધે ઘાણાં દિ ઉઇ ગુવા પાઠીં નળરાજાયે

તે દમયંતીયાયી યાદ આવું લાગતી ઉલે રાજાતે ફોમ કરી, કરીને રડું લાગતો. તહામાં, ગૉવમાંથી બે-તીન ડોહાડીયા નીકાળનીયા, તીયા નળા પૂછે, કહલાગ રડે તાંય ? તે નળ આખે માણી ડોહાડી ખોવાય ગોયલી ઉલે મા તીણી બો ફોમ આવે ઉલે રડે તાંય. તિયાર પોલીયા ડોહાડીયા અહ્તા, અહ્તા આખે દમયંતી તુવા ઉલી બધી વાલી આય કે તે નળ આખે દુનિયામાં, સમાજામાં માય-બાહ, ભાય-બણી બધે મીલે પુણ ડોહાડી, નાંચ મીળે, તિયાર પેલીયા ડોહાડીયા તે પાંછીયા અહ્તા જઈને આખે ઈ તે કહોક માટીળો, ગાંડો આય કા ! કહોક ? તિયાર નળ આખે તુમી તે અહે્ પુણ મેં કબૂલ કરી દેખાડે. અહા આખી ને નળે તે વાત માંયડી. એક ગૉવમાં ડોહાડીને માટીળો રઈ તાંય, તેણે કુટુંબામાં એક પાઠીં એક બધે મરું લાગને. પેલા બાહ મરી ગુઓ ઉલે ગૉવમાંથી બધે આવને ને પૂછું લાગને ઉલે પેલે આખે બાહ મરી ગુઓ ઉલે રડે તાંય, તિયાર ગાવૉમાંને આખે બાહ મરી ગો તે કા ઉનાં આમુ બાહ જહે જ તે આય. પાઠીં માય મરી ગોઈ ઉલે ડોહાડે આખે માય મરી ગોઈ તે કા ઉનાં આમુ માય જહે જ આયને, પાઠીં પોહો મરી ગો તે આખે પોહો મરી ગો તે કાં ઉનાં આમુ પોહા જહે જ તે આય, છેલ્લે ડોહાડી હો મરી ગોઈ બધે આવને હો ખરે પુણ કોઈએ અહાં નાંય આયખા કા કજે રડે તાંચ આમુ ડોહાડી જહે જ આયને, ઉલે મેં (નળ) આખે કા દુનિયામાં ડોહાડી (પત્ની) નાંય જળે ઉલે મેં રડે તાંય અહાં આખી ને વાત કબૂલી દેખાયડી. પાઠીં તે ઘણે વરહે વીતી ગુએ રાજાએ પાછી ડોહાડી જડી ગોય ઉલે દુહરીવારના વેવા કધાને સુખેથી રઉં લાગને.

○ **અનુવાદ :**

એક નગર હતું તેમાં એક રાજા રહેતો હતો. તેનું નામ નળ હતું. રાજાના લગ્ન એક રાજાની કુંવરી સાથે થયેલા. જગતમાં મળે નહીં એવા રૂપ-રૂપનાં અંબર જેવી રાજાની કુંવરીને જોઈને રાજા ખૂબ રાજી થયો. એ રાજાની કુંવરીનું નામ દમયંતી હતું. રાજા-રાણી સુખેથી રાજ કરવા લાગ્યા. ભગવાનની કૃપાથી રાજાને ત્યાં કુંવર અને કુંવરીનો જન્મ થયો. ધીમે ધીમે બંને બાળકો મોટાં થવા લાગ્યાં, પરંતુ શું કરે ? એકવાર એવું બન્યું કે નળ રાજા જુગાર

રમવા લાગ્યો, પછી તો રાજાને જુગાર રમવાની એવી લત લાગી કે ધન-દોલત, રાજપાટ બધું હારી ગયો. શરત મુજબ નગર છોડી જંગલમાં જવું પડ્યું તેથી બંને બાળકોને મામાના ઘરે મૂકી આવ્યો, પછી દમયંતીને લઈને રાજા વનમાં ગયો. વનમાં રાજાને ખૂબ મુશ્કેલી પડવા લાગી. રાજા-રાણી ભૂખે મરવા લાગ્યા તેથી જંગલમાંથી જામફળ, ટીમરું, બોર, ખજૂર, કરમદાં, રાવણા, સીતાફળ આદિ ફળ આરોગી રહેવા લાગ્યા. પરંતુ ફળ-ફૂલ પણ ખૂટવા લાગ્યા, ત્યારે નદી, તળાવ આદિમાંથી માછલી પકડીને આરોગવા લાગ્યા. એકવાર નળરાજા એ તળાવમાંથી ત્રણ માછલી પકડી અને દમયંતીના હાથમાં આપી પરંતુ બન્યું એવું કે દમયંતીના હાથમાંથી ઝરતા રસને કારણે ત્રણે માછલી જીવિત થઈ ને તળાવમાં નાસી ગઈ હતી. આ તરફ રાજા તો બહાર આવી દમયંતી પાસે માછલી માંગે છે, પણ માછલી હોય તો આપેને ! રાજા તો ગુસ્સે થઈ ગયો, રાણી રાજાને સમજાવે પણ રાજા એકનો બે ન થયો. પછી અંધારું થતાં બંને ખાધા વિના જંગલમાં સુઈ ગયા. અર્ધી રાત્રીના સમયે નળ તો દમયંતીને સૂતેલી મૂકીને નાસી છૂટ્યો. આ તરફ સવારે રાણી તો જાગીને જુએ તો રાજા મળતો નથી. આજુબાજુ બધે શોધી વળે છે.

આ તરફ રાજા તો ચાલતો ચાલતો એક ગામમાં આવી પહોંચે છે. ત્યાં કણબીના ઘરે 'હાળી'ના વેશે રહેવા લાગ્યો. બીજી તરફ રાણી પણ રાજાને શોધી થાકી ગઈ ત્યારે એક ગામમાં આવીને કામવાળી તરીકે રહેવા લાગી. આ તરફ નળ રાજાને ઘણા દિવસો પછી દમયંતીની યાદ આવવા લાગી એટલે રાજા તો રાણીને યાદ કરીને રડવા લાગ્યો, તે સમયમાં ગામમાંથી કેટલીક સ્ત્રીઓ નીકળી, નળની આવી દશા જોઈને નળને પૂછવા લાગી કે તમે કેમ રડો છો ? ત્યારે નળ રાજાએ આખી વાત સમજાવતા કહ્યું કે મારી પત્ની (રાણી) ખોવાઈ ગયેલી છે અને મને મળતી નથી તેથી હું તેને યાદ કરીને રડું છું. ત્યારે પેલી સ્ત્રીઓ હસતાં હસતાં કહેવા લાગી કે દમયંતી તમને એટલી બધી વ્હાલી છે ? ત્યારે તેના જવાબમાં નળ કહે છે કે જગતમાં, સમાજમાં મા-બાપ, ભાઈ-બહેન બધાં મળી રહેશે પણ પત્ની ન મળે, આવું સાંભળીને પેલી સ્ત્રી ફરી હસવાં લાગી ત્યારે રાજાએ કહ્યું કે તમે હસો છો પણ હું સાબિત કરી બતાવું આમ કહીને નળ રાજાએ તો વાત માંડી.

એક ગામ હતું તેમાં પતિ-પત્ની રહેતાં હતાં. તેમના કુટુંબમાં એક પછી એક માણસો મૃત્યુ પામવા લાગ્યા, સૌ પ્રથમ પિતા મૃત્યુ પામ્યો તો ગામના લોકોએ આવીને સાંત્વના આપી કે પિતા મૃત્યુ પામ્યો તો શું થયું અમે તમારા પિતા સમાન જ છીએ, ત્યાર પછી માતા મૃત્યુ પામી ત્યારે પણ એમ જ કહ્યું કે માતા મૃત્યુ પામી તો શું થયું અમે માતા સમાન જ છીએ. પછી દીકરો મૃત્યુ પામ્યો ત્યારે પણ દીકરો મૃત્યુ પામ્યો તો શું થયું અમે તમારા દીકરા સમાન જ છીએ. છેલ્લે પોતાની પત્ની મૃત્યુ પામી ત્યારે ગામના લોકો આવ્યા ખરા, પણ કોઈએ એમ ન કહ્યું કે પત્ની મૃત્યુ પામી તો શું થયું અમે તમારી પત્ની સમાન જ છીએ. તેથી હું (નળ) કહું છું કે જગતમાં પોતાની પત્ની ન મળે એમ કહી વાત સાબિત કરી બતાવી. પછી તો ઘણાં વર્ષો વીતી ગયાં પછી રાજાને પોતાની રાણી મળી ગઈ એટલે બીજીવાર લગ્ન કર્યા અને સુખેથી રહેવા લાગ્યા.

(અહીં આ લોકકથામાં નળ-દમયંતીના પાત્રને મૂકી જગતમાં દમયંતી જેવી સુંદર પત્નીનું શું મહત્ત્વ છે. તે સમજાવી આ જાતિમાં પણ સ્ત્રીનું સ્થાન સમાજમાં ઊંચું છે તે બતાવ્યું છે.)

## o લગ્ન ગીતો :

## ૧. સગાઈ ગીત :

નિયાલીથી લયખાં કાગાળ પોંકડાં ગાવામાં વંચાવજો,
ઓ મ્હાણા બાહ્રા, હાજા જમાય હોધજા.
હાલાણ અહ્રેરી, ચાલાણ અહ્રેરી પાઠીં વેવાર જોડજા રા,
ઓ મ્હાણા બાહ્રા, હાજા જમાય હોધજા.
કાળા અહ્રેરી, ગોરા અહ્રેરી પાઠીં વેવાર જાડેજા રા,
ઓ મ્હાણી આયારા, હાજા જમાય હોધજા.

**૦ અનુવાદ :**

નિહાલી ગામથી લખ્યાં કાગળ પોંકડાં ગામમાં વંચાયા,
હો મારા પિતા સારા જમાઈ શોધજો.
ચાલ જોજો, ચાલગત જોજો, પછી વેવાર જોડજો રે...
હો મારા પિતા સારા જમાઈ શોધજો.
કાળા જોઈને, ગોરા જોઈને પછી વેવાર જોડજો રે...
હો મારી માતા સારા જમાઈ શોધજો.

**૨. સાંજીગીત :**

જી, રે... રાનામાં તે પાક્કી બોરડી રા.
માણો કેણો ભાયો ચડીને ઈંઢોળે,
તાં કેણી બાણી ખોબો માંડે રા.
તાં માણો સંદીપ ભાયો ચડી ને ઈંઢોળે,
તાં માણી બીનલ તે બાણી ખોબો માંડે રા.
ભાયા અરવે, અરવે ઈંઢોળ,
કે ચિરાઈ માણી ઓઢણી રા.
બાણી ચિરાઈ તે ચિરાયું દે,
ભરૂચેથી લાવી તુંણી ઓઢણી રા.
ભાયા ઓઢણી ધોવે ને દરિયો રંગાઈ રા,
ભરૂચેથી લાવી તુંણી ઓઢણી રા.
ભાયા ઓઢણી હુંકવે તે આખી ભુંઈ ઢાંકાઈ રા,
ભરૂચેથી લાવી તુંણી ઓઢણી રા.

**અનુવાદ :**

જી, રે... વનમાં તો પાકી રે બોરડી

મારા કયા વીર ચઢી રે હિંડોળે,

તે કંઈ બેની ખોળો ઝાલે રે...

મારા સંદીપભાઈ ચઢી રે હિંડોળે,

ત્યાં મારા બીનલબેની ખોળો ઝાલે...

વીરા હળવે હળવે હિંડોળો રે,

ફાટે રે મારી ચુંદડી,

બેની ફાટે તો ફાટેવા દીયો રે,

ભરૂચથી લાવું ચુંદડી,

વીરા ચુંદડી ધોએ તો દરિયો રંગાઈ રે,

ભરૂચથી લાવું ચુંદડી,

વીરા ચુંદડી સૂકવે તો ધરતી ઢંકાઈ રે,

ભરૂચથી લાવું ચુંદડી.

**૩. પીઠીગીત :**

બાણી તુણો ચાંલ્લો પડ્નો કાચો લાલ

કહાક કરીરા...લાલા...

બાણી તુણો તેલો પડ્નો કાચો લાલા

કહાક કરીરા.....લાલા...

કાચો માંચો પોવા બાણી કહાક કરીરા લાલા...

કહાક કરીરા...

બાણી તુણી અળદી પડની કાચી લાલા, કહાક કરીરા...

લાલા કહાક કરીરા...

કાચી-માંચી પોવા બાણી કહાક કરીરા...લાલા

કહાક કરીરા...લાલા...

બુણી તુણી ભાભી પડ્‌ની લાજે લાલા કહાક કરીરા...

લાલા કહાક કરીરા...

**અનુવાદ :**

બેન તારો ચાંદલો પઈડો કાચો લાલા કેમ કરીએ રે...

લાલા કેમ કરીએ...

કાચો માંચો પેહરો લાલા કેમ કરીએ રે લાલા

કેમ કરીએ...

બેન તારો તેલો પઈડો કાચો લાલા કેમ કરીએ રે...

લાલા કેમ કરીએ...

કાચો માંચો પેહરો લાલા કેમ કરીએ રે...

લાલા કેમ કરીએ...

બેન તારી પીઠી પઈડી કાચી લાલા કેમ કરીએ રે...

લાલા કેમ કરીએ...

કાચી-માંચી પેહરો લાલા કેમ કરીએ રે...

લાલા કેમ કરીએ...

બેનના ભાભી પઈડા લાજે લાલા કેમ કરીએ રે...

લાલા કેમ કરીએ...

**૪. મંડપગીત :**

બાઈજી ડોગારમાંથી હાંયકા ગાલ્લા આવે રા...

બાઈજી બયલો તિહાયલો ઉવે રા,

બાઈજી બયલા બેડાં પાણી પીવાડારા.

બાઈજી ડોગરામાંથી હાંયકા ગાલ્લા આવે રા...

બાઈજી બયલા ભુઈખા ઉવે રા,

બાઈજી બયલા ઘાસચારા લાખા રા...

બાઈજી ડોગારમાંથી હાંયકા ગાલ્લા આવે રા...

**અનુવાદ :**

બેની રાનામાંથી હાંયકા ગાડાં આવે રે,

બેની બળદિયો તરસેલો આવે રે

બેની બળદિયાને બેડાં પાણી પાવો રે

બેની રાનામાંથી હાંયકા ગાડાં આવે રે

બેની બળદિયો ભૂખેરો આવે રે

બેની બળદિયાને ઘાસ-કૂટો લાખો રે,

બેની રાનામાંથી હાંયકા ગાડાં આવે રે.

**૫. પ્રભાતીગીત :**

મ્હાણા રાયના દાતુણ ઓહાજ રહે મ્હાણા રાય

મ્હાણી કેણી બાણી આવેને દાતુણ કરી મ્હાણા રાય

મ્હાણી શારદા બાણી આવે ને દાતુણ કરે મ્હાણા રાય

મ્હાણી કહલી ભરેલી અહીં જ રહે મ્હાણા રાય

મ્હાણી કેણી બાણી આવે ને મુંઈ ધુએ મ્હાણા રાય
મ્હાણી શારદા બાણી આવે ને મુંઈ ધુએ માણા રાય
મ્હાણી કુંડી ભરેલી અહીં જ રહે મ્હાણા રાય
મ્હાણી કેણી બાણી આવે ને અંધોળ કરે મ્હાણા રાય
મ્હાણી શારદાબાણી આવે ને અંધોળ કરે મ્હાણા રાય
મ્હાણા ખાવ્ના પીરહેલા ઓહા જ રહે મ્હાણા રાય
મ્હાણી કેણી બાણી આવે ને ખાવ્ના ખાય મ્હાણા રાજ.
મ્હાણી શારદા બાણી આવે ને ખાવ્ના ખાય મ્હાણા રાજ.

**અનુવાદ :**

મારા રાઈના દાતણ એમ જ રહે મોરા રાજ
મારા કયા બેન આવે ને દાતણ કરે મોરા રાજ
મારા શારદાબેન આવે ને દાતણ કરે મોરા રાજ
મારા લોટા ભરેલા એમ જ રહે મોરા રાજ
મારા કયા બેન આવે ને મોંઢા ધોયે મોરા રાજ
મારા શારદાબેન આવે ને મોંઢા ધોયે મોરા રાજ
મારા પાણી ભરેલા એમ જ રહે મોરા રાજ
મારા કયા બેની આવે ને નાવણ કરે મોરા રાજ
મારા શારદાબેન આવે ને નાવણ કરે મોરા રાજ
મારા ભાણાં પીરસેલા એમ જ રહે મોરા રાજ
મારા કયા બેન આવે ને ભાણાં જમે મોરા રાજ
મારા શારદાબેન આવે ને ભાણાં જમે મોરા રાજ.

**૬. મંગળ ફેરાનું ફટાણું :**

ઉપાર એહરે અંબુ કાહે ગણે

ઉપાર એહરે અંબુ તારે ગણે

નીચે એહરે અંબુ કાહે ગણે

નીચે એહરે અંબુ કાંકરે ગણે

બાડો એહરે અંબુ કાહે ગણે

બાડો એહરે અંબુ ઝાડવે ગણે

**અનુવાદ :**

ઉપર જુએ અંબુ શું રે ગણે

ઉપર જુએ અંબુ તારા ગણે

નીચે જુએ અંબુ શું રે ગણે

નીચે જુએ અંબુ કાંકરા ગણે

આડું જુએ અંબુ શું રે ગણે

આડું જુએ અંબુ ઝાડ ગણે.

**૭. આણાંગીત :**

આમુ કેણાયી પોહીયે લામને લાલ

કળવા વંચે કારેલાં

આમું છનાયી પોહીએ લામને લાલ

કળવા વંચે કારેલાં

ઈતે મીચીલાં જરી તીખી હો લાલ

કળવા વેંચે કારેલાં

ઈ તે વેંગણા જહી બાઠી હો લાલ
કળવા વંચે કારેલાં
ઈ તે કોલસા જહી કારી હો લાલ
કડવા વેંચે કારેલાં

**અનુવાદ :**

અમે કોની તે છોરીને લાયવા લાલ, કડવાં વંચે કારેલી
અમે છનાની છોરીને લાયવા લાલ, કડવાં વંચે કારેલી
એ તો મરચાં જેવી તીખી હો લાલ, કડવાં વંચે કારેલી
એ તો રીંગણા જેવી ઠીંગણી હો લાલ, કડવાં વંચે કારેલી
એ તો કોલસા જેવી કાળી હો લાલ, કડવાં વંચે કારેલી

## ૦ કહેવતો :

| | ધોડિયા લોકબોલી | | ગુજરાતી બોલી |
|---|---|---|---|
| ૧ | લંકામાં હુના તી કા કામના | : | લંકામાં સોનું તે શું કામનું |
| ૨ | મંબોયાયી કમાણી મંબોઈમાં હમાણી | : | મુંબઈની કમાણી મુંબઈમાં સમાણી |
| ૩ | વાણધો ઉલે અગાત્ બુદ્ધિ | : | વાણિયો એટલે અગમ બુદ્ધિ |
| ૪ | કોરિયા કૂકાને અક્કલના ટૂંકા | : | કોળીની જાત અક્કલની ટૂંકી |
| ૫ | ઘાંચીયા ને ગોલા હરખાં જ | : | ઘાંચી ને ગોલા સરખા |
| ૬ | દુબરીએ અગ્યારહ નાંય છાજે | : | દુબળાની સ્ત્રીને અગિયારશ ન શોભે |
| ૭ | ખેતી તે કણબાયી એહરુની | : | ખેતી તે કણબીની જોવી |
| ૮ | ધોઈ મરનુ ઉવે તે દુબારવાડે જાય | : | ઘો મરવાની થાય ત્યારે દુબળાના ગામે જાય |
| ૯ | જાત વગારની જાતરા ખોટી | : | જાતિ વિનાની જાત્રા ખોટી |
| ૧૦ | ધાયરા ધણિયાયા ઉવે | : | ધારેલું ધણીનું (ભગવાન) થાય |
| ૧૧ | હોળી પાઠીં દિવારી | : | હોળી પછી દિવાળી |
| ૧૨ | ભાદરવાયો ભેંડો વાયડો પડે | : | ભાદરવાનો ભીંડો ભારે પડે |
| ૧૩ | દુકાળામાં અધિક માહ | : | દુકાળમાં અધિક માસ |
| ૧૪ | કૂવાયો દેડકો જહો | : | કૂવામાંનો દેડકો |
| ૧૫ | ભેંહાયે હિંગડે ભેંહા ભારી | : | ભેંસના શિંગડા ભેંસને ભારી |
| ૧૬ | કૂકડો, બોકડો ભગાતમાંગે રોકડો | : | કૂકડો, બકરો, ભગત માંગે રોકડા (પૈસા) |
| ૧૭ | ભરોહાયી ભેંહ પાડો વિયાય | : | ભરોસાની ભેંસ પાડો વિયાય (જાણે) |
| ૧૮ | બોકડાયા મન ઝાંખરામાં | : | બકરીનું મન ઝાંખરામાં |
| ૧૯ | દીખરી હાપાયો ભારો | : | દીકરી સાપનો ભારો |
| ૨૦ | જેઠાયી રોપણી ને ભાતાયી રોટલી | : | જેઠ મહિનાની રોપણી ભાતની રોટલી |

| | | |
|---|---|---|
| ૨૧ | બલ લેવનો તે હાંકીને, ડોબી લેવની તે દોઈને | : બળદ લેવો હાંકીને, ગાય લેવી દોહીને. |
| ૨૨ | ઈ તે ભગવાનાયા માણહ | : એ તો ભગવાનનું માણસ |
| ૨૩ | ખાય નાંય ને ખાઁવ દેઈ નાંય | : ખાવું નથી ને ખાવા દેવું નથી |
| ૨૪ | કાકા-મામા આખુના ને, ઉઈ તહાં ખામના | : કાકા મામા કહેવાના, હોય તેવું ખાવું. |
| ૨૫ | કજિયાં યા મુંઈ કારાં | : કજિયાનું મોં કાળું |
| ૨૬ | ઓહિયાળી મુંઈ હંતાડે | : ઓશિયાળી મોં સંતાડે |
| ૨૭ | ભેહા આગળ ભાગવત | : ભેંસ આગળ ભાગવત |
| ૨૮ | આથામાંથી ગુવા | : હાથમાંથી જવું |
| ૨૯ | માંઈગા વગાર માંય નાંઈ પૂછે | : માગ્યા વિના મા પણ ન પૂછે. |
| ૩૦ | લખમી ચાંદલો કરું આવે તાર મુંઈ નામ ધોવાય | : લક્ષ્મી ચાંલ્લો કરે ત્યારે મોં ન ધોવાઈ |
| ૩૧ | માંય તે માંય | : મા, તે મા |
| ૩૨ | પોહી તે હાહરે શોભે | : દીકરી તો સાસરે શોભે |
| ૩૩ | કોઠી ધુએ કાદવા જ નીકળે | : કોઢી ધોયે કાદવ નીકળે |
| ૩૪ | નાચુના નાંય તે આંગણા વાંકા | : નાચવું નહી ને આંગણું વાકું |
| ૩૫ | ભાણનેલો પુણ ગાણનેલો નાંય | : ભણ્યો પણ ગણ્યો નહીં |
| ૩૬ | વેમના ઓહાડ નાંય | : વ્હેમનું ઓસડ નહીં |
| ૩૭ | એક દગડે બે ચીંડે માય રે | : એક પથ્થરે બે પક્ષી માર્યા |
| ૩૮ | હુઈડીઓ પોહો જીવે તા હુધી હીવે | : દરજીનો છોકરો જીવે ત્યાં સુધી સીવે |
| ૩૯ | હુંથારાયા ચિત્ત બાવાળામાં | : સુથારનું ચિત્ત બાવળમાં |
| ૪૦ | પોતાયી માયે કુણ ડાકાણ આખે | : પોતાની માતાને કોણ ડાકણ કહે. |

**૦ ઉખાણાં :**

**ધોડિયા લોકબોલી :**

૧. તળેહાક, વચ્ચે માહ ને ઉપર આંતેડે : ઘોઘડાં

અનુવાદ : તળિયે શાક, વચ્ચે માંસ અને ઉપર આંતરડાં : વરસાદમાં ઓઢવાનું સાધન

૨. હલ્લો હોટો ને ઉપાર ગોઠો : જુવારીયા કણહા

અનુવાદ : સીધો સોટો તે ઉપર માળો : જુવારનું કણસલું

૩. માય બળે ને દીખરી ચળે : તોરિયા

અનુવાદ : માતા બળે ને દીકરી ચડે : તુવેર

૪. મુઠી જહો માટીડો પુણ પોવે ડંગડે દહબાર : કાંદો

અનુવાદ : મૂઠી જેવડો પુરુષ પણ પહેરે વસ્ત્ર દશ-બાર : ડુંગળી

૫. રાજાએ પેટમાં રાણી, રાણીએ પેટમાં પાણી : નારિયોલ

અનુવાદ : રાજાના પેટમાં રાણી, રાણીના પેટમાં પાણી : નાળિયેર

૬. નાલ્લી અમથી પોહી રાજાએ ભાણે જમે : માખી

અનુવાદ : નાનકડી છોકરી રાજાને ભાણે જમે : માખી

૭. બધે બધે નાહી ગુવે ને ભૂરો બાવો રઈ ગો : ચૂલો

અનુવાદ : બધા બધા જતા રહે ને ભૂરો બાવો રહી જાય : ચૂલો

૮. ધોળીકુઈમાં ધગડી નાંચે : રવઈ

અનુવાદ : છાશની ગોળીમાં રવઈ નાંચે : રવઈ

૯. એક બાહાયા બે પોહિયા, તીયા કોઈ દિ નાંય મીલે : નદીના બે કિનારા

અનુવાદ : એક પિતાની બે છોકરી તે કોઈ દિ ન મળે : નદીના બે કિનારા

૧૦. નાલ્લીહી પોરી બધાં રડાવે : કાંદો

અનુવાદ : નાનકડી છોકરી બધાને રડાવે : ડુંગળી

# પરિશિષ્ટ-૪
# માહિતીદાતાની સૂચિ

| ક્રમ | નામ | ઉંમર વર્ષ | ગામ | તાલુકો |
|---|---|---|---|---|
| **૦** | **સુરત જિલ્લો :** | | | |
| ૧ | ઈશ્વરભાઈ વહિયા | ૬૩ | બામણિયા | મહુવા |
| ૨ | મોહનભાઈ પટેલ (કવિયો) | ૬૩ | દેદવાસણ | મહુવા |
| ૩ | મકનભાઈ છનાભાઈ પટેલ | ૬૧ | નિહાલી | મહુવા |
| ૪ | મંછારામ નારણદાસ પટેલ | ૭૪ | બારતાડ | મહુવા |
| ૫ | કાન્તાબેન મકનભાઈ પટેલ | ૫૮ | નિહાલી | મહુવા |
| ૬ | છીતુભાઈ પટેલ (તૂરિયો) | ૬૦ | વેલણપુર | મહુવા |
| **૦** | **નવસારી જિલ્લો :** | | | |
| ૧ | કલ્યાણભાઈ બી. પટેલ | ૭૨ | ભીનાર | વાંસદા |
| ૨ | કુલીનભાઈ કપીલભાઈ પટેલ | ૩૪ | કોષ | વાંસદા |
| ૩ | ધીરુભાઈ સુરજીભાઈ પટેલ | ૬૦ | સૈરયા | ચીખલી |
| ૪ | મણિબેન સુરજીભાઈ પટેલ | ૬૧ | સરૈયા | ચીખલી |
| ૫ | અમિતભાઈ ડી. પટેલ | ૩૦ | સરૈયા | ચીખલી |
| ૬ | ભીખુભાઈ મોહનભાઈ પટેલ | ૬૫ | ખૂંધપોંકડાં | ચીખલી |
| ૭ | સ્વ. છીબાભાઈ દેવાભાઈ પટેલ | ૬૪ | ખૂંધપોંકડાં | ચીખલી |
| ૮ | ઉકેડભાઈ ખાલપાભાઈ પટેલ | ૫૮ | દેસાડ | ગણદેવી |
| ૯ | રણછોડભાઈ છગનભાઈ પટેલ | ૭૦ | ઘેટકી | બિલીમોરા |
| ૧૦ | મોહનભાઈ રવજીભાઈ પટેલ | ૬૫ | ખૂંધપોંકડાં | ચીખલી |
| ૧૧ | જગુભાઈ સુખાભાઈ પટેલ | ૬૮ | નવસારી | નવસારી |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ | છોટુભાઈ પટેલ | ૫૯ | વાંસદા | વાંસદા |
| ૧૩ | રામુભાઈ પટેલ | ૫૬ | સુરખાઈ | ચીખલી |
| ૦ | **ગીતોની માહિતી આપનાર :** | | | |
| ૧ | ઈચ્છાબહેન ગમનભાઈ પટેલ | ૫૦ | ખૂંધપોંકડાં | ચીખલી |
| ૨ | સુરેખાબહેન ગોપાળભાઈ પટેલ | ૪૦ | ખૂંધપોંકડાં | ચીખલી |
| ૩ | ભારતીબહેન અંબેલાલ પટેલ | ૪૮ | ખૂંધપોંકડાં | ચીખલી |
| ૪ | રવલીબહેન નગીનભાઈ પટેલ | ૬૮ | ખૂંધપોંકડાં | ચીખલી |
| ૫ | શુકરીબહેન નાગજીભાઈ પટેલ | ૫૯ | ખૂંધપોંકડાં | ચીખલી |
| ૬ | સવિતાબહેન મોહનભાઈ પટેલ | ૫૮ | ખૂંધપોંકડાં | ચીખલી |
| ૭ | તારાબહેન રમણભાઈ પટેલ | ૩૨ | ખૂંધપોંકડાં | ચીખલી |
| ૮ | ઊર્મિલાબહેન નટુભાઈ પટેલ | ૩૮ | ખૂંધપોંકડાં | ચીખલી |
| ૯ | શારદાબહેન મોહનભાઈ પટેલ | ૩૪ | ખૂંધપોંકડાં | ચીખલી |
| ૧૦ | જયવંતીબહેન ચીમનભાઈ પટેલ | ૬૦ | ખૂંધપોંકડાં | ચીખલી |
| ૦ | **વલસાડ જિલ્લો :** | | | |
| ૧ | પ્રો. ગુલાબભાઈ આર. પટેલ | ૫૪ | ખેરલાવ | પારડી |
| ૨ | પ્રવીણભાઈ કીકુંભાઈ પટેલ | ૪૭ | અંબાચ | પારડી |
| ૩ | ચંપકભાઈ ગુલાબભાઈ પટેલ | ૫૨ | અંબાચ | પારડી |
| ૪ | દેવજીભાઈ હીરાભાઈ પટેલ | ૭૪ | કરાયા | પારડી |
| ૫ | ગુલાબભાઈ મોતીભાઈ પટેલ | ૬૯ | કરાયા | પારડી |
| ૬ | કેશુરભાઈ રઘાભાઈ પટેલ | ૭૨ | કરાયા | પારડી |
| ૭ | બાબુભાઈ મગનભાઈ પટેલ | ૫૬ | કવાલ | પારડી |
| ૮ | રામુભાઈ પરભુભાઈ પટેલ | ૫૮ | મોટાપોંઢા | કપરાડા |
| ૯ | ભીખુભાઈ છનાભાઈ પટેલ | ૫૯ | કવાલ | પારડી |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | ભૂપેન્દ્રભાઈ દેવજીભાઈ પટેલ | ૪૧ | કરાયા | પારડી |
| ૧૧ | ગૌતમભાઈ દેવજીભાઈ પટેલ | ૪૦ | કરાયા | પારડી |
| ૧૨ | છોટુભાઈ પટેલ | ૬૫ | કરાયા | પારડી |
| ૦ | **ગીતોની માહિતી આપનાર બહેનો :** | | | |
| ૧ | કૈલાસબહેન વિનોદભાઈ પટેલ | ૪૧ | કરાયા | પારડી |
| ૨ | મીરાંબહેન રાજેશભાઈ પટેલ | ૩૯ | કરાયા | પારડી |
| ૩ | પાલીબહેન દેવજીભાઈ પટેલ | ૭૦ | કરાયા | પારડી |
| ૪ | મધુબહેન પ્રવીણભાઈ પટેલ | ૪૧ | કરાયા | પારડી |
| ૫ | રાધાબહેન ભગવાનભાઈ પટેલ | ૪૫ | કરાયા | પારડી |
| ૬ | રમીલાબહેન વિજયભાઈ પટેલ | ૪૩ | કરાયા | પારડી |
| ૭ | સુમિત્રાબહેન ભૂપેન્દ્રભાઈ પટેલ | ૪૦ | કરાયા | પારડી |
| ૦ | **ડાંગ જિલ્લો :** | | | |
| ૧ | જેસિંગભાઈ પટેલ | ૭૦ | ઝાવડા | આહવા |
| ૨ | નગીનભાઈ પરસોત્તમભાઈ પટેલ | ૬૨ | વઘઈ | આહવા |
| ૩ | ચંપકભાઈ મેરવાનભાઈ પટેલ | ૬૦ | વઘઈ | આહવા |
| ૪ | જિજ્ઞેશભાઈ પટેલ | ૨૩ | વઘઈ | આહવા |
| ૦ | **તાપી જિલ્લો :** | | | |
| ૧ | મંગુભાઈ આર. પટેલ | ૬૫ | વ્યારા | વ્યારા |
| ૨ | રાજેશભાઈ પટેલ | ૪૫ | વ્યારા | વ્યારા |
| ૩ | મોતીભાઈ કમચાભાઈ પટેલ | ૭૫ | અલગટ | વાલોડ |

# પરિશિષ્ટ-૫
# સમગ્ર સંદર્ભગ્રંથ સૂચિ
# ગુજરાતી ગ્રંથોની સંદર્ભસૂચિ

| ક્રમ | ગ્રંથનું નામ | લેખક/સંપાદન | આવૃત્તિ | વર્ષ |
|---|---|---|---|---|
| ૧ | આપણી લોકસંસ્કૃતિ | જયમલ્લ પરમાર | નવસંસ્કરણ | ૨૦૦૨ |
| ૨ | આપણા રાસ-ગરબા | જયમલ્લ પરમાર | પ્રથમ | ૧૯૯૯ |
| ૩ | આદિવાસી ઓળખ | ડૉ. ભગવાનદાસ પટેલ | - | ૧૯૯૯ |
| ૪ | આપણા લોક-ઉત્સવો | રાજેશ ડાભી | પ્રથમ | ૨૦૦૨ |
| ૫ | આપણા દેશની લોકકથાઓ | વસંતલાલ પરમાર | પ્રથમ | ૨૦૦૪ |
| ૬ | ઉત્તર ગુજરાતની કહેવતો | ભરત કા. દવે | પ્રથમ | ૨૦૦૫ |
| ૭ | કંકાવટી (ગુજરાતની વ્રત કથાઓ) મંડળ ૧ અને ૨ | ઝવેરચંદ મેઘાણી | પ્રથમ | ૧૯૯૭ |
| ૮ | ગુજરાતી લોકસાહિત્ય | ડૉ. હસુ યાજ્ઞિક | પ્રથમ | ૧૯૯૫ |
| ૯ | ગુજરાતની લોકવિદ્યા | ડૉ. હસુ યાજ્ઞિક | પ્રથમ | ૨૦૦૦ |
| ૧૦ | ગુજરાતની લોકસંસ્કૃતિ | ડૉ. હસુતાબેન સેદાણી | પ્રથમ | ૨૦૦૧ |
| ૧૧ | ગુજરાતની આદિજાતિ સંસ્કૃતિ | સંકલન-શ્રી ઉમેશ બાવીસા | પ્રથમ | ૨૦૦૬ |
| ૧૨ | ગુજરાતનાં લોકગીતો | ખોડીદાસ પરમાર | પ્રથમ | ૧૯૮૧ |
| ૧૩ | ગુજરાતનો લોકકલા વૈભવ | જોરાવરસિંહ જાદવ | પ્રથમ | - |
| ૧૪ | ગુજરાતનું સંસ્કૃતિ દર્શન | જોરાવરસિંહ જાદવ | પ્રથમ | ૨૦૦૧ |
| ૧૫ | ચૂંદડી ગુર્જર લગ્નગીતો ભાગ-૧/૨ | સંપાદક : ઝવેરચંદ મેઘાણી | પુન મુદ્રણ | ૨૦૦૫ |
| ૧૬ | ચંપાની કળીઓમાં કસ્તુરી | અમૃત પટેલ | પ્રથમ | ૧૯૯૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭ | ઝમરખ દીવડો | અમૃત પટેલ | પ્રથમ | ૧૯૯૭ |
| ૧૮ | ઢોરિયા જાતિનાં લગ્નરિવાજો | સંપા.: સોમાભાઈ અને મધુબેન એસ. પટેલ | પ્રથમ | ૧૯૮૪ |
| ૧૯ | ઢોરિયા સમાજનો ઈતિહાસ ધના-રૂપા | મગજીભાઈ મ. પટેલ | પ્રથમ | ૧૯૪૦ |
| ૨૦ | દુહો દસમો વેદ | જયમલ્લ પરમાર | પ્રથમ | ૨૦૦૫ |
| ૨૧ | દક્ષિણ ગુજરાતનાં લોકગીતો : : લગ્નગીતો | સંપા. રૂક્ષ્મણીબેન અં. પટેલ | પ્રથમ | ૧૯૯૧ |
| ૨૨ | ધોડિયા સમાજનો ઈતિહાસ ભાગઃ૧/૨ | ખુશાલભાઈ ધનાભાઈ પટેલ | દ્વિતીય | ૧૯૯૩ |
| ૨૩ | ધોડિયા જાતિ સમાજઃ દંતકથા અને લોકવાયકા આધારિત | જમસુભાઈ બી. દાંડુળિયા | પ્રથમ | ૨૦૦૭ |
| ૨૪ | ધોડિયા સમાજનો ઈતિહાસ | મોહનભાઈ દળવી | પ્રથમ | ૧૯૭૬ |
| ૨૫ | ધોડિયા જાતિ : બોલી, સાહિત્ય અને સંસ્કૃતિ | મંછારામ ન. પટેલ | પ્રથમ | ૨૦૦૦ |
| ૨૬ | પ્રહેલિકાઓ અને સમસ્યાઓ | ભૂપેન્દ્ર બી. ત્રિવેદી | પ્રથમ | ૨૦૦૪ |
| ૨૭ | ભારતીય લોકસાહિત્ય | શ્યામ પરમાર | પ્રથમ | ૧૯૫૯ |
| ૨૮ | ભાતીગળ સૌરાષ્ટ્ર | રાજેન્દ્ર દવે | પ્રથમ | ૨૦૦૩ |
| ૨૯ | ભેદની ભીત્યું ને આજ મારે ભાંગવી | મનુભાઈ પંચોળી | પ્રથમ | ૧૯૮૧ |
| ૩૦ | મધ્યકાલીન ગુજરાતી કથા સાહિત્ય | ડૉ. હસુ યાજ્ઞિક | પ્રથમ | ૧૯૮૮ |
| ૩૧ | રંગ છે બારોટ | ઝવેરચંદ મેઘાણી | દ્વિતીય | ૧૯૯૩ |
| ૩૨ | લોકરંગ | પુષ્કર ચંદરવાકર | પ્રથમ | ૧૯૮૪ |
| ૩૩ | લોકામૃત | પુષ્કર ચંદરવાકર | - | - |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૪ | લોકશાસ્ત્ર | પુષ્કર ચંદરવાકર | - | - |
| ૩૫ | લોકવાઙ્મય | કનુભાઈ જાની | પ્રથમ | ૧૯૯૨ |
| ૩૬ | લોકજાણસ | સંપા. પ્રેમજી પટેલ | દ્વિતીય | ૧૯૯૦ |
| ૩૭ | લોકકથાના મૂળ અને કુળ | ડૉ. હ.ચુ. ભાયાણી | દ્વિતીય | ૧૯૯૦ |
| ૩૮ | લોકવિદ્યા : પરિચય | ડૉ. હસુ યાજ્ઞિક | પ્રથમ | ૨૦૦૫ |
| ૩૯ | લોકવિદ્યા વિજ્ઞાન | ડૉ. હસુ યાજ્ઞિક | પ્રથમ | ૨૦૦૧ |
| ૪૦ | લોકસાહિત્યની જીવનની અંતર્ગત રચનાઓ | ડૉ. હસુ યાજ્ઞિક | પ્રથમ | ૧૯૯૬ |
| ૪૧ | લોકસાહિત્ય : વિભાવના અને પ્રકાર | ડૉ. હસુ યાજ્ઞિક | પ્રથમ | ૨૦૦૨ |
| ૪૨ | લોકસાહિત્ય (ધરતીનું ધાવણ) | ઝવેરચંદ મેઘાણી | સંપાદક આવૃત્તિ | ૧૯૯૭ |
| ૪૩ | લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય | ઝવેરચંદ મેઘાણી | પ્રથમ | ૧૯૯૭ |
| ૪૪ | લોકસાહિત્ય વિમર્શ | જયમલ્લ પરમાર | પ્રથમ | ૧૯૯૦ |
| ૪૫ | લોકસાહિત્ય : તત્ત્વદર્શન અને મૂલ્યાંકન | જયમલ્લ પરમાર સંપા. ડૉ.બળવંત જાની | પ્રથમ | ૧૯૯૧ |
| ૪૬ | લોકજીવનની કહેવત કથાઓ ભાગ : ૧/૨ | જોરાવરસિંહ જાદવ | પ્રથમ | ૨૦૦૬ |
| ૪૭ | લોકગીત : તત્ત્વ અને તંત્ર | સંપા. ડૉ. બળવંત જાની | પ્રથમ | ૨૦૦૨ |
| ૪૮ | લોકગીત એક અધ્યયન | અમૃત પટેલ | પ્રથમ | ૨૦૦૨ |
| ૪૯ | લગ્નગીતો એક સ્વાધ્યાય | ડૉ. જયાનંદ જોષી | પ્રથમ | ૧૯૮૯ |
| ૫૦ | વાગડનાં લોકગીતો | ડૉ. એલ.ડી. જોષી | પ્રથમ | ૧૯૭૬ |
| ૫૧ | સોરઠી ગીતકથાઓ | ઝવેરચંદ મેઘાણી | દ્વિતીય | ૧૯૭૪ |
| ૫૨ | હાલરડાં | ઝવેરચંદ મેઘાણી | છઠ્ઠી | ૨૦૦૫ |

## હિન્દી ગ્રંથોની સંદર્ભસૂચિ


| ક્રમ | ગ્રંથનું નામ | લેખક/સંપાદન | આવૃત્તિ | વર્ષ |
|---|---|---|---|---|
| १ | सिद्धांत कौमुदी | रामनरेश त्रिपाठी | प्रथम | - |
| २ | हरियाणा प्रदेश का लोकसाहित्य | डॉ. शंकरलाल यादव | प्रथम | १९८५ |
| ३ | भारतीय लोकसंस्कृति | श्री श्याम परमार | प्रथम | १९९० |
| ४ | काश्मीर का लोकसाहित्य | मोहनकृष्णदर | प्रथम | १९६३ |
| ५ | राजस्थान के लोकगीत | सूर्यकिरण पारिक | प्रथम | - |
| ६ | अवधी का लोकसाहित्य | डॉ. सरोजनी रोहतगी | प्रथम | १९७१ |
| ७ | मैथली लोकसाहित्य का अध्ययन | ताराकान्त मिश्रा | प्रथम | १९८५ |
| ८ | छत्तीसगढ लोकसाहित्य का परिचय की भूमिका | | | |
| ९ | राजस्थानी लोकसाहित्य का सैद्धांतिक गीतो का विवेचन | मोहनदास चरण | प्रथम | १९८० |
| १० | मैथली गीतो का अध्ययन | डा. तेज नारायणलाल | प्रथम | १९६२ |
| ११ | गढवाली भाषा और उनका साहित्य | डा. मोहनलाल बाबुलकर | प्रथम | १९६५ |
| १२ | भारत के आदिवासी | प्रकाशचंद्र महेता | प्रथम संस्करण | १९९३ |
| १३ | राजस्थानी लोकसाहित्य | नानुराम संस्र्कता | द्वितीय | २००० |
| १४ | लोकसाहित्य की भूमिका | कृष्णदेव उपाध्याय | प्रथम | १९५७ |

## સંસ્કૃત ગ્રંથોની સંદર્ભસૂચિ


| ક્રમ | ગ્રંથનું નામ | લેખક/સંપાદન | આવૃત્તિ | વર્ષ |
|---|---|---|---|---|
| ૧ | श्रीमद भागवत | - | - | - |
| ૨ | दुहो दसमो वेद | श्री कान्तभाई पंड्या | - | - |
| ૩ | संस्कार विधि | मायाशंकर शर्मा | प्रथम | १९९२ |
| ૪ | आश्वालायन | - | - | - |
| ૫ | मनुस्मृति | - | - | - |
| ૬ | नाट्यशास्त्र | भरत | - | - |
| ૭ | सिद्धांन्त कौमुदी | पाणिनी | - | - |


## અંગ્રેજી ગ્રંથોની સંદર્ભસૂચિ


| ક્રમ | ગ્રંથનું નામ | લેખક/સંપાદન | આવૃત્તિ | વર્ષ |
|---|---|---|---|---|
| ૧ | Tribale Life in Gujarat | Shah P.G. | - | - |
| ૨ | Linguistic Survey of India | G.A. Griyersan | Vol. IX | - |
| ૩ | Naikas Naikdas | P.G. Shah | - | - |
| ૪ | The Folklore | Stith Thompson | - | - |
| ૫ | The Study of American Floklore | Jan Branval | - | 1984 |
| ૬ | Floklife | Richard Methu | 2nd | 1965 |
| ૭ | Surat District GaaÉetteers | Ahmedabad | - | - |
| ૮ | Navasari District GaaÉetteers | Ahmedabad | - | - |

# સામયિક સંદર્ભસૂચિ

| ક્રમ | ગ્રંથનું નામ | લેખક/સંપાદન | તારીખ/માસ | વર્ષ |
|---|---|---|---|---|
| ૧ | ધોડિયા સંદેશ | અંક-૩૮ | ૧૫ એપ્રિલ | ૧૯૯૨ |
| ૨ | આદિવાસી સંદેશ | - | - | ૧૯૬૬ |
| ૩ | ધોડિયા સંદેશ | અંક-૩૯ | ૧૫ ઓગષ્ટ | ૧૯૯૨ |
| ૪ | દીપોત્સવી અંક | | વિ.સં. | ૨૦૩૪ |
| ૫ | ધોડિયા સંદેશ | અંક-૭૫ | જૂન | ૨૦૦૬ |
| ૬ | લોકગુર્જરી | અંક નવમો જેઠાલાલ ત્રિવેદી | | |
| ૭ | લોકગુર્જરી અંક-૭ | સંપા. જોરાવરસિંહ જાદવ મનુભાઈ જોધાણી | પ્રથમ આવૃત્તિ | ૧૯૭૪ |
| ૮ | લોકગુર્જરી અંક-૧૪ | ડૉ. નરેશ વેદ | | |
| ૯ | લોકગુર્જરી અંક-૨૦ | સંપા. ડૉ. બળવંત જાની | પ્રથમ આવૃત્તિ | ૨૦૦૮ |

# અપ્રગટ ગ્રંથ સંદર્ભસૂચિ

| ક્રમ | સંશોધન ગ્રંથનું નામ | સંશોધકનું નામ | યુનિવર્સિટી |
|---|---|---|---|
| ૧ | લેઉઆ પટેલનાં સંસ્કાર ગીતો : એક અભ્યાસ | પુષ્પાબેન આંબલિયા | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અપ્રગટ મહાનિબંધ |
| ૨ | ડાંગ જિલ્લાના આદિવાસીઓની લોકસંસ્કૃતિ : એક અધ્યયન | ગુલાબ જે. વાઘ | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અપ્રગટ મહાનિબંધ |
| ૩ | દક્ષિણ ગુજરાતના સાગરકાંઠાના માછીમારોનું લોકસાહિત્ય અને તેનો લોકસંસ્કૃતિ સાથેનો સંબંધ | બાલુભાઈ બી. પટેલ | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અપ્રગટ મહાનિબંધ |
| ૪ | ગુજરાતના ભીલો : એક સાંસ્કૃતિક અભ્યાસ | દિનકર ત્રિવેદી | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અપ્રગટ મહાનિબંધ |
| ૫ | પાંચાલ ડુંગરના માલધારીઓનું લોકસાહિત્ય અને તેનો લોકસંસ્કૃતિ સાથેનો સંબંધ | પરશુરામ દેવમુરારી | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અપ્રગટ મહાનિબંધ |
| ૬ | સૌરાષ્ટ્રની વ્રતકથાઓ : એક અધ્યયન | એન. કે. ડોબરિયા | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અપ્રગટ મહાનિબંધ |
| ૭ | સૌરાષ્ટ્રનાં લગ્નગીતો : એક અધ્યયન | બીનાબેન કે. પરમાર | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અપ્રગટ મહાનિબંધ |
| ૮ | સૌરાષ્ટ્રના આહિર સમાજનાં લગ્નગીતો : એક અભ્યાસ | મયુરભાઈ રાઠોડ | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અપ્રગટ મહાનિબંધ |
| ૯ | અજાબ ગામના ધોડિયા કોળીનાં લોકગીતો : એક અધ્યયન | કૌશિક પંડ્યા | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અપ્રગટ લઘુશોધનિબંધ |
| ૧૦ | લોકગીતોનાં હાલરડાં : એક અભ્યાસ | વિનોદ દેથરિયા | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અપ્રગટ લઘુશોધનિબંધ |
| ૧૧ | સૌરાષ્ટ્રના ઉત્સવ મેળાનાં લોકગીતો : એક અભ્યાસ | લલિત વસિયાણી | સૌરાષ્ટ્ર યુનિ. અપ્રગટ લઘુશોધનિબંધ |